બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ

ભાગ-૬

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ પ્રકાશન

બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ

ભાગ-૬

લેખક

સાધુ ઈશ્વરચરણદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BRAHMASWARUP YOGIJI MAHARAJ, PART-6

(Biography of Brahmaswarup Yogiji Maharaj)

By Sadhu Ishwarcharandas

Presented by:

Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:

SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

3rd Edition:

August 2006. Copies: 5,000 (Total copies: 11,000)

ISBN: 81-7526-284-2

રજૂકર્તા: બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ

તૃતીય આવૃત્તિ : ઑગષ્ટ ૨૦૦૬

પ્રત : ૫,૦૦૦ (કુલ પ્રત : ૧૧,૦૦૦)

છ ભાગની સંયુક્ત કિંમત : રૂા. ૬૦૦/- (સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી મૂળ કિંમત ૯૩૫/-માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ક્રમિકા

પ્રેમલધારા-૪

પ્રેમલધારા-૫

પ્રેમલધારા-૬

પ્રેમલધારા-૭

પ્રેમલધારા-૮

પ્રેમલધારા-૯

પ્રેમલધારા-૧૦

પ્રેમલધારા-૧૧

પ્રેમલધારા-૧૨

પ્રેમલધારા-૧૩

પ્રેમલધારા-૧૪

પ્રેમલધારા-૧૮

પ્રેમલધારા-૧૯

પ્રેમલધારા-૨૦

પ્રેમલધારા-૨૧

પ્રેમલધારા-૨૨


શ્રદ્ધાંજલિ

વિધવિધ દર્શનદાન

પરિશિષ્ટ : ૧

પરિશિષ્ટ : ૨

પરિશિષ્ટ : ૩



દિગંતમાં ડંકા

તા. ૫-૨-’૭૦, સ્વામીશ્રી વિદેશ જવા વિદાય લેવાના હતા. સંતો-યુવકો ઉદાસ હતા. સવારે સ્નાન વિધિ પછી વસ્ત્રો બદલતાં સ્વામીશ્રી ભાવમાં આવી ગયા. સામે ઊભેલા પિનાકીન વગેરે યુવકો સામે જોઈ હાથનું લટકું કરી કહે : *‘લગની લાગી રે મારે લગની લાગી, નૈરોબી જવાની મારે લગની લાગી !’*

આ બાળસહજ નિર્દોષ પંક્તિઓ એવા ભાવથી સ્વામીશ્રી બોલ્યા કે વિદાયના સંભારણારૂપે એ લટકું ને એ પંક્તિ યુવકો-સંતોનાં જીવનનું અવિસ્મરણીય ભાતું બની ગઈ.

બપોરે નૈરોબી જવા નીકળવાનું હોવાથી સવારથી જ મંદિરમાં હરિભક્તો ખૂબ એકત્રિત થયા હતા. સવારે ૧૦-૦૦ વાગે મંદિરના જ નાનકડા હૉલમાં સૌને જ્ઞાનનું ભાતું બંધાવતાં સ્વામીશ્રી કહે : ‘એકદેશી ગુરુનો સમાગમ કરે તો એક ગુણ આવે. અને સર્વદેશી ગુરુનો સમાગમ કરે તો સર્વ ગુણ આવે. આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ સર્વદેશી હતા. તે આપણને મળ્યા છે. આપણે આફ્રિકા, સત્સંગ-પ્રચાર માટે અને ત્યાંના હરિભક્તોની ઇચ્છા પૂરી કરવા અને ત્યાંના દેશકાળ સારા થાય તે માટે જઈએ છીએ.’

પ્લેનની મુસાફરી સ્વામીશ્રીને મુદલ ગમતી નહિ. સવારથી જ સ્વામીશ્રી જમવાનું ટાળતા. સૌના આગ્રહથી અન્નનો અનાદર ન થાય એટલે થોડું અંગીકાર કરી, ઠાકોરજીનાં દર્શન કરી, સૌને કૃપાદૃષ્ટિથી મળી, મંદિરમાંથી વિદાય લીધી. જોડિયા બંદરના ભાવિક શેઠ હંસરાજભાઈની મોટરમાં શાંતાક્રુઝ ઍરપોર્ટ પધાર્યા. જયનાદોથી વાતાવરણમાં દિવ્યતા છવાઈ ગઈ.

૧૨-૪૫ વાગે ‘એવરેસ્ટ’ બોઇંગ - ૭૦૭ પ્લેન તરફ પધાર્યા. ઍરપોર્ટ ઉપર દર્શનાર્થે મળેલા હજારો ભક્તોનાં હૃદય દ્રવી રહ્યાં હતાં. પ્લેનમાં જતાં સુધી સ્વામીશ્રીની અલૌકિક મૂર્તિને સૌ નિહાળી રહ્યા હતા. પ્લેનમાં બિરાજ્યા

પછી પણ ભક્તોના ભાવની પૂર્તિ કરવા સ્વામીશ્રી ફરી એક વાર પ્લેનના દરવાજા પાસે પધાર્યા અને હાથ જોડી સૌને દૂરથી 'જય શ્રી સ્વામિનારાયણ' પાઠવ્યા. તાળીઓના ગડગડાટથી સૌએ સ્વામીશ્રીનાં આ દર્શન ઝીલી લીધાં. ભક્તોએ સજળ નેત્રે સ્વામીશ્રીને વિદાય આપી.

મુંબઈના વિમાની મથકે 'ઍર ઈન્ડિયા' તરફથી સ્વામીશ્રીને V.I.P. બહુમાન - (Red carpet Treatment) આપવામાં આવ્યું હતું. અ.નિ. હરમાનભાઈના પુત્ર વિનોદભાઈ સ્વામીશ્રીને વિમાનમાં કોઈ અગવડ ન પડે એ હેતુથી નૈરોબીથી ખાસ લેવા આવ્યા હતા. સરભાણના દિનેશભાઈ એ જ પ્લેનમાં ફ્લાઈટ એન્જિનિયર તરીકે સાથે હતા. બન્ને યુવકો સ્વામીશ્રીની પૂરી સંભાળ, મુસાફરી દરમ્યાન લઈ રહ્યા હતા. ખાસ કરીને સ્ત્રી-પરિચારિકાઓ સંતો નજીક ફરકે જ નહિ, એ અંગે સ્વામીશ્રીનો અતિ આગ્રહ હતો. એ માટે ફર્સ્ટ ક્લાસની બેઠકો ધરાવતી સંપૂર્ણ કેબિન બુક કરાઈ હતી. અને સૌએ ખાસ કાળજી રાખી હતી.

રામ અમલ મતવારે

થોડા આરામ બાદ સ્વામીશ્રી જાગ્રત થયા. સ્વાસ્થ્યપૂર્ણ પ્રસન્નતા દર્શાવતાં કહે : 'હમણાં મહારાજનાં દર્શન થયાં. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ ને બધા મુક્તો આપણી સાથે આ પ્લેનમાં છે. શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા છે. બધા આમાં જ બેઠા છે. ખૂબ જ લહેરમાં છે ને કીર્તનોની ઝડી વરસે છે. મહારાજ સાથે જ છે એવાં દર્શન થયાં.' એમ કહી એમની સ્વાસ્થ્ય-ચિંતામાંથી સૌને મુક્ત કર્યા.

પ્લેનમાંથી ઊતરતાં સ્વામીશ્રી બોલ્યા કે 'જે આમાં બેસશે તેનું કલ્યાણ થઈ જાશે.'

નૈરોબીમાં આગમન

૪-૦૦ વાગે પ્લેન નૈરોબી આવી પહોંચ્યું. પ્રમુખસ્વામી, મહંત સ્વામી અને બીજા ૧૬ સંતો તથા ૩૧ હરિભક્તોના સ્વાગત માટે લગભગ ૩,૦૦૦ જેટલા હરિભક્તો દૂર દૂરનાં સત્સંગ કેન્દ્રોમાંથી આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીની વિશેષ સગવડ માટે નાગજીભાઈએ નવી જ મર્સિડીઝ ગાડી સુંદર રીતે શણગારી હાજર કરી હતી. બીજી ૧૪ મર્સિડીઝ ગાડીઓ, લગભગ ૪૦૦

અન્ય મોટરો અને ૭ બસોમાં હરિભક્તો સ્વાગત માટે હાજર થઈ ગયા હતા.

ઍરપોર્ટ-મૅનેજર કપૂર તથા મોટેરા હરિભક્તોએ પ્લેન પાસે જ સ્વામીશ્રી અને સંતોનું ફૂલહારથી સ્વાગત કર્યું. ઍરપોર્ટ નજીક સ્વાગત માટે ખાસ તૈયાર કરાયેલા સુશોભિત તંબુમાં સ્વામીશ્રીને પધરાવ્યા. જાણે હૃદયનાં દ્વાર ખુલી ગયાં હોય એમ ગગનભેદી જયનાદોથી - અતિ હર્ષોલ્લાસથી સૌએ સ્વામીશ્રીને વધાવ્યા. સૌએ દૂરથી જ દર્શનનો લાભ લીધો હતો. સ્વામીશ્રીને જરાપણ તકલીફ ન પડે, એ પ્રકારની સંપૂર્ણ શિસ્તનો કડક અમલ હરિભક્તોએ સ્વેચ્છાએ આજથી જ શરૂ કરી દીધો હતો. સ્વામીશ્રી પણ વ્યવસ્થાથી પ્રસન્ન થયા.

શહેરમાં મંદિરે આવતાં સેંકડો ગાડીઓની શોભાયાત્રા આપોઆપ યોજાઈ ગઈ. આબાલવૃદ્ધ હજારો હરિભક્તોનો પ્રેમભાવ સમાતો નહોતો. મંદિરના પ્રવેશદ્વારમાં જ અક્ષરધામના મુક્તોની ઝાંખી કરાવે એવા તેજસ્વી બાળકોએ શ્વેત ગણવેશમાં સુસજ્જ બની, બૅન્ડ-વાજાંના તાલબદ્ધ મધુર ધ્વનિથી સ્વામીશ્રીના સ્વાગતની ઘોષણા કરી. આબાલવૃદ્ધ બાઈ-ભાઈનાં મુખ ઉપર કોઈક અલૌકિક આનંદની તેજસ્વિતા પથરાઈ ગઈ હતી. સૌની ગુલાબી મુખકાંતિ ચાડી ખાતી હતી કે પારસનો સ્પર્શ થઈ ચૂક્યો છે. અક્ષરધામનો આનંદ સર્વત્ર છવાઈ ગયો હતો.

સંતોએ જેમ ગાયું - 'તારે વીંટ્યો જેમ ચંદ્ર', એમ જ મહારાજના સંબંધે શોભતા સ્વામીશ્રી ખુરશીમાં બિરાજી મંદિરમાં પધાર્યા. અને ઠાકોરજીનાં દર્શન કરી સૌના આગ્રહથી આરામમાં પધાર્યા.

સાંજે ૪-૦૦ વાગે મ્વાન્ઝાના હસમુખભાઈ આવ્યા. અને કહેવા લાગ્યા : 'ચરણસ્પર્શ કરવો છે.'

'ચરણ આ પડ્યાં. રખડે અહીં.' એમ ગમ્મત કરતાં સ્વામીશ્રીએ તેમનો ભાવ પૂરો કર્યો.

પરિશ્રમ વિના રે, પારસમણિ મળી રે

સાંજે ૬-૦૦ વાગે જાહેર સત્કાર સમારંભ યોજાયો. અત્રેના અગ્રણી સત્સંગીઓ એ.પી. પટેલ તથા ગિરધરભાઈનાં પ્રવચનો પછી કંપાલા, જિન્જા, ટરોરો, ગુલુ, મોમ્બાસા, દારેસલામ, મ્વાન્ઝા, કિસુમુ, નકુરૂ વગેરે મંડળોના મોવડીઓએ સ્વામીશ્રી તથા સંતોને હારતોરા અર્પણ કર્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'આવી સુંદર વ્યવસ્થા આફ્રિકા મંડળે કરી. ૫૦ લાખ ખરચતાં પણ આ લાભ ન મળે. આફ્રિકાના દેશકાળ સુધારવા આ જગ્યા મળી. મૂર્તિઓ કેવી સુંદર ! મોમ્બાસા, કમ્પાલા, જિન્જા, દારેસલામ, મ્વાન્ઝા, ગુલુ, કિસુમુ બધેથી હરિભક્તો આવ્યા. મહારાજ ને શાસ્ત્રીજી મહારાજ રક્ષા કરશે.

'પ્રતિષ્ઠા સર્વોપરી થઈ જશે. આફ્રિકામાં ડંકો વાગી જશે. ઘણા અમને પૂછતા હતા કે 'તમે આ પ્લેન ભરી કેમ દીધું ? લાખો રૂપિયા કેમ ઉડાડો છો ?' પણ આ રૂપિયા ઉડાડ્યા ન કહેવાય. નાટક-સિનેમામાં જે ઉડાડે છે તે ઉડાડ્યા કહેવાય.

'શ્રીજીમહારાજ, ગુણાતીત સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, આ બધાય રાજી થશે. આ સભા અક્ષરધામની છે. પુરુષોત્તમ નારાયણની છે. ભગવાનના ધામની સભા છે.

'ક્યારે પાંચમી તારીખ આવે ને ક્યારે પહોંચીએ તેની અમે રાહ જોતા હતા.

'એક વાત પણ સમજી લેવાની છે. સંપ, સુહૃદભાવ ને એકતા હોય ત્યાં મહારાજ ને શાસ્ત્રીજી મહારાજ બિરાજે છે. અખંડ શાંતિ વર્તે.

'તમામ મંડળને આશીર્વાદ આપવામાં આવે છે. શાસ્ત્રીજી મહારાજનો આશીર્વાદ. મારો નહિ હોં ! ગુરુની મોટપ છે. શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ મળ્યા છે. મગનભાઈ, હરમાનભાઈ જેવા પુરુષો મળ્યા તો આફ્રિકામાં સત્સંગ થઈ ગયો.

'આ '૭૦ની સાલમાં નૈરોબીમાં સ્વામી-શ્રીજી, ભગતજી મહારાજ ને શાસ્ત્રીજી મહારાજ બેસી જશે.

'લંડન, અમેરિકા, જર્મની, આફ્રિકા બધા દેશોનો ઉદ્ધાર થઈ જશે. એવા અંતરના આશીર્વાદ છે. બધા તને, મને, ધને સુખિયા થાય તેવા આશીર્વાદ છે.'

બરાબર વીસ મિનિટ સુધી સ્વામીશ્રી અતિ પ્રસન્ન મુદ્રામાં આશીર્વાદ આપતા રહ્યા. સાથેના સંતો-હરિભક્તો પણ આથી આશ્ચર્ય પામ્યા. કારણ, છેલ્લા ઘણા સમયથી દેશમાં સ્વામીશ્રી સતત આટલું બોલ્યા જ ન હતા. અને ડૉક્ટરોએ પણ એ માટે મનાઈ કરી હતી. સભામાં બેઠેલા સૌએ આશીર્વાદથી અતિ ધન્યતા અનુભવી. પ્રમુખસ્વામી તથા મહંત સ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. એરપોર્ટથી અત્યાર સુધીના અનેક ફોટાઓ તથા ફિલ્મ સતત લેવાઈ રહ્યાં હતાં.

પ્લેનની મુસાફરીમાં સ્વામીશ્રીને કોઈ તકલીફ નડી ન હતી. સ્વાસ્થ્ય સારું રહ્યું હતું. ડૉ. કામદાર તથા ડૉ. આર.બી. શાહ નિયમિત રીતે સ્વામીશ્રીના

સ્વાસ્થ્યની અહીં સંભાળ લેવાના હતા.

રાત્રે ડૉ. કામદારે સ્વામીશ્રીની તબિયત જોઈ. નાડીના ધબકારા ૮૨ હતા. એકંદરે સ્વાસ્થ્ય સારું હતું. આટલી લાંબી મુસાફરીના પરિશ્રમ પછી ધબકારા વધી ગયા હશે એમ સૌનું માનવું હતું. ઊંઘની ગોળી લઈ સ્વામીશ્રી પોઢી રહ્યા હતા.

'બાપા ! અહીં ઠંડી નથી.'

'હા, મહારાજે મારા ઉપર દયા કરી. બારણું બંધ કરો. ગોળીનો કેફ વધ્યો જશે.' સ્વામીશ્રીએ કહ્યું. અને પોઢી ગયા.

પ્રત્યેક ક્ષણે ઈષ્ટદેવના - મહારાજના કર્તાપણાનું કેટલું જાણપણું !

નૈરોબીમાં નિત્યક્રમ

અહીં પણ દેશની જેમ જ વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ સ્વામીશ્રી જાગ્રત થઈ જતા. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જીવન ચરિત્રના છાપેલા ફર્માનો પાઠ કરાવતા. ક્યારેક 'સ્વામિનારાયણ પ્રકાશ' પણ વંચાવતા. ઘણા હરિભક્તો પ્રાતઃદર્શનનો આ લાભ લેવા આવતા. બાદ ખુરશીમાં બિરાજી સ્વામીશ્રી સ્નાનાર્થે પધારતા. ત્યારે દૂરથી મંદિરના હૉલમાં ઠાકોરજીનાં દર્શન કરી લેતા. શૌચ વિધિ પછી ઘણા બાળકો તથા યુવકો સ્વામીશ્રીને સ્નાન કરાવવાની સેવાનો લાભ લેવા આવી પહોંચતા. સ્વામીશ્રી સૌને સેવા આપતા, પણ દરેકને ઉપવાસ કરવાની 'ફી' ભરવી પડતી.

મંદિરના વિશાળ હૉલમાં સ્વામીશ્રીનાં પૂજા-દર્શનનો લાભ અવર્ણનીય હતો. મુખ્યત્વે યુવકો સ્વામીશ્રી પાસે કીર્તનો ગાતા. એમાં પણ *'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ'* એ કીર્તનની પંક્તિઓ સૌ સમૂહમાં સાથે ઝીલતા હોય ત્યારે સાક્ષાત્ અક્ષરધામનાં સુખની સૌને અનુભૂતિ થતી. પૂજા પછી સૌને આશીર્વાદ આપી, ઠાકોરજીનાં દર્શન કરી, સ્વામીશ્રી ઉકાળા-પાણી કરી, થોડો આરામ કરતા.

બરાબર ૧૦-૦૦ વાગે સભામાં પધારતા. એ વખતે સભામંડપના પ્રવેશદ્વાર આગળ યુવકો બૅન્ડથી સ્વામીશ્રીનું સ્વાગત કરતા. કોણ જાણે કેમ પણ બૅન્ડ-વાદન સ્વામીશ્રીને અતિ ગમતું. પોતે આંગળીનાં લટકાંથી સાથે તાલ પુરાવતા. આ રીતે બાળકો-યુવકોને બહુ વહાલ કરતા.

સભામાં પણ એમની પ્રેમભરી નજર બધે ફરી વળતી. શું કથા ચાલે છે ?

કોણ કોણ હરિભક્તો આવ્યા છે ? કેટલે દૂરથી આવ્યા છે ? કેટલા ભાવથી આવ્યા છે ? વગેરે બે હાથની ગુલાબી કોમળ હથેળીઓ ઘસતાં ઘસતાં, તાળીનો તાલ આપતાં, મુખ મલકાવતાં, આંખના ખૂણામાંથી પોતે જોઈ લેતા. આ મનોહર દર્શન જ સૌ હરિભક્તોને પૂર્ણકામ કરી દેતાં. અંતે સ્વામીશ્રી ટૂંકમાં આશીર્વાદ આપતા. જેના બે શબ્દો, સૌનાં મનને સુખથી સભર કરી દેતા.

ઠાકોરજી જમાડતી વખતે સાથે સંતો તેમજ હરિભક્તો હોય જ. કોઈને આગ્રહ કરી પિરસાવવું, પ્રસાદી આપવી, બોલાવવું વગેરે હરિભક્તોની સંભાવના કર્યા વગર એમને ચેન જ ન પડે. બરાબર ૧-૦૦ વાગે બપોરની કથામાં પણ નાનું વચનામૃત સમજાવી, પ્રાસંગિક વાતોથી સૌને આનંદમાં તરબોળ કરી દેતા.

૪-૦૦ વાગે ઉત્થાપનનાં દર્શન કરી, મંદિરના પ્રાંગણમાં ફરતા. સાંજે સભામાં પણ દર્શન-આશિષનો લાભ આપતા. આમ, થોડા-ઘણા પ્રસંગમાં પણ સ્વામીશ્રી સૌનાં મન હરી લેતા. કોઈ સભામાં બેઠું હોય કે કોઈ મંદિરના કામે બહાર ગયું હોય, કોઈ રસોડામાં હોય કે કોઈ વાસણ ઊટકતું હોય, પણ દરેકને એમ પ્રતીતિ થાય કે બાપા મારી પાસે જ છે. બાળકો પણ સમજે - ન સમજે, પણ આનંદ-ઉલ્લાસમાં કૂદતા હોય. આમ, સ્વામીશ્રીના સાંનિધ્યમાં સર્વત્ર સુખની લહેરો ઊડતી રહેતી. મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે સમગ્ર દેશમાંથી હરિભક્તો આવ્યા હતા. અને સ્વામીશ્રીનું સુખ અનુભવતા હતા. કારણ, સભામંડપમાં આવતા-જતા રસ્તામાં જ, ખુરશીમાં બેઠાં બેઠાં, ઈશારાથી, હાથનાં લટકાંથી અને મનોમનના સંદેશાથી સ્વામીશ્રીએ દૂર-સુદૂરથી આવેલા હરિભક્તોને મળી જ લીધું હોય, પછી કોનાં હૈયાં ઉછાળા માર્યા વગર રહી શકે ?

મંદિરનો ઈતિહાસ

સ્વામીશ્રીના શબ્દોમાં જ પહેલાં આફ્રિકા સત્સંગનો ઈતિહાસ જોઈએ :

'સને ૧૯૨૭માં શાસ્ત્રીજી મહારાજ નગાસરમાં હતા. હરમાનભાઈ, તેમના કાકા જીવાભાઈ ને આશાભાઈ (મોટાસ્વામી) ત્રણ જણા વિરમગામ નજીક જખવાડા સ્ટેશનથી દોઢ માઈલ હાલીને નગાસર આવ્યા હતા. સ્વામીએ આફ્રિકામાં સત્સંગ કેવો છે ? તે પૂછ્યું. હરમાનભાઈએ કહ્યું : 'મુંબઈનું બારું મૂકીએ પછી સત્સંગ નહિ.' શાસ્ત્રીજી મહારાજે સાંજના ૪-૦૦ વાગે મેડા ઉપર આશીર્વાદ દીધા કે 'જાવ, આફ્રિકામાં સત્સંગ વધશે. તમે પ્રયત્ન કરજો.'

'આ ચાર શબ્દોમાં સત્સગ વધ્યો. ટરોરોમાં વલ્લભભાઈને ત્યાં

મગનભાઈ ભાગવત વાંચતા. પછી થોડી શાસ્ત્રીજી મહારાજની વાતો કરે. ધીરે ધીરે બધાને રસ પડ્યો. પછી તો ભાગવત થોડું વંચાય ને દોઢ કલાક શાસ્ત્રીજી મહારાજની વાતો કરે. આમ, મોટાપુરુષના આશીર્વાદથી સત્સંગ વધે પણ પોતાના પ્રયત્નથી કાંઈ ન થાય. શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે સત્સંગ અમેરિકામાંય થાય છે. આખા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો છે.'

કેન્યા, યુગાન્ડા પાંચ સુંદર મંદિરો ઉપર અક્ષરપુરુષોત્તમ મહારાજની ધજા ફરકતી થઈ ગઈ હતી. પરંતુ કેન્યાના પાટનગર અને આફ્રિકામાં મોખરે ગણાતા નૈરોબી શહેરમાં મંદિર માટેના ભક્તોના કોડ અધૂરા હતા. હરિભક્તોનાં ઘરે સત્સંગ સભાઓ - ઉત્સવો વગેરે નિયમિત થતાં, પણ મંદિર વગર સત્સંગ-પ્રવૃત્તિને યથાર્થ વેગ મળતો નહોતો. સૌની પ્રાર્થના સાંભળી સ્વામીશ્રીએ પત્રથી જણાવ્યું કે 'મંદિર માટે ભટેસાના ઘરની આજુબાજુ સારી જગા મળશે. તો તપાસ કરવી.' અને સ્વામીશ્રીના એ વચન અનુસાર જ ભટેસાના મકાનની સામે જ એક ક્રિશ્ચિયન ક્લબના મકાનની ભાળ થઈ. સ્વામીશ્રીની પત્રથી સંમતિ મળતાં એ.પી. પટેલ અને ગિરધરભાઈ પટેલે, હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સાથે લઈ જઈ, ક્લબની જગ્યામાં પ્રસાદીનાં પુષ્પો છાંટ્યાં. આવી મોકાની જગ્યા ઉપર બીજા ઘણાની નજર હતી; પણ જીવાભાઈ પટેલના પ્રયત્નથી ઓછી કિંમતે જગ્યા સંસ્થાને જ મળી. મહેન્દ્રભાઈ બૅરિસ્ટરે કાયદાકીય ચકાસણી કરી લીધી. હરિભક્તોએ મન મૂકીને સેવા કરી, અને જગ્યા ખરીદાઈ ગઈ.

નૈરોબી શહેરના મધ્યમાં, ફૉર્ટ રોડ અને નગારા રોડના જંક્શન ઉપર ક્લબના મકાનને જ સુધારા-વધારા સાથે સુંદર મંદિરના રૂપમાં ફેરવવામાં આવ્યું.

સેવાધર્મની ઉછામણી

ભાસ્કરભાઈની દોરવણી નીચે વિશાળ સભાખંડ, ઠાકોરજી માટે પ્લૅટફૉર્મ સહિત સુંદર સિંહાસન, મંદિર ઉપર નાજુક, પણ સુશોભિત ત્રણ શિખરો, સુંદર રંગરોગાન સાથે જોતજોતાંમાં તૈયાર થઈ ગયાં. વસંત પંચમી, તા. ૧૦-૨-'૭૦ પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવતાં ઉત્સવ માટે વિવિધ સમિતિઓ દ્વારા તૈયારીઓએ વેગ પકડ્યો.

નૈરોબી સત્સંગ મંડળના પ્રમુખ ગિરધરભાઈના નેતૃત્વ હેઠળ કમિટીની રચના થઈ. જેમાં મહેન્દ્રભાઈ બૅરિસ્ટર, ગોરધનદાસ ભટેસા, રણછોડભાઈ

પટેલ, માધુભાઈ હિરાણી, જીવાભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, ભાસ્કરભાઈ પટેલ હતા. આ કાર્યકર્તાઓની દોરવણી હેઠળ જુદી જુદી કામગીરી બજાવવા પેટા કમિટીઓની રચના નીચે મુજબ કરી.

ભાસ્કરભાઈ, કુંવરજીભાઈ તથા કરસનભાઈએ મંદિરના ઘુંમટો, રંગકામ, સભામંડપ, સ્વામીશ્રી અને સંતો માટેનું સ્ટેજ, પારાયણની વ્યાસપીઠ, ઈલેક્ટ્રિક ફીટિંગ વગેરેનું કામકાજ શરૂ કર્યું. ત્રણ હજાર ઉપરાંત હરિભક્તો સારી રીતે બેસી શકે તેવો વિશાળ પાકો મંડપ બનાવ્યો. સભામંડપમાં પ્રવેશ કરવા 'યજ્ઞદ્વાર', 'અક્ષરદ્વાર' અને 'જ્ઞાનદ્વાર' એમ ત્રણ દરવાજા બનાવ્યા હતા. સભામંડપ માટે લાકડાં વીરચંદ શાહે આપ્યાં હતાં.

મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે અને આફ્રિકામાં તથા સમગ્ર વિશ્વમાં શાંતિ પ્રસરે એવા શુભ હેતુથી યજ્ઞનું આયોજન કર્યું હતું. યજ્ઞશાળાનું નામ 'નિર્ગુણ યજ્ઞશાળા' રાખ્યું હતું. ૮૦ યજમાનો યજ્ઞમાં બેઠા હતા. મધ્યમાં એક મોટો કુંડ બનાવ્યો હતો. વિદ્વાન બ્રાહ્મણ જટાશંકર શુક્લ અને બીજા ૩૦ બ્રાહ્મણો યજ્ઞનો વિધિ કરાવતા હતા. મુખ્ય યજમાન ગિરધરભાઈ પટેલ હતા.

ત્રણ દિવસ યજ્ઞ ચાલ્યો. સ્વામીશ્રી ત્રણેય દિવસ યજ્ઞમાં થોડો થોડો સમય હાજર રહ્યા. યજ્ઞના પ્રારંભમાં સ્વામીશ્રીએ સર્વ યજમાનોને વ્યક્તિગત રીતે આશીર્વાદ આપ્યા. ત્રણ દિવસ સુધી યજ્ઞશાળામાં મૂર્તિઓનું પૂજન કર્યું. વસંત પંચમીના શુભ દિવસે યજ્ઞની પૂર્ણાહુતિ બાદ મૂર્તિઓ પ્રતિષ્ઠા માટે યજ્ઞ-શાળામાંથી મંદિરમાં લઈ જવામાં આવી.

સ્વામીશ્રી, સંતો અને બ્રાહ્મણો તથા અન્ય હરિભક્તો માટે રસોડાની અલગ અલગ વ્યવસ્થા કરી હતી. શરૂઆતમાં કેન્યા બ્રહ્મ સમાજની વાડી પછી વિસા ઓસવાલની વાડી રાખી હતી. નાગજીભાઈ પટેલ તથા ઈશ્વરભાઈ મસાલાવાળા વગેરે કાર્યકર્તાઓ અને મહિલા મંડળે ચા-ઉકાળો-નાસ્તા તથા જમવાની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરી હતી. સ્વામીશ્રી બન્ને વાડીમાં એક એક વખત વ્યવસ્થા જોવા પધાર્યા હતા.

વાહન-વ્યવહાર વ્યવસ્થામાં ૨૦ મોટરો અને ત્રણ ખટારાઓ અખડ સેવામાં રાખ્યા હતા. તેની વ્યવસ્થા સુરેશભાઈ એચ. પટેલ કરતા હતા. સ્થાનિક હરિભક્તોએ પોતાની મોટરકારો સેવામાં રાખી હતી.

યજ્ઞશાળા ને સભામંડપનું બાંધકામ, રંગરોગાન, સભામંડપ, યજ્ઞમંડપ અને હરિભક્તોના ઉતારાની વ્યવસ્થા માટે તથા પીરસવા વગેરેની સેવા માટે

નગીનભાઈ પટેલની દોરવણી પ્રમાણે નૈરોબી મંડળના ૧૦૦ યુવકો સેવામાં જોડાઈ ગયા હતા. જિન્જા, કમ્પાલા, મોમ્બાસા, દારેસલામ વગેરે શહેરોના યુવકો પણ જરૂર પ્રમાણે સેવામાં આવી જતા હતા. નૈરોબી અને મોમ્બાસા મંડળનાં બૅન્ડ પણ સેવામાં હતાં.

સ્વામીશ્રી અને સંતોનો ઉતારો મંદિરે હતો. ઠાકોરભાઈ પટેલના માર્ગદર્શન નીચે સ્થાનકવાસી જૈન આશ્રમ, વિસા ઓસવાલ મહાજન વાડી, લોહાણા જ્ઞાતિ મંડળની વાડી, લુહાર જ્ઞાતિની વાડી તથા સોરઠિયા જ્ઞાતિની વાડીમાં ભારતથી તથા આફ્રિકાનાં અન્ય શહેરોમાંથી પધારેલા હજારો હરિભક્તો માટે સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી. આ ઉપરાંત, સ્થાનિક હરિભક્તોએ પોતાને ત્યાં પણ મહેમાનો માટે યથાશક્તિ વ્યવસ્થા કરી હતી. આ પ્રસંગે ભારતથી સંતો ઉપરાંત, ૬૦ હરિભક્તો આવ્યા હતા. આફ્રિકાના કમ્પાલા, જિન્જા, ટરોરો, મોમ્બાસા, દારેસલામ, ગુલુ, બુલોપા, નમેન્ડવા, કમુલી, મ્બાલે, બુકેડીઆ, કીડન્ગોલી, સરોટી, કીટગુમ, મરાચા, અરૂઆ, અરૂશા, મસીન્ડી, લીરા, લુવેરો, મીટીયાના, ફોર્ટ પોર્ટલ, કકીરા, કપેકા, મોશી, કીસુમુ, મચાકોસ, એલ્ડોરેટ, નકુરુ, કેરીચો, મોલો, ન્યેરી, રૂઈરૂ, નાન્યુકી, સબાટીઆ, લુસાકા વગેરે ગામોમાંથી ત્રણ હજાર જેટલા હરિભક્તો અને યુવકો આવ્યા હતા.

સ્વામીશ્રી અને સંતોના ઉતારા ઉપર શાંતુભાઈ અને રાવજીભાઈ તથા દેશથી પધારેલા યુવકો વ્યવસ્થા કરતા.

ભેટ સ્વીકાર તથા જુદા જુદા વિભાગોમાં થતા ખર્ચની રકમ આપવાનું કાર્ય કોઠારી ઈશ્વરભાઈ એમ. પટેલના હસ્તક રાખ્યું હતું.

મંદિર, મંદિરનો દરવાજો, શિખરો, ઠાકોરજીનું સિંહાસન, સભામંડપ, યજ્ઞ-શાળા વગેરેનું સુશોભન શાંતુભાઈ પટેલની દોરવણી હેઠળ કરવામાં આવ્યું હતું.

સ્વામીશ્રી નૈરોબી પધાર્યા ત્યારથી માંડીને મંડળ તરફથી એક સુંદર ફિલ્મ નરેશભાઈ કલરામાવાળા તથા શાંતુભાઈએ ઉતારી હતી.

મહેન્દ્રભાઈ બૅરિસ્ટરની દોરવણી હેઠળ સભાના દરેક કાર્યક્રમ યોજવામાં આવતા. સભાનું સંચાલન રઘુનાથ ઇનામદાર અને દેશમાંથી પધારેલા બાલુભાઈ ટી.ટી. કરતા.

કંઠી, માળા, પૂજાના સેટ, મૂર્તિઓ, પુસ્તકો, પેન્ડલ વગેરેનાં વેચાણ-કાર્યની સેવા ઘનશ્યામભાઈ અને મોમ્બાસા મંડળે કરી હતી.

અનાજની સાફસૂફી તેમજ રસોઈ અને ચા-ઉકાળા-નાસ્તા બનાવવાની

સંપૂર્ણ જવાબદારી મહિલા મંડળે, કથાવાર્તા કે દર્શનનો પણ લોભ રાખ્યા સિવાય રાત-દિવસ ઉજાગરા વેઠીને ઉપાડી લીધી હતી. યુવતી મંડળે મહિલાઓને પીરસવાની તથા સભા વ્યવસ્થાની અને સભા સ્થાનની સાફસૂફીની સેવા ઉપાડી લીધી હતી.

આ રીતે નાનાં-મોટાં, બાઈ-ભાઈ સર્વ હરિભક્તો ઉત્સવની તૈયારીમાં હર્ષઘેલા બની મંડ્યાં હતાં. એમાં પણ સ્વામીશ્રીના આગમનથી સૌમાં વિશેષ ઉત્સાહ રેડાયો હતો. સ્વામીશ્રી ચપટી વગાડતાં 'કટ... કટ' બોલતાં, હાથનાં લટકાં કરતા સૌને સેવામાં પ્રેરતા હતા. સાથે સ્વામીશ્રી અને સંતોના સાંનિધ્યમાં કથાવાર્તાનો અખાડો પણ અવિરત ચાલુ રહેતો.

આ વાતનું બીજ લાવવું

તા. ૬ઠ્ઠીએ બપોરે ૧-૪૦ વાગે ઠાકોરજી જમાડ્યા પછી, મંદિરના સભાખંડમાં જ ગ.મ. ૫૩મું વચનામૃત વંચાવ્યું. કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'શાસ્ત્રીજી મહારાજે સમજીને ઉપાસના પ્રવર્તાવી છે. એમણે જે આ વાત પ્રવર્તાવી તેમાં જે દોષ દેખે તે વિમુખ અને અધર્મી છે. મોટાપુરુષનાં ચરિત્ર હોતાં નથી. એ તો ભગવાનની આજ્ઞામાં જ વર્તે. ભગવાનનાં ચરિત્રો હોય, એમાં દિવ્યભાવ રાખવો એ ભક્તની અલૌકિક સમજણ.'

'બાપા ! સંત કોઈનું મનધાર્યું છોડાવે તેમાં દિવ્યભાવ રાખવો ને ?' અંબાલાલભાઈએ પ્રશ્ન પૂછ્યો.

એ સમજાવતાં સ્વામીશ્રી કહે : 'હા, એ બધાં ચરિત્રો કહેવાય. બીજાં નહિ.'

ઉત્સવના સભા પ્રસંગમાં પણ આજે ૬-૩૦ વાગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ સમજાવ્યું કે 'વચનામૃત ગઢડા પ્રથમના ૭૧માં મહારાજે લખ્યું કે અક્ષરે સહિત હું આવ્યો છું. તે સમજવું ને બીજા આગળ વાત કરવી. સત્સંગમાં આ વાત નથી કરતા તો પ્રચાર નથી થતો. શાસ્ત્રીજી મહારાજે આ વાત કરી તો લાખો સત્સંગી થયા.' એમ શાસ્ત્રીજી મહારાજના અલૌકિક કાર્યનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ સત્સંગની અભિવૃદ્ધિનો મજકૂર કહી દીધો.

સાંજે ભટેસાના ચિરંજીવી વિનુભાઈ તથા ભાણેજ સુધીરભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી બન્નેને પ્રેમથી મળ્યા. વાળના ઝુલ્ફામાં હાથ ફેરવી, માથું પોતાના ગળામાં રાખી, હાથ વાંસામાં ફેરવી ખૂબ હેત કર્યું. હેત કરવાની સ્વામીશ્રીની આ અલૌકિક રીત. જેમાં દરેકને પારલૌકિક અનુભવ થતો.

સ્વામીશ્રી ઉકાળો પીવા જઈ રહ્યા હતા. તે ઢોલિયામાંથી નીચે ઊતરતાં બન્નેને બોલાવીને હાથ પકડ્યો અને કહેવા લાગ્યા : 'શીખી જાવ, હાથ પકડ્યો છે તે છોડવો નથી.'

'બાપા ! હું પણ નહિ છોડું.' સુધીર બોલ્યો. કેવી અકારણ દયા !

થોડી વારમાં કિસુમુના મગનભાઈના ત્રણ દીકરા નવનીત, દિલીપ અને રાજુ એક હેડીના, શોભતા આવ્યા. તેમને પણ હેતથી મળ્યા. 'શું નામ ? શું ભણો છો ?' વગેરે પૂછ્યું ને ત્રણેને પ્રસાદ આપ્યો.

ભજનાનંદી કો'ક

અહીં ડૉ. કામદાર સ્વામીશ્રીની સેવામાં આવતા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! નૈરોબી શહેર પાંચ હજાર ફીટ ઊંચે છે. તો શ્વાસમાં તકલીફ તો નથી પડતી ને ?'

'મુંબઈમાં તકલીફ હતી. અહીં ફાવે છે, સારું છે.' સ્વામીશ્રીએ સૂતાં સૂતાં જવાબ આપ્યો.

'તો અહીં જ રહી જાવ ને !'

'રહી પાડીએ ! અમારે તો ભજન જ કરવું છે ને...!'

ભજનાનંદી સ્વામીશ્રીનો આ સરળ ઉત્તર - ભગવાનનું ભજન કરવું અને કરાવવું - એ સિવાય જીવનમાં કાંઈ કરવા જેવું નથી, એ જ માત્ર શીખ આપતો હતો

અહીં આવતાંની સાથે સ્વામીશ્રીના સ્વાસ્થ્યનાં ચિહ્નો એકદમ બદલાઈ ગયાં. એ જોઈ સર્વને ઘણું જ આશ્ચર્ય થયું અને સમજાયું કે સ્વામીશ્રી સ્વતંત્ર પુરુષ છે. ભક્તોને સેવા આપવા અથવા અન્ય નિમિત્તે રોગ ગ્રહણ કરે છે ને મૂકી પણ દે છે.

પારાયણ પર્વ

તા. ૭-૨-'૭૦, આજથી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે 'શ્રીહરિલીલા-કલ્પતરુ'ના સપ્તમ સ્કંધની પારાયણનો પ્રારંભ થયો, સ્વામીશ્રી સભામાં પધાર્યા. પછી મોમ્બાસા, નૈરોબી, કમ્પાલા અને જિન્જાના યુવકોએ વચનામૃત-સ્વામીની વાતુંના મુખપાઠનો કાર્યક્રમ સભા સમક્ષ રજૂ કર્યો. પરદેશના યુવકોનો મુખપાઠ સાંભળી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા. સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે :

'આજે ચાર યુવક મંડળના કાર્યક્રમ સાંભળ્યા. પરદેશમાં સત્સંગ રાખવો મુશ્કેલ. દેશમાં તો સંતનો જોગ, તેથી સૌ રાખે. અહીં સંતનો જોગ નહીં. છતાં યુવકો કથામાં બેસે છે; એક ચિત્તથી સાંભળે છે; તે મહારાજનો પ્રવેશ. પ્રવેશ ન હોય તો બીજે માર્ગે ચડી જાય. બીડી ફૂંકે. બાપાના પૈસા બગાડે.

'આ યુવકો ભવિષ્યના રોપડા છે. પછી પરદેશ જાય, અમેરિકા, લંડન જાય તોય સત્સંગ રાખે. બાજરો વાવે ને વરસાદ પડે તો ડૂંડાં સારાં થાય.

'ખેડ, ખાતર ને પાણી, નસીબમાં ન હોય તોય લાવે તાણી.'

'યુવકો ! તમારા મિત્રોને ફોસલાવી, પટાવીને અહીં લાવવા. અહીં જમાડીશું. પ્રસાદીનો કણકો પેટમાં જાય તો કૂકડો થઈ બોલે. કરોડો મનવારો ભરવી છે. એટલા જીવોને અક્ષરધામમાં લઈ જવા છે.

'અમે દસ વરસે આવ્યા. સ્વામિનારાયણ ભગવાનનો પ્રવેશ થયો તો અવાણું.

'જે સેવા કરે ને ભીડો વેઠે તેને મહારાજ પાસે બેસાડે.

'રાજાના હજૂર સેક્રેટરી જેમ રાજા પાસે લઈ જાય તેમ હજૂર સેક્રેટરી સંત છે, તેને મળ્યા વગર ધામમાં ન જવાય. માટે માળા, ધ્યાન વગેરે કરવું. પણ,

'મને સવાદે માળા ફેરવે, ગળા સવાદે ગાય;
કોઈ કોઈને પૂછે નહીં કે કલ્યાણ કેમ થાય ?'

'એમ ન કરવું, નાટક-સિનેમા ન જોવાં. જગતને અને ભગતને વેર છે. ભગવાંની સૌ નિંદા કરે.

'એક પટેલને પ્રગટ ભગવાનને પામવાની ઇચ્છા હતી. તેને એમ નિર્ણય હતો કે મને પ્રગટ ભગવાન મળશે તો લોકો નિંદા કરશે, ને નહિ મળે તો સન્માન કરશે.

'એ જ્યારે જાત્રા કરીને ચાર મહિને તેને ગામ પાછો ગયો, ત્યારે ગામે સામૈયું કર્યું. મહિનાના નોંતરા જમવાના હાલ્યા. તેણે જોયું કે હજુ મને ભગવાન મળ્યા નથી.

'ફરી એક વાર સોરઠની જાત્રાએ નીકળ્યો. તે ગિરનારની ટેકરી ઉપર ખોળવા ગયો. ત્યાં બાવા ઘણા હતા; પણ સાફિયું, ગાંજા પીવે. પટેલને શાંતિ ન થઈ. નિરાશ થઈ ગયો.

'ચાર વરસથી ફરું છું, પણ મહાત્મા ન મળ્યા,' એમ પશ્ચાત્તાપ કરતાં કાળવાને કાંઠે આવ્યા. ત્યાં અભેસિંહ દરબાર મળ્યા. દરબાર પટેલને ઓળખે.

તેમણે પૂછ્યું : 'પટેલ ! કેમ આમ ઉદાસ ?'

'બાપુ ! ચાર વરસથી આખા હિંદુસ્તાનમાં મહાત્માને ગોતવા ફરું છું, પણ મહાત્મા મને મળતા નથી.'

'તું મૂરખ થા મા. તું ચડી ગયો ઉપર ને મહાત્મા રહી ગયા નીચે ! આ કાળવા નદીને કાંઠે સ્વામિનારાયણના મંદિરમાં મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીત સ્વામી ખરેખરા મહાત્મા છે.' એમ કહી પટેલને મંદિરે લાવ્યા.

'સ્વામીએ પટેલને જોયા ને અંતર્યામીપણે કહ્યું : 'આવો પટેલ ! શું ખોળો છો ? અમે અહીં રહી ગયા ને તમે ઊંચા ચડી ગયા હતા.'

'અહોહો ! મારા મનનું કહી દીધું.'

'પછી વર્તમાન ધરાવ્યાં. સ્વામીએ સર્વોપરી જ્ઞાન આપ્યું. આ પટેલ તો હવે તિલક-ચાંદલો કરે. તે જોઈ સૌ મશ્કરી કરવા લાગ્યા : 'આ ભેંસ ભડકામણું તિલક ક્યાંથી કર્યું ?' પટેલને ખાત્રી થઈ ગઈ કે હવે મને સાક્ષાત્ ભગવાન મળ્યા.

'આપણે નિશાળમાં તિલક-ચાંદલો કરીને જવું.

'કોઈ તિલક-મુંડિયા કહે તો પેટ ઠરે.

'વાહ, વાહ મને ભગવાન મળ્યા !' એમ રાજી રહેવું. લક્ષ્મીનો ચાંદલો ને ભગવાનનું તિલક. આ કરીએ તો લક્ષ્મી ઘસડાતી આવે. 'મને લ્યો, મને લ્યો,' એમ કહે.

'પલેનના અધિકારી જેમ પલેનને સીધી લાઇનમાં લઈ જાય છે, તેમ પુરુષોત્તમ નારાયણના સંત આપણને સીધી લાઇનમાં લઈ જાય; પણ તેને મળવું જોઈએ.

'નૈરોબીમાં મહારાજ ને સ્વામી બેસશે. દેશનું કલ્યાણ કરશે. બધા સત્સંગી થઈ જશે. આ અનાદિની વાત છે.'

ભણવા જેવી બ્રહ્મવિદ્યા

સાંજે સ્નાન કરાવતી વખતે ગુલુના એક યુવક સ્વામીશ્રી પાસે આવ્યા અને કહે : 'મારા ભવિષ્યમાં ભણવાનું નથી, મારે ભણવું છે તો શું કરવું ?'

'સાધુ થઈ જાવ. ભણવા જેવી બ્રહ્મવિદ્યા છે.' સ્વામીશ્રીએ હેતથી એ યુવકને સમજાવ્યું.

વળી વાત વાતમાં કહે : 'મહારાજ તો વતું કરતાં જમે. એવું ચરિત્ર કરે. સંત એવાં ચરિત્ર ન કરે.'

ત્યારે અંબાલાલભાઈએ કહ્યું : 'અત્યારે પણ મોટાપુરુષ હોય તે માંદગી ગ્રહણ કરે, દવા લે, સેવા લે, એ બધાં ચરિત્રો જ છે.'

આ સાંભળી સ્વામીશ્રી કશું બોલ્યા નહિ, હસ્યા. મૂક સંમતિ આપી.

સાંજની સભામાં સ્વામીશ્રી સમક્ષ યુવકોએ અંગ્રેજી તથા હિંદીમાં પ્રવચનો કર્યાં. યુવકોનાં મુખેથી સત્સંગના મહિમાની વાતો સાંભળવામાં સ્વામીશ્રીને અનેરો આનંદ આવતો. એ વખતે પોતે એક ઉત્તમ શ્રોતા બની જતા. અને યુવકોની સામે જોયા જ કરતા, એકચિત્તે સાંભળ્યા જ કરતા. એમાં પણ જ્યારે કોઈ યુવક જુસ્સામાં બોલે, મહિમાની સુંદર વાતો રજૂ કરે, ત્યારે તો સ્વામીશ્રી એ બાળક કે યુવક ઉપર એકદમ વારી જતા. જાણે પોતાની જ શક્તિનો સંચાર કરતા હોય એમ એ યુવક તરફ જોઈ જ રહેતા. મોટાપુરુષના પ્રવેશ વગર માયા પરની આવી વાત ઉચ્ચારી પણ કોણ શકે ?

યુવકોના કાર્યથી પ્રસન્ન થઈ, આશીર્વાદ આપવા તત્પર બની સ્વામીશ્રીએ જણાવ્યું :

'આજે આપણે યુવકોનાં પ્રવચનો સાંભળ્યાં. આમ ચાલે તો હું નથી માનતો કે સત્સંગ ન વધે ! તેમને 'ચાનસ' આપવો. સભામાં બોલે તો પોરસ ચડે.

'વ્યવહાર સંબંધી સૌ બોલે પણ શાસ્ત્રીજી મહારાજનો મહિમા મૂર્તિમાન ગાવો એ શ્રેષ્ઠ. તે આપણા હૃદયમાં બેસી જાય. યુવકોને ધન્ય છે ! આ દેશમાં સંતનો જોગ નથી, છતાં કેવું સરસ બોલે છે ! ભારત દેશમાં અમે પ્રવર્તાવશું. બધાએ દાખલો લેવો.

'આ અક્ષરધામની - પુરુષોત્તમ નારાયણની સભા છે. સામાન્ય સભા નથી. આ મંડપમાં બેઠા છીએ તે અક્ષરધામમાં બેઠા છીએ.

'અહીં ગિરધરભાઈ કાર્યકર્તા. સંપ ત્યાં જંપ, ત્યાં ભગવાન બિરાજે. નૈરોબી મંડળનો સંપ, આફ્રિકા મંડળનો સંપ દેખી અમારા આનંદનો પાર ન રહ્યો. સંપ ન હોય, કોઈ ન આવે.

'આરતીમાં બધા આવે છે. દંડવત્ બધાએ કરવા. શરમ ન રાખવી. ખાખીમાં બાવા 'દંડોત !' એમ સામસામું બોલે; પણ દંડવત્ કરવાના નહીં. આપણે સાષ્ટાંગ દંડવત્ કરવા. ત્રણ પ્રકારના દંડવત્ છે :

'દેડકિયા, કટકટિયા ને સાષ્ટાંગ.

'દેડકિયામાં માથું જ હલે, કટકટિયામાં કેડ જ હલે. સાષ્ટાંગમાં આઠે અંગ નમે.

'શાસ્ત્રીજી મહારાજ સાષ્ટાંગ દંડવત્ કરતા. પાંચ વાર ઠાકોરજીનાં દર્શને જતા. એમને ક્યાં અધૂરું હતું ? અનાદિના હતા.

'સંપ ત્યાં જંપ. સ્વામી ગુણાતીત વાત કરતા :

'એક રાજા હતા. તેમના અમલદારોમાં સંપ નહોતો. રાજાએ તેમને બોધપાઠ આપવા એક તીરનો ભાથો મંગાવ્યો. રાજાએ કહ્યું : 'આ આખા ભાથાને જે હાથથી ભાંગી નાખે તેને રાજ દેવું.' કોઈથીયે આખો ભાથો ન ભંગાણો. પછી રાજાએ ભાથામાંથી એક તીર કાઢ્યો ને ભાંગવા દીધો. ફોસીમાં ફોસી હતો તેણેયે તીર ભાંગી નાંખ્યું. રાજાએ તેમને કહ્યું : 'તમે જો આ ભાથાની જેમ એક સંપથી રહેશો, તો આપણો વિજય થશે.'

'ગુણાતીત સ્વામીએ આમ વાત કરીને કહ્યું : 'તમે સાધુ, પાળા, બ્રહ્મચારી ને હરિભક્ત આમ સંપ રાખશો તો ગમે તેવો અંતઃશત્રુ હશે તો તે તમારો પરાભવ કરી શકશે નહીં; પણ જો કુસંપ રાખશો તો અલ્પ જેવો દોષ હશે તો તે પણ તમને સત્સંગમાંથી કાઢી નાખશે.'

'તેમ આપણે વડીલ, સંત, યુવક, બાળ મંડળ મળીને એક સંપથી રહેવું.'

એક પછી એક દિવસ, સ્વામીશ્રીના સાંનિધ્યમાં અક્ષરધામના સાક્ષાત્ અનુભવ સાથે આબાલવૃદ્ધ સૌ ભક્તોના પસાર થઈ રહ્યા હતા. ભગવાન ક્યાં છે ? ભગવાનનું સાચું સુખ ક્યાં છે ? આવો કોઈને અનુભવ જોઈતો હોય તો એમ કહ્યા વગર ચાલે જ નહિ કે 'ભગવાન અહીં સંતમાં જ છે અને એનું દિવ્ય સુખ પણ આ સંત પાસે જ છે, અહીં જ છે.' આવા કેફમાં સૌ મહાલતા હતા.

સંત ચાલે તે ભેળો હું ચાલું રે

તા. ૮મીએ સવારે ૫-૨૫ વાગે, મંદિરમાં સ્વામીશ્રી કહે :

'રાત્રે ઘનશ્યામ મહારાજનાં દર્શન થયાં. આફ્રિકા જવું હતું તેથી ઉપર હું દર્શન કરવા ગયો. નિર્ગુણ સ્વામી ઘનશ્યામ મહારાજને શણગાર ધરાવતા હતા. અહીં દર્શન કરીને ભાદરા, ડાંગરા દર્શન કરવા ગાડીમાં જવું હતું.

'અક્ષરપુરુષોત્તમ મહારાજનાં મધ્ય મંદિરમાં દર્શન થયાં. ઘનશ્યામ મહારાજના ઓરડાને તાળું હતું. પછી નિર્ગુણ સ્વામીએ તે ઉઘાડ્યું અને ઘનશ્યામ મહારાજનાં દર્શન થયાં. પાઘ, સુરવાળ ને હાથમાં કડાં એવાં દર્શન થયાં.

'મેં કહ્યું : 'આફ્રિકા જવું છે ?'

'ઘનશ્યામ મહારાજે કહ્યું : 'જાવ.'

'ઘનશ્યામ મહારાજની મૂર્તિ તેજસ્વી. ત્યાં તો ગાડી ઊપડી ગઈ. હવે ભાદરા, ડાંગરા નહિ જવાય.

'ત્યાં તો છ થઈ ગયા. તે ઊઠ્યા.'

ડગલે ને પગલે મહારાજની આજ્ઞા પ્રમાણે કાર્ય કરતા સ્વામીશ્રી અહીં સત્સંગાર્થે વિદેશ પ્રવાસે જતાં જતાં પણ એમની સ્થૂળ પરવાનગી મેળવવાનું ચૂકતા નથી. ઘનશ્યામ મહારાજ સાથે જ છે એવો વિશ્વાસ સૌને આપતું આ સ્વપ્નદર્શન ઘણું જ સૂચક છે.

સંત માનજો મારી મૂરતિ રે

રોજ પ્રાતઃપૂજા વખતે યુવકો *'આજ મારે ઓરડે રે...'* એ કીર્તન સુંદર રાગ-ઢાળમાં, સમૂહમાં ગાતા. અલૌકિક વાતાવરણ ખડું થઈ જતું. આ કીર્તન સાંભળી આજે સ્વામીશ્રી કહે :

'તે વખતે ગઢડામાં શ્રીજીમહારાજ ઓરડે પધારેલા. આજે નૈરોબીના ઓરડામાં પધાર્યા છે.'

મહારાજની મૂર્તિ સામું નિર્દેશ કરીને સ્વામીશ્રી બોલ્યા, પણ એકાએક ઉચ્ચારાયેલા આ ઉદ્‌ગારોથી ભક્તોને એ જ મૂર્તિ આજે આ સંત દ્વારા નૈરોબીમાં (ઓરડામાં) પ્રત્યક્ષ હોવાની ખાતરી થઈ.

છેલ્લો કરિયાવર

સવારના સભા પ્રસંગ પછી સ્વામીશ્રી સમક્ષ મોમ્બાસાના યુવકોએ યોગાસનનો હેરત પમાડે એવો કાર્યક્રમ રજૂ કર્યો. જિન્જાના યુવકોએ કીર્તનગાન કર્યું અને દારેસલામના યુવકોએ આફ્રિકાની સ્વાહિલી ભાષામાં કીર્તનગાન કર્યું. ગુજરાતી ઇતર ભાષાઓનો સ્વામીશ્રીને બહુ મહિમા. જાણે બધું સમજતા હોય એમ રસપૂર્વક સાંભળે. મૂર્તિમાન બ્રહ્મને ભાષાનાં બંધનો ક્યાં નડે છે ? શબ્દો પાછળના ભાવને પિછાણી, શબ્દોના અર્થને પકડવાની એમની અલૌકિક શક્તિ આપણને જણાયા વગર રહે જ નહિ. કારણ, કીર્તનગાનમાં જ્યાં મહત્ત્વનો ભાવ હોય ત્યાં જ એમના કાન સરવા થતા અને ખુલ્લી હથેળીઓના પરસ્પર પ્રહારથી મોટેથી તાલીવાદન કરતા સ્વામીશ્રીની મર્મથી હસતી મૂર્તિ જ એ ભેદને સૌ આગળ ખુલ્લો કરતી હતી. પ્રસન્નવદને આશિષ વરસાવતાં સ્વામીશ્રી કહે :

'આફ્રિકા મંડળની જય !

'મોમ્બાસા મંડળે આસનોનો પ્રોગ્રામ સરસ કર્યો.

'આ લાભ લઈ લેવો. વારે વારે આ લાભ મળતો નથી. 'દુકાન બંધ રહે તો ૮૦ શિલિંગની ખોટ આવશે,' એમ ન સમજવું. ૫૦ લાખ શિલિંગનો લાભ આપવો છે.

'કરોડો રૂપિયા કરતાં આ નૈરોબીમાં ઠાકોરજી બેસે છે તે વધારે છે.

'લોધિકા દરબાર અભેસિંહજી સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. સભામાં બેઠા હતા પણ મન લોધિકા ગયું. મનમાં ને મનમાં કામ-કાજના સંકલ્પ કર્યા કરતા હતા. ગુણાતીત સ્વામીએ અંતર્યામીપણે કહ્યું : 'અભેસંગ ! આંહીં બેઠા લોધિકાનું કામ નહીં થાય.'

'દરબારને થયું : 'હાં, મારા મનની વૃત્તિ પકડી.'

'તેમ આંહીં બેઠા ઘરનું કામ થવાનું નથી. માટે સત્સંગ કરી લેવો. આ મોટું ભાતું છે. નૈરોબીમાં આવ્યા તે ભાતું ભરી લેવું. બીજો સંકલ્પ ન કરવો.

'સંતસભામાં શ્રી પુરુષોત્તમ, અખંડ રહે અવિનાશી રે.'

'સંતસભા આમાં કહી તે બીજા ગામની હશે ? આ નૈરોબીની જ સંત-સભા !

'જેણે વર્તમાન ન ધરાવ્યાં હોય તેણે મંદિરના હૉલમાં સાંજે ૪-૦૦ થી ૫-૦૦ આવી વર્તમાન ધરાવી લેવાં.

'માળા, કંઠી બે કોથળા લાવ્યા છીએ. આંહીં ને આંહીં વાપરી દેવાનું છે. વર્તમાન ધરાવવાથી પાપ બળી જાય.

'કપડું મેલું થયું હોય તો ધોબી પાસે ધોવડાવવું પડે, ધોબી આઠ આના લ્યે. હૃદયનાં પાપ ભગવાન અને સત્પુરુષ ધોઈ દે. પછી નવાં ન કરવાં.

'સંતો વર્તમાન ધરાવતા. શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ વર્તમાન ધરાવતા. દારૂ, માટી, ચોરી, અવેરી છોડાવતા.

'મોટાપુરુષના આશીર્વાદથી અંતઃકરણ શુદ્ધ થાય છે.

'એક બાવો ગુફામાંથી વરસમાં એક જ વાર બહાર નીકળે. વન-વિચરણમાં મહારાજની સલાહથી કોઈ એનાં દર્શને ન ગયું, તો બાવાને અપમાન લાગ્યું ને ત્યાં જ મરી ગયો.

'કનક તજ્યો, કામિની તજ્યો, તજ્યો ધાતુ કો સંગ;
તુલસી લઘુ ભોજન કરી, જીએ માન કે રંગ.'

'માન પાપ બહુ મોટું છે. આપણે નિર્માની થવું. કોઈ બે શબ્દ કહે તો

ખમવું. સામા ન થાઈએ. ખમી ખાઈએ.

'જેના નિર્માની ભગવાન, તેના જનને જોઈએ કેમ માન ?'

'નિષ્કુળાનંદ સ્વામીએ આ 'ભક્તચિંતામણિ'માં લખ્યું છે.

'મહારાજ નિર્માની હતા તો સંતો નિર્માની થયા. શાસ્ત્રીજી મહારાજ નિર્માની હતા, ખમી ખાધું, તો દિગ્વિજય વડતાલ દેશમાં થઈ ગયો.

'સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે.'

'આવું અપમાન થયું છતાં ખમે છે ! માટે બહુ મોટા !' એવું રાખવું. હરિભક્તોને અંદરોઅંદર બોલવા-ચાલવાનું થાય, પણ ખમવું. સુહૃદભાવ રાખશો તો દિગ્વિજય થાય, તે આપણો જશ છે.

'ખટપટમા ન ભળવું. મહારાજ ને સ્વામીને ભજવા. શ્રીજીમહારાજનો આશરો દૃઢ રાખવો. રોટલા તો ભગવાન અને સંતને દેવા છે, તે દેશે, દેશે ને દેશે. *'તું મારી જકરમાં તો હું તારી ફકરમાં.'*

'આપણે ભગવાનને શરણે છીએ તે આપે, આપે ને આપે. અમારો ત્રીજો સંકલ્પ છે કે –

'શાસ્ત્રીજી મહારાજ પહેલાં આણંદમાં બોલેલા : 'જેને ત્રણ દીકરા હોય એ એક દીકરો સાધુ થવા અમને આપે.'

'સ્વામી પંડે બોલેલા. અમારી વાત નથી.

'આફ્રિકામાં જેને ત્રણ દીકરા હોય તેણે એક દીકરો દેવો. ઉતાવળ નથી. પૂછીને આપવો. પણ કરવા જેવું આ કામ છે. તે ભગવાન ભજશે તો એકોતર પેઢીનું કલ્યાણ થઈ જાય.

'આ મહંત સ્વામી, આણંદમાં એગ્રિકલ્ચર ભણેલા. ઘેર હોત તો ૨૦૦-૩૦૦નો પગાર મળત. આંહીં આવ્યા તો એકોતર પેઢી ઉગારશે. બધા વિચાર કરજો.

'અમારું આ માગું પૂરું થઈ જાય તો મહારાજ તમારી રક્ષા કરશે. તમારી માળા ફેરવશે.

'આપણા ઈષ્ટદેવ કે જેનું ધાર્યું બ્રહ્માંડમાં થાય છે, તે તમારી માળા ફેરવશે.'

લેતા જાઓ રે સાંવરિયા બીડી પાનનકી

મુંબઈ અને ગોંડલમાં સ્વામીશ્રીનો નિત્યક્રમ ઘડિયાળના કાંટા પ્રમાણે ચાલતો. અહીં બધા સમય બદલાઈ ગયા હતા. છતાં સ્વાસ્થ્ય સારું હતું. આજે

ઠાકોરજી જમાડી અંત્ય ૨૪મું વચનામૃત વંચાવતાં વાત કરી કે 'સોળે વાત (સાધન) સાધુ (સિદ્ધ) કરાવે, માટે સાધુસમાગમ શ્રેષ્ઠ.'

'અહીં કોઈ મુખવાસ દેતું નથી ?' સ્વામીશ્રીએ કથાવાર્તાના પ્રસંગમાં એકાએક આ પ્રશ્ન મૂક્યો.

'પાન અહીં થાય છે કે નહિ ?'

'બાપા ! બાર આનાનું એક પાન મળે છે.'

'અહીં લાખો રૂપિયા છે. કોણ પૈસાને પૂછે છે ? નત પચીસ-પચાસ પાન વાળવાં ને ઠાકોરજીને ધરાવવાં.' સ્વામીશ્રીએ આજ્ઞા કરી.

ગોંડલમાં આ રોજનો ક્રમ હતો. બપોરે ઠાકોરજી જમાડ્યા પછી સભામંડપમાં કથા થતી હોય, સ્વામીશ્રી ગમ્મત સાથે જ્ઞાન પીરસતા હોય. એવામાં પૂજારી નિર્ગુણ સ્વામી ઠાકોરજીને ધરાવેલાં પાનની છાબડી લઈને આવે. સ્વામીશ્રી સૌને પાન આપે.

હરિકૃષ્ણ મહારાજને પાન તો ધરાવવાં જ જોઈએ. એટલે આજથી છૂટાં પાન હરિભક્તો લાવવા માંડ્યા અને સંતો પાનબીડાં વાળી, થાળ પછી ઠાકોરજીને ધરાવતા. સ્વામીશ્રી હરિભક્તોને પ્રસાદી વહેંચતા. ઠાકોરજી - હરિકૃષ્ણ મહારાજની સેવાનો આટલી હદ સુધીનો ખટકો સ્વામીશ્રી રાખતા-રખાવતા. આફ્રિકાના સમગ્ર પ્રવાસ દરમ્યાન અને લંડનમાં પણ આ જ રીતે ઠાકોરજીને પાનબીડાં ધરાવાતાં. દેશમાં તો આ રીતે સેવા થતી જ હતી.

આજ્ઞાથી સેવા એ જ કથા

બપોરની કથામાં વચનામૃત અંત્યનું ૧૮મું વંચાતું હતું. એવામાં સેવકે ઠાકોરજીને મુખવાસમાં ધરાવેલી શેકેલી બદામ સ્વામીશ્રી આગળ ધરી. ભાગ્યે જ સ્વામીશ્રી બદામ જમતા, પણ આજે સૌના આગ્રહથી એક બદામ મોઢામાં મૂકી મમળાવવા લાગ્યા. બીજી સૌને વહેંચી દીધી. વચનામૃતના પ્રસંગમાં પોતે પ્રશ્ન ઉપસ્થિત કર્યો :

'મહારાજ પંડે હતા છતાં સત્પુરુષ કેમ બતાવ્યા ? 'મારો સંગ કરો' તેમ કેમ ન કહ્યું ?'

આમ, સૂક્ષ્મ મુદ્દો ઊભો કરી સ્વામીશ્રી સમજાવવા લાગ્યા : 'બધા મહારાજને ઓળખે, પણ સત્પુરુષ અનાદિ (ગુણાતીત) છે તેને ન ઓળખે. મહારાજ કહે છે : તેનો સમાગમ કરો તો જ વાસના જીર્ણ થાય.'

સ્વામીશ્રી આગળ કહેવા લાગ્યા :

'એક ફિલમ આવ્યું હોય ને સાધુ આવ્યા હોય; બેયમાં જાય તો વાસના બળવાન છે, પણ ફિલમને ઉડાડી દે તે વાસના જીર્ણ થઈ કહેવાય.'

પ્રસંગોપાત્ત વાતો ચાલતી હતી. એના અનુસંધાનમાં સ્વામીશ્રી કહે :

'કોઈ જમાડે, કોઈ ફોટા પાડે, કોઈ દેહે કરીને સેવા કરે, તે બધી સેવાઓ છે. સ્વામી કોઈ દી' ખાય-પીવે નહિ, પણ બધાને રાજી કરવા જમે.

'હરિભક્તો રસોડામાં છે તે આજ્ઞાથી છે, તો તેમને તે કથા જ છે. 'છોને થતું,' એમ કહી કથામાં આવે તે સારું નહિ.

'મહારાજ છતાં સંતો નિર્વાસનિક હતા. મંદિરનું કામ નહોતું ફાવતું, પછી મહારાજની આજ્ઞાથી મંદિરમાં (સેવામાં) જોડાઈ ગયા.'

'ગિરધરભાઈ ક્યાં ગયા ?'

'રસોડે.'

'લ્યો, એ જ નિર્વાસનિક. એ કથામાં જ બેઠા છે.'

બપોરની કથામાં સમજણની આવી માર્મિક વાતો સ્વામીશ્રી સૌને પીરસતા.

યુવક અધિવેશન

સ્વામીશ્રીની પ્રેરણાથી પૂર્વ આફ્રિકામાં બાલ-યુવક સત્સંગ-પ્રવૃત્તિ સને ૧૯૫૫ પછી સારી રીતે વિકાસ પામી હતી. વડીલ હરિભક્તો પણ આ પ્રવૃત્તિમાં રસ લઈ સારો સહકાર આપતા હતા. દસ દસ વર્ષની યુવકોની ઝંખના પછી સ્વામીશ્રી આ દેશમાં પધાર્યા. તેમજ નૈરોબી મંદિરના ઉદ્‌ઘાટન નિમિત્તે કાર્યકર્તાઓએ પૂર્વ આફ્રિકાના સમગ્ર બાળ-યુવક મંડળોનું અધિવેશન યોજ્યું હતું. આ છઠ્ઠું અધિવેશન હતું. જેના અધ્યક્ષ સ્થાને પ્રમુખસ્વામીની વરણી સૌએ ઉત્સાહભેર કરી હતી. વચનામૃત-સ્વામીની વાતુંના મુખપાઠ, કીર્તનગાન, વક્તૃત્વકલા, સત્સંગ-વિષયક પ્રશ્નોત્તરી, હસ્તલિખિત અંક વગેરે હરીફાઈઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ કાર્યવાહીનું સંચાલન ચંદુભાઈ પટેલ કરી રહ્યા હતા.

મંદિરના જમણી બાજુના ખૂણામાં, દારેસલામ યુવક મંડળના પ્રફુલ્લભાઈ પટેલ, મનહર દુસારા વગેરે યુવકોએ ઉત્સવ નિમિત્તે સુંદર ચિત્ર-પ્રદર્શનની ગોઠવણી કરી હતી. ખૂબ મહેનત કરીને સુંદર તૈલચિત્રો, કટ-આઉટ્સ આકૃતિઓ તથા અન્ય સત્સંગ વિષયક ચિત્રો પ્રદર્શનમાં રજૂ કરવામાં આવ્યાં

હતાં. સાંજે ૪-૩૦ વાગે સ્વામીશ્રીએ આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું. ભક્તિભાવથી રચાયેલી આ સુંદર કલાકૃતિઓ નિહાળી, સ્વામીશ્રીએ યુવકો ઉપર ખૂબ જ પ્રસન્નતા બતાવી. નાનામાં નાના ભક્તિપૂર્વકના કાર્યને, બહુ મહત્તા આપી કદર કરવાની સ્વામીશ્રીની ખાસ વિશેષતા હતી.

અહીંથી સ્વામીશ્રી સભાગૃહમાં પધાર્યા. નાના નાના બાળકો તથા યુવકો સફેદ ગણવેશમાં સજ્જ થઈ ગયા હતા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અધિવેશનનો લહાવો, તેમને માટે અતિ આનંદનો પ્રસંગ હતો. અતિ પ્રસન્ન મુદ્રામાં સ્વામીશ્રી સભામાં બિરાજ્યા હતા. મહેન્દ્રભાઈ બૅરિસ્ટરના પ્રાસંગિક પ્રવચન પછી, જુદાં જુદાં કેન્દ્રોના યુવક પ્રતિનિધિઓએ હારતોરા અર્પણ કરી, સ્વામીશ્રીનું સ્વાગત-પૂજન કર્યું. પછી સ્પર્ધાઓનો પ્રારંભ થયો. સ્વામીશ્રી સમક્ષ પ્રથમ ત્રણ વિજેતાઓની સ્પર્ધાઓ જ રજૂ કરવામાં આવતી હતી. બાલ, કિશોર અને યુવક એમ ત્રણ વિભાગોની હરીફાઈઓ થઈ. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સંતોની નિમણૂક કરવામાં આવી હતી.

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના આ શુભ પ્રસંગે, મંડળ તરફથી 'આનંદ-વિજય' નામના સ્મૃતિઅંકનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રીના વરદ હસ્તે આ ગ્રંથનું ઉદ્‌ઘાટન થયું. અંકનાં સંપાદન અને પ્રકાશન કાર્યમાં રઘુનાથભાઈ ઈનામદારે સારી મહેનત લીધી હતી. આ પ્રસંગે યુવક મંડળોએ પોતાના હસ્તલિખિત અંકો પણ રજૂ કર્યા. જે સ્પર્ધાના એક ભાગરૂપે જ હતા. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે પૂર્વ આફ્રિકાનાં ઘણાં યુવક મંડળો, સત્સંગ વિષયક આવા હસ્તલિખિત અંકો દર ત્રણ મહિને નિયમિત તૈયાર કરતા હતા.

શોભાયાત્રા

કેન્યાના પાટનગર નૈરોબીમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજમાન થાય એ પહેલાં મૂર્તિઓની શોભાયાત્રા તો નીકળવી જ જોઈએ. સ્વામીશ્રીનો આ શુભ સંકલ્પ. શોભાયાત્રામાં મૂર્તિઓનાં દર્શન શહેરની પચરંગી પ્રજા કરે અને સૌનું કલ્યાણ થાય, એવો શુભ હેતુ.

રાજકીય પરિસ્થિતિને કારણે આ પ્રકારના નગરયાત્રાના આયોજન માટે પરવાનગી મળવી અશક્ય હતી. સ્વામીશ્રીની આજ્ઞાથી મહેન્દ્રભાઈએ પ્રયાસ કર્યો. અને ૫૦ મોટરકારમાં જ શોભાયાત્રા કાઢવાની સંમતિ મળી ગઈ. સૌ આનંદમાં આવી ગયા. મૂર્તિઓ પધરાવવા માટે, સુંદર ફ્લોટ યુવકોએ

તૈયાર કર્યો.

તા. ૯-૨-'૭૦, મહા સુદ ૪ના સવારે ૧૦-૦૦ વાગે મંદિરના પ્રાંગણમાંથી જ શોભાયાત્રાનો પ્રારંભ થયો. કોઈને ચાલવાની પરવાનગી ન હતી. એથી નાની નાની બાળાઓ તથા બહેનોએ માથે કળશ લઈ, મંદિરમાં જ ઊભાં રહી, મૂર્તિઓને વધાવી. ખુલ્લી વાનમાં ધજા-પતાકા ને નિશાન લઈ, બૅન્ડવાદન સાથે સૌ પ્રથમ યુવક મંડળો હતાં. ફ્લોટમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ, રાધાકૃષ્ણ અને પરંપરાની મૂર્તિઓ ચારેય તરફ શોભતી હતી. ફ્લોટ-રથની પાછળ નાગજીભાઈની સુશોભિત મર્સિડીઝ ગાડીમાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી અને મહંત સ્વામી ઠાકોરજી સહિત બિરાજી સૌને દર્શન આપતા હતા. લગભગ બીજી ૧૦૦ જેટલી સુશોભિત ગાડીઓમાં બીજા સંતો-હરિભક્તો ગોઠવાયા હતા. આ વ્યવસ્થામાં પોલીસ અમલદારો પણ સાથે જ હતા. હજારો મનુષ્યો આ વિશિષ્ટ નગરયાત્રાનાં કુતૂહલતાથી દર્શન કરી રહ્યા હતા.

નગારા રોડ, પાર્ક રોડ, ફૉર્ટ હૉલ રોડ થઈ, દેસાઈ રોડ ઉપર નગરયાત્રા જઈ રહી હતી. રસ્તા ઉપર નગરવાસીઓ પણ દિવ્ય દશ્યથી ઉત્સાહિત થઈ જયનાદો ગજવતા હતા. લૉરીઓમાં બેઠેલા યુવકોની ભજન-કીર્તનની રમઝટથી અને જયનાદોના પ્રતિઘોષથી પ્રેરાઈને અહીંના આફ્રિકન ભાઈઓ પણ 'યોગી મહારાજની હે !' એમ જુસ્સાથી પુકારી રહ્યા હતા. આ દિવ્ય શબ્દોચ્ચાર પણ તેમના કલ્મષોને ધોવા અને સંસ્કાર પ્રેરવા બસ હતો.

રસ્તામાં કેન્યા બ્રહ્મ સમાજમાં આવેલા રસોડામાં - ઠાકોરજીની દષ્ટિથી તમામ રસોઈ પ્રસાદીભૂત કરવા, સ્વામીશ્રી વતી પ્રમુખસ્વામી ઠાકોરજી લઈ પધાર્યા હતા. સૌના આગ્રહને માન આપી, સ્વામીશ્રી મોટરમાં જ બિરાજી રહ્યા.

લગભગ ૧૧-૪૫ વાગે સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. આજે ખૂબ જ તડકો પડતો હતો. ગરમી ઘણી લાગતી હતી. અહીંની વરસાદની ઋતુમાં આવી સખત ગરમી, સૌને નવાઈ પમાડતી હતી. નહીંતર અહીં વરસાદને કારણે ઠંડી હોય. વરસાદ ખેંચાયો હતો. એમાં પણ સ્વામીશ્રીની ઇચ્છા જ સૌને જણાઈ. કારણ, એમણે નૈરોબી-કેન્યા છોડ્યું પછી જ અહીં વરસાદ થયો. વળી, વરસાદ અને ઠંડી સ્વામીશ્રીનાં સ્વાસ્થ્યને જરાપણ અનુકૂળ નહોતાં. નૈરોબીના કાયમી ઠંડા હવામાનને કારણે સ્વામીશ્રી અહીં ગરમ ગાતરિયું ઓઢતા. પણ આજે પોતે સભામાં બિરાજ્યા પછી ગરમી લાગવાથી ગરમ ગાતરિયું કાઢી નાખ્યું. થોડી વાર ખુલ્લા શરીરે દર્શન આપ્યાં અને પછી સુતરાઉ ગાતરિયું મગાવીને ધારણ કર્યું.

આનંદનો સૂર્ય

શોભાયાત્રાના દિવ્ય વાતાવરણ બાદ સૌ મંદિરે, સભામાં ગોઠવાઈ ગયા હતા. આવા આનંદ-મંગળના પ્રસંગોએ સૌના ઉપર આશીર્વાદ વરસાવવાનો ઉમંગ સ્વામીશ્રીને સહેજે આવી જતો. એટલે સભાને સંબોધી સ્વામીશ્રી કહે :

'આજે આપણે આનંદનો સૂર્ય ઊગ્યો છે. નવો રાજા ગાદીએ બેસે ત્યારે તમામ ગુનેગારોને છોડી દઈ, જેલો દૂધે ધોઈ નાખે.

'નૈરોબીમાં શ્રીજીમહારાજ, ગુણાતીત સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ બેસે છે, તે કોઈને અહીં દુ:ખ રહેશે નહીં. રાજા ગાદીએ બેસે તે કોઈને ઇનામમાં ગામ આપી દે. સહજાનંદ સ્વામી નૈરોબીમાં બેસે છે તે મોટાં ભાગ્ય છે.

'આ મંદિરને છેટેથી જે નમશે, અહીં રસ્તેથી જે પસાર થશે, તેનું કલ્યાણ થશે. સંબંધે કલ્યાણ છે, સાધને નહીં.

'આ કેનો મંડપ છે ?'

'સ્વામિનારાયણનો.' આમ કહેશે, તેનુંય કલ્યાણ.

'અલ્યા, આ તો બંડિયાની નગરયાત્રા છે.' આમ કહેશે, તેનુંય જાવ કલ્યાણ, છૂટા વાવટા. મહારાજ અસંખ્ય જીવનું કલ્યાણ કરી નાખશે. મહારાજ જો ગુના જોવા જાય તો કલ્યાણ ન થાય; પણ મહારાજ સંબંધ સામું જોઈ અક્ષરધામમાં લઈ જાય.

'કાલે વસંત પંચમી ને શિક્ષાપત્રીનો જન્મ દિવસ છે. નિષ્કુળાનંદ સ્વામીનો અને શાસ્ત્રીજી મહારાજનો જન્મ દિવસ છે. તે આપણી છાતી પહોળી થવી જોઈએ. જેમ ગરીબને રાજ મળે ને તેને આનંદ થાય, તેમ આપણને થવો જોઈએ.

'આ દેશમાં પુરુષોત્તમ નારાયણ બેસે તે ઓછાં ભાગ્ય ન કહેવાય. દરેક ગામમાં, દરેક શહેરમાં પુરુષોત્તમ નારાયણ બેસી જશે. એ વાતની ખાત્રી રાખજો, દુનિયામાં એક સ્વામિનારાયણનો જ ધર્મ રહેશે.

'કાલે ગુરુનો જન્મ દિવસ છે. ભગવાન બિરાજવાના છે. શુભ દિવસ છે. કોઈ ઘેર જમશો મા. બધાને અહીં જમાડવા છે. આરતી થશે. આનંદના ફુવારા ઊડશે. કોઈ બહારગામ જવાના હો તો જાશો નહિ એ આગ્રહભરી વિનંતી છે. દુકાનો બંધ કરશો. ફરી અમારે આવવાનું થાય કે ન થાય. ઠાકોરજી બેસી જશે. ધામધૂમ થશે.'

અહીંથી સ્વામીશ્રી 'નિર્ગુણ યજ્ઞશાળા'માં પધાર્યા. મૂર્તિઓ સમક્ષ બ્રાહ્મણો યજ્ઞ વિધિ કરાવી રહ્યા હતા. 'શ્રીજીમહારાજ વખતે પણ આવું થતું' એમ કહી સ્વામીશ્રીએ સૌને મહારાજ અહીં હાજરાહજૂર છે એવો સંકેત કર્યો. મલકાતા મુખે આનંદમાં ગરકાવ થતા સ્વામીશ્રી આરામમાં પધાર્યા. ત્યારે સૌને અનુભવ થયો કે ગામોગામ મંદિરો થાય, અક્ષરપુરુષોત્તમ મહારાજ ધામધૂમથી બિરાજે, સૌ ભજન-ભક્તિ કરે, એમાં સ્વામીશ્રીનો કેટલો રાજીપો છે ! ભલા, સાચા સંતના યોગ વગર આ બને પણ શી રીતે ? સ્વામીશ્રીની કામણગારી મૂર્તિની સ્મૃતિ કરતાં સૌ પોતપોતાનાં કાર્યમાં-સેવામાં પરોવાઈ ગયા.

અધિવેશનની પૂર્ણાહુતિ

સાંજની સભામાં યુવક અધિવેશનની પૂર્ણાહુતિનો અવસર હતો. વિજેતાઓની જાહેરાત થઈ. સ્વામીશ્રીના રૂડા આશીર્વાદ મળે એ માટે થનગની રહેલા યુવકોને સંબોધતાં સ્વામીશ્રી કહે :

'યુવક મંડળ આફ્રિકાની જય. યુવકો *'આજ મારે ઓરડે રે...'* ભજન બોલ્યા, આપણું મન મૂર્તિમાં રહી ગયું. નાટકના એક્ટર થનારા યુવકો આવાં ભજન ગાય છે ! શ્રીજીમહારાજ સાક્ષાત્ આફ્રિકામાં બિરાજે છે, એમ લાગે. દેશમા પણ આવું પ્રવર્તાવવું. નારદજી અને તુંબરુના જેવી ઈર્ષા કરવી. સત્સંગ ખૂબ વધશે. બધા ફેલ મૂકી દેશે. બધા આ માર્ગે ચાલશે.' સ્વામીશ્રીના શબ્દે શબ્દે આત્મબળ અને મહિમાની દઢતાનો પ્રેરક સ્રોત વહેતો હતો. મહારાજ આત્મસાત્ થયા વગર આવી બળભરી વાતો કોણ કરી શકે ? સ્વામીશ્રીનાં વચનોથી ખરેખર, નાના-મોટા સૌનાં અંતરમાં અમીસિંચન થતું હતું.

અધિવેશનમાં ભાગ લેનાર સર્વને મેરિટ સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં. વિજેતાઓને સ્વામીશ્રીના વરદ હસ્તે ચાંદીના સુંદર 'કપ' આપવામાં આવ્યા હતા. મહોત્સવની જુદી જુદી સેવાઓમાં તનતોડ મહેનત કરનાર યુવકોને પણ પ્રમાણ પત્રો - આશીર્વાદ પત્રો અપાયાં હતાં. આ સમગ્ર આયોજન ચંદુભાઈ પટેલ તથા વીરચંદ શાહે કર્યું હતું. રાત્રે સ્વામીશ્રીની દિનચર્યાની ફિલ્મ બતાવવામાં આવી.


લાગી સહજ સમાધિ

રાત્રે સૂતાં પહેલાં સ્વામીશ્રી કહે : 'ઈશ્વર સ્વામી ગયા ? પરમ દિવસે

ઘનશ્યામ મહારાજનાં દર્શન થયાં પછી એ મૂર્તિ આંખ આગળથી ખસતી જ નથી. આપણે એમના (ભાસ્કરભાઈના) બાપા છે ને (હિમાભાઈ), એમના વાઘા પહેર્યા હતા. ને મોટી મૂર્તિ શોભતી હતી. તે હજુ નજર સામે તરે છે.' એમ સંભારી પોઢી ગયા.

ફરી મને બોલાવીને સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'આજે શાંતિ થઈ ગઈ. સમૈયો સારો થઈ ગયો.' બસ, એટલી વાત કરી પોઢી ગયા. સ્વામીશ્રી બહુ આનંદમાં હતા. સૌને સમજાવ્યું કે નૈરોબી મંદિરની પ્રતિષ્ઠા માટે જ સ્વામીશ્રી આફ્રિકા પધાર્યા. પોતાની માંદગીને ઠેલી અને આબાલવૃદ્ધ હરિભક્તોને સુખ આપ્યું અને રાજી કર્યા. નાના બાળકો, યુવકોથી માંડી, મોટા હરિભક્તો સૌ કોઈને ઉત્સાહ, શ્રદ્ધા, પ્રેમ સમાતાં ન હતાં. ભગવાન ભક્તિપ્રિય છે, ભક્તિને વશ છે, તે અહીં ચરિતાર્થ થતું હતું.

❀ ❀ ❀



પ્રાણપ્રતિષ્ઠા

સં. ૨૦૨૬, વસંત પંચમી, મંગળવાર, તા. ૧૦-૨-'૭૦નો શુભ દિવસ - આજે મૂર્તિપ્રતિષ્ઠા દિન હતો. રોજ કરતાં વહેલા સવારે ૫-૨૦ વાગે ઊઠી સ્વામીશ્રી કહે : 'આજે તો સ્વામીનો (શાસ્ત્રીજી મહારાજનો) જન્મ દિવસ છે. જાણે વહેલા ઊઠી ગયા અને પૂજા કરી લીધી એવું ઊંઘમાં થયું.'

પાસે બેઠેલા સેવકોને આશીર્વાદ આપતાં કહ્યું : 'નિર્દોષબુદ્ધિ સદાય રહે અને કોઈ પ્રકારનો વિકાર હૈયામાં ન આવે.'

સવારે સ્વામીશ્રી સમક્ષ નિષ્કુળાનંદ કાવ્ય, સ્વામિનારાયણ પ્રકાશ, સત્સંગ-પત્રિકા વગેરેનો પાઠ થતો. એ નિયમ મુજબ અહીંથી પ્રસિદ્ધ થયેલા 'આનંદ વિજય' અંકનું મેં વાચન કર્યું.

પછી સ્વામીશ્રી સૌને કહે :

'એક ખાનગી વાત. આજથી મહારાજ અને સ્વામી બેસશે. થાળ નિત ધરવો પડે. સવારે મગજ અને દૂધ ધરવું પડે. પોઢાડવા, જગાડવા તે બધું ટાઈમસર કરવું પડે. રોટલી, દાળ, ભાત, શીરો બશેરનો કરવો પડે.

'સવારે મગજ ને દૂધ ધરાવવું. ક્યારેક દૂધમાં પૂરી કરવી. અથાણું ધરવું.

'નગારાં બપોરે વગાડવાં જ જોઈએ.'

એટલામાં આરતી થઈ એટલે દૂરથી દર્શન કરી સ્નાન કરવા પધાર્યા.

મંદિરની દિવ્યતા અને મૂર્તિઓની પ્રત્યક્ષતા અહર્નિશ જેના મનમાં રમતી હોય એ જ આવી ચિંતા કરે !

સવારે ૧૦-૦૦ વાગે સ્વામીશ્રી યજ્ઞમંડપમાં પધાર્યા. યજ્ઞની પૂર્ણાહુતિ હતી. હરિભક્તોની એવી ઇચ્છા કે સ્વામીશ્રીને તકલીફ ન આપવી. પરંતુ સ્વામીશ્રી દરેક પ્રસંગમાં ઉત્સાહભેર ભળતા. બાળકની જેમ રોક્યા રોકાતા નહિ. આપણે ના પાડીએ, તો કહે : 'હું કહું છું, મને જાવા દ્યો.' એમ કહી ખુરશી

આગળ જતી અટકાવે ને પોતાને જવાની દિશા તરફ વાળે. કદાચ પોતાના સાંનિધ્યનું સુખ આપવા અને સ્મૃતિ આપવા જ તો ! ખુરશીમાં બેસીને સ્વામીશ્રી ઠેઠ યજ્ઞકુંડ નજીક પહોંચ્યા. પોતે કહે : 'છાતીએ તાપ અડવા દ્યો, નારિયેળ છે તે મારે હોમવું છે.' એમ કહી એકના બદલે બે નારિયેળ જાતે જ યજ્ઞકુંડમાં હોમ્યાં અને પોતે પ્રસન્નતા પામ્યા. બૅન્ડની ઘોષણા સાથે અહીંથી નીકળી, સ્વામીશ્રી પ્રમુખસ્વામી અને સંતો સાથે મંદિરના પ્રવેશદ્વાર પાસે આવી પહોંચ્યા.

નૈરોબીની સત્સંગ પ્રવૃત્તિના વિકાસમાં ધર્મજના અંબાલાલભાઈ પી. પટેલનો ફાળો અને ભોગ મહત્ત્વના હતા. લગભગ ૧૮ વર્ષ સુધી તેમના ઘરે જ સત્સંગ સભા થઈ. એથી આ મંદિરનું ઉદ્‌ઘાટન તેમના હસ્તે જ થાય, એમ સૌ ઇચ્છતા હતા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અંબાલાલભાઈએ રેશમી રિબન કાપી, મંદિરનું પ્રવેશદ્વાર સૌ માટે ખુલ્લું મૂક્યું, મંદિરના ઉદ્‌ઘાટન સાથે સર્વત્ર જયનાદોની ઘોષણા થઈ.

મંદિરના હૉલમાં સુંદર સિંહાસનમાં મૂર્તિઓ ગોઠવાઈ ગઈ. જગ્યાના અભાવે ફક્ત યજમાનો, મુખ્ય મહેમાનો અને અગ્રણી હરિભક્તો તથા દેશથી આવેલા મહેમાનો જ મંદિરના હૉલમાં સ્થાન પામી શક્યા.

સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સંતો મૂર્તિઓ સમક્ષ પ્રતિષ્ઠા વિધિ માટે બિરાજ્યા. મોમ્બાસાના વિદ્વાન બ્રાહ્મણ જટાશંકરભાઈ તથા શુક્લ, યજુર્વેદના પ્રખર વિદ્વાન રવિશંકરભાઈ અને અન્ય વિદ્વાનોએ પ્રતિષ્ઠા વિધિનો આરંભ કર્યો. મહેન્દ્રભાઈ દિવ્ય પ્રસંગનું સંચાલન કરી રહ્યા હતા. આ મંદિરમાં અપૂર્વ સેવા આપનાર હરિભક્તોને જુદી જુદી વિધિઓની સેવા સ્વામીશ્રીએ આપી. ધજાઓનું પૂજન કરી સ્વામીશ્રીએ હરિભક્તોને શિખર ઉપર ધજા ચઢાવવા મોકલ્યા. સ્વામીશ્રી સિંહાસન નજીક પધાર્યા અને સર્વ મૂર્તિઓનાં ચરણારવિંદ ઉપર (પોતાની મૂર્તિ સિવાય) ચાંદલા કરી પૂજન કર્યું. સિંહાસનના પ્લેટફૉર્મ ઉપર જ ઊભા રહી, પ્રમુખસ્વામીએ મૂર્તિઓની વિધિપૂર્વક પૂજા કરી.

સિંહાસનના મધ્યમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ, સાથે ગુરુપરંપરા અને રાધાકૃષ્ણ દેવની સુંદર ચિત્ર-પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી. સિંહાસનની બન્ને બાજુ - ગોખલામાં હનુમાનજી તથા ગણપતિજીની મૂર્તિઓ સ્થાપિત કરી હતી. ન્યાસ વિધિ અને નેત્ર-અનાવરણ વિધિ બાદ સ્વામીશ્રીએ મૂર્તિઓ સમક્ષ જાતે દર્પણ ધર્યો. મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા થતાં, દિવ્ય તેજથી સૌ અવાક્ બની ગયા. જયનાદોથી સૌએ આ પ્રસંગને વધાવી લીધો. સ્વામીશ્રી દ્વારા

મહારાજ સાક્ષાત્ બિરાજમાન થયા, એની પ્રતીતિ થતાં, સૌ હર્ષઘેલા બન્યા. સર્વત્ર આનંદ આનંદ પ્રસરી રહ્યો. જીવનમાં પ્રથમ વાર જ આવું અલૌકિક દૃશ્ય નિહાળી, ઘણા હર્ષાશ્રુ ભીના થયા.

બરાબર ૧૦-૪૫ વાગે સ્વામીશ્રી સાથે પ્રમુખસ્વામી તથા પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળના પ્રમુખ આર.યુ. પટેલ, સેક્રેટરી સી.ટી. પટેલ, સ્થાનિક મંડળના પ્રમુખ ગિરધરભાઈ એમ કુલ ૧૧ હરિભક્તોએ બૅન્ડ-વાજાંના મંગલ ધ્વનિ સાથે અક્ષરપુરુષોત્તમ મહારાજની સૌ પ્રથમ આરતી ઉતારી. આ પ્રસંગે સુરતના બચુભાઈ બરફીવાળાએ ખાસ બરફી બનાવીને મોકલી હતી. તે બરફીનો થાળ સૌ પ્રથમ ઠાકોરજીને ધરાવાયો. સ્વામીશ્રી મંદિરના હૉલમાં જ સભામાં બિરાજ્યા. હરિભક્તોએ પ્રતિષ્ઠા નિમિત્તે ખૂબ સેવા કરી.

સૌ ઉપર અતિ પ્રસન્નતા વરસાવતાં, આશીર્વચનો ઉચ્ચારતાં સ્વામીશ્રી કહે :

'આવી રીતે મહારાજ - પુરુષોત્તમ નારાયણની સર્વોપરી પ્રતિષ્ઠા થઈ મૂર્તિઓમાં પ્રાણ પુરાય અને માનતાઓ હાલે, બધા સંકલ્પ પૂરા થાય. આ બધો શાસ્ત્રીજી મહારાજનો પ્રવેશ. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ ન હોય તો આપણાથી શેક્યો પાપડેય ન ભાંગે. સ્વામિનારાયણની દૃષ્ટિથી સેવા કરવી. એક શિલિંગ આપે તેનું અનંત ગણું ફળ થાય. સામાન્ય બાબત નથી.

'સૌ મંદિરે આવજો. થાળ ધરજો, નગારાં વગાડજો. ગામોગામ મંદિર કરીએ છીએ. નૈરોબી તો પાટનગર.

'આજે શાસ્ત્રીજી મહારાજનો જન્મ દિવસ. બધાના સંકલ્પ મહારાજ પૂરા કરશે. એવા અંતરના આશીર્વાદ છે.'

અહીંથી સ્વામીશ્રી વિસા ઓસવાલ મહાજન વાડીમાં રસોડે, રસોઈને દૃષ્ટિ-પ્રસાદી કરવા પધાર્યા. તમામ રસોઈ બહેનોએ જાતે બનાવી હતી. દાળ, શાક, કઠોળ વગેરે મોટા મોટાં તપેલાંમાંથી કમંડળમાં લઈને સ્વામીશ્રીએ રસોઈની 'ક્વોલિટી'ની જાત તપાસ કરી, આશીર્વાદ આપ્યા. લગભગ પાંચથી છ હજાર ભક્તોએ આજે અહીં પ્રસાદ લીધો. કેન્યાની સમસ્ત એશિયન પ્રજા તથા અન્ય વર્ગમાં પણ પડઘો પડ્યો કે યોગીજી મહારાજ જેવી વિરલ વિભૂતિના આશીર્વાદથી કેન્યામાં હિંદુ ધર્મનો - સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર થઈ ગયો. નાના-મોટા સૌને એવો તો પોરસ ચડ્યો કે સૌનાં હૃદય હિંદુ ધર્મની અસ્મિતાથી ભર્યાં ભર્યાં થઈ ગયાં !

વસંત પંચમી

હજુ તો સવારનો પ્રતિષ્ઠા મહોત્સવ, હજારો ભક્તોનો મહાપ્રસાદ વગેરે સેવાકાર્યમાંથી કોઈ વિરામ પામ્યા નથી, ત્યાં સાંજે વસંત પંચમી ઉત્સવ નિમિત્તેની સભાનો આરંભ થયો. લગભગ ૫-૦૦ વાગે પ્રમુખસ્વામી અને સંતો સહિત સ્વામીશ્રી સભામાં પધાર્યા. 'કચ્છી-ગુજરાતી હિંદુમિલન મંદિર'ના પ્રમુખ-પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ શશિકાન્તભાઈ રાવળ, મિલન મંદિરની કમિટીના અન્ય ૧૫ સભ્યો સાથે સ્વામીશ્રીનું અને સંતોનું ફૂલહારથી સ્વાગત કરવા આવ્યા હતા. મહંત સ્વામી અને સંતો તથા યુવકોએ મળીને રંગબેરંગી પુષ્પોનો એક મોટો-ભરાવદાર સુંદર હાર તૈયાર કર્યો હતો. રણછોડભાઈ, ગિરધરભાઈ, મહેન્દ્રભાઈ તથા ભાસ્કરભાઈ ચારેય ભક્તોએ સમગ્ર સત્સંગ સમાજ વતી આ ભાવસુશોભિત હાર સ્વામીશ્રીના કંઠ તથા ઊપડતા વક્ષઃસ્થળ ઉપર અલંકૃત કર્યો. તાળીઓના ગડગડાટ સાથે સૌએ આ દર્શન હૃદયમાં વધાવી લીધાં. આ તાળીઓ અંતરના ઉલ્લાસના ઉદ્ગાર સમી હતી. એ હાર સ્વામીશ્રીએ પ્રસાદીરૂપે ગિરધરભાઈને આપ્યો.

પ્રમુખસ્વામી શાસ્ત્રીજી મહારાજની જગાએ છે

બ્રાહ્મણોને દક્ષિણા આપવામાં આવી. કેટલાકે તો એ દક્ષિણા સાથે પોતાના તરફથી વિશેષ ભેટ ઉમેરી, સ્વામીશ્રીનાં ચરણોમાં દક્ષિણા - ભેટરૂપે સમર્પિત કરી. નારાયણ ભગતે તેમની લાક્ષણિક શૈલીમાં વેદગાન કર્યું. મહેન્દ્રભાઈના ભાવવાહી ઉદ્ગારો પછી મેં *'નમન કરું શિર નામી, જય જય યજ્ઞપુરુષ સુખકારી'* એ ગુરુમહિમાના કીર્તનનું ગાન કર્યું. હર્ષદભાઈ દવે તથા સી.ટી. પટેલના પ્રસંગોચિત સંબોધન બાદ આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'આજે આનંદ-પ્રકાશ ! મોટાપુરુષ પ્રગટ થયા. નૈરોબીમાં અક્ષર-પુરુષોત્તમ બેઠા તે આખો દેશ પવિત્ર થઈ ગયો. પુરુષોત્તમ નારાયણના ધારક સંતનો જન્મ દિવસ છે. આજે આનંદનો પાર નથી. અંતર ટાઢું થઈ જાય છે. આવો સમય આફ્રિકામાં વારે વારે ન મળે. વારે વારે સારું ભોજન ન મળે. ગરીબ રોજ જાર ખાતો હોય ને લાડુ મળે તો ? પાંચ-દસ ચડાવી દે.

'આજે શિક્ષાપત્રીનો પણ જન્મ દિવસ છે. મહારાજે પંડે કરી છે તો તેને પાળવી. પાંચ વર્તમાન પાળવાં. સંપ, સુહૃદભાવ ને એકતા રાખી, આ દેશ ને

પરદેશમાં ભગવાન ભજવા અને બીજાને આ મારગે ચડાવવા.

'મહારાજની વાણી વચનામૃત છે. આપણે સ્વાહિલી ન જાણીએ, તેમ વચનામૃત પણ સ્વાહિલી જેવું છે. બધાને ન સમજાય. ગુણાતીત સ્વામી વચનામૃત લાવો ને બદલે 'અમૃત લાવો' એમ બોલતા. વળી કહેતા : 'આ લોકમાં આ અમૃત પીવાનું છોડી બધા દેવલોકમાં જાય છે.' આપણે અત્યારે અમૃત પીએ છીએ. વાતોથી સત્સંગ થાય.

'જેમ પ્લેનવાળા કાંટા ઉપર નજર રાખે છે, તેમ આપણે પણ કાંટા ઉપર નજર રાખવી. કાંટો શું ? વર્તમાન પાળવાં ને સાધુનો સમાગમ કરવો. શાસ્ત્રીજી મહારાજનો આશીર્વાદ છે કે તને, મને, ધને બધા સુખી થાય.

'પ્રમુખસ્વામીને શાસ્ત્રીજી મહારાજે ચાદર ઓઢાડી છે માટે તે શાસ્ત્રીજી મહારાજની જગાએ છે. માટે એમની આજ્ઞા પાળવી. સમો મળ્યો છે તે સાચવી લેવો. સમો વર્તે સાવધાન !

સ્વામીશ્રીના શબ્દબ્રહ્મના પ્રકાશથી સર્વત્ર દિવ્યતા પ્રસરી રહી હતી. શાસ્ત્રીજી મહારાજ સ્વયં સુખ આપતા હોય, એ અનુભવ થતો હતો. પ્રમુખસ્વામી અને સંતોએ ઠાકોરજીની આરતી ઉતારી. વચ્ચે સ્વામીશ્રી પોતાના આસનેથી એકદમ ઊભા થઈ ગયા અને ઠાકોરજીના સિંહાસન પાસે આવી, સંતો સાથે આરતી ઉતારવા લાગ્યા, જાણે હું રહી ગયો ! ગુરુભક્તિનું આ વિરલ-ચરિત્ર સૌનાં અંતરમાં સમાઈ ગયું. આખા દિવસના ભરચક કાર્યક્રમ પછી સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

મહારાજ આભાર માને છે

તા. ૧૧મીએ સવારે ૧૧-૦૦ વાગે સભામંડપમાં પ્રતિષ્ઠા-મહોત્સવનો છેલ્લો સમારંભ – આભાર વિધિ કાર્યક્રમ યોજાયો. અનેક સંદેશાઓનો સાર મહેન્દ્રભાઈએ વાંચી સંભળાવ્યો. એ.પી. પટેલ, આર.યુ. પટેલ, સી.ટી. પટેલ ને જી.ડી. પટેલે સૌનો આભાર અંતરના શબ્દોથી વ્યક્ત કર્યો. મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે દૂર દૂરથી કામ-ધંધો છોડીને આવેલા નાના-મોટા સૌ પ્રતિ વહાલપનાં વેણ ઉચ્ચારતાં સ્વામીશ્રી કહે :

'આજે આભાર વિધિ પ્રસંગ છે. જેણે જેણે સેવા કરી ભોગ આપ્યો, તનતોડ કામ કર્યું, દુકાનો બંધ કરી, તે બધું શ્રીજીમહારાજ સાક્ષાત્ અક્ષરધામમાં જુએ છે.

'મારી મૂર્તિ અને ગુણાતીતની મૂર્તિ પધરાવી' - તેમ મહારાજ આભાર

માને છે.

'વળી, શાથી આભાર માને છે ? બધાએ રજાઓ લીધી તે ઓછી વાત ન કહેવાય. જબરજસ્ત આશીર્વાદ છે.

'દુકાનો બે મહિના બંધ જ કરો. ને ભગવાન દેશે. લાઈસન્સ ન મળે તો ઘરભેગું થવું પડે છે ને ! તેમ આ પણ એવું સમજવું.

'બે વખત કથા કરવી. આરતી, રાજભોગ ધરવા. નગારાં સારાં લાવવાં. ધડિંગ ધડિંગ વાગે તેવાં. ઝાલરનો રણકાર જેને કાને હાલતાં-ચાલતાં પડે તેનુંય કલ્યાણ થઈ જાશે. રાત્રે ચેષ્ટા બોલવી. બધાએ ખૂબ દાખડા કર્યા. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ રાજી થયા. ભવિષ્યમાં ખબર પડશે. શાંતિ શાંતિ વર્તશે.

'એ નામની ભણક જેને કાને પડી રે, તેની અક્ષર પોળ ઊઘડી રે.'

'આ શું છે ? શું થાય છે ?' એમ રસ્તે હાલ્યો જતો કોઈ નેટીવ પણ કહે, તેનુંય કલ્યાણ થઈ જશે. સત્સંગમાં પછી જન્મ લે. મહારાજની પ્રેરક શક્તિ મળે બધું કામ થઈ જાય.

'આખા દેશમાં મહારાજ ફર્યા. શાસ્ત્રીજી મહારાજ ફર્યા. તે સત્સંગ થઈ ગયો. તે સંબંધને પ્રતાપે અહીં આવ્યા.

'કર્તા, સાકાર, સર્વોપરી ને પ્રગટ - આ ઉપાસનામાં ફેર પડવા દેવો નહિ. મહારાજ સિવાય ક્યાંય દિવેટ ન પલળે. ગ્રહ, પનોતી આપણને ન અડે. પુરુષોત્તમ નારાયણનો ચાંદલો થયો, બીજાની જરૂર રહેતી નથી.

'તમે કો'કને ઘેર જાવ. કોઈનો દેહ પડતો હોય ને તમે જાવ તો જમ ભાગી જાય. જમને થાય : 'નખ્ખોદ કાઢ્યું. આ ભક્ત ક્યાં આવી પડ્યો ?'

'તમે કો'કને ઘેર જાવ, કો'કનું પાણી ગાળીને પીવો તેનુંય કલ્યાણ થઈ જાય. આમ, બધાને સંસ્કાર પડે. કરોડો મનવાર આમ ભરવી છે. છેવટે ગારા જેવો જીવ હોય તેનેય ધામમાં લઈ જવો છે.

'નૈરોબીમાં સત્સંગ મહારાજને પ્રતાપે વધ્યો છે. હજી વધશે. કહી ન શકાય તેટલો વધશે.

'મોમ્બાસા ને નૈરોબી મંડળે કેવાં કીર્તનો ગાયાં ! નાનપણથી સંસ્કાર પડે, તે આગળ જતાં સારા થાય. બાપ બીડી પીવે તો દીકરો ડબલ પીવે. બાપ સિનેમા જુએ તો દીકરો ડબલ જુએ.

'સત્સંગથી તો બધી રીતે ફાયદો છે. શ્રીજીમહારાજ પુરુષોત્તમ નારાયણ, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ,

આ ત્રણે કરી આત્યંતિક કલ્યાણ છે. તેને સંભારવા.

'આ પવિત્ર ભૂમિકા થઈ ગઈ. આ રસ્તેથી જે હાલશે તેનું સારું થઈ જશે.'

સ્વામીશ્રીના આશીર્વાદ તથા અનેક દિવ્ય પ્રસંગોની સ્મૃતિનું ભાતું લઈ સૌ ભક્તો ભાવવિભોર બની વિખરાયા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં જગતનું વિસ્મરણ થઈ ગયું હતું.

પ્રતિષ્ઠા મહોત્સવ અકલ્પ્ય ગણાવી શકાય એવો અપૂર્વ ઊજવાયો. સૌએ ગજા ઉપરાંત તન-મન-ધનથી સેવા કરી. જો કે ઉત્સવને સમેટવાની કાર્યવાહી પણ એટલી જ હોય છે. ઉત્સવમાં વિવિધ રીતે જોડાયેલા અને સ્વામીશ્રીના લાભથી વંચિત રહી ગયેલા હરિભક્તો માટે સ્વામીશ્રીનો નૈરોબીનો કાર્યક્રમ ચાલુ રહ્યો. બહારગામના પણ કેટલાક ભક્તો, સ્વામીશ્રીના વિશેષ લાભ માટે કામધંધાની પરવા કર્યા વગર હજુ રોકાયા હતા. કેટલાકે તો એવો પણ નિર્ણય કરેલો કે સ્વામીશ્રી જેટલો વખત પૂર્વ આફ્રિકામાં રહે એટલો વખત સાથે ફરીને લાભ લેવો. આમ, સ્વામીશ્રીના સમાગમની ક્ષુધા સૌની હંમેશાં અતૃપ્ત જ રહેતી.

દેશથી આવેલા હરિભક્તોને તો એક મોટું આશ્ચર્ય જણાયું - સ્વામીશ્રીના સ્વાસ્થ્ય અંગેનું ! અશક્તિ, કફ, અનિદ્રા વગેરે તકલીફોથી ઘેરાયેલા જણાતા સ્વામીશ્રી આફ્રિકા આવ્યા પછી એકદમ સ્વસ્થ અને સ્ફૂર્તિમાં રહેતા હતા. આબોહવા અનુકૂળ થઈ ગઈ હતી. કફની તકલીફ ઓછી હતી. ઊંઘ આવી જતી હતી, ખાધું પચતું હતું, પાણી માફક આવતું હતું. આમ, સ્વામીશ્રીને પોતાને પણ અહીં સર્વ રીતે સાનુકૂળતા જણાતી હતી. એમાં પણ સભામાં કોઈ ખોંખારો ખાઈને વાતો કરતા સ્વામીશ્રીને સાંભળે અને જુએ ત્યારે સહેજે જણાઈ આવે કે એમને નખમાંય પણ રોગ નથી. આફ્રિકાના સૌ ભક્તોને સુખ આપવા, સ્વામીશ્રીએ રોગને દરિયામાં જ મૂકી દીધો હતો.

અક્ષરધામમાં કાનોકાન વાત

બપોરે વચનામૃત ગ.પ્ર. ૧૫મું વંચાવ્યું. તે વખતે ભટેસા ગોંડલ ફોન જોડતા હતા કે 'સ્વામીશ્રી પહોંચી ગયા છે. ને સમૈયો સારો ઊજવાઈ ગયો છે.' પણ પૂનાની લાઇન બગડી ગઈ હતી તેથી ટેલિફોન લાગતો નહોતો.

સ્વામીશ્રીને સભામાં ખબર પડી એટલે એમણે પૂછ્યું : 'ટેલિફોનની લાઇન બગડે ખરી ?'

પછી કહે : 'પણ ગોંડલ ટેલિફોન કરવાની જરૂર નથી. આઠ આનાનું

પત્તું લખી નાખવું શું ખોટું ? સમાચાર બધા જાય.'

'બાપા ! ટેલિફોનમાં કાનોકાન વાત થાય.'

'અક્ષરધામની વાત કાનોકાન કરો ને... આ તો કરેલી જ છે !' સ્વામીશ્રી બોલ્યા.

પ્રતિષ્ઠા મહોત્સવ થઈ ગયો. સાંજે પૂર્વ આફ્રિકામાંથી ઠેર ઠેરથી આવેલા હરિભક્તો સ્વામીશ્રીની રજા લઈ રહ્યા હતા. તે સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'બધા સુખ લઈને જાવ છો તો બધે આ સમૈયાની વાતો કરજો. સાંભળનારને ઉમંગ થાય. અહીં સંતો આવ્યા, તેમનાં દર્શન તમને થયાં. વળી, દેશ-પરદેશના હરિભક્તોનાં દર્શન થયાં. સો રૂપિયામાં લાખ રૂપિયાનો લાભ મળી જાય.

'ડભાણમાં મહારાજે યજ્ઞ કર્યો ત્યારે હજારો હરિભક્તો આવ્યા હતા. મહારાજે કહ્યું : 'ભગવાન, સંત ને હરિભક્તનાં દર્શન-સ્પર્શન થાય એ જગન.'

'બધા સુખી થાવ ને મહારાજ રક્ષા કરે.'

સત્સંગના દરેક કાર્યમાંથી ઉમંગ-ઉત્સાહ-શ્રદ્ધા પ્રાપ્ત કરી, એકબીજાનો મહિમા સમજી, સદાય ઉમંગમાં રહેવાની જડીબુટ્ટી, સ્વામીશ્રીએ સૌને આપી.

બીજે દિવસે સ્વામીશ્રી કહે : 'આજે મહારાજનાં દર્શન થયાં. (સવારે ૨-૩૦ વાગે). ગઢડામાં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન થયાં. જન્માષ્ટમીનો સમૈયો હતો. ત્યા વાસુદેવ નારાયણનાં દર્શન કરીને અમે લક્ષ્મીવાડીએ જતા હતા. ત્યાં બ્રહ્મચારીએ અમને બોલાવી કહ્યું : 'લ્યો પ્રસાદી.' એમ કહી પ્રસાદીનું મોટું પડીકું દીધું. અમે લઈ લીધું ને કહ્યું : 'સંતને વહેંચીશું.'

'પછી લક્ષ્મીવાડીમાં હરિકૃષ્ણ મહારાજ, ઈચ્છારામજી મહારાજ અને રઘુવીરજી મહારાજનાં દિવ્ય તેજોમય દર્શન થયાં.'

શાસ્ત્રીજી મહારાજ હાજરાહજૂર

આફ્રિકાના હરિભક્તોનો ભાવ પણ એવો જ હતો. અત્રેના રણછોડભાઈ પટેલ(ઉમરેઠવાળા)ના વીસ વર્ષના જુવાન પુત્ર રમેશભાઈ સ્વામીશ્રીના આગમનના થોડા દિવસ પહેલાં જ અકસ્માતથી ધામમાં ગયેલા, પણ સ્વામીશ્રીનાં દર્શનથી જ રણછોડભાઈએ શોકને વિસારી, ધીરજ અને બળ રાખી, ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો. ઉત્સવ પછી સ્વામીશ્રીની આજ્ઞાથી તેમના

તરફથી પારાયણ ગોઠવાયું. પ્રગટની નિષ્ઠા ને આશ્ચર્યથી કેવું આત્મબળ ઉપલબ્ધ થાય છે તેનો આ પ્રત્યક્ષ દાખલો હતો.

મહા સુદ સાતમથી સભામંડપમાં પારાયણનો પ્રારંભ થયો. સવારે 'વચનામૃત' અને 'સ્વામીની વાતો' તથા સાંજે 'હરિલીલામૃત' ગ્રંથોની કથા થતી. આજે સવારે કથા પછી સ્વામીશ્રીએ કહ્યું :

'આજે સવારે એવાં દર્શન થયાં કે રમેશભાઈની પારાયણ શાસ્ત્રીજી મહારાજ જાતે વાંચે છે. શાસ્ત્રીજી મહારાજ પોતે પાનું લઈને સત્સંગિજીવનની પારાયણ વાંચતા હતા. પ્રમુખસ્વામી, બીજા સંતો અને મોટા હરિભક્તો સભામાં બેઠા છે. આવાં દર્શન થયાં પછી ઊંઘ ઊડી ગઈ ને અમે પૂછ્યું : 'કેટલા વાગ્યા ?'

'અગિયાર.'

'પછી અમે અહીં સભામાં આવ્યા.

'રણછોડભાઈ ! રમેશને મહારાજ અક્ષરધામમાં તેડી ગયા છે. તમારી શ્રદ્ધા હતી તો સાક્ષાત્ સ્વામી કથામાં બિરાજ્યા. ભગવાન ભક્તોના મનોરથ પૂરા કરે છે.

'અમે અહીં આફ્રિકા ત્રીજી વખત આવ્યા. તોય હરિભક્તોની શ્રદ્ધા એવી ને એવી જ છે. રણછોડભાઈના અંતરમાં શાંતિ કરવા શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. સ્વામીએ કહ્યું : 'મારી સેવામાં તમારો દીકરો છે, શાંતિ રાખજો.'

'આપણે બધાએ વહેલું કે મોડું પણ અક્ષરધામમાં મહારાજની સેવામાં જાવું છે. લાખો રૂપિયા ખરચતાં સ્વામીનાં દર્શન ન થાય, તે સહેજમાં થયાં.

'વચનામૃત અને સ્વામીની વાતુંનું સપ્તાહ હાલે છે. આમાં અનુભવની વાતો છે. માટે નિત્ય પ્રત્યે સંત સમાગમ કરવો.'

બપોરે કથા પ્રસંગમાં સ્વામીશ્રી કીર્તન-પંક્તિ કેફમાં બોલી રહ્યા હતા.

'આ તો વીસવસાની વાત રે, સહુ સમજજો સાક્ષાત્ રે.'

'બાપા ! વીસવસા એટલે શું ?' વચ્ચે એકદમ કોઈએ પ્રશ્ન પૂછ્યો.

એટલી જ સાવધાની ને સહજતાથી સ્વામીશ્રીએ કહ્યું : 'હુંય સમજતો નથી !'

સ્વામીશ્રીના ઉત્તરમાં ભારોભાર નિખાલસતા હતી. સર્વજ્ઞતા છતાં અજ્ઞાનતા દર્શાવવામાં, એમને લેશપણ સંકોચ ન થતો. મુખારવિંદ ઉપર ક્ષોભની રેખા સરખી નહિ. અજ્ઞાનીની જેમ પોતે પણ કોઈ પાસેથી આનો ઉત્તર મેળવવા ઝંખી રહ્યા !

પછી પ્રમુખસ્વામીએ સમજાવ્યું : 'ગાયકવાડી રાજ્યનું - જમીનનું ગૂંઠા જેવું આ એક માપ છે. વીસવસા એટલે એક વીઘું થાય. એટલે એમ કે વાત સોળ આના બરાબર છે.'

એક ભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

'વર્તમાન ધરાવો.' સ્વામીશ્રીએ એમને કહ્યું.

તેમણે ના પાડી. સ્વામીશ્રીએ ફરી આગ્રહ કરી જોયો. તેમણે ફરી ના પાડી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હવે આશીર્વાદ તો લ્યો. એમાં શું વાંધો છે ?' એમ કહી થાપો આપી આશીર્વાદ દીધા.

જીવ ઉપર કેવી અકારણ દયા ! ભગવત્સ્વરૂપ સંતનું બિરુદ, સ્વામીશ્રી કેમ ચૂકે ?

દિલાવરે શરીફ

કથા પ્રસંગમાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'સૌરાષ્ટ્રથી સાત જણ બોચાસણ દર્શન કરવા આવ્યા હતા. તે જૂના મંદિરના હતા. અહીં આઠ આનાનો થાળ કર્યો. પછી જમ્યા અને નીકળતી વખતે પ્રસાદી માગી.

'નિર્ગુણ સ્વામી ધખ્યા ને કહ્યું : 'મૂરખના જામ, સાત જણ જમી ગયા ને ઉપરથી પ્રસાદી માગે છે ?'

'શાસ્ત્રીજી મહારાજને ખબર પડી. તેમણે આવી નિર્ગુણ સ્વામીને કહ્યું : 'આપણાથી એવું ન કરાય. પ્રસાદી ઘો.'

'કોઠારમાં પ્રસાદ થઈ રહ્યો હતો. પછી સ્વામીએ કહ્યું : 'મારો ડબો લાવો.' પછી તેમાંથી પાંચ લાડુ ઓલ્યાઓને દીધા. મોટાપુરુષ મોટા દિલના હોય છે.'

અહીં નાગજીભાઈની મોટરના આફ્રિકન ડ્રાઇવરે સ્વામીશ્રી પાસે વર્તમાન ધારણ કર્યાં. તેણે બીજા થકી જાણ્યું કે દીકરાઓને સાધુ કરવા માટે સ્વામીશ્રી હરિભક્તોને વાતો કરે છે. કોણ જાણે કેમ પણ આ વાતોની તેને પણ ચાનક લાગી ! તેણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી :

'બાપા ! મારા આ બે દીકરાને તમે સાધુ કરવા લઈ જાવ.'

રાજી થઈ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા ને કહ્યું : 'દાદર મંદિરે સેવા કરશે.'

સંસ્કાર અને ભાષાની વિભિન્નતા છતાં એક આફ્રિકન મુમુક્ષુના હૃદય

સુધી સ્વામીશ્રીનો સંદેશ કેવી રીતે પહોંચ્યો એ સૌને આશ્ચર્ય થયું.

લીલા સંભારવી

કેન્યા ડેરીની દૂધ-યોજનાનું દૂધ કાગળના જાડા પૅકેટમાં આવતું. તા. ૧૩મીએ કથા પ્રસંગમાં દૂધની વાત નીકળી. તરત સ્વામીશ્રીએ પૂછ્યું :

'કાગળમાં દૂધ કેવી રીતે આવે ? અમને બતાવો.'

ભાસ્કરભાઈ દૂધનું એક પૅકેટ લઈ આવ્યા. તે જોઈ, સ્વામીશ્રીનો બીજો પ્રશ્ન નીકળ્યો : 'દૂધ ગાળીને ભર્યું હશે ?'

મહારાજની આજ્ઞા પ્રમાણે દૂધ-પાણી વગેરે ગાળવાની બાબત, સ્વામીશ્રીને મન બહુ મહત્ત્વની.

'પૅકેટમાંથી દૂધ કેવી રીતે નીકળે ?' સ્વામીશ્રીએ આતુરતાથી પૂછ્યું. ભાસ્કરભાઈએ પૅકેટનો ખૂણો કાપ્યો ને દૂધની ધાર થઈ.

'હા ભઈ !' સ્વામીશ્રી બાળકની જેમ આશ્ચર્યથી બોલી ઊઠ્યા : 'આ ન જોયું હોત તો આપણું શું થાત ? આફ્રિકા બે વખત આવેલા પણ આ જોયેલું નહિ.' સ્વામીશ્રીએ અસંતોષ વ્યક્ત કર્યો.

પછી કહે : 'કાઢો પ્રથમનું ત્રીજું. લીલાચરિત્ર સંભારી રાખવાનું વચનામૃત.' પછી વાત કરી : 'પડીકાં લીધાં ને તોડ્યાં. આ બધી લીલા સંભારી રાખવી.'

મનુષ્ય ચરિત્રનું આવું સાહજિક દર્શન કરાવી એની સ્મૃતિ રાખવાનો સ્પષ્ટ નિર્દેશ કર્યો ત્યારે જ ઘણાને સ્વામીશ્રીના લીલાચરિત્રનું રહસ્ય સમજાયું. મનુષ્ય-સહજ સામર્થ્યને ઢાંકી, એક સામાન્ય અજ્ઞાની જેવી ચેષ્ટા કરી, સ્વામીશ્રી ઘણી વાર સૌને મોહમાં મૂકી દેતા. તો પછી પોતાનું અસલ દર્શન તો ભાગ્યે જ કરાવે ને ! સામર્થી છુપાડવાનું એમને કોઠે પડી ગયું હતું.

સાંજે સ્વામીશ્રી પ્રમુખસ્વામી અને સંતમંડળ સાથે નૈરોબીમાં આવેલાં વિવિધ મંદિરોમાં દર્શને પધાર્યા. કોઈપણ શહેરમાં સ્વામીશ્રી પધારે, સ્થાનિક મંદિરોમાં દર્શન કરવાનું ચૂકે નહિ. ખાસ કરીને વિદેશમાં ચાલતી વિવિધ ધાર્મિક પ્રવૃત્તિ - જ્યાં સૌ એકત્રિત થઈ કોઈપણ સ્વરૂપમાં ભગવાનનું ભજન કરતા હોય, એમને મળવાનું-પોષણ આપવાનું સ્વામીશ્રીને સહેજે મન થતું.

અહીં અક્ષરપુરુષોત્તમનું જૂનું મંદિર છે. જ્યાં અક્ષરપુરુષોત્તમની નાની પટપ્રતિમાઓ શાસ્ત્રીજી મહારાજે દેશમાં પૂજન કરીને મોકલેલી ને પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળે સને ૧૯૪૫માં પ્રતિષ્ઠિત કરેલી. પાછળથી આ મંદિરનો વહીવટ

કચ્છી હરિભક્તોએ સંભાળેલો. તેમજ ભુજ તાબાનું સ્વામિનારાયણ મંદિર અને અબજીબાપાનું મંદિર એમ ત્રણેય સ્વામિનારાયણ મંદિરોમાં દર્શન કર્યાં. દેશથી મુક્તજીવનદાસ સ્વામીએ પત્રથી આદેશ આપેલો એટલે અબજીબાપાના મંદિરમાં સૌ હરિભક્તોએ સ્વામીશ્રી અને સંતોને ધોતિયાં ઓઢાડી પૂજનનો લાભ લીધો હતો. ઉપરાંત 'કચ્છી-ગુજરાતી હિંદુ યુનિયન' સંચાલિત શિવાલય, રામજી મંદિર અને 'સનાતન ધર્મસભા'નું રાધાકૃષ્ણ મંદિર - આ બધાં મંદિરોમાં સ્વામીશ્રી દર્શને પધાર્યા.

દરેક મંદિરમાં સ્થાનિક કાર્યકર્તાઓએ સ્વામીશ્રીનો અને સંતોનો ખૂબ જ પ્રેમથી સત્કાર કર્યો. અને આશીર્વાદ મેળવ્યા હતા. દરેક મંદિરમાં સ્વામીશ્રીએ ઠાકોરજીને ભેટ મુકાવી હતી. આ દેશમાં વસતા ભારતીયો, ખાસ કરીને ગુજરાતીઓ, ઘણાં વર્ષોથી અહીં ધર્મના સંસ્કારો જાળવવા મંદિરો અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. એમાં પણ સ્વામીશ્રી જેવા આદર્શ સંતના આગમનથી સૌની ધાર્મિક લાગણીઓને ખૂબ પોષણ મળતું.

ખોટ શું ?

ઉત્સવ પછી પણ સ્વામીશ્રી પારાયણ પ્રસંગે સવાર-સાંજ સભામાં નિયમિત પધારતા, અને દર્શન-વાણીનો લાભ આપતા. એમને મન પોતાને માટે પ્રાણ પાથરનાર હરિભક્તો જ સર્વસ્વ હતા. એટલે હરિભક્તોને મળ્યા વગર એમને ચેન કેમ પડે ? સ્વામીશ્રી સભામાં બિરાજમાન હોય, કથા સાંભળી ડોલતા હોય, દૃષ્ટિથી હરિભક્તોને મળતા હોય - આ લહાવ ભક્તોને અમૃતપાન સમો હતો.

તા. ૧૪મીએ, કથા પ્રસંગને અંતે સ્વામીશ્રી આશીર્વાદ આપતાં કહે :

'આ લાભ, આ પ્રાપ્તિનો પાર નથી. ન સમજાય તો ખોટનો પાર નથી.

'ખોટ શું ? પોતાના આત્માને બ્રહ્મરૂપ ન મનાય. મારા આત્મામાં પુરુષોત્તમ રહ્યા છે, તે માનીનતા રાત-દી' કરવી.

'બે શબ્દ કોઈ બોલે ને તપી જવાય એ બ્રહ્મરૂપ માન્યું ન કહેવાય. કોઈ ગાળ દે તો કહેવું : 'વધુ ગાળ દ્યો.'

'આત્માનંદ સ્વામીને કોઈએ ગાળ દીધી તો તેમણે કહ્યું : 'બે વધુ દ્યો.' જ્યારે ક્રોધ ન આવે, ત્યારે બ્રહ્મરૂપ થયા જાણવું. સ્વભાવ મોક્ષમાં નડે છે. મછિયાવનાં ફોઈબાને હઠનો સ્વભાવ નડ્યો. મહારાજને ઓળખ્યા, જાણ્યા, છતાં સ્વભાવ નડે છે. આપણામાં હઠ, માન ઈર્ષ્યા ન રહેવાં જોઈએ - સરળ વર્તવું.

'સરળ વર્તવે છે સારું રે મનવા...'

'એ જ્ઞાન છે, ખમિયાણા તીર જેવું છે. ખેંચવા જાય તેમ ઊંડું પેસે. તમે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા થયા, તે પચાસ લાખ રૂપિયા કોઈ ધે તોય આ નિષ્ઠા છોડશો ? કોઈ ભમાવવા આવે તો કહીએ : 'તારો બાપ આવે તોય નહિ છોડીએ. ટાઢો રોટલો ખાશું પણ નિષ્ઠા નહિ મૂકીએ !' કાચા હોય તે ડગી જાય. માતા, મા'દેવને માનવા મંડે.

'વિજાપુરવાળાં વજીબાઈને મહારાજ પંડે ડગાવવા ગયા ને પંડે કહ્યું : 'સ્વામિનારાયણ ધર્મ તો પાખંડ ધર્મ છે.' તોય વજીબા ન ડગ્યાં. તેમનું શાસ્ત્રમાં આખ્યાન લખાઈ ગયું. ડોશીની સ્વરૂપનિષ્ઠા પાકી હતી.

'સ્વરૂપનિષ્ઠા અને આજ્ઞા આ બે વાનાં હોય તો મહારાજ રક્ષા કરે. મહાકાળ પણ ઊડી જાય. સ્વરૂપનિષ્ઠાનું બળ હોય તો દુઃખ ન આવે. જો આવે તો એમની (મહારાજની) ઇચ્છાએ આવ્યું એમ માનવું.'

બપોરે જમતાં જમતાં સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજ ! જમો, શાસ્ત્રીજી મહારાજ ! જમો.'

ત્યારે સંતો બોલ્યા : 'સ્વામી ! જમો, સ્વામી ! જમો.'

સ્વામીશ્રી કહે : 'બધા એમ બોલશો તો પેટ ફાટી જશે, માટે 'શાસ્ત્રીજી મહારાજ ! જમો' એમ બોલો !'

બડી કરામત

વળતી સવારે કથા પછી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'વાતન કી વાત બડી કરામત. તાર, ટેલિફોન એ બધી કરામત ખરી, પણ વાત જેવી કરામત એકે નહિ. વાત સાંભળવાથી જીવનો શિવ થઈ જાય. ફેલ મુકાઈ જાય.

'સ્વામીએ મહારાજને પ્રશ્ન પુછાવ્યો : 'ધ્યાન ધરવું અધિક કે માંદાની સેવા કરવી અધિક કે આત્મારૂપે વર્તવું અધિક કે વાતો કરવી અધિક ?' મહારાજે કહ્યું : 'વાતો કરવી તે અધિક છે.' સ્વામીશ્રીએ ત્યારથી વાતોનો સોપો જ પડવા દીધો નથી. લાખો જીવને વાતથી બ્રહ્મરૂપ કરી મૂક્યા. ધ્યાન કરતાં પણ વાતોને અધિક કહી. સ્વામીને માંદાની સેવા કરવાનું બહુ તાન હતું. દરેક સંતની સેવા કરે.

'સ્વામી ભાલમાં ફરતા હતા. ચાલીસ સાધુઓ બધા થઈને હતા. ત્યાં વરસાદ ખૂબ પડે ને ગારો બહુ થાય. જોડામાં બશેર-બશેર ગારો ચોંટે તે જોડા ભારે લાગે. સ્વામીએ કહ્યું : 'લાવો, હું બધાના જોડા ઉપાડી લઉં.' પછી

ચોફાળમાં બધાનાં જોડા બાંધ્યા ને બે મણ ભાર ઉપાડીને ચાલ્યા. પછી મંદિરે જઈ જોડામાંથી ગારો કાઢી નાખ્યો.

'આવી સેવા સ્વામી કરતા. તેમણે મહારાજને ચાર પ્રશ્ન પૂછ્યા. મહારાજે સેવાને અધિક ન કહી ને 'સત્સંગ વધારવા વાતું જ કરવી' એમ આજ્ઞા કરી. જૂનાગઢમાં ત્યારથી સ્વામીએ વાતું જ કરવા માંડી. આઠ પુરાણી રાખેલા. દરેકનો ત્રણ ત્રણ કલાકનો વારો.

'સભામંડપમાં સ્વામી થાંભલે બેસે. વચનામૃત વંચાય. આઠ પુરાણી બેસે. દેશદેશના હરિભક્તો ૫૦૦ની સંખ્યામાં બેઠા હોય. સ્વામી માંહેથી મજકૂર વાત કરે. છેલ્લો વારો ભગતજી મહારાજનો. રાતના ૩-૦૦ વાગે આવે. વાતું કર્યા પછી નાહવા જાય. ભગતજી એક કલાકમાં છ કલાકની ઊંઘ લઈ લ્યે. ધોતિયું પાથરી સૂવે. ગાદલું-ઓશીકું નહિ.

'ભગતજી મહારાજ કહેતા : 'એવી રીતે દેહનો ભોગ આપ્યો.' તેઓ સાડા ત્રણ વરસ ઊંઘ્યા નથી. સ્વામી પ્રસાદી આપે તે જમે.

'સ્વામીએ કહ્યું : 'વાતું કરો, જેથી બધાને અમારું સ્વરૂપ ઓળખાય.'

'સ્વામી અક્ષરબ્રહ્મ છે' એમ ભગતજી સાધુને, હરિભક્તોને વાતો કરે. અંતરના ઘાટ કહી દે. માટે બધા કરતાં વાતું કરવી તે અધિક છે. તેથી નિર્દોષ થઈ જઈએ. વાતુંની પ્રસન્નતા જુદી છે. વાતું કરવાનું દરેકે અંગ રાખવું. તો નૈરોબી સર થઈ જાય. વડીલ મંડળે વાત કરવી કે 'આપણે આ દેશમાં કમાવા નહિ, સત્સંગ કરવા આવ્યા છીએ. રોટલા તો ભરતખંડમાંય મળતા હતા.'

'જો સત્સંગ નહિ કરીએ તો જમપુરી, ચોરાશીમાં જશો. જો સત્સંગ કરશો, તો દુઃખ નહિ રહે. બસો રૂપિયાનો બળદિયો વેચાતો લઈએ તો તેમાં બગાઈયુંનું સાટું કરવું ન પડે. એ તો ભેળી આવે જ. તેમ સત્સંગ કરો તો વે'વાર પણ સુધરે જ.

'એમ ન માનવું કે મંદિર જાશું તો કામ ખોટી થશે. જ્યારે અંત વખતે ગળે પાણી નહિ ઊતરે, ત્યારે કોણ આવશે ?

'આફ્રિકાથી ઘણા ભારતમાં આવે ને ગોંડલ આવે. જમીને જવાનું કહીએ તો કહે : 'મારે ઉતાવળ છે.' પણ અમે કહીએ : 'ભગવાનના ધામમાં જવું છે કે નથી જવું ?'

'મોક્ષના કામ માટે કોઈ આવતા નથી. આપણે અહીંથી દેશમાં જઈએ તો આપણાં સાતે મંદિરમાં દર્શન કરવાં જોઈએ. આ તો દેશમાં પોતાના કોઈ પ્રસંગ

ઉપર આવે ને કહે : 'મહિનો રહેવું છે, ને બધું કામ પતાવી પાછા જવું છે.' તે કેવી રીતે સમાગમ કરે ?

'જ્યારે ઘાંટો ઝલાશે ત્યારે મહિનો ક્યાં રહેવાના છો ? આપણને દરેક કામમાં ઉતાવળ. એક મોક્ષમાં ઉતાવળ નહિ.

'સ્વામીએ બધાને સુખિયા કરી દીધા. શાથી ? વાતુથી.

'શાસ્ત્રીજી મહારાજ રાતના ૧૧-૦૦ થી ૩-૦૦ સુધી વાતો કરે. પછી સવારે ૭-૦૦ વાગે ઊઠે. ઘણા કહે : 'સ્વામી સાત વાગ્યા સુધી સૂઈ રહે છે.' પણ મોટાપુરુષને સૂવાનું ન હોય. એ તો મૂર્તિમાં લેલીન હોય.

'સ્વામીએ લાખો રૂપિયાનાં મંદિરો ઝોળી ઉપર બાંધ્યાં. સાધુ કર્યા. શાસ્ત્રીજી મહારાજે કર્યું તેવું કોઈ ન કરી શકે. નિર્ગુણ સ્વામી પણ એવા બળિયા. કોઈની બીક નહિ, એવા શૂરવીર. અક્ષરપુરુષોત્તમ સ્વામી ગામેગામ ઝોળી માગતા.

'અત્યારે રામરાજ્ય છે. કેવું સુખ છે ! બાપા કમાઈ ગયા. ખાવું આપણે.

'આફ્રિકાના હરિભક્તોએ સ્વામીને કહ્યું : 'સ્વામી ! તમે આફ્રિકા આવો.' સ્વામીએ કહ્યું : 'આ દેહે તો હું નહિ આવું.' પછી ટાણું થયું ને વાત થઈ ગઈ ને પોતે પધાર્યા !' શાસ્ત્રીજી મહારાજ જ આજે પોતા દ્વારા અહીં પધાર્યા છે, એ વાતનું જાતે સમર્થન કર્યું.

સ્વભાવ કેમ જતા નથી ?

સ્વામીશ્રીએ પણ અહીં કથાવાર્તાનો અખાડો જ ચલાવ્યો હતો. સવાર, બપોર ને સાંજ બ્રહ્મવિદ્યાની પાઠશાળા ચાલતી. આ જ્ઞાનગંગામાં જે ભાવથી - મહિમાથી સ્નાન કરે, તે પવિત્ર-બ્રહ્મરૂપ થયા વગર રહે જ નહિ. જમ્યા પછી બપોરની કથામાં પણ આજે અંત્યનું આઠમું વચનામૃત વંચાવી સ્વામીશ્રીએ કહ્યું :

'શ્રીજીમહારાજ પુરુષોત્તમ હતા. દૃષ્ટિએ દોષ ટાળી નાખે તેવા હતા. છતાં અલૈયાનો સ્વભાવ કેમ ન ગયો ? વળી, સાધુઓ પણ ઘણા હતા. મહારાજે દીક્ષા આપેલી. ગોતીતાનંદ, રોળાનંદ, નિર્વિકલ્પાનંદ એવા ઘણા હતા, પણ તેનાય સ્વભાવ ન ગયા. તેમનો અસુરભાવ ઝળકાઈ ગયો. સ્વભાવને દબાવી રાખ્યા હોત તો નભી જાત.

'આનો ઉત્તર ઈ કે સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ નારાયણ ભેગા તે બધા રહ્યા, પણ પોતાનો અવગુણ ન લીધો. પોતાના સ્વભાવનો ગુણ લીધો.

'મહારાજને પૂરેપૂરા ભગવાન જાણ્યા ન હતા તેથી ગયા. જો જાણ્યા હોત તો મારે, વઢે તોય ખસે નહિ.

'શું આંહીં જ મોક્ષ છે ?' એમ સમજીને અવગુણ લઈ વહ્યા ગયા. તેમને દેશકાળ લાગ્યા.

'માટે ગમે તેવું મારો, વાઢો, કાઢો, સભામાં વઢો, તોય જેને ખોટું ન લાગે તે નભે.

'સ્વભાવ ટાળીને સત્સંગ કર્યો હોય તો દેશકાળ ન લાગે.'

રોજ સાંજે લગભગ ૪-૦૦ વાગે સ્વામીશ્રી મંદિરના કમ્પાઉન્ડમાં ફરવા નીકળતા. ખુરશીમાં - 'વ્હીલચૅર'માં બેસીને જ ફરતા. પણ ખુલ્લી હવા મળે, એવો ડૉક્ટરનો આગ્રહ રહેતો.

મંદિરના પાછળના ભાગમાં આવ્યા. કોઈએ અહીંથી સ્વામીશ્રીને મંદિરનાં શિખરો બતાવ્યાં. તે જોઈ સ્વામીશ્રી કહે :

'આ ધજા નાની છે, માટે મોટી કરો.'

સ્વામીશ્રીને કોઈ વાત મોળી ગમતી નહિ. ઠાકોરજી માટે દરેક વસ્તુ વ્યવસ્થિત અને સુંદર હોવી જોઈએ. ધજા પણ સુંદર, મોટી, સૌની નજરમાં આવે - દર્શન કરે તેનું પણ કલ્યાણ થઈ જાય.

છેલ્લી ઉઘરાણી

સાંજની સભામાં પણ સ્વામીશ્રીએ સુંદર લાભ આપ્યો : 'આજે રવિવાર. શુભ દિવસ. દુકાનો બધી બંધ પણ મોક્ષની દુકાન ચાલુ. કથાવાર્તા, દર્શન-સ્પર્શન, વાતોચીતો બધું ચાલુ. ભરતખંડમાં આજે સભાઓ થાય છે. યુવક મંડળ અને વડીલ મંડળની સભાઓ ચાલે છે. અહીં પણ એવી રીતે ચાલે છે.

'સત્સંગ મોટી વાત છે. સત્સંગથી પૈસા-લક્ષ્મી વધે. આબરૂ વધે. રોગ ન આવે. હૈયામાં ટાઢું રહે.

'સત્સંગ એટલે ખાવું-પીવું ને સૂઈ રહેવું ઈ ?

'ના, સાધુ-સમાગમ.

'રવિવારની સભામાં જશે તે સુખી થશે. હૈયામાં ટાઢું થાય ને મોટા-પુરુષનો આશીર્વાદ મળે. વ્યવહાર સુધરે.

'કૂવામાંથી પાણી ઉલેચો તો તાજું ને તાજું રહે. ન ઉલેચો તો બગડી જાય. તેમ દશાંશ-વીશાંશ કાઢો તેમ વધે. ઘણા કમિશનમાં કેટલાયે કમાતા હોય

પણ આપણને કહે નહિ. ગરીબ હોય તેણે વીસમો ભાગ ને ધનાઢ્ય હોય તેણે દશમો ભાગ ધર્માદામાં કાઢવો.

'દશાંશ-વીશાંશ કાઢે તેને દુઃખ નથી પડતું.

'તમે નૈરોબીનું મંદિર બાંધ્યું તે કોને ખોટ પડી ?

'આપણે એકાવન યુવકો જોઈએ. તે માટે આવ્યા છીએ. તે જાહેરાત કરીએ છીએ. એના જીવનું કલ્યાણ થાય. અમારી ઉઘરાણી પૂરી પાડવાની છે.'

તા. ૧૬મીએ સવારે કહે : 'ઈશ્વર સ્વામી ! તમને એક વાત કરવી છે. અહીં મને દૂધીનાં ઢેબરાં ભાવતાં નથી. પોચા થાય છે, ને કાચા રહે છે. વળી, ગૅસ ઉપર થાય છે, તે સગડી ઉપર કરો. ઉતાવળમાં થાય તેથી કાચા રહે, તે મને પચે નહિ. મને બીજું કાંઈ ફાવે નહિ. ફ્રૂટ ભાવતું નથી. ગળ્યું હું ખાતો નથી. ઢેબરાં જ ખાઉં છું. તો અહીં આ દેશમાં રહીએ ત્યાં સુધી સવાર-સાંજ ઢેબરાં તમારે કરવાં.'

આજે વહેલી સવારે સ્વામીશ્રીએ પોતાને માટેની વાત કરી. આવું ભાગ્યે જ બનતું. ન છૂટકે જ સ્વામીશ્રી પોતાને માટેની ફરિયાદ કરતા.

ખાસ તો પાચનશક્તિ નહિ. વાયુ થાય, ઊંઘ આવે નહિ, આખી રાત બગાસાં આવે. આવી કાયમની તકલીફોને કારણે જ સ્વામીશ્રી બોલે નહિ, ને કોઈને જણાવા દે નહિ.

એમાં પણ સ્વામીશ્રીને ગૅસના ચૂલા ઉપર રસોઈ થાય એ ગમે નહિ. રોટલી, ઢેબરાં વગેરે સગડી ઉપર જ - દેવતા ઉપર જ થાય, એવો એમનો બહુ આગ્રહ કે તો જ પરિપક્વ બને અને માંદા માણસને પચે. આમ, દેશી રીત-રિવાજ-પ્રણાલિકાને વરેલા સ્વામીશ્રી આધુનિકતાને ન છૂટકે ચલાવતા.

મંદ જઠરાગ્નિને કારણે પાછળથી સ્વામીશ્રીને પાચનની વધુ તકલીફ રહેતી.

લંડનથી સી.એમ. પટેલના નાના દીકરા સુરેન્દ્રભાઈ આફ્રિકા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને ઇંગ્લેન્ડની આવી જ વિગતો પૂછી હતી કે 'તમે ત્યાં શું જમો ? ખાધું પચે કે કેમ ? ટાઢ કેવી ?' તે વખતે લંડન જવાની વાત ચાલતી હતી.

પ્રમુખસ્વામીને પધરામણીનો હવાલો

બહુ શ્રમ ન પડે એ હેતુથી હરિભક્તોને ત્યાં સ્વામીશ્રીની પધરામણીનો કાર્યક્રમ બંધ હતો. પણ સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રમુખસ્વામી સંતોને લઈને પધરામણીએ પધારતા હતા. છેલ્લા ઘણા સમયથી સ્વામીશ્રી અવારનવાર

જણાવતા કે 'પ્રમુખસ્વામી શાસ્ત્રીજી મહારાજની જગ્યાએ છે. શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે. એમની આજ્ઞામાં સૌએ રહેવું. હવે સૌ પ્રમુખસ્વામીની પધરામણી કરાવો.' સ્વામીશ્રીનાં વય તથા સ્વાસ્થ્યને લક્ષમાં રાખીને સૌ હરિભક્તો પણ એમને વધુ તકલીફ ન પડે, એમ ઇચ્છે-વર્તે તે સ્વાભાવિક હતું. એટલે સૌ પ્રમુખસ્વામીનો હોંશે હોંશે લાભ લેતા. સદાય સ્વામીશ્રીની રુચિમાં વર્તતા, જ્ઞાનગંભીર, અતિ ધીરજધારી પ્રમુખસ્વામીની મૌન, પણ સાધુતાની ઘેરી છાપ ઉપસાવતી પ્રતિભાનો અનુભવ સૌને થતો. આ રીતે સવાર-સાંજ બન્ને સમય પ્રમુખસ્વામીની પધરામણીનો કાર્યક્રમ નિયમિત ચાલતો જ. પ્રમુખસ્વામી પણ સ્વામીશ્રીની જેમ સૌના મનોરથો પૂર્ણ કરતા. ગુણાતીત પુરુષોની રીત સદાય એક જ હોય છે.

ઉત્સવ પછી બહુ ભીડ ન હોવાને લીધે મંદિરમાં પણ સ્વામીશ્રી કોઈ આવે તો મળતા. આરામના સમય સિવાય આવી થોડી છૂટ કાર્યકર્તાઓએ મૂકેલી. સુખ-દુઃખની વાતો કરવાનું, વ્યાવહારિક ગૂંચવણો ઉકેલવાનું તથા આશીર્વાદ મેળવવાનું સ્થાન સ્વામીશ્રી હતા. આફ્રિકામાં તો ઘણાં વર્ષો પછી આવો લાભ મળી રહ્યો હતો એટલે સ્વાભાવિક હરિભક્તોને એ લોભ રહે. પણ, સ્વામીશ્રીની સદાય પ્રસન્ન મૂર્તિનાં દર્શનથી જ ઘણાની ગૂંચો દૂર થઈ જતી. ખાસ કરીને નવા મુમુક્ષુઓને સ્વામીશ્રીનો વિશેષ પ્રસંગ સાંપડે એટલે હરિભક્તો એમને માર્ગ કરી આપતા.

વિધવિધ ચરિત કરત મન મોહત

બપોરે લગભગ ૪-૦૦ વાગ્યા પછી સ્વામીશ્રી આરામમાંથી જાગ્રત થાય ત્યારે પોતે મોકળે મને મંદિરમાં બધે ફરતા. આમ પણ ડૉક્ટરની હંમેશ સલાહ રહેતી કે 'તમારે ખુલ્લામાં ફરવું અને સ્વચ્છ હવા લેવી.' આખી જિંદગી સુધી ક્યારેય પણ આ રીતે દેહની સંભાવના, સ્વપ્નમાં પણ કરેલી નહિ. એટલે સ્વામીશ્રી આ બાબતમાં બહુ રસ દેખાડતા નહિ. પણ, ડૉક્ટરો અને સેવકોના આગ્રહથી સાંજે થોડી ક્ષણો બહાર ખુલ્લામાં વિહરતા. જો કે આવે કસમયે પણ નાના-મોટા, જે હાજર હોય તે એકત્રિત થઈ જાય. સ્વામીશ્રીને થોડા-ઝાઝા ભક્તોના સમૂહ વગર એકલા ફરવું પણ ગમે નહિ.

સ્વામીશ્રી ધાબળો ઓઢી, માથે ગરમ ટોપી ઘાલી, ખુરશીમાં બિરાજે અને ઓરડાની બહાર નીકળવાનો આદેશ આપે. મંદિરમાં ઠાકોરજીના ઉત્થાપનનાં

દર્શન કરે. પછી મંદિરનાં વિવિધ સ્થળોની મુલાકાત બહુ ઝીણવટથી લે.

ઑફિસમાં પધારે, બધી વ્યવસ્થા જુએ. કંઈક નવું જુએ, એટલે પૂછપરછ કરે : 'આ શું કહેવાય ?' યુવકો-હરિભક્તો સમજાવે એટલે બાળકની જેમ અતિ જિજ્ઞાસાથી સાંભળે અને કહે : 'હા, ભઈ.' એમ સૌની સાથે વાતચીતમાં, આનંદમાં પરોવાય. મંદિરની બહાર કમ્પાઉન્ડમાં ફરે.

પાછળ રસોડામાં પધારે. સીધું, સામાન, વાસણ, સામગ્રી જુએ. 'દાણા-દૂણી સાફ રાખવું, દૂધ-પાણી ગાળવું, વાસણો ગાળેલાં પાણીએ વિછળવાં, શાક-પાંદડું બરાબર ધોવું' – એવી નાની નાની સૂચનાઓ આપે. રસોડાની પ્રવૃત્તિમાં એમની બહુ જ નજર. કારણ, આખી ઉંમર સૌને ઠાકોરજીનો થાળ-પ્રસાદ જમાડી જમાડીને જ લાડ લડાવ્યા હતા.

મંદિરની સામેના કમ્પાઉન્ડમાં પણ ઉત્સવના મંડપમાં નિરીક્ષણ કરે. ફૂલઝાડ નિહાળે. આમ, પોતાની મૂર્તિમાં સૌને મોહિત કરી દે. સ્વામીશ્રીનું આકર્ષણ પણ સદાય એવું જ. જેમ ચમકનો પહાણ લોઢાને ખેંચે અને પોતાના રૂપ બનાવી દે, એમ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગમે ત્યારે, ગમે તે વાતાવરણમાં પણ એમની મનોહર મૂર્તિમાં સૌ ખોવાઈ જતા. આપણું અસ્તિત્વ જ આપણને શોધ્યું જડે નહિ !

તા. ૧૮મીએ સાંજે ૪-૩૦ વાગે ઉત્થાપનનાં દર્શન કરી, બાજુમાં ઑફિસમાં પધાર્યા. અહીં ખુરશી ઉપર બિરાજ્યા. ટેબલ પર Calculating Machine પડેલું. તેના ઉપર નજર પડતાં પૂછ્યું : 'આ શું છે ?' એ.પી. પટેલને તે ચલાવી બતાવવા કહ્યું. તેમણે ચાલતું કર્યું. એટલે ફરી પૂછ્યું : 'આમાં શું હશે ?' બહુ કુતૂહલતાથી સ્વામીશ્રી તે નિહાળી રહ્યા હતા.

હરિભક્તોની વિનંતીથી મંદિરના ચોપડા પ્રસાદીના કર્યા. હરિભક્તોએ અહીંની ચલણી નોટ, સ્વામીશ્રીને દૂરથી બતાવી. બાજુમાં રસીદબુક પડેલી એના ઉપર સ્વામીશ્રીની નજર પડી. એટલે ગિરધરભાઈએ તે પ્રસાદીની કરવા કહ્યું. ગિરધરભાઈનું નામ લખી, ૫૧ શિલિંગ સેવા લખી, સહી કરી, સ્વામીશ્રીએ રસીદ જાતે ફાડી અને તેમને આપી.

પછી ચોગાનમાં ફરતા સૌની વિનંતીથી મંદિરના દરવાજા બહાર રોડ ઉપર લગભગ દસેક ફૂટ દૂર પધાર્યા. ખુરશી ઊભી રખાવી, મંદિરને દૂરથી સારી રીતે નિહાળ્યું.

આમ, બપોરના ભાગમાં નાના પ્રકારનાં ચરિત્રો કરી, સ્વામીશ્રી સૌને

સ્મૃતિ આપતા.

છેલ્લા સાત દિવસથી પારાયણનો પ્રસંગ ચાલી રહ્યો હતો. સાંજે ૬-૦૦ વાગે પારાયણની પૂર્ણાહુતિ થઈ. રણછોડભાઈ, એમના ચિરંજીવી તથા અન્ય હરિભક્તોએ સ્વામીશ્રી અને સંતોનું પૂજન કર્યું. વારે વારે દર્શન-પૂજન એ જ હરિભક્તોને મન મોટો લાભ. એમાં જ મનની-જીવનની પરિશુદ્ધિ. સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપતાં સંબોધન કર્યું :

'અહીં બધાએ સેવા કરી તો બધા સુખી થયા. હજુ વધુ સુખી થવાના. તમે એકાવન યુવકો સાધુ થવા આપશો તો બહુ અગત્યની વાત છે.

'બે વખત મંદિરે આવવું, બધાએ નિયમધારી થઈ જવું. રવિવાર વગર પણ રોજ સભા ભરવી. તો સિટીશીપ (સિટીઝનશીપ) મળી જાય ને દેશકાળ સુધરી જાય. તમારા વતી અમે માળા ફેરવીએ છીએ. બધાને (સરકારને) સવળી બુદ્ધિ થઈ જાય. તમારી માળાએ અહીં અવાણું.

'પોતાના આત્માને બ્રહ્મરૂપે માની, તે રૂપે થઈ પુરુષોત્તમને ધારવા તે સિદ્ધાંત છે. જેમ હિમરાજ શાહે શિર સાટે કંઠી રાખી, તેમ આપણે સત્સંગ દૃઢ રાખીએ તો આનંદ આવે.'

તા. ૧૯મીએ સવારે કથા પ્રસંગમાં કહ્યું : 'અનુવૃત્તિથી કરે તે પહેલો નંબર. આજ્ઞાથી કરે તે બીજો નંબર. ગુણાતીતનો મહિમા સમજવો અને તેના સંબંધવાળાને ઠેબે મારવા ને ? તમારી હું પૂજા કરું ને તમારા દીકરાને ધુંબા મારું તો તમે મને સાધુ ગણો ? પણ તમારા દીકરાને જમાડું, પ્રસાદી દઉં ને તમને ન બોલાવું તો ? તમે ગલગલ થાવ કે 'સાધુ વિવેકી છે;' પણ જો તમારા દીકરાને મારીએ તો ? 'સાધુમાં અક્કલનો છાંટો નથી, દીકરાને માર્યો.' માટે ગુણાતીતના સંબંધવાળાની સેવાથી મહારાજ રાજી થાય છે.'

પ્રગટ હોયે પ્રભુજી જ્યારે, જીવથી નવ ઓળખાયે

આ યાત્રામાં બીજા યુવકો સાથે રાજસ્થાનના બિલાડા સ્ટેટના માજી-સાહેબના પુત્ર અને દાજી બાપુના દોહિત્ર ગોપાલસિંહ સાથે આવેલા. સ્વામીશ્રીને સવારે તથા સાંજે સ્નાન કરાવવા તેઓ બીજા યુવકોની જેમ અચૂક હાજરી આપતા.

સાથે ફરતા યુવાનોને સ્વામીશ્રી હંમેશાં સ્વામીની વાતોનો મુખપાઠ આપતા અને પોતે સ્નાન કરે ત્યારે વારાફરતી સૌના પાઠ લેતા.

આજે ગોપાલસિંહનો વારો આવતાં તેઓ બોલ્યા : 'સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી, 'આગળ થઈ ગયા તેના સારું કૂટે છે, આગળ થશે તેના સારું કૂટે છે, પણ આ પ્રગટ છે તેને કોઈ માનતું નથી.'

આ વાત સાંભળીને સ્વામીશ્રી અત્યંત હસવા લાગ્યા. સ્વામીશ્રીનું હસવાનું બંધ જ ન થયું ત્યારે યુવકોને પણ અત્યંત આશ્ચર્ય થયું કે 'સ્વામીશ્રી આટલું બધું તો ક્યારેય હસતા નથી. સ્વામીશ્રીને કંઈ થઈ તો નથી ગયું ને ?' યુવકોને ઊલટી શંકા થઈ.

થોડી વાર પછી સ્વામીશ્રી શાંત થયા ત્યારે ગોપાલસિંહે હસવાનું કારણ પૂછ્યું. સ્વામીશ્રી ભારે અવાજે બોલ્યા : 'બાપુ ! સાવ સાચી વાત છે. કોઈ માનતું નથી. નહીં તો સર્વ પ્રકારે સુખી થઈ જાય. એને મન, કર્મ, વચને માને તો બેડો પાર થઈ જાય, એમાં કાંઈ સંશય નથી !'

બપોરે ઠાકોરજી જમાડી, ગઢડા પ્રથમ ૮મું વચનામૃત વંચાવતા પણ સ્વામીશ્રીએ યુવકોને સાધુ કરવાનો મુદ્દો કાઢ્યો :

'ઈશ્વરભાઈ ! તમારો મોટો દીકરો રાજેન્દ્ર લેવો છે. દેશના તૈયાર થાય તો આફ્રિકાવાળાને કહેવાય.

'સત્પુરુષમાં જોડાવાય તો મમત્વબુદ્ધિ ઓછી થઈ જાય. અબજોપતિને તરણાતુલ્ય માને. આપણે છાપરામાં રહીએ તો દુઃખ થાય ?

'પ્રકૃતિપુરુષ સુધી મહારાજની મૂર્તિ વિના વૈરાગ્ય થઈ જાય.

'કોઈ આકાશમાં ઊડી હેઠો આવતો હોય, ને ભોંમાં સો હાથ જતો હોય, તોય સ્વામિનારાયણ સિવાય તેમાં માલ ન મનાય એ વૈરાગ્ય.'

કલ્યાણના છૂટા વાવટા

સ્વામીશ્રી સાથે પધારેલા દેશના ઘણા હરિભક્તો ફરીને નૈરોબી આવવાના ન હતા. આથી દેશના હરિભક્તોની વિદાય નિમિત્તે તા. ૧૯મીએ સાંજે ૬-૦૦ વાગે સ્થાનિક હરિભક્તોએ સમારંભ યોજ્યો હતો.

આટલે દૂર, દેશના હરિભક્તો પ્રેમથી આવ્યા અને સૌની સેવાની તક મળી, એ લાભથી સ્થાનિક હરિભક્તો કૃતકૃત્ય થયા હતા. ખૂબ મહિમાપૂર્વક સૌએ સેવા કરી હતી. ભગવાનના સંબંધવાળા આવા ભક્તોથી છૂટા પડતા સ્વાભાવિક જ પરસ્પર વિયોગની - દુઃખની લાગણી ઉપસ્થિત થાય. આ ભાવ-મહિમા પ્રેમ સ્વામીશ્રીએ પરસ્પર હરિભક્તોમાં રેડ્યો હતો. ભગવાન ને

ભગવાનના ભક્તોનો મહિમા સમજવો ને સમજાવવો, આ જ સત્સંગ. એથી જ જીવનમાં આનંદ. અંતરમાં શાંતિ અને એ જ છતી દેહે ભગવાનની પ્રાપ્તિ. સ્વામીશ્રીના સમગ્ર જીવન-કાર્યનો આ જ સંદેશ હતો.

મહેન્દ્રભાઈના પ્રેમોદ્‌ગાર પછી સ્વામીશ્રીએ સંબોધન કરતાં કહ્યું :

'અહીં દેશના હરિભક્તો પધાર્યા છે. તેમની નૈરોબી મંડળે સેવા કરી. અમૃત મહોત્સવમાં આફ્રિકાથી ૫૦૦ હરિભક્તો આવેલા. સ્ટીમરને સત્સંગ કરાવ્યો. દરિયાનુંય કલ્યાણ થઈ ગયું. દરિયાને સંકલ્પ હતો કે મારા ઉપર હરિભક્તો બેસે.

'આજે વિદાય સમારંભમાં નૈરોબી શહેરના હરિભક્તો આવ્યા છે. આખા શહેરનું કલ્યાણ થઈ જશે. સંતો આખા દેશનું હિત ઇચ્છે છે.

'પ્લેનમાં સાહેબો દર્શને આવે. અમે કહીએ, 'જાવ, તમારું કલ્યાણ; જાવ, તમારું કલ્યાણ.' એમ છૂટા વાવટા મૂક્યા. કરોડો મનવારો આમ ભરાય.

'કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય' - એ મહારાજની કહેલી વાત દોહરાવી સ્વામીશ્રી કહે : 'મહારાજે રાજીપામાં આશીર્વાદ આપ્યા છે.

'બધાએ શ્રમ લઈ કાર્ય ઉપાડ્યું. તને, મને, ધને - આપણે એકલા નહિ પણ આખું શહેર સુખી થાય તેવા આશીર્વાદ છે. આપણે વાડો નથી વાળવો. બાથ ભરવી છે.

'આ જમીન બહુ વરસોથી તપ કરતી હશે તે યજ્ઞ થયો.'

આ પ્રસંગે યુવક મંડળે રાસના બે કાર્યક્રમો સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યા. સ્વામીશ્રી બહુ પ્રસન્ન થયા. લુહાણા જ્ઞાતિના મુખ્ય કાર્યકરો પણ આજે દર્શને આવ્યા હતા.

વિક્ટોરિયા સરોવરને કાંઠે

અહીંથી આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોમાં - શહેરોમાં જવાનો કાર્યક્રમ પણ ગોઠવાયો હતો.

બીજે દિવસે કિસુમુ જવાનું હતું. સ્વામીશ્રીના સ્વાસ્થ્યને હાનિ ન પહોંચે એથી સ્વામીશ્રી તેમજ પ્રમુખસ્વામી સાથે બાર જેટલા સંતો-હરિભક્તો માટે નાના ફ્રેન્ડશીપ વિમાનની ગોઠવણ મંડળ તરફથી વિનોદભાઈએ ખાસ કરી હતી. બાકીના સૌ સંતો-હરિભક્તો બસ દ્વારા કિસુમુ જવા નીકળી ગયા હતા. હવામાન સારું ન હોવાથી અને નાના પ્લેનને કારણે મુસાફરી દરમ્યાન આંચકા

ઘણા આવતા હતા. સ્વામીશ્રીએ તો ગરમ ટોપી ને ધાબળામાં ઢંકાઈને માળા લઈ ભજન શરૂ કર્યું. પ્લેનની મુસાફરીમાં મશીનની ધ્રુજારીનો અવાજ અંદરના ભાગમાં પણ કાનને બહેરા કરી દેતો. એટલે સ્વામીશ્રી કાનમાં રૂનાં પૂંભડાં હંમેશાં નખાવી લેતા. ૩-૧૫ વાગે કિસુમુ આવી પહોંચ્યા.

કિસુમુ ઍરપોર્ટ ઉપર અહીંના અગ્રણી હરિભક્તો મગનભાઈ પટેલ, હરિહરભાઈ, મોહનભાઈ, ચંદારાણા વગેરે ૧,૫૦૦ જેટલા ભાવિકો સ્વામીશ્રીના સ્વાગત માટે ઊમટ્યા હતા. સ્વાગતના શુભ ચિહ્નરૂપે સૌ લાલ ટોપીઓ માથે પહેરીને આવ્યા હતા. બૅન્ડ-વાદનની મધુર સૂરાવલિ અને જયનાદોના ઉદ્‌ઘોષથી એમાં પણ સ્વામીશ્રીની હાજરીથી મંગલ વાતાવરણ સર્જાયું હતું. ખુલ્લા પીકઅપ વાનમાં બૅન્ડ-વાદન - ભજન-કીર્તન અને જયનાદો ગજવતાં યુવકો ગોઠવાઈ ગયા હતા. લગભગ ૨૦૦ જેટલી મોટરકારો ઍરપોર્ટથી તે લક્ષ્મીનારાયણ મંદિર સુધીની બે માઈલ લાંબી નગરયાત્રામાં જોડાઈ હતી. સુંદર શણગારેલી ખુલ્લી મોટરકારમાં સ્વામીશ્રી ઠાકોરજી સાથે બિરાજ્યા હતા. મોટરો ધીમી ગતિએ જઈ રહી હતી. છતાં કિસુમુના ઠંડા હવામાનને કારણે, શીતળ વાયુ ધાબળામાં વીંટળાયેલા સ્વામીશ્રીનો અંગસ્પર્શ કરી લેતો હતો. પવનને ખાળવા સ્વામીશ્રી મોટરમાં પણ કાયમ કાચ બંધ કરીને બેસતા. જ્યારે આજે તો પવનને છૂટો દોર મળી ગયો હતો. સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'પવન કેટલાય દિવસથી લાગ જોતો હતો. અહીં તેને લાગ મળી ગયો !'

રસ્તા ઉપર બન્ને બાજુ સેંકડો એશિયનો તથા આફ્રિકનો સ્વામીશ્રીનાં દર્શન માટે આતુરતાથી ઊભા હતા. તેઓ પણ જયનાદોથી સ્વામીશ્રીને વધાવી લેતા હતા. આગળ એસ્કૉર્ટ તથા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટની ગાડી વ્યવસ્થામાં હતી.

નગરયાત્રા લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાંગણમાં સમાપ્ત થઈ. લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરી, મંદિરની બાજુના વિશાળ ખુલ્લા હૉલમાં સ્વાગત સભામાં સૌ આવી પહોંચ્યા. અહીં એક બાજુ ઠાકોરજીનું સુશોભિત સિંહાસન ગોઠવ્યું હતું. વચ્ચે શેરડીના એકસરખા સીધા સાંઠાઓ ગોઠવી, સ્વામીશ્રીના આસનની પાછળ ફરતી પછીત સુંદર સજાવી હતી. શેરડીથી લચી પડતા શાંભા(ખેતરો)ઓથી શોભતા કિસુમુના હરિયાળા પ્રદેશની અહીં સ્મૃતિ થતી હતી. સ્વામીશ્રી જેવા પુરુષની સેવામાં શેરડીની આ શોભા, ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો - 'આજ તો શેરડીના સાંઠાનો વચલો ભાગ મળ્યો છે, તેમાં રસ ઘણો હોય ને સુગમ પણ હોય'નું સ્મરણ કરાવતી હતી. સ્વામીશ્રી પણ પ્રસન્ન

મુદ્રામાં અલૌકિક શોભતા હતા.

સનાતન હિંદુ યુનિયનના પ્રમુખ બાબુભાઈએ સ્વાગત-પ્રવચનથી સ્વામીશ્રીને વધાવી, ફૂલહાર અર્પણ કરી, પૂજન કર્યું. સ્થાનિક અગ્રણી સત્સંગી મગનભાઈએ સ્વાગત-શબ્દો ઉચ્ચારી, મંડળ વતી સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સંતોને ફૂલહાર કર્યા. સાથે હરિહરભાઈ પણ હતા. પ્રમુખસ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી, એ.પી. પટેલનાં સત્સંગ-વિષયક સંબોધનો પછી સ્વામીશ્રીએ આશીર્વાદ-રૂપે અમૃતધારા વહાવી.

સ્વામીશ્રી તથા સંતોનો ઉતારો મગનભાઈના વિશાળ નિવાસમાં હતો. અન્ય હરિભક્તોને ત્યાં દેશના મહેમાનોની વ્યવસ્થા હતી. સેવામાં સૌ ખડે પગે હતા.

સૌનું કરો કલ્યાણ !

ઉતારે આવ્યા ત્યારે ખબર પડી કે કિસુમુ ઍરપોર્ટ ઉપર સ્વામીશ્રીની થૂંકદાની, શરતચૂકથી પ્લેનમાંથી ઉતારવાની રહી ગઈ છે. તપાસ કરાવી પણ મળી નહિ. થૂંકદાની દેશમાંથી સાથે લાવ્યા હતા. આ દેશમાં એવી થૂંકદાની મળે નહીં. એટલે એનો ખરખરો કરતાં સ્વામીશ્રી કહે :

'આપણું પવાલું (થૂંકદાની) પ્લેનમાંથી કોઈ લઈ ગયો. જે લઈ ગયો તેનું સારું થશે.'

દરેકનું સારું ઇચ્છનાર સ્વામીશ્રીની યાદીમાંથી એમનું 'પવાલું' લઈ જનાર પણ બાકાત રહી શક્યો નહિ !

બપોરે ૪-૦૦ વાગે આરામ પછી સ્વામીશ્રી બંગલાની આગળના ભાગમાં બગીચામાં ફર્યા. પછી પાછળના ભાગમાં પણ આંબા વગેરે વૃક્ષો હતાં ત્યાં જવાની ઇચ્છા કરી. વચ્ચે દરવાજો બંધ હતો. ચાવી શોધતા સમય થયો, પણ સ્વામીશ્રી પાછા ફર્યા નહિ. રાહ જોઈને ઊભા રહ્યા. હાથમાં લાલ રંગનું શોભાનું એક મોટું ફૂલ હતું તે રાખ્યું હતું. સ્વામીશ્રી કોઈ દિવસ ઝાઝો સમય ફૂલ હાથમાં રાખે નહિ, પણ આજે તો ફૂલને રમાડવા લાગ્યા.

એટલામાં ચાવી લાવ્યા. પાછળના બાગનો દરવાજો ખુલ્યો. સીધા આંબા નીચે પધાર્યા. 'કેટલા આંબા છે ? ગણો જોઈએ.' સ્વામીશ્રીએ કુતૂહલતા બતાવી.

પછી હાથમાંનું લાલ રંગનું ફૂલ ફેરવતાં ફેરવતાં કહે :

'આ આંબાનાં કેટલાં ભાગ્ય કે આપણે આવીને અહીં બેઠા ! મહારાજે

કહ્યું : 'જે ઝાડ તળે બેસે, ફળફૂલ જમે, તેનો મોક્ષ થાય છે. ને સત્સંગમાં જન્મ લે છે. તે આપણે આંહીં આવીને બેઠા તે આંબો કેટલાં વર્ષોથી તપ કરતો હશે !'

એવામાં કોઈએ બગીચામાંથી ગુલાબનાં ફૂલો લાવી, સ્વામીશ્રી સૂંઘે એવા ભાવથી સ્વામીશ્રીને ધર્યાં, પણ સ્વામીશ્રીએ તે ફૂલો હરિભક્તોને પાછાં આપી દીધાં. અને પેલું મોટું લાલ રંગનું સુગંધ વિનાનું શોભાનું ફૂલ ફરીથી હાથમાં લઈ ફેરવવા લાગ્યા.

એવામાં મગનભાઈના બે આફ્રિકન નોકરો ત્યાં દર્શને આવ્યા. તેઓ વીસ વર્ષથી તેમને ત્યાં નોકરી કરતા. દારૂ-માંસ લેતા નહિ. સિગારેટ પીતા નહિ. સિગારેટની રાખ પડી હોય તો તેને પણ અડે નહિ. તેમને જોઈને સ્વામીશ્રી રાજી થયા. બન્નેને વાંસામાં ધબ્બા આપી આશીર્વાદ આપ્યા અને વર્તમાન ધરાવ્યાં.

રાત્રે ૯-૦૦ વાગે લક્ષ્મીનારાયણ મંદિરમાં જાહેર સભા થઈ હતી. સ્વામીશ્રી પધાર્યા નહોતા, પણ કિસુમુની મુમુક્ષુ જનતા સારા પ્રમાણમાં ઊમટી હતી. અંબાલાલભાઈ (અમદાવાદ) તથા નારાયણ ભગતે પ્રેરક વચનો કહ્યાં.

સ્વામીશ્રી જ્યારે સભામાં પધારતા નહિ ત્યારે પણ સભામાં કોણ કોણ વાતો કરશે તે ઘણી વાર સૂચવતા. દેશથી સાથે આવેલા મોટેરા હરિભક્તોનો પણ આફ્રિકાના સત્સંગીઓને લાભ મળે એવું પોતે સદા ઈચ્છતા. અંબાલાલભાઈ પણ તેમની સાદી-સરળ ભાષામાં સંત-મહિમાની સચોટ વાતો કરતા. હરિભક્તોમાં પરસ્પર પ્રીતિ-મહિમા વધે એવો પ્રયત્ન સ્વામીશ્રી હંમેશાં બહુ ખટકો રાખી કરતા.

વ્યસનમુક્તિ યજ્ઞ

ખેતીવાડી સંપન્ન, વિશ્વના મહાન મીઠા સરોવર વિક્ટોરિયાને કિનારે આવેલો કેન્યાનો આ પ્રદેશ ઘણો જ રળિયામણો છે. આબોહવા ખુશનુમા રહે છે. કિસુમુ જેવા નાના નગરમાં હિંદુ પ્રજા સુખી, શાંતિપ્રિય અને શ્રદ્ધાળુ વધારે. સ્વામીશ્રીનાં પૂજા-દર્શનમાં જ વહેલી સવારના ઘણા હરિભક્તો તથા મુમુક્ષુઓ દર્શનનો લાભ લેવા આવી જતા. સ્થાનિક ભજન મંડળી સાજ સાથે ભજનો ગાતી. એમાં એક આફ્રિકન ભાઈ 'મૂકેશકુમાર' પણ દેશી રાગ-ઢાળમાં ગુજરાતી ભજનો મધુર કંઠે લલકારતા. આ જોતાં સ્વામીશ્રીએ પણ આશ્ચર્યનો ભાવ વ્યક્ત કર્યો હતો અને પ્રસન્નતા દર્શાવી હતી.

પૂજા પછી નવા મુમુક્ષુઓને સત્સંગનાં વર્તમાન ધરાવવાનો કાર્યક્રમ રોજ

નિયમિત રીતે થતો. કેટલાય નવા નવા ભાવિકો સામે ચાલીને સ્વામીશ્રીનો આશ્રય સ્વીકારતા અને પંચ વર્તમાન ધારીને પૂર્વનાં પાપોથી મુક્ત થઈ, વ્યસનો છોડી સત્સંગાભિમુખ થતા.

આ દેશમાં સુખી-સમૃદ્ધ જીવનને કારણે ઘણા એશિયનો અહીંની અમર્યાદ ભૌતિકતામાં ઘસડાઈ જતા. સ્થાનિક પ્રજાની જેમ ખાવા-પીવાની લતે ચઢી જતા અને જીવન બરબાદ કરતા. એવા કેટલાય વ્યસની અને રઝળી પડેલા જીવો, સ્વામીશ્રીના યોગમાં આવી પડતા. તેમની જીવનદિશા બદલાઈ જતી અને સાચા અર્થમાં સુખી થતા. આમ, વ્યસનો છોડાવવાનો કાર્યક્રમ લગભગ રોજ ચાલતો. અને સ્વામીશ્રીની અતિ શીલ-સંપન્ન મૂર્તિના પ્રભાવથી ભલભલાની કુટેવો દૂર થઈ જતી. સ્થાનિક ભક્તોને આ જોઈ ઘણું આશ્ચર્ય થતું અને સ્વામીશ્રીમાં પ્રભુતાનું સહેજે દર્શન થતું.

અત્રેના સત્સંગ મંડળના મોવડી મગનભાઈ પણ આવા જ એક પરિવર્તનનું મૂર્તિમાન દૃષ્ટાંત હતા. વ્યાવહારિક કોઠાસૂઝ અને સામાજિક મોભાને કારણે સત્સંગમા પણ તટસ્થ અગ્રગણ્યતા ભોગવતા હતા.

આફ્રિકાના વિચરણ દરમ્યાન દરેક સ્થળે પૂજા પછી વર્તમાન વિધિનો કાર્યક્રમ આ જ રીતે ચાલતો. ત્યારપછી સ્વામીશ્રી સ્થાનિક હરિભક્તો અને ગામના ભાવિકો સાથે ઉકાળો-નાસ્તો લેતા. પોતે તો ખરેખર અલ્પ - સૂક્ષ્મ જ ગ્રહણ કરતા; પણ બીજા - સાથેનાને આગ્રહ કરી જમાડવામાં, પ્રેમ પાથરવામાં જ એમને આનંદ હતો. થોડા આરામ પછી સ્વામીશ્રી ટપાલો લખતા-વાંચતા. કોઈકને અંગત મળતા. સત્સંગની વાતોચીતો કરતા. દરમ્યાન પ્રમુખસ્વામી અને સંતમંડળ પધરામણીએ જતા.

બપોરના ઠાકોરજી જમાડ્યા પછી કથા પ્રસંગ બાદ સાંજે જાહેર સભા પ્રસંગોમાં સ્વામીશ્રી પધારતા. રાતની સભાની જવાબદારી મોટે ભાગે પ્રમુખ-સ્વામીને શિરે રહેતી. વચ્ચે પધરામણી, આજુબાજુનાં નજીકનાં ગામોનો સત્સંગ-પ્રવાસ પણ પ્રમુખસ્વામી જ સ્વામીશ્રીની આજ્ઞાથી સંભાળી લેતા. આમ, સ્વામીશ્રીને પણ ઘણી જ રાહત રહેતી. વિશેષ તો સ્વામીશ્રીના સાંનિધ્યથી જ હરિભક્તો અને નવા નવા મુમુક્ષુઓમાં સત્સંગ-મહિમાના સંસ્કારોનું સિંચન સહેજે થતું, સૌ દિવ્યતા અને કૃતાર્થપણાનો અનુભવ અવશ્ય કરતા.

બીજા દિવસે બપોરની કથામાં વચનામૃત સમજાવતાં સ્વામીશ્રી કહે :

'સહજાનંદ સ્વામી ભગવાન છે. તે સિવાય બીજે નિષ્ઠા નહિ, તે ખીલી.

વ્યવહારમાં ભલે અખંડ વૃત્તિ રહે, પણ નિશ્ચયરૂપી ખીલી ભુલાય ? કોઈ પચાસ લાખ રૂપિયા આપે તોય એ નિશ્ચય ડગે ? સ્વરૂપાનંદ સ્વામીને તેલધારા વૃત્તિ; પણ તે કરતાં આ નિશ્ચયરૂપી ખીલી અધિક.'

મોંઘો માણસનો અવતાર

તા. ૨૧મીએ સાંજે જાહેર સભામાં સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આજે કિસુમુની જનતાને અલભ્ય લાભ મળ્યો છે. આવો લાભ ફરી મળવા સંભવ નથી. પંચામૃત સત્સંગ શહેરમાં મળ્યો, તે મોટાં ભાગ્ય સમજવાં. આજે તો અલભ્ય લાભ મળ્યો છે. શેરડીના સાંઠાનો વચલો ભાગ મળ્યો છે. મોંઘો મનુષ્ય દેહ આપણને મળ્યો છે. તેનું કીર્તન છે : *'માણસનો અવતાર મોંઘો નહિ મળે ફરી.'*

'શ્રીકૃષ્ણ પરમાત્મા ને અર્જુન બે ચાલ્યા જતા હતા. અર્જુને પ્રશ્ન પૂછ્યો : 'હે ભગવાન ! મનુષ્ય દેહ ક્યારે મળે ?' કૃષ્ણ ભગવાને આ સાક્ષાત્ ઉત્તર દીધો : 'ચારસો ગાઉની પાણીની વાવ ભરેલી હોય ને તેને ઉલેચવા માટે માથાનો વાળ લઈ, તેનાં ચાર ઊભાં ફાડિયાં કરીને, તેમાંથી એક ફાડિયે કરીને ઉલેચે તે વાવ જ્યારે ખાલી થાય ત્યારે મનુષ્ય દેહ મળે.' અર્જુને ભગવાનને કહ્યું : 'ત્યારે તો ના જ પાડો ને !' ભગવાને કહ્યું : 'ના તો ન પડાય, પણ આટલો વિલંબ છે.' એવો મોંઘો મનુષ્ય દેહ આપણને મળ્યો છે.

'મનુષ્યો પણ આઠ પ્રકારના છે : નોળિયા, એકલટંગા, વાંદરા, બિલાડી, ખિસકોલી, પોપટ, જળમાનવ. આ બધા મનુષ્યના અવતાર છે; પણ એ દેહથી રામ, કૃષ્ણ, ગોવિંદ, શિવનું નામ ન લેવાય. છેવટનો અવતાર આ મનુષ્યનો. ઉચ્ચ દેહ આપણને મળ્યો છે. માંસ ખાવું, મદિરા પીવી, એ મનુષ્ય દેહનું ફળ નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનો દેહ આવ્યો તેમાં પાંચ માળા ભગવાનની ફેરવી લેવી. રામાયણ, ગીતા બે ઘડી સાંભળી લેવી. દેહ પડશે ત્યારે ખોળામાં પૈસા મૂકશે ? સારું ખાંપણ પણ નહિ મૂકે ! માણસનો અવતાર મળ્યો, તેમાં ત્રણ વાનાં મૂકવાનાં : માન, મરડાઈ અને મોટપ.

'એક ભક્ત માંદા પડ્યા. તેણે રામનું નામ કોઈ દી' લીધેલું નહિ. કોઈએ કહ્યું : 'રામનું નામ લ્યો.' તો કહે : 'ના.' પછી કુંભારને ત્યાંથી રામૈયું લાવી પૂછ્યું : 'આનું નામ શું ?' તો કહે : 'શકોરું.' પણ 'રામૈયું' નામ ન દીધું. પછી તો પરમાર્થ માટે આપેલો તેનો દેહ પડી ગયો. આવા ઓછા દિલના માણસ હોય છે.

'આ મીઠો સાગર છે (વિક્ટોરિયા સરોવર), તેને ગમે તેવો બુદ્ધિશાળી માણસ હોય, તે ધારે કે 'હું તરી જાઉં,' તોય ન તરાય. અંદર મગર હોય તે ખાઈ જાય. પત્તોય ન લાગે. માટે સાગર તરવા માટે આગબોટ જોઈએ. મનુષ્ય દેહ નાવ છે, તેને સત્પુરુષ ભગવાનના ધામમાં લઈ જાય; નહિ તો દેહ તો આજ કે કાલ પડી જવાનો છે. દેવાનંદ સ્વામી સમજાવે છે : *'નિર્લજ્જ તું નવરો ન રહ્યો, ઘરધંધો કરી.'*

'આવી રીતે શાસ્ત્રોમાં, કવિતામાં મોટા મોટા લખે છે એ મનુષ્ય અવતાર આવ્યો છે. તો જિંદગીનું સાર્થક કરી લેવું. સાડા ત્રણ કોટિ પ્રાકૃત પ્રલય પછી મનુષ્ય દેહ મળે છે. આપણને તે મનુષ્ય દેહ મળ્યો. રામ, કૃષ્ણ, સહજાનંદ મહારાજ બધા ભારતમાં પ્રગટ્યા. યુરોપ, અમેરિકા, રશિયામાં નથી પ્રગટ્યા. ત્યાં તો લાહા (લાસું અર્થાત્ રુક્ષ) છે.

'જ્યાં દેશનું વાતાવરણ સારું હોય ત્યાં અવાય. અહીં કમાવા આવ્યા છીએ. પુણ્યદાન, ભક્તિ કરવી. હાથે તે સાથે.'

તા. ૨૨મીએ સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રી કહે : 'આજે તો ગોંડલ ગયા. ત્યાં નાહી-ધોઈને ખભે ખડિયો ભરાવીને ઉપર અક્ષરપુરુષોત્તમ મહારાજ આગળ આરતી-પૂજા કરી. ને પછી લઘુ કરવા ઊઠવાનું થયું. ને આંખ ઊઘડી ગઈ.'

જૂની વાતો સંભારતાં સ્વામીશ્રી બોલ્યા : 'મારી પૂજાની ૩૦ વરસ જૂની ધાબળી કોઈ વૈષ્ણવ (ચોર) લઈ ગયો. એક ખડિયો, ધાબળી અને બેસવાનું આસનિયું, આ ત્રણ જૂનાં હતાં.'

મિવાની સુગર મિલમાં

આજે ૧૦-૩૦ વાગે અહીંથી લગભગ ૫૦ જેટલી મોટરકારોમાં સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી ૨૦ માઈલ દૂર મિવાની પધાર્યા.

અહીં સુગર મિલના માલિક મગનભાઈ હિન્ડોચાનું ખાસ આમંત્રણ હતું. માઈલોના વિસ્તારમાં કેટલાય શેરડીના શાંભાઓ અને મિલમાં કાર્ય કરતા આફ્રિકનો, એશિયનોનું અહીં નગર વસી ગયું છે. અચાનક કામ પ્રસંગને કારણે મગનભાઈ હાજર રહી ન શક્યા, પણ નિષ્ઠાવાન સત્સંગી નારણપ્રસાદ દવે તથા મુખ્ય અધિકારીઓએ લાયન્સ ક્લબના પ્રવેશદ્વારમાં સ્વામીશ્રી અને સંતોનું સ્વાગત કર્યું. ક્લબનો હૉલ શેરડીના સાંઠાઓ અને રંગીન લાઈટોથી સુશોભિત કર્યો હતો. મિલના મૅનેજર શાહ સાહેબ, નારણપ્રસાદભાઈ તથા ઠાકરશી

કુટુંબના ભાઈઓ વ્યવસ્થામાં હતા. સૌએ સંતોને પુષ્પહાર અર્પણ કર્યા, સત્સંગ-વિષયક સંબોધનો થયાં. નૈરોબી યુવક મંડળે ભજનનો આસ્વાદ કરાવ્યો.

સ્થાનિક અધિકારીઓ અને મુમુક્ષુઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'સત્સંગનો રંગ ચડતો રાખવો, પણ મોળા ન પડવું.'

ઠાકોરજીનાં પૂજન અને આરતી પછી, શેરડીનાં ઊભાં ખેતરો વચ્ચે સહેજ ઊંચાણમાં આવેલા મગનભાઈના ભવ્ય આવાસમાં પધાર્યા. તેમનાં ભાવિક ધર્મપત્નીએ બધી વ્યવસ્થા પ્રેમથી ઉપાડી લીધી હતી. ભારે પકવાનના થાળ ઠાકોરજીને જમાડ્યા. જમ્યા પછી ગ.પ્ર. ૧૭ વચનામૃતનું સૌને અમૃતપાન કરાવી સ્વામીશ્રી કહે :

'જે જમીનના સંસ્કાર જોર કરે ત્યારે સત્પુરુષ તેના ઉપર પધારે છે. નહિ તો કરોડો રૂપિયા ખર્ચો તોપણ આવો જોગ ન આવે. આ મેવાની ફૅક્ટરી, શાંભો, બધું મહાપ્રસાદીનું થયું.'

ત્યારબાદ આરામમાં પધાર્યા. અન્ય હરિભક્તોની ભોજન-વ્યવસ્થા લાયન્સ ક્લબમાં કરવામાં આવી હતી.

સાંજે સુગર મિલમાં પધરામણી કરી. નાના-મોટા સૌ કાર્યકર્તાઓને હેતના ધબ્બા-આશીર્વાદ આપી, ૬-૩૦ વાગે સ્વામીશ્રી મગનભાઈ પટેલના શાંભામાં કિરિગોરોમાં પગલાં કરી, ૭-૨૦ વાગે કિસુમુ પહોંચી ગયા. આજે સ્વામીશ્રી શ્રમિત જણાતા હતા.

સ્મૃતિ સ્વપ્નસૃષ્ટિ બને છે

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે ઊઠતાં જ સ્વામીશ્રીએ વાત કરી કે 'સ્વપ્નું આવ્યું. આજે સારગપુરમા બે સંન્યાસીને જમાડ્યા. શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા હતા. નિષ્ઠાવાળા હતા. તે દૂધમાં રોટલી ને મગજના બે લાડુ ને પાણીનાં પવાલાં ધર્યાં. પછી જમાડ્યા ને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરાવ્યાં. ત્યાં મૂળજીએ ઊઠાડ્યો ને આંખ ઊઘડી ગઈ.'

'સંન્યાસી કોણ ?' અમે પૂછ્યું.

ત્યારે કહે : 'ચાલીસ વર્ષ પહેલાંની વાત છે.'

આજે પ્રમુખસ્વામીએ અહીંથી લગભગ ૧૫ માઈલ દૂર મારાગોલી ગામે પધરામણી કરી હતી.

બપોરે જાહેર ભોજન સમારંભ યોજાયો, જેમાં લગભગ ૨,૫૦૦ જેટલા

ભાવિકોએ ઠાકોરજીનો પ્રસાદ લીધો. સાંજે જાહેર સભા પછી સ્વામીશ્રીએ મહાદેવની આરતી ઉતારી. ન્યાઝા પ્રોવિન્સમાં કિસુમુ આવેલું હોવાથી, ન્યાઝેશ્વર મહાદેવ એવી નામકરણ વિધિ પણ સ્થાનિક ભક્તોની પ્રાર્થનાથી સ્વામીશ્રીએ કરી અને સંસ્થા તરફથી મંદિરમાં મોટી ભેટ પણ મુકાવી.

તા. ૨૪મીએ અહીંથી લગભગ ૬૦ માઈલ દૂર કેરિચો ગામે પ્રમુખ-સ્વામી પધરામણીએ પધાર્યા હતા. અહીંના લક્ષ્મીનારાયણ મંદિરના કાર્યકર્તાઓ તથા ગામની હિંદુ જનતાએ પ્રમુખસ્વામી અને સંતોનું ફૂલહારથી સ્વાગત કર્યું. સત્સંગ સભા પછી ગામમાં પધરામણીઓ કરી, પ્રમુખસ્વામી કિસુમુ પધાર્યા હતા.

વર્તમાનનો વેપાર

અહીં સ્વામીશ્રી પાસે એક ભાવિક આવ્યા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'વર્તમાન ધરાવો.'

'ના, મહારાજ ! મારે તો ફક્ત આશીર્વાદ જ લેવા છે.'

'આશીર્વાદ ને આ સરખું છે. કાટ કાઢવો પડશે ને ! તમે વર્તમાનનો મંત્ર તો સાંભળો. ખુશ થઈ જશો.' સ્વામીશ્રીએ એક અચ્છા સેલ્સમૅનની અદાથી આગ્રહ ચાલુ રાખ્યો. અને એ ભાઈને વર્તમાન ધરાવ્યાં પણ ખરાં !

મોટાપુરુષની રીત સમજાય નહિ. સામા જીવને ઓળખીને કઈ રીતે તેને ભગવત્સન્મુખ કરતા હોય તે કળાવું કઠણ છે. કોઈ એમનું અનુકરણ કરવા જાય તો ઊંધું પડે.

આફ્રિકનોને સત્સંગ - સદાવ્રત

આજે સવારે યુવક મંડળની સ્થાપના કરી. પછી આશીર્વાદ આપતાં કહે :

'બાળ મંડળ ૫૦, ને યુવક મંડળ ૫૦ એમ કરવું છે. રિપોર્ટ મુંબઈ મોકલવો. આજે મંગળવાર. મંગળ કરે ગંગળ. બધાનાં નામ લખો. અત્રે અહીં ચાર દિવસ રહ્યા, તે તમે ચાર વરસ માનજો.

'અહીં ઓડ, સુણાવ, કરમસદ, જૂનાગઢના હરિભક્તો છે.' (અહીં એક હરિભક્ત ધારીના હતા, પણ સ્વામીશ્રી 'ધારી' નામ ન બોલ્યા ને જૂનાગઢ બોલ્યા.)

'બાપા ! એ તો ધારીના છે.' કોઈએ કહ્યું.

'એ ઠીક છે.' સ્વામીશ્રીએ ટૂંકમાં પતાવ્યું. 'ધારી' નામ પણ બોલવામાં એમને શું વાંધો હશે ? પણ રજેરજ મહારાજની આજ્ઞા પાળતા આ પુરુષને એ

કેમ પાલવે ?

વળી આગળ કહ્યું : 'સભામાં નિયમિત આવવું. જે ન આવે તે એક શિલિંગ દંડ ભરે. સંતો વરસે વરસે આવશે.

'નેટિવોને પણ સત્સંગ કરાવવો, તેની ભાષામાં ચોપડી છપાવવી. તેના જીવનો મોક્ષ થાય.

'શ્રીજીમહારાજે હબસી, સીદી, કાઠી, કોળી બધાયને સત્સંગ કરાવ્યો છે. કોઈને નથી છોડ્યા. તમારે ત્યાં હબસી વાસણ ઊટકતો હોય, તેને દારૂ, સિગારેટ પીવા ન દેવી.'

સાંજે ૪-૦૦ વાગે કિસુમુમાં વિદાય સભા રાખવામાં આવી હતી.

કોઈપણ શહેર કે ગામમાંથી સ્વામીશ્રીની વિદાય વેળાએ વગર આમંત્રણે સભા ગોઠવાઈ જતી. નિઃસ્વાર્થ પ્રેમથી સૌનાં ચિત્તને ચોરી લેતા સ્વામીશ્રી, હવે આપણી વચ્ચેથી બીજે જશે, એ વિચારમાત્ર અસહ્ય બનતાં, નાના-મોટા સૌ ભક્તો ને ભાવિકો દોડી આવતા. ફરી ફરીને એમનાં દર્શન-વાણીનો લાભ લેવાનો લોભ જતો કરી શકતા નહિ. સ્વામીશ્રીની સમગ્ર પ્રતિભાનું, અંગેઅંગનું કોઈ અજબ આકર્ષણ હતું કે એમનાં નેત્રો, એમની વાણી, એમનો ખોંખારો, એમનું મુખારવિંદ, એમના હાથનાં લટકાં, એમનું મોહક હાસ્ય, અંગોઅંગના હાવભાવ, આપણી સમગ્ર ઈન્દ્રિયો, મન અને અંતઃકરણને જાણે લોહચુંબકની જેમ ખેંચતા. એમાં પણ એમના આશીર્વાદનો ધબ્બો, એમનો એ દિવ્ય સ્પર્શ, એક વાર તો દુનિયાભરની મમતા મૂકી, અનુભવવાનું મન થયા વગર રહેતું નહિ. આમ, વિદાય સમારંભો સહેજે યોજાઈ જતા. ભક્તોના કંઠ રુંધાઈ જતા, હૃદય કંપી ઊઠતાં, આંખમાંથી દડ દડ આંસુ વહેતાં, અંગેઅંગ વિશેષ સ્નેહ-પાશથી એવાં તો બંધાઈ જતાં કે યુગયુગની પ્રીતિના કોલ, આ યુગપુરુષ સાથે થઈ જતા.

અત્રેના મગનભાઈ, મોહનભાઈ, હરિહરભાઈ વગેરે ભક્તોએ ભારે મને સ્વામીશ્રીને વિદાય આપી. છતાં વિદાયની અંતિમ ક્ષણોમાં પણ ભક્તો ઉપર કોઈ અજબ કામણ કરી, તેમને હળવા ફૂલ જેવા બનાવી, આનંદસભર કરી દેવાની પણ સ્વામીશ્રીની એક વિશિષ્ટ કળા હતી.

❀ ❀ ❀

યુગાન્ડામા પ્રવેશ



લગભગ સાંજે ૪-૧૫ વાગે કિસુમુથી વિદાય લઈ, ૩૦ જેટલી મોટરકારોના સમુદાય સાથે સ્વામીશ્રી ટરોરો આવવા નીકળ્યા.

વચ્ચે રસ્તા ઉપર વિષુવવૃત્ત રેખાચિહ્ન આવે છે, એ પસાર કરીને મારાગોલી ગામે પધાર્યા. સૌને દર્શન આપી, આગળ કાકામેગા ગામે આવી પહોંચ્યા. પ્રમુખસ્વામી અને સંતો ગામમાં રામજી મંદિરે દર્શને પધાર્યા હતા. હજુ લગભગ ૮૦ માઈલ રસ્તો કાપવાનો હતો. કેટલીક જગ્યાએ રસ્તો થતો હતો. એટલે વચમાં 'ડાયવર્ઝન' ઘણાં આવતાં હતાં. છેવટે કેન્યાની હદ નજીક આવી પહોંચ્યા. કિસુમુથી હરિભક્તો પણ અહીં સુધી વળાવવા આવ્યા હતા.

અહીંથી હવે યુગાન્ડામાં પ્રવેશવાનું હતું. એટલે આ દેશમાં પ્રવેશવાની વિધિ - પાસપૉર્ટ ઉપર સહી-સિક્કા પડાવવાના હતા. મગનભાઈની કાર્યકુશળતાથી બધું જલદી પતી ગયું. કેન્યાના ભક્તોને આશીર્વાદ આપી, 'No man's land' ઓળંગી, સ્વામીશ્રી અને ભક્ત-સમુદાય યુગાન્ડાની હદમાં પ્રવેશ્યા. અહીં યુગાન્ડાના તથા ટરોરોના હરિભક્તો સામે લેવા આવી ગયા હતા. આ દેશમાં પ્રવેશવાની પાસપૉર્ટ વિધિ સી.એમ. પટેલે જલદીથી પતાવી.

ટરોરો, મ્બાલે, કંપાલા, જિન્જા, ગુલુ વગેરે ગામોમાંથી લગભગ ૪૦ જેટલી મોટરોમાં બૅન્ડ-વાજાં સાથે યુગાન્ડાના હરિભક્તો સ્વામીશ્રીના સ્વાગત માટે યુગાન્ડાની સરહદે આવી પહોંચ્યા હતા. પોતાના દેશની ભૂમિ ઉપર સંતોનાં દર્શનનું આકર્ષણ પણ અનેરું હોય છે. સૌ ઘેલા ઘેલા થઈ સ્વામીશ્રીની મોટરને વીંટળાઈ વળ્યા. બૅન્ડ-વાજાં વાગ્યાં. જયનાદો થયા. અને મોડું થતું હોવાથી સંઘ આગળ ચાલ્યો.

યુગાન્ડાના અને એમાં પણ ટરોરોના યુવાન સત્સંગીઓની એક વિશેષતા હતી – અતિ ઊંચા સ્વરે જયઘોષ કરવામાં તેમનો નંબર. કૂદી કૂદીને, હાથ

ઉછાળીને જ્યારે તેઓ જયજયકાર કરે, ત્યારે કદાચ દેવોને પણ તેમની ઈર્ષા આવતી હશે. આ જયઘોષ સાંભળી સ્વામીશ્રીનું પણ હસવું સમાતું ન હતું.

સી.એમ. પટેલની સુંદર શણગારેલી નવી મોટરમાં સ્વામીશ્રી બિરાજમાન થયા હતા. યુગાન્ડાની હદ શરૂ થતાં, તદ્દન નજીક, લગભગ ૧૪ માઈલ ઉપર જ ટરોરો ગામ વસેલું છે. જોતજોતામાં ટરોરો ગામમાં પ્રવેશ્યા. અને એક પછી એક સ્વામીશ્રીને મળવા દોડતી હોય એમ મોટરો પણ ચેતનવંતી બની, ઈર્ષા કરતી, અડી અડીને દોડી રહી હતી. આમ, આપોઆપ શોભાયાત્રા ગોઠવાઈ ગઈ હતી.

સૌ મંદિરે આવી પહોંચ્યા ત્યારે રાત્રે ૮-૧૫ વાગ્યા હતા. મંદિર લાઈટોથી ઝગમગાટ કરતું સુંદર શોભતું હતું. ખુલ્લા આકાશમાં જાણે તારા-મંડળનું ઝુમ્મર શોભે એમ મંદિરનાં ત્રણ શિખરો પણ રંગબેરંગી પ્રકાશથી શોભતાં હતાં. આ બધી શોભા ઉપર સહેજ દૃષ્ટિ પ્રસારી, સ્વામીશ્રીનું મન ઠાકોરજીના સિંહાસન તરફ જ દોડી ગયું. 'વ્હીલચૅર' - સિંહાસન પાસે આવી ગઈ. મૂર્તિઓનાં દર્શન કરતાં સ્વામીશ્રી સ્તબ્ધ બની ગયા. આંખો મૂર્તિ ઉપરથી ખસતી નહોતી. બન્ને હાથ આપોઆપ જોડાઈ જતા. પગે લાગતા સ્વામીશ્રી ક્યાંય સુધી મૂર્તિઓનાં દર્શન કરતા રહ્યા. પ્રદક્ષિણા (ખુરશીમાં) કરી સ્વામીશ્રી મંદિરના હૉલમાં જ ઠાકોરજી સમક્ષ સભામાં બિરાજ્યા. પુષ્પહાર અને સ્વાગત બાદ સભા વિસર્જન થઈ.

મંદિર સામે જ આવેલા સી.એમ. પટેલના આવાસમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. અન્ય સંતો મોતીભાઈના ઘરે ઊતર્યા હતા. અને મંદિરમાં હરિભક્તોને ઊતરવાની વ્યવસ્થા કરી હતી.

પાંચેક કલાકના સતત પ્રવાસ અને પરિશ્રમથી સ્વામીશ્રી ખૂબ જ થાકી ગયા હતા. નાહવા-ધોવાની તથા ઉકાળો લેવાની પણ ના પાડી. તુરત આરામમાં ગયા. લગભગ ૯-૩૦ વાગે નાડી તપાસી તો ૭૫ હતી. આટલા શ્રમ પછી પલ્સ નોર્મલ જોતાં સૌને આશ્ચર્ય થયું. છેલ્લા છ મહિનામાં આવું પહેલી જ વાર જણાયું. નહિ તો શ્રમ પછી નાડી થોડી અનિયમિત થઈ જતી.

ટરોરોમાં સત્સંગનો જબરો રંગ

ટરોરો, એક નાનકડું ગામ, ગોકુળિયું જ કહો ને ! ભક્તો પ્રેમી. ઘણાખરા જુવાનિયા, પણ જુવાનીનો રંગ નહિ. સ્વામીશ્રીના આગમનથી સૌ ઘેલા ઘેલા થઈ ગયા હતા. દરેક જગ્યાએ થતું એમ અહીં પણ નાનાં-મોટાં બાઈ-ભાઈ સર્વ

સ્વામીશ્રી તથા સંતો-હરિભક્તોની સેવામાં લાગી ગયાં હતાં. સી.એમ. પટેલની દોરવણી નીચે, એક અવાજે સેવાકાર્યની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. મુખ્ય વ્યવસ્થા ભોજનની, એમાં મહિલા મંડળે દિવસ-રાત જોયા વગર કેડ કસી હતી.

ભક્તરાજ મગનભાઈની આ પ્રાસાદિક ભૂમિ. આ સ્થળે અનેક ઉત્સવો ઊજવાતા. દિવસોના દિવસો સુધી જ્ઞાનયજ્ઞો ચાલતા. રાતોની રાતો જ્ઞાનગોષ્ઠિ થતી. પૂર્વ આફ્રિકાના હરિભક્તોને, સત્સંગને આ સ્થળેથી ભક્તરાજ મગનભાઈ દ્વારા અનેક ગણી પુષ્ટિ મળી. એટલે આ તીર્થભૂમિમાં રહેતા ભક્તોમાં પણ સત્સંગનું બળ અનેક ગણું હોય જ.

અહીં રોજ સવારે સી.એમ. પટેલને ઘેર જ સ્વામીશ્રી પૂજા-દર્શનનો લાભ આપતા. સ્નાનાદિકની પ્રાતઃ વિધિમાં સ્વામીશ્રીની સેવાનો અલભ્ય લાભ લેવા બાળકો, યુવાનો હાજર થઈ જતા. સેવા માટે પડાપડી થતી. દોડાદોડી થતી. સ્વામીશ્રીને સ્નાન માટે ગરમ પાણી લાવવું, શરીર ચોળી સ્નાન કરાવવું, કપડાં ધોવાં વગેરે નાની-મોટી ક્રિયામાં પણ સેવાની ખેંચતાણ થતી; પણ દરેકને સેવાનો લાભ મળે એવી વ્યવસ્થા રહેતી. સ્વામીશ્રી પણ સ્નાન કરતાં જાય, બાળકો-યુવકો પાસે વાતું બોલાવતા જાય, એમ સૌ સાથે હેત કરતા જાય. દૈહિક ક્રિયામાં પણ સત્સંગ. એટલું પણ અધૂરું હોય એમ સ્વામીશ્રીની સેવાનો લાભ લેવા માટે પરદેશના પ્રેમાળ બાળકો-યુવકોને ભારે વળતર ચૂકવવું પડતું - નિર્જળા ઉપવાસ ! દિવસમાં પાંચથી છ વાર જેમને ખાવા-પીવાનો કાર્યક્રમ ચાલતો હોય, એક ટંક પણ ખોટું કરતાં જેમને પેટમાં ખાડો પડી જતો હોય અને લથડિયાં લેતા હોય, એવા બાળકો અને યુવાનો સેવાના લોભે લોભે અતિશય યત્ન કરીને ઉપવાસ ખેંચી કાઢતા. એ બાળકોને બાપા - સ્વામીશ્રી સાથે કેવું હેત બંધાયું હશે ? ઉપવાસ પછીના દિવસે સ્વામીશ્રી તેમને પારણાં કરાવવાની - જમાડવાની પણ ખબર રાખતા-રખાવતા. આવો પ્રેમનો સોદો અરસ-પરસ ચાલતો અને સ્વામીશ્રી સૌનાં હૃદયમાં વસી જતા.

પૂજા-દર્શનમાં પણ ખૂણેખાંચરે ઊભા રહીને, ડોકિયાં કરીને પણ નાના-મોટા સૌ કોઈ દર્શનની ઝાંખી લેતા. એટલે તો સ્વામીશ્રી પૂજા કરવા પધારે તે પહેલા તો પૂજાનો ખંડ દર્શનાર્થીઓથી ખીચોખીચ ભરાઈ જતો. આમ, સ્વામીશ્રીની આસપાસ દરેક સમયે સારી ભીડ રહેતી.

સંતો-હરિભક્તો સાથે થોડો ઉકાળો લઈ સ્વામીશ્રી આરામમાં પધારતા. ૧૦-૦૦ વાગે મંદિરમાં દર્શને જતા. ખુરશીમાંથી ઊતરીને ધીરે ધીરે દંડવત્

કરવાનો અને ચાલીને પ્રદક્ષિણા કરવાનો તેઓ ખાસ આગ્રહ રાખતા. છતાં સૌના આગ્રહથી ખુરશીમાં બેસીને પ્રદક્ષિણા કરવાનું એમણે ન છૂટકે સ્વીકાર્યું હતું. એટલે ધીરે ધીરે ખુરશી ચાલતી જાય ને પોતે નતમસ્તકે જાણે, ચાલતાં ચાલતાં જ પ્રદક્ષિણા કરતા હોય એમ સંકોચાતા ખુરશીમાં બેઠા હોય.

છેલ્લા ઘણા સમયથી સ્વામીશ્રી અશક્તિને કારણે 'વ્હીલચૅર'માં બેસીને જ બધે ફરતા. પગથિયાં ચડવાનાં હોય ત્યારે પણ એ અનુકૂળ આવતી. દેશમાંથી સાથે 'વ્હીલચૅર' લઈને જ આવેલા. પાછળથી ધીરે ધીરે 'વ્હીલચૅર' હાંકવા ચાલક તરીકે કેવળ સેવા આપવા સ્વામીશ્રી આગ્રહ રાખીને મને જ સોંપતા. કારણ, જરાપણ હેલો ન આવે, એનું ખાસ ધ્યાન રાખવાનું રહેતું. આગળનાં બે હૅન્ડલ પકડીને ચાલવાની સેવા નવા નવા યુવકોને મળી શકતી. છતાં આગળનો કાબૂ - કન્ટ્રોલ સ્વામીશ્રી પોતાના હાથમાં જ રાખતા. આજુબાજુ ઊભા રહેલા, સામે આવતા હરિભક્તોને પગે લાગતાં પોતે બેઠા હોય ને ખુરશી ધીરી ગતિએ જતી હોય; એમાં કોઈ વયોવૃદ્ધ કે જૂના હરિભક્ત સામે મળે, અથવા કોઈને ખાસ મળવું હોય તો આગળનો હાથો ખેંચતા યુવકનો હાથ પકડી બ્રેકની જેમ એકદમ એને ઊભો રાખતા. સૌને મળતા અને 'વ્હીલચૅર' આગળ ચાલતી. સ્વામીશ્રીનાં આ દર્શનનો એક અનોખો આનંદ હતો. સ્વામીશ્રીની મોટર સાથે 'વ્હીલચૅર' હંમેશ રાખવામાં આવતી. અને જ્યાં સ્વામીશ્રીને મોટરમાંથી ઊતરવાનો પ્રસંગ આવે કે 'વ્હીલચૅર' તૈયાર. પછી તો તદ્દન નિઃસંકોચપણે, બાળકની જેમ સાહજિકભાવે જ સ્વામીશ્રી 'વ્હીલચૅર'માં ગોઠવાઈ જતા.

હવે ચાલવાનો પ્રસંગ ઘણો ઓછો થઈ ગયો હતો. છતાં બપોરે જમ્યા પછી થોડું ચાલવાનું રાખતા.

અહીં સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી મંદિરમાં જ ટપાલ વાંચવી-લખવી તથા કોઈને હળવું-મળવું વગેરે કામકાજ આટોપતાં. સાથે કોઈ ને કોઈ સંતો કથાવાર્તા કરતા હોય. પ્રમુખસ્વામી પધરામણીએ ગયા હોય. બપોરે મોતીભાઈને ઘરે, મંડળ વતી સંતોને ઠાકોરજી જમાડવાનું ગોઠવ્યું હતું. સાંજે મંદિરમાં સભા. એમ કાર્યક્રમ રહેતો.

યોગીઓને દુર્લભ સેવા

તા. ૨૫મીએ સવારે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી આરામમાંથી ઊઠ્યા. કોઈએ કહ્યું : 'આ ભરત ગુલુથી આપની સેવામાં આવી ગયો.'

ત્યારે કહે : 'આ સેવા બહુ મોટાં પુણ્યવાળાને મળે છે.'

'બહુ મોટાં પુણ્ય શું ?' નારાયણ ભગતે પૂછ્યું.

'આ આફ્રિકનને સેવા મળે ? એ તો સત્સંગમાં જન્મ લીધો હોય તેને સેવા મળે. જેણે બહુ તપ પૂર્વે કર્યું હોય, તપ કરીને રાફડા થઈ ગયા હશે, ત્યારે આ સેવા મળી છે.' આવી ગંભીર વાતો પણ ગમ્મત કરતાં કરતાં કહી દેતા.

બપોરે સ્વામીશ્રી ઠાકોરજીનો મેવો - ફળનો પ્રસાદ જમતા હતા. સંતો સ્વામીશ્રીને વીંટળાઈને બેઠા હતા. તેમને સંબોધતાં સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, આ પ્રસાદી.'

'બાપા ! પછી અમે લઈ લઈશું.' એમ કહી સંતોએ સ્વામીશ્રીને જમવાનો આગ્રહ કર્યો. કારણ, સ્વામીશ્રી હંમેશાં આ રીતે ફ્રૂટ વગેરે જે પ્રસાદ હોય એ બધાને વહેંચી દેતા, પણ પોતે જમવાનું ટાળતા.

'એમ ન હાલે. હું આપું તે પ્રસાદી ગણાય. તેનું ફળ જુદું.' સ્વામીશ્રીએ એવો તો જવાબ વાળ્યો કે કોઈ સામે દલીલ કરી શકે નહિ.

ભોળા જણાતા સ્વામીશ્રીની બોલવાની ચતુરાઈ એવી હતી કે સામાની વાણી જ બંધ થઈ જાય. એમના વિધાનમાં યુક્તિ હતી, અને એ યુક્તિ સૌને ભગવાનમાં જોડવા માટે જ હતી.

સગાં-સંબંધી કરતાં અધિક સંત

'બાપા ! સત્સંગીના દીકરાને સાધુ બનાવવા માગતાં તમને બીક નથી લાગતી ?' એક ભક્તે પૂછ્યું.

'તમને ખબર નથી. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે રાજાનો કુંવર હોય તેનેય હું મુંડી નાખું !' સ્વામીશ્રીએ ગુરુના વચનનું સમર્થન આપ્યું.

'બાપા ! મા-બાપને તો દુઃખ થાય ને...!'

'શા માટે થાય ? એને દીકરામાં હેત છે તો અમારામાં હેત નથી ? કાઢો છેલ્લાનું સાતમું. સગાં-સંબંધી કરતાં અધિક સંતને વહાલા રાખવા. સંત અને ભગવાન એ બે જ વહાલા. એ માગે તે તરત સમજાવી-કરીને દઈ દેવું. દીકરાને સમજાવીને અર્પણ કરી દેવો. તેને પુષ્ટિ કરનાર જોઈએ. મન ફેરવનાર અમે છીએ. 'જા, સ્વામીને રાજી કર. રાજીપો લીધા જેવો છે.' એમ મા-બાપ કહે, તો આપણે બળ કરીએ.'

અસંખ્ય જીવો જ્યારે પ્રલય અગ્નિમાં નિત્ય હોમાય છે, ત્યારે ગુણાતીત

યજ્ઞમાં આહુતિ આપી, ગુણાતીતરૂપ થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી, જીવનને સાર્થક બનાવવાનું, ગુણાતીત સંત સિવાય કોણ હિંમત કરી સમજાવે ?

સમાની ગમ

સાંજે ૪-૩૦ વાગે મંદિરમાં સભા પ્રસંગે વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'સમાની ગમ એનું નામ સમાગમ. ક્રોધ, માન, ઈર્ષા અંદરોઅંદર ન રાખવા. ભગવાન સાથેય ઘણા કપટ રાખે છે.

'ગઢડામાં મહારાજ મંદિર કરતા હતા. એક ડોશી ત્યાં રહેતી હતી. તેને ઘેર ચોર ખાતર પાડવા આવવાના હતા. મહારાજે ડોશીને બોલાવી કહ્યું : 'તમારી પાસે કેટલા રૂપિયા છે ?' ડોશી પાસે પચ્ચીસ હજાર રૂપિયા હતા. તેના મનમાં – 'મહારાજ મંદિર થાય છે તેથી માગી લેશે.' તેથી કહ્યું : 'પાંચ હજાર રૂપિયા મારી પાસે છે.' મહારાજે કહ્યું : 'અમારે જોઈએ છે. પછી પાછા આપી દઈશું.' એમ કહી પાંચ હજાર રૂપિયા ભરાવી લીધા, ને મંદિરમાં રાખ્યા. રાત્રે ચોર આવ્યા ને ડોશીના ઘરમાં વીસ હજાર રૂપિયા હતા તે લઈ ગયા.

'ડોશી સવારે રડતી હતી. મહારાજે પૂછ્યું : 'કેમ રડે છે ?' પછી બધી વાત કરી. મહારાજે કહ્યું : 'તમારી પાસે અમે એટલા માટે રૂપિયા માગતા હતા. તમારે પચ્ચીસે હજાર જાવાના હતા. તમે કપટ રાખ્યું ને અમને પાંચ હજાર દીધા. અમારે તમારા રૂપિયા રાખવા નહોતા.' પછી હરજી ઠક્કરને કહ્યું : 'ડોશીના રૂપિયા પાછા આપી દ્યો.' ભગવાન જાણ્યા તોય કપટ રાખ્યું.

'શ્રીજીમહારાજ કહે છે કે ચાર પ્રકારના હરિભક્ત સાથે અમારે ન બને – ક્રોધી, ઈર્ષાવાળો, કપટી અને માની. 'હું આવો મોટો સરપંચ ને મારું સભામાં ખંડન કર્યું !' આમ, સંત સાથે માન રાખે તે અમને ન ગમે. સમાગમથી બધા દોષો ટળે. હરજી ઠક્કરે સાઠ હજારની ઉઘરાણી ખોટી કરી ને મહારાજ પાસે રહ્યા ને સમાગમ કર્યો. ઉઘરાણીમાં પૈસા મળે તેમ હતા, છતાં લેવા ન ગયા. જો ઉઘરાણી લેવા જાય તો સમાગમ ન થાય. સમાની ગમ આવી પડે તો કામ પાકી જાય.

'આપણે આ દેશમાં બે-ત્રણ મહિના રહેવાના છીએ. જેને લાભ લેવાનો હશે તે લેશે. બીજા પસ્તાશે. ઘેર બેઠાં ગંગા આવી ને પાણી પીવા નવરો ન થયો. માણસો લંડન જાય, બધે જાય, પણ સમાગમ ન કરે. બળ વિના સમાગમ ન થાય. મહારાજે દયા કરી તો આંહીં આપણને લાવ્યા. બધાને સમાગમનો લાભ થયો.

'કહેવાનો સિદ્ધાંત શું ? વ્યવહારે ગળે ઝાલ્યા છે. જીવને બળ પામવાનાં ત્રણ વાનાં શ્રીજીમહારાજે મ. ૬૩ના વચનામૃતમાં કીધાં. ભગવાન ને ભગવાનના સંતમાં અતિશય પ્રીતિ. તન, મન, ધન ભગવાન પરાયણ થઈ જાય. દાદાખાચર ત્રીસ વરસ સુધી ભગવાન ને સંતની સેવામાં ટૂક ટૂક રહ્યા.

'ભગવાન ને સંતની સેવામાં અતિશય શ્રદ્ધા જોઈએ. ત્રીજું સાધન નવધા ભક્તિ. શાસ્ત્રીજી મહારાજની સુવર્ણ જયંતીમાં હજારી ફૂલો લાવવા માટે આણંદમાં રણછોડભાઈ વાડીવાળાએ પાંચ વીઘાં તમાકુ ખોદી નાખી ને હજારી વાવી. સુવર્ણ જયંતીમાં ગાડું ભરીને ફૂલો લાવ્યા અને શાસ્ત્રીજી મહારાજને રાજી કર્યા. શાસ્ત્રીજી મહારાજ અત્યારે મળશે ? જ્યારે હોય ત્યારે રાજી કરી લેવા. શાસ્ત્રીજી મહારાજ આણંદ સ્ટેશને નીકળે તો રણછોડભાઈ સ્ટેશન ઉપર ઢેબરાં-પાણી લાવે. નિર્ગુણદાસ સ્વામીનું સમાધિ સ્થાન તેના ખેતરમાં કરાવ્યું. નત દીવો-બત્તી, થાળ-આરતી કરે છે.

'પૈસા તો મળે પણ આવી વાતું ન મળે. જે ન મળે નાણે તે મળે ટાણે. ઇન્ડિયાથી બસ્સો આવવાના હતા, પણ પચાસ આવ્યા. કામ તો દરેકને હોય, પણ સમાગમ કરીએ તો ભગવાન આપણાં કામ કરી લ્યે. તમે અહીં બેઠા હો ને પાછળ ભગવાન કામ કરી લ્યે.'

ભક્તરાજ મગનભાઈની સમાધિએ

વળતી સવારે સંતો-હરિભક્તો સહિત સ્વામીશ્રી ભક્તરાજ મગનભાઈની સમાધિએ પધાર્યા. યુગાન્ડામાં પ્રવેશતાં, ટરોરો ગામમાં દાખલ થતાં જ સુંદર બાગમાં સમાધિ છે. ઓટો કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે. ફરતી થાંભલીઓ સહિત ગોળ પગથી, ઉપર છત્ર સમું ઢાંકણ સમાધિની શોભા વધારે છે. વનરાજી વચ્ચે, નીરવ સ્થળમાં અહીં શાંતિ અનુભવાતી. ટરોરોના તેમજ બહારગામથી આવતા હરિભક્તો અહીં અચૂક દર્શને આવતા.

અહીં દંડવત્, પ્રદક્ષિણા પછી સ્વામીશ્રી તથા સંતો-હરિભક્તોએ વારાફરતી આરતી ઉતારી. દેશથી આવેલા હરિભક્તોને અહીં આવવાનું ન બને એટલે આરતીનો લાભ સ્વામીશ્રીએ દેશના સર્વ ભક્તોને અપાવ્યો. અહીં બાગમાં જ સૌ સભાના રૂપમાં ગોઠવાઈ ગયા. ભક્તરાજ મગનભાઈનાં જેમણે દર્શન કરેલાં, એવા અનુભવી સંતો તથા હરિભક્તોએ તેમનાં ગુણગાન ગાયાં. ખાસ તો સર્વે સંતો-હરિભક્તો પ્રત્યે તેમનો અનહદ પ્રેમ, સત્સંગ કરાવવાની

ધગશ, દરેક સત્સંગ-કાર્યમાં ઉત્સાહ વગેરે ગુણોનું સ્મરણ કર્યું.

સ્વામીશ્રી સને ૧૯૫૯માં અહીં પધાર્યા ત્યારે આ ઓટા ઉપર પોતાના હસ્તાક્ષરો લખેલા. તે ફરી રંગ કર્યો તેથી ભુંસાઈ ગયા હતા. અહીંના ભક્તોએ ફરી લખવા આગ્રહ કર્યો. સ્વામીશ્રીએ મેજીક પેનથી રાતા અક્ષરે લખ્યું : *'સ્વામી-શ્રીજી સત્ય છે. દા. સાધુ જ્ઞાનજીવનદાસજી, તા. ૨૬-૬-'૭૦, ગુરુવાર.'*

પછી ભક્તરાજ મગનભાઈને ભાવાંજલિ અર્પતાં સ્વામીશ્રી બોલ્યા :

'મગનભાઈએ વસોમાં ઘર બનાવ્યું. શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણ સ્વામી ગયા હતા. સ્વામીએ ફળીમાં પગ મૂક્યો ત્યાંથી મગનભાઈ આળોટવા મંડી પડ્યા. નિર્ગુણ સ્વામીએ તેડી લીધા, આવો મહિમા !

'તેઓ આરતી પૂરી કરી શકે નહિ. ત્રિભોવનદાસ કેડ પકડી લેતા. તેમને સત્સંગ કરાવવો, દેશ-પરદેશમાં વાતું કરવી, તેમાં થાક નહિ. બાર બાર કલાક વાતું કરે. તેને સંકલ્પે અહીં મૂર્તિઓ બેઠી. મબાલેમાં સત્સંગ કરાવી સૂતા તે ફરી ઊઠ્યા જ નહિ.

'તેઓ ભૌતિક દેહે ભલે ગયા, પણ બેઠા છે. જાય તો આ મંદિરો ક્યાંથી થાય ? છેલ્લાના સાતમા (વચનામૃતમાં) : 'એવો ભગવાનનો ભક્ત તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'

યૌવન કૌવતના કીમિયાગર

સાંજે મંદિરમાં યુવક મંડળની સભા થઈ. ગામોગામ આ કાર્યક્રમ રહેતો. અનેક પ્રવૃત્તિ વચ્ચે સ્વામીશ્રી યુવકોને કદી ભૂલતા નહિ. હાલતાં-ચાલતાં યુવકોનો હાથ પકડી મળી લેતા અને ખાસ તો તેમનું સત્સંગનું જમા-ઉધાર પાસું જાણી લેતા. અંતર્યામી સ્વામીશ્રી આમ તો બધું જ જાણતા હોય, પણ દર્શનમાં કે વાતચીતમાં યુવકોના મુખ ઉપરના પ્રતિભાવો જોઈને-વાંચીને, યુવકોને સમજવાની-સમજાવવાની એમનામાં કોઈ અદ્‌ભુત કળા હતી. સહજ વારમાં પોતે જૂના યુવકોને પામી જતા. દરેકના વિભિન્ન માનસને અનુરૂપ, સત્સંગનો વેગ આપવાની એમની રીત-શક્તિ પણ સચોટ હતાં. યુવકોનું સમગ્ર પોત એમની આગળ છતું થઈ જતું, છતાં એનો અણસાર સુધ્ધાં જણાવ્યા વગર કોઈ અજબ આત્મબળનો સ્પર્શ આપીને, સૌની શ્રદ્ધા-ભક્તિને સતેજ કરતા. નાના-મોટા સૌનાં જીવનના ઘડવૈયા સ્વામીશ્રી યુવકોને ઘડવામાં નિષ્ણાત હતા.

સત્સંગ-પ્રવૃત્તિને સતત વળગી રહેવું એટલે નેવાનાં પાણી મોભે

ચડાવવાની વાત. અને ખાસ કરીને પરદેશના રંગીલા વાતાવરણમાં, મોટા-પુરુષના અખંડ યોગ વગર સત્સંગમાં થોડી શિથિલતા પ્રવેશે એ સ્વાભાવિક લાગે. છતાં વ્રત-નિયમમાં તો કોઈ ઊણા ઊતરે નહિ, પણ ઉત્સાહ કદાચિત્ એક સરખો ન રહે.

સત્સંગનો રંગ હંમેશાં ચડતો ને ચડતો જ રહેવો જોઈએ – એવા આગ્રહી સ્વામીશ્રીને આ કેમ પાલવે ? 'સત્સંગ મોળો પડવો ન જોઈએ' – એ એમનો મંત્ર. જ્યાં-ત્યાં પણ સત્સંગના અંગમાં એમને મોળપ જણાય એટલે 'આવો, કાટ કાઢવો છે' એમ કહી, તેઓ સૌને ભેગા કરે. રણશિંગું વાગે ને રોમરોમ ખડાં થઈ જાય, એમ સત્સંગનો મહિમા ને બળભરી સ્વામીશ્રીની વાતોથી દરેકનાં અંગે અંગમાં દિવ્ય ચેતનાનો સંચાર થઈ જતો. આળસ-પ્રમાદ ખંખેરાઈ જતાં. જાગૃતિ આવી જતી.

આજે અહીં યુવક મંડળની વિધિસર પુનઃ સ્થાપના કરી. લગભગ સાઠ યુવકો નોંધાયા. પ્રમુખપદે કનુભાઈને નિયુક્ત કર્યા. કિસુમુમાં પણ યુવક મંડળને જાગ્રત કર્યું હતું. ત્યાં ચાલીસ યુવક સભ્યોના નેતા પ્રતાપ ચંદારાણાને નિમ્યા હતા.

મંડળની સ્થાપના એટલે ઉત્સવ-સમૈયાના પ્રસંગે વ્યવસ્થા-સેવામાં રહેવું એટલું જ પૂરતું નહોતું. એમાં તો કોઈને કઠણ પડે નહિ. પણ આ તો નિયમિત રવિવારની સત્સંગ સભા કરવી. સત્સંગી યુવકો તરીકેના નિયમો કડકપણે પાળવા. ખાસ કરીને નાટક-સિનેમા ન જોવાય; બહારનું ખવાય-પીવાય નહિ; મંદિરમાં નિયમિત જવું ને પૂજાપાઠ કરવા અને એમાં પણ તિલક-ચાંદલો કરવો; આ નિયમોને ચુસ્તપણે વળગી રહેવું આધુનિક જુવાનિયાઓને ભારે પડતું. એટલે સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારે ત્યાં યુવકોને ભેગા કરી, વ્યક્તિગત અને સામૂહિક રીતે ખૂબ બળ પ્રેરતા.

સાજે મંદિરમાં, સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગ સભા થતી. સંધ્યા આરતી પછી ઉતારે પધારતા. રાતની સત્સંગ સભામાં પ્રમુખસ્વામી પધારતા.

જાણપણાની જુદી જુદી તર્જ

તા. ૨૭મીએ બપોરે ઠાકોરજી જમાડ્યા પછી કથામાં ગઢડા અંત્ય ૯મું વચનામૃત વંચાવતાં સ્વામીશ્રીએ વાત કરી :

'ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન આવે એ જાણપણું કહેવાય. કોઈનો

અભાવ ન આવે તે જાણપણું. મધ્ય ૪૬માં કહ્યું છે – ભગવાનના ભક્તને દેહે કરીને મરવું એ મરણ નથી, પણ ભગવાનના ભક્તનો અભાવ આવે એ મરણ છે. 'અહોહો ! મગનભાઈ કેવા ભક્તરાજ !' એવો મહિમા સમજાય તો જાણપણું રહ્યું. દરેકના ગુણ જ લેવા. દોષ પડતા મૂકવા. ભેંસનાં શીંગડાં ભેંસને ભારે. તું ભગવાન સામું જોને ! કર્તા ભગવાન છે. તેમનો આશરો હોય તો કોઈ દુ:ખ ન રહે.

'પુરુષોત્તમ નારાયણ સિવાય કોઈનો ભાર ન રહે એ જાણપણું.'

સાંજે ૬-૩૦ વાગે મંદિરમાં પણ સભા પ્રસંગે સત્સંગ સંબંધી વાત કરતાં સ્વામીશ્રીએ અમૃત વાણી ઉચ્ચારી :

'ભગવાન અને સંતના ગુણ ગાવા, ભગવાન અને સંતમાં નિર્દોષબુદ્ધિ ને દિવ્યભાવ રાખવો એ અમૃત વાણી.'

પ્રમુખસ્વામીએ સંતો સહિત આજે બુસિયા, બુકેડિયા અને કીડનગોલી - એમ ત્રણ ગામોએ પધરામણી કરી હતી.

યુગાન્ડાના કાર્યક્રમમાં મ્બાલે ગામનો કાર્યક્રમ ગોઠવ્યો ન હતો, પણ હરિભક્તોના આગ્રહથી ત્યાં જવાનું ગોઠવાયું. મ્બાલે ગામ મોટું. આજુબાજુ સત્સંગીઓનાં ગામો પણ ઘણાં, એટલે જવું જરૂરી હતું.

વળતી સવારે સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે ટરોરોથી નીકળી મ્બાલે આવી પહોંચ્યા. અહીં શહેરમાં દાખલ થતાં જ પેટ્રોલ પંપ પાસે સ્વામીશ્રીનાં આગમન અને સ્વાગત માટે સૌ પ્રતીક્ષા કરતા હતા. કંપાલાથી યુવકો ગણવેશમાં સજ્જ થઈ બૅન્ડ લઈ આવી પહોંચ્યા હતા. ઠાકોરજી સહિત સ્વામીશ્રીને મોટરમાં પધરાવ્યા અને ધૂન-ભજનની રમઝટ બોલાવતાં હરિભક્તોએ શહેરમાં શોભા-યાત્રા કાઢી. 'પાટીદાર સમાજ' પાસે યાત્રાની પૂર્ણાહુતિ થઈ. અહીં શહેરના તમામ અગ્રણી સદ્ગૃહસ્થો સ્વાગત સભામાં આવ્યા હતા. સૌએ સ્વામીશ્રીને ફૂલહાર અર્પણ કર્યા. ભાદરણના ઠાકોરભાઈ પટેલે સ્વાગત-પ્રવચન કર્યું. સમાજનો હૉલ તથા સ્વામીશ્રીનું આસન વગેરે સુંદર રીતે શણગાર્યાં હતાં. સભામાં ગરમી ઠીક ઠીક લાગતી હતી. એટલે સ્વામીશ્રીએ એમનું ગરમ ગાતરિયું છોડી નાખ્યું હતું. અંતમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.

સ્વામીશ્રીનો ઉતારો ધર્મજના ઠાકોરભાઈને ત્યાં હતો. સ્વામીશ્રીના એક જ દિવસના મુકામ માટે પણ તેમણે ઘણો ખર્ચ કરી, બધું નવું જ વસાવ્યું હતું. ગામોગામ આવું બનતું. દરેક સ્થળે હરિભક્તો સ્વામીશ્રીના ઉપયોગની સામગ્રી

સારામાં સારી નવી જ લાવતા અને પછી સ્મૃતિરૂપે-પ્રસાદીરૂપે સાચવી રાખતા.

જોરાવરીએ લાડ લડાવતા

બપોરે ઠાકોરજી માટે બાસુંદી-પૂરીની રસોઈ બનાવી હતી. આવી ભારે રસોઈ જોઈ સ્વામીશ્રીએ રાજી થકા પ્રમુખસ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સંતોને સારી રીતે જમાડી. જો કે એમણે તો એક ટીપુંય પણ લીધી નહિ. જમી રહ્યા પછી પીરસનારા સંતોનાં પત્તર મગાવ્યાં. ત્યાગવલ્લભ સ્વામી સેવામાં હતા. એમણે સ્વામીશ્રીને ધીરે રહીને કહ્યું કે 'બાસુંદી વધારે નથી.'

સ્વામીશ્રીએ કનુભાઈને બોલાવીને વાત કરી કે 'કાલે ફરીથી બાસુંદી બનાવો. સંતોને પીરસવાની બાકી રહી ગઈ છે.'

કનુભાઈએ પણ એટલા જ ઉત્સાહથી બીજે દિવસે વધારે પ્રમાણમાં બાસુંદી બનાવડાવી. પણ આજે સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે અમુક સંતો નજીક આવ્યા નહિ. આગલે દિવસે સ્વામીશ્રીએ જેમને બાસુંદી ખૂબ જમાડેલી એમને પેટમાં ગરબડ થઈ હતી. તેથી આજે જમવાની કોઈની જરાપણ રુચિ નહોતી. તેથી કોઈ સ્વામીશ્રી નજીક ફરકતું નહોતું.

'ભલે ન જમવું હોય, પણ અહીંયાં તો સામે બેસવું જોઈએ ને ! આવાં દર્શન ક્યાંથી ? ગુણાતીત સ્વામી તો વરસતે વરસાદે અડધી રાતે મહારાજનાં દર્શન સારુ ઊભા રહ્યા હતા. આપણે તેવું તો નથી ને !' એમ કહી સ્વામીશ્રીએ દરેકને પાસે બોલાવ્યા. બધા આવ્યા એટલે સૌને જોઈને એકદમ હસી પડ્યા. ઘણી વાર સુધી હસ્યા. પછી આગલે દિવસે જે બાકી રહી ગયા હતા, તે બધાને ખૂબ જમાડી પોતે તૃપ્ત થયા. આમ, આગ્રહપૂર્વક પીરસી તેઓ સૌને સ્મૃતિ આપતા.

પછી બપોરની કથામાં, જ્ઞાનામૃત-ભોજન પીરસવામાં પણ સ્વામીશ્રી એવો જ આગ્રહ કરતા. બન્ને ભોજન કરાવવામા સરખો જ આગ્રહ, પણ એક ભોજનમાં વિષયની ગળા સુધી તૃપ્તિ કરાવે અને બીજા ભોજનમાં વિષયની ઊલટી કરાવે ! સંતો-હરિભક્તોને રમાડી-જમાડી લાડ લડાવવાનું સ્વામીશ્રીને બહુ ગમે. સાથે સાથે કથાવાર્તાના પ્રસંગમાં સમજણ પણ એવી દૃઢ કરાવે કે ભગવાન અને સંત સિવાય કાંઈ વહાલું રહે જ નહિ.

પ્રગટની પારાશીશી

આજે બપોરે કથામાં ગ.પ્ર. ૪૦મું વચનામૃત વંચાવતા હતા. સ્વામીશ્રી

સોફા ઉપર બિરાજ્યા હતા. અને બન્ને પગ સામે ટેબલ ઉપર ટેકવ્યા હતા. આ રીતે પોતે ભાગ્યે જ બેસતા. આજે કંઈક વિશેષ નિજાનંદમાં હતા. સ્વામીશ્રી કહે :

'ગઢડાનો લીમડો ખલખલ થાય. ઉપરથી પાંદડાં પડતાં હોય. લીમડો ખુશમાં આવી જાય. લીમડો પૂર્વનો મુક્ત.

'અલ્હાબાદમાં અક્ષયવડ છે. તેમાં ત્રણ પાંદડાં પાંચ હજાર વરસથી છે, તેમ બતાવે છે. પણ કોણ જોવા ગયું હતું ? પરોક્ષનું આવું છે. ભીમનાથ પાસે ખીજડાનું વૃક્ષ પાંચ હજાર વર્ષ પહેલાંનું બતાવે છે. આપણા સંપ્રદાયવાળાનેય પરોક્ષ સાવ થઈ ગયું. બધું આથમી ગયું.

'પણ મહારાજ ક્યાં જાય છે ? જેવા અક્ષરધામમાં છે તેવા ને તેવા અહીં છે. સદા સાકાર, રોમનોય ફેર નહિ.

'છે છે ને છે, તે સદા સાકાર.'

આમ વાત કરી, સ્વામીશ્રીએ પરોક્ષભાવ ટાળી નાખ્યો. પ્રગટ સંત દ્વારા મહારાજને ઢૂંકડા નયનગોચર લાવ્યા. વળી કહે :

'સંપ્રદાયવાળા આપણને બંડિયા, ભૂલા પડેલા માને છે. 'એનો મોક્ષ કોઈ દી' નહિ થાય,' આમ કહે છે. શાસ્ત્રીજી મહારાજે તો ગુણાતીત સ્વામી અને ગોપાળાનંદ સ્વામી બન્નેની મૂર્તિઓ પધરાવી દીધી.'

સાંજે જાહેર સભામાં સ્વામીશ્રી પધાર્યા હતા. અમૃત વાણીનો લાભ ભાવિક જનતાને આપ્યો. રાત્રે પણ સભામાં પ્રમુખસ્વામી અને સંતોએ સૌને સત્સંગના મહિમાની વાતો કરી.

તા. ૧-૩-'૭૦, સવારે પ્રમુખસ્વામીએ ગામમાં પધરામણી કરી હતી. સાંજે સિરોકો પધાર્યા હતા અને લગભગ પાંત્રીસ ઘેર પધરામણી આ નાનકડા ગામમાં થઈ.

અહીં 'સનાતન મંદિર' નામનું સુંદર મંદિર છે. આજે સવારે સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તો સહિત અહીં દર્શને પધાર્યા હતા. મંદિરના ટ્રસ્ટીઓએ સ્વામીશ્રીનું ફૂલહાર અર્પણ કરી, ભાવથી સ્વાગત કર્યું. મૂર્તિઓ સુંદર છે. દર્શનથી સ્વામીશ્રી ઘણા જ પ્રસન્ન થયા. પછી 'પટેલ સમાજ'માં સત્સંગ સભા કરી.

સાંજે ટંરોરો પાછા જવાનું હતું. એ પહેલાં અહીં 'પટેલ સમાજ'માં સ્વામીશ્રી અને સંતોને વળાવવા માટે સૌ હરિભક્તો એકત્રિત થયા હતા. વિદાય વેળાએ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ સત્સંગ મંડળ તથા યુવક મંડળની અઠવાડિક સભા ભરવાનો ખાસ અનુરોધ કર્યો. તેમજ 'અહીં અક્ષર-

પુરુષોત્તમનું મંદિર થાય' – એવો શુભ સંકલ્પ પણ કર્યો.

અત્રેના હરિભક્તો ઠાકોરભાઈ (ભાદરણ), ઠાકોરભાઈ (ધર્મજ), કનુભાઈ, પુરુષોત્તમદાસ, વિનોદભાઈ, ભોગીલાલ, છોટાભાઈ વગેરેએ તથા મહિલા મંડળે બે દિવસ ખૂબ જ પરિશ્રમ લઈ, સેવા કરી, સ્વામીશ્રીને રાજી કર્યા હતા.

કીર્તન-ભક્તિનો કલનાદ

સાંજે ટરોરોમાં, 'સનાતન હિન્દુ મંદિર'માં જાહેર સત્સંગ સભા, સ્થાનિક હિન્દીભાઈઓના ખાસ આગ્રહથી ગોઠવવામાં આવી હતી. મંદિરના ટ્રસ્ટીઓએ સ્વામીશ્રી અને સંતોનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. ઘનશ્યામચરણ સ્વામીએ નૃત્ય સાથે મુજરા કરતાં કીર્તનગાન કર્યું હતું. સર્વે સભાજનો ખૂબ રાજી થયા હતા. આફ્રિકામાં ગામોગામ જાહેર સભામાં આ કાર્યક્રમ થતો. સ્વામીશ્રી ઘણી વાર તેમને આજ્ઞા કરતા. ઘનશ્યામચરણ સ્વામી કેડ બાંધી, હાથમાં કરતાલ લઈ, ખૂબ જ ભાવમાં આવી, કીર્તન ગાતા અને ગવડાવતા. સ્વામીશ્રી પણ લટકાં કરતાં, ડોલતાં, તાળી વગાડતાં કીર્તન-ભક્તિમાં તન્મય બની, દિવ્યાનંદ રેલાવતા. આ અલૌકિક દર્શનમાં હરિભક્તો ખોવાઈ જતા. આમ, વાતાવરણ ભક્તિરસથી તરબોળ થઈ જતું.

કીર્તન-ભક્તિના આવા પ્રસંગો તો ઘણા યોજાતા જોયા છે. સૌ કીર્તન-ગાનમા મશગૂલ પણ થઈ જતા જોયા છે. પણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કીર્તન-ભક્તિનો આ આનંદ જુદો હતો. સૌનાં હૃદયમાં ભક્તિભાવની, દિવ્યતાની અનુભૂતિ થતી. રોમેરોમમાં ચેતના પ્રસરતી. અક્ષરધામની ક્ષણોનું, શાશ્વત સુખનું ભાથું બંધાતું.

ગામને છેવાડે આવેલા આ હિન્દુ મંદિરનો હૉલ આજે ચિક્કાર ભરાઈ ગયો હતો. સભા પૂરી થયા પછી ગામલોકો કહેતા હતા કે મંદિર થયા પછી પહેલી વાર આ હૉલ આટલો ભરાયો. સ્વામીશ્રીની પ્રતિભામાં ચમક-પહાણની જેમ સૌને આકર્ષણ થતું. ગામેગામ જાહેર સત્સંગ સભામાં માણસો ઊમટતા. ભક્તો આવતા ને ભાવિકો આવતા, જિજ્ઞાસુ આવતા ને બુદ્ધિજીવી પણ આવતા. ગમા-અણગમાનું કોઈ કારણ રહેતું નહિ. સ્વામીશ્રીનું નામ સાંભળીને જ શ્રદ્ધાળુ-અશ્રદ્ધાળુ, દરેકને એક વાર તો એમને જોવાનું-મળવાનું, દર્શન મેળવી લેવાનું મન થતું જ. એમાં પણ સ્વામીશ્રીના આશીર્વાદનો ધબ્બો, સૌને એવો મીઠો લાગતો કે લોકો સામે ચાલીને એમના ખોળામાં માથું ઝુકાવી દેતા.

ને જ્યાં સુધી એ ધબ્બો - હળવો સ્પર્શ મળે નહિ ત્યાં સુધી કોઈ માથું ઊંચું કરતા નહિ. આમ, સમગ્ર હિન્દુ પ્રજામાં એક અલૌકિક વાતાવરણ જામી જતું.

તા. ૩જીએ ટરોરો મંદિરનો ૧૦મો વાર્ષિક પાટોત્સવ ઊજવાયો. સ્વામીશ્રીની આજ્ઞા થતાં ઘનશ્યામચરણ સ્વામીએ આજે પણ ઠાકોરજી આગળ નૃત્ય સહિત કીર્તન ગાઈ મુજરા કર્યા. સ્વામીશ્રી કહે :

'કાલે લક્ષ્મીનારાયણ આગળ (હિન્દુ મંદિરમાં) ગાયું. મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી કહે : 'મારી આગળ પણ ગાવું જોઈએ.'

ટરોરોની સમસ્ત હિન્દુ જનતાએ આજે ઠાકોરજીનો મહાપ્રસાદ લીધો.

અત્રેના મંદિરમાં ડાહ્યાભાઈ બાંધણીવાળા, ઠાકોરજીની પૂજા નિયમિત રીતે પવિત્રપણે કરતા.

સાત દિવસના આ જ્ઞાનયજ્ઞમાં સી.એમ. પટેલ, મોતીભાઈ, કાલીદાસભાઈ, ઠાકોરભાઈ, ગુણવંતભાઈ, નવનીતભાઈ ભગત, વલ્લભદાસ, ઉમેદભાઈ વગેરે હરિભક્તો તથા યુવકો તથા મહિલા મંડળે ખૂબ સેવા કરીને સ્વામીશ્રી તથા દેશથી પધારેલા સૌ ભક્તોને રાજી કર્યા.

નાઈલ નદીના ઉદ્‌ગમે

આજે સાંજે ૪-૩૦ વાગે અ.નિ. મગનભાઈના સમાધિ સ્થાને દર્શન-પ્રદક્ષિણા અને આરતી કરી. લગભગ ૩૫ મોટરોમાં સંઘ સાથે સ્વામીશ્રી જિન્જા જવા નીકળ્યા.

લગભગ ૬-૩૦ વાગે સૌ જિન્જા આવી પહોંચ્યા. જિન્જા રેલવે સ્ટેશનના પ્રાંગણમાં જ મિલિટરી બૅન્ડે શિસ્તબદ્ધ મધુર સૂરાવલિઓથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. શણગારેલી મોટરમાં સ્વામીશ્રી ઠાકોરજી સહિત બિરાજ્યા. બીજી ૧૫૦ જેટલી મોટરમાં સૌ ભક્ત મંડળ અને સ્થાનિક નગરજનોએ સ્થાન લીધું. આગળ પોલીસ ઍસ્કોર્ટ હતો. વિક્ટોરિયા સરોવરને કાંઠે, નાઈલના ઉદ્‌ગમે આવેલી યુગાન્ડાની કુબેર નગરી, જિન્જાના રસ્તાઓ ઉપર મેઇન સ્ટ્રીટ, ઈગાંગા રોડ, નારણભાઈ રોડ અને ઓબોજા રોડ ઉપરથી પસાર થઈ શોભાયાત્રા મંદિરે આવી.

નાજુક, વિશાળ એક શિખરથી શોભતું મંદિર, રંગબેરંગી ઇલેક્ટ્રિક લાઈટોનાં તોરણોથી જોવાલાયક બન્યું હતું. સ્થાનિક યુવક મંડળે અહીં બૅન્ડથી સ્વાગત કર્યું. અત્રેનાં સત્સંગ મંડળ તેમજ યુવક મંડળ સાથે હિંદુસભા, વિશ્વકર્મા

મંદિર, ગુરુદ્વારા, અરવિંદ સર્કલ, થિયોસોફિકલ સોસાયટી, ગુજરાતી સાહિત્ય મંડળ, સુરત ડિસ્ટ્રિક્ટ ભજન મંડળ, સેવાદળ, ભારતીય સ્વયંસેવક દળ, પટેલ સમાજ, લોહાણા મહાજન મંડળ, નાઈલ બ્રહ્મ સમાજ વગેરે સ્થાનિક સંસ્થાઓના અગ્રણીઓએ તથા શહેરના નામાંકિત ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ડૉક્ટરો અને વકીલોએ સ્વામીશ્રીને તથા સંતોને ફૂલહાર અર્પણ કરી સ્વાગત કર્યું. યુવકોએ સ્વાગત-ગીત ગાયું, સ્વાગત પ્રવચનો થયાં.

જિન્જાના સત્સંગ મંડળના વિકાસમાં જેમનો અગ્રગણ્ય ફાળો હતો એવા અ.નિ. મણિભાઈ સાઇકલવાળાના નિવાસમાં, સ્વામીશ્રીનો ઉતારો હતો. ગુરુ-દ્વારામાં અને જુદા જુદા હરિભક્તોને ઘેર મહેમાનોના ઉતારા ગોઠવાયા હતા.

મંડળના પ્રમુખ રણછોડભાઈ, રાવજીભાઈ, મનજીભાઈ દાળિયા, કરસનદાસ કુરજી, રમણભાઈ તથા યુવક મંડળ અને મહિલા મંડળે સેવાની તમામ જવાબદારી ભક્તિભાવથી ઉપાડી લીધી હતી. હરિભક્તોને જમાડવાની વ્યવસ્થા મંદિરમાં રાખવામાં આવી હતી.

અહીં બાળ મંડળ સક્રિય હતું. વહેલી સવારે સ્વામીશ્રીને સ્નાન કરાવવાની સેવાનો લાભ લેવા બાળકો દોડતાં આવી જતા. પૂજામાં પણ એવી જ ભીડ. બાળકો સ્વામીશ્રી પાસે સાજ સાથે કીર્તન ગાતાં. સવારે આરામ પછી લગભગ ૧૦-૩૦ વાગે પત્રોનું વાચન-લેખન સ્વામીશ્રી ઉતારે જ કરતા. સાંજે ૫-૦૦ થી ૭-૦૦ સુધી સત્સંગ સભામાં મંદિરે પધારતા. રાત્રે પણ જાહેર સત્સંગ સભા મંદિરમાં યોજાતી, જેમાં સંતમંડળ સાથે પ્રમુખસ્વામી લાભ આપતા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી કહે : 'આજે સ્વામીએ દર્શન દીધાં. અમે અડવાળ હતા. શાસ્ત્રીજી મહારાજ રાત્રે અડવાળ આવ્યા. અડવાળમાં સારંગપુરના ધર્માદાના ઘઉં ઉઘરાવીને મોટો ઢગલો કર્યો હતો. એવા ધોળા ઘઉં ક્યાંય જોયેલા નહિ. ઢગલો ઠેઠ પાટડે અડ્યો હતો.

'મંદિરમાં ગાદલાં ગાંઠાળાં હતાં. સ્વામી ઘઉંના ઢગલા ઉપર બેઠા. પછી બાપુભાના દીકરા વજેસંગભાઈ તેમને ઘેરથી ગાદલું, ઓશીકું, રજાઈ બધું લઈ આવ્યા ને સ્વામીને તેના ઉપર પોઢાડ્યા. આવાં દર્શન થયાં ત્યાં તો બાથરૂમમાં જવાનું થયું ને ઊઠ્યો.'

બાળહૃદયમાં પ્રતિબિંબ

તા. ૫મીએ સ્વામીશ્રી સ્નાન કરવા જઈ રહ્યા હતા. એમની સેવા માટે

હોંશે હોંશે આવેલ નાના નાના બાળકોના ગળામાં સ્કાઈ બાંધ્યા હતા. તેની નૉટ (ગાંઠ) ઉપર એક પેન્ડલ ચોડેલું. સ્વામીશ્રી તે જોઈને એમાં જે ફોટો જડવામાં આવેલો તે બતાવી, બાળકોને પૂછવા લાગ્યા : 'આ શું છે ? આ ક્યાં છે ? આ મુંબઈ છે ને ?'

પહેલાં તો બાળકો સમજ્યા નહિ કે બાપા શું કહે છે ? પછી અણસારે સમજ્યા એટલે કહે : 'હા.'

'અહીં છે ? જિન્જામાં છે ?' સ્વામીશ્રીએ ફરી પૂછ્યું. (પેન્ડલમાં ફોટો જેનો છે એ જિન્જામાં છે ?)

'ઓળખો છો ? આ કોણ છે ?' ફરી કહ્યું.

ફોટા તરફ બતાવતાં બાળકોએ કહ્યું : 'આ યોગીબાપા છે. અમારી સામે ઊભા છે.' અને બાળક સાથે બાળક જેવી ગમ્મત કરતાં સ્વામીશ્રી હસી પડ્યા. બાળકોને પણ અનેરો આનંદ આપ્યો.

જિન્જામાં સારંગપુરના ફગવા

આજથી અહીં મનજીભાઈ તરફથી ત્રણ દિવસનું પારાયણ યોજવામાં આવ્યું હતું. સવારે વચનામૃત અને સાંજે હરિલીલાકલ્પતરુની કથા, સંતો વારાફરતી કરતા.

સાંજે ૬-૦૦ વાગે ભક્તચિંતામણિની પારાયણ ચાલતી હતી. ચોસઠમું પ્રકરણ વંચાતું હતું. તે ઉપર સ્વામીશ્રી બોલ્યા :

'મહારાજ પહેલાં ગામોગામ ફરતા. તે વખતે પ્લેન કે મોટર નહિ. અત્યારે આફ્રિકામાં મોટરમાં ફરે છે.'

'સારંગપુર ક્યાં આવ્યું ? 'સ્વામીશ્રીએ પૂછ્યું.

'બોટાદ પાસે.' એકે કહ્યું.

'સૌરાષ્ટ્રમાં.' બીજાએ કહ્યું.

'અહીં આવ્યું. અત્યારે સારંગપુરથી જ ફગવા મહારાજ આપે છે.' સ્વામીશ્રી પરભાવમાં બોલી રહ્યા હતા. સૌ સ્વામીશ્રી સામે એકચિત્તે જોઈ રહ્યા હતા. કારણ, એમની વાણીમાં મહારાજનાં દર્શન થતાં હતાં !

'બાપા ! આ બધા ફગવા-વરદાન આપો.' હરિભક્તોએ પ્રાર્થના કરી.

'જાવ, બધાને આ વરદાન દીધાં.' સ્વામીશ્રીએ રાજી થકા આશીર્વાદ આપ્યા.

સાંજે ૭-૦૦ વાગે મંદિરમાં સંધ્યા આરતી પછી સ્વામીશ્રી મૂર્તિઓનાં

દર્શન નીરખીને કરતા હતા. સિંહાસનમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી. નજીક જઈને મૂર્તિનાં દર્શન કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજને મજ્જન કર્યું નથી. માટે ઘનશ્યામ સ્વામીને કહેજો.'

બીજે દિવસે વહેલી સવારે કહે : 'સ્વપ્નું આવ્યું. શરદ પૂનમનો સમૈયો હતો. શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. શું તેજ છૂટે ! બહુ તેજ ! મેં બધાને દૂધ-પૌંઆ વહેંચ્યા, પૌંઆ બહુ મોટા... ત્યાં આંખ ઊઘડી ગઈ.'

આજે મંદિરમાં કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'ધ્યાન બે પ્રકારનું છે. ભગવાનના મહિમાનો વિચાર અને તેના ગુણનું ગાન.' (ભગવાનનું સાંગોપાંગ વર્ણન એ પણ ધ્યાન છે.)

મહાશિવરાત્રીએ ઠાકોરજીના થાળમાં ફ્રૂટસલાડ હતું. બપોરે જમતી વખતે સ્વામીશ્રીએ સંતોનાં પત્તર ફ્રૂટસલાડથી છલકાવી દીધાં. સંતો જરા ખચકાયા. એ જોઈ સ્વામીશ્રી કહે : 'અહીં ખવાય, દેશમાં ન ખવાય.'

ખાસ તો પરદેશમાં સાથે પધારેલા સંતોને કોઈપણ રીતે લાડ લડાવવા, આ પ્રકારનું નિમિત્ત સ્વામીશ્રી ઊભું કરતા, અને સંતો તથા હરિભક્તોને આગ્રહ કરી પીરસવું, હેત વરસાવવું, એ પ્રકારે સહજભાવે, સત્પુરુષના સંબંધનું અમાયિક સુખ આપવાનું સ્વામીશ્રી ચૂકતા નહિ.

આજે સી.એમ. પટેલના પુત્ર રમેશભાઈ અને તેમના ભાણેજ ઠાકોરભાઈ લંડન જઈ રહ્યા હતા. તેઓ સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવા આવ્યા. કપાળમાં કંકુનો ચાંદલો અને ફૂલહાર કરી, સ્વામીશ્રીએ તેમને વિદાય આપી. અને લંડનના હરિભક્તોને સત્સંગ સંબંધી વાતો - સ્વામીશ્રીના આફ્રિકાના સત્સંગ વિચરણના સમાચાર આપવા જણાવ્યું.

કોઈ બહારગામ જતું હોય, પરદેશ જતું હોય, તેમને સત્સંગની દૃઢતા રાખવાનો આદેશ આપવામાં, જે કાર્ય માટે જતા હોય એ માટે હેતથી આશીર્વાદ આપવામાં સ્વામીશ્રી બહુ તત્પરતા બતાવતા. એટલે કોઈપણ હરિભક્ત નાના કે મોટા, કોઈ કાર્ય માટે દેશ-વિદેશ જતા હોય અથવા તો ભલેને નજીકમાં જ જતા હોય, પણ સ્વામીશ્રીના રૂડા આશીર્વાદ લેવાનું ચૂકે નહિ. એમાં પણ સ્વામીશ્રીની રીત એવી અલૌકિક કે ભક્તોને મન એ પ્રેરણાનો અખૂટ સ્રોત બની રહે. કોઈ દૂર જતું હોય તો છૂટા પડવાથી પોતાને બહુ દુઃખ થતું હોય, એવા સ્વામીશ્રીના અંતરના ભાવો ભક્તોને દિવ્ય સ્મૃતિ આપતા. ગમે તે નિમિત્તે જવાનું હોય, તો એમના આશીર્વાદ સાંપડે જ. અને પુરુષાર્થની

અદ્‌ભુત પ્રેરણા મળે જ. બાળકો કે યુવકોને પરીક્ષા હોય, મોટેરાઓને નોકરી કે ધંધાનો પ્રારંભ હોય, પણ બધી વાત ભૂલીને, સ્વામીશ્રી જ્યાં હોય ત્યાં, પહેલાં સૌ એમના આશીર્વાદ લેવા દોડે. કારણ, સૌને અનુભવ થતો કે આ આશીર્વાદ અંતરના છે, એમના અંતરમાં રહેલા ભગવાનના છે.

સલિલે તીર્થબુદ્ધિ

જિન્જા શહેર લેક વિક્ટોરિયા ઉપર વસેલું છે. અહીં જ વિશ્વની એક અતિ લાંબી નદી 'નાઈલ'નો ઉદ્‌ગમ છે. એ સ્થળે ડેમ બાંધી નદીને નાથવામાં આવી છે. ડેમનું નામ છે : 'ઓવેન' (Owen).

અત્રેના હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી આજે ડેમ ઉપર પધાર્યા. અહીના અધિકારી એક શીખભાઈએ સ્વામીશ્રી સાથે ફરીને, આ આધુનિક ડેમ અને એના થર્મલ પ્લાન્ટની રચના બતાવી. રસપૂર્વક સ્વામીશ્રીએ તેમને સાંભળ્યા. આમ તો આવી બધી લૌકિક બાબતોમાં સ્વામીશ્રીને જરાયે રસ નહીં. આવી ભૌતિક સિદ્ધિઓ એમને કદાપિ હેરત પમાડતી નહિ. પણ આવા પ્રસંગોએ સામેની વ્યક્તિને ગમતી બાબતમાં સ્વામીશ્રી આદરપૂર્વક ભળી શકતા. લેશપણ અણગમો બતાવતા નહિ. ઊલટું વાત કરનારને - સમજાવનારને સંતોષ થાય, એવા ઉત્તમ શ્રોતા-જિજ્ઞાસુ બનવાની એમનામાં અપૂર્વ ક્ષમતા હતી. દરેકનાં મનની સાથે, ભાવના સાથે, પોતાના મનનો - ભાવનો તાલ મિલાવવો, આબેહૂબ સુમેળ સાધવો, એ પણ એક અદ્‌ભુત પ્રકારની સહનશીલતા છે. જેનું મન સ્થિર થયું હોય, એ જ આવા અનેક પ્રસંગોમાં સૌની વિવિધ ભાવનાઓને પૂર્તિ આપી શકે. દરેકને આત્મીયતાનો અનુભવ કરાવી શકે.

ડેમ નજીક નદીનો ભયંકર પ્રવાહ શિસ્તબદ્ધ ફેંકાય છે. અહીં આકાશમાં ઊંચે સુધી ઊડતાં જળશિખરોથી વાતાવરણ શીતળ અને ખુશનુમા લાગે છે. સૌ સંતો-યુવકો આ નાથેલા જળપ્રપાતની નજીક, સ્વામીશ્રીને ખુરશીમાં બેસાડી લઈ આવ્યા. એક આશ્ચર્યકારક દૃષ્ટિ સ્વામીશ્રીએ પાણીના ધોધ ઉપર ફેંકી. પછી સૌના આગ્રહથી સ્વામીશ્રીએ ફોટા પાડવા દીધા. કોલોરામા સ્ટુડિયોવાળા નરેશભાઈએ કચકડાની રંગીન પટ્ટીમાં સુંદર દૃશ્ય વચ્ચે સ્વામીશ્રીને ઝડપી લીધા.

અહીં મનજીભાઈ તથા રમણભાઈ બાલ-યુવક પ્રવૃત્તિનું સંચાલન સારી રીતે કરતા. અને સૌમાં સારો ઉત્સાહ પ્રેરતા. જેના પરિણામે, બાળકોએ એક

સંવાદ સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો હતો. વળી, સ્વામીની વાતો, શ્લોકો વગેરેનો મુખપાઠ આપી, સ્વામીશ્રી તથા સંતોને પ્રસન્ન કર્યા હતા. સ્વામીશ્રી સાંજે મંદિરે પધારતા ત્યારે તથા મંદિરેથી ઉતારે પાછા વળતા ત્યારે, બન્ને સમયે બાળકો બૅન્ડવાદનના મધુર ધ્વનિથી પણ પોતાનો પ્રેમભાવ વ્યક્ત કરવાનું ચૂકતા નહિ.

એના હાથમાં હાથ હરિ તણા

તા. ૭મીએ સવારે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી સભામાં પધાર્યા. મસીન્ડીના નારાયણસિંગ સાથે તેમના પુત્ર પ્રીતમસિંગ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને હેતથી સમજાવી બધાં વ્યસનો છોડાવ્યાં. પછી વર્તમાન ધરાવ્યાં. સ્વામીશ્રી એને કંઠી પહેરાવતા હતા, પણ માથા ઉપર પાઘડી હતી એથી કંઠી આવતી ન હતી અને પાઘડી કાઢતા એ સંકોચાતા હતા.

'પછી કંઠી પહેરી લેશે.' કોઈએ સૂચન કર્યું.

'અત્યારે પહેરી લો, પછી અમારે હાથે પહેરવા નહિ મળે.' સ્વામીશ્રીએ મર્મમાં કહ્યું અને જાતે જ કંઠી પહેરાવવાનો આગ્રહ રાખ્યો. છેવટે પાઘડી ઉતરાવી અને કંઠી પહેરાવી. મોટાપુરુષના શુભ હસ્તે વર્તમાન દીક્ષાનો આ પ્રસંગ ભાગ્યવાનને જ સાંપડે !

વળતે દિવસે અહીંના હિન્દુ મંદિરમાં જાહેર સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેની સારી એવી જાહેરાત કરવામાં આવી હતી. હિન્દુ મહાસભાના પ્રમુખ રમણભાઈ ખમાર સભાના અધ્યક્ષ હતા. બરાબર ૫-૦૦ વાગે સ્વામીશ્રી હિન્દુ મંદિરમાં પધાર્યા. દર્શન કરી સભામાં બિરાજ્યા. યુવક મંડળે ધૂન ઝિલાવી અને નારાયણ ભગતે વેદગાનથી સભાનો મંગળ પ્રારંભ કર્યો. મંદિરમાં પૂજા કરતા વિદ્વાન પૂજારીએ સ્વાગત-પ્રવચન કરી, સત્શાસ્ત્રોનો આધાર લઈ, સ્વામીશ્રીને એક સાચા સંત તરીકે બિરદાવ્યા હતા. મંદિરના પ્રમુખે શ્રીજી-મહારાજનાં જીવન અને કાર્યની દિવ્યતા વર્ણવી હતી. પ્રમુખસ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી, હર્ષદભાઈ દવે, મણિભાઈ બ્રહ્મભટ્ટ, મોહનભાઈ રાઠોડ તથા મેં સત્સંગ વિષયક પ્રવચનો કર્યાં. અંતમાં સ્વામીશ્રીનાં કૃપાવચનોથી સૌ કૃતકૃત્ય થયા. આરતી બાદ સભા વિસર્જન થઈ. સૌ પ્રસાદ લઈ વિખરાયા. આજની સભામાં, જિન્જાની ભાવિક જનતાએ ઘણી મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

તા. ૧૦મીએ સવારે મંદિરમાં સિદ્ધેશ્વર સ્વામીએ શિક્ષાપત્રીનું પારાયણ વાંચ્યું. યુવક મંડળના ત્રિમાસિક 'યોગી જ્યોત'ના ઉદ્ઘાટન બાદ સ્વામીશ્રી

સૌને દર્શન આપવા પધાર્યા. આજે છેલ્લો દિવસ હોવાથી સૌ મંદિરમાં એકત્રિત થઈ ગયા હતા. સાંજે ૪-૩૦ વાગે સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કરી, કંપાલા જવા વિદાય લીધી.

નારાયણસિંગની ગાડીમાં સ્વામીશ્રી બિરાજ્યા હતા. બાકી ૨૦ મોટરો અને ૩ બસમાં સૌ હરિભક્તોની વ્યવસ્થા હતી. રસ્તામાં લુગાઝી ગામે, રમેશભાઈ બ્રહ્મભટ્ટના આગ્રહથી પધરામણી કરી. તેઓ અહીંની નિશાળમાં શિક્ષક હતા. શેઠ નાનજી કાળીદાસના શેરડીના શાંભાઓ અને ખાંડનાં કારખાનાંના કામદારોથી જ આ ગામ વસ્યું હતું. નિશાળ નજીક આવતાં જ આફ્રિકનોએ બૅન્ડથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. લુગાઝીમાં નોકરી કરતા અનેક હિન્દુભાઈઓ અહીં સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદ માટે એકત્રિત થઈ ગયા હતા. સમય થોડો હતો એટલે પૂજન-આરતીના કાર્યક્રમ બાદ, સૌ મુમુક્ષુઓને આશીર્વાદ આપી, સ્વામીશ્રી કંપાલા જવા નીકળ્યા.

યુગાન્ડાની પાટનગરીમાં

ફળદ્રુપ જમીન, બારે માસ વરસાદ અને અનુકૂળ હવામાનને કારણે આ પ્રદેશ ખેતીથી આબાદ છે. સાત ટેકરીઓ ઉપર વસેલું કંપાલા શહેર પણ રળિયામણું છે. પશ્ચિમની જાહોજલાલીનો સ્પર્શ અહીં દેખાય છે. રાજધાનીનું શહેર હોવાથી અહીં હરિભક્તોનો સમૂહ પણ વિશેષ હતો. કંપાલાથી એન્ટેબે ઍરપોર્ટ જતાં શહેરના સાત રસ્તાઓ ઉપર આવેલું અક્ષરપુરુષોત્તમ મંદિર પણ અતિ વિશાળ અને જોવાલાયક સ્થળની ખ્યાતિને પામ્યું હતું.

લગભગ ૬-૩૦ વાગે સ્વામીશ્રી સંઘ સાથે કંપાલા રેલવે સ્ટેશનના પ્રાંગણમાં આવી પહોંચ્યા. સ્થાનિક ભક્તો અહીં સ્વામીશ્રીના સ્વાગત માટે બહુ મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા. કંપાલા રેડિયો સ્ટેશન ઉપરથી પણ સ્વામીશ્રીનાં આગમન અને શોભાયાત્રાની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રથમ યુવક મંડળે સ્વામીશ્રીનું બૅન્ડથી સ્વાગત કર્યું. ફૂલહાર વિધિ પછી શોભાયાત્રા શરૂ થઈ. શરૂઆતમાં ટ્રાફિક પોલીસકાર પછી છ ઍસ્કોર્ટ્સ મોટર-સાઇકલ ઉપર હતા. પોલીસ ખાતા તરફથી આ પ્રકારનું સન્માન અને વ્યવસ્થા રાજકીય નેતાઓને જ મળતાં. ખુલ્લા પીકઅપ વાનમાં બાળ મંડળ, સુંદર શણગારેલી મોટરમાં ઠાકોરજી સહિત સ્વામીશ્રી, પછી અન્ય મોટરોની હારમાળા શહેરના મુખ્ય રસ્તાઓ ઉપરથી પસાર થતી હતી, ત્યારે રસ્તાની બન્ને બાજુ

હજારો આફ્રિકન તથા હિન્દીભાઈઓ સ્વામીશ્રીના આગમનને આતુરતાપૂર્વક ખુશાલી સાથે વધાવી રહ્યા હતા. આ દૃશ્ય અલૌકિક હતું ! આ સમય ધન્ય હતો !

ગામોગામ આ પ્રકારની શોભાયાત્રામાં જનસમુદાય ભગવાનના ધારક આ સંતનાં દર્શને હિલોળે ચઢતો. પૃથ્વી ઉપર ભગવાનનું સંત દ્વારા સાંગોપાંગ પ્રાગટ્ય, એનું મિલન, જીવનની અતિ ધન્ય ઘડી. ભક્તોને મન અકલ્પ્ય આનંદ ! પણ બધાને ક્યાં આ ખબર છે ? સંસારની મોહમાયાથી વિરક્ત એક બહુ માનીતો પુરુષ, આપણી વચ્ચે આવી રહ્યો છે, એટલું જ કેટલાકને જ્ઞાન છે. કેટલાક એ પણ જાણતા નથી. માત્ર કુતૂહલ છે. પણ આ અતિ પવિત્ર સંત-પુરુષનાં દિવ્ય સ્પંદનો એની આસપાસ દૂર સુધી પ્રસરી રહ્યાં છે. લોકોની આંખો સુધી, મન સુધી પહોંચે છે. ચેતનાનો સ્પર્શ જાણે-અજાણે સૌને મળે છે. ખોળિયે ખોળિયે પ્રત્યેકને ચેતનાની ચિનગારીથી જગાડે છે. કોઈ અનુભવે છે તો કોઈ અનુભવી શકતા નથી. સત્પુરુષ સાથેના થોડા ઘણા પણ આ દિવ્ય સંબંધથી, પ્રત્યેકમાં રહેલું દેવત્વ પ્રગટે છે. દૈવી સંસ્કાર જાગ્રત થાય છે. ઊર્ધ્વ જીવન તરફ વેગ, ગતિ મળે છે, મનુષ્ય જીવનનું સાચું સાફલ્ય સાંપડે છે. સત્શાસ્ત્રનું એ કથન છે. આર્ષ પુરુષો - ઋષિમુનિઓ - ભક્તોને પ્રમાણિત આ દર્શન છે. એટલે ગુણાતીત પુરુષો, સ્વામીશ્રી પણ ઘણી વાર બોલતા કે 'જે કોઈ સંબંધમાં આવે એનું કલ્યાણ કરવું છે.'

યુગાન્ડાની રાજધાની - કંપાલા શહેર આ સંતની પધરામણીથી પવિત્ર બન્યું હતું. ભૂમિની રજેરજ પાવન બની હતી. વાતાવરણના કણેકણમાં પવિત્રતા પ્રસરી હતી. જીવ-પ્રાણીમાત્ર સૌ ધન્ય બન્યાં હતાં.

પ્રેમજ્યોતમાં પરવાના

યુવક મંડળ અને મહિલા મંડળે શ્રદ્ધાપૂર્વક પરિશ્રમ લઈ, આ વિશાળ મંદિરનો ખૂણેખૂણો સુંદર રીતે શણગાર્યો હતો. સમગ્ર સુશોભન આંખે વળગે તેવું હતું. શોભાયાત્રા મંદિરમાં સમાપ્ત થતાં મંદિરના વિશાળ હૉલમાં જ સ્વામીશ્રી અને સંતોનાં સ્વાગત માટે સૌએ સ્થાન લીધું. સ્વાગત-ગીતથી યુવક મંડળે સ્વામીશ્રીને સન્માન્યા. નાના બાળકો અને યુવકો સ્વામીશ્રીના સાંનિધ્યમાં થનગની રહ્યા હતા. જનમ જનમના સ્નેહીનું જાણે આગમન થયું ન હોય ! કોઈ અકલ્પ્ય આનંદનો ભાવ તેમના નિર્દોષ ચહેરાઓ ઉપર ઊછળી રહ્યો હતો. પ્રેમના કોઈ ઉત્કૃષ્ટ સ્વરૂપનું દર્શન થતું હતું, ત્યારે પ્રેમનું એ પાત્ર પણ કોઈ

વિરલ જ હશે, એમ સહેજે જણાયા વિના રહે નહિ.

આર.યુ. પટેલ, ત્રિભોવનદાસ કાકા તથા હરમાનભાઈએ સ્વાગત-વચનો ઉચ્ચાર્યાં. તેમના ઉદ્‌ગારો સત્સંગના વર્ષો જૂના અનુભવના સાક્ષી હતા. આ મહાનુભાવોનાં હૃદય આજે દ્રવી રહ્યાં હતાં. સ્વામીશ્રીની ઉપસ્થિતિનું કામણ આબાલવૃદ્ધ બાઈ-ભાઈ સૌનાં અંતઃકરણ ઉપર છવાઈ ગયું હતું.

સ્વામીશ્રી, સંતો તથા કેટલાક હરિભક્તોનો ઉતારો મંદિરમાં હતો. બીજા મહેમાનોની વ્યવસ્થા બહાર હરિભક્તોને ત્યાં કરી હતી. સ્વામીશ્રી અને સંતો માટે તો સારામાં સારી નવી સુવિધાઓ ગોઠવી હતી, પણ મંદિરના નીચેના વિશાળ હૉલમાં, હરિભક્તો માટે પણ પલંગ, પાથરણાં, ધાબળા, તેલ, સાબુ, કાંસકા, ઍરલેટર વગેરે અથથી ઈતિ સામગ્રી પણ નવીનકોર તૈયાર રાખવામાં આવી હતી. આમ, હરિભક્તોની સેવામાં મૂકેલી એકેએક વસ્તુ ઉપર 'પ્રેમ-ભાવ'નું લેબલ અદૃશ્ય રીતે દેખાતું હતું.

સ્વામીશ્રીનો ઉતારો મંદિરની પાછળના ભાગમાં જ હતો. એથી સ્વામીશ્રી નિયમિત રીતે મંદિરમાં જ સર્વને લાભ આપી શકતા હતા. સવારે ૭-૦૦ થી ૮-૦૦ વાગ્યા સુધી મંદિરના વિશાળ હૉલમાં પૂજાનાં દર્શન આપતા. હૉલની મધ્યમાં એક સરસ સ્ટેજ ગોઠવ્યું હતું. રંગબેરંગી ચમકતાં તોરણોથી આ પીઠિકા સુશોભિત કરી હતી. સ્વામીશ્રી અહીં જ પૂજા કરતા. શરૂઆતમાં સંતો કીર્તનો ગાતા, પછી બાળકો-યુવકો પણ સાજ સાથે સ્વામીશ્રી સમક્ષ કીર્તનો બોલતા.

આરામ પછી ૧૦-૩૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી પણ સ્વામીશ્રી મંદિરના હૉલમાં પધારતા. પોતે ટપાલ વાંચે-લખે અને સંતો-હરિભક્તો સત્સંગની વાતો કરે. કોઈ પ્રવચન કરતું હોય અને એમાં કોઈ મુદ્દાની વાત આવે તો સ્વામીશ્રી ટપાલ વાંચતાં કે લખતાં, મુખારવિંદ ઊંચું કરે અને હાથનાં લટકાં સાથે આંગળીનો ઈશારો કરી, એ વાતમાં પોતાનું સમર્થન આપે. સભાજનોને આથી ભારે કુતૂહલ થતું કે સ્વામીશ્રી વાંચે છે - લખે છે કે સાંભળે છે ! સ્વામીશ્રીની આ પ્રકારની એક ટકોરથી સૌ સાવધાન થઈ જતાં, સભામાં આનંદ વ્યાપી જતો. અને મોટાપુરુષ અનેકાવધાની હોય છે એ અનુભવ સહેજે થઈ જતો.

અનુભવી સંતો-હરિભક્તો પાસે સત્સંગના મહિમાની વાતો કરાવવાનું સ્વામીશ્રીને બહુ ગમતું. એટલે પોતાની હાજરીમાં તો કોઈને નવરા બેસવા જ ન દે. આડા-અવળા ખૂણે-ખાંચરે બે-ચારનાં ટોળાંમાં બેસી ગ્રામ્યવાર્તા તો કોઈ કરી શકે જ નહિ. પોતે સભા સ્થાનમાં પ્રવેશે કે તુરત સૌ સાવધાન થઈ જાય

અને સ્વામીશ્રીની આજ્ઞા છૂટે એટલે કથા-કીર્તન શરૂ થઈ જાય. પોતે ભલે ટપાલ વાંચે કે લખે કે કોઈ સાથે જરૂરી વાત કરતા હોય, પણ વચ્ચે સૌને પ્રશ્નો પૂછી, મીઠો હોંકારો કરી, જાગ્રત તો રાખે જ. કેટલાક તો સ્વામીશ્રીની સુખકારી મૂર્તિ સામું જોઈને જ બેસી રહે. ખુલ્લાં નેત્રે એ મૂર્તિનું ધ્યાન કરે. એમ અલૌકિક આનંદ મેળવે.

બપોરે ઠાકોરજી જમાડી ૧-૦૦ થી ૧-૩૦ વાગ્યા સુધી પણ સભા-મંડપમાં સ્વામીશ્રી વચનામૃતની કથા કરાવતા. દેશના તેમજ આફ્રિકાના સાથે ફરતા હરિભક્તો અત્યારે હાજર હોય. તેમને સ્વામીશ્રી સંભારીને બોલાવે, જોઈતું-કરતું પૂછી લે, માવતરથી અધિક સાચવે. સાંજે ૫-૦૦ થી ૭-૦૦ના સમયે પણ સભામાં પધારે. પ્રસંગોપાત્ત વાતો કરી બ્રહ્માનંદ કરાવે.

રાત્રે સ્વામીશ્રી આરામમાં ગયા ત્યારે એક હરિભક્ત સુંદર જાપાનીઝ રગ (ધાબળો) લાવેલા, તે આસન ઉપર પાથરવા માટે કહ્યું.

'કાલે મહારાજને ધરીને પછી ઉપયોગ કરશું.' સ્વામીશ્રીએ હેતથી કહ્યું.

રાત્રે સ્વામીશ્રીના ઠાકોરજી - હરિકૃષ્ણ મહારાજ પોઢી ગયા હોય, એથી ધરાવી ન શકાય. એટલે સ્વામીશ્રીએ બીજા દિવસ ઉપર વાત છોડી દીધી. નવીન વસ્તુ સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજને ધરાવીને જ ઉપયોગમાં લેતા.

નિશાન રાખવું

તા. ૧૧મીએ સાંજે ૬-૦૦ વાગે સભામાં વાતો કરતાં સ્વામીશ્રી કહે :

'વાતું તો ઘણી સાંભળીએ છીએ, પણ જ્ઞાનની ચોટ લાગે તો ખરું. વાતન કી વાત બડી કરામત. વાતની ચૂંક લાગે ત્યારે અંગ બંધાય. મોહનભાઈ 'સંત બડા પરમારથી, જાકા મોટા મન' - એ સાખી બોલે છે. તે સાખી ગુણાતીત સ્વામી ઉપર અને શાસ્ત્રીજી મહારાજ ઉપર ઊતરે છે. એવો મહિમા સમજાય તો નિશાન નોંધ્યું કહેવાય. હિંદુસ્તાનમાં કે દુનિયામાં એવા સંત નથી.

'લક્ષ્મીજી જ્યારે સમુદ્રમાંથી વરમાળા લઈને નીકળ્યાં, ત્યારે એક કોર દેવોને દીઠા. તેમનામાં રૂપ હતું પણ ગુણ નહિ. પછી બીજી કોર દાનવોને દીઠા. તેમનામાં રૂપ અને ગુણ બેય નહિ. પછી સર્વ ગુણે સંપન્ન, સર્વ દોષે રહિત ને સર્વ ગુણના નિધાન નારાયણને દીઠા ને તેમને વરમાળા આરોપી દીધી.

'લક્ષ્મીજીએ બધાને દોષ ભરેલા દીઠા. પછી ભગવાનને વર્યા. એમ જ્યારે સમજાય કે સર્વ દોષ રહિત, સર્વ ગુણ સંપન્ન અને સર્વ સુખના નિધાન એવા

શાસ્ત્રીજી મહારાજ છે, તેમ તેમને જાણીને હારમાળા પહેરાવીએ ત્યારે સાખી બોલી કહેવાય. એવા સંત કેવા છે ? તો એકાંતિક છે ને જેણે ભગવાનને રાખ્યા છે. મોહનભાઈ રાઠોડ મુંબઈથી પ્રેક્ટિસ મૂકીને આવ્યા છે. એમણે મહાત્માઓનો સમાગમ બહુ કરેલો, પણ 'સૌ મહાત્માઓના ઉપરી શાસ્ત્રીજી મહારાજ છે,' એમ સમજાય તો મોક્ષ થાય. મધ્ય ૨૨ એ નિશાનનું વચનામૃત છે. તે નિશાન જ્યારે રોપી દઈએ, ત્યારે મોક્ષ થાય. આવી રીતે સમાગમમાં રહીએ ને વાતું સાંભળીએ તો જીવ બદલાઈ જાય.'

સમા સમાની ભક્તિ

બીજે દિવસે હરિભક્તોને કંપાલાથી ગુલુ વહેલા જવાનું હતું. એ માટે સૌએ નાસ્તો વહેલો કરી, તૈયાર થઈ જવાનું હતું, પણ સ્વામીશ્રીનાં પૂજા-દર્શનનો મોહ કોઈને છૂટતો નહોતો. નાસ્તા-પાણીમાં જવા માટે બે-ત્રણ વાર હાકલ થઈ, પણ કોઈ ઊઠતું નહોતું.

એ વખતે યુવકો સ્વામીશ્રી સમક્ષ કીર્તન ગાતા હતા : *'બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન...'*

તેમને વચમાંથી અટકાવી સ્વામીશ્રી ગાવા લાગ્યા : 'રાખો... *બોલ્યા શ્રીહરિ રે, નાસ્તો કરવા નીચે જાવ...'*

સૌ ખડખડાટ હસી પડ્યા. અને મહેમાનો તુરત ઊઠ્યા.

'સમો વર્તે સાવધાન; સમો સાચવી લેવો.' આ પ્રકારનાં સૂત્રો વારંવાર બોલતા સ્વામીશ્રી સમય સમય પ્રમાણે કાર્ય કરી લેવાનો બહુ આગ્રહ રાખતા. સ્વામીશ્રી ઘણી વાર સમજાવતાં કે મહેમાન થતાં શીખવું.

સવારે પૂજાવિધિ બાદ મસીન્ડી જવા તૈયાર થયા. એન્ટેબે ઍરપોર્ટ આવી પહોંચ્યા. અહીં નાના - સાત બેઠકવાળા પ્લેનની વ્યવસ્થા કરી હતી. 'વ્હીલચૅર' પણ પ્લેનમાં પાછળ ગોઠવી દીધી.

નાના સ્પેશિયલ પ્લેનમાં સ્વામીશ્રી મસીન્ડી જઈ રહ્યા હતા. પ્લેનની વ્યવસ્થા થઈ ગઈ હતી. સ્વામીશ્રી વી.આઈ.પી. કક્ષમાં બેઠા હતા. પ્લેનના યુરોપિયન પાઇલટ સ્વામીશ્રીનાં દર્શન કરી ગયા. સ્વામીશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીના હાસ્યમાં જ એમને સંતોષકારક ઉત્તર મળી ગયો. પણ એમના ગયા પછી બાજુમાં ઊભેલા ડૉક્ટર સ્વામીને સ્વામીશ્રી કહે : 'પેલા સાહેબને 'થૅંક યુ' કહો.'

૧૦-૩૦ વાગે મસીન્ડી આવી પહોંચ્યા. નારાયણસિંગ, રમણભાઈ, રાવ, પ્રીતમસિંગ, રઘુવીરસિંગ વગેરે હરિભક્તો તથા ગામના અગ્રગણ્ય નાગરિકોએ ઍરપોર્ટ ઉપર સ્વામીશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું.

ભક્તવત્સલ તમે અધિક રસિયા

સ્વામીશ્રી સીધા જ નારાયણસિંગની મોટરમાં તેમની પ્રતાપ સૉ મિલમાં જંગલમાં ઊંડે ઊંડે પધાર્યા. અહીં ૧૯૬૦માં સ્વામીશ્રી પધાર્યા ત્યારે એક રાત રહ્યા હતા, તે સ્મૃતિ કરી. સ્વામીશ્રી કહે : 'આવા જંગલમાં નારણસિંગ આપણને સંભારે છે, કેવો ભાવ ! આ તો તીરથ થઈ ગયું.' એમ કહેતા જાય અને પ્રસન્નતા બતાવતા જાય. અમે ઉતાવળ કરીએ, કારણ કે શહેરમાં ઘણો કાર્યક્રમ હતો; પરંતુ 'એનો ભાવ તો જુઓ !' એમ કહી સ્વામીશ્રી નિરાંત કરી બેઠા.

ઠાકોરજીનું પૂજન થયું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ડૉક્ટર સ્વામી પાસે વાતો કરાવી. છેવટે અહીંથી નીકળ્યા. સ્વામીશ્રી કહે : 'મારે સૉ મિલમાં પુષ્પો છાંટવાં છે.' કાર્યકર્તાઓ ના પાડે. 'પણ મારે ઊતરવું છે ને !' એમ કહી જાતે ઊતરવા લાગ્યા. બધાં મશીનો ઉપર પુષ્પો છાંટ્યાં અને ખૂબ આશીર્વાદ આપ્યા. એક ઝાડનું મોટું સીધું થડ, મિલની વચ્ચે થાંભલા તરીકે ઊભું ગોઠવ્યું હતું. સ્વામીશ્રીએ એને થાબડ્યું અને કહે : 'આ થાંભલો સંભારજો. આ તીરથ થઈ ગયું, બધું પ્રસાદીનું કર્યું. એનો ભાવ તો જુઓ ! આપણે માટે એ દેશમાં આવ્યા હતા, તો આપણે અહીં આવવું જોઈએ ને !'

નારાયણસિંગ સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ આવ્યા હતા. અને ઉનાળામાં સખત તાપમાં પંચતીર્થીમાં સાથે ફર્યા હતા, ફક્ત સ્વામીશ્રીની આજ્ઞા અને પ્રેમ ખાતર. તે આટલે દૂર આવી, સ્વામીશ્રી જાણે ઋણ પૂરું કરતા હોય એમ બધે ફર્યા અને સૌને રાજી કર્યા. મૂળ શીખધર્મી નારાયણસિંગ સ્વામીશ્રીની સાધુતાથી જ સત્સંગમાં ખેંચાયા હતા. જીવ ભલે થોડુંક કરે, પણ મોટાપુરુષ એને બહુ માની લે છે.

પછી રાવને ત્યાં ઉતારે પધાર્યા. બીજા સંતો તથા હરિભક્તો પણ મોટરો અને બસ દ્વારા આવી પહોંચ્યા. સૌને માટે આર્યસમાજ હૉલમાં જમવાનું ગોઠવ્યું હતું. રાવને ત્યાં ઠાકોરજી જમાડી સ્વામીશ્રીએ થોડો આરામ કર્યો. પ્રમુખસ્વામી ગામમાં પધરામણીએ ગયા હતા.

'આ કોનું ઘર છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'બાપા ! રાવ સાહેબનું. તેઓ કેરાલાના છે.'

'આ ઘર તીર્થ થઈ ગયું. જે આમાં આવશે તેનું સારું થઈ જશે.' સ્વામીશ્રીએ આશીર્વાદ ઉચ્ચાર્યા. સંતના સંબંધનો આવો મહિમા સ્વામીશ્રી વારે વારે ઉચ્ચારતા. કદાચ એ વચનમાં દૃઢ વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે !

બપોરે ૩-૩૦ વાગે, રાવના બંગલાના કંપાઉન્ડમાં જ મંડપમાં જાહેર સભા રાખી હતી. બળવંતરાય બ્રહ્મભટ્ટ તથા ડૉક્ટર સ્વામીએ પ્રવચનો કર્યાં. રઘુવીરસિંગે યોગીજી મહારાજનાં જીવન અને કાર્યનું સંક્ષિપ્તમાં વર્ણન કર્યું. યુવાનોમાં જાગૃતિ લાવતી સ્વામીશ્રીની પ્રવૃત્તિથી દાઉદી વહોરા કોમના પ્રમુખ ઈબ્રાહીમભાઈ જસદણવાળા ઘણા પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે તેમણે એ વાતનો ઉલ્લેખ કરી પ્રેરક પ્રવચન કર્યું હતું. અંતમાં સ્વામીશ્રીએ સૌને ધર્મ-નિયમમાં રહીને અઠવાડિક રવિસભાનો ખાસ આદેશ આપ્યો હતો.

❀ ❀ ❀



ગુલુ મંદિરમાં પ્રથમ પગલાં

૪-૪૫ વાગે મસીન્ડીથી વિદાય લઈ, એ જ ચાર્ટર્ડ પ્લેનમાં સ્વામીશ્રી સંતો સાથે સાંજે ૬-૦૦ વાગે ગુલુ પધાર્યા.

સ્થાનિક તથા દેશના હરિભક્તો, ઍરપોર્ટ ઉપર સ્વામીશ્રીના સ્વાગત માટે હાજર થઈ ગયા હતા. સૌએ પુષ્પહાર અર્પણ કરી, સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. પ્રમુખસ્વામી તથા મહંત સ્વામીને પણ સ્વામીશ્રીએ અત્યારે પ્લેનમાં સાથે લીધા હતા. નાનકડા પ્લેનમાં આ ટૂંકી મુસાફરી પણ સ્વામીશ્રીને રુચતી ન હતી, પણ થોડા સમયમાં બધે પહોંચી વળવા અને બધાને રાજી કરવાની લાગણીને કારણે જ સ્વામીશ્રી આ ચલાવી લેતા હતા. પ્લેન ઘણે નીચે ઊડતું હોવાથી હજારો માઈલમાં વિસ્તરેલી યુગાન્ડાની હરિયાળી જમીન ઉપર ક્યારેક સ્વામીશ્રી દૃષ્ટિ કરતા. સર્પાકારે વહેતી નાઈલ નદી ઘેરા નીલા રંગને કારણે જુદી તરી આવતી. તે જોતાં સ્વામીશ્રી ધાબળામાં ઢંકાઈને માળા ઘમકાવવા માંડતા.

લગભગ ૩૫ થી ૪૦ મોટરોમાં નીકળેલી શોભાયાત્રા ગુલુના મુખ્ય રસ્તાઓ ઉપર થઈ મંદિરે આવી પહોંચી.

સને ૧૯૬૫માં આ મંદિરની સ્થાપના થઈ ત્યારે સ્વામીશ્રી આવી શક્યા ન હતા. આજે પ્રથમ વાર જ પોતે પધારતા હતા. ભાવથી મૂર્તિઓને નિહાળી રહ્યા. પ્રતિષ્ઠા પછી પ્રથમ વાર જ સ્વામીશ્રીએ મૂર્તિઓની આરતી ઉતારી. સભામંડપમાં સ્વાગત થયું. સ્વામીશ્રીનો ઉતારો ગોરધનભાઈને ત્યાં હતો. બીજાનો ઉતારો અન્ય હરિભક્તોના ઘરે હતો.

રસિકભાઈ, ગોરધનભાઈ, ડૉ. શનુભાઈ, ભગુભાઈ, ધનુભાઈ, નટુભાઈ, અંબુભાઈ, રજનીકાંત તથા યુવક મંડળ તેમજ મહિલા મંડળે ખંતથી તમામ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી.

યોગ ને સાંખ્યના સમાંતર પાઠો

આફ્રિકામાં 'વાઈલ્ડ લાઈફ' (Wild Life) - મુક્ત મને વિહરતાં વન્ય જંગલી પ્રાણીઓને જોવા દેશ-વિદેશના લોકો દોડી આવે છે. ગુલુથી લગભગ ૧૦૦ માઈલ દૂર નાઈલ નદી ધોધરૂપે વહે છે. જે 'મર્ચિસન ફોલ્સ' તરીકે પ્રસિદ્ધ છે. અહીં જંગલોમાં જંગલી હાથીનાં ટોળેટોળાં ફરતાં હોય છે. જંગલી ભેંસો પણ અહીંતહીં ઘૂમતી હોય છે. આ ભયંકર જંગલોમાંથી વહેતી નાઈલ નદી પર્વતને ફોડી ધોધરૂપે પડે છે, એ દૃશ્ય ભયાનક છતાં મનને જોવું ગમે એવું છે. આ સ્થળે નદીમાં મોટા મોટા ભયંકર અસંખ્ય મગરમચ્છ પણ છે. અને ઉન્મત્ત જળઘોડા પણ ફુવારાની માફક પાણી ઉછાળતાં નાઈલના વિશાળ પટમાં જ્યાં-ત્યાં તરતા હોય છે. ક્યારેક કિનારા ઉપર પણ દેખાય છે. મગરમચ્છ પણ નદીના તટ ઉપર લાંબી લાંબી મોંફાડ ખુલ્લી રાખી વિકરાળ દેખાતા બેઠા હોય છે. સૃષ્ટિ એના અસલ સ્વરૂપમાં અહીં જોવા મળે છે.

દેશથી આવેલા મહેમાનો અને સંતો માટે, ગુલુના હરિભક્તોએ આ સ્થળે પર્યટન યોજ્યું હતું. સ્વામીશ્રી ગુલુમાં જ રોકાવાના હતા. એથી કેટલાકને જવાની બહુ ઈચ્છા ન હતી. પણ સ્વામીશ્રીએ સૌને આગ્રહપૂર્વક મોકલ્યા. સને ૧૯૫૯માં સ્વામીશ્રી સૌના આગ્રહથી મર્ચિસન ફોલ્સ પધારેલા. 'ત્યાં એક ઝાડ છે ત્યાં સંતસ્વામી બેઠા હતા, તે દર્શન કરજો,' એમ કહી સંતની, પોતાની સ્મૃતિ સાથે સૌને મોકલ્યા. જેમ ભક્તોને જમાડવામાં સ્વામીશ્રીને આનંદ આવતો, તેમ તેમને રમાડવામાં, સાથે ફેરવવામાં, આવાં જોવાલાયક સ્થળોએ મોકલવામાં પોતે સામેથી બધી ગોઠવણી કરી આપતા અને આનંદ અનુભવતા.

સૌ સવારથી મર્ચિસન ફોલ્સ ગયેલા, સાંજે પાછા ફર્યા. તેમના આગમન બાદ સ્વામીશ્રીએ આતુરતાથી બધું પૂછ્યું : 'શું શું જોયું ? ક્યાં ક્યાં ફર્યા ?' સૌએ વાત કરી. સ્વામીશ્રીએ રસપૂર્વક સાંભળી.

પછી, 'ભગવાનને અને સંતને મૂકીને એમાં શું જોવું 'તું ?' એમ હેતથી, ગમ્મત કરતાં સ્વામીશ્રી સૌને કહેવા લાગ્યા. સૌને આગ્રહ કરીને મોકલનાર પણ પોતે; અને બધું બતાવ્યા પછી 'આ બધું ખોટું છે' એમ સમજાવનાર પણ પોતે. આ પણ એક સાચું જ્ઞાન શીખવવાની, સમજણ આપવાની એમની પદ્ધતિ હતી. જગતનો મોહ દેખાડીને પછી સાંખ્ય કરાવવું. ખોટું કરાવવું. ભગવાન ને સંત મળ્યા પછી એમને મૂકીને બીજું કશું જોવા જેવું નથી – એ મુદ્દો સ્વામીશ્રી

આવા પ્રસંગો દ્વારા સમજાવતા.

મંદિર-નિર્માણમાં ભક્તિ-લાભ

બીજે દિવસે પ્રવચન કરતાં કહે :

'ગુલુમંદિર સર્વોપરી થયું. રસિકભાઈ, ગોરધનભાઈનો સંકલ્પ હતો તે જગ્યા લઈ લીધી. મંદિર થઈ ગયું. મૂર્તિઓ પણ કેવી સર્વોપરી ! અહીં તો સત્સંગીનાં સોળ જ ઘર છે; પણ હોલાઉપાડ કર્યો. આરતી ઉતારવાની બાકી રહી ગઈ હતી. અમે નૈરોબી આવ્યા તે 'ડભોઈ ભેગું તેનતલાવ.' અહીં આરતી થઈ ગઈ.

'આણંદમાં શાસ્ત્રીજી મહારાજે વાત કરેલી કે 'ત્રણ દીકરે એક દીકરો સાધુ થાવા દેવો.' હજુર પંડે સ્વામી બોલેલા. તે વખતે કટાકટી-મારામારી હતી. હવે શાંત પડી ગયું. અત્યારે 'શાસ્ત્રીજી મહારાજ' એમ સૌ કહે છે. વડતાલ-અમદાવાદવાળા સૌ વખાણે છે. તે વખતે પિસ્તોલો ઊડતી હતી. મારા ફરતા હતા.

'અત્યારે આપણાં કેટલાંય મંદિરો થઈ ગયાં. માટે સહન કરે એ મોટો. તે વખતે કડીતોડ સાધુ નંદ જેવા હતા. શાસ્ત્રીજી મહારાજના એક શબ્દે તન તોડી નાખે. ગઢડામાં પચીસ લાખનું મંદિર થઈ ગયું. ગઢડામાં ભાવનગર મહારાજાએ વાત કરેલી ખાતમાં કે 'હોલ ઇન્ડિયામાં ન હોય તેવું મંદિર સ્વામી અહીં કરશે.' અત્યારે ધોળું, આરસનું મંદિર થઈ ગયું. ત્રણ-ત્રણ ગાઉથી દેખાય છે. હરમાનભાઈ, મગનભાઈએ સેવા કરી. સ્વામીનો સંકલ્પ હતો કે 'મહારાજે જ્યાં દોરી ભરેલી ત્યાં જ મંદિર કરવું.' તો થઈ ગયું.

'પહેલાં તો જૂના મંદિરમાં દર્શને જવું હોય, તો ફોજદાર લઈ જાય. *'સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે.'* વેરી હતા તે ગુણ ગાય છે. શાથી ? સાધુતા, કથાવાર્તા ને અખંડ દેશોમાં ફરવું. ગઢડા મંદિર માટે કંપાલામાં ૧૯૫૫ની સાલમાં બધાએ ખરડો કર્યો હતો. મોટાસ્વામીએ તે જોયો અને ફાડી નાખ્યો. આમ તે હોય ? પછી ત્રણ-ત્રણ મહિનાના બધાના પગાર લીધા. એંસી હજારનો ખરડો હતો, તે ત્રણ લાખનો થઈ ગયો. આપણું મંદિર અધૂરું પડ્યું રહે તો ગઢડાવાળા વાત કરે કે 'માળા બંડિયા મોટા ઉપાડે મંદિર કરવા ગયા હતા ને મંદિર થયું નહિ.' ઈશ્વરભાઈ દાજીને મકરાણા આરસ લેવા મોકલ્યા. હરમાનભાઈએ દસ હજાર રૂપિયા મૂર્તિઓના આપ્યા. વડોદરામાં સ્વામીએ કોલાટકરની પાસે મૂર્તિઓ બનાવડાવી. જાતે મૂર્તિઓ કરાવવા સ્વામી જાતા. ભગવાન અને સંત ધાર્યું કરે છે.

'માનવ જાણે મેં કર્યું, કરતલ બીજો કોઈ;
આદર્યાં અધૂરાં રહે ને હરિ કરે સો હોઈ.'

'પુરુષોત્તમ નારાયણ ધારે તેમજ થાય. જૂનાગઢનું મંદિર રંગીલદાસ દીવાનને ખોદવું હતું, પણ તે જ મરી ગયો. ભગવાન અને સંતનાં કાર્યમાં વિઘ્ન નાખવાં આવી પડે તેનું કામ ન થાય.

'શ્રીજીમહારાજે જીવાખાચરને વચન દીધેલું કે સારંગપુરમાં મોટું મંદિર થશે ને ત્યારે પ્રતાપી દેવ બેસશે. તે સ્વામી દ્વારા થયું. ૧૦૪ ફૂટ ધજાગરો ચડ્યો. મહીસાગરના પુલ જેટલો ઊંચો છે.

'માટે બધા સંપીને ચાલે તેમાં સ્વામી ને મહારાજ રાજી થાય છે.

'વડતાલમાં મહારાજે બ્રહ્માનંદ સ્વામી પાસે મંદિર કરાવ્યું. વડતાલમાં પૈસા હતા નહિ. કુબેર પટેલે જગ્યા આપી હતી. પણ પૈસા કાઢવા ક્યાંથી ? મહારાજે કહ્યું : 'નાનું મંદિર કરો.' પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને લખ્યું :

'સાહેબ સરીખા શેઠિયા, વસે નગર કે માંહી;
તાકે ધનકી ક્યા કમી, જીસકી હૂંડી ચલે નવખંડ માંહી.'

'ને મંદિર થઈ ગયું. નવ લાખ ઈંટો વડતાલ મંદિરના પાયામાં ગઈ છે. તે વખતે પૈસા નહિ. આફ્રિકા મંડળ નહિ. માંડ માંડ કામ ચાલતું. લક્ષ્મી તો દાસી છે.

'મહારાજને અમદાવાદમાં મંદિર કરવું હતું. એક ડોશીમા પાસે સોનાના નવ ચરુ હતા. તેને દીકરો નહિ. મહારાજને કહ્યું : 'દીકરો દ્યો. મારી પાસે ભોંમાંથી નીકળેલા નવ ચરુ છે. તે તેમાંથી મંદિર બાંધો.' બ્રહ્માનંદ સ્વામી રાજી થઈ ગયા. મહારાજને કહ્યું : 'મહારાજ ! લઈ લ્યો. આપણે ઘેર ઘેર માગવું મટે.' મહારાજે કહ્યું : 'હું ભગવાન છું. ધારું તો સોનાનાં મંદિર કરી દઉં. મારે આ પૈસાથી મંદિર નથી કરવું, પણ બધાની સેવા લેવી છે.' મહારાજે ચરુ ન લીધા. પચાસ રૂપિયા, પાંચસો રૂપિયા, એમ હરિભક્તો પાસેથી ઉઘરાવીને મંદિર બાંધ્યું.

'દાદાખાચર મૂંઝાણા હતા. આમ તે કેમ મંદિર બનશે ? મહારાજે તેમને રાત્રે નવ શિખરનું સોનાનું મંદિર બતાવ્યું. દાદાખાચર રાજી થઈ કહે : 'મહારાજ ! આ મંદિર કાયમ રહેવા દ્યો ને !' મહારાજે કહ્યું : 'ના, તમારી પાસે ટોપલા ઊંચકાવવા છે.'

'સાક્ષાત્ ભગવાન હતા. ભોંમાંથી મંદિર ઉપાડે તેમ હતા. પણ જે મંદિરમાં સેવા કરે તેને બળ મળે. ચૂં ચૂં કરે તેને બળ ન મળે. અહીં સરકારબાપો જાગ્યો છે તે ઉપાડી લેશે, માટે સત્સંગમાં જે વાપર્યું તે આપણા બાપનું. અહીંથી કાઢવાની

નોટિસો આપે છે. ભારતમાંથી અને આંહીંથી બધાયનેય એકલા જવાનું જ છે. આ લોકનું કોઈ સાથે આવવાનું નથી. અહીં જે ભક્તિ કરી તે સાથે આવશે. દાદાખાચરે ધન, ધામ, કુટુંબ-પરિવાર ભગવાન ને સંતને અર્થે કરી નાખ્યાં, તો નામ લખાઈ ગયું. લીંબડી, ધ્રાંગધ્રા-દરબારનાં નામ ન લખાણાં; પણ આ બાર ગામના દરબારનું નામ લખાણું. હજારો વર્ષો થશે પણ તે જશે નહિ.'

'સૌ થાંભલાનાં દર્શન કરે છે !'

રસિકભાઈને ઘેર રાત્રે પોઢતાં પહેલાં સ્વામીશ્રી દવા લઈ રહ્યા હતા. સંતો તથા યુવકો સામે બેઠા હતા. સ્વામીશ્રીએ ડૉક્ટર સ્વામીને વાત કરવા કહ્યું. તેઓ સ્વામીની વાત બોલ્યા :

'માણસ બધા આ થાંભલાનાં દર્શન કરે છે પણ આ સાધુનાં દર્શન કોઈ કરતું નથી.'

એ સાંભળી સ્વામીશ્રી તરત કહે : 'બધા મર્ચિસન ફોલ ઉપર જળઘોડા, હાથી ને મગરનાં દર્શન કરવા જાય છે, પણ આ સાધુનાં દર્શન કોઈ કરતું નથી.'

સૌ હસી પડ્યા, પણ સ્વામીશ્રીનું આ માર્મિક વાક્ય સૌને સોંસરવું ઊતરી ગયું. આવી નિર્દોષ ગમ્મત કરતાં સ્વામીશ્રી, પ્રસંગોપાત્ત સાચી સમજણ આપી દેતા.

સત્સંગ વધે તો આવ્યા પ્રમાણ

ગઈકાલથી સ્વામીશ્રીનો ઉતારો રસિકભાઈને ત્યાં હતો. પ્રમુખસ્વામી ગુલુથી ૬૫ માઈલ દૂર કીટગુમ પધરામણીએ ગયા હતા.

તા. ૧૫મીએ રવિવારની યુવક સભામાં, યુવકો સમક્ષ પ્રેરણાત્મક સંબોધન કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'રવિવારની સભાનો હેતુ શો ?

'સત્સંગ વધારવો. પૂર્વ આફ્રિકામાં છ મંદિર થયાં તે બધાનો એક પ્રેસિડન્ટ નીમવો. તે બધાં મંડળોની ખબર અમને ભારતમાં આપે કે આવી રીતે મંડળો ચાલે છે. ડેપ્યુટી સાહેબ પરીક્ષા લ્યે છે ને કોઈને ફર્સ્ટ ક્લાસ માર્ક્સ આપે. તેમ બધી ખબર રાખવી. આફ્રિકામાં પાંચ હજાર યુવકો થાવા જોઈએ. 'ગુરુ ગયા ગોકળ ને વાંહે થઈ મોકળ,' એવું ન થાવું જોઈએ. અમારા ગયા પછી કથા કરવી, મંદિરે દર્શન કરવા બે વખત જવું. તક આવી છે, તે લાભ

લેવો. આરતી ને પાકા થાળ કરવા. કોઈ ફેલફતુર ન રાખે. અમારા ગયા પછી સત્સગ વધે તો અમે આવ્યા પ્રમાણ.'

સ્વામીશ્રીના ઉદ્‌ગારોમાં મોળો વિચાર કે મોળા શબ્દો ક્યારેય પણ નીકળતા નહિ. એટલી બધી ઉત્સાહ-પ્રેરક એમની વાણી હતી કે મડાને પણ બેઠા કરવાની એમાં તાકાત હતી. આધ્યાત્મિક માર્ગમાં કોઈ મનોબળ-શૂન્ય હોય પણ એમાં આત્મજાગૃતિ આવી જાય. પ્રચંડ શક્તિ પુરાઈ જાય. એમાં કેટલાંક મર્મયુક્ત વચનો કે એમની ગેરહાજરીમાં સત્સંગ વધે તો જ એમનું આવેલું સાર્થક સમજવું. આવા આદેશો ભક્તોને કાયમ માટે શ્રદ્ધાનો સ્રોત પૂરો પાડતા.

રસિકભાઈના બંગલે આજે બપોરે ઠાકોરજી જમાડ્યા પછી સ્વામીશ્રી કહે :

'આપણે અહીં આફ્રિકામાં ત્રણ સંકલ્પો કર્યા છે : ૧. સિટીઝનશીપ બધાને મળે. ૨. અહીંથી ૫૧ યુવકો સાધુ થાય. ૩. સંપ, સુહૃદભાવ ને એકતા રહે.'

પછી વચનામૃત વરતાલનું ૧૯મું વંચાવી વાતો કરી : 'મહારાજે કહ્યું : 'સાંભળો, ભગવાનની વાર્તા કરીએ છીએ.' પણ 'કોણ ભગવાન ?' એ કોઈએ પૂછ્યું નહિ. 'તમે કે બીજા ?'

સ્વામીશ્રી આ રીતે ઘણી વાર એવા પ્રશ્નો ઉપસ્થિત કરતા કે સૌને વિચારમાં મૂકી દે. વચનામૃતની સરળ લાગતી વાતોમાંથી પણ મજકૂર સુધી આપણને દોરી જાય : 'એ ભગવાન મહારાજ જ છે. ને આજે સંત દ્વારા પ્રગટ છે.' એ ભાવ સૌનાં અંતરમાં કહ્યા વગર સમજાઈ જાય.

વ્યસનનું વજ્ર કલેવર આખરે ભેદાય છે

ગુલુથી નજીકમાં લીરા ગામે વાસણાના મગનભાઈ મહીજીભાઈ ઘણાં વર્ષોથી રહેતા. તેમના આગ્રહથી લીરાનો કાર્યક્રમ નક્કી થયો.

બીજે દિવસે સવારે ગુલુથી સર્વે હરિભક્તોની વિદાય લઈ નાના પ્લેનમાં સ્વામીશ્રી લીરા આવી પહોંચ્યા. મગનભાઈ તથા અન્ય સ્થાનિક સદ્‌ગૃહસ્થોએ સ્વામીશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું. શણગારેલી મોટરમાં સ્વામીશ્રીને પધરાવ્યા. અન્ય મોટરોમાં ભજન મંડળી, સંતો તથા હરિભક્તો સૌ શોભાયાત્રારૂપે ગામમાં ફરીને મગનભાઈને ઘેર ઉતારે આવી પહોંચ્યા.

વર્ષોથી અહીં આવી વસેલા મગનભાઈને સત્સંગના યોગ વગર અહીંનો રંગ ઘણો ચઢી ગયેલો. નાનાં-મોટાં વ્યસનોએ તેમનાં તન-મનને ઘેરી લીધેલું. ખાસ તો તેઓ કુટેવો છોડી સત્સંગનાં વર્તમાન ધારણ કરે અને સ્વામીશ્રીનો

આશરો કરે, એવી સૌની ઇચ્છા.

આ મગનભાઈ પાણીની જેમ દારૂ પીતા અને હંમેશાં નશામાં રહેતા. સ્વામીશ્રીને આ વાત કરી ત્યારે એમણે કહ્યું : 'દારૂ ક્યાં રાખે છે ? ચાલો આપણે ત્યાં જઈએ.'

મગનભાઈ સ્વામીશ્રીને એક રૂમમાં રેફ્રિજરેટર હતું ત્યાં લઈ ગયા. સ્વામીશ્રીએ બારણું ખોલ્યું તો આખું ફ્રિઝ દારૂના બાટલાથી ભરેલું હતું ! મગનભાઈએ કહ્યું : 'બાપા ! આ દારૂ છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'મગનભાઈ ! આપણે સારા માણસથી દારૂ ન પીવાય. તેથી બધું બહાર ફેંકી દો.'

મગનભાઈ સ્તબ્ધ બની ઊભા રહ્યા. પળ - બે પળ મક્કમ વિચાર કરી લીધો અને તરત જ બધો દારૂ ફેંકી દીધો !! મગનભાઈ બધાની હાજરીમાં પોતાની સમક્ષ નિષ્કપટ થયા અને વચન અધ્ધર ઝીલી લીધું તેથી સ્વામીશ્રી ખૂબ રાજી થયા.

સ્વામીશ્રીએ તેમના ઉપર કૃપાદૃષ્ટિ કરી. સંકોચને કારણે નીચું જોતાં મગનભાઈએ ધીરેથી સ્વામીશ્રી સાથે દૃષ્ટિ મેળવી. સ્વામીશ્રીની કરુણાદૃષ્ટિ તેમની નજર સાથે મળી. દૃષ્ટિમાત્રથી જ કઠોર થયેલું તેમનું મન કોમળતા અનુભવવા લાગ્યું. સાત્ત્વિક વિચારો - પવિત્ર વિચારોનો માર્ગ મોકળો થયો. ખરાબ આદતોની જડ ઢીલી થઈ. તેમનું માથું સ્વામીશ્રીનાં ચરણોમાં ઢળી પડ્યું.

શાસ્ત્રીજી મહારાજે બોચાસણના હીરામુખીને કહ્યું હતું કે 'તમો વ્યસનો છોડો ને વર્તમાન ધરાવો તો અમે તમારી રસોઈ જમીએ.' એમ અહીં પણ સ્વામીશ્રીએ એમની સાથે વ્યસનો છોડવાની અને વર્તમાન ધરાવવાની શરતો કરી હતી. પછી જ પધાર્યા હતા.

તેઓ પણ સ્વામીશ્રી જેમ કહે તેમ કરવા-વર્તવા તત્પર થયા. સ્વામીશ્રીના વચને વ્યસનો છોડ્યાં, જીવનને શુદ્ધ કરતાં સદાચાર-વ્રત અને વર્તમાન ધારણ કરી ધન્ય બન્યા.

બીજા પણ ઘણા મુમુક્ષુભાઈઓ અહીં એકત્રિત થયા હતા. સર્વેને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'લીરા ગામમાં આવ્યા. પ્લેનવાળો કહે : 'નહિ આવું, રવિવાર છે.' પણ શ્રીજીમહારાજે જોગ મેળવી દીધો. પચાસ લાખ રૂપિયા આપે તોય અમારાં પગલાં અહીં ન પડે. મગનભાઈનો આગ્રહ હતો. તેમની મનોભાવના સાચી હતી, તો શાસ્ત્રીજી મહારાજે પૂરી કરી. બધાં ફેલ-

વ્યસન છોડી દે ને શાસ્ત્રીજી મહારાજનો આશરો કરે.'

કેટલાક ભાઈઓએ વર્તમાન લીધાં. એ પછી જ સ્વામીશ્રી સંતો સાથે જમવા પધાર્યા. સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહ્યા હતા ત્યારે સ્વામીશ્રીને બહુ પાણી પીતા જોઈ સેવકોએ સૂચન કર્યું :

'બાપા ! જમતી વખતે પાણી ઓછું પીવું ને જમવું વધારે.'

'ના, એ ન થાય. પહેલાં અમે ઉપવાસ બહુ કરેલા, તેથી તેની ગરમી ચડી ગઈ છે. તેથી પાણી બહુ પીવું પડે છે.' સ્વામીશ્રીએ સૌ સેવકોને સમજાવી દીધા.

ઘણી વાર પોતે એવી વાતો કરે કે આપણને સમજાય નહિ, હસવું પણ આવે, પણ સામે કોઈ દલીલ આપણને સૂઝે નહિ. આપણે ચૂપ થઈ જવું પડે. આમ, નિર્દોષ ગમ્મત હંમેશાં થતી રહેતી. પણ એ વાત તો સાચી જ હતી કે મહિનામાં ક્યારેક ૮ થી ૧૦ જેટલા નિર્જળા ઉપવાસ વર્ષો સુધી (લગભગ ૪૦ વર્ષ સુધી) એકધારા કરવાને કારણે સ્વામીશ્રીની હોજરી - પાચનશક્તિ અત્યંત નિર્બળ થઈ ગયેલી.

કોટિ જનમનાં પુણ્યથી મળિયા સદ્‌ગુરુ આજ

સાંજે ૩-૦૦ થી ૪-૦૦, સનાતન હિન્દુ મંદિરમાં સભા થઈ. અહીં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'આ ગામમાં, આ જગ્યાએ અમે આવ્યા છીએ તે તમો સંભારી રાખજો. ડાયરીમાં લખી રાખજો. આ ઘડી, આ દર્શન, આ સાધુ, આ વાતું ફરી અહીં મળશે નહિ. માટે સંભારી રાખજો.'

થોડા સમયમાં ઝાઝો લાભ આપી, સર્વને સુખિયા કરી, સ્વામીશ્રી ૪-૧૫ વાગે પ્લેનમાં લીરાથી એન્ટેબે ઍરપોર્ટ આવી, કંપાલા મંદિરમાં આવી પહોંચ્યા. સંતો મોટર રસ્તે લીરાથી કંપાલા આવ્યા. અને હરિભક્તો ગુલુમાં ઠાકોરજી જમાડી, બસ દ્વારા કંપાલા આવી ગયા.

નિયમ મુજબ સ્વામીશ્રી અહીં સવાર, બપોર અને સાંજ, એમ ત્રણ સમયે દર્શન અને આશીર્વાદનો લાભ આપતા. શહેરોમાંથી તથા આજુબાજુથી નવા મુમુક્ષુઓ પણ લાભ લેવા આવતા. કેટલાય વર્તમાન ધરાવી મહારાજના આશ્રિત થતા.

ઈંગ્લેન્ડ જવાનો પ્રસ્તાવ

તા. ૧૭-૩-'૭૦, લંડનથી જશભાઈ, ભાનુભાઈ, દિનેશભાઈ, સુરેન્દ્રભાઈ

સ્વામીશ્રીના સમાગમ માટે આવ્યા હતા. ખાસ તો તેમનો આગ્રહ હતો કે 'સ્વામીશ્રી લંડન પધારે અને એમની જન્મ જયંતી ત્યાં ઊજવાય તથા મંદિર લેવાઈ જાય અને એમાં પ્રતિષ્ઠા થાય.' સ્વામીશ્રીને આગ્રહભરી વિનંતી કરવા તેઓ ખાસ લંડનથી રાત્રે આવ્યા હતા.

આ વખતના પ્રવાસમાં લંડન જવાનો કોઈ કાર્યક્રમ જ ન હતો. કારણ, આફ્રિકાનો કાર્યક્રમ પણ ન છૂટકે ગોઠવાયો હતો. પણ લંડનના આ શૂરવીર ભક્તોમાં મહારાજે પ્રેરણા કરી અને લંડનના કાર્યક્રમની વાત શરૂ થઈ.

'ગમે તેમ કરી લંડનમાં મકાન મંદિર માટે લઈ લેવું, તો અમે આવીએ. વળી, ઋતુ સારી હોવી જોઈએ. બરફ પડતો હોય તો અમારાથી ન અવાય.' સ્વામીશ્રીએ આ અંગે કોઈ સાથે વિચાર-વિમર્શ કર્યા સિવાય પોતે જ આ પ્રમાણેની ઇચ્છા દર્શાવી. પહેલાં તો સૌને આશ્ચર્ય થયું કે સ્વામીશ્રી આટલી સરળતાથી લંડનના કાર્યક્રમ માટે સહમત થઈ ગયા ! પણ સ્વામીશ્રીએ મૂકેલી શરત એમણે ધારેલા ભવિષ્યના કોઈ મહાન નિમિત્ત માટે ઘણી જ સૂચક હતી.

આમ તો વર્ષોથી સ્વામીશ્રી લંડનના હરિભક્તોને પત્રોમાં લખતા કે લંડનમાં 'બૉર્ડિંગ હાઉસ' કરવું છે. જ્યાં વિદ્યાર્થીઓ ભણે અને સત્સંગના સંસ્કારો જાળવે. પણ આજ દિન સુધી એ કાર્ય સાકાર થઈ શક્યું નહિ. પ્રયત્નો ઘણા થયા, પણ કોઈ મનપસંદ સોદો પાર પડે નહિ. એમાં સ્વામીશ્રી આફ્રિકા સુધી પધાર્યા છે, કદાચ ભવિષ્યમાં આટલે દૂર ન પણ આવે, તો આ તક ઝડપી લેવા જેવી લંડનના સૌ ભક્તોને જણાઈ. એટલે હિલચાલ શરૂ થઈ. રૂબરૂ આમંત્રણ આપવા યુગાન્ડા સુધી દોડી આવ્યા. પણ સ્વામીશ્રીએ મંદિર માટેનું મકાન લેવાય તો જ આવીએ – એવી ભારે શરત મૂકી. સાથે ઋતુની અનુકૂળતા પણ હોવી જરૂરી જણાવી.

'બાપા ! ઋતુ ફેરવવી તમારા હાથમાં છે.' લંડનના ભક્તોએ વિનંતી કરી.

'રાખો, રાખો, ભગવાનના હાથમાં છે.' સ્વામીશ્રી તુરત બોલ્યા.

ભક્તોનો ભગવાન સાથેનો ભેદ, સ્વામીશ્રી નાની નાની બાબતોમાં પણ પ્રગટ કર્યા વિના રહી શકતા નહિ. આ પછી લંડન સાથે ટેલિફોન સંપર્કથી કાર્યક્રમ અંગે આગળ વિચારણા શરૂ થઈ ગઈ.

સ્વામીના સ્નેહ મુને સાંભરે રે લોલ

કંપાલામાં રોજ બપોર પછી, લગભગ ૪-૦૦ વાગે સ્વામીશ્રી મંદિરના

કંપાઉન્ડમાં ફરવા નીકળતા. મંદિરનાં જુદાં જુદાં સ્થળોની રોજ વારાફરતી મુલાકાત લે. મંદિરમાં સંતોના ઉતારા, હરિભક્તોના ઉતારા (મંદિર નીચેના હૉલ) વગેરે જુએ. હરિભક્તોના ઉતારામાં માથામાં નાખવાનું તેલ અને દાંતિયા, હજામતનો સામાન, ટુથબ્રશ-પેસ્ટ તથા ઍરલેટર અને લખવાની બોલપેન - આ બધી સગવડો જોઈને સ્વામીશ્રી બહુ જ રાજી થઈ ગયા. એમના મુખમાંથી ઉદ્ગારો નીકળી ગયા કે 'આફ્રિકાના હરિભક્તોનો શું પ્રેમ !'

કોઠાર અને રસોડાની મુલાકાત પણ લેતા. 'કોઠારમાં શું શું સામગ્રી છે ? સાફસૂફ રહે છે કે કેમ ?' વગેરે પૂછ્યા વગર એમને ચાલે જ નહિ. 'રસોડામાં નળે ગળણાં બાંધેલાં છે કે નહિ ? વાસણો ગાળેલાં પાણીથી વિછળાય છે કે કેમ ? ઘી-તેલ ગળાય છે કે કેમ ? લોટ ચળાય છે કે કેમ ?' વગેરે વિગતો સ્વામીશ્રી અચૂક પૂછતા. ઘણી વાર તો લોટ ચાળવાની ચાળણી પણ મગાવીને બરાબર ઝીણી - લોટ ચાળવાને યોગ્ય છે કે કેમ ? એ પણ તપાસી લેતા.

અહીં ડીઝલના મોટા મોટા ચૂલા હતા. એમાં સ્વામીશ્રીને રસ પડ્યો. ડીઝલથી ચાલતા ચૂલાની કામગીરી જોઈ, હાથના લટકા સાથે 'હા ભઈ !' એમ બોલતાં આશ્ચર્યમાં ડૂબી ગયા. રસોડામાં રાત-દિવસ જોયા વગર, અત્યંત શ્રદ્ધા અને ભક્તિથી સેવા કરતાં ભક્તોને પણ, દૂર રહીને સ્વામીશ્રીનાં આ દર્શન કરતાં અલૌકિક સ્મૃતિ મળતી.

મંદિરમાં ચારે તરફના કમ્પાઉન્ડમાં વારાફરતી મુલાકાત લઈ, સ્વામીશ્રી મંદિરના આગળના ભાગમાં આવેલા 'યોગી બાગ'માં રોજ પધારતા. ફૂલઝાડની સંભાળ લેતાં, કોઈ નવીન ઝાડ દેખાય તો પૂછપરછ કરતા. વ્હીલચેરમાં બેઠેલા સ્વામીશ્રીની આ બધી ક્રિયાઓ અત્યંત મોહક હતી. બાગમાં બધે ફરી, ચંપાનાં બે ઝાડ હતાં એના ઓથે 'વ્હીલચેર'માં બેસતા. રોજ પ્રભુદાસભાઈ લાલાજી જુદી જુદી વેશભૂષા સજીને હાજર થઈ જાય, અત્યંત પ્રેમી અને નિષ્ઠાવાન આ ભક્તરાજ, ક્યારેક માથે પાઘડું બાંધી મોટા મોટા મૂળા લઈને હાજર થાય, તો ક્યારેક ફાટેલાં કપડાં પહેરીને ગમ્મત કરાવે. બળભર્યા કીર્તનો મહિમાથી લલકારે. સ્વામીશ્રી બહુ પ્રસન્ન થાય, પોતે પણ અજાણ્યા બની, આ બધી ગમ્મતમાં ભળી જાય. અને સૌને ખૂબ આનંદ કરાવે પછી મંદિરમાં પધારે.

તા. ૧૭મીએ સાંજે ૪-૩૦ વાગે કંપાલા મંદિરના આગળના ભાગમાં બાગમાં ખુરશીમાં બેસી ફરવા નીકળ્યા. અહીં એક પીપળો હતો એને હાથ અડાડી સ્વામીશ્રી કહે : 'પીપળો બ્રાહ્મણ છે. જા, તારું કલ્યાણ થઈ ગયું.'

પછી બગીચામાં આંબો, ચંપો, કાજુ વગેરેનાં વૃક્ષો જોયાં. બગીચાને ખૂણે ખૂણે ફરી દરેક વૃક્ષ અને છોડને નજીકથી નિહાળતા હતા. તજના ઝાડને અડ્યા. એક નારિયેળી વધતી ન હતી. એને હાથ અડાડી વધવાના આશીર્વાદ આપ્યા ! બીજો મોટો પીપળો હતો. એને ફરતો ઓટો હતો. સ્વામીશ્રીએ એને પ્રદક્ષિણા કરી. પીપળાનાં છાંયે ઓટા ઉપર બેઠા અને એને હાથ અડાડી કહે : 'જા, તારું કલ્યાણ થઈ ગયું.'

મંદિરના બાગનાં ફૂલ-ઝાડનું સંબંધે કલ્યાણ કરી, પ્રભુદાસ લાલાજીનાં ભાવવાહી કીર્તનો સાંભળ્યાં.

રોજ સાંજે બાળકો તથા યુવકો સ્વામીશ્રી સમક્ષ સ્વામીની વાતો - વચનામૃતનો મુખપાઠ આપે. કીર્તનો બોલે. અંગ-કસરતના પ્રયોગો કરે. પુરુષોત્તમભાઈ ચોટલિયા એનું સંચાલન કરે. બાળ-યુવકોની આ ભક્તિથી સ્વામીશ્રી રાજી થતા. તેમને ખૂબ જ પ્રોત્સાહન આપતા. અનંત કળાના કળાકાર સ્વામીશ્રી બાળ-યુવક ભક્તોની આવી સામાન્ય કળાઓમાં પણ પ્રસન્નતાનો ધોધ વરસાવી, તેમને પોતાના સ્વરૂપમાં લીન કરી દેતા.

એક વાર તો સાંજે, યુવકોને રાજી કરવા મંદિર પાછળ તેમના વૉલીબૉલના ગ્રાઉન્ડ ઉપર પણ પધાર્યા. યુવકોને રમતા જોઈ આનંદિત થયા. જો કે આવી રમત-ગમતમાં સ્વામીશ્રી બહુ રુચિ જણાવતા નહિ.

આ કલમ ભવિષ્યમાં બહુ કામ કરશે

આજે સાંજે યુવકોનો કાર્યક્રમ સાંભળ્યા પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

'યુવકો વાતું બોલ્યા. એક યુવક મધ્ય એકસઠ વચનામૃત બોલ્યા. નિયમ, નિશ્ચય ને પક્ષની વાત આવી. પક્ષ શું ? ભગવાનના ભક્તને કોઈ વગર વાંકે પીડતો હોય, તો તેનો પક્ષ લેવો. ગુંદાળી ગામના બે કાઠીએ સાધુઓનો પક્ષ લીધો. તેઓ સત્સંગી નહોતા, પણ 'મામાના સાધુ છે' એમ જાણી પક્ષ લીધો તો તેમનું નામ લખાઈ ગયું. છેલ્લાનું સાતમું. ભગવાનના ભક્તનો પક્ષ લેતાં આબરૂ વધો અથવા ઘટો, હાણ થાય કે વૃદ્ધિ થાય, દેહ જીવો કે મરો, પણ ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ. ઘણા કદાપિ પક્ષ રાખે પણ અભાવ આવી જાય કે તારે અર્થે કરી કરીને મરી ગયા પણ તું કાંઈ ધોળતો નથી. એ પક્ષ ન કહેવાય.

'ભગવાનના ભક્ત કરતાં દેહ ને દેહના સંબંધી વહાલા રહી જાય છે. માટે

આ કલમ મૂકી છે. પરદેશથી આપણે ત્યાં સંત આવ્યા હોય ને આપણા સંબંધી પણ આવ્યા હોય; તો પક્ષ જેને ન હોય તે કહે : 'સાધુ ! સાંભળો, સંબંધી આવ્યા છે તે નહિ અવાય.' પરંતુ સંબંધી પડ્યા રહેવા જોઈએ. દીકરો વહાલો હોય ને અમે માગીએ ત્યારે કહે : 'સ્વામી ! પૈસા લ્યો, પણ દીકરો નહિ.'

'એક ડોશી હતી. તેને દીકરા નહોતા. તે માતાજી પાસે દીકરા માગવા ગઈ. માતાજીએ બે દીકરા દીધા. તે દીકરા એવા અવળા પાક્યા કે તેની માને જ નત મારે. ડોશી પાછી માતાજી પાસે ગઈ ને કહે : 'દીકરા પાછા લઈ લ્યો. ભલે મરી જાતા.' આમ થઈ જાય છે. ટૂંકમાં કહેવાનું કે ગુણાતીત સંતના સંબંધવાળા જે ભક્ત તેના જેવા સંબંધીને વહાલા ન રાખવા. આ કલમ ભવિષ્યમાં બહુ કામ કરશે.

'નંદુભાઈ મંછારામ અમદાવાદવાળાને બહુ પક્ષ. મોટા મંદિરના સેક્રેટરી હતા. છતાં શાસ્ત્રીજી મહારાજને તેમને ઘેર ઉતારે. શિર સાટે પક્ષ. પક્ષ રાખવાથી પંચ મહાપાપ બળી જાય છે. આપણે પરદેશમાં આવ્યા છીએ. અંદરોઅંદર સુખ-દુઃખમાં પક્ષ રાખવો. કોઈને દુઃખ આવતું હોય તો, 'એ જ લાગનો છે' એમ ન બોલવું. સ્વામિનારાયણના સંબંધવાળાને અર્થે શું ન થાય ? લોયાના ત્રીજા વચનામૃતમાં આ છે.'

બીજા દિવસથી જયંતીલાલ વસનજી તન્ના તરફથી ત્રણ દિવસ માટે પારાયણ શરૂ કરવામાં આવ્યું હતું. કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'કથામાં ન જવાણું ને બળતરા થાય તે રુચિ.'

'અરે ! કથાઓ તો ઘણી થઈ.' એમ કહી કાઢી નાખે તે રુચિ નહિ.'

'સેવા શું ને ચાકરી શું ?'

'સેવા એટલે ભગવાન ને સંતના ગુણ ગાવા; ચાકરી એટલે દેહ-પરિચર્યા. રમાડે, જમાડે, કપડાં ધોઈ દે.'

હરિ ઓળખવા કઠણ

સવારના કથા પ્રસંગ પછી મખ્ખનસિંગ નામના એક ભજનિક શીખ ભક્તે સ્વામીશ્રી સમક્ષ ભજનો ગાયાં. તેઓ નારણસિંગના મિત્ર હતા અને ભારતથી આવ્યા હતા. સ્વામીશ્રી બહુ પ્રેમથી સાંભળતા હતા. તેમના એક ભજનના શબ્દો હતા : *'હરિ કા નામ સદા સુખકારી...'* એ ભજન ઉપર વાતો કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણે મખ્ખનસિંહનાં કીર્તન સાંભળ્યાં. હરિનું નામ સુખકારી છે; પણ

હરિને ઓળખવા જોઈએ. રામ નામ સબ કહત હૈ, પણ રામને ઓળખવા કઠણ છે. સબ કૃષ્ણ ભગવાન કા નામ લેતા હૈ, પણ ઓળખવા કઠણ. તેવી રીતે સહજાનંદ સ્વામીને પણ ઓળખવા કઠણ. બે હરિજન જ્યારે રસ્તે ભેગા મળે ત્યારે 'રામ રામ' કહે, પણ રામને ઓળખતા નથી. જો ઓળખીને ગાય, તો નિશાન પડે. કીર્તન ગવાતું હોય ત્યારે એકચિત્તે સાંભળવું. ભજન સૌ ગાય છે, પણ આવા સંત પાસે ગાય તો મોક્ષ થાય. સંત આશીર્વાદ દે : 'જાવ, તમારા કલ્યાણ હો જાયગા.' તેમાં એક મિનિટની વાર લાગે નહિ.

'અંતરની આંખે ભગવાન ઓળખાય. આ આંખે ઓળખાતા નથી.

'તમે અંતરની આંખે ઓળખી, કરો સદ્‌ગુરુ સંતનો સંગ ઓળખવું અંતરે.'

વળી કહ્યું છે : *'જ્ઞાન કૂંચી ગુરુ ગમ સે ગયાં તાળાં ઊઘડી.'* ગુરુ થકી અંતરનાં તાળાં ઊઘડે.

'મખ્ખનસિંહ ! તમારે અમને રોજ બે ભજન સંભળાવવાં. રોજ અહીં પ્રસાદ લેજો. જમવાનું બધે મળે, પણ આ અક્ષરપુરુષોત્તમ બાપાની જમેલી પ્રસાદી ન મળે. તેનાથી અંતર શુદ્ધ થઈ જાય. પ્રથમનું અઢારમું વચનામૃત. મોટા સંતની પ્રસાદી જમવે કરીને અંતર શુદ્ધ થાય છે. શાંતિ ને સુખ થાય છે. તમે દેશમાં જાવ ત્યારે આ સંભારજો : 'ભારતના સાધુ આવ્યા હતા, તેમની પાસે ગાયું હતું.' તે પણ 'સમર્તિ' છે. આવી રીતે ભેગું થાવું કઠણ. ગવૈયા સંસ્કારી છે.'

વળી, ભાવવાહી શૈલીમાં આગળ કહેવા લાગ્યા : *'હરિ કા નામ સુખકારી'* ગાયું, પણ હરિ ઓળખવા કઠણ છે. હરિના કોણ છે તે જાણવું પડે. તે એક દી'માં ખબર ન પડે. ઈંગ્લીશ ભણવું હોય તો કેટલાં વરસ લાગે ! સાત વરસ ગુજરાતી ભણે પછી સાત વરસે મૅટ્રિક પાસ થાય, એમ ૧૪ વરસે ભણાય. હરિના હરિ ઓળખવા એ ઈંગ્લીશ ભણવા જેવું છે. આ વાત એક દી'એ મનાય પણ નહીં. ભગવાનના સંત ઓળખાય એ મોટી વાત છે. હીરા વતે હીરો ઓળખાય, નહિ તો ઓળખી ન શકે. બીજાં પાંચિકાં ઘણાં હોય તે હીરા જેવા લાગે, પણ તેની કિંમત કાંઈ ન હોય.'

'કળથી, બળથી, છળથી, કરી શકે જન કોઈ;
લે ખેંચી મન લાખનાં આપોઆપ ઈશ્વર હોય.'

'કળથી, બળથી સૌ કરે, પણ હજારોનાં મન ભગવાન સિવાય આકર્ષણ થાય નહિ. આ સામાન્ય બાબત નથી. ભગવાન ને સંત જ કરી શકે. અંતરના ઘાટ ભગતજી કહેતા.'

એટલી વાત કરી ત્યાં વચ્ચે કોઈ ઊઠ્યું, તે જોઈ કહે : 'કેમ ઊઠ્યા ? ફરવા ? શું ફરવાનું છે ? ત્રણ વસ્તુ અહીં મળે છે : પાણા, પાણી ને જનાવર. સિંહ, ગેંડા, જળઘોડા. મોટા મોટા માળા (બિલ્ડિંગ), ચોસઠ માળના હોય એમાં શું મળ્યું ? કોઈનાય સોનાના માળા દેખ્યા નહિ. જોવા જેવા ભગવાન અને સંત બે જ છે. પણ જોઈ લેવું. સ્વાદ લઈ લેવો. પછી સાંખ્ય કરવો. લંડન, અમેરિકા કોઈપણ દેશમાં જુઓ, પણ બધે ત્રણ વસ્તુ જ છે - પાણી, પથરા અને જનાવર. ચોથા માળા છે. હેઠે ગાડીઓ જાય. પણ આ બધો પૃથ્વીનો માલ પૃથ્વીમાં જવાનો છે. સાંખ્ય કરવાનો છે. તેમાં કાંઈ માલ નથી. મખ્ખનસિંહ ! તમે પૂર્વના સંસ્કારી છો તે અહીં તમે સંતને ભજન સંભળાવવા આવ્યા. બીજા તો બીજે જાય. આંહીં ન આવી શકે. અમે તમારું સરનામું લખીશું. કાગળ લખીશું. દેશમાં ભજન કરાવીશું. ભેટો-બેટો થઈ જશે. નહીં તો ભેટો થાવો બહુ કઠણ છે.

'સત્સંગ કરવો. હરિ નામ વિના બધું કાચું. હરિ પુરુષોત્તમ નારાયણ, સહજાનંદ સ્વામી સર્વ અવતારના અવતારી છે. તે વિના બધું કાચું. તે વિના સારાં કપડાં પહેરીએ કે ગમે તેટલું ફરીએ, પણ તે બધું નકામું.

'એક ફકીરને રસ્તામાંથી દોરડું મળ્યું. તે ખભે નાખ્યું. ફકીર તો અલમસ્તાઈથી ચાલ્યો જતો હતો. દોરડું રસ્તામાં પડી ગયું. થોડી વારે તેને ખબર પડી : 'માળું, પડી ગયું.' પછી બોલ્યો : 'મુજકો રસા પાયા જ નહોતા !' થઈ રહ્યું. સાંખ્ય એ આંખ છે. સાંખ્ય વગર અરધો સત્સંગ કહેવાય. તેથી સુખિયા રહેવાય. આ સંસારમાં દાવાનળ બળે છે. ક્યાંય સુખ નથી.

'દેવલોકમાં લડાલડી છે. ત્યાંય કોર્ટ ને ફોજદારી. નરસીં મે'તા, સૂરદાસ પરોક્ષના ભક્ત થઈ ગયા. તેમાં સુખ છે, બીજે નહીં.

'આપણે પૂર્વના સંસ્કારી તે આ જોગ થઈ ગયો. આપણાં પુણ્યનો પારાવાર નથી. જો આ સમજાય તો ભેટંભેટા, ન સમજાય તો છેટંછેટા.

'લંડનવાળા પણ ભાડું ખરચી સમાગમ કરવા આવ્યા છે. ત્યાં દુકાનો, પોસ્ટ ઑફિસો હાલે છે. તે પડતું મૂકીને આવ્યા. એ મહિમા. તે વિના તો આંહીં ઘેરથી પણ ન આવે.

'આપણને સ્વામિનારાયણ ભગવાન, શાસ્ત્રીજી મહારાજ મળ્યા તેથી આપણાં પુણ્યનો પારાવાર નથી. કેફ, બળ ને આનંદમાં રહેવું. ભગવાન રાખે તેમ રહેવું. સૂવા દે તેમ સૂવું. પીવા દે તેમ પીવું. ખાવા દે તેમ ખાવું. તેની મરજી વિના સૂકું પાંદડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી. મહારાજ કહે છે :

'મારી મરજી વિના રે, કોઈથી તરણું ન તોડાય.'

'આપણાં પુણ્યનો પારાવાર નથી. સ્વામીએ વચનામૃતમાં કહ્યું : 'કરોડો કામ બગાડીને એક મોક્ષ સુધારવો.' મોક્ષ શું ? મોહનો ક્ષય. માટે આનંદ કરવો.'

બપોરે લંડનથી તાર આવ્યો તે સ્વામીશ્રીએ વંચાવ્યો. યોગી ભુવન લઈ લીધું – એ સમાચાર હતા ને ઉદ્‌ઘાટન કરવા બોલાવતા હતા. સ્વામીશ્રીએ નારાયણ ભગત પાસે તાર વંચાવ્યો. તેઓ જે અંગ્રેજી શબ્દો બોલે તે સ્વામીશ્રી સાથે સાથે બોલતા જાય. સૌને એમ આનંદ કરાવ્યો. પછી પોતે જ કહે : 'મને અંગ્રેજી બહુ ફાવે... ગુણાતીત ડોન્ટ ડોઝ. થેન્ક યુ.' એમ બે-ત્રણ વાક્યો સાથે બોલી ગયા.

સાંજે ૫-૩૦ થી ૭-૩૦ શ્રી સનાતન ધર્મ મંદિરમાં કંપાલાના નામાંકિત ઍડવોકેટ બી.કે. પટેલના પ્રમુખપદે જાહેર સત્સંગ સભા યોજી. 'સનાતન ધર્મ' એ વિષય ઉપર સંતો અને હરિભક્તોએ પ્રવચનો કર્યાં. અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા. શહેરની ભાવિક જનતાએ આજની સભામાં સત્સંગનો સારો લાભ લીધો. બાદ સ્વામીશ્રીએ અહીં મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી.

સુદ તેરસને દિવસે દેશમાંથી આવેલા વનમાળીભાઈ સ્વામીશ્રીનું મુંડન કરી રહ્યા હતા. મુંડન પછી સ્વામીશ્રીએ ઊઠતાં ઊઠતાં વનમાળીભાઈને આશીર્વાદ આપ્યા કે 'કંપાલાના આશીર્વાદ.'

વનમાળીભાઈએ સ્વામીશ્રીને ખભા ઉપર ને મસ્તક ઉપર માલિશ કરવા બહુ આગ્રહ કર્યો. કારણ, તેઓ લગભગ હંમેશાં સ્વામીશ્રીને મુંડન પછી માલિશ કરતા. અને શરીર હળવું ફૂલ જેવું કરી દેતા. પણ સ્વામીશ્રી કહે : 'મોડું થયું છે, પ્લેન ઊપડે છે...' એમ ઉતાવળ કરી એકદમ ઊભા જ થઈ ગયા. સૌ એમની વાણીમાં આનંદ પામતાં, જોતાં જ રહી ગયા.

વાતની કરામત ને ચિત્તની મરામત

અહીં એક વાળંદભાઈને પણ સ્વામીશ્રીની સેવા કરવાનું મન થયું. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'તમારું વતું મને કરવા દ્યો.'

સ્વામીશ્રીએ તેને મીઠાશથી સમજાવ્યું : 'તમે પ્રમુખસ્વામીનું કરો. એ મારા કરતાં પણ મોટા છે. હું તો માંદો છું. એ તો આચાર્ય છે, પ્રેસિડન્ટ છે !'

કોઈની લાગણી દુભાય નહિ અને ભાવ પણ જળવાઈ રહે એવી રીતે કુશળતાપૂર્વક સમજાવવાની કળા સ્વામીશ્રીમાં સહજ હતી. જીવ-પ્રાણીમાત્રમાં રહેલી ભગવત્‌સન્મુખ ભાવનાને સતેજ કરનાર સ્વામીશ્રી, દરેકની ભાવોર્મિને

અનેક રીતે વળાંક આપી શકતા, પોષતા.

એકાંતિક ને ગુણાતીતનો ભેદ

પ્રસંગોપાત્ત સ્વામીશ્રી કહે : 'વાત સાંભળવાથી ફાયદો શું ? જ્ઞાન થાય, મોટાપુરુષનો મહિમા સમજાય. એકબીજાનો અવગુણ આવ્યો હોય તે નીકળી જાય; સંપ, સુહૃદભાવ વધે; માયા નીકળી જાય; 'હું મોટો' તે ભાવ નીકળી જાય; 'દાસનો દાસ છું' એવું સમજાય; મહિમા સમજાય; જ્ઞાન થાય. જ્યાં સુધી અહંભાવ છે, ત્યાં સુધી વાત સાંભળી ન કહેવાય. કથાવાર્તા એ ભગવાનની મૂર્તિ છે. સાંભળવાથી શાંતિ થાય છે. તેનો નિરંતર પ્રસંગ રાખવો.

'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિવાળો તો એકડિયા ભણે છે. તેથી ગુણાતીત તો જુદા જ !' કથાના પ્રસંગમાં સ્વામીશ્રી બોલી ગયા.

આવી જ્ઞાનની સૂક્ષ્મ વાત, ક્યારેક જ એમના મુખમાંથી સરી પડતી. ત્યારે શાસ્ત્રોની ગહન વાતો એની આગળ ફિક્કી પડી જતી.

કંપાલામાં રહેતા મૂળ સોજિત્રાના હરમાનભાઈના પુત્ર જયંતીભાઈને, સ્વામીશ્રી જ્યારે કંપાલા પધાર્યા ત્યારે પ્રમુખસ્વામીની સેવામાં મૂકવામાં આવ્યા હતા. પ્રમુખસ્વામીની સાધુ પ્રકૃતિ ને પ્રેરણાથી તેમને સાધુ થવા લગની લાગી. સ્વામીશ્રી ઘણા જ રાજી થયા. આશીર્વાદનો હેતનો ધબ્બો તો કોઈ સાધુ થવા સંમત થાય એટલે તરત પડી જ જાય. પણ જયંતીભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'મને ફીટની તકલીફ છે.'

'જાવ, મટી જશે.' એમ ઉત્સાહથી આશીર્વાદ આપ્યા. ત્યારથી તેમની તકલીફ તદ્દન ઓછી થઈ ગઈ.

સત્પુરુષનો ભેદ અનાદિનો છે

તા. ૨૧મીએ બપોરે ઠાકોરજી જમાડ્યા પછી સ્વામીશ્રી કથામાં પધાર્યા. બપોરની કથા એટલે ગમ્મત સાથે જ્ઞાન. સ્વામીશ્રી ખૂબ ખીલે. બ્રહ્માનંદ રેલાવે. અને વાતવાતમાં મુદ્દાની વાતો પણ કરી દે. આજે મધ્યનું અગિયારમું વચનામૃત સમજાવતાં કહ્યું :

'સત્પુરુષને વચને જે કર્મ કરે તે સાત્ત્વિક કર્મ. આજ્ઞામાં પોતાનો રાગ ભેળવે તે રાજસી કર્મ. પોતાનું મનધાર્યું કરે તે તામસી કર્મ.

'અમારે મોટર જોઈતી હોય ને તમે કહો કે 'મારે કામમાં જવું છે,' તે

તામસી કર્મ કર્યું; પરંતુ એમ કહીએ કે 'સ્વામી ! ભલે મારું કામ પડ્યું રહ્યું, તમે મોટર લઈ જાવ.' તે સાત્ત્વિક કર્મ કર્યું કહેવાય.

'તામસી ને રાજસી કર્મવાળો ધામને ન પામે. દેશનિકાલ કહેવાય. સ્વર્ગ, મૃત્યુ ને પાતાળને પામે.

'કર્મે કરીને સત્પુરુષ નથી ઊપજતા. સત્પુરુષનો ભેદ તો અનાદિનો છે. અક્ષરધામથી આવેલા સત્પુરુષ છે. તે જ જીવને તેના કર્મનું ફળ આપે છે. બધા બૅરિસ્ટર, વકીલ શાથી થાય ? ભણીને ડિગ્રી મેળવી થાય. અભણને ડિગ્રી ન મળે. જેટલી ભક્તિ કરે તેટલી ડિગ્રી મળે.

'ધર્મ સૌ પાળે છે. અર્થ ને કામ પણ સૌ કરે છે. પણ ભગવાન ને સંતને વચને કરે તે નૈષ્કર્મ્ય જ્ઞાન થઈ જાય છે અને સીધો અક્ષરધામમાં વહ્યો જાય છે. પેલાને જન્મ-મરણ થાય, પણ ધામમાં ન જાય.

'સત્પુરુષ ભીંત સોંસરવા નીકળી જાય તો જ સાચા એમ ને ? એ તો અજ્ઞાની જીવની જેમ જ વર્તે.

'આપણે ઠાકોરજીને જમાડીને જમીએ તે સત્કર્મ. અજ્ઞાની જીવ એની મેળે મંડી પડે, તે અસત્કર્મ.

'ખાય, પીએ, ખેતરે જાય, બળદિયા હાંકે, એમ અજ્ઞાની જેવો જ ભગવાનના ભક્તનો વ્યવહાર હોય. 'સ્વામિનારાયણ તો લોભિયા છે. ખાય, પીએ ને પૈસા ઊઘરાવે છે.' એમ સમજે તે નારકી થાય છે.'

અનુભવી આનંદમાં ગોવિંદ ગાય રે

સાંજે પટેલ સમાજના વિશાળ સભાખંડમાં કંપાલાના ભૂતપૂર્વ મેયર પી.આઈ. પટેલના પ્રમુખપદે જાહેર સત્સંગ સભા થઈ. 'સમાજ અને ધર્મ' એ વિષય ઉપર પ્રવચનો થયાં હતાં. *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...'* એ કીર્તન પોતાની લાક્ષણિક શૈલીમાં બોલી, સ્વામીશ્રીએ અનુભવની વાણી દ્વારા સૌને બ્રહ્માનંદનો સાક્ષાત્ અનુભવ કરાવ્યો હતો. આજની સભામાં પણ ભાવિકોની ભીડ સારી જામી હતી. આવા દૂર દેશમાં, આવા સંતનાં દર્શન અને વાણીનો લાભ માણવા સૌ ઉમંગભેર એકત્રિત થઈ જતા હતા. કોઈ દંભ નહિ, દમામ નહિ. સીધી-સાદી વાણીમાં ભગવાનનો મહિમા ગાતા સ્વામીશ્રીમાં લોકોને ભારે ખેંચાણ થતું. સત્સંગી કે બિનસત્સંગી સૌનાં અંતર આ સંતમાં તણાતાં. આવી ઘટનાઓ જ એમની પારલૌકિક પ્રતિભાની પ્રતીતિ સૌને કરાવતી હતી.

વળતે દિવસે પ્રમુખસ્વામી લુએરો પધરામણીમાં ગયા હતા. સવારે મંદિરમાં યુવકોની સત્સંગ સંબંધી વિવિધ પ્રવૃત્તિઓ - પ્રશ્નોત્તરી, વાતું અને વચનામૃત ને મુખપાઠ તથા પ્રવચનોનો કાર્યક્રમ યોજ્યો હતો. સુરેશભાઈ અને કેટલાક યુવકોએ સ્વાહિલી ભાષામાં કીર્તન ગાયું. આફ્રિકન ભાષાના આ કીર્તનગાનથી સ્વામીશ્રી અને સૌ સભાજનો ખૂબ આનંદિત થયા. આ લોકની કોઈ ભાષા જેમને સ્પર્શતી નથી, માત્ર અંતરનો ભાવ જ જે પકડે છે એવા સ્વામીશ્રી, યુવકોની - સૌની કોઈપણ પ્રકારની ભક્તિ, બહુ ઉમંગથી સ્વીકારતા, પ્રોત્સાહિત કરતા, ભગવાન તથા સંતમાં જોડતા. સ્વામીશ્રીની આ સાહજિક ચેષ્ટા હતી.

ભગતજી મહારાજ જયંતી

સાંજે ૫-૦૦ થી ૭-૦૦ વાગ્યા સુધી સભામાં બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તનો જન્મોત્સવ ઊજવ્યો. ધૂન બાદ નારાયણ ભગતે શાસ્ત્રીજી મહારાજ રચિત પ્રાગજી ભક્તનું સંસ્કૃત અષ્ટક ગાયું. હર્ષદભાઈએ એક કલાક સુધી ભગતજી મહારાજના અનેક જીવન પ્રસંગો વર્ણવી, મહિમા ગાયો. બૅન્ડના સાજ સાથે યુવકોએ કૂચગીત રજૂ કર્યું. તેમજ પંચાળાનો રાસ ગાઈ, દાંડિયા-રાસ લીધા હતા. મેં *'માગો માગો ભગતજી આજ...'* એ કીર્તન ગાયું. બાદ ઘનશ્યામચરણ સ્વામીએ કરતાલ લઈ નૃત્યગાન કરી, સ્વામીશ્રી સમક્ષ મુજરા કરતાં સૌને કીર્તન-ભક્તિનો આનંદ કરાવ્યો.

જિન્જા, ગુલુ, ટરોરો, મ્બાલે, નૈરોબી એમ દૂર દૂરથી ઘણા હરિભક્તો આ સમૈયામાં આવી પહોંચ્યા હતા. સૌ ભક્તોને જોઈને સ્વામીશ્રી વિશેષ આનંદિત હતા.

અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી ખૂબ ભાવમાં આવી બોલ્યા : 'ભગતજી મહારાજ આપણને અક્ષરધામમાં બેસાડે. આ દેશને અને ભારતને સુખિયા કરે.

'ભગતજી ! આધિ, વ્યાધિ ને ઉપાધિ કાઢી નાખશો ને ?

'હા, કાઢી નાખશું.

'કોઈ અરજી આપે છે તે જુએ છે, અરજી ફાઇલમાં નહિ પડે. લાખો રૂપિયા ખરચતાં આ અવસર ન મળે. તે સંભારી રાખજો !'

કોઈ અલૌકિકભાવમાં સ્વામીશ્રી બોલી રહ્યા હતા. ભગતજી મહારાજનો જન્મોત્સવ એમને સંભારતાં, અરજ કરતાં, એમનામાં જ ખોવાઈ ગયા.

ગુણાતીત સ્વરૂપ સાથેનો એકાત્મભાવ પ્રગટ કર્યો. પણ પોતે જ ગુણાતીત સ્વરૂપ છે. પોતે જ અરજી સ્વીકારી. અંતરીક્ષમાંથી પોતે જ બોલ્યા અને સૌને અક્ષર-ધામના સુખમાં મૂકી દીધા. 'હું ધારું તો ક્ષણવારમાં સૌને અક્ષરધામમાં મૂકી દઉં,' એ દિવ્ય અનુભવ કરાવ્યો. સૌને ચિરંજીવ સ્મૃતિ આપી સુખિયા કર્યા. સભા એ સુખમાં ગરકાવ થઈ ગઈ. સૌ હરખાતે હૈયે પ્રસાદ લઈ વિખરાયા.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં દરેક દિવસ, દરેક ઘડી, દરેક ક્ષણ ઉત્સવ સમી બની રહેતી. નજીક આવતા સૌ કોઈનાં મન ઉત્સાહથી ભરાઈ જતાં. શોક કે દુઃખને જરા સરખોય અવકાશ જડતો નહિ. એવું મંગલમય વાતાવરણ સદા રહેતું.

દિવ્ય પુષ્પદોલોત્સવ

તા. ૨૩-૩-'૭૦, ફૂલદોલનો ઉત્સવ હતો. મહંત સ્વામી અને સંતોએ, યુવકો સાથે મળીને મંદિરની મુખ્ય બે સીડી વચ્ચે ૧૫ થી ૧૭ ફીટ ઊંચો હિંડોળો, પુષ્પો તથા ઍલ્યુમિનિયમનાં ચળકતાં રંગબેરંગી વિવિધ તોરણોથી સજાવ્યો હતો. ઉપરથી સુશોભિત છાજલી તથા આગળ પુષ્પનાં કૂંડાંઓ ગોઠવ્યાં હતાં. આજુબાજુ શેરડીના તાજા ઊભા સાંઠા પણ શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. હિંડોળાની બેઠકમાં સ્પ્રીંગવાળી ખાટ (Garden spring) ઉપર સુંદર મુલાયમ પોચી ગાદીનું આસન બનાવ્યું હતું. આમ, પુષ્પદોલોત્સવની સર્વ તૈયારી ખાંતે કરીને કરી હતી.

સવારે લગભગ ૧૧-૦૦ વાગે સ્વામીશ્રી સંતો સાથે મંદિરના પ્રાંગણમાં, ઉત્સવના સ્થળ ઉપર આવ્યા. હિંડોળો જોઈને પહેલાં તો સ્વામીશ્રી એકદમ ખચકાયા. કારણ, એમને પોતા માટે આવું થાય તે રુચતું નહીં. પછી તો કંપાલાના જ્ઞાનવૃદ્ધ-વયોવૃદ્ધ પ્રેમી હરિભક્તો આર.યુ. પટેલ તથા ત્રિભુવનકાકા વગેરેના આગ્રહથી સ્વામીશ્રી હિંડોળામાં બિરાજ્યા. સૌના આનંદનો પાર ન રહ્યો. આફ્રિકામાં આ પ્રકારનો આ પહેલો જ ઉત્સવ, અને આ પહેલાં જ દર્શન. હર્ષઘેલા હરિભક્તો સૌ ચોકમાં, જેને જ્યાં સ્થાન મળ્યું ત્યાં દર્શનની તાલાવેલીમાં, ખુલ્લામાં, તડકામાં જ બેસી ગયા.

મેં *'આંખથી યોગીબાપાને મેં જોયા...'* એ કીર્તનગાન કર્યું. પછી નારાયણ ભગતે 'ભક્તચિંતામણિ'માંથી ફગવાનું ચોસઠમું પ્રકરણ સુંદર હલકે ગાયું.

હિંડોળાની એક બાજુ સોફા ઉપર પ્રમુખસ્વામી તથા બીજી બાજુ મહંત સ્વામી બેઠા હતા. અને ધીરે ધીરે હિંડોળાને ઝુલાવી રહ્યા હતા. સ્વામીશ્રીને આ

રીતે હિંડોળામાં ઝૂલવામાં અકળામણ અનુભવાતી હતી.

પ્રાસંગિક પ્રવચનો થયાં. પ્રમુખસ્વામીએ સંબોધન કરતાં કહ્યું કે 'આ પુરુષનાં દર્શન માટે અનંત જન્મ સુધી તડકામાં ઊભા રહેવું પડે તોપણ ઓછું છે.'

માથે તાપ ઠીક ઠીક તપતો હતો. પણ અંતરમાં ટાઢક અનુભવતા ભક્તો, સ્વામીશ્રીનાં દર્શન કરતાં ચિત્રવત્ સ્થિર બેસી રહ્યા હતા. પુષ્પદોલમાં હિંચકતા સ્વામીશ્રીની રસિક મૂર્તિમાં રસમગ્ન બનેલા ભક્તોને સ્થળ, કાળ અને કષ્ટનાં બંધનો તૂટી ગયાં હતાં.

એવામાં સૌનાં આશ્ચર્ય વચ્ચે એક અલૌકિક ઘટના બની. સુંદર મજાનો પુષ્પનો મુગટ લઈ સિદ્ધેશ્વર સ્વામી, હિંડોળા નજીક સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રી તેમને જોઈ રહ્યા. મુગટ તરફ પણ દૃષ્ટિ ગઈ. આંખોમાં નારાજી છવાઈ ગઈ. કદાચ પહેરાવશે એવી શંકા મનમાં કરે છે, ત્યાં પ્રમુખસ્વામીએ વિનંતી કરી : 'બાપા ! સૌને રાજી કરો.'

જાણે અપરાધ થઈ જતો હોય એવા ભયસૂચક ભાવે, પોતાના ગળે હાથ મૂકી સ્વામીશ્રી ના પાડવા લાગ્યા. વિરોધ દર્શાવતું સ્વામીશ્રીનું આ અંતિમ શસ્ત્ર હતું. ઊંચે સાદે તો કદાપિ બોલી શકે નહિ. 'ગળાના સમ' એવો કોઈ લૌકિક ડર દેખાડી, નારાજી બતાવતા. એમાં પણ ગળગળા થઈ જાય. એટલે હારી જતા. ભક્તો ફાવી જતા.

આજે સૌ મક્કમ હતા. 'રહેવા દ્યો ભાઈસા'બ ! સાધુને એ શોભે નહિ.' એવી યાચના કરતી સ્વામીશ્રીની એ દયા ઝંખતી આંખો સામે આજે કોઈએ માંડીને જોયું નહિ. સ્વામીશ્રીનાં બન્ને કરકમળો, સિદ્ધેશ્વર સ્વામીએ હળવેકથી પ્રેમપાશમાં લઈ લીધાં. એટલામાં આર.યુ પટેલ તથા ત્રિભુવનકાકાએ સુંદર પુષ્પમુકુટ સ્વામીશ્રીના મસ્તક ઉપર ધારણ કરાવી દીધો. થોડી ક્ષણો સુધી આ અતિ અલૌકિક દર્શનનો લાભ સૌને મળ્યો. હર્ષથી પુલકિત થતાં, રોમાંચ અનુભવતાં સૌ આ અણધાર્યા દર્શનમાં ખોવાઈ ગયા.

એવામાં વળી, સંતો એક મોટો ભરાવદાર પુષ્પહાર લઈ આવ્યા. એ હાર હરિભક્તોએ સ્વામીશ્રીની કોટમાં પહેરાવી દીધો. પુષ્પની વિશાળ માળાથી ગરકાવ બનેલા, મસ્તક ઉપર પુષ્પના મુગટથી અલંકૃત સ્વામીશ્રી રંગબેરંગી પુષ્પના ઝૂલામાં પુષ્પસમ કોમળ, મોહક અને સુગંધમાન શોભતા હતા. સર્વત્ર પુષ્પથી આચ્છાદિત થઈ ગયા હતા.

સ્વામીશ્રી ગળામાં પડેલા ભારેખમ હારને કાઢવાની મથામણમાં રહ્યા.

એટલે મસ્તક ઉપરથી પુષ્પમુકુટ ઉતારવાનું ભૂલી ગયા. ત્યાં વળી કોઈએ એમની આગળ પુષ્પની છાબ ધરી. એટલે પુષ્પદોલોત્સવ નિમિત્તે, સ્વામીશ્રી સર્વે ભક્તો ઉપર પુષ્પ અને ગુલાલની વર્ષા ખોબે ખોબે કરવા લાગ્યા. આમ, ઉત્સવનો-દર્શનનો-આનંદનો રંગ ઉત્તરોઉત્તર જામતો ગયો, હરિભક્તો આગળ આવી આવીને પુષ્પ સહિત ગુલાલની ફાંટ ઝીલવા લાગ્યા. સંતના રંગે રંગાવાનો આવો મોકો ફરી ક્યારે મળવાનો હતો ?

મસ્તક ઉપરથી ફૂલનો કલાત્મક મુગટ ઉતારી સ્વામીશ્રીએ એ પ્રસાદી આર.યુ. પટેલને અર્પણ કરી દીધી. પૂર્વ આફ્રિકાના અગ્રગણ્ય હરિભક્તોએ મળીને, ફૂલદોલમાં બિરાજેલા સ્વામીશ્રીની આરતી ઉતારી. બાજુમાં જ પધરાવેલા, હરિકૃષ્ણ મહારાજને સ્વામીશ્રીએ તુરત ખોળામાં લઈ લીધા. પૂજન-આરતીના પ્રસંગે સ્વામીશ્રી ઠાકોરજીને હંમેશાં આગળ ધરતા. એમને મૂકીને ક્યારેય ભક્તોની સેવા-પૂજા સ્વીકારતા નહિ.

હુતાશની ઉત્સવના આ પ્રસંગે યજ્ઞપુરુષ ચોકમાં જ, પુષ્પના હિંડોળા ઉપર બિરાજીને જ, સ્વામીશ્રીએ સૌને અંતરના રૂડા આશીર્વાદ આપ્યા :

'આ સમૈયો સારંગપુર ઊજવાતો. શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ પધારતા. આફ્રિકાના હરિભક્તો મગનભાઈ, ત્રિભોવનભાઈ, પ્રભુદાસ બધા આવેલા. ફગવા આપેલા. શાસ્ત્રીજી મહારાજે મારી પાસે ફગવાનું પ્રકરણ બોલાવ્યું હતું. તે ફગવાને પચીસ વરસ થયાં. તેવો સમૈયો આજે કંપાલામાં થયો. બધી મુસીબતો શ્રીજીમહારાજ ને સ્વામી ટાળી નાખે ને તમારાં હૃદયમાં શ્રીજીમહારાજ બિરાજે તેવા આશીર્વાદ છે. મહારાજ ને સ્વામી રક્ષા કરે છે, તેવી ખાત્રી રાખજો. મહારાજ ને સ્વામી તમારી સાથે જ છે. શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં આપેલા તે આશીર્વાદ અત્યારે અપાય છે.'

સ્વામીશ્રીના આ પ્રકારના ઉદ્‌ગારોમાં, શાસ્ત્રીજી મહારાજ સાથેનું ઐક્ય સહેજે સ્પષ્ટ થતું હતું. ગુરુપરંપરાના આ અદ્વિતીય જ્યોતિર્ધરો - ગુણાતીત પુરુષોની એકતા, શ્રીજીના અખંડ પ્રાગટ્યની પ્રતીતિરૂપ હતી. પ્રગટ સ્વરૂપના નિશ્ચયની દૃઢતા મુમુક્ષુઓમાં વધતી રહેતી. જેના એક પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપે, આ પ્રસંગે એક બાઈ ભક્તને સ્વામીશ્રીનાં અલૌકિક દર્શનમાત્રથી સમાધિ થઈ અને સારંગપુરમાં મહારાજ આ ઉત્સવ ઊજવે છે એવાં અદ્‌ભુત દર્શન થયાં.

ઉપર મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારવાની હતી એટલે સ્વામીશ્રીએ સભાનું વિસર્જન કર્યું. રહીસહી પુષ્પની પાંખડીઓને અંગ ઉપરથી - વસ્ત્રો

ઉપરથી ખંખેરી સ્વામીશ્રીએ હિંડોળાનો ત્યાગ કર્યો; પણ આ દિવ્ય દર્શન-સુખ, ભક્તોનાં મનમાં સદાયને માટે સ્થિર થઈ ગયું. સ્મરણનું સુખ સાચવતાં સૌ વિખરાયા.

મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સ્વામીશ્રીએ સૌ સંતો તથા હરિભક્તોને ખોબે ખોબે ફગવાનો – ધાણી-ખજૂર-ચણાનો પ્રસાદ આપ્યો. આ રીતે, પૂર્વ આફ્રિકાના આ પ્રવાસમાં પુષ્પદોલોત્સવ ખરેખર અદ્‌ભુત ઊજવાયો.

ફૂલદોલના ઉત્સવ પ્રસંગે પુષ્પના હિંડોળામાં સ્વામીશ્રીને પધરાવ્યા, એ એમને જરાપણ ગમ્યું નહિ. વળી, પુષ્પનો મુગટ પણ આગ્રહ કરી સૌએ પહેરાવી દીધો, એનો રંજ સ્વામીશ્રીના મનમાં રહી ગયો. તેનો ખરખરો કરતાં હોય એમ કહે :

'મુગટ નથી કરવો' - એમ મેં ના પાડી હતી, પણ પરાણે પહેરાવી દીધો. તેનું શું કરવું ? મેં મહંત સ્વામીને પૂછ્યું હતું કે 'આ શું કરો છો ?' તેમણે કહ્યું : 'ઠાકોરજી સારુ મુગટ કરીએ છીએ.'

'બાપા ! ઠાકોરજી માટે જ કરેલો અને ઠાકોરજીએ જ પહેર્યો હતો.' સૌ બોલ્યા.

તે સાંભળી સ્વામીશ્રી પણ બોલી ગયા : 'હા...'

મહારાજની મૂર્તિમાં જ સદા નિમગ્ન સ્વામીશ્રીને જ્યારે ભક્તો ભૂલવણીમાં મૂકી દેતા ત્યારે ક્યારેક સાચું બોલી જતા !

અનુસંધાન !

બપોરની કથામાં અંત્યનું ૩૦ વંચાવતાં પ્રશ્ન નીકળ્યો કે 'તેજને વિશે મૂર્તિ કોની છે ? મહારાજની કે ગુણાતીતની ?'

સ્વામીશ્રી કહે : 'બેય ભેગી જ છે.'[૧]

'અક્ષર મહારાજની સેવામાં રહ્યા છે. તે સેવા કઈ ?' બીજો પ્રશ્ન થયો.

'મૂર્તિ સામું જોઈ રહેવું તે જ સેવા છે. છેલ્લાના નવ પ્રમાણે મૂર્તિ સામું જોઈ રહ્યા છે.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

વળી પ્રશ્ન નીકળ્યો : 'આટલું કરવાનું છે ને આટલું બાકી છે, તે વ્યવહારનું કે મોક્ષનું ?'

'આટલું મૂર્તિમાં જોડાણા, આટલું એકાંતિકપણામાં બાકી છે, તેનું

---

૧. ગુણાતીતાનંદ સ્વામી મહારાજની અખંડ સેવામાં છે એ ન્યાયે.

અનુસંધાન રાખવું. આટલી મિલ બાંધવી છે, આટલાં કારખાનાં કરવાં છે, તેનું અનુસંધાન ન રાખવું. મોક્ષમાં શું અટક્યું છે ? એકાંતિક ધર્મ કેટલો સિદ્ધ થયો ? કેટલા બ્રહ્મરૂપ થયા ? સ્વામિનારાયણમાં કેટલા જોડાણા ? એ અનુસંધાન રાખવું.' સ્વામીશ્રીએ સમજાવ્યું.

ભવસાગર તરવાનું નાવ !

આજે સાંજે લોહાણા ક્લબમાં શહેરના અગ્રણી નાગરિક હરિદાસ સામાણીના પ્રમુખપદે જાહેર સત્સંગ સભા ભરાઈ હતી. સંતો અને હરિભક્તોએ 'સ્વામિનારાયણ ભગવાન અને એકાંતિક ધર્મ' એ વિષય ઉપર પ્રેરક પ્રવચનો કર્યાં હતાં.

સ્વામીશ્રી સાથે મુંબઈના જાણીતા આર્કિટેક્ટ મોહનભાઈ રાઠોડ પણ સમાગમનો લાભ લેવા આવ્યા હતા. ભારતના અનેક સંન્યાસી-મહાત્માઓનો નિકટથી પરિચય; અને સત્સંગ મેળવ્યા પછી તેમનું હૃદય યોગીજી મહારાજની સાધુતા આગળ નમી પડ્યું હતું. રામાયણના અભ્યાસી મોહનભાઈ પાસે તુલસીદાસની સંત-મહિમાની ચોપાઈઓની સાખે, સ્વામીશ્રી ઘણી વાર સભામાં વાતો કરાવતા. લોકોને પણ તેમની વાણીમાં આનંદ આવતો.

આજની સભામાં પણ સૌના આગ્રહથી સ્વામીશ્રીએ તેમને સભામાં બોલવાની આજ્ઞા કરી. તેમણે અનેક વાતોના અંતે કહ્યું કે 'ભવસાગર તરવા માટે યોગીજી મહારાજ નાવ છે. એમાં બેસી જવું.'

એમના આ છેલ્લા ઉદ્‌ગારો પૂરા થયા અને એકાએક તેમને હૃદયરોગનો હુમલો આવ્યો. અને સ્વામીશ્રીનાં ચરણોમાં જ અક્ષરનિવાસી થયા. દુઃખદ પણ મૃત્યુને ગૌરવ અપાવે એવી ઘટના સભામાં બની ગઈ.

બીજે દિવસે સવારમાં પ્રમુખસ્વામી અને સંતોએ તેમના દેહને સ્નાન કરાવ્યું. પ્રમુખસ્વામી ઉપર પણ મોહનભાઈને ખૂબ હેત હતું. સ્વામીશ્રીએ આરતી ઉતારી. ભક્તને છાજે એ રીતે તેમની અંતિમ વિધિ કરવામાં આવી. શહેરના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોએ પણ આમાં ભાગ લીધો. તેમના અંતિમ સંસ્કારના સ્થળ ઉપર ઓટો કરી, શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવવાની સ્વામીશ્રીએ ખાસ ઇચ્છા દર્શાવી.

મોહનભાઈ રાઠોડનો ઉતારો વસનજીભાઈને ઘેર હતો. તેમના અગ્નિ-સંસ્કાર પછી બીજે દિવસે તેમનાં પત્નીને ભારત જવાનું હતું. તેથી

વસનજીભાઈના પુત્ર મનુભાઈ કાર લઈને સ્વામીશ્રીનાં દર્શન કરી, આજ્ઞા લઈને, એન્ટેબે ઍરપોર્ટ પર મૂકી પાછા ફરતા હતા ત્યારે તેમની કારને ભયંકર ઍક્સીડન્ટ થયો. અને મોટર આખી જ ભાંગીને ભુક્કો થઈ ગઈ. મનુભાઈ બહાર ફેંકાઈ ગયા. તેમને ઘણું વાગ્યું હતું. ત્યાં અચાનક બે હરિભક્તો મોટર લઈને પસાર થયા. મનુભાઈને તેમણે ઊંચકીને મોટરમાં લીધા. મનુભાઈએ કંપાલા મંદિરમાં સ્વામીશ્રી પાસે લઈ જવા જણાવ્યું. સભા ચાલતી હતી. ત્યાં ખબર આવતાં સ્વામીશ્રી બહાર આવ્યા. પ્રસાદીનું જળ મનુભાઈના મુખમાં મૂકી બોલ્યા : 'હૉસ્પિટલ લઈ જાઓ. કશું નહિ થાય.' મનુભાઈ લોહીલુહાણ હાલતમાં હૉસ્પિટલમાં આવ્યા.

મનુભાઈના પિતાશ્રી વસનજીભાઈ મંદિરમાં ચા-નાસ્તા પીરસવાની સેવામાં હતા. તેમને ખબર પડી એટલે સેવા પતાવીને જ સ્વામીશ્રીની આજ્ઞા થતાં હૉસ્પિટલમાં ગયા. મનુભાઈનું ઑપરેશન ત્રણ કલાક ચાલ્યું. સગાં-સંબંધી સર્વના જીવ અધ્ધર ચડી ગયા હતા. અને ડૉક્ટરો પણ ચિંતામાં પડી ગયા હતા. ત્યારે વસનજીભાઈએ સર્વેને હિંમત આપતાં કહ્યું : 'મનુભાઈ સ્વામીશ્રીના આશીર્વાદ લઈને એન્ટેબે ઍરપોર્ટ પર ગયા હતા. અને અહીં પણ સ્વામીશ્રીના આશીર્વાદ લઈને આવ્યા છે. માટે કશું જ નહિ થાય.'

સ્વામીશ્રીએ પણ બધાની વચ્ચે વસનજીભાઈને કહ્યું હતું : 'મહાકાળ આવ્યો હતો, પરંતુ શાસ્ત્રીજી મહારાજે પાછો કાઢ્યો. શ્રીજીમહારાજે બહુ રક્ષા કરી. હવે જલદી સારું થઈ જશે.'

વસનજીભાઈ તથા મનુભાઈ બન્નેની સ્વામીશ્રી પ્રત્યે શ્રદ્ધા ફળી ! સ્વામીશ્રીના આશીર્વાદથી મનુભાઈ ઊગરી ગયા. ધીમે ધીમે સારું થવા લાગ્યું. બાર દિવસે હૉસ્પિટલથી રજા આપી. એ દિવસો દરમ્યાન સ્વામીશ્રી પ્રસાદીનું જળ તેમજ પ્રસાદીનાં પુષ્પ તેમને મોકલતા અને હંમેશાં વસનજીભાઈને મનુભાઈની ખબર પૂછતા.

રાત્રે નૈરોબી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તથા કિસુમુમાં સ્વામીશ્રીની પધરામણીની ફિલ્મ, કિસુમુના મગનભાઈ પટેલે બતાવી હતી. બીજે દિવસે દેશથી આવેલા હરિભક્તો સ્ટીમર દ્વારા મ્વાન્ઝા જવા નીકળ્યા.

લાખ રૂપિયાની સહીનો સોદો

તા. ૨૫મીએ સવારે એક બાળક સ્વામીશ્રી પાસે, પોતાની ઑટોગ્રાફ

બુકમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર લેવા આવ્યો. એની પાસે છ બોલપેન હતી.

'બાપા ! આપ એક પેન રાખી લ્યો.' એણે સ્વામીશ્રીને વિનંતી કરી.

એક પેન જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'આ પેન સારી છે.' પછી બીજી પેનથી લખી જોયું ને કહ્યું : 'આ પણ સારી છે.'

પછી ધીરેથી કહે : 'એમ કરો ને, આ બધી અમને સેવામાં આપી દ્યો ને ! લાખ રૂપિયા આપતાં ન મળે તેવી સહી તમને કરી આપી છે. લ્યો, આ એક પ્રસાદીની પેન પાછી, તેનાથી બીજા કોઈ મોટાપુરુષ પાસે સહી કરાવવા રાખી મૂકજો.'

બાળકે રાજી થઈ બધી પેનો સ્વામીશ્રીનાં ચરણમાં ધરી દીધી.

પછી એ મહંત સ્વામી પાસે આવ્યો. એટલે મહંત સ્વામીએ એને કહ્યું : 'તમારી બધી પેનો બાપાએ લઈ લીધી ?'

'પણ આવા માગનારા ક્યાંથી મળે ?' બાળકે સંતોષ સાથે પોતાની સમજણ વ્યક્ત કરી. ત્યારે સૌને આશ્ચર્ય થયું કે પરદેશમાં પણ નાના નાના બાળકો સ્વામીશ્રીને કેવા ચાહે છે !

શ્રીહરિ સ્વામીના પૂર્વાશ્રમના બે ભાઈઓ, ડૉ. રમણભાઈ તથા ડૉ. પ્રફુલ્લભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. શ્રીહરિ સ્વામી સાધુ થયા તે શરૂઆતમાં તેમને નહોતું ગમ્યું. વિરોધ પણ કરેલો. હવે વિરોધ મૂકી દીધો હતો. સ્વામીશ્રીએ તેમને ખાસ યાદ કરીને બોલાવ્યા અને કહ્યું :

'તમે શ્રીહરિને સાધુ થવા દીધા તે કેવા થયા ! હવે તેના ભાગના દોઢ લાખ રૂપિયા અમને આપજો. અમે હૉસ્પિટલ કરાવીશું, કૉલેજ કરાવીશું.'

તેમના બીજા છ ભાઈઓ ડૉક્ટર, એટલે સ્વામીશ્રીએ તેમની આગળ હૉસ્પિટલ અને કૉલેજ કરવાનો પ્રસ્તાવ મૂક્યો અને શ્રીહરિ સ્વામીનો ભાગ સેવા નિમિત્તે માગ્યો. તેઓ બીજું કાંઈ ઉચ્ચારે તે પહેલાં સ્વામીશ્રીએ એવું નિવેદન કર્યું કે તેમના વિચારો જ સ્થિર થઈ જાય. સ્વામીશ્રીના સદ્ભાવ તળે તેઓ દબાઈ ગયા.

કંપાલા મંદિરમાં સ્વામીશ્રી સાંજના સમયે મૂર્તિઓ નિહાળી રહ્યા હતા. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં. બાજુમાં સ્વામીશ્રીની ચિત્રપ્રતિમા હતી, એ બતાવી લંડનના જશભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આ કોણ ?'

'ઈ તમારા ભાઈબંધ !' સ્વામીશ્રીએ અણધારેલો ઉત્તર આપી દીધો.

ટાણાની સેવાનાં નાણાં

તા. ૨૬મીએ સવારે ૫-૩૦ વાગે જિન્જાવાળા નંદલાલભાઈના બનેવી રામજીભાઈ (કેરીચોવાળા) પોતાનું નવું જ સ્ટિરિયો કેસેટ રેકોર્ડર સ્વામીશ્રીની વાણી ઉતારી પ્રસાદીનું કરવા લાવેલા. તે જોતાં જ સ્વામીશ્રી કહે : 'બહુ સારું છે. હજાર શિલિંગનું હશે ?'

ક્ષણનો પણ વિલંબ કર્યા વગર, તુરત જ એ નવું નક્કોર રેકોર્ડર રામજીભાઈએ સ્વામીશ્રીના ખોળામાં મૂકતાં કહ્યું : 'બાપા ! આને આપ રાખી લ્યો.'

આ તક ઝડપી રહેલા રામજીભાઈ સામું સ્વામીશ્રી જોઈ રહ્યા, રાજી થયા અને આશીર્વાદ આપતાં કહ્યું : 'આમાં શાસ્ત્રીજી મહારાજ, ગુણાતીત સ્વામી વગેરેની વાણી ઊતરશે. જે સાંભળશે તેનું કલ્યાણ થઈ જશે.'

ભલા, શાસ્ત્રીજી મહારાજ ને ગુણાતીત સ્વામીની વાણી અત્યારે ક્યાંથી લાવવી ? પણ સ્વામીશ્રીની વાણી એ જ શાસ્ત્રીજી મહારાજની વાણી ! એ જ ગુણાતીતની વાણી ! અજાણતાં સ્વામીશ્રીએ જ એનો એકરાર કર્યો. સામાન્ય પણ ટાણાની, સંશય રહિતની સેવાથી સ્વામીશ્રી રાજી થયા.

કંપાલાના મુકામ દરમ્યાન શહેરના અનેક સદ્‌ભાવી પ્રતિષ્ઠિતો અને ગૃહસ્થો, સ્વામીશ્રીના પરિચયમાં અને પ્રભાવમાં આવ્યા હતા. આજે સૌને માટે સ્વામીશ્રીની હાજરીમાં એક ભોજન સમારંભ યોજ્યો હતો. સવારે મંદિરમાં સભામાં સૌ એકત્રિત થયા. 'મનુષ્ય જીવનની દુર્લભતા અને કર્તવ્ય' ઉપર સ્વામીશ્રીએ સાદી, સરળ, ભાવવાહી વાણીમાં પ્રેરક પ્રવચન કર્યું. મંદિરના વિશાળ હૉલમાં, ઠાકોરજી સમક્ષ ભોજન સમારંભમાં સ્વામીશ્રી જાતે સૌને પીરસવા નીકળ્યા. પોતે પણ સૌની સાથે, ઠાકોરજી જમાડવા બેઠા. આ અલભ્ય લાભથી સૌ ઘણા પ્રભાવિત થયા હતા.

અહીં સ્વામીશ્રીનો કાર્યક્રમ ટી.વી. ઉપર આપવાની વ્યવસ્થા થઈ હતી. પણ છેલ્લી ઘડીએ Mobile T.V. Van મંદિરે આવી શક્યું નહિ. તેથી સ્વામીશ્રીની આજ્ઞાથી સંતોએ કાર્યક્રમ ત્યાં જઈને આપ્યો. જેમાં નારાયણ ભગતનું વેદગાન, સિદ્ધેશ્વર સ્વામી અને અનુપમ ભગતની સંગત સાથે મારું કીર્તન, ત્યાગવલ્લભ સ્વામીનું સ્વાહિલી ભાષામાં પ્રવચન અને હર્ષદભાઈ દવે તથા ડૉક્ટર સ્વામીનું અંગ્રેજીમાં પ્રવચન પ્રસારિત કરવામાં આવ્યાં હતાં.

સાંજે સત્યસાંઈબાબાના મંડળના ડૉ. સી.જી. પટેલના બંગલે સભા થઈ હતી. ભાનુભાઈ પટેલ તથા દુર્ગેશ દવે લંડન જતા હોવાથી તેમને હારતોરા કરી, સ્વામીશ્રીએ વિદાય આપી હતી.

આર.યુ. પટેલ, ત્રિભોવનભાઈ, હરમાનભાઈ, મનુભાઈ ઓઝા, ચંદુભાઈ પટેલ, પ્રભુદાસ લાલાજી, કાશીભાઈ, ઈશ્વરભાઈ માસ્તર, સોમાભાઈ, વસનજીભાઈ, મણિભાઈ ગેરેજવાળા, મણિભાઈ મિત્રાલવાળા, રામજી મેપા, મોરઝરિયા વગેરે વડીલ હરિભક્તો તથા પુરુષોત્તમભાઈ ચોટલિયા, કિરીટભાઈ, કાંતિભાઈ, વિનુભાઈ, જિતેન્દ્રભાઈ, સુરેશભાઈ, ચંદુભાઈ વગેરે યુવક મંડળના સભ્યો અને બાળ મંડળ તથા મહિલા મંડળે આ પ્રસંગે અપાર સેવા કરી. જૂના અનુભવી હરિભક્તોના માર્ગદર્શન નીચે, અહીં સૌમાં એકતા અને ઉત્સાહ સ્વાભાવિક જણાતાં હતાં.

ભાવભીનું આમંત્રણ

રાત્રે ૯-૦૦ વાગે સભામાં સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આફ્રિકા મંડળે વધારે ભીડો વેઠ્યો. શ્રીજીમહારાજ ને સ્વામીનો આશીર્વાદ છે. નિષ્ઠા સર્વને છે, તેથી સુખિયા રાખશે. *'જેને જેનો આશરો, તેને તેની લાજ.'*

'દરેકે મોમ્બાસા આવવું. વખત મળે તો આવવું. દુકાન છોડીને ન આવવું. બનતાં સુધી દુકાન છોડીને આવો તો બહુ સારું. પાસપોર્ટ કઢાવીને આવજો. સી.ટી.નો આગ્રહ છે. 'હૉલસોલ' બોલાવવા છે.

'જો નહિ આવો તો પશ્ચાત્તાપ થશે - 'માળું રહી ગયા !'

'પાગરણ, જમવાનું, બધું અહીંના જેવું જ ત્યાં છે. બધા હરિભક્તોને મહારાજ તને-મને સુખી કરે.

'હવે મોમ્બાસા ભેગા થઈશું. ત્યાંનો વિધિ ત્યાં થશે.'

સ્વામીશ્રીના આ ઉદ્ગારોમાં શબ્દે શબ્દ હેતથી ભીંજાયેલો હતો. પ્રેમનું આમંત્રણ હતું. પોતાના હેતવાળા ભક્તોને લાડ લડાવવા જ સ્વામીશ્રી બીમારી સંકેલીને, કષ્ટ વેઠીને પધાર્યા હતા. હવે પૂર્વ આફ્રિકા ખાતે મોમ્બાસામાં મોટો ઉત્સવ યોજાવાનો હતો, ગુરુહરિનો જન્મોત્સવ. આમ તો જન્મ જયંતી મહોત્સવ પાછળની તારીખોમાં આવતો હતો. પણ આફ્રિકાનો પ્રવાસ પૂરો થતો હતો. તેથી મોમ્બાસા સત્સંગ મંડળે આ તક ઝડપી લીધી. પરદેશમાં આવો લાભ ક્યારેય ન મળે, એટલે આ ઉત્સવ થોડા દિવસ અગાઉ પણ ઊજવવાનું નક્કી

કર્યું. પ્રમુખસ્વામીની સંમતિ તો હતી જ, પછી સ્વામીશ્રી પણ શું બોલે ?

ઉપરનાં વચનોમાં ભારોભાર આમંત્રણ હતું. પણ થોડા સંકોચથી સ્વામીશ્રી બોલ્યા. પહેલાં કહ્યું કે દુકાન બંધ ન કરવી; પણ પાછળથી સુધાર્યું કે દુકાન છોડીને આવો તો બહુ સારું. કેટલી દયા ! આવો આગ્રહ કોણ કરે ? હવે પરદેશ ખાતે પોતાનો લાભ ભવિષ્યમાં કોઈને કદાચ ન પણ મળે - એ હેતુથી જાણે સૌને આગ્રહ કરતા ન હોય ! આ રીતે, જે પોતાના છે, ભક્તિ કરે છે, તેમને સુખ આપવાનું કેટલું તાન ! જીવ તો પ્રભુ ભજે એવા નથી, પણ ભગવાન અને સંત લોંઠાઈએ ભજાવે છે.

જશભાઈ લંડનથી અને આપાભાઈ મુંબઈથી સ્વામીશ્રીના સમાગમ માટે ખાસ આફ્રિકા આવ્યા હતા. બન્ને પાછા જતા હોવાથી હારતોરા કરી, વિદાય આપી.

બીજે દિવસે મંદિરમાં, સત્સંગ મંડળ તરફથી, સ્વામીશ્રી કંપાલાથી હવે જઈ રહ્યા હતા, એ નિમિત્તે સભા થઈ. સૌને રૂડા આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'દરરોજ એક વખતે મંદિરે આવવું. રવિવારની સભામાં હાજર રહેવું. અંદરોઅંદર એકબીજાનો મહિમા સમજી સેવા કરવી. સંપ રાખવો. સુહૃદ-ભાવ રાખવો. એ રીતે વર્તશું તો શ્રીજીમહારાજ રાજી થશે અને સર્વ પ્રકારે સુખી કરશે.'

કંપાલાનું હવામાન ખૂબ ભેજવાળું હતું. દિવસમાં ગમે ત્યારે વરસાદ પડે. ઠંડી અને ગરમી પણ દિવસમાં એકાદ વાર જરૂર દેખા દે. આવાં હવામાનને કારણે, અહીં ઘણાખરા સંતો તથા હરિભક્તોની તબિયત જરા નરમ-ગરમ થયેલી. પણ સ્વામીશ્રી કહે : 'અહીં તો મારી શરદી સુકાઈ ગઈ.' આવા વિષમ હવામાનની પણ સ્વામીશ્રીને કોઈ અસર થઈ નહિ એ એક આશ્ચર્યકારી ઘટના હતી. કારણ, દેશમાં સહેજ હવામાન ઠંડું થાય ને એમને શરદીનો હુમલો આવતો જ. જ્યારે અહીં તો ઠંડી ઉપરાંત વરસાદ અને ભેજવાળું વાતાવરણ. ત્યારે સમજાય કે પ્રેમીભક્તોને માટે મોટાપુરુષ રોગને બાજુએ મૂકી શકે છે અને સૌને લાભ આપે છે.

આજે બપોરે ૧-૦૦ વાગે કંપાલા મંદિરમાંથી ઠાકોરજીની - સૌ હરિભક્તોની રજા લઈ, સ્વામીશ્રી એન્ટેબે ઍરપોર્ટ પધાર્યા. હરિભક્તોને મન આ વસમી ક્ષણો હતી. સેંકડો આબાલવૃદ્ધ ભક્તો, ઍરપોર્ટ આવી પહોંચ્યા હતા.

હરિભક્તોની મેદનીથી ઍરપોર્ટ ભરાઈ ગયું હતું. અહીં પણ પ્લેનમાં બેસતા સુધી સ્વામીશ્રી બધાની વચ્ચે બિરાજ્યા. સૌ આજુબાજુ વીંટળાઈને બેસી ગયા. સંતો તથા સ્વામીશ્રીએ સત્સંગનો લાભ આપ્યો. સમય સ્થિર થઈ જાય, સ્વામીશ્રી આમ ને આમ બેસી જ રહે ને દર્શન આપ્યા જ કરે, એવી લાલચ સૌનાં મનને સતાવતી હતી. સ્વામીશ્રીની નિર્દોષ મૂર્તિનું દર્શન-પાન અધીરા મને સૌ કરી રહ્યા હતા. સુખના સિંધુમાં સ્નાન કર્યા પછી, સિંધુ-જળ સરી જતાં શરીરના અણુયે અણુમાં જેમ ધ્રુજારી પ્રસરે, એમ સૌનાં હૃદય ધબકતાં હતાં. સૌની વચ્ચેથી ઊભા થઈ સ્વામીશ્રી પ્લેન તરફ જઈ રહ્યા હતા. સૌની આંખો 'વ્હીલચૅર'માં બેસીને જતી સ્વામીશ્રીની એ કામણગારી મૂર્તિ તરફ ક્યાંય સુધી મંડાઈ રહી.

યુવક મંડળે બૅન્ડથી સ્વામીશ્રીને સલામી આપી. સમગ્ર યુગાન્ડાના હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા હતા. પ્લેન ઊપડ્યું. બાવીસ બેઠકના પ્લેનમાં બધા જ સંતો તથા હરિભક્તો હતા. 'ટેક ઑફ' કર્યા પછી જેવું પ્લેન વિક્ટોરિયા લેક ઉપર આવ્યું કે અચાનક 'ઈમર્જન્સી વિન્ડો' - કટોકટી સમયની બારી સહેજ ખુલી ગઈ. એટલે વિમાનચાલક ફરીથી પ્લેનને ઍરપોર્ટ ઉપર લાવ્યા. વિખરાયેલા હરિભક્તો એકદમ આનંદમાં આવી એકત્ર થઈ ગયા, હાથ હલાવવા લાગ્યા. આગલી બે બેઠકોમાં બિરાજેલા સ્વામીશ્રી ઢળેલી આંખે માળા ફેરવી રહ્યા હતા. બધું ઠીક-ઠાક થયા પછી પ્લેન ફરી ઊપડ્યું.

પ્લેનની મુસાફરી એટલે સ્વામીશ્રીને મન કંટાળો. આખી જિંદગી પગપાળા અને ગાડામાં બેસીને ઘૂમેલા સ્વામીશ્રી પ્લેનની આરામદાયી મુસાફરીને અવગણતા. ખાસ તો વારે વારે લઘુ કરવા જવાનું થાય. પ્લેનના ટૉયલેટમાં સ્વામીશ્રીને ફાવે નહિ. એટલે આગળની સીટોમાં જ પડદો કરી, સ્વામીશ્રીને ટબમાં લઘુ કરાવતા. આ તકલીફ ભોગવવી ન પડે એટલે સવારથી સ્વામીશ્રી જમે પણ નહિ, જેથી પાણી પણ પીવું ન પડે.

આજે કંપાલાથી નીકળતાં પણ સ્વામીશ્રીએ ખાસ કાંઈ લીધું નહિ. નારાયણ ભગતે સ્વામીશ્રીને પૂછ્યું કે 'કેમ બાપા ! જલદી જલદી ?'

'પગ થથરે છે. છોકરાંને પરીક્ષા હોય ને આગલે દહાડે પગ ધ્રૂજે તેમ થાય છે.' સ્વામીશ્રીએ સરળતાથી કહ્યું.

આવાં મનુષ્ય ચરિત્રોથી પોતે ઘણી વાર ભક્તોને ભ્રમમાં મૂકી દેતા.

સર્વતો ભદ્રમસ્તુ

બપોરે ૩-૩૦ વાગે પ્લેન વિક્ટોરિયા સરોવર ઉપરથી જઈ રહ્યું હતું. સ્વામીશ્રી બેઠાં બેઠાં આંખો મીંચી માળા ફેરવી રહ્યા હતા. થોડી વારે આંખો ખોલતાં, બારીમાંથી બહાર સરોવર ઉપર દૃષ્ટિ પડતાં સ્વામીશ્રી બોલ્યા :

'આ સરોવરમાં જે સ્નાન કરશે તે બધાનું કલ્યાણ થઈ જશે. આ પ્લેનમાં જે બેસશે તેનુંય કલ્યાણ થશે. તળાવનાંય મોટાં ભાગ્ય કે તેના ઉપર સંત હાલ્યા. તે તળાવમાં જે બેસશે, હાલશે, તેનુંય કલ્યાણ. નારાયણ ભગત ! આ બધું તમારે લખી લેવું. પ્લેનમાં કોણ બેઠા હતા તેય લખી લેવું. ભવિષ્યમાં કામ આવે.'

❀ ❀ ❀



ટાન્ઝાનિયાને આંગણે

બપોરે ૪-૦૦ વાગે પ્લેન લેક વિક્ટોરિયાને સામે કિનારે મ્વાન્ઝાના એરપોર્ટ ઉપર ઊતર્યું. ઈસ્ટરની રજાઓ હતી. વળી, ૧૯૬૦માં એક મહિનો રહીને મ્વાન્ઝાવાસીને સ્વામીશ્રીએ ખૂબ મોહિની લગાડી હતી. દસ વર્ષ પછી સ્વામીશ્રી પધારતા હતા. સત્સંગ ઘણો વધ્યો હતો. જેના પરિણામે એરપોર્ટ ઉપર સ્વામીશ્રીનાં દર્શન અને સ્વાગત માટે આખું ગામ ઊમટ્યું હતું. હિંદુ યુનિયનના પ્રમુખ સી.કે. પટેલ, શીખ યુનિયનના પ્રમુખ પ્રેમસિંગ અને સ્વામિનારાયણ સત્સંગ મંડળના પ્રમુખ રામુભાઈ મોરઝરિયાએ સ્વામીશ્રી અને સંતોને હારતોરાથી સત્કાર્યા. ડૉ. શાહની શણગારેલી મોટરમાં સ્વામીશ્રી બિરાજ્યા. આગળ પોલીસકાર અને પાછળ બધી મળીને ૧૫૦ મોટરો હતી. એરપોર્ટથી ૭ માઈલ દૂર મ્વાન્ઝા ગામ સુધી શોભાયાત્રા નીકળી. રસ્તામાં આફ્રિકનોનાં નાનાં કસબાં આગળ તેઓ ટોળે મળીને 'ઈ કો મૂંગું' - આ ભગવાન છે – એમ હાથ ઉલાળી બોલતાં, હસતાં દેખાતા હતા.

ટાન્ઝાનિયા દેશના, ન્યાન્ઝા પ્રોવિન્સનું મથક મ્વાન્ઝા, લેક વિક્ટોરિયાને કાંઠે આવેલું રળિયામણું ટાઉન છે. ભૌગોલિક રૂપાંતરોને કારણે, ગામમાં અને આજુબાજુ પથ્થરોનું કુદરતી રીતે જ રચાયેલું સર્જન અદ્‌ભુત છે. મોટા મોટા પથ્થરો, ગોળ અથવા ક્યાંક પાસાદાર પથ્થરો એકબીજા ઉપર એવા તો અધ્ધર ગોઠવાયેલા છે કે ઘડીભર જોતા રહી જઈએ. 'આ પડ્યો કે પડશે' એવું આશ્ચર્ય ઉદ્‌ભવે. કેરી, કેળાં વગેરે વૃક્ષો અને ફૂલોની હરિયાળી પણ ચોતરફ પુષ્કળ પથરાયેલી નજરે પડે.

પોણા કલાકે શોભાયાત્રા, સનાતન ધર્મ મંદિરમાં આવી. અહીં જાહેર સ્વાગત સભાના રૂપમાં શોભાયાત્રા સમાપ્ત થઈ. સ્વાગત-કીર્તન બાદ હિંદુ મંદિરના મંત્રી તન્ના તથા પ્રમુખ રામુભાઈ મોરઝરિયાએ પુષ્પહારથી

સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. શહેરના અગ્રણી નાગરિકો તથા સત્સંગ મંડળના કાર્યકરોએ પણ સ્વામીશ્રી અને સંતોને ફૂલહાર અર્પણ કર્યા. રામુભાઈ તથા ડૉ. આર.બી શાહનાં સ્વાગત-પ્રવચનો બાદ હર્ષદરાય દવે, હકાભાઈ અને પ્રમુખ-સ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં.

રામુભાઈના વિશાળ મકાનમાં સ્વામીશ્રીનો ઉતારો હતો, કેટલાક હરિભક્તો પણ ત્યાં જ ઊતર્યા હતા. બીજા અન્ય હરિભક્તોને ત્યાં રહ્યા હતા. સંતો-હરિભક્તોને જમવાની તમામ સગવડ રામુભાઈને ત્યાં જ હતી. તેમના મકાનના ઉપરના ભાગમાં - ખુલ્લી અગાશીમાં પતરાંનો પાકો મંડપ તેમણે બંધાવ્યો હતો. અને સ્વામીશ્રી તથા સંતો માટે તમામ સુવિધા નવીનક્કોર ગોઠવી હતી.

ઉતારામાં જ ઊભા કરાયેલા પાકા સભામંડપમાં દરરોજ સવારે સ્વામીશ્રી પૂજામાં બેસતા. ૩૦૦ થી ૪૦૦ જેટલા હરિભક્તો આ દર્શનમાં હોય જ. સંતો તથા યુવકો કીર્તનગાન કરે. સૌ સ્વામીશ્રી તરફ ધ્યાનમગ્ન થઈને બેઠા હોય. કીર્તન-ભક્તિરસ સૌને સ્વામીશ્રીમાં વધુ એકતાર કરે.

જોયાની લાગી છે નિશદિન ધાંખડી રે

સ્વામીશ્રી વિશાળ ભાલ પ્રદેશમાં તિલક કરતા હોય. એમાં ટાપટીપ નહિ. જે કર્યું હોય એના ઉપર ફરી તિલક ઘૂંટી, અસ્તવ્યસ્ત અને ઘટ્ટ કરે. મોટો ગોળ ચાંદલો પણ ચાંદલિયાથી કરે. પણ બેથી ત્રણ વાર કંકુ ઘૂંટે એટલે એ પણ એક સરખો ગોળ નહિ પણ અસ્તવ્યસ્ત બને. પછી ઠાકોરજીને પુષ્પ ધરાવતા હોય. પરદેશમાં મોટાં આકર્ષક વિલાયતી ગુલાબ અને પુષ્પો હોય તે જોઈને સ્વામીશ્રી મુખમાં હસતાં જાય અને પૂજામાં ફરતે ગોઠવતાં જાય. ધ્યાન ધરતા હોય ને માળા ફેરવતા હોય. ઠાકોરજીને પ્રસાદ ધરાવતા હોય. પૂજાની પ્રત્યેક ક્રિયામાં સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજ કે પૂજાની મૂર્તિઓમાં એવા નિમગ્ન બની જાય કે સૌ જોયા જ કરે. સ્વામીશ્રી તરફ જોનારનું મન પણ સાથે સાથે ભગવાનમાં નિમગ્ન થઈ જાય, આથી પ્રાતઃપૂજાનાં દર્શનનું આકર્ષણ દરેકને બહુ રહેતું.

ઘણી વાર પોતે પૂજા કરતા હોય અને સ્વામીશ્રી સંતો-હરિભક્તો પાસે સત્સંગની જૂની જૂની વાતો પણ કરાવે. જેથી પરદેશમાં વસતા સત્સંગીઓને પણ જૂનો ઈતિહાસ જાણવા મળે. ક્યારેક બાળકો કીર્તનો કે મુખપાઠ રજૂ કરે. એક વાર તો સ્વામીશ્રીએ, દેશથી સાથે આવેલા ઈશ્વરભાઈ દેસાઈ તથા સોમાભાઈ શેઠ (ચાવાળા) પાસે પૂજા વખતે યોગાસનો કરાવ્યાં. અને સૌ સંતો તથા હરિભક્તોને

યોગાસનો કરવા આદેશ આપ્યો. આમ, એક બાજુ સ્વામીશ્રી પૂજા કરતા હોય ને બીજી બાજુ આવા વિશિષ્ટ કાર્યક્રમ પણ થતા હોય. થોડામાં ઝાઝું. સમયના ટૂંકા ગાળામાં, જ્યારે જે હાજર હોય એનો ઉપયોગ લઈ, સૌને ભગવાનમાં જોડતા.

સવારે ૧૧-૦૦ થી ૧૨-૩૦ અને રાત્રે ૯-૦૦ થી ૧૦-૩૦ની સભા પણ આ સભામંડપમાં જ થતી. સાંજે ૫-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધી જાહેર સત્સંગ સભા 'સનાતન ધર્મ મંદિર'માં થતી. ધૂન, ભજન બાદ સંતો અને હરિભક્તોનાં પ્રવચનો વારાફરતી થતાં. જાહેર સભામાં ૧,૫૦૦ થી ૨,૦૦૦ જેટલા મુમુક્ષુઓ હાજરી આપતા. સભા પછી સ્વામીશ્રી ઠાકોરજીની આરતી ઉતારતા.

એક રાત્રે ઉતારે નૈરોબીના યુવક અશોકભાઈ સવાનિયાએ સ્વામીશ્રી સમક્ષ ભજન ગાયુ :

'યોગીબાપા ! અમારી તમે રક્ષા કરો,
મમ મસ્તક પર તમે હસ્ત ધરો...'

સ્વામીશ્રીએ આ કીર્તન ધ્યાનથી સાંભળ્યું. અને પૂછ્યું : 'આમાં શું મળ્યું ? આમાં એક કડીમાં થોડો ફેરફાર કરો.'

'શાસ્ત્રીજી મહારાજ ! અમારી તમે રક્ષા કરો...' એમ ગાવ. એમ કહી ફરી કીર્તન ગવડાવ્યું.

ન જોઈ જાત-કુજાત !

બીજે દિવસે રામુભાઈના પ્રેસમાં કામ કરતા એક આફ્રિકનભાઈ હબીબને સ્વામીશ્રીએ ૧૯૬૦માં કંઠી ધારણ કરાવેલી અને માળા આપેલી, તે અત્યાર સુધી એણે સાચવી રાખી હતી. અને સભા પ્રસંગમાં તેને પોતાની ભાવના વ્યક્ત કરવાની ઇચ્છા થઈ આવી. સ્વામીશ્રીએ સંમતિ આપી. તેણે કહ્યું :

'સ્વામીશ્રી મને પ્રેરણા આપે છે ને મને માળા ફેરવવાનું મન થાય છે. સ્વામીશ્રી મારા ઉપર ને મારા દેશ ઉપર એવા આશીર્વાદ વરસાવે કે અમે બધા આબાદ થઈએ. સ્વામીશ્રીની તબિયત દસ વર્ષ પહેલાં હતી તેવી જ છે ને ભવિષ્યમાં પણ આવી ને આવી તબિયત રહે તેવી ખુદાને પ્રાર્થના.'

આવા હેતના ઉદ્દ્ગારો સાંભળી સ્વામીશ્રીએ એને આશીર્વાદના બે ધબ્બા પ્રેમથી આપ્યા. દસ દસ વર્ષનાં વહાણાં વહી ગયાં પછી પણ આજે આ આફ્રિકન હૃદયને સ્વામીશ્રીએ ભક્તિથી ધબકતું રાખ્યું હતું !

અહીં હરિભક્તોને મંદિર કરવા સ્વામીશ્રીએ આજ્ઞા કરી. ત્યારે

રામુભાઈએ સ્વામીશ્રીને વિનંતી કરી કે ‘બાપા ! વચન આપો કે તમે જાતે પ્રતિષ્ઠા કરવા આવશો. અમારે વચન ટેપ કરવું છે !’

‘જો મંદિર કરો તો અમે આવીશું,’ સ્વામીશ્રીએ વચન દીધું. અને પ્રમુખસ્વામી દ્વારા એ વચન પૂર્ણ કર્યું.

ભક્તમન રંજન

બપોરે સ્વામીશ્રી જમવા બિરાજ્યા હતા. સાથે સંતો, પાર્ષદો, હરિભક્તો પણ હતા. બધા માટે સામસામા બબ્બે પાટલા ગોઠવ્યા હતા. ત્યારે નારાયણ ભગતે સ્વામીશ્રી સામું જોઈ કહ્યું : ‘બાપા ! અમેય પાટલે બેઠા.’

આ સાંભળી સ્વામીશ્રી ખૂબ હસવા લાગ્યા.

‘બાપા ! હસો છો કેમ ?’ નારાયણ ભગતે પૂછ્યું.

‘એક વાત કહેવી છે. ગામડામાં ગાંયજો જો ખાટલે બેઠો હોય ને દરબાર ત્યાંથી નીકળે તો તે દરબાર ઠરડાય. એને ગમે નહિ.’

‘તો બાપા ! અમે કાલથી પહેલાં બેસતા હતા તેમ નીચે બેસીશું.’

‘ના, ના, આ તો અક્ષરધામની સભા છે. અહીં બધા સરખા.’ એમ રમૂજ કરતાં કહ્યું. પણ કહેવા કહેવામાં પણ કેટલી દિવ્ય દૃષ્ટિ ! પોતાના સેવકો-ભક્તો પોતાની જેમ જ, પોતાની સામે બેઠા તો પોતે રાજી થાય છે ને વાતને વાળી લે છે કે સેવકોને પણ દુ:ખ ન થાય. ‘આ તો અક્ષરધામની સભા, અહીં બધા સરખા.’ કેવા વિવેકપૂર્ણ શબ્દો !

અહીં લેક વિક્ટોરિયાને કિનારે બિસ્માર્ક રૉક (Rock) છે. હરિભક્તો સ્વામીશ્રીને ત્યાં લઈ ગયા. સ્વામીશ્રીએ ખૂબ નિહાળીને જોયો. પછી ઠાકોરજીનો પ્રસાદીનો હાર હતો એમાંથી પુષ્પ લઈને કહે : ‘આ પથરા ઉપર છાંટો, એનું સારું થાય. બહુ તપ કરે છે.’ મહંત સ્વામીને પુષ્પ છાંટવાનું કહ્યું.

નર્મદાબંધને આશિષ

રમણભાઈ કે. પટેલ તળાવમાંથી જળ લાવ્યા. તે સ્વામીશ્રીએ સ્પર્શ કરી તળાવમાં પાછું નખાવ્યું. પાણી જોઈને સ્વામીશ્રી બોલ્યા : ‘કેટલું પાણી ! આટલું પાણી આપણા દેશમાં હોય તો બધા પાણી પીધાં જ કરે.’

‘બાપા ! નર્મદા ઉપર બંધ થઈ જાય, તો ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ લીલુંછમ થઈ જાય.’ મેં કહ્યું.

'એ થવાનું જ છે.' સ્વામીશ્રીએ નિર્ણયાત્મક શબ્દો ઉચ્ચાર્યા.

એક દિવસ મ્વાન્ઝાની સમગ્ર હિંદુ અને શીખ જનતાને સહકુટુંબ જમવાનું આમંત્રણ સત્સંગ મંડળ તરફથી હતું. ૪,૦૦૦ જેટલા ભાવિકોએ ઠાકોરજીનો પ્રસાદ લીધો હતો.

ગુણાતીત ઝબ્બો

તા. ૩૦મીએ વહેલી સવારે ૫-૩૦ વાગે મંગળ પ્રવચનમાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'એક શેઠના દીકરાને ગુના માટે ફાંસીની સજા થઈ. તે વખતે અંગ્રેજ સરકાર હતી. કોઈ રીતે બચે તેમ નહોતું. તેમના વકીલે એક ઉપાય બતાવ્યો : 'જો ઇંગ્લેન્ડનાં રાણી સાહેબનો ઝબ્બો મળે તો બચી જાય.'

'પછી તે વકીલ આ છોકરાને લંડન લઈ ગયો. અને રાણી સાહેબના બગીચાની પાસે બીજો એવો જ બગીચો બનાવ્યો. એક દી' રાણી સાહેબ ફરવા નીકળ્યાં. બાજુનો બગીચો જોઈ ભૂલાં પડ્યાં. આ બગીચો મારો કે કોનો ? વકીલે તક ઝડપી લીધી. તેને બગીચો જોઈતો ન હતો. તેણે બગીચો રાણી સાહેબને અર્પણ કરી દીધો. રાણીનો રાજીપો થઈ ગયો અને તે છોકરાને ઝબ્બો પહેરાવ્યો. વકીલ ને તે છોકરો ઝબ્બો લઈ ઘેર આવ્યા. કોઈને વાત ન કરી.

'ફાંસીનો દિવસ આવ્યો. તેને પાલખીમાં બેસાડી લઈ ગયા. વકીલે તેને ઝબ્બો આપી દીધો. જેલમાં ફાંસીનાં સૂરિયાં વાજાં વાગવા માંડ્યાં. છોકરો પાલખીમાંથી નીકળવાનો હતો ત્યાં વકીલે તેને રાણીનો ઝબ્બો પહેરાવી દીધો. બધા અમલદારો આશ્ચર્ય પામી ગયા. ને ટોપા કાઢી સલામ ભરવા મંડી પડ્યા. સૂરિયાં વાજાં બંધ થઈ ગયાં ને માંગલિક વાજાં વાગવાં માંડ્યાં. ફાંસી તો માફ થઈ ગઈ, પણ જો બીજા કોઈને ફાંસી થઈ હોય ને છોકરો કહે : 'જા, માફ,' તો માફ થઈ જાય એવો ઝબ્બાનો પ્રતાપ છે.

'સ્થળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ આ જીવને ફાંસી વળગી છે, તે અક્ષર ઝબ્બો પહેરે તો નીકળી જાય. ગુણાતીતરૂપ પોતાને માનવું તે ઝબ્બો પહેર્યો કહેવાય.'

મ્વાન્ઝાની વ્યુત્પત્તિ

'મોંઝા (મ્વાન્ઝા) એટલે શું ? વિભક્તિ (વ્યુત્પત્તિ) કરવી. મોંઝા એટલે

મોજમજા. તે શું ? વર્તમાન ધરાણા, સત્સંગ કર્યો, કંઠી પહેરી, ફેલ-વ્યસન મૂકવાં, તેનું નામ મોજમજા. આ લોક નાશવંત, એમાં આવ્યા છીએ, મોજમજા માણવા. ભગવાનની મૂર્તિનું સુખ લેવું. વ્યવહારનું સુખ તો દરેકને મળે છે. સમાગમ કરવો. વાત યાદ રાખવી, એ મોંઝા.'

સુપ્રિન્ટેન્ડન્ટ પ્રકૃતિ !

આજે બપોરે ૧-૩૦ વાગે બપોરની કથામાં મધ્યનું ૩૭ વચનામૃત વંચાવીને તે ઉપર વાત કરતાં સ્વામીશ્રીએ પૂછ્યું :

'આ વચનામૃતમાં કયા પ્રકારની પ્રકૃતિ ટાળવાની વાત છે ?'

બધાએ જુદા જુદા ઉત્તરો આપ્યા. પછી સ્વામીશ્રીએ કહ્યું :

'સુપ્રિન્ટેન્ડન્ટ પ્રકૃતિઓ ત્રણ છે : હઠ, માન અને ઈર્ષા. આ ત્રણ પ્રકૃતિઓ બહુ મોટીયો. તે મોક્ષમાંથી પાડે. બીજી પ્રકૃતિ મોક્ષમાંથી પાડે નહિ. પ્રકૃતિ નાની-મોટી, ખાવાની-પીવાની, ઊંઘવાની ઘણી હોય; પણ આ ત્રણ જ મોક્ષમાં નડે છે. મત્સર તો થોડો-ઘણો હોય, પણ મોક્ષમાંથી ન પાડે. શ્રીજી-મહારાજ ઉપર ત્રણે વાનાં લગાવ્યાં તો ત્રણે પડી ગયાં. હઠે ચડે તે માને નહિ. ફૈબા ક્યાં ભૂલ્યાં ? હઠમાંથી પડ્યાં. અલૈયોખાચર માને કરીને પડ્યો ને જીવોખાચર ઈર્ષાએ કરીને પડ્યો. માટે, મોટા કહે આમ તો આમ, એમ સરળ પ્રકૃતિ રાખવી. તે મોક્ષમાંથી ન પડે. ધાર્યું છોડાવે ને ખોટું લાગે તે કો'ક દી' પડી જાય. સ્વભાવ કાઢવા.

'આ મુદ્દાનું વચનામૃત છે. સમજી સમજીને આટલું સમજવાનું છે કે સ્વભાવ કાઢવા. હઠ, માન, ઈર્ષા ન રાખવાં.

'જૂનાગઢમાં ઈશાનંદ બ્રહ્મચારી હતા. એક પાળાએ તેમને કહ્યું : 'મારામાં કાંઈ ભૂલ હોય તો કહેજો.' તેને ઝોલાં ખાવાની ટેવ. તે એક દી' સભામાં ઝોલાં ખાતો હતો. માથું ભોંય અડ્યું. સભામાં સ્વામીએ કહ્યું : 'અલ્યા, ઝોલું કેમ ખાય છે ?' આને ફીસી ચડી ગઈ : 'મને સભામાં ટોક્યો ? ખાનગીમાં ટોકવો હતો.' એમ સ્વામી ઉપર ક્રોધ કર્યો. એ સ્વભાવ ન ગયો. મોક્ષનો ખપ હોય તો સ્વભાવ છોડી દે. ખપ ન હોય તો જરા જરા વારમાં ખોટું લાગી જાય.

'વચનામૃત નત વંચાવીએ છીએ, પણ ટાણે મિયાં ફસકું થઈ જાય છે. ટાણે દૂધ ફાટી જાય.'

અંબાલાલભાઈ કહે : 'બાપા ! પરીક્ષા નો લેતા.'

'પરીક્ષા તો લેવી જ પડે. પાસ થવું જ જોઈએ.' સ્વામીશ્રીએ કહ્યું.

કથાવાર્તાના પ્રસંગમાં સ્વામીશ્રી ક્યારેક કઠોર પણ બનતા. જેમ છે એમ વાત સમજાવતા. સિદ્ધાંતની કે નિયમ-ધર્મની વાત કડકપણે કરતા. કોઈની મહોબત રાખતા નહિ, ત્યારે એમની સાધુતા વિશેષ ફોરતી. ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો દોહરાવી પોતે ઘણી વાર કહેતા કે 'અહીં કાંઈ પોપાબાઈનું રાજ નથી.' આમ, કુસુમથી પણ કોમળ જણાતા સ્વામીશ્રીની, ભક્તોનાં હિત માટેની આવી કઠોરતા, વિશેષ મ્હોરી ઊઠતી. એમાંથી પણ વહાલ વેરાતું.

આબેહૂબ દૃષ્ટાંત વર્ણવી, વાતને તાદૃશ કરી, સમજાવવાની પણ સ્વામીશ્રીની એક કળા હતી. ઘણી વાર તો આજુબાજુના સંજોગોને જ ઉપદેશના રૂપમાં વણી લઈ, વાતની ચોટ લગાડવાનું પણ સ્વામીશ્રી ચૂકતા નહિ.

તા. ૩૧મીએ બપોરે લગભગ ૧૨-૦૦ વાગે વચનામૃતની કથા દરમ્યાન સ્વામીશ્રીએ કહ્યું :

'આ પથરા કેટલાંય વર્ષોથી તપ કરે છે. મોટા ઋષિમુનિઓ જેવા છે. ભગવાન ને સંતોનો ભેટો થઈ જાય તો કલ્યાણ થઈ જાય. જડનું કલ્યાણ થઈ જાય તો આપણું કેમ ન થાય ? આપણે તો ચૈતન્ય છીએ.'

આમ, મ્વાન્ઝાની ચારે બાજુ પથરાયેલા દેખાતા પથ્થરોનો ઉલ્લેખ કરી સ્વામીશ્રીએ કલ્યાણનો રંગ વાત વાતમાં લગાડી દીધો.

એ જ દિવસે રાત્રે ૯-૦૦ થી ૧૦-૩૦ વાગ્યા સુધી અમૃત મહોત્સવની ફિલ્મ, સનાતન ધર્મ મંદિરમાં બતાવી હતી.

બીજે દિવસે બપોરની કથામાં વચનામૃત ગ.પ્ર. ૨૨ વંચાવીને વાત કરી :

'ગાવાવાળા દુનિયામાં ઘણા છે. કંપાલામાં બે ગવૈયા આવ્યા હતા. હરિને ઓળખ્યા વિના મંડાણા તે ગાયું તે ન ગાયા જેવું છે.

'સ્મૃતિએ સહિત ભજન કરવું. શાસ્ત્રીજી મહારાજ જોયા છે કે નહિ ? તેમાં અક્ષર અને પુરુષોત્તમ આવી ગયા. એવા સંત હોય તેમાં ભગવાન અખંડ રહ્યા હોય. આ તો બધા સમજે છે. અત્યારે અંધારખંડ (આફ્રિકા) નથી, ઊજળોખંડ થઈ ગયો.'

માણકીના અસવારની છત્રછાયામાં

સાંજે સ્વામીશ્રીને સંતો માલિશ કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ હંમેશ મુજબ વાત શરૂ કરી : 'સ્વપ્નું આવ્યું હતું. શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં.

કોઈ ગામ હતું. ખબર નથી. પછી (શાસ્ત્રીજી મહારાજ) કહે : 'મંદિરે જવું છે.' પણ કોઈ વાહન નહોતું. પછી ઘોડી આવી, તે શાસ્ત્રીજી મહારાજ ઘોડી ઉપર બેઠા, ને હું પાછળ પાછળ જતો હતો.' કેવું અલૌકિક દર્શન !

મનમોહનનું મન મોહમાં

લંડન જવાનો કાર્યક્રમ નક્કી થઈ ગયો હતો. બધી પ્રકારની અગવડ-સગવડની વાતચીત ખૂબ ચર્ચાઈ ગઈ હતી. પણ અહીં સ્વામીશ્રીએ ફરી એ વાત કાઢી : 'પણ ઋતુ સારી ન હોય તો ?'

'બાપા ! એ બધું તો આપના હાથમાં છે.'

આમ, સ્વામીશ્રી અવાર-નવાર આવો કાંઈક પ્રશ્ન છેડી, હા-ના કર્યા કરે, કાંઈક શંકા કર્યા કરે, અને કાર્યક્રમ નક્કી થઈ શકે નહિ.

આજે પ્રમુખસ્વામીએ કહ્યું : 'મનમાં નક્કી કર્યું હોય તો જવું જ જોઈએ.'

'આપણું મન તો ફરતું રહે છે. અમન થવું જોઈએ.' સ્વામીશ્રી ધીરેથી બીતાં બીતાં બોલ્યા.

અંતરાય ટળે તો ગુણ આવે

તા. ૧-૪-'૭૦, બપોરે રામુભાઈને બંગલે, સભામંડપમાં સ્વામીશ્રી ઠાકોરજી જમાડી બિરાજ્યા હતા. સૌ સંતો-હરિભક્તો સામે ગોઠવાઈ ગયા હતા. કારણ, બપોરની કથામાં ગમ્મત સાથે જ્ઞાનની ગંભીર વાતો સ્વામીશ્રી ક્યારેક કરતા. આજે મધ્યનું ૭મું વચનામૃત વંચાવતાં કહે :

'સાધુતાના ગુણ શું ? ખમવું. 'તમે બહુ સારા છો.' તે ખમવું એમ ને ? ના. 'તમે અક્કલના બારદાન છો,' એમ કોઈ કહે તે ખમવું. તે સાધુતાના ગુણ.

'ખાવું નથી ને ભૂખ ભાંગવી છે. વૈરાગ્ય નથી ને વિકાર ટાળવા છે. મહારાજ ત્રીજો રસ્તો બતાવે છે. કોઈક મોટાપુરુષ હોય તેની અતિશય સેવા કરે, તો પરમેશ્વરની તેના ઉપર કૃપા થાય ને વિકાર ટળે. મુક્તાનંદ સ્વામી આખા સત્સંગમાં મોટા. એથી મોટા કોણ સમજવા ? ગુણાતીત સત્પુરુષની આજ્ઞા પાળે, તેમાં તર્ક-વિતર્ક કરે તે સેવા થઈ ન કહેવાય.

'જેણે જીવ બાંધ્યો હોય તેના જ સત્પુરુષ ધણી થાય છે. મફતિયાના ન થાય. સ્વામી ભેગા ૩૦૦ સાધુ રહેતા. તેમાં જાગા સ્વામી ને ભગતજી બે જ લખાણા. અનુવૃત્તિ પાળી તેથી. સ્વામીના બે શિષ્ય : ગોવિંદચરણ ને રામચરણ.

સદ્દગુરુ સારા હતા. દસ હજાર માણસની રસોઈ કરે તે વધે-ઘટે નહિ. તેવી ખૂબીવાળા હતા. પણ 'સ્વામી મોટા ને તેમનાં ગપ્પાંયે મોટાં' એમ સમજતા. તેમના વિકાર ટળે નહિ. મોટાપુરુષમાં મનુષ્યભાવ આવે ત્યાં લગી વિકાર ટળે નહિ. દિવ્યભાવ રહે તો વિકાર ટળે.

'શિષ્ય ચાર પ્રકારના છે : 'એક - સત્પુરુષની મરજી જાણીને સેવા કરે, બીજો - બતાવે તેટલું કરે, ત્રીજો - કહે તેમાં શંકા કરે, ચોથો - નાસી જાય.

'પહેલા નંબરના ચોવીસ આના, બીજાના સોળ આના, ત્રીજાના આઠ આના ને ચોથો ઠીક છે, પડ્યો છે. આપણે કયા નંબરમાં આવીએ છીએ તે તપાસવું.

'એક ગાંડી બાઈ હતી. પાણી ભરવા ગઈ. બેડું ફોડ્યું. તેના ધણીએ ધમકાવી ત્યારે તેણે કહ્યું : 'આ તારો સાડલો ને ચૂડલો. હું બીજે જઈશ.' આવાય સત્સંગમાં હોય, તેને થાબડભાણી કરી રાખવા પડે. પણ ફર્સ્ટ નંબરમાં તે ન આવે.

'અતિશય સેવા શું ? મોટાપુરુષને નિર્દોષ જાણવા તે. ગુણાતીત સ્વામી કહેતા : 'હું અત્યારે વૈરાગ્ય રાખું છું, તે બધાને દિવ્યભાવ રહે છે. પણ લાડવા ખાવા માંડું તો બધા સાધુને શંકા થઈ જાય. એક અક્ષરદાસ પુરાણીને શંકા ન થાય. હું ચાર લાડવા ખાઉં તોય તેને એમ થાય કે સ્વામી જે કરે છે તે ઠીક જ કરે છે.'

'આપણું ધાર્યું સત્પુરુષ છોડાવે તેમાં તેઓ નિર્દોષ ન સમજાય. આપણા ધાર્યા ભેગા ભળી જાય તો નિર્દોષ સમજાય. આવું છે.

'દેહને અને જીવને અંતરાય નથી. તેમ સત્પુરુષ સાથે અંતરાય ન રહે તો ગુણ આવે.

'આ બધા મોંઝાના પથરા ઋષિ હતા. તપ કરી કરીને પથરા થઈ ગયા. તેનું કાંઈ થયું નહિ. તેના ઉપર ભગવાન ને સંત બેઠા હોય, સ્નાન કર્યું હોય તો તેનું કલ્યાણ થાય.'

રોજ સાંજે હિંદુ મંદિરમાં પણ સ્વામીશ્રી પ્રસંગોચિત મનુષ્ય દેહની દુર્લભતા, સત્સંગનો મહિમા અને વ્યસનો છોડવાની વાતો મુખ્યપણે કરતા. વર્ષોથી આ દેશમાં વસેલા, અહીંની રીતિને અનુરૂપ ખાતાં-પીતાં થઈ ગયેલા આપણા હિંદીભાઈઓને જોઈને સ્વામીશ્રીને અંતરમાં બળતરા થતી. એટલે ગમે તે સમયે, ગમે તે વ્યસની માણસ, સ્વામીશ્રી પાસે આવે, એને વ્યસનો છોડાવવાની વાત સ્વામીશ્રી અચૂક કરે. એમનો મીઠો ઠપકો સામેના અંતરમાં

વેધક પુરવાર થતો. અંતરમાંથી ઉદ્‌ભવેલા નિઃસ્વાર્થભાવના સ્વામીશ્રીના શબ્દો, સામેના અંતરને ચોટ કેમ ન લગાડે ? આમ, લોકોનાં અંતર દ્રવિત થતાં, વ્યસનો છૂટી જતાં.

દુનિયાના અતિ વિશાળ મીઠા સરોવરને કાંઠે, વન-પર્વતોની વચ્ચે આવેલા મ્વાન્ઝા ગામનું વાતાવરણ, સ્વામીશ્રી જેવા ગુણાતીત સંતની પધરામણીથી કોઈ પ્રાચીન આશ્રમ સમું દિવ્ય જણાતું હતું. સાચા સંતમાં નખશિખ રહેલા ભગવાનનાં દર્શન અને સમાગમથી, લોકોના સંશયો દૂર થતા હતા, વ્યસનો છૂટતાં હતાં, શ્રદ્ધા વધતી હતી, અને સદાચારની સુવાસ ચોતરફ પ્રસરતી હતી. જ્ઞાનયજ્ઞ ચાલુ હતો. સૌ સેવા-ભક્તિની આહુતિ અર્પતા હતા.

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય દિન-પ્રતિદિન સારું થતું હતું. અહીં સ્વામીશ્રીનું વજન કર્યું તો ૧૩૪ પાઉન્ડ થયું હતું. દેશથી આવ્યા પછી ૮ થી ૯ રતલનો વધારો વજનમાં થયો હતો.

રામુભાઈ, વૃંદાવનભાઈ, મોહનભાઈ, ડૉ. આર.બી. શાહ, ત્રિભોવનદાસ ભાણજી, રમણભાઈ, ગિરધરલાલ વાલજી, વિઠ્ઠલભાઈ, ચંદુભાઈ, કાંતિભાઈ, જયંતીભાઈ, સતીશભાઈ, સૂર્યકાંતભાઈ, વજુભાઈ, ચુનીભાઈ વગેરે વડીલ હરિભક્તો તેમજ યુવક મંડળ અને મહિલા મંડળ આ જ્ઞાનયજ્ઞમાં તન, મન અને ધનથી સારી સેવા બજાવતા હતા. દેશથી સ્વામીશ્રી સાથે આવેલા બળવતરાય બ્રહ્મભટ્ટ સભાઓનુ સચાલન કરતા.

પ્રમુખસ્વામી અને ૯ સંતો તથા હરિભક્તો તા. ૩જીના રોજ મ્વાન્ઝાથી ૧૫૦ માઈલ દૂર મુસોમા પધાર્યા હતા. રાત્રે ૧-૦૦ વાગ્યા સુધી સત્સંગ સભા થઈ. બીજે દિવસે ગામમાં હરિભક્તોને ઘેર પધરામણીઓ કરી. સાંજે ૩-૦૦ થી ૫-૦૦ હિંદુ મંદિરમાં જાહેર સત્સંગ સભામાં લગભગ ૫૦૦ જેટલા ભાવિકોએ લાભ લીધો. જશવંતલાલ રાવ, સૂર્યકાંત રાવ, કનુભાઈ શાહ, પોપટલાલ, ચંદુભાઈ, જમનાદાસ વગેરે કાર્યકર્તાઓએ સારી વ્યવસ્થા કરી હતી. રાત્રે સૌ મ્વાન્ઝા આવી પહોંચ્યા હતા.

બીજે દિવસે સવારે પૂજા કરતાં કરતાં સ્વામીશ્રી, સામે પધરાવેલા હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરતા હતા, પણ મૂર્તિ બરાબર દેખાતી નહોતી.

'હવે આંખે ઝાંખપ આવી છે. બરાબર દેખાતું નથી, માટે હવે બહુ લખવાનું બંધ કરવું પડશે.' સ્વામીશ્રીએ કહ્યું.

તા. ૪થીએ સ્વયંપ્રકાશ સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી તથા અમે સંતોએ

લેક સેકંડરી સ્કૂલમાં સત્સંગ સભા કરી હતી. અંગ્રેજી તથા સ્વાહિલીમાં વાતો કરી, સત્સંગનો મહિમા સમજાવ્યો.

મુંબઈમાં ઘાટકોપરમાં આવેલા સંન્યાસ આશ્રમના મહંત અખિલાનંદજી, સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. મંદિરમાં યોજાતી, સાંજની જાહેર સભામાં સ્વામીશ્રીનાં દર્શનથી પ્રભાવિત થતાં તેમણે કહ્યું કે 'બે પ્રકારના સંતો હોય છે. એક સાધનદશાવાળા અને બીજા સિદ્ધદશાવાળા. યોગીજી મહારાજ સિદ્ધદશાવાળા સંત છે.' તેઓ રોજ સાંજની સભામાં રામાયણ ઉપર વ્યાખ્યાન આપતા.

સિદ્ધદશાની સિદ્ધિ !

સનાતન મંદિરમાં સ્વામીશ્રી સભામાં આવી રહ્યા હતા ત્યારે મંદિરના દરવાજામાં લાલ મંકોડા બહુ હતા. થોડા સ્વામીશ્રીનાં કપડાંમાં ચડી ગયા. અંદર કરડ્યા પણ ખરા. સ્વામીશ્રીનાં કપડાં ઝાટકીને અમે તે કાઢ્યા. તે સમયે સ્વામીશ્રી સીધા સભામાં પધાર્યા. આજે સ્વામી અખિલાનંદજી પાસે સ્વામીશ્રીએ પ્રવચન કરાવ્યું.

લગભગ એક કલાકથી પણ વધુ સમય પછી સ્વામીશ્રી હૉલ બહાર બાથરૂમમાં જવા પધાર્યા. ત્યાં કહે : 'કંઈ કરડે છે, જુઓ.' ધોતિયામાં જોયું તો થોડા મંકોડા આમતેમ ભરાઈ ગયેલા ! એક એક ચટકે સોયા ભોંકાય એવા લાલ મંકોડાના કરડ સ્વામીશ્રી આખી સભા દરમ્યાન સહી રહ્યા, પણ કશું બોલ્યા નહિ ! બીજો ગમે તે હોય પણ કૂદકા જ મારે. ત્યારે સમજાયું કે સ્થૂળ દેહના ભાવો આ પુરુષને વશ છે !

વળતી સાંજે મંદિરમાં જતાં સ્વામીશ્રી કહે : 'કાલે મંકોડા કરડી ગયા, એનો મોક્ષ થઈ ગયો.'

'બાપા ! એ મોક્ષ ખોટો ને ?' મેં કહ્યું.

'બરાબર કરડ્યા. આવા કોઈ વાર કરડ્યા નહિ. એનો મોક્ષ થઈ ગયો ! હવે એનો બીજો જન્મ મનુષ્યનો આવશે અને સત્સંગનો યોગ થશે.'

કેવી દયા ! કરડ્યા તોપણ મોક્ષ !

નિષ્કપટતામાં પ્રસન્નતા

સ્વામીશ્રી જ્યાં પધારે ત્યાં એમની સુવાસ પ્રસરી રહે. મ્વાન્ઝા ગામમાં સારો સત્સંગ થયો. ઘણા ભાઈઓએ વ્યસનો છોડ્યાં. અમે જેમને ઘરે ઊતર્યા

હતા, એ રામુભાઈના દીકરા સતીશભાઈને કોઈ વ્યસન નહોતું.

'ફિલ્મ જોવા ક્યારેક ઘરનાં માણસ સાથે જવું પડે છે.' સતીશભાઈએ નિષ્કપટભાવે કહ્યું.

'નો. જાવું, લો પાણી.' સ્વામીશ્રીએ જળ મુકાવ્યું.

બીજે દિવસે સતીશભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા ને કહે : 'બાપા ! એવું કરું તો ? ફિલ્મ જોઈને પછી બીજે દિવસે (પ્રાયશ્ચિત્તરૂપે) ઉપવાસ કરી નાખું.'

વ્યાવહારિક મુશ્કેલીનો રસ્તો કાઢતાં તેમણે નમ્રભાવે સ્વામીશ્રી આગળ સૂચન મૂક્યું. એમની નિખાલસતા અને સરળતાથી સ્વામીશ્રી રાજી થયા.

ચિત્ત ચોરત મનહર તવ મૂરત

તા. ૬ઠ્ઠીએ સવારે પૂજામાં નેઝી હિલના અંગ્રેજ પાદરી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી પોતે ખૂબ જ પ્રભાવિત થયા અને સ્વામીશ્રી પાસે યાચના કરે : 'આપના જેવું શુદ્ધ હૃદય મારું કરજો.'

'આય એમ બ્લેસિંગ યુ...' એમ કહી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. યુવકોએ તથા સંતોએ સ્વામીશ્રીને આ અંગ્રેજી વાક્ય શીખવાડેલું. સ્વામીશ્રી અહીં એનો છૂટથી ઉપયોગ કરતા. બાળક કરતાં અતિ નિર્દોષ સ્વામીશ્રી આવા પ્રસંગે દુનિયાદારીથી પર જણાતા.

તેમના ગયા પછી સ્વામીશ્રી બોલ્યા : 'આ યુરોપિયન સાહેબ દર્શને આવ્યા. તેને સંસ્કાર લાગશે.'

સંતો સાથે વાતચીતમાં પણ આ અંગ્રેજ પાદરીએ પોતાનો આ જ અનુભવ જણાવ્યો કે 'સ્વામીજીની ભાષા હું સમજી શકતો નથી; પણ એમનું હૃદય અત્યંત શુદ્ધ છે. એમના જેવું મારું હૃદય થાય, એવી તમે પ્રાર્થના કરજો.'

સાંજે કથા પ્રસંગમાં *'અનુપ સંતને આપું ઉપમા...'* એ સદ્. નિષ્કુળાનંદ સ્વામી રચિત કીર્તન ગવાતું હતું. જેમાં પંક્તિ આવી :

'જેવા એ સંત કહીએ શિરોમણિ, એવા હરિ સૌ શિરમોડ;
નિષ્કુળાનંદ નિહાળતા, ન જડે એ બેની જોડ...'

એ સમજાવતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'ન જડે બધાની જોડ' એમ નથી લખ્યું, પણ *'ન જડે એ બેની જોડ'* એમ લખ્યું છે. મહારાજ અને સ્વામી એ બેની જ વાત છે. સંપ્રદાયવાળા આ સમજતા નથી.'

અહીં એક આફ્રિકન મુમુક્ષુને તેની ડાયરીમાં સ્વામીશ્રીએ આશીર્વાદ લખી દીધા : 'આયં બેસી ગ્યું.' (I am blessing you).

પાવન સ્પર્શ અંતર ઢંઢોળે છે

અહીંના મણિભાઈ લલ્લુભાઈ પટેલને ટ્રાન્સપોર્ટનો ધંધો હતો. ધંધામાં ઘણી ખોટ આવી. તેમના મિત્ર મણિભાઈ કેલટેક્ષવાળાએ તેમને કહ્યું : 'યોગીજી મહારાજના આશીર્વાદ મેળવો તો તમારો ધંધો સારો ચાલશે. અને સુખી થશો.'

તેમને સત્સંગ નહિ. વળી, દારૂનું હંમેશાં સેવન કરતા. માંસ પણ ક્યારેક ક્યારેક લેતા. તેથી તેમના મનમાં થયું કે સ્વામીશ્રી પાસે કેવી રીતે જવું ? ચારેક દિવસ તેમણે દ્વિધા અને મૂંઝવણમાં પસાર કર્યા. અંતે સ્વામીશ્રી પાસે જવા દૃઢ નિર્ધાર કર્યો.

સવારે ૧૦-૦૦ વાગે દર્શને જતાં થયું કે છેલ્લે છેલ્લે દારૂ પીને જ જવું ! પરંતુ અંદરથી અવાજ આવ્યો કે સંતપુરુષની પાસે જવું છે, માટે દારૂ ન પીવો. તેઓ તરત જ મન મક્કમ કરીને નીકળી ગયા. મણિભાઈ તથા સી.ટી. પટેલને મળ્યા. સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. અપાર શાંતિનો અનુભવ થયો.

સી.ટી. પટેલ કહે : 'વર્તમાન ધરાવો.' તેમણે તરત જ હા કહી.

સ્વામીશ્રીએ પાણી મગાવી પોતાના હાથમાં તેમનો હાથ લીધો. અને પાણી આપતાં પૂછ્યું : 'દારૂ પીવો છો ?'

તેમનાથી બોલાઈ ગયું : 'ના !' પણ એક ધ્રુજારી શરીરમાં પ્રસરી ગઈ. તેમને થયું કે 'આ શું થઈ ગયું ! હું જૂઠું બોલ્યો !'

સ્વામીશ્રી તેમની આંખો પરથી જ કળી ગયા કે તેઓ જૂઠું બોલે છે. પરંતુ જાણે કંઈ જ ન હોય તેમ બહુ સરળતાથી વર્તમાન ધરાવીને પ્રસન્નતાપૂર્વક પીઠમાં ધબ્બો માર્યો અને કહ્યું : 'ફરી દર્શને આવજો.'

'ભલે સ્વામીજી.'

તેઓ બહાર આવ્યા અને સૌની રજા લઈ ઘરે જવા નીકળ્યા, પણ અંતરમાં બળતરા થવા લાગી કે આવા મહાન પુરુષ આગળ હૂં જૂઠું કેમ બોલ્યો ? તેમને ક્યાંય ચેન પડે નહિ. જમવાનું પણ ભાવ્યું નહિ. બહુ પશ્ચાત્તાપ થવા લાગ્યો. અને ગ્લાનિ પામી ગયા. સ્વામીશ્રીનાં દર્શન માટે આપોઆપ અભાનપણે ખેંચાવા લાગ્યા. તેમણે સી.ટી. પટેલ, મણિભાઈ તથા હર્ષદભાઈ દવેને વાત કરી કે 'સ્વામીશ્રી પાસે હું જૂઠું બોલ્યો છું, પણ હું દારૂ તો પીઉં છું.'

સી.ટી. પટેલે અત્યંત સરળતાથી કહ્યું : 'કશો વાંધો નહિ. તમે સ્વામીશ્રી પાસે ફરી મળો ત્યારે નિષ્કપટપણે બધી વાત કરી દેશો.'

તેઓ સ્વામીશ્રી પાસે મણિભાઈને લઈ ગયા. સ્વામીશ્રી તેમને જોઈને બહુ પ્રસન્ન થયા. મણિભાઈએ તો સ્વામીશ્રીનાં ચરણોમાં મસ્તક મૂકી દીધું. અને નિષ્કપટપણે દારૂ પીવાની વાત કરતાં, તેમણે પ્રથમ જૂઠું કહ્યું હતું, તેની ક્ષમા માગી. ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'આપણે જાગ્યા ત્યારથી સવાર. માટે મનમાં શોક ન પામશો. અમે તમારા ઉપર બહુ રાજી જ છીએ. તેમણે ફરી હાથમાં પાણી આપતાં સંકલ્પ કરાવ્યો કે હવે દારૂ ન પીવો. જાવ, દારૂ પીવાનો સંકલ્પ પણ નહિ થાય.' એમ ખૂબ જ બળના શબ્દો કહી આશીર્વાદ આપ્યા.

ત્યારપછી મણિભાઈએ કદી દારૂનો સ્પર્શ સુધ્ધાં પણ કર્યો નહીં ! તેમાં મુખ્યત્વે સ્વામીશ્રીના આશીર્વાદનું બીજ રહ્યું હતું.

અહીંથી આગળનો કાર્યક્રમ હવે દારેસલામ જવાનો હતો. આજે સવારે હરિભક્તો બસ દ્વારા દારેસલામ જવા નીકળ્યા. રસ્તામાં શિન્યાન્ગા ગામે સ્થાનિક હરિભક્તોએ મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા કરી હતી. તા. ૭મીએ સવારે હરિભક્તો સુખરૂપે દારેસલામ પહોંચી ગયા હતા.

પરઉપકારી પૂરા રે

મ્વાન્ઝામાં છેલ્લે દિવસે સનાતન ધર્મ મંદિરમાં, સાંજની સભાનો કાર્યક્રમ સંતોની વિદાય નિમિત્તમાં ફેરવાઈ ગયો. મ્વાન્ઝાની જનતાને છેલ્લાં આશી-ર્વચનો આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'આ અખિલાનંદજી મહારાજ રોકાય છે તો બધા રામાયણ સાંભળજો. ગઢડામાં કેશવજીવનદાસ નામે સાધુ હતા. તે બધે રામાયણ વાંચતા. બધા તેમને રામાયણિયા સાધુ કહેતા. અમે ગામોગામ ફર્યા પણ આવી સભા ક્યાંય નહિ. બધાં વ્યસનોનો ત્યાગ કરજો. એક સંપ રાખજો. રામનવમી આવે છે તે નકોરડો ઉપવાસ કરજો.

'આવો ને આવો ભાવ સંત ઉપર રાખજો. કથાવાર્તા કરજો. તો અમે તમારી પાસે જ બેઠા છીએ. સંત-હરિભક્તોથી મહારાજ છેટા જતા નથી.'

સંન્યાસી મહારાજ અખિલાનંદજી પાસે રામાયણ સાંભળવાની સ્વામીશ્રીએ સૌને ભલામણ કરી, અને રામનવમીનો નકોરડો ઉપવાસ કરવા આદેશ આપ્યો.

પરોક્ષપણે સૌ ભગવાનનું ભજન કરે, પણ વ્રત-ઉપવાસ કરી, દેહદમન અને વિચારશુદ્ધિ બન્ને રાખવાનો આગ્રહ સાચા સંત વગર કોણ કરે ?

તા. ૮મીએ સવારે નિત્યકર્મથી પરવારી દારેસલામ જવા સ્વામીશ્રી મ્વાન્ઝા ઍરપોર્ટ ઉપર આવી પહોંચ્યા. ઍરપોર્ટ ઉપર લગભગ હજાર જેટલા મ્વાન્ઝાવાસી સ્વામીશ્રીનાં દર્શન માટે એકત્ર થયેલા. ૧૨-૩૦ વાગે દારેસલામ આવી પહોંચ્યા.

'પૃથ્વી ઉપરના સ્વર્ગ'માં પદારોપણ

ટાન્ઝાનિયાનું પાટનગર દારેસલામ પૂર્વ આફ્રિકાનું બંદર પણ છે. દરિયા કિનારો અને શહેરની બાંધણી મુંબઈ બંદરની યાદ આપે. ટાન્ઝાનિયાની મોટા ભાગની હિંદી વસ્તી આ શહેરમાં છે. મોટાં મકાનો, બજારો, વેપાર-ઉદ્યોગ વગેરે ગુજરાતીઓને આભારી છે. આ ઉપરાંત, અનેક એશિયન સંસ્થાઓ, ગુજરાતી સંસ્થાઓ, મંદિરો વગેરે ભારતીય સંસ્કૃતિની પ્રવૃત્તિઓથી ઓતપ્રોત આ શહેર છે. આમ તો આફ્રિકામાં શહેરમાં કે ગામડામાં, જ્યાં એક પણ ગુજરાતી વસતો હોય, ત્યાં ગુજરાતનું આગવું દર્શન થયા વગર રહેતું નથી.

મોટાં મોટાં નારિયેળી વૃક્ષોથી છવાયેલો દરિયા કિનારો દારેસલામની શોભાની ખાસ નિશાની છે. દારેસલામનો અર્થ થાય છે – પૃથ્વી ઉપરનું સ્વર્ગ !

અહીં ઍરપોર્ટ ઉપર સેંકડો ભાવિકો સ્વામીશ્રીનું સ્વાગત કરવા આવી ગયા હતા. થોડી વાર પહેલાં જ વરસાદ પડ્યો હતો. વાતાવરણમાં ઠંડક અને તાજગી હતાં. સૌ સ્વામીશ્રીનાં દર્શન માટે ઉત્સુક હતા. સ્વામિનારાયણ મંદિરના તથા અક્ષરપુરુષોત્તમ સત્સંગ મંડળના પ્રમુખ નારણભાઈ તથા ઈશ્વરભાઈ, હિંદુ મંદિરના પ્રમુખ વગેરે મહાનુભાવોએ હારતોરાથી સ્વામીશ્રી અને સંતોનું સ્વાગત કર્યું. સુંદર શણગારેલી મોટરમાં સ્વામીશ્રીને પધરાવ્યા. લગભગ ૨૦૦ જેટલી મોટરમાં, હંમેશની જેમ શોભાયાત્રાના રૂપમાં, શહેરના મુખ્ય માર્ગો ઉપર થઈને દરિયા કિનારે આવેલા આઈ.કે. પટેલના વિશાળ આવાસમાં સૌ આવી પહોંચ્યા.

દરિયાને જોઈ મોટરમાં બિરાજેલા સ્વામીશ્રી બોલ્યા : 'દરિયાની હવા ખાઈએ, પણ બારી ન ખોલતા.'

હવાના નામમાત્રથી દૂર રહેતા સ્વામીશ્રી મોટરમાં પણ બધા જ કાચ બંધ રખાવતા. ડ્રાઈવરને પણ પોતાની બાજુનો કાચ બંધ રાખવો પડતો. એટલે દરિયાની કે બહારની ખુલ્લી હવા ખાવાની-લેવાની એમને માટે હતી જ નહિ.

છતાં સૌના સૂરમાં પોતનો સૂર પુરાવવા ખાતર 'હવા ખાવા'નું સૂચવતા, પણ બારી બંધ રખાવીને ! 'બફા સો નફા' એ એમનું વહાલું સૂત્ર હતું. અને ચોવીસે કલાક બફામા જ રહેવાનું પસંદ કરતા. બીજાને પણ એ નફો મેળવી લેવા સમજાવતા.

સુંદર ગણવેશમાં સજ્જ બનેલા દારેસલામના યુવકોએ બૅન્ડ-વાદનથી સ્વામીશ્રીનું નિવાસ સ્થાનમાં સ્વાગત કર્યું.

આજે બપોરે ઠાકોરજી જમાડવામાં જ ૨-૩૦ વાગી ગયા હતા. સ્વામીશ્રી કહે : 'વચનામૃત નાનું વાંચી લ્યો.'

'અમે વાંચી લઈશું.' સ્વામીશ્રી આરામમાં જલદી જઈ શકે એ આશયથી ઘનશ્યામ સ્વામીએ કહ્યું.

'તમે ખાશો ને મારે હાલશે ? ન હાલે ! મારે વાંચવું પડે.' એમ કહેતાં સ્વામીશ્રીએ સૌને મૌન કરી દીધા. પછી ઘનશ્યામ સ્વામી ગઢડા પ્રથમ પ્રકરણનું પાંચમું વચનામૃત મોઢે બોલ્યા, પણ સ્વામીશ્રીએ વચનામૃત વાંચી લેવાનો આગ્રહ ચાલુ રાખ્યો અને ઉપર સભા હૉલમાં પધારીને વચનામૃત વંચાવ્યું.

નિનાદપ્રિય નિર્દોષમૂર્તિ

સાંજે ૫-૩૦ વાગે સ્વામિનારાયણ મંદિરે (કચ્છ-ભુજ સંચાલિત) દર્શન કરવા પધાર્યા. બૅન્ડ-વાદનથી સ્વાગત કરી, મંદિરના પ્રમુખ નારણભાઈ તથા ઉપપ્રમુખ મોહનભાઈએ સૌને ફૂલહાર કર્યા. સ્વામીશ્રીના હરેક સ્વાગત અને વિદાય પ્રસંગે બૅન્ડ-વાદનની સેવા બજાવવાનું યુવકો ચૂકતા નહિ. સ્વામીશ્રીના આદેશથી ગામોગામ યુવકોએ બૅન્ડની તૈયારી કરી હતી. ઉત્સવ નિમિત્તે ઠાકોરજી આગળ બૅન્ડ વગાડી, બ્યૂગલ અને ડ્રમના ધ્વનિ અને તાલ ઉદ્દ્ઘોષ કરવો - વગેરે સ્વામીશ્રીને બહુ પસંદ. વાતાવરણને ભેદતાં બ્યૂગલના તીક્ષ્ણ સૂરો, ગમે એવા નમાલામાં પણ શૂરતાનો સંચાર કરે જ. કદાચ એ જ હેતુથી, સદાય બળભરી વાતો કરતા, સદાય આત્મબળ પ્રેરતા, સદાય ઇન્દ્રિયો-અંતઃકરણને થરથર ધ્રુજાવવાનું શીખવતા સ્વામીશ્રી, બૅન્ડ-વાદનને બહુ પસંદ કરતા હશે.

અહીંના યુવકોએ, પાઇપ બૅન્ડનાં ઉત્તમ સાધનો ખાસ ફ્રાન્સથી પ્લેનમાં મગાવ્યાં હતાં. અને સુંદર બૅન્ડ વગાડતા હતા. તેમનાં બૅન્ડનાં સાધનો સ્વામીશ્રીએ ધારી ધારીને જોયાં હતાં. સૌ યુવકોને ખૂબ આશીર્વાદ આપ્યા હતા.

સભામાં પ્રાસંગિક પ્રવચન કરી, સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. મંદિરના

હૉલમાં ઠાકોરજી સમક્ષ સભા થઈ હતી. અંતે સ્વામીશ્રીએ આરતી ઉતારી. ૧૯૬૦માં સ્વામીશ્રી આ મંદિરમાં લગભગ ૧૫ થી ૨૦ દિવસ રહ્યા હતા. તે બધે સ્થળે મંદિરમાં ફર્યા અને મંદિરના જૂના મોવડીઓ રવિશંકર દાદા વગેરેને સંભાર્યા.

અહીંથી લોહાણા મહાજન વાડીના હૉલમાં આવી પહોંચ્યા. સવાર-સાંજ સત્સંગનો કાર્યક્રમ અહીં જ રાખવામાં આવ્યો હતો. યુવકોએ જાતે મહેનત લઈ, હૉલ સુંદર શણગાર્યો હતો. એમાં પણ સ્વામીશ્રી અને સંતોને બેસવાનું સ્ટેજ, સ્વામીશ્રીનું આસન વગેરે કલાપૂર્ણ રીતે સજાવ્યાં હતાં. અક્ષરપુરુષોત્તમની મોટી કટ-આઉટ મૂર્તિઓ પણ મંચ ઉપર ઉત્તમ રીતે વિભૂષિત કરી ગોઠવી હતી.

ધૂન-પ્રાર્થના બાદ સ્થાનિક સત્સંગ મંડળના અગ્રણીઓ તથા શહેરના અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થોએ પુષ્પહાર અર્પણ કરી, સ્વામીશ્રી અને સંતોનું સ્વાગત કર્યું.

અહીં રોજ સવારની પૂજા સ્વામીશ્રી ઈશ્વરભાઈના બંગલે જ કરતા. બંગલાના પ્રવેશદ્વારની ઓસરીમાં સ્વામીશ્રી દરિયા સન્મુખ બેસી પૂજા કરતા. સામે કમ્પાઉન્ડમાં - બગીચામાં સૌ હરિભક્તો-દર્શનાર્થીઓ બેસતા.

સવારે લુહાણા વાડીમાં 'નાદબ્રહ્મ' ગ્રંથનું પારાયણ થતું. સાંજે ૫-૦૦ થી ૭-૦૦ વાગ્યા દરમ્યાન જાહેર સત્સંગ સભા યોજાતી. સ્વામીશ્રી પધારતા. સવાર-સાંજ સ્વામીશ્રી સમક્ષ યુવકો વિવિધ કાર્યક્રમો રજૂ કરતા. સ્વાહિલી ભાષામાં કીર્તનગાન તથા સ્વામીની વાતોનો પાઠ, ફ્રેન્ચ ભાષામાં કીર્તનગાન, યોગાસનો, સાઈકલ પિરામિડો વગેરે કૌશલ્ય દ્વારા યુવકોએ સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો સારો પ્રયત્ન કર્યો હતો. રાત્રે ૯-૦૦ થી ૧૦-૩૦, લક્ષ્મીનારાયણ મંદિરના વિશાળ ચોગાનમાં, જાહેર સત્સંગ સભા થતી. જેમાં પ્રમુખસ્વામી તથા સંતો પધારતા અને વિવિધ વિષયો ઉપર પ્રવચનો થતાં.

પરમ ભગવદીય દાજી બાપુ આજે સવારે ગોંડલ મંદિરમાં અક્ષરનિવાસી થયા હતા. સાંજે દારેસલામમાં, લોહાણા કૉમ્યુનિટી હૉલમાં આ સમાચાર મળ્યા. સ્વામીશ્રી એકદમ ઊંડા ઊતરી ગયા. સભામાં ધૂન કરાવી.

રાત્રે સંતો સમક્ષ વાત કરતાં સ્વામીશ્રી કહે : 'દાજી બાપુ અમારા જૂના મિત્ર. વર્ષો સુધી સાથે રહેલા. અક્ષર મંદિર, ગોંડલનું તેમને ખૂબ જ મમત્વ. ત્રણ વાગે ઊઠે. રોજ દેરી વાળે. પાંચ ટાઇમ આરતીનાં દર્શને જાય. બહુ ઉત્સાહી હતા. એંશી વર્ષ સુધી હરિજયંતીનો ઉપવાસ કર્યો, કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટે નિર્દોષબુદ્ધિથી તેમની બહુ સેવા કરી. તેનું કામ થઈ ગયું. દાજી બાપુને પ્રમુખસ્વામીમાં બહુ હેત. પ્રમુખસ્વામી આવે એટલે મળે. સલાહ પૂછે. દાજી

બાપુને સંકલ્પ હતો કે ગોંડલમાં દેહ મૂકવો, તે સંકલ્પ શ્રીજીમહારાજે પૂરો કર્યો. સત્સંગમાં બહુ ખોટ પડી.'

પ્રમુખસ્વામી, મહંત સ્વામી અને સિદ્ધેશ્વર સ્વામીએ પણ સ્વામીશ્રીની આજ્ઞા થતા દાજી બાપુની સેવા અને સત્સંગ-નિષ્ઠાના ગુણો વર્ણવી, અંજલિ આપી.

બીજે દિવસે સવારે પણ સ્વામીશ્રી ઊઠીને સીધા બહાર લૉબીમાં પધાર્યા. સામે દરિયો ઘૂઘવતો હતો. હજુ પ્રભાતનાં કિરણોએ મોંસૂઝણા જેવો આછેરો પ્રકાશ પાથર્યો હતો અને ફરી સ્વામીશ્રીએ દાજી બાપુને સંભાર્યા, તેમનો મહિમા વર્ણવ્યો. વર્ષો સુધી સાથે રહીને અક્ષર દેરીની સેવા કરેલી, સાથે બેસીને સત્સંગ-ગોષ્ઠિ કરેલી, બાપુને ખૂબ જમાડેલા, આદર-માનથી રાખેલા, એ પ્રસંગો સ્વામીશ્રી સ્મરી રહ્યા હતા. પછી પ્રાતઃવિધિ માટે પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજની નિષ્ઠાવાળા, ગુણાતીત જ્ઞાનના જૂના અનુભવી પુરુષો, જેમણે સત્સંગ-સેવામાં યત્કિંચિત્ પણ ફાળો આપ્યો હોય, તેમનું સ્વામીશ્રી બહુ રાખતા. એમાં પણ જેમણે સર્વસ્વ સમર્પણ કરી સેવા કરી હોય, તેમનું ઋણ કદી વિસારતા નહિ. ભક્ત ઉપરનો આ અનુગ્રહ, એ જ સ્વામીશ્રીની વિશેષતા. ઈષ્ટદેવ અને ગુરુના સંબંધને પામેલા, નાના-મોટા ભક્તોનો અપાર મહિમા, ભગવાનના મહિમાના પારને પામ્યા સિવાય સંભવી શકે નહિ. શ્રીજી સાથેના એમના તાદાત્મ્યભાવનાં આ દર્શન, આવા અનેક પ્રસંગોએ થતાં.

સાધુ અક્ષરધામનું ભાતું બાંધી આપે

સવારે લોહાણા મહાજન વાડીમાં 'નાદબ્રહ્મ'ના પારાયણ પછી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'દુઃખ કોઈ માનશો નહિ, જે જોઈએ તે આપણને મળી ગયું છે. ઝાઝા રૂપિયા આપે તો પ્રભુ ભજાય નહિ. આપણે અન્ન-વસ્ત્ર ને આબરૂ ત્રણ જોઈએ. આ સભામાં બધા નોકરીવાળા આવ્યા છે. કોઈ મોટા દુકાનદાર કે મિલવાળા નથી આવ્યા. ગરીબ જેવા ભગવાન ભજી શકે તેવા તાલેવંત ન ભજી શકે. મુંબઈ નગરના એક શેઠ પાંત્રીસ કરોડના આસામી છે. અક્ષરપુરુષ સ્વામીએ તેમને કહ્યું : 'શેઠ, કથામાં બેસો.' શેઠે કહ્યું : 'સ્વામી ! શું વાત કરો છો ? ઊથલપાથલ થઈ જાય. એક મિનિટમાં એક લાખ રૂપિયાની ખોટ જાય.' માટે ધનાઢ્ય કથામાં ન બેસે.

'આવો જોગ બહુ ન મળે. સત્સંગ કરી લેવો, જેથી જીવને શાંતિ થાય. યુવક મંડળને આજ્ઞા - સો યુવકો કરો. રવિવારે સભા ભરવી. કોઈ ન આવે તો બોલાવવા જવું. આ મોક્ષનું સદાવ્રત બાંધ્યું છે, ખાવા-પીવાનું નહિ.

'એક લખેશરી શાહુકાર હતો. તેણે એક સાંજે બધાં ગામને જમવાનું આમંત્રણ આપ્યું. દસ પકવાન કર્યાં. પણ તે દિવસે વરસાદ ખૂબ પડ્યો. ગામમાં ગારો થઈ ગયો. પછી વરસાદ રહી ગયો. શેઠના મુનિમે શેઠને કહ્યું : 'શેઠ ! વરસાદ તો રહી ગયો છે, પણ ગારો બહુ છે.' શેઠે કહ્યું : 'શું મુઝાવ છો ? આપણી વખારમાંથી સાકરની ગુણો રસ્તા ઉપર નાખી દ્યો.' પછી તો પાંચ હજાર ગુણો રસ્તા ઉપર પાથરી દીધી. પછી તેના ઉપર બધાને જમવા બેસાડ્યા. તે છોકરું જમવા બેઠું હોય ને ઊંઘમાં ભૂલીને પતરાવળા બહાર હાથ પડે તોય સાકર જ મોઢામા જાય.

'એમ શ્રીજીમહારાજે નાતતેડું કર્યું છે. ખાંડ પાથરી દીધી છે. કોઈ ભૂખ્યા-તરસ્યા ન રહ્યા. બધાને મોક્ષ મળી જાય.

'જેમ કોઈ લખપતિ હોય રે, ભૂખ્યાનું મોઢું નવ જોય રે.'

'શ્રીજીમહારાજ પુરુષોત્તમ ભગવાન સર્વોપરી. આ બ્રહ્માંડમાં પધાર્યા. અક્ષરધામ કેટલું છેટું ! પણ મહારાજ પૃથ્વી ઉપર લાવ્યા. તેવા ભગવાન મનુષ્ય જેવા થયા. પ્રસાદી આપે. દર્શન દે. પણ તેનો આશરો કરવો જોઈએ.

'આ અક્ષરધામની સભા છે. સામાન્ય નથી. દેવલોક કે ગોલોકની નથી. આ પ્રફુલ્લભાઈએ બનાવેલી અક્ષરે સહિત પુરુષોત્તમની મૂર્તિઓ કેવી શોભે છે ! ખુરશીઓ કેવી બનાવી ![૨] પાંચ હજાર શિલિંગ ખરચ્યા ! બુદ્ધિનો ઉપયોગ કરી લીધો. સમાગમ માટે બધાયે નિશાળો, દુકાનો બંધ કરી દીધી. સરઘસ (સરકસ) આવે છે તે સિંહ, હાથી જોવા સૌ જાય છે. મુંબઈમાં ઘોડા ઉપર રેસ હાલે છે. તેમાં ઈનામ આપે છે. એવું બધું છે. સાધુ મોક્ષ કરે. અક્ષરધામનું ભાતું કરી લેવું. શ્રીજીમહારાજનાં પંચ વર્તમાન પ્રવર્તાવવા માટે સાધુ ફરે છે. બીજો કોઈ હેતુ નથી. શ્રીજીમહારાજને હૃદયમાં ધારો. 'હું બ્રહ્મરૂપ છું, ગુણાતીત છું,' એમ માનો. પંચ વિષય ઝેર જેવા કરી નાખવા. દોરા-ધાગા-જોષ ન જોવરાવવા, તેમાં કાંઈ માલ નથી.

'એક શેઠ હતા. તેમનાં બૈરાં જોષ જોવરાવવા ગયાં. શેઠ સત્સંગી. તેણે

---

૨. સ્વામીશ્રી અને સંતો માટે બેસવાનાં સોફા જેવાં સુંદર આસનો યુવકોએ જાતે બનાવ્યાં હતાં.

કહ્યું : 'લ્યે, હું જોષ જોઉં છું. કાં બૈરું મરશે કાં દીકરો મરશે, બેય સાથે નહિ મરે.' એક પુરુષોત્તમ નારાયણને રાજી કરવા જ ભક્તિ કરવી. બીજે જાવું નથી, તો શું કામ બીજો આશરો કરવો ?

'અહીં મંદિર બાંધી લ્યો. અક્ષરપુરુષોત્તમ મહારાજ બેસી જાય. સર્વોપરી ડંકો વાગી જાય. લક્ષ્મીના ઢગલા થશે. જેમ દેવની સેવામાં વાપરીશું, તેમ તેમ ભગવાન આપશે.'

હિમાલયનાં ઉત્તુંગ શિખરો ઉપરથી વહેતી ગંગા, જેમ પહાડોને વીંધતી, સર સર વહી રહી હોય, એવી અસ્ખલિત વાણી-ધારા સ્વામીશ્રીની હંમેશાં વહેતી રહેતી. વાક્પ્રવાહ તો ઘણાનો હોય, પણ પ્રવાહ અમૃતનો હતો. ભગવાન સાથેના અતૂટ સંબંધ અને અનુભવનું અમૃત એમાંથી ઝરતું હતું. જેને એનો સ્પર્શ થતો - જે સાંભળતાં તેમનાં અંતર ભેદાઈ જતાં, ચોટ લાગતી. જ્ઞાનચક્ષુ ખુલી જતાં, સંસારની ક્ષુલ્લકતા સમજાતી. અમૃત તત્ત્વનો આસ્વાદ લેવા મન લલચાતું. કારણ, એ આસ્વાદનો ઉપભોગ કરતા - વ્યાપાર કરતા પુરુષનાં દર્શન નજર સામે થતાં.

કેવા હેતાળ પણ મર્મ ભરેલા શબ્દો - 'સાધુ મોક્ષ કરે. અક્ષરધામનું ભાતું બાંધી આપે. બીજો કોઈ હેતુ નથી. 'હું બ્રહ્મરૂપ છું, ગુણાતીત છું,' એમ માનો. પંચ વિષય ઝેર જેવા કરી નાખવા.' આવું કોણ બોલી શકે ? પંચ વિષય જેને નિર્માલ્ય થઈ ગયા હોય અને જે અખંડ બ્રહ્મરૂપે વર્તે - એ ગુણાતીત પુરુષના અંતરમાંથી નીકળતા શબ્દો, શ્રોતાનાં અંતરને ભેદવાની શક્તિ ધરાવી શકે. માણસને જાગ્રત કરે. આત્મસ્વરૂપનું ભાન કરાવે અને ભગવત્સન્મુખ થવા પ્રેરે. સંત-સમાગમનું વ્યસન લગાડી દે.

સત્પુરુષના આવા અનુભવના શબ્દો, અક્ષર વાક્યો જ માનવીનું પરિવર્તન આણી શકે. ક્ષણે ક્ષણે ઉચ્ચારાતા એમના શબ્દો એ પરહિતના શબ્દો, ભગવાનના શબ્દો છે. ભગવાનમાં જ સદાય ખોવાયેલા રહેતા આવા પુરુષો દ્વારા પછી ભગવાન જ બોલે છે. ત્યારે એમની વાણી એ જ વેદ બને છે, શાસ્ત્ર બને છે, એમ શાસ્ત્રકારો જ કહે છે. સ્વામીશ્રીની આ અમૃત વાણીનું પાન કરવા સૌ હંમેશાં તત્પર રહેતા.

દૈનિકમાં પૂર્તિ પ્રગટ કરવાનું શ્રેય

આજે તા. ૯-૪-'૭૦, અહીંથી પ્રકાશિત થતાં ટાન્ઝાનિયાના 'The

standard' દૈનિકમાં એક પાનાની પૂર્તિ પ્રગટ કરવામાં આવી હતી. જેનું સંપાદન જયંતીભાઈ ડી. દવેએ કર્યું હતું. તેમાં શ્રીજીમહારાજના તથા પરંપરાના સતો તેમજ સ્વામિનારાયણ સંપ્રદાય વિષયક વિવિધ માહિતી ફોટા સહિત સુંદર રીતે આવરી લેવામાં આવી હતી.

ટાન્ઝાનિયા અને દેશ-વિદેશ જતા આ દૈનિકપત્ર દ્વારા સંપ્રદાય સંબંધી સારો પ્રચાર થયો. અત્યાર સુધી અન્ય કોઈ સ્થળેથી નહીં થયેલા આવા વિશિષ્ટ કાર્યે દારેસલામ સત્સંગ મંડળને ખરેખર અભિનંદનને પાત્ર બનાવ્યું. સ્વામીશ્રીના આશીર્વાદ પણ મળ્યા. આધુનિક યુગનાં માધ્યમો દ્વારા ગુણાતીત સંતનો મહિમા હવે સૌને સુગમ બનતો જતો હતો.

રોજ નિયમ મુજબ જમ્યા પછી પણ, સ્વામીશ્રીના ખંડની બાજુના બેઠક ખંડમાં સભા થતી.

સંત ટોકે ને ગુણ લે તે વધે

બીજે દિવસે બપોરે એક વાગે વચનામૃત ગઢડા પ્રથમનું છઠ્ઠું સમજાવતાં સ્વામીશ્રીએ વાત કરી :

'ભગવાન ને સંતનો સંબંધ થયો તો ગુણગ્રાહક થવું. દત્તાત્રેયે ચોવીસ ગુરુનો ગુણ લીધો, તે વિવેકી. વેશ્યા વગેરેમાં ક્યાં બધા ગુણ હતા ? એકએક ગુણ બધામાંથી લીધો.

'અવગુણ તો બધામાં હોય જ, પણ તેમાંથી સારો ગુણ લઈ લ્યે ને બીજું છોડી દે તે વિવેકી. પોતાનો ગુણ જો જો કરે તે અવિવેકી.

'મોટપ શું ? હૈયામાં શાંતિ. હજારો માણસ માને તે મોટપ નહિ. કોઈનો હું અવગુણ લેતો નથી, એમ એના હૈયામાં ટાઢું રહે. સંતનો થયો હોય તેને સંત વાંક વગર લડે. બીજો અવળું લ્યે. ગુણાતીત સ્વામી ભગતજીને વઢતા, પણ રઘુવીરચરણ અને રામચરણને વઢતા હતા ?

'મોટાપુરુષ ટોકતા હોય તો એમ સમજવું કે આપણને સુધારવા સારુ ટોકે છે. એમ ગુણ લ્યે તે વધે.

'એક ચિત્રકાર હતો. તેનો દીકરો પણ સરસ મૂર્તિઓ બનાવતો. મૂર્તિ બનાવીને બાપાને બતાવે. તેના બાપા રોજ તેમાં ખોડ કાઢે : 'આ સારી નથી થઈ.' વળી સુધારે. બીજે દી' સારામાં સારી બનાવીને બતાવે, ત્યારે કહે : 'આંખમાં ફેર છે.' માટે સુધારે. કોઈ વખત કહે : 'માથામાં ફેર.' એમ ટોકયા કરે.

'દીકરાને થયું : 'બાપા મારી મૂર્તિને સારી નહિ કહે.'

'પછી એક દિવસ સરસ મૂર્તિ બનાવીને ભોંમાં દાટી દીધી. છ મહિના પછી કાઢીને બાપાને કહ્યું : 'બાપા ! મને જમીનમાંથી મૂર્તિ જડી છે.' એમ કહી, મૂર્તિ બતાવી કહ્યું : 'બાપા ! આ કેવી ?' બાપાએ કહ્યું : 'બહુ સરસ. આવી તું કર.' દીકરાએ કહ્યું : 'બાપા ! આ તો મેં જ કરી છે.' બાપાએ કહ્યું : 'જા, હવે તું નહિ વધ્ય. તને વધારવા માટે હું તને ટોકતો હતો. હવે આથી ઊંચી તારી કલમ નહિ ચડે.' એમ મોટાપુરુષ આપણને આગળ લેવા ટોકતા હોય; માટે તેમનો ગુણ જ લેવો.'

'મહારાજનાં છેલ્લાં દસ વરસનાં વચનામૃતો થયાં છે. મહારાજે વાતું બહુ કરી, પણ મુદ્દાનાં વચનામૃત લીધાં. બીજાં બાંધી રાખ્યાં. કાઢી નાંખ્યાં એમ ન કહેવાય.'

શ્રીજીના વાઙ્‌મય સ્વરૂપનો પણ કેટલો મહિમા !

આજે બપોરે લોહાણા મહાજન વાડીમાં દારેસલામની સમગ્ર હિંદુ જનતાને જમવાનું આમંત્રણ હતું. લગભગ ૫,૦૦૦ જેટલા ભાવિકોએ ઠાકોરજીનો મહાપ્રસાદ લીધો હતો.

દરિયાલાલ પાવન થાય છે

સાંજે ઉતારેથી મંદિરે પધારતાં સ્વામીશ્રી દરિયા કિનારે થઈને નીકળતા હતા. જળ માથે ચડાવી, દરિયામાં બન્ને ચરણારવિંદ પખાળ્યાં. આ આખા પ્રવાસમાં એક જ વખત, અહીં દરિયાને પાવન કર્યો હતો.

સાંજે ૫-૦૦ થી ૭-૦૦ વાગ્યા સુધી, સ્વામિનારાયણ મંદિરમાં જાહેર સત્સંગ સભા યોજાઈ. કાર્યકર્તાઓએ સંતોને હારતોરા કર્યા. નારણભાઈ તથા મોહનભાઈ વણથળીવાળાએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. સ્વયંપ્રકાશ સ્વામી તથા નારાયણ ભગતે ઉપાસના વિષયક વાતો કરી.

રાત્રે ૯-૦૦ થી ૧૦-૩૦, જાહેર સભા લક્ષ્મીનારાયણ મંદિરના વિશાળ કમ્પાઉન્ડમાં રાખી હતી. શિવાલય તથા રામમંદિરમાં દર્શન કરી, લક્ષ્મીનારાયણ મંદિરમાં આરતી ઉતારી, સ્વામીશ્રી સભામાં પધાર્યા. મંદિરના કાર્યકર્તાઓએ ઠાકોરજી તથા સ્વામીશ્રીનું પૂજન કરી, હારતોરા કર્યાં. નારાયણ ભગતે વેદગાન કર્યું. મારી પાસે છંદગાન કરાવ્યું. બાદ સ્વયંપ્રકાશ સ્વામી, પ્રમુખસ્વામી તથા હકાભાઈએ સત્સંગ-વિષયક પ્રવચનો કર્યાં. અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ

આપ્યા. આજે છેલ્લો દિવસ હતો. અને સ્વામીશ્રી વિદાય લેવાના હતા એટલે બહુ મોટી સંખ્યામાં ભાવિકો એકત્રિત થયા હતા. મંદિરનું વિશાળ ચોગાન દર્શનાર્થીઓથી ઊભરાતું હતું. મંદિરના પ્રમુખ જશભાઈએ, મંદિરમાં ગીતા હૉલ માટે સારી સેવા જાહેર કરી.

આજે સાંજે હરિભક્તો-મહેમાનોનું મંડળ બસ દ્વારા મોમ્બાસા જવા નીકળ્યું.

તા. ૧૧મીએ ઉતારેથી સ્વામીશ્રી લુહાણા વાડીમાં, સભામાં પધારતા હતા. રસ્તામાં દરિયા કિનારો આવતો હતો. બંદર આવ્યું, બંદર ઉપર સ્ટીમરો હતી તે સ્વામીશ્રીને બતાવી. એટલે કહે : 'એમાં શું ? બધા પોતાના સ્વાર્થમાં મંડ્યા છે. દરિયો ભગવાનનો છે. અને સૌ પોતાના સ્વાર્થ માટે પૈસા કમાવા વાપરે છે.' સ્વામીશ્રીએ સૂક્ષ્મ ટકોર કરી.

કુદરતી લાભો ભગવાને આપેલા છે, પણ માણસ ભગવાનનો પાડ ભૂલીને, મગરૂરીમાં એનો ઉપયોગ કરે છે. એટલે જ કદાચ સ્વામીશ્રીએ કહ્યું હશે કે સૌ પોતાના સ્વાર્થમાં મંડ્યા છે.

નારાયણ ભગતે 'નાદબ્રહ્મ'ના પારાયણની પૂર્ણાહુતિ કરી. વિદાય સમારંભ બાદ સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, નેશનલ મ્યુઝિયમમાં યોજાયેલા નારાયણપ્રસાદ સ્વામીનાં આધ્યાત્મિક ચિત્રોના પ્રદર્શનનું સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું અને ઉતારે પધાર્યા.

વાત્સલ્યપૂર્ણ !

આ અરસામાં બોચાસણના ચીમનભાઈનો પત્ર આવેલો. તેમણે સ્વામીશ્રીને સંબોધીને ઘણી ઉપમાઓ લખેલી.

'બહુ ઉપમા લખી; 'વાત્સલ્યપૂર્ણ' રહી ગયું.' સ્વામીશ્રી બોલ્યા.

ખરેખર સ્વામીશ્રી તો વાત્સલ્યપૂર્ણ મૂર્તિ જ છે ને !

ચાર દિવસનો કાર્યક્રમ દારેસલામના હરિભક્તોને ઘણો ટૂંકો પડ્યો. સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારતા, ત્યાં ત્યાં હરિભક્તોને હંમેશાં કાર્યક્રમ ટૂંકો જ લાગતો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં, દર્શન-સમાગમના બ્રહ્માનંદમાં સમય ક્યાં પસાર થઈ જતો, એ જ કોઈને ખબર રહેતી નહિ.

નારણભાઈ, આઈ.કે. પટેલ, ભગવાનજીભાઈ, રસિકભાઈ દાવડા, મનસુખભાઈ વડગામા અને એમના ભાઈઓ તથા નવીનભાઈ, જયંતીભાઈ દવે, કાંતિભાઈ વગેરે વડીલ હરિભક્તો તથા પ્રફુલ્લભાઈ, દેવરામભાઈ, મનહર

દુસારા, પોપટભાઈ, મનસુખભાઈ, કાંતિભાઈ, લાલજીભાઈ, જયદેવભાઈ, રમણભાઈ, ગુણવંતભાઈ, વનરાજભાઈ વગેરે યુવકો અને મહિલા મંડળે મહિમાપૂર્વક સેવા બજાવી, સર્વ વ્યવસ્થા સંભાળી હતી.

ઠાકોરજી જમાડી, બપોરે ૨-૧૫ વાગે ઈશ્વરભાઈ પટેલના બંગલેથી વિદાય લઈ, સ્વામીશ્રી સંતો સહિત ઍરપોર્ટ ઉપર આવી પહોંચ્યા. હરિભક્તો સૌ વળાવવા આવ્યા હતા. વિનોદભાઈએ પ્લેન અંગેની વ્યવસ્થા હંમેશ મુજબ ચીવટપૂર્વક કરી હતી. અઠ્ઠાવીસ બેઠકના પ્લેનમાં સૌ સંતો-હરિભક્તોનો જ સમાવેશ હતો.

સ્વામીશ્રીનું બુકિંગ રેગ્યુલર સર્વિસ પ્લેનમાં થઈ ગયું હતું. પ્લેનમાં મોટા ભાગના આપણા જ સંતો તથા હરિભક્તો હતા. પણ ચાર-પાંચ સીટો બીજાએ બુક કરાવેલી. પાછળથી ખબર પડી કે આ જગ્યાઓમાં સ્ત્રી ઉતારુઓ છે.

સ્વામીશ્રીને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે કહે : 'આ વખતે આપણું નાક કપાશે.' પછી કહે : 'આપણે થોડા સારુ બગાડવું નથી. પ્લેનમાં ઈ જોઈએ જ નહિ. આપણે ઠેઠથી (મુંબઈથી) સાચવ્યું છે. નહિ તો નાનું પ્લેન ચાટક (ચાર્ટર્ડ) કરો.'

'નાના પ્લેનમાં તકલીફ પડશે.' અમે દલીલ કરી. કારણ, નાના પ્લેનમાં બમ્પીંગ બહુ થતું. તેથી વધારે પ્રતિકૂળતા રહેતી.

'ના, આપણે થોડા સારુ બગાડવું નથી.' સ્વામીશ્રીએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો. અને ભગવાનની ઇચ્છાથી થયું એવું કે એ સ્ત્રી ઉતારુઓએ પોતાની ટિકિટો કેન્સલ કરાવી અને સ્વામીશ્રીની ઇચ્છા મુજબ, એ જ સર્વિસ પ્લેનમાં સ્વામીશ્રી તથા સંતો-ભક્તો ભજન કરતાં કરતાં જ મોમ્બાસા પધાર્યા.

ઝાંઝીબાર હરિભક્તો દર્શને આવ્યા હતા. સૌને મળવા અને આશીર્વાદ આપવા સ્વામીશ્રી ઍરપોર્ટ ઉપર પધાર્યા. સરકારી કાયદાને કારણે અહીં રોકાણ થઈ શકે એમ નહોતું. એટલે ઍરપોર્ટ ઉપર જ સ્વામીશ્રી અને સંતોનાં દર્શન મેળવી સૌ કૃતકૃત્ય થયા.

૪-૩૦ વાગે સૌ મોમ્બાસાના પોર્ટ રીટ્ઝ ઍરપોર્ટ ઉપર આવી પહોંચ્યા.

પ્રાણ માગે તો પ્રાણ પાથરીએ

મોમ્બાસા મંડળનો ઉત્સાહ અનેરો હતો. દરેક સ્થળે હરિભક્તોનો ઉત્સાહ વધુ ને વધુ ચઢિયાતો જણાય. એકને જોઈએ અને બીજાને ભૂલીએ. આખરે

સ્વામીશ્રીની મૂર્તિ જ એવી કામણગારી હતી કે ગામોગામ સૌને થાય કે 'બાપા માટે શું કરી નાખીએ ? પ્રાણ માગે તો પ્રાણ ન્યોછાવર કરી દઈએ.' એવી સમર્પણની સર્વોચ્ચ ભાવના સેવતા ભક્તો, સ્વામીશ્રીની મોહક મૂર્તિ જોઈને ઘેલા ઘેલા બની જતા હતા. બાવરા બની જતા હતા. ભાન ભૂલી જતા હતા. ભલા, સ્વામીશ્રીમાં ખોવાઈ જતા હતા !

સી.ટી. પટેલની આગેવાની નીચે, મોમ્બાસા શહેરમાં સ્વામીશ્રીના આગમનનો ઉદ્‌ઘોષ થઈ ચૂક્યો હતો, જેની ખાતરી ઍરપોર્ટ ઉપરના દશ્યથી સહેજે થઈ જતી હતી. હજારો હરિભક્તો તથા ભાવિકો ઍરપોર્ટ ઉપર જ સ્વામીશ્રીનાં દર્શન અને સ્વાગત માટે ઊમટ્યા હતા. ૪૦૦ મોટરોથી પાર્કિંગ ખીચોખીચ ભરાયું હતું. ૩૦ જેટલી મોટરો, પ્લેન નજીક રનવે ઉપર ગોઠવાઈ ગઈ હતી. સ્વામીશ્રીને પધરાવવા ભવ્ય સિંહાસન સહિત સુંદર 'ફ્લોટ' પણ પ્લેનની તદ્દન નજીક મૂકી દેવામાં આવ્યો હતો. પ્રેસ રિપોર્ટરો અને ફોટોગ્રાફરો આમથી તેમ દોડધામ કરી રહ્યા હતા.

સૌ પ્રથમ, મોમ્બાસા શહેરના મેયર કોમ્બો સાહેબે સ્વામીશ્રીને હાર પહેરાવી સ્વાગત કર્યું. મોમ્બાસા યુવક મંડળનું બૅન્ડ, નૈરોબી યુવક મંડળનું બૅન્ડ તથા રેલવે બૉઈઝ સ્કાઉટના બૅન્ડે અભિવાદન કર્યું.

સુંદર શણગારેલા રથમાં છત્ર સહિત ઊંચા સુશોભિત સિંહાસન ઉપર સ્વામીશ્રી ઠાકોરજી સહિત બિરાજ્યા. સામે સંતો ગોઠવાઈ ગયા. સેંકડો મોટરો સહિતની શોભાયાત્રાનો અહીંથી જ પ્રારંભ થયો. શહેર લગભગ ૭ માઈલ દૂર હોવાથી સૌ મોટરોમાં જ ગોઠવાઈ ગયા. સ્વામીશ્રીની આજ્ઞાથી સમગ્ર પૂર્વ આફ્રિકાના હરિભક્તો અહીં લાભ લેવા આવી પહોંચ્યા હતા.

અક્ષરધામના વિમાન સમો રથ ઊપડ્યો. આગળ ૧૫ પોલીસ એસ્કોર્ટ્સ મોટર સાઈકલો ઉપર, પછી પોલીસવાન, બૅન્ડનાં વાહનો અને સ્વામીશ્રીનો રથ, પછી સેંકડો મોટર ગાડીઓ. શહેર આવતા સુધીમાં શોભાયાત્રાનો વેગ વધુ રાખ્યો હતો. ખુલ્લા રથમાં, આજે પણ વાયુદેવતા સ્વામીશ્રીની અનિચ્છાએ સેવામાં આવી ગયા હતા. નારિયળીનાં વૃક્ષોથી દરિયાના પવનને વીંઝતો મોમ્બાસાનો આ પ્રદેશ રળિયામણો હતો. પવનના ધીમા સૂસવાટાથી સ્વામીશ્રીનું ગાતરિયું પણ ફર ફર ઊડી રહ્યું હતું. પવનની આ સતામણીથી સ્વામીશ્રી હાર કબૂલીને મર્માળું હસી રહ્યા હતા. હંમેશાં જેને દૂર કાઢતા હતા, એને આજે નજીક આવવાની તક મળી ગઈ હતી.

જેવી શોભાયાત્રા શરૂ થઈ કે સ્વામીશ્રીએ સંતોને કીર્તન ગાવાની આજ્ઞા કરી અને પોતે જ પહેલું કીર્તન ઉપાડ્યું - *'હરિ ગુણ ગાતાં દુરજનિયાનો ધડક ન મનમાં ધારીએ,'* સ્વામીશ્રીનું આ માનીતું કીર્તન. ઘણા પ્રસંગોએ પોતે જ આ કીર્તન બોલાવે. પધરામણી હોય કે શોભાયાત્રા, સામાન્ય બેઠક કે સભાના પ્રસંગોમાં સ્વામીશ્રી પાસે આ જ કીર્તન ગવાતું. પછી તો *'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી'* વગેરે કીર્તનો, એક પછી એક સંતોએ ગાયાં.

દરિયાની ખાડી ઓળંગી, શોભાયાત્રા શહેર નજીક આવી પહોંચી. બંદર ઉપર લાંગરેલાં વહાણો, સ્ટીમરો, દરિયા વતી સ્વામીશ્રીના આગમનને આવકારતાં જણાતાં હતાં. શહેર નજીક આવતાં, દર્શનાર્થીઓની ભીડ દેખાવા લાગી. સેંકડો ભાવિકો, હિન્દીઓ અને આફ્રિકનો હાથ ઊંચા કરી કરીને, જય લલકારીને, સ્વામીશ્રીને નગરમાં આવકારતા હતા. 'ઈકો વાટુ યા મૂંગું !'ના અવાજો કાને પડતા હતા. સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને જ આફ્રિકન પ્રજા પણ 'આ ભગવાનના દૂત છે' એમ સહેજે જ પોકારતી હતી. એ અવાજ સૌનાં હૃદયમાંથી કોઈ બીજાનો જ જાણે જણાતો હતો.

ધૂન-ભજન અને જયનાદોના પોકારથી ગાજતી શોભાયાત્રા જોમો કેન્યાટા એવેન્યુ, સલીમ રોડ, કિલિન્ડિની રોડ વગેરે રાજમાર્ગો ઉપરથી પસાર થઈ રહી હતી. નગરયાત્રાની વ્યવસ્થામાં ૧૦૦ પોલીસ ગોઠવવામાં આવી હતી. રસ્તાની બન્ને બાજુએ, મકાનોની અટારીએ અને અગાસીએ, સેંકડો ભાવિકો કાષાય વસ્ત્રોમાં શોભતા, પ્રભુના દૂત સમી આ સંતની નિર્મળ મૂર્તિનાં દર્શન લઈ રહ્યા હતા. સર્વત્ર જયજયકાર સાથે આનંદ છવાઈ રહ્યો હતો. શોભાયાત્રા સ્ટેશન નજીક અક્ષરપુરુષોત્તમ મંદિરે આવી પહોંચી. સ્વામીશ્રી અને સંતો દર્શન કરવા ઊતર્યા. ધજાપતાકા અને પ્રવેશદ્વારો સમી કમાનોથી મંદિર સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. અહીં ઠાકોરજીનાં દર્શન કરી, સ્વામીશ્રી સંતો સહિત, મંદિર સામે આવેલા પટેલ સમાજના સભા સ્થાનમાં પધાર્યા.

સમાજના પ્રવેશદ્વારથી સભા સ્થળ સુધી, સ્વામીશ્રીને ચાલવાના સ્થળ ઉપર સુંદર વસ્ત્રો પાથર્યાં હતાં. હરિભક્તો અને યુવકો બન્ને બાજુ ઊભા રહી પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા. બેન્ડ સ્વાગત કરી રહ્યું હતું. સ્વામીશ્રી સભામાં બિરાજ્યા. નગરપતિ કોમ્બોએ મોટો ભરાવદાર હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. તાળીઓના ગડગડાટ અને જયનાદોથી સૌ હરિભક્તોએ સ્વામીશ્રીને વધાવી લીધા.

સ્વાહિલીમાં પ્રવચન કરતાં કોમ્બોએ કહ્યું કે 'યોગીજી મહારાજ જેવા મહાન ધાર્મિક નેતા પાસે, અમે આશા રાખીએ છીએ કે પૃથ્વી ઉપર પ્રેમનું સામ્રાજ્ય સ્થાપે. અને દરેક પ્રકારનાં દુઃખ દૂર થાય. અને ગેરસમજ દૂર થાય.'

આફ્રિકન નેતાની આ ઉદાત્ત ભાવના, સંત-સાંનિધ્યની મહત્તા સહેજે સૂચવી રહી.

સુહૃદભાવ રાખજો, તો મહારાજ પાસે જ છે

ભક્તોની પ્રેમભરી લાગણીથી આભારવશ થઈ સ્વામીશ્રી બોલ્યા :

'જન્મ્યા કૌશલ દેશ...

જેનું નામ રટ્યા થકી...

'આપણે અષ્ટક રોજ બોલીએ છીએ પણ તેનો ભાવાર્થ સમજવો જોઈએ.

'શાસ્ત્રીજી મહારાજનું નામ રટવાથી સંકલ્પો વિરામી જાય. મોટાપુરુષના અષ્ટક બોલીએ શાંતિ થઈ જાય. અહીં ભારે સ્વાગત કર્યું, તે શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજનું સ્વાગત છે, અમારું નથી. શાસ્ત્રીજી મહારાજ અમારા ગુરુ. તેમનું સ્વાગત થયેલું અમે માનીએ છીએ. સ્વાગત મહારાજ ને સ્વામીનું જ હોય, તે કર્યું છે.

'મેયરને બોલાવ્યા. ઍરોડ્રોમ ઉપર મોટરો લાવવી તે કોઈ દી' કોઈ કરી ન શકે. આ તો તમે શાસ્ત્રીજી મહારાજનું સ્વાગત કર્યું છે. એવા પુરુષ બ્રહ્માંડમાં ન હોત તો બ્રહ્માંડ તરત નહિ. એવા પુરુષ શાસ્ત્રીજી મહારાજ છે. તેથી બ્રહ્માંડ તરે છે.

'કેવું મંદિર છે ! કેવો સુહૃદભાવ છે ! તે જોઈ અંતર ઠરી ગયું.

'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને.'

'બધા શૂરવીર. સ્વામીના કૃપાપાત્ર છે. સાક્ષાત્ સ્વામી બેઠા છે. તે રક્ષા કરશે, કરશે ને કરશે.

'તું મારી જકરમાં તો હું તારી ફકરમાં.'

'તને-મને-ધને બધા સુખી થાવ. આવો સંપ-સુહૃદભાવ રાખજો, તો મહારાજ પાસે જ છે.

'મહારાજ પાસે જ હોય. છેટા જાતા નથી. પરોક્ષ ભગવાન રક્ષા કરે છે તો સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન છે. તેના આશીર્વાદ કેમ ન ફળે ?'

ગામોગામ દરેક દબદબાભર્યા સ્વાગત પ્રસંગે સ્વામીશ્રીના આ જ

હૃદયોચ્ચાર હતા. પોતે સેવક છે, પોતાના સ્વામી-ઈષ્ટદેવ-ગુરુ પ્રત્યેનો અત્યંત દાસત્વભાવ, એમના આ ભાવ નીતરતા શબ્દોમાં હંમેશાં જણાતો. જે પોતાના સ્વામીને યોગ્ય છે, ગુરુને યોગ્ય છે, એ સન્માન-ગૌરવ માટેનો અનધિકાર-શિષ્યભાવ એમના મુખની પ્રત્યેક રેખામાં દેખાતો. ત્યારે લોકોનાં હૃદયમાં પ્રતિભાવ જુદો થતો કે મહારાજ જ આ સંતમાં રહીને બોલે છે. મહારાજ જ આ સંતમાં રહીને દર્શન આપે છે. આપણે ખરેખર મહારાજનું જ સ્વાગત કરીએ છીએ ! ભક્તોની આ અનુભૂતિ સહજ જ હતી, કારણ કે ઈષ્ટદેવ પ્રત્યેના અતિ દાસત્વભાવને કારણે, આ સંતપુરુષે પોતાનું અસ્તિત્વ જ એમનામાં સમાવી દીધું હતું, અને પોતે ગુરુ-ઈષ્ટદેવમય થઈ ગયા હતા.

સી.ટી. પટેલે આભાર વિધિ કર્યો. લગભગ ૫,૦૦૦ જેટલા મોમ્બાસા-વાસીઓ તથા દૂર દૂરથી આવેલા ભક્તો, આ સ્વાગત સભામાં હાજર હતા.

પટેલ સમાજ પણ સારી રીતે શણગારથી સજાવેલો હતો. સંચાલકોએ વીસ દિવસ સુધી આ સ્થળ સત્સંગ માટે વિનામૂલ્યે અર્પણ કર્યું હતું. અહીં જ રોજ સવાર-સાંજ સત્સંગ, પારાયણો, પ્રવચનો, ઉત્સવો, સભાઓ અને ભોજન-વ્યવસ્થા થતી હતી. કારણ, ઉત્સવને કારણે એકત્રિત થયેલા વિશાળ ભક્ત-સમુદાયનો મંદિરમાં સમાવેશ થઈ શકે એમ ન હતું. એટલે આ વ્યવસ્થા અનિવાર્ય બની હતી.

❀ ❀ ❀

દરિયા કિનારે 'અક્ષરધામમાં'



અહીં સ્વામીશ્રીનો ઉતારો, દરિયા કિનારે ટેકરી ઉપર આવેલા, રવિભાઈ પંડ્યાના વિશાળ બંગલામાં રાખવામાં આવ્યો હતો. જેનું નામ પાછળથી સ્વામીશ્રીએ 'અક્ષરધામ' રાખ્યું હતું. સ્વામીશ્રી સ્વાગત સભા પછી સંતો સાથે ઉતારે પધાર્યા. સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયતને કારણે એમને સંપૂર્ણ આરામ મળે, સ્વચ્છ હવા-પાણી મળે, કોઈ તકલીફ ન પડે, એ હેતુથી, મંદિરથી દૂર હોવા છતાં સ્થાનિક સત્સંગ મંડળે આ વ્યવસ્થા કરી હતી. પોતાની અગવડનો ભક્તોએ સહેજ પણ વિચાર કર્યો ન હતો. અને રવિભાઈનો પણ એવો જ ભાવ હશે, ભૂમિનાં પણ એવાં પુણ્ય હશે, ત્યારે આ સ્થળની પસંદગી, સ્વામીશ્રીના નિવાસ માટે થઈ. કારણ, જ્યાં મોટાપુરુષનો વાસ એ માત્ર નિવાસ જ નથી રહેતું, પણ સાક્ષાત્ અક્ષરધામ સમું ગૌરવનું સ્થાન બની જાય છે.

બંગલો ઘણો મોટો. વળી, ભોંયતળિયે ઘણો મોટો હૉલ હતો. બાજુના મોટા ઓરડામાં સ્વામીશ્રીનો ઉતારો હતો. નાહવા-ધોવાનાં મોટાં બાથરૂમો હતાં. બીજે માળે પણ મોટો હૉલ, ઓરડાઓ વગેરે હતા. સામે નારિયેળીનાં વૃક્ષોથી લચી પડેલો હરિયાળો સમુદ્ર કિનારો ચોવીસ કલાક ઘૂઘવ્યા કરતો. બારામાં આવતી-જતી સ્ટીમરો નજરે પડતી. બંગલાને ફરતો બાગ વગેરે સુવિધાઓ અને સ્થળ-શોભાથી અભિવૃદ્ધિ - એકાંત સ્થાન સ્વામીશ્રીને આરામને માટે ઘણું સુયોગ્ય હતું.

પણ આ શું ? સ્વામીશ્રીએ તો ઓરડાનાં બધાં બારી-બારણાં બંધ કરાવ્યાં ! દરિયાની હવાની નાની અમથી લહેર પણ એમાં પ્રવેશી શકે એમ નહોતી. એ તો એમની હંમેશની રીત મુજબ બંધ ઓરડામાં જ પુરાયેલા રહેતા. ભક્તોને કોડ હતા કે 'બાપાને અહીં દરિયા કિનારે હવા-પાણી-એકાંતનો સારો જોગ રહેશે, બાપાને ગમશે;' પણ સ્વામીશ્રીને મન મહેલ હોય કે ઝૂંપડી, ખુલ્લું

હોય કે બંધિયાર, બધું જ સરખું. દરિયા કિનારો, ભવ્ય આવાસ, મોકળાશ, રહન-સહનની અદ્યતન સુવિધાઓ અને કુદરતનો ખોળો એમને હર્ષ પમાડતાં નહોતાં. પરિસ્થિતિને આધીન આ પુરુષ નહોતા, પરિસ્થિતિ એમને આધીન હતી. એમનું મન તો શ્રીજીનાં સુખમાં જ રમતું હતું.

વહેલી સવારે સ્વામીશ્રી પથારીમાં જાગતાં સૂતા હોય, સેવકને યાદ કરે એટલે વચનામૃત કે અન્ય ગ્રંથોનો પાઠ થાય. ક્યારેક અહીં બંને પગે માલિશ કરવાની છૂટ આપતા. અશક્તિને કારણે પગમાં કળતર રહેતું. ક્યારેક સેવકો ભેગા થઈ ગયા હોય તો પ્રસંગોચિત જ્ઞાનગોષ્ઠિ કરે, રહસ્યની વાત કહી દે. પછી ખુરશીમાં બેસીને બહાર આવે. ઘનશ્યામચરણ સ્વામી હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારીને સ્તુતિ કરતા હોય. પોતે મૂર્તિ નજીક આવે ને દીવાના પ્રકાશમાં એકદમ નજીક આવી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરે. વાઘા વગેરે ધારીને નિહાળે. રાજી થાય. જે હરિકૃષ્ણ મહારાજની પોતે વર્ષો સુધી સેવા કરી, એમની સેવામાં આજે કંઈ ખામી તો નથી રહી જતી ને ? એનો ખટકો ખૂબ રાખતા-રખાવતા.

પછી શૌચ જઈ સ્નાન માટે પધારે. વહેલી સવારે દૂર દૂરથી બાળકો-યુવકો સ્વામીશ્રીની સેવામાં દોડી આવે. સ્વામીશ્રીને સ્નાન કરાવવાની સેવામાં જોડાવાની સૌને તત્પરતા. બાથરૂમ નાનાં પડતાં એટલે રસોડામાં સ્વામીશ્રીને સ્નાન કરાવવાની વિધિ ચાલે. કોઈ પાણી લાવે તો કોઈ પાણી વાળે, કોઈ અંગ ચોળે તો કોઈ વાત બોલે. સ્નાન કરાવવાની સેવા માટે દામ ચૂકવવા પડતા હતા. એ દામ હતા ભક્તિના. સ્વામીની વાતો મોઢે કરીને બોલવી પડે અને નિર્જળા ઉપવાસ પણ કરવો પડે. કોઈ ને કોઈ રોજ ઝડપાઈ જાય. રોજ વારાફરતી થોડા-ઘણા બાળકો-યુવકોને સેવાના લાભ બદલ ઉપવાસ કરવો પડતો. જેમ કોઈ વેપારીને સારો વકરો થાય ને આનંદ થાય, એમ આવા નવલોહિયા યુવાનોને શ્રદ્ધા-ભક્તિના પાઠો શીખતાં જોઈ સ્વામીશ્રી પ્રસન્ન થતા.

પછી પૂજામાં પધારતા. ત્યાં સુધીમાં તો શહેરમાંથી ઘણાં બાઈ-ભાઈ હરિભક્તો - કોઈ ચાલતાં, કોઈ વાહનમાં - આવી પહોંચ્યાં હોય. વાહનની ખાસ વ્યવસ્થા કરી હતી. હૉલ ચિક્કાર ભરાઈ ગયો હોય. બાળકો-યુવકો કીર્તન ગાતા હોય. સ્વામીશ્રી ધ્યાનસ્થ હોય. પછી ખુલ્લાં નેત્રે પણ પૂજામાં એકાગ્ર, સ્વામીશ્રી તિલક કરતા હોય કે ઠાકોરજીને પુષ્પ ધરાવતા હોય, માળા ફેરવતા હોય કે પ્રસાદ ધરાવતા હોય, પણ દર્શન કરતાં સૌ દેહ, દેશ ને કાળનું ભાન

ભૂલી જતા. માથે જેમ તેમ ગોઠવેલી ઊંચી ગરમ ટોપી, શ્રીજી સાથેના તદાકાર-ભાવને પ્રગટ કરતી મુખની એક એક રેખા, સૌનાં તન અને મનને હરી લેતી. જ્યારે સ્વામીશ્રીની પૂજા પૂરી થતી, ત્યારે જ સૌને સ્થળ અને સમયનું ભાન થતું. સ્વામીશ્રીનાં દર્શન-સદાવ્રતને હૃદયપાત્રમાં ઠાંસી ઠાંસીને ભરીને, પૂર્ણકામ પામતા, પ્રેમોન્મત્ત દશામાં જ ભક્તો ન છૂટકે સ્વામીશ્રીનું સાંનિધ્ય છોડતા. આ ભક્તિ-આનંદની લૂંટ રોજ ચાલતી. નાના-મોટા સૌ, નિર્દોષ ભક્તિની પૂંજી ભેગી કરી કરીને, મસ્ત બનીને ફરતા.

સાધારણ ઉકાળા-પાન પછી સ્વામીશ્રી આરામ કરતા. પછી મંદિરે દર્શન કરી, સામે પટેલ સમાજમાં, ૧૧-૦૦ વાગે સભામાં પધારતા. બપોરે ઉતારે ઠાકોરજી જમાડી, કથા બાદ આરામમાં પધારતા.

બધાના બહુ આગ્રહથી ૪-૦૦ વાગે સ્વામીશ્રી ખુરશીમાં બેસીને મકાનમાં ફરવા નીકળતા. ક્યારેક મકાનના હૉલમાં ફરે અથવા ઉપર અગાશીમાં જાય. બધા સંતો ક્યાં-કેવી રીતે રહે છે તે પણ ખબર કાઢી લે. ભગવાનને ભૂલીને બંગલાના સુખમાં કે દરિયાની હવા ખાવામાં તો ખોવાઈ નથી ગયા ને ! બાગમાં પણ બધે ફરતા. બંગલાની આગળના ખુલ્લા બગીચામાંથી, સૌની વિનંતીથી દરિયાલાલ ઉપર પણ દૃષ્ટિ કરતા અને સૌને સ્મૃતિ આપતા. ૫-૦૦ વાગે ફરીથી પટેલ સમાજમાં પધારતા. મંદિરમાં સંધ્યા આરતી કરી, ઉતારે આવે. આમ, આખા દિવસનો કાર્યક્રમ રહેતો. રાત્રે જાહેર સત્સંગ સભા મંદિરમાં થતી, જેમાં પ્રમુખસ્વામી અને સંતો પધારતા.

અક્ષરધામનું પલેન !

તા. ૧૨મીએ સવારે, પટેલ સમાજમાં 'શ્રીહરિલીલાકલ્પતરુ'ની પારાયણનો પ્રારભ થયો.

કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'અક્ષરધામના પ્લેનમાં અમે માંઝાથી અહીં આવ્યા. શાથી અક્ષરધામનું ? કોઈ બૈરું અંદર નહિ. બૈરાં હોય તો મારી પાડે, અપવાસ પડે. અમે રાજકોટથી છૂટ્યા ત્યારથી પ્લેનમાં એક બૈરું પેસવા દીધું નથી !'

કથામાં ૧૨-૩૦ થઈ ગયા. અહીંથી મંદિરે દર્શન કરી, ઉતારે જવાનો કાર્યક્રમ હતો. પણ મોડું થઈ ગયું હતું. છતાં સ્વામીશ્રી કહે : 'મંદિરે દર્શન કરવા જવું જ જોઈએ. મંદિર માટે તો આપણે આવ્યા છીએ. બે ટાઈમ જવું જ જોઈએ.'

'બાપા ! ઠાકોરજી પોઢી ગયા હશે.' અમે કહ્યું.

'ઉઘડાવશું, આપણું મંદિર છે. પણ બે ટાઈમ મારે દર્શન કરવાં જ જોઈએ. સાંજે આરતી કરવા પણ આવીશું.' એમ કહી મંદિરે પધાર્યા. દર્શન કરી, ઉતારે ગયા.

પ્રભુપદને ઈચ્છે તો કર સંતનું પારખું

સાંજે ૪-૩૦ વાગે રવિભાઈ પંડ્યાને બંગલે-ઉતારે કથાના પ્રસંગમાં સ્વામીશ્રીએ સંતો પાસે કીર્તન ગવડાવી વાત કરી :

'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...
ભાત દેખી ભૂલે નહિ અનુભવ ઉજાસે રે...'

'ભાત એટલે ભગવાં; કોઈ સંન્યાસી-મહાત્મા હોય, કોઈ સ્વામિનારાયણના સાધુ ભગવાંધારી હોય, તેને દેખી ભૂલો ન પડે. એકબીજાને ઓળખી લ્યે. 'તુમ ભી આવ જા, તુમ ભી આવ જા,' – એમ ભૂલો ન પડે.

'કોઈ શ્લોકોના, શબ્દોના ઝપાટા મારે પણ તેમાં ભૂલો ન પડે. તે ગમે તેવું બોલે પણ એકડા વગરનાં મીંડાં. એક મહાત્મા ભગવાનની વાત કરતા હતા, પણ કયા ભગવાન એ વાત ન આવે. (ભગવાનની) આરતી ઉતારવા ન આવ્યા. એમ એવાને દેખીને ભૂલો ન પડે.'

આજે રવિભાઈના બંગલાના કમ્પાઉન્ડમાં સ્વામીશ્રી ખુરશીમાં ફરતા હતા. ખુરશી ઊંચી કરી, સૌ સ્વામીશ્રીને દરિયો બતાવી રહ્યા હતા. સામે કિનારે નારિયેળીનાં અસંખ્ય ઝાડ દેખાતાં હતાં. તે જોઈ સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'આ દરિયામાં ઊગ્યાં છે...!'

સૌ હસી પડ્યા, સાથે સ્વામીશ્રી પણ !

મહારાજ ને સંતો રાજી થઈ ગયા

દરરોજ સાંજની સભામાં બાળકો-યુવકો જુદા જુદા કાર્યક્રમો સ્વામીશ્રી સમક્ષ રજૂ કરતા. અહીં યુવકોની સંખ્યા ઘણી મોટી અને સૌને અનેરો ઉત્સાહ. સંવાદ, રાસ, કીર્તનગાન, યોગાસનો અને અંગ-કસરતના સુંદર પ્રયોગો, રાઠોડ સાહેબ અને રમણિકભાઈના માર્ગદર્શન નીચે યુવકો રજૂ કરતા. લેઝીમ, લાઠીદાવ, ડંબેલ્સ, પિરામિડ્સ, સળગતી રીંગમાંથી પસાર થવું તથા બૅલેન્સના અદ્‌ભુત પ્રયોગો આશ્ચર્યપૂર્વક નિહાળી સ્વામીશ્રી અતિ પ્રસન્નતા બતાવતા.

પોતાની જેવી છે એવી આવડતથી સ્વામીશ્રીને રાજી કરવાના એકમાત્ર તાનને લીધે, યુવાનોનું આ લૌકિક કૌશલ્ય પણ સ્વામીશ્રી સ્વીકારી લેતા. ઉત્સાહ પ્રેરતા. રાજીપો વરસાવતા. પોતાની સાથે બેઠેલા સંતોને પણ સ્વામીશ્રી આ કાર્યક્રમો તરફ ધ્યાન દોરી, દેશમાં પણ યુવાનોને આ રીતે તૈયાર કરવા આદેશ આપતા.

પટેલ સમાજમાં સાંજની સભામાં યુવકોના રાસના કાર્યક્રમ બાદ, આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આજે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદા બધા અહીં રાસ જોવા આવ્યા હતા. બધા સભામાં હાજર હતા. તમને દેખાય નહિ. બધા રાજી થઈ ગયા. આટલે દૂર દેશ આવી ભક્તિ જોઈને રાજી થઈ ગયા. જેવા મહારાજ છતાં સંતો રમતા એવો જ રાસ સૌ સંતો-હરિભક્તો રમ્યા.' એમ અંતરના આશીર્વાદ આપ્યા.

રાત્રે ઉતારે કથા પ્રસંગમાં વાત આવી કે 'ભગવાન વિના બીજા ઘાટ ન કરવા.' એ અનુસંધાનમાં એક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! ભગવાન વિના બીજા કયા ઘાટ હશે ?'

'ગુરુ ! તમે કરો છો એ !' સ્વામીશ્રીના શીઘ્ર ને સચોટ ઉત્તરથી સૌ હસી પડ્યા.

અત્રેનાં દૈનિક અંગ્રેજીપત્રો – 'ડેઇલી નેશન' અને 'ઈસ્ટ આફ્રિકન સ્ટાન્ડર્ડ'માં મોમ્બાસામાં સ્વામીશ્રીના આગમનના સમાચાર ફોટાઓ સાથે વિગતે પ્રકાશિત થયા હતા. આ સમાચારથી મોમ્બાસાનાં તથા કેન્યાનાં અન્ય ગામોમાંથી મુમુક્ષુઓ સ્વામીશ્રીનો લાભ લેવા આવી પહોંચ્યા.

પટેલ સમાજમાં સવાર-સાંજ કથા પ્રસંગમાં સ્વામીશ્રી આશીર્વચનો અવશ્ય વરસાવતા; પણ સભા પ્રસંગ અને સમય જોઈને વાત કરવાની એમની ખાસિયત હતી. સમય બહુ થઈ ગયો હોય તો બે-પાંચ મિનિટમાં જ આશીર્વાદ આપે, પણ સૌને બ્રહ્મરસથી તર કરી દે. એમનાં ટૂંકાં સંબોધનોમાં પણ નાના-મોટા સૌનાં મર્મસ્થાનને સ્પર્શવાની શક્તિ હતી. સમય હોય તો ઝાઝું પણ કહે, એમાં પણ સૌ મગ્ન બની જાય.

શીખવતો એ દાન દેવાનું

બીજે દિવસે સવારે મંદિરે જતાં મોટરમાં સ્વામીશ્રી ભટેસાને કહે : 'આજે આફ્રિકાના હરિભક્તોને ભેગા કરવા છે. અને દેશના બધા હરિભક્તોને ભેટ

આપવાની છે, શું ? બધાને યાદગીરી રહે, સ્મૃતિ રહે. ફરી પાછા આ દેશમાં કોઈ આવવાના નથી. આ તો આપણે આવવાના હતા તે બધા આવ્યા. મારે તો પહેલેથી જ બધાને આપવાની ટેવ. કોઈ ગરીબ હોય, કોઈને કાંઈ હોય, પણ હું બધાંને મદદ કરું. બધાંને રાજી કરું.'

કાગ બાપુએ ખરે જ કહ્યું છે –

'જોગીડો દેતો દેતો ને દેતો, એનો કાંઈ ન બદલો લેતો.'

પધરામણીની ભેટ

અહીં ચાંગાના જયંતીલાલ અંબાલાલ પટેલને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ મળ્યો. કુસંગનો યોગ થવાથી તેમણે દારૂ-માંસ લેવાનું ફરી ચાલુ કરી દીધું હતું. સ્વામીશ્રીએ એક દિવસ તેમને હેતપૂર્વક ગળે હાથ ફેરવી, કંઠી ન જોતાં કંઠી પહેરાવી કહ્યું : 'દારૂ ન પીવો ને માંસાહાર ન કરવો. એ કુટેવ છોડી ઘો.'

તેમણે તરત જ સ્વામીશ્રીની આજ્ઞા શિર પર ધારી. અને પ્રાર્થના કરી : 'બાપા ! મારા ઘરે પધરામણી કરશો ?'

સ્વામીશ્રી કહે : 'છાંટો-પાણી ન લ્યો. તમે ધર્મ-નિયમ પાળો, રોજ પૂજા કરો, શિક્ષાપત્રી વાંચો, રોજ મંદિરે જાવ અને રવિવારની સભા કરો, તો અમારી પધરામણી જ કરાવી છે એમ માનીશું.' એમ ખૂબ રાજીપો જણાવ્યો.

પોતાના ભલા માટે સ્વામીશ્રીનો આવો આગ્રહ જોઈને તેમણે તમામ નિયમો શિર સાટે પાળવાનો નિર્ધાર કર્યો અને ચુસ્ત સત્સંગી બની બધા જ નિયમ-ધર્મનું પાલન કરતા થઈ ગયા.

અહીં એક હરિભક્તને સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે કોણ છો ?'

'બાપા ! હું તો ગુરુય નથી, ને સદ્‌ગુરુય નથી !'

'કોઈનો ચેલોય નથી.' વાક્યની આ રીતે એકાએક પૂર્તિ કરતાં સ્વામીશ્રી બોલ્યા. બધાને આનંદ કરાવ્યો.

બપોરે ૧-૩૦ વાગે, કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'વચનામૃત પરાવાણી હૃદયમાં ઊતરી હોય તો આ ત્રણ વાનાં આવે : ૧. કોઈનો અવગુણ ન આવે. ૨. મહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી; મૂળ અક્ષર ગુણાતીત સ્વામી; ને એકાંતિક મોક્ષનું દ્વાર; આ ઉપાસના સમજાય. ૩. સત્સંગને દિવ્ય જાણે, કમળાદૃષ્ટિ નહિ. કમળો થયો હોય તે બધાને પીળા દેખે.'

મનનો ઘાટ શું ?

પછી વચનામૃત ગ.પ્ર. ૧૬ વંચાવતાં સમજાવ્યું કે –

'મનના ઘાટ ભેળા ભળી જાય નહિ.' આનો અર્થ શું ? ઉપાસ્યમૂર્તિ સર્વોપરી મહારાજ છે, તે ફરવા દેવું નહિ. ગુણાતીતને બીજા સાધુ જેવા સમજે, તે મનના ઘાટ ભેળો ભળ્યો કહેવાય. સંપ્રદાયવાળા આવું સમજે છે.

'ભગવાન ને સત્પુરુષમાં મનુષ્યભાવ ન આવે તે મનના ઘાટ ભેળો ભળ્યો ન કહેવાય. ભગવાન મિલકત લઈ લ્યે, તો 'આ તમારો સત્સંગ' - એમ મૂકીને વહ્યો ન જાય.

'ભગવાન ને સંત દયા કરે તો આવો ને આવો ભાવ કાયમ રહે.' સ્વામીશ્રીએ કહ્યું.

'દયા કેમ કરે ?' એક ભક્તે પૂછ્યું.

'અનુવૃત્તિ ને ભક્તિથી.'

આ અરસામાં, લંડનમાં મંદિર માટે ચર્ચની જગ્યા જયંતીભાઈ ચાવાળાએ જોઈ. ૧૩,૫૦૦ પાઉન્ડની કિંમત હતી. મંડળે ૯,૫૦૦ પાઉન્ડની ઑફર મૂકી. એ રાત્રે જયંતીભાઈને સ્વામીશ્રીએ સ્વપ્નમાં દર્શન દીધાં અને કહ્યું : 'આ ચર્ચ મંદિર કરવા માટે કાલે નવ હજાર પાઉન્ડમાં મળશે.'

બન્યું પણ એમ જ. ચર્ચની કમિટી, આવેલી ઑફરથીયે નીચેના ભાવે - ૯,૦૦૦ પાઉન્ડમાં મિલકત આપવા સંમત થઈ. આ ચમત્કારિક ઘટનાથી લંડનના ભક્તો ખૂબ ઉત્સાહિત થયા.

તા. ૧૪મીએ લંડનથી મેઘાણીનો પત્ર સ્વામીશ્રી ઉપર આવ્યો. તે સભામાં વંચાયો : 'બાપા ! આપ રાતે જયંતીભાઈને ઘેર લંડન આવ્યા ને હૉલ લેવાની વાત કરી, તો અમને સીધું કેમ ન કહ્યું ?'

'બાપો તો સૂતો'તો !' સ્વામીશ્રી હસતાં હસતાં બોલી ઊઠ્યા.

પ્રકૃતિ-પુરુષ સુધીનો નાચ મટી જાય

સાંજે ૬-૦૦ વાગે પટેલ સમાજમાં, સભાને સંબોધતાં સ્વામીશ્રી કહે :

'યુવક મંડળે લાકડીનો કાર્યક્રમ સારો કર્યો. આવો કાર્યક્રમ ક્યાંય જોવામાં આવતો નથી. શીખવાડનાર રાઠોડ સાહેબ જબરા છે. શીખનાર યુવકો પણ જબરા છે.

'ગુણાતીત સ્વામી સોરઠ દેશમાં ફરતા હતા. એક વખત સ્વામી ઘોડીએ બેસીને જતા હતા. વચ્ચે એક નટનું ગામ આવ્યું. પાંચ-પચાસ સાધુ, મનજી ઠક્કર વગેરે હરિભક્તો સાથે હતા. એક નટનો છોકરો, સ્વામીની આગળ ગુલાંટ ખાઈને નાચ કરતો કરતો એક ખેતરવા સુધી ચાલ્યો. સ્વામી પ્રસન્ન થયા. દૃષ્ટિમાં આવી ગયો. તેમણે કહ્યું : 'હવે આને નાચ કરવો મટી ગયો. લાવો, પ્રસાદીના દાળિયા આપીએ.' છોકરાનો સમો પાકી ગયો. નાચ તો બધે કરતો હતો, પણ આજે ગુણાતીતની દૃષ્ટિમાં આવી ગયો, તો પ્રકૃતિ-પુરુષ સુધીનો નાચ મટી ગયો. આત્યંતિક કલ્યાણ - મોક્ષ થઈ ગયો. સત્પુરુષ ને ભગવાન તો દેવા જ બેઠા છે. કોઈ ક્યાંથી, કોઈ આસનથી, કોઈ માળાથી, કોઈ લાકડી દાવોથી, કોઈ ડંબેલથી રાજી કરે.

'શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ વગેરે સદ્‌ગુરુઓ સભામાં બેઠા છે ને આપણને દર્શન દે છે. આ કાર્યક્રમ જુએ છે.

'સંતસભામાં શ્રીપુરુષોત્તમ, અખંડ રહે અવિનાશી રે.'

'મુક્તાનંદ સ્વામીએ આ કહ્યું છે. અખંડ રહે એટલે, આવે ને જાય એમ ને ? કાયમ રહે.

'કાલે શ્રીજીમહારાજનો જન્મ દિવસ ઊજવી લઈએ. તો અઠે દ્વારકા પૂરી થઈ.

'બધાની સેવા કરવી, તો ગુણ લઈને જાય. લોભ પાપનો બાપ છે, તે ન કરવો. તન, મન અને ધન સ્વામિનારાયણનું, શાસ્ત્રીજી મહારાજનું છે, એમ માની સેવા કરવી.'

પુરુષોત્તમ નારાયણનો પ્રાગટ્ય ઉત્સવ

સં. ૨૦૨૬, ચૈત્ર સુદ ૯, તા. ૧૫-૪-'૭૦, શ્રીજીમહારાજનો ૧૯૦મો જન્મ જયંતી મહોત્સવ. સ્વામીશ્રીને મન અતિ આનંદ-મંગલ દિવસ. કેટલાય દિવસથી પોતે આ ઉત્સવની જાહેરાત કરતા હતા. આજે સ્વામીશ્રીની આજ્ઞાથી લગભગ એક હજાર જેટલાં બાળકો, યુવકો તથા બાઈ-ભાઈ હરિભક્તોએ નિર્જળા ઉપવાસ કર્યા ! સૌને સ્વામીશ્રીને રાજી કરવાની હોંશ હતી. એટલે સૌનાં ચહેરા ઉપર આજ્ઞાપાલનનો આનંદ અને તપનું તેજ ચમકતાં. પટેલ સમાજમાં સવારની સભાને અંતે, લગભગ બપોરે ૧૨-૦૦ વાગે અમૃત વાણી ઉચ્ચારતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આવા પુરુષોત્તમ નારાયણ આજે પ્રગટ થયા. વૈરાટ બ્રહ્માએ પોતાની આવરદાના પચાસ વરસ ને દોઢ પહોર દિવસ શ્રીહરિની સ્તુતિ, પોતાના બ્રહ્માંડમાં પધારવા કરી. દાખડો એનો ને આપણે ફાવી ગયા.

'મોમ્બાસાની જનતા બધા લાભ લેવા આવજો. બીજે જન્મે સત્સંગમાં આવશે.

'જીવને જાવું હશે બીજે ત્રીજે રે, તોય જાવું પડશે રીઝે ખીજે રે.'

'અનંત કોટિ બ્રહ્માંડને તારવા મહારાજ પધાર્યા છે. બીજા અવતાર કાર્ય-કારણ અવતાર છે. ને આ તો સર્વોપરી અવતારી આવ્યા. દેશમાં શેરડી માટે કોસ જોડે, પણ ધોરિયામાં દીવેલો હોય એય વધી જાય. આપણે દીવેલાં જેવા.

'બ્રહ્માંડમાં આપણા તુલ્ય, ભાગ્યશાળી માનો એ જ મોટી ભૂલ્ય;
મુખોમુખ થઈ ઓળખાણ, કોઈ વાતની ન રહી તાણ.'

'અહીં પ્રધાનને મળવું હોય તો પહેલાં સેક્રેટરીને મળવું પડે. પ્રમુખસ્વામી દિલ્હી રાષ્ટ્રપતિને મળવા ગયા હતા. તે ત્યાં સાત ચોકી. છાતી ઠરી જાય એવડો બંગલો. સિપાઈ બંદૂકો લઈ ઊભા હોય. હડડ કરે. ચિઠ્ઠી બતાવે તો જવા દે. પછી બીજી ચોકીવાળો રોકે. એમ સામાન્ય માણસને મળવામાં સાત-આઠ ચોકી છે, તો પુરુષોત્તમ નારાયણને મળવા કેટલી ચોકી આડી આવે ? દેવતાઓથી પણ તેમની પાસે નથી જવાતું. તે શાસ્ત્રીજી મહારાજનો ને મહારાજનો આપણને સંબંધ થયો. તે આપણાં કેટલાં પુણ્ય ! ત્યાં ચોકી જ નહીં !

'આજે નિર્જળા ઉપવાસ. એક હજાર હરિભક્તો ને યુવકો અહીં નિર્જળા એકાદશી કરી રહ્યા છે. અનંત એકાદશીનું ફળ.

'આણંદમાં શાસ્ત્રીજી મહારાજે વાત કરી હતી – જેને ઘેર ત્રણ દીકરા હોય તે એક દીકરો સાધુ થવા આપે. સંતો થાય તો કેવું કાર્ય કરે છે ! આખું હિન્દુસ્તાન ડોલાવે છે. હવે લંડન ડોલાવશે. અમેરિકા વાટ જોઈ રહ્યું છે. ડર્બન, રોડેશિયા વાટ જોઈ રહ્યું છે.

'ખેતરો ખાલી પડ્યાં છે. મુમુક્ષુ ઘણા છે. સંતો દ્વારા તે ખેતરો ખેડાશે. આખા દેશમાં સ્વામિનારાયણ જેવો ઊજળો કોઈ ધર્મ નથી. એક રૂપિયો નાખે ને હજાર રૂપિયા મળે તેવું છે.

'એક કુંભારને રૂપિયાની ટિકિટમાં તેર હજારની લૉટરી લાગી ગઈ. સિપાઈએ કહ્યું : 'રૂપિયા લઈ જાવ.' આટલા રૂપિયા તેણે જિંદગીમાં જોયેલા નહિ, તેથી ગાંડો થઈ ગયો. તે દી ચાંદીના સાચા રૂપિયા હતા. આનું કમળ ખસી

ગયું. કોઈએ કહ્યું : 'આને બેન્ક બતાવીએ.' પછી બૅંકમાં લાખો રૂપિયા બતાવ્યા. ત્યારે તેને થયું : 'મારા તેર હજાર તો કાંઈ નથી.' એમ ઠેકાણે આવી ગયો.

'આપણને લાભ મોટો થયો છે. ગાંડા થઈ જઈએ. કોઈને ન ગણીએ. તમે બધા બ્રહ્માંડાધિપતિઓ આવ્યા છો. જીવ જેવા કરી નાખ્યા છે.

'આ તિથિ ને આ વાર બધા ડાયરીઓમાં લખી રાખજો. તમારાં છોકરાંનાં છોકરાં પચીસ-ત્રીસ વર્ષે વાંચશે.

'આ લાભ, આ પ્રાપ્તિ, આ જોગ, ફરી નહિ મળે.

'પ્રમુખસ્વામી દ્વારા બસો સંતો કરવા છે. અમેરિકામાંય મંદિર કરવું છે.'

મેરે વચન અચલ ઉર રાખત

આ અરસામાં સ્વામીશ્રીના જન્મ સ્થાન ઉપર ધારી ગામમાં હરિમંદિરનું આયોજન ચાલી રહ્યું હતં. બપોરે ગોંડલથી ટપાલમાં એના નકશા આવ્યા હતા. હર્ષદભાઈ દવેના હાથમાં નકશા હતા. સ્વામીશ્રીને કાંઈ ખ્યાલ નહોતો. એટલે સહેજે પૂછ્યું : 'આ શું છે ?'

'લ્યો, બાપા !' એમ કહી તેઓ આપવા જતા હતા ત્યાં મગનભાઈ સેક્રેટરી વચ્ચે બોલી ઊઠ્યા : 'બાપા ! ધારીના નકશા છે.'

સ્વામીશ્રીએ લંબાવેલો હાથ વીજળીનો ઝાટકો લાગે એમ પાછો ખેંચી લીધો ને એને અડવાનીયે અનિચ્છા છુપાવતાં, વાત વિસારે પાડતાં કહ્યું : 'મગનભાઈ બહુ સારા.'

નિયમ-ભંગના એક મહાન દોષમાંથી જાણે મગનભાઈએ બચાવી લીધા હોય એવા આભારની લાગણી એમના મુખ ઉપર ઊપસી આવી હતી. સાથે નિરાંત પણ કે જાણે અગ્નિમાં હાથ પડતો બચી ગયો હોય !

ધર્મ ઘેર આનંદ ભયો, જય ઘનશ્યામ લાલ કી

રાત્રે ૮-૦૦ પછી પટેલ સમાજમાં મહોત્સવ રાખવામાં આવ્યો હતો. શહેરમાંથી તથા ગામોગામથી હજારો ભક્તો આ ઉત્સવમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા.

મહંત સ્વામી અને સંતો તથા યુવકોએ મળીને, મંચ ઉપર સુંદર ઝૂંપડી, પારણું વગેરે ગોઠવી - છપૈયાનું દશ્ય ખડું કર્યું હતું. ફૂલછોડ તથા વીજળીનાં તોરણોથી આબેહૂબ સજાવટમાં અભિવૃદ્ધિ કરી હતી. ઠાકોરજી પારણામાં ઝૂલી

રહ્યા હતા.

સૌ પ્રથમ સ્થાનિક યુવક મંડળે ધૂન અને કીર્તનથી ઉત્સવની શરૂઆત કરી. નૈરોબી યુવક મંડળે પણ કીર્તન-ભક્તિનો લાભ આપ્યો. આનંદ-ઉત્સવના ચિહ્‌ન સમો સુંદર રાસ, મોમ્બાસાના યુવકોએ રજૂ કર્યો. હકાભાઈ, ત્યાગવલ્લભ સ્વામીએ અને પ્રમુખસ્વામીએ શ્રીજીમહારાજનાં જીવન અને કાર્યને સંક્ષિપ્તમાં આવરી લેતાં પ્રેરક પ્રવચનો કર્યાં.

આવા ઉત્સવોમાં ઘનશ્યામચરણ સ્વામીનું નૃત્ય સંકીર્તન તો સ્વામીશ્રીની પ્રેરણાથી હોય જ. સભા ભક્તિભાવમાં ગરકાવ થઈ જતી. ષોડશોપચારથી ઠાકોરજીનાં પૂજન પછી સ્વામીશ્રીએ જન્મોત્સવની આરતી ઉતારી. એ સમયનું દૃશ્ય અલૌકિક બન્યું હતું. શણગારેલા પારણામાં ઝૂલતા હરિકૃષ્ણ મહારાજ સામે પંચાજીરી અને મેવા-મીઠાઈના ભાત-ભાતના થાળ ધરાવેલા અને સ્વામીશ્રી મુજરા કરતાં આરતી ઉતારતા હતા. દિવ્યતાથી સમગ્ર વાતાવરણ છવાઈ ગયું હતું. સૌનાં મન માયાના ભાવથી મુક્ત બની, પરમાત્માના પરમ સુખમાં મુગ્ધ બન્યાં હતાં. શ્રીહરિના પ્રાદુર્ભાવનો - સંત દ્વારા પ્રગટપણાનો ભાવ-અનુભવ સૌ કોઈનાં મુખ ઉપર ઊપસી આવતો હતો. આ અનુભવ એ જ પ્રાપ્તિ, એ જ આનંદ, એ જ ઉત્સવનું ફળ. પ્રગટ સંત દ્વારા શ્રીહરિની પ્રપ્તિની તૃપ્તિ અનુભવતા ભક્તો જ ઉત્સવની યથાર્થ ઉજવણીના સાક્ષી હતા.

*‘ધર્મ ઘેર આનંદ ભયો, જય ઘનશ્યામ લાલ કી’*ના પુકારો, ઝાંઝ-પખવાજના રણકારો અને જયનાદોથી માંગલિક વાતાવરણ જામ્યું હતું. આખરે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા સૌ તત્પર થયા અને સભા મૂળ સ્વરૂપમાં ગોઠવાઈ ગઈ.

સંતોએ *‘સોનાના બોર ઝૂલે...’* જન્મોત્સવનું કીર્તન ઝિલાવ્યું. પછી રાત્રે ૧૦-૨૦ વાગે સ્વામીશ્રીએ આશીર્વચન ઉચ્ચાર્યાં :

‘શ્રીજીમહારાજનો જન્મ દિવસ ઊજવ્યો. આ સમય, દિવસ સંભારી રાખજો. કોઈ દેશકાળ આવે તો આ સમૈયો સંભારશો, તો દેશકાળ ઊડી જશે. શ્રીજીમહારાજ, ગુણાતીત સ્વામી આખા દેશની રક્ષા કરશે. તમારાં હૃદયમાં મહારાજ બિરાજમાન રહે, તે સર્વેને આશીર્વાદ છે. આ આશીર્વાદ ફળીભૂત થશે. એમાં શંકા ન રાખવી.’

સ્વામીશ્રીનાં વચનોમાં આશીર્વાદની સિદ્ધિનો રણકાર નીકળ્યો. આમ કેમ ? કદાચ કોઈના મનમાં સંદેહ થાય કે ‘આશીર્વાદ આપવાનો તો સ્વામીશ્રીનો

ધર્મ છે, એ ફળે અને ન પણ ફળે.' એવો સંશય ઊઠે એ પહેલાં જ જાણે ડામી દેતા હોય એવાં વચનો સ્વામીશ્રીએ ઉચ્ચાર્યાં.

મોટાપુરુષના આશીર્વાદ કદી અફળ જતા જ નથી; પણ શ્રદ્ધા અને વિશ્વાસથી એને સ્વીકારવા, એ મહત્ત્વની વાત છે. એમના શબ્દમાં જેટલી નિષ્ઠા, એટલી એની સિદ્ધિ જરૂર અનુભવાય છે. ભક્તપણાની-સચ્ચાઈની આમાં ખરેખરી કસોટી રહેલી છે. વિશ્વાસનું અંગ દૃઢ કરાવવા પણ સ્વામીશ્રીએ આવી ખુલ્લી ટકોર કદાચ કરી હોય !

પટેલ સમાજમાંથી સ્વામીશ્રી સંતો સહિત મંદિરે પધાર્યા. શાસ્ત્રી નારાયણ ભગત પાસે વેદગાન કરાવ્યું. મંદિરમાં જન્મોત્સવ બાકી હતો. એટલે વેદના શાંતિમંત્રો સાથે, સંસ્કૃત વાઙ્મયના મંગળ વાતાવરણમાં જન્મોત્સવ ઊજવ્યો. ઠાકોરજીની આરતી ઉતારી અને સ્વામીશ્રીએ એકાએક સભામાં જાહેરાત કરાવી : 'આજે હજાર જણને નિર્જળા ઉપવાસ છે. સવારે શરબત અને ખીચડી મળશે – એમ કહો.'

નાના-મોટા ઉપવાસી વ્રતધારીઓની કેટલી કાળજી ! પોતાની આજ્ઞાથી સૌએ નિર્જળા ઉપવાસ કર્યો છે, એની ખુશાલીની જાહેરાત હતી. ઉત્તમ ઘટનાઓની પ્રસંગોચિત જાહેરાત કરાવવાનું સ્વામીશ્રી ચૂકતા નહિ.

મોડી રાત્રે ઉતારે આવી પહોંચ્યા.

બીજું મને આપશો મા

બીજે દિવસે સવારનો સભાનો કાર્યક્રમ પૂરો કરી સ્વામીશ્રી ઉતારે - રવિભાઈ પંડ્યાને બંગલે પધાર્યા. એમના બંગલાના પોર્ચમાં મોટર ઊભી રહી. સ્વામીશ્રી ઊતર્યા અને નારાયણ ભગતના હાથનો ટેકો લેતાં અચાનક તેમને પૂછ્યું : 'તમારે શું લેવું છે ? ધાબળી, પેન વગેરે જે લેવું હોય તે મને કહો, તો હું લાવી આપું.'

થોડી ક્ષણો થંભીને નારાયણ ભગતે કહ્યું : 'બાપા ! કંઈ જોઈતું નથી. પણ આપ જ કહો કે શું લેવા જેવું છે ?'

'ભગવાનની મૂર્તિ.' હાથના એક હળવા ઝાટકા સાથે, હસતાં વદને, સહસા એક વેપારીની અદાથી સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

વેપારીને પોતાનો જ માલ સારામાં સારો લાગે અને એ ખપાવવાનો એને જેટલો ઉત્સાહ હોય એના કરતાં પણ કોઈ અજબ ઉમંગથી સ્વામીશ્રી

બોલ્યા. અને એ માલના પોતે જ એકમાત્ર મુખ્ય વિક્રેતા (Sell Agent) હતા. કારણ, દુનિયાની બજારમાં પણ એ શોધ્યો જડે એમ નહોતો. મૉનોપોલી બિઝનેસમૅનની જેમ પોતાના માલનો પ્રચાર કરવાનો સ્વામીશ્રીનો કેફ કાંઈ જુદો જ જણાતો હતો. આવા પ્રસંગે સહેજે જ જણાઈ આવતું કે આ પુરુષને મહારાજની મૂર્તિ વિના કશામાંય રસ નથી. અને પોતાના આશ્રિતને પણ એ જ આપવાનું તાન છે.

દેશથી એક હરિભક્ત આજે સ્ટીમરમાં અહીં આવી પહોંચ્યા. સાથે અક્ષર દેરીની પ્રસાદી લાવેલા. એ જોતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ગોંડલથી ડબો ભરીને પ્રસાદી આવી છે. અહીંના હરિભક્તોને ગોંડલની પ્રસાદી ક્યાંથી મળે ? ક્યાં ગોંડલ ને ક્યાં મોમ્બાસા ? કસ્ટમવાળાએ પ્રસાદીના ૪૦ શિલિંગ લીધા, પણ લાખ શિલિંગની પ્રસાદી છે ! બધાને કણકો કણકો આપો. પ્રસાદીથી અંતર ટાઢું થઈ જાય.'

દેહરૂપી દેશ સૌને છોડવાનો છે

સાંજે ૫-૧૦ વાગે ઉતારે, યુવક મંડળની સભા સમક્ષ સ્વામીશ્રીએ વાત કરી :

'આ દેશમાં કોઈ પચાસ વરસથી આવ્યા હશે, કોઈ મિલમાલિક હોય, પણ દરેકને નોટિસ આવી છે કે દેશ છોડી ચાલ્યા જાવ. રહેવા દેતા નથી. આપણો દેશ - આ દેહ, તેમાંય રહેવાય એવું છે ? નાના, મોટા કે પ્રૅસિડન્ટ કોઈ આવરદા લખીને આવ્યા છે ? સાધુ, મહાત્મા આવરદા લખીને આવ્યા છે ? દેહ છોડીને ચાલ્યા જવાનું, તેમાં જેટલો સત્સંગ કર્યો, મોટાપુરુષની ને ભગવાનની આજ્ઞા પાળી, તેટલું કામનું. આ બ્રહ્મવિદ્યાની કૉલેજમાં દાખલ થયા. ઇંગ્લિશ, ઉર્દૂની ઘણી કૉલેજો છે, પણ આ બ્રહ્મવિદ્યાની જુદી. આમાં તો ફર્સ્ટમાં જ પાસ થવાનું. સેકન્ડ, થર્ડનું કામ નહિ. સત્સંગ બરાબર રાખવો. તિલક-ચાંદલા કરવા. ત્રણ ભાઈઓમાંથી એકે સાધુ થવા આવવું.'

પૂર્વ આફ્રિકાના આ વખતના પ્રવચનમાં, નાની-મોટી યુવક સભામાં, સ્વામીશ્રી યુવકોને સાધુ થવાનો આદેશ અચૂક આપતા. ઘણી વાર વડીલો પણ આ સભામાં બેઠા હોય. આ વાત સ્વામીશ્રી સહેજે જ વહેતી મૂકતા. જાણે આફ્રિકામાં મુમુક્ષુઓને ખોળવા જ ખાસ સ્વામીશ્રી આવ્યા હોય, એમ આ વાત ઉપર વારંવાર મુકાતા ભારને કારણે જણાઈ આવતું.

દિવ્યભાવ રાખે તો ગાઢ પ્રીતિ થાય

પછી ૫-૪૫ વાગે પટેલ સમાજમાં પધાર્યા. આજે પારાયણની પૂર્ણાહુતિ હતી. એ નિમિત્તે ગઢડા પ્રથમનું પહેલું વચનામૃત વંચાવી વાત કરી :

'પહેલું વચનામૃત વાંચ્યું. છેલ્લો હરજી ઠક્કરનો પ્રશ્ન છે. સત્સંગ ઘણા વખતથી કરીએ છીએ, પણ ગાઢ પ્રીતિ કેમ થાતી નથી ? ગાઢ પ્રીતિ એટલે ઘાટી પ્રીતિ. ઉપલક પ્રીતિ તો સૌને હોય, પણ જુસ્સાબંધ પ્રીતિ સંતમાં કેમ થાય ? મહારાજ જવાબ આપે છે કે વાતના કરનારા સાધુનો અવગુણ લે છે. તેથી ગાઢ પ્રીતિ થાતી નથી. સ્વભાવ મુકાવવા સારુ સંત વાત કરે. દિવ્યભાવ રાખે તો ગાઢ પ્રીતિ થાય.

'ભગવાન ને સંતમાં અખંડ પ્રીતિ કરવાની જરૂર છે. વ્યવહારમાં, દીકરામાં કેવી પ્રીતિ છે ?

'ભાલ દેશમાં એક દરબાર મૂળુભા હતા. તેમના છોકરાનો હાથ કમાડમાં કચરાણો ત્યાં દરબારે રાડ નાખી : 'ઓય મારા બાપલિયા !' છોકરો તો કાંઈ બોલ્યો નહીં. કોઈએ પૂછ્યું : 'દરબાર ! તમે કાં રાડ પાડો ?' આનું નામ ગાઢ પ્રીતિ.

'ભગવાન અને સંતમાં ગાઢ પ્રીતિ કરવી. તો જ આપણું આત્યંતિક કલ્યાણ થાય. એવી પ્રીતિની વાત કરીએ :

'મહારાજે ભાદરાથી અઢાર જણને કાગળ લખ્યો : 'બધાં કામ પડતાં મૂકીને, જ્યાં હો ત્યાંથી નીકળીને, જેતલપુર રામદાસ સ્વામી પાસે ત્યાગીની દીક્ષા લઈ ભુજ આવો.'

'આ કાગળ સુરા, અલૈયા, મામૈયા વગેરે મોટા મોટા દરબારો, બંધિયાવાળા ડોસાભાઈ વગેરે શેઠિયાઓ ઉપર પહોંચ્યો. બધા તૈયાર થઈ નીકળી પડ્યા. મેથાણના અજા પટેલના ભાણા કલ્યાણદાસનાં લગન થાતાં હતાં. ચોરીમાં બેઠા હતા. ત્યાં કાગળના સમાચાર આવ્યા. મહારાજે તેમનું નામ લખ્યું નહોતું, પણ અઢારનાં નામ લખી, 'એ આદિ' એમ શબ્દ લખ્યો હતો. એમ કહી પટેલે કહ્યું : 'હું આદિમાં આવી ગયો.' કહી બ્રાહ્મણને કહ્યું : 'રાખ્ય.' ત્રણ ફેરા ફર્યા હતા. ચોથે ફેરે વાડ ઠેકીને વયા ગયા.

'હિન્દુસ્તાનમાં આવું કાર્ય બન્યું નથી. બધા દીક્ષા લઈ ભુજ ગયા. ભુજમાં મહારાજ તેમને લેવા સામા આવ્યા. 'અહોહો ! મારી આજ્ઞા પાળી !' મહારાજ આ નવા પરમહંસની મંડળીથી એક ગાઉ દૂર હતા, ત્યાંથી દંડવત્ કરતાં લેવા

ગયા. સુરા, અલૈયા, વીરદાસ વગેરે પરમહંસો સામા દંડવત્ કરતાં આવતા હતા. મહારાજ તેમને બાથમાં ઘાલી મળ્યા. ભેટંભેટા થયા. મહારાજને હર્ષનાં આંસુ આવી ગયાં : 'આવા દરબારો ! મારી આજ્ઞા પાળીને આવ્યા.' કલ્યાણદાસે અદ્‌ભુત કામ કર્યું હતું, તેથી મહારાજે તેમનું નામ 'અદ્‌ભુતાનંદ' પાડ્યું.

'અલૈયા ગામના બે દરબારને ત્યાં પણ કાગળ ગયેલો. તે તૈયાર થઈ ગયા. તેમની માએ કહ્યું : 'આપણો બસેં વીઘાનો કપાસ છે, તે વીણી લઈને જાવ.' બન્નેએ વિચાર્યું : 'વીણી ક્યારે લેવાય ? મહારાજની આજ્ઞા તો તરત જ આવવાની છે.' તેથી ભરવાડને બોલાવી કહ્યું : 'તારી બસેં ગાયો લાવ ને અમારા ઊભા કપાસમાં મૂકી દે.' આમ, ખેતર બસેં વીઘાનું ભેળાવી દીધું ને પછી માને કહ્યું : 'મા ! ઓરડામાં કપાસ ભરી દીધો છે.' માએ કહ્યું : 'તો હવે જાવ.' એકે પહેરેલું કેડિયું કાઢવા માંડ્યું. બીજાએ કહ્યું : 'હવે ફરી ક્યાં પહેરવું છે ?' તે તોડીને હાલી નીકળ્યા.

'આ ગાઢ પ્રીતિ ! આવી પ્રીતિ થઈ છે કે નહિ તે વિચારવું. જો થઈ છે તો ફર્સ્ટ નંબરમાં, જો ન થઈ હોય તો કરવી.

'સો શાણાએ એક મત' એવું કરવું. જો ગાઢ પ્રીતિ થઈ જાય તો બેડો પાર. પછી આપણે થોડું ભણ્યા હોઈએ કે ઝાઝું ભણ્યા હોઈએ; આવડત ઝાઝી હોય કે થોડી હોય; થોડું કમાઈએ કે ઝાઝું કમાઈએ; તેનું કાંઈ નહિ. રોટલા તો ભગવાન ને સાધુને દેવા છે, તે દેશે, દેશે ને દેશે.'

સામે ક્ષીરસાગર હડૂડતો હતો. બદરિકાશ્રમને પણ ભુલાવે એવા સ્વામીશ્રીના અલૌકિક સાંનિધ્યમાં, અહીંનો કથા પ્રસંગ પણ કંઈક નવીન રીતે - દરેક વખતે આનંદદાયી બનતો.

પુરુષાર્થની અવધિ

તા. ૧૭મીએ બપોરે ૧-૫૦ વાગે, ગઢડા પ્રથમનું ૧૫મું વચનામૃત વંચાવી વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ભગવાન ને સંતમાં મનુષ્યભાવ આવી જાય એ ભૂંડા ઘાટ-સંકલ્પ. ઓલ્યા બીજા સંકલ્પો તો સત્પુરુષ ટાળી દે, પણ આ ટાળવા કઠણ છે.

'ભગવાનનો મોટો મહિમા એટલે શું ?'

'અક્ષરે સહિત પુરુષોત્તમનો મહિમા સમજવો એ મોટો મહિમા. ખાલી મહારાજનો મહિમા તો સૌ સમજે છે. આમાં પ્રગટનો સંબંધ આવ્યો. અક્ષરે

સહિત પુરુષોત્તમ મને મળ્યા છે – એમ પૂર્ણકામપણું માનવું.

'અક્ષરરૂપ થાય તો જ હૈયામાં ભગવાન ધરાય. ચંદ્ર ઉપર અમેરિકાના જનો ગયા. લાખો શિલિંગ ખર્ચ્યા તેમને તેનું માન આવ્યું : 'અમે ધૂળ લઈ આવ્યા.' સોનાની ઈંટ લાવે ત્યારે સાચી. પણ આપણે તેનો ગુણ એટલો લેવો કે એણે કેટલો દાખડો કર્યો ! તેમ આપણે પુરુષોત્તમની મૂર્તિ ધારવામાં દાખડો કરવો.'

કેવી ગુણગ્રાહક દૃષ્ટિ ! ચંદ્ર ઉપર પહોંચવાના પુરુષાર્થ જેટલો દાખડો પણ જીવ ભગવાનને પહોંચવા માટે કરે તો કેવું સારું ! પુરુષોત્તમ નારાયણને પામવાના પુરુષાર્થની સ્વામીશ્રીએ અવધિ આપી દીધી. ભગવાનના ધારક પ્રગટ સંત આજે પૃથ્વી ઉપર નયનગોચર હતા. એમને ઓળખવાની જ વાર હતી. એ જ મૂર્તિ હૃદયમાં ધારવાની હતી. પણ મહિમા સમજાવો જોઈએ.

સાંજે હિંદુ યુનિયનના આમંત્રણથી હિંદુ મંદિરમાં જાહેર સત્સંગ સભા હતી. યુનિયનના ઉપપ્રમુખ રમણિકલાલ પુજારા આ સભાના અધ્યક્ષ હતા. કાર્યકર્તાઓએ સ્વામીશ્રી અને સંતોને ફૂલહાર કર્યા. ધૂન, વેદગાન અને કીર્તન બાદ દેશથી આવેલા આશાભાઈએ સંત-મહિમાની વાતો કરી. સ્વામીશ્રીએ મોમ્બાસાની ભાવિક જનતા ઉપર આશીર્વાદ વરસાવ્યા. મંદિરનું વિશાળ પ્રાંગણ ભક્તજનોથી ભરાઈ ગયું હતું.

યોગી જયંતી ઉત્સવ

પોતાના ઇષ્ટ પાત્રને વધુ ને વધુ પ્રસન્ન કરવાના કોડ જાગે એવી ભક્તિના મંડાણ થયા પછી એનો કોઈ છેડો નથી. પ્રિયતમને કેમ રાજી કરું ? એ જ માત્ર શુભ વિચાર ભક્તનાં મનમાં ઘોળાયા કરે છે. અને નવા નવા મનોરથો જાગે છે. સ્વામીશ્રીને અત્યંત મહિમા-દૃષ્ટિથી જોતા સી.ટી. પટેલ અને મોમ્બાસા સત્સંગ મંડળે, એક તક ઝડપી લીધી.

થોડા સમય પછી સ્વામીશ્રીનો જન્મોત્સવ આવતો હતો. પણ એ સમયે તો સ્વામીશ્રી આફ્રિકા છોડી દેશમાં પહોંચી જવાના હતા. જન્મ જયંતી ઊજવવાનો લાભ આફ્રિકાના હરિભક્તોને કઈ રીતે મળે ? આવો અવસર કેમ જતો કરાય ?

ભગવાનના અખંડ ધારક - આ ગુણાતીત સંતને તો દેશકાળ બાધ કરતા નથી. એક અને અદ્વિતીય છે. ચિરંજીવ છે. અજન્મા છે. તો પછી તિથિ-વારનો

મેળ જોવા ક્યાં રહેવો ? સમય વર્તે સાવધાન. જ્યારે તક મળે, ત્યારે ઝડપી લેવી. એ ન્યાયે તા. ૧૮ એપ્રિલ, ૧૯૭૦, સં. ૨૦૨૬ના ચૈત્ર સુદ ૧૨નો દિવસ ધન્ય બન્યો !

મોમ્બાસાના હરિભક્તોએ આ અંગે તમામ તૈયારીઓ કરી હતી. આ મહોત્સવમાં અહોભાગ્ય મેળવવા, પૂર્વ આફ્રિકાનાં સમગ્ર કેન્દ્રોમાંથી હરિભક્તો ઉતાવળે આવી પહોંચ્યા હતા. બધી સગવડો ગોઠવાઈ ગઈ હતી. અહીંના અતિ વિશાળ લોહાણા ઍસેમ્બલી હૉલમાં, મહોત્સવનું સભા-સ્થળ નિશ્ચિત થયું હતું. મહંત સ્વામી અને સંતો તથા યુવકોએ સાથે મળીને હૉલ તથા મંચને સુંદર શણગાર્યા હતા. આસોપાલવ અને આંબાનાં તોરણો, ફૂલની હારમાળાઓ, ફૂલછોડનાં કૂંડાઓ, નારિયેળીનાં પંખાપર્ણો તથા કેળના સ્થંભોથી મંચની શોભા, કુદરતી-કોમળ રંગોથી વિવિધતા ભરેલી છતાં નયનરમ્ય બની હતી. શ્રદ્ધાની સુવાસ ચોતરફ સૌનાં મન પ્રફુલ્લિત કરતી હતી.

મંચના કેન્દ્રમાં એક સુંદર પુષ્પનો હિંડોળો પણ શોભી રહ્યો હતો. જેમાં મહોત્સવના પ્રાણ - સૌના જીવનપ્રાણ સ્વામીશ્રીને પધરાવવાના હતા.

સવારે ૧૦-૦૦ વાગે ઉત્સવની પ્રથમ સભાનો આરંભ થયો. સ્વામિ-નારાયણ મહામંત્રની ધૂન અનુપમ ભગતે ઝિલાવી. નારાયણ ભગતે વેદગાનથી સમગ્ર વાતાવરણને શાંતિમંત્રોથી વ્યાપ્ત કર્યું. મેં *'આંખથી યોગીબાપાને મેં જોયા'* એ કીર્તન ગાયું.

રવિભાઈ પંડ્યા, હર્ષદભાઈ દવે તથા પ્રકાશન સમિતિએ મળીને, આ પ્રસંગને અનુરૂપ, કેન્યાના ખ્યાતનામ દૈનિક 'ઇસ્ટ આફ્રિકન સ્ટાન્ડર્ડ'ની ૧૨ પાનાંની ખાસ પૂર્તિ, સ્વામીશ્રીનાં કરકમળોમાં અર્પણ કરી. ઠાકોરજી સહિત આ પૂર્તિનું પૂજન કરી, સ્વામીશ્રીએ તે ઉદ્‌ઘાટિત જાહેર કરી. સૌએ જયનાદોથી આ પ્રસંગને વધાવી લીધો.

ભગવાન સ્વામિનારાયણ અને એમના અનન્ય સંત - સ્વામીશ્રીનાં દિવ્ય જીવન અને કાર્યને પૂર્વ આફ્રિકા અને વિશ્વમાં પ્રસારવાને માટે, રવિભાઈ પંડ્યા અને મોમ્બાસા સત્સંગ મંડળનો આ અભિવંદ્ય પ્રયત્ન હતો. છેલ્લા બે માસથી સતત મહેનત કરી, રવિભાઈએ આ પૂર્તિ વિસ્તૃત માહિતી અને ફોટાઓ સાથે તૈયાર કરી હતી. સ્વામીશ્રીના અને સત્સંગના મહિમાને પોતાની પત્રકારત્વની ઊંડી સૂઝ દ્વારા, જનસમાજ સુધી પહોંચાડવાનો, રવિભાઈનો આ ઉત્સાહપૂર્વકનો પ્રયત્ન હતો.

મોટાપુરુષ અંતરથી આશિષ આપે

'જે કોઈ ભક્ત મને જે કોઈ ભાવે ભજે છે, એને હું આવકારું છું.' આવું ઝંખતા સ્વામીશ્રી આ સેવાથી ઘણા રાજી થયા હતા. મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા સર્વને સમજાય, એમાં પોતાને અતિ ઉમંગ અને બીજા એ પ્રયત્નમાં ભળે એવું કાર્ય કરે, તેને અપાર ઉત્સાહ પ્રેરવાનું સ્વામીશ્રી ચૂકતા નહિ. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આજે રવિભાઈ પંડ્યાએ દાખડો કરી શ્રીજીમહારાજનું જીવન ચરિત્ર બહાર પાડ્યું. અતિશય આનંદ આવી ગયો. આફ્રિકાની જનતાને લાભ આપ્યો. દરેકે છાપું લેવું. શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ. તેમના અને સંતોના ફોટા તેમાં છે, તે સંભારીએ તો આત્યંતિક કલ્યાણ થઈ જાય. દાખડો કરી આવો સમૈયો ઊજવ્યો તે અમારા અંતરના આશીર્વાદ છે. શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, જાગા સ્વામી બધાના આશીર્વાદ છે. તને, મને, ધને બધા સુખી થાવો. દેશમાં શાંતિ થશે. બધાની મહારાજ રક્ષા કરે.

આશીર્વાદથી કામ થાય છે

'ચાર વિદ્વાન બ્રાહ્મણો કાશીથી ભણીને આવતા હતા. રસ્તે એક ઝાડ સાવ સૂકાઈ ગયેલું હતું. ચારે વિદ્વાન સંજીવની વિદ્યા ભણીને આવેલા. ચારેયે વિચાર કર્યો કે 'આપણે આપણી વિદ્યા અજમાવીએ. આ ઝાડને સજીવન કરીએ.' એકે આશીર્વાદનો મંત્ર બોલી પાણીની અંજલિ છાંટી, ત્યાં તો લાકડાં આઘાંપાછાં પડ્યાં હતાં તે બધાં ભેગાં થઈ ગયાં. બીજાએ આશીર્વાદનો શ્લોક બોલી પાણીની અંજલિ નાખી, ત્યાં તો ઝાડ ઊભું થઈ ગયું. ત્રીજો જ્યાં આશીર્વાદનો મંત્ર બોલ્યો ત્યાં તો ઝાડ લીલું પલ્લવ થઈ ગયું. ચોથો મંત્ર બોલ્યો ત્યાં તો ઝાડ ઉપર ફળ આવી ગયાં. આશીર્વાદ આવું કામ કરે છે. આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ છે.

'મોટાપુરુષ બોલે નહિ, પણ અંતરથી આશીર્વાદ આપી હૃદયમાં શાંતિ કરી દે.

'રંગનાં કૂંડાં ન હોય, ચટકા હોય. આવો દાખડો કરી આવું કાર્ય કર્યું, તેનું ફળ મહારાજ આપશે.'

પછી સી.ટી. પટેલ, મહેન્દ્રભાઈ બૅરિસ્ટર, ત્રિભોવનદાસ પટેલ,

આશાભાઈ પટેલ, હર્ષદભાઈ દવે અને મહંત સ્વામીએ સ્વામીશ્રીની ગુણસંપત્તિનું ગાન કર્યું. લોહાણા કૉમ્યુનિટીના પ્રમુખ રણછોડભાઈ સવજાણીએ પુષ્પહાર અર્પણ કરી, સ્વામીશ્રીનું પૂજન કર્યું. પ્રસંગોચિત લાગણીઓ વ્યક્ત કરતાં તેમણે ખાસ જણાવ્યું કે 'યોગીજી મહારાજની જયંતી આ હૉલમાં ઊજવાય છે, તેથી અમારો હૉલ ધન્ય થઈ ગયો છે.' જો સ્થાવર સૃષ્ટિની ધન્યતા મનાતી હોય, તો ચિદ્‌સૃષ્ટિનું તો પૂછવું જ શું ?

સ્વામીશ્રી ફૂલના હિંડોળામાં, બાજુમાં પધરાવેલા હરિકૃષ્ણ મહારાજની હૂંફમાં, સંકોચાઈને બિરાજેલા હતા. સ્વામીને યોગ્ય ઉપકરણો સેવક શેં ભોગવી શકે ? – એવી કાંઈક મૂંઝવણ એમનાં સંકોચાતાં પ્રત્યેક અંગમાં દેખાતી હતી. આજુબાજુ પ્રમુખસ્વામી અને મહંત સ્વામી બેઠા હતા. સંતમંડળ વચ્ચે સ્વામીશ્રી વધુ શોભતા હતા. ભક્તો એમના સન્મુખ ચિત્રવત્ દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. સ્વામીશ્રીનાં અમૃત વચનો સાંભળવા સૌ તત્પર હતા.

દરેક ઉત્સવમાં આવી રોમાંચક ઘડી આવતી. જન્મોત્સવના અવસરે, સ્વામીબાપા શું બોલે છે ? શું આદેશ આપે છે ? શું આશીર્વાદ આપે છે ? એ જિજ્ઞાસા સૌ કોઈને રહેતી. પણ જેમણે ક્ષમા-તિતિક્ષામાં જ પોતાની સાધુતાની સિદ્ધિ સમાવી છે, એવા સ્વામીશ્રી સન્માનના આવા પ્રસંગોમાં અવિચલ રહેતા. સહજભાવે જ એમણે આજે પણ કલ્યાણ-વચનો ઉચ્ચાર્યાં.

સંબંધના ગુણાકાર

બપોરે ૧-૩૦ વાગે આજે અહીંના અંગ્રેજી છાપામાં પ્રગટ થયેલી ૧૨ પાનની પૂર્તિ વિશે સ્વામીશ્રીએ પૂછ્યું :

'આ છાપું આવ્યું તે મફત કે કાંઈ દેવું પડ્યું ?'

'બાપા ! અઢાર હજાર શિલિંગ જેવું ખર્ચ થયું.'

'વખત જતાં લાખ રૂપિયે આ કૉપી નહિ મળે.'

સ્વામીશ્રીએ પૂર્તિની કિંમત અનંત ગણી આંકી દીધી. કારણ, ભગવાન સ્વામિનારાયણ અને એના સંબંધવાળા સંતનો - પ્રગટનો મહિમા એમાં જાહેર થયેલો હતો.

સાંજે ૫-૦૦ થી ૬-૦૦ જન્મોત્સવની બીજી સભા મુખ્ય સભા થઈ. ધૂનથી સભાની શરૂઆત થઈ. નૈરોબી યુવક મંડળે કીર્તન ગાયું.

ગુરુજયંતીના આ શુભ અવસરે ગુરુપૂજનનો લાભ લેવા સૌ તત્પર થયા.

વિદ્વાન બ્રાહ્મણોએ ષોડશોપચાર વિધિથી પ્રથમ ઠાકોરજીની પૂજા અને પછી સ્વામીશ્રીનું પૂજન કરાવ્યું. હરિકૃષ્ણ મહારાજ સહિત ગુરુહરિની આરતી ઉતારવા સૌ ઉત્સુક બન્યા. પ્રથમ પ્રમુખસ્વામી અને સંતોએ આરતીની શરૂઆત કરી અને સભામાં હજારો દીવડાઓ હૃદયની ઊર્મિ સાથે નૃત્ય કરવા લાગ્યા. અંતરીક્ષમાં દેવો આરતી ઉતારતા હોય, એવું આ અનુપમ દૃશ્ય હતું.

ઘંટડીના મધુર રણકાર પાછળ યુવક મંડળોએ બૅન્ડથી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. નાનાં-મોટાં સૌનાં અંતરમાં દિવ્યભાવ છવાયો હતો.

પુષ્પનો મોટો હાર અને મુગટ, ઠાકોરજીને ધરાવીને પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને પહેરાવ્યા. સ્વામીશ્રી આનાકાની કરતા રહ્યા. આજુબાજુ ઊભેલા સૌ ભક્તોનો આગ્રહ કડકાઈથી નિવારવાનું એમને માટે અઘરું હતું. એમના સાધુ સ્વભાવનો આવે પ્રસંગે, સંતો-હરિભક્તો જરૂર લાભ ઉઠાવી લેતા.

જાણવાનું-સમજવાનું આપણને મળી ગયું છે

પુષ્પદોલમા બિરાજેલા, પુષ્પના શણગારથી શોભતા સ્વામીશ્રીને ઝુલાવવાનો લહાવો પણ સૌને લેવો હતો. સ્વામીશ્રી સભાને સંબોધી રહ્યા હતા અને સંતોએ હળવેકથી હિંડોળાને ઝૂલતો મૂક્યો. સ્વામીશ્રીએ જણાવ્યું :

'તમે બધાએ ભેગા થઈને શ્રીજીમહારાજ, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીત સ્વામી અને અનંત કોટિ મુક્તોનો સમૈયો ઊજવ્યો. આ આપણો સમૈયો ન ગણાય. શ્રીજીમહારાજ, પાંચસો પરમહંસો ને બધા મુક્તો આશીર્વાદ દેવા અહીં સભામાં બેઠા છે. અનંત કોટિ દેવતાઓ પણ અંતરીક્ષમાં આવી બેઠા છે.

'આવો મોમ્બાસાનો સમૈયો આપણે ક્યાંય ભાળ્યો નથી ને ભાળવાનો નથી.

'બધાને આશીર્વાદ આપવામાં આવે છે કે આ દાખડો, આ પ્રાપ્તિ, આ સેવા મોમ્બાસા મંડળ અને તમામ આફ્રિકાને ભાગે જાય છે.

'જયંતી મહારાજ ને શાસ્ત્રીજી મહારાજની ઊજવાય, બીજાની ન ઊજવાય.

'ઠાકોરજીનું ષોડશોપચારે પૂજન થશે. ધન્ય ભાગ્ય ! ધન્ય ઘડી ! કે શ્રીજીમહારાજ પુરુષોત્તમ નારાયણ સહજાનંદ સ્વામી આ સભામાં બિરાજે છે.

'બધા બળ ને શાંતિ રાખજો. આજે દેવદિવાળી ગણાય, કેફ સૌ રાખજો.

'ન ગઈ ગંગા, ગોદાવરી, કાશી, ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી...
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા, વાતની વાતે વા'લો અઢળક ઢળિયા.'

'વાતની વાત કેવી રીતે ? શ્રીજીમહારાજ પુરુષોત્તમ ભગવાન -

અક્ષરધામથી અહીં પધાર્યા. લાખ મણ લોઢાનો ગોળો અક્ષરધામમાંથી બેઠો નાખીએ તો પૃથ્વી ઉપર આવે ત્યારે રજ ભેળો રજ થઈ જાય, એટલે છેટેથી મહારાજ પધાર્યા છે.

'આ સમૈયો સંભારજો. ભેળા થઈ કથાવાર્તા કરજો. યુવક મંડળ વધારજો. કોઈને વ્યસન રહેવા દેવું નથી, એવા આશીર્વાદ છે. *'કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા.'* બધા તને, મને, ધને સુખિયા થાય ને શાસ્ત્રીજી મહારાજ રક્ષા કરે. દુઃખ કોઈ માનશો નહિ, જે જોઈએ તે શ્રીજીમહારાજ ને સ્વામી આપણને મળ્યા છે. તેથી બીજું શું સમજવાનું છે ? જાણવાનું છે ? જે સમજવાનું છે એ આપણને મળી ગયું છે.'

જન્મ જયંતીના આવા ઉત્સવોમાં, સ્વામીશ્રીના ઉદ્‌બોધનમાં, પોતાનો ઉલ્લેખ ક્યાંય સંભળાતો નહિ. 'આ જયંતી શ્રીજીમહારાજની છે, શાસ્ત્રીજી મહારાજની છે,' – એવા ઉદ્‌ગારો સહેજે નીકળતા. શ્રીહરિ સાથેની એમની શું તન્મયતા હશે ? કે પછી દાસત્વભાવની પરિસીમા ? કે પછી બન્નેનો સમન્વય ?

તદાત્મભાવની સ્થિતિમાં સ્વામી સાથેના સેવકભાવમાં જ લીન રહેતા સ્વામીશ્રીનું આ એક વિરલ દર્શન હતું.

ગળામાં પડેલો ફૂલનો મોટો હાર સ્વામીશ્રીએ આર.યુ. પટેલને પ્રસાદીરૂપે આપ્યો અને ફૂલનો મુગટ સી.ટી. પટેલને આપ્યો. ભક્તિમાં મુગટ સમાન આ ઉત્સવ ઊજવવાના ફળરૂપે જ કદાચ સ્વામીશ્રીએ આ પ્રસન્નતા દર્શાવી હશે.

સ્વામીશ્રી ઠાકોરજી સહિત હિંડોળામાં ઝૂલી રહ્યા હતા. અને *'ઝૂલે પારણિયે ધર્મકિશોર...'* આ પદ સંતોએ ગાયું.

અહીંથી ૫-૩૦ વાગે નીકળી, સ્વામીશ્રી મંદિરે પધાર્યા. રસ્તામાં, મોટરમાં સાથે બેઠેલા રાવજીભાઈ દૂધવાળાના નાના દીકરા યોગેશને કહેવા લાગ્યા કે 'આવું હિંડોળે ઝૂલવાનું ન કરવું. કહો, નહિ કરું.' સ્વામીશ્રીએ પોતાની મનોવ્યથા એક બાળક પાસે રજૂ કરી. આમ કેમ કર્યું હશે ? કદાચ મોટાઓને સીધું કહેવાની હિંમત નહિ ચાલી હોય, એટલે આ બાળકને નિમિત્ત બનાવી સૌને સંભળાવ્યું હશે.

મંદિરે આરતી ઉતારી, પટેલ સમાજમાં પધાર્યા. મહોત્સવ નિમિત્તે જાહેર ભોજન સમારંભ અહીં યોજવામાં આવ્યો હતો. સમાજના વિશાળ પ્રાંગણમાં વચ્ચોવચ્ચ - પ્લેટફૉર્મ-ચોતરા ઉપર સ્વામીશ્રી બિરાજ્યા. આજુબાજુ જમવાની પંગતો ગોઠવાઈ ગઈ. અહીં અત્યારે વરસાદની ઋતુ હતી, પણ ત્રણ દિવસથી

વરસાદ ડોકાયો નહોતો. અત્રેના પત્રકારોએ દૈનિકોમાં આ વાતની ખાસ નોંધ લીધી હતી. ઠાકોરજીનો મહાપ્રસાદ જમતાં હજારો ભાવિકો સ્વામીશ્રીનાં દર્શન કરતા. દરમ્યાન સંતો કીર્તનો ગાતા. સ્વામીશ્રીએ સી.ટી. પટેલને કહ્યું : 'બધાં ખૂબ જમે તેમ કહો... પંચાવનની સાલમાં અમે આ જગ્યાએ બેઠા હતા. પંદર વરસે ફરી અહીં બેઠા.'

પંદર હજાર ઉપરાંત ભાઈ-બહેનો માટે બુંદીના લાડુ, શાક, કઠોળ, ગાંઠિયા, દાળ અને ભાતનું સંપૂર્ણ ભોજન મહિલા મંડળે અતિશ્રદ્ધાપૂર્વક બનાવ્યું હતું. પીરસવાની વ્યવસ્થા પણ ઝડપી અને શિસ્તબદ્ધ હતી.

૭-૦૦ વાગ્યા સુધી સ્વામીશ્રી ત્યાં બિરાજ્યા. સૌને જમતાં જોઈને સ્વામીશ્રી નિજાનંદમાં મલકાતા હતા. આજ દિવસ સુધી જાતે રસોઈ કરીને સૌને આગ્રહપૂર્વક જમાડતા સ્વામીશ્રીને મન આ એક ઉત્તમ પ્રસંગ હતો. શરીરની મર્યાદાઓથી બંધાયા ન હોત તો હમણાં પંગતમાં ફરીને સૌને પીરસતા હોત. એવો ઉમંગ સ્વામીશ્રીના મુખારવિંદ પર વર્તાતો હતો.

અહીંથી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. રાત્રે ૯-૪૫ વાગે ઉતારે સ્વામીશ્રી દવા લઈ રહ્યા હતા.

અંબાલાલભાઈએ વાત કરતાં સ્વામીશ્રીને કહ્યું : 'આપ પરદેશી સાધુ છો !'

'હા, ભારત દેશના.' મંદ મંદ હસતાં સ્વામીશ્રીએ સહજભાવે આપેલા આ ઉત્તરથી સૌ હસી પડ્યા.

'એમ નહિ, બાપા ! અક્ષરધામના.'

'એમ ! અક્ષરધામના !' સ્વામીશ્રી સાશ્ચર્ય એમના ઉત્તરને દોહરાવતા બોલ્યા, જાણે અનુમોદન આપતા ન હોય !

તા. ૧૯-૪-'૭૦, સવારે યોગી જયંતી મહોત્સવની ત્રીજી સભા લોહાણા ઍસેમ્બલી હૉલમાં જ થઈ. સ્વામીશ્રીને હિંડોળા ઉપર જ પધરાવ્યા હતા. સૌ હરિભક્તોએ ઠાકોરજીનું પૂજન કરી, સ્વામીશ્રીને ધોતિયાં ઓઢાડ્યાં હતાં.

મોક્ષની હવા ખાવી

કીર્તન, પ્રવચનો પછી આશીર્વાદ આપતાં આજે સ્વામીશ્રીએ કહ્યું :

'કાલે સમૈયો જમણવારનો થઈ ગયો. બે કલાકમાં વીસ હજાર હરિભક્તો જમ્યા. શ્રીજીમહારાજે ડભાણમાં યજ્ઞ કર્યો. તેમાં લાખો બ્રાહ્મણોને પડઘલિયા (પાસાદાર) લાડવા જમાડ્યા. મોમ્બાસામાં આફ્રિકા મંડળ તરફથી જયજયકાર

થયો. શાસ્ત્રીજી મહારાજ તે વખતે પધારેલા. યજ્ઞ પૂરો કરવા આવેલા તેથી કાર્ય સફળ થયુ.

'આશરો રાખે તેને દેશકાળ ન લાગે. આશરો, નિયમ ને ધર્મ રાખી ભગવાનની ભક્તિ કરવી. આટલાં વાનાં રાખશું તો મહાપ્રલય જેવું દુઃખ આવ્યું હશે તોય નહિ નડે.

'વચનામૃત વરતાલ પાંચમાં નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું : 'આશરાનું શું રૂપ છે ?' સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણે પ્રેમથી ઉત્તર આપ્યો : 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ! હે અર્જુન ! તારું મનધાર્યું મૂકી દે. હું કહું તેમ કર.' અર્જુને તેમ કર્યું, તો તેની જીત થઈ. મહારાજે તેમની મૂર્તિ નરનારાયણની અમદાવાદમાં બેસાડી. આશરો કર્યાનાં ત્રણ લક્ષણ છે :

૧. મહાપ્રલય જેવું દુઃખ આવતું તો નથી. કદાપિ આવી પડે તોય રક્ષાના કરનારા ભગવાન ને સંત વિના બીજાને ન જાણે.

૨. જે જે જોઈતું હોય તે પોતાના ઇષ્ટદેવ પાસે જ માગે.

૩. તેની મરજી પ્રમાણે વર્તે.

'મહારાજે નિત્યાનંદ સ્વામીને જવાબ દીધો. શ્રીમુખની વાણી સમજવા જેવી છે. આકાશ ફાટે તેટલું દુઃખ આવે તોય રક્ષાના કરનારા શ્રીજીમહારાજ વિના બીજાને ન માને. તેની ઇચ્છા વિના સૂકું પાંદડુંય હલવા સમર્થ નથી. ગુણાતીત સ્વામીએ વાતમાં કહ્યું : 'કોઈ માર માર કરતો આવતો હોય તોય સમજવું કે મારા સ્વામીની ઇચ્છા વિના સૂકું પાંદડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી.' સ્વામી અને મહારાજ બેય એક જ વાત બોલ્યા. મેળ મળી ગયો. અક્ષરે સહિત પુરુષોત્તમની ખરી સર્વોપરી નિષ્ઠા હોય તેને શાંતિ શાંતિ વર્તે. ટાઢું વર્તે. પણ દરિયાની હવા ખાવા સાંજના જાય તેમાં શું વળ્યું ? આપણે તો મોક્ષની હવા ખાવી. દુનિયાના લોકો દેહની હવા ખાય છે.

'જૂનાગઢમાં રોજ નાગર ફરવા માટે જાય. એક ભરવાડે પૂછ્યું : 'તમે ક્યાં જાઓ છો ?' તેમણે કહ્યું : 'હવા ખાવા.' ભરવાડના મનમાં એમ થયું : 'લાવને હું હવા ખાવા માટે માટલું લઈ જાઉં. તે ખાશે તેમાંથી થોડી મને દેશે.'

'તેને બીચારાને હવા એટલે શું તે ખબર નહિ. પછી તે માટલું લઈને પાછળ હાલ્યો. નાગરો લહેરથી અડધો ગાઉ હાલ્યા જાય, ને ફરતા જાય. પછી ભરવાડે કહ્યું : 'હવા ક્યારે ખાવાની છે ?' નાગરે કહ્યું : 'આ પવન હાલે છે ઈ. મોઢું ફાડ, માંય ગરી જશે.' ભરવાડ નિરાશ થઈ બોલ્યો : 'ઈ તો હું ઢોરાં

ચારતો રોજ ખાઉં છું !'

'માટે આપણે મોક્ષની હવા ખાવી. તેથી દેહ સાજો-નરવો રહે છે તેમ રહે. અહીં 'હૉલ' (Whole) મંડળ આવી ગયું. આપણે આફ્રિકામાં જેટલાં ગામ ફર્યાં, તે ઉપરાંત ગામના હરિભક્તો આવ્યા.

'બડો આનંદ, આનંદના ફુવારા. બધાએ સેવા કરી. બહુ રાજીપો લીધો. મહારાજ તમને સુખિયા રાખે. આધિ, વ્યાધિ ને ઉપાધિ ન નડે. તેવા સ્વામિનારાયણ ભગવાન અને શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ છે. માટે કોઈ મનમાં દુઃખ ન માનતા. થાય એટલી સેવા કરજો.'

આ મહોત્સવમાં નૈરોબી, કિસુમુ, નકુરુ, કમ્પાલા, જિન્જા, ટરોરો, ગુલુ, મ્બાલે, દારેસલામ, મ્વાન્ઝા વગેરે શહેરોમાંથી પૂર્વ આફ્રિકાના હજારો હરિભક્તો અને યુવકો ખાસ આવ્યા હતા. દારેસલામ, નૈરોબી અને મોમ્બાસા યુવક મંડળે બૅન્ડ-વાદનની સેવા દરેક પ્રસંગે કરી હતી.

નવનીત મહાજન વાડી, કડવા પાટીદાર સમાજ, પટેલ સમાજ, લેવા પાટીદાર સમાજ, લોહાણા મહાજન વાડી, સુરત ડિસ્ટ્રિક્ટ સમાજ, સુરત પ્રજાપતિ સમાજ, ગુર્જર સુથાર સમાજ, પટણી સમાજ, આર્ય સમાજ અને સનરાઈઝ હાઈસ્કૂલ, બ્રહ્મ સમાજ વગેરે શહેરની જાહેર સંસ્થાઓએ હૉલ, વાસણો, ગાદલાં વગેરેની સંપૂર્ણ મદદ કરી સહકાર આપ્યો હતો. સ્વામીશ્રીએ દરેક સંસ્થાને ખાસ આશીર્વાદ પાઠવ્યા હતા.

સ્થાનિક કાર્યકર્તાઓમાં સી.ટી. પટેલ, રવિભાઈ પંડ્યા, ગિરધરભાઈ ઠક્કર, મગનભાઈ પટેલ, રણછોડભાઈ દેસાઈ, રાવજીભાઈ પટેલ, પ્રેમજીભાઈ પબારી, રમણભાઈ પટેલ, મોહનભાઈ ઓધવજી, ચુનીભાઈ પટેલ (મામા), આશાભાઈ પટેલ, છોટાભાઈ એન. પટેલ, રમણિકભાઈ વગેરે હરિભક્તો, યુવકો તથા મહિલા મંડળે સ્વાગત સમિતિ, પ્રચાર સમિતિ, ઉતારા-પાગરણ સમિતિ, સુશોભન સમિતિ, માઇક અને ઇલેક્ટ્રિસિટી સમિતિ, વાહન-વ્યવહાર સમિતિ, રસોડા સમિતિ વગેરે સમિતિઓ દ્વારા જુદાં જુદાં કાર્યોની જવાબદારી સંભાળી, દરેક પ્રસંગને સફળ બનાવ્યો હતો. સૌએ રાત-દિવસ જોયા વગર અથાક મહેનત કરી હતી. તન, મન અને ધનથી સેવા અર્પણ કરી, સ્વામીશ્રીને પ્રસન્ન કર્યા હતા.

ઠરાવમાં દુઃખ

આજે બપોરે ૧-૦૦ વાગે રવિભાઈને બંગલે, કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ

એક હરિભક્તને પૂછ્યું : 'તમે ક્યારે જવાના ?'

'બાપા ! કાલે. આજ્ઞા આપો એમ.'

સ્વામીશ્રી કહે : 'પહેલાં જવાની વાત ને પછી આજ્ઞા માગી. જૂનાગઢના બાલમુકુંદ સ્વામી કહેતા : 'કેટલાક પોતાની મેળે ઠરાવ કરીને રાખે છે. કેટલાક 'સ્વામી ! તમે કહો તેમ,' એમ ઠરાવ કરીને આવે છે.'

પછી ગ.મ. ૪૦મું વચનામૃત વંચાવીને સ્વામીશ્રીએ વાત કરી :

'બીજાની મો'બત રાખવા સારુ ગુણાતીત મંડળનો દ્રોહ કરે. પોતાને સારું થવું હોય; રસોઈ ખાવી હોય; એમ સારપ રાખવા દ્રોહ કરે.

'શુકમુનિને ગુણાતીત સ્વામીનો ગુણ. તેથી સિદ્ધાનંદ સ્વામી કહે : 'શુકમુનિ શું સમજે ? એ તો પોપટ છે.' શિવલાલ શેઠને સિદ્ધાનંદ સ્વામીએ કહ્યું : 'જૂનાગઢમાં તો કાળમીંઢ પાણા છે. ત્યાં જઈશ નહિ. એવી પ્રતિજ્ઞા લે. મારા પગ ઝાલ.' શિવલાલે અવળા પગ ઝાલ્યા : 'જૂનાગઢ ગયા વગર રહું તો પગ ઝાલું.'

'આમ, કેટલાક જાણ્યે કરીને પણ મોટાપુરુષનો અપરાધ કરતા.

'અંદરોઅંદર દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગવું. 'એ શું સમજે ?' એમ ન કરવું. માફી માગવી. ભગવાનના ભક્ત હારે દાસાનુદાસ જ રહેવું.

'સ્વામી પાસે ત્રણસો સાધુ રહેતા હતા, પણ જેવો ભગતજી મહારાજ ને જાગા સ્વામીને સ્વામી સાથે સંબંધ હતો, તેવો કોઈ સાધુને હતો ?'

❀ ❀ ❀

ભરતીમાં નામ નોંધાવજો રે...



સાંજે ૪-૩૦ વાગે પૂર્વ આફ્રિકામાંથી – બધાં જ કેન્દ્રોમાંથી આવી પહોંચેલા મુમુક્ષુ બાળકો તથા યુવકોની એક સભા ઉતારે જ થઈ. સ્વામીશ્રીએ બધાને ગામવાર જુદા જુદા બેસાડ્યા અને કહે :

'દારેસલામવાળા ઊભા થાય. કેટલા છો ? 'વન-ટુ' એમ બોલો. નૈરોબીના કેટલા છે ? જુદા બેસો.'

લગભગ ૧૫૦થી ૧૭૫ યુવકો ભેગા થયા હતા. સ્વામીશ્રીએ તેમને સંબોધન કરતાં કહ્યું :

'હવે આપણો જે સંકલ્પ છે, તે માટે અહીં આવ્યા છીએ. તો સેવામાં આવી જવું. સાધુ બની જવું. બધાં નામ લખાવો. ઉર્દૂ, ફારસી, ફ્રેન્ચ, ઇંગ્લિશ નહિ, પણ બ્રહ્મવિદ્યા ભણાવવી છે. Y.Y.U.C. (યોગી યુવક ઉપવાસ કૉલેજ) - બહ્મવિદ્યા કૉલેજ.

'આપણે અહીંથી ૫૧ યુવકોને સાધુ કરવા છે. જે ત્રણ ભાઈઓ હોય તેમાંથી એકે સેવામાં આવી જવું.

'દરેક મંડળના મુખ્ય કાર્યકર્તાના નામ લખાવો. પછી તેમને પૂછીને બધાં નામ લખાવો. મહિનામાં પાસપોર્ટ તૈયાર કરી આપે. મા-બાપને કહી દેવું કે 'બ્રહ્મવિદ્યાની કૉલેજમાં ભણવા જઈએ છીએ. ખાવા-પીવા જતાં નથી. મોજ-શોખ માણવા જતાં નથી.'

'નૈરોબીના દસ, ટરોરોના પાંચ, મોમ્બાસાના વીસ, દારેસલામના પાંચ, કિસુમુના ત્રણ, જિન્જાના પાંચ ને કમ્પાલાના દસ, એમ ૫૮ યુવકોને લઈ જવા છે. ટિકિટ મંડળ તરફથી મળશે. આ ગમ્મતની વાત નથી, જીવના મોક્ષની વાત છે.

'ડિસેમ્બરમાં દારેસલામમાં યુવક અધિવેશન ભરવાનું છે. તેમાં આ

સિવાયનાએ જવું. બધાએ પૂજા કરવી, નાટક-સિનેમા જોવાં નહિ, બજારનું ખાવું નહિ.'

સ્વામીશ્રીએ સી.ટી. પટેલ તરફ જોયું, એટલે તેઓ એકદમ જુસ્સામાં બોલ્યા : 'બધી સત્તા, આ બેઠા છે એમના હાથમાં છે.'

કૃપાકટાક્ષથી સી.ટી. પટેલ તરફ નિહાળી જાણે સંમતિ આપતાં હોય એવું સમર્થન વાક્ય સ્વામીશ્રીએ ઉચ્ચાર્યું : 'ધામમાં લઈ જવા બેઠા છે.'

જે કોઈ આ વચન - 'સાધુ થવાનું' અધ્ધર ઝીલે, તો એને હું ધામમાં મારી પાસે બેસાડીશ, એવું અભય વચન જાણે આપતા હોય, એવો દૃઢ સૂર સ્વામીશ્રીના આદેશમાં હતો. મુમુક્ષુને ભગવાનમાં જોડવાની સ્વામીશ્રીની તાલાવેલી એમાં જોઈ શકાતી હતી.

ગુણાતીતનો સંકલ્પ : 'પાંદડે, પાંદડે સ્વામિનારાયણનું ભજન કરાવવું છે.'

શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ : 'અક્ષરે સહિત પુરુષોત્તમની ઉપાસનાનાં મંદિરો કરવાં છે.' તે સિદ્ધ કરવા આ વિરાટ કાર્યમાં નવલોહિયા કિશોરોને સ્વામીશ્રીની હાકલ હતી.

'આ ગમ્મતની વાત નથી. જીવના મોક્ષની વાત છે.' સ્વામીશ્રીના એ શબ્દોમાં આ કાર્ય માટેની એમની લગની અને જીવનો મોક્ષ કરી શકવાની એમની શક્તિનું માપ કાઢવાનું રહેતું નથી.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે રાજાનો કુંવર હોય એને પણ અમે સાધુ થવાની વાત કરીએ અને મુંડી નાખીએ. આને ગમશે કે નહિ ગમે ? કે ખોટું લાગશે ? કે સામે થશે ? કે કદાચ અપમાન કરશે ? એવી કોઈપણ જાતની લેશમાત્ર ભીતિ સ્વામીશ્રીને રહેતી નહિ. એક વાર તો સાધુ થવાનો મંત્ર કાનમાં ફૂંકી દે. પછી એ જીવ સુપાત્ર થઈ વચનમાં ઝુકાવી દે, તો સુખિયો થઈ જાય. કદાચ સ્વામીશ્રીનું વચન પૂર્ણ ન કરી શકે તો ઓશિયાળો થઈને પડી રહે; પણ સ્વામીશ્રી તો કહીને જ જંપતા. અંતરમાંથી નીકળેલા આ મંત્રની શક્તિ અમોઘ હતી.

સ્વામીશ્રી એમ પણ કહેતા કે 'અમે પથ્થર સાથે માથું નથી અફાળતા, જે એવા મોક્ષભાગી - પૂર્વના સંસ્કારી - આ ખાતાના જીવ હોય તેને જ સમજાવવાની કોશિશ કરીએ છીએ.'

અને સૌ બાળકો તથા યુવકો ઉપર એની ધારી અસર પડતી હતી. ધીરે ધીરે સૌનાં અંતર સ્વામીશ્રીની વધુ નજીક આવતાં. અંતરાત્મામાં સ્વામીશ્રીનું

વચન પાળવાની - રાજી કરવાની તમન્ના જાગતી. સ્વામીશ્રીના આદેશથી અહીંના બાળ-યુવાનો તૈયાર થઈ રહ્યા હતા.

વિદાયની સુખદ સ્મૃતિઓ

સ્વામીશ્રીના જ આમંત્રણથી દેશમાંથી આવેલા હરિભક્તો, હવે મોમ્બાસાથી સ્ટીમર દ્વારા દેશમાં પાછા જઈ રહ્યા હતા. તેમનો વિદાય સમારંભ પટેલ સમાજમા સાંજે ૫-૩૦ વાગે રાખવામાં આવ્યો હતો. એ પ્રસંગે સ્વામીશ્રીએ કહ્યું :

'દેશદેશના હરિભક્તો પધાર્યા છે. દેશના હરિભક્તો સાથે ફોટા પડાવ્યા. ફોટામાં બીજો હેતુ નથી, પણ સમર્તિ રહે એ જ હેતુ છે. બધાનાં મુખારવિંદનાં દર્શન થાય. સમર્તિ મોક્ષની કરનારી છે. સમૈયો ત્રણ મહિનાનો શોભી ગયો. અગિયારમીએ બધા આવેલા. આ બાવીસમીએ જવાના. કેટલાક સ્ટીમરમાં ને કેટલાક પ્લેનમાં જશે. દરેકને આશીર્વાદ છે. સૌ બળ રાખજો.

'આફ્રિકા મંડળને અમે સંપ કરાવવા આવ્યા છીએ. સૌ સંપ રાખજો. એકબીજાનો મહિમા સમજવો. કમ્પાલાવાળાએ મોમ્બાસાનો, મોમ્બાસાવાળાએ કમ્પાલાનો, એમ મહિમા સમજવો. યુવક મંડળને ઉત્તેજન આપજો. અહીં પ્યાલી (દારૂ) ઓછી છે. મબાલામાં (મ્બાલે) ભરચક પ્યાલી. બે-ત્રણ વરસે સંમેલન ભરવું. દરેકે હંમેશાં મંદિરે જવું. *'ગુરુ ગયા ગોકળ ને વાંસે થઈ મોકળ'* એવું ન કરવું. રવિવારે સભા ભરે એ ખાસ આજ્ઞા છે. સત્સંગ બરાબર કરજો. દેશકાળ મહારાજ ફેરવશે. કોઈને જાવાનું નહિ થાય.

'સ્ટીમરમાં કથાવાર્તા, વચનામૃત-વાતુંનું પારાયણ કરજો. સ્ટીમરમાં બેસનાર બધાને કથામાં બોલાવવા. 'હાલો મફત કથા છે.' રસોયા-બ્રાહ્મણને પણ બોલાવવા. આવે તો ઠીક, નહિ તો કાંઈ નહીં. પણ 'બોલે તેના બોર ખપે.'

તા. ૨૦મીએ સાંજે ઉતારે ભારતથી પધારેલા હરિભક્તોને આફ્રિકાના હરિભક્તો તરફથી સંભારણા તરીકે ભેટ આપવાનો કાર્યક્રમ, સ્વામીશ્રીની આજ્ઞાથી શરૂ થતો હતો. આફ્રિકાના મોટેરા હરિભક્તોએ સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! આપના શુભ હસ્તે બધાને આપ આપો.'

તરત જ સ્વામીશ્રીએ નિરંજન સ્વામી પાસે ઠાકોરજી મગાવ્યા. અને ભેટના દરેક પેકેટ ઠાકોરજીને ધરાવીને સ્વામીશ્રી એક એક હરિભક્તને પ્રેમથી આપવા લાગ્યા. દરેક ચીજવસ્તુ ઠાકોરજીની જ છે અને એમના દ્વારા જ

પ્રસાદીરૂપે બીજાને અપાવી જોઈએ, પોતે તો માત્ર એમના પ્રતિનિધિ છે, એવો એક આગ્રહ સ્વામીશ્રી રાખતા.

આ વહેંચણીમાં દેશથી આવેલા એક ભાઈ રહી ગયા. તેઓ સત્સંગી નહિ. ગુણભાવ ખરો. પણ સંઘમાં જોડાઈ ગયા હતા. એટલે આ ભેટની યાદીમાં એમનો સમાવેશ થતો નહિ. પણ સ્વામીશ્રીની અસીમ કરુણાદૃષ્ટિમાંથી એમને ટાળી શકાય નહિ. સ્વામીશ્રીએ એમને બોલાવીને હેતપૂર્વક જાતે ભેટ આપી.

બીજે દિવસે સવારે પૂજામાં તિલક કરવા અરીસો હાથમાં લીધો. આજે તેરશ હતી એટલે ક્ષૌરકર્મ કરેલું મુખ અરીસામાં જોતાં બોલ્યા : 'કીર્તન રાખો. એક સાખી કહું :

'દાઢી-મૂછ મૂંડાવીને મોઢું કર્યું ફક;
કલ્યાણ તો થયું કે ન થયું, પણ શીરાવાનું હો હખ.'

'આ દાઢી-મૂછ મૂંડાવેલી જોઈ સાખી યાદ આવી ગઈ.'

શીરાવાને માટે - ઉદરતૃપ્તિ માટે ભેખધારી બનેલાની વાત, પોતા ઉપર બેસાડતાં સ્વામીશ્રીએ સૌને રમૂજ કરાવી.

ભીડામાં કલ્યાણ

સભામાં બપોરે ૧૨-૦૦ વાગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આ પટેલ સમાજ પ્રસાદીનો થઈ ગયો. આમાં જે બેસશે તેનું કલ્યાણ થશે. કોઈ આમાં પ્રસંગ ઊજવાશે કે બીજાં કાર્ય કરશે તે બધાનું કલ્યાણ થશે. આમાં સંતો બેઠા. મહારાજની મૂર્તિ બેઠી. બધું પ્રસાદીનું થઈ ગયું.

'જેને ઘેર ભગવાનના સાધુ ભિક્ષા માગવા જઈને ઊભા રહે છે, તેનું ઘર તીર્થ થઈ જાય છે. ને તેવા સમામાં કોઈનો દેહ પડે તો તે ભગવાનના ધામને પામે છે.' આ ગુણાતીતનાં વચન છે.'

'બધાને વાત કરવી કે 'આહીં બેસશે તેનું કલ્યાણ થઈ જશે ને બીજે જન્મે સ્વામિનારાયણનો ભક્ત થઈ ભગવાનનો આશરો કરશે.'

'આ સમૈયાનો ભીડો પડ્યો. પણ આ ખરો ભીડો છે. વિવા'વાજનનો ભીડો નકામો ભીડો કહેવાય. આ ભીડામાં આત્યંતિક કલ્યાણ થઈ જાય. દાદાખાચરને ત્યાં શ્રીજીમહારાજ પાંચસો પરમહંસ સહિત બિરાજતા. તેમને જમાડવા - સૂવાડવા એમાં કેટલો ભીડો પડે ? મહારાજ ત્રીસ વરસ ત્યાં રહ્યા. ધામો નાંખ્યો, પણ દાદાખાચરના મનમાં કંટાળો ન આવ્યો કે 'હવે જાય તો

સારું.' વચનામૃતમાં દાદાખાચરના દરબાર લખાઈ ગયા. બીજા દરબાર પણ ઘણા; પણ હોલા ઊડે. ઘૂ... ઘૂ... ઘૂ... કરે. આ પટેલ ભુવન દરબાર થઈ ગયો.'

આજે વરસાદ બહુ પડતો હતો. મોટરમાં ચઢવું, ઊતરવું, ખુરશીમાં બેસવું વગેરે ઘણી તકલીફો હતી. પણ સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા પધાર્યા અને સભામાં પણ પધાર્યા.

ભગવાનને મળેલા એટલે શું ?

અહીંના ઘણા જ જૂના વેપારી અને ભાવિક શેઠ સુંદરજીભાઈને ત્યાં સ્વામીશ્રી અને સંતોની પધરામણી હતી. બધાને જમવાનું પણ અહીં જ હતું.

બપોરે અહીં કથામાં વરતાલનું ૧૦મું વચનામૃત વંચાવી સમજાવ્યું :

'ભગવાનને મળેલા એટલે શું ? એકાત્મભાવને પામેલા. બસો વરસ પહેલાંના નંદ સંત અત્યારે કોઈ નથી. મહારાજનો અભિપ્રાય પ્રવર્તાવે તે મળેલા. તેની હજારો પેઢીઓ હાલે તોય મળેલા કહેવાય.'

આપણી દાઢી ઓલવી લેવી

સાંજે પટેલ સમાજમાં સભા પ્રસંગે સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં :

'બોલે તેનાં બોર ખપે. શ્રીજીમહારાજે આ જ્ઞાન પ્રવર્તાવ્યું તો લાખોએ લાભ લીધો. શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાનાં મંદિરો બાંધ્યાં. વડતાલથી પાંચ સાધુ લઈ નીકળ્યા હતા. પછી તો સો થઈ ગયા.

'હવે કરવાનું કેટલું તો ભગવાન અને ભગવાનના ભક્તમાં નિર્દોષભાવ; સંપ, સુહૃદભાવ, એકતાપણું રાખવું. કો'કે ગુનો કર્યો હોય તો તે મેં કર્યો છે, એમ તેને બચાવી લેવો, એનું નામ સુહૃદભાવ. 'ઈ જ લાગનો છે' – એમ મનમાં લાવીએ તો સુહૃદભાવ વયો ગયો. મહારાજ આ ઉપર બહુ ભાર મૂકતા. સુહૃદભાવ હોય તો એકાંતિક થઈ જાય.

'ફલાણે આમ કર્યું, ફલાણે તેમ કર્યું, તે આપણે શું જોવાનું ? કોઈના દોષ ન કહેવા. કોઈને ન સમજાતું હોય તો આગળ સમજાશે, પણ કોઈના દોષ તો કહેવા જ નહિ.

'લવો અને બાદશાહ બે બેઠા હતા. બાદશાહે કહ્યું : 'લવા !'

'જી, સા'બ.'

'આપણા બેની દાઢી સાથે સળગે તો તું પહેલી કોની ઓલવે ?'

'તમે મારા ખાવંદ ધણી ખરા, પણ બે લહરકા મારી દાઢીને મારી લઉં. પછી તમારી ઓલવું. પરંતુ મારી દાઢી સળગવા ન દઉં.'

'તેમ આપણે આપણી દાઢી ઓલવી લેવી. સુહૃદભાવ હોય તો આપણે આપણો જ અવગુણ લઈએ. આપણે જ નિર્દોષભાવ ને દિવ્યભાવ રાખવાનો છે. જો ભગવાનના ભક્તના અવગુણ લેવા માંડશું, તો પડવાનો વારો આવશે.

'ભગવાનના ભક્તને દેહે કરીને મરવું તે મરણ નથી, પણ ભગવાનના ભક્તનો અવગુણ આવે તે જ મરણ છે. અવગુણ લેતા હોય ને ગાદી-તકિયે બેઠા હોય તોપણ મરેલા છે. ભગવાનના ભક્તમાં દિવ્યભાવ એ જ ખરી સેવા-ભક્તિ છે. એ જ ખરો નિર્દોષભાવ છે.

'આશીર્વાદ આપવામાં આવે છે કે આવો ને આવો નિર્દોષભાવ કાયમ રાખજો.'

બ્રહ્માનંદ દયા સુપ્રેમ નીતરે...

તા. ૨૨મીએ સવારે સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામીએ દેશમાં પધારતા હરિભક્તોને ચાંદલા કરી, હાર પહેરાવી, વિદાય આપી હતી. ભગવાનના સંબંધવાળાનો - ભક્તોનો અરસપરસ મહિમા વધે એવા પ્રસંગો યોજીને પણ જ્ઞાન આપવાની સ્વામીશ્રીની એક રીત હતી. આફ્રિકાના હરિભક્તોનો પ્રેમ-મહિમા-સત્સંગ બતાવવા, સ્વામીશ્રી સૌ હરિભક્તોને સાથે લાવ્યા. વિદાય વેળાએ બાઈ-ભાઈ દરેકને સ્મૃતિ ભેટ પણ આફ્રિકા મંડળ તરફથી અપાવી. દેશના હરિભક્તો આ ભેટ લેવાની ના પાડતા હતા. ત્યારે સ્વામીશ્રી કહે : 'આ તો પ્રસાદી છે. અમે આપીએ છીએ.' એમ આગ્રહપૂર્વક સૌને ભેટ આપી. ત્રણ મહિના સુધી બધાને સાથે ફેરવ્યા, પણ દરેકની રહેવા-જમવાની પૂરી સંભાળ જાતે લેતા. કોઈને સોંપીને કરાવવું એમ નહિ. સાજે-માંદે ખાસ સંભાળતા. સત્સંગ સભાઓમાં તેમનો પરિચય અપાવતા અને મહિમા વર્ણવતા. જતી વેળાએ સૌનો વિદાય સમારંભ યોજ્યો. આજે સવારે દરેકને માટે હાર તૈયાર કરાવડાવ્યા. અને દરેકને પ્રસાદીનો હાર પહેરાવી, આશીર્વાદ આપી, વિદાય આપી. અનંત માવતરની સંભાળને ભુલાવી દે એવો સ્વામીશ્રીનો પ્રેમ, સૌનાં હૈયાં છલકાવી દેતો હતો.

હજુ એમાં ઊણપ રહી જતી હોય એમ, સ્વામીશ્રી બંદર ઉપર સૌને વળાવવા જવા તૈયાર થયા. વરસાદની ઋતુને કારણે ઠંડો પવન ઘણો ફૂંકાતો

હતો. સૌએ ઘણી ના પાડી, પણ સ્વામીશ્રી તૈયાર થયા જ. 'એસ.એસ. હરિયાણા' - સ્ટીમર નજીક કિલીન્ડીની બંદર ઉપર સ્વામીશ્રી ખુરશી ઉપર બિરાજ્યા. બધા હરિભક્તોએ સ્ટીમરના તૂતક ઉપર આવી સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. સૌ ગળગળા થઈ ગયા હતા. અહીં લગભગ પોણો કલાક સ્વામીશ્રી રોકાયા. પવન ઘણો હતો, એટલે સંતોએ ગાતરિયાં પકડી આડશ કરી હતી. પણ સ્વામીશ્રી ખુશમિજાજમાં બેસી રહ્યા. ઠાકોરજીનો પ્રસાદીનો હાર સ્વામીશ્રીએ સી.ટી. પટેલ પાસે દરિયામાં નખાવ્યો. છોટાભાઈ દરિયાનું જળ લાવ્યા તે માથે ચઢાવ્યું. સૌના ઉપર છાંટ્યું. વધેલું પાણી દરિયામાં પાછું નખાવ્યું અને આશીર્વાદ વરસાવ્યા કે 'દરિયામાં રહેતાં બધાં જ જીવ-જંતુ, બધાંયનું કલ્યાણ !'

ત્યાંથી પછી પટેલ સમાજમાં પધાર્યા.

છો તો એક ને દીસો છો દોય

અહીં ધૂન-પ્રાર્થના પછી રોજ સત્સંગ વિષયક પ્રવચનો થતાં. અંતમાં સ્વામીશ્રી આશીર્વાદ આપતા. આજે સ્વામીશ્રી સમાધિ ભાષામાં બોલી રહ્યા હતા :

'હકાભાઈએ છપૈયા, કાશી, બનારસ, અયોધ્યાની વાત કરી. જ્યાં જઈએ ત્યાં શાસ્ત્રીજી મહારાજનો પડઘો પડે છે. પોતાનું વર્તન એવું જેથી 'આખા સંપ્રદાયમાં આવા સાધુ નહિ' એવો મહિમા છે. કોઈ બે શબ્દ બોલે તો સામું ન બોલે. આવા પુરુષ પધાર્યા તે અનંત કોટિ બ્રહ્માંડોનું કલ્યાણ થઈ ગયું. આફ્રિકા પધાર્યા. બધાને શાંતિ કરાવી દીધી. એવા મહત્ પુરુષનાં જેણે દર્શન કર્યાં, સમાગમ કર્યા, તેનો બેડો પાર.

'તે વખતે કટોકટી બહુ હતી. સ્વામી પાંચ સાધુ લઈને નીકળ્યા હતા. લાખો રૂપિયાનાં મંદિરો કર્યાં. *'સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે.'* જાતે પથરા ઉપાડ્યા. પાયા ગાળ્યા...

'કૉલેજ-જનો અમદાવાદના, રજા પડે ત્યારે સ્વામી પાસે આવે. સ્વામી પોતે કોદાળી લ્યે ને બધા પાસે સેવા કરાવે.

'સંવત ૧૯૫૪માં સ્વામી ઊના ગયેલા ને ત્યાં 'સત્સંગિજીવન'ની કથા કરેલી. ગામ બહુ જ રાજી થયેલું. ઘણે વરસે ઊનાના હરિભક્તો સારંગપુર આવ્યા હતા. જૂના મંદિરે ઊતર્યા હતા. તેમને ખબર કે શાસ્ત્રીજી મહારાજ સમર્થ પુરુષ છે. ને નવું મંદિર બાંધ્યું છે. તે સવારમાં મંદિરે દર્શન કરવા આવ્યા. દસ

જણ હતા. અમે ઓસરીમાં ઊભા હતા. તેમના મનમાં એમ કે શાસ્ત્રીજી મહારાજ ગાદી-તકિયે બેઠા હશે. લે'ર કરતા હશે. સ્વામી તે વખતે ખભે કોદાળો ને માથે પાઘડો બાંધી વાડીએ ખોદવા જતા હતા. તે બધાએ અમને પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજ ક્યાં છે ?' મેં કહ્યું : 'હમણાં આ કોદાળો લઈને જતાં જોયા નહિ ?' એ તો આશ્ચર્યમાં ગરકાવ થઈને બોલ્યા : 'ઈ શાસ્ત્રીજી મહારાજ !'

'હા ઈ જ !'

'અહોહો, આવા પુરુષ !' પછી વાડીએ ગયા ને સ્વામીને દંડવત્ કરવા મંડી પડ્યા. ને કહ્યું : 'સ્વામી ! તમે ઊનામાં ચોપનની સાલમાં કથા વાંચતા ને હજારોને સમાસ કરતા. અમે તમને ઓળખ્યા નહિ.'

'આવા કથા કરનારા પુરુષ કોદાળી લ્યે તેવી તેમને કલ્પના નહિ. પછી તો નમી ગયા ને રસોઈ દીધી. *જેના વેરી ઘાવ વખાણે,* તેવા પુરુષનો મહિમા સમજાય તો ઓળખાય.

'તે વખતે રાંધવાનાં વાસણ ન મળે. ધર્મજના નારણ સ્વામી હતા તે ડબામાં રાંધતા. ચોખા ન મળે, કોદરી રાંધે. ઘી, તેલ મળે નહિ. તેથી લોઢી તપાવી કઢીનો છમકારો કરે. ઝોળી માગી આવે ત્યારે થાળ થતો. અત્યારે સંતોને ગાદી-તકિયે બેસવાનું, વડવા દાખડો કરી ગયા, નહિ તો સોળના ભાવમાં ખપત. ભોજીયોયે ભાવ પૂછત નહિ કે ક્યાં બેઠા છો ?

'સમર્થ પુરુષ મળ્યા છે. તેમને સંભારવા. તો દુ:ખ ટળી જાય ને શાંતિ થઈ જાય.

'સ્વામી વડતાલ દર્શને જાય. કોઈનું વાંકું ન બોલે તો ભાર પડી ગયો.

'મોટાપુરુષના જેટલા ગુણ ગાઈએ તેટલા આપણા થાય. તેનો મહિમા ઘટે નહિ. તે તો અપારના અપાર રહે. જેમ મહાસાગરમાંથી પાણી ગમે તેટલું લઈએ પણ ઘટે નહિ; તે તો અપારના અપાર રહે.

'રવિભાઈ પંડ્યાએ તેમના બંગલામાં ઉતાર્યા. તેમના દીકરા નવીનભાઈ પણ ભગવદી છે. રવિભાઈનો ડાંગરામાં દેહ પડી જાય તેવો હતો. મહારાજે જિવાડી દીધા તો સાધુનો ભીડો વેઠે છે. મહિમા સમજાઈ ગયો. આપણાં ભાગ્યનો પાર નથી. જબરજસ્ત વાત આપણને મળી છે.'

કલ્યાણકારી પુરુષને કોઈ બંધન કે વિક્ષેપ નથી

બપોરે ૧-૧૫ વાગે એક હરિભક્તે સ્વામીશ્રીએ કરાવેલા દિવ્ય

અનુભવની - ચમત્કારની વાત સભામાં કરી. સૌ આશ્ચર્યવત્ સાંભળી રહ્યા હતા. ત્યાં સ્વામીશ્રી બોલ્યા : 'સાલિયાનું ભાગવું ને કાગડાનું બેસવું.' એમ કહી એ સત્ય વાતને આકસ્મિક ઘટાવી, ગૌણ બનાવી દીધી. આવી ગૌણતા દર્શાવી, સ્વામીશ્રી અનેક વાર પોતાની મહત્તા ઢાંકવાનો પ્રયાસ કરતા.

'બાપા ! મુંબઈમાં આપણે એક મહાત્માની સભામાં ગયા હતા. મહાત્મા કથા વાંચતા હતા. આપે તેમને નમસ્કાર કર્યા, તોયે તેમણે આપને સામા નમસ્કાર તો ન કર્યા, પણ દૃષ્ટિથી સત્કારવાનો વિવેક સુધ્ધાં દર્શાવ્યો નહિ.' એક હરિભક્તે જૂની વાત ઉખેળતાં કહ્યું.

'આપણે એટલો ગુણ લેવો કે તેઓ કથાના ધ્યાનમાં હતા. તેથી ઊઠ્યા નહિ ને નમસ્કાર કર્યા નહિ. તે સારું કહેવાય.' સ્વામીશ્રીએ શાંતિથી ખુલાસો કર્યો. ગુણ ગ્રહણ કરતાં શીખવ્યું.

વળી, એ ભક્તે બીજો પ્રશ્ન પૂછ્યો કે 'બાપા ! આપ ધ્યાનમાં હો કે માળા ફેરવતા હો કે કથા કરતા હો, તેવામાં કોઈ ભક્ત આવીને 'જય સ્વામિનારાયણ' કહે તો આપ પ્રેમથી તેના તરફ જોઈ, થાપો આપો છો. તો તમને વિક્ષેપ નથી થતો ?'

'હજારો માણસોને આ મારગે ચડાવવા, તેમાં અમારી કોઈ ક્રિયામાં અમને વિક્ષેપ થતો માનતા નથી.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

સૌને કલ્યાણને માર્ગે ચઢાવવાનો ધૂધૂબાજ માર્ગ વિક્ષેપવાળો કેમ હોઈ શકે ?

બપોરે ૧-૩૦ની આસપાસ આ જ રીતે કમ્પાઉન્ડમાં ફરતા નવીનભાઈએ સ્વામીશ્રીને દૂરબીન આપ્યું. આંખ ઉપર ગોઠવી, સ્વામીશ્રી દૂરબીનમાંથી દરિયા તરફ જોઈ રહ્યા હતા.

'બાપા ! આ મોમ્બાસાના સામે કિનારે મુંબઈ આવ્યું.' એક ભક્તે કહ્યું.

'એમાં દૂરબીનથી દેખાય ?'

સૌ હસી પડ્યા, સાથે સ્વામીશ્રી પણ !

એક વાર આ જ દૂરબીનથી હરિકૃષ્ણ મહારાજનાં દર્શનનો લહાવો પણ સ્વામીશ્રી લેવાનું ચૂક્યા ન હતા !

દૃષ્ટિમાં ભરી દિવ્યતા

બીજે દિવસે સાંજે ૬-૪૫ વાગે પટેલ સમાજમાં સ્વામીશ્રીએ આશીર્વાદ

આપતાં જણાવ્યું :

'અહીંથી ગુણ લેતા જઈએ તે સમાગમ કર્યો કહેવાય; પણ 'મારું કાંઈ ધોળ્યું નહિ, ઉતારો દીધો નહિ,' એમ અવગુણ લઈને જાય એ ઘમાઘમ. ઈ જોવું જ નહિ.

'અહીં શિલિંગનો નફો ન મળે પણ ખોટ ભગવાન એક દી'માં પૂરી કરી દે.

'દરેકને બ્રહ્મની મૂર્તિ સમજવી. તેમાં મનુષ્યભાવ લાવવો જ નહિ. 'જ' ઉપર ભાર મૂક્યો. કાચી સડક હોય તો કહેવું પડે કે મોટર ધીરે હલાવજો, સાચવજો. નહિ તો લપટી પડશે. પણ પાકી સડકમાં કાંઈ બતાવવું ન પડે. મનુષ્યભાવ ભગવાનના ભક્તમાં આવી જાય છે. માટે ભલામણ કરી છે. તેમાં મનુષ્યભાવ લાવવો જ નહિ. લોયા અઢાર અને મધ્ય ત્રેસઠ પ્રમાણે ગુણાતીત મૂર્તિઓ જ સમજવી. 'શું હરિભક્તો ! શું આફ્રિકાનો પ્રેમ ! દેશમાં તમારી વાત કરીશું.'

'ફલાણો આવો ને ફલાણો તેવો, આવી વાતો કરવી જ નહિ. 'બધા સારા જ છે, આપણે જ ખોટા છીએ,' એમ સમજવું.'

દેશમાં વરસાદ પડ્યો નહોતો, તેથી સ્વામીશ્રી રોજ ધૂન કરાવતા હતા, પણ હજુ દેશમાંથી વરસાદના સારા સમાચાર આવ્યા નહોતા. તેથી બપોરે હર્ષદભાઈએ કહ્યું : 'બાપા ! આપની ધૂનને ઇન્દ્ર ગાંઠતો નથી.'

'આ ત્રણ દિવસ મોમ્બાસામાં બંધ રહ્યો ને ! કાં સાવ કાઢી નાખો છો !' સ્વામીશ્રીએ મક્કમપણે કહ્યું.

રખે, ધૂનમાંથી કોઈનો વિશ્વાસ ડગી જાય તો ! અને પુરુષનો પ્રભાવ તો પહેલો જ.

જિસકે હાથમેં દોરી

તા. ૨૪મીએ સાંજે પટેલ સમાજમાં ૫-૩૦ વાગે સંબોધન કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ભક્ત બનવું ને બીજાને બનાવવા. આપણે ત્યાગી થવું ને બીજાને ત્યાગી કરવા. એ સેવા છે.

'ઈશ્વરભાઈ દેસાઈએ (મુંબઈ) દીકરાને દીધો. પહેલો નંબર લીધો. દીકરો મરી જાય તો કેમ સાંખી રહીએ છીએ ?

'ઊનાના વાણિયા ગુણાતીત સ્વામી પાસે આવ્યા : 'સ્વામી ! તમારી સેવામાં રહેવું છે. ત્યાગી બનવું છે.' સ્વામીએ કહ્યું : 'અહીં રોકાવ.' પછી તો

તેમનાં સગાંવહાલાં તેડવા આવ્યાં. સ્વામીને કહ્યું : 'અમારા દીકરાઓને આફ્રિકા વહાણમાં મોકલવા છે. માટે રજા દ્યો.' સ્વામી કહે : 'રહેવા દ્યો. ભગવાન ભજવા દ્યો. તમે અહીં આવતા રહેજો, તો તેમાં દર્શન થશે.'

'પણ આ સમજ્યા નહિ. 'દીકરાઓને પરદેશ મોકલવા છે, કમાઈને નાણું લાવે,' એમ કહી પરાણે લઈ ગયા ને પછી વહાણમાં બેસાડ્યા. ત્રીસ માણસ વહાણમાં હતા. વહાણ મધદરિયે બૂડ્યું. ત્રીસ માણસોમાં બેય છોકરા ગયા.

પછી તેમનાં મા-બાપ સ્વામી પાસે રોવા આવ્યાં. સ્વામીએ કહ્યું : 'અમે ઈ સારુ કહેતા હતા, પણ તમે માન્યું નહિ.'

મોટાપુરુષ તો,

'તન કી જાણે, મન કી જાણે, જાણે ચિત્ત કી ચોરી;
ઈસકે આગે ક્યા છુપાવે, જિસકે હાથમેં દોરી.'

'સ્વામીએ તેમને આશ્વાસન આપ્યું : 'જો ત્યાગી કર્યા હોત, તો નામ રાખત. તમારી ઈકોતેર પેઢી તારત. પણ આ માનવું કઠણ છે. માની જાય તો બેડો પાર.'

બીજે દિવસે સવારે ૫-૩૦ વાગે સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી ને હું વાસદ ગયા હતા. ત્યાં સાદી રસોઈ કરવાની હતી. દાળ-ભાત ને શાક. રોટલી નહિ. અમે ૧૨-૦૦ વાગે ગયા હતા. સૂઈ ગયા પછી શાસ્ત્રીજી મહારાજ કહે : 'મહી નદીમાં નાહી આવીએ. દાળ-ભાત તો તરત થઈ જશે. આવીને કરશું.' પછી અમે ત્રણ જણ નદીએ નાહવા ગયા. ત્યાં મોટાં મોટાં કોતરો હતાં. ત્યાં નાહ્યા. પછી આવીને રસોઈ કરી જમ્યા. ને ત્યાં તો મૂળજીભાઈ કહે : '૫-૩૦ થયા.'

બધાયને સાક્ષાત્કાર કરાવવો છે

અહીંના મુકામ દરમ્યાન સ્વામીશ્રી અવારનવાર યુવકોને સાધુ થવાનો આદેશ આપતા અને બળની વાતો કરતા. કેટલીક વાર મિટિંગમાં પણ યુવકોનાં મા-બાપને તે માટે તૈયાર રહેવા આજ્ઞા કરતા. વળી, સાધુ થનાર યુવકોને ઊભા કરતા.

આજે સભામાં ધર્મજના સૂર્યકાંત રમણભાઈ પટેલનો નાનકડો સમીર હોંશથી ઊભો થયો. એને ઊભો થયેલો જોઈ બીજા કેટલાક મોં મચકોડવા લાગ્યા, પણ સ્વામીશ્રી મક્કમ હતા. તે ઘરમાં એકનો એક હોવા છતાં સ્વામીશ્રી કહે :

'એને બનાવવો છે. બધાને બ્રહ્મવિદ્યાની કૉલેજમાં દાખલ કરવા છે. બધાને અક્ષરધામમાં લઈ જવા છે. બધાને સાક્ષાત્કાર કરાવવો છે. કોઈ મૂંઝાશો નહિ. તમને બધાને દુઃખ દેવા નથી લઈ જતા. તમને બધાને સુખ આપવું છે. કૂવામાં નથી નાખવા. બધાયને ભણાવવા છે. લંડન, અમેરિકા જવાનું હોય તો બધા રાજી થાય છે. તો આ તો અક્ષરધામમાં જવાનું ! કેટલા મોટાં ભાગ્ય ?' વગેરે ખૂબ બળના શબ્દો કહ્યા.[૩]

સૌને જણાયું કે સ્વામીશ્રીનો આ અંતરનો અભિપ્રાય છે.

આજે સભામાંથી સ્વામીશ્રી મંદિરે જવા નીકળ્યા, ત્યારે યુવકોએ બૅન્ડ-વાદનથી સ્વામીશ્રીને વધાવ્યા. બ્યૂગલની પાર્ટીના યુવકો બ્યૂગલો ફૂંકતા હતા. અને વાંસળીની પાર્ટીના વાંસળી વગાડનાર એમનેમ ઊભા હતા. તે સ્વામીશ્રીએ એક બાળકના હાથમાંથી વાંસળી લઈ એના હોઠ ઉપર મૂકી ઈશારાથી વગાડવા કહ્યું. સ્વામીશ્રીને મન બધું વાગવું જોઈએ ! કંઈ બંધ ન રહેવું જોઈએ ! સ્વામીશ્રી સભામાં આવે અને જાય ત્યારે બાળ-યુવકો બૅન્ડવાદન કરતાં તે સ્વામીશ્રીને ખૂબ ગમતું. અને પોતે વ્હીલચૅરમાં બેઠાં બેઠાં આંગળીના ઈશારે બરાબર તાલ પુરાવતા જાય. અને બૅન્ડ વગાડતાં બાળ-યુવકો સામે જોઈ રાજી થાય.

નૈરોબીમાં પણ આ જ ક્રમ હતો. અહીં છેલ્લે ઊભા રહેતા અશોક સવાનિયાને એકોડીયન વગાડતાં જોઈ સ્વામીશ્રી એની સામું બે ઘડી જોઈ રહેતા. સાઈડ ડ્રમની સાથે તાલ પુરાવતા અને બેઝ ડ્રમના અવાજમાં લીન થઈ જતા. કમ્પાલામાં પણ બૅન્ડમાં સુંદર વાંસળીવાદન કરતાં બાળકોને જોઈ સ્વામીશ્રી રાજી થતા. દારેસલામ યુવક મંડળે તો ખાસ ફ્રાન્સથી બૅન્ડનાં સાધનો મગાવ્યાં હતાં. યુવકોનો ઉત્સાહ ને પ્રેમ જોઈ સ્વામીશ્રી બહુ રાજી થયા હતા.

રવિભાઈએ વર્ષો થયાં પણ પોતાના બંગલાનું નામ પાડ્યું ન હતું. ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ અહીં બિરાજ્યું, એટલે રવિભાઈને બંગલાનું નામ સ્વામીશ્રી પાસે પડાવવાની ઇચ્છા થઈ. પ્રસાદીનું નામ મળે અને સ્મૃતિ રહે. જેવું રવિભાઈએ સ્વામીશ્રીને આ પૂછ્યું કે તુરત એક હાથ ઊંચો કરી લટકું કરતાં સ્વામીશ્રી કહે : 'અક્ષરધામ !'

આ નામ સાંભળી સૌ આનંદિત થયા. સ્વામીશ્રીએ બે નાનાં પાટિયાં ઉપર એ નામ ચીતરવા મને કહ્યું. પોતે અક્ષરધામના જ પુરુષ છે. ને પૃથ્વી

૩. પાછળથી સને ૧૯૮૧માં સમીરને પ્રમુખસ્વામી મહારાજે દીક્ષા આપી. હાલ, સાધુ બ્રહ્મતીર્થદાસ.

ઉપર જ્યાં જ્યાં વસે છે, ત્યાં ત્યાં અક્ષરધામ છે. એની ખાતરી આપી.

નાને સે હો નાને રહીએ

બપોરે ૧-૨૦ વાગે રવિભાઈ પંડ્યાને બંગલે 'અક્ષરધામ'માં ઉતારે ઠાકોરજી જમાડ્યા પછી, કથા પ્રસંગમાં વચનામૃત ગઢડા પ્રથમનું ૨૮ વંચાવતાં સ્વામીશ્રીએ વાત કરી : 'આપણે નાનામાં નાના રહેવું. ગુણાતીત સ્વામી ઘોડી ઉપર બેસી જતા હતા. એક મુસલમાન તેમને મારવા ધારતો હતો. તેણે સ્વામીને પૂછ્યું : 'તમે મોટા ?' સ્વામીએ કહ્યું : 'ના, અલ્લાતાલા મોટા.' સ્વામી દાસના દાસ રહ્યા તો ઓલો તરત નમી ગયો.

'દાદાખાચર નિર્માની રહ્યા તો મહારાજ ત્યાં રહ્યા. જીવાખાચર મોટા થવા ગયા તો પડ્યા.

'સમાસ એટલે શું ? હૃદયમાં પ્રકાશ.

'અતિશય મોટપ પામ્યો એટલે શું ? ગાદી-તકિયો મળ્યો ઈ ? ના. દાસનો દાસ રહે તે.'

પટેલ સમાજમાં સાંજે ૭-૦૦ વાગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પ્લેન હલાવવાવાળા બધા ગાફલ હોતા નથી. બરાબર દશ (દિશા) ઉપર નિશાન લે. આમ તેમ જાય તો પડે હેઠું - મેં પ્લેનવાળાને પૂછી જોયું હતું. તેમ જ્ઞાન સાંભળવામાં બીજે વૃત્તિ રાખીએ તો જ્ઞાન ન થાય.'

નિર્મત્સરતા !

બાળકો-યુવકોને સ્વામીશ્રીનું એવું ઘેલું લાગેલું કે એમના વિના રહેવાય નહિ. સ્વામીશ્રીનો નજીકથી લાભ લેવાનું એમનું વિશેષ માધ્યમ હતું – ઑટોગ્રાફ બુક.

એક બાળકે તેની નવી જ ઑટોગ્રાફ બુકમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર કરાવ્યા. તે પછી તે જ દિવસોમાં ભારતથી એક સ્વામિનારાયણીય સંત અહીં આવ્યા હતા. આ બાળકે તેમની પાસે જઈ તેમના હસ્તાક્ષરની આશાએ પોતાની ઑટોગ્રાફ બુક તેમને ધરી. તે સંતે તેના પ્રથમ જ પૃષ્ઠ ઉપર સ્વામીશ્રીની સહી જોઈ. તરત જ કહ્યું : 'આ ફાડી નાખ, તો હું સહી કરી આપું.' એમ કહી પોતે ફાડવાની ચેષ્ટા કરવા લાગ્યા.

બાળકે બુક પાછી ખેંચી લીધી : 'ના, એ તો યોગીબાપાની સહી છે.'

'તો નહીં કરી આપું.' સાધુએ દ્વેષથી કહ્યું.

'કાંઈ નહીં.' બાળક તરત જ પાછો ફર્યો.

તેણે મહંત સ્વામીને આ વાત કરી. તેમણે કહ્યું : 'સ્વામીશ્રીને આ વાત કરજે.' તેણે તરત જ સ્વામીશ્રીને વાત કરી કે 'પેલા સાધુ આપની સહી ફાડી નાખવાનું કહેતા હતા.'

સ્વામીશ્રી નિર્દોષભાવે કહે : 'એમના હસ્તાક્ષર લઈ લેવા હતા ને ! આપણે તો ધોકાપંથી. ફરી વાર કરી આપત. એ તો મોટા શાસ્ત્રી કહેવાય. એમના હસ્તાક્ષર તો મળત !'

સ્વામીશ્રી કહેતા : 'અવગુણ જોવાની બારી મળે તોપણ ન જોવો.' એ સિદ્ધાંત એમના જીવનનો પર્યાયરૂપ હતો. વ્યક્તિને પોતાની મહત્તામાં રસ હોય છે, તેથી વધુ, અન્યના પોતા વિશેના અભિપ્રાયમાં હોય છે. ભાગવત ધર્મના અધિકારી સ્વામીશ્રી કોઈપણ અભિપ્રાયને નિર્મત્સરતાના એકમાત્ર ગુણથી સહજ પચાવી જતા. તેથી જ તેમના પ્રત્યેક પ્રસંગમાં તેમની નિર્મળ સાધુતાનું સ્ફટિકસમું પ્રતિબિંબ ઝિલાયું છે.

એક વાર કથાના પ્રસંગમાં સ્વામીશ્રી બોલ્યા : 'જેમ કહે તેમ કરવું જોઈએ તે આત્મબુદ્ધિ. સ્વામીને દઉં ને હરિભક્તને ન દઉં તે આત્મબુદ્ધિ નહીં.'

તા. ૨૮મીએ ઉતારેથી દરિયા કિનારે થઈને સ્વામીશ્રીને મંદિરે લઈ જતા હતા. મોટરમાં બેઠાં બેઠાં સ્વામીશ્રીએ દરિયો જોયો ને કહ્યું : 'મુંબઈમાં પણ આવો દરિયો છે, પણ બહુ મોટાં મોજાં આવે. આ તો મોજાં દેખાતાં જ નથી. આ દરિયો માંદા જેવો લાગે છે !' એમ બાળસહજ ગમ્મત કરતાં કરતાં મંદિરે પધાર્યા.

અત્યાર સુધી રોજ સાંજે સત્સંગ સભા પટેલ સમાજમાં થતી. હવે સાંજની સભાનો કાર્યક્રમ મંદિરમાં જ રાખવામાં આવ્યો હતો.

વાતે વાતે દાસત્વનો દોર !

બીજે દિવસે 'ઈસ્ટ આફ્રિકન સ્ટાન્ડર્ડ' નામના અંગ્રેજી દૈનિકમાં તા. ૧૮-૪-'૭૦ના રોજ સ્વામીશ્રીની ૭૯મી જયંતી પ્રસંગે પ્રકાશિત થયેલી બાર પાનની પૂર્તિનું વાચન, સ્વામીશ્રી હર્ષદભાઈ પાસે કરાવતા હતા. તેઓ અંગ્રેજી વાંચી, તેનો તરત ગુજરાતી અનુવાદ કરી સંભળાવતા હતા.

પહેલા પાન ઉપરથી શ્રીજીમહારાજનું જીવન ચાલતું હતું. તેનું અનુસંધાન બીજે પાને હતું. પહેલા પાન ઉપર સ્વામીશ્રીનો ફોટો હતો ને નીચે લખાણ હતું.

હર્ષદભાઈ તે વાંચવા ગયા ત્યારે સ્વામીશ્રીએ તેમને અટકાવતાં કહ્યું : 'મહારાજનું વંચાઈ રહે પછી બીજો શબ્દ લેવાય. પહેલાં મહારાજનું જીવન ચરિત્ર પૂરું કરો.'

'પણ બાપા ! આ પાનું વંચાઈ જાય - તેથી વાંચી લઈએ તો ?' હર્ષદભાઈએ વિકલ્પ મૂક્યો.

'ભલે અહીં બાકી રહેતું ને બીજે પાને વાંચવું પડે, પણ પહેલાં મહારાજનું જ વંચાય.' સ્વામીશ્રીએ એ પ્રમાણે વંચાવ્યું. મહારાજના મહિમામાં એમને વધુ રસ હતો !

આજથી દરરોજ સવારના ૧૧-૦૦ થી ૧૨-૩૦ની સભા, સ્વામીશ્રીના ઉતારે 'અક્ષરધામ'માં રવિભાઈ પંડ્યાને બંગલે થતી. બપોરે ઠાકોરજી જમાડ્યા બાદ સ્વામીશ્રી એક વચનામૃત વંચાવી, એના ઉપર નિરૂપણ કરી, બ્રહ્માનંદ કરાવતા. થોડા દિવસો સુધી - 'ઈસ્ટ આફ્રિકન સ્ટાન્ડર્ડ'ની પૂર્તિનું વાચન, અંગ્રેજીમાંથી ગુજરાતીમાં તરજુમો કરાવી સાંભળતા.

સાંજે હિંદુ યુનિયનના ઉપક્રમે શિવ મંદિરમાં જાહેર સત્સંગ સભા યોજી હતી. કાર્યકર્તાઓએ પુષ્પહારથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. ધૂન-કીર્તન પછી ડૉક્ટર સ્વામી, હર્ષદભાઈ દવેનાં પ્રવચનો થયાં. સ્વામીશ્રીએ આશીર્વચનો કહી, મંદિરમાં આરતી ઉતારી હતી.

સાંજની સભા મંદિરમાં થતી. આરતી કરી, સ્વામીશ્રી ઉતારે પધારતા. અને ૭-૦૦ થી ૮-૦૦, પ્રમુખસ્વામી 'હરિલીલામૃત' મધુર કંઠે ગાઈ સંભળાવી, સત્સંગની અનુભવની વાતો કરતા. રાત્રે ૧૦-૦૦ થી ૧૦-૩૦, યુવકોની સભા ઉતારે થતી. ત્યારે વારાફરતી સંતો યુવકોને સત્સંગના મહિમાની પ્રેરણાત્મક વાતો કરતા.

તા. ૩૦મીએ સવારે ૫-૧૫ વાગે સ્વામીશ્રી કહે : 'ગઈકાલે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. શાસ્ત્રીજી મહારાજ ને હું બોટાદ ગયા. ત્યાં પહોંચ્યા પછી સ્વામી ઉતાવળી નદીમાં સ્નાન કરવા ગયા. ત્યાંથી નાહીને પછી બેઠા ને ખૂબ વાતો કરી. પછી ૫-૦૦ વાગ્યા એટલે ઉકાળો પીધો.'

સંસારમાં છપ્પન પાટા

સવારે ઉતારે ૧૧-૦૦ વાગે, યુવકોને સંબોધન કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'તમે બધા સાધુ થાવ તો ભગવાનનો સાક્ષાત્કાર થાય. જો સંસારમાં રહો,

તો છપ્પનના પાટા પડે. 'દેશ છોડી જતા રહો' – એમ સરકાર કહે. પરમીટ આપે નહિ. પાસપોર્ટ આપે નહીં. કેટલી વ્યાધિ ?

'સાધુ થવાનો સંકલ્પ મોળો પડવા ન દેવો. 'થવું જ છે.' એક સિદ્ધાંત રાખવો.

'ધ્રુવને રાજ્ય હતું તોય છોડી દીધું. આપણે કાંઈ છે ? નોકરી છે. નાનું ઘર તે બસો શિલિંગ ભાડું છે. શું સુખ ? સુખ સ્વામિનારાયણ મૂર્તિમાં છે.

'તમે ભણ્યા છો, પણ બ્રહ્મવિદ્યા ભણવી. આ વિદ્યા રહેવાની નથી. ઇંગ્લિશ, ઉર્દૂ, ફ્રેન્ચ, પારસી, મરાઠી બધી નાશ પામશે. બ્રહ્મવિદ્યા ભેગી આવવાની.

'બ્રહ્મવિદ્યાના ભોમિયા સાચા સંત સુજાણ...'

'આ વિદ્યા સાચા સંત પાસે જઈએ તો જ ભણાય.'

બપોરે ૧-૩૦ વાગે, હર્ષદભાઈએ છાપાની પૂર્તિમાં નીલકંઠ વર્ણી લોજની વાવ ઉપર પધાર્યા, એ પ્રસંગ વાંચી સંભળાવ્યો. ખૂબ રસપૂર્વક સ્વામીશ્રીએ એ સાંભળ્યો. પછી પોતાના ઓરડામાં આરામ કરવા પધાર્યા ને સેવકોને સંબોધીને કહે :

'શાસ્ત્રીજી મહારાજ સાથે અમે પંચતીર્થીમાં ગયા હતા, ત્યારે શાસ્ત્રીજી મહારાજે તે જગ્યા અમને બતાવી હતી. અમે પૂછ્યું : 'શ્રીજીમહારાજ કેમ બેઠા હતા ?' શાસ્ત્રીજી મહારાજે તે પ્રમાણે ત્યાં બેસી બતાવ્યું.' આમ વાત કરતાં, સ્વામીશ્રી પણ આસન ઉપર એ પ્રમાણે બેઠા.

'બાપા ! અમને તો શ્રીજીમહારાજનાં દર્શન અહીં થઈ ગયા.' યુવકોએ આનંદમાં આવી કહ્યું.

'ક્યાં શ્રીજીમહારાજ અને ક્યાં આપણે !' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

વાણીમાં વાંસળી વાગી, જોગી તારી

આજે સાંજે ૫-૩૦ વાગે, મંદિરમાં કથાવાર્તાના પ્રસંગમાં હંમેશ મુજબ સત્સંગવિષયક વાર્તા કરતાં પોતે જણાવ્યું :

'વાતન કી વાત બડી કરામત. પાંચ હજાર મણનો પહાડ કરામતથી તૂટી જાય.

'આપણું જ્ઞાન મચ્છાવતાર જેવું છે. એક ઋષિની અંજલિમાં માછલું આવ્યું તે માછલાને ઘડામાં નાખ્યું. તો ઘડો ફાટ્યો. પછી તળાવમાં નાખ્યું તો તળાવ ફાટ્યું. પછી દરિયામાં નાખ્યું તો દરિયો ફાટ્યો. પછી વિચાર થઈ પડ્યો

કે નાખવું ક્યાં ?

'ગુણાતીત જ્ઞાન મચ્છાવતાર જેવું. વાંસળી આફ્રિકા, લંડન બધે શાસ્ત્રીજી મહારાજની વાગી છે. જૂનાગઢમાં જ્ઞાન હતું તે આખો હિંદુસ્તાન તોડી બહુ વધ્યું ને વધશે. ગુણાતીત જ્ઞાન થાય પછી બીજાં જ્ઞાન કૂચા ! સુરતી દૂધપાક જમીએ પછી બીજું જમણ કૂચા.

'ગુણાતીત જ્ઞાન વધતાં વધતાં વધી જાય. ખમિયાણાનું તીર વાગે તે ખબર ન પડે ને અંદર ઊતરતું જાય. કાઢવા જાય તોય ન નીકળે. તે જ્ઞાનના આપણે ભાગીદાર થયા. કોઈ અબજોપતિ હોય ને તે તેની પેઢીમાં આપણો ચાર આની ભાગ રાખે તો કેવા રાજી થઈએ ? લાખોપતિ થઈ જાઈએ.

'આપણે અબજોપતિનો ભાગ થયો છે. તેનો આપણને કેફ નથી. કેફ આવે તો આનંદના ફુવારા ! આંહીં બેઠા હોઈએ તો ઘડીક કેફ આવે ને બહાર નીકળીએ ત્યાં જય સ્વામિનારાયણ ! 'બજારના ભાવ શું હાલે છે ?' એમ પૂછવા મંડી પડે.

'કેફ કાયમ રહેવો જોઈએ; જેમ પૈસાનો, રાજનો, પ્રધાનનો કેફ કાયમ રહે છે તેમ.

'ભડલીના ભાણખાચરે એક કોળણને બોલાવી. તે કોળણને કેફ ચડી ગયો. તે ઘેર જઈ તેના ધણીને કહે : 'તારું ઘર નહિ માંડું. મને ભડલીના ભાણખાચરે બોલાવી.' કોળીએ કહ્યું : 'કહે તો ખરી કે તને શું કહ્યું ?' કોળણે કહ્યું : 'હું મોટો ભારો લઈને જતી હતી. તે જોઈ તેમણે હોકો પીતાં પીતાં કહ્યું : 'માળી કોળણ ! આટલો ભારો ઉપાડ્યો !' આનો કેફ ચડી ગયો.

'આપણને ભગવાન ને સંતો બોલાવે છે, પણ ક્યાં કેફ આવે છે ? જ્ઞાનનો કેફ આવવો જોઈએ.

'જ્ઞાન શું ? પુરુષોત્તમ નારાયણ, તેમનું ધામ, મુક્ત, ઐશ્વર્ય, સ્થિતિ એ બધાંને જેમ છે તેમ જાણી લેવાં. તેનું જ્ઞાન થયું પછી ગમે તેવાં ભાષણનાં લટકાં કોઈ કરતો હોય તોય તે ફિક્કાં લાગે. ટાઢા પહોરની વાત જેવાં લાગે.

'આ જ્ઞાન ચોખ્ખું હોય તેને બીજે સ્વાદ ન આવે. ભગવાનનું ધામ સનાતન છે, તેમ આ જ્ઞાન પણ સનાતન છે. સ્વામીએ ત્રીજા પ્રકરણની છત્રીસમી વાતમાં કહ્યું છે, તેના મુક્ત પણ સનાતન છે. તેવું જ્ઞાન આપણને થયું છે.

'ખાતાં-પીતાં-સૂતાં-બેસતાં છક મોળો ન પડવો જોઈએ. રોટલો ને દાળ, ને દૂધપાક, બધું સરખું લાગવું જોઈએ. સાધુને હરિભક્તો જારનો રોટલો આપે

ત્યારે સાધુ કહે : 'હરિભક્તોનો ભાવ મોળો પડ્યો છે.' પણ તમારો (સાધુનો) ભાવ મોળો પડ્યો છે. વ્યવહારનું કામ કરવું, પણ વેઠ જેવું કરવું.

'ગુણાતીત સ્વામી કહેતા : 'બાર મહિને એક મહિનો આવરદાનો ધર્માદો કાઢવો. રળ્યામાં કાંઈ ખોટ આવતી હોય તો હું હજાર રૂપિયા આપીશ; પણ સમાગમ કરો.' આવું ગુણાતીત બોલી શકે.

'ગુણાતીત સ્થિતિ થાય ત્યારે લોભ, માન, સ્વાદ વહ્યો જાય. વ્યસન ન રહે. ગુણાતીત સ્થિતિ એ તો હદ ઉપરની વાત આવી.'

મમ ગુન મગન ઉદારા

હમણાં હમણાં વહેલી સવારે સ્વામીશ્રીને ઊંઘ આવી જતી. એટલે એક-બે વાર ૫-૧૫ વાગે ઉઠાડ્યા નહિ. ૫-૩૦, ૫-૪૫ થઈ જાય. એથી સવારે ૫-૧૫ પછી હંમેશાં જે કથા કરતા, એ થઈ શકતી નહિ. પોતે ખૂબ અકળાય અને કહે : 'કથા થતી નથી.'

'કથા તો આખો દિવસ થાય છે. અત્યારે ઊંઘ આવતી હોય તો આરામ લેવો સારો.' સૌ સેવકો સ્વામીશ્રીને સમજાવતા. પણ સ્વામીશ્રીનું મન જરાપણ માનતું નહિ અને સેવકોને બહુ ઠપકો આપતા. જ્યારે જ્યારે ઊઠવામાં મોડું થાય ત્યારે વઢતા. ૫-૧૫ વાગે ઊઠવાનો આગ્રહ રાખતા અને સવારની કથા અચૂક કરાવતા. ઘણી વાર તો આખી રાત ઊંઘ ન આવી હોય ને સવારમાં જરા આંખ મળી હોય, તોપણ ૫-૧૫ વાગે તો સ્વામીશ્રીને ઉઠાડવા પડે જ. નહિ તો એમને જરાપણ ગમે નહિ અને ઊંડો નિઃશ્વાસ નાખે, અકળાઈ જાય.

ક્યારેક ૫-૧૫ વાગે ઊઠ્યા પછી કથા સાંભળતાં સાંભળતાં પણ એમની આંખો મળી જતી, પણ કથાનું અનુસંધાન હોય એટલે ઝબકીને જાગે ને 'વાંસો લ્યો' એમ બોલતા જાય. આપણને લાગે કે આવી તંદ્રા અવસ્થામાં કથા પ્રસંગનું અનુસંધાન સ્વામીશ્રીને નહિ રહેતું હોય, પણ વચ્ચે ઘણી વાર કથાનો મરમ સમજાવતા રહે ત્યારે એમની યોગનિદ્રાનો મહિમા સમજાય. રાત્રે સ્વામીશ્રી ઊંઘની ગોળી લેતા. એની અસર લગભગ વહેલી સવારે વધુ થતી. આખી રાત ઊંઘ ન આવી હોય, આખા દિવસનો થાક ઊતર્યો ન હોય, છતાં સ્વામીશ્રી સવારે તો ૫-૧૫ વાગે ઊઠવાનો જે આગ્રહ રાખતા, એના ઉપરથી કથાવાર્તાની એમની રુચિ કેટલી હદે છે તેનો ખ્યાલ સહેજે આવતો.

તા. ૧-૫-'૭૦, સવારે ૫-૩૦ વાગે ઉઠાડ્યા. સ્વામીશ્રી કહે : 'સ્વપ્નું

આવ્યું. અન્નકૂટનાં દર્શન થયાં. સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજ હતા. અન્નકૂટનાં બહુ સરસ દર્શન થયાં.'

'બાપા ! સ્વપ્નમાં દર્શન કર્યાં. પ્રત્યક્ષ અન્નકૂટ સારંગપુર નહિ કર્યાં હોય ?' નારાયણ ભગતે પૂછ્યું.

'સારંગપુરમાં પ્રત્યક્ષ અન્નકૂટ કરેલા છે. (સંવત) ૧૯૬૭ થી ૧૯૮૮ સુધી અન્નકૂટ સારંગપુર કર્યા. બરવાળાથી કંદોઈ આવતા ને અમે મદદ કરતા. ને પછી ગોંડલ મંદિર થયું. ને કુબેરભાઈ ને બધા હરિભક્તો ભેગા થયા હતા. તે શાસ્ત્રીજી મહારાજ કહે : 'આ જોગી અહીંના મહંત છે. (તે અહીં અન્નકૂટ કરે તો ઠીક).' તે ત્યારથી પછી ગોંડલ અન્નકૂટ કરીએ છીએ.'

સામે દેખાય તોય ખબર ન પડે

કરમસદના ચીમનભાઈ એસ. પટેલને ઘેર ઠાકોરજી જમાડ્યા બાદ બપોરની કથામાં વરતાલનું ૧૩મું વચનામૃત વંચાવી સમજાવતા હતા.

સ્વામીશ્રીએ પૂછ્યું : 'પંડ્યા સાહેબના દીકરા નવીનભાઈ ક્યાં ગયા ? તેમને જમવા નોતરું આપ્યું હતું કે નહિ ?'

'બાપા ! આપની સામે જ મારી બાજુમાં જ જમવા બેઠા હતા. આપે પ્રસાદીનો દૂધપાક પણ આપ્યો હતો ને !' હર્ષદભાઈએ કહ્યું.

'એ નવીનભાઈ હતા ? આવું છે... ભગવાનનું પણ આવું છે. સામા દેખાતા હોય તોય જીવને ખબર ન પડે. ભગવાન પુરુષોત્તમ નારાયણ મનુષ્ય જેવા બેઠા હોય તોય ખબર ન પડે. 'આ જ મારા મોક્ષના દાતા' – આવા ભાવથી દર્શન કરે, તો જ તેની વૃત્તિ ભગવાન સામી તણાય.'

અહીં રતિલાલ નામના નવા મુમુક્ષુને સ્વામીશ્રીએ વર્તમાન ધરાવી સત્સંગી કર્યા. મંદિરમાં - સભામાં તેમને સ્વામીશ્રીની મૂર્તિમાં હંમેશાં શ્રીકૃષ્ણનાં દર્શન થતાં.

તેઓ ઠાકોરજીનાં પાનબીડાં માટે હંમેશાં નાગરવેલનાં પાન લાવતા. તેમને એમ કે ભગવાનને ધરાવીને સ્વામીશ્રી તથા સંતો પાનબીડાં જમતા હશે. પછી તેમને ખબર પડી કે સ્વામીશ્રી અને સંતો તો પાનબીડાં લેતા નથી. તેઓ નિરાશ થઈ ગયા. તેમની તીવ્ર ઇચ્છા હતી કે તેમનું પાન સ્વામીશ્રી તો જમે જ. સ્વામીશ્રીને તો તેઓ કંઈ કહી શક્યા નહિ.

એ અરસામાં અહીંના એક વૈદ્ય સ્વામીશ્રીની દવા કરતા હતા. તેમણે

સ્વામીશ્રીને શક્તિની ગોળીઓ આપી, જે નાગરવેલના પાન સાથે લેવાની હતી. સ્વામીશ્રીએ તે ગોળી પાન સાથે પાંચ દિવસ સુધી લીધી અને એ ભક્તનો સકલ્પ પૂરો કર્યો.

ભક્તન કે મન ભાયો

સ્વામીશ્રીએ દેશમાં શ્રીહરિ સ્વામીને આજે પત્ર લખ્યો, તેમાં લખ્યું હતું :

'અમે પચાસ વરસ સત્સંગમાં ફર્યા. પધરામણીઓ કરી, વીસ હજાર માણસોનાં શીરનામાં યાદ રાખ્યાં હતાં. મંદિરે ગયા પછી યાદ કરીને તેમને વખતોવખત કાગળ લખીએ. મંદિરે આવે તેને સાચવીએ. પછી પાછા જઈએ ત્યારે બમણો ધર્માદો દે. એમ રાખ-રખાવટથી સત્સંગ વધે છે.'

મોક્ષના હૉલસેલર

મંદિરમાં સાંજે ૫-૩૦ વાગે સત્સંગ સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આજે દુકાનો બંધ. રજા પડી છે. મોક્ષ બંધ નહિ. ચાલતો ને ચાલતો જ. સવારના ૪-૦૦ થી તે રાતના ૧૨-૦૦ સુધી - *'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ.'*

'મોક્ષ કરવા, આત્યંતિક કલ્યાણ કરવા સંતો રાત-દી' વાતું કરે છે. અહીં 'હૉલસેલ' વેપાર. સોયથી માંડી લાખ રૂપિયાનો માલ મળે. મહારાજને ઓળખ્યા, બીજાને ઓળખવું ન પડે. આ સાધુને ઓળખ્યા પછી બીજા સાધુ ઓળખવા ન પડે. આ પ્રાપ્તિ થઈ છે, તેવી સમજાય તો બીજી પ્રાપ્તિ શોધવી ન પડે. ભગવાનને ઓળખ્યા તેથી કઈ વસ્તુ વધારે છે ? જોગ ખરેખરો આવી ગયો.

'બ્રહ્માનંદ સ્વામીએ ગોડીના પદમાં લખ્યું :

'સંત સમાગમ કીજે હો, નિશદિન સંત સમાગમ કીજે.'

'શિક્ષાપત્રીમાં પણ મહારાજે 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો' એમ કહ્યું છે. શું કામ કહ્યું ? જો નત ન કરીએ, તો અજ્ઞાન-દોષ પેસી જાય. સમાગમમાં રહે તો એકે દોષ ન પેસે.

'આ સમાગમ સંભારવો. સમર્તિ એ દુઃખની હરનારી છે.'

આમ, સ્વામીશ્રી દરેક પ્રસંગે જુદી જુદી વાતો કરતા. એમાં કોઈ પૂર્વયોજિત વાત લાગે નહિ. પણ એમની અનુભવ વાણીનો પ્રવાહ વણથંભ્યો વહેતો રહેતો. જેમાં સત્સંગના ઇતિહાસની, મહારાજ-સ્વામી-શાસ્ત્રીજી

મહારાજ તથા જૂના સંતોના મહિમાની, વ્યવહારના ચાલુ પ્રસંગો સાથે સચોટ દૃષ્ટાંતોની અને ખાસ તો નિર્વાસનિક થઈ એકાંતિક ધર્મ સિદ્ધ કરવાની - બ્રહ્મરૂપ થવાની વાત મુખ્યત્વે રહેતી. વચનામૃત સંબંધી અને જ્ઞાન સંબંધી સ્પષ્ટ ખુલાસાઓ અને સૂક્ષ્મ અર્થો સમજાવી, સ્વામીશ્રી સૌને સત્સંગનો જેવો છે એવો રંગ લગાડવા સદાય પ્રયત્નશીલ રહેતા. કડવું કહીને પણ સત્સંગની સાચી વાત કરવામાં કોઈની મહોબત રાખતા નહીં.

એમની વાતો સદાય પ્રેરણાત્મક બનતી. અને સભામાં બેઠેલા વિવિધ કક્ષાના ભક્તોને એવી ચોટ લાગતી. દરેકની જુદી જુદી પ્રકૃતિ હોય, છતાં દરેકના મનને સરખું સમાધાન મળતું, સત્સંગની દૃઢતા થતી, એ એક વિશિષ્ટ અનુભવ હતો.

પ્રગટ ભક્તિ બાંધી દૃઢ પેટી

બીજે દિવસે સવારે ૪-૨૫ વાગે સ્વામીશ્રી કહે : 'આજે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. સારંગપુરમાં હુતાશનીનો સમૈયો હતો. સાંજે ૫-૦૦ વાગે સ્વામી કહે : 'મારે નાહવું છે.' મેં કહ્યું : 'ગરમ પાણી કરું ?' તો ના પાડી ને કહ્યું : '૧૧-૦૦ વાગે નાહીશ ત્યારે ગરમ પાણીથી નાહીશ.' પછી નાહીને સ્વામી ભગવત્‌સ્વરૂપ સ્વામી સાથે વાતો કરતાં બેઠા ને મને કહ્યું : 'તમે સૂઈ જાવ.' પછી હું સૂઈ ગયો.

'અંધારું જોઈને મને થયું કે 'આપણે ક્યાં છીએ ? સારંગપુરમાં કે બીજે ?' પછી ઊઠ્યો. ત્યાં તો ખબર પડી કે ચાર હજાર માઈલ દૂર આફ્રિકામાં છીએ. ગઈકાલે અન્નકૂટનાં દર્શન થયાં હતાં. એમ પ્રગટનાં - શાસ્ત્રીજી મહારાજનાં સપનાં બહુ આવે.'

બપોરે સ્વામીશ્રી ફરાળ લઈ રહ્યા હતા. સામે હરિભક્તો બેઠા હતા. જમતી વખતે સ્વામીશ્રીને વાત કરવા જોઈએ; કાં તો કોઈને પીરસવાનો આગ્રહ કરે, કાં તો 'મહારાજ જમો, સ્વામી જમો, શાસ્ત્રીજી મહારાજ જમો...' એવા પડકારા કરે. ખુશમિજાજમાં સ્વામીશ્રી બોલ્યા :

'ભટેસા ! કેરી આજે કેમ ન લાવ્યા ?'

'બાપા ! સારી મળી નહિ.'

'ફરાળના દિવસે તો લાવવી જ જોઈએ.'

આટલી વાત થઈ. સ્વામીશ્રી જમી રહેવા આવ્યા હતા. ત્યાં કોઈ ભક્ત

કેરીનો કરંડિયો લાવ્યા. બધાએ કહ્યું : 'બાપા ! આપે સંકલ્પ કર્યો ને કેરી આવી ગઈ. હવે જમો.'

'હવે ઠાકોરજી પોઢી ગયા. ઠાકોરજીને ધરાવ્યા વગર ન જમાય.' સ્વામીશ્રીએ કહ્યું. અને કેરીઓ હરિભક્તોને દઈ દીધી.

આજે સો જેટલા યુવકો તથા સંતોએ એકાદશીનો નિર્જળા ઉપવાસ કરેલો. સાંજે મંદિરમાં સભા થઈ. આશાભાઈ, રવિભાઈ, મહેન્દ્રભાઈએ વાતો કરી. લાઇટને લીધે જીવડાં બહુ આવતાં હતાં, એટલે લાઇટો બંધ કરી.

તે જોઈ સ્વામીશ્રી કહે : 'જીવડાં ભલે આવે, જીવડાંને સંબંધ થશે તો અક્ષરધામમાં જશે.' એમ સૌને આનંદ પમાડી, લાઇટો ચાલુ કરાવી. આરતી કરીને ઉતારે રવિભાઈ પંડ્યાને બંગલે 'અક્ષરધામ' પધાર્યા.

તા. ૩જીએ રવિવારની યુવક મંડળની સભા, સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'અક્ષરધામ'માં સવારે ૧૧-૦૦ વાગે થઈ.

કરોડ શિલિંગ કરતાં વધુ ફળ

મોમ્બાસામાંથી લગભગ બાવીસેક યુવકો સાધુ થવા તૈયાર થયેલા. સી.ટી. પટેલ તેમનાં નામ બોલ્યા. સ્વામીશ્રીએ દરેકને આશીર્વાદ દઈ થાપા આપ્યા ને પછી બળની વાત કરતાં કહ્યું :

'દુ:ખમાં પડીએ છીએ એવું ન માનવું. તમને સુખના ઢગલા આપવા છે. આ પ્રમુખસ્વામી જો સાધુ થયા તો બધાં મંદિરના ઉપરી થયા. પહેલાં નાના હતા, હવે મોટા થયા.

'કોઈએ બીક ન રાખવી કે સાધુ થઈશું તો દુ:ખ પડશે. મૂંઝવણ ન રાખવી. તમને લાખ શિલિંગ મળતા હોય તો તમે મૂંઝાવ કે રાજી થાવ ? બધા રાજી જ થાય. કરોડ શિલિંગ કરતાં પણ આમાં ફળ વધુ છે.

'શાસ્ત્રોમાં પ્રહ્‌લાદ ને ધ્રુવની કથા આવે છે. બીજા ઘણા રાજાના કુંવર હતા, પણ આ બેને જ સંભારીએ છીએ.

'ભગવાન ભજશો, સંસ્કૃત શીખશો, પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેશો તો સોનાના થઈ જશો.

'તમને કૂવામાં નાખવા નથી લઈ જતા. મોટી ડિગ્રી આપવી છે. અહીં સંસારમાં નરકનો ખાડો છે. પ્રયત્ન કરી મા-બાપની રજા લઈ આવો.

'ઘરમાં મા-બાપની રજા વગર લંડન જાય છે. આપણે લંડન કરતાં અધિક

અક્ષરધામમાં જવાનું છે.

'બધાં નામ લખાવો. પાસપોર્ટ તૈયાર કરો. મા-બાપ ન માને તો અમારી પાસે લાવો. ત્રણ દીકરે એક દીકરો લેવો છે.

'આજ મિટિંગ ભરી છે. તે નક્કી ખત થઈ ગયું. તા. ૨૨-૫-'૭૦ના રોજ સૌએ જવાનું. બધા તૈયાર થઈ જાવ. જે વાત થઈ છે, તે હૃદયમાં રાખજો. દોષમાત્ર ટળી જશે. કાર્ય પૂરું થયે અક્ષરધામમાં બેસશો. જેણે રાજી કર્યા છે તે સુખી છે. માટે બળ રાખવું.'

આમ તો સ્વામીશ્રી યુવકોના હાથનો ટેકો લઈને ચાલતા હોય, ઊઠતા હોય, બેસતા હોય, યુવકોએ સ્વામીશ્રીની ખુરશી ઉપાડી હોય, યુવકો સ્વામીશ્રીને સ્નાન કરાવતા હોય કે પછી સ્વામીશ્રીને વીંટળાઈને બેઠા હોય કે ઊભા હોય, આવા અનેક પ્રસંગોએ, દૃષ્ટિથી-ઈશારાથી કે હેતનાં એકાદ-બે વચનોથી સ્વામીશ્રી યુવકોને વશ તો કરી જ રહ્યા હતા. પણ હવે સ્વામીશ્રીના સંકલ્પમાં ભળવાની યુવકોની તત્પરતા વધી રહી હતી. અને એમનાં મા-બાપ તથા કુટુંબીઓ પણ પ્રોત્સાહન આપી રહ્યાં હતાં.

આજે બપોરની કથા 'અક્ષરધામ' બંગલાના વચલે માળે કરી હતી. નિષ્કામધર્મ, બ્રહ્મચર્ય યુવકો સારધાર પાળે - એ યુવાનો માટે સ્વામીશ્રીનો ખાસ આગ્રહ. એટલે ગામોગામ યુવકોને સ્વામીશ્રી કૌપીનો આપતા અને કેમ પહેરવી તે શીખવાડતા. અહીં પણ આજે સૌ યુવકોને કૌપીનો આપી હતી. સામાન્ય રીતે યુવાનો અન્ડરવેર પહેરતા હોય, છતાં સ્વામીશ્રી કૌપીન તો પહેરવાનો આગ્રહ રખાવતા જ. અને બ્રહ્મચર્યનો મહિમા સમજાવી, એ પ્રમાણે વર્તવા આત્મબળ આપતા. એ વ્રતમાં નાનો સરખો પણ ફેર પડે તો પ્રાયશ્ચિત્તનો ઉપવાસ આપતા. એટલે જ સ્વામીશ્રી યુવાન સંતો-યુવકો પાસે વ્રત-ઉપવાસ, દેહદમન બહુ કરાવતા અને સાથે આત્મવિચાર પણ ખરો.

મહારાજના વેણ ઉપર વેણ નહિ

કથામાં વરતાલ ૭મું વચનામૃત વંચાવ્યું. તે ઉપર વાત નીકળી. ઈશ્વરભાઈ દેસાઈએ પૂછ્યું : 'બાપા ! ભગવાન તો અંતર્યામી છે. તેઓ આસુરી જીવને દીક્ષા કેમ આપે છે ?'

'મહારાજ બોલે તે ઉપર અપીલ નો કરવી. ધણી ફાવે તેમ કરે. તેના ઉપર શંકા ન થાય. ધણી ચાહે તેમ કરે. અસુર સત્સંગમાંથી જાય તોય ભલે ને

અસુરભાવ રાખે તોય ભલે. સુપ્રીમ કોર્ટમાં દાવો ગયો પછી અપીલ ન હાલે.' સ્વામીશ્રીએ એવો તો ઉત્તર કર્યો કે સૌ સ્તબ્ધ થઈ ગયા.

વળી કહે : 'આ તમે અક્કલના બારદાન છો' એમ સત્પુરુષ કહે તો તેનો અવગુણ આવે. પણ જ્યારે સમયક્ પ્રકારે ગુણ આવી જાય કે 'અહોહો ! આ તો બહુ મોટા છે. આશરો કરવા જેવા છે.' તો તેનો અસદ્ભાવ ટળે ને દૈવી થાય.'

સાંજે ચીમનભાઈ તેમના નોવેલ્ટી સ્ટુડિયોમાં સ્વામીશ્રી અને સંતોને ફોટો પાડવા માટે લાવ્યા હતા. હાર એક જ હતો, તે તેમણે સ્વામીશ્રીને પહેરાવ્યો હતો.

એક-બે ફોટા લીધા પછી સ્વામીશ્રી કહે : 'પ્રમુખસ્વામી ! તમેય આ હાર પહેરોને !'

પ્રમુખસ્વામી ઉપર સ્વામીશ્રી અપાર પ્રેમ રાખતા. ઉંમરમાં નાના તોય ગુરુના નીમેલા ! પ્રમુખ તરીકેની મર્યાદા સાચવતા. વળી, પોતાને એકલાને માટે કાંઈ વિશેષ રુચે નહીં. એટલે પ્રમુખસ્વામી હાર પહેરે તો વધુ સારું, આવો એમનો સાહજિક ભાવ, બીજાને જ માન આપવાની સ્વામીશ્રીની સાધુવૃત્તિ પ્રગટ કરતો હતો.

સ્વામીશ્રી રાત્રે ઉકાળો લઈ પંગતમાં જોવા નીકળ્યા. નારાયણ ભગત પાસે આવી પૂછ્યું : 'ખીચડી ન જમ્યા ?'

'બાપા ! મગની નથી ભાવતી.' તેમણે સહજભાવે કહ્યું.

તરત જ સ્વામીશ્રી તેમનો હાથ પકડી ભંડારમાં ત્યાગવલ્લભ સ્વામી પાસે ગયા અને કહ્યું : 'આજથી હવે તુવેરની જ ખીચડી કરવી.' પછી તેમને રોજ ખીચડી જમાડતા. નાના-મોટા સૌની આટલી હદ સુધી સ્વામીશ્રી ખબર રાખતા.

બીજે દિવસે યોગી જયંતી નિમિત્તે પ્રગટ થયેલી છાપાની ખાસ પૂર્તિ વાંચીને એક સિલોનીઝભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવેલા. ૧૨-૦૦ વાગ્યા એટલે તેઓ જવા તૈયાર થઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ એમને જમવા રોક્યા. અને કહ્યું : 'પ્રસાદ ખાના. બુદ્ધિ પવિત્ર હો જાયગા.'

તા. ૫મીએ રાત્રે ઉતારે શાસ્ત્રીજી મહારાજની ફિલ્મ બતાવવાની હતી. સ્વામીશ્રી એકાએક આવ્યા ને કહે : 'હું અત્યારે શા માટે અહીં સભામાં આવી બેઠો છું તે તમે સમજ્યા ? સ્વાર્થથી બેઠો છું. હું સ્વામી(શાસ્ત્રીજી મહારાજ)ની ફિલ્મ જોવા બેઠો છું.' સ્વામીશ્રીએ કહ્યું.

થોડી વારે ફિલ્મ શરૂ થઈ. ફિલ્મમાં જ્યાં શ્રીજીમહારાજની મૂર્તિ આવે કે શાસ્ત્રીજી મહારાજ દેખાય ત્યારે સ્વામીશ્રી જાણે પ્રત્યક્ષ દર્શન કરતાં હોય એમ

અચૂક હાથ જોડી પગે લાગે. અને મસ્તક પણ નમાવે. શાસ્ત્રીજી મહારાજનાં - ગુરુનાં પ્રત્યક્ષ દર્શનનો આનંદ એમના મુખ ઉપર ફરી વળતો.

વળતી સાંજે ૬-૩૦ વાગે મંદિરમાં સત્સંગ સભામાં અનેક વાતો કરતાં એક મુદ્દાની વાત સમજાવી હતી. સુહૃદભાવ ઉપર સ્વામીશ્રીએ વાત કરી. ઘણા પ્રસંગોએ આ વાત ઉપર સ્વામીશ્રી બહુ ભાર મૂકતા. આજે કહ્યું :

'ચાર વાત જીવનું જીવન છે – ઉપાસના, આજ્ઞા, મોટા એકાંતિકમાં પ્રીતિ અને ભગવદીમાં સુહૃદપણું.

'જો એક સુહૃદપણું આવે, તો બાકીનાં ત્રણે વાનાં આવે. સૌ મોટા બની જઈએ, એ સુહૃદપણું નહિ.'

નિજજન જાની સંભારોગે પ્રીતમ

તા. ૭મીએ સવારે નાસ્તો કરતાં સ્વામીશ્રીએ સેવકને કહ્યું : 'દાસકાકાને ઢેબરાં દઈ આવો. તેમને રોગ છે. બીજું ગળ્યું ખવાતું નથી.'

'બાપા ! એ તો જમી રહ્યા.'

'તોય દઈ આવો.'

સ્વામીશ્રી હરિભક્તોની બહુ સંભાળ રાખતા. એમાં પણ શાસ્ત્રીજી મહારાજના જૂના હરિભક્તો(દાસકાકા, હરમાનભાઈના નાનાભાઈ)ને ક્યારેય ભૂલતા નહિ. હરિભક્તોને માટે જ એમનું જીવન હતું.

એક વખત બપોરે ત્યાગવલ્લભ સ્વામી શાકભાજી ગોઠવતા હતા. એવામાં સ્વામીશ્રી રસોડા તરફ પધાર્યા. ત્યાં સરસ કેરીઓ પણ પડેલી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'કેરીઓ બહુ સારી છે !'

'બાપા ! ખૂબ મોંઘી છે. એક શિલિંગની એક.' ત્યાગવલ્લભ સ્વામીએ જણાવ્યું.

પણ સ્વામીશ્રીએ તે બાબત ધ્યાનમાં ન લેતાં કહ્યું : 'આપણે ઠાકોરજી માટે કેરીની રસોઈ બનાવી નથી, એક દિવસ રાખો.'

'બાપા ! મોંઘી છે ને !' ત્યાગવલ્લભ સ્વામીએ ફરીથી આશ્ચર્ય જણાવ્યું.

'કાંઈ વાંધો નહિ, આવા હરિભક્તો જમનારા ક્યાંથી ?' એટલું કહી સ્વામીશ્રી ચાલી ગયા. ત્યાગવલ્લભ સ્વામી વિચારતા રહી ગયા કે ઠાકોરજી તથા હરિભક્તોને લાડ લડાવવાનો કેટલો પ્રેમ છે !

બપોરે ૧-૩૦ વાગે સ્વામીશ્રી સમક્ષ અંગ્રેજી છાપાની પૂર્તિનું વાચન

ચાલતું હતું. એમાં વાત આવી : શાસ્ત્રીજી મહારાજ ધામમાં જતી વખતે કહેતા ગયા – 'યોગી તે હું ને હું તે યોગી.'

એ સાંભળી સ્વામીશ્રી કહે : 'હકાભાઈ સાંભળ્યું ? 'ગઢડાનું મંદિર જોગી પૂરું કરશે' એમ સ્વામીએ કહેલું. મોટાપુરુષ જે બોલે તે સત્ય થાય.'

એટલે હર્ષદભાઈએ પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજે આપને કહ્યું હતું કે 'આ નારણ સ્વામી ઉપર દૃષ્ટિ રાખજો.'

'શાસ્ત્રીજી મહારાજે મને કહેલું - એને સાધુ થવાની વાત કરજો. પોતે હાથ મૂકે ને મારી પાસેય મુકાવે.' સ્વામીશ્રીએ સમર્થન કર્યું.

દિવ્યતાની ક્રિયા એવી કદી ન મળે

સાંજે મંદિરમાં સભા પ્રસંગમાં વાતમાં વાત નીકળી. ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે કરમશીભાઈને ત્યાં મહારાજનાં પગલાં છે, તે જોવા જવું છે.'

'એ ઘર ખાલી કરી નાખ્યું ને પગલાં નથી.' હરિભક્તોએ કહ્યું.

કરમશીભાઈને ત્યાં મહારાજે દિવ્ય દેહે પધારી ચંદનનાં પગલાં પાડેલાં, તેનાં દર્શનની વાત સ્વામીશ્રી કરી રહ્યા હતા. એટલે સ્વામીશ્રીએ વાત મૂકી નહિ. કહે :

'ઘર તો છે ને ! પ્રસાદીની જગા છે ને ! આપણને એ નળિયાંને અડવા દેશે ને ! આપણે ક્યાં કંઈ લેવું-દેવું છે ! આપણે તો દર્શન કરવાં છે. બધા સંતો-હરિભક્તોને દર્શન કરાવવા છે કે અહીં મહારાજે પગલાં પાડેલાં, તે (ગમે તે) ઘરધણી ના નહિ પાડે.'

પ્રસાદીનાં મહારાજનાં પગલાંનાં દર્શનનો સ્વામીશ્રીએ આટલો બધો આગ્રહ સેવ્યો ! મહિમાનું દર્શન કરાવ્યું ! ઘર બંધ હશે તો છેવટે નળિયાંને અડીને પણ પ્રત્યક્ષ દર્શનનો આનંદ લેશું, પાવન થશું. આવો મહિમા મહારાજના ધારક સત્પુરુષ વગર કોણ સમજાવે ?

ભાવનગરમાં પણ પ્રભુદાસ શેઠને ત્યાં, મહારાજ ને સ્વામી દિવ્ય દેહે પધારેલા, ને ચંદનનાં છાંટણાં તથા ચંદનના હાથના છાપા પાડેલાં. એ સ્થાનનો મહાતીર્થ જેવો મહિમા સમજી, સ્વામીશ્રી હંમેશાં દર્શન કરવા જતા, સૌને દર્શન કરાવતા.

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રી કહે : 'આજે ગોંડલમાં ફાગણ સુદ ૧૫નો સમૈયો કર્યો. દાળિયા, ખજૂર ને ઘી ઉપર ઠાકોરજી પાસે લઈ ગયા.

તે વખતે સંજાયાના ગોવિંદ સ્વામી કોઠારી હતા. ખજૂર ને ઘીના વાટકા તૈયાર કર્યા. પછી ઠાકોરજી આગળ ઓચ્છવ કર્યો.'

હવે બીજું નામ ન હોય

સવારે ઉતારે અમૃતપાન કરી, રવિભાઈના મકાનમાં 'અક્ષરધામ' લખેલાં નાનાં બૉર્ડ પૂજન કરી, મકાન બહાર મુકાવ્યાં. નવીનભાઈ ફિલ્મ પાડી રહ્યા હતા. મકાનમાં દાખલ થતાં નાના બાળકો સ્વામીશ્રીને કહે : 'આજે અમે નિશાળે નથી ગયા. તમે કહ્યું હતું ને કે પાટોત્સવ છે તે કોઈએ જવું નહિ.'

'આજે પાટોત્સવ છે, આજે નો જવાય. નિશાળમાં શું જવું હતું ? આપણે તો અક્ષરધામની નિશાળમાં દાખલ થઈ ગયા.' સ્વામીશ્રીએ બાળઠાવકાઈથી ઉત્તર આપ્યો.

'બાપા ! બંગલાનું નામ 'અક્ષરધામ' સારું પાડ્યું.' બાળકો સ્વામીશ્રી પાસે વાતે ચઢ્યા.

'અહીં મહિના સુધી સંતો રહ્યા, તે અક્ષરધામ થઈ ગયું. હવે બીજું નામ ન હોય. આ તો અક્ષરધામ બની ગયું.' સ્વામીશ્રીએ બાળકોને બાળશૈલીમાં સમજૂતી આપી. બાળકો રાજીના રેડ થઈ ગયા.

'બાપાએ આપણી સાથે વાતચીત કરી !' કેટલો આનંદ બાળકોને આવ્યો હશે ?

મંદિરનો પાટોત્સવ

આજે સં. ૨૦૨૬ના વૈશાખ સુદ ત્રીજનો અક્ષય તૃતીયાનો શુભ દિવસ હતો. અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, મોમ્બાસાનો ૧૬મો વાર્ષિક પાટોત્સવ પણ આજે હતો.

મંદિરે વિદ્વાન બ્રાહ્મણોએ પાટોત્સવની સર્વ વિધિ કરાવી. આફ્રિકાના તથા દેશના ૧૩ યજમાનો વિધિમાં બેઠા હતા. સંતોએ ઠાકોરજીનું ષોડશોપચાર વિધિથી - પંચામૃત સ્નાન-પૂજન વગેરે કર્યું. પ્રમુખસ્વામીએ સિંહાસનમાં પધરાવેલી ભવ્ય ચિત્ર-પ્રતિમાઓને ચાંદલા કર્યા. મંદિર ઉપર નવો ધ્વજ ફરકાવ્યો. અંતમાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી અને સંતોએ આરતી ઉતારી.

સ્વામીશ્રીનું મહિમાગાન કરવામાં અત્યંત શૂરવીર એવા સી.ટી. પટેલે, સ્વામીશ્રીને આજે 'હીઝ સુપ્રીમ ડિવાઈન હૉલિનેસ' - સર્વોપરી દિવ્ય સંતપુરુષ

– સંબોધીને બિરદાવ્યા હતા.

સાંજે મંદિરમાં ૫-૪૫ થી ૬-૩૦ શિક્ષાપત્રી પારાયણ યોજાયું હતું. અંતમાં, સ્વામીશ્રી સાથે તમામ સંતો-હરિભક્તોએ ઠાકોરજીની સમૂહમાં આરતી ઉતારી હતી.

અહીં સાંજે માલિશ માટે, વીરપુરના એક અનુભવી વૃદ્ધ લુહાણાભાઈ આવતા. સ્વામીશ્રીએ તેમને કૃપા કરી સેવાનો લાભ આપેલો. માલિશ વખતે સ્વામીશ્રી તેમને સત્સંગની વાતો કરતા. થોડા દિવસ પછી સંતોએ તેમને સ્વામીશ્રી પાસે વર્તમાન ધારી, સત્સંગની કંઠી પહેરવા સમજાવ્યા. પણ ડોસા કાળજાના કઠણ હતા. આ ઉંમરે પણ તેમનાં શ્રદ્ધાકમાડ ખુલ્યાં નહોતાં. એટલે તેમણે કંઠી પહેરવાની ના પાડી. સ્વામીશ્રીએ તેમને ડુંગળી-લસણ છોડવા કહ્યું. એ વાત પણ તેમણે માની નહિ. સ્વામીશ્રીએ તેમની સેવાનો ત્યાગ કર્યો ને કહે : 'અમને તમારી દવાથી જરાપણ ફાયદો નથી ને કાલથી દવા ન લગાડવી.'

સેવા તો એને મળે જેને કાંઈ સંસ્કાર જાગ્રત થાય, એ માટે મોટાપુરુષ સેવા આપતા હોય !

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'પાકા ઘડે કાંઠા ચડે નહિ, ઘરડાં ગલકાં શાકનાંયે કામમાં ન આવે.'

ઘડપણમાં વજ્રસાર બનેલા સ્વભાવ જો ભગવાન કે સંતમાં સદ્‌ભાવ જાગ્રત થાય તો જરૂર છૂટી જાય. પણ જીવ તે જીવ ! દૈવી ને આસુરી !

મોમ્બાસાથી વિદાય

બીજે દિવસે સવારે સર્વ સત્સંગી બંધુઓને સહકુટુંબ મંદિરમાં જમવાનું આમંત્રણ હતું. સાંજે મંદિરમાં વિદાય સમારંભ હતો. તમામ હરિભક્તો હાજર રહ્યા હતા. સૌએ સ્વામીશ્રી, પ્રમુખસ્વામી અને સંતોને ફૂલહાર કર્યા હતા.

પછી સ્વામીશ્રી કહે : 'આજે શાસ્ત્રીજી મહારાજની તિથિ છે. માટે ઘનશ્યામ સ્વામી ! તમે *'સારંગપુરમાં વહાલો પ્રગટ બિરાજે...'* એ કીર્તન ગાવ ને ઠાકોરજી આગળ નૃત્ય કરો.'

સ્વામીશ્રીની આજ્ઞાથી ઘનશ્યામચરણ સ્વામીએ કરતાલ લઈ કીર્તન ઉપાડ્યું. એમાં સારંગપુરની જગ્યાએ બીજી વાર તેઓ મોમ્બાસા બોલતાં *'મોમ્બાસામાં વહાલો...'* અને સ્વામીશ્રી સામે જોતાં જાય. એટલે સ્વામીશ્રી મોઢું હલાવી ના પાડે.

પણ ઘનશ્યામ સ્વામીએ ખૂબ મુજરા કર્યા એટલે એમણે મુખારવિંદના સહેજ ઈશારાથી હા પાડી.

વળી, બીજી કડી ઘનશ્યામ સ્વામીએ ગાઈ કે *'સ્વામી-શ્રીજી આજ સંતમાં બિરાજે એવા યોગીજી મહારાજમાં આવી...'*

આ કડી ગાતી વખતે, ઘનશ્યામ સ્વામીએ સ્વામીશ્રી સમક્ષ પોતાના હાથની હથેળી ધરી ને ચાલુ તાલમાં જ સ્વામીશ્રીએ એમના હાથમાં તાળી આપી દીધી. અને સભા આનંદમાં ગરકાવ બની ગઈ !

હૃદયમાં કાયમ બિરાજમાન

વિદાય સમયે સૌને આત્મબળ પ્રેરતાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ભગવાન ને સંત વિદાય થતા જ નથી. સંત ને હરિભક્તનાં હૃદયમાં કાયમ બિરાજમાન રહે છે. આપણે આશરો ને ભક્તિ કરી છે, તેથી છેટે જતા જ નથી, અખંડ પાસે જ છે. પણ તેને સંભારવા જોઈએ. સમર્તિ કરવી જોઈએ. તો શાંતિનાં ગાડાં. સમર્તિ વગર સુખ ન થાય.

'વ્યવહારની સમર્તિથી કમાઈએ છીએ. તેમ ભગવાન ને સંતની સમર્તિથી શાંતિ થઈ જાય.

'સંતો, હરિભક્તોને તમે રમાડ્યા, જમાડ્યા, પધરામણી કરી, તે અખંડ સંભારશો. જો એક સંપથી કામ થયું, તો શોભી ઊઠ્યું.

'બધાને આશીર્વાદ છે કે તને, મને, ધને સુખિયા થાય. અહીં મહિનો રહ્યા તે એક દી' જેવું લાગ્યું.

'ભગવાન ને સંતને સંભારજો, કુસંગમાં ન જાશો. સંપથી રહેજો.

'૫૧ યુવકો આપી દેજો. અમે આ માલ લેવા આવ્યા છીએ, તે લીધા વિના જઈએ તે સારું ન કહેવાય.

'કોઈ માનશો નહિ કે સંત વહ્યા ગયા. ભગવાન ને સંત જાય જ નહિ. હૃદયમાં અખંડ બેઠા છે.'

આવાં અદ્‌ભુત વચનોથી સ્વામીશ્રીએ સૌનાં હૃદય સ્મૃતિથી ભરી દીધાં. ભગવાન ને સંત જતા જ નથી, અખંડ રહે છે. આજ્ઞા ધારી હૃદયમાં રાખવા જોઈએ, એ આદેશ સૌના ઉપર છોડી દીધો.

બરાબર એક માસ સુધી મોમ્બાસાના હરિભક્તોને દર્શન-સેવા અને

સમાગમનું અતિ સુખ આપીને, સ્વામીશ્રી હવે વિદાય લઈ રહ્યા હતા. અહીં આરામ સારો મળ્યો હતો. તેમજ સ્વાસ્થ્ય પણ સારું રહ્યુ હતુ.

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ

અહીં રહેતા પલાણાના કુબેરભાઈના પુત્ર હરિકૃષ્ણભાઈ સ્વામીશ્રી નજીક જતા નહિ. તેમના એક મિત્રે કહ્યું : 'તું સ્વામીશ્રીને સ્નાન કરાવવા કેમ આવતો નથી ?'

'સાધુ બનવાનું મારું કામ નહિ અને સ્વામી સાધુ બનવાની જ વાત કરે. આપણે સાધુમાં ટકી ન શકીએ.' તેમણે કારણ કહ્યું. છતાં કોઈ અદૃશ્ય આકર્ષણથી તેઓ સ્વામીશ્રીની સેવામાં ગયા. તેઓ મુમુક્ષુ ખરા.

સ્વામીશ્રી સવારે ૧૦-૦૦ વાગ્યે લઘુ કરવા ગયા ત્યારે તેમણે હાથ ઝાલ્યો હતો. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કોણ ?'

તેમના મિત્રે ઓળખાણ આપી. સ્વામીશ્રી બોલ્યા : 'અહોહો ! આ તો મુક્ત છે.' પછી પૂછ્યું : 'સાધુ થશો ?'

થોડી વાર સુધી તેઓ ના પાડવી કે હા એ દ્વિધામાં કાંઈ બોલી શક્યા નહીં. પછી તો સ્વામીશ્રીએ ભારપૂર્વક કહ્યું : 'તમને સાધુ બનાવવાના જ છે. માટે કો' થઈશ.' અને વાંસામાં આશીર્વાદનો ધબ્બો આપી દીધો.

તેમની સાથે તેમના નાના ભાઈ વિહારીભાઈને પણ સ્વામીશ્રીએ નજરમાં લીધા. તેમને પણ સાધુ થવા પ્રેરણા આપી. કુબેરભાઈ જૂના નિષ્ઠાવાન સત્સંગી હતા. તેમણે પોતાના બબે વહાલસોયા પુત્રોને સ્વામીશ્રીને ખોળે મૂક્યા.[૪]

અહીં રસોડાની સેવામાં મોહનભાઈ દેવાણી એક માસથી સેવા કરતા હતા. આ અરસામાં તેમનું માલ ભરેલું એક વહાણ દરિયામાં ડૂબી ગયું. સ્વામીશ્રીને તેમણે આ વાત કરી ત્યારે સ્વામીશ્રી કહે : 'વીમો છે કે નહીં ?'

'હા, વીમો તો છે, બાપા !' તેમણે કહ્યું.

થોડી વાર રહી સ્વામીશ્રી આશીર્વાદ આપતાં કહે : 'વીમો પાકી જશે. મોડું થશે, પણ તમને રકમ મળી જશે.'

---

૪. આફ્રિકાથી પાછા ફરીને સ્વામીશ્રીએ આફ્રિકાથી સાથે આવેલા યુવકો સાથે આ બન્ને ભાઈઓને પણ ત્યાગીદીક્ષા આપી અને મોટા હરિકૃષ્ણભાઈને સાધુ નિરન્નમુક્તદાસ તથા નાના વિહારીભાઈનું નામ સાધુ ભક્તિનંદનદાસ આપવામાં આવ્યું.

પછી મોહનભાઈ વકીલોને મળ્યા. તેમણે કહ્યું. 'વીમો મળે તેવી કોઈ શક્યતા નથી.'

'પણ અમારા ગુરુએ કહ્યું છે તેથી મળી જ જશે. ભલે મોડું થાય.' વકીલો તેમની આ શ્રદ્ધાથી અચંબો પામતા. આમ ને આમ તેઓ બે-બે વરસ લડ્યા. વકીલો પણ કંટાળ્યા, પણ મોહનભાઈની શ્રદ્ધા ડગી નહિ.

છેવટે બે વરસે વીમો પાક્યો અને રકમ મળી ગઈ. સ્વામીશ્રીનાં વચનો ફળ્યાં. અને તેમને સ્વામીશ્રીના સ્વરૂપમાં વધુ પ્રતીતિ થઈ.

ઈ ધામમાં જ બેઠો છે

તા. ૧૦મીએ બપોરે ૧૨-૦૦ વાગે કથામાં છેલ્લાનું સાતમું વચનામૃત વંચાતું હતું. સ્વામીશ્રી કહે :

'મૂર્તિ સામું જોઈ રહેવું ઈ જ સેવા...

'વજ્રની પૃથ્વીમાં વજ્રની ખીલીની જેમ જેણે ભગવાનમાં મન ચોંટાડ્યું હોય ઈ ધામમાં જ બેઠો છે. જ્યાં ત્યાં સાંધા હોય ઈ નહિ.'

✧

બપોરે અહીંથી નૈરોબી જવા નીકળવાનું હતું. ક્વાલે સૉ મિલવાળા રમણભાઈની ગાડીમાં સ્વામીશ્રી પોર્ટ રીટ્ઝ ઍરપોર્ટ પધાર્યા. તેઓએ સ્વામીશ્રીને પોતાની ગાડીમાં ફેરવવાની સારી સેવા બજાવી હતી. ઍરપોર્ટ ઉપર હજારો હરિભક્તો આવી પહોંચ્યા હતા. ૨૮ બેઠકના પ્લેનની વ્યવસ્થા વિનોદભાઈએ કરી હતી.

યુવકોએ બૅન્ડથી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું અને વિદાય આપી.

પ્લેનમાં જવાનું હોવાથી સ્વામીશ્રીએ સામાન્ય નાસ્તો લીધો. બપોરે જમ્યા પણ ઓછું અને કહે : 'પગ ધ્રૂજે છે, પરીક્ષા છે.'

પ્લેનમાં ચડતાં કહે : 'શ્રીજીમહારાજ, પાંચસો પરમહંસો, શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, બધા પ્લેનમાં ચડે છે.'

પ્લેનની આગળની બે બેઠકોમાં સ્વામીશ્રી બિરાજ્યા. વિનોદભાઈને લંડનના સમાચાર પૂછ્યા, કાગળો ઉપર સહીઓ કરી. પછી માળા ફેરવતાં બેઠા.

નૈરોબી સુધી સ્વામીશ્રીએ માળા જ ફેરવી. નૈરોબી ઊતરતાં કહે : 'પ્લેનમાં દોઢસો માળા ફેરવી તે મૂર્તિ ખડી થઈ ગઈ. પલેન સિવાય આમ ફેરવાતી નથી. પરીક્ષા પૂરી થઈ. ૧૦૦ માર્ક્સ મળ્યા.'

એમ્બાકાસી ઍરપોર્ટ ઉપર હજારો હરિભક્તો સ્વાગત માટે આવી પહોંચ્યા હતા. હારતોરા કર્યા. મોટરોની શોભાયાત્રાના રૂપમાં મંદિરે પધાર્યા. યુવકોએ બૅન્ડથી સ્વાગત કર્યું. મંદિરમાં દર્શન બાદ સભા થઈ.

સાંજે સભામાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આશાભાઈએ સિંહ જોવાનો સંકલ્પ કર્યો. મહારાજે ધડ પૂરો કર્યો. પણ જોવા જેવા ભગવાન અને સાધુ બે જ છે. ભલે સિંહ જોયા. સિંહનું કલ્યાણ થઈ ગયું. આ જોગ ને આ પ્રાપ્તિ સંભારી રાખવાં.'

વળતી સવારે મંદિરમાં પૂજા વિધિ બાદ, ભટેસા સાહેબના આગ્રહથી, મંદિરની સામે આવેલા એમના બંગલા 'યોગીનિવાસ'માં સ્વામીશ્રી બે દિવસ માટે રહેવા પધાર્યા. બપોરે અહીં જ ઠાકોરજી જમાડ્યા હતા.

બપોરે ૧-૩૦ વાગે ભટેસાને ઘેર 'યોગીનિવાસ'માં સ્વામીશ્રી મહેન્દ્રભાઈને કહે : 'તમારે લંડન આવવું પડશે. તમે અંગ્રેજી બોલી શકો. આપણે ઠોઠબોંઠિયા. શું બોલીએ ?'

અંગ્રેજી છાપાની પૂર્તિમાં હર્ષદભાઈએ સ્વામીશ્રીનો ખૂબ જ મહિમા લખ્યો હતો. સ્વામીશ્રી કહે : 'આવું નો લખવું. કોઈ પૂછવા આવશે તો શું જવાબ દેશું ? અમે તો જાડા ને ભોળા.'

સાંજે ૫-૦૦ થી ૬-૩૦ 'નિષ્કુળાનંદ કાવ્ય'માંથી હું 'ભક્તિનિધિ' વાંચતો હતો. ત્યારે સ્વામીશ્રી કહે : 'જૂનાગઢ ભગવત્સ્વરૂપ સ્વામી આ વીસે ગ્રંથ હંમેશાં વાંચતા. મને બોલાવીને હંમેશાં શીખવાડે - પાઠ આપે. ઈશ્વરચરણ સ્વામી તેવું વાંચે છે, તે સાંભળી જૂનાગઢની સ્મૃતિ થઈ ગઈ.'

❀ ❀ ❀



અમારો સિદ્ધાંત

આજે સ્વામીશ્રી સ્વેચ્છાથી કેટલીક પધરામણીએ ગયા અને રાત્રે સભામાં મોડા આવ્યા. ઘણાને આ ગમ્યું નહિ. કોઈકે ટકોર પણ કરી કે સ્વામીશ્રીએ પધરામણીમાં ન જતાં સભાનો સમય સાચવવો જોઈએ. બધાયનો રોષ પધરામણી કરાવનાર ઉપર હતો. એથી સભાને અંતે સ્વામીશ્રીએ બહુ હૃદયંગમ વાણી ઉચ્ચારતાં, સૌને જીવન-સંદેશ આપ્યો :

'એક સિદ્ધાંત આપને કહેવાનો છે કે બધા સંપ રાખો. એકબીજાનો મહિમા સમજો, સુહૃદભાવ રાખો. એવા પુષ્કળ આશીર્વાદ છે.

'શાસ્ત્રીજી મહારાજનો ૬૦ વરસનો એ જ સિદ્ધાંત છે. અમે એ જ કરવા આવ્યા છીએ. તમારામાં સંપ રહે. ટરોરો, જિન્જા, કમ્પાલા, મોમ્બાસા, નૈરોબી બધાં મંડળ એકમના રહીને સંપથી કાર્ય કરે, તો શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ રક્ષા કરશે.

'અમારો આ સિદ્ધાંત તમે વારે વારે સાંભળ્યો હતો. આજે પણ એ જ સિદ્ધાંત કહીએ છીએ. બધાએ સંપ રાખવો. એકબીજાને દંડવત્ કરવા. માફી માગવી.

'આ મંદિર શા માટે બાંધ્યું છે ? માટે રોજ સાંજે મંદિરે આવવું. મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે. જેટલા સ્વામિનારાયણના શિષ્ય છે તે દરેકે મંદિર આવવું જોઈએ.

'મહેન્દ્રભાઈ બૅરિસ્ટર સાહેબ ! તમારે રોજ આવવું. કોઈ ન આવે તેને બોલાવવા, ટેલિફોન કરવો, ટકોર કરવી. ન આવે તેને આઠ આના દંડ થશે.

'લીંબડીમાં રેવન્યુ કમિશનર ભાઈરાજ સાહેબ (મેઘાભાઈ સાહેબ) હતા. ગરાશિયા ને મૂળીના આગેવાન સત્સંગી. પણ મંદિરે ન આવે.

'એક વાર સંત આવ્યા હતા. તેમણે હરિભક્તોને પૂછ્યું : 'ભાઈરાજ

સાહેબ કેમ નથી આવતા ?' પછી કહ્યું : 'જાવ બોલાવી લાવો.' તે આવ્યા. પછી તેમને કહ્યું : 'તમારે રોજ મંદિરે આવવું. જે દી' ન અવાય, તે દી' આઠ આના પેટીમાં નાખવા.' પછી તે રોજ આવવા મંડી પડ્યા.

'જો મોટા ન આવે, તો નાના ક્યાંથી આવે ? આ પાંચ લાખનું મંદિર શા ખપનું ?

'મોજીદડના માધા પટેલ હતા. ખરેખરા સત્સંગી. કોઈ મહેમાન આવે તેને પણ મંદિરે લઈ જાય. ૧૦-૦૦ વાગ્યા સુધી બેસાડી રાખે. મંદિરે જાય ત્યારે તેને કહે : 'હાલો મંદિરે. ન આવવું હોય તો આ ખાટલો ઢાળી દઉં છું. પાણીનો લોટો મૂકું છું. તે તમે સૂઈ રહેજો.' પણ મહેમાન એકલો કેમ રહે ? કાકા કહીને મંદિરે આવવું પડે.

'આવા દાખલા બનેલા છે. અમે અમથા નથી આવ્યા. સત્સંગ વધારવા આવ્યા છીએ. ખાલી પડ્યા રહે કામ ન થાય.

'સાંજે બધાએ આવવું. આરતી કરી, વચનામૃત-વાતું વાંચી, સ્વાભાવિક ચેષ્ટા ને 'વંદુ' (ચેષ્ટા) બોલીને જ જવું.

'આમ કરો ને દેશકાળ ન સુધરે તો અમને ફરી પાછા બોલાવજો.

'ઘણા કહે છે : 'સ્વામીબાપાએ દેશકાળ સુધાર્યા નહિ. વધી ગયા.' તોપણ આ રીતે વર્તો તો ઘટીયે જાય.

'ખાલી હાથે દર્શન ન કરવાં. દસ સેન્ટ નાખવા. દેશમાં મૂઠડી નાખે છે.

'ખખ્ખા ખાલી હાથે જાય, દેવ-દર્શનનું ફળ ન થાય.'

'દસ સેન્ટ બધા નાખે. તેમાં મંદિરનો દીવો-દિવેટ બધું થાય. કૂવામાંથી પાણી ઉલેચાય તો તાજું રહે.

'માટે રોજ મંદિરે આવવું. કોઈ ન આવે તો ટોકવો. ટોકવાથી સત્સંગ વધે છે. તેમાં ખોટું ન લગાડવું.'

નકુરુ

બીજે દિવસે સવારે સ્વામીશ્રી સંતો સાથે નકુરુ જવા નીકળ્યા. નગીનભાઈની ગાડીમાં સ્વામીશ્રી બિરાજ્યા હતા. બીજી ચૌદ ગાડીઓ અને એક બસમાં સૌ સંતો-હરિભક્તોનો સંઘ હતો.

બપોરે ૧૨-૧૫ વાગે નકુરુ નજીક આવી પહોંચ્યા. શહેરથી ત્રણ માઈલ દૂર, લગભગ ૫૦ જેટલી ગાડીઓમાં સૌ હરિભક્તો તથા શહેરના ભક્તજનો

સ્વામીશ્રીના સ્વાગત માટે આવ્યા હતા. ફૂલહાર વિધિ બાદ મોટરોમાં જ શોભાયાત્રા શરૂ થઈ. આગળ પોલીસકાર હતી. પછી ખુલ્લી વાનમાં નૈરોબી યુવક મંડળ બૅન્ડ સાથે. પછી ભજન મંડળીની વાન. પછી સ્વામીશ્રીની તથા અન્ય ગાડીઓ. શહેરના મુખ્ય રસ્તા ઉપર ફરીને શોભાયાત્રા કૃષ્ણ મંદિરે આવી પહોંચી. અહીં દર્શન કરીને સ્વામીશ્રી ચતુરભાઈને બંગલે ઉતારે પધાર્યા.

સાંજે ૫-૦૦ થી ૭-૦૦ પટેલ બ્રધરહુડના હૉલમાં જાહેર સત્સંગ સભા યોજી હતી. હૉલમાં સ્ટેજ ઉપર ઠાકોરજીનું સુંદર સિંહાસન ગોઠવી, સ્વામીશ્રી અને સંતો માટે પણ આસનો સુંદર સજાવ્યાં હતાં. અત્રેના મુખ્ય કાર્યકર એસ.એસ. પટેલે સૌ પ્રથમ પુષ્પહાર અર્પણ કરી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ધૂન, કીર્તન અને વેદગાન બાદ આશાભાઈ, એસ.એસ. પટેલ તથા ઈન્ડિયન ઍસોસિયેશનના પ્રમુખ જશભાઈએ સત્સંગ-વિષયક પ્રવચનો કર્યાં હતાં. પૂર્વ આફ્રિકામાં અનેક સ્થળોએ મંદિરો અને ભજન મંડળીઓની સ્થાપના કરનાર હીરજીબાપાએ, સ્વામીશ્રીનો લાભ લઈ મોહ દૂર કરવા સૌને અનુરોધ કર્યો હતો.

અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'રાત થોડી ને વેહ ઝાઝા. રહેવાનું થોડું ને જ્ઞાન આપવાનું ઘણું છે.

'જ્ઞાન શું ? અધ્યાત્મ-જ્ઞાન, આત્મા અને પરમાત્માને ઓળખવા જોઈએ. આત્મા-પરમાત્માનો સંલગ્ન સંગ એ સત્સંગ, એ જ્ઞાન. દેહને અને જીવને કેવો ગાઢો સંબંધ થયો છે ? તેવો આત્મા-પરમાત્માનો ગાઢ સંબંધ થવો જોઈએ.

'ગામોગામ સંત ફરે છે, જ્ઞાન આપે છે, પણ પાત્ર પ્રમાણે અધ્યાત્મ-જ્ઞાન જીવો ગ્રહણ કરે છે. બકાલી શાક વેચે છે ને કહે : 'લ્યો ડુંગળી, લસણ, કોબી.' બકાલી પાસે બધાં શાક સારાંમાં સારાં હોય, પણ ઘરાકને જે ભાવતું હોય તે જ લ્યે. બકાલી ઘણું વખાણે કે આ કોબી બહુ સારી છે; પણ ઘરાકને ન ભાવતું હોય તે ન લિયે. તેમ જે અધ્યાત્મ-જ્ઞાનના ભોગી હોય તે જ આ જ્ઞાન સાંભળે, તેના હૃદયમાં જ આ જ્ઞાન જઈ શકે. જેમ પૈસાનો, વે'વારનો કેફ લોકો લ્યે છે, તેમ આ જ્ઞાનનો કેફ લેવો; આપણને કોણ મળ્યા છે ! તેનો કેફ રાખવો. જેમ રાજાનો કેફ કેવો હોય છે, તેવો ગુરુનો રાખવો.'

અહીંથી શ્રીકૃષ્ણ મંદિરે પધાર્યા. સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામીએ ઠાકોરજીની આરતી ઉતારી. પછી ઈન્ડિયન ઍસોસિયેશનના હૉલમાં જ જાહેર ભોજન સમારંભ રાખ્યો હતો. શહેરના બધા જ હિન્દુભાઈઓ હાજર રહ્યા હતા.

રાત્રે ૯-૦૦ થી ૧૦-૩૦, પટેલ બ્રધરહુડના હૉલમાં જાહેર સભા

પ્રમુખસ્વામીના અધ્યક્ષપદે રાખી હતી. આ બીજી સભામાં પણ સૌએ એટલા જ ઉત્સાહથી લાભ લીધો હતો.

શાંતિલાલભાઈ, ઉદયસિંહ રાજ, પ્રતાપસિંહ પરમાર, ચતુરભાઈ, મોહનભાઈ, રાવજીભાઈ, રમણભાઈ, ભાઈલાલભાઈ વગેરે મંડળના મુખ્ય હરિભક્તોએ સર્વ વ્યવસ્થા સારી કરી હતી. કચ્છી ગુજરાતી હિન્દુ યુનિયન, પટેલ બ્રધરહુડ, ઇન્ડિયન ઍસોસિયેશન, શ્રીકૃષ્ણ મંદિર, શીખ મંદિર તથા ભજન મંડળીના કાર્યકર્તાઓએ પણ ખૂબ સહકાર આપ્યો હતો.

તા. ૧૪મીએ સવારે ૧૦-૦૦ વાગે નકુરુથી થોડે દૂર મ્વાન્ઝાના બૅરિસ્ટર લક્ષ્મણ, જેઓ અહીં રહેવા આવ્યા હતા. તેમના શાંભે - ફાર્મ ઉપર પધરામણી કરી હતી. સ્વામીશ્રી પોતે પધરામણીમાં ક્યાંય જવાના નહોતા, પણ લક્ષ્મણ સાથેના જૂના સંબંધને લીધે પોતે રાજીખુશીથી આમંત્રણ સ્વીકાર્યું અને જાહેર સત્સંગ સભાનો કાર્યક્રમ છોડીને પણ ગયા.

એમના શાંભામાં બધે જ ખુરશી ઉપર બેસી ફર્યા. કૉફીના ખેતરમાં કાદવ હતો, પણ કહે : 'ત્યાં જવું છે.' ત્યાં જઈ, કૉફીના દાણા હાથમાં લેતાં કહે : 'જય કાફી, જા, તારો મોક્ષ થઈ ગયો.'

વિલાયતી ઘોડા તથા ગાયો પણ જોયાં. સ્વચ્છતા જોઈ રાજી થયા.

ફરીને પાછા બંગલે આવ્યા ત્યારે એક સંતે કહ્યું : 'બાપા ! આપ શાંભે ફરવા ગયા હતા ?'

'ના, પગલાં પાડવા ગયા હતા.'

આ દરમ્યાન પ્રમુખસ્વામીએ શહેરમાં પધરામણીઓ કરી હતી. ૧૧-૦૦ થી ૧૨-૩૦ પટેલ બ્રધરહુડમાં, જાહેર સત્સંગ સભા પણ રાખવામાં આવી હતી.

અંતરકૃપાલુ અતિ પરઉપકારી હૈ

અહીં ઉતારે સ્વામીશ્રી જમીને ઊઠ્યા ને શ્રીહરિ સ્વામીના પૂર્વાશ્રમના ભાઈ કાંતિભાઈ રજા લેવા આવ્યા. સ્વામીશ્રી ત્યાં જ બેસી રહ્યા અને કહે : 'તમે વર્તમાન ભલે ન ધરાવો પણ અમારું આટલું વેણ રાખો કે તમારે પીવું (દારૂ) નહિ.' એવા તે સ્નેહાર્દ્રભાવે સ્વામીશ્રી બોલ્યા કે કાંતિભાઈ સ્વામીશ્રી સામું જોઈ ન શક્યા અને મૌનથી સંમત થયા.

'તમારે ખાવું (માંસ) નહિ, એટલું વેણ રાખો. ભલે તમે વર્તમાન ન ધરાવો પણ આટલું અમારું વેણ રાખો.' એવી તો હૃદયની વાણીથી સ્વામીશ્રી

બોલ્યા કે વજ્ર પણ ઓગળી જાય.

કાંતિભાઈ ગળગળા થઈ ગયા. તેમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. અને તેમણે મૌનથી જ સ્વામીશ્રીની આજ્ઞાનો સ્વીકાર કર્યો. પાંચ મિનિટ કથામાં બેસી, હળવે હૈયે સ્વામીશ્રીની રજા લઈને ગયા. સ્વામીશ્રીનો સંકલ્પ, એમના અંતરનો નિઃસ્વાર્થભાવ, સૌને વ્યસન છોડવાની અદ્‌ભુત પ્રેરણા આપતા.

તમે મારા લાખ રૂપિયા ખોયા

એક યુવકને આજે સ્વામીશ્રીએ હરિજયંતીનો ઉપવાસ કરવા આજ્ઞા કરી હતી. એણે ભૂલમાં ખાઈ લીધું હતું. સ્વામીશ્રીને આ વાત કરી. સ્વામીશ્રી બોલ્યા :

'એક લાખ રૂપિયા અમારા ખોયા. તમે મારા લાખ રૂપિયા આપો, કાલે ઉપવાસ કરી નાખજો. હરિજયંતીનો ઉપવાસ કરીએ તો અહીંથી જવું ન પડે. (કોઈ આ દેશમાંથી કાઢે નહિ.)'

જીવને રુચે એવાં પ્રલોભનો આપીને પણ સ્વામીશ્રી યુવકો પાસે હોંશે હોંશે ઉપવાસ કરાવતા. દેહદમન શીખવતા.

સાંજે વિદાય સમારંભ પણ યોજાયો હતો. ટૂંકા કાર્યક્રમમાં પણ સૌએ સ્વામીશ્રીનો સારો લાભ લીધો.

હાથ જોડી રે રહે હરિને હજૂર

સાંજે ૬-૦૦ વાગે વીરચંદ શાહની નવી મોટરમાં નૈરોબી આવવા નીકળ્યા. રસ્તામાં એક બ્લેન્કેટની ફેક્ટરીમાં પધરામણી કરી.

હું કીર્તનો ગાતો હતો. નૈરોબી નજીક આવ્યું એટલે સ્વામીશ્રી કહે : 'તમે આજે કીર્તન સારાં સંભાળાવ્યાં. કીર્તન ગાયાં તે હું બહુ રાજી થયો. અમે પણ શાસ્ત્રીજી મહારાજ પાસે કીર્તનો ગાતાં. કોઈ કથા કરે, કીર્તન ગાય, તે હું બહુ રાજી થાઉં. અમે ગાડામાં કીર્તન ગાતા. આમાં શું સમજવાનું ?

'તું તો મનગમતાને મેલી કરી,
હાથ જોડી રે, રહે હરિને હજૂર, સમજણમાં ઘણું સુખ છે...'

'આટલું કરવાનું છે.'

સ્વામીશ્રીએ બધાં કીર્તનોનો સાર અને સત્સંગનો સાર કહી દીધો.

'કાંઈ પૂછવું હોય તો પૂછો ?' એમ કહી આશીર્વાદ આપ્યા. એટલામાં

નૈરોબી મંદિર આવી ગયું.

નૈરોબીના મુકામ દરમ્યાન રમેશભાઈ દેસાઈ તથા ડાહ્યાલાલ બુદ્ધદેવ તરફથી બબ્બે દિવસનાં પારાયણ યોજવામાં આવ્યાં હતાં. કિસુમુ, નકુરુ, કેરિચો, મોમ્બાસા અને કેન્યાનાં બીજાં કેન્દ્રોમાંથી સત્સંગીઓ સ્વામીશ્રીનો કેન્યા ખાતેનો છેલ્લો લાભ લેવા આવી ગયા હતા.

આગલે દિવસે નકુરુથી મોડી રાત્રે પાછા ફર્યા તેથી થાક ઘણો લાગ્યો હતો. વળી, સવારે ઊઠ્યા તોય ઊંઘ બહુ આવતી હતી.

સેવકોએ વિનંતી કરી : 'બાપા ! ગઈ કાલનો થાક લાગ્યો છે. માટે સૂવોને !'

'થાક તો અનાદિનો લાગ્યો છે. પણ કથા સાંભળી લઈએ. વાંચો.' સ્વામીશ્રીએ જવાબ આપ્યો.

વૃત્તિ રહે તો સેવ્યા જ છે

નૈરોબી મંદિરમાં 'સ્વામીની વાતું'ના પારાયણ પ્રસંગે મહેન્દ્રભાઈએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો :

'બાપા ! આપનાથી દૈહિક રીતે તો અમે દૂર છીએ. તો સમાગમનું સુખ કેવી રીતે આવે ?'

આ ઉપર સ્વામીશ્રીએ વાત કરી :

'છપ્પન કોટિ યાદવ ભગવાન ભેળા જ રહેતા હતા, ચાકરી કરતા'તા; પણ ભગવાન જેવા છે તેવા ઓળખ્યા નહિ તો અભાગિયા કહેવાણા. પણ પાંચ પાંડવ ભગવાન ભેળા કાયમ રહેતા નહોતા, પણ વૃત્તિ ભગવાનમાં રાખતા હતા. ભલે દૂર હોઈએ, પણ વૃત્તિ ભગવાન ને સત્પુરુષમાં રહે તો તેમને સેવ્યા જ છે.

'આણંદવાળા મોતીભાઈએ કીર્તનમાં લખ્યું છે :

'સેવે, ભેળો રહે ને કહે તેમ કરે, તોય કારણ દેહ ન જાય;
નિર્દોષ, સર્વજ્ઞ, અંતરાય ટાળે તો બ્રહ્મદેહ પમાય.'

નિર્દોષ અને સર્વજ્ઞ જાણ્યા પછી સત્પુરુષ સાથે અંતરાય ટાળી નાખવો જોઈએ, તો સત્પુરુષના ગુણ આપણામાં આવે છે.

'બે નગરશેઠ હતા. બન્ને લાખોપતિ હતા. તેમાં એકે કાંઈ સટ્ટો કર્યો, તે બધા પૈસા જાતા રહ્યા. તેને એમ થયું કે હું મારા નગરશેઠ મિત્ર પાસે જાઉં ને મારું દુ:ખ કહું તો કાંઈ મદદ કરે. પછી તે નગરશેઠ મિત્રને ગામ ગયા. તેને

ઘેર રહ્યા. પણ શરમમાં પોતાની વાત કરી શકે નહિ. આ શેઠ તો પોતાના મિત્રને રમાડે, જમાડે, ભેગા રાખે. આમ, મહિનો થઈ ગયો. પછી આણે શરમ મૂકીને વાત કરી કે 'મારે દેશકાળ ખરાબ આવ્યા છે, તે માટે પાંચ હજાર રૂપિયા જોઈએ છે. પછી પાછા આપી દઈશ.'

'નગરશેઠે વાત કરી : 'અરે ! મને પહેલાં કેમ વાત ન કરી ?' પછી તેણે મહેતાજીને બોલાવી કહ્યું : 'જાવ, તિજોરીમાં લોઢાનો ડાબલો છે તેમાં પારસમણિ છે, તે લઈ આવો.'

'આ સાંભળી આને રીસ ચઢી : 'અહીં મને મહિનો રાખીને મારી મશ્કરી કરી ! લોઢાના ડાબલામાં પારસમણિ હોય તો ડાબલો લોઢાનો રહેતો હશે ?'

'ત્યાં તો મહેતાજી ડાબલો લાવ્યા. નગરશેઠે ડાબલો ખોલ્યો, તો ડાબલા ને પારસમણિ વચ્ચે ચિનાઈ કાગળ હતો. તે ખેંચી લીધો તો તરત જ ડાબલો સોનાનો થઈ ગયો. પછી તો શેઠે તેમને જોઈતું ધન દીધું.

'આટલો જ અંતરાય ! ચિનાઈ કાગળ કાઢી લીધો ને તરત જ ડાબલાને પારસમણિનો સંબંધ થયો, ને સોનું બનતાં વાર ન લાગી.

'તેમ સત્પુરુષ સાથે ચિનાઈ કાગળ જેટલોય અંતરાય હોય તો તેમના ગુણ આપણામાં ન આવે.'

ઈશ્વરભાઈએ પૂછ્યું : 'બાપા ! એ ચિનાઈ કાગળ જેટલો અંતરાય છે તે જણાય કેમ ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું :

'અમે કહીએ – લાવો લાખ રૂપિયા. જો તરત આપો તો અંતરાય તૂટ્યો. પણ 'મને એકને જ દીઠો છે ? બીજા ઘણા છે, મને એકને કેમ કહે છે ?' એમ કહે, તો અંતરાય છે એમ સમજવું.'

સૌ આ સચોટ ઉત્તરથી મનમાં જ સમજી ગયા કે અંતરાય એટલે શું ? કાંઈ પૂછવાનું રહ્યું જ નહીં. પછી સ્વામીશ્રી કહે :

'માટે સત્પુરુષને નિર્દોષ, સર્વજ્ઞ જાણીને અંતરાય ટાળવો. પછી ભેગા રહીએ કે છેટે રહીએ તેનો કાંઈ મેળ નથી.

'ગુણાતીત સ્વામી ને શ્રીજીમહારાજ ક્યાં ભેગા રહેતા હતા ? પણ તેમની વચ્ચે અંતરાય કાંઈ હતો ? મહારાજે ધામમાં જતી વખતે તેમને તેડાવ્યા ને ખાનગી વાત કરી લીધી. બીજા પાંચસો હતા પણ તેમને કાંઈ વાત કરી ?

'જેમ પાયામાં પાણાને કૂબાથી ધરબે છે, તેમ નિષ્ઠા બેસવી જોઈએ. તો

સત્પુરુષ અંતરાય ટાળે.

'હવે નત સમાગમ કરવાનું કહ્યું, તે નત સમાગમ કેમ કરવો ?

'સત્પુરુષ ને ભગવાનની ભેગા રહો કે નોખા રહો, પણ સંત આજ્ઞા કરે કે 'આમ કરો,' તો આઘોપાછો થઈ જાય તે અંતરાય ટાળ્યો ન કહેવાય.

'મહારાજે પ્રથમના ૭૩મા વચનામૃતમાં કહ્યું : 'લાખ ગાઉ છેટે રહેતો હોય ને મારી આજ્ઞા પ્રમાણે વર્તે તો મારી નજીક જ છે; ને નજીક રહેતો હોય ને આજ્ઞા ન પાળતો હોય તો લાખ ગાઉ છેટે છે.' 'પ્રમુખસ્વામી બહુ સારા...' એમ વાત કરે, પણ જ્યાં ભીડો પડે ત્યારે અંતરાય પડી જાય. પણ ભીડો વેઠવાથી જ અંતરાય તૂટે છે.

'ટાણું આવે મિયાં ફુસકું ન થવાય તેટલા માટે સમાગમ કરવો.

'છોકરાની પરીક્ષાનું પરિણામ હોય તેને આગલે દહાડેથી તેના પગ ધ્રૂજવા માંડે. જો બરાબર વાંચ્યું જ હોય તો પરિણામ સારું આવે. તેના પગ ન ધ્રૂજે. તેમ જે સદ્‌ગુરુને સામો ધાવ્યો હોય તે ગુડિયું ન વાળે.

'મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીત સ્વામી પૂર્વાશ્રમમાં ભાદરા ગામમાં ખેતી કરતા હતા. મૂળજી શર્મા તેમનું નામ. તેઓ બળદ લેવા જોડિયા ગયા હતા. ત્યાં એક ભરવાડ ડોશીની ઝોકમાં ગયા. ડોશીએ બે બળદ બતાવ્યા. બન્ને બળદ શિંગડે, પૂંછડે ને વાને સરખા હતા. ડોશીએ એકની કિંમત સાઠ કોરી કહી ને બીજાની ત્રીસ કોરી કહી.

'મૂળજી શર્માએ પૂછ્યું : 'આમ કેમ ? બન્ને બળદ સરખા છે. તો કિંમતમાં કેમ આટલો બધો ફેર ?'

'ડોશીએ કહ્યું : 'આને મેં મારી ગાયને સામો ધવરાવ્યો છે. તે આના પર ગમે તેટલો ભાર હોય, મારગમાં ગમે તેવો ખાડો આવે, તો બેસી ન જાય. અને આ બીજો મેં ખરીદેલો છે, તેથી તેનો વિશ્વાસ નહિ. આના ઉપર પાંચ-પચીસ મણ ભાર આવે તો ધોંસરીથી બેસી જાય.'

'તેમજ ગુરુને સામા ધાવ્યા હોય તે કામ, ક્રોધ, લોભમાં બેસી ન જાય. કામ, ક્રોધાદિકમાં ગુડિયું ન વાળી જવાય એટલા માટે સમાગમ કરવો. પણ ધમાધમ ન કરવો.'

સ્વામીશ્રી ૪-૦૦ વાગે આરામમાંથી ઊઠ્યા ત્યારે ચાંગાના ભગુભાઈ પટેલ તેમના એક આફ્રિકન મિત્ર અને 'રોશ' ફાર્માસ્યુટીકલ્સ કંપનીના પ્રતિનિધિને સ્વામીશ્રીનાં દર્શને લઈ આવ્યા હતા. તેઓ સ્વામીશ્રી માટે કેટલીક

દવાઓ મોટા જથ્થામાં લાવ્યા હતા. એ જોઈ સ્વામીશ્રી રાજી થયા. એની વિગત પૂછી અને આશીર્વાદ આપ્યા. તેમણે સ્વામીશ્રીનો આભાર માન્યો. સ્વામીશ્રીએ પણ તેને અંગ્રેજીમાં 'થેન્ક્યુ' એમ આભાર દર્શાવી કહ્યું : 'એનો મોક્ષ થઈ ગયો.'

ભગુભાઈ કહે : 'હા બાપા ! હું તેમને લઈ આવ્યો કે અમારા ગુરુ છે. નહિ તો એ ક્યાંથી અહીં આવે ?'

'નહિ તો એને આ જોગ ક્યાંથી હોય ?' સ્વામીશ્રીએ કહ્યું : 'એનું કામ થઈ ગયું.'

સ્વામીશ્રીએ તેને પ્રસાદ આપ્યો અને ખૂબ રાજીપો બતાવ્યો. એ પણ ખૂબ આભાર વ્યક્ત કરતાં, સ્વામીશ્રીથી છૂટા પડ્યા. ઘણા આફ્રિકન ભાઈઓ અને ઑફિસરો સ્વામીશ્રીનાં દર્શને આવતા અને આશીર્વાદ પામતા.

તા. ૧૬ તથા તા. ૧૮મીએ બે દિવસ સ્થાનિક યુવક મંડળે સ્વામીશ્રી સમક્ષ રાસોત્સવ કર્યો હતો.

તા. ૧૭મીએ સવારે સ્વામીશ્રી સ્નાનાદિક વિધિમાં જઈ રહ્યા હતા. સામે છેડે હરિમંદિરમાં આરતી થતી હતી. હૉલના બીજા છેડે સ્વામીશ્રી રોજ ખુરશી ઊભી રખાવતા અને આરતીનાં દર્શન કરતા. આજે પણ ખુરશીમાં બેસીને દૂરથી આરતીનાં દર્શન કરી રહ્યા હતા. પછી એકદમ ઊભા થઈ ગયા.

'કેમ ઊભા થઈ ગયા ?' નારાયણ ભગતે પૂછ્યું.

'આજે એકાદશી છે એટલે.' સ્વામીશ્રીએ હાજર જવાબ આપ્યો. એમનો અભિપ્રાય કોણ સમજી શકે ?

મન મારવાનો ઉપાય

સાંજે ૫-૩૦ વાગે સ્વામીની વાતોના પારાયણ વખતે પ્રસંગોપાત્ત વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'પ્રકૃતિને વશ થયો કેમ કહેવાય ? સભામાં બેઠા હોઈએ અને ફરવાનું મન થાય, ભીડ થતી હોય ને ઘામ થતો હોય ત્યારે એમ થાય કે 'હાલો જરા ફરી આવીએ.' તે પ્રકૃતિને વશ થયો.

'સંકલ્પ ઊપડે તેને દબાવે. સભામાંથી ઊઠવાનું મન થાય ત્યારે એમ વિચારે કે 'શું મને લાખ શિલિંગ મળવાના છે ? શું કામ ઊઠવું છે ? ભલે પવન ન આવતો હોય, ભીડ પડતી હોય, પણ વાત સાંભળી લેવી છે.' આમ, મનને સમજાવે તે પ્રકૃતિને વશ થયો ન કહેવાય.

'ગમે તેટલો સત્સંગ કરાવતો હોય, સત્પુરુષનું કહ્યું ન કરતો હોય ને મનધાર્યું કરતો હોય તે શ્રેષ્ઠ નહિ.

'શાસ્ત્રીજી મહારાજ સંતોને કહે : 'સાંકરદે ધર્માદો ઉઘરાવવા જાવ.' તે વખતે સાંકરદામાં કોઈ રસોઈ કે સીધું ન દે તેવું હતું. તેથી અમુક સંતો કહે : 'ત્યાં કાળા પાણીએ નહિ જઈએ.' એમ આઘાપાછા થઈ જાય. પરંતુ, 'ગમે તેમ થાય, પણ સ્વામીની આજ્ઞા છે માટે પોંકે જ (પહોંચ્યે જ) છૂટકો,' એમ વિચારીને જાય તે શ્રેષ્ઠ. મનધાર્યું કરે તે ન્યૂન.

'સત્પુરુષ કહે તેમ કરતો હોય ને ત્રણ ટાણાં ઝાપટતો હોય તે શ્રેષ્ઠ છે.

'મહારાજ ! હું તમારો છું,' એ વિનય, એ દાસત્વ.

'અનુવૃત્તિ એ જ ભક્તિ. આ કિસુમુવાળા આવ્યા છે તેમને હમણાં જવું હતું. અમે કહ્યું : 'તમે રોકાઈ જાવ.' તો રોકાઈ ગયા. તે ભક્તિ. પણ જો રોકાય નહિ ને કહે : 'સ્વામી ! જવું જ છે.' તો અમે કહેત : 'માંડો હાલવા.' એ અનુવૃત્તિ ન કહેવાય.

'મહારાજે સંતોને કહ્યું : 'પત્તર રાખો.' સંતોએ ના પાડી ને કહ્યું : 'કર પત્તર ને ઉદર ઝોળી...'

'મનને મારવું પણ તેનું કહ્યું ન કરવું, તે મનને માર્યું કેમ કહેવાય ? મનની ઠાઠડી કાઢવી તે ને ?

'ના, મનનું કહ્યું ન કરવું, તે મનને માર્યું કહેવાય. મનનું દુઃખ ટાળવાનો ઉપાય જ્ઞાન છે. સત્પુરુષના સમાગમથી જ મન કાબૂમાં આવી જાય.'

રાત્રે ડૉ. કામદાર અને તેમના કાકા સ્વામીશ્રીનાં દર્શને આવેલા. તેઓ ઉતાવળમાં હતા. છતાં સ્વામીશ્રીએ તેમને ઉકાળો પીવા બોલાવ્યા. તેમને જલદી જવું હતું. છતાં સ્વામીશ્રીએ તેમને પ્રસાદ આપ્યો. તેમણે ઘણી ના પાડી, પણ સ્વામીશ્રી કહે : 'તમે મારા ભાઈબંધ છો, મિત્ર છો, તમને આપવો જ છે.' એમ કહી કોથળીમાં જાતે પ્રસાદ ભરવા લાગ્યા અને પ્રસાદ આપતાં કહે : 'તમને છોડવા નથી.'

'બાપા ! હવે તમે છોડશો નહિ.' ડૉ. કામદારે સામે માગી લીધું. એમ પરસ્પર હેતનો અલૌકિક સોદો થયો.

પરચા પૂર્યા કાંઈ પ્રેમથી રે

અહીંના ધોરીભાઈ પટેલના પુત્ર મહેશભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા,

ત્યારે તેમને સ્વામીશ્રી પ્રત્યે બહુ ભાવ નહિ. ઘરે આવી તેમણે વાત કરી : 'આ મોટી ઉંમરના બુઢ્ઢા સાધુ શું કરી શકવાના છે ? મુવીંગ ચૅર સિવાય એક જગ્યાએથી બીજી જગ્યાએ તો જઈ શકતા નથી.'

તેમનાં માતુશ્રીએ તેમને તરત અટકાવ્યા. કહે : 'સ્વામીશ્રીમાં મનુષ્યભાવ ન લેવાય. એ તો ભગવાનનું સ્વરૂપ છે. એવા મોટા સંત છે.'

પણ મહેશભાઈના ગળે એ વાત ન જ ઊતરી. છતાં માતા-પિતાના આગ્રહથી દર્શને જવાનું ચાલુ રાખ્યું.

એવામાં એક દિવસ સ્વામીશ્રીએ તેમને રૂમના દરવાજા પાસે જ કહ્યું : 'આવો મહેશભાઈ !' એમ કહીને લાક્ષણિક ઢબે આશીર્વાદના ધબ્બા આપી દીધા ને કહે : 'તમે તો બહુ મોટા થવાના છો !'

મહેશભાઈ તો વિચારમાં જ પડી ગયા. તેમનું નામ સ્વામીશ્રીએ કેવી રીતે જાણ્યું !

સ્વામીશ્રી તેમને રૂમમાં સાથે લઈ ગયા. તેઓ ઢોલિયા નજીક પગ દાબતાં બેઠા. થોડી વારે સ્વામીશ્રી બેઠા થયા ત્યાં જ તેમને સ્વામીશ્રીનાં યુવાન સ્વરૂપે દર્શન થયાં ! સફેદ દાઢીની જગ્યાએ કાળી દાઢી અને વૃદ્ધ ચહેરાને બદલે નવયુવાન ચહેરો ! આ શું ? તેઓ કોઈ સ્વપ્ન જોઈ રહ્યા હતા કે સત્ય ? તેઓ આ અનુભવમાં સ્તબ્ધ થઈ ગયા !

થોડી વારે સ્વામીશ્રીએ લીલા સંકેલી લીધી. મહેશભાઈ હજી પણ દિગ્મૂઢ બની સ્વામીશ્રીનો ચહેરો નીરખી રહ્યા હતા. સ્વામીશ્રીના મૂળરૂપનાં દર્શન થતાં જ તેઓ પણ સ્વસ્થ થઈ ગયા. તેમને લાગ્યું કે આ પુરુષ અવસ્થા, દેહ અને માયિક ગુણોથી સદા પર છે. ચિરયુવાન છે. દિવ્ય છે. અક્ષરરૂપ છે. તેમને સ્વામીશ્રીના સ્વરૂપનો નિશ્ચય થયો. અને સત્સંગમાં દૃઢતા વધી ગઈ.

સાચા પિતા

અહીંના એક ઉત્સાહી કિશોરને સ્વામીશ્રીએ કહ્યું : 'સાધુ થઈ જાવ.'

'બાપા ! મારા પિતાજી ના પાડે છે.'

'હું મોટો કે તમારા બાપા મોટા ?'

'બાપા ! તમે મોટા.'

'તો સાધુ થઈ જાવ.'

સ્વામીશ્રીએ એ તરુણ સાથે તર્કથી વાત કરી અને પોતે જ સૌથી મોટા છે,

સૌના પિતા છે, સૌના ગુરુ છે, દેહનાં સગાંસંબંધીથી મોટા છે, એ વાત દૃઢ કરાવી.

અહીંના સેવાભાવી હરિભક્ત નાગજીભાઈને પ્રથમ સ્વામિનારાયણના સાધુઓ પ્રત્યે સૂગ હતી, પણ નૈરોબીમાં ઉમેદભાઈના સંબંધથી સત્સંગમાં આવતા થયા. વળી, એ.પી. પટેલની વાતોથી સત્સંગમાં સદ્‌ભાવ પણ વધતો ગયો.

એ પછી તેમણે અમુક સંકલ્પ કર્યા અને જો તે સિદ્ધ થાય તો જ સ્વામીશ્રીને સાચા સંત માનવા, એવું વિચાર્યું. સંકલ્પો પૂરા થતા ગયા અને સ્વામીશ્રી સાથે હેતભાવ વધ્યો.

નૈરોબી મંદિર લેવાયું ત્યારે તેમણે લાગટ ત્રણ વરસ સુધી મંદિરની સેવા-પૂજા કરી. આ અરસામાં તેમની નોકરી છૂટી ગઈ, પણ સત્સંગમાં વિશેષ દૃઢતા થઈ. પછી નવો ધંધો શરૂ કર્યો. જેમાં સ્વામીશ્રીના આશીર્વાદથી અત્યંત સફળ થયા. તેમણે ખૂબ સેવા કરી.

સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારથી જ નાગજીભાઈના ત્રણ પુત્રોમાંથી સૌથી નાના પુત્ર ઉપેન્દ્રને પૂર્વના કોઈ બલિષ્ઠ સંસ્કારથી સાધુ થવાની લગની લાગી હતી. તે આખો દિવસ મંદિરમાં જ સ્વામીશ્રી તથા સંતોને વીંટળાઈને રહે. વળી, દિવસમાં એક વાર તો જરૂર સ્વામીશ્રી પાસે પહોંચી જાય ને બાલસહજ-ભાવ કહે : 'બાપા ! મારે સાધુ થવું છે.'

પોતાની રુચિમાં સામેથી ભળવા આવતા આ બાળકની સામે સ્વામીશ્રી જોઈ રહેતા અને વહાલપની દૃષ્ટિ કરતા, કારણ કે ઉપેન્દ્રને ભય હતો કે તેમના પિતાશ્રી તેમને સાધુ થવાની રજા નહિ આપે તો સ્વામીશ્રી તેમને સાધુ બનાવશે નહિ. તેથી વારે વારે સ્વામીશ્રીને તેઓ આ રીતે યાદી આપતા.

સ્વામીશ્રીએ ગામોગામ યુવકોને સાધુ થવા પ્રેરણા આપી હતી. છેલ્લા દિવસો હતા. તેથી સ્વામીશ્રીએ અહીં નાગજીભાઈને તેમના ત્રણેય પુત્રો સાથે બોલાવ્યા. મોટા ઘનશ્યામભાઈ અમેરિકા હતા. નાના બે સુરેશ તથા ઉપેન્દ્રને લઈને તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા. આ પહેલાં તેમણે અનેક વાર ઉપેન્દ્રના સાધુ થવાના વિચારને કસ્યો હતો; પણ તેની મક્કમતા ઘણી હતી. પહેલાં મોટાભાઈ સુરેશને સ્વામીશ્રીએ પસંદ કર્યો. તેઓ કહે : 'આ ડિલમાં જાડિયા છે, સાધુમાં શોભશે.' એ સાંભળતાં જ ઉપેન્દ્ર એકદમ રડવા માંડ્યો. ત્યારે સ્વામીશ્રીએ તેને પોતાના પલંગ ઉપર પાસે બેસાડી, છાનો રાખી, પોતાના ગાતરિયાથી તેનાં આંસુ લૂછ્યાં ! છેવટે ઉપેન્દ્રની જ પસંદગી કરી સ્વામીશ્રીએ તેને સાધુ બનાવવાની સંમતિ આપી ને આશીર્વાદ આપ્યા. નાગજીભાઈએ પણ રાજીખુશીથી સંમતિ

આપી અને તેને દેશમાં સ્વામીશ્રી પાસે મોકલી આપ્યા હતા.[૫]

શાસ્ત્રીજી મહારાજની પ્રતિષ્ઠા

તા. ૧૮મીએ સાંજે પારાયણની પૂર્ણાહુતિ થઈ. રસિકભાઈ પટેલ તરફથી સર્વ હરિભક્તોને મંદિરમાં જમાડ્યા. આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આફ્રિકામાં જાણવા બહુ મળ્યું. હરિભક્તોનો પ્રેમ પણ એવો. મહારાજ છતાં હતા તેવા આંહીંના હરિભક્તો પ્રેમી ને ભક્તિવાન છે. તેમને કોઈનો અવગુણ નહિ. મહારાજના પ્રતાપે ઉપાસનામાં પણ સારામાં સારા. અક્ષર-પુરુષોત્તમને માનવાવાળા. વળી, શાસ્ત્રીજી મહારાજ મોક્ષનું દ્વાર છે, એ સમજણવાળા. આ સમજણે કરીને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ કાલે અહીં બેસવાની છે. દૂધ-દહીં વગેરે પંચામૃત સ્નાન કરાવીશું. વેદોક્ત વિધિથી પ્રતિષ્ઠા થશે. ભગવી ગાતરી, જનોઈ, કંઠી, માથે ભગવી પાઘ પહેરાવીશું.

'શાસ્ત્રીજી મહારાજ બેસશે. દેશનો ઉદ્ધાર થઈ જશે. કોઈને કોઈ પ્રકારનું દુઃખ હોય, મંદવાડ હોય, નોકરી તૂટી ગઈ હોય, તે આની માનતા કરવાથી બધું મટી જશે. અમારે તો દરેક ગામમાં શાસ્ત્રીજી મહારાજ પધરાવવા હતા, પણ મૂર્તિઓ તૈયાર ન થઈ. આંહીં પ્રથમ બેસશે. સર્વોપરી મૂર્તિ છે. કો'કને ખબર ન પડે, પણ સાક્ષાત્ છે. ચલણી નાણું છે. આરતી ઊતરશે. સાક્ષાત્ બેસી જશે.

'સ્વામી બેસે છે તેથી આખા સત્સંગને આજે સાંજે પાંચ પકવાન જમાડવાનાં છે. કરસનભાઈ ને યુવકોએ બે દી'માં સિંહાસન તૈયાર કરી દીધું, આજ્ઞા પાળી લીધી.

'કરોડ રૂપિયા ખરચતાં આ જોગ ન મળે. આ તો ઈટાલીની મૂર્તિ ! ક્યાં ઘડી ને ક્યાં બેસે છે ! આખા દેશમાં સ્વામી બેસવાના. અમને અહીંથી નોખું પડવું ગમે નહિ, પણ દેશના લોકો તેડાવે છે. તાર કરે છે. હવે લંડન જઈ, દેશમાં જઈ સાક્ષાત્ કાગળ લખશું. લંડનથી ટેલિફોન લગાડીશું. લંડન કુગ્રામ દેશ છે. તે સારો થઈ જાશે. કુગ્રામ દેશમાંય મહારાજ ને સ્વામી બેસશે, તે ઓછી વાત ન કહેવાય. અમેરિકામાંય બેસશે, જાપાનમાંય બેસશે. દરેક જગ્યાએ મહારાજ ને

૫. અત્યંત સુખ-સાહ્યબીમાં ઉછરેલા આ મુમુક્ષુ બાળકને દેશમાં સ્વામીશ્રી બહુ સાચવતા. હંમેશાં સાથે જમવા બેસાડતા તેમજ બીજા પણ ખબરઅંતર હંમેશાં પૂછતા રહેતા. પાછળથી તેમને દીક્ષા આપી સ્વામીશ્રીએ સાધુ શ્રીજીસ્વરૂપદાસ નામ પાડ્યું.

સ્વામી બેસી જશે. શ્રીજીમહારાજને બધાને પોતાની મૂર્તિમાં ખેંચવા છે.'

શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમા બીજે દિવસે મંદિરમાં પધરાવવાની હતી. રવીન્દ્ર કાશીકર નામના કર્મકાંડી બ્રાહ્મણે સ્વામીશ્રીને કહ્યું હતું : 'કાલે વ્યતિપાત છે. માટે ન પધરાવાય.'

'પરંતુ આ તો અમારા ગુરુનું સ્ટેચ્યુ છે, માટે વાંધો નહિ.' એમ કહી સ્વામીશ્રીએ સ્વતંત્રપણે નિર્ણય લીધો. બીજે દિવસે બપોરે તો કંપાલા જવા નીકળી જવાનું હતું, પછી સમય ક્યાં જોવો ? મોટાપુરુષના સાંનિધ્યમાં સમય અને સ્થળ પણ શુભ બને છે.

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની સુંદર આરસની પ્રતિમા ઈટાલીમાં નિષ્ણાત કારીગર પાસે તૈયાર કરવામાં આવી હતી. એ અહીં નૈરોબી પધરાવવાનો સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો. સં. ૨૦૨૬ના વૈશાખ સુદ તેરસ ને તા. ૧૯-૫-'૭૦ના શુભ દિવસે પ્રતિષ્ઠા મુહૂર્ત નક્કી થયું. મંદિરમાં ઠાકોરજીના સિંહાસનની બાજુમાં સુંદર સિંહાસન તૈયાર કરવામાં આવ્યું. વિદ્વાન બ્રાહ્મણ રવિશંકર શર્મા વેદોક્ત રીતે વિધિ કરાવતા હતા. પ્રથમ ઈટાલીના સુંદર સંગેમરમરમાં કંડારાયેલી આ નાજુક મૂર્તિને ઉષ્ણ જળથી સ્નાન કરાવવામાં આવ્યું. પછી જમણા ચરણારવિંદના અંગૂઠાને પંચામૃતથી અભિષેક કર્યો. અતિ શ્વેત અને કોમળ, ઈટાલિયન માર્બલને પૂજાદ્રવ્યોનો ડાઘ ન પડે એટલે ફક્ત અંગૂઠાનું જ પૂજન કરવામાં આવ્યું. પ્રમુખસ્વામીએ મસ્તક ઉપર દૂધની ધારા કરી. સ્વામીશ્રીએ પણ નજીક આવી એ લાભ લીધો. સ્વામીશ્રી સિંહાસનના ઓટલે, એક હાથ ઢીંચણ ઉપર ટેકવી અને બીજા હાથે ટેકો દઈને બેઠા હતા. ગાતરિયું છોડી નાખ્યું હતું. અલમસ્ત ભાવમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા હતા. પોતાના પ્રાણપ્યારા ગુરુહરિની મૂર્તિપ્રતિષ્ઠા થઈ રહી હતી એનો અનેરો આનદ લેતા હતા.

મૂર્તિને સિંહાસનમાં સ્થાપિત કરવામાં આવી. પ્રમુખસ્વામીએ કંઠી, જનોઈ તથા ભગવું ગાતરિયું અને પાઘ ધરાવી ચાંદલા કર્યા. સ્વામીશ્રી અને યજમાનોએ બૅન્ડના ઉદ્‌ઘોષ સાથે આરતી ઉતારી. બધાને રૂડા આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા કે 'કાઠિયાવાડમાં શાસ્ત્રીજી મહારાજ પહેલાં ન બેઠા ને અહીં બેઠા.'

આજે સૌએ મંદિરમાં જ પ્રસાદ લીધો હતો.

આજે કેન્યાથી યુગાન્ડા તરફ જવાનું હતું. પહેલાં નૈરોબીથી સીધા લંડન

જવાનું ગોઠવ્યું હતું; પણ યુગાન્ડાના હરિભક્તો વિષમ રાજકીય પરિસ્થિતિને કારણે કેન્યામાં આવી શકે એમ નહોતા, તેથી સ્વામીશ્રી તેમને દર્શનનો લાભ આપવા કંપાલા જઈ રહ્યા હતા. લંડનમાં તૈયારીઓ કરવા ચાર દિવસ અગાઉથી હર્ષદભાઈ દવે તથા રવિભાઈ પંડ્યાને મોકલી આપ્યા હતા.

કેન્યાનો સમગ્ર સત્સંગ સમાજ અહીં એકત્ર થઈ ગયો હતો. પોતાના દેશમાં સ્વામીશ્રીનાં છેલ્લાં દર્શન હતાં. 'હવે આ દેશમાં સ્વામીશ્રીનાં દર્શન તો ફરી પાછા ક્યારે થાય ?' સ્વામીશ્રીના વિરહના વિચારમાત્રથી જ સૌનાં મન વ્યાકુળ થઈ ગયાં હતાં. લગભગ છેલ્લા સાડા ત્રણ માસથી સ્વામીશ્રીએ પૂર્વ આફ્રિકાના હરિભક્તોને અલભ્ય લાભ આપ્યો હતો, પોતાની મૂર્તિમાં એવા આકર્ષિત કર્યા હતા કે આજે છૂટા પડતાં સૌ અનુભવતા હતા કે જાણે પોતાનું સર્વસ્વ લૂંટાઈ રહ્યું છે. જ્ઞાનનું ભાતું બંધાવી સ્વામીશ્રીએ સૌને આશ્વાસન તો અગાઉથી આપેલું જ હતું, પણ પ્રત્યક્ષ મૂર્તિના પ્રેમ આગળ એ જ્ઞાન વિસરાઈ જતું હતું. સૌનાં હૈયાં ભરાઈ ગયાં હતાં. આંખો છલકાઈ રહી હતી. પ્રેમાગ્નિની આ ઉન્મત્ત દશામાં સૌને છોડી, બપોરે ૨-૧૦ વાગે નૈરોબીથી કંપાલા જવા પ્લેનમાં સ્વામીશ્રી ઉપડ્યા. હજારો આબાલવૃદ્ધ સ્વામીશ્રીના પ્લેન તરફ દૃષ્ટિ માંડી રહ્યા હતા.

યુગાન્ડાના ભાવિકોને અંતિમ દર્શન

ઈસ્ટ આફ્રિકન ઍરવેઝના વી.સી. ૧૦ પ્લેનમાં, વિનોદભાઈએ સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. પ્લેનમાં બેઠા તે પહેલાં ઍરપોર્ટ ઓથોરિટીઝ તરફથી, સ્વામીશ્રીનો પ્લેન નજીક અધિકારીઓ સાથે ગ્રુપ ફોટો પાડ્યો. સ્વામીશ્રી ફર્સ્ટ ક્લાસમાં માળા ફેરવતાં બિરાજ્યા હતા. વિનોદભાઈ એન્ટેબે સુધી સાથે આવ્યા હતા, જેથી સ્વામીશ્રીને મુસાફરીમાં કોઈપણ પ્રકારની અગવડ ન રહે.

લેક વિક્ટોરિયા ઉપરથી પ્લેન પસાર થતાં સ્વામીશ્રીએ સરોવર ઉપર દૃષ્ટિ કરી. સંતસ્વામીને પ્લેનમાંથી આ સમયે જ પત્ર લખ્યો. અને સાથેના સ્ટાફને આશીર્વાદ આપી ધન્ય કર્યા.

પ્લેનની દરેક મુસાફરી વેળા પાઈલટ અને પ્લેનના અન્ય પરિચારકો સ્વામીશ્રી પાસે આવતા અને સ્વામીશ્રી સૌને હેતનો ધબ્બો મારી આશીર્વાદ આપતા. આ દેશમાં તો પ્લેનના પાઈલટ તરીકે કોઈ અંગ્રેજ હોય ને પરિચારકોમાં આફ્રિકન ભાઈઓ હોય, પણ એ સૌ જોઈ રહેતા કે પ્રેમનો ધબ્બો

આપનાર આ કોણ પુરુષ છે ? ભગવા બ્લૅન્કેટથી વીંટળાયેલ, દાઢીના શ્વેત વાળ અને ઝીણી પણ મૃદુતા ભરેલી હાસ્ય વેરતી આંખોવાળા, સાધુતાના તેજથી પ્રકાશતા સ્વામીશ્રીના મુખારવિંદ સામે કોઈ એક વાર પણ જુએ, પછી આંખો ખસેડી શકે નહિ. જોયા જ કરે એવી એ રમણીય મૂર્તિ હતી.

કંપાલાના એન્ટેબે ઍરપોર્ટના વી.આઈ.પી. સ્વાગત કક્ષમાં સ્વામીશ્રી પધાર્યા. યુગાન્ડાના અને કંપાલાના સેંકડો હરિભક્તો સ્વાગતાર્થે આવ્યા હતા. અગ્રેસરોએ ફૂલહાર અર્પણ કર્યા. અહીંથી મોટરોમાં જ શોભાયાત્રારૂપે શહેરમાં મંદિરે જવાનું હતું. ઍરપોર્ટથી કંપાલા શહેર લગભગ ૨૦ થી ૨૫ કિલોમીટર દૂર છે. પોલીસ તથા સિક્યુરીટી ઑફિસરો વ્યવસ્થામાં આવી ગયા હતા.

શહેર નજીક આવતાં, યુવક મંડળ બૅન્ડ સહિત શોભાયાત્રામાં જોડાયું. સ્વામીશ્રીના આગમનના સમાચાર છેલ્લા ત્રણ દિવસથી રેડિયો ઉપર હિંદીમાં આવતા હતા. તેથી પણ લોકોની ઉત્કંઠા વધી હતી.

૪-૩૦ વાગે સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. મંદિર પહેલાનાં જેવું જ સુંદર શણગારેલું હતું. સ્વામીશ્રીના ટૂંકા રોકાણ માટે પણ ભક્તોની તૈયારી એવી જ હતી. ફરી ફરી આવા પુરુષને રાજી કરવાનો અવસર પણ ક્યાં મળે એમ હતો ?

તા. ૨૦મીએ બપોરે ૧૨-૦૫ વાગે મંદિરના જ હૉલમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજનો મહિમા અગાધ છે. તેમનો જેટલો મહિમા કહીએ, તેટલો ઓછો. એ તો અપારના અપાર.

'દુકાન તો રોજ ચાલવાની છે. બંધ રહેવાની નથી. આ મોક્ષની દુકાન બે દિવસ જ છે. તો સમાગમ કરી લેવો. દુકાન તો બારે મહિના - પચાસ વરસ હાલવાની છે. વ્યવહારમાં રચ્યા-પચ્યા રહેવું નહિ.

'દીકરા સાધુ થવા આપવા. ઘણા અમારી પાસે દીકરા માગે છે. તે અમને શું આપે ? માટે જેને દીકરા હોય તેને સેવામાં જોડવા, તે જ ભક્તિ છે.

'સારા છોકરા આપવા. બાપનું ન ધોળે, તે બાવાનું શું ધોળે ?'

સ્વામીશ્રી જમીને ખુરશીમાં સભામંડપમાં જતા હતા. ત્યારે કહે : 'લંડનમાં આ ખુરશી ને બધો વેહ (વેશ) જોઈ યુરોપિયનો હસશે.'

સાધુ કરવાની લગની

પછી આગળ ચાલ્યા ત્યારે યુવકો જય બોલાવતા હતા. સ્વામીશ્રીએ

તેમને કહ્યું : 'જેને સાધુ થાવું હોય તે જ જય બોલે, બીજાએ ન બોલવી.'

સાંભળનારને કદાચ હસવું આવે, પણ સ્વામીશ્રીનાં આવાં હળવાં વિધાનો પણ ઘણાં જ ગંભીર હતાં. છેલ્લે છેલ્લે સૌ યુવાનોને સાધુ બનવાનું સ્વામીશ્રી બહુ કહેતા. આવું નાનું નિમિત્ત પણ છોડતા નહિ.

બપોરે સ્વામીશ્રી આરામમાં જઈ રહ્યા હતા. એ વખતે સ્થાનિક બાળકો તથા યુવકો સ્વામીશ્રીને વીંટળાઈને ઊભા હતા. સ્વામીશ્રીએ સૌને સાધુ થવા કહ્યું અને બોલ્યા : 'આપણે લગ્ન ન કરવાં. આપણે ભગવાન સાથે લગ્ન કરવા. બૈરા સાથે લગ્ન ના કરવા.'

'બાપા ! જેણે લગ્ન કરી લીધાં હોય તે કેમ કરે ?' એક યુવાને સ્વામીશ્રીને પ્રશ્ન કર્યો.

'એણે છૂટાછેડા લઈ લેવા !' એમ સૌને આનંદ કરાવ્યો. સાથે સાધુ બનાવવાનો પોતાનો આગ્રહ ને સાધુની પદવીની મહત્તા બતાવી.

'બાપા ! ઘેરથી બધાં હજુ ઢચુપચુ છે કે પાછો આવે તો...?' એક યુવકે પોતાની વાત કરતાં જણાવ્યું.

'પાછા શું કામ આવીએ ? જુઓ, આ નથી રહ્યા ? દુનિયામાં ઘણા માણસ મરી જાય છે, તે બધા એમની સામું જુએ છે કે આપણે મરી જઈશું ? બધા જીવે છે (એની સામું જુએ છે). તેમ આપણે જે રહ્યા હોય તેની સામું જોવું. સો કેરી હોય તો પાંચ બગડે પણ ખરી.' એમ સૌને હિંમત આપી, સાધુ થવા પ્રોત્સાહિત કર્યા.

સાંજે મંદિરની પાછળના ચોકમાં યુવકો વૉલીબૉલ રમતા હતા. યુવકોની ખૂબ ઇચ્છાથી સ્વામીશ્રી તે જોવા ગયા. એ જોઈ તુરત સ્વામીશ્રી બોલ્યા : 'હરમાનભાઈ રમતા'તા ઈ !'[૬]

પછી થોડી વાર બેઠા. રમતની વિગતો પૂછી : 'બૉલ શેનો હોય ?' વગેરે પૂછ્યું. યુવકો વૉલીબૉલ સ્વામીશ્રીને બતાવવા માટે લાવ્યા. ત્યારે નજીકથી જોયો, પણ બૉલને સ્પર્શ કર્યો નહીં. કદાચ ચામડાનો ધારીને સ્પર્શ નહીં કર્યો હોય ! ગમે તે કારણ હોય પણ સ્વામીશ્રીએ એમાં વિશેષ રસ બતાવ્યો નહીં. એ પણ એમની વિલક્ષણતા હતી.

રાત્રિ સભામાં યુવક મંડળે કસરતના ખેલો કર્યા, તેથી સ્વામીશ્રી અતિ

---

૬. મુક્તરાજ મગનભાઈ અને હરમાનભાઈ શરૂઆતમાં આ રમત સાથે રમતા અને એમાંથી બન્નેને મિત્રતા થતાં આફ્રિકામાં સત્સંગ-પ્રવૃત્તિની શરૂઆત થઈ હતી.

પ્રસન્ન થયા અને ભટેસા સાહેબને આજ્ઞા કરી કે યુવક મંડળને સો શિલિંગ આપો. પછી બધા યુવકોને કેસરિયું દૂધ પીવરાવવા સ્થાનિક મોટેરા હરિભક્તોને આજ્ઞા કરી. સારા કાર્યની કદર કરવાની સ્વામીશ્રીને બહુ તાલાવેલી. એમાં પણ રજોગુણપ્રધાન દેશમાં રજોગુણપ્રધાન અવસ્થામાં યુવાનો જ્યારે સ્વામીશ્રીને રાજી કરવા ઘેલા ઘેલા થઈ જાય, તન-મનનું ભાન ભૂલી જાય, ત્યારે સર્વના અંતર્યામી સ્વામીશ્રી તેમને પ્રોત્સાહિત કરવામાં કેમ મોળપ રહેવા દે ?

સંપની સાખે મંદિરોની મુરાદ

મંદિરમાં બીજે દિવસે બપોરે લગભગ ૨-૨૦ વાગે, આફ્રિકાના સમગ્ર હરિભક્તો પ્રતિ ભાવવાહી વચનો ઉચ્ચારતાં સ્વામીશ્રી બોલ્યા :

'આફ્રિકાના પ્રોગ્રામ પૂરા થયા. કાલે પૂર્ણાહુતિ. પછી લંડન મૂર્તિપ્રતિષ્ઠા. તમને બધાને રાજી કર્યા. એકેક ગામ ફરી લીધું. પછી લંડન વીસ દિવસનો પ્રોગ્રામ પૂરો કરી ભારત દેશમાં મુંબઈ જવાનું છે. લંડનમાં બધાને વર્તમાન ધરાવીશું. દારૂ-માટી બંધ કરાવીશું. ખરી મહેનત કરશું. યુરોપિયન, બીજા-ત્રીજાને સત્સંગની વાત કરી મહારાજના આશ્રિત કરવા છે. લંડન કજાત જમીન, તેને ખેડવા ટ્રૅક્ટર લાવવું પડશે !

'લંડન જવાનું નહોતું, પણ મંદિર લીધું ને એક સંપ થયો તો મૂર્તિપ્રતિષ્ઠા કરવા જઈશું. લંડનનો ઉદ્ધાર થઈ જશે. ઋતુ પણ સારી થઈ જશે. ભગવાન ભક્તોના મનોરથ પૂરા કરે છે. સ્વામી-શ્રીજી બેસશે. કથા ત્યાં થશે, એ પુણ્ય આપણને મળશે.

'જો નૈરોબી મંદિર ન લીધું હોત ને પચાસ લાખ રૂપિયા આપત તોય અમે ન આવત. હરિભક્તોને રાજી કરવા આવ્યા. ગુણાતીત સ્વામીને દેશમાં પ્રાર્થના કરી કે 'સાજા કરો તો આફ્રિકા જઈએ.'

'આર.યુ. પટેલે વસંત પંચમીના દિવસે અટલાદરા ભાષણ કર્યું કે 'તમે આફ્રિકા આવો જ.' ભગવાને તેમનો સંકલ્પ પૂરો કર્યો.

'હવે આશીર્વાદ આપીએ છીએ કે બધા રાજી રહેજો અમારી ઉપર. અમારી કાંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો. કંઈ કહેવું કથાણું હોય તો માફ કરજો, ફરી વારે ઘડીએ અવાય નહિ. ફરી મૂર્તિ પધરાવશો તો પાછા આવી જઈશું. અમથો ખોટો ખરચ કરાય નહિ; પણ પ્રતિષ્ઠા હોય, મંદિર થતું હોય, સૌનો આગ્રહ હોય તો આવીએ, ન આવવું એવું કાંઈ નથી.

'શાસ્ત્રીજી મહારાજ તમને સુખી રાખે. અમે આ જગ્યા પર ફૂલ છાંટ્યાં હતાં. ત્રિભોવનકાકાએ પાણો મોટો લાવીને કહ્યું : 'પ્રસાદીનો કરો. અમે ખાતમૂરતમાં પધરાવશું.' તે હજી સાંભરે છે.

'એક સંપ રાખજો. સંપ નહિ રાખીએ તો દેશકાળ લાગે. આનંદ કરવો. ભગવાનને સંભારવા ને શ્રીજીમહારાજને ધારવા.'

સ્વામીશ્રીની વાણીના શબ્દે શબ્દ દરેકે દરેક ભક્તને સ્પર્શે. એમની હેતની લાગણી છાની રહેતી નહોતી. સર્વને હૃદયથી ઉપકૃત કરતા સ્વામીશ્રી જ્યારે સ્વયં ભક્તોના ભાવથી ઉપકૃત બનતા, ત્યારે આ પૃથ્વી ઉપર 'પરોપકાર' શબ્દ લજ્જિત બનતો. કારણ, પૃથ્વીના ખોળામાં આ પુરુષનો ઉપકાર સમાતો નહોતો.

પ્રમુખસ્વામી રાજી તો હું રાજી

સાંજે યુવકોએ યોગાસનો, સૂર્ય-નમસ્કાર, કસરતના વિવિધ પ્રયોગો, પિરામિડ, ફ્લૂટ ઉપર ભજનો-કૂચગીત, સમૂહ પ્રાર્થના, ધૂન-રાસ અને સંવાદ વગેરે કાર્યક્રમો સ્વામીશ્રી પાસે હોંશે હોંશે રજૂ કર્યા.

જ્યારે કંપાલાના પ્રૉફેસર તુલસીભાઈએ (મૂળ શાપુર, ખેડા) બનાવેલું કૂચગીત *'આવો યુવકો તમને બતાવું...'* એ યુવકોએ બૅન્ડ સાથે ગાયું, ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજી થયા ને કહે : 'પ્રમુખસ્વામી પધરામણીએ ગયા છે, નહીં તો સંભળાવત ! બહુ મજા પડી. હવે કાલે પ્રમુખસ્વામીને આ સંભળાવશું. રાજી કરશું. પ્રમુખસ્વામી રાજી થાય તો હું બહુ રાજી !'

બીજે દિવસે સ્વામીશ્રીની ઇચ્છાથી યુવકોએ પ્રમુખસ્વામીને કૂચગીત સંભળાવી રાજી કર્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'હવે હું રાજી.' એમ પ્રમુખસ્વામી સાથે એકાત્મભાવ જણાવ્યો.

સ્થાનિક યુવક મંડળે સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રગટ કરેલ સાતમો ત્રૈમાસિક અંક 'યોગી સંદેશ' સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કર્યો. હસમુખભાઈ પટેલે આ પ્રકાશનમાં સારી જહેમત ઉઠાવી હતી. વડીલ હરિભક્તોએ ઇનામો આપી યુવકોને પ્રોત્સાહિત કર્યા ત્યારે સ્વામીશ્રી બહુ રાજી થયા.

સ્વામીશ્રી તા. ૫-૨-'૭૦ના રોજ મુંબઈથી નૈરોબી પધાર્યા. તા. ૨૨-૫-૭૦ સુધી કેન્યા, યુગાન્ડા અને ટાન્ઝાનિયાનાં મુખ્ય સત્સંગ કેન્દ્રોમાં વિચરણ કર્યું. કેવી અનહદ દયા ! ૧૦૮ દિવસનો અવિરત કાર્યક્રમ ! દેશથી નીકળતાં પહેલાં જે કાર્યક્રમ માટે ડૉક્ટરોએ સ્વામીશ્રીને મનાઈ કરી હતી. સ્વામીશ્રીનું

સ્વાસ્થ્ય જોતાં જે શક્ય જ લાગતું નહોતું પણ સ્વામીશ્રીએ પોતાના ભક્તોને ખાતર શરીરના સુખને નેવે મૂકી દીધું. સ્વાસ્થ્ય સારું બતાવ્યું એટલું જ નહિ, પણ ભક્તોના મનોરથો પૂર્ણ કરવામાં, ગામોગામના ભરચક કાર્યક્રમો પૂરા કરવામાં કોઈ ખામી આવવા દીધી નહિ. સૌને ખૂબ ખૂબ રાજી કર્યા. જાણે ભક્તોને અર્થે જ એમનું જીવન !

ગામોગામ અમે તમારા ગુણ ગાશું

તા. ૨૨-૫-'૭૦, સાંજે કંપાલા મંદિરમાં જિન્જા, કંપાલા યુવક મંડળના કાર્યક્રમો પૂર્ણ થયા બાદ વિદાય સમારંભ યોજાયો હતો. કેન્યા, યુગાન્ડા અને ટાન્ઝાનિયાનાં દરેક સત્સંગ કેન્દ્રના અગ્રગણ્ય હરિભક્તો હાજર હતા. સૌએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. માતા, પિતા, ગુરુ કે ઇષ્ટદેવ સર્વતુલ્ય સ્વામીશ્રીનો આભાર ભક્તો કયા શબ્દોમાં વર્ણવે ? પણ સૌ ગદ્ગદિત થઈ જતા. કંઠ રુંધાઈ જતા. આ અવાક્પણામાં વિષાદ અવસ્થામાં ખોવાયેલા સહુને સ્વામીશ્રીએ લાક્ષણિક શૈલીમાં ખોંખારો ખાઈને જાગ્રત કર્યા. ઘેરા પણ મધુર અવાજથી સૌનાં મનને હરી લેતાં, હૃદયને ઘેરી લેતાં, સ્વામીશ્રી બોલ્યા :

'આફ્રિકાના હરિભક્તો સેવાભાવી. મહારાજ પાસે એવું માગીએ કે આફ્રિકાના હરિભક્તો નિર્દોષ થઈ જાવ. કોઈ દોષ ન રહે. પ્રથમના ૫૮ના વચનામૃતમાં મહારાજે કહ્યું : 'મોટાપુરુષ જેની ઉપર રાજી થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તે સારા થઈ જાય. રાંક હોય તે રાજા થઈ જાય.'

'પ્રથમના ૭૬ના વચનામૃતમાં મહારાજે કહ્યું : 'પંચ વર્તમાનમાં જેને કોઈ વાતે ખોટ ન હોય, તેને ગમે તેવા વચનના ભીડામાં લઈએ, તેનું ધાર્યું મુકાવીને અમારા ગમતામાં વર્તાવીએ, તોય જે લેશમાત્ર મૂંઝાય નહિ તે પાકો સત્સંગી છે.' આ વચનામૃતમાં જેવો ભીડો કહ્યો છે, તેવો તમે બધાએ ગામોગામ વેઠ્યો છે.

'જે જોઈએ તે વસ્તુ લાવ્યા. કટાણું મોઢું કોઈનું નહિ. પ્રેમ, પ્રેમ ને પ્રેમ.

'કોઈનામાંય દોષ ન રહે તે શ્રીજીમહારાજને પ્રાર્થના. પ્રેમ અને ભક્તિ શ્રીજીમહારાજ તમારા ઉપર રાખે, તેવા સ્વામિનારાયણ ભગવાન અને શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ છે.

'બીજી વાત, અમે ગામોગામ ફર્યા, હરિભક્તોનો ભાવ જોયો, એક એકથી ચડિયાતો ભાવ, ડબલ ને ચાર ગણો ભાવ. ઓછો નહિ.

'શાસ્ત્રીજી મહારાજ તમારા દેશકાળ સુધારશે. આ દેશમાં રહેવા દેશે. ને

મંદિર તમારે સાચવવાનાં. મોટી આફત કાઢી નાખશે. કોઈ ચિંતા ન કરતા. ધીરજ રાખજો, શ્રીજીમહારાજ દયાળુ છે. મંદિરે આવીને માળા ફેરવવી. શંકાનો કોઈ આમાં માગ નથી. દેશકાળ જરૂર સુધરશે.

'ગામોગામ અમે તમારા ગુણ ગાશું. તમે જાણો કે અમે કાંઈ સેવા નથી કરી, પણ, અમે જાણીએ છીએ કે તમે ચાર ગણી સેવા કરી છે. ભગવાન આ કેમ ભૂલે ? રાજી થાય જ.

'નૈરોબીમાં શાસ્ત્રીજી મહારાજ બેઠા એ જ તમારા દેશકાળ સુધર્યા, તેમ માની લેજો.

'ભગવાન ને સંત જ્યાં બિરાજે છે ત્યાં દેશકાળ ન લાગે. બધાને સુખ-શાંતિ મળશે. એવા અંતરના આશીર્વાદ છે.'

આ જ અંતરના ઉદ્‌ગારોથી સ્વામીશ્રીએ સૌનાં મન ને પ્રાણ હરી લીધાં હતાં. રાત્રે ૯-૩૦ થી ૧૦-૦૦ સુધી સ્વામીશ્રી સભામાં પધાર્યા.

આ આફ્રિકાની યાત્રાની ૧૦૭મી છેલ્લી રાત્રિ હતી. મંદિરમાં સભામાં ભજન-કીર્તનની રમઝટ બોલી. કીર્તન ગાતા પ્રભુદાસભાઈ લાલાજીના હાથમાં સ્વામીશ્રી તાળી દે, હાથ ઊંચા કરે, આંગળીથી નિર્દેશ કરતા. એમની વાતને સમર્થન આપે. સ્વામીશ્રીનાં વિવિધ લટકાં સૌનાં હૃદયમાં વસી ગયાં.

બ્રહ્માનંદની ચરમસીમાએ સૌને લઈ ગયા પછી પણ હજુ બાકી હોય એમ સ્વામીશ્રીએ ઘનશ્યાચરણ સ્વામીને કહ્યું :

'*સારંગપુરમાં વહાલો પ્રગટ બિરાજે...* એ ભજન સ્વામી(શાસ્ત્રીજી મહારાજ)ને બહુ પ્રિય. આપણે કાલે જાવું છે. આ બધે ગવરાવ્યું. (મોમ્બાસા, નૈરોબી વગેરે) ને જો આજે ન ગવરાવીએ, તો સ્વામી ઠપકો દીએ.'

આમ, શાસ્ત્રીજી મહારાજથી પોતે જરાય જુદા નથી, બન્ને સ્વરૂપો એક જ છે, એવી વધુ પ્રતીતિ કરાવતાં, ભજનનું સુખ હજુ અધૂરું રહી ગયું હોય એ રીતે અઢળક ઢળ્યા.

બાદ જિન્જા અને કંપાલાનાં યુવક મંડળોએ સંવાદો રજૂ કર્યા. મોડું ઘણું થયું. એટલે સ્વામીશ્રી કહે : 'હવે યુવકો ડાયલોગ કરે ને પ્રમુખસ્વામી બેસશે ને અમે 'સૂવાનો ડાયલોગ' કરશું !' એમ કહેતાં આખી સભાને આનંદ આનંદ પમાડતાં આરામમાં પધાર્યા.

તા. ૨૩-૫-'૭૦, જિન્જાવાળા ડૉ. અરવિંદભાઈએ પણ આજે કાર્ડિયોગ્રામ લઈ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય તપાસ્યું. પહેલાં કરતાંય શરીર ઘણું સારું

છે એવું નિદાન કર્યું. વજન ૧૩૩ પાઉન્ડ થયું.

વહેલી સવારે ૫-૧૫ વાગે ઊઠ્યા. લંડન જવા નીકળતાં પહેલાં વજન કરવું હતું. તેથી સંતોએ કહ્યું :

'બાપા ! આપ આ કાંટા ઉપર ઊભા રહો. વજન કરવું છે.'

'વજન શું કરવું ? ભગવાન ભજી લેવા...' સ્વામીશ્રી સહજ બોલ્યા.

મહારાજ અક્ષરધામ ઢૂંકડું લાવ્યા

પ્રાતઃ વિધિથી પરવારી ૮-૩૦ વાગે સ્વામીશ્રીએ મંદિરમાંથી વિદાય લીધી અને ઍન્ટેબે ઍરપોર્ટ પધાર્યા. સ્વામીશ્રી પાછળ ગાંડા બનેલા સૌ હરિભક્તોની વણઝાર પણ પાછળ હતી. લગભગ હજાર ઉપર નાના-મોટા સૌ સ્વામીશ્રીની છેલ્લી ઝાંખી લેવા દોડી આવ્યા હતા. સ્વામીશ્રીનો કેડો નહિ છોડતા એવા નાના ને મોટા એમની આગળ સૌ નાના બનીને વીંટળાઈને બેસી ગયા. અહીં પણ સભા ! અહીં પણ સત્સંગ ! સૌને ધીરજ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'સત્પુરુષનો સંગ થાય તો અક્ષરધામનું સુખ આવે. આ લોકનું સુખ નાશવંત છે. ઠેઠ પ્રકૃતિપુરુષ સુધીનું સુખ નાશવંત છે. અક્ષરધામનું સુખ અવિનાશી છે. આપણે ચેતનરૂપ-બ્રહ્મરૂપ થવાનું છે.

'અહોહો ! કથા કરે, કીર્તન કરે, વાતું કરે, પણ 'આ દેહ તે હું નહિ' એમ ન માને. માટે આઠે પહોર એવું ભજન કરવું જે, 'હું આત્મા છઉં, બ્રહ્મ છઉં, મારે વિશે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રત્યક્ષ બિરાજે છે. અને તે આ મને મળ્યા એ જ છે.' આ વાતમાં સાંખ્ય અને યોગ બન્ને આવી રહ્યા.

'મહારાજ અક્ષરધામ ઢૂંકડું લાવ્યા. આ પ્રત્યક્ષ મને મળ્યા એ છે.' પોતાને બ્રહ્મરૂપ માનવું. 'તે મારા વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ વિરાજમાન છે,' એમ માનવું. તે કઈ જાતના કહ્યા છે ? તો સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે. તે મારા વડવાને મળ્યા છે ? ના. મને પ્રત્યક્ષ મળ્યા છે. વડવાને મળ્યા હોય તેમાં આપણું શું વળે ?

'આપણે શું માનવું ? આત્મા. પોતાને દેહરૂપ ન માનવું. દેહને શબ્દ લાગે. કોઈ આપણને મારે તો કહેવું, 'બે ધુંબા વધુ માર,' પણ સામા ન થવું. ખમવું ઈ આત્મારૂપ વર્ત્યા કહેવાય.

'કમ્પાલાના ઍરપોર્ટ પર વાત થઈ તે યાદ રાખજો.

'આ ઍરોડ્રોમ પર બેઠા, પણ તેનું નામ તો નો આવડે.'

આફ્રિકાથી વસમી વિદાય

વિનોદભાઈ નૈરોબીથી 'ઇસ્ટ આફ્રિકન ઍરવેઝ Super VC-10 પ્લેનમાં, આગળની ફર્સ્ટ ક્લાસની કેબિન રિઝર્વ રાખીને આવી ગયા હતા. સંતોની કેબિનમાં કોઈ પરિચારિકા પ્રવેશે જ નહિ અને સ્વામીશ્રીને આરામથી મુસાફરી થાય, એવી સંપૂર્ણ વ્યવસ્થા વિનોદભાઈએ ખાસ ગોઠવી હતી.

પ્લેનમાં ચડવા જતાં સીડી નજીક સ્વામીશ્રીએ ખુરશી ઊભી રખાવીને નિરંજન સ્વામીને કહ્યું : 'પાણી લાવો પી લઈએ.' પછી પ્લેનમાં બિરાજ્યા.

પ્લેનમાં ફર્સ્ટ ક્લાસની કેબિન આખી રિઝર્વ્ડ હતી. સ્વામીશ્રી એક ખૂણામાં બિરાજ્યા, સૌ સંતો ગોઠવાયા.

પ્લેન ઉપડવાની તૈયારી હતી. ત્યાં એક આફ્રિકન પરિચારિકા પ્લેનમાં રહી ગઈ હતી તેને નીચે ઊતરવાનું હતું. બધી સીડીઓ ખસી ગઈ હતી. ફર્સ્ટ ક્લાસની સીડી બાકી હતી. તેથી તેને ત્યાંથી જ ઊતરવું પડે તેમ હતું. પૅસેજ ઘણો પહોળો હતો. છતાં બ્લૅન્કેટની આડશ કરી, પછી જ તે પરિચારિકા પૅસેજમાંથી પસાર થઈ. સ્વામીશ્રી ઘણા દૂર હતા. કોઈને અડવાનો પ્રસંગ નહોતો. પણ જાણે હરણને ગોળી મારે ને જેવી વેદના થાય તેવી વેદના સ્વામીશ્રીના મુખ ઉપર છવાઈ ગઈ. પ્લેનમાં આફ્રિકન પરિચારિકા નજીકથી પસાર થઈ તે પણ એમનાથી સહન ન થયું. રખે મહારાજની આજ્ઞાનો લોપ તો નહિ થઈ ગયો હોય ! આવી દેહશતથી તેઓ પીડાતા જણાતા હતા. સ્વામીશ્રીએ માળા લીધી. બરાબર ૧૦-૪૫ વાગે વિમાને પૂર્વ આફ્રિકાની ધરતી છોડી.

પોતાના જીવનપ્રાણને લઈ જતા એ વિમાનને ક્યાંય સુધી ભક્તો જોઈ રહ્યા. વાદળાંઓમાં, આકાશમાં જ્યારે એ લીન થયું ત્યારે સૌ સભાન થયા. જાગ્રત થયા. ત્યારે જ સૌને ખ્યાલ આવ્યો કે આપણે લૂંટાઈ ગયા ! સ્વામીશ્રીના વિયોગની વેદના અસહ્ય હતી. સૌ ભગ્ન હૃદયે વિખરાયા.

કોટિપતિના કુંવરિયા એ સાધુને રે સોંપાણા

આફ્રિકાના હરિભક્તોનાં પ્રેમ, ભક્તિ, સેવા અજોડ હતાં. અને એમનું સમર્પણ એ પણ અજોડ !

જે કોઈ પાસે માંગે નહિ, બધાને આપે જ આપે, એ પુરુષ – સ્વામીશ્રીએ અહીં વારંવાર ટહેલ નાખી હતી કે 'અમારે અહીંથી મુક્તોને લઈ જવા છે.

સાધુ બનાવવા છે. બ્રહ્મરૂપ કરવા છે.' એ વચન પણ ઘણાએ અધ્ધર ઝીલ્યું.

સને ૧૯૪૮માં શાસ્ત્રીજી મહારાજ અટલાદરા બિરાજતા હતા ત્યારે કંપાલાના પ્રભુદાસના પુત્ર બિપીનભાઈ સ્વામીશ્રીનાં દર્શને ગયા. શાસ્ત્રીજી મહારાજે તેને પૂછ્યું : 'તમે કેટલા ભાઈ ?'

ત્યારે તેમણે કહ્યું : 'ચાર ભાઈ, એક બહેન.'

શાસ્ત્રીજી મહારાજ કહે : 'ના, તમે છ ભાઈઓ છો, તમારા પિતાને છ ભાઈઓ હતા. અને તમે પણ છ ભાઈઓ.' એ પછી પ્રભુદાસને ત્યાં બીજા બે પુત્રોનો જન્મ થયો.

શાસ્ત્રીજી મહારાજે બિપીન સાથે છ ભાઈઓની વાત કરી ને તે વખતે બીજું કોઈ ન હતું. છતાં સ્વામીશ્રીએ એ વાત યાદ કરાવી, ત્યારે સ્વામીશ્રીને એ કેમ ખબર પડી ? એમ સૌને ખૂબ વિસ્મય થયું.

વળી, પત્રમાં સ્વામીશ્રીની આજ્ઞા મળવાથી પ્રભુદાસ તથા તેમનાં પત્ની રાજી થયાં. બે પુત્રોનાં લગ્ન થઈ ગયાં હતાં. તેથી બાકીના ચારેય પુત્રોને લઈને સ્વામીશ્રી પાસે ગયા. સ્વામીશ્રીને કહે : 'ચારેય પુત્રોને લઈને આપને આપવા આવ્યો છું અને પાંચમો હું.'

સર્વ સમર્પણની ત્યાગ-ભાવના જોઈને સ્વામીશ્રી બહુ રાજી થયા. પછી કહ્યું : 'તમે અમારી રુચિ જાણીને સેવા કરી છે, એ તો દેવ-દુર્લભ છે. આવી સેવા કોઈથી ન થઈ શકે.' એમ બહુ પ્રશંસા કરી.

આ યાત્રામાં જ્યારે સ્વામીશ્રી ટરોરોથી મ્બાલે પધાર્યા, ત્યારે પ્રભુદાસ લાલાજીના પુત્ર ભગવત્‌ભાઈ વગેરે બૅન્ડ લઈ સ્વામીશ્રીનું સ્વાગત કરવા ગયા હતા. સ્વામીશ્રીની કામણગારી મૂર્તિએ બીજા અનેક યુવાનોની જેમ ભગવત્‌ભાઈને પણ ઘેલું લગાડ્યું હતું.

અહીંના જ હરિભક્ત ચંદુભાઈ પટેલ, સેવામાં રાત-દિવસ નહિ જોનારા શૂરવીર ભક્તરાજે, તેમના પણ એક નાના પણ શૂરવીર સુપુત્ર યોગીનભાઈને[૭] સ્વામીશ્રીનાં ચરણે સોંપી દીધા.

કંપાલા નજીક લુવેરોમાં રહેતા હરમાનભાઈના સુપુત્ર જયંતીભાઈએ[૮] તો મંદિરમાં સંતો સાથે જ પડાવ નાંખ્યો હતો. તેમાં પણ પ્રમુખસ્વામીની પ્રેરણાથી તેમનો ઉત્સાહ વધ્યો અને તેઓ પણ તૈયાર થઈ ગયા.

---

૭. સાધુ નિષ્કામજીવનદાસ.

૮. સાધુ ગોવિંદપ્રસાદદાસ.

આમ, એકલા કંપાલામાંથી ચાર નાના યુવાનો સ્વામીશ્રીના વચને કુરબાની માટે તૈયાર થયા.

સ્વામીશ્રીએ તો ગામોગામ આ જ ટહેલ નાખી હતી. જેમ કોઈ વેપાર માટે દેશ-પરદેશ ખેડે ને સારો માલ શોધે, એમ સ્વામીશ્રીએ પણ ગામોગામ આ જ વેપાર ખેડેલો.

જિન્જા બાળ મંડળમાં કીર્તન ગાતા ગિરીશભાઈ[૯] પૂજા સમયે કીર્તન-ભક્તિથી સ્વામીશ્રીની નજરમાં આવી ગયેલા. તેમના પિતાશ્રી ઈશ્વરભાઈ પણ જિન્જા મંદિરમાં જ ઠાકોરજીની સેવામાં હતા. પુત્રને સ્વામીશ્રીને સોંપવામાં તેઓ રાજી થયા. તેમના મિત્ર નાઈગોબિયાના સતીશભાઈ[૧૦] પણ સ્વામીશ્રી અને સંતો સાથે સમાગમમાં આવ્યા. પૂર્વના શુભ સંસ્કારથી તેઓ પણ સ્વામીશ્રીને રાજી કરવા તૈયાર થયા.

મોમ્બાસામાં સ્વામીશ્રી એક માસ રહ્યા એ દરમ્યાન ઘણા બાળ-યુવાનો સ્વામીશ્રીની નજીક આવ્યા.

અહીંના જૂના સત્સંગીની કુબેરભાઈના બે સુપુત્રો હરિકૃષ્ણભાઈ[૧૧] તથા વિહારીભાઈ[૧૨] આ સેનામાં જોડાવા આગળ આવ્યા. સૌ સ્વામીશ્રીની આસપાસ સંતોની સેવામાં જોડાઈ ગયા.

પૂર્વ આફ્રિકાની જાહોજલાલીથી છલકાતા નૈરોબીમાં પણ સ્વામીશ્રીનો રંગ બાળકોને જરૂર લાગ્યો. અત્રેના અગ્રગણ્ય સેવાભાવી હરિભક્ત નાગજીભાઈના સૌથી નાના પુત્ર ઉપેન્દ્રભાઈની[૧૩] સ્વામીશ્રીએ પસંદગી કરી. નાની ઉંમરમાં ભારે સાહેબીને ઠેબે મારી, ગુણગંભીર આ બાળકે સ્વામીશ્રીને રાજી કરવા ભારે હામ ભીડી.

આમ, હજુ તો યૌવનને ઉંબરે પહોંચેલા, પૂર્વ આફ્રિકાના સુખી અને સ્વતંત્ર જીવનની લાલચોને ઠોકરે મારી આ નવયુવાનો સ્વામીશ્રી માટે ન્યોછાવર થવા તત્પર થયા. સાધુનો માર્ગ એટલે કંટક ઉપર ચાલવાનો માર્ગ, શૂળોને પગ નીચે કચડીને ચાલવાનો માર્ગ, ગુરુને રાજી કરવા મન સાથે સતત યુદ્ધ ખેલવાનો જીવન-સંગ્રામ ! પળે પળે સહનશીલતા માગી લેતા આ દુર્ગમ પથ ઉપર ચાલવા આ નવયુવાનો કટિબદ્ધ થયા. તેમણે તો ઝોળિયા પારેવાની જેમ સ્વામીશ્રીના

---

૯. સાધુ અક્ષરપુરુષદાસ.
૧૦. સાધુ ચૈતન્યસ્વરૂપદાસ.
૧૧. સાધુ નિરન્નમુક્તદાસ.
૧૨. સાધુ ભક્તિનંદનદાસ.
૧૩. સાધુ શ્રીજીસ્વરૂપદાસ.

વચને અધ્ધરથી પડતું જ મૂક્યું, પછી સ્વામીશ્રી કેમ રાજી ન થાય !

પૂર્વ આફ્રિકાના સ્વામીશ્રીના વિચરણની આ એક વિશિષ્ટ ફળશ્રુતિ હતી. એ મુક્તોએ સમર્પિત કરેલો જીવન-પુષ્પોનો સુગંધિત હાર કોટમાં ધારણ કરી સ્વામીશ્રીએ આફ્રિકાની વિદાય લીધી, ઈંગ્લૅન્ડ તરફ પ્રયાણ કર્યું.

ઊડણ માણકીનાં સ્મરણો

સ્વામીશ્રી પ્લેનમાં પોઢી ગયા. યુગાન્ડા, સુદાન વટાવી ૨-૩૦ વાગે ઊઠ્યા. ઘનશ્યામ સ્વામી સૂતા હતા તેમને જોઈ કહે :

'સુખિયો સબ સંસાર, ખાવે ને સૂવે;
દુઃખિયો દાસ કબીર, જબ જાગે તબ રુવે.'

પછી ફરી થોડો આરામ કર્યો.

'બાપા ! તમે ઊંઘતા હતા ?'

'ના, આરામ જ કરતા હતા.'

૨-૫૫ વાગે આફ્રિકા ખંડનો કિનારો - છેલ્લો લીબિયા દેશ - બેઘાઝી શહેર છોડ્યું. ભૂમધ્ય સમુદ્ર ઉપર ઊડવા માંડ્યું. ૩-૫૦ વાગે સીસીલી ટાપુ ઓળંગી ઈટાલીમાં પ્રવેશ થયો. ૪-૧૫ વાગે સ્વામીશ્રી ઊઠ્યા. વિનોદભાઈ સ્વામીશ્રીને પાઈલટ કૅબિનમાં લઈ ગયા. કૅપ્ટને આગળના વીન્ડ સ્ક્રીનમાંથી સ્વામીશ્રીને રોમ શહેર બતાવ્યું. દૃષ્ટિ કરી પાછા આસને આવી બિરાજ્યા. વિનોદભાઈએ નૈરોબી મંડળ માટે સ્વામીશ્રીના આશીર્વાદ રેકોર્ડ કર્યા. ઈટાલીની ધરતીથી ૩૯,૦૦૦ ફીટ ઊંચે, સ્વામીશ્રીએ ઘનશ્યામ સ્વામીને અને સંતોને કીર્તન ગાવા કહ્યું :

'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી...'

નીચે યુરોપનો હરિયાળો પ્રદેશ જોવા કોઈ બારીમાંથી ડોકિયું કરે ત્યાં સ્વામીશ્રી કહે : 'હરે ! કીર્તન ગાવ, બેસી જાવ. બીજું...'

'હરિગુણ ગાતાં...'

એમાં પંક્તિ આવી – *'તેની સુંદર શ્યામ સહાય કરે....'* ત્યારે સ્વામીશ્રીએ પોતાના બન્ને હાથ પોતાની છાતીએ અડાડીને સંતો તરફ લંબાવ્યા. જાણે 'અમે તમારી અખંડ રક્ષામાં છીએ' એમ સૂચવ્યું. દિવ્ય દૃષ્ટિથી સુખ આપ્યું.

સંતોની વિનંતીથી બરફથી આચ્છાદિત આલ્પ્સ પર્વત ઉપર સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી. સંતો પણ સૌંદર્ય માણી રહ્યા હતા. ત્યાં તો સ્વામીશ્રીએ પડકારો

કર્યો : 'ગુરુ ! કીર્તન ગાવ... *અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે.'*

થોડી વારે નારાયણ ભગતે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપણે લંડન આવી ગયા.'

'આપને લઈને આવી ગયા. તમારા પ્રતાપે આવી ગયા.' વેણે વેણે બીજાને જ માન આપતાં સ્વામીશ્રી બોલ્યા.

❀ ❀ ❀



ઇંગ્લૅન્ડની ધરતી પર પ્રથમ ભગવત્ પાદસ્પર્શ

વિદેશમાં વિલાયતની ભૂમિ પર સ્વામિનારાયણીય સંતો શ્રીજીના સાચા વારસદાર ગુણાતીત સંતની આ સૌ પ્રથમ પધરામણી હતી. આજથી ૧૪૦ વર્ષ પૂર્વે આ દેશના પ્રતિનિધિ, અંગ્રેજ ગવર્નર સર જોન માલ્કમ, શ્રીજીનાં કાર્યથી પ્રભાવિત થઈ રાજકોટમાં મળ્યા હતા. ખૂબ આદર આપ્યો હતો. એ ભગવાન આજે સંત સ્વરૂપે આ દેશના વાસીઓને મળવા, પાવન કરવા, ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મ-વિદ્યાનું સાચું દર્શન કરાવવા આવી પહોંચ્યા હતા.

અન્ય યાત્રિકો ઊતરી ગયા હતા. સ્વામીશ્રી અને સંતો પ્લેનમાં જ બેઠા હતા. એવામાં પ્રફુલ્લભાઈ પટેલ, મેઘાણી, ડૉ. કારિયા અને બાલમુકુંદ પરીખ પ્લેન ઉપર જ સ્વાગત માટે આવી ગયા. હારતોરા કર્યા. સ્વામીશ્રી સ્થાનિક હરિભક્તોને મળીને ખૂબ રાજી થયા. પ્રફુલ્લભાઈ પટેલના પ્રયાસથી કસ્ટમ અને હેલ્થ આદિ ચકાસણીની વિધિ અહીં પ્લેનમાં જ અંગ્રેજ અધિકારીઓએ પતાવી અને સ્વામીશ્રીનું પોતાના દેશ વતી સૌ પ્રથમ અભિવાદન કર્યું.

વિમાન પાસેથી જ હાઈકમિશનરની મોટરમાં બેસાડી, સ્વામીશ્રી અને સંતોને Kingsford Smith Suiteમાં વી.આઈ.પી. કક્ષમાં સ્વાગતાર્થે લઈ જવામાં આવ્યા. અહીં હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન માટે અતિ આતુરતાથી ઊભા હતા. ઇંગ્લૅન્ડની ધરતી ઉપર પોતાના પ્રાણપ્યારા ગુરુહરિને મળવાનો એક અનેરો આનંદ સૌનાં હૈયાંમાં ઊભરાતો હતો. આટલે દૂર ઠંડા દેશમાં સ્વામીશ્રી પધારે જ નહિ ! તે પોતાના ભક્તોને મળવા, ભૂમિ પાવન કરવા, મંદિર સ્થાપવા, દિવ્ય સ્મૃતિઓ આપવા આ ઉંમરે, વયોવૃદ્ધ અવસ્થા હોવા છતાં પધાર્યા. આ જોઈને સૌને કોઈ અકલ્પ્ય સ્વપ્નું સાકાર થતું જણાયું અને સૌનાં હૈયાં ઊછળવા લાગ્યાં. મોંઘા ભાવનાં વિદેશી ફૂલોમાં ભક્તિની સુવાસ ભરી ભરીને સૌએ તે ફૂલો સ્વામીશ્રીને અર્પણ કર્યાં. હારતોરા કર્યા.

૪-૫૫ કલાકે (લંડન સમય) સ્વામીશ્રીએ યુરોપ ખંડની ધરતી પર પગ મૂક્યો. નખશિખ ભગવાં, દેશી કપડાંમાં વીંટળાયેલા, ઇંગ્લૅન્ડની ધરતી ઉપર ભગવાં લૂગડાંની સપાટ પહેરી, ખુરશીમાં ફરતા, સ્ત્રીઓથી દૂર રહેતા છતાં શ્વેત દાઢી વચ્ચે કોઈ વિશિષ્ટ હાસ્ય-આનંદથી વાતાવરણને ભરી દેતા, આ વયોવૃદ્ધ ભારતીય સંતને જોઈને અંગ્રેજોનાં કુતૂહલ અને જિજ્ઞાસાનો પાર ન રહ્યો.

ભારતથી મહાત્માઓ તો ઘણા અહીં આવતા હતા. એમાં નખશિખ ભારતીય સ્પર્શ જોવા મળતો નહિ. અહીંની સંસ્કૃતિ પ્રમાણેની રહન-સહનની કેટલીક બાબતો તેઓ વિના સંકોચે અપનાવી લેતા. જાજ્વલ્યમાન હોટલોમાં ઊતરવાનું પસંદ કરતા, સૌને મળતા-હળતા. સાથે આહારવિહાર કરતા. આ બધાથી અત્યંત જુદા ભારતના વેદકાલીન ઋષિમુનિઓનું દર્શન કરાવતા, સ્ત્રી-ધનના ત્યાગી, જ્ઞાન-ભક્તિના પોષક, સચ્ચિદાનંદ બ્રહ્મનું મૂર્તિમાન સ્વરૂપ, પરાત્પર પુરુષોત્તમ નારાયણના અખંડ ધારક આ પુરુષની પશ્ચિમની યુરોપની ભૂમિ ઉપર આ પધરામણી એ એક અભૂતપૂર્વ ઘટના હતી.

શ્રીજીની પ્રાસાદિક ભૂમિની સ્મૃતિ

અહીં ઍરપોર્ટ પર જ એક પ્રેસ રિપોર્ટરે સ્વામીશ્રીને પ્રશ્નો પૂછ્યા. પ્રફુલ્લભાઈ તેનો અનુવાદ કરતા હતા.

રિપોર્ટર : 'હું લંડનના સમગ્ર રિપોર્ટર્સ તરફથી આપનું સ્વાગત કરું છું. આપ અહીં શા ઉદ્દેશથી પધાર્યા છો ?'

સ્વામીશ્રી : 'સત્સંગ પ્રચાર કરવા અને બોર્ડિંગ હાઉસ સ્થાપવા.'

રિપોર્ટર : 'તમારા કેટલા સત્સંગીઓ (અનુયાયીઓ) અહીં છે ?'

સ્વામીશ્રી : 'પચાસ હજાર !'

રિપોર્ટર : 'અંગ્રેજોને શિષ્યો (અનુયાયી) બનાવો છો ?'

સ્વામીશ્રી : 'હા, શ્રીજીમહારાજ વખતે પણ યુરોપિયનો સત્સંગી હતા, જોન માલ્કમ વગેરે હતા.'

રિપોર્ટર : 'અત્યારે બ્રિટનમાં રંગભેદની નીતિ વિશે ઉગ્ર મતભેદો છે, તેમાં આપનું શું માનવું છે ?'

સ્વામીશ્રી : 'સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી બધું શાંત થઈ જશે.'

રિપોર્ટર : 'તમારા ધર્મ-નિયમ કડક છે, તે તમારા શિષ્યો સમજીને પાળે છે કે કેવળ વિશ્વાસથી ?'

સ્વામીશ્રી : 'સમજીને પાળે છે.'

રિપોર્ટર : 'તમારા સત્સંગી પેઢીગત છે કે નવા છે ?'

સ્વામીશ્રી : 'નવા પણ છે.'

આટલું પૂછી તેણે સ્વામીશ્રીનો આભાર માન્યો.

સ્વામીશ્રીએ તેને 'I am blessing you, Thank you, Thank you.' (હું તમને આશીર્વાદ આપું છું. આભાર, આભાર.) કહી થાપો માર્યો.

'ભગવાન સ્વામિનારાયણ દિવ્ય દેહે અહીં પધારેલા, એ પ્રાસાદિક ભૂમિનાં દર્શન કરવા, અમારા હરિભક્તોને મળવા, સત્સંગ કરાવવા, વ્યસનમુક્ત કરવા, અંગ્રેજભાઈઓને પણ વૈદિક સંસ્કારોની વિશેષતા બતાવવા અમે આવ્યા છીએ.' સ્વામીશ્રીએ અંગ્રેજ ખબરપત્રીઓને આવાં ટૂંકાં વિધાનોથી મુગ્ધ કર્યા.

સ્વામીશ્રીએ આ દેશમાં પગ મૂકતાં જ અંગ્રેજ બંધુઓને એમની ભાષામાં જ આશિષ આપી, 'I am blessing you, Thank you.' કહી વધુ આત્મીયતા જગાવી હતી.

ધરતી પાવન બને છે

રોલ્સરૉય ગાડીમાં ભક્તોએ સ્વામીશ્રીને પધરાવ્યા અને ડૉલીસ હિલમાં અરવિંદભાઈ પટેલને ત્યાં સ્વામીશ્રી ઉતારે પધાર્યા. સ્વામીશ્રીની ખુરશી પાછળ કોચમાં હતી. સ્વામીશ્રી કહે : 'ચાલશે, ખુરશીની જરૂર નથી.'

'હમણાં ખુરશી આવી જશે.' અરવિંદભાઈએ આગ્રહ રાખ્યો.

'ના, મારે (નીચે) ઊતરવું છે. લંડનની ધરતી પાવન નથી કરવી ?'

'બાપા ! કરવી છે.'

'લંડનની ધરતી પાવન કરવા દો, પગલાં પાડવા દો.' એમ કહેતાં સ્વામીશ્રી મોટરમાંથી નીચે ઊતર્યા અને બંગલામાં પધાર્યા.

અહીં મંદિર માટે જગ્યા લેવાઈ ગઈ, પણ સ્વામીશ્રીને માટે એમની સગવડો સચવાય તેવો અલાયદો ઉતારો મેળવવાનો પ્રશ્ન મોટો હતો. સ્વામીશ્રીને જ પોતાનું સર્વસ્વ સમજનાર શૂરવીર યુવાન ભક્ત અરવિંદભાઈ પટેલે આ તક ઝડપી લીધી. તેમણે એક અલાયદું મકાન ખરીદી લીધું અને તેમાં ભારતીય ઢબના જાજરૂ-બાથરૂમ, રસોડું વગેરે અનેકવિધ સુવિધાઓ જાતે રાત-દિવસ મહેનત કરી ગોઠવી દીધી. નાજુક પણ જુદો બંગલો ભારતીય રીતે સજાવ્યો. આ ઉતારો 69, Ellesmere Road, Dollis Hill, London,

N.W.10માં હતો. પ્રમુખસ્વામી અને બીજા છ સંતોનો ઉતારો વેમ્બલીમાં ચિત્તરંજનભાઈને ત્યાં 7, Monor Drive, Wemblyમાં હતો.

હંમેશ કરતાં હવામાન ઘણું બદલાઈ ગયું હતું. ઊતર્યા પછી ૬૯° F હતું. ઠંડી ખાસ ન હતી, છતાં સ્વામીશ્રીને ઠંડી જણાતી હતી. આરામ કરવા જતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ઠંડીને કાઢો (ઠંડી) પડે નહિ. ધોકો લઈને કાઢો.'

સ્વામીશ્રી માટે સ્કોટલૅન્ડની એક નવી ગરમ ટોપી આણી હતી, તે અત્યારે પહેરવા આપી. ત્યારે કહે : 'કાલે ઠાકોરજીને ધરાવીને પછી પહેરીશું.' એમ કહી જૂની ટોપી કાન સુધી ખેંચીને પહેરીને સૂતા. થોડી વાર પછી નાહીને પાણી પીધું.

હર્ષદભાઈએ કહ્યું : 'બાપા ! ઉકાળો પીવોને !'

'નો પીવાય, પ્લેનમાં સાદડી (કારપેટ) એક હતી. ઉપવાસ જ કરવો પડે.'

અહીં આવ્યા પછી તડકો સારો નીકળતો. કોઈકે કહ્યું કે 'લંડનમાં બધા સૂરજ જોઈને રાજી થાય. સૂરજનાં દર્શન કરવા નીકળે, એને ભગવાન માને.'

'આપણે પણ સૂરજને ભગવાન જ માનીએ છીએ. હું પગે લાગું છું કે હમણાં એક મહિના સુધી અહીં દર્શન દેજે, તડકો પાડજે.' એમ ગમ્મત કરતાં સ્વામીશ્રીએ કહ્યું. ઠંડું હવામાન એમને જરાપણ માફક નહોતું. અહીં રાત્રે ૯-૫૦ વાગે દિવસ આથમે ને સવારે ૩-૪૦ વાગે અજવાળું થઈ જાય.

તા. ૨૪મીએ સ્વામીશ્રી તેમના નિયમ મુજબ ૫-૫૦ વાગે ઊઠ્યા. અજવાળું જોઈ કહે : 'મોડું થયું, કથા ગઈ ! જાવ, ધોકો લઈને ટાઢને અને વરસાદને નસાડો. ત્રણ મહિના આફ્રિકામાં સુખથી ગયા. આ મહિનો પણ કાઢવો છે.'

સવારે નાહતાં નાહતાં કહે : 'શ્રીજીમહારાજ લંડનમાં બે વખત દિવ્ય દેહે આવ્યા હતા. એક વખત જંગલમાં ગવર્નર સાહેબની સાવજથી રક્ષા કરવા અને જોન માલ્કમ સાહેબને ધામમાં તેડવા માટે. આપણે જે જે પલેનમાં બેઠા તેમાં બેસનાર બીજે જન્મે સત્સંગમાં જન્મ લેશે. જે ધરતી ઉપરથી આપણે ઊડ્યા તેનુંય કલ્યાણ થઈ જશે.'

પ્રથમ પુનિત કર્મ

સવારે પૂજામાં મેઘાણી, ડૉ. કારિયા વગેરે મોટેરાઓને વર્તમાન ધરાવીને બધાને કંઠી પહેરાવી દીધી. પહેલું કામ આ કર્યું.

ડૉ. કારિયાની મોટરમાં ઉતારેથી નવા ખરીદેલા, અક્ષરપુરુષોત્તમ મંદિરે

ઈસ્લીંગ્ટન જઈ રહ્યા હતા. રસ્તા ઉપર દૃષ્ટિ કરતાં વાતો કરતા હતા :

'આ લંડન વિલાયત કહેવાય. મહારાજનું પ્રસાદીનું શહેર. આવડાં નાનાં મકાનો કેમ છે ? અહીં રેલવે છે ?'

'બાપા ! અહીં તો રોડ નીચે - નદી નીચે રેલવે હાલે છે.'

'આપણે તેમાં બેસશું. અહીં લાલ-લીલા દીવા (રોડ સિગ્નલ) કેમ નથી ?'

તડકો બહુ હતો. એક બગીચામાં અંગ્રેજો ખુલ્લા શરીરે 'સનબાથ' લેતા હતા.

'બાપા ! આપણને સૂર્યનો બહુ મહિમા નહિ. દેશમાં આખો દહાડો તપે. અહીં સૂરજ નીકળે તો અંગ્રેજો બહુ રાજી થાય.'

'મને સૂરજ દેવનો મહિમા બહુ છે. હુંય મહિમા સમજું છું.' ખાલી મોઢું મમળાવતાં પ્રસન્નચિત્ત સ્વામીશ્રી વાર્તાલાપ ચલાવી રહ્યા હતા.

રસ્તામાં આવતું પૉસ્ટ ઑફિસ ટાવર બતાવ્યું. ત્યારે કહે : 'આ હજીરા જેવું શું છે ? નૈરોબીમાં પણ આવું (હિલ્ટન હૉટલ) હતું.'

એમને મન બધું હજીરા જેવું - કબ્રસ્તાન જેવું, નાશવંત જ હતું !

અંગ્રેજોના દેશમાં પ્રથમ સ્વાગત સભા

સાંજે ૫-૩૦ વાગે લંડનના મધ્યમાં ઈસ્લીંગ્ટન વિસ્તારમાં આવેલા અક્ષરપુરુષોત્તમ મંદિરના હૉલમાં સ્વાગત સભા થઈ. ખ્રિસ્તીઓના જૂના દેવળમાં ૪૦' x ૪૦'નો એ હૉલ હતો. બેઝમેન્ટમાં તે જ પ્રમાણેનો હૉલ હતો. રસોડું, ટૉયલેટ વગેરે અલગ વ્યવસ્થાઓ પૂરતી હતી. ખૂબ ભાવથી જગ્યાનો ખૂણે ખૂણો નિહાળતાં, પગલાં પાડતાં સ્વામીશ્રી બધે ફર્યા. મંદિરના હૉલમાં સભામાં પધાર્યા. અત્રે ૫૦૦ જેટલા હરિભક્તોથી સભા ખીચોખીચ ભરાયેલી હતી.

દુર્ગેશ દવેએ ધૂન ઝિલાવી, સુમનભાઈ પટેલે તથા મેં કીર્તનો ગાયાં. ડાહ્યાભાઈ મેઘાણી, ડૉ. નવીનભાઈ સ્વામિનારાયણ, ડૉ. કારિયા, પરીખ સાહેબ, પ્રફુલ્લભાઈ પટેલ, જશભાઈ, હર્ષદરાય દવે, હકાભાઈ, આશાભાઈ વગેરે હરિભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં.

મહારાજ-સ્વામીને પધરાવવા આવ્યા છીએ

અંતમાં, ઈંગ્લેન્ડમાં ધરતી ઉપર પ્રથમ વાર આશિષ વરસાવતાં સ્વામીશ્રી પ્રસન્ન મુદ્રામા બોલ્યા :

'સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે

બેસવાના હશે, તે લંડનની વચ્ચે હૉલ મળ્યો. આ શ્રીજીમહારાજની કૃપા. આવો સર્વોપરી હૉલ બીજો કોઈ આપી ન શકે. હેઠે પણ મજબૂત હૉલ છે. અમારે આવવાનું મોડું થયું, પણ અહીં સર્વોપરી કામ થયું. તૈયાર હૉલ મળ્યો, બાંધવું ન પડ્યું. લંડનમાં બાંધવાનો પત્તો ન લાગે. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ બધાની કૃપાથી આ હૉલ મળ્યો.

'અહીં યુરોપિયનોને લાવવા. તેમને આઘુંપાછું હોય તો છોડાવવું પડે. પાંચ વર્તમાન ધરાવવા. ગુણાતીત સ્વામીએ કહ્યું છે કે પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન કરાવવું છે. તે જોગ આજે આવ્યો છે. આ હૉલ મેઘાણી સાહેબ, જયંતીભાઈ, પ્રફુલ્લભાઈ, અરવિંદભાઈ - બધાએ દાખડો કરીને લીધો. આ તો અમે આવ્યા ને હૉલ મળ્યો. 'સાલિયાનું ભાંગવું ને કાગડાનું બેસવું.' શ્રીજીમહારાજની ઈચ્છાશક્તિ વિના કોઈ કાર્ય બનતું નથી.' એમ પોતાની અસામર્થી હોય તેમ જણાવતાં આગળ કહ્યું :

'ઘણા અહીં મોક્ષભાગી છે. કંપાલામાંયે યુરોપિયનો આપણા મંદિરના ફોટા લઈ જાય છે. પણ જો તેમને કોઈ સંત-હરિભક્ત ન મળે, તો કોરાધાકોર રહી જાય. જમીન ઘણી છે, પણ ખેડ્યા વિના રહી જાય. હોલાઉપાડ કરી, સંપ કરી, તા. ૧૪મીએ ઠાકોરજી બેસાડી દેવા. યુરોપિયનો બધા સત્સંગી થઈ જશે. હર્ષદભાઈએ લખેલું પુસ્તક - નામ નથી આવડતું - તે મોકલીશું. યુરોપિયનો વાંચે, આનંદ થઈ જાય, છાપાં દ્વારા પ્રચાર થાય.

'અંગ્રેજી ભણેલા સંતો પણ સાથે આવ્યા. મોક્ષભાગી અહીં ઘણા છે, પણ જોગ વગર રહી જાય.

'લક્ષ્મીના અહીં ઢગલા થાશે. ખૂટશે નહિ. અહીં તો લક્ષ્મીનું ઘર છે. લક્ષ્મી તો સંતની દાસી છે. સંકલ્પ કરો ને ! ઢગલા. આપણને વસ્તુ સાચી મળી છે. શાસ્ત્રીજી મહારાજ જેવા ગુરુ મળ્યા છે. તેમની સાથે સંકલ્પ કરીએ ને પૈસાના ઢગલા.

'અમે લંડન ભલે મોડા આવ્યા, પણ આ હૉલમાં આજે સંતો બેઠા તો આ હૉલ અક્ષરધામ થઈ ગયો. કેફ રાખજો, ભલે હૉલ દૂર પડે, છતાં રોજ આવવું. દૂર હોય તો વધારે પગલાં ભરાય; તો તેટલા વધારે જગનનું ફળ મળે.

'સંત શ્રવણે સાંભળી, છોડ ચલે ઘર કાજ;
ડગલે ડગલે અશ્વમેધ (યજ્ઞનું) ફળ, એમ શ્રીમુખે કહે મહારાજ.'

'અહીં માણસ માશે નહિ. બે વરસ પછી દસ સંતને મોકલીશું. અહીંથી

અમેરિકા ઊપડશે. ગામોગામ અક્ષરપુરુષોત્તમનો પ્રચાર કરવો, એવી શ્રીજી-મહારાજની આજ્ઞા છે. બ્રહ્માંડ આખું સ્વામિનારાયણનું ભજન કરશે. મોટા-પુરુષનાં વચન ખાલી ન જાય. આખા બ્રહ્માંડમાં અમેરિકા, ઇંગ્લેન્ડ, જાપાન આવ્યું કે ન આવ્યું ? ચૌદ લોકનું બ્રહ્માંડ તે બધું સ્વામિનારાયણનો ધર્મ પાળશે.

'આંહીંથી કોઈને કાઢશે નહિ.

'શ્રીજીમહારાજ ને સ્વામી બેસી જાય તે માટે અમે લંડન આવ્યા છીએ. બીજું પ્રયોજન નથી.

'બધાને રાજી કરવા આવ્યા છીએ. અત્યારે છે તેનાથી ત્રણ ગણા હરિભક્તો આવી જશે. નીચે સભા કરવી પડશે. સંપ-સુહૃદભાવથી કામ કરવું.'

પછી અહીંથી લગભગ ૧૦ કિ.મી. દૂર ઉતારે અરવિંદભાઈને ત્યાં ડૉલીસ હિલમાં પધાર્યા. પાછળ પાછળ યુવાન ભક્તો પણ વિશેષ લાભ લેવા ઉતારે આવી પહોંચ્યા. પૂર્વ આફ્રિકાની રાજકીય પરિસ્થિતિની અસ્થિરતાને કારણે અહીં ઘણા યુવાન ભક્તો સ્થાયી થવા આવી રહ્યા હતા. તેઓ સ્વામીશ્રીનો લાભ કેમ છોડે ? રાત્રે સ્વામીશ્રીને સ્નાન કરાવવાનો લાભ ઘણાને મળતો. કેટલાક સંતો સાથે સેવામાં જોડાતા, તો કેટલાક સફાઈ કામ કરતા. રાત્રે પોઢતા પહેલાં પણ સ્વામીશ્રી યુવકોને પોતાના ઓરડામાં બોલાવતા; પદ્માસન વાળી બેસવાની સૌને આજ્ઞા કરતા; પછી સંતો પાસે અથવા પોતે સત્સંગના મહિમાની વાતો-ગોષ્ઠિ કરતા. મોડી રાત્રે ૧૧-૦૦ વાગે યુવકો સ્વામીશ્રીની વિદાય લેતા. સૌ દૂર દૂર રહેતા હોય, કોઈની પાસે વાહન ન હોય, છતાં લંડન જેવા મોટા શહેરમાં પણ અનેક અગવડો વેઠીને લાભ લઈ લેવાનો યુવાનોનો ઉમંગ જ અનેરો હતો. સ્વામીશ્રીમાં હેત અને સત્સંગ-નિષ્ઠાનું એ કારણ હતું.

સવારે ૪-૦૦ વાગે તો અજવાળું થઈ જાય અને ૫-૦૦ વાગે વળી પાછા એ યુવકો નાહી-ધોઈ, પૂજા કરી, સ્વામીશ્રીનો લાભ લેવા આવી જાય. પૂજા-દર્શનનું સુખ લઈને પછી જ સૌ નોકરી-ધંધા માટે સ્વામીશ્રીની રજા લઈ વિખરાતા. ઘણાખરાએ નોકરીમાંથી રજાઓ જ લઈ લીધી હતી. કેટલાકે રજા ન મળી, તો નોકરી છોડી પણ દીધી હતી.

મંદિરમાં સામાન્ય ફેરફારો અંગે સમારકામનું અને સજાવટનું કામ પણ ઘણું બાકી હતું. અહીં આવાં નાનાં કામો જાતે જ સૌને કરવાં પડે. વળી, પ્રતિષ્ઠા દિન નજીક આવી રહ્યો હતો, એટલે સવારના સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લઈ, મોટા ભાગના યુવકો મંદિરે સેવામાં પહોંચી જતા ને મોડી રાત સુધી

રોકાતા. સ્વામીશ્રીની આજ્ઞાથી સૌ સંતો પણ આ સેવામાં ભળી ગયા હતા.

ચર્ચમાંથી મંદિરની વાત

લંડન સત્સંગ મંડળનો ઇતિહાસ આ રીતે શરૂ થયો :

સને ૧૯૫૩માં ડી.ડી. મેઘાણીને રાજકોટમાં સૌ પ્રથમ સ્વામીશ્રીનો યોગ થયો. અને જાણે પૂર્વની ઓળખાણ હોય એમ સ્વામીશ્રીએ તેમને નામ દઈને આવકાર્યા. ભારતથી આફ્રિકા જતાં પહેલાં તેઓ મુંબઈમાં સ્વામીશ્રીની રજા લેવા આવ્યા, ત્યારે સ્વામીશ્રીએ તેમને આફ્રિકા નહિ પણ લંડન જવા આજ્ઞા કરી. અહીં તેમના નાના ભાઈ મગનલાલ રહેતા હતા. લંડન આવી તેમણે સને ૧૯૫૩ના જૂનની પહેલી તારીખે, સ્વામીશ્રીની મૂર્તિ ઘરમાં પધરાવી, 'શ્રી લંડન સત્સંગ મંડળ'ની સ્થાપના કરી. સ્વામીશ્રીના આશીર્વાદ પત્રો નિયમિત તેમના ઉપર આવતા રહેતા. ૧૯૫૭માં મહેન્દ્રભાઈ બૅરિસ્ટર (જેઓ અભ્યાસાર્થે લંડનમાં રહેતા) તથા પ્રફુલ્લભાઈ પટેલ મંડળમાં આવવા લાગ્યા. ત્યારબાદ પ્રહ્‌લાદભાઈ, નવીનભાઈ સ્વામિનારાયણ વગેરે પણ આવ્યા. દરમ્યાન સ્વામીશ્રીના બળભર્યા પત્રો તો હંમેશાં આવતા જ રહેતા.

રવિભાઈ પંડ્યા પણ ધંધાર્થે લંડન જતા, ત્યારે મંડળને પુષ્ટિ આપતા. સને ૧૯૬૨માં હરમાનભાઈ એક મહિનો લંડનમાં રહ્યા ને મંડળને સારો વેગ આપ્યો. આજ દિવસ સુધી મેઘાણીની ઑફિસમાં સભા ભરાતી. પાછળથી ભાઈઓ તથા બહેનો સર્વેની સગવડને કારણે પ્રફુલ્લભાઈના બનેવી પ્રહ્‌લાદજીને ત્યાં સત્સંગ મંડળની સભા દર શનિવારે ભરાવા લાગી. તેઓ ખૂબ ભીડો વેઠતા અને ઉત્સવ-સમૈયાનું આયોજન કરી મંડળમાં ઉત્સાહ પ્રેરતા. પછી પૂર્વ આફ્રિકાથી આવતા યુવાન હરિભક્તોને કારણે સત્સંગ મંડળ વધતું ગયું. એ દરમ્યાન લંડનમાં 'બોર્ડિંગ હાઉસ' કરવાની ઇચ્છા સ્વામીશ્રી વારંવાર પત્રોમાં જણાવતા. જેથી લંડનમાં અભ્યાસાર્થે રહેતા યુવાનોને સુવિધા મળે ને સત્સંગ પણ સચવાય. એવામાં સ્વામીશ્રીના એકાએક ગોઠવાયેલા લંડનના પ્રવાસથી મંદિર માટેની પ્રવૃત્તિએ ત્વરિત વળાંક લીધો અને સ્વામીશ્રીનો સંકલ્પ સાકાર થયો.

મંદિરનો ઉદ્‌ભવ પણ ચમત્કારિક રહ્યો ! અગાઉ સ્વામીશ્રી સમક્ષ હરિભક્તોએ લંડન શહેરનો નકશો રજૂ કરેલો ત્યારે એમાં પેન્સિલથી નિશાની કરી સ્વામીશ્રીએ સૂચવેલું કે અહીં મંદિર માટે જગ્યા મળશે. પાછળથી આફ્રિકા પધાર્યા બાદ સ્વામીશ્રીએ જણાવેલું કે મંદિર માટે જગ્યા લેશો તો અમે આવીશું,

એટલે મંડળનો ઉત્સાહ વધ્યો. ઈસ્લીંગ્ટનના એલ્મોર સ્ટ્રીટમાં આવેલું સેન્ટ જૉનનું બેપ્ટીસ્ટ ચર્ચ વેચવાનું હતું. એ અંગે ચાંગાવાળા જયંતીભાઈ પટેલે વાટાઘાટ શરૂ કરી. ૧૩,૦૦૦ પાઉન્ડની ઑફર મળી. મંડળના કાર્યકર્તાઓએ સામે ૯,૫૦૦ પાઉન્ડની ઑફર આપી. એ જ રાત્રે જયંતીભાઈને સ્વામીશ્રીએ સ્વપ્નમાં દર્શન દીધાં અને આશીર્વાદ આપ્યા કે ૯,૦૦૦ પાઉન્ડમાં ચર્ચ મળી જશે. સૌને આ વાત અશક્ય લાગી. મંડળે મૂકેલી લેખિત ઑફરથી ઓછી કિંમતે મિલકત મળવી અસંભવિત જરૂર લાગે. પણ સૌનાં આશ્ચર્ય વચ્ચે, ચર્ચની કમિટીએ, ધાર્મિક સંસ્થા જાણી, ૯,૦૦૦ પાઉન્ડમાં જ મિલકત આપી દેવા જણાવ્યું અને સોદો થયો. સૌના આનંદનો પાર ન રહ્યો કારણ, આ કાર્યના ફળરૂપે સ્વામીશ્રી આ દેશમાં પધારવાના હતા, એ એક અકલ્પ્ય યોગ હતો.

ઠંડી અને પવનથી સદા અકળાતા સ્વામીશ્રી લંડનમાં કેવી રીતે રહી શકશે ? એ પ્રશ્ન સૌને મૂંઝવતો હતો. કારણ, સ્વેટર, મોજાં વગેરે ગરમ ઉપકરણો તો સ્વામીશ્રી ધારણ કરે જ નહિ. એ સંજોગોમાં અહીંની ઠંડી ખાળવી પણ અશક્ય જ. પણ સ્વામીશ્રીએ ભાખેલું કે 'મુઝાશો નહિ, હવામાન બદલાઈ જશે. મહારાજ આપણી રક્ષા કરશે.'

અને તા. ૨૩મી મેથી જ લંડનનું હવામાન તદ્દન બદલાઈ ગયું. ગ્રીષ્મનો સૂર્ય આ સંતવર્યનાં દર્શન કરવા વધુ પ્રકાશિત થયો. છેલ્લાં ૨૦ વર્ષમાં નહિ પડેલો તાપ આ વખતે પડ્યો.

મંદિરની વ્યવસ્થા તથા પ્રતિષ્ઠા ઉત્સવ માટે સૌને નોંખી નોંખી જવાબદારી સોંપી દેવામાં આવી હતી. સૌના ઉત્સાહનો પાર નહોતો.

સત્સંગ સભાઓ

મંદિરમાં રિપેરીંગ ચાલતું હોવાથી સભા-વ્યવસ્થા એમાં થઈ શકે એમ નહોતી. એટલે તા. ૨૫ થી ૨૯ સુધી વેમ્બલી મીડલસેક્સમાં મેથોડીસ્ટ ચર્ચ હૉલ સત્સંગ સભા માટે રોકવામાં આવેલો. ઘર બેઠા ગંગામાં સ્નાન કરવાનો આવો અવસર કોણ ચૂકે ? હરિભક્તો કામધંધામાંથી નિવૃત્ત થઈ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લેતા. સવારે ૧૧-૦૦ થી ૧૨-૪૫ ને સાંજે ૫-૦૦ થી ૭-૦૦ જાહેર સત્સંગ સભાઓ યોજવામાં આવતી. હરિભક્તો સાથે અન્ય હિંદુ ભાવિકો પણ સત્સંગમાં આવતા.

સ્વામી મુક્તિજીવનદાસ સ્થાપિત સત્સંગ મંડળના અગ્રગણ્ય કાર્યકરો

ઝીણાભાઈ, માવજીભાઈ, જાદવજીભાઈ, પ્રેમજીભાઈ વગેરે સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેવા આવતા.

સંતોનાં ભજન-કીર્તન પછી સંતો-હરિભક્તોનાં પ્રવચનો થતાં. અંતમાં સ્વામીશ્રી આશીર્વાદ આપતા.

સવારની સભા પછી સ્વામીશ્રી ઉતારે પધારતા. સંતો અહીં રસોઈ બનાવી, થાળ ધરી તૈયાર રાખતા. સ્વામીશ્રી પ્રમુખસ્વામી અને સંતો સાથે ઠાકોરજી જમાડી, કથા કરી, આરામ કરતા. વળી, સાંજે ચર્ચના હૉલમાં સભામાં પહોંચી જતા. અહીં સત્સંગ પછી આરતી વગેરે નિયમ કરી ઉતારે પધારતા. ક્યારેક મંદિરે પણ કામકાજ જોવા પધારતા અને સેવા કરતા સૌ યુવકો, હરિભક્તોને ખૂબ પ્રેરણા આપતા.

આસક્તિ !

તા. ૨૫મીએ સવારે સ્વામીશ્રીને બહુ ઊંઘ આવતી હતી. સૂતાં સૂતાં કહે : 'ઈશ્વર સ્વામી ! વાંચો.' થોડું સાંભળે ને પાછા ઊંઘી જાય. પાછા જાગીને કહે : 'હરે ! વાંચો.' એમ બે-ચાર વખત થયું. પછી તો પોતાની મેળે જ પથારીમાં બેઠા થઈ ગયા ને કહે : 'વાંચો.'

'કેમ બેઠા થયા ?' અમે પૂછ્યું.

'કથા સાભળવા.'

મહારાજે વચનામૃતમાં આસક્તિની વાત કરી છે, તે શું આ જ હશે !

સ્નાન કરતાં કહે : 'આપણે કૉલેજમાં સભા કરી ભાષણ કરવાં છે. ૧૦૦ યુરોપિયનોને કંઠી પહેરાવવી છે.'

જયંતીભાઈની મોટરમાં ડૉલીસ હિલથી વેમ્બલી સભામાં જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને પૂછવા લાગ્યા : 'અહીં લંડનમાં જોવા જેવું શું છે ? સિંહ છે ? મ્યુઝિયમ ? રાજકોટ છે, તેવું છે ? આ શહેરનું નામ લંડન કેમ પડ્યું ?'

શું આ બધું કોઈ બાળક પૂછી રહ્યો છે ! ના, જેને જગત અડ્યું નથી, એવા એક ઓલિયાની આ વાતો છે.

રાત્રે સ્વામીશ્રી સ્નાન કરવા પધારતા હતા. ત્યાગવલ્લભ સ્વામી રસોઈમાં હતા, તેઓ સ્વામીશ્રીને ટેકો આપવા હાથ પકડવા જતા હતા. ત્યાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'અડશો નહિ, રસોઈવાળાએ અડાય જ નહિ. શાસ્ત્રીજી મહારાજ તો મારી પાડે.'

ગુરુદક્ષિણા

વળતી સવારે સ્વપ્ન-દર્શનની વાત કરતાં કહે :

'આજે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. સારંગપુરમાં ઉઘાડે શરીરે હતા. માથે ફાળિયું બાંધ્યું હતું, ને કામ કરતા હતા. સેવા કરતા હતા, ને બળદને ચાર નીરતા હતા. મેં કહ્યું : 'કપડું તો ઓઢો.' તો કહે : 'ના, બગડી જાય ને !' કામ કરતાં દર્શન થયાં. પછી અમારે ગોંડલ જવાનું હતું ને મોડું થઈ ગયું હતું. તડકો નીકળ્યો હતો. મેં કહ્યું : 'મોડું થશે.' તો કહે : 'ગાડું જોડાવો. નિર્ગુણ સ્વામીને કહો - ગાડું જોડાવે.' પછી નિર્ગુણ સ્વામીએ ગાડું જોડાવ્યું. પછી ગાતરિયું-પાઘ પહેરી તૈયાર થયા ને ગાડામાં બેસી બોટાદ જવા નીકળ્યા. ત્યાં તમે આવ્યા.'

સવારે શૌચ જતાં સ્વામીશ્રી કહે : 'હીટલર લાવો' (ટૉયલેટમાં મૂકવા માટે)

'બાપા ! આને હીટર કહેવાય છે. એ હીટલર મોટો રાજા હતો. લંડન તેને લેવું હતું.'

'ભલે ગમે તે આને (હીટરને) કહેવાતું હોય, પણ લંડનમાં સ્વામીનાં દર્શન થયાં.'

પછી દાતણ કરતાં કહે :

'સ્વામીનાં ને સારંગપુરનાં દર્શન વારે વારે કેમ થાય છે તે તમે જાણ્યું ?'

'ના, બાપા !'

'મુંબઈમાં જ્યારે હું માંદો હતો ત્યારે રાતના બે વાગે ઓરડામાં પ્રેરણા થઈ કે શાસ્ત્રીજી મહારાજે ૨૧ વરસ પહેલાં વજુભાઈને સોનાનું સિંહાસન કરાવી આપવા કહ્યું હતું. તે હજુ થયું નથી. આજે વજુભાઈને વાત કરીએ. જો તે એકલા ન કરે તો ખરડો કરાવીએ, પણ તે સ્વામીનો સંકલ્પ છે તે પૂરો કરીએ.

'પછી સવારે બધાને વાત કરી. મને માંદગી. દાક્તર કહે : 'શ્રમ પડે તેથી કાગળ લખવા નહિ.' મેં પછી કાગળ, ચશ્માં ને પેન મંગાવી ઓશીકે રાખી મૂક્યાં. ને જ્યારે કોઈ નહોતું ત્યારે સવારે ૧૦-૦૦ વાગે હર્ષદભાઈને આ બાબતનો કાગળ લખ્યો. તે કાગળ તેમને ઘેર છે.

'પછી ખરડો થયો. દોઢ લાખ રૂપિયા થઈ ગયા. પછી રાજકોટવાળા પ્રીતમલાલ કારીગરને સિંહાસન બનાવવા વાત કરી. મજૂરી ને લાકડું નક્કી કર્યું.

'પ્રમુખસ્વામી ને સંતસ્વામીને રાજી કરવા સિંહાસન કરવું છે. હું જ્યારે સારંગપુરમાં આરતી કરવા જાઉં, ત્યારે સંતો મને ટોકે, ધર્મ-ભક્તિનું આ

લાકડાનું સિંહાસન છે. હજી સોનાનું થયું નથી.'

'આમ શાસ્ત્રીજી મહારાજની સેવા કરી સિંહાસન કરાવ્યું, તેંયે સ્વામી દર્શન દે છે. અમથા નથી દેતા.

'આજે એવો વિચાર થયો છે કે આપણે અહીંથી મુંબઈ જવું ત્યાં પાંચ દી' રહીને પછી ગાડીનો આખો ડબો કરીને વજુભાઈને લઈને સીધા સારંગપુર જવું ને ત્યાં વજુભાઈ પાસે સોનાના સિંહાસનમાં આરતી કરાવવી. રસોઈ લેવી. પછી ગોંડલ જવું.'

સવારે પૂજામાં ઘણા હરિભક્તો દર્શનાર્થે એકત્રિત થઈ ગયા હતા. કેટલાક મકાનની બહાર ઊભાં ઊભાં કાચની બારીઓમાંથી દર્શન કરતા હતા. ટોળા જેવું લાગતાં તુરત પોલીસ તપાસ કરવા આવી. બહારથી તપાસ કરીને જતા હતા. ત્યાં સ્વામીશ્રીએ અંદર બોલાવ્યા. તેમને પ્રસાદ આપ્યો ને કહ્યું : 'જાવ, તમારું કલ્યાણ ! બીજા જન્મે સત્સંગમાં જન્મ ધરશો.'

ભગવાન ભજવાની લાઇન

સવારે મેથોડીસ્ટ ચર્ચ હૉલની સભામાં અમૃત વાણી વરસાવતાં સ્વામીશ્રી કહે :

'કેવી રીતે ભગવાન ભજવા ને કેવી રીતે તેની લાઇન લેવી ? સમજવાનું છે. ભગવાન ભજવા, તેમનો આશરો રાખવો ને ભક્તિ કરવી, એ મોટો સિદ્ધાંત છે. સત્પુરુષ છે તે તેનો રસ્તો બતાવે છે કે આ લાઇન ઉપર જાવ; એમ સાક્ષાત્ દર્શન દે છે.

'પ્લેનવાળો પ્લેન હાંકે છે તે લાઇન ઉપર હાંકે છે, તો લંડન અવાય. અમે તેના નકશા જોયા, કેટલું માળું હાળું ! ગોળ ગોળ ! ખબરે ન પડે ! પાંચ જણા પ્લેનના મશીનની રૂમમાં બેઠેલા. અમે ગયા તે અમારા સામુંય જોવે નહિ ! એક લાઇન ઉપર જ નજર. આવી નજર જો ભગવાન સામી રહે, તો ભગવાન ભજાય, બીજું આઘુંપાછું ન હોય તો ભગવાન ભજાય.

'જેમ પ્લેનમાં એક નજર હોય છે, તેવી મહારાજ સામી એક નજર હોય તો મોક્ષ થાય. આપણા ઇષ્ટદેવ મહારાજ, સ્વામી ને શાસ્ત્રીજી મહારાજ છે.

'આપણે સંસારમાં છીએ. પણ આમ વૃત્તિ ભગવાનમાં રહે, આશરો ને દૃઢ નિષ્ઠા રહે, આજ્ઞા-ઉપાસના રાખીએ તો ભગવાન રક્ષા કરે. આ આપણે કરવાનું છે. ઝાઝી વાત કરવાની જરૂર નથી, પણ આ એક વાત યાદ રાખો તો બેડો પાર.'

આખા યુરોપનું સારું થાય

આજે સાંજે ચર્ચના હૉલમાં જ સભા પ્રસંગમાં ઉદ્‌બોધન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપણે સૌ લંડનમાં ત્રણ કામે ભેગા થયા છીએ.

'એક, બધાને શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ દેવા, જેથી આ દેશમાં સુખેથી રહે, આપત્કાળ કોઈને ન આવે.

'બીજું, મંદિરમાં પ્રતિષ્ઠા થઈ જાય, રોજ બધાં દર્શને આવે. જેનું ઘર છેટે હોય તેને વધુ જગનનું ફળ મળે. તેથીય છેટું હોય તેને ઝાઝા જગનનું ફળ મળે, આવો શાસ્ત્રનો કાયદો છે.

'આખા યુરોપનું સારું થાય. ચક્રવર્તી રાજા ગાદીએ બેસે ત્યારે જેલ ધોઈ નાખે, બધા કેદીને છોડી મૂકે, જનમટીપના ગુના માફ કરી નાખે. એવા પુરુષોત્તમ નારાયણ સર્વોપરી સાક્ષાત્‌ આંહીં બેસશે. મંદિરે આવવું, શિલિંગ પેટીમાં નાખવો, એક શિલિંગે ખોટ ન પડે. રાતે ખિસ્સામાં ભગવાન મૂકી જાય.

'ત્રીજો સંકલ્પ શુભ શું ? બોર્ડિંગ હાઉસ અહીં કરવું. આ હૉલની હેઠે બોર્ડિંગ હાઉસ કરવું. ભવિષ્યમાં મોટું મંદિર થશે. સરકાર જગ્યા આપશે ને તમે મંદિર કરશો એવો શ્રીજીમહારાજનો આશીર્વાદ છે.

'અમદાવાદમાં શ્રીજીમહારાજને યુરોપિયન સાહેબે મંદિર કરવા ગામની વચ્ચે જગ્યા આપી. તે જગ્યા પર ઘોરો હતી. આવી જગ્યા શહેરની વચોવચ મળે નહિ. નરનારાયણ દેવ સંવત ૧૮૭૮ના ફાગણ સુદ ત્રીજે બેઠા.

'જે રાજાએ મંદિર અમદાવાદમાં બંધાવ્યું, એ જ ભોમિમાં (ભૂમિમાં) મહારાજ બેસે છે. કેટલાં સદ્‌ભાગ્ય !

'ઇચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ - આ ત્રણ ભગવાનની શક્તિઓ છે. ન ધાર્યું કામ થઈ જાય. શાસ્ત્રીજી મહારાજને ગઢડાની જમીન લેવી હતી તે લીધે છૂટકો કર્યો. મહારાજની ઇચ્છાશક્તિથી પચીસ લાખનું મંદિર ત્યાં થઈ ગયું. આખો દેશ દર્શન કરવા આવે છે. ને વખાણ કરે છે : 'વાહ મંદિર વાહ !'

'લંડનમાં મહારાજની ઇચ્છાશક્તિથી મંદિર થયું, તે વિના કંઈ કામ થાય નહિ. તે ઇચ્છાશક્તિથી અમારે અહીં અવાણું. તમારે ભાવ બહુ. તમે કેદુ'ના મહારાજની મૂર્તિનું ધ્યાન ધરતા હતા, કેદુ'ના કાગળો લખતા હતા, તે બરોબર બની આવ્યું. આ હૉલમાં કથા કરીએ છીએ તે જમીનનાં કેટલાં મોટાં ભાગ્ય ?

ભલે ભાડું લ્યે, પણ તીર્થ થઈ ગયું.'

'જા ઘર હરિકથા કીર્તન નાહિ, સંત નહિ મિજમાના;
તા ઘર જમડા ડેરા દેવત, સાંજ પડે સમશાના.'

'તેનું ઘર અક્ષરધામને ? ના, સ્મશાન ભૂમિ જ. તન, મન, ધન યાહોમ કરી દેવું. સ્વામીની દૃષ્ટિથી ધનના ઢગલા થાય છે. આપણે તો ટેકા અડાવવા.

'કૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત તોળ્યો ત્યારે ગોવાળિયાઓ ટીંગાણા કે ગોવર્ધનને ઊભો જ ન થાવા દેવો. તે બધા ભરવાડ થયા. દૂધ વેચી ખાય, કોઈ બે પાંદડે નો થાય. જેણે લાકડીના ટેકા અડાડ્યા તે ગોપ લખાણા ને જેણે દાંત કાઢ્યા તેનું કંઈ નહિ.

'આપણે બોર્ડિંગ હાઉસ કરવું છે. તોળનાર કોણ છે ? શ્રીજીમહારાજ. ગોવર્ધન ટેકાથી ઊભો થાય તેમ હતો ? પણ જેણે ટેકા અડાડ્યા તે ભક્ત લખાણા.'

આવી અલૌકિક વાતોથી, અંતરના ઉદ્‌ગારોથી સ્વામીશ્રી ભક્તોનાં હૃદયને રંજન કરી દેતા.

હેન્ડન સત્સંગ મંડળને આશીર્વાદ

સભા બાદ સાંજે ૬-૫૦ વાગે સ્વામીશ્રી સંતો તથા હરિભક્તો સાથે હેન્ડનમાં આવેલા શ્રી સ્વામિનારાયણ હરિમંદિરમાં દર્શને પધાર્યા. લગભગ ૧૫૦ થી ૨૦૦ જેટલા હરિભક્તોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'સ્વામિનારાયણ ભગવાન એક જ છે. સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજ છે' – એમ સમજી તેનો આશરો કરીએ તો દુઃખ ન આવે.

'આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અખંડ મૂર્તિ દેખતા. અલૌકિક સ્થિતિ તેમની હતી. માન-અપમાન, સુખ-દુઃખ વેઠ્યાં. મંદિરમાં સાધુ પેસવા ન દીયે, તોય દર્શન કરવા જાય. વરતાલ, અમદાવાદ દરેકને મોકલે, થાળ કરાવે.

'બધાએ ભેગા મળી ભજન કરવું; કોઈનો અવગુણ ન લેવો; અમારો દૃઢ સિદ્ધાંત છે.'

રાગ-દ્વેષના અતિ સૂક્ષ્મ ભાવોથી પર, પરમાત્માને ધારણ કરનાર, બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રીમાં સમત્વભાવના સહજ હતી. ભગવાનના સંબંધનો મહિમા એમનો કેન્દ્ર-વિચાર હતો. જ્યાં આવી મનની મોકળાશ અને ભાવનાની વિશાળતા છે, ત્યાં ભગવાનની કાર્યશક્તિ છે. સર્વનું આકર્ષણ-કેન્દ્ર છે.

આધિ-વ્યાધિ-ઉપાધિ જિંદગીમાંય આવી નથી

સ્ત્રી-ધનના ત્યાગની વિરલ છટા સાથે સરળતા અને સાદાઈને વરેલા, ભારતથી પધારેલા એક આદર્શ સાધુની સુવાસ, ઇંગ્લેન્ડનાં વર્તમાનપત્રો દ્વારા પહેલા દિવસથી જ સર્વત્ર પ્રસરી ગઈ હતી. આથી ભાવુક અંગ્રેજ ખબરપત્રીઓ સ્વામીશ્રીને મળવાનો મોકો શોધતા રહેતા.

તા. ૨૭-૫-'૭૦ના સવારે 'સન્ડે ટાઈમ્સ' સાપ્તાહિકના ખબરપત્રી ડેવિડ બ્લોન્ડી સ્વામીશ્રીની મુલાકાતે આવ્યા. આ સાપ્તાહિકની ૧૫ લાખ નકલો નીકળતી. લંડનની વિખ્યાત હિલ્ટન કે સેવોય હૉટલમાં ઊતરવાને બદલે આ સંત એક સાદા મકાનમાં ભારતીય સાદાઈથી રહ્યા છે, તે જોઈ તેમને આશ્ચર્ય થયું. સ્વામીશ્રી તેને મુલાકાત આપવા પધારે ત્યારે કયા શબ્દોમાં તેમને સંબોધવા, 'શેક હેન્ડ્ઝ' કરવા કે કઈ ભારતીય વિધિથી તેમને મળવું, એ બધું તેમણે પૂછી લીધું. સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેમણે ઊભા થઈને બે હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કહ્યા. તેમના આ શિષ્ટાચારથી સ્વામીશ્રી પ્રસન્ન થયા.

ડેવિડ બ્લોન્ડીએ સ્વામીશ્રીને પ્રશ્નો પૂછ્યા. હર્ષદભાઈ દવે દુભાષિયા તરીકે રહ્યા.

તેમણે પૂછ્યું : 'હું મારા સાપ્તાહિક વતી આપનું સ્વાગત કરું છું. આપનો લંડનમાં પધારવાનો ઉદ્દેશ શો છે ?'

સ્વામીશ્રી : 'સત્સંગ કરાવવા આવ્યા છીએ.'

ડેવિડ : 'અંગ્રેજોને સત્સંગ કરાવો છો ?'

સ્વામીશ્રી : 'હા, યુરોપિયનને સત્સંગ કરાવીએ છીએ.'

ડેવિડ : 'તમને શ્રદ્ધા છે કે ઘણા યુરોપિયનો તમને મળશે ?'

સ્વામીશ્રી : 'હા, ઘણા મળશે.'

ડેવિડ : 'ઇંગ્લૅન્ડમાં આપની શું પ્રવૃત્તિ રહેશે ?'

સ્વામીશ્રી : 'સત્સંગની. બીજી નહિ.'

ડેવિડ : 'આપ કોઈ બિશપ કે પાદરીને મળવા ઇચ્છો છો ?'

સ્વામીશ્રી : 'આવે તો મળી શકીશું.'

ડેવિડ : 'હમણાં પાદરીઓ લગ્ન કરવા ઇચ્છે છે, તેઓ બ્રહ્મચર્ય પાળી શકતા નથી, તેવી તમારા સંતોને મુશ્કેલી છે ?'

સ્વામીશ્રી : 'શ્રીજીમહારાજ પુરુષોત્તમ ભગવાન છે. તેમની કૃપાથી

મુશ્કેલી પડતી નથી. જે પાદરીઓ બ્રહ્મચર્ય પાળશે તેમનેય મુશ્કેલી નહિ પડે તેવા આશીર્વાદ છે. અમારા ૫૦૦ સંતો બ્રહ્મચર્ય પાળે છે.'

ડેવિડ : 'નિષ્કામી વર્તમાન પાળીએ પછી બાકીનાં ચાર વર્તમાન પાળવાની શું જરૂર ? ને તેનું ફળ શું ?'

સ્વામીશ્રી : 'શ્રીજીમહારાજ પુરુષોત્તમ ભગવાન અક્ષરધામમાં પોતાની પાસે બેસાડે તે ફળ.'

ડેવિડ : 'અહીં ઇંગ્લૅન્ડમાં રહેનારાઓને આ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થઈ શકે નહિ ?'

સ્વામીશ્રી : 'ભગવાનને પ્રતાપે થઈ શકે. ન થઈ શકે એવું કંઈ છે જ નહિ.'

ડેવિડ : 'ગૃહસ્થ કે ત્યાગીને આ બ્રહ્મસ્થિતિ પામવા કોઈ સાધન કરવાનાં છે ?'

સ્વામીશ્રી : 'આશરો ને માળા - બે જ સાધન.' એમ કહી માળા ઊંચી લઈ ફેરવી બતાવી.

ડેવિડ : 'ઇંગ્લૅન્ડમાં લોકો અર્થવાદી છે ને મોજમજાવાળા છે, તેમનાથી આ સાધના શક્ય ખરી ?'

સ્વામીશ્રી : 'થઈ શકે, આશીર્વાદ ને કૃપાથી થઈ શકે. પહેલાં આશીર્વાદ મેળવવો પડે. શ્રીજીમહારાજ છતાં પણ થઈ શક્યું હતું. ઘણા પાદરી શ્રીજી-મહારાજ પાસે આવતા.'

ડેવિડ : 'આપને કોઈ આધિ, વ્યાધિ કે ઉપાધિ આવી છે ખરી ?'

સ્વામીશ્રી : 'જિંદગીમાંય આવી નથી.'

ડેવિડ : 'મૃત્યુનો ભય લોકોને લાગે છે. તે કેમ ટળે ?'

સ્વામીશ્રી : 'ભગવાનનું જ્ઞાન થાય તો ચિંતા ટળી જાય. તે છતી દેહે જ ભગવાનના ધામમાં બેઠો છે. તેને મરવાની બીક નથી !'

ડેવિડ : 'અત્યારે તો આપના આધારે આ સંપ્રદાય ચાલે છે, પણ આપના પછી કોણ ?'

સ્વામીશ્રી : 'આપણા પછી પણ છે, અમારા પ્રમુખસ્વામી.'

ડેવિડ : 'આપને ઇંગ્લૅન્ડમાં આનંદ આવે છે ?'

સ્વામીશ્રી : 'ઇંગ્લૅન્ડ અમને ગમ્યું. શાંતિ થઈ, અમારા શ્રીજીમહારાજ અહીં સર માલ્કમને દિવ્ય દેહે તેડવા આવેલા, તેથી અમને ઇંગ્લૅન્ડ ગમ્યું.'

ડેવિડ : 'આપ છાપાં વાંચો છો ?'

સ્વામીશ્રી : 'વંચાય જ નહિ. મહારાજની આજ્ઞા નથી. વ્યાવહારિક છાપું ન વંચાય.'

આટલા પ્રશ્નોત્તર થયા પછી ફરી ડેવિડે કહ્યું : 'આપને ખૂબ કામ હશે, આપે સમય કાઢી મને ઉત્તર આપ્યા તેથી આપનો ખૂબ ખૂબ આભાર.'

સ્વામીશ્રી : 'I am blessing you, Thank you.' (આઈ એમ બ્લેસીંગ યુ, થેન્ક યુ - હું તમને આશિષ આપું છું, તમારો આભાર.)

પછી સ્વામીશ્રીએ તેને ધબ્બો આપ્યો.

છેવટે જતાં જતાં ડેવિડે કહ્યું : 'Wish you happy stay here.' (આપનું રોકાણ અત્રે સુખપૂર્વક થાય એવી શુભેચ્છા). અને વળી કહ્યું : 'અંગ્રેજો આપનો સત્સંગ કરે તેવી શુભેચ્છા.'

ભગવાં સુતરાઉ વસ્ત્રોથી સજ્જ થયેલા, સવારની ગુલાબી ઠંડીને ખાળવા ભગવો ધાબળો ઓઢીને પધારેલા આ વૃદ્ધ મહાત્માનું માનવ-દુર્લભ મીઠું સ્મિત વરસાવતું મુખારવિંદ જોઈ, અંગ્રેજ ખબરપત્રીનું મન ભાવવિભોર થઈ ગયું. લંડનના વાતાવરણથી અલિપ્ત સ્વામીશ્રીએ સ્વેચ્છાએ સ્વીકારેલા ધર્મનાં તમામ બંધનો કે નિયમોમાં જરાપણ છૂટ મૂકી ન હતી. અખંડ બ્રહ્મચર્યવ્રતની તમામ વિગતો જાણીને તેમણે કેથોલિક ચર્ચમાં આ પ્રશ્ન પાદરીઓને ખૂબ મૂંઝવે છે એ ચિંતા વ્યક્ત કરી. ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'ઈષ્ટદેવમાં શ્રદ્ધા હોય તો કોઈ મૂંઝવણ ન રહે !'

સ્ત્રીઓનો વિચાર સરખો પણ મનમાં પ્રવેશે નહિ એવા આશ્ચર્યકારી આ સ્વામીશ્રીની બ્રાહ્મીસ્થિતિ ઉપર આ અંગ્રેજ રિપોર્ટર ઝૂકી પડ્યો.

'ઓમ ખરા, પણ આમાં નહિ'

'બાપા ! વડોદરાથી આશાભાઈનો કાગળ છે.' ઈશ્વરભાઈએ કહ્યું.

'કોણ, તમારા જમાઈ ?'

'ના, બાપા ! વેવાઈ.'

'અમને એમાં વ્યવહારમાં કશી ખબર ન પડે. એનું જ્ઞાન અમને નહિ. નાનપણથી આમાં પડેલા નહિ. એટલે ખબર નો પડે.'

'બાપા ! શાસ્ત્રીજી મહારાજ બધું જાણતા.'

'એ તો અંતર્યામી. ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ?'

'આપ તો શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છો.'

'ઓમ ખરા, પણ આમાં નહીં.'

સ્વામીશ્રી સાથેના આવા દિવ્ય સંવાદો, શ્રોતાઓને આશ્ચર્ય ને આનંદના અનુભવમાં મૂકી દેતા !

ચૈતન્ય ભૂમિકામાં વિહાર

ઉતારેથી સ્વામીશ્રી મેથોડીસ્ટ ચર્ચના હૉલમાં સભા સ્થળે પધાર્યા. હંમેશ મુજબના સત્સંગ પછી પોતાની લાક્ષણિક ઢબમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'જય ઉચ્ચ સ્વરે બોલવી, નળિયાં ગગડવાં જોઈએ. મરતી મરતી કાન હલાવે તે જય બોલ્યા ન કહેવાય. લંડનમાં રોજ જ્ઞાનયજ્ઞ થાય છે. જ્ઞાનયજ્ઞ શું ? પોતાના આત્માને બ્રહ્મરૂપ માની ભગવાન ધારવા તે જ્ઞાનયજ્ઞ. તેમ યુવકો, વડીલો બધાને કરવાનું છે.

'આપણે દેહ નથી, આત્મા છીએ, બ્રહ્મરૂપ છીએ. આપણે લંડન શહેરમાં નથી, અક્ષરધામમાં બેઠા છીએ,' એમ માનવું; તો સુખિયા રહેવાય. આપણે આપણને દેહ માનીએ તો શબ્દ લાગે. આત્મારૂપમાં તો કોઈ ગાળ ભાંડે તોય ખોટું ન લાગે. 'દસ ભાંડ' એમ કહે, આ આત્માનું જ્ઞાન છે. તે ક્યારે આવે ? સમાગમથી તે આવે. ત્યારપછી પોતાને બ્રહ્મરૂપ મનાય.

'હું આત્મા છું. આ લંડન શહેર મારું નથી. હું અજન્મા છું, જન્મ્યો જ નથી. આવ્યો નથી, ગયો નથી.' આમ આત્માનું જ્ઞાન થાય તો ભગવાન હૈયામાં નિવાસ કરીને રહે.

'જ્યાં સુધી બ્રહ્મવિદ્યા ભણ્યા નથી, ત્યાં સુધી કાંઈ ભણ્યા નથી. અહીં લંડનમાં તમે બધા ભણવા આવ્યા છો, એમ.ડી.-દાક્તરની, ઈજનેરની ડિગ્રી મેળવવા આવ્યા છો, તેમાં કેટલાક નાપાસ થાય છે, કેટલાક વાંચીને પાસ થાય છે. તેમ ભરતખંડમાં આપણે મોક્ષની ડિગ્રી મેળવવા આવ્યા છીએ. ખાવા-પીવા નથી આવ્યા. તે તો કૂતરાં, ગધેડાંને પણ મળે છે, તે મરી જતા નથી, જીવે છે. ભગવાને કહ્યું : 'હિન્દુસ્તાનમાં જન્મ લ્યો ને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન મેળવો.' જ્યારે માણસનો જન્મ થયો, ત્યારે 'ઊંઆં ઊંઆં' બોલે. એટલે કે તું ત્યાં ને હું આંહીં. જન્મ્યા પહેલા ગર્ભમાં સ્તુતિ કરે ને પછી ભગવાનને ભૂલી જાય છે. સત્પુરુષ જીવને સમજાવે કે આવું ન કરવું.

'આપણે બ્રહ્મવિદ્યાની કૉલેજમાં જ્ઞાન મેળવવા આવ્યા છીએ. મુંબઈ,

કલકત્તા, જાપાન કે અમેરિકા જાવ, પણ આ જ્ઞાન મેળવ્યા વિના છૂટકો નથી. તે વિના સુખિયા ન રહેવાય. એટલા માટે સમાગમ. સંતનો સમાગમ દસ-વીસ દા'ડા હોય. પછી સ્મૃતિ કરવી, યાદ રાખવું. કરોડો કામ બગાડીને એક મોક્ષ સુધારવો. મોક્ષ એટલે શું ? મોહનો ક્ષય.

'સારી પેન, સારું કપડું, અહીં છોકરાઓ રાખે છે ને વારછા-મુંવાળા, જીવને સારા લાગે. અરે ! મુંવાળા સળગી જાવાના. પણ મોહ એટલે ઓળે-ચોળે. આપણે અત્યારથી રજોગુણ કાઢવો.

'રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ – આમાં કયો ગુણ સારો ? સત્ત્વગુણ - ક્રોધ ન આવે. શાંત સ્વભાવ. કોઈ બે શબ્દ કહે તો ખોટું ન લાગે. તે સારામાં સારા, તેનાથી શોભા વધે. પ્રખ્યાતિ થાય. આપણે કોઈ બાટકતા રહીએ, કોઈને ધોલ મારી દઈએ, ને એ સામું મારે, તે બધા તમોગુણ. સમાગમે કરીને તમોગુણ જાય છે, રજોગુણ જાય છે ને સત્ત્વગુણ આવે છે.

'હૉલ થયો. બધાએ મંદિર જવું. નોકરી પછી કરવી. કોણ કર્તા છે ? સ્વામિનારાયણ ભગવાન અનંત કોટિ બ્રહ્માંડના ધણી, લંડનનાય ધણી છે, અમેરિકા, જાપાનનાય ધણી છે.

'યુવકોએ વાતું, વચનામૃત શીખવાં. વાતું મોઢે કરવી. પાંચસો યુવકો ને બે હજાર યુરોપિયનોને સત્સંગી કરવા છે. દારૂ છોડાવવા છે.

'ખેડાના કલેક્ટરને મહારાજે કહ્યું : 'લંડનમાં તમારાં ઘર આમ છે. આ બારનાં (દિશાનાં) બનેલાં છે.' એમ બધું જાણે. જોતાં હોય તેમ કહ્યું, કલેક્ટરે પૂછ્યું : 'તમે કેમ જાણ્યું ?'

'અમે ભગવાન છીએ તો બધું જાણીએ.'

'દરેક યુવકે કંઠી પહેરી લેવી. સિગારેટ, પ્યાલી મૂકી દેવી.

'કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા.' જેટલા કમાય તેટલા દારૂ પીવામાં, સિગારેટમાં જાય તે નકામું કહેવાય. નિયમ પાળશો ને એકાંતમાં બેઠા હશો, તોય ભગવાન રોટલા દઈ દેશે. 'લ્યો દૂધ પીવો' એમ મહારાજ દેવા આવશે. આકાશમાંથીય વરસાદ વરસાવશે. માટે આત્મામાં બળ રાખી, આ જીવનમાં સત્સંગ કરવો.

'આપણે ભણવાનું તો છે જ, પણ આ પહેલું જાણી લેવું, રજા લઈને સત્સંગ કરવો. પાસ કરનાર કોણ છે ? ભગવાન. એનો સમાગમ કરીએ, તો ભૂખ્યા રાખે ? પાસેય કરાવે.

'અરવિંદભાઈએ ઘર લઈ પાડ્યું, તો અમે આવ્યા. ઘર ન લીધું હોત તો અમે ન આવત. તેનું ઘર અક્ષરધામ થઈ ગયું !

'ભગવાન ભજવા ને બીજાને ભજાવવા.'

અત્યંત નિર્દોષભાવથી બ્રહ્મવિદ્યાના અઘરા પાઠો સહેલા કરી સમજાવતા સ્વામીશ્રીનો નિર્મળ વાણીપ્રવાહ આબાલવૃદ્ધને ચોટ લગાડી દેતો. માયિકભાવને છિન્નભિન્ન કરતા જ્ઞાનનાં આવાં વેધક બાણો, ફૂલ સમા કોમળ બનાવવાની સ્વામીશ્રીની કોઈ અજબ શક્તિ એમની સહજ બ્રાહ્મીસ્થિતિનો પરિચય આપતી. ગુણના ભાવથી પર ગુણાતીત બનવાની આ શાળા છે, એવું પાટિયું અહીં મારવાની જરૂર રહેતી નહિ. છતાં સૌ વિદ્યાર્થી બની પ્રવેશ મેળવી શકતા. ઉપનિષત્કારે કહ્યું એમ જો આ પાઠોનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન થાય તો સાક્ષાત્કાર થયા વગર રહે જ નહિ. એવી બ્રહ્મવિદ્યાની લહાણ ચાલી રહી હતી.

ચૈતન્ય ભૂમિકામાં સૌને વિહાર કરાવીને, સ્વામીશ્રી જ્યારે એમની પરાવાણીની સમાપ્તિ કરતા, ત્યારે સૌ જાગ્રત થતા - દુન્યવી સ્તર ઉપર આવતા. પોતાનાં નામ, રૂપ આકારથી સભાન થતા. પણ એ સચ્ચિદાનંદનો આસ્વાદ - અનુભવ સૌનાં હૈયે વસી જતો. એટલે તો કોઈ એમને મૂકી શકતા નહોતા. જ્યાં જાય ત્યાં કેડે ને કેડે જ ફરતા. પછી ભલેને એ પુરુષ આ લોકનું એમનું સર્વસ્વ લૂંટી લે. પણ કોઈ એકબીજાને છોડી શકે એમ નહોતું. એવા પ્રીતિના બંધાણી સૌ અરસપરસ થઈ ચૂક્યા હતા.

ભક્તોના મનોરથો પૂર્ણ કરવામાં ઉત્સુક સ્વામીશ્રીએ અહીં હરિભક્તોને ત્યાં ઠાકોરજી જમાડવાનું આમંત્રણ આજથી સ્વીકાર્યું હતું. પધરામણી બંધ હતી. પધરામણી માટે પ્રમુખસ્વામી અને સંતો નીકળતા. પણ ઠાકોરજી જમાડવાના નિમિત્તે સૌનાં ઘર પાવન કરવાનું સ્વામીશ્રીએ સ્વીકાર્યું.

આજે ટરોરોવાળા નટુભાઈ મોતીભાઈ પટેલના ઘરે વેમ્બલી પાર્કલેનમાં જવાનું હતું. સભા પછી સ્વામીશ્રી અહીં પધાર્યા.

સ્વભાવનો અર્થવિસ્તાર

ભોજન પછીની કથામાં સારંગપુર ૮ વચનામૃત વંચાવતાં સ્વામીશ્રીએ વાત કરી એક હરિભક્તને કહ્યું : 'આપણે અહીં ભેગું (સાથે) જમવું, આ બ્રહ્મનો આનંદ છે. પછી તો ઘેર જમવાનું છે જ.'

'માનનું ખંડન થાય ત્યારે ઈર્ષ્યા થાય જ. ક્રોધ શું ? આંખ્યું લાલ થાય

ઈ. બે ભાઈયું ભેગા રહેતા હોય, પણ ક્રોધ ચઢી જાય ત્યારે કહે : 'તું મને ઓળખ છ ?' બે સગા ભાઈઓ હોય તોય ક્રોધે કરીને ભૂલી જાય.

'કોઈ લ્યે ને કોઈ ધ્યે, તેમાં પોતે બળી મરે. તે મત્સર.

'આ આશાભાઈ બહુ સારા, પણ આટલું ઠીક નથી કરતા;' એમ ગુણમાં દોષનું આરોપણ કરવું ઈ અસૂયા.

'ગુણ ગાઈને એક મમરો મૂકે. શાસ્ત્રીજી મહારાજ બહુ સારા, પણ જો નોખા ન નીકળ્યા હોત તો સારા હતા.'

આ સાથે બીજી હળવી વાતો પણ કરતા.

'આફ્રિકા ને લંડનમાં ઊતરવાની સગવડ થઈ, મંદિરો થયાં. હવે અમેરિકામાં મંદિર થઈ જાય ને સંતો ત્યાં જાય તો ડંકો વાગી જાય.' સ્વામીશ્રીએ આજે વાતચીતમાં જણાવ્યું.

'આ ઈશ્વરભાઈને ભોટ જ્ઞાન.' પછી તરત જ કહ્યું : 'મારા જેવું.'

આમ તો આપણે સૌ એમની આગળ ભોટ જ છીએ, પણ આપણા જેવા ભોટની આગળ પણ પોતાને ભોટ ગણાવતા સ્વામીશ્રીની નાનપ કે મોટપમાં આપણું મન ગૂંચવાઈ જતું ! એમની ખરી મોટપ આગળ આપણે જ ભોટ બની મોહમાં પડી જતા !

મહારાજ ન્હાવ, સ્વામી ન્હાવ

યુવકોના અતિ આગ્રહથી સાંજે ડી.સી. પટેલની ગાડીમાં શહેરમાં ફરવા નીકળ્યા. રસ્તામાં નિરંજન સ્વામી મોટરમાં ઝોલાં ખાતા હતા. સ્વામીશ્રી તેમને કહે : 'જોઈ લ્યો. પછી સાંખ્ય કરી નાખવું. ખોટું કરી નાખવું. એમાં શું ? કાંઈ નથી.'

થેમ્સ નદી દૂરથી જોઈ. સેંટ પોલ ચર્ચના થાંભલા સ્વામીશ્રીએ બહુ નિહાળીને દૂરથી જોયા હતા. ટ્રફાલ્ગર સ્ક્વેર આગળ ફુવારા જોઈને બોલવા લાગ્યા : 'મહારાજ ન્હાવ, સ્વામી ન્હાવ.'

થોડે ફરીને સ્વામીશ્રી કહે : 'પથરા ઉપર પથરા છે. કાંઈ માલ નથી. હાલો હાલો, પાછા ઉતારે જઈએ.' એમ કહી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

હરિભક્તો મોડેથી બધે ફરીને આવ્યા. એક સંતે પૂછ્યું : 'બાપા ! લંડનમાં જઈ આવ્યા ?'

'શહેરને પવિત્ર કરી દીધું.' સ્વામીશ્રીએ વાક્ય સુધાર્યું.

અમે સ્વામિનારાયણના નોકર

સાંજે ૫ વાગે મેથોડીસ્ટ ચર્ચમાં સભા પ્રસંગે વાત કરતાં સ્વામીશ્રી બોલ્યા :

'ભારત દેશની અંદર આપણે રહીએ છીએ. તેમાં કોઈ ઇંગ્લૅન્ડમાં દાક્તર થઈ આવ્યા હોય, આપણે પૂછીએ : 'ક્યાં ભણ્યા છો ?' લંડન - વિલાયતમાં.'

'આપણને થાય : 'અહોહો ! લંડન ભણ્યા છો ?'

'અમે દેશમાં જઈશું, ત્યારે કોઈ પૂછશે : 'તમે લંડન જઈ આવ્યા ?'

'ભારત દેશમાં બધા મળવા આવશે. લંડનમાં મંદિરની સ્થાપના કરી !'

'દેશમાં ભણી ઈજનેર થાય, કામ સારાં ન મળે. વિલાયત જઈ આવે, સારાં કામ મળે.

'આવી ભૂમિમાં મહારાજ ને સ્વામી બેસે તે ઓછાં ભાગ્ય ન કહેવાય. અબજો રૂપિયા આપે ન થાય, તે થયું. માટે મોટાં ભાગ્ય સમજવાં.

'અક્ષરપુરુષોત્તમ શું ? પરાત્પર ભગવાન. અમારેય અનંત કામ છે. નવરા છીએ એમ ન સમજવું. દસ હજાર મેલ(માઈલ)થી આવ્યા છીએ. માટે તમારે સમાગમમાં આવવું. અમારે આખો દેશ ફરવાનો, કલકત્તા, દિલ્હી જવાનું છે. ગામોગામ મંદિર થાય છે. 'દીવો ત્યાં દાતણ નહિ, ને દાતણ ત્યાં દીવો નહિ.' એમ વિચરણ કરીએ છીએ. તમને રાજી કરવા આવ્યા.

'નોકરી સૌને કરવી છે. અમારે ને તમારે, બેયને કરવી છે. અમે સ્વામિનારાયણના નોકર.

'સંસારી કા ટુકડા, દો દો આગળ દંત;
ભજન-ભક્તિ કરે તો ઊગરે, નહિ તો કાઢશે અંત.'

'કોઈના બાપનું બારમું હોય, ત્યારે કહે : 'સ્વામીને જમાડો.' બારમું અમારું થઈ જાય. માટે માળા ફેરવવી પડે. તો રોટલો પચ પડે. શ્રીજી-મહારાજના સૌ નોકર છીએ. આઠ કલાક કામ કરવું જ પડે. અમારે હરિભક્તને જ્ઞાન આપવું, ભક્તિ કરાવવી, અક્ષરપુરુષોત્તમની વાત સમજાવવી.

'સત્પુરુષની વાતોમાં ભગવાન બોલે છે, ઈ નથી બોલતા.

'સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ચાલે તે ભેળો હું ચાલુ રે;
સંત વાત ભેળી કરું વાત રે, એમ શ્રીમુખે કહે સાક્ષાત્ રે.'

'આ સભામાં, લંડનમાં, શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, અનંત કોટિ મુક્તો બિરાજે છે. આપણે ન દેખીએ. એ બેઠા જ હોય, છેટે જાય નહિ.

'આ લાભ લઈ લેવો, આશીર્વાદથી બધું કામ થાય.'

આમ, પશ્ચિમની ભોગભૂમિ ઉપર, અક્ષરધામની સભા થતી અને એ સભાપતિના અખંડ ધારક સંત, ભગવાન ભજવાની ગૂઢ વાતો, કડવી વાતો અમૃતનું પડ ચડાવી સૌને પીરસી રહ્યા હતા. દેશકાળથી અબાધિત પુરુષને સ્થળ-સમયનું કોઈ બંધન નહોતું જણાતું. સર્વત્ર સર્વમાં ભગવાનને જોતાં એમની પાસે ભગવાન સિવાય કોઈ વાત નહોતી. લંડન શહેર કે એના ઝાકમઝોળની એને કોઈ તમા નહોતી.

ઉતારેથી સભામાં જતાં કે મંદિરે જતાં-આવતાં સ્વામીશ્રી ક્યારેક પૂછતા કે 'આ રસ્તાનું નામ શું ?' અરવિંદભાઈ એનું નામ બતાવે, તે અંગ્રેજી શબ્દો બોલવાનો ને યાદ રાખવાનો સ્વામીશ્રી પ્રયત્ન કરતા. રમૂજ થતી, પણ એનો એમને ક્ષોભ નહોતો. ભક્તોનો આનંદ એ એમનો આનંદ હતો. ઇંગ્લૅન્ડનાં પરંપરાગત જૂનાં મકાનો ઘણી વાર જોઈ રહેતા અને આશ્ચર્ય વ્યક્ત કરતા. આમ, સૌની સાથે ભળી જઈને સૌને મોહ પમાડતા.

મટકાં રહિત ધ્યાન !

સ્નાન કરી સ્વામીશ્રી નાસ્તો કરતા હતા. બે અંગ્રેજ યુવાનો કુતૂહલથી બારીમાંથી જોઈ રહ્યા હતા. અંદર બોલાવ્યા, સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. 'નસીબદાર છે,' સ્વામીશ્રીએ કહ્યું. આશીર્વાદ દીધા. રકાબીમાંથી પ્રસાદીનો ઉકાળો આપ્યો.

રાત્રે સૂતી વખતે દવા લેતા પહેલાં સ્વામીશ્રી યુવકોને આનંદ કરાવતા. બન્ને અંગ્રેજભાઈઓને બોલાવ્યા. પદ્માસન વાળવા કહ્યું. સ્વામીશ્રીએ બધાને કહ્યું : 'આસન વાળો, મટકાં રહિત.'

જેને ન ફાવે તેને અડધું આસન - સુખાસન વાળી બેસવાનું અને સ્વામીશ્રી સામું જોઈ રહેવાનું. સ્વામીશ્રી પોતે પણ કડક આસન વાળી બેસે અને આંખો પહોળી કરી કહેતા જાય : 'મટકાં રહિત.'

મટકું માર્યા વગર ધ્યાન કરવાનું સ્વામીશ્રી હંમેશાં સૂચવતા.

પછી ડૉક્ટર સ્વામીને સત્સંગના મહિમાની વાતો કરવા કહે. આજે અંગ્રેજીમાં વાત કરવા કહ્યું. દસ મિનિટ થાય એટલે પોતે જ બોલે : 'ફિનિશ(Finish). આસન છોડી નાખો.'

સ્વામીશ્રીના મુખેથી અંગ્રેજી સાંભળવાનો દિવ્ય આનંદ મેળવવા સંતો તથા યુવકો સ્વામીશ્રીને અંગ્રેજી શબ્દ શીખવતા.

બધા આસન છોડી દે.

'નામ ક્યા હૈ ?' ગુજરાતી ઇતર ભાષી કોઈપણ માણસ સાથે આ રીતે ઘણી વાર સ્વામીશ્રી હિંદીમાં વાર્તાલાપ શરૂ કરી દે. તે વખતે એમની બોલવાની છટા કોઈ ઓર રહેતી.

યુવકોએ અંગ્રેજીમાં સમજાવ્યું એટલે અંગ્રેજ યુવકોએ કહ્યું : 'ડેવિડ -પેટ્રીક.'

આ રોજનો કાર્યક્રમ. રાત્રે ૧૧-૩૦ કે ૧૧-૪૫નો સમય થઈ ગયો હોય, પણ સ્વામીશ્રી આ કાર્યક્રમમાં ફેર પડવા દેતા નહિ. યુવકો દૂર દૂરથી આવ્યા હોય, પણ સ્વામીશ્રીનો આ અલૌકિક લાભ લેવા મોડે સુધી બેસી રહેતા. એવું એમની મૂર્તિમાં, એમની વાણીમાં, એમના હાસ્યમાં, એમના રોમેરોમમાં કામણ હતું. સૌ એમાં લીન થઈ જતા.

મટકા રહિત ધ્યાન પણ એમના મનના કોઈ ગૂઢ વિચારનું સૂચક ને પ્રેરક હતું. કારણ, આવા ભગવાનના ધારક સંતનું મટકા રહિત દર્શન - ધ્યાન કરવાથી જ અંતર શુદ્ધ થાય, મૂર્તિ ધારણ થાય, ભગવાનની વધુ નજીક જવાના શુભ હેતુથી છેલ્લા કેટલાક સમયથી સ્વામીશ્રી યુવાનોને મટકા રહિત ધ્યાનની તાલીમ આગ્રહપૂર્વક આપતા હતા.

સાંજે સ્વામીશ્રીને સ્નાન કરાવવા માટે કોઈ યુવક સેવામાં આવે એને બેવડો લાભ મળતો. સ્વામીશ્રી એને ઉપવાસ આપે તેમજ મંદિરની સેવા પણ ચીંધે. આજે અનંતભાઈ, ચુનીભાઈ તથા રમેશભાઈ ઝપટમાં આવી ગયા.

'તમને કેટલા પૌંડ મળે છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'બાપા ! વરસના હજાર પૌંડ.'

'જાવ, એક વરસની સેવા કરી ઘો.'

બન્ને યુવકોએ રાજી થઈને હા પાડી.

'બાપા ! આટલું બધું ક્યાંથી આપી શકે ? ખાશે શું ?' સંતોએ દલીલ કરી.

'તમે સમજો નહિ. અમારે તેને વધારે આપવું છે. વાંધો નહિ.'

બીજે દિવસે ૫-૦૦ વાગે સ્વામીશ્રી કહે : 'આજે શાસ્ત્રીજી મહારાજના બે અનન્ય શિષ્યોનાં દર્શન થયાં. આ દર્શન કોઈ દા'ડો થયેલાં નહિ. ગોંડલમાં વાસુદેવ સ્વામી અને નારાયણ સ્વામી કોઠારમાં સમુંનમું કરતા હતા. કોઠાર વાળતા હતા. રાતના દસ વાગી ગયા. હું પણ ત્યાં ગયો હતો. તે બન્ને કામ કરીને ત્યાં જ સૂતા. હું પણ ત્યાં સૂવા ગયો. ત્યારે વાસુદેવ સ્વામીએ મને કહ્યું : 'સ્વામીએ તમને સૂવાનો ઓરડો આપ્યો છે માટે ત્યાં સૂવો.'

ત્યાં તો આંખ ઊઘડી ગઈ. ને તમારાં દર્શન થયાં.'

સવારે ઠાકોરજીની આરતીનાં દર્શન કરવા આવ્યા. આરતીનો બહુ મહિમા. સવારના પાછા અજવાળામાં બહુ નજીકથી મૂર્તિનાં દર્શન કરી સ્વામીશ્રી નિત્યકર્મ માટે પધારે. આજે સ્નાન કરતી વખતે અરવિંદભાઈએ સ્વામીશ્રીને વધુ રોકાઈ જવા આગ્રહ કર્યો.

'એક શરત કરવી પડશે તો રોકાઈએ.' સ્વામીશ્રીએ ધોતિયું પહેરતાં પહેરતાં કહ્યું.

તરત જ અરવિંદે માથું ધરી દેતાં કહ્યું : 'બાપા ! કહો તો સાધુ થઈ જાઉં.'

સ્વામીશ્રી કાંઈ બોલી શક્યા નહિ. હૃદયની પ્રસન્નતા મુખ ઉપર ઊભરાઈ જતાં અરવિંદને ભેટી પડ્યા.

યોગી વેપારી

કનુભાઈ ભટેસાને વર્તમાન ધરાવતાં કહે :

'પાંચ પૌંડ આપો (વર્તમાનની સેવા). લાખો રૂપિયા આપતાં પાપ બળે નહિ, તે પૌંડથી બળે છે. શાસ્ત્રીજી મહારાજ ને શ્રીજીમહારાજની કૃપાથી બળે છે.'

'બાપા ! પાંચ પૌંડ તમે કહી દ્યો છો પણ એની કિંમત કેટલી થઈ ? સો રૂપિયા.' એક સંતે કહ્યું.

'બસ એટલી જ !'

'બાપા ! દુલા કાગે 'યોગી વેપારી' એવું એક કાવ્ય લખ્યું છે તે સાચું છે.'

'હા, અમે મોક્ષના વેપારી, ઓલ્યા નહિ.'

પૂજા પછી હંમેશ મુજબ વર્તમાન ધરાવવાના કાર્યક્રમમાં એક ભાઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'ખાવ-પીવો છો ?'

'હા, બાપા !'

'ઈ નો કરવું.'

એ ભાઈ તો મૂંઝવણમાં પડી ગયા. તે સંપૂર્ણ શાકાહારી હતા અને ખાવા-પીવાનું સામાન્ય અર્થમાં સમજ્યા હતા; જ્યારે સ્વામીશ્રી અભક્ષ્ય વિશે પૂછી રહ્યા હતા. પછી ચોખવટ થઈ ત્યારે સૌ હસી પડ્યા.

ગુણાતીત સ્વામી લંડનમાં વાતું કરે છે

૧૨-૪૦ વાગે મેથોડીસ્ટ ચર્ચમાં સભા પ્રસંગે આશીર્વાદ આપતાં

સ્વામીશ્રીએ જણાવ્યું :

'જેનું નામ રટ્યા થકી મલિન સંકલ્પો સમૂળા ગયા...'

'જીવને સંકલ્પ બહુ થાય. સંકલ્પ અને વિકલ્પ. શમી જાય તે સંકલ્પ. મૂર્તિ બંધાઈ જાય તે વિકલ્પ. આમ કરવું જ છે, પછી તે ફરે નહિ.

'હૉલ લેવો હતો. પણ વિકલ્પ નહોતો. કરે જ છૂટકો. એમ થયું ત્યારે વિકલ્પ મૂર્તિમાન થયો. 'હૉલ લીધા વિના સંત નહિ આવે' – એવો વિકલ્પ થયો ત્યારે હૉલ લેવાઈ ગયો.

'શુભ સંકલ્પ ન મટાડવા, પણ વ્યાવહારિક સંકલ્પ ક્યારે મટે ? સ્વામીએ કહ્યું : 'સર્વ સંકલ્પને પડ્યા મૂકી ને એકાગ્ર ચિત્ત થઈને એમ ધારવું જે, સ્વામી વાતું કરે છે, ને આપણે સાંભળીએ છીએ.' કોણ વાતું કરે છે ?

'ગુણાતીત સ્વામી !

'આપણે જૂનાગઢમાં વાતો કરે છે, એમ ને ? લંડનમાં સાંભળીએ છીએ. એમ સમજવું તે પ્રમાણે પછી વર્તવું.'

પોતે જ ગુણાતીત છે તે સ્પષ્ટ કરતાં આગળ કહ્યું :

'મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી. અમહિમાની વાત ન સાંભળવી.

'મહારાજ પોતાનું અક્ષરધામ લઈને આવ્યા છે. સંપ્રદાયમાં એકલા આવ્યા એમ સમજે છે, પણ એવું નથી !

'અક્ષરધામ કોણ ? ગુણાતીત.

'દેહ મૂકીને જેને પામવું હતું તે દેહ છતાં જ મળ્યા છે.

'ગઈકાલે સાહેબે (સન્ડે ટાઈમ્સના પ્રતિનિધિ) પ્રશ્ન પૂછ્યો હતો : 'તમારે શું છે ?' (ઉપાધિ છે કે નહિ ?)

'અમે કહ્યું : 'અત્યારે કાંઈ નથી. અક્ષરધામમાં જ બેઠા છીએ.'

'ભગવાન ને સંતનો આશરો થયો તે દેહ છતાં જ અક્ષરધામમાં બેઠા છીએ. છેલ્લા ૭માં મહારાજે પોતે આશીર્વાદ દીધો. પછી બીજો કોનો ખોળવા જાવો ?

'આવી વાતું સાંભળીએ, ત્યારે હૃદયમાં આનંદના ફુવારા છૂટે. આ લંડનમાં ઊડે છે તેવા.

'ફુવારા બધે છે, પણ લંડન જેવા ફુવારા બીજે ન મળે. તેમ આ જ્ઞાન-ભક્તિના ફુવારા બીજે ન મળે.

'આ ચૌદ માળનાં મકાન અખંડ રહેવાનાં છે ? પડી જવાનાં. તેમાં

રહેનારા રહેવાના છે ? મરી જવાના.

'અમેરિકામાં ૬૫ માળનાં મકાન છે, એવું સાંભળ્યું છે, જોયું નથી.

'જ્ઞાન થાય, ભગવાન ને સંત અખંડ સાંભરે. માટે બળમાં રહેવું.

'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને.'

'આપણે સ્વામિનારાયણના ભક્ત. દુર્ગુણ ન રાખવા. નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ રાખવો. કોઈનો અવગુણ ન લેવો. લંડન, આફ્રિકા કે દેશમાં રહો, પણ ભક્તિ કરવી જ પડશે. નહિ તો તમારે ને ભગવાનને છેટું પડશે. ભગવાનના ભક્તમાં ભગવાન બોલે છે. વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં જોડી દેવી.'

તા. ૨૯મીએ વહેલી સવારે ૪-૩૦ વાગે સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : 'મોજીદડમાં ગણેશ ભગતનાં દર્શન થયાં. પછી મેં ગાર કરી (મંદિરમાં). કાંકરા કાઢી, ઓળિંભા પાડી ને એવી તો સરસ ગાર કરી, ગણેશ ભગત ખુશ થઈ ગયા. માથે હાથ મૂક્યો. મૂળીના નિર્મળ સ્વામીના શિષ્ય ગોપાળ સ્વામી હતા. તે પણ રાજી થયા.' લંડનની ભૂમિ ઉપર સ્વપ્નમાં ગાર કરી. સુષુપ્તિ કે યોગનિદ્રા !

સત્પુરુષ સિક્કો મારી દે

બપોરે ૧૨-૩૦ વાગે મેથોડીસ્ટ ચર્ચના સભાખંડમાં સત્સંગ વિષયક વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'પ્લેનમાં ટિકિટ વગર ચડવા ન દિયે. ટિકિટ લેવી જ પડે. તેમ ધામમાં જવું હોય તો સિક્કો જોઈએ. જો તે હોય તો પ્રકૃતિપુરુષ કોઈ રોકી શકે નહિ. પ્રમુખસ્વામી દિલ્હીમાં રાષ્ટ્રપતિને મળવા ગયા હતા, તે ન્યાં સાત ચોકી હતી. આ લોકમાંય ચોકી ને અક્ષરધામમાંય ચોકી. ઈન્દ્રલોકની ચોકી, પ્રધાનપુરુષની ચોકી, પ્રકૃતિપુરુષની ચોકી; બધા પૂછે : 'ક્યાં જાવું છે ?' જો સિક્કો મારી દીધો હોય, તો કોઈ રોકે નહિ. ઊલટાની સલામ ભરે. પ્રકૃતિપુરુષ ને અનંત કોટિ દેવતા પગે લાગે : 'તમે ભક્ત બની ભરતખંડમાંથી આવ્યા !' એમ માની પૂજા કરે.

'અમારે ગોંડલ બાપુને મળવા જવું હોય તો સિપાઈ ગરવા ન દે. સિપાઈના હાથમાં લગામ છે. તેમ જો સત્પુરુષનો સમાગમ કર્યો, તો સિક્કો મારી દે. હૃદયમાં શાંતિ કરી દે. પછી તેને કોઈ રોકી શકે નહિ.

'આ લંડનમાં અક્ષરધામની સભા થઈ છે. કોઈ દેહ મૂકશે તેને મહારાજ અક્ષરધામમાં લઈ જશે.

'ગઈકાલે અમે ગામમાં ફર્યા. દસ દસ માળના બંગલા, પણ તેમાં હોલા

ઊડે ! તેમાં સત્પુરુષનાં પગલાં નથી પડ્યાં. હોલા ઘૂ ઘૂ કરે. એ તીર્થ ન કહેવાય.

'આ હૉલ પ્રસાદીનો થયો. કોણે મકાન બાંધ્યું હશે ? કોણ કડિયા કામ કરતા હશે ? કેટલાં વરસથી આ ભૂમિ તપ કરતી હતી. આમાં જન્મ લેનાર યુરોપિયન બીજા જન્મે ભરતખંડમાં જન્મ લેશે.'

અભરામન દાવા

આજે બપોરે ટરોરોના કનુભાઈને ત્યાં વેમ્બલીમાં ઠાકોરજી જમાડ્યા પછી બપોરની કથામાં મધ્યનું ૪૬મું વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ક્રોધે કરીને પડ્યો, એટલે શું ? કે સત્પુરુષમાં ક્રોધ પરઠ્યો ને તેથી પડ્યો. કામે કરીને પડ્યો, તે શું ? કે સત્પુરુષમાં કામ પરઠ્યો ને તેથી પડ્યો.

'કોઈ રીતે સત્પુરુષનો અભાવ ન લેવો; તો અભરામન દાવા.[૧૪] તે વિના ગમે તેટલાં તપ કરે, વ્રત કરે, ક્રિસમસની રાતે ૧૨-૦૦ વાગે (ટ્રફાલ્ગર સ્ક્વેરના) ફુવારામાં ટાઢમાં ન્હાય, તોય કલ્યાણ ન થાય.

'જો સત્પુરુષનો અભાવ ન લ્યે, ને ગુણ લ્યે, તો ગમે તેવો પાપી હોય તોય ધામમાં જાય. સાધન કરવા ગ્યો ? ના. અભાવ ન લીધો, એટલું જ સાધન.'

પ્રિય ભાઈઓ, લંડન મંડળ

સાંજે કાર્યક્રમ મુજબ ચર્ચના હૉલમાં સભા પ્રસંગે સ્વામીશ્રી આવી પહોંચ્યા. અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ આજે વિશેષ સંબોધન કર્યું :

'પ્રિય ભાઈઓ, લંડન મંડળ, દેશનાં તથા બીજાં ગામનાં મંડળો...

'શુભ આશીર્વાદ આપવામાં આવે છે.

'લંડન મંડળ બહુ હોશિયાર, અમારા જેવા ભોટ નહિ.

'મોરારજી દેસાઈને નિર્ગુણ સ્વામીએ કહ્યું કે 'સત્સંગ શું ? મોટાપુરુષને હાથ જોડવા ને કહે તેમ કરવું એ.' દોષ, વ્યસન, દુર્ગુણ નીકળી જાય, એ કહે તે કર્યું કહેવાય. મોરારજીભાઈ હાથ જોડી ગયા. તેમના ભાઈ છોટુભાઈ પણ સાથે દર્શને આવ્યા હતા.

---

૧૪. દસ્તાવેજમાં લખાતો શબ્દ. **અર્થ :** ભ્રમ વિના અક્કલથી - હોશિયારીથી બધું પાકું કરેલું હોવાથી, ઇતર કોઈ વ્યક્તિને કાંઈ લેવા-દેવા કે હક ઇલાકો ન રહે તે. અર્થાત્ સત્પુરુષનો અભાવ ન લે તે હોશિયારીપૂર્વક બધું પાકું કરીને અક્ષરધામનો હકદાર બને છે. તે પર કાળ-માયાદિનો હક રહેતો જ નથી.

'બોડાણો ડાકોરથી દ્વારકા દર પૂનમે હાથમાં તુલસી વાવીને જતો. તો રણછોડજી ડાકોર આવી ગયા. તેમ લંડન મંડળે સંતોને તેડાવ્યા.

'નવીનભાઈના વડવા જેઠાલાલ સ્વામિનારાયણ ગણિતના ઉપરી હતા. તેમને હજારો માણસ માને. પણ અમદાવાદમાં ઢોલ વગાડીને ધૂન ગાય. *'મનવા સ્વામિનારાયણ બોલ, કહું છું પીટીને ઢોલ...'* એમ ગાય. તેમણે દસ હજાર શ્લોક સંસ્કૃતમાં સ્વામી ને મહારાજના મહિમાના કર્યા છે.

'નોકરી દસ દી' પડી મૂકવી, પછી તો જિંદગીભર એ વરેલું જ છે.

'છેટું હોય તોય મંદિરે દર્શન આવવું. ચકલીને પાણી પાવા સારુ બ્રહ્માંડ ભગવાને બોળ્યું હતું. ચકલી ઠેઠ પર્વતની ટોચે બેઠી હતી. અભણ ચકલી જેવાય આપણે ભક્ત નહિ ? અન્ન-વસ્ત્રે ભગવાન પૂરું પાડશે.

'કોઈ ભગવાન સંભારે તેનાં કપડાં મારે ધોઈ આપવાં.' ધોબી તો પૈસા લ્યે. ભગવાન કંઈ ન લ્યે. પશુ-પક્ષી, હોલાં રળવા નથી જાતાં, તોય ભગવાન ખાવા દે છે. આપણે તો આશરાવાળા, ભગવાન કેમ અન્ન-વસ્ત્ર ન આપે ? ભગવાન દેશે દેશે ને દેશે જ.' ત્રણ વાર કહ્યું.

'લંડન રંગવું છે. આ શું કહેવાય ? લંડન ! અહીં બધા યુરોપિયન કહેવાય. તેમ અક્ષરધામમાં બધા મુક્તો જ કહેવાઈએ. સ્વામિનારાયણના ભક્ત તે અક્ષરમુક્ત જ કહેવાઈએ. તેની પંક્તિમાં આપણે ભળવું છે.'

આવી આત્મબળની પ્રેરક વાણી સાંભળી સ્વામીશ્રીના સાંનિધ્યમાં યુવાનોને પણ ભારે રંગ ચઢતો. સભા પ્રસંગમાં ધૂન બોલાતી હોય કે કીર્તનગાન થતું હોય તો પ્રેમી યુવકો દેહભાન ભૂલી ઊભા થઈ, નાચવા લાગતા. તેમનો આ ભક્તિરંગ જોઈ સ્વામીશ્રી પ્રસન્ન થતા.

રાત્રે ઉતારે જતાં રસ્તામાં કહે : 'આ રસ્તો પવિત્ર થઈ ગયો. આ રસ્તેથી જે જશે એનું કલ્યાણ.' સભાહૉલમાં પણ બોલ્યા હતા કે 'આ હૉલમાં જે બેસશે તે બધા ધામમાં જશે.'

હમણાં હમણાં સ્વામીશ્રી લગભગ દરેક પ્રસંગમાં, કોઈપણ સ્થળ વ્યક્તિ કે પદાર્થ પોતાના સંબંધમાં આવે, એને માટે અકારણ આવી વિશાળ ભાવના - કલ્યાણની બતાવતા. સૌનાં ઉપર અનહદ દયા - કરુણા વરસાવતા. સત્પુરુષના સંબંધના અતિ અપાર મહિમાનું ભાન કરાવતા !

❀ ❀ ❀



યોગી જયંતી પર્વ

જ્યારે સ્વામીશ્રી હરિભક્તોની ભાવના - ઇચ્છાઓ પૂર્ણ કરવા, દેહની પરવા કરે નહિ અને વયોવૃદ્ધ અવસ્થાએ પણ દેશ-વિદેશમાં વિચરે, ત્યારે ભક્તોને પણ 'સ્વામીશ્રી માટે શું કરી નાખીએ ?' એ તમન્ના સહેજે જ જાગે. સ્વામીશ્રીનાં વચનો ઉપર ટૂક ટૂક થનાર હરિભક્તો, પ્રગટની ભક્તિનો એકે અવસર કેમ ચૂકે ?

લંડનના હરિભક્તોનાં કોઈ વિશેષ સદ્‌ભાગ્યથી ગુરુહરિ યોગીજી મહારાજની ૭૯મી જન્મ જયંતીનું ટાણું તેઓના ભાગ્યે આવ્યું. લંડનના પ્રેમી ભક્તો આ અવસર શે જવા દે ? ખૂબ જ ઉત્સાહપૂર્વક ભક્તિપૂર્ણ રીતે આ મહોત્સવ ઊજવવાનું વિચારાયું.

સ્વામીશ્રીનાં દર્શન, સમાગમ અને આશીર્વાદનો સમગ્ર લોકોને લાભ મળે એ હેતુથી લંડનના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અને મધ્ય એમ પાંચ વિભાગમાં પાંચ દિવસ સભાઓનું આયોજન કરવામાં આવ્યું.

આ અંગે આમંત્રણ પત્રિકાઓ તૈયાર કરવામાં આવી. જેમાં પાંચેય દિવસના ભરચક કાર્યક્રમની જાણ આપવામાં આવી. મેઘાણી સાહેબ, પ્રફુલ્લભાઈ પટેલ, ડૉ. કારિયા, દુર્ગેશભાઈ દવે, કનુભાઈ પટેલ (B.O.A.C.), ચિત્તરંજનભાઈ, જશભાઈ, ઠાકોરભાઈ, સુમનભાઈ, પ્રહ્‌લાદભાઈ પટેલ, ઠાકોરભાઈ પટેલ, પિલાઈ, જગદીશભાઈ પટેલ, પી.સી. પટેલ, ડૉ. ઇન્દ્રવદન પટેલ, નવનીતભાઈ, ઘનશ્યામભાઈ, બિપીનભાઈ, વાસુદેવભાઈ, દીનકરભાઈ, ડી.સી. પટેલ, મહેન્દ્રભાઈ, રાજેન્દ્રભાઈ તથા અરવિંદભાઈ વગેરે હરિભક્તો તથા યુવાનોએ સારી જહેમત ઉઠાવી.

દરેક સભામાં હૉલ ચિક્કાર ભરાઈ જતો. હજાર ઉપરાંત હરિભક્તો-ભાવિકો એકત્રિત થઈ જતા. લોકોને દરવાજામાં અને હૉલના પેસેજમાં ઊભા

રહેવું પડતું. સિદ્ધેશ્વર સ્વામી તથા અનુપમ ભગત અને સુમનભાઈ, જયંતીભાઈ, રમેશભાઈ અને યુવક મંડળ વાજિંત્રો સહિત ધૂન ઝિલાવતા. શાસ્ત્રી નારાયણ ભગત વેદગાન કરતા. સંત-મહિમાનાં કીર્તનો હું ગાતો. પ્રમુખસ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી વગેરે સંતો તથા હર્ષદરાય દવે, આશાભાઈ પટેલ, હકાભાઈ ખાચર, રવિભાઈ પંડ્યા, મેઘાણી, ભટેસા વગેરે હરિભક્તો સ્વામીશ્રીના ગુણાનુવાદ કરતા. સભાનું સંચાલન જશભાઈ પટેલ કરતા. સ્વાગત-પ્રવચન અને આભાર-દર્શન દરેક વિભાગના અગ્રણી કરતા. સભાપ્રમુખનો પરિચય બાલમુકુંદ પરીખ આપતા. દરેક વિભાગના કાર્યકર્તા હારતોરા કરતા અને અંતમાં આરતી ઉતારતા.

પ્રથમ સમારંભ

તા. ૩૦-૫-'૭૦, સવારે ઉતારે એક અંગ્રેજ પ્રોફેસરને મળીને આશીર્વાદ આપી મંદિરે પધાર્યા. બપોરે ફૉરેસ્ટ ગેટમાં પી.સી. પટેલને ત્યાં ઠાકોરજી જમાડવા પધારેલા. અહીં ઊંચાણવાળા ચાર દાદરા ચડ્યા, શ્રમ ઘણો પડ્યો. કારણ, સીડી નાની હતી. તેથી ખુરશીમાં બેસીને ચઢાય એવું નહોતું.

ઈસ્ટ લંડનમાં ફૉરેસ્ટ ગેટમાં આવેલા ડાર્નિંગ હૉલમાં સાંજે ૫-૩૦ થી ૮-૩૦ સુધી યોગી જયંતીનો પ્રથમ સમારંભ યોજાયો. સભાના પ્રમુખ તરીકે ડૉ. રામમૂર્તિ મિશ્રા (M.D.) હતા. અમદાવાદ યુવક મંડળે જયંતી પ્રસંગે મોકલેલો હાર શિવપ્રસાદ ત્રિવેદીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો હતો. ડૉ. ઈન્દ્રવદન પટેલે સ્વાગત પ્રવચન કર્યું. ડૉ. અશોકે સભાપ્રમુખ મિશ્રાનો પરિચય આપ્યો.

પ્રમુખસ્વામી, હર્ષદરાય દવે, ડૉક્ટર સ્વામી તથા ત્યાગવલ્લભ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીની ઈચ્છાથી ત્યાગવલ્લભ સ્વામીએ અંગ્રેજીમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું.

સભાપ્રમુખ મિશ્રાએ જણાવ્યું કે 'પહેલાં ભગવાન અને ગુરુની શોધમાં લોકો હિમાલયમાં જતા. આજે ભગવાનના સંત સામે ચાલીને લંડન પધાર્યા છે. આખું વિશ્વ પરમાત્મામાં છે, એટલે પરમાત્મા સૌથી મોટા છે. એવા પરમાત્માને આવા સંતે પોતાના હૃદયમાં ધાર્યા છે, એટલે એ પણ મોટા છે. આવા પુરુષનો સંબંધ દૃઢ કરી ભારતીય સંસ્કૃતિ ટકાવી રાખવી.'

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું :

'પ્રિય ભાઈ, લંડન મંડળ તથા ભારત દેશ મંડળ.

'આજે અમારે બોલવાનું હોય નહિ, પણ આપની આજ્ઞાથી બે શબ્દ બોલું છું.

'આવો હૉલ પવિત્ર, ભગવાનનું નામ લેવા વાસ્તે મળ્યો છે તેમાં ભગવાનનું નામ લેવાય છે. આ ભૂમિ બહુ તપ કરતી હશે. તેના ઉપર સંતનાં પગલાં થયાં.

'આ ભગવાનના ભક્તની સભા છે. જગતની નથી. શ્રીજીમહારાજ પરાત્પર ભગવાન, અક્ષર અને મુક્તો સહિત પધાર્યા.

'જીવનનું સાર્થક શું ? સત્સંગ.

'માટે ભગવાનનો આશરો દૃઢ હોય પછી ગમે તેવી આફત આવી હોય પણ ભગવાનનું નામ લીધું કે ટળી જાય. *'જેને જેનો આશરો, તેને તેની લાજ.'*

'આપણે આ હૉલનો આશરો છે, તેથી પવન કે તાપ આવી શકતો નથી. બહાર નીકળીએ ત્યાં પવનના ઝપાટા.

'આશરો દૃઢ હોય તો દુઃખ ન આવે. હું આમ વાત કરી શકતો નથી. ભજન કરાવું, ધૂન કરાવવી તે આવડે.

'આ હૉલ પવિત્ર થયો. જે જે આમાં બેસશે, ભાષણો કરશે, તેનું મહારાજ સારુ કરશે.'

મેઘાણી સાહેબે આભાર વિધિ કર્યો. ઉત્સવ માટે હૉલ વિનામૂલ્યે મળ્યો હતો, એટલે ટ્રસ્ટીઓએ ખાસ આભાર માન્યો હતો. લંડનમાંથી પ્રકાશિત થતા ગુજરાતી પાક્ષિક 'ગરવી ગુજરાત'માં ચાર પાનની પૂર્તિ, તંત્રી સોલંકીએ પ્રગટ કરી હતી. આરતી-થાળ બાદ સૌને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો.

પાંચ દિવસના યોગી જયંતી મહોત્સવનો પ્રારંભ આજથી થયો હતો.

રાત્રે દવા લેતાં ભાનુભાઈએ પૂછ્યું : 'બાપા ! કોની જયંતી ઊજવાય છે ?'

'આપણી. કાલે એકાવન યુવકો ઉપવાસ નિર્જળા કરજો. બહુ પુણ્ય. ટુમોરો ફાસ્ટ !' સ્વામીશ્રીએ રાજીપો વરસાવ્યો !

તા. ૩૧-૫-'૭૦, ડૉલીસ હિલમાં અરવિંદભાઈને ત્યાં સ્વામીશ્રીએ થોડું ફરાળ લીધું. નાદુરસ્ત તબિયત અને હરિભક્તોના અત્યંત આગ્રહથી નહિવત્ ફરાળ અંગીકાર કર્યું.

સ્વામીશ્રી ફરાળ કરી રહ્યા હતા.

'બાપા ! તમને 'એ બી સી ડી' આવડે છે ?' યુવકોએ પૂછ્યું.

એટલે સ્વામીશ્રી કહે : 'ભગવાન મળ્યા તે 'એ બી સી ડી...'

બપોરે કથામાં ઈશ્વરભાઈ દેસાઈ વચનામૃત વાંચતા હતા. તે સાંભળી

સ્વામીશ્રી કહે : 'દેસાઈ છાપું વાંચે તેમ વચનામૃત વાંચે છે !'

બધા એકદમ હસી પડ્યા. ઈશ્વરભાઈ દેસાઈ સાથે હોય ત્યારે સ્વામીશ્રી કંઈક નિમિત્ત ઊભું કરી, ગમ્મત કરે જ. એવી આત્મીયતા તેમની સાથે રાખતા.

કોઈએ કહ્યું કે 'મહારાજના વખતમાં પણ આવી રીતે ગમ્મત થતી હશે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'મહારાજના વખતની ગમ્મતની વાત જુદી.'

'બાપા ! તમે જોયેલી ?'

'જોઈને જ કહીએ છીએ !'

કહે તેમ કરે તે પ્રેમ

પછી સભામાં કારિયાણી ૧૧ વચનામૃત વંચાવતાં વાત કરી :

'લંડનનું વિલાયતી ધોતિયું મહારાજે પહેરેલું ખરું. હેતનું શું લક્ષણ ? કહે તેમ કરે.

'મહારાજે દાદાખાચરને કહ્યું : 'તમે આ ગરાસ તમારી બહેનોને આપી દ્યો.' દાદાખાચરે તરત જ હા પાડી. મહારાજે કહ્યું : 'તમે શું કરશો ?'

'હું ભાવનગર વજેસંગ દરબારને ત્યાં નોકરીએ જઈશ.'

'ના, અહીં રહો ને બહેનોનો ગરાસ સાચવો. પચાસનો મહિનો આપીશું.'

'હા, મહારાજ !'

'છ મહિના થયા ત્યારે મહારાજે બહેનોને કહ્યું : 'મુંડકિયો, તમારે ગરાસ શું કરવો છે ? દાદાને દઈ દ્યો.'

'પછી મહારાજે દસ્તાવેજ બહેનોનાં નામનો હતો તે ફાડી નાખ્યો.

'માટે કહે તેમ કરે તે પ્રેમ.

'ભગવાન ભક્તની ભેગા જ જાય. ભેગા જાય એટલે શું ? ભગવાન જે કામ કહે તે ભક્ત કરે. યુરોપને રંગવું છે તે રંગી નાખે.'

મદારી જેમ માંકડાને નચાવે એમ ભગવાન કે સંત જો આપણને નચાવે, મનધાર્યું મુકાવે તો તમે તૈયાર રહેજો, એવો અધ્યાત્મ-માર્ગનો રહસ્યમય વ્યાવહારિક અભિગમ સ્વામીશ્રી સૌને સરળતાથી સમજાવી દેતા.

દ્વિતીય સમારંભ

વેસ્ટ લંડનમાં પેડિંગ્ટનમાં આવેલા પોરચેસ્ટર હૉલમાં આજનો 'યોગી જયંતી'નો દ્વિતીય સમારંભ સાંજે ૬-૩૦ થી ૯-૦૦ સુધી યોજાયો હતો.

રાજાશાહી ઠાઠથી રચાયેલો હૉલ ઘણો જ ભવ્ય અને આકર્ષક હતો. પ્રવેશદ્વાર, ઝુમ્મરો, ઝરૂખાઓ, મોટા અરીસાઓ વગેરે જૂનો દમામ ઠાંસીને ભરેલો હતો. હૉલનો ખૂણેખૂણો ભક્તોની આતુરતાની સાક્ષી પૂરતો હતો.

શ્વેત ગણવેશમાં સ્કાર્ફ સાથે લંડન યુવક મંડળના સભ્યો, હૉલના પગથિયે અને પેસેજમાં ઊભા રહી વ્યવસ્થા સાચવતા હતા. એક જ હેડીના, ઉત્સાહ ભરેલા આ યુવાનો જયનાદો ગજવવામાં બહુ પાવરધા હતા. તેમના અવાજમાં સ્વામીશ્રીને રાજી કરી લેવાનો કેફ હતો.

આજની સભાના પ્રમુખ, રામકૃષ્ણ મિશન, લંડન શાખાના અધ્યક્ષ ભવ્યાનંદજી હતા.

ધૂન, હારતોરા વિધિ, વેદગાન, કીર્તનગાન બાદ મેઘાણી સાહેબે સંબોધન કર્યું. બાળમુકુંદ પરીખે સભાપ્રમુખનો પરિચય આપ્યો. મહંત સ્વામી, હર્ષદરાય દવેનાં ઉદ્‌બોધનો પછી શાસ્ત્રી નારાયણ ભગતે સ્વામીશ્રીની ઇચ્છાથી સરળ સંસ્કૃતમાં મધુર પ્રવચન કર્યું. પ્રફુલ્લભાઈ પટેલે અંગ્રેજીમાં સ્વામીશ્રીનાં કાર્યનો પરિચય આપ્યો હતો.

સ્વામી ભવ્યાનંદજી સ્વામીશ્રી અને સંતોથી ઘણા જ પ્રભાવિત થયા હતા. એમણે અંગ્રેજીમાં પ્રવચન કરતાં કહ્યું : 'આપણે અંગ્રેજો પાસેથી વિજ્ઞાન-ઉદ્યોગ વગેરે શીખવું, પણ ભારતીય સંસ્કૃતિ એમને આપવી અને આપણી સંસ્કૃતિ માટે ગૌરવ રાખી એનો પ્રચાર કરવો.'

સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવતાં જણાવ્યું : 'ભગવાન અને સંતનાં દર્શન કરવાં જોઈએ, તો ડગલે ડગલે એક એક અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. માટે મહિમા સમજી સમાગમ કરવો. આવો અવસર ફરી ન આવે. માટે સાનમાં સમજી લેવું. નહિ તો પછી પસ્તાવું પડશે.'

નવીનભાઈ સ્વામિનારાયણે આભાર વ્યક્ત કર્યો. થાળ પછી આરતી સ્વામીશ્રીએ ઉતારી. અહીં પણ સૌના માટે અલ્પાહારની વ્યવસ્થા કરી.

લંડનના વિખ્યાત સાપ્તાહિક 'Sunday Times'માં સ્વામીશ્રી અને સંતમંડળના ફોટા સહિત લંડનમાં સ્વામીશ્રીના આગમનનો હેતુ અને પ્રવૃત્તિ અંગેનું વિસ્તૃત લખાણ પ્રગટ થયું હતું.

૭૯મી યોગી જયંતી

સં. ૨૦૨૬, વૈશાખ વદ ૧૨, સોમવાર, તા. ૧-૬-૧૯૭૦.

સવારે ૫-૪૦ વાગે સ્વામીશ્રી જાગ્રત થયા. અહીં અજવાળું લગભગ સવારે ૫-૦૦ વાગે થઈ જતું હતું. સંતોને આશીર્વાદ આપ્યા. મુંબઈથી કોઠારી સ્વામી અને સંતોએ પ્રશસ્તિ શ્લોકો રચીને મોકલ્યા હતા તથા 'બર્થ ડે કાર્ડ' હાથે બનાવીને મોકલ્યાં હતાં, તે નિહાળ્યાં.

સ્વપ્ન-દર્શનમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. ગોંડલ પાટોત્સવનો સમૈયો હતો અને સ્વામી બિરાજમાન હતા, એ વાત કરી.

અહીં પણ વહેલી સવારે સ્વામીશ્રી જાગ્રત થાય ત્યારે સંતો-યુવકો એકત્રિત થઈ જતા. વચનામૃત કે 'પ્રકાશ'નું સ્વામીશ્રી વાચન કરાવે પછી પોતે બાજુના ઓરડામાં પધારે. ઘનશ્યામચરણ સ્વામી હરિકૃષ્ણ મહારાજની સેવા કરતા હોય, આરતી ઉતારતા હોય તે નજીક આવી દર્શન કરે. બારીઓમાંથી બહાર દૃષ્ટિ કરે. જો આકાશ ખુલ્લું હોય તો પ્રસન્ન થાય, પણ જો વાદળાંઓથી આચ્છાદિત હોય તો સ્વામીશ્રી બાળસહજ રીતે સંતોને કહેતા : 'વાદળાંઓને હાંકી કાઢો. દૂધી મારો.' કારણ, ઠંડી પડે તો પોતે સહન કરી શકતા નહિ અને કદાચ અહીંના કાર્યક્રમમાં પણ વિઘ્ન આવે.

સંતો સ્વામીશ્રીને નાની ખુરશીમાં બેસાડી મકાનના નીચેના ભાગમાં લઈ આવતા. અહીં પ્રાતઃ વિધિથી પરવારી સ્વામીશ્રી પૂજામાં પધારતા. પૂજામાં ઘણા હરિભક્તો, યુવકો, બાળકો એકત્રિત થઈ જતા. જગ્યા સાંકડી પડી એટલે કોઈ સીડી ઉપરથી તો કોઈ પેસેજમાંથી ડોકિયાં કરતાં ઊભા રહેતા.

આજે યુવકોએ પૂજામાં 'Happy Birthday to you' પંક્તિનું અંગ્રેજી ઢબથી ગાન કર્યું. કેટલાક સુંદર કાર્ડ પણ લાવેલા. સ્વામીશ્રીએ તેના પર દૃષ્ટિ કરી.

જેટલા આવ્યા હોય એ સૌને સ્વામીશ્રી ઉકાળા-પાણીમાં પણ બેસાડતા. જગ્યા એટલી સાંકડી કે સૌ ખીચોખીચ બેઠા હોય. હાથમાં ડીશ લઈને નાસ્તો કરે. કોઈ જરા આઘાપાછા થાય તો ઢોળાઢોળ પણ થાય. પણ સ્વામીશ્રીને એમાં જ આનંદ આવતો. ફરી આવો લાભ સૌને ક્યારે મળે ? એટલે પોતે અગવડ વેઠીને પણ સૌને બેસાડતા ને સ્મૃતિ આપતા. સ્વામીશ્રી પોતાની આજુબાજુ મેઘાણી તથા ભટેસાને બેસાડતા. બન્નેનાં શરીર ભારે. તેમને અને બીજાને અગવડ પડે. પણ સ્વામીશ્રી તેમને અચૂક બેસાડતા ને પ્રસાદી આપતા. બહાર પણ જ્યાં જમવાનું હોય ત્યાં સાથે લઈ જઈને સુખ આપતા. અને ગમ્મતમાં કહેતા કે આ બન્ને અમારો ડાબો અને જમણો હાથ છે. સ્વામીશ્રીને મન ભક્તો સર્વસ્વ હતા. પછી તે નાના હોય કે મોટા - બધાને પોતાના માનતા, એ એક અજબ ગુણ હતો !

હરેકૃષ્ણ મંદિરમાં

આજે સવારે સ્વામીશ્રી સંતો સાથે શહેરની વચ્ચે આવેલા હરેકૃષ્ણ મંદિરમાં દર્શનાર્થે પધાર્યા હતા. ઠેઠ રસ્તા સુધી - સ્વામીશ્રીની મોટર નજીક આવી મંદિરના સંતોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. સ્ત્રીભક્તો મંદિરના હૉલમાંથી નીકળી ઉપર રહેણાકમાં ચાલી ગયાં હતાં. સ્વામીશ્રીએ મંદિરમાં મૂર્તિઓનાં દર્શન કર્યાં. ઠાકોરજી સમક્ષ બિરાજ્યા. અંગ્રેજ સાધુઓએ થોડી મિનિટો નૃત્ય સાથે સંકીર્તન કર્યું એ જોઈ સ્વામીશ્રી પ્રસન્ન થયા. બાળમુકુંદ પરીખે સ્વામીશ્રી વતી તેમનો આભાર માન્યો. સ્વામીશ્રીએ અમારી પાસે સ્વામિનારાયણ મંત્રની ધૂન બોલાવવાની ઇચ્છા કરી, પણ એ લોકો પોતાના મંદિરમાં રાધા-કૃષ્ણ સિવાય અન્ય મંત્ર બોલતા-સાંભળતા નથી, એટલે એ કાર્યક્રમ બંધ રહ્યો. મંદિરના સંચાલક ગુરુદાસે પણ સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કર્યો. અહીંથી સ્વામીશ્રી બાજુમાં જ આવેલા પ્રફુલ્લભાઈના નિવાસે ઠાકોરજી જમાડવા પધાર્યા.

અક્ષરધામની રીત

પ્રફુલ્લભાઈને ઘેર તેમનાં માતુશ્રી સોજિત્રામાં ધામમાં ગયેલાં તેમના તેરમાની રસોઈ હતી. ઠાકોરજી જમાડતાં પહેલાં બપોરે ૧૨-૧૫ વાગે સ્વામીશ્રીએ કીર્તન ઉપાડ્યું :

'હે હરિ હરિ, પ્રભુ કરુણા કરી,
નરનારી ઉગારવાને નરતનુ ધરી...
ધન-ત્રિય ત્યાગી સાધુ કીધા સર્વોપરી મહારાજ...'

'શું કીધું ? આ દુનિયામાં - બ્રહ્માંડમાં કોઈ કરી શક્યું નહીં તે મહારાજે નોખો પંથ પાડ્યો. ધન-સ્ત્રીના ત્યાગી સાધુ કરી સિક્કો બેસાડી દીધો. શ્રીજી-મહારાજે એવો રસ્તો કાઢ્યો કે જેથી કરી લોકોને ગુણ આવે.

'શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ. વનવિચરણ વખતે બધે ફર્યા. દરેક સંપ્રદાય જોયા. તોતાદ્રિ ગાદી જોઈ. પછી વિચાર્યું કે નવો સંપ્રદાય કાઢવો. પોતાની ઉપાસનાનું સ્થાપન કરવું.

'કોઈ અવતાર સ્ત્રી-પુરુષની મર્યાદા જાળવી શક્યા નથી. બધાએ ભેળીહારો રાખ્યો. મહારાજે અક્ષરધામની જે રીત, તે પ્રવર્તાવી. એ પ્રમાણે ઠેલ માર્યો છે તે પ્રમાણે ચાલે છે. જેમ ઇંજિનના ઠેલથી ડબા હાલે તેમ હાલે છે.

મહારાજે દરેકનો ગુણ લીધો.'

પછી હરેકૃષ્ણના મંદિરમાંથી સ્વામીશ્રી અહીં પધાર્યા હતા તે અંગ્રેજ ભક્તો ઉપર વાત કરતાં કહે :

'આ ભક્તો ભક્તિ કેવી નિર્માનીપણે કરે છે ! તેમ શ્રીજીમહારાજ આગળ નિર્માનીપણે ભક્તિ કરીએ તો ભગવાન રાજી થાય. કોઈ પ્રકારનું માન નહિ બીચારાને ! ઢોલ વગાડે, દંડવત્ કરે. પા કલાક નમીને ઊભા રહે. આવું શીખવું. અક્ષર દેરીમાં ઘનશ્યામ મહારાજ આગળ આવું કરવું જોઈએ, નીરખીને દર્શન કરવાં - પગે લાગવું. આમને કેટલો ભાવ ભગવાન ઉપર ! આવો ભાવ શીખવો.

'લો. ૧૪માં મહારાજે કહ્યું : 'કોઈ ગાતો હોય તો આપણને થાય - આવું આપણને ભગવાનમાં થાય તો સારું !' આ બધા ભગવાનનો થાળ કરે - પોઢાડે.

'સાવધાન થઈ ભક્તિ કરવી. વખાણ માટે નહિ. પ્રેમ-ભક્તિ એવી મહારાજમાં થાય, તો સમજવું કે ભગવાનમાં જોડાણા.

'તે બધાએ ચોટલા મુંડાવ્યા. તેવી રીતે શાસ્ત્રીજી મહારાજની ભક્તિ કરીએ. ગુરુ આગળ નાચે. શરમ ન રાખવી. સ્વામિનારાયણના સાધુનાં દર્શન કર્યાં, તેમનું કામ પાકી ગયું. બીજે જન્મે સત્સંગીને ઘેર જન્મ લેશે. સત્પુરુષનો આશ્રય કરી સ્વામિનારાયણનો આશ્રય કરશે ને અક્ષરધામમાં જશે.

'સ્વામીએ વાતમાં કહ્યું : 'જે ઝાડ તળે ભગવાન ને સંત બેસે, જે ઢોરનું દૂધ પીવે તે બધાને સંસ્કાર થાય છે.' આ ૩૦૦મી વાત સાચી પડે કે નહિ !

'પ્રગટ ભગવાનના સંતો આંહીં આવ્યા. કામ પાકી ગયું. તેઓ ભજન કરતા હતા તે આવ્યા.

'ગુણાતીત સ્વામી જૂનાગઢ દેશમાં ફરતા હતા. ત્યાં વચ્ચે એક નટવાનું ગામ આવ્યું. સ્વામી ઘોડી ઉપર બેઠા હતા. એક નટવો સ્વામીની આગળ બે ખેતરવા નાચતો નાચતો ગયો. સ્વામીએ કહ્યું : 'હવે તારે પ્રકૃતિપુરુષ સુધી નાચ કરવો નહિ પડે.' એવું છે.

'પ્રફુલ્લભાઈને ઘેર સંતો પધાર્યા. ઘરનો મોક્ષ થઈ ગયો. કોણ કડિયો હશે ? કોણે બાંધ્યું હશે ? તે બધાનો મોક્ષ થઈ ગયો.'

અમૃત વાણીને ફેરવાય નહિ

અહીં ઘેર ઠાકોરજી જમાડી, બપોરની કથામાં સ્વામીશ્રીએ ઈશ્વરભાઈને અંત્યનું ૭મું વચનામૃત વાંચવા કહ્યું. તેમણે ભૂલથી આઠમું કાઢ્યું.

'સાતમું કહ્યું ને ગુરુએ આઠમું કાઢ્યું.'

'બાપા ! હવે ફેરવીએ.'

'અમૃત વાણીને પછી ફેરવાય નહિ. એનું જ નિરૂપણ કરવું પડે !' સ્વામીશ્રીએ ધીરેથી કહ્યું.

'બાપા ! પગ દાબું ?' એક ભક્તે પૂછ્યું.

'ના, જરૂર નથી. પ્રેમ હોય તો ધાબળો લાવો, ઓઢીએ.'

પછી છેલ્લાનું ૮ વચનામૃત વંચાવતાં સ્વામીશ્રીએ વાત કરી :

'આ અંગ્રેજો 'હરેકૃષ્ણ'નું ભજન કરે છે, પણ 'તે જ શ્રીજીમહારાજ છે' - તેમ તેને નિષ્ઠા થશે ત્યારે કલ્યાણ થશે. સાકારની ઉપાસનાવાળા છે, નિરાકારના નથી, તેટલું સારું છે.

'મહારાજની મૂર્તિ વિના ક્યાંય ભાર નહિ તે દૃઢ વૈરાગ્ય. મહારાજની મૂર્તિ વિના બીજે દિવેટ ન પલળે.

'સ્વરૂપનિષ્ઠા એ દૃઢ ધર્મ કહેવાય. આ હરેકૃષ્ણવાળા આપણા કરતાં વધુ ધૂન કરે છે; પણ સ્વરૂપનિષ્ઠા ન હોય, પતિવ્રતાપણું ન હોય તો કલ્યાણ ન થાય.

'પતિવ્રતાપણું એટલે શું ? વચન લોપે નહિ. ગોપીને કૃષ્ણ ભગવાન ઉપર પ્રીતિ હતી. શ્રીકૃષ્ણ ભગવાન ત્રણ ગાઉ દૂર મથુરામાં હતા, પણ કૃષ્ણની મરજી નહોતી તો દર્શને ન ગઈ. પછી ૬૦ વરસે કુરુક્ષેત્ર તેડી, ત્યારે ત્યાં ગઈ.

'ગમે તેવો ભીડો-કારસો પડે તોય ઉદાસ ન થાય.

'બૈરાં-છોકરાંથી કોઈ ઉદાસ થયો ? ભીડો પડે, સેવા લ્યે, ત્યારે એમ થાય : 'સાધુ પાસે જાવું નથી.'

'દાદાખાચરે ૩૦ વરસ ભીડો વેઠ્યો. ઉદાસ થયા ?

'સ્વામી છતાં મોતીકાકા ઉદાસ થયા ? સ્વામીએ તેમની મિલકત લઈ લીધી. એવો ભીડો કો'ક જ વેઠે. ફર્સ્ટમાં કો'ક જ નીકળે.

'પરલોક એટલે અક્ષરધામ. દેવલોક નહિ.

'મહારાજને નરનારાયણ જેવા જાણે તે સ્વરૂપનિષ્ઠા ન કહેવાય. સ્વરૂપ-નિષ્ઠા પાકી જોઈએ, તો ધર્મનિષ્ઠા મોળી ન પડે. મ. ૧૩ પ્રમાણે સ્વરૂપ સમજવું.

'આવો નરસી મે'તા ને આવો મીરાંબાઈ – એમ અરસપરસ મહિમા સમજે ને પછી ધામધૂમ ઊડે તે ન કરવું.

'ભેગો રહે ને મન નોખું. તેલ ને પાણી જેવું. તે પણ વિઘન છે.

'ત્યાં જ મોક્ષ છે ? ત્યાં જ મંદિર ધાર્યું છે ? ઘેર બેઠાં ભજન કરીશું.' એ

બેપરવાઈ.

'એ જ ચણેકી દાળ ને એ જ ચણેકી રોટી; જબ ખાયેગા તબ ભૂખ જાયેગી.'

'અહીં જ કલ્યાણ છે એમ સમજવું.'

પ્રફુલ્લભાઈએ પૂજન કરીને સ્વામીશ્રીની ૭૦ દીવાની આરતી ઉતારી. આ દિવેટો તેમની બાએ ધામમાં જતાં પહેલાં ભક્તિભાવપૂર્વક કરી હતી.

લંડનમાં બોર્ડિંગ હાઉસ કરવા સ્વામીશ્રીએ પ્રફુલ્લભાઈને ખૂબ આશીર્વાદ આપ્યા. અહીંથી ૨-૦૦ વાગે નીકળી, ડૉલીસ હિલમાં સ્વામીશ્રી આરામ કરવા માટે ગયા.

તૃતીય સમારંભ

૭૯મી જન્મ જયંતીનો મુખ્ય મહોત્સવ - તૃતીય સમારંભ આજે હતો. સાજે ૭-૦૦ થી ૧૦-૦૦ વેમ્બલીમાં 'બ્રેન્ટ ટાઉનહૉલ'માં ઉત્સવનું આયોજન થયું હતું. અદ્યતન ઢબથી બંધાયેલો આ વિશાળ હૉલ અનેક રીતે સુસજ્જ હતો. વેમ્બલી વિસ્તારમાં ઘણી મોટી સંખ્યામાં હિન્દુઓ - ગુજરાતીઓ રહેતા હોવાથી આજે આ અતિ મોટા હૉલમાં પણ માણસ સમાતું નહોતું.

સમયસર સ્વામીશ્રી આવી પહોંચ્યા. લિફ્ટમાં બેસી, ઉપર હૉલમાં મંચ ઉપર પધાર્યા. કાર્યક્રમ શરૂ થવાને હજુ કંઈક સમય હતો, પણ સ્વામીશ્રીને મન તો ભજન-ભક્તિ વિના ક્ષણ પણ ન બગડે એ જ કાર્યક્રમ. રમેશભાઈએ (ઉસ્તાદે) ધૂન બોલાવી. શાસ્ત્રી અનુપમ ભગતે કીર્તનો ગાયાં. દરમ્યાન મોમ્બાસામાં પ્રગટ થયેલી ૧૨ પાનની પૂર્તિ તથા અન્ય સાહિત્ય હૉલમાં વેચાઈ રહ્યું હતું. સ્વામીશ્રી સ્ટેજ ઉપર બિરાજ્યા. વારાફરતી યુવકો તથા હરિભક્તો સ્વામીશ્રીના આશીર્વાદનો લાભ લઈ જતા. કોઈ 'બર્થ ડે' કાર્ડ તો કોઈ ફૂલના ગજરા - સ્વામીશ્રીને અર્પણ કરતા.

કાર્યક્રમ શરૂ થયો. શાસ્ત્રી અનુપમ ભગતે ધૂન ઝિલાવી. કીર્તનગાન બાદ હારતોરા વિધિ અગ્રગણ્ય હરિભક્તોએ કર્યો. પણ હંમેશ મુજબ સ્વામીશ્રી સૌને હાર પાછો આપી દે, એવું ભક્તોએ ન ઇચ્છયું. આજે સૌની ઇચ્છા હતી કે સ્વામીશ્રી કોટમાં હાર ધારણ કરી રાખે. ભક્તવત્સલ સ્વામીશ્રી થોડી આનાકાની પછી હાર કંઠમાં રાખી મૂકવા સહમત થયા.

પુષ્પના હારને જે સર્પ સમાન સમજે છે, એ પુરુષને આ હારની શોભા ભારરૂપ-કષ્ટ સમાન હતી. છતાં સૌના આગ્રહને વશ થઈ હાર રાખી મૂક્યા. ન

જ રાખવા એવો કોઈ દુરાગ્રહ નહિ. મનમાં અતિશય અકળામણ, પણ સાથે એથીય વિશેષ સરળપણું. એ ઉભય ગુણોનો સમન્વય, સ્વામીશ્રીનું આ વિરલ ગુણદર્શન હતું.

અને જેવા સ્વામીશ્રીએ પુષ્પના રંગબેરંગી સુંદર હારો કોટમાં ધારણ કરી રાખ્યા કે સભામાં તાળીઓનો ગડગડાટ ગાજી ઊઠ્યો. ભક્તોના આનંદનો પાર ન રહ્યો. યુવકો કેમેરા અને ફિલ્મની ચાંપો દબાવવા લાગ્યા. સૌ આ દર્શનદાન લેવા અધીરા બન્યા.

શાસ્ત્રી નારાયણ ભગતે વેદગાન કર્યું, સાથે સંતોએ મોકલેલી સ્વામીશ્રીની પ્રશસ્તિની સંસ્કૃત રચનાઓનું પણ ગાન કર્યું.

'Happy Birthday to you' યુવકોએ હાથ ઊંચા કરી કરીને અંગ્રેજી લયમાં શિસ્તથી પણ શોર મચાવી ગાયું. અહીંના યુવક બંસી પટેલ રચિત *'યોગી આવ્યા અમારા ભુવનમાં'* કીર્તન યુવક મંડળે વાજિંત્રો સહિત સુંદર રીતે ગાયું, ત્યારે સમગ્ર હૉલમાં ભાવપૂર્ણ મોજું ફરી વળ્યું હતું.

જશભાઈ પટેલે સ્વાગત-પ્રવચન કર્યું. બાળમુકુંદ પરીખે આજની સભાના પ્રમુખ પ્રિયદર્શી અશોકનો પરિચય આપ્યો. પ્રમુખસ્વામી તથા આશાભાઈ પટેલે પ્રવચનો કર્યાં.

યુવકોએ કાઠિયાવાડી વેશભૂષામાં સજ્જ થઈ સુંદર રાસ રજૂ કર્યો હતો. રાસની રચના પણ બંસી પટેલની હતી. જેના શબ્દો હતા : *'આંખ ભીંજાણી મારા યોગીને જોતાં, હૈયે હરખ ન માય... યોગી ચાલો રમીએ રાસ !'* સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન થયા. દરેક યુવકને પ્રસાદીનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા. સાથે ફોટા પડાવ્યા. સ્વામીશ્રીને મન તો પંચાળામાં શ્રીજીમહારાજ સાથે સંતો રાસ રમ્યા હતા, એ જ એક સ્મૃતિ હતી.

રવિભાઈ પંડ્યાના સંબોધન પછી ઘનશ્યામચરણ સ્વામીએ કરતાલ લઈ નૃત્ય કરતાં, વાજિંત્રો સાથે બે કીર્તનો રજૂ કર્યાં. *'લગની લાગી મને સ્વામિનારાયણ નામની...'* અને બીજું *'યોગી આવો તે રંગ મને શીદ લગાડ્યો...'* આ કીર્તન શરૂ થયું ત્યારે સ્વામીશ્રીએ હાથના ઇશારાથી તે ન ગાવા ઘણી ના પાડી, પણ સભામાં ઊમટેલા ભાવોર્મિના સાગરને સ્વામીશ્રી રોકી શક્યા નહિ. આ કીર્તન સૌએ પ્રેમથી ઝીલ્યું. સૌ ગુરુભક્તિમાં રસબસ થઈ ગયા.

યુવકોએ ખંતથી તૈયાર કરેલા 'યોગી સ્મૃતિ' હસ્તલિખિત અંકનું સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક ઉદ્‌ઘાટન કર્યું.

સભાપ્રમુખ પ્રિયદર્શી અશોકજીએ પ્રમુખ સ્થાનેથી સંબોધન કરતાં જણાવ્યું કે 'હર્ષદરાય દવેએ લખેલ 'Life of Philosophy of Shree Swaminarayan' એ પુસ્તક વાંચીને મને ખૂબ જ ઊંડી છાપ પડી છે. ભગવાન સ્વામિનારાયણ અને એમના આ સંત યોગીજી મહારાજ ભારતની નહિ, પણ વિશ્વની અણમોલ મૂડી છે. અને એ વાત આપણે સૌને કહેવાની જરૂર છે. મોક્ષની વાત તો આવા સંત જ કરી શકે, પણ બીજા શું કરી શકે ?'

આજે ગુરુપૂજનનો અવસર હતો. સંતો વતી પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. લંડન સત્સંગ મંડળ વતી મેઘાણી અને ડૉ. કારિયા તથા આફ્રિકા સત્સંગ મંડળ વતી પંડ્યા અને સી.એમ. પટેલે તેમજ ભારતના સત્સંગ મંડળ વતી હર્ષદરાય દવેએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. મુંબઈથી ડૉ. નરસિંહ પટેલ આ પ્રસંગે ખાસ આવી પહોંચ્યા હતા. અને મુંબઈ યુવક મંડળે તેમની સાથે મોકલેલો પવિત્રાનો હાર હર્ષદભાઈએ તથા સુખડનો હાર સોમાભાઈ સાંકરીવાળાએ સ્વામીશ્રીને અર્પણ કર્યો.

દેશ-વિદેશથી આવેલા અનેક સંદેશાઓનું વાંચન જશભાઈ પટેલે કર્યું.

અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'જેનું નામ રટ્યા થકી...' આજે આપણે લંડનમાં જાહેર સભા થઈ છે. બધા મુક્તો, ૫૦૦ પરમહંસો આવ્યા છે. બધા મંડળને આશીર્વાદ શાસ્ત્રીજી મહારાજ અને શ્રીજીમહારાજના અપાય છે કે લંડન મંડળ તને, મને, ધને સુખી થાય. મહારાજ રક્ષા કરે. હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે બધા વર્તે તે આજના દિવસનો આશીર્વાદ છે.

'હું ઝાઝું બોલી શકીશ નહિ, વળી જરૂર નથી. અશોકજીએ વાત કરી તે યાદ રાખજો.'

સત્સંગ મંડળે ૭૯ દીવાની આરતી, ઠાકોરજી સહિત સ્વામીશ્રીની ઉતારી. જશભાઈએ સૌનો આભાર માન્યો. થાળ પછી દરેકને પેકેટમાં પ્રસાદ વહેંચાયો. આજે ગરમી ઘણી હતી.

ન્યૂયોર્કમાં જયંતી !

રાતે સ્નાન કરતી વખતે પોતે બોલ્યા :

'આજે દિવાળી જેવો દિવસ કહેવાય.'

'બાપા ! હવે ન્યૂયોર્કમાં જયંતી ઊજવીએ.'

'હા, મારીય ઇચ્છા છે.'

આવું સ્વામીશ્રી ભાગ્યે જ બોલે. પણ હવે ભક્તોને બને એટલો વધુ લાભ, બને એટલી પોતાના સ્વરૂપની વિશેષ ઓળખાણ આપવા માગતા હોય એમ સ્વામીશ્રી કેટલાક સાથે અંતરાય રહિત વર્તી રહ્યા હતા.

તા. ૨-૬-'૭૦, સવારે ૬-૧૫ વાગે ઊઠ્યા. નાડીના ધબકારા ૭૨ હતા. નિત્યકર્મથી પરવારી પૂજામાં પધાર્યા. *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...'* એ કીર્તન ગવરાવ્યું.

સ્વામીશ્રી કહે : 'રંગીલા પોળમાં સ્વામી ગવરાવતા. મોટાપુરુષની સ્મૃતિ આવે તે જ બ્રહ્મરસ. લંડનમાંથી ચાર-પાંચ યુવકોને સાધુ કરવા છે.'

આજે નાહતી વખતે સ્વામીશ્રી કહે 'જયંતીના દિવસે જેટલા (શુભેચ્છાના) તાર આવ્યા છે તેના જવાબ આપણે લખી દેવા. તમારો તાર મળ્યો ને જયંતી ઉજવાઈ ગઈ. એ વ્યવહાર ગણાય. એણે બીચારાએ ૨૫-૨૫ રૂપિયા ખરચીને તાર કર્યો હોય ને આપણે જવાબ ન દઈએ તો સારું ન કહેવાય.'

કથાવાર્તા કરવાનું ઐશ્વર્ય આપ્યું છે

'સન્ડે ટાઈમ્સ'માં સ્વામીશ્રીના સમાચાર છપાયા પછી ઘણા છાપાવાળા સ્વામીશ્રીને ઉતારે આવતા.

સવારે ૧૧-૦૦ વાગે 'ન્યૂઝ એજન્સી'ના રિપોર્ટર મિ. ડેવિસ આવી ગયા. British Broadcasting Corporation(B.B.C.)ના એક રિપોર્ટર સ્વામીશ્રીનો રેડિયો ઇન્ટરવ્યૂ (Radio Interview) લેવા ત્રણ વખત આવી ગયા.

ટેપરેકર્ડર લઈને ડેવિસે સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ ધ્વનિમુદ્રિત કરી લીધો.

ડેવિસ : 'આપને એંશીમા વરસે ઇંગ્લેન્ડ કેવું લાગે છે ?'

સ્વામીશ્રી : 'અહીં સારું છે. હવા સારી છે.'

ડેવિસ : 'પૂર્વ આફ્રિકા અને ઇંગ્લેન્ડ આ બેમાં વધારે કયું સારું લાગ્યું ?'

સ્વામીશ્રી : 'આ વધારે સારું.'

ડેવિસ : 'ઇંગ્લેન્ડમાં નીતિ બાબતમાં શું માનો છો ?'

સ્વામીશ્રી : 'બધા દેશ કરતાં અહીં સારું છે, કોઈ ચોરી કરે નહિ.'

ડેવિસ : 'જો એમ હોય તો અહીં લોકોમાં અર્થવાદ વધુ છે. સ્ત્રીઓ ટૂંકાં વસ્ત્ર પહેરે છે, બ્રહ્મચર્યનું પાલન ઓછું થાય છે, જાતીય વાસના વધુ છે, આ બધું કેમ ?'

સ્વામીશ્રી : 'એ ઠીક ન કહેવાય.'

ડેવિસ : 'સ્ત્રીને ન જોવી, તેની સાથે વાત ન કરવી, માંસ ન ખાવું, એ બધા નિયમો કડક હોવાથી આ દેશમાં ને આફ્રિકામાં પાળવા ઘણા કઠિન છે, તો તેમાં તમારું શું કહેવું છે ?'

સ્વામીશ્રી : 'અમારા ભગવાન સહજાનંદ સ્વામીએ કડક નિયમ આપેલા છે, તેના આશીર્વાદથી બધા નિયમો પળે છે.'

ડેવિસ : 'દૃઢ નિષ્ઠાવાળા અને સમજણવાળા તો નિયમો પાળે, પણ ભારતમાં અને ઇંગ્લેન્ડમાં ઘણા સામાન્ય ભક્તો છે તે કેવી રીતે પાળે છે ?'

સ્વામીશ્રી : 'તે પણ મહારાજની આજ્ઞા અને બીકથી અરધા-પરધા પાળે છે.'

ડેવિસ : 'સામાન્ય લોકો પર આપનો શું પ્રભાવ છે ? સર્વ જીવોના અંતર્યામી આપ કેવી રીતે છો ?'

સ્વામીશ્રી : 'એવું ઐશ્વર્ય શ્રીજીમહારાજે કોઈને આપેલ નથી. પોતાની પાસે જ હતું. ભગતજી મહારાજને તથા અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજને આપેલું હતું. ત્યારપછી સર્વ જનને રાજી કરવા કથાવાર્તા કરવાનું ઐશ્વર્ય આપ્યું, બીજું નથી.'

ડેવિસ : 'સ્ત્રીઓને દૂર રાખો છો, તો તેમાં કોઈ પુરુષની જેમ એકાંતિક થઈ શકે કે નહિ ?'

સ્વામીશ્રી : 'જીવુબા, મહારાજ છતાં થયેલાં. આજ પણ થઈ શકે છે.'

ડેવિસ : 'આપ મને આશીર્વાદ આપો.'

'I am blessing you. સુખી થાઓ.' સ્વામીશ્રીએ કહ્યું.

અમારું ઘર પ્રમુખસ્વામી બતાવશે

લંડનના વસવાટ દરમ્યાન મેઘાણી સાહેબે ખાસ નોંધ લીધેલી કે જ્યારે કોઈપણ વાત, પછી ભલેને તે અંગત હોય તોપણ સ્વામીશ્રી હંમેશાં પ્રમુખ-સ્વામીને બોલાવે અને પછી જ વાત સાંભળે. તેઓ કહેતા : પ્રમુખસ્વામીથી કોઈપણ વાત એમને ખાનગી નથી. એમની જાણ બહાર કોઈપણ સાથે જરાપણ વાત નહિ કરતા. આ વાતનો ત્યાં સૌને તેમજ અહીંથી આવેલા હરિભક્તો હર્ષદભાઈ વગેરેને પણ પૂરેપૂરો ખ્યાલ. આ પરથી સૌને જરૂર લાગતું હતું કે જેમ શાસ્ત્રીજી મહારાજે કહેલ કે 'મારામાં ને જોગીમાં રોમમાત્રનો પણ ફેર

નથી.' તેમ આ વાતનું પુનરાવર્તન થતું હતું ! પણ તે વખતે વધારે ખ્યાલ પણ શું આવે ?

એક વખત સ્વામીશ્રીના ઓરડામાં મેઘાણી, હર્ષદભાઈ દવે વગેરે બેઠા હતા. પ્રમુખસ્વામી પણ ત્યાં હતા.

આનંદની વાતોમાં મેઘાણી સાહેબે સ્વામીશ્રીને કહ્યું કે 'બાપા ! અમારા મનુષ્યના ઘરે આપ પધરામણી કરીને અમને જે લાભ આપો છો તે બહુ જ અવર્ણનીય છે. પણ બાપા ! જો આપનું ઘર પણ બતાવો તો મહદ્ ઉપકાર થાય.'

આ સાંભળી સ્વામીશ્રી મરમમાં ખડખડ હસતાં કહે : 'શાસ્ત્રીજી મહારાજનું ઘર અમે બતાવ્યું, અમારું ઘર આ પ્રમુખસ્વામી બતાવશે.' એમ કહીને માથે ઓઢીને આરામ કરવા પધાર્યા.

સ્વામીશ્રીની આ કેટલી નિખાલસ અંતરના ઉમળકાની વાત હતી ! પ્રમુખસ્વામી તેમનાથી અણુમાત્ર અલગ નહોતા તેવી પ્રતીતિ સૌને થઈ.

પ્રગટ સ્વરૂપ ઘાંટા પાડીને ન કહે, પણ અંતરના ઊંડાણનો રાજીપો બતાવીને ન કહેવાની વાત પણ સૌને કહી દે. પીછાણ કરાવી આપે !

હરિભક્તો તેના પર વિચાર કરતાં, મસ્તક નમાવી ને આનંદમાં બહાર નીકળ્યા અને સ્વામીશ્રી પોઢી ગયા.

આ હતો પ્રગટ સ્વરૂપના અંતરના ઊંડાણમાંથી આવતો ઉલ્લાસ !

ચતુર્થ સમારંભ

સાંજે ૭-૦૦ થી ૯-૩૦ બ્રિક્સ્ટનમાં લેમ્બેથ ટાઉન હૉલમાં ચતુર્થ સમારંભ ઉજવાયો. આજની શોભાની વિશેષતા એ હતી કે સ્ટેજ ઉપર નાનો હીંચકો ગોઠવ્યો હતો. સુંદર રીતે સજાવ્યો હતો. સૌની આગ્રહભરી વિનંતીને માન આપી, સ્વામીશ્રી કંઈક રંજ પામતા બિરાજતા હતા. ધર્મ-નિયમ પાલનમાં કોઈની મહોબત કે શેહમાં નહિ દબાનાર સ્વામીશ્રીને ક્યારેક કચવાતે મને પણ ભક્તોનો પ્રેમ અંગીકાર કરવો પડતો. જો કે આમાં ધર્મલોપનો કોઈ પ્રસંગ જ નહોતો; પણ ઇષ્ટદેવ-ગુરુ પ્રત્યે અતિ દાસત્વભાવ સેવતા સ્વામીશ્રી સારા આસન ઉપર બેસતા પણ અતિ સંકોચ પામતા. ન છૂટકે હરિકૃષ્ણ મહારાજને સાથે રાખીને બેસતા ત્યારે જ એમનું મન હળવું થતું.

કાર્યક્રમની શરૂઆતમાં જયંતીભાઈ તથા સુમનભાઈએ ધૂન ઝિલાવી. વેદગાન પછી ડૉ. કારિયાએ સ્વાગત-પ્રવચન કર્યું. પરીખ સાહેબે સભાના

પ્રમુખ દિલીપ વેદાલંકારનો પરિચય આપ્યો. સુમનભાઈના કીર્તનગાન પછી શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ સ્વામીએ પ્રવચન કર્યું. મેં કીર્તનગાન કર્યું.

સભાપ્રમુખ સ્વામીશ્રીને હારતોરા અર્પણ કરી રહ્યા હતા, ત્યારે તેમને અટકાવીને સ્વામીશ્રીએ કહ્યું કે પહેલાં ઠાકોરજીને પહેરાવો.

ભટેસા, પ્રિયદર્શી અશોકનાં પ્રવચનો પછી સભાપ્રમુખ વેદાલંકારજીએ પૂજ્ય સ્વામીશ્રી જેવા યુગપુરુષને આગળ રાખી, હિંદુ સંસ્કૃતિનું ગૌરવ વધારવા આદેશ આપ્યો. તેમણે વધુમાં જણાવ્યું કે સ્વામીશ્રીનો સંદેશ અમારી માફક વાણી નથી પણ જીવન છે.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું :

'આખા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો છે. લંડન, અમેરિકા, જાપાન ક્યાંય બાકી રાખવું નથી. ગુણાતીત સ્વામી પણ બોલ્યા છે. તેનો આધાર રાખી વાત કરશું તો આનંદના ફુવારા ઊડશે. કેફ રાખવો. કોઈનો અવગુણ ન લેવો. દિવ્યભાવ રાખવો. આ દિવ્ય ભૂમિ થઈ ગઈ. આ બ્રિક્સ્ટન હૉલનાં મોટાં ભાગ્ય ! બીજા જે કોઈ અહીં આડાં-અવળાં ભાષણ કરતાં હશે, તે બધું પાપ ધોવાઈ ગયું. નવો રાજા ગાદીએ બેસે ત્યારે જેલ દૂધે ધોઈ નાખે, કેદીઓને છોડી દે.'

ઠાકોરભાઈ પટેલે સૌનો આભાર માન્યો. સ્વામીશ્રી અત્યાર સુધી હિંડોળામાં સ્થિર બેઠા હતા. એ ભક્તોથી કેમ સહ્યું જાય ? મંચ ઉપર આવી મંડળના અગ્રણીઓએ સ્વામીશ્રીને ઝુલાવવાનો પણ લાભ લીધો. આ કંઈ હિંડોળો ઝૂલતો નહોતો, પણ સ્વામીશ્રીનાં આ દિવ્ય દર્શનથી સૌનાં અંતર ઝૂલતાં હતાં, એનો સૌને આનંદ હતો. આરતી પછી થાળ થયો અને પ્રસાદ વહેંચાયો.

આમ, ચાર-ચાર દિવસથી એકધારો આ મહોત્સવનો કાર્યક્રમ અધિક ને અધિક ઉત્સાહથી ચાલી રહ્યો હતો. હવે છેલ્લો સમારંભ બાકી હતો.

આ અમારું સ્વરૂપ છે

સવારે ઉતારે યોગેશ્વર સ્વામીએ પ્રમુખસ્વામી પૂજા કરે છે તેવો એક ફોટો સ્વામીશ્રીને દેખાડ્યો. સ્વામીશ્રીના હાથમાં લાલ શાહીવાળી પેન હતી. એમણે ફોટા ઉપર તરત જ પોતાના હસ્તાક્ષરથી 'લંડન, તા. ૩-૬-'૭૦, સાધુ જ્ઞાનજીવનદાસજી' એમ લખી આપ્યું.

પછી કહે : 'આ ફોટો પૂજામાં રાખવા જેવો છે. આ અમારું સ્વરૂપ છે. માટે પૂજામાં રાખજો.'

એ પ્રમાણે સ્વામીશ્રીએ અંતર્યામીપણે આગળથી પોતાના અનુગામી સ્વરૂપની ઓળખાણ કરાવી દીધી.

ઈંગ્લેન્ડમાં આવ્યા પછી સ્વામીશ્રી ઠંડીથી બહુ સાવચેતી રાખતા. જો કે લગભગ તો આખો દિવસ ઉઘાડ રહેતો અને સવારે ૫-૦૦ થી રાત્રે ૧૦-૦૦ સુધી સૂર્યનારાયણ દર્શન દેતા. પણ ક્યારેક વાદળાં ઘેરાતાં એ સ્વામીશ્રીને ચિંતાનો વિષય બની જતો. વરસાદ પડશે તો ? ઠંડી પડશે તો ? એટલે સવારે ઊઠીને ઠાકોરજીનાં દર્શને આવે ત્યારે આરતી થતી હોય. દીવાનખાનાના મોટા મોટા કાચમાંથી આકાશ-દર્શન થાય. એમાં જો વાદળાં દેખાય તો તરત સ્વામીશ્રી કહે : 'વાદળાંને દૂધી મારો. ખસી જાય.' દિવસ દરમિયાન પણ વાદળાં દેખાય તો કહે : 'ડંડા મારો, વાદળાંને ના પાડો.' આવી માનુષિક ચેષ્ટા કરી, સૌને મોહ પમાડતા !

કદાચ પરીક્ષા કરતા હશે કે મારી વાણીમાં કોઈને સંશય થાય છે ? આવા પ્રસંગો સેવકો ગમ્મતમાં વધાવી લેતા અને આજ્ઞા પ્રમાણે હવામાં, આકાશમાં દૂધી કે ડંડો વીંઝતા ત્યારે જ સ્વામીશ્રી સંતોષ પામતા અને રાજી થતા.

પંચમ સમારંભ

તા. ૩-૬-'૭૦, આજે અંગ્રેજી તારીખ પ્રમાણે સ્વામીશ્રીનો જન્મ દિવસ હતો. મંદિર સુંદર રીતે સજાવ્યું હતું. હૉલની એક બાજુના મંચ ઉપર સ્વામીશ્રી માટે આસન ગોઠવ્યું હતું. આજે સભામાં સૌ હરિભક્તો નીચે બેઠેલા. ઉપર અને નીચે બન્ને હૉલ ચિક્કાર ભરાઈ ગયેલા. લગભગ હજારેક હરિભક્તો એકત્રિત થયા હશે. સ્વામીશ્રીના આસનની બાજુમાં ઠાકોરજીનું સિંહાસન સુંદર સજાવીને ગોઠવેલું. દરેક સમારંભમાં ઠાકોરજીનું સુશોભિત સિંહાસન વિશિષ્ટ રીતે ગોઠવવામાં આવતું.

હારતોરા પછી વેદગાન થયું. શાહ સાહેબે સ્વાગત પ્રવચન કર્યું. આજની સભાના પ્રમુખ તરીકે પ્રફુલ્લભાઈ પટેલની વરણી હતી. ડૉ. કારિયા સાહેબે એમની ઓળખાણ આપી.

હર્ષદરાય દવે તથા સિદ્ધેશ્વર સ્વામીનાં સંબોધનો પછી શિવપ્રસાદ ત્રિવેદીએ શાસ્ત્રીય રાગમાં *'નાથ સકલ જન કે તુમ કારન...'* એ કીર્તન સુંદર રીત ગાયું.

પ્રૉ. દિલીપ વેદાલંકાર તથા પંડિત નારાયણજીએ પ્રવચનો કર્યાં. નારાયણજીએ હિન્દીમાં જણાવ્યું કે 'સંપ્રદાય એટલે ગન્તવ્ય સ્થાન. જે

ભગવાનનું ધામ છે, તે માર્ગે ચાલવું. તે આ દરેકે કરવાનું છે. માટે બધા જ સંપ્રદાયવાળા જ છે. આજે યોગીજી મહારાજ આ ધરતી ઉપર આવ્યા છે, તો થેમ્સ પણ ગંગા બની ગઈ છે.'

અંગ્રેજી તારીખ પ્રમાણે સ્વામીશ્રીનો આજે પ્રાગટ્ય દિન હોવાથી પ્રફુલ્લભાઈએ દૂધમાં બનાવેલી શુદ્ધ બે કેક બે થાળમાં તૈયાર કરાવી હતી. જેના ઉપર ૭૯ નાની મીણબત્તીઓ ગોઠવી હતી અને '79-Today' એમ લખ્યું હતું.

શ્વેત સૂતરનો કલાત્મક હાર પ્રફુલ્લભાઈએ સ્વામીશ્રીને પહેરાવ્યો. પછી પાંચ ફૂંકમાં આ બધી સળગતી મીણબત્તીઓ ઓલવી નાખવા વિનંતી કરી. એક થાળની મીણબત્તીઓ સ્વામીશ્રીએ એક ફૂંકમાં જ ઓલવી અને બીજા થાળની ત્રણ ફૂંકે ઓલવી.

અત્યંત હર્ષોલ્લાસ અને તાળીઓના ગડગડાટથી આ અદ્ભુત દર્શનને સૌ ભક્તોએ વધાવી લીધું.

'Happy Birthday to you...'

'Three cheers for Yogiji Maharaj.'

સૌ યુવાનો એક સાથે ઉચ્ચ સ્વરે ગાવા લાગ્યા.

અંગ્રેજી સંસ્કૃતિની આ પ્રચલિત વિધિમાં પણ સ્વામીશ્રીની દિવ્ય સંનિધિ સર્વત્ર ભક્તિની ખુશ્બુ પ્રસરાવતી હતી. યોગી જયંતીનો આ અંતિમ મહોત્સવ સૌને પ્રેમોર્મિના શિખર ઉપર લઈ ગયો. જ્યાં સૌનાં હૃદયાકાશમાં આનંદના મેઘ ઊતરી આવ્યા હતા.

ભગવાં વસ્ત્રો ઉપર શ્વેત પુષ્પમાળામાં સ્વામીશ્રી શોભી રહ્યા હતા. સૌની વિનંતીથી સ્વામીશ્રીએ કેક કાપવાનો પ્રયત્ન કર્યો, પણ કપાઈ નહિ. તેથી પ્રમુખસ્વામીએ તે કાપી આપી. એક અતિ નાનો ટુકડો, ઠાકોરજીને ધરાવી સ્વામીશ્રીએ અંગીકાર કર્યો.

ગુરુપૂજન થયું. લંડન મંડળ વતી મેઘાણી સાહેબ, અમેરિકા મંડળ વતી ડૉ. કાંતિભાઈ સી. પટેલ, આફ્રિકા મંડળ વતી પંડ્યા સાહેબ, એમ સૌએ પૂજન કરી ધોતિયાં ઓઢાડ્યાં. ત્યારપછી સભામાં ઉપસ્થિત દરેક હરિભક્તે પણ આજે સ્વામીશ્રીના પૂજનનો લાભ લીધો. આજે ઘણા નવા હરિભક્તો પણ આવ્યા હતા. સ્વામીશ્રી દરેકને વ્યક્તિગત રીતે મળ્યા. દરેકના ગળામાં હાથ પરોવી, હેત કરી, ઓળખાણ કાઢી, સ્વામીશ્રી સૌને પોતાની લાક્ષણિક શૈલીમાં મળ્યા.

અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'સાંભળો, વાત કરવી છે. આજે લંડન મંડળે બહુ સેવા કરી સંતોને ધોતિયાં ઓઢાડ્યાં તેનું અનંત ગણું પુણ્ય મળશે. આજે ત્રણ વાત કરવાની છે.

'ઠાકોરજી ૧૪મી તારીખે બેસશે તો દરેકે દર્શને આવવું. રવિવારની સભા અહીં ભરવી. ૫૦ માળા રાખવી. પાટલો, ચોપડો વચનામૃતનો રાખવો. મહારાજ, સ્વામી બેસશે તે સર્વોપરી ડંકો વાગશે. લંડન આખાનો ઉદ્ધાર થઈ જશે.

'બધા દેશભાઈઓને કહેવાનું હોય નહિ. પણ શુદ્ધ વર્તન રાખે. યુરોપિયનને સત્સંગ કરાવવો. લંડનમાં થાય કે ભારતના સાધુ આવ્યા હતા તેમણે સુધાર્યા.

'બધાએ એકમના થવું ને સંપ રાખવો. એકબીજામાં મનુષ્યભાવ નહિ. ઊંચે સાદે બોલવું નહિ. ગુસ્સો ખરાબ વસ્તુ છે. તે આપણને શોભે નહિ. દુર્વાસાનું ગુસ્સે બગડ્યું. કોઈ બે વેણ બોલી જાય તો પગે લાગી સહન કરવું. નમી જવું. દંડવત્ કરવા. શ્રીજીમહારાજ રોજ પાંચ દંડવત્ પૂજામાં કરતા. એક દી' એક વધુ દંડવત્ કર્યો. શુકમુનિએ પૂછ્યું : 'મહારાજ ! આજ કેમ એક વધુ દંડવત્ કર્યો ?' સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણે ઉત્તર દીધો : 'જાણ્યે-અજાણ્યે કોઈ ભગવાનના ભક્તનો દ્રોહ થઈ ગયો હોય તેના નિવારણ સારુ.'

'આપણે કોઈનું જાણે-અજાણે ભૂંડું થઈ ગયું હોય તો તેને દંડવત્ કરવા, પણ આંટી ન રાખવી.

'કોઈ સાથે આંટી પાડવી નહિ. ઊંચા સાદે બોલવું નહિ. ગુસ્સો ભગવાનના ભક્ત સંગાથે ન કરવો.

'શાંત સ્વભાવ રાખવો. ઠાકોરજી બેસશે તે આપણા દેશકાળ સુધરશે ને બીજાનાય સુધરશે.'

અગ્રગણ્ય હરિભક્તોએ આરતી ઉતારી. થાળ પછી પ્રસાદ વહેંચાયો. સભાનું સંચાલન હંમેશ મુજબ વડતાલના જશભાઈ પટેલે કરેલું. સાંજે ૬-૦૦ થી રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી કાર્યક્રમ ચાલ્યો. નવા મંદિરના યોગી હૉલમાં આ ઉત્સવ અદ્ભુત રીતે ઉજવાયો.

યુવક મંડળ પ્રવૃત્તિ

અહીંના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ યુવક મંડળની પ્રવૃત્તિને વેગ આપવા વ્યવસ્થિત રચના કરી. અહીં સત્સંગ મંડળની પ્રવૃત્તિ છેલ્લાં ૧૭ વર્ષથી આફ્રિકાથી અહીં આવી વસેલા મેઘાણીના પ્રયાસથી અને પ્રૉ. નવીન સ્વામિ-

નારાયણ, પ્રફુલ્લભાઈ પટેલ, પ્રહ્લાદભાઈના સહકારથી ચાલતી હતી. સ્વામીશ્રી અવારનવાર પત્રો લખી સૌને ખૂબ પ્રેરણા આપતા હતા. અન્નકૂટ અને બીજા ઉત્સવો પણ મોટા હૉલ ભાડે રાખીને સત્સંગીઓ ઉત્સાહથી ઊજવતા હતા. પણ હવે આફ્રિકાથી જે હરિભક્તો અહીં સ્થાયી થવા આવી રહ્યા હતા, એના કારણે હરિભક્તોની સંખ્યા અને સત્સંગ-પ્રવૃત્તિમાં વૃદ્ધિ થવા લાગી. મોટેરા હરિભક્તોની સાથે યુવકોનું જૂથ પણ વધવા લાગ્યું.

વાસુદેવભાઈ પટેલ તથા અરવિંદભાઈ પટેલની મુખ્ય કાર્યકરો તરીકે સ્વામીશ્રીએ નિમણૂક કરી. અરવિંદભાઈએ તો સ્વામીશ્રીના આગમન પૂર્વે એક માસથી રજા લઈ સ્વામીશ્રી માટે મકાન ખરીદી લઈ, ઉતારાની ઉત્તમ સગવડ આપી, અપૂર્વ ભક્તિ દાખવી હતી. તેમના પ્રેમને વશ સ્વામીશ્રી તેમના બધા સંકલ્પો પૂરા કરતા, દોઢ માસ સુધી તેમને ત્યાં રહ્યા. તેઓ સ્વામીશ્રીને ઘણી વાર 'રાજાધિરાજ' કહીને સંબોધતા અને હેતમાં આવી જઈ કહેતા કે 'તમે રાજાધિરાજ થઈને મોળી વાત કરો છો. પરચો બતાવો. આખું લંડન રંગાઈ જાય.' ત્યારે સ્વામીશ્રીનું ગુલાબી વદન મહિમાના આ ઉદ્‌ગારોથી વધુ મોહક બનતું.

પ્રમુખસ્વામી અને અન્ય સંતોના ઉતારા માટે અહીંના જૂના પ્રેમી યુવાન ભક્ત ચિત્તરંજનભાઈએ પણ પોતાનું મકાન ખાલી કરી આપ્યું હતું અને સંતોની સેવામાં ખડેપગે રહ્યા હતા.

પ્રમુખસ્વામી અને સંતોને ઉતારેથી સભા સ્થળે લઈ જવાની સેવા સત્સંગ મંડળના જૂના યુવક ડાહ્યાભાઈ સી. પટેલ ઉત્સાહપૂર્વક કરતા. સંતોની નાની-મોટી સેવામાં પણ તેઓ પ્રેમથી જોડાતા.

૧૯૬૦માં સ્વામીશ્રી બુલોપા (યુગાન્ડા) પધાર્યા ત્યારથી તેમને સત્સંગનો વિશેષ રંગ લાગ્યો હતો.

એક વાર પધરામણીમાં મોટરમાંથી ઊતરતાં સ્વામીશ્રીને તેમણે હાથનો ટેકો આપ્યો; પરંતુ એટલું બધું વજન લાગ્યું કે હાથ રહી ગયો. તેમણે વિચાર્યું : હવેથી આપણે ટેકો આપવો નહીં.

પધરામણી પછી સભા બાદ સ્વામીશ્રીએ પાછા ફરતી વખતે તેમને નજીક બોલાવ્યા. આગ્રહપૂર્વક સેવા આપી હાથનો ટેકો લીધો. પરંતુ આશ્ચર્ય ! એ હાથ તદ્દન હળવો ફૂલ હતો. આ દિવ્ય અનુભવ પછી તેમણે વર્તમાન ધારી તમામ વ્યસનો છોડ્યાં અને નિષ્ઠાવાન આશ્રિત બન્યા.

આ વખતે સ્વામીશ્રીએ તેમની સેવાથી રાજી થઈ, ખૂબ પ્રેમથી પ્રસાદ

પીરસ્યો. ડાહ્યાભાઈ ના પાડતા જાય ને સ્વામીશ્રી તેમને પીરસતા જ જાય. આ સ્મૃતિ તેમનું દિવ્ય સંભારણું બની ગઈ. તેમને કઈ રીતે આટલું ખવાયું તે સમજાયું નહીં; પણ પ્રસાદથી જે પરિતૃપ્તિ મળી તેમાં જ ધન્યતા મનાઈ. સ્મૃતિ-દાનમાં સ્વામીશ્રી કોઈ મણા રાખતા નહીં.

તા. જથીએ ઈસ્ટમાં પૂનમભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા પહેલાં તેમને ત્યાં એક દિવસ રોકાવાનો કાર્યક્રમ હતો. તેમણે સ્વામીશ્રીને સ્નાનાદિકની સુગમતા માટે ખાસ બાથરૂમ તૈયાર કર્યો હતો. પાછળથી રોકાવાનું બંધ રહ્યું. સ્વામીશ્રી જમ્યા પછી કથા કરી, ૩-૧૫ વાગે સ્નાન માટે પધાર્યા. તેમના દીકરા ગિરીશભાઈને બોલાવીને સ્નાન કરાવવાનો લાભ આપ્યો. ગિરીશભાઈ 'પોલ જમ્પ'ના સારા ખેલાડી હતા. સ્વામીશ્રીએ તેમના રમતના ફોટા જોઈ બહુ આશ્ચર્ય વ્યક્ત કર્યું અને આશીર્વાદ આપ્યા.

અહીંથી પીજના આશાભાઈને ત્યાં પધાર્યા. તેમણે પણ સારી તૈયારી કરાવી હતી. તેમને પણ રાજી કર્યા. નીકળતાં ખુરશીમાં બેસતાં ધોતિયાનો આગલો છેડો નીકળી ગયો, ત્યારે તે ખોસતાં બોલ્યા :

'ઘડપણ કેણે મોકલ્યું... એ કીર્તન છે. ઘડપણમાં આવું થાય.'

દેશોદેશના પ્રતિનિધિને આમંત્રણ

અહીં પ્રતિષ્ઠા-દિન નજીક આવી રહ્યો હતો. સૌના ઉત્સાહ કરતાં સ્વામીશ્રીનો ઉત્સાહ વિશેષ હતો. અહીં એમણે મેઘાણી વગેરે હરિભક્તોને કહેલું : 'આપણે દરેક દેશના એલચીઓને, કમિશનરોને આમંત્રણ આપીને પ્રતિષ્ઠાએ બોલાવવા.'

'પણ બાપા ! એ તો આવાં ધાર્મિક કાર્યોમાં ભળે પણ નહિ.' એક હરિભક્તે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'આપણે તો આમંત્રણ દેવાં. મહારાજ-સ્વામીને જેમ કરવું હશે તેમ કરશે. આપણે તો બધા દેશમાં સ્વામિનારાયણનું નામ ગાજતું કરવું છે. તે માટે આમંત્રણ દઈ દ્યો.'

સ્વામીશ્રીની આજ્ઞાથી ભારતીય કમિશનર આપા સાહેબ પંતને પ્રતિષ્ઠામાં લાવવા ચક્રો ગતિમાન થયાં. અને તેઓ પણ પ્રતિષ્ઠામાં ઉપસ્થિત રહ્યા.

સ્વામીશ્રીને ઉપાસનાની વાત ક્યાં ક્યાં, કેવા કેવા માણસોને પહોંચાડાવવાનું તાન હતું !

સેવા કરે તે પ્રમુખ

મંદિરના 'યોગી હૉલ'માં જ સાંજે ૬-૦૦ થી ૮-૦૦ સત્સંગ સભા થતી. સ્વામીશ્રી ઉતારેથી મોટરમાં નીકળી સભા સમયે મંદિરમાં આવી પહોંચતા.

મંદિરમાં સભા ભરાઈ હતી. હરિભક્તો જેમ જેમ આવતા જતા, તેમ તેમ સ્વામીશ્રીનાં દર્શન કરીને બેસતા જતા હતા. સ્વામીશ્રીની બાજુમાં હકાભાઈ ખાચર બેઠા હતા. સ્વામીશ્રીએ તેમને દરેક હરિભક્તની ઓળખાણ આપવાની શરૂઆત કરી.

પહેલાં લંડન મંડળના પ્રમુખ મેઘાણી સાહેબ આવ્યા, એટલે સ્વામીશ્રી બોલ્યા કે 'આ લંડન મંડળના પ્રમુખ.' પછી વડતાલના જશભાઈ આવ્યા, એટલે સ્વામીશ્રી કહે : 'આ લંડન મંડળના પ્રમુખ.' આથી હકાભાઈ વિચારમાં પડી ગયા કે લંડન મંડળમાં બે બે પ્રમુખો કેવી રીતે હોઈ શકે ? ત્યાં વળી પ્રફુલ્લભાઈ આવ્યા, એટલે સ્વામીશ્રીએ ઓળખાણ આપી કે 'આ લંડન મંડળના પ્રમુખ !'

હવે હકાભાઈથી રહેવાયું નહીં. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું કે 'બાપા ! લંડન સત્સંગ મંડળના કેટલા પ્રમુખ છે ?'

સ્વામીશ્રી મંદ હસીને બોલ્યા કે 'જે સેવા કરે તે પ્રમુખ !'

સ્વામીશ્રીનો આવો મર્મથી સભર ઉત્તર સાંભળીને હકાભાઈ વિચારમાં જ ખોવાઈ ગયા. 'સેવા કરે તે મહંત' એ ગુણાતીતાનંદ સ્વામીનું સૂત્ર સૌને સાંભરી આવ્યું.

ભગવાન ને સંતને મૂકી રખડી ન પડવું

સાંજે ૭-૧૫ વાગે અમૃત વાણી ઉચ્ચારતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'અમે અહીં આવતા હતા. તે મારગ ભૂલી ગયા તો પોણો કલાકનો ફેર પડ્યો. અમે રખડી પડ્યા. તેમ ભગવાન ને સંત છે, તેમને મૂકી ક્યાંય રખડી ન પડાય તે કરવું. અક્ષરધામમાં આપણે જવું છે. રસ્તો જો નક્કી હોય ને સીધો હોય તો જવાય, નહિ તો ભગવાન ગોલોક, વૈકુંઠમાં મૂકી દે. ભગવાનના ધામમાં જાવું છે, તો ભોમિયો જોઈએ. અક્ષરધામના સંતો આડે-અવળે ન લઈ જાય. 'આજ તો અલભ્ય લાભ મળ્યો છે...'

'સત્સંગનો પ્રચાર ત્રણ વાનાંથી થાય. સંપ, સુહૃદભાવ ને એકતા. શ્રીજી-મહારાજ સાથે પાંચસો પરમહંસ હતા. તેમને સંપ હતો. કોઈનું કોઈ ઘસાતું

બોલતો હોય તો કાન ન ધરીએ. કાન ધરીએ તો ડબલ કહેવા આવે. પણ તેને કહી દેવું કે 'તું બોલીશ નહિ.' તો ફરી ન આવે.

'આ મંદિર થયું તે સંપ વિના ન હાલે. અમે ત્રણ વખત હિન્દુસ્તાનની જાત્રા કરી. તમામ તીર્થ ફર્યા. બધે જોયું. પણ સ્વામિનારાયણ સિવાય ક્યાંય ઊંચું ન જોયું. મંદિરો, દરવાજા મોટા; પણ અંદર અંધારું. શ્રીનાથજી ગયા, થાળ સાતસો રૂપિયાનો કર્યો. ઉતારો ન દીધો પણ બેસવાય ન દીધા ! ગાડીમાં રહ્યા. પડદા બે મિનિટમાં પાડી નાખે. એમણે ઠોર આપ્યો, તે ભાંગે નહિ. શ્રીજી-મહારાજે મંદિરો સ્થાપ્યાં છે, તે દર્શન ખુલ્લાં. એવી પ્રથા કાઢી કે કોઈ ભૂલ ન કાઢી શકે. આંધળોય ભાળી શકે એવું અજવાળું હોય.

'અમે કાશી ગયા. વિશ્વનાથનાં દર્શને સાંકડી શેરીમાંથી ગયા. બૈરાં ઘણાં, અમે ભૂખ્યા, તરસ્યા, માંડ માંડ પેસાણું - બ્રાહ્મણને દસ રૂપિયા દેવા પડ્યા. પરોક્ષમાં આવું છે.

'પરીખ સાહેબ હરેકૃષ્ણ મંદિરે લઈ ગયા. કેવું નાચે-કૂદે ! કેવો પ્રેમ ! ઊંધા પડે. માથે મુંડા કરાવેલા. કેટલો બધો દાખડો કરે છે ! આપણી પ્રાપ્તિ મોટી; સાધન કાંઈ નહિ. અક્ષરધામમાં જવાનું. શ્રીજી-મહારાજનો આશરો ને પ્રેમ-ભક્તિ રાખીએ તો મહારાજ રાજી થાય.'

સ્વામીશ્રી લંડન પધાર્યા ત્યારથી ઈંગ્લૅન્ડમાં વસતા તમામ સત્સંગી ભાઈઓ, દૂર દૂરથી સ્પેશિયલ કોચ અને મોટરો લઈને સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેવા દોડી આવતા. લેસ્ટરના ભૂપેન્દ્ર ભટ્ટ અને અન્ય હરિભક્તોના આગ્રહથી ત્યાંનો કાર્યક્રમ નક્કી થયો.

બીજે દિવસે ડૉલીસ હિલથી નીકળી, એક-બે પધરામણી કરી, વેમ્બલીમાં ચંદુભાઈને ત્યાં સ્વામીશ્રી જમવા પધાર્યા ત્યારે સમય ઘણો થઈ ગયો હતો. સ્વામીશ્રી મોડા આવ્યા એટલે ભટેસાએ તુરત પૂછ્યું : 'અહીં નજીક છે છતાં મોડા કેમ આવ્યા ?'

પધરામણીએ ગયા હતા એ જાહેર નહોતું કરવાનું, એટલે સંતો વિચારતા હતા કે સ્વામીશ્રી શું જવાબ આપે છે !

'આ લંડન છે, મોડુંય થઈ જાય.' સ્વામીશ્રીએ ઠાવકાઈથી ઉત્તર વાળ્યો.

ઝેર પીવાનો રસ્તો ન લેવો

બપોરે કથામાં વચનામૃત પ્રથમ ૩૫ વંચાવતાં સ્વામીશ્રીએ કોઈનો પણ

અવગુણ ન લેવાની વાત કરતાં કહ્યું :

'જ્યાં સુહૃદભાવ હોય ત્યાં નિયમ-ધર્મની વાત કરવી પડે. જ્યાં નિયમ પાળતા હોય, ત્યાં મહારાજના સર્વોપરીપણાની વાત કરવી પડે.

'દેહનો અવગુણ આવે છે ? દસ વાર ખાડે જવું પડે તોય ન આવે. દેહ જેવા સાધુને જાણવા. અવગુણ કોઈનો જોવાનો, ઝેર પીવાનો રસ્તો ન લેવો. સરપની લાળ એક ટીપું દૂધપાકમાં પડી હોય તો ઝેર કરી નાખે. નાનાનો અવગુણ લેતાં ઠેઠ મહારાજનોય આવી જાય. માટે ઈ રસ્તા બંધ. કૅન્સલ (કૅન્સર) થયું તે જીવે જ નહિ. થોડો અસુર હોય ને અભાવ લઈને વયો જ જાય. મોક્ષનું જતન કરવું.'

આ યાદ રાખજો

સ્વામીશ્રી કંઈક કાર્ય નિમિત્તે ઊઠ્યા ને એમને ઊભા કરવા જતાં નારાયણ ભગતનું માથું એમના માથા સાથે અફળાયું.

'વાંધો નહિ, આ યાદ રાખજો. દાજી બાપુ ને હીરજી બાપુનું માથું ભટકાય ત્યારે બન્ને દંડવત્ કરતા. માથું ભટકાણું તે સ્મૃતિ રહેશે.' સ્વામીશ્રીએ એવું તો આત્મીયતાથી કહ્યું કે જાણે કશું બન્યું જ નથી.

જે પ્રસંગને સંભારીએ તો આપણી ભૂલ બદલ આપણને દુઃખ થાય, એવા પ્રસંગને પણ સ્વામીશ્રીએ 'સ્મૃતિ'ની દિવ્યતા આપી દીધી.

આજે બપોરે આરામ બાદ ઊઠ્યા ત્યારે કહે : 'આજે સ્વપ્નું આવ્યું. શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. સારંગપુર સભામાં બેઠા હતા. ત્યાં ત્રણ બ્રહ્મચારી આવ્યા. મેં પૂછ્યું : 'તમે કોણ છો ?' તો કહે : 'હું મુકુંદ બ્રહ્મચારી છું.' બહુ રાજી થયા. કોઈ દિવસ દર્શન કરેલાં નહિ. શાસ્ત્રીજી મહારાજને વાત કરી. માથે મુંડો ને શોભે, શાસ્ત્રીજી મહારાજે સભામાં બેસાડ્યા. પછી મેં કહ્યું : 'એમની પાસે મહારાજની લીલાની વાતો કરાવો. પછી અડધો કલાક મહારાજનાં ચરિત્રોની વાત કરાવી. ત્યાં ઘનશ્યામચરણ સ્વામી આવ્યા. મેં શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'આ સારાં કીર્તન ગાય છે.' પછી શાસ્ત્રીજી મહારાજ પાસે *'વ્હાલા રૂમઝૂમ કરતાં કાન મારે ઘેર આવો રે...'* એ કીર્તન ગાયું. શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી થયા ને માથે બે હાથ મૂક્યા.'

બેનબરી થઈ લોફબરો

તા. ૬ઠ્ઠીએ સાંજે ૪-૩૦ વાગે સ્વામીશ્રી લંડનથી મોટરોમાં સંતો-

હરિભક્તો સાથે નીકળ્યા. રસ્તામાં બેનબરીમાં કરમસદના મુકુંદભાઈને ત્યાં પધરામણી થઈ. અહીં 'બેનબરી ગાર્ડિયન'ના ફોટોગ્રાફર અને પત્રકાર મિ. જોનસન અને મિ. ડેનીશ સ્થાનિક ખબરપત્રીઓ સ્વામીશ્રીની મુલાકાતે આવ્યા. સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. એમાં સમય ઘણો નીકળી ગયો. રાત્રે ૮-૦૦ વાગે લેસ્ટર આવી પહોંચ્યા. અહીંથી ૨૦ માઈલ દૂર લૉફબરોમાં ૬-૩૦ વાગે જાહેર સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. તેથી લેસ્ટર અને લૉફબરોમાં સૌએ સ્વામીશ્રીના આગમનની ખૂબ પ્રતીક્ષા કરી.

લૉફબરોમાં રામકૃષ્ણ સેન્ટર તરફથી ટ્રીનિટી ચર્ચ હૉલમાં સ્વામીશ્રીનું સ્વાગત થયું. રાત્રે ૯-૦૦ વાગે સભાનો આરંભ થયો. ધીરજ ધારી સૌ બેસી રહ્યા હતા. એ જ સ્વામીશ્રીનું ખેંચાણ હતું. હૉલ ચિક્કાર ભરાયેલો હતો. કોઈ ખસ્યું ન હતું. કરુણા અને પ્રેમથી ભીંજાયેલા સ્વામીશ્રીનાં મુખદર્શનથી સૌનાં સંતપ્ત હૈયાં સંતૃપ્ત થઈ ગયાં.

ધૂન-ભજન બાદ શાસ્ત્રી સ્વયંપ્રકાશ સ્વામી તથા આશાભાઈ પટેલ, મેઘાણી અને પ્રમુખસ્વામીએ પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીની અમૃત વાણીના શ્રવણથી સૌને વિશેષ સંતોષ થયો. પાંચસો ઉપરાંત મુમુક્ષુઓએ લાભ લીધો.

લેસ્ટરમાં

અહીંથી ૧૦-૦૦ વાગે નીકળી, એક પધરામણી કરી, પાછા લેસ્ટર આવવા નીકળ્યા. લેસ્ટરમાં જ્યાં ઉતારો હતો એ સરનામું અમારી પાસે ન હતું, તેથી ભૂલા પડ્યા. સ્વામીશ્રી બહુ થાકી ગયા હતા. વારે વારે કહે : 'ઉતારા ભેગા કરો.' પણ મોડું વધુ થતું જાય. ૧૧-૦૦ વાગે ઉતારે પહોંચ્યા. પછી સ્થાનિક હરિભક્તોએ સ્વાગત કર્યું. સ્નાનાદિકથી પરવારી ૧૨-૦૦ વાગે આરામમાં પધાર્યા.

અમે ભૂલા પડ્યા તે દરમિયાન મોટરમાં સ્વામીશ્રીનું હસવું સમાતું નહોતું. એમાં એમણે એક વાત કરી. એટલા તો હસે કે આપણને શું બોલે છે, તે સમજાય નહિ : 'એક બ્રાહ્મણ સરાવતો હતો. તે કણબીના છોકરાને કહ્યું : 'જેમ બોલાવું એમ બોલ.' છોકરો કહે : 'ભલે.' બોલાવે એમ બોલે. પછી કહે : 'મારીશ ?' તો છોકરો કહે. 'હું મારીશ.' એમ કહી બ્રાહ્મણને માર્યો. તે બ્રાહ્મણ અધમૂઓ થઈ ગયો. ને કહે : 'સરાવણું નો કરાવું.' એમ આપણે ક્યાં જઈએ છીએ એ જ ખબર નથી.'

આમ, સ્વામીશ્રી અકળામણના ઘણા પ્રસંગોમાં રમૂજ કરી વાતાવરણ હળવું કરી દેતા. આવી જૂની જૂની રમૂજી વાતો સ્વામીશ્રી પ્રસંગોપાત્ત કરતા ને સૌને બ્રહ્માનંદ કરાવતા. બે દિવસ પહેલાં પણ માર્ગ ભૂલ્યા હતા, તેનો ઉલ્લેખ સ્વામીશ્રીએ કથાવાર્તામાં વણી સૌને સ્મૃતિ આપી હતી.

સ્વામીશ્રી અને સંતોનો ઉતારો ભૂપેન્દ્રભાઈ ભટ્ટને ત્યાં હતો.

બીજે દિવસે સવારે ટેલીવિઝન ઉપર સ્વામીશ્રીના લંડન આગમનના સમાચાર તથા મૂર્તિપ્રતિષ્ઠા વિધિના સમાચાર, કાર્યક્રમોની વિગત સાથે, ફોટાઓ સહિત પ્રસારિત કરવામાં આવ્યા હતા. આ સમાચારથી ઇંગ્લૅન્ડ અને યુરોપમાં વસતા લાખો લોકોએ, ભારતીયોએ ટેલીવિઝન ઉપર સ્વામીશ્રીનાં દર્શન કર્યાં.

લંડન તેમજ બીજાં શહેરોમાંથી પધારેલા બસો જેટલા મહેમાનો માટે ડાહ્યાભાઈને ત્યાં જમવાની વ્યવસ્થા કરી હતી. લંડનથી બે કોચ તથા પાંચ મોટરમાં હરિભક્તો આવ્યા હતા.

બપોરે કથા પ્રસંગમાં સમજાવ્યું : 'આ જ મારા મોક્ષના દાતા છે, એમ સમજે તે ગુણ આવ્યો કહેવાય.'

કથા પછી સ્વામીશ્રી સ્નાન માટે પધાર્યા અને આ યાત્રામાં પહેલી વાર ટબમાં પાટલો ગોઠવીને નાહ્યા.

'અમે દેશકાળી. ટબમાં એક ડોલથી નાહીં લઈશું.' ટબમાં નાહતી વખતે કહે : 'અમે મુંબઈમાં નિર્ગુણ સ્વામી હારે જતા તે નંદાજીને બંગલે, ટબમાં નળે ઉભડક બેસી ને લોટે લોટે ઠંડા પાણીએ નાહી લેતા. 'આવું જ જોઈએ' એવો ઠરાવ નહિ. ઠરાવમાં દુ:ખ ને ગુજરાનમાં સુખ.'

ધોતિયું પહેરતાં કહે : 'અમે તો કોઢમાંય સૂઈ રહીએ ને મોટરમાંય પડ્યા રહીએ.'

ડાહ્યાભાઈ, ભૂપેન્દ્ર ભટ્ટ, નવનીત પંચોલી, છોટાભાઈ, પ્રભુદાસ પટેલ, ડૉ. હરિકૃષ્ણભાઈ પટેલ વગેરે હરિભક્તોના ઉત્સાહથી લેસ્ટરમાં પણ સાંજે ૩-૩૦ થી ૬-૩૦ વેસ્લી હૉલમાં જાહેર સત્સંગ સભાનું આયોજન થયું. ગુજરાતી હિન્દુ ઍસોસિયેશનના પ્રમુખ કાશીકર ગોસ્વામી સભાપ્રમુખ હતા.

ધૂન, ભજન અને વેદગાન બાદ હર્ષદભાઈ, આશાભાઈ, હકાભાઈ, મેઘાણી, મહંત સ્વામી અને પ્રમુખસ્વામીએ સત્સંગ-વિષયક પ્રવચનો કર્યાં.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં મનુષ્ય દેહની દુર્લભતા સમજાવી. ભગવાનનો દૃઢ આશરો કરી વ્યસન મૂકી દેવા અને હિન્દુ સંસ્કૃતિ ટકી રહે એવું

જીવન જીવવા આદેશ આપ્યો હતો. લગભગ હજારથી વધુ મુમુક્ષુઓએ સભામાં લાભ લીધો હતો.

પ્રમુખસ્વામી અને સંતોની ૨૦ ઘેર પધરામણી થઈ હતી.

તા. ૮મીએ સવારે સ્વામીશ્રીએ લેસ્ટરમાં સત્સંગ મંડળની સભા ભરવા આજ્ઞા આપી હતી. એ પ્રમાણે અઠવાડિક સભા હોવાથી, ડૉ. હરિકૃષ્ણભાઈ પટેલને ઘેર ભરાશે - એવું નક્કી થયું.

લ્યુટનમાં

અહીંથી સવારે ૧૦-૦૦ વાગે નીકળી, લંડન જતાં રસ્તામાં સ્વામીશ્રી લ્યુટન પધાર્યા. અહીં સેજાકૂવાના મધુસૂદન અંબાલાલ પટેલને ત્યાં ઠાકોરજી જમાડ્યા. અહીં આજુબાજુમાં બે-ત્રણ પધરામણી કરી. એક અંગ્રેજ પાડોશી મિ. કીલે પણ દર્શનનો લાભ લઈ, કંઠી ધારણ કરી, માળા-પૂજાનો નિયમ લીધો હતો.

અહીં બપોરની કથામાં વચનામૃત. ગ.અં. ૩૪ સમજાવતાં સ્વામીશ્રી કહે :

'મહારાજનું પોતાનું મંદિર, પોતે ચણાવ્યું ને વચનામૃતમાં લખ્યું, ગોપીનાથજીના મંદિરમાં બિરાજમાન હતા. પોતે તેનાથી ન્યારા છે, જુદા છે, તેમ સમજાવે છે.'

લ્યુટનથી લંડન જતાં મોટરમાં ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આ શહેરમાં માણસો કોઈ કોઈને કાંઈ પૂછે નહિ. કોઈ કોઈની ટીકા કરે નહિ. એ ગુણ સારો છે.'

'બધા જ અવગુણના - પાપના ભરેલા અહીં છે. તે કોણ કોનું પૂછે ?' વિષયાસક્ત જીવ, બહારથી ભલે સુઘડ જણાય પણ એના પામરપણાની અવહેલના કરતાં સ્વામીશ્રીએ કહ્યું.

રાત્રે ડૉ. બાબુભાઈ કારિયાને બંગલે, કેન્ટમાં પધાર્યા. અપકન્ટ્રીના સફળ કાર્યક્રમથી કોવેન્ટ્રી બર્મિંગહામ, માન્ચેસ્ટર વગેરે સ્થળોએથી પણ હરિભક્તોનાં આગ્રહભર્યાં આમંત્રણો આવ્યાં હતાં.

મંડળના અગ્રણી કાર્યકર ડૉ. કારિયા સાહેબના વિશાળ બંગલામાં સ્વામીશ્રીએ એક દિવસ આરામ લીધો.

કચરિયું ગાડું

સવારે ઊઠીને તરત સ્વામીશ્રી વાતો કરતા. ક્યારેક સમજણની, તો

ક્યારેક સ્વપ્ન-દર્શનની. ક્યારેક જૂના પ્રસંગો કહે, ક્યારેક પોતાનાં સ્વાસ્થ્યની વાત કરે. પોતાની વાત કરે એમાં પોતાને માટે તો કુત્સિત શબ્દો જ આવે. સૌના જીવનપ્રાણ સ્વામીશ્રી પોતાની તો હંમેશાં અવગણના કરતા જ જણાય.

બીજે દિવસે સવારે કહે : 'અમારું તો કચરિયું ગાડું. આખી રાત કચરિયાં ગાડાં હાલે (દેશમાં). ખેડૂત ઝોલાં ખાતાં ખાતાં હાંકે. તેમાં કચરો ભર્યો હોય.'

પોતાના દેહને કચરિયા ગાડાની ઉપમા આપી અને પોતાની દેહદશા વર્ણવી કે ઊંઘ આવે - ન આવે, પડખાં ફરીએ અને મહારાજની, શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરતાં સવાર પડી જાય.

વળી સ્વામીશ્રી કહે : 'આજે સ્વામીનાં દર્શન થયાં. અટલાદરામાં વસંતનો સમૈયો હતો. પાદરાથી ઢગલાં મોઢે શાક આવ્યું હતું. બે હાથ ઊંચું ને એક વાંસ લાંબું થાય એટલું શાક હતું. શાકમાં રીંગણાં, ટામેટાં, મોગરી, ફુલાવર અને કોબી હતાં. કોથમરી બહુ હતી.

'મને સ્વામીએ કહ્યું : 'તમે અન્નકૂટની જેમ આ બધું નોખું નોખું પાડો. નબળું શાક, પાંદડાં બધું કાઢી નાખો.'

'પછી હું ને બીજા બે-ત્રણ સાધુઓ મળી બધાં શાક નોખાં પાડ્યાં.

'પછી સ્વામીએ કહ્યું : 'આના ઉપર ભીનું મોદિયું ઢાંકી દ્યો ને બાજુમાં ભીના કોથળા ઢાંકો.'

'ત્રણ દી' સમૈયો હાલે તેથી શાક બગડે નહિ.'

સવારથી ડૉ. કારિયાના બંગલાની પાછળ વિશાળ બાગમાં કુદરત વચ્ચે બેઠા હતા. ગાર્ડન સ્વીન્ગ-હીંચકામાં થોડું બેઠા. અહીં બેસીને પત્રો લખ્યા. ત્યારે એક ભક્તે પૂછ્યું : 'સ્વામી ! તમે કઈ ભાષામાં લખો છો ?'

'અક્ષરધામની ભાષામાં, કોઈ સમજી ન શકે !' સ્વામીશ્રીએ સહજપણે કહ્યું.

અહીંથી સ્વામીશ્રીએ નૈરોબી શાંતુભાઈ એ. પટેલને પત્ર લખ્યો, જેમાં મોક્ષનો કોલ આપતાં લખ્યું : 'તમે બધા મારામાં જોડાયા છો, તો અક્ષરધામમાં તો લઈ જઈશ, પણ તમો બધાએ છે. ૨જું, છે. ૭મું અને ૧૧મું વચનામૃત અવશ્ય વાંચીને સમજવાં.'

બપોરે ઠાકોરજી અહીં બગીચામાં જ જમાડ્યા. પછી કથામાં અંત્યનું ૭મું વચનામૃત વંચાવતાં વાત કરી :

'મહારાજ સંત દ્વારે - અક્ષર દ્વારે સદા સાકાર છે. ભગવાનના એકાંતિક સંત - અક્ષરધામ એ ભગવાનનાં ચરણારવિંદ છે.'

અંગ્રેજોએ થેમ્સ નદી નીચે ટનલ બાંધી છે. લગભગ એકાદ માઈલ લાંબી ટનલમાંથી મોટરો-ટ્રકો વગેરે ભારે વાહનો પસાર થતાં રહે છે. ઉપરથી થેમ્સ નદીનાં પાણી વહે છે. આ ટનલમાંથી પસાર થતાં સ્વામીશ્રીએ અંગ્રેજોની બુદ્ધિની પ્રશંસા કરી અને થેમ્સ નદીમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સ્નાન કરાવી, અનેક જીવોનું કલ્યાણ કરવાનો શુભ સંકલ્પ કર્યો.

મૂર્તિપ્રતિષ્ઠાની તૈયારીઓ

લંડન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો દિવસ હવે નજીક આવી રહ્યો હતો. ઘણી તૈયારીઓ હજી બાકી હતી. મંદિર તથા હૉલની સજાવટ અને શણગારમાં પ્રહ્‌લાદભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, પૂનમભાઈ, કનુભાઈ (B.O.A.C.) કનુભાઈ ભટેસા, ડૉ. કારિયા, જગદીશભાઈ, વાસુદેવભાઈ, ઘનશ્યામભાઈ, બિપીનભાઈ, ભીખુલાલ, નવનીતભાઈ ભગત, નટુભાઈ, જશભાઈ (કાર્ડિફ) વગેરે યુવકો તથા હરિભક્તો દિવસ-રાત મંડ્યા હતા. કામની વિશાળતા અને સમય-મર્યાદા જોતાં જણાતું હતું કે સમયસર કામ પૂરું થઈ નહિ શકે. પણ સ્વામીશ્રીને રાજી કરવાની સૌની તમન્ના તીવ્ર હતી. કારિયા સાહેબ જેવા ડૉક્ટર પણ હાથમાં બ્રશ અને રંગનું ટીન લઈને રંગ-રોગાન કરવા લાગ્યા હતા. મંદિરની તૈયારીમાં નાનું-મોટું ગમે તેવું મજૂરીનું કામ કરવા સૌ તત્પર હતા.

લગભગ પચાસેક યુવકો સેવાયજ્ઞમાં જોડાયા હતા. સાથે સંતો પણ ખરા, પ્રમુખસ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સંતો સૌને માર્ગદર્શન આપતા હતા. સ્વામીશ્રી પણ સાંજે સભા પ્રસંગે ત્યાં જ બિરાજતા પોતે ટપાલ લખતા હોય, વચ્ચે વચ્ચે કામ જોતાં રહે. કોઈ સમાગમમાં બેસવા આવે તો તરત ઊભા કરી, કામમાં જોડી દે અને સૌને અમીદૃષ્ટિથી આશીર્વાદ આપતા રહે.

શાસ્ત્રીજી મહારાજે આરતી ઉતારીને, પ્રસાદીની કરીને કંપાલા મંડળને મોકલેલી – અક્ષરપુરુષોત્તમ તથા ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિઓ, જે કંપાલામાં પ્રભુદાસ લાલાજીના ઘરમંદિરમાં – હરિમંદિરમાં વર્ષો સુધી પૂજાઈ, તે મૂર્તિઓ ફ્રેમ કરાવીને સ્વામીશ્રી કંપાલાથી સાથે લઈ આવ્યા હતા. વળી, મૂર્તિઓ માટેનું સિંહાસન પણ લંડનમાં અંગ્રેજ કારીગર પાસે ખાસ ભારતીય ઢબનું સુંદર તૈયાર કરાવ્યું હતું. મંદિર માટે આરતી, ઘંટડી, દીવાબત્તી વગેરે સ્વામીશ્રીએ ખટકો રાખીને અગાઉથી મગાવી લીધાં હતાં. ઠાકોરજીની પૂજાનાં નાનાં-મોટાં ઉપકરણો માટે સ્વામીશ્રી બહુ ચીવટ રાખતા.

તા. ૧૦મીએ કનુભાઈ ભટેસાને ઘેર ઠાકોરજી જમાડ્યા. મુંબઈથી ડૉ. રમેશભાઈ શાહે હાફુસ કેરીઓ મોકલી હતી, એ જમાડી. કથામાં વચનામૃત વરતાલનું ૧૫ વંચાવતાં સ્વામીશ્રીએ વાત કરી : 'અત્યારે યુવકોએ કથામાં બેસવાનું નથી. મંદિરે કામે જાવ. હું માંદો છું, નહિતર હુંય કામે જાત.'

લંડનમાં અક્ષરપુરુષોત્તમ બૅન્ક

સાજે ૬-૦૦ વાગે મંદિરમાં સભા પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણે લંડનમાં એક લાકડીએ, સંપથી રહીશું, તો ધાર્યું નિશાન પડશે. લક્ષ્મીના ઢગલા થશે. અહીં અક્ષરપુરુષોત્તમ બૅન્ક ખૂલવાની. લાખો રૂપિયા યુરોપિયનો મૂકવા આવશે. આપણે મોળા છીએ એમ ન માનવું. હોલાઉપાડ કરવો.

'સ્વામીએ વાતમાં કહ્યું છે :

'એક રાજા હતા. તેણે અમલદારોને બોલાવ્યા અને કહ્યું : 'આ તીરનો ભાથો છે તે ભાંગી નાખો.' બધાએ પ્રયત્ન કર્યો પણ કોઈથી ભંગાણો નહિ. પછી રાજાએ ભાથામાંથી એક તીર કાઢીને તોડવા દીધું. તો જે ફોસીમાં ફોસી હતા તેણેય તે ભાંગી કાઢ્યું.

'આ વાત કરીને ગુણાતીત સ્વામીએ કહ્યું :

'તમે સાધુ, પાળા, બ્રહ્મચારી ને હરિભક્ત આમ ને આમ સંપ રાખશો, તો ગમે તેવો તમારો અંતઃશત્રુ હશે તોપણ તમને પાડી શકશે નહિ; ને આમ સંપ નહિ રાખો તો અલ્પ જેવો દોષ તમને સત્સંગમાંથી કાઢી નાખશે.' આમ, ત્રીજા પ્રકરણની ૫૮મી વાતમાં કહ્યું છે.

'માટે હોલાઉપાડ કરશું તો કોઈ વાંકો વાળ કરી શકશે નહિ. આ ટાઈમ, આ ૧૦મી તારીખ, છઠ્ઠો મહિનો અને ૭૦ની સાલ સંભારી રાખજો.'

બીજે દિવસે સવારે સરેમાં ઠાકોરભાઈને ઘેર પધાર્યા હતા. સવારે ૧૧-૪૦ વાગે સ્વામીશ્રી ઊઠીને પોતાના ઓરડામાંથી એકલા કોઈના હાથનો ટેકો લીધા સિવાય બહાર આવ્યા. નારાયણ ભગતે ઊઠીને સ્વામીશ્રીને હાથનો ટેકો આપ્યો અને પૂછ્યું : 'બાપા ! એકલા આવ્યા ?'

'ના, ભગવાન ભેળા આવ્યા.'

સદા પ્રસન્ન સ્વામીશ્રી આજે કંઈક વિશેષ આનંદમુદ્રામાં બેઠા હતા. પછી સ્વગત બોલ્યા : 'આઇ એમ જ્યોર્જ.'

'બાપા ! એનો અર્થ શું ?' સંતોએ તુરત પૂછ્યું.

'અહીંના રાજા જ્યોર્જ છે.' સ્વામીશ્રી ભાર દઈને બોલ્યા. યુવકોએ જે અર્થ સ્વામીશ્રીને શીખવેલો એ બોલી ગયા.

નિજાનંદના ભાવમાં સ્વામીશ્રી ક્યારેક આવો આનંદ કરાવતા, સ્મૃતિ આપતા.

પછી ઠાકોરજી જમાડવા પધાર્યા. જમ્યા પછીની કથામાં સારંગપુરનું ૧૦મું વચનામૃત વંચાવતાં વાત કરી : 'તમે કહ્યું તે બીજાને કહી દે તે ચાડી. અને તેની તે વાત ઘણાને કહીને અવળું ભરાવે તે ચુગલી.'

'ઠાકોરભાઈ ! તમારા ઘેર અમે લાડુ ઉડાડવા નથી આવ્યા. તમારા દીકરાઓને સત્સંગી કરવા આવ્યા છીએ. લાડવા તો ગામોગામ દેશમાંય મળે છે. અહીં તમારાથી ધર્મ-નિયમ સચવાય તે માટે આવ્યા છીએ.

'અહીં બધા મદ્ય-માંસનું જ ભક્ષણ કરે છે.

'લંડન આખું જમપુરીમાં જાશે ત્યારે જમપુરીય ભરાઈ જશે !'

છેલ્લા બે-ત્રણ દિવસથી ખૂબ તાપ પડતો. તેથી સ્વામીશ્રી બપોરે કથામાં ખુલ્લા શરીરે બારીઓ ખુલ્લી રખાવી બેસતા.

યુનિવર્સલ બ્રધરહુડ કેન્દ્રમાં

સાંજે ૭-૩૦ થી ૧૦-૧૫ એકેસિયા હાઉસમાં જાહેર સત્સંગ સભા યોજાઈ હતી. અહીં યુનિવર્સલ બ્રધરહુડનું કેન્દ્ર છે. ફ્રાન્સિસ દંપતી આ કેન્દ્રના સંચાલક છે. વિશ્વના મહાન વિચારકોના કાર્યક્રમો અહીં યોજાય છે. ફ્રાન્સિસ, પ્રિયદર્શી અશોક તથા પરીખે મળીને આ આયોજન કર્યું હતું. અહીં યોગના વર્ગો પણ ચાલે છે. આજની સભામાં ઘણા અંગ્રેજ ભાવિકો પણ ખાસ આવ્યા હતા. સભામાં સ્ત્રીઓની વ્યવસ્થા અલગ કરવામાં આવી હતી.

ફ્રાન્સિસે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સભાનું સંચાલન અશોકજી કરી રહ્યા હતા. વેદગાન અને કીર્તન બાદ પરીખ સાહેબે અંગ્રેજીમાં કેન્દ્રની માહિતી આપી. કીર્તનો પછી હર્ષદરાય દવે તથા ત્યાગવલ્લભ સ્વામીએ અંગ્રેજીમાં પ્રવચનો કર્યાં. સંતોએ સ્વામિનારાયણ મંત્રની ધૂન ઝિલાવી. ડૉ. રામ મિશ્રે પણ અંગ્રેજીમાં સંબોધન કર્યું હતું.

સ્વામીશ્રીએ આશીર્વચનો કહ્યાં ત્યારે એ વાણીની મધુરતા જ સૌના કાનમાં ગૂંજતી રહી. સ્વામીશ્રીએ કહ્યું : 'લંડન પ્રસાદીની ભૂમિ છે. શ્રીજી-

મહારાજ અહીં સર જોન માલ્કમને ધામમાં તેડી જવા દિવ્ય દેહે પધાર્યા હતા. આ ભૂમિમાં મુમુક્ષુઓ ઘણા છે, તેથી શ્રીજીમહારાજના આદેશથી અમારે અહીં આવવાનું થયું છે. દારૂ, માંસ વગેરે છોડી પવિત્ર જીવન જીવવું, એ જ મનુષ્ય દેહનું સાચું કર્તવ્ય છે. સ્વામિનારાયણ ભગવાનનો આદેશ આપવા જ અમે અહીં આવ્યા છીએ.' સ્વામીશ્રીના વક્તવ્યના પ્રત્યેક વાક્યનું હર્ષદભાઈ અંગ્રેજીમાં ભાષાંતર કરી, સભાને સંભળાવતા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી સૌ વિશેષ પ્રભાવિત થયા.

રવિ રોષ-રાગ મન નવ રાખે

તા. ૧૨મીએ સવારે ૭-૧૫ વાગે સ્વામીશ્રીને સંતો સ્નાન કરાવતા હતા. સ્વામીશ્રીના જમણા પગના ઢીંચણના નીચેના ભાગમાં કાંઈક વાગ્યાનું મોટું નિશાન હતું. નારાયણ ભગત ઘણી વાર સ્વામીશ્રીને એના વિશે પૂછતા, પણ સ્વામીશ્રી એ વાતને ટાળતા. આજે તેમણે બહુ આગ્રહ કર્યો ત્યારે કહ્યું :

'હું દસ વરસનો હતો ત્યારે એક વાર નિશાળે ભણવા જતો હતો. વચ્ચે એક ગાડું આવ્યું ને તેનો ઊંટડો અહીં લાગ્યો. ખૂબ લોહી નીકળ્યું, ને પછી પાટો બાંધી દીધો. તેનું આ નિશાન રહી ગયું છે.' આમ, સ્વામીશ્રીએ તદ્દન જુદું જ કારણ જણાવ્યું, પણ વિજ્ઞાનદાસે વર્ષો પહેલાં સાણસીથી ત્યાં ચીંટિયો લીધો હતો તે વાત પ્રગટ કરી નહિ.

લંડનનાં બધાં વર્તમાનપત્રોના કામદારો હડતાલ ઉપર ગયા હતા. પ્રફુલ્લભાઈએ સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! આ હડતાલ છૂટી જાય તેમ કરો. નહિ તો તા. ૧૪મીના રોજ આપણા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાની જાહેરાત થઈ શકશે નહિ.'

હડતાલ તો છૂટે તેમ નહોતી, પણ સ્વામીશ્રીએ પ્રાર્થના સાંભળી અને એમની ઇચ્છાથી તે જ રાત્રે ૧૨-૦૦ વાગે સમાધાન થયું ને હડતાલ છૂટી ગઈ !

જળકમળવત્ રહીએ છીએ

આજે સવારે ન્યૂઝ ઑફ ધી વર્લ્ડના રિપોર્ટર ડેવિડ મર્ટન્સ અને એના સાથી કૅમેરામૅન સ્વામીશ્રીની મુલાકાતે આવ્યા. આ બધી મુલાકાતોની વ્યવસ્થા પ્રફુલ્લભાઈ પટેલ કરતા અને હર્ષદરાય દવે સ્વામીશ્રીના દુભાષિયા તરીકે રહેતા.

ખબરપત્રીઓ ખૂબ જ શિસ્તથી સ્વામીશ્રીની અદબ સાચવતા. પ્રશ્નો

ઘણુંખરું લખેલા તૈયાર હોય. તે પણ ખૂબ જ સભ્યતાથી પૂછે. સ્વામીશ્રી જે ઉત્તરો આપે તે સ્વીકારે. ખોટી દલીલ કે ચર્ચા નહિ. પશ્ચિમના ખબરપત્રીઓએ સ્વામીશ્રીની સારી આમન્યા સાચવી. તેમના પ્રશ્નો પણ ઘણી વાર એમ લાગે કે ભગવત્ પ્રેરણાથી જ પુછાતા હશે.

ડેવિડ : 'બ્રહ્મચર્ય ઉપર આપ ભાર મૂકો છો, પણ અહીં યુરોપમાં તો જાતીય વાસના ઘણી જ છે, તો તે અંગે આપ શું કહો છો ?'

સ્વામીશ્રી : 'શ્રીજીમહારાજ ભગવાન છે. તેમણે ધર્મ પળાવ્યો છે, તો અહીં પણ શુદ્ધ વર્તન થઈ જશે. શ્રીજીમહારાજ અહીં દિવ્ય દેહે પધારેલા, તેથી શુદ્ધ વર્તન કરી દેશે.'

ડેવિડ : 'તમે સ્ત્રીઓને મળતા નથી તો છેલ્લે ક્યારે મળેલા ?'

સ્વામીશ્રી : 'જિંદગીમાંય નહિ મળેલા. સંસાર છોડ્યા પછી મળ્યા નથી.'

ડેવિડ : 'દુનિયામાં અડધી પ્રજા સ્ત્રીઓની છે, તેનાથી તમે છૂટા પડી ગયા હોય તેવું નથી લાગતું ?'

સ્વામીશ્રી : 'બાઈમાં બાઈઓ ઉપદેશ કરે છે ને ભાઈઓમાં ભાઈઓ ઉપદેશ કરે છે, તેથી તેને મળવાની જરૂર નથી.'

ડેવિડ : 'પુનર્જન્મ છે કે નહિ ?'

સ્વામીશ્રી : છે.'

ડેવિડ : 'જે સંપૂર્ણ બ્રહ્મરૂપ થયો તો તે અક્ષરધામમાં જાય, પણ જે અધૂરો રહે તેનું શું ?'

સ્વામીશ્રી : 'તેને પાછા અહીં આવવું પડે.'

ડેવિડ : 'તમે સંસાર કેમ છોડ્યો છે ?'

સ્વામીશ્રી : 'અમારા ગુરુએ કહ્યું કે સંસાર દુઃખરૂપ છે. તેથી છોડી દીધો.'

ડેવિડ : 'તમે ભગવાનના સાચા ભક્ત છો તેની પ્રતીતિ બીજાને કેમ થાય ?'

સ્વામીશ્રી : 'જેને ભગવાનનો સંબંધ થયો છે તે બધાને થાય.'

ડેવિડ : 'આ જગતમાં આપ કેવી રીતે રહો છો ?'

સ્વામીશ્રી : 'મહારાજે કહ્યું છે કે આ જગત નાશવંત, તુચ્છ છે. તો તેમ માનીને આ દુનિયામાં રહીએ છીએ. જળકમળવત્ જેવું રહીએ છીએ.'

ડેવિડ : 'મૂર્તિપ્રતિષ્ઠામાં પ્રાણપ્રતિષ્ઠા થાય છે તો તેમાં આપનો પ્રાણ પ્રતિષ્ઠિત થાય છે કે શ્રીજીમહારાજનો ?'

સ્વામીશ્રી 'મૂર્તિઓ ચિત્રકારે કરેલી હોય, પણ તેમાં સત્પુરુષ

મહારાજનો પ્રાણ રેડે છે. તેથી તેમાં મહારાજનો પ્રવેશ થઈ જાય.'

ડેવિડ : 'આપ ભગવાન સાથે વાતો કરો છો, તે બીજા કેમ જાણે ?'

સ્વામીશ્રી : 'એ ભાવને પામ્યો હોય તો જાણે. અમે ઇંગ્લીશ નથી ભણ્યા તો કોઈ ઇંગ્લીશ બોલે તો નથી સમજતા. તેમ આ પણ એવું જ છે.'

ડેવિડ : 'આપ સવાર ને સાંજ સુધીમાં શું ખાઓ છો ?'

સ્વામીશ્રી : 'બપોરે એક વાર જમીએ. સવારે ઉકાળો. સાદું જમવાનું.'

ડેવિડ : 'કોઈ સ્ત્રીને તમારા સાધુ અજાણ્યે અડી જાય તો ?'

સ્વામીશ્રી : 'એક ઉપવાસ કરવો પડે.'

ડેવિડ : 'આપને ઇંગ્લેન્ડમાં મજા આવે છે ?'

સ્વામીશ્રી : 'હા.'

ડેવિડ : 'આપ અહીં હિંદીઓ સિવાય બીજાઓને પણ મળો છો ?'

સ્વામીશ્રી : 'હા, અંગ્રેજોને પણ વર્તમાન ધરાવીએ છીએ.'

પછી તેમણે ફોટા પાડ્યા. મુલાકાતને અંતે તેમણે જણાવ્યું કે સ્વામીશ્રી કડક નિયમનો અને તપશ્ચર્યાના બંધનમાં હોવા છતાં એમની પ્રતિભા રમણીય છે. પ્રસંગે પ્રસંગે જ્યારે તેઓ હસે છે, ત્યારે મોતી ઝરતા એમના હાસ્યને એમના શિષ્યો આનંદથી વધાવી લે છે.

કોહિનૂર હીરો કે પથરો ?

બપોરની કથામાં મણિભાઈને ઘેર વચનામૃત પંચાળા ૫મું વંચાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ ઈશ્વરભાઈ કોહિનૂર હીરો જોઈ આવ્યા છે. તે હિંદુસ્તાનનો છે. અહીં ઉપાડી લાવ્યા છે.

'પણ હીરા-બીરામાં શું માલ છે ? બધા પથરા છે. તેમાં શું મળ્યું ? તે જોવાના આઠ શિલિંગ (પૌંડ) ખર્ચ્યા તે ધર્માદા આપ્યા હોત તો ?'

આગળ વચનામૃત ઉપર વાત કરતાં કહે :

'મહારાજ અને ગુણાતીતનું ઘસાતું કોઈ બોલતો હોય તો તેની આગળ માન રાખવું. ભગવાનને ભજે ને સંતનો દ્રોહ કરે તે અર્ધો વિમુખ છે. બ્રહ્માનંદ સ્વામી કહે છે :

'શ્રી ઘનશ્યામ કહે સુન નારદ, અંતર શુદ્ધ મેરો મત એહી હૈ,
મો સંગ પ્યાર ઉદાર સદા મન, નામ નિરંતર લેહી હૈ;

સાચે સંત ફિરે જગમાંહી તાકું, નિરંતર દુઃખ દેહી હૈ,
બ્રહ્મમુનિ ભગવંત કહે સો મોહી ભજે પુનિ નરકમેં જાહી હૈ.'

મંદિર માટે નગારાં, ઝાલર વગેરે તૈયાર રાખવાનો સ્વામીશ્રીનો આગ્રહ. પણ અહીં એ બધું દેશના જેવું સાધન ક્યાંય મળ્યું નહિ. ડૉ. કારિયાને ત્યાં સ્વામીશ્રીએ હાથીદાંતનું નાનું 'ગોન્ગ' જોયેલું, તે ઝાલર તરીકે સ્વામીશ્રીએ ઉપયોગ કરવા કહ્યું. અને નગારા તરીકે સ્ટેન્ડવાળું સાઈડ ડ્રમ લઈ આવ્યા. સાંજે મંદિરમાં સ્વામીશ્રીએ એના ઉપર બે દાંડી મારી, અવાજની પરખ કરી ઉદ્‌ઘાટન કર્યું.

❀ ❀ ❀



વિદેશમાં અનિર્દેશનું સર્જન

તા. ૧૩-૬-’૭૦, સંવત ૨૦૨૬, જેઠ સુદ ૮, શનિવાર. મંદિરની સજાવટ ને શોભાને આખરી સ્વરૂપ અપાઈ ગયું હતું. મંદિર સુંદર રીતે શણગારીને વીજળીના દીવાઓ ગોઠવ્યા હતા. સેંટ જૉનનું આ જૂનું બેપ્ટિસ્ટ ચર્ચ હોવાથી ઉપરના ભાગમાં જે ક્રોસ ગોઠવ્યો હતો એ સ્થળે સિમેન્ટનું નાનું શિખર વચ્ચે તિલક-ચાંદલા સહિત શોભી રહ્યું હતું. બે દિવસના કાર્યક્રમની આમંત્રણ પત્રિકાઓ તથા ચોપાનિયાં અને અન્ય સાહિત્ય સર્વત્ર પહોંચાડવામાં આવ્યું હતું.

ઉતારેથી લગભગ ૧૦-૦૦ વાગે નીકળી, સ્વામીશ્રી સંતો સાથે મંદિરે આવી પહોંચ્યા હતા.

આજે યજ્ઞનો પ્રારંભ હતો. અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા પ્રસંગે યોજાયેલા આ યજ્ઞનો લાભ લેવાનું કેમ ચૂકાય ? ૩૫ યજમાનો સજોડે સજ્જ થઈ ગયાં હતાં.

યજ્ઞ મહોત્સવ મંદિર નીચેના હૉલમાં રાખવામાં આવ્યો હતો.

યજ્ઞના આચાર્ય તરીકે મુંબઈના વિદ્વાન શાસ્ત્રી વસંત વી. પણશીકર હતા. તેમની સાથે અન્ય વિદ્વાનોમાં ડૉ. પંડિત નારાયણજી, ડૉ. રામ શર્મા, પ્રિયદર્શી અશોકજી, નારાયણ મિશ્રજી, પ્રો. દિલીપ વેદાલંકાર વગેરે હતા.

ધાતુના યજ્ઞકુંડ સમક્ષ સુંદર આસન ઉપર અક્ષરપુરુષોત્તમ મહારાજ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની ચિત્ર-પ્રતિમાઓ પધરાવી હતી. વૈદિક મંત્રોચ્ચાર ઉપરાંત જનમંગલના ઉચ્ચારણ સાથે પણ યજ્ઞમાં આહુતિઓ આપવામાં આવી. યજમાનોને વિધિ અંગેની સૂચના પણશીકર ક્યારેક અંગ્રેજીમાં પણ આપતા હતા :

‘Take water in your right hand and now wash your

right hand.'

ત્યારે જ સૌને ખ્યાલ આવતો કે આપણે ઇંગ્લેન્ડની ભૂમિ ઉપર બેઠા છીએ. એ સિવાય વૈદિક મંત્રોચ્ચાર વિદ્વાનો એટલો તો સુંદર કરી રહ્યા હતા કે ભારતભૂમિ ઉપર જ કોઈ તીર્થ સ્થાનમાં જાણે યજ્ઞ વિધિ થઈ રહ્યો હોય એમ જરૂર લાગે. ગંગાજળ ને તુલસીપત્રો પણ મુશ્કેલીથી મેળવાયાં હતાં.

વિધિમાં સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામી બિરાજ્યા હતા. સાથે યજમાન હરિભક્તો પણ હતા. પૂજા વિધિ બાદ, મૂર્તિઓને હાર પહેરાવી સ્વામીશ્રી મંદિર ઉપર પધાર્યા. યજમાનો હવે સજોડે બેઠાં.

લગભગ ૧-૦૦ વાગે યજ્ઞ વિધિ પૂરો થયો, પણ સ્વામીશ્રીના સાંનિધ્ય અને વિદ્વાન પંડિતોની ઉપસ્થિતિમાં ન કલ્પી શકાય એવા પવિત્ર અને દિવ્ય વાતાવરણમાં યજ્ઞોત્સવ યોજાયો. શ્રીજીમહારાજને યજ્ઞો પ્રિય હતા. એમાં પણ પશ્ચિમની ધરતી ઉપર પોતાના અક્ષરધામ સાથે જ્યારે પોતે બિરાજવાના હતા, ત્યારે પોતાના લાડીલા સંતની હાજરીમાં યજ્ઞનારાયણરૂપે સાક્ષાત્ પોતે જ પધાર્યા હતા, એવો આનંદ સર્વત્ર પ્રસરી રહ્યો હતો.

બાળકો આનંદ-કિલ્લોલ કરતા હતા. બહેનો કીર્તનો સાથે ગરબા લેતાં હતાં. યુવકો હજુ સેવામાં જ જોડાયેલા હતા. મહંત સ્વામીના માર્ગદર્શન નીચે મંદિરનો હૉલ રંગબેરંગી તોરણો, ફુગ્ગાઓ, સાડીઓથી યુવકો શણગારી રહ્યા હતા. મેં 'Shree Swaminarayan Hindu Temple'નું મોટું બૉર્ડ મંદિર ઉપર મૂકવા માટે તૈયાર કર્યું હતું. સૌનાં ઉરમાં આનંદ હતો.

આજે સાંજે ૮-૦૦ વાગે પણ સ્વામીશ્રી મંદિરે પધાર્યા હતા. તૈયારીઓ નિહાળી હતી અને સ્વામીશ્રીએ સભામાં વાત કરી સૌને આશીર્વાદ આપ્યા.

પ્રેમની વાત, શમણે શામળિયાની સાથ...

તા. ૧૪-૬-'૭૦, સં. ૨૦૨૬, જેઠ સુદ ૧૦, રવિવાર. આજે સવારે સ્વામીશ્રીના ઓરડામાં લગભગ ૫-૨૦ વાગે હું ગયો હોઈશ.

'ઈશ્વર સ્વામી છે ? કોણ ?' સ્વામીશ્રીએ રોજની જેમ પૂછ્યું.

'હા.'

'આજે શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. આજે પ્રતિષ્ઠા ખરી ને ! મહારાજની તિથિ, તે શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં પાટ ઉપર બિરાજ્યા હતા. વહેલા ૪-૦૦ વાગે નાહી-ધોઈને બેઠા હતા. ને કેરી ચૂસતા હતા. તે હું

બાજુમાં સૂતો હતો. તે મને ઉઠાડ્યો નહિ. હું જાગી ગયો ને જોયું તો શાસ્ત્રીજી મહારાજ ખુલ્લે શરીરે બેઠા હતા. ને તેજસ્વી મુખારવિંદ ને કેરી ચૂસે ! મેં પૂછ્યું. મને કહે : 'આજે ૪-૦૦ વાગે ઊઠ્યો. નાહી-ધોઈને, પૂજા કરીને તે પછી આરતીનાં દર્શન કર્યાં. ત્યાં હરિભક્તો કેરીનો કરંડિયો પ્રેમથી લાવ્યા. બહુ આગ્રહ કર્યો. ના પાડી. અત્યારના નહિ. પછી બહુ પ્રેમથી આગ્રહ કર્યો ને કેરી ધોઈને આપી. ધરાવીને ચૂસતા હતા.' એવાં સરસ દર્શન થયાં.

'ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં કેરી ચૂસતા હતા. પછી ગોટલો પ્રસાદીનો હરિભક્તોએ લીધો. સ્વામી કહે : 'કારણ શરીર બળી ગયું.' ડબામાં વાવ્યો પણ ઊગ્યો નહિ. એવું થયું. આજે મહારાજની તિથિ ખરીને ? ને વળી મૂર્તિપ્રતિષ્ઠા, તે દર્શન થયાં. હું રાહ જોતો હતો. તમે ક્યારે આવો ને વાત કરું. હમણાં જ દર્શન થયાં ને સૂતો ને થયું કે ઈશ્વર સ્વામીને સાદ કરું. તે હશે તો આવશે. તો પ્રેમથી વાત કરું.'

પછી આશાભાઈ સુરતવાળા ગુલાબનો સુંદર હાર લાવ્યા, તે સ્વામીશ્રીને પહેરાવવા જતા હતા. સ્વામીશ્રી કહે : 'ઠાકોરજીને પહેરાવો, આજે તમારી પહેલી સેવા થઈ. આજે મહારાજની તિથિ !'

'આજે મહારાજની સંવત્સરી છે. તેથી મારો સંકલ્પ છે કે ઠાકોરજીને મંદિરમાં જ જમાડવા. આજે શુકનમાં કંસાર કરો. આપણે બધાય મંદિરમાં જમશું.' સ્વામીશ્રીએ સવારે ૬-૦૦ વાગે ઊઠતાંવેંત જાહેરાત કરી.

નિત્યક્રમથી પરવારી પૂજામાં પધાર્યા.

નાદુરસ્ત તબિયતને કારણે ને ડૉક્ટરો તથા હરિભક્તોના અતિશય આગ્રહથી સ્વામીશ્રી કેટલાક સમયથી પૂજામાં પ્રદક્ષિણા કે દંડવત્ કરતા નહોતા. આજે હરિભક્તો નગરયાત્રા માટે પહોંચી ગયા હોવાથી પૂજામાં બહુ હરિભક્તો નહોતા. એટલે જગ્યા હતી. આ લાગ જોઈ સ્વામીશ્રીએ પાંચ પ્રદક્ષિણા ને ત્રણ દંડવત્ કરી નાખ્યાં અને કહે :

'આજે શ્રીજીમહારાજની સંવત્સરી ને વળી જગ્યા મોકળી દીઠી, તેથી પ્રેમ આવી ગયો.'

શોભાયાત્રા

આજે ઇંગ્લૅન્ડની ધરતી ઉપર મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા નીકળવાની હતી. પ્રફુલ્લભાઈ અને સત્સંગ મંડળે વિશિષ્ટ આયોજન કર્યું હતું.

સ્વામીશ્રી ઉતારેથી રાજેન્દ્રભાઈની ગાડીમાં તથા સંતો-હરિભક્તો કૉચમાં સવારે ૯-૦૦ વાગે હાઈડપાર્ક સ્પીકર્સ કૉર્નર પાસે પહોંચી ગયા. અહીંથી શોભાયાત્રા શરૂ થવાની હતી. આકાશમાં વાદળાં છવાયેલાં હતાં. વાતાવરણ ઘણું જ ખુશનુમા હતું.

લેસ્ટરથી ત્રણ કૉચમાં ૨૦૦ હરિભક્તો આવ્યા હતા. લૉફબરો, લ્યુટન, કાર્ડિફ, કેમ્બ્રીજ, માન્ચેસ્ટર, બર્મિંગહામ, બેનબરી, બ્રેડફોર્ડ, લિવરપુલ, બોલ્ટન વગેરે દૂર દૂરનાં શહેરોમાંથી હરિભક્તો તથા ભાવિકોનો મોટો સમુદાય ઊમટ્યો હતો. આફ્રિકાથી તેમજ અમેરિકાથી પણ હરિભક્તો ખાસ પ્રતિષ્ઠા પ્રસંગે આવી પહોંચ્યા હતા.

લગભગ ૯-૪૫ વાગે શોભાયાત્રા શરૂ થઈ. સૌ પ્રથમ એક નાની ગાડીમાં, કૅરિયર ઉપર ચાર દિશામાં ચાર મોટાં ભૂંગળાં ગોઠવી, પ્રફુલ્લભાઈ પટેલ તથા તેમના અંગ્રેજ મિત્ર લેઝવી હતા. અને રસ્તા ઉપરની માનવમેદની અને વાહનોના ટ્રાફિકને પણ માહિતી આપતા હતા.

તેમની આગળ ૬ પોલીસ ઍસ્કોર્ટ્સ પણ ટ્રાફિક વ્યવસ્થા માટે હતા.

પછી રોયલ ઍરફોર્સનું ૪૦ યુવાનોનું સ્કોટિશ પાઈપ અને અન્ય વાજિંત્રો સાથેનું મધુર સૂરાવલિ રેલાવતું આકર્ષક બૅન્ડ હતું. અહીં પ્રવર્તમાન રંગભેદની અસરને કારણે, એશિયનોના જાહેર ઉત્સવમાં, હિન્દુ ધર્મની શોભાયાત્રામાં બૅન્ડની પરવાનગી બહુ મુશ્કેલી પછી મળી હતી. સ્વામીશ્રીની કૃપાથી જ આ શક્ય બન્યું, એનું વ્યવસ્થાપકોને ગૌરવ હતું.

પાછળ નારિયેળ સહિત કળશ સાથે ભારતીય વેશભૂષામાં બહેનો, અવસરની મંગળતા સૂચવતી ચાલી રહી હતી. લંડનવાસીઓને માટે આ એક જબરું આકર્ષણ હતું. લંડનના મુખ્ય માર્ગ ઉપર આવું દશ્ય પ્રથમ વાર જ સૌને જોવા મળેલું. જેની છાપાંઓએ ફોટાઓ સાથે ભારે નોંધ લીધેલી.

યાત્રાનાં આકર્ષણોના કેન્દ્ર સમો ઠાકોરજીનો રથ, ટ્રક ઉપર ગરુડાકારની રચના કરી, કલાકાર ભાઈ-બહેનોએ ઘણી જ ઝીણવટથી વિવિધ રંગો ભરી, સોનેરી કામ કરી, ઘુમ્મટ અને કળશ સાથે રથ-મંદિર નિર્માણ કરી, અદ્‌ભુત શણગાર્યું હતું. જેમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની મૂર્તિઓ સુશોભિત રીતે ગોઠવવામાં આવી હતી.

તેમાં આગળના ભાગમાં હાથમાં કરતાલ લઈ ઘનશ્યામચરણ સ્વામી

કીર્તનો ગાતાં, મુજરા લેતાં, નૃત્ય કરતા હતા. સિદ્ધેશ્વર સ્વામી તથા અનુપમ ભગત વાજિંત્રો સાથે સાથ આપતા હતા. અને સુરેશભાઈ, દિનકરભાઈ, ઘનશ્યામભાઈ ડાંડિયા-રાસ લઈ રહ્યા હતા. આવું ભારતીય સંસ્કૃતિ તથા ધર્મને સ્પર્શતું, ભગવાંધારીઓનું અનુપમ દશ્ય, રસ્તા ઉપર તથા વાહનોમાં ફરતા ને આજુબાજુનાં મકાનોમાં રહેતા હજારો અંગ્રેજો માટે ભારે રસમય બન્યું. લંડનની એ તોતીંગ ઇમારતો ઉપરની હંમેશાં બંધ રહેતી પડદા આગળની એ પારદર્શક બારીઓ આજે ટપોટપ ખૂલવા લાગી. ઘોંઘાટ વર્જ્ય - સદાય મૌન રહેતા આ વિસ્તારો ભજન-કીર્તનની રમઝટ અને જયનાદોથી ગુંજી રહ્યા હતા.

આશ્ચર્યની વાત તો એ હતી કે અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન જે 'ખૂણિયું' ગણાતું તે ભારત, આફ્રિકાના જ નહિ પણ વિશ્વના એક મોખરાના શહેર લંડનના વિખ્યાત માર્ગો ઉપર ગુંજી રહ્યું હતું ! એ નાદ ગગનમંડળને ભેદીને સર્વત્ર પ્રસરી રહ્યો ન હોય, એવો પડઘો પડતો હતો;

ગલીએ ગલીએ ગુંજે નાદ, સ્વામિનારાયણનો જયજયકાર !
ગલીએ ગલીએ ગુંજે નાદ, અક્ષરપુરુષોત્તમનો જયજયકાર !
ગલીએ ગલીએ ગુંજે નાદ, ગુણાતીતનો જયજયકાર !
ગલીએ ગલીએ ગુંજે નાદ, પ્રાગજી ભક્તનો જયજયકાર !
ગલીએ ગલીએ ગુંજે નાદ, શાસ્ત્રીજી મહારાજનો જયજયકાર !
ગલીએ ગલીએ ગુંજે નાદ, યોગીજી મહારાજનો જયજયકાર !

જે જ્ઞાનના પ્રવર્તન માટે ગુણાતીતાનંદ સ્વામીનું વરતાલ-સમૈયાની સભામાં અપમાન થયું; પ્રાગજી ભક્તને અપમાન-તિરસ્કારથી હડધૂત કરી, ઝેર આપી વિમુખ કર્યા; શાસ્ત્રીજી મહારાજની હસ્તી મિટાવી દેવા માટે અનેક પેંતરાઓ રચાયા, બંડિયા કહી વિમુખ ગણ્યા; એ ગુણાતીત વિભૂતિઓએ પ્રવર્તાવેલું અક્ષરે સહિત પુરુષોત્તમનું જ્ઞાન, ભક્તે સહિત ભગવાનની ઉપાસનાનું સનાતન વૈદિક જ્ઞાન, આજે દેશ-વિદેશમાં ગાજી રહ્યું હતું. આજે અક્ષર અને પુરુષોત્તમના ઉપાસકોની છાતી ગજ ગજ ફૂલી રહી હતી.

શોભાયાત્રાને માર્ગદર્શન આપતા, સરિયામ માર્ગો ઉપર આમથી તેમ ફરતા, પ્રફુલ્લભાઈ મોટરમાંથી માઇક દ્વારા ઊંચે સાદે સ્વામિનારાયણના, અક્ષરપુરુષોત્તમના જયનાદના નારા નિધડકતાથી લગાવી રહ્યા હતા. ત્યારે ગગન-મંડળમાંથી દેવો જાણે એનો પ્રતિસાદ પાડતા હોય એમ લંડનની એ વિરાટ ઇમારતોમાંથી બુલંદ પડઘા પડતા હતા.

સૂર્યદેવતા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને એના ધારક સંતને વધાવતા મેઘપટોને ખોલીને નજીક આવી રહ્યા હતા. કિરણોરૂપી હસ્ત ફેલાવી, ભગવાન ને સતના ચરણસ્પર્શનો લહાવો લેવો હોય એવા ઉત્સુક જણાતા હતા.

રથની પાછળ યુવકો ઉમંગભેર, દેહના અંગેઅંગને મરોડતાં, કૂદકા મારતાં, કીર્તન ગાતાં, દાંડિયા-રાસ લઈ રહ્યા હતા. અન્ય યુવકો ગણવેશમાં સજ્જ થઈ શોભાયાત્રાની વ્યવસ્થા જાળવી રહ્યા હતા.

પાછળ સુંદર રીતે શણગારેલી જયંતીભાઈની બેન્ઝ ગાડીમાં સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામી ઠાકોરજી સહિત બિરાજ્યા હતા.

મેઘાણી, ડૉ. કારિયા અને પૂનમભાઈની શણગારેલી ગાડીઓમાં સંતો પણ બેઠા હતા.

સંતોની મોટરો પાછળ હરિભક્તો શિસ્તબદ્ધ રીતે ચાર-ચારની કતારમાં ગોઠવાયેલા ભજન કરતાં ચાલી રહ્યા હતા. એમાં પણ મોખરે ગણવેશમાં સજ્જ હેન્ડન યુવક મંડળ હતું. શોભાયાત્રાની ભવ્યતા-દિવ્યતા લંડનને આંગણે એક ઐતિહાસિક ઘટના સમી બની ગઈ.

હાઈડ પાર્ક - સ્પીકર્સ કોર્નરથી શરૂ થયેલી આ શોભાયાત્રા ઑક્સફર્ડ સ્ટ્રીટ, ઑક્સફર્ડ રીજન્ટ સ્ટ્રીટ, પિકાડેલી સર્કલ આવી પહોંચી. અહીં પડ્યા-પાથર્યા રહેતા, જીવનથી કંટાળેલા હિપ્પીઓને પણ આજે સાચા જીવનદર્શન સંતનાં દર્શન સહેજે થઈ ગયાં. હે માર્કેટ થઈને ટ્રફાલ્ગર સ્ક્વેર પાસે પહોંચ્યા ત્યારે તો હજારો ટુરિસ્ટો અને લંડનવાસીઓ યાત્રાની શોભા જોવા ટોળે વળ્યા હતા. મોટરમાંથી લેઝલી અંગ્રેજીમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની જાહેરાત કરી, સૌને જાણ આપતા હતા. અહીં ઊંચા સ્તંભ ઉપર ખોડેલું નેલ્સનનું બાવલું, સામે ઊભેલો બકિંગહામ પેલેસ - આજુબાજુ પથરાયેલી ઐતિહાસિક ઇમારતો અને મિનારાઓ આજે અક્ષરપુરુષોત્તમની જયઘોષણાના સાક્ષી બન્યા હતા.

ચેરિંગ ક્રોસ, નોર્ધમ્બરલેન્ડ એવન્યુ, ચેરિંગ ક્રોસ એમ્બાર્કમેન્ટ આવી પહોંચતા ૧૧-૨૦ વાગે શોભાયાત્રા અહીં થંભી. અહીંથી સ્વામીશ્રી, સંતો તથા હરિભક્તો કૉચ, મોટરો દ્વારા ઈસ્લીંગ્ટનના નવનિર્મિત સ્વામિનારાયણ મંદિરે જવા નીકળ્યા.

સનાતન હિન્દુ ધર્મની સ્વામિનારાયણ ભગવાનની લંડન શહેરમાં આ અભૂતપૂર્વ શોભાયાત્રા રહી. આ જ એકમાત્ર ઉદ્ગારો સૌના મુખમાંથી નીકળી રહ્યા હતા. સ્વામીશ્રીની પ્રેરણા ને આશિષનું આ એક અપ્રતિમ કાર્ય હતું !

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા

૧૧-૪૫ વાગે શોભાયાત્રા મંદિરે આવી પહોંચી, ત્યારે મંદિરના વિસ્તારમાં બંદોબસ્તમાં ઘણી પોલીસ અગાઉથી ગોઠવાઈ હતી. રોયલ ઍરફોર્સનું બૅન્ડ બજી રહ્યું હતું. સુંદર રેલીંગ પાછળ રસ્તાઓ ઉપર હરિભક્તો વ્યવસ્થિત રીતે દર્શન કરતાં ઊભા હતા. મંદિરના પ્રવેશદ્વાર સુધી કારપેટ પાથરવામાં આવી હતી. બી.બી.સી. રેડિયો તથા ટેલિવિઝનના કુશળ કારીગરો, મહાકાય કૅમેરાઓમાં અને રેકોર્ડમાં મહત્ત્વનાં દશ્યો અને ધ્વનિને મુદ્રિત કરી રહ્યા હતા.

મંદિરમાં જગ્યા ઓછી હોવાથી, વળી અન્ય આમંત્રિત મહાનુભાવોને સમાવવા માટે મંદિરમાં ફક્ત ૨૫૦ જેટલી ગાદીઓવાળી સોનેરી ખુરશીઓ જ રાખવામાં આવી હતી.

સ્વામીશ્રી સંતો સાથે મંદિરમાં પ્રવેશ્યા ત્યારે એક ખૂણામાં નાનકડા મંચ ઉપર બિસ્મિલ્લાખાનના શિષ્યો વિખ્યાત શરણાઈવાદક કાદિરભાઈઓ ભૈરવી છેડી રહ્યા હતા. વાતાવરણમાં ભારતીયતા અને પવિત્રતા ભારોભાર જણાતી હતી.

મંદિરના હૉલની સામેની દીવાલે મધ્ય ભાગમાં અંગ્રેજ કારીગરે તૈયાર કરેલું કાષ્ઠનું સિંહાસન શોભી રહ્યું હતું. પુષ્પો ને દીવાઓથી એને સજાવેલું. સિંહાસનના સ્ટેજને ફરતી રેલીંગ હતી. સ્ટેજની ડાબી બાજુએ પ્રેસ રિપોર્ટર્સ અને ફોટોગ્રાફર્સ માટે વ્યવસ્થા હતી. સ્ટેજ સામે ક્લોઝ સર્કિટ ટી.વી. વ્યવસ્થા માટે કૅમેરા ગોઠવેલા. જે પ્રતિષ્ઠા વિધિનાં સમગ્ર દશ્યો સળંગ રીતે નીચે હૉલમાં બેઠેલા તથા બહાર રસ્તા ઉપર ઊભેલાં હજારો બાઈ-ભાઈ હરિભક્તો તથા ભાવિકોને ટેલિવિઝન સ્ક્રીન પર દૃષ્ટિગોચર કરતા હતા. એ માટે મોટા ટી.વી. સેટ્સ નીચે હૉલમાં તથા રસ્તા ઉપર ગોઠવવામાં આવ્યા હતા. અન્ય ટી.વી. સંસ્થા પણ પ્રતિષ્ઠા વિધિની ફિલ્મ ઝડપવા ત્યાં ગોઠવાઈ ગઈ હતી.

શોભાયાત્રાના રથ ઉપરથી મૂર્તિઓ સિંહાસનમાં ગોઠવી દેવામાં આવી. ડૉ. પંડિત નારાયણજી તથા અન્ય વિદ્વાનો પ્રતિષ્ઠા વિધિ કરાવી રહ્યા હતા. સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામી સિંહાસન સન્મુખ બિરાજ્યા, સ્વામીશ્રીએ ઊભા થઈને ન્યાસ વિધિ કરાવી. 'શ્રી વાસુદેવ વિમલામૃત...' અષ્ટકોનું સંતોએ ગાન કર્યું. અને શરણાઈ ઉપર માંગલિક-વાદન થઈ રહ્યું હતું. સ્વામીશ્રીના સાંનિધ્યમાં વાતાવરણ અતિ મંગલમય દીસતું હતું.

બ્રહ્માંડમાં ડંકો વાગ્યો

સુવર્ણની અંજનશલાકાથી સ્વામીશ્રીએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મૂર્તિઓનો નેત્રાનાવરણ વિધિ કર્યો. સિંહાસનની આગળ પડદો પાડી મૂર્તિઓ સમક્ષ દર્પણ ધર્યું. સિંહાસનમાં પધરાવેલી યોગીજી મહારાજની મૂર્તિની વિધિ પ્રમુખસ્વામીએ કરી હતી. આ વિધિ દરમ્યાન તમામ સંતો-હરિભક્તો સ્વામિનારાયણ મંત્રનું અસ્ખલિત ઉચ્ચારણ ઉચ્ચ સ્વરે કરી રહ્યા હતા. મૂર્તિઓમાં પોતાના ઇષ્ટદેવ અને ગુરુજનોની પ્રતિષ્ઠા વિધિની આ ક્ષણો સૌનાં આનંદ અને ધીરજની પરાકાષ્ઠા સમ હતી. એટલે જ તો શ્વાસોશ્વાસની ગતિને રુંધતો એ અવાજ, કંઠ-પ્રદેશને ભેદીને જાણે નીકળતો હોય, એમ ધ્વનિત થતો હતો.

વૈદિક મંત્રોના ઘોષ-પ્રતિઘોષની સમાપ્તિ થતાં પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ થયો.

બરાબર ૧૨-૨૨ કલાકે સ્વામીશ્રીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી. પ્રમુખસ્વામી અને સંતોને પણ સાથે રાખ્યા.

જયનાદો થતા રહ્યા. સર્વત્ર જયજયકાર થઈ ગયો. સ્વામીશ્રીએ પૂજન કરેલો ભગવો ધ્વજ, મંદિરના શિખર ઉપર ફરફર ફરતો, પટપટ પટકતો, અક્ષરપુરુષોત્તમના દિગ્વિજયના પ્રતીક સમો શોભતો હતો.

મૂર્તિઓ આગળ અન્નકૂટ પૂરાયો. થાળ બોલાયો, ત્યારે ૧૨-૩૦નો સમય થયો હતો.

'પ્રાણપ્રતિષ્ઠા થઈ ગઈ. બ્રહ્માંડમાં ડંકો વગાડ્યો.' એમ બોલતાં સ્વામીશ્રી પોતાના આસને બિરાજ્યા.

વિશ્વના આધ્યાત્મિક ઇતિહાસમાં અક્ષરપુરુષોત્તમની વૈદિક ઉપાસનાના પ્રવર્તનની આ વિજયગાથા સુવર્ણાક્ષરે કોતરાઈ ગઈ. જે સનાતન ઉપાસના-માર્ગની સ્થાપના માટે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો આ બ્રહ્માંડમાં પ્રાદુર્ભાવ થયો, જેના પ્રવર્તન માટે અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ અનેક અવહેલનાઓ સહન કરી, ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજને ઝેર આપવામાં આવ્યું છતાં શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે અક્ષરપુરુષોત્તમને માટે આ માથું મુંડાવ્યું છે અને કદાચ શ્વપચને ઘેર વેચાવું પડે તોપણ તૈયાર છું, તેમજ યોગીજી મહારાજે પણ અનેક યાતનાઓ સહન કરી, એ ગુણાતીત સંતોના સંકલ્પનું સાકાર સ્વરૂપ, યુગલ મૂર્તિ આજે ચરોતરના કે ગુજરાતના ચોકમાંથી વિશ્વના ચોગાનમાં સ્થાપિત થઈ ચૂકી હતી. એનું સ્મરણમાત્ર સૌને ગદ્ગદિત

કરી દેતું હતું.

યોગાનુયોગ આ એ જ મૂર્તિ હતી કે જે સને ૧૯૪૮માં શાસ્ત્રીજી મહારાજે પૂજીને આરતી કરી, કંપાલાના સત્સંગ મંડળ ઉપર મોકલી હતી. મુખ્ય સિંહાસનમાં વચમાં અક્ષરપુરુષોત્તમની તથા આજુબાજુ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની મૂર્તિઓ અને બાજુમાં નાના સિંહાસનમાં ભગતજી મહારાજની મૂર્તિ શોભતી હતી. શ્રીજીમહારાજની સાથે ગુરુપરંપરાનાં સ્વરૂપો સૌ પર જાણે આશીર્વાદ વરસાવી રહ્યા હતા.

અક્ષરપુરુષોત્તમનો મહિમા, કહેતા એ લલકારી

પ્રત્યક્ષપણે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ સભામાં જણાવ્યું :

'સાંભળો, આશીર્વાદ દેવાય છે. આજે લંડન શહેરમાં શ્રીજીમહારાજ, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

'આ લોકના ને પરલોકના આપણા બધા મનોરથો મહારાજ ને સ્વામી પૂરા કરે. જે સંકલ્પ ધારીએ એ પૂરો કરે. આ લોકના તો કરે, પણ પરલોક જે અક્ષરધામ તેની પ્રાપ્તિ કરાવી દે.

'કેવો વરઘોડો નીકળ્યો ! આખા શહેરે અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કર્યાં. અબજો રૂપિયા ખરચતાં આ દર્શન ન મળે. જેણે જેણે આ દર્શન કર્યાં તે બધાનું કલ્યાણ થઈ ગયું.

'સર્વે દેશીભાઈ ને યુરોપિયનભાઈને મહારાજ અક્ષરધામની પ્રાપ્તિ કરાવી દેશે.

'અક્ષરપુરુષોત્તમની - સ્વામી ને મહારાજની આ ધજા મંદિર ઉપર ફર ફર થાય છે. તેનાં જે દર્શન કરશે તેનું કલ્યાણ થઈ જાશે. જે આ મારગે હાલશે તેનું કલ્યાણ થઈ જશે.

'લંડનમાં મહારાજ-સ્વામી બેઠા તે ઓછી વાત ન કહેવાય.

'ભારત દેશમાં આનો ચાર ગણો પડઘો પડશે. અહોહો ! લંડનમાં મહારાજ-સ્વામી બેઠા ! વિદ્વાન બ્રાહ્મણોએ યજ્ઞ કર્યો. ૩૩ યજમાન બેઠા, તેને મહારાજ અક્ષરધામની પ્રાપ્તિ કરાવશે. વ્યવહારે સુખી થાશે. બીજાને પણ શાંતિ થાશે. એવા અંતરના આશીર્વાદ છે.

'આરતી થઈ તે મહારાજ અને સ્વામી બેસી જ ગયા. મોટા શિખરબદ્ધ

મંદિર જેવી પ્રતિષ્ઠા થઈ છે.

'સર્વોપરી પ્રતિષ્ઠા થઈ છે, એમ બધાએ માનવું. એ ક્યારે મનાય ? જો અમારો વિશ્વાસ હોય તો.

'હુંડી લાખ રૂપિયાની લખી છે. હુંડી બાપાએ સ્વીકારી લીધી છે. મહારાજે કહ્યું : 'હું લંડનમાં બેસી ગયો છું, બધા મનોરથ પૂરા કરીશ.'

'પ્રથમ-૬૮ વચનામૃતમાં મહારાજે કહ્યું છે : 'હું મૂર્તિમાં ને સંતમાં અખંડ નિવાસ કરીને રહું છું. 'માટે મૂર્તિને કાષ્ઠ-પાષાણની ન કલ્પવી ને સંતમાં મનુષ્યભાવ ન લાવવો.

'અહીં મહારાજ, સ્વામી અને અનંત કોટિ મુક્તો આ સભામાં બિરાજમાન છે. તમે દેખતા નથી, પણ મહારાજ-સ્વામી તમારી સામું જોઈ રહ્યા છે.

'મને પધરાવ્યો લંડનમાં ! એમ કહે છે.

'બીજો નંબર શું ? આજે મહારાજની સંવત્સરી ગણાય.

'ત્રીજો નંબર શું ? બધા તને, ધને સુખી થાવ. વિશ્વાસ ન રાખો તો કામ સફળ ન થાય. માટે વિશ્વાસ રાખજો. વિશ્વાસે વહાણ હાલે છે. વિશ્વાસે પ્લેન, વહાણ, મોટર હાલે છે.

'મોટરમાં કેટલાયે અકસ્માત થાય છે, પણ કોઈ મોટર છોડી દે છે ? તેમ અક્ષરધામનો વિશ્વાસ છે, તો કાંઈ થાય નહિ.

'હવે અહીં સૌ જમે એટલે યજ્ઞ પૂરો.'

'અમારે પૈસાને ન અડાય, તેથી તમે આ કવર આપો.' એમ કહી સ્વામીશ્રીએ મેઘાણીને હાથે સૌ બ્રાહ્મણોને દક્ષિણા અપાવી.

સિંહાસનની મૂર્તિઓના નીચેના ભાગમાં શ્રીજીમહારાજનું પ્રસાદીનું વસ્ત્ર તથા સ્વામીશ્રીની માળા અને પ્રસાદીનું વસ્ત્ર મૂકવામાં આવ્યાં. લંડન સત્સંગ મંડળ ઉપર સ્વામીશ્રીએ અનુગ્રહ કરી, ઉપરની વસ્તુઓ ભેટ આપી અને વસ્ત્ર ઉપર હસ્તાક્ષર પણ પાડ્યા.

અહીંથી લગભગ બે માઈલ દૂર, હિન્દુ સેન્ટરના હૉલમાં બધા માટે ભોજનની વ્યવસ્થા હતી. લગભગ ૧,૨૦૦ જેટલા હરિભક્તો માટે બુંદીના લાડુ, શાક, કઢી ને પુલાવની રસોઈ તૈયાર કરવામાં બહેનોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

કારણ, અહીં આટલી બધી રસોઈ કરવાનાં સાધનો નહિ અને સગવડ નહિ; પણ લગભગ ૨,૫૦૦ મહેમાનોએ ઠાકોરજીનો પ્રસાદ લીધો. તોય રસોઈ વધી. સાંજે પણ સૌને એ જ પ્રસાદ જમાડ્યો તોય વધ્યો.

બપોરે ૨-૨૦ વાગે સમગ્ર કાર્યક્રમ પૂરો થયો.

પ્રાણપ્રતિષ્ઠા થઈ ગયા પછી ૨-૨૦ વાગે સ્વામીશ્રી મંદિર નીચેના હૉલમાં પધાર્યા. ક્લોઝ્ડ સર્કિટ ટી.વી.માં સિંહાસન વગેરેનાં દર્શન થતાં હતાં, તે નિહાળ્યું. થાક લાગ્યો હતો, તેથી સૂઈ ગયા. ઠાકોરજીનો થાળ થયો પછી ૨-૫૫ વાગે જમવા માટે રસોડામાં પધાર્યા. જમ્યા પછી આરામ કરવા જયંતીભાઈને ત્યાં પધાર્યા. ૪-૧૫ વાગે પોઢ્યા ને ૬-૩૦ વાગે ઊઠ્યા.

સો વરસનો સંકલ્પ સિદ્ધ થયો

આજે સાંજે ૫-૦૦ થી ૬-૩૦ મંદિરમાં જ વિશિષ્ટ વ્યક્તિઓની એક જાહેર સભા યોજવામાં આવી હતી. જેમાં શહેરના અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ આમંત્રિત હતાં. એટલે સ્વામીશ્રી અને સંતો એ સભામાં ઉપસ્થિત રહ્યા ન હતા.

ભારતના હાઈકમિશનર માનનીય આપાસાહેબ પંત સભાપતિ હતા.

શરણાઈ-વાદનથી સભાનું ઉદ્‌ઘાટન થયું.

સભામાં પ્રવેશ મર્યાદિત હતો. અન્ય હરિભક્તોએ મંદિર નીચેના હૉલમાં બેસીને તથા રસ્તા ઉપર ગોઠવેલા મોટા ટી.વી. સેટ દ્વારા સમગ્ર સભાનો કાર્યક્રમ નિહાળ્યો હતો.

મહેમાનોમા મુખ્યપણે - શ્રી અને શ્રીમતી પંત, ઈસ્લીંગ્ટન વિસ્તારના મેયર ઓલ્ડરમૅન, લૉર્ડ અને લેડી સોરેન્સન, મોરેશિયસના રાજદૂત ડૉ. ત્રિલોક, બુદ્ધિસ્ટ સોસાયટીના પ્રમુખ મોંગજી, શ્રી અને શ્રીમતી ફ્રાન્સિસ, આર્ક બિશપ ઑફ કેન્ટબરી તથા આર્કબિશપ ઑફ વેસ્ટ મિનિસ્ટર તથા યહૂદી ધર્મના વડા રબાઈના ખાસ અંગત પ્રતિનિધિઓ અને અન્ય અંગ્રેજ મહાનુભાવો તથા અન્ય રાજદૂતો તથા પ્રતિષ્ઠિતો ખાસ હાજર રહ્યા હતા.

પ્રફુલ્લભાઈ પટેલ સભાનું સંચાલન અંગ્રેજીમાં કરતા હતા.

વેદગાન (ટેપરેકર્ડર ઉપરથી) બાદ મેઘાણી સાહેબે સ્વાગત-પ્રવચન કર્યું. લેઝલી શેપર્ડે સ્વામીશ્રીના સંદેશાનું વાચન કર્યું.

સ્વામીશ્રીએ ટેપ કરેલા સંદેશા દ્વારા જણાવ્યું કે 'શ્રીજીમહારાજ અહીં શા માટે બેસે છે ? યુરોપમાં મોક્ષભાગી જીવો ઘણા છે. કલ્યાણના ખપવાળા છે. તેથી અહીં મહારાજ બેસે છે. ભગવાન ને સંત એમ ને એમ ન આવે. જ્યાં મોક્ષભાગી જીવો હોય, ત્યાં ભગવાન ને સંતો પધારે છે. '*જે સ્વામિનારાયણ*

નામ જપશે રે, તે જીવનુ કલ્યાણ થશે રે.' જાણે અથવા અજાણે આ નામ લેશે તે બધા જીવનું કલ્યાણ થશે. હજારો ને લાખોનાં મહારાજ-સ્વામી લંડનમાં કલ્યાણ કરશે. શાસ્ત્રમાં વાત લખાઈ જશે. સારંગપુરમાં મહારાજે કહેલું કે 'અહીં અક્ષરપુરુષોત્તમ બેસશે;' તો ત્યાં બેઠા. 'યુરોપ ખંડમાં મહારાજ ને સ્વામી બેસશે' – એવો શ્રીજીમહારાજનો સંકલ્પ સો વરસનો હતો, તે સિદ્ધ થયો. આજે મહારાજ ધામમાં બેઠા રાજી થયા છે. હિંદી-યુરોપિયન બધાં સંપીને રહે. મહારાજ રક્ષા કરશે, એવા અંતરના આશીર્વાદ છે.'

ત્યારબાદ *'મને ચાકર રાખોજી...'* એ ભજનનું સવાદ્ય ગાન થયું. ઈસ્લીંગ્ટનના મેયરે પોતાના વિસ્તારમાં મંદિરની શુભ પ્રવૃત્તિ બદલ અભિનંદન પાઠવ્યા. પાર્લામેન્ટ સભ્ય લોર્ડ સોરેન્સને જણાવ્યું કે 'તમારામાં સહિષ્ણુતા ઘણી છે. તમે મુસલમાન-ખ્રિસ્તીને અપનાવ્યા છે. પણ અહીંની વેશભૂષા (ટૂંકાં વસ્ત્રો વગેરે) અપનાવતા નહિ.'

સુરેન્દ્ર કામઠના વેણુવાદન બાદ હર્ષદરાય દવેનું સંપ્રદાય વિષયક વક્તવ્ય થયું. બુદ્ધિસ્ટ સોસાયટીના પ્રમુખના સંબોધન પછી શરણાઈ-વાદન અને સભા-પ્રમુખ ભારતના રાજદૂત આપાસાહેબ પંતના પ્રવચન પછી અંતમાં શ્રીમતી કામઠના કંઠે *'દર્શન દ્યો આજ, તુમ બિન રહ્યો ન જાય...'* એ ભજન રજૂ થયું.

આ કાર્યક્રમમાં સ્વામીશ્રી હાજર રહી શક્યા નહિ, પણ એમના આશીર્વાદથી કાર્યક્રમ ઘણો જ સફળ ગયો અને સમાજમાં સ્વામીશ્રી અને એમના કાર્યની ઘેરી અસર પડી.

આ કાર્યક્રમ પછી તરત જ સાંજે ૭-૩૦ વાગે મંદિરમાં જ જાહેર સત્સંગ સભા, સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજવામાં આવી, જેમાં સૌને માટે પ્રવેશ ખુલ્લો મૂકવામાં આવેલો. મંદિરનો હૉલ તથા નીચેના હૉલ ચિક્કાર ભરાઈ ગયા હતા.

'ભાવ ધરીને બોલો જય જય અક્ષરપુરુષોત્તમ...' એ કીર્તનગાન બાદ, મેઘાણીનું ટૂંકું પ્રવચન થયું. બંસી પટેલના કીર્તનગાન પછી, ડૉ. પંડિત નારાયણજીએ હિંદીમાં મૂર્તિપૂજાના મહિમા ઉપર સુંદર વક્તવ્ય રજૂ કર્યું. શિવપ્રસાદ ત્રિવેદીના કીર્તન પછી જશભાઈ પટેલ, જયંતિભાઈ, ડૉ. કારિયા, ડૉ. ઈન્દ્રવદન પટેલ, હકાભાઈ, પ્રિયદર્શી અશોક, પી.સી. પટેલ, ડૉ. વિનોદ પટેલ, પ્રહ્‌લાદજી, પૂનમભાઈ, કનુ ભટેસા, ડૉ. કે.સી. પટેલ વગેરે હરિભક્તોએ ટૂંકમાં પ્રતિષ્ઠા મહોત્સવના મહિમાનું ગાન કર્યું.

'આંખથી યોગીબાપાને મેં જોયા...' એ કીર્તન બાદ પ્રો. દિલીપ

વેદાલંકાર, બાળમુકુંદ પરીખ, પ્રફુલ્લભાઈ પટેલ તથા પ્રમુખસ્વામીએ પણ સંબોધન કર્યું.

લંડનમાં સ્વામિનારાયણ રોડ

અંતે રાત્રે ૯-૩૦ વાગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'સવારે મૂર્તિપ્રતિષ્ઠા થઈ. આશીર્વાદ દીધો. હવે બીજી રીતનો આશીર્વાદ આપવામાં આવે છે. કઈ રીતનો ? અહીં સવાર-સાંજ દર્શને આવવું.

'આમાં મૂર્તિનો ભાવ ન રાખવો. શ્રીજીમહારાજ, ગુણાતીત સ્વામી, શાસ્ત્રીજી મહારાજ સાક્ષાત્ બિરાજે છે, સર્વોપરી ડંકો બ્રહ્માંડમાં વાગી ગયો. આનો દાખલો દેશમાં લેશે.

'માળા બંડિયા ! લંડનમાં મૂર્તિ પધરાવી આવ્યા !' પાંચ દોષની પૂંછડી કાપી તે બંડિયા.

'પ્રફુલ્લભાઈએ પ્રોસેશન કાઢ્યું, તે તેનાં જેણે ભાવે દર્શન કર્યાં, અમથો જોઈને હાલ્યો ગયો, તેનુંય કલ્યાણ થઈ ગયું !

'શ્રીજીમહારાજે સાગમટે નોતરું આપ્યું છે.

'બધા સુખી થાય તેવા આશીર્વાદ છે. અહીં માનતાઓ હાલશે.

'દુર્ગેશભાઈ દવે સવાર-સાંજ પૂજા, આરતી, થાળ કરે.

'જે દર્શને આવે તે શિલિંગ - પાઉન્ડ નાખે.

'અહીં લક્ષ્મીના ઢગલા થશે. પૂનમભાઈ ખાંપશે તોય ખૂટશે નહિ.

'ભલે મંદિર છેટું હોય તોય દરેકે આવવું. ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ થાય. અક્ષરપુરુષોત્તમનાં દર્શન કરવાં એ નાનીસૂની વાત નથી.

'સંપ-એકતાપણું રાખવું. ઊંચે સાદે કોઈને બોલવું નહિ. તમે તેડાવશો ત્યારે ભગવાનની ઇચ્છાએ અહીં ફરી આવવાનું થશે.

'યજ્ઞનો પ્રસાદ વધ્યો છે. તે દરેકે જમીને જાવું. બારસોની રસોઈમાં અઢી હજાર જમ્યા. ૧૯૯૦ની સાલમાં ગોંડલમાં ઠાકોરજી બેઠા ત્યારે શામજીભાઈ રસોઇયાએ રસોઈ કરી હતી. માણસ વધી ગયું. તેણે આવી સ્વામીને કહ્યું : 'સ્વામી ! બીજી રસોઈ કરવી પડશે.' સ્વામી મારો હાથ ઝાલીને રસોડે ગયા ને કહ્યું : 'કશું ખૂટશે નહિ.' પછી તો બધા જમ્યા તોય વધ્યું. પછી સ્વામીએ બધાને કહ્યું : 'માંડો બધાંને ભાતાં આપવા.' તોય ખૂટ્યું નહિ. પછી ગામમાં વહેંચ્યું ને તોય વધ્યું. પછી નદીના સામે કાંઠેય વહેંચ્યું.

'મોમ્બાસામાં ૧૯૫૫માં પ્રતિષ્ઠા વખતે પણ એવું વધ્યું, ને છેવટે દરિયામાં માછલાંને ખવરાવ્યું. એમ મહારાજ બરકત મૂકે છે.

'જે આ નગારું સાંભળશે ને ધજાગરાનાં દર્શન કરશે, તે બધાંનું કલ્યાણ.

'આ રોડનું નામ 'સ્વામિનારાયણ રોડ' રાખવું. રાજકોટમાં 'સ્વામિ-નારાયણ રોડ' થઈ ગયો.

'અહીં પાટિયું ચોડી દેવું : 'સ્વામિનારાયણ રોડ.' છાપામાં આવી જાય. બોર્ડિંગ હાઉસ અને સ્વામિનારાયણ રોડ - આ બે થઈ જાય તેવા આશીર્વાદ છે.'

રાતે મંદિરમાં સભામાં, 'લંડનમાં ઠાકોરજી આજે બેઠા તે દિવાળીનો તહેવાર ગણાય. મંદિરમાં એક એક વસ્તુ સૌ લઈ દે. જેમ ઘરનું કામ કરીએ છીએ તે કરતાં સવાયું ઠાકોરજીનું કરવું.' સ્વામીશ્રીએ જાહેરાત કરી.

પછી પ્રફુલ્લભાઈએ જાહેરાત કરી કે 'આજે જમવાનું પડી રહ્યું છે, તે બધા જમીને જજો.'

'ગુરુ ! પ્રસાદ કહેવાય, પડ્યું રહ્યું છે તેમ ન બોલાય !' સ્વામીશ્રીએ સુધાર્યું.

ત્યારબાદ આરતી કરી, ચાર સંતોને મંદિરમાં થાળ કરી, ઉતારે આવવા સ્વામીશ્રીએ જણાવ્યું.

અક્ષર હિલ

રાત્રે ડૉલીસ હિલ આવ્યા ને કહ્યું : 'આને હવે 'અક્ષર હિલ' કહેવું. 'ડૉલી હિલ' ન કહેવું. સરકારને મળી નામ બદલવું.'

વળી કહે : 'મંદિરના રોડનું નામ 'સ્વામિનારાયણ એલ્મોર સ્ટ્રીટ' રાખવું. એનુંય રહે ને આપણુંય રહે.'

આખા દિવસના સખત શ્રમ પછી પોતે આરામમાં પધાર્યા.

મંદિર પાસે પોલીસે આખી રાત બંદોબસ્ત જાળવ્યો હતો. ઉત્સવ પહેલાં અને પછી પણ પોલીસ ટુકડીઓ અવારનવાર રાઉન્ડ લેતી હતી. અહીં ચાલતી એશિયન વિરોધી સ્કીન હેડ્સની પ્રવૃત્તિથી પોલીસે આ પ્રકારે મંદિરને રક્ષણ આપ્યું હતું અને ઠાકોરજીની સેવા બજાવી હતી.

આજે રાત્રે ૧૦-૦૦ વાગે સવારનો સંપૂર્ણ કાર્યક્રમ ૭ મિનિટ સુધી ટી.વી. ઉપર પ્રસારિત થયો હતો. આ રીતે બ્રિટન અને યુરોપના લાખો માણસોએ મૂર્તિઓ તથા સ્વામીશ્રીનાં દર્શન મેળવ્યાં. બ્રિટનનાં અનેક વર્તમાનપત્રોએ પણ

નગરયાત્રાના ફોટાઓ સહિત લંબાણપૂર્વક વિગતો પ્રસિદ્ધ કરી હતી.

બીજે દિવસે સવારે ૧૧-૪૫ વાગે વેમ્બલી મેથોડીસ્ટ ચર્ચમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'લંડનમાં શ્રીજીમહારાજ ને સ્વામી બિરાજે તે ઓછી વાત ન કહેવાય. અબજો રૂપિયા આપતાં પણ આ પ્રાપ્તિ ન મળે. લક્ષ્મી તો સૌને ઘેર હોય પણ ભગવાન કોઈના ઘેર હોતા નથી.'

મંદિરમાં સાંજે ૭-૩૦ વાગે કથાવાર્તાના પ્રસંગમાં સમજાવ્યું :

'મૂળ અજ્ઞાન એટલે શું ? સર્વોપરી મહારાજને ન સમજાય અને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીત ન મનાય તે. આ મૂળ અજ્ઞાન સમાગમથી જાય.

'આ મંદિર છેટું છે' – એમ સ્વામિનારાયણના ભક્તે ન કહેવું. અક્ષરધામ કેટલું છેટું છે ! માટે મંદિરે આવવું.'

ગુરુ-શિષ્ય સંહિતા

મિ. પીટર બ્રેન્ટ (યહૂદી) એક મોટા લેખક. તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. આ અરસામાં તેઓ 'ગુરુ અને શિષ્ય' ઉપર એક પુસ્તક લખી રહ્યા હતા. તે માટે જુદા જુદા સંતોની મુલાકાત માટે થોડા વખત પહેલાં મુંબઈ આવેલા. દાદરમાં મહંત સ્વામીને મળ્યા હતા અને ત્યાં જમ્યા હતા. તા. ૧૬ મીએ, ડૉલીસ હિલમાં બપોરે ૧૨-૦૦ વાગે તેઓ લંડનમાં સ્વામીશ્રીના સમાચાર સાંભળી મુલાકાત લેવા આવ્યા. સાથે રેકર્ડર પણ લાવ્યા હતા. હર્ષદભાઈ દવે દુભાષિયા હતા. તેમણે સ્વામીશ્રીને કેટલાક પ્રશ્નો પૂછ્યા.[૧૫]

પીટર : 'આપ ઘણા શિષ્યોને પ્રેરણા આપો છો, પણ આપ શિષ્યોને કેવી રીતે ઓળખો કે આ શિષ્ય આ માર્ગે ચાલી શકે તેમ છે કે નહિ ?'

સ્વામીશ્રી : 'ભગવાન પ્રેરણા કરે ત્યારે ઓળખાય કે આ જીવ આ માર્ગે ચાલી શકશે ને આ નહિ ચાલી શકે. સ્વામિનારાયણ ભગવાનની પ્રેરણા વગર ઓળખાય જ નહિ.

પીટર : 'ભગવાનની પ્રેરણાથી શિષ્ય તરીકે જેને આપ સ્વીકારો છો, તેની પરીક્ષા કરો છો કે નથી કરતા ?'

સ્વામીશ્રી : 'પરીક્ષા કરવાની. પંચ વર્તમાન પાળે છે કે નથી પાળતો, ધર્મ-નિયમ પાળે છે કે નથી પાળતો, તે જોવાનું. આશરો ભગવાનનો કરે છે કે

૧૫. નોંધ : આ સંવાદ પાછળથી એમણે 'Godmen of India' નામના તેમના પ્રખ્યાત પુસ્તકમાં વિસ્તૃત રીતે વણી લીધો છે.

નહિ, તે જોવાનું. આ જોયા પછી જ શિષ્ય કરાય. પછી જ તેને ભગવાનનો આશરો કરાવાય.'

પીટર : 'શિષ્યને આપ સ્વીકારો ત્યારે શિષ્યને માટે ગુરુ એટલે કે આપ જે જે કહો તે મહત્ત્વનું હોય છે કે સૂચક હોય છે ? શિષ્ય આપની બધી જ પ્રવૃત્તિનું ધ્યાન રાખે (તેને અનુસરે) અથવા કોઈ કોઈ પ્રવૃત્તિનું ધ્યાન રાખે ? એટલે કે આપની બધી પ્રવૃત્તિમાં તેણે ભળવાનું ?'

સ્વામીશ્રી : 'ગુરુની દરેક પ્રવૃત્તિ અગત્યની છે. તેમાં શિષ્યે ધ્યાન રાખવું પડે, રસોઈ-પાણી, ધર્મ-નિયમ, કથાવાર્તા દરેકમાં શિષ્યને ભળવું જ પડે, તો જ તે શિષ્ય કહેવાય.'

પીટર : 'ગુરુ એ પરમાત્મા છે ?'

સ્વામીશ્રી : 'પરમાત્માનું સ્વરૂપ છે.'

પીટર : 'આ ભાવના પશ્ચિમ માટે સમજવી અઘરી છે. કોયડારૂપ છે. તે કેમ સમજાય ?'

સ્વામીશ્રી : 'ગુ + રુ એટલે ગુરુ. 'ગુ' કહેતાં આપણું અજ્ઞાન તે ટાળીને તેને 'રુ' કહેતાં પ્રકાશ આપે - જ્ઞાન આપે તે ગુરુ. એમાં ભાવના થાય કે આ પરમાત્માનું સ્વરૂપ છે. જેમાં સર્વ પ્રકારે ભગવાન રહ્યા છે, તે મનાય. નીકર એમ ને એમ મનાય નહિ. રામપરામાં બધાંને ભગવાં વસ્ત્ર છે. એટલે એ ગુરુ ન કહેવાય. શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોય એ ગુરુ કહેવાય. શ્રોત્રિય એટલે શબ્દ-માત્રના સાચા અર્થના કરનાર અને બ્રહ્મનિષ્ઠ એટલે બ્રહ્મસ્વરૂપ થયેલા હોય. વંશપરંપરાના થયેલા તે સાચા ગુરુ કહેવાય. જે ગુરુ-પરંપરાથી આવેલ હોય તેનું નામ ગુરુ કહેવાય. અર્થાત્ એના ગુરુ પણ એવા જ સમર્થ હોય અને શિષ્ય પણ.'

પીટર : 'ગુરુ પરમાત્માનું સ્વરૂપ છે. તો અહીં એક ગુરુ પાસે જાય ને પછી બીજે બીજા ગુરુ પાસે જાય તો તેનો મોક્ષ થાય ? અને સાચા ગુરુ ઓળખાય કેમ ?'

સ્વામીશ્રી : 'અંતરની આંખે ઓળખવા જોઈએ. સાચા ને ખોટાની ખબર પડવી જોઈએ. જેમ સાચો રૂપિયો ખણખણ રણકે અને ખોટો રૂપિયો બોદો બોલે.'

'બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય હોય તે જ ગુરુ પાસે જવાથી મોક્ષ થાય. બ્રહ્મ થકી બ્રહ્મ થયેલો હોય તેની પાસે જ જવાથી મોક્ષ થાય છે. ઓલ્યા પાસે જવાથી મોક્ષ થતો નથી.'

પીટર : 'કેટલાક ગુરુ ચમત્કારો બતાવે છે. ઘણી વખત જરૂર વગર પણ

બતાવે છે ને લોકો પર ખોટી અસર પડે છે. માટે તે ચમત્કારનો કોઈ અર્થ છે કે નહિ ?'

સ્વામીશ્રી : 'જ્યારે જેવું પ્રકરણ. માણસને ખેંચવા હોય ત્યારે ચમત્કાર જણાવે. ચમત્કારથી ખેંચીને, જ્ઞાન આપી, બ્રહ્મરૂપ કરી, ભગવાનના ધામને પમાડે. જીવને ખેંચવા માટે જ ચમત્કાર બતાવે. હંમેશાં ચમત્કાર બતાવતા નથી. પછી જ્ઞાનની સ્થિતિ કરાવે. આત્મા-પરમાત્માનું જ્ઞાન કરાવી, બ્રહ્મની સ્થિતિ તેને કરાવે. પછી તે સંત કહેવાય.'

પીટર : 'કેટલાક ગુરુ તેના શિષ્યોને એકદમ Power (શક્તિ) આપી દે છે. આપણને પણ દેખાય છે - આમાં દિવ્ય શક્તિ આવી જાય છે. તો આ એકદમ આપી દીધેલ શક્તિ કેટલી ચાલે ?'

સ્વામીશ્રી : 'પાત્ર જોઈને પાવર (શક્તિ) આપે છે. જોયા વિના આપી દે તો અંતે નિષ્ફળ જાય છે. પાત્ર જોઈને જ પાવર આપે પછી તે પાત્ર કોઈ દી' બંધ ન થાય.'

પીટર : 'કેટલાક શિષ્યો ગુરુ પાસે સંસ્થામાં આવે છે. સંસ્થાના જે કડક નિયમો તે પાળે છે. ઘણી વાર તેને અંતરથી વૈરાગ્ય હોતો નથી, પણ એક સંસ્થાની શિસ્ત છે તેથી તે ઉપરથી નિયમો પાળે છે. તો ભવિષ્યમાં તેને ભય ખરો ?'

સ્વામીશ્રી : 'શિષ્ય ગુરુ આગળ આવે ને ગુરુની આજ્ઞાથી ત્યાગ પાળે પછી સત્પુરુષ પ્રેરણા કરે. પછી કૃપા કરે ને તે અખંડ નભી જાય.'

પીટર : 'આ સંસ્થામાં જે શિષ્ય આવે તેને અહીં રહેવું હોય તો સંપ્રદાયના નિયમો પાળવાના જ હોય છે. તેવું દબાણ આવે છે, તો તે દબાણથી પાળે તેને ભય ખરો ?'

સ્વામીશ્રી : 'દબાણથી પાળે તેમાં ભય ખરો, પણ ભગવાનને અંતર્યામી જાણીને આશરો કર્યો હોય અને જે પાળે તેને ભય નથી.'

પીટર : 'ખ્રિસ્તી ધર્મમાં એવો સિદ્ધાંત છે કે દુનિયા બધી ખરાબ છે. તેમાં જન્મ્યા તે બ્રહ્મચર્ય પાળતા નથી. માટે તે બધું ખરાબ છે. માટે આપને મતે શું છે ? શું કોઈ સારી વસ્તુ છે જ નહિ ?'

સ્વામીશ્રી : 'સત્પુરુષ છે તેને ખરાબ કોઈ છે જ નહિ. પ્રથમ ખરાબ હોય, પણ તેને શુદ્ધ કરી સત્પુરુષ આ મારગે ચલાવે, તેથી તે ખરાબ ન કહેવાય. દુનિયા નાશવંત છે, નમાલી છે, તુચ્છ છે, પણ તેમાં શુદ્ધ મુમુક્ષુ છે તે આ મારગે ખેંચાઈ આવે. બધું જ ખરાબ છે - તેમ કહેવાય નહિ.'

પીટર : 'સાચા ગુરુ ને સાચા શિષ્યનો સંબંધ અવર્ણનીય છે, વાણી કરતાં મૌનનો સંબંધ શ્રેષ્ઠ છે, તો તેને ભાષામાં મૂકી શકાય કે નહિ ?'

સ્વામીશ્રી : 'ભાષામાં મૂકી ન શકાય. હૃદયની ભાવનાથી મૂકી શકાય. બીજા શિષ્યો તો વયા જાય, પણ ગુરુનો અંતરાત્મા એમ કહે કે આ બરાબર શિષ્યને પકવ્યો છે, એમ કહે ત્યારે ખરું.'

પીટર : 'મેં આટલા પ્રશ્નો આપને પૂછ્યા. આપે તેના ઉત્તર આપ્યા. છતાં મારે પૂછવાનું રહી ગયું હોય તો તે આપ બતાવો.'

સ્વામીશ્રી : 'આપને કહેવાની વસ્તુ રહી ગઈ છે તે અમે કહીએ છીએ કે ક્ષોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ કરીએ તો આત્મા-પરમાત્માનું તે જ્ઞાન કરાવે ને શાંતિ થાય. માટે તે ખોળીને તેનો આશરો કરવાથી હૃદયમાં શાંતિ થઈ જાય છે, ને અશાંતિ દૂર થાય છે.'

પીટર : 'આપનો ખૂબ ખૂબ આભાર.'

સ્વામીશ્રી : 'આપે પ્રશ્નો સારા પૂછ્યા. અમે અંતરથી રાજી થયા છીએ.'

સ્વામીશ્રીએ તેને છેલ્લા-પૂછવાના રહી ગયેલા પ્રશ્નનો જવાબ તો છેવટે આપ્યો. જે ગુરુ તેને શોધવાના છે તે પોતે જ છે તેની પ્રતીતિ કરાવતાં તેને કહ્યું : 'તમે વર્તમાન ધરાવશો ?'

પીટર બીચારો મૂંઝવણમાં પડ્યો.

સ્વામીશ્રી : 'એક નિયમ પાળના, પાંચ માળા સ્વામિનારાયણના નામની ફેરવના. મોક્ષ થઈ જાયગા. એક નિયમ પાળેગા, દારૂ ન પીવે - બસ થઈ રહ્યું.'

થોડી વાર સુધી પીટર વિચારમગ્ન રહ્યા. સ્વામીશ્રી કહે : 'આશીર્વાદથી પાળી શકાશે. આપ પધાર્યા તેથી આપને આશીર્વાદ દેવો જ જોઈએ. વર્તમાન ધરાવો. સંચિત, પ્રારબ્ધ ને ક્રિયામણ આ પાપ બધાં પૂર્વનાં છે તે બળી જાયગા.'

પીટર કશો નિર્ણય કરી શક્યા નહીં.

સ્વામીશ્રીએ 'પાઘ લાવો ત્યારે' એમ કહી પ્રકરણ સંકેલ્યું. છેલ્લે કહ્યું : 'I am blessing you.' પછી પ્રસાદ આપ્યો અને હેન્ડનમાં આવેલા સ્વામિ-નારાયણ મંદિરે ઠાકોરજી જમાડવા પધાર્યા.

કોઈ હરિભક્તે 'ડેઇલી ટેલિગ્રામ' દૈનિકમાંથી 'વેધર રિપોર્ટ' સ્વામીશ્રીને વાંચી સંભળાવ્યો : 'છેલ્લા અઠ્ઠાવીસ દિવસથી સખત ગરમી છે. એક ટીપું વરસાદ નથી પડ્યો... છેલ્લે ૧૯૫૯માં આવી ગરમી પડી હતી.'

સ્વામીશ્રી કહે : 'હજુ આપણે છીએ ત્યાં સુધી ગરમી પડે.'

દારૂ-માંસ ખાવા-પીવાની વાત નીકળી. કોઈકે કહ્યું કે 'અહીં ઠંડીને લીધે ખેતી ઓછી, તે દારૂ-માંસ લેવું પડે !

'આપણા સત્સંગી કેટલી મજૂરી કરે છે ! તોય એ ક્યાં એવું ખાય છે ? નિયમ-ધર્મ પાળે છે.' સ્વામીશ્રીએ કહ્યું.

અભક્ષ્ય ખાતાં-પીતાં લોકો ઉપર સ્વામીશ્રીએ અણગમો બતાવ્યો.

...તો અમારી સાથે આવી જાવ ને !

સને ૧૯૫૯માં જયેન્દ્રભાઈ હરમાનભાઈ પટેલ જેઓ કાર્ડિફમાં અભ્યાસ કરતા, તેમને સ્વામીશ્રીનાં દર્શન કંપાલામાં થયેલાં; પરંતુ એ વખતે સત્સંગનો એટલો બધો રંગ નહીં. આ વખતે સ્વામીશ્રી લંડન આવ્યા ત્યારે ડૉલીસ હિલમાં સ્વામીશ્રીએ કાનમાં આંગળી નાંખીને ગળામાં કંઠીની તપાસ કરી, આશીર્વાદના થાપા માર્યા હતા અને અભ્યાસ સંબંધી તેમજ બીજું ઘણું બધું પૂછ્યું.

સ્વામીશ્રીના હેત આગળ તેઓ નમી ગયા. તેમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં ! દર્શન કરી, તેમણે કાર્ડિફ પાછા જવાની રજા માગી. અને કહેલું : 'મૂર્તિપ્રતિષ્ઠાને બીજે દિવસે પરીક્ષા શરૂ થાય છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'રવિવારે મૂર્તિપ્રતિષ્ઠા છે. તો આવજો.'

તેમણે આ આજ્ઞામાંથી છૂટ મેળવવા માટે ઘણી બધી કોશિશ કરી, પરંતુ સ્વામીશ્રીએ કહેલું : 'મૂર્તિપ્રતિષ્ઠાને દિવસે આવજો. બપોરે ૪-૦૦ વાગે જતા રહેજો.'

આજ્ઞા પ્રમાણે તેઓ શનિવારે ડૉલીસ હિલમાં આવી ગયા. એ વખતે સ્વામીશ્રીએ તેમને સાધુ બનાવવા માટે કહ્યું : 'કો' થઈશ ! કો' થઈશ.' ત્યારે એમણે કહ્યું : 'થઈશ.' સ્વામીશ્રી ખૂબ જ રાજી થયા.

પરીક્ષા પછી અરવિંદભાઈએ તેમને તથા દીનકરને સ્વામીશ્રીના ઉતારે સેવા માટે બોલાવી દીધા. અહીં સ્વામીશ્રી તેમને અત્યંત હેત કરીને સાધુ થવાનું હંમેશાં કહેતા.

ડૉલીસ હિલમાં જયેન્દ્રભાઈની પૂજા પ્રમુખસ્વામીના રૂમમાં રહેતી. તેમને કોઈ વાર પ્રમુખસ્વામી સાથે વાતચીતનો પરિચય નહિ. એક વાર તેઓ કીર્તનની કડી બોલતાં બોલતાં પસાર થયા : *'ઘરમાં નથી ગોઠતું ને કામ નથી સૂઝતું.'* આ સાંભળીને પાછળથી પ્રમુખસ્વામી બોલ્યા : 'તો અમારી સાથે આવી જાવને !'

આ વાક્ય સાંભળીને જયેન્દ્રભાઈ હસીને સ્વામીશ્રીની રૂમમાં જતા રહ્યા.

આમ, અનેક પ્રસંગો ઉપસ્થિત કરી સ્વામીશ્રીએ તેમને સાધુ થવાની સતત પ્રેરણા આપી.'[૧૬]

ન્યૂયોર્કમાં મંદિર કરવું છે

આ પ્રસંગે અમેરિકાથી ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવેલા ડૉ. કે.સી. પટેલને સ્વામીશ્રી સાથે ખાનગી વાત કરવી હતી, પણ કોઈ તક મળતી ન હતી. એક વખત તેમણે અરવિંદભાઈ ગુરુને વાત કરી. તેમણે સ્વામીશ્રી સ્નાન કરવા જતા હતા ત્યાં બાથરૂમમાં મુલાકાત કરાવી આપી.

ડૉ. કે.સી. પટેલે કહ્યું : 'બાપા ! આપની આજ્ઞાથી અમેરિકા ગયો છું. અત્યારે એક વર્ષનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. ત્યાં નોકરીની પરિસ્થિતિ સારી નથી. જો લંડન પાછો ફરું, તો નોકરી મળે તેમ છે. તો કેમ કરવું ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આપણે ત્યાં જ રહેવાનું છે. ન્યૂયોર્કમાં મંદિર કરવું છે. તો તમે સત્સંગ મંડળ ચલાવજો.' એમ કહેતાં સ્વામીશ્રીએ હેતથી આશીર્વાદ આપ્યા અને કહ્યું : 'તમને કાયમી નોકરી મળી જશે !'

સ્વામીશ્રીની કૃપાથી તેમને કાયમી નોકરી મળી ગઈ. ડૉ. કે.સી. પટેલના ડિપાર્ટમેન્ટના ચૅરમૅને તેમને કહ્યું : 'આ ડિપાર્ટમેન્ટના ઇતિહાસમાં જો કોઈને ઇન્ટરવ્યૂ લીધા સિવાય કાયમી કર્યા હોય, તો તમારો આ પ્રથમ કેસ છે.'

ત્યારપછી પણ આ રીતે ઇન્ટરવ્યૂ લીધા વગર કોઈને કાયમી કર્યા નથી.

સ્વામીશ્રીના વચને અને આશીર્વાદથી પાછળથી ન્યૂયોર્કમાં મંદિર થયું.

---

૧૬. થોડા મહિનામાં સ્વામીશ્રીના સ્વધામ જવાના સમાચાર આવ્યા. પરંતુ તે પહેલાં સ્વામીશ્રીનો એક પત્ર તેમના પર આવેલો કે 'લગ્ન કરશો નહીં. તેમાં વિઘ્ન આવે.' તેમના મોટાભાઈ - ગોવિંદ સ્વામી તો સાધુ થયેલા હતા. જયેન્દ્રભાઈ લંડનમાં અભ્યાસ માટે આવ્યા ત્યારે ત્રણ વર્ષ સુધી તો પોતાના હાથે રસોઈ કરીને જમ્યા. એવા નિયમ-ધર્મમાં રહી તેમણે સત્સંગ જાળવ્યો.

કાર્ડિફ શહેરની યુનિવર્સિટીમાં ઇલેક્ટ્રોનિક એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં સર્ટિફિકેટ લેવા માટે ગયા ત્યારે પ્રિન્સિપાલે કહ્યું : 'હવે એક વરસ પૂરું કરી લો ને !' ત્યારે તેમણે કહ્યું : 'મારા ગુરુની આજ્ઞા છે માટે મારે સાધુ થવું જ જોઈએ.' સ્વામીશ્રી પાસે સાધુ થવા આવતા યુવાનોમાં ઊંચા પ્રકારની કારકિર્દીનો ત્યાગ કરીને આવનારા ઉચ્ચ કુટુંબના નબીરાઓ હતા !

એ પછી જયેન્દ્રભાઈએ ભારત આવીને પ્રમુખસ્વામી મહારાજ પાસે દીક્ષા લીધી ને સ્વામીશ્રીનું આજ્ઞાનું પાલન કર્યું. હાલ, સાધુ ત્યાગસ્વરૂપદાસ.

ડૉ. કે.સી. પટેલને નિમિત્ત બનાવીને સ્વામીશ્રીને આ કાર્ય કરાવવું હતું. તેઓ પણ સ્વામીશ્રીની કૃપાથી સત્સંગની અનેકવિધ પ્રવૃત્તિઓમાં મોખરે રહ્યા.

હેતુ રહિત ભક્તિ તવ ચરણે

અરવિંદભાઈના ઘરે રસોડાની બાજુમાં દાદરા નીચે સ્વામીશ્રી માટે જાજરૂ જવાની વ્યવસ્થા કરી હતી. સવારમાં ત્યાગવલ્લભ સ્વામી તૈયાર થઈને આવી ગયા હોય. અહીં સ્વામીશ્રીની સેવામાં જાણીતા એવા ગુણવંતભાઈ એક જ યુવક હતા. એટલે સંતોને સેવાનો લાભ મળતો.

એક વાર સ્વામીશ્રી જાજરૂમાંથી બહાર નીકળ્યા ત્યારે ત્યાગવલ્લભ સ્વામીએ સ્વામીશ્રીને ટેકો આપવા હાથ ધર્યો. પણ સ્વામીશ્રીએ તેમના હાથનો ટેકો લીધો નહિ અને જણાવ્યું : 'તમારે ઠાકોરજીનો થાળ કરવાનો એટલે ન અડાય.'

ત્યાગવલ્લભ સ્વામીને સ્વામીશ્રીની સેવા કરવાની ઇચ્છા રહ્યા કરે. એટલે સ્વામીશ્રી સ્નાન કરવા બેસે, ત્યારે એક વાર પાણીથી સંપૂર્ણ શરીર પલાળી લે પછીથી એમને બોલાવે. અને સ્નાન કરાવવાનો લાભ આપે. આમ, એમના કોડ પણ પૂરા કર્યા. નહિતર તેઓ હંમેશાં સવારથી જ રસોડામાં હોય, એટલે સ્વામીશ્રીની અંગત સેવાનો ક્યારેય લાભ મળે નહિ. ને પોતાને સોંપાયેલી સેવા છોડીને એવો લોભ પણ તેઓ ક્યારેય રાખતા નહિ. પણ અહીં તો સ્વામીશ્રી રોજ રસોડામાં જ સ્નાન કરતા અને તેઓ ત્યાં હાજર જ હોય, તેથી સહેજે લાભ મળી જતો.

રસોઈની બાબતમાં પણ એવું જ બનતું. ત્યાગવલ્લભ સ્વામી બધાને માટે રસોઈ બનાવતા. આ રસોઈમાં તેલ ને મરચું હોય. જ્યારે સ્વામીશ્રીની મોળી રસોઈ જુદી બનતી. પણ ત્યાગવલ્લભ સ્વામી જે ઠાકોરજીનો થાળ તૈયાર કરતા, તેમાંથી દરેક વસ્તુ સ્વામીશ્રી માગીને જમતા. ત્યાગવલ્લભ સ્વામીને ઘણો સંકોચ થાય કે આવી તેલવાળી તીખી રસોઈ સ્વામીશ્રીને ફાવશે નહિ. પણ જાણે હંમેશની સ્મૃતિ આપતા હોય તેમ સ્વામીશ્રી એમની સેવા સ્વીકારતા. એમાં પણ બટાટાનું શાક રોજ માગે. આ શાક રસાવાળું, ઘણું તીખું હોય; તેથી ત્યાગવલ્લભ સ્વામી ઘણી વાર ધોઈને આપે. છતાં સ્વામીશ્રી શાક ખૂબ વખાણે ને કહેતા જાય કે 'લંડનના બટાટા બહુ સારા.' નહિતર બટાટાનું શાક વાયડું, તેથી કદી પણ પોતે તે જમતા નહિ.

તા. ૧૭મીએ સભા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'ઘણા દિવસનો સંકલ્પ

હતો કે લંડનમાં મંદિર કરવું. ૧૪ વરસથી મેઘાણીને કાગળ લખતા હતા. સિદ્ધાંત હતો તે થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજે તે સંકલ્પ પાર પાડ્યો. કર્તા ભગવાન છે, આપણે નિમિત્ત છીએ. કૂતરું ગાડા નીચે હાલે ને જાણે 'હું તાણી જાઉં છું;' પણ તાણનારા બળદ છે.'

ડુંગરા દૂરથી રળિયામણા

બીજે દિવસે સાંજે ૭-૦૦ વાગે મંદિરમાં લંડન શહેરની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'ડુંગરા દૂરથી રળિયામણા, પાંહે ગ્યા તો પાણા.' એવું છે. અહીં આવ્યા પણ 'આવી ફસાયા' જેવું થયું.' એમ કહેતાં તે વાત વિસ્તારથી કરી :

'એક વાણિયો મુસલમાનને ત્યાં ઉઘરાણીએ ગ્યો. ત્યાં તો મુસલમાનો ભેળા થઈને 'યા હુસેન, જા હુસેન' કરતાં ઘીહોંટા લેતા હતા. વાણિયો જોવા ઊભો રહ્યો. મુસલમાનોએ તેને કુંડાળામાં ખેંચ્યો ને ગોદા મારીને કહે : 'તુંય તાજિયા કૂટ. ઘીહોંટા લે.' પણ વાણિયો કાંઈ ઘીહોંટા લે ? તેને કાંઈ આવડે નહીં. પણ હવે અંદર આવી ગયા. ક્યાં જાવું ? પછી તો 'આવી ફસ્યા ભાઈ ! આવી ફસ્યા' - એમ બોલતો કૂટવા માંડ્યો. એમ આપણું થયું.

'હા ભઈ ! લંડન બહુ સારું !' પણ દુ:ખનો દરિયો છે ! સમાગમમાં છીએ તે લાભ.'

તા. ૧૯મીએ સવારે ૫-૫૫ વાગે સ્વામીશ્રી કહે : 'આજે સ્વામીનાં દર્શન થયાં. સ્વામી, નિર્ગુણ સ્વામી ને હું ભાદરા ગયા હતા. ત્યાં દર્શન કર્યાં. સ્વામીશ્રીને જોડિયા જવું હતું. ગાડામાં બેસીને ગુણાતીતનગર સ્ટેશને આવ્યા. ફર્સ્ટના ડબ્બામાં અમે બધા બેઠા. એમ દર્શને જતા હતા ત્યાં આંખ ઊઘડી ગઈ.'

મંદિરમાં પ્રથમ પારાયણ

સાંજે સ્વામીશ્રી મંદિરે પધાર્યા. ચુનીભાઈ વસોવાળા તરફથી ત્રણ દિવસના વચનામૃત પારાયણનો પ્રારંભ સ્વામીશ્રીએ એકાએક કરાવ્યો. બીજી કશી તૈયારી ન હતી એટલે ટેબલ ઉપર આસન તૈયાર કરાવી, ડૉક્ટર સ્વામીને સ્વામીશ્રીએ વચનામૃત વાંચવા બેસાડ્યા. આમ, લંડન મંદિરમાં સૌ પ્રથમ પારાયણનો પ્રારંભ થયો.

આ નિમિત્તે પારાયણ પછી સભામાં સાંજે ૬-૪૫ વાગે સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું :

'સાંજે વચનામૃતની પારાયણ થઈ તે શુકન કહેવાય. મંદિર થયું ને પહેલી પારાયણ ચુનીભાઈએ કરાવી, તેમને પુણ્ય મળશે ને સુખી થાશે.

'આ પારાયણ શ્રીજીમહારાજની પરાવાણી. મહારાજ સાક્ષાત્ બોલેલા. કોઈ ગવર્નર કે સરકાર બોલે તો કેટલો ખ્યાલ રાખીએ ? બધા તે લખી લ્યે. રેંકડી (રેકોર્ડિંગ) કરી લ્યે.

'આ તો પુરુષોત્તમ નારાયણની વાણી. ગઢડા પ્રથમનું પહેલું વચનામૃત વાંચ્યું. ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ કેમ રહે ? દેહમાં રહે છે તેવી વૃત્તિ કેમ રહે ? મહારાજ ખુલાસો કરે છે. જેમ બધી વૃત્તિઓ જગતમાં રહી છે, તેમ ભગવાનના સ્વરૂપમાં રહેવી જોઈએ. એથી પર કોઈ સાધન કઠણ નથી, ને તેથી પર કોઈ પ્રાપ્તિ નથી.

'ગુણાતીતાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું : 'તમે આ બધાં મંદિરનો વે'વાર કરો છો, તે ભગવાનમાં અખંડ વૃત્તિ કેવી રીતે રાખો છો ?'

'સ્વામીએ કહ્યું : 'તમને તમારો દેહ ભુલાય છે ? જેમ માછલાંનું જીવન જળ છે. તે જળમાં માછલું હાલે, ચાલે, સર્વે ક્રિયા કરે; પણ જો બહાર નીકળે તો ? મરી જવાય. તેમ અમે બોલીએ, ચાલીએ, વ્યવહાર કરીએ, તે બધું મૂર્તિમાં વૃત્તિ રાખીને જ કરીએ છીએ. જો જરા વાર વૃત્તિ બહાર જાય, તો તાળવું ફાટી જાય ?'

'આપણે ખાવું, પીવું, નાહવું, ધોવું ભૂલીએ છીએ ? તેમ ભગવાન ન ભુલાવા જોઈએ.

'આ કઠણમાં કઠણ છે. પણ આશીર્વાદથી વૃત્તિ અખંડ ભગવાનમાં રહે, સાધનથી ન રહે.'

બીજે દિવસે પારાયણનું વાચન સિદ્ધેશ્વર સ્વામીએ કર્યું. હેન્ડન સત્સંગ મંડળના કચ્છી ભાઈઓ સભામાં આવેલા. યુવકો પણ આવેલા. એમણે કચ્છી વેશભૂષા સહિત ઠાકોરજી અને સ્વામીશ્રી સમક્ષ એક કલાક સુધી પંચાળાનો રાસ વગેરે કીર્તનો ગાઈને દાંડિયા રાસ કર્યો હતો.

જાણીતા અંગ્રેજ લેખક લેઝલી શેપર્ડે અંગ્રેજીમાં પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

અવગુણ ન આવે ઈ મોટી પદવી

જમ્યા પછી બપોરે ૩-૦૦ વાગે ગ.પ્ર. ૬ વચનામૃત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મોટી પદવી શું ? કોઈનો અવગુણ ન આવે ઈ. ચૂંટણીમાં

પ્રધાનપદું આવે ઈ મોટી પદવી નહીં. એ તો જમપુરીમાં જવાનું.'

આજે શનિવારે સાંજે થતી યુવક મંડળની અઠવાડિક સત્સંગ સભા પણ ચાલુ સભા સાથે જ કરવામાં આવી હતી.

દરરોજ સભામાં લગભગ ૨૫૦ થી ૩૦૦ હરિભક્તો દૂર દૂરથી આવતા હતા. મંદિરે પહોંચવામાં દરેકને બબ્બે ત્રણ-ત્રણ ગાડીઓ બદલીને આવવું પડે. ખર્ચ પણ ઘણો થાય. છતાંય સૌ નોકરીથી છૂટીને સીધા જ મંદિરે આવી જતા. સ્વામીશ્રીની મૂર્તિનું આકર્ષણ પણ અનેરું હતું અને સ્વામીશ્રી પ્રત્યેની સૌની નિષ્ઠા પણ એટલી જ દૃઢ હતી.

આ જ હરિભક્તો વહેલી સવારે ડૉલીસ હિલમાં સ્વામીશ્રીના ઉતારે પૂજા-દર્શનમાં પણ પહોંચી જાય. ત્યાંથી સીધા નોકરીએ કે ધંધે ને સાંજે મંદિરમાં, છેવટે રાત્રે ઘર ભેગા થાય. ત્યાં પાછું સવારે વહેલા ઊઠીને નીકળવાનું. એમ સૌની વૃત્તિ સ્વામીશ્રીમાં જ એકતાર થઈ ગઈ હતી.

આજ્ઞાની પરિસીમામાં સંકલ્પોની ગતિ

તા. ૨૧મીએ એક પંજાબી મુમુક્ષુએ સ્વામીશ્રીનાં ચરણારવિંદનો અંગૂઠો ધોવા ઈચ્છા વ્યક્ત કરી. સ્વામીશ્રીએ સાફ ના પાડી. અને કહ્યું : 'મહારાજની આજ્ઞા નથી.'

'પણ તમારી ઈચ્છા શું છે ?' એણે ફરી પ્રયત્ન કર્યો.

'મહારાજની આજ્ઞા નથી તો અમારી ઈચ્છા હોય જ ક્યાંથી ?' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરતાં સમજાવ્યું.

મહારાજની નાનામાં નાની આજ્ઞા અને એમની ઈચ્છા બન્ને અભિન્ન છે. મહારાજની આજ્ઞા ઉપરાંત કોઈ ઈચ્છા જ નથી, સંકલ્પ કરવાનો પોતાનો અધિકાર જ નથી – એ સેવકભાવ સ્વામીશ્રીએ પ્રદર્શિત કર્યો.

સાઉથ હૉલમાં સત્સંગ

આજે સવારે ૧૧ થી ૧, શ્રી હિન્દુ કલ્ચરલ સોસાયટી તરફથી સાઉથ હૉલમાં ટેકનિકલ હાઈસ્કૂલ હૉલમાં જાહેર સત્સંગ સભા યોજવામાં આવી હતી.

આ વિસ્તારમાં લગભગ ૧૫ હજાર જેટલાં ભારતીયો રહે છે. તેમાં લગભગ ૭ હજાર જેટલા શીખભાઈઓ જ વસે છે. આ વિસ્તારને છોટે પંજાબ પણ કહે છે. અહીં ગુરુદ્વારા પણ છે. અશોકજીના સહયોગથી આ સંસ્થાએ

સ્વામીશ્રીને નિમંત્ર્યા હતા. સભાપ્રમુખ તરીકે પણ પ્રિયદર્શી અશોક જ હતા.

પ્રારંભમાં જલારામ કીર્તન મંડળે વાજિંત્રો અને મંજીરા સહિત ભજનોની રમઝટ બોલાવી. સોસાયટીના કાર્યકર્તાઓ અહલુવાલિયાજી, રામપ્રકાશ શર્મા, દત્તાજી, મહેતા વગેરેએ સ્વામીશ્રીનું પુષ્પહારથી સ્વાગત કર્યું.

વેદગાન અને કીર્તનગાન પછી પરીખ સાહેબ, હર્ષદભાઈ દવે, આશાભાઈ, લક્ષ્મીનારાયણ શાસ્ત્રી, પ્રફુલ્લભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનો કર્યાં.

વચમાં સંતોએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલાવી હતી. અને જલારામ મંડળે એક કીર્તન પણ ગાયું હતું. સ્વામીશ્રીએ પણ અહીં પોતાની લાક્ષણિક હિંદીમાં જ સંબોધન કરી આશીર્વાદ પાઠવ્યા :

'અશોકભાઈએ ભાષણ કર્યું કે અહીં એક હિંદુ મંદિર થઈ જાય. આશીર્વાદ આપવામાં આવે છે કે અહીં એક વરસની અંદર હિંદુ મંદિર થઈ જશે. અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ હૈ.

'આ ભજન મંડળી આજે અમારા મંદિરમાં ભજન ગાઈ જાય તેવી વિનંતી છે. એવા આશીર્વાદ દેતા હૈ કે બધાં તને, મને, ધને સુખી થાય.'

સભામાં 'તુલસી રામાયણ'નું પુસ્તક હતું, તેની આરતી ઉતારી, શાંતિમંત્ર પછી સૌ પ્રસાદ લઈ વિખરાયા. આ વિસ્તારના ભાઈઓએ મોટી સંખ્યામાં આજના સત્સંગનો લાભ લીધો હતો. સ્વામીશ્રીનાં દર્શનથી સૌને હિંદુ ધર્મના ગૌરવ સાથે આનંદ પ્રાપ્ત થયો.

અગાઉ નક્કી કરેલા કાર્યક્રમ મુજબ, સ્વામીશ્રી તા. ૨૪-૬-'૭૦ના દિને ભારત પધારવાના હતા; પણ સ્વામીશ્રીને વધુ રોકવાનો હરિભક્તો તથા યુવકોનો અતિશય આગ્રહ હતો. એનું ખાસ કારણ એ પણ હતું કે મૂર્તિપ્રતિષ્ઠા દિન અગાઉ સૌ મંદિર અને ઉત્સવની તૈયારીમાં જ રહ્યા હતા. એટલે 'સ્વામીશ્રીનો લાભ અમને બરાબર મળ્યો નથી' એવી મુખ્ય દલીલ હતી. આમ, સમાગમની સૌની ભૂખ હજુ અધૂરી રહી હતી. અને સ્વામીશ્રીની ઇચ્છાથી જવાની પ્લેનની વ્યવસ્થા પણ જેવી જોઈએ એવી નહોતી. આથી સૌના આગ્રહને માન આપી સ્વામીશ્રી રહેવા સંમત થયા. પરંતુ અગાઉ જાહેરાત થઈ એ પ્રમાણે આજે સ્વામીશ્રીનો વિદાય સમારંભ હતો.

પ્રગટની મોંઘેરી સ્મૃતિ

સાંજે સ્વામીશ્રી મંદિરે પધાર્યા, ત્યારે તો ભારે ભક્ત-સમુદાય મંદિરમાં

એકત્રિત થઈ ચૂક્યો હતો. દૂર દૂરથી હરિભક્તો આવી પહોંચ્યા હતા.

પ્રમુખસ્વામી વ્યાસપીઠે બિરાજ્યા હતા. વચનામૃત પારાયણની પૂર્ણાહુતિ એમણે કરી. જલારામ ભજન મંડળ સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે આવ્યું હતું. તેમણે સુંદર ભજન ગાયું.

'આવો યુવકો ! તમને બતાવું ધરતી આ ગુજરાતની' - એ કૂચગીત, લંડન યુવક મંડળે કૂચ સાથે રજૂ કર્યું હતું. ત્યારબાદ તેમણે એક કીર્તન પણ ગાયું હતું.

ઘનશ્યામચરણ સ્વામીએ *'વહાલા રૂમઝૂમ કરતાં કાન...'* એ કીર્તન નૃત્ય સાથે તેમની લાક્ષણિક ઢબમાં ગાયું. યુવકો પણ રંગતમાં આવી, સાથે નાચવા લાગ્યા.

જલારામ ભજન મંડળના એક ભજન પછી, *'યોગી આવો તે રંગ મુને શીદ લગાડ્યો ?...'* એ કીર્તનની રમઝટ સાથે લંડન યુવક મંડળ અને ઘનશ્યામચરણ સ્વામીએ ખૂબ જ મસ્તીમાં દાંડિયા રાસ લીધો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં - પ્રત્યક્ષ મૂર્તિનાં દર્શન સાથે કીર્તનના ગાનથી સૌ હરિભક્તો પણ ભજનની ખરેખરી રંગતમાં આવી ગયા. મંદ મંદ હસતાં સ્વામીશ્રી પણ રાસ લેતા યુવકો સામે ઘડીક જોતા, તો ઘડીક સભા સામે. પણ એ ગુણાતીત પુરુષ દૃષ્ટિ સાથે હાસ્ય વેરતાં - આનંદમય બ્રહ્મનું જાણે સદાવ્રત આપતાં ન હોય ! એમ એકી સાથે અનંતને પોતાની મૂર્તિમાં લીન કરી, સુખિયા કરતા હતા. સભાજનો સૌ દેહભાન ભૂલીને આ દર્શનદાન લૂંટતા હતા. સૌ પ્રેમવિભોર બન્યા હતા.

પ્રગટની ભક્તિની આ મોંઘેરી સ્મૃતિ સૌએ અંતરમાં ભરી લીધી. ભક્તોની આ કમાણી હતી. આ જ અખૂટ ધન-ભક્તિસંપત્તિ હતી.

ઝીણાભાઈના વક્તવ્ય બાદ ડી.ડી. મેઘાણી વારસામાં મળેલા સાહિત્યના ખજાનાને ઠાલવતાં - પ્રસંગને અનુરૂપ દયારામનું સરસ કવિત બોલ્યા :

'સોના ન માગું, રૂપા ન માગું, માગું ન સારો સંસાર રે,
પૂર્ણ પુરુષોત્તમ તમ પાસ માગું, કરાવો પ્રગટની પિછાણ રે.
પ્રગટ સ્વામી તમ પાસ માગું, પકડો દાસ દયાનો હાથ રે,
- તારો ભવોભવ પાર રે.'

તેના જનને કેમ જોઈએ માન ?

અંતમાં અમૃત વાણી રેલાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આંહી આપણે બહુ આનંદ આવ્યો. આપણે એક જ છીએ. સ્વામિ-

નારાયણ નામ લ્યે તે જુદા નથી.

'આંહી મહિનો રહ્યા, પણ જાણે એક દી' રહ્યા તેવુંય નથી લાગતું. દેશથી હવે કાગળો આવે છે. મુંબઈમાં એટલી તૈયારી છે કે હજારોનો ખર્ચ કર્યો છે. પણ આંહીંનો પ્રેમ છોડાય તેમ નથી. બેય ઠેકાણે સત્સંગ છે. જમવાનું બેય જગ્યાએ મળે છે. પણ આ દેશમાં સત્સંગ થાય એ મોટી વાત છે.

'કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા.'

'ફેલમાં પૈસા જાય છે, તેટલા ધર્માદામાં દઈએ તો શિખરબદ્ધ મંદિર આંહીં થઈ જાય. મહારાજે દેશમાં ફેલ મુકાવ્યા. તે આંહીં આવી ગયા. આપણે નિષ્ઠા રાખવી ને નિયમ-ધર્મ પાળવા. સંત તે કરાવવા જ ફરે છે.

'સંત દેશ પ્રદેશ ફરે છે રે, સહુ જનનાં અઘ હરે છે રે;
એનાં દર્શ સ્પર્શ જે કરશે રે, તે તો ભવજળ પાર ઊતરશે રે.'
'તું મારી જકરમાં તો હું તારી ફકરમાં.'

'આશરો હોય તો ભગવાન મુસીબત ટાળી નાખે. આઘુંપાછું કરીએ તો ભગવાન છેટા જાય.

'એક ભક્ત હતા. બહુ પવિત્ર. રામનું ભજન કરે. તે ભક્તને એક જણે ધોલ મારી. ભગવાને વૈકુંઠમાં સાંભળી. 'મારા ભક્તને વગર વાંકે આણે ધોલ મારી !' ભગવાન તરત જ ભક્તની રક્ષા કરવા ઊપડ્યા. ત્યાં તો આ ભક્તને ફીસી ચડી ગઈ ને ઓલ્યાને સામી વળગાડી. આ જોઈને ભગવાન તરત જ પાછા વળી ગયા. નારદજીએ આ જોયું ને કહ્યું : 'ભગવાન કેમ જલદીથી અરધે રસ્તેથી પાછા આવી ગયા ?'

'આ ધોબીએ ધોબી થયા, તેથી મારું કામ નથી !'

'માટે કોઈ બે શબ્દ કહે તો સહન કરવું.

'કોઈ કહે : 'તમને કશું આવડતું નથી.' તો આપણું શું બગડી ગયું ? દેહ તો નાશવંત છે. દેહને ગાળ દીધી, આત્માને શું ?

'શ્રીજીમહારાજે ક્રોધ વગેરે દોષોને ટાળ્યા છે. બ્રહ્માંડમાં પધારી પાંચ દોષ કાઢ્યા.

'જેના નિર્માની ભગવાન, તેના જનને જોઈએ કેમ માન ?'

'માટે ખમ્યો એ મોટો. ધોબીએ ધોબી થઈએ તો ભગવાન પાછા વળી જાય. શાંત સ્વભાવ રાખવો. ફીસી ન ચડાવવી. જાગા સ્વામી, ભગતજી મહારાજ નિર્માની થયા. આપણે એવા નિર્માની થઈએ તો આપણા જીવનું કલ્યાણ થઈ જાય.

'પટેલભાઈને ફીસી બહુ ચડે; પણ તેમનેય નિર્માની ભક્તો કર્યા. કાઠી અને ગરાસિયાનેય નિર્માની કર્યા. તો આપણેય નિર્માની થવું.

'બધાં તને, મને, ધને સુખી થાવ તેવા આશીર્વાદ છે. બધાં મંદિરે આવજો. કથાવાર્તા કરજો. મહારાજનો આશરો કરવો. કોઈ દુઃખ આવશે નહિ. આવે તો અમને કાગળ લખજો.

'વિદાય ઉપરથી ભલે થાય, પણ હૃદયમાંથી મહારાજ ને સંત ગયા છે ? તેની વિદાય થતી નથી. અંતર્યામી મહારાજ ને સ્વામી આપણા હૃદયમાં બિરાજમાન જ છે.

'લંડનમાં ત્રણ-ચાર મંદિર થશે. યુરોપિયનો કંઠી બાંધશે. બધા કહેતા : 'તિલક, ટોપી ને ટૂંટિયું સાથે આવ્યાં ને સાથે જશે.' પણ તિલક તો મહારાજ લાવ્યા છે, તે શાનું જાય ?

'આશરો કર્યો તે દુઃખ આવવાનું છે જ નહિ. માટે નિર્માની થવું.'

સ્વામીશ્રીનાં પ્રવચનોમાં ઊંડી અધ્યાત્મ-વાર્તાને સ્થાને સંગઠનભાવની વાતો વિશેષ રહેતી.

આજના વિદાય પ્રવચનમાં સ્વામીશ્રીએ કહ્યું :

'બધાંએ મંદિરે રોજ દર્શન કરવા આવવું. રવિવારે બધાએ આવવું જ. મંદિરની આજુબાજુમાં સૌએ જગ્યા લેવી. સાંજે ભેગા થવું. કથા કરવી. (વચનામૃતનો) ચોપડો રાખવો. પચાસ માળા રાખવી. કોઈએ ગુસ્સો ન કરવો. એકબીજાનો મહિમા સમજવો. ઊંચે સાદે ન બોલવું. નિર્માની થવું. એકબીજાનું ખમી લેવું.

'સંપ રાખશો તો પાંચ જણા પાંચસોને ભારે પડશે. આખા લંડનમાં ડંકો વાગશે. નહિ તો પાંચસો હશે તોપણ કાંઈ નહિ.'

ભગવાનની પાસે વગ

અહીંની વ્યવસ્થામાં પ્રફુલ્લભાઈએ સારો સહકાર આપ્યો હતો. તેમની સાથે અરવિંદભાઈ, જશભાઈ પટેલ, મેઘાણી, ડૉ. કારિયા, ભાનુભાઈ, ડી.સી., નવીનભાઈ સ્વામિનારાયણ વગેરે ખરા. એટલે સ્વામીશ્રી કહે :

'પ્રફુલ્લભાઈને સરકારમાં વગ, એટલે એ કામ કરી શકે એવા છે. અમે કાંઈ એ કામ કરી શકીએ નહિ. અમે થોંટબોટિયા. પણ અમારી ભગવાન પાસે વગ હાલે.' આવી રહસ્યમય વાતો સ્વામીશ્રી ક્યારેક ભાવમાં આવી કરી દેતા.

સભામાં મેઘાણી સાહેબ સ્વામીશ્રીની સામે જ બેઠા હતા. તેમની સામું જોઈને સ્વામીશ્રીએ રમૂજમાં કહ્યું : 'વાણિયા બહુ બુદ્ધિશાળી. વાણિયા વિના રાવણનું રાજ ગયું.'

મેઘાણી અને જશભાઈએ ગુલાબનો સુંદર હાર સ્વામીશ્રીને પહેરાવ્યો.

ચુનીભાઈ અને તેમના દીકરાઓ મધુભાઈ, મૂકેશભાઈ, હેમંતભાઈએ પારાયણની પૂર્ણાહુતિ નિમિત્તે ઠાકોરજી અને સંતોનું પૂજન-આરતી કર્યાં. ચુનીભાઈ તરફથી આજે પારાયણમાં આવેલા તમામ હરિભક્તોને પ્રસાદ લેવાનો હતો. નીચેના હૉલમાં બુફે ડિનરની વ્યવસ્થા કરી હતી.

'News of the World' અને 'North London Press' – આ બન્ને સાપ્તાહિકોમાં સ્વામીશ્રીના સુંદર ફોટાઓ સહિત લખાણ પ્રગટ થયાં હતાં.

વળતી સવારે સ્વપ્ન-દર્શનની વાત કરતાં કહે :

'શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. ગોંડલ મંદિરના ચોકમાં ઊભા હતા. સુથારો કામ કરતા હતા. ને બધાં લાકડાંનાં છોડાં પડ્યાં હતાં. શાસ્ત્રીજી મહારાજ કહે : 'આટલા બધા સાધુઓ છે ને ચોકમાં કેમ આટલો બધો કચરો ?' પછી પોતે જાતે ઉપાડવા લાગ્યા. ત્યાં અમે આવી ગયા. બધા સંતોને આજ્ઞા કરી. પછી કહે : 'મોટાં લાકડાં હોય તે રસોડામાં મૂકો, ને બીજાં નાનાં છોડાંનો ઢગલો કરો.' એમ આજ્ઞા કરી ને કહે : અહીં લાદી પાથરી દેવી જોઈએ.' શાસ્ત્રીજી મહારાજ ઉઘાડે શરીરે હતા. એવાં દર્શન દીધાં.'

અરવિંદભાઈને ઘેર ઉતારે સવારે ૬-૦૦ વાગે સ્નાન કરવા માટે ઉપરથી નીચે ખુરશીમાં બેસી ઊતર્યા. સીડીની સામે જ ખૂણામાં ટેલિફોન હતો. તે સ્વામીશ્રીએ સીધું જ રિસીવર લઈ કાને અડાડ્યું ને બોલ્યા : 'એલાવ, પ્રફુલ્લભાઈ !'

'બાપા ! એમ ને એમ ન બોલાય. નંબર ફેરવવો પડે.' નારાયણ ભગતે કહ્યું.

'એ...મ... !' લહેકાથી તાણીને બોલ્યા અને રિસીવર પાછું મૂકી દીધું. ત્યાં તરત જ વેમ્બલીથી ચિત્તરંજનભાઈને ત્યાંથી ત્યાગવલ્લભ સ્વામીનો ફોન આવ્યો. તેમની સાથે ખુશમિજાજથી વાતો કરી. સૌને આનંદ કરાવ્યો.

❀ ❀ ❀



લંડનનાં સુખ તો કૂચા

બપોરે ૧-૦૦ વાગે રમેશભાઈ તથા સુરેશભાઈ મણિભાઈ(મિત્રાલવાળા)ને ત્યાં સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા પધાર્યા. ગરમી પુષ્કળ હતી. નીચે એમની પોસ્ટ ઑફિસમાં પુષ્પ છાંટી, ઉપર રહેણાકમાં - દીવાનખાનામાં પધાર્યા. ટેલિવિઝન ચાલુ હતું અને ક્રિકેટ મેચ રમાતી હતી. ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું :

'સ્વામી ! આ મેચ જુઓ.'

'નો જોવાય.' એમ કહી સ્વામીશ્રીએ એ તરફ દૃષ્ટિ પણ કરી નહિ.

'બાપા ! બધા પુરુષો છે.'

'તોય નહિ.'

'સ્વામી ! લાખો માણસો આ જુએ છે.'

'તોય જોવાય નહિ. પણ આ કોઈ જુએ છે ? આપણને જુવે છે ? બંધ કરી દ્યો.' પછી કહેવા લાગ્યા :

'આ જગતના પદાર્થ મોહ પમાડે તેવા છે. તે કરતાં દેવલોકના પદાર્થોમાં વધુ સુખ. તે કરતાં પ્રધાનપુરુષ ને પ્રકૃતિપુરુષના પદાર્થોમાં વધુ સુખ. તે બધા આગળ આ લંડનનાં સુખ તો કૂચા. શેરડીનો રસ કાઢી લઈને વાંહે શું વધે ? કૂચા, તે ગધેડા ચાટે. મહારાજે ઠેઠ પ્રકૃતિપુરુષ સુધી કૂચા કહી દીધા. સ્વામીએ વાતમાં તો તેને રાખનાં પડીકાં ને ઢૂંસા કહ્યા છે. રાંધી લીધું પછી વાંહે શું વધે ? રાખ. તેમ આ બધું તેવું છે.

'જ્યાં સુધી જગતના પદાર્થમાં આસક્તિ છે, ત્યાં સુધી 'આ સારી ચીજ છે' એમ કહે.

'સર્વનિવાસાનંદ સ્વામીએ ગુણાતીત સ્વામીને કહ્યું : 'સ્વામી ! મહારાજની શેં વતે પૂજા કરું ? આ પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો જ ખાડો છે. તેનો જ બધે વે'વાર છે.'

'સર્વ વસ્તુ તુચ્છ ને નાશવંત છે, પણ તે કોણ સમજે ? જેમ અંગ્રેજી ભણનારા અંગ્રેજી જાણે, તેમ બ્રહ્મરૂપ થયો હોય તે જાણે. *'બ્રહ્મવિદ્યાના ભોમિયા સાચા સંત સુજાણ...'* આ વિદ્યા દરેકે ભણવાની. તે ભણશું તો માયા પાર થશું. ત્યારે હૃદયમાં પ્રકાશ થશે. જનક-વિદેહી જેવા થઈ જવાશે. પછી વ્યવહાર કરશો તોય તેમાં ચોંટશો નહિ.

'જ્યાં સુધી જ્ઞાન ન થયું હોય, ત્યાં સુધી તેમાં માલ મનાય છે. જ્ઞાન થાય ત્યારે મોહ નીકળી જાય. તે માટે સમાગમ કરવો. મડાને મડું જાણ્યું છે તો એમ સંકલ્પ થાય છે કે 'આવો મડાભાઈ ! મળીએ.' સરપને સરપ જાણ્યો છે તો એમ ન થાય કે 'આવો સરપભાઈ ! મળીએ ?' સ્વપ્નમાં આવે તોય ભાગીએ. શાથી ? તેમાંથી મોહ નીકળી ગયો છે. નૈરોબી બધા સિંહ જોવા ગયા હતા, પણ સિંહ સામો આવ્યો હોય તો ? 'હમણાં ચોંટશે,' એવી બીક લાગે. એ મારી જ નાખે. એ વસ્તુ જ ખરાબ છે.

'સિંહ, સાપથી ભય પામ્યા છીએ તો સ્વપ્નમાં આવે તો રાડ પડી જાય. સાચું જ્ઞાન થાય પછી વે'વાર કરોડ ગણો કરે પણ તેમાં આસક્તિ ન રહે. સમાગમનું બળ નથી તેથી આસક્તિ રહે છે.

'પશ્ચાત્તાપ થાય એ જ જ્ઞાન. પછી તેમાંથી આસક્તિ નીકળી જાય.'

પછી કહે : 'આપણે અહીંના રાષ્ટ્રપતિને મળવું છે.'

'બાપા ! અહીં તો રાણી છે.' કોઈએ કહ્યું.

'તો નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

રસોડું મોટું હતું, તેથી સૌ સાથે જમવા બેઠા. પછી જમીને ઊઠતાં નારાયણ ભગતને કહે : 'લાવો, તમારી તાંહળી (પત્તર) ઊટકી દઉં.'

હિન્દુ બધાં એક છે

હિન્દુ ધર્મના પ્રચારક પ્રો. દિલીપ વેદાલંકાર અમેરિકા જઈ રહ્યા હતા. સ્વામીશ્રીના આશીર્વાદ ઝંખતા તેઓ આવ્યા.

ત્યારે સ્વામીશ્રી કહે : 'તમારે ત્રણ વાતનો પ્રચાર કરવો. એક : 'તે સ્વામિનારાયણ ભગવાનનો સંદેશ આપવાનો.' બીજું : 'બધાંને વ્યસન છોડવાનું સમજાવવું.' અને ત્રીજું : 'સંગઠનભાવની વાત કરવી.' આપણે હિન્દુ બધાં એક છીએ તે સંપથી રહેવું.'

તા. ૨૩મીએ સાંજે મંદિરમાં સભામાં 'Swaminarayan Hindu

Mission'ની સ્થાપના થઈ. બૉર્ડ ઑફ ટ્રસ્ટીસના ચૅરમૅન પ્રફુલ્લભાઈ પટેલ તથા ટ્રસ્ટીઓ તરીકે મેઘાણી, ડૉ. કારિયા, પ્રહ્‌લાદજી, ભાનુભાઈ પટેલની નિમણૂક સ્વામીશ્રીએ કરી હતી. અને કમિટીના પ્રમુખ તરીકે મેઘાણી સાહેબને મૂક્યા હતા.

આજે સાંજે મંદિરની સભામાં એક અંગ્રેજ સાધુ વિષ્ણુદેવનંદન હાર, શિવલિંગ અને સીતાજીની મૂર્તિ લઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

સ્વામીશ્રીએ સંબોધન કરતાં એક સરસ વાત કરી હતી કે 'મહારાજ ને સ્વામી આપણા ઉપર બહુ રાજી થયા છે. પૈસો-ટકો મળે છે તે રાજીપો ને ? ગાદીએ બેસાડીને પ્રેસિડન્ટ બનાવે તે રાજીપો ? ના, આ જોગ થઈ ગયો તે રાજીપો; મંદિરમાં આવવાનું મન થાય છે તે રાજીપો.'

આજની સભામાં શાસ્ત્રી વસંત પણશીકરે, શ્રીહરિ તથા સ્વામીશ્રીની પ્રશસ્તિ કરતાં સ્વરચિત સંસ્કૃત રચનાઓનું ગાન કર્યું હતું.

યોગીબાપાના પ્રેમમાં પાગલ જે થઈ ગયા...

તા. ૨૪મીએ 'અક્ષર હિલ'માં બપોરે ૧૨-૦૦ વાગે અહીંના જાતિ-ભેદના પ્રશ્નો 'Racial Problems' વિભાગના સ્કૉટલેન્ડ યાર્ડ પોલીસના વિભાગીય વડા અધિકારી મિ. પીટર લેંગલીને પ્રફુલ્લભાઈ સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. તેમની સાથે વાર્તાલાપ યોજાયો.

સ્વામીશ્રી : 'આપકા કલ્યાણ હો જાયેગા.'

પીટર : 'અહીં ઇંગ્લૅન્ડમાં જુદી જુદી જાતિના લોકો વચ્ચે સંઘર્ષ ચાલે છે, તો તેમાં શું કરવું ?'

સ્વામીશ્રી : 'બધાંને હિંમત રહે તેવી ટ્રેનિંગ આપવી જોઈએ.'

પીટર : 'તેમાં બધાં હિન્દુ ટેકો આપશે ?'

સ્વામીશ્રી : 'બધાં હિન્દુ સપોર્ટ (ટેકો) આપશે. આ દેશમાં રહેવું હોય તો સપોર્ટ આપવો જ પડે.'

પીટર : 'અહીં બધા કમાય ને દેશમાં જતા રહે છે તે સારું કહેવાય ?'

સ્વામીશ્રી : 'એ વર્તણૂક ખોટી છે.'

પીટર : 'આપે આ બધાને કહેવું. આપનું ઘણા માને.'

સ્વામીશ્રી : 'સભામાં વાત કરીશ.'

પીટર : 'આ મોટી મદદ તમે કરો છો.'

સ્વામીશ્રી : 'અમે અહીં જ બધા પૈસા મૂકી જવાના છીએ. મંદિર,

હૉસ્ટેલ માટે મૂકી જઈએ છીએ.'

પીટર : 'આ વાત તમે જાહેર કરો ને છપાવો. આ એક ચાવી છે તેથી અંગ્રેજ પ્રજા મદદ કરશે. આપ જ એક એવા છો કે અહીંથી પૈસા ભેગા કરીને અહીં જ મૂકી જાઓ છો, બીજા મહાત્માઓ તો અહીંથી લઈ જાય છે.' પછી વળી કહ્યું : 'બાઈબલ'માં સંત જહૉન કહે છે - જે ભગવાનને પ્રેમ કરે, પણ જો પોતાના ભાઈને ન ચાહે તો તે ભગવાનને પણ ચાહી શકતો નથી. તેમ આપ પણ સર્વને ચાહો છો.'

સ્વામીશ્રી : 'અમારા ભગવાન કંઈ રાખતા ન હતા. એમને જે કોઈ જે કાંઈ આપે તેનો પરમાર્થ કરી નાખતા, ગરીબને દાનમાં દઈ દે.'

પીટર : 'અહીં જે રહે તેને બ્રિટિશ-હિન્દુ થવું જોઈએ.'

સ્વામીશ્રી : 'અમે દારૂ-માંસ બધાના છોડાવીએ છીએ.'

પીટર : 'Fear of God is the beginning of wisdom.' (પછી કહ્યું) History repeats itself - ભારતમાં ૧૫૦ વર્ષ પહેલાં બિશપ હેબરને ભગવાન મળ્યા તો હવે અહીં પણ સ્વામિનારાયણ ધર્મ પ્રવર્તશે.'

સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર આનંદની રેખાઓ અને ભક્તસમૂહમાં આનંદ જોઈ તેમણે કહ્યું : 'તમારા ધર્મમાં આનંદ એ મુખ્ય અંગ લાગે છે.'

પછી મંદિરમાં સ્કીન હેડ્સ તોફાન કરતા હતા તે બાબતમાં પૂછપરછ કરીને કહ્યું : 'અમે તેમને સમજાવીશું.'

સ્વામીશ્રીએ છેલ્લે કહ્યું : 'આય એમ બ્લેસિંગ યુ.' પછી પ્રસાદ આપ્યો. કંઈક ને કંઈક આશાથી, જિજ્ઞાસાથી આવા અંગ્રેજો સ્વામીશ્રી પાસે દોડી આવતા. ભક્તસમૂહને સ્વામીશ્રી પાછળ પાગલ બનેલો જોઈ આશ્ચર્ય અનુભવતા અને છેવટે પોતે પણ પાગલ બનીને જ જતા !

વળતી સવારે ૧૧-૩૦, અરવિંદભાઈને ઘેર થોડો આરામ લીધા બાદ ઊઠ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'આજે આ આપણા હરિકૃષ્ણ મહારાજનાં દર્શન થયાં. અમે એક ગામમાં ગયા હતા. બાલમુકુંદ સ્વામી અને એક સંત હારે હતા. અમે ત્યાં રસોઈ બનાવી. રીંગણાં-બટેટાનું શાક કર્યું. દાળ સરસ બનાવી. જીરું, રાઈ ને મેથીનો વઘાર કર્યો. બે મરચાં પણ મૂક્યાં. ચૂલાથી આઘા ઠાકોરજીને - હરિકૃષ્ણ મહારાજને જમવા બેસાડ્યા, જેથી તાપ લાગે નહિ. પછી હું થાળ બોલવા માંડ્યો : *'અવિનાશી આવો રે, જમવા કૃષ્ણ હરિ..'* આમ, હરિકૃષ્ણ મહારાજને થાળ જમાડતો હતો. ત્યાં થયું કે ૧૧-૧૫ વાગ્યા હશે તે ઊઠો.'

નીતિ દેતો, રીતિ દેતો

તા. ૨૫મીએ બપોરે ૧૨-૦૦ વાગે કીલબર્ન ટાઈમ્સના ખબરપત્રી ગેરી ચેપમૅન તેમના પ્રેસ ફોટોગ્રાફર સાથે આવ્યા હતા. તેમણે કેટલાક પ્રશ્નો પૂછ્યા.

ગેરી : 'રસ્તા ઉપર તો સ્ત્રીઓ હોય, તેથી આપ શું રસ્તે નથી ચાલતા ?'

સ્વામીશ્રી : 'રસ્તામાં હમણાં નથી જતા, મોટરમાં જઈએ છીએ.'

ગેરી : 'આ તિલક-ચાંદલો આપે કર્યો છે તેનું શું રહસ્ય છે ?'

સ્વામીશ્રી : 'અમારા સ્વામિનારાયણ ભગવાનનું ચિહ્ન છે. લક્ષ્મીનો ચાંદલો અને ભગવાનનું તિલક એવા બે વિભાગ પાડ્યા છે.'

ગેરી : 'અહીંની ધાર્મિક ભાવના અને ભારતની ધાર્મિક ભાવનામાં શું ફેર છે ?'

સ્વામીશ્રી : 'અહીં ધાર્મિક ભાવના છે, પણ અરધી છે. ભારતના જેવી થઈ જશે. અહીં બહુ મુમુક્ષુ છે.'

ગેરી : 'અહીંના લોકો વિલાસી જીવન જીવે છે. તો તેનું શું રહસ્ય છે ?'

સ્વામીશ્રી : 'પહેલાં કર્મ શુભ કરેલાં તેણે કરીને વૈભવ મળેલા છે. અત્યારે શુભ કર્મ કરે તો આગળ દેવલોક મળે.'

ગેરી : 'આપ ફરી અહીં ઈંગ્લૅન્ડમાં આશીર્વાદ દેવા પધારશો ?'

સ્વામીશ્રી : 'આવવા વિચાર છે, કારણ કે અહીં મુમુક્ષુ ઘણાં છે.'

ગેરી : 'અહીંના લોકોની કઈ વિશેષતા આપને ગમી ?'

સ્વામીશ્રી : 'વાત કરીએ તો માની લ્યે. મહેનત ન પડે.'

આટલી વાત કર્યા પછી સ્વામીશ્રીએ કહ્યું :

'આપ આવ્યા છો તો એક નિયમ પાલના. ભગવાન કા આશરા કરના. પૂર્વનાં પાપ બળી જાય. દારૂ ન પીવો, એ એક નિયમ રાખો.'

ગેરી કહે : 'હું તો ક્રિશ્ચિયન છું. માટે મને એ નિયમ નહીં ફાવે.'

સ્વામીશ્રી કહે : 'લેવો જ પડે.'

પછી બહુ આગ્રહને અંતે તેણે પૂછ્યું : 'આપ ઈંગ્લૅન્ડમાં છો ત્યાં સુધી ન પીવો કે પછી કાયમ માટે ?'

'કાયમ માટે !' સ્વામીશ્રીએ કહ્યું.

તે કહે : 'તો તો મારે વિચાર કરવો પડે. કાલે કહીશ.'

સ્વામીશ્રી સંમત થયા. અને વર્તમાન ધરાવી, સ્વામીશ્રીએ તેને કંઠી

પહેરાવી, આશીર્વાદ આપ્યા. વળી માળા ને મૂર્તિઓ દીધી. અને કહ્યું : 'દારૂનો ઢગલો હોય ને તેમાં તણખો નાખીએ તો તરત જ ઊપડી જ જાય; તેમ તમારાં કર્મ બધાં બળી ગયાં. આપકા મોક્ષ થઈ ગયા. કંઠી કાઢતા નહિ. એક માળા સ્વામિનારાયણ નામ કી ફેરવવી.'

તેમના ફોટોગ્રાફર મિ. રેગને વર્તમાન ધરાવવા કહ્યું. તેણે કહ્યું : 'સ્વામીજી ! મારાથી નિયમો પળાશે નહીં.'

સ્વામીશ્રી : 'તો એક માળા ફેરવના, પાપ બળી જાયેગા. ભલે કંઠી ન પહેરે, નિયમ ન લ્યે, પણ ખાલી પાણી લ્યે તો પાપ બળી જશે.'

પછી પ્રસાદી આપી 'થેંક્યુ-થેંક્યુ' કહ્યું. કેવી કલ્યાણ કરવાની ભાવના !

ગેરી ચેપમૅન બીજા દિવસે આવ્યા અને નિયમ લીધો કે ક્યારેય દારૂ નહીં પીઉં. સ્વામીશ્રી ખૂબ રાજી થયા ને કહે : 'તમારાં કર્મ બધાં બળી ગયાં. મોક્ષ થઈ ગયો. કંઠી કાઢવી નહીં અને એક માળા સ્વામિનારાયણ નામની ફેરવવી.'

પછી બપોરે જમતાં તેને યાદ કર્યો ને કહે : 'આપણા વચને સાહેબે દારૂ મૂક્યો, તે એમને અક્ષરધામમાં લઈ જ જવા પડશે. ચાલશે જ નહીં. પ્રગટ ભગવાનના વચને એક નિયમ પાળે ને મનધાર્યા કરોડ નિયમ પાળે તોપણ એની બરાબર નથી.'

બપોરે ૧-૪૫ વાગે કથામાં અંત્યનું ૨૨મું વચનામૃત વંચાયું. વાતવાતમાં સ્વામીશ્રીએ ઈશ્વરભાઈને કહ્યું : 'રાજેન્દ્રનું શું થયું ?'

'બાપા ! તે તો આવેલો જ છે ને !'

'ના, 'આ...પે...લો.' એમ બોલો.'

ઈશ્વરભાઈ દેસાઈના મોટા દીકરા રાજેન્દ્રભાઈને સાધુ બનાવવા સ્વામીશ્રી હંમેશાં કહેતા. તેમની તો હા જ હતી, પણ સ્વામીશ્રી વારે વારે યાદી આપતા.

યાહોમ કરે તો પરચો થાય

અરવિંદભાઈના મિત્ર રાજેન્દ્રભાઈને સ્વામીશ્રીએ કંઠી પહેરાવી. તે કહે : 'મને બાપા પરચો બતાવે તો કંઠી રાખું.'

અત્યારે સભા પ્રસંગમાં તે ભીંતે ટેકો દઈને બેઠા હતા. તેથી સ્વામીશ્રીએ તેમને પડકારો કરતાં કહ્યું :

'રાજેન્દ્ર ! સીધા ટટ્ટાર બેસો. પરચો એમ બેસે થાય ? સેવા કરવી પડે. ભક્તિ કરવી પડે. વાસણ ઊટકવાં પડે. એમ મફત પરચો ન થાય.

'બાપા ક્યાં પરચો દેવા નવરા પડ્યા છે ? લંડનમાં પરચા ઘે તો દારૂ પીનારાય પરચા લેવા આવે. મરી જ જાઈએ તો ને ? પરચા મફત નથી મળતા. તન, મન 'યાહોમ' કરી સોંપી દે, તો પરચા થાય છે.

'કોહિનૂર હીરો પૈસા લઈને જોવા દે છે. પોલીસ ફરે છે. કિંમતી વસ્તુ માટે પોલીસ ઊભા રહે. મોંઝામાં (મ્વાન્ઝામાં) પાણા પડ્યા છે, ત્યાં પોલીસ કોઈ ઊભો રહેતો નથી.

'મોંઝામાં એક પાણા ઉપર મોટો પાણો બે આંગળ ઉપર જ ઊભો છે. કેવો પરચો !

'જો આવા પરચા ગણાતા હોય, તો પાણા જ ભગવાન થઈ જાય.

'મારામાં કાંઈ અવગુણ હશે તેથી પરચો નથી થાતો' – એમ સમજવું. આ તો પોતામાં દોષ જોતો નથી ને પરચો લેવો છે.

'બધા નોકરી કરે છે. શેઠ કહે તેમ કરે તો પગાર ઘે. આ બધું એવું જ છે. સમજી લેવું.'

સાંજે ૬-૦૦ વાગે અક્ષર હિલથી મંદિર આવતા, જયંતીભાઈની મોટરમાં ડૉક્ટર સ્વામી પ્રથમનું ૧૯મું વચનામૃત વાંચતા હતા. સ્વામીશ્રી સાંભળી રહ્યા હતા. પછી કહે :

'ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા ને ભક્તિનિષ્ઠા – આ ચારે નિષ્ઠા શાસ્ત્રીજી મહારાજમાં હતી. જો સંતને મને કરી નિર્દોષ સમજે, દેહે કરી કહે તેમ કરે, ને વચને કરીને તેના ગુણ ગાય, તો તેનામાં ચારે પ્રકારની નિષ્ઠા આવે છે.'

પછી કહે : 'જે મૂર્તિને તથા ગીતા, ભાગવત શાસ્ત્રને માનતા નથી તથા શુષ્ક વેદાંતી, તેનું બહુ હાલશે નહિ.'

મોટરમાં દૂર દૂર જવાનું હોય, સમય ઘણો લાગે. ત્યારે સ્વામીશ્રી પાસે ડૉક્ટર સ્વામી ઘણી વાર ગીતાનો પાઠ કરતા.

વળી કહે : 'આ લંડનમાં કરોડ માણસ છે - એમ કહે છે, પણ રસ્તા ઉપર તો કોઈ દેખાતું નથી. મકાનો અને મોટરો જ દેખાય છે. મુંબઈમાં તો હજારો માણસ હાલ્યા જ જતા હોય !'

મંદિરમાં એકાએક પૂછ્યું : 'સી.એમ. ક્યાં ગયા ?'

'બાપા ! ફરવા.'

'એમ ન બોલાય. 'સત્સંગની વાતું કરવા ગયા હશે.' એમ કહેવું.

એકમના શું ?

તા. ૨૫મીએ સાંજે ૭-૦૦ વાગે સભા પ્રસંગમાં સ્વામીશ્રીએ *'હરિગુણ ગાતાં...'* કીર્તન ગવરાવ્યું. તેમાં કડી આવી :

'થઈ એકમના પ્રભુને ભજીએ...'

સ્વામીશ્રીએ તે ઉપર વાત ઉપાડતાં કહ્યું : 'મહારાજના વખતનું કીર્તન છે કે અત્યારની પણ વાત છે ? અત્યારે પણ સમજવી.

'એકમના શું ? કો'કનો વાંક આપણે વહોરી લેવો જોઈએ. પક્ષ રાખવો જોઈએ, તે એકમના.

'એકમના એટલે એક સંપ. એક જણો કહે તો બધા ૫૦૦ માની જાય. શાસ્ત્રીજી મહારાજના ૫૦ સંતો સ્વામી કહે તેમ કરતા. સ્વામી આમ કહે તો આમ. સ્વામી કહે : 'જાવ, ઝોળી માગવા.' તો તુરત જાય. છાશ લેવા ઠેઠ લાઠીદડ જાય. સારંગપુરમાં આઠ આનાનું તેલ ચાર મહિના પોકાડ્યું. શેનો વઘાર કરે ? શાક મળે તો ને ? સ્વામી પાસે ક્યાં પૈસો હતો ? પણ સંપ હતો તે સાધુએ કામ કર્યાં.'

રાત્રે ૧૦-૦૦ વાગે ઉકાળો પીતા. સામે ઘેર રહેતા અરવિંદભાઈ અમીનને સ્વામીશ્રી પંદરેક દિવસથી વર્તમાન ધરાવવા આગ્રહ કરતા હતા, આજેય કહ્યું :

'અમને થકવશો નહિ. કાલે સવારે ધરાવી દેજો. જેમ સિપાઈ બિલ્લો પહેરે છે, તેમ આપણે કંઠી પહેરવી. આશરો કરવો જોઈએ. જેમ હકા બાપુ તમારા ઘેર ઊતર્યા છે તો તેમને ટાઢ-તડકો ન લાગે; તેમ આશરો કરવાથી જમ તેડવા ન આવે.' આમ, આગ્રહ રાખી વર્તમાન ધરાવ્યાં.

હરિલીલામૃતનું પારાયણ

તા. ૨૬ થી તા. ૧-૭-'૯૦ સુધી મંદિરમાં, અક્ષર હિલ મંડળ (સ્વામીશ્રીએ ડૉલીસ હિલને 'અક્ષર હિલ' એવું નામ આપેલું) અરવિંદભાઈ, નટુભાઈ, જશભાઈ, કૌશિકભાઈ, જયંતીભાઈ, ભાનુભાઈ, ભીખુભાઈ તરફથી છ દિવસનું હરિલીલામૃતનું પારાયણ યોજવામાં આવ્યું હતું.

પારાયણો ગોઠવવી - વિધિપૂર્વક પ્રારંભ કરવો વગેરે સ્વામીશ્રીને બહુ ગમે. પોતે વિધિ કરાવવા નીચે બેસી ગયા, પણ પૂજાપાનો કોઈ ખાસ સામાન હાજર ન હતો. જે મળ્યું તેનાથી ચલાવ્યું. કુંભ ગોઠવ્યો. સંકલ્પ કરાવ્યો.

નાડાછડી બાંધી. પૂજન કરાવ્યું. આરતી કરાવી પારાયણનો પ્રારંભ કરાવ્યો.

બપોરે રાજેન્દ્રભાઈને ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા. આખા મકાનમાં સળંગ કારપેટ હતી. કોઈ કારપેટ ઉપર આવી જાય નહિ - અડે નહિ એવી વ્યવસ્થા સંપૂર્ણ કરી હતી. છતાં સ્વામીશ્રી ઉદાસ જેવા થઈ ગયા. અને કહ્યું : 'આપણે દેશમાં જઈને પંદર દી'નાં ધારણાં-પારણાં કરવાં પડશે. મારા વતી નિરંજન સ્વામી કરે ને પ્રમુખસ્વામી વતી દેવચરણ કરે. આપણે વહેલા પલેનમાં ઊપડી જઈએ.'

શ્રેષ્ઠ સાધન

બપોરની કથામાં સ્વામીશ્રીએ વચનામૃત અં. ૨૪મું વંચાવતાં વાત કરી :

'શ્રદ્ધા એટલે ઉમંગ.

'અહિંસા શું ? કોઈને વેણ ન મારવું. કોઈનું મન દુઃખાય તેવું ન કરવું.

'બ્રહ્મચર્ય શું ? તમારે એક નારી સદા બ્રહ્મચારી. અમારે અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ. તમે ગૃહસ્થ પણ બ્રહ્મચારી કહેવાઓ; પણ ક્યાંક સાંધા મારી દ્યો તો તે બ્રહ્મચર્ય વ્રત ન કહેવાય.

'આ સાધન ગોલોકમાં જવાનાં છે ?

'ના, અક્ષરધામમાં જવાનાં.

'સોળ સાધનમાં શ્રેષ્ઠ સાતમું સાધન - સાધુ સમાગમ છે.

'સાધુ ધર્મ-નિયમ પળાવે, કુસંગ થાવા ન દિયે. સમાગમમાં બધી વાત રહી છે. જૂનાગઢમાં સ્વામીનો સમાગમ કરવા બધા જતા. મહુવે ભગતજી મહારાજનો સમાગમ કરવા જતા.

'આત્મનિષ્ઠા શું ? ખમી ખાવું. કોઈ કાંઈ કહે તો જોડો મારવો ને ? ના, સહન કરવું.

'પુરુષોત્તમ નારાયણ સહજાનંદ સ્વામી સર્વોપરી ભગવાન છે. તેની ભક્તિ-સેવા કરવી. દેવદેવલાં, માતા, શિકોતેર, ગ્રહ-પનોતીનો ભાર ન રાખવો. કોઈ બ્રાહ્મણ કહે : 'તમને સાડા સાતી પનોતી છે.' તો તેને કહેવું : 'ભાગ્ય અહીંથી.'

'નિશ્ચય, ભક્તિ જેને હોય તેને આ બધું ન હોય.

'ઘણાં હાથ જોવરાવે કે મારે કેટલાં વરસ જીવવાનું છે ? પણ એક દી' તો મરવાનું જ છે.

'સંતોષ - કલ્યાણના માર્ગમાં ને ? ના, વ્યવહારના માર્ગમાં. ૫૦ પૌંડ મળે છે તે બસ છે, એમ માની સંતોષ રાખવો.

'કોઈ પ્રકારનો દંભ ન રાખવો. પોતા પાસે મૂડી ન હોય ને લાખ રૂપિયા બતાવે તે દંભ. લૂગડાં માગીને પહેરે ને પોતાનાં છે તેમ કહે. ધર્મ, જ્ઞાન ઓછાં હોય તે વધુ બતાવે.

'પરમાર્થ એ દયા છે, પણ ભરતજીના જેવી દયા ન કરવી. તે નખ્ખોદ કાઢે.

'વિહિત ભોગનો સંકોચ કરવો, એ તપ. ત્રણ વાર ખાતો હોય તે બે વાર ખાય. આઠ કોળિયા ખાતો હોય તો બે ઓછા ખાય. ગાદલે સૂતો હોય તે હેઠે કોથળા ઉપર સૂવું. હાથનું ઓશિકું લેવું. ખાટલો ન રાખવો.

'કોઈને ઊતરતી વાત ન કરવી. ચડતી વાત કરવી. તેની ભૂલ હોય તો કહેવું : 'સુધરશે.' એમ આગળ લઈ જવો, પણ તેને ફજેત ન કરવો.

'સોળ સાધનમાંથી સંત-સમાગમ હોય તો આપણે રૂડી રીતે ભગવાનના ધામમાં જઈએ.'

સાંજે ૬-૩૦ થી ૭-૩૦ કથાવાચન થતું. આજે પ્રમુખસ્વામી પારાયણનો લાભ આપતા હતા. રોજ વારાફરતી હું તથા ઘનશ્યામચરણ સ્વામી વાંચતા. પારાયણમાં ઘણા હરિભક્તો તથા નવા નવા મુમુક્ષુઓ રોજ આવતા. મંદિરના બન્ને હૉલ ચિકાર ભરાઈ જતા. કથા પછી સંતો, હરિભક્તો તથા સ્વામીશ્રીની જ્ઞાનવાર્તાનો લાભ સૌને મળતો.

દેશમાં - રાજકોટમાં લક્ષ્મીદાસ ગણાત્રા અક્ષરનિવાસી થયા હતા. એ સમાચાર મળતાં આજે સ્વામીશ્રીએ સભામાં ધૂન કરાવી, બે મિનિટ મૌન પળાવ્યું હતું.

નેમમાં પ્રેમ

અહીં સ્વામીશ્રીએ પ્રૉ. નવીનભાઈ સ્વામિનારાયણને કહ્યું : 'નવીન ! તારે ઘેર પધરામણીએ આવવું છે.'

ડૉ. નવીનભાઈ કૉલેજમાં ગણિતના પ્રૉફેસર છે. આઈન્સ્ટાઈનના સિદ્ધાંત ઉપર પીએચ.ડી. કર્યું છે. અમદાવાદના મુક્તરાજ પ્રૉ. જેઠાલાલ સ્વામિ-નારાયણના તેઓ પૌત્ર અને પ્રૉ. શાંતિલાલ સ્વામિનારાયણના પુત્ર. તેમણે કહ્યું :

'બાપા ! મારે ત્યાં લિફ્ટ નથી. ચોથે માળે રહું છું. દાદરા સાંકડા છે. ખુરશીયે નહિ જાય. માટે અહીં પૂજન કરી લઉં છું.' નવીનભાઈએ

પરિસ્થિતિ વર્ણવી.

છતાં સ્વામીશ્રી કહે : 'ના, ના, દાદરા ચડી જઈશ, પણ આવવું તો છે જ.'

પછી તેમના ઘરે પધરામણીએ જઈ આવ્યા.

આ વાતનો મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ હરિભક્તોને કહ્યું : '૧૯૫૮માં મોજીદડ ગામે તેઓ લંડન જવા અમારી આજ્ઞા અને આશીર્વાદ લેવા આવ્યા હતા. અમે કહેલું : 'લંડન જાવ છો તો રોજ સ્નાન કરી પૂજા કરજો. દારૂ, માંસ, બીડી આદિ ફેલ કરતા નહિ.' બાર વરસ તે વાતને થયાં પણ એકે નિયમ લોપ્યો નથી. એટલે મને પ્રેમ આવી ગયો. તેથી દાદર ચડીને તેને ઘેર પધરામણીએ ગયો.'

રાત્રે સ્વામીશ્રી પોઢવા પધારે ત્યારે યુવકો આવી જતા. સ્વામીશ્રી સૌને પદ્માસન વાળી બેસાડતા અને આનંદ કરાવતા. વચમાં થોડી વારે 'રિલેક્સ' એમ કહે. થોડી વાર પછી 'ફિનિશ' એમ બોલી, આસનની પૂર્ણાહુતિ કરાવે. એક યા બીજી રીતે લંડનના યુવક મંડળને આનંદ કરાવતા અને મૂર્તિનાં દર્શનનું સુખ આપતા. સૂતાં પહેલાં 'ગુડ નાઈટ' કહી, યુવકોને વિદાય આપતા. પછી આરામમાં જતા.

રાત્રે સભામાંથી આવતાં મોડું થઈ જતું હતું. એટલે બીજા દિવસથી સવારે ૫-૩૦ થી ૬-૦૦ સુધી હું તથા યોગેશ્વર સ્વામી સ્વામીશ્રીને પગે માલિશ કરતા હતા. સ્નાન કરતી વખતે પૂછ્યું : 'બાપા ! આપને 'ગોંડલના યોગી સ્વામી' કેમ કહે છે ?'

'ગોંડલ અક્ષરધામ એટલે.'

'બાપા ! અત્યારે અક્ષરધામ શું કરે છે ?'

'ન્હાય છે. સંતમાં ભગવાન ન્હાય છે.'

દૃઢતા ધારે તે મુખિયા

સાંજે મંદિરમાં *'હરિગુણ ગાતાં...'* ભજન ગવરાવ્યું, તેમાં - *'એવી દૃઢતા ધારે તે મુખિયા...'* એ પંક્તિ આવી, તે ઉપર સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'દૃઢતા શું ? મહારાજનો આશરો તે દૃઢતા. શ્રીજીમહારાજ જેવા કોઈ ભગવાન નહિ. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ એ મોક્ષનું દ્વાર – આ ત્રણની દૃઢતા હોય તે દુઃખિયો નહિ. આ જેને નથી તે દુઃખિયા.

'આ સાધુ આપણા છે અને આપણે તેના છીએ - એ દૃઢતા. લાખો માણસ

દુનિયામાં છે, પણ આપણા કોઈ છે ? આપણા સ્વામિનારાયણ ભગવાન છે. મહારાજે રામાનંદ સ્વામી પાસે માગ્યું : 'મારા ભક્તનું દુઃખ મને આવો, તેના નસીબમાં રામપત્તર હોય તો તે મને આવો. મારો ભક્ત અન્ન-વસ્ત્રે સુખી રહો.'

પછી સ્વામીશ્રીએ બધી સભાને પૂછ્યું : 'આવી દૃઢતા બધાને છે કે નથી ? કાંઈ આડો-અવળો સાંધો છે ?

'માતા, મહાદેવ, શિકોતેરમાં પ્રતીતિ આવવા ન દેવી. મહારાજ સિવાય બીજે દિવેટ ન પલળે.

'આવી દૃઢતા હોય, પછી તે ભક્ત ગમે ત્યાં હોય પણ મહારાજ અન્ન-વસ્ત્ર તેને આપે. લાખો પૌંડ જાય પણ દૃઢતા જવી ન જોઈએ.'

પછી 'હરિલીલામૃત'ના પારાયણ પ્રસંગમાં શીતલદાસનુ આખ્યાન ને સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા આવ્યો. એ ઉપર સ્વામીશ્રીને ગોંડલમાં સર્પદંશ થયો હતો ને પછી અક્ષર દેરીમાં ધૂન કરવાથી ઝેર ઊતરી ગયું હતું તે પ્રસંગ મેં વિસ્તારથી કહ્યો.

સ્વામીશ્રી બાજુમાં ટપાલ લખી રહ્યા હતા, તે એકદમ ઊંચું જોયું ને સર્પદંશવાળી ડાબા હાથના અંગૂઠા પાસેની પહેલી આંગળી - જે ઝેરની તીવ્રતાથી નખ પાસેથી પોપટની ચાંચની જેમ વાંકી વળી ગયેલી, તે ઊંચી કરી સભામાં સૌને બતાવવા લાગ્યા. સૌ હરિભક્તો આ દર્શનથી આનંદિત થઈ ગયા.

ઘનશ્યામભાઈ પટેલ, આંગળીનો ફોટો પાડવા તત્પર થયા. ત્યારે આંગળી કૅમેરા તરફ ધરી સ્વામીશ્રી બોલ્યા : 'આ સ્વામિનારાયણના મંત્રે બચ્યા તો લંડન આવ્યા, નહિ તો ક્યારનાય પાર પડી ગયા હોત !'

થેમ્સ તીર્થ બને છે

તા. ૨૮-૬-'૭૦, અહીં લંડન શહેરની વચ્ચેથી જ પસાર થતી નદી - થેમ્સની વાત જાણ્યા પછી, સ્વામીશ્રીની ખાસ ઇચ્છા હતી કે થેમ્સમાં ઠાકોરજી હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવવું.

સ્વામીશ્રીને આવો વિચાર કેમ થયો હશે ? આ કોઈ ભારતીય પવિત્ર નદી ગંગા-યમુના નહોતી કે એ તીર્થોને ભગવાન ને સંતના સંબંધથી તીર્થત્વ મળે. પણ મોટાપુરુષનાં દરેક કાર્યમાં મહદ્ આશય હોય છે. કદાચ આ થેમ્સ નદીને પણ ગંગાતુલ્ય પુણ્યશાળી બનાવવા - તીર્થત્વ પ્રદાન કરવા જ સ્વામીશ્રી વિચારી રહ્યા હશે ! અનંત જીવોનાં કલ્યાણની વિરાટ યોજના પણ તો જ સિદ્ધ થાય ને !

થેમ્સના કિનારે અનેક લોકો ફરતા હોય, બોટિંગ કરતા હોય વગેરે અડચણોને લીધે મેળ પડતો નહોતો. પણ સ્વામીશ્રીની મરજી હતી એથી પ્રફુલ્લભાઈએ વ્યવસ્થા કરી.

અક્ષર હિલથી સવારે ૧૦-૩૦ વાગે નીકળી સૌ પટની બ્રિજ (સાઉથમાં) આવી પહોંચ્યા. અગાઉથી જાહેરાત થઈ હતી. તેથી ઘણા હરિભક્તો પણ આવ્યા હતા. લગભગ ૩૦૦ જેટલા હરિભક્તો એકત્રિત થઈ ગયા હતા. શરૂઆતમાં વાદળાં હતાં એટલે સૌને ભીતિ રહેતી હતી કે શું થશે ? પણ પછી તડકો નીકળ્યો ને ઠંડો પવન પણ બંધ થઈ ગયો.

મોટર છેક નદી કિનારે લાવ્યા. અહીંથી ખુરશીમાં કિનારાના અંદરના ભાગમાં બ્રિજ પછી લગભગ ૨ થી ૩ ફર્લાંગ દૂર, જમણી બાજુના કિનારે જ્યાં બોટિંગ ક્લબ વગેરે છે, તે તરફ ગયા.

આજે રવિવાર હતો. વળી, તડકો નીકળેલો એટલે ઘણા સહેલાણીઓ થેમ્સને કિનારે નીકળી પડ્યા હતા. વિશેષ તો અહીં બોટિંગનો ભારે મહિમા; એટલે એ પ્રવૃત્તિ જોરદાર શરૂ થઈ રહી હતી. શહેરમાંથી જ પસાર થતી આ નદીમાં શહેરના ઉદ્યોગોની ગંદકી ઠલવાતી હશે. વળી, સ્ટીમરો પણ ચાલે છે, એટલે થેમ્સનું પાણી ડહોળાયેલું હતું.

માણસોની અવરજવર, ડહોળાયેલું પાણી વગેરે જોઈને પહેલાં તો થયું કે અહીં સ્વામીશ્રીનો સંકલ્પ પૂરો થઈ શકે એમ નથી. તેથી મેં પૂછ્યું પણ ખરું કે 'બાપા ! ઠાકોરજીને બહાર સારા પાણીમાં નવરાવીએ ને પછી તે પાણી થેમ્સમાં નાખીએ તો ?'

'ના, સાક્ષાત્ થેમ્સમાં જ નવરાવવા છે. જળમાં મળ ન હોય.' સ્વામીશ્રીએ એમનો નિર્ણય જાહેર કર્યો.

ત્યાં સુધી એમ થતું હતું કે આ પાણીમાં પગ પણ બોળવાનું જલદી મન ન થાય, તો ઠાકોરજીને કેમ નવડાવવા ?

ઠાકોરજીને સ્નાન કરાવી શકાય એવી સરસ જગ્યા પણ મળી ગઈ. બોટિંગ ક્લબની સામે જ થેમ્સમાં ઊતરવાનાં નાનાં પગથિયાં હતાં. સ્વામીશ્રી છેલ્લાં પગથિયાં સુધી આવી ગયા. ધોતિયાનો કછોટો માર્યો અને પછી જાતે જ હરિકૃષ્ણ મહારાજને લઈને થેમ્સના જળમાં બે-ત્રણ ડૂબકી ખવરાવી. એક પાત્રમાં થેમ્સનું જળ લઈ - બરાબર ચોળીને સ્નાન કરાવ્યું. પછી એ પ્રસાદીનું જળ પાસે ઊભેલા સૌ હરિભક્તો ઉપર પણ છાંટ્યું. બે-ત્રણ વાર સારી રીતે

સ્નાન કરાવ્યા પછી જ સ્વામીશ્રીને સંતોષ થયો. ને કહે : 'ઠાકોરજીને થેમ્સમાં સ્નાન કરાવવાની ઇચ્છા હતી તે આજે પૂરી થઈ.' એમ વારે વારે બોલે અને કહે : 'આ નદી પવિત્ર કરવી છે. જે ન્હાય એનું સારું કરવું છે.'

પોતે પણ પ્રસાદીનું જળ માથે ચઢાવ્યું ને પછી રસ્તો ઓળંગીને સામે એક ઝાડ હતું તેની નીચે ખુરશી ઉપર બિરાજ્યા. સ્વામીશ્રીએ સૌને નીચે બેસી જવા આજ્ઞા કરી.

ઝાડ રસ્તાને અડીને જ હતું, એટલે સૌ સ્વામીશ્રી સમક્ષ બેઠા ત્યારે રસ્તો ઘણોખરો રોકાઈ ગયો હતો. માણસોની અવરજવર ઘણી હતી, એટલે કોઈએ જાહેરાત કરી કે 'રસ્તા ઉપર કોઈએ બેસવું નહિ.'

'બધા બેસી જાવ, અહીં કોઈ નહિ આવે.' સ્વામીશ્રી બે હાથની હથેળીઓ ઘસતાં, મંદ મંદ તાળી વગાડતાં, ઝીણાં નેત્રો કરી, એક બાજુ મુખમાં હસતાં બોલ્યા. તે પછી પોણો કલાક સભા ચાલી, પણ કોઈ ત્યાંથી ફરક્યું નહિ. ત્યારે સૌને એક વધુ પ્રતીતિ મળી કે જીવ-પ્રાણીમાત્રના નાડી-પ્રાણ તો આ પુરુષના હાથમા છે.

હર્ષદભાઈએ ગુણાતીતાનંદ સ્વામીના આવા જ મહિમાની વાતો કરી, પછી પ્રસાદીનું જળ સ્વામીશ્રીએ ફરીથી સૌ ઉપર છાંટ્યું.

'આ કયું ઝાડ છે ?'

'બાપા ! નામ ખબર નથી.'

'સત્પુરુષને સંબંધે કરીને જીવને સંસ્કાર થાય છે. એક-બે જન્મે... એવો પ્રગટનો સંબંધ બળવાન છે. તેની વિક્તિ - જે ઝાડ તળે બેસે, જે ઢોરનું દૂધ-દહીં જમે તે દરેકને સંસ્કાર થાય છે.

'થેમ્સ નદી કેટલાં વરસોથી તપ કરતી હતી ! થાળ બોલો : *'મારે ઘેર આવજો છોગલાધારી...'* એમ કહી થાળ બોલ્યા. હું સ્વામીશ્રીને પ્રસાદ આપવા ગયો ત્યારે કહે : 'થેમ્સથી હાથ ધોવરાવો.'

પછી કાગળમાં સ્વામીશ્રી થોડો શીરો જમ્યા.

ગરમાગરમ શીરો, મગસ, ચેવડો, સેવ વગેરે સ્વામીશ્રીએ સૌને વહેંચ્યાં. પોતે પણ બહુ ખુશાલીમાં હતા એટલે થોડું અંગીકાર કર્યું. સૌને જમાડી, રમાડી, અલૌકિક સુખ આપવાના પોતાના કોડ પૂરા થતા હોય ત્યારે સ્વામીશ્રી બહુ પ્રસન્ન જણાતા. મરમાળું હસ્યા કરતા. થેમ્સને તીર્થ બનાવી, ભક્તોને રાજી કર્યા. બહુ સારો વેપાર થયો - એવો કોઈ અલૌકિકભાવ એમના મનમાં જરૂર

રમતો હશે. મહારાજની મૂર્તિમાં જ સદા રમતા સ્વામીશ્રી એ આનંદ બીજાને લૂંટતા જોઈને વધુ આનંદિત થતા હશે !

લગભગ ૧૧-૨૦ જેવો સમય હશે. આ તીર્થ સ્થાનમાં રાજી થકા જાતે જ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આ નદી દ્વારા બધાંનું કલ્યાણ થશે. આજ તો અલભ્ય લાભ મળ્યો છે. આત્યંતિક મુક્તિને પામ્યા છીએ. શેરડીના સાંઠાનો વચલો ભાગ મળ્યો છે.

'પ્રફુલ્લભાઈને પ્રસાદ ઘો. એણે આ તીરથ કરાવ્યું. આવો આરો ગોતી દીધો. ઘણા વખતનો સંકલ્પ હતો કે નદીએ જવું છે ને ઠાકોરજીને નવરાવવા છે.

'બધા જમવા માંડો. નદી કિનારે ખાવું જોઈએ.

'અહોહો ! માણસ બધા આ થાંભલાનાં દર્શન કરે છે, પણ આ સાધુનાં દર્શન કોઈ કરતું નથી...'

'જો અહીં પવન ફૂંકાતો હોત તો આવી શકત ? પવન બંધ થઈ ગયો.

'અહીં બધાં આવો તો આ જગ્યાએ સમૈયો ભરજો. જગ્યા પ્રસાદીની થઈ ગઈ.

'દુ:ખ કોઈ માનશો નહિ, જે જોઈએ તે તમને મળ્યું છે.

'અહોહો ! ભગવાન જીવના ગુના સામું જોતાં નથી.

'આ સાધુનાં દર્શનથી પંચ મહાપાપ બળી જાય છે, પણ એવો મહિમા સમજાતો નથી.

'આ તે કાંઈ વાતું છે ? અક્ષરધામની વાતું છે.'

પછી નારાયણ ભગતને કહે : 'વેદગાન કરો.'

બાદ એકાએક સ્વામીશ્રી કહે : 'આ ઝાડને અડવા ઘો.' પછી ઝાડને ખુરશીમાં બેઠાં બેઠાં ભેટ્યા.

સ્વામીશ્રીએ કહ્યું : 'નાસ્તાનાં કાગળિયાં કોઈ બહાર ફેંકશો નહિ. ખીસામાં લઈ લેવાં, પછી ઘેર જઈ ફેંકી દેવાં.'

'આ નદીમાં જે સ્નાન કરે એનું કલ્યાણ થાય.' એ પ્રકારે ધૂન પણ સ્વામીશ્રીએ કરાવી હતી.

સમૈયો પૂરો કરી, સ્વામીશ્રી ખુરશીમાં બેસી, મોટર તરફ આવી રહ્યા હતા. ત્યાં રસ્તા ઉપરથી થેમ્સમાં ઊતરતાં પગથિયાં જોઈ, ઠેઠ નીચે કિનારા સુધી ખુરશીમાં બેસીને ઊતર્યા. અહીં પાણી દૂર હતું એટલે કિનારે ખુરશી રાખી સ્વામીશ્રી ઊભા રહ્યા. થેમ્સનાં જળતરંગો સ્વામીશ્રીનાં ચરણ તરફ

ધસતાં હતાં. ખુરશી પાણીને અડે એ રીતે સ્વામીશ્રીએ આગળ લેવરાવી, એટલે તુરત સિદ્ધેશ્વર સ્વામીએ સ્વામીશ્રીના જમણા પગનો અંગૂઠો થેમ્સમાં જળમાં બોળ્યો.

સ્વામીશ્રીએ પણ નીચા નમીને થેમ્સમાંથી જળની અંજલિ લઈ પોતાના મસ્તકે ચઢાવી અને પછી સૌ સંતો-હરિભક્તો ઉપર ફરીથી છાંટ્યું. આ નદીનો મહિમા હવે ગંગાતુલ્ય - સાક્ષાત્ ઘેલાતુલ્ય થયો છે – એવી પ્રતીતિ વારંવાર સ્વામીશ્રીએ સૌને કરાવી. અને કહ્યું : 'આજે બે તીરથ થયાં !' બન્ને જગ્યાએ સ્વામીશ્રીએ નદીને પ્રસાદીની કરી.

પ્રફુલ્લભાઈએ બધી વ્યવસ્થા કરી હતી. તેમણે રિચમન્ડ પાર્ક ફરવા જવાનું કહ્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'ના, આપણે તો અહીંનું જ કામ હતું. બીજે નથી જવું.' સીધા ઉતારે પધાર્યા.

સાંજે મંદિરે જતાં મોટરમાં કહે : 'આજે થેમ્સ નદીમાં ઠાકોરજીને નવરાવ્યા. હવે જે જે એમાં ન્હાશે, તે બીજે જન્મે સત્સંગમાં જન્મ ધરશે. તુરત મોક્ષ, વાર જ નહિ !' એમ બહુ પ્રેમથી કૃપાવાક્ય બોલ્યા.

સિદ્ધાંત શું ?

આજે સાંજે ૬-૧૫ વાગે મંદિરમાં પારાયણ પછી સભાને સંબોધતાં સ્વામીશ્રીએ અમૃત વચનો કહ્યાં :

'દૂધાધારીનું આખ્યાન આપ્યું. સત્પુરુષ કેવા હોવા જોઈએ તે બતાવ્યું. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ જેમાં હોય તે સત્પુરુષ.

'શ્રીજીમહારાજ ૫૦૦ પરમહંસોને લઈ આવ્યા. બ્રહ્માંડમાં ડંકો વગાડ્યો. અવતારો આવ્યા. તેમણે એક એક કાર્ય કર્યું. મહારાજે ધોરીમાર્ગ ચલાવ્યો. ધૂધૂબાજ માર્ગ ચલાવ્યો. મહારાજે મંદિર, મેડિયું, ગાડાં એમ અનેક વાતો પ્રવર્તાવી, પણ પોતાનો સિદ્ધાંત મૂક્યો નથી.

'સિદ્ધાંત શું ? નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું. ક્યાંય વાસના રહેવા દેવી નહિ. સાધુ થઈને કે વ્યવહારમાં રહીને આ કરવાનું છે. તે ઉપર એક દૃષ્ટાંત દઈ લઈએ.

'કાંધી ગામના બે ભાઈ હતા. તેમાં મોટો ભાઈ મુક્તરાજ હતો. નાનો ભાઈ સામાન્ય સત્સંગી હતો. મોટાભાઈને નાનાભાઈમાં ઘણું હેત. પછી નાનો ભાઈ મરી ગયો, પણ વાસનાએ કરીને ભૂતયોનિને પામ્યો.'

'પછી થોડાં વરસે મોટાભાઈને પણ ધામમાં જવાનો વખત આવ્યો. મહારાજ અને સંતો તેને વિમાન લઈને તેડવા આવ્યા. તેણે બધાને કહ્યું : 'મને મહારાજ તેડવા આવ્યા છે ને હું અક્ષરધામમાં જાઉં છું.'

'મહારાજ આને વિમાનમાં બેસાડી લઈ જતા હતા. પણ નાનોભાઈ જે ભૂત થયેલો તે રસ્તામાં ઊભો રહ્યો. આને નાનાભાઈમાં હેત; તેથી વિમાનમાંથી નાનાભાઈ સામું જોયું. તરત જ મહારાજે આને વિમાનમાંથી કાઢી મૂક્યો. પછી તો બેય ભૂત થયા. બીજે દી' સવારે આ મોટોભાઈ કો'કમાં રહીને બોલ્યો. બધાને નવાઈ લાગી ને કહ્યું : 'તમે તો અક્ષરધામમાં જાતા હતા ને ?'

'હા, પણ મને નાનાભાઈમાં હેત, તેથી મહારાજે મને કાઢી નાખ્યો. પણ અમે તમને કનડશું નહિ. ઘેર સંત આવે તો રસોઈ ઘો ત્યારે આ ગોખલામાં અમારે માટે બે લાડવા પ્રસાદીના મૂકવા.'

'પછી જૂનાગઢથી બાલમુકુંદ સ્વામી અને કૃષ્ણચરણ સ્વામી કાંધી ગયા. બધાએ આ બે ભાઈ ભૂત થયા છે તે વાત કરી. પછી સ્વામીએ ગોખલામાં વર્તમાન ધરાવી પાણી છાંટ્યું ને કહ્યું : 'જાવ બદરિકાશ્રમમાં તપ કરવા ! બીજે જન્મે સત્સગમા આવજો.'

'જો વાસના હતી તો ફેરો ખાવો પડ્યો. સમાગમથી વાસના ટળે. ૬-૧૫નો કથાનો ટાઈમ છે. જો પાંચ મિનિટ મોડું અવાય તો વાસના થઈ ને ? માટે વહેલા આવી જવું.

'હર્ષદભાઈ જૂની જૂની વાતો કરે છે. તે અમે કરી જ માનજો. એક વાટકામા જ ખાવાનું છે.

'થેમ્સમાં ભગવાનને નવરાવ્યા. નદી પવિત્ર થઈ ગઈ. નદીમાં જે જે ન્હાશે, તે તે બીજે જન્મે મહારાજના આશ્રિત થાશે. આ તો સાગમટે નોતરું !

'ગંગામાં વામનજીએ અંગૂઠો જ બોળ્યો હતો, તો નદી પવિત્ર થઈ ગઈ. વામનજીએ કહ્યું : 'તારામાં જે ન્હાશે, તેનાં પાપ ટળી જશે.' પછી ગંગાજી બોલ્યાં : 'પણ મારાં પાપ કોણ ધૂવે ?'

'તારામાં સત્પુરુષ પગ બોળશે તો તારાં પાપ જતાં રહેશે.'

'થેમ્સનાં પાપ આજે ધોઈ નાખ્યાં.'

સ્વપ્નામાં ઢોરને ચાર નીરી

તા. ૨૯મીએ સવારે ૫-૨૫ વાગે સ્વામીશ્રી કહે : 'સારંગપુરમાં

મંદિરની પાછળ જૂના ઓરડા હતા. (હાલ ત્યાં છત્રી છે.) એ ઓરડામાં શાસ્ત્રીજી મહારાજ પોઢતા. બીજા બેમાં કોઠાર ને ભંડાર થતો. સ્વામી ઓરડામાં સૂતા હતા. હું ઓસરીમાં સૂતો હતો. ૫-૦૦ વાગે જાગ્યો. મારે ના'વા જવું હતું. તે પહેલાં ઓરડામાં ગયો. શાસ્ત્રીજી મહારાજ એક પડખે સૂતા હતા. મેં દંડવત્ કર્યા. સ્વામી જાગતા હતા.

તેમણે પૂછ્યું : 'ક્યાં જાવ છો ?'

'ના'વા.'

'ઢોરને ચાર નાંખીને જજો.'

'સારું.'

'પછી મારું ગાતરિયું મળ્યું નહિ તેથી સંતસ્વામીનું ગાતરિયું લઈને હું ગયો. ગૌશાળામાં દસ-બાર જ ઢોર હતાં. એ બધાંને ચાર નીરી દીધી.

'ત્યાં સંતસ્વામી આવ્યા. ને પૂછ્યું : 'મારું ગાતરિયું જોયું ?'

'હા, મેં ના'વા લીધું છે.' એમ સંતસ્વામીનાં દર્શન થયાં. પછી હું પાછો સ્વામી પાસે ગયો ને કહ્યું : 'બધાં ઢોરને ચાર નીરી દીધી છે.' આમ, સ્વામીનાં દર્શન થયાં ને તમે આવ્યા.'

યોગી તારી દયા અપરંપાર

સવારે પૂજા પછી પોતાની ડાયરીમાં સ્વામીશ્રીએ નોંધ કરતાં લખ્યું :

'થેમ્સ નદી ઘણાં વરસથી પાપ કરતી નો'તી, પણ પાપી લોકો ના'તા તથા અંદર ફરતા તેથી તે નદી મૂંઝાતી હતી. કોઈ સંત ભારત દેશના આવે તો મારાં પાપ બળે. તે વાટ જોતી હતી. આપણે તો માંડી વાળ્યું હતું, પણ મહારાજે પ્રફુલ્લભાઈમાં પ્રવેશ કરીને નદીનાં પાપ બાળ્યાં.'

પોતે જ નિમિત્ત અને પોતે જ કલ્યાણના કર્તા હોવા છતાં અન્યને માથે યશ અર્પી દેવો એ એમની મોટાઈ હતી. નદીની ભાવનાને એમની કલમે એમણે કેવી પારદર્શક વાચા આપી છે !

દૃષ્ટિમાં ભરી દિવ્યતા

આજે બપોરે ફળાહાર પછી વચનામૃત ગઢડા અંત્યનું ૩૭ વંચાવતાં મોટાપુરુષની દૃષ્ટિ ઉપર વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'દૃષ્ટિ કાંઈ મોળી છે ? અહીંથી નાખીએ કે 'જાઓ લાખો ગાઉ દૂર' તો તરત જાય. અબજો ગાઉ દૂર

ભગત હોય તોય દષ્ટિ થાય. આંહીં સૂતાં સૂતાંય દષ્ટિ થાય.' એમ પરભાવમાં આવીને બોલ્યા. અક્ષર અધોર્ધ્વ ને પ્રમાણે રહિત છે, સર્વત્ર છે. એને દૂર શું અને નજીક શું ?

સાંજે મંદિરમાં વાત કરતાં કહ્યું કે 'અહીં દોઢ મહિનો રહ્યા. જિંદગીનું ભાથું થઈ ગયું. રાજીપો થઈ ગયો. મહારાજે કહ્યું : 'જેના ઉપર હું રાજી થાઉં છું તેને બુદ્ધિયોગ આપું છું. બુદ્ધિયોગ તે શું ? રૂડા સાધુનો સંગ.'

વળતી સવારે ૫-૩૦ વાગે સ્વામીશ્રી કહે :

'બોચાસણમાં ચંદ્રગ્રહણ હતું. સવારે ૫-૦૦ વાગે ગ્રહણ છૂટ્યું. તે દિવસે ગ્રહણનો સમૈયો થયો હતો. બે હજાર હરિભક્તો આવ્યા હતા. આણંદવાળા રાવજીભાઈ ને ઈશ્વરભાઈ મસાલાવાળાની રસોઈ હતી. સ્વામી ના'વા ગયા હતા. તેમણે કોઠારી ભક્તિવલ્લભદાસને પૂછ્યું : 'શી રસોઈ કરવી ?'

'પછી હું સ્વામીને પૂછવા ગયો. સ્વામી ના'તા હતા. તેમણે કહ્યું : 'શીરો કરો. મણ લોટ, અડધો મણ ઘી અને સવા મણ ખાંડનો શીરો કરો. ભાત-દાળ અને શાક કરો. પૂરીઓ નહિ પહોંચાય.'

'પછી હું નાહીને પૂજા કરવા બેઠો. ત્યાં આંખ ઊઘડી ગઈ.'

આજે ડૉ. નરસિંહ પટેલના મિત્ર રમણભાઈ મુંબઈથી ચાર ડઝન હાફુસ કેરી લાવેલા, તે ઠાકોરજીને થાળમાં ધરાવી, એક સ્વામીશ્રીને જમાડી.

પછી ગ.મ. ૨૪મું વચનામૃત વંચાવતાં સ્વામીશ્રીએ વાત કરી :

'ગીતામાં સાંખ્યની વાત આવે છે. અક્ષરની વાત પણ તેમાં આવે છે. આ વાત સંપ્રદાયવાળા માનતા નથી. 'આ ગુણાતીત સ્વામી છે તે જ અક્ષર છે' – એમ કોણ કહે છે ? એમ નહિ માને તેને જન્મ લેવા પડશે. ગોથાં ખાવાં પડશે.

'અહીંનાં - લંડનનાં ફૂલ વિલાયતી, અંદર સુગંધ નહિ. શાસ્ત્રીજી મહારાજ કોઈ મોટા પાઘડાવાળા આવે તેને આગળ બેસાડવાનું કહેતા. પછી કહે : 'આ વિલાયતી ફૂલ છે.'

'મનુષ્યને સુખ છે પણ પાછળ દુઃખ પણ છે. દુઃખે સહિત સુખ છે. મહીં મોટરની પાછળ જેમ ડોગલું (Caravan) ચાલતું હોય છે તેમ સુખની પાછળ દુઃખ હાલ્યું આવે છે.'

એમાંથી હરિભક્તોમાં વાત ચાલી. એક હરિભક્તને બધા કહે : 'તમે બાપાને કેરેવાન ભેટ આપો. દેશમાં વિચરણમાં સ્વામીશ્રીને સગવડ રહે.' એમાં ખેંચતાણ થઈ.

એ સાંભળી સ્વામીશ્રી કહે : 'સંતને જે જોઈએ તે મળી રહે છે. એને કાંઈ તોટો નથી. એ આખી દુનિયાને આપે છે, તો એને નહિ હોય ? એ આખી દુનિયાનું પોષણ કરે છે. એને કાંઈ ખોટ હોય ?'

તા. ૩૧-૬-'૭૦ના અહીંના વિખ્યાત સાપ્તાહિક 'સન્ડે ટાઈમ્સ'માં સ્વામીશ્રીના સુંદર ફોટા સાથે વિગતવાર સમાચાર આપ્યા પછી, કેટલાંય છાપાંના રિપોર્ટરો હવે સ્વામીશ્રીની મુલાકાત મેળવવા રોજ ઉતારે ધક્કા ખાવા લાગ્યા. B.B.C.ના રિપોર્ટર ત્રણ વાર આવી ગયા. મેળ પડ્યો નહિ. આજે ટેપરેકર્ડર લઈને આવ્યા અને મુલાકાત લીધી. સ્વામીશ્રીને સુંદર પ્રશ્નો પૂછ્યા હતા.

મૂરખના જામ !

તા. ૧-૭-'૭૦, આજે બપોરે અક્ષર હિલમાં ઠાકોરજી જમાડ્યા પછી કથા પ્રસંગમાં ગ.પ્ર. ૫૦મું વચનામૃત વંચાતું હતું. તે ઉપર સ્વામીશ્રીએ કેટલાક મુદ્દાઓ સમજાવતાં કહ્યું :

'ભગવાન ને સત્પુરુષમાં મનુષ્યભાવ ન આવી જાય એ કલ્યાણનું જતન. મનુષ્યભાવ આવી જાય, મન નોખું પડી જાય, તો જતન ગયું.

'જેને ભગવાન ને સતમા મનુષ્યભાવ ન આવે તે કુશાગ્ર બુદ્ધિવાળો. અને જે આવું જતન ન કરે ને ચોજાળી બુદ્ધિ હોય તોપણ તે મુશલાગ્ર બુદ્ધિવાળો – સાંબેલાના અગ્રભાગના જેવી જાડી બુદ્ધિવાળો જાણવો. પૈસા સત્સંગમાં વપરાય એ કુશાગ્ર બુદ્ધિવાળો.

'ગાડીમાં બેસવા જઈએ ત્યારે પોટલું-થેલી તૈયાર જ રાખીએ છીએ; તેમ ભગવાન ને સંતમાં દિવ્યભાવ રહે તે સાવધાની.'

'જે ભગવાન ભજતા નથી, તે આખી દુનિયા મૂરખની જામ છે.' સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા.

'પણ બાપા ! આ 'મૂરખની જામ' દુનિયા વગર ચાલતું નથી.' કોઈએ કહ્યું.

સ્વામીશ્રીએ શીઘ્ર ઉત્તર વાળ્યો : 'એના જેવા હોય તેને ન ચાલે, એથી પર હોય તેને ચાલે.'

ભગવાન થવા જશે તે પડશે

આજે સાંજે મંદિરમાં અક્ષર હિલના હરિભક્તોએ યોજેલી પારાયણની

પૂર્ણાહુતિ થઈ. પ્રમુખસ્વામી વ્યાસપીઠ ઉપર બિરાજ્યા હતા. પૂજન અને આરતી થયાં પછી બધા હરિભક્તોએ પૂજન કરી ધોતિયાં ઓઢાડ્યાં.

પછી આશીર્વાદ આપતાં કથાના અનુસંધાનમાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે હરબાઈ-વાલબાઈનું આખ્યાન સાંભળ્યું. જે પોતે ભગવાન થવા જશે, તે હેઠો પડશે. જે દાસના દાસ રહે તે કોઈ દી' પાછા ન પડે. શાસ્ત્રીજી મહારાજ વાસીદું વાળતા.' એમ મર્મ કર્યો.

અબજો પાઉન્ડની સેવા

સ્વામીશ્રીના અહીં આગમનનો અને પાછળથી રોકાઈ જવાનો ભેદ પાછળથી સૌને સમજાયો. રોજ સેવામાં આવતા યુવકોને સ્વામીશ્રી બહુ લાભ આપતા. અને બ્રહ્માનંદ કરાવતા, હેત કરતા, સાધુ થવાની પણ પ્રેરણા આપતા.

બીજે દિવસે સવારે પૂજામાં ઠાકોરભાઈના ચિરંજીવી કમલેશભાઈ[૧૭] સ્વામીશ્રી સાથે સાધુ થવા દેશમાં આવવા તૈયાર થઈ ગયા ! સ્વામીશ્રીના આનંદનો પાર ન રહ્યો. સ્વામીશ્રીએ તેમને જળ મુકાવી સંકલ્પ કરાવ્યો, ચાંદલો કર્યો, પછી ખૂબ ખૂબ આશીર્વાદ આપતાં કહે :

'જાવ, તમારે માટે અક્ષરધામની બારી ખુલી. તમે દીકરા આપ્યા તે અબજો પાઉન્ડની સેવા કરી છે.'

કમલેશભાઈને પણ કહ્યું : 'મૂંઝાશો નહિ ને ? જશભાઈ કાર્ડિફવાળા વગેરે યુવકો પણ તૈયાર છે.'

લંડન જેવી અલબેલી નગરી, જ્યાં પંચવિષયની છોળો ઊડે, ત્યાંથી મુક્તોને ખેંચી, સાધુ બનાવવાનો સ્વામીશ્રીને ભારે ઉમંગ હતો. લંડનના યુવકોને પણ ધન્ય છે કે સ્વામીશ્રીની સેવામાં, ત્યાગ-ભક્તિનો ભગવો અંચળો ઓઢવા તૈયાર થઈ ગયા.

ભગવાનમાં વૃત્તિ

આજે અક્ષર હિલમાં બપોરે ૧-૩૦ વાગે વચનામૃત ગ.પ્ર. ૪૯ વંચાવતાં વાત કરી :

'સંતમાં ભગવાન રહ્યા છે. તેનાં ચરિત્રો પણ સંભારવાં. બીજા દેવની જય બોલાવતા હોય તેવા તો ઘણા ભગત હોય, પણ સ્વામિનારાયણના ભગત

---

૧૭. હાલ, સાધુ અક્ષરવિહારીદાસ.

હોય તે જ ભગત.

'અંતર્દષ્ટિ એટલે શું ? ઘણા બાવા ઊંડા ઊતરી જાય છે એ નહિ. મહારાજ ચોખ્ખી વાત કરે છે. જેવા પ્રત્યક્ષ ભગવાન પોતાને મળ્યા હોય તેની મૂર્તિ સામું જોઈ રહેવું તે અંતર્દષ્ટિ. મહારાજ કહે છે : 'તમે ઊંધું ઘાલો મા, હું બેઠો છું ઈ જોઈ લ્યો.'

'ઘણા કહે છે : અમારા બાપા ગોલોકવાસી થયા છે. પણ કોણે જોયું ? ખાલી લોકવાયકા ઊડે.'

પછી કહે : 'કથા ચાલતી હોય ને વચ્ચે આજ્ઞાથી જમવા જવાનું થાય ને જલદી જમીને આવી જાય એ ભગવાનમાં વૃત્તિ રહી ગણાય. પણ શાંતિથી અડધો કલાક જમે તે વૃત્તિ ગઈ !'

સ્વામીશ્રીની પાસેથી આવી વિશિષ્ટ ભક્તિ-રીતો અને અધ્યાત્મ-યુક્તિઓ અનાયાસે મળ્યા કરતી.

સ્વામીશ્રીને ટપાલમાં ઍરલેટરના અંદરના ખૂણે-ખૂણામાં લખાણ કર્યા પછી બહાર પણ લખવાની ટેવ. એ જ રીતે કવર ઉપર પણ બહાર બધું ભરી દે. આજે ભટેસાના બીજા દીકરા વિનુભાઈના લગ્નની કંકોતરી મુંબઈ જતી હતી. તેની બધી બાજુએ સ્વામીશ્રીએ મુંબઈ સંતો ઉપર સમાચાર લખ્યા.

'બાપા ! આમ બધે લખીએ તે સારું ન લાગે.'

'આપણે ગામડાના માણસ, વાંધો નહિ. જગ્યા શું કામ ખાલી જવા દઈએ ?' સ્વામીશ્રી બોલ્યા.

આજે સાંજે મંદિરમાં ભાનુભાઈ, મેઘાણી, ડૉ. કારિયા, પૂનમભાઈ, પ્રહ્‌લાદજી, આશાભાઈ અને કનુભાઈ ભટેસા તરફથી પાંચ દિવસના પારાયણનો પ્રારભ થયો.

તા. ૪થીએ સવારે ૧૧-૩૦ થી ૧-૨૫ સુધી બ્રેન્ટ ઇન્ડિયન ઍસોસિયેશનના ઉપક્રમે, વેમ્બલીમાં આવેલા વિવિયન હૉલમાં પંડ્યાના પ્રમુખ-પદે સભા યોજાઈ, જેનું આયોજન મંડળના મંત્રી અરવિંદભાઈએ કર્યું હતું.

પ્રમુખશ્રીના સ્વાગત-પ્રવચન પછી સંતોએ કીર્તનગાન અને વેદગાન કર્યું. ડૉક્ટર સ્વામી, ઈશ્વરભાઈ માસ્તર, ડૉ. મોનીનાં પ્રવચનો પછી જશભાઈએ મંડળ વતી આભાર વ્યક્ત કર્યો. પ્રમુખસ્વામીના સંબોધન પછી સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા.

સાંજે મંદિરમાં યુવક મંડળની સભા થઈ. શનિવાર હોવાથી ઘણા

હરિભક્તો અપકન્ટ્રીમાંથી - દૂર દૂરથી લાભ લેવા આવી પહોંચ્યા હતા.

સોળ આને એક આની કહેવાય

વળતી વહેલી સવારે ૫-૦૦ વાગે, પોતાના ઓરડામાં એકલા ચાલીને, બાજુના ઓરડામાં હું પૂજા કરતો હતો ત્યાં પધાર્યા. પછી કહે : 'મને એમ કે ૬ વાગી ગયા છે. આજે મોડું થયું છે તો માલિશ કરવી નથી. કોઈ હતું નહિ, એટલે અહીં આવ્યો.'

પછી પોતાના ઓરડામાં લઈ ગયા. પલંગ ઉપર બેઠા. પછી કહે : 'આજે દર્શન થયાં. એક મોટું ગામ હતું. રાજકોટ જેવું. ને ધનુર્માસ ચાલતો હતો, તે પહેલો દિવસ હતો ને પટની મૂર્તિઓ હતી. સવારે વહેલા નાહી-ધોઈને ૪-૩૦ વાગે આરતી કરી. પછી એક શેર રવો ને એક શેર ઘી ને એક શેર ખાંડનો શીરો બનાવ્યો. તમે યાદ આવ્યા. તમે અક્ષર ભુવનમાં બનાવતા હતા ને, તેવો. પછી ઠાકોરજીને થાળ ધરાવ્યો. ને પછી મોટો ચમચો લઈને બધાને પ્રસાદ આપ્યો. એવાં દર્શન થયાં.'

સ્વપ્ન-દર્શનની વાતો કરી ત્યારે એમનો હરખ સમાતો ન હતો. સ્વામીશ્રી કહે : 'આવાં દર્શન થાય છે તે તમને વાત કરવાનું મન થાય. કારણ, આપણે જે સુખ લીધું હોય તે બીજાને કહીએ. તમે છો, યોગેશ્વર, નારાયણ ભગતને કહીએ તો આનંદ થાય. તે એક આની કહેવાય, સોળ આની ન કહેવાય.'

સવારે ઉકાળો લેતાં બોલ્યા : 'જો તમે વરસમાં બોર્ડિંગ હાઉસ બાંધી ઘો તો તેનું ઉદ્ઘાટન કરવા અમે જરૂર આવીશું.' પછી કહે : 'અહીંના યુવકોને ખાસ ભલામણ કે અહીંનાં ગોરાં બૈરાં સાથે લગ્ન ન કરવાં.'

રથયાત્રા ઉત્સવ

આજે અષાઢ સુદ બીજ ને રવિવાર, સાંજે ૫-૩૦ થી ૯-૦૦ મંદિરમાં ત્રણ સમારંભો યોજાયા. દૂર દૂરથી હરિભક્તો આવી પહોંચ્યા હતા. શરૂઆતમાં હરિલીલામૃત ગ્રંથનું પારાયણ થયું.

આજે રથયાત્રા મહોત્સવ હોવાથી આગલે દિવસે સ્વામીશ્રીએ મહંત સ્વામી અને સંતોને આજ્ઞા કરી કે 'કાલે રથયાત્રા છે તો ઠાકોરજીને રથમાં પધરાવી ઉત્સવ કરવાનો છે.' છેલ્લી ઘડીએ આજ્ઞા થતાં શું કરવું ? એ વિમાસણમાં સૌ પડ્યા. આ દેશમાં રથ કાંઈ તૈયાર મળે નહિ. એના કારીગરો

પણ મળે નહિ. રમકડાંના સુંદર ઘોડા તૈયાર મળી ગયા. મહંત સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી અને અમે સૌ સંતોએ મળીને થર્મોકોલમાંથી સુંદર રથ તૈયાર કર્યો.

આ રથમાં આજે હરિકૃષ્ણ મહારાજને પધરાવવામાં આવ્યા. અને સ્વામીશ્રીએ રથ સહિત ઠાકોરજીની આરતી ઉતારી. હર્ષદભાઈએ રથયાત્રાનો પૌરાણિક અને આધ્યાત્મિક મહિમા સમજાવ્યો.

ધર્મ સાથે ધનનાં જુદાં ગણિત

દેશમાં પહોંચવા માટે કઈ રીતે, કઈ સર્વિસમાં જવું એ ચર્ચા સારી ચાલેલી. એક સર્વિસમાં વચ્ચે પ્રાગ (ઝેકોસ્લોવાકિયા) થઈને જવાનું હતું. તેમાં પ્રાગમાં ઈમિગ્રેશનમાં પૂછપરછ તથા સાફસૂફ કરવા સ્ત્રીઓ આવે. એ વાત જાણીને સ્વામીશ્રી કહે : 'આપણે એમાં જવું જ નથી. ડોશી આવે એમ હોય તો આપણે એ જોઈએ જ નહિ.' પછી મુસાફરીમાં વચ્ચે રાત પણ ન આવે એવું ગોઠવવા જણાવ્યું. સાંજે કે વહેલી સવારે નાહવાનો સમય પ્લેનમાં ન આવે તે તકેદારી રાખવા ખાસ કહ્યું અને 'કોઈ ડોશી ન આવવી જોઈએ' – એ સૂચન તો ખરું જ.

સ્વામીશ્રીએ કહેલું : 'ભલે ગમે એટલું ખર્ચ થાય પણ આપણે એ રીતે વ્યવસ્થા કરવી.' લગભગ રૂપિયા સાઈઠ હજાર જેવો ખર્ચ બધી ટિકિટનો થતો હતો, પણ સ્વામીશ્રી કહે : 'ભલે થાય.'

નહિ તો રોજ લંડન મંદિરે સ્વામીશ્રી બાથરૂમમાં જાય તે અંધારું હોય, યુવકો તુરત બાથરૂમની બહાર અને અંદર લાઇટ કરે. પછી સ્વામીશ્રી જેવા બહાર નીકળે તે તુરત કહે : 'બત્તી બંધ કરો.'

જશભાઈ કહે : 'બાપા ! આટલું બધું કેમ ધ્યાન રાખો છો ?'

'આપણું મંદિર થયું. ધ્યાન રાખવું પડે.' સ્વામીશ્રી ધીરેથી કહેતા. આવી તો અનેક નાની બાબતોમાં કાળજી રાખી કરકસર કરતા-કરાવતા, પણ ધર્મ સાચવવાની વાત આવે ત્યાં આંકડાનો હિસાબ માંડતા નહિ.

વિદાય સમારંભ

સ્વામીશ્રી હવે દેશમાં પધારતા હોવાથી, આજે વિદાય સમારંભ પણ સાથે સાથે થઈ ગયો.

'હમ પર ગુજર ગઈ દોનો ઘડિયાં કઠિન;
એક આપ કે આને કે પહલે, એક આપ કે જાને કે બાદ...'

મેઘાણીએ પ્રથમ સંબોધનમાં જ સૌને વિરહની વિહ્‌વળતામાં મૂકી દીધા. પ્રફુલ્લભાઈ સભાનું સંચાલન કરતા હતા. જશભાઈ પટેલ, હર્ષદભાઈ દવે, રવિભાઈ પંડ્યાનાં પ્રાસંગિક પ્રવચનો પછી મોરેશિયસના મોહિતજીએ હિંદીમાં વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કર્યું. પ્રમુખસ્વામીના સંબોધન પછી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આજે આપણે શુભ દિવસ છે. દેશમાં દરેક જગ્યાએ રથયાત્રાનો સમૈયો થાય છે. અમે મહંત સ્વામીને આજે કહ્યું : 'અહીં આ સમૈયો થાય તો ઠીક.' મહંત સ્વામીએ ચાર કલાકમાં ઘોડો લાવીને રથ તૈયાર કરી દીધો. એ ભગવાનની કૃપા. ભગવાનને રથમાં બેસાડી દીધા. ગઢપુર, બોચાસણ, ગોંડલ બધે આજે આ સમૈયા થાય છે.

'આજે બે સમૈયા : રથયાત્રા ને વિદાયગીરી. આ લંડન અજંપા નગરી. રવિવારનો દિવસ. બધાએ ખૂબ ભીડો વેઠી લાભ લીધો.

'આ શહેર એવું કે કોઈ બારો નીકળે નહિ. ભજન કરવા જેવું શહેર છે. ભગવાન ભજીએ તો માયા આડી નો આવે.

'રવિવારની સભા કરીએ તો ભગવાન રાજી થાય. આંહીંનો પડઘો દેશમાં વાગશે. છાપાંમાં છપાશે. ક્યાંથી આવ્યા ? લંડન-વિલાયતથી. અહીંથી દાક્તરનું ભણીને દેશમાં આવે ત્યારે તેની પ્રૅક્ટિસ બહુ હાલે, દેશમાં અમારી પ્રૅક્ટિસ - કથાવાર્તાની ખૂબ હાલશે.

'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવું થયું. સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ. નહિ તો આવું કાર્ય બની ન શકે. ટૂંક સમયમાં મંદિર ને હૉલ બની ન શકે.

'જેણે નવાં મકાન લેવાં હોય તો આ મંદિરની આજુબાજુ લેવાં. નોકરી પણ નજીકમાં જ મળશે.

'હવે બાપા આરતીની વાટ જુએ છે કે આરતીનું કેમ મોડું કરો છો ?'

અહીં સંધ્યા આરતી પછી થાળને થોડી વાર લાગે, તે સમય દરમ્યાન 'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ, બ્રહ્મ અને પરબ્રહ્મ, આત્મા અને પરમાત્મા...' એ ધૂન સ્વામીશ્રી પોતાની લાક્ષણિક શૈલીમાં બોલાવતા.

કૂતરા જેવા જીવ

ઉત્સવ પછી રાત્રે સ્વામીશ્રી ઉતારે પધારતા હતા. બાજુમાંથી એક અંગ્રેજની મોટર પસાર થઈ. એની ગાડીમાં પાછળ એક મોટો કૂતરો જીભ

બહાર કાઢીને, હાંફતો ઊભો હતો. એ કૂતરો સ્વામીશ્રીને બતાવ્યો. કોઈ કહે : ‘બાપા ! અહીં કૂતરાનાં રક્ષણ માટે એક સરકારી સંસ્થા છે. કૂતરાને કંઈ ન કરાય, નહિ તો સજા થાય. ને બીજાં પશુઓની કતલ થાય.’

એ સાંભળી સ્વામીશ્રી કહે : ‘એ બધાં કૂતરાં જેવા જ કહેવાય. કૂતરાં રાખે ને કૂતરાં સાચવે. માંસ, મદિરા કરે એ કૂતરાં જેવાં જ કહેવાય.’ એમ ઘણો અણગમો બતાવ્યો.

દરેક શહેરમાં છેલ્લા દિવસે સારો ભીડો હોય. અહીં લગભગ દરેક ઘેર પધરામણીઓ થઈ ગઈ. પહેલો પ્રસંગ હોવાથી, નાદુરસ્ત તબિયત છતાં સ્વામીશ્રીએ બધાને રાજી કર્યા હતા. એને કારણે બપોરે ઠાકોરજી જમાડવાનું લગભગ ૨-૦૦ વાગ્યાની આસપાસ બનતું. કલાક સ્વામીશ્રી કથા કરતા. ૪-૦૦ વાગ્યાની આસપાસ આરામમાં જાય. રાત્રે મંદિરેથી પાછા આવે ત્યારે ૧૦-૦૦ થઈ ગયા હોય. પછી સ્નાન ને ઉકાળો, રાત્રે બહુ મોડું થાય એટલે સ્વામીશ્રી ખાસ કંઈ લે જ નહિ. સૌને રાજી રાખવા ફક્ત બેસે ખરા. રોજ ૧૧-૦૦ પછી જ મોડેથી આરામમાં જવાનું થતું. વળી પધરામણીએ કે જમવા દૂર દૂર જવાનું હોય, તેથી મોટરમાં જ કલાક કલાક બેસી રહેવું પડે. તેનો પણ થાક લાગે. આમ, અતિ શ્રમ વેઠીને ભક્તોને રાજી રાખવામાં સ્વામીશ્રીએ કાંઈ મણા રાખી નહોતી.

તા. ૬ઠ્ઠીએ ઈસ્ટ લંડનમાં બે-ત્રણ પધરામણી બાકી રહી ગઈ હતી ત્યાં જવાનું થયું. ૨-૩૦ વાગે ઉતારે પાછા પધાર્યા. ને લઘુ કરતાં કહે : *‘દેશ-પરદેશ ડોલના, મમતા તનકી મેલ...’*

બાઈબલની ભેટ

પ્રફુલ્લભાઈ સ્કૉટલૅન્ડ યાર્ડ પોલીસ રેશિયમ પ્રોબ્લેમ્સ(કોમી પ્રશ્નો)ના વડા અધિકારી મિ. પીટર લેંગલીને લઈને લાવ્યા. તેઓ પહેલાં એક વાર આવી ગયા હતા. તેઓ ખૂબ જ ધર્મભીરુ ને ભાવુક હતા.

સ્વામીશ્રી પૂર્વ લંડનથી આવીને સીધા જ મેડા ઉપર આવીને રાહ જોતાં બિરાજ્યા હતા. બપોરે ૨-૩૦ વાગ્યા હતા.

મિ. પીટર હિંદુઓ સાથે ખરા દિલથી આત્મીયતા ઝંખતા. સ્વામીશ્રીમાં તેમને ‘વસુધૈવ કુટુમ્બકમ્’ની ઉદારચરિત ભાવનાનાં દર્શન થયાં અને સ્વામીશ્રીની આ વખતની લંડનની-ઇંગ્લૅન્ડની મુલાકાત અંગ્રેજો અને

વસાહતીઓ વચ્ચે પ્રેમનો સેતુ બાંધવાના સીમાચિહ્નરૂપ બની રહી છે, એમ તેઓની ધારણા હતી. 'આ દેશમાં રહેતા સર્વ એક જ છે, કોઈ જાતનો રંગભેદ માનવ વચ્ચે હોઈ શકે નહીં,' એવી એક સમજણની નવી જ ક્ષિતિજ સ્વામીશ્રીના શુભ આગમનથી ખુલી.

મિ. પીટર પોલીસમાં હોવા છતાં તેઓ વિકટ પ્રશ્નોના ઉકેલ શસ્ત્રબળથી કે કાયદાના કડપથી લાવવા ઇચ્છતા નહીં, પરંતુ બાઇબલના 'પ્રેમના સંદેશ' દ્વારા ઉકેલવામાં માનતા.

સ્વામીશ્રી પાસે તેમણે બાઇબલમાંથી દાઉદના પુત્ર સુલેમાનનાં નીતિ-વચનો વાંચી સંભળાવ્યાં હતાં.

તેઓ ગુજરાતીમાં ભાષાંતર થયેલું સુંદર બાઇબલ (જૂના અને નવા કરાર સાથેનું) સ્વામીશ્રીને આપવા લાવ્યા હતા. બીજી બાઇબલને લગતી નાની ગુજરાતી પુસ્તિકાઓ પણ લાવ્યા હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું :

'આપ ઇંગ્લૅન્ડમાં પધાર્યા પણ અહીંના અંગ્રજોએ આપનો જેવો જોઈએ તેવો લાભ લીધો નથી. વળી, સ્કીન હેડ્સ છોકરાઓએ મંદિરમાં થોડું નુકસાન કર્યું છે, તેથી હું દિલગીરી વ્યક્ત કરું છું. વળી, અમે આપનું જે રીતે સન્માન થવું જોઈએ તેવી રીતે કરી શક્યા નથી. તો સમગ્ર અંગ્રેજ જનતા વતી હું આપની માફી માગું છું.

'આપને તો હું શું આપી શકું ? પણ આ મારું ધર્મ-પુસ્તક - પવિત્ર બાઇબલ, આપને ભેટ ધરું છું.' એમ કહી બાઇબલ અર્પણ કર્યું.

મિ. પીટરની આ ભાવના એ હૃદયની ભાવના હતી. પોતે પોલીસમાં હોવા છતાંય એક ધર્મગુરુને યોગ્ય તેવી ભેટ તેમણે આપી. શ્રીહરિએ રાજકોટમાં સર જ્હૉન માલ્કમને શિક્ષાપત્રી દીધી હતી. જ્યારે દાદાખાચર ઘોડો આપવા ગયા, ત્યારે માલ્કમે કહ્યું : 'મને આ શિક્ષાપત્રી આપી તે હજારો ઘોડા આપ્યા બરાબર છે.' સ્વામીશ્રી તો મિ. પીટરને માલ્કમનો અવતાર કહેતા. તેમણે આજે શ્રીહરિના ધારક સ્વામીશ્રીને 'બાઇબલ' ભેટ ધર્યું ! આ પણ એક આકસ્મિક જેવી લાગતી દિવ્ય ઘટના હતી.

૨-૪૫ વાગે જમવા નીચે પધાર્યા. ત્યાં એક નવા યુવક લૉબીમાં ફરતા હતા. મોડું થતું હતું પણ સ્વામીશ્રી ઊભા રહ્યા. એ યુવકને હેતથી બોલાવ્યો. ગળામાં હાથ નાંખી, કાનમાં આંગળીઓ ફેરવી. હડપચીએ હાથ દઈ પૂછ્યું : 'તમારું નામ શું ?'

'અરુણકુમાર.'

'ક્યાંથી આવો છો ?'

'બેલ્જિયમથી. નૈરોબીમાં મારાં બા રહે છે. તેમણે મને તાર કરેલો કે યોગીબાપા લંડનથી કાલે નીકળી જવાના છે. માટે તું તરત જ લંડન જા અને બાપાનાં દર્શન કરી આવ.'

સ્વામીશ્રીએ રાજી થઈ અરુણભાઈ વીંછીને ખૂબ આશીર્વાદ આપ્યા.

સાંજે મંદિરમાં સભા થઈ. પારાયણની આજે પૂર્ણાહુતિ હતી. તેમજ અહીંના કાર્યક્રમનો પણ આ છેલ્લો દિવસ. ઠાકોરભાઈના દીકરા કમલેશભાઈ અહીંથી સાધુ થવા સ્વામીશ્રી સાથે આવી રહ્યા હતા. એની જાહેરાત આજે થઈ. આ રીતે આફ્રિકાની જેમ અહીં પણ સ્વામીશ્રીએ બ્રહ્મવિદ્યાની કૉલેજમાં મૂકવા માટે એક યુવકને પસંદ કર્યો. બીજા કેટલાકને વાતો પણ કરી હતી. કાર્ડિફમાં ઇલેક્ટ્રોનિક એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા જશભાઈ પણ સાથે આવવા તત્પર થયા હતા, પણ સ્વામીશ્રીએ તેમને અભ્યાસ પૂરો કરી લેવા જણાવ્યું. સ્વામીશ્રીના મુકામ દરમ્યાન જશભાઈએ સંતોને ઉતારે ખૂબ સેવા કરી હતી.

અમેરિકા મોકલવા સંતોને રોક્યા

અંતમાં આશીર્વચન ઉચ્ચારતાં સ્વામીશ્રી બોલ્યા :

'જાહેરાત બહુ સારી થઈ. લંડન મંડળ બહુ હોશિયાર. બધાં તને, મને, ધને સુખી થાય તેવા અંતરના આશીર્વાદ છે. મંદિરના કાર્યમાં બધાંએ ભળી જવું, તો શ્રીજીમહારાજ આપણા કાર્યમાં ભળે. એક નવી જાહેરાત કરવાની કે –

'સંતો જે આંહીં રહેવાના છે, તે બહુ કાર્ય કરશે. તે વખતે પણ સભા આવી જ થવી જોઈએ. ઘનશ્યામ સ્વામી કથા કરશે ને મુજરા કરશે. અમે મંદિર બાંધી, કોઈ ગામમાં સંતો રાખ્યા નથી. તમારું નસીબ મોટું તે સંતો રાખ્યા. બધાંને ઉત્તેજન બહુ મળશે. અંબાલાલકાકા પણ રહેશે. પછી બધા રોડેશિયા જશે. સંતો મંદિરમાં રહેશે.

'બાપા (ઠાકોરજી) કહેતા હતા કે 'મને પાકો થાળ ધરજો.' તો હવે તે પ્રમાણે થશે.

'સંતોનો સમાગમ કરવા સૌ આવજો.'

અહીં મંદિરની વ્યવસ્થામાં મદદરૂપ બને અને હરિભક્તોને કથાવાર્તાથી બળ મળે એ હેતુથી ત્યાગવલ્લભ સ્વામી, ઘનશ્યામચરણ સ્વામી, નારાયણપ્રસાદ

સ્વામી અને એ.પી. પટેલને સ્વામીશ્રીએ અહીં ખાસ રોક્યા હતા. અનુકૂળતા થાય તો અહીંથી અમેરિકા અને પછી આફ્રિકામાં રોડેશિયા વગેરે સ્થળોએ સંતો સત્સંગ પ્રચારાર્થે વિચરે એવી પણ સ્વામીશ્રીની ઇચ્છા ખરી.

ઠાકોરભાઈએ તેમના પુત્ર કમલેશકુમારને વિધિસર સ્વામીશ્રીને અર્પણ કર્યા. સ્વામીશ્રીએ તેમના કુટુંબને રૂડા આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી કહે :

'ઠાકોરભાઈ(કરમસદ)એ શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે દીકરા આપ્યા, તે દીકરા બ્રહ્મવિદ્યા ભણશે. અને તેમની ઇકોતેર પેઢીનો ઉદ્ધાર થશે. આગળ-પાછળનાં બેય કુળ તરે. લંડનમાં ઘણા યુવકો થાશે. તોટો નહિ આવે. ઘણાય ભગવાન ભજવા આવશે. ઠાકોરભાઈએ પોતાનું કાર્ય કરી લીધું.

'આ બધાંય તને, મને અને ધને સુખિયા થાય એવા અંતરના આશીર્વાદ છે.

'અહીં મંદિરમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ બેઠા છે. માનતાઓ, મહાપૂજાઓ કરાવજો. મહારાજ બધા રોગ મટાડશે. વૈદ્ય-દાક્તર પાસે જાવું નહિ પડે.

'મોમ્બાસામાં મહાપૂજા હાલે છે. અહીં પણ ઘનશ્યામ સ્વામી મહાપૂજા કરશે. બે શિલિંગની મહાપૂજા થાય.

'કાલે અમે મુંબઈ ઊપડી જઈશું. બોલ્યું-ચાલ્યું માફ કરજો. અમે તમને અને તમે અમને રાજી કર્યા.'

આરતી થઈ, પછી બધાએ વ્યક્તિગત રીતે ઠાકોરજી અને સ્વામીશ્રીનું પૂજન કર્યું. આજે ઘણા ઘણા હરિભક્તો આવ્યા હતા. છેલ્લો દિવસ હતો. આટલા દિવસ સુધી સ્વામીશ્રીએ એકધારું સુખ આપેલું, એ એકાએક ઝૂંટવાઈ જતું જોઈને સૌનાં મન ઉદ્વિગ્ન હતાં. કોણ જાણે કેમ કેવીય પ્રેમની સાંકળ સ્વામીશ્રીએ નાના-મોટા સૌ હરિભક્તો સાથે બાંધી હતી કે એનું બંધન ઢીલું પડતાં સૌ આકુળ-વ્યાકુળ થઈ જતાં.

રાત્રે ૯-૩૦ વાગે મંદિરમાંથી નીકળી, સ્વામીશ્રી અક્ષર હિલ - ઉતારે પધાર્યા. આ યાત્રામાં અનુપમ ભગતને દોઢ માસ દર્શન, સેવા-સમાગમનો લાભ મળ્યો. પછી સ્વામીશ્રી ભારત પાછા ફરતા હતા. અને ચાર સંતોના મંડળને અમેરિકા જવા આજ્ઞા કરેલી. તેમાં સિદ્ધેશ્વર સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, ઘનશ્યામચરણ સ્વામી તથા અનુપમ ભગત – આ ચાર નામ નક્કી થયેલાં.

તેથી અનુપમ ભગતે સ્વામીશ્રીને વાત કરી કે 'મેં વાચસ્પતિનું ફૉર્મ ભરેલું છે. અને સરકાર તરફથી સ્કૉલરશીપ ચાલુ થઈ છે. તો તે કાર્ય માટે

દેશમાં આવવું કે અમેરિકા વિચરણમાં જોડાવું ?'

તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'ઠાકોરજીની સેવા જતી ન કરાય. માટે તમારે મુંબઈ અમારી સાથે આવવું. તમારા વતી બીજાને ગોઠવીશું.'

પછી તેમના બદલે સ્વામીશ્રીએ નારાયણપ્રસાદ સ્વામીને મોકલ્યા.

ઇંગ્લૅન્ડથી વિદાય

તા. ૭-૭-'૭૦, મંગળવાર, ઇંગ્લૅન્ડમાં સ્વામીશ્રીનો આ છેલ્લો દિવસ હતો. આફ્રિકામાં ૧૦૮ દિવસ અને અહીં ૪૫ દિવસ - એમ ૧૫૩ દિવસનો પુણ્ય પ્રવાસ કરીને સ્વામીશ્રી આજે ભારત - મુંબઈ જઈ રહ્યા હતા.

વહેલી સવારે દાતણ કરતાં મને કહે : 'અત્યારે ઠાકોરજીને પોટલામાં લઈ લેવા. ને પછી તરત જ પલેનમાં પહોંચી, ૧૦-૦૦ વાગે જમાડીને સીટ ઉપર પધરાવવા. પછી ૧૨-૦૦ કે ૧૨-૩૦ વાગે જમાડીને પોઢાડવા. વળી, પાછા ૪-૦૦ વાગે જગાડીને મેવો ધરવો, ને પધરાવવા. પોટલામાં ને પોટલામાં ન રાખી મૂકવા.

'શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'બહાર જઈએ ત્યારે ઠાકોરજીને પોટલામાં ને પોટલામાં રાખી ન મૂકવા, પણ બેઠક ઉપર પધરાવવા.' અમે તમને અને નિરંજન સ્વામીને ખાસ ભલામણ કરીએ છીએ.'

સ્નાન કરતાં અરવિંદભાઈને કહે : 'તમે બહુ સેવા કરી. બહુ ભીડો વેઠ્યો. અંતર અમારું ઠરી ગયું. બીજા તો આવે-જાય, પણ તમારે તો અખંડ ભીડો.'

પૂજા વખતે એક હરિભક્તે કહ્યું : 'બાપા ! મુંબઈ તો આપણે રાતના ૪-૦૦ વાગે અંધારામાં પહોંચીશું. કોઈ સારી રીતે સ્વાગત પણ નહિ કરી શકે. આમ કેમ કર્યું, બાપા ?'

'ઈ બહુ સારું.'

૭-૦૦ વાગે ખીચડી જમતાં સ્વામીશ્રી કહે : 'આજે પલેનમાં શ્રીજી-મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને પાંચસો પરમહંસો બધા બેસી જશે.'

૭-૨૫ વાગે જયંતીભાઈની મર્સીડીઝ ગાડીમાં બિરાજી, અક્ષર હિલથી સ્વામીશ્રીએ વિદાય લીધી. હીથ્રો ઍરપોર્ટ ઉપર સેંકડો હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આતુરતાથી આવી પહોંચ્યા હતા.

અહીં 'કિંગ્સ ફોર્ડ સ્મિથ સૂટ'માં પ્રફુલ્લભાઈએ સ્વામીશ્રીને તથા સંતોને શાહી વિદાય આપવા માટે દર્શન વગેરે વ્યવસ્થા કરી હતી. સ્વામીશ્રી સોફા

ઉપર બિરાજ્યા હતા. થોડા થોડા હરિભક્તો અંદર આવીને સ્વામીશ્રીને મળતા. દરેકની આંખમાં આંસુ હતાં. અરવિંદભાઈ વગેરે એકદમ ભાંગી પડ્યા હતા. ચાર સંતોને સ્વામીશ્રીએ રોકેલા. તેમને સૂચના આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અમેરિકા જઈ આવજો. પડ છાંટજો. અમે બે વરસ પછી ત્યાં જઈશું.'

પછી અરવિંદભાઈએ પણ આશ્વાસન આપતાં કહ્યું કે 'બે વરસ પછી અમે જરૂર અહીં આવીશું.'

સત્સંગનો યોગ એ જ રાજીપો

અહીં ઍરપોર્ટ ઉપર વી.આઈ.પી. કક્ષમાં પણ હરિભક્તો એકત્રિત થઈ જતાં સ્વામીશ્રીએ સુધાવચનો કહ્યાં :

'જેના ઉપર ભગવાન ને સંત રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય...'

'સુખિયો શું ? હૃદયમાં શાંતિ, શાંતિ, શાંતિ.

'જાવ લંડન !' એમ શાસ્ત્રીજી મહારાજે અમને અહીં ધકેલીને મોકલ્યા. એમ ને એમ નથી આવ્યા. સત્સંગનો પ્રચાર કરવા મોકલ્યા. એમ ને એમ ન આવત.

'આ જોગ થયો એ જ રાજીપો. પૈસા આપે કે રાજ આપે તે રાજીપો નહિ. તે તો મળેલું જ છે. આ સત્સંગનો જોગ થયો એ જ રાજીપો. પૈસા મળે, લાખો પૌંડના ધણી થઈએ તો સ્વામી રાજી થયા, એમ નહિ. એ તો લૌકિક છે. એમાં જીવ રહે તો ભૂત થાય. માટે એ રાજીપો નથી.

'લંડન જેવું મોટું શહેર, તેમાં સ્વામિનારાયણના સાધુ કોઈ દી' આવે ? દેશમાં બેસી રહે.

'આપ બધા ભક્તોએ સેવા બહુ કરી છે.'

વિદાય લેતાં ફરીથી સ્વામીશ્રીએ અહીં રોકાનાર ત્યાગવલ્લભ સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી, ઘનશ્યામચરણ સ્વામી અને નારાયણપ્રસાદ સ્વામીને બોલાવીને કહ્યું : 'મંદિરમાં રોકાવું. હરિભક્તો આવે તેને કથાવાર્તા કરવી. પછી અમેરિકા જવાનું છે. કે.સી. પટેલને વાત કરી છે, તો ત્યાં જશો. બધાને ભેગા કરવા. પડ તૈયાર કરવું. એમ કરતાં મંદિર થઈ જશે. બે વર્ષમાં મંદિર થશે. પછી પ્રમુખસ્વામી પ્રતિષ્ઠા કરવા આવશે.'

કેટલાક મહાનુભાવો પણ દર્શને આવી ગયા. વિદાયનો સમય હવે નજીક આવી રહ્યો હતો.

બધા હરિભક્તોનાં મુખ કરમાઈ ગયાં. સ્વામીશ્રી પ્રત્યેના કોઈ અપૂર્વ

પ્રેમથી સૌનાં હૃદય પણ ભરાઈ આવ્યાં. ફરી 'બાપા' ક્યારે મળશે ? એ જ પ્રશ્ન સૌને ગૂંગળાવતો હતો. સૌને 'બાપા લંડન પધાર્યા' એ એક સ્વપ્ન લાગતું હતું.

સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, સંતો તથા હર્ષદભાઈ, ઈશ્વરભાઈ દેસાઈ, કમલેશભાઈ, દિનકરભાઈ, મૂકેશભાઈ વગેરે હરિભક્તો તથા યુવકો સાથે હતા. જશભાઈ તથા સુરેશભાઈ પેરિસ સુધી ખાસ વિદાય આપવા સાથે બેસી રહ્યા હતા.

સંતો, હરિભક્તો સાથે સ્વામીશ્રી પ્લેનમાં બેસવા જતા હતા ત્યારે મેઘાણી, પ્રફુલ્લભાઈ, અરવિંદભાઈ, જયંતીભાઈ, કનુભાઈ સાથે હતા.

અહીં હજારો હરિભક્તો વિદાય આપવા ઊભા હતા. પોલીસ એસ્કોર્ટની કાર પછી સ્વામીશ્રીની કાર અને પછી કોચમાં સૌ સંતો-હરિભક્તો હતા. હરિભક્તોની છેલ્લી વિદાય લઈ, મોટરો ટર્મિનલ-૩ ઉપર જવાના ઝાંપાને વટાવી અંદર ગઈ.

ઝાંપો બંધ થઈ ગયો.

હરિભક્તોનાં હૈયાં ભાંગી પડ્યાં.

વિશાળ હીથ્રો ઍરપોર્ટ ઉપર પ્લેન ઘણું દૂર ઊભું રખાયું હતું. પ્લેન ન્યૂયોર્કથી આવતું હતું. તેમાં ફર્સ્ટ ક્લાસની આખી કેબિન સંપૂર્ણ ખાલી રાખવામાં આવી હતી. પ્રફુલ્લભાઈએ ઘણી જહેમત ઉઠાવી એવી વ્યવસ્થા કરી હતી કે ફર્સ્ટ ક્લાસમાં અન્ય ઉતારુ કે હૉસ્ટેસ આવે નહિ, દરેક વચ્ચેના સ્ટોપેજમાં પ્લેન ઍરપોર્ટથી દૂર ઊભું રહે એટલે નૂઝમાં થઈને ઍરપોર્ટ ઉપર જવા માટે ફર્સ્ટ ક્લાસના દ્વારનો ઉપયોગ કોઈ કરે જ નહિ, વચ્ચેના ઍરપોર્ટ ઉપર ફર્સ્ટ ક્લાસને સાફ કરવા માટે પણ કોઈ સ્ત્રી કર્મચારી આવે જ નહિ એવી સંપૂર્ણ વ્યવસ્થા ઠેર ઠેર ફોન કરીને પાકી કરેલી. આથી સ્વામીશ્રી ઘણા જ રાજી થયા ને મુસાફરીની નિરાંત અનુભવી.

ફર્સ્ટ ક્લાસની ૬ સીટો ઢાળી દઈને સુંદર પથારી તૈયાર કરી હતી. જેથી સ્વામીશ્રી આરામ કરતાં કરતાં જ પૂરી મુસાફરી કરી શકે.

ઇન્દ્ર ખાંગો વાળે છે

હીથ્રો ઍરપોર્ટ ઉપર હવામાન 20^0 C (68^0 F) હતું. વાતાવરણ ખુશનુમા હતું.

દોઢ મહિના સુધી હવામાન સતત ઉષ્ણ રહ્યું, વરસાદ ન પડ્યો, ઠંડી પડી

નહિ. આ પણ અદ્‌ભુત ઘટના બની હતી. કારણ તા. ૧૫-૬-'૭૦ના 'ધ ડેઈલી ટેલિગ્રાફ' નામના લંડનના છાપામાં આની ખાસ નોંધ લેવાઈ હતી કે સને ૧૯૫૯થી આજ સુધીમાં આવી ગરમી પડી નથી.

આ એક ચમત્કારિક ઘટના હતી. અને મોટાપુરુષ ધારે તો હવામાનને પણ ઠોઈ રાખે છે - એની પ્રતીતિ ઈંગ્લેન્ડવાસીઓને તે જ દિવસે થઈ. જેવું સ્વામીશ્રીનું પ્લેન ઉપડ્યું ને વાતાવરણમાં એકદમ પલટો આવ્યો. તે દિવસે આખો દિવસ વીજળીના કડાકાઓ થયા. આકાશ વાદળાંઓથી ઘેરાઈ ગયું. અંધારું થઈ ગયું ને સખત વરસાદ વરસ્યો. વાતાવરણ એકદમ શીતળ થઈ ગયું. જાણે દોઢ મહિનાથી ઈન્દ્રરાજા રાહ જોઈને ઊભા હોય, એવો ભાવ એમણે ભજવ્યો.

સ્વામીશ્રીની કાર એરોપ્લેનની સીડી સુધી લાવવામાં આવી હતી. એર ઈન્ડિયા તરફથી એક અગત્યની વ્યક્તિ તરીકે - સ્વામીશ્રીની ફિલ્મ પણ લેવાઈ રહી હતી. સ્વામીશ્રી ઉપર પ્લેનમાં પધાર્યા ત્યારે હંમેશ મુજબ પ્લેનના બધા જ ઑફિસરો-પાઈલટ વગેરેને મળ્યા. આશીર્વાદ ને પ્રસાદ આપ્યા. હરિભક્તોને પણ આશીર્વાદ આપ્યા. કનુભાઈની સાથે આવવાની ઈચ્છા હતી, પણ કોઈ મુશ્કેલી નડતાં તેઓ આવી શક્યા નહિ. સૌ રડતાં હૃદયે છૂટાં પડ્યાં.

કનુભાઈ મનુભાઈ પટેલને સ્વામીશ્રીનાં પ્રથમ દર્શનનો લાભ કેન્યામાં મળેલો. આ વખતે તેમને સ્વામીશ્રીની વધુ નજીક આવવાનો અને સેવાનો લાભ મળ્યો.

કનુભાઈ તથા પ્રફુલ્લભાઈ જરૂરી કાગળિયાનું કામ પતાવીને પ્લેનમાં સ્વામીશ્રીનાં દર્શન કરવા માટે ગયા. પ્લેનને ઊપડવાને બહુ વાર ન હતી.

તેમણે જોયું તો સ્વામીશ્રી માટે જમણી બાજુએ સીટોની બે લાઈન રિઝર્વ રાખી, તેના ઉપર બ્લેન્કેટ પાથરી, સુંદર પથારી કરવામાં આવી હતી. બ્લેન્કેટ તથા એક ઓઢવાની કામળી અડધી ઓઢીને, ગરમ કાનટોપી પહેરીને સ્વામીશ્રી પ્રસન્નચિત્તે બિરાજ્યા હતા. સંતો બધા ડાબી બાજુએ બેઠા હતા. પાછળની બાજુએ એક પડદો નાખવામાં આવેલો. કોઈપણ સ્ત્રીને કે સ્ત્રી-પરિચારિકાને આ બાજુ આવવાની મનાઈ હતી. 'પટ્ટા બાંધી દો' એ સૂચના કહેવામાં આવી ત્યારે સ્ટુઅર્ટે સ્વામીશ્રીને પકડી રાખ્યા, જેથી પ્લેન ઊપડે ત્યારે સ્વામીશ્રીને આંચકો ન લાગે.

કનુભાઈ તથા પ્રફુલ્લભાઈએ નીચા નમીને સ્વામીશ્રીને નમન કરી, જય શ્રી સ્વામિનારાયણ કહ્યા. સ્વામીશ્રીએ ધબ્બા મારી આશીર્વાદ આપ્યા ને

પ્રફુલ્લભાઈને કહ્યું : 'હર્ષદભાઈનું પુસ્તક (લાઈફ ઍન્ડ ફિલોસોફી) અને અંગ્રેજીમાં વચનામૃત છપાવવાનું કાર્ય પૂરું કરવું. શું ?' એમ કહેતાં તેમની સામે અનિમેષ નયને જોઈ રહ્યા. એમની આંખોમાંથી કરુણાનો ધોધ વહી રહ્યો હતો. જાણે પિતા પોતાનાં બાળકોથી છૂટા પડતા હોય ને ફરી મળવાના જ ન હોય, તેવી વિદાયની ભારે ક્ષણો યુગની જેમ વીતતી હતી. આ અપાર્થિવ સ્નેહનું અપૂર્વ દર્શન હતું.

બરાબર ૧૦-૨૫ વાગે ઍર ઇન્ડિયાના 'ગૌરીશંકર' વિમાને લંડનની ધરતી છોડી. નીચે હજારો હરિભક્તો સ્વામીશ્રીની વસમી વિદાય સહી લેતા, પ્લેન તરફ મીટ માંડીને જોઈ રહ્યા હતા : 'હજુ પ્લેન કદાચ નીચે ઊતરી પડે ને આપણા જીવનપ્રાણ બાપાને ફરી એક વાર મળી લઈએ !' એવા અનેક વિચારોને દાબી દઈને, સ્વામીશ્રીની યાદ સદાયને માટે જીવનમાં ભરી દઈને સૌ વિખરાયાં.

સ્વામીશ્રીના લંડનના મુકામ દરમ્યાન મેઘાણી, ડૉ. કારિયા, પ્રફુલ્લભાઈ પટેલ, જશભાઈ, ચિત્તરંજનભાઈ, અરવિંદભાઈ, પૂનમભાઈ, પ્રહ્‌લાદજી, જયંતીભાઈ (ચાંગાવાળા), પી.સી. પટેલ, ભાનુભાઈ, ચુનીભાઈ, ઠાકોરભાઈ, ડૉ. નવીન સ્વામિનારાયણ, દુર્ગેશ દવે, કનુભાઈ પટેલ, કનુભાઈ ભટેસા, ડૉ. ઈન્દ્રવદન પટેલ, નવીનભાઈ ભગત, ભીખુલાલ, રજનીકાંત, વાસુદેવ પટેલ, ડી.સી. પટેલ, નટુભાઈ એમ. પટેલ, જયંતીભાઈ (આણંદવાળા), જગદીશભાઈ, રાજેન્દ્રભાઈ, સુરેશભાઈ, ઘનશ્યામભાઈ, કૌશિકભાઈ, શ્રીકાંત પટેલ, મહેન્દ્ર પટેલ, લાલજીભાઈ, પ્રેમજીભાઈ, દેવશીભાઈ, સુમનભાઈ, જશભાઈ (કાર્ડિફ), દિનકરભાઈ, સુભાષભાઈ વગેરે તમામ હરિભક્તો, યુવકો તથા મહિલા મંડળે અપાર સેવા બજાવી સ્વામીશ્રીને રાજી કર્યા હતા.

ભારત તરફ

પ્લેન ઉપડ્યા પછી સ્વામીશ્રી પોઢી ગયા. ૧૧-૦૭ કલાકે પેરિસ આવી પહોંચ્યા. અહીં સુધી વળાવવા ખાસ સાથે આવેલા જશભાઈ તથા સુરેશભાઈએ સ્વામીશ્રીના આશીર્વાદ લઈ અહીંથી વિદાય લીધી. પ્રમુખસ્વામી વગેરે સંતોએ નીચે ઊતરી ઍરપોર્ટની ધરતી પાવન કરી. સ્વામીશ્રી થોડી વાર માળા ફેરવી, પ્લેન ઉપડ્યા પછી તુરત ધાબળો ઓઢીને પોઢી ગયા.

૧૨-૪૮ કલાકે સ્વીટ્‌ઝરલૅન્ડના ઝુરિચ ઍરપોર્ટ ઉપર આવી પહોંચ્યા. અહીં ગરમી સારી હતી. સ્વામીશ્રી અહીં જાગ્રત થયા ને તુરત પૂછ્યું :

'ઠાકોરજીને જમાડ્યા ?'

'હા, બાપા ! ઠાકોરજીને જમાડી લીધા છે.'

'તો હવે પાણી પીવરાવીને પોઢાડી દ્યો.' સ્વામીશ્રીએ આજ્ઞા કરી.

પછી નારાયણ ભગતની ડાયરીમાં ૪ થી ૫ પાન ભરીને પ્રવાસની વિગત લખી. તેમાં લખ્યું : 'આ ઍરોપ્લેન નીચેની ધરતી, તેના રહેનારા, જીવ-જંતુ બધાંનું કલ્યાણ થઈ ગયું.'

બધાની વિનંતીથી સીડી સુધી આવ્યા. અને સીડી ઉપર ઊભા રહી આ દેશ ઉપર દૃષ્ટિ કરી.

સ્વામીશ્રી કંઈક અંગીકાર કરે - એવી સૌની ઇચ્છા હતી. કારણ, તેર કલાકની મુસાફરી હતી. અને ફર્સ્ટ ક્લાસની કૅબિન તદ્દન અલાયદી, કારપેટ પણ જુદી એવી સગવડવાળી, એટલે કોઈ બાધ નહોતો. થોડું ફ્રૂટ લેવા સૌએ સ્વામીશ્રીને બહુ પ્રાર્થના કરી, પણ જરાય સંમત થયા નહિ. છેવટે થોડું જળ લેવા પણ વિનંતી કરી, પણ તેય સ્વીકારી નહિ. બહુ આગ્રહને અંતે ચાર ઘૂંટડા જળ, કમને લીધું.

કેટલાક અધિકારીઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ને કંઈ જોઈતું-કરતું હોય તો પૂછપરછ કરી. કારણ, હેડ ઑફિસથી તેમને સંદેશો હતો કે ફર્સ્ટ ક્લાસમાં V.V.I.P. સ્વામીશ્રીને બધી સગવડો આપશો. સ્વામીશ્રીએ સૌને સામેથી પ્રસાદ ને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી બોલ્યા : 'આખું પ્લેન સત્સંગી થઈ ગયું.'

સ્વામીશ્રીની આજ્ઞાથી સૌ સંતોએ થોડો પ્રસાદ લીધો. ૧-૩૭ કલાકે પ્લેન ઝુરિચથી ઊપડ્યું કે તુરત સ્વામીશ્રી ધાબળો ઓઢીને પોઢી ગયા.

આલ્પ્સ પર્વત, ઇટાલી વગેરે યુરોપના દેશો પસાર કરી, ગ્રીસમાં એથેન્સ ઉપર પ્લેન ઊડી રહ્યું હતું. જાગીને સ્વામીશ્રી કહે : 'પાંચસો પરમહંસો, શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ બધા આ પ્લેનમાં બેઠા છે.'

ભૂમધ્ય સમુદ્રને ઓળંગીને સાંજે ૫-૧૩ કલાકે પ્લેન બૈરૂતના ઍરપોર્ટ ઉપર ઊતર્યું. અહીં પ્લેનનો સ્ટાફ બદલાયો. સૌ સ્વામીશ્રીને પગે લાગીને, આશીર્વાદ લઈને ઊતર્યા.

૪-૦૦ વાગે ઠાકોરજીને મેવો ધર્યો હતો.

અત્યારે ૫-૫૫ થયા હતા. સંધ્યા થઈ ગઈ હતી. એટલે સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારી. અષ્ટકો બોલ્યા અને દંડવત્ પ્રણામ પણ કર્યા.

સત્ય વચન દૃઢ નિયમ અભંગી

અહીંના અધિકારીઓ દસ્તૂર અને આનંદ સ્વામીશ્રીને મળવા આવ્યા. અહીં ગરમી સખત હતી. પાણી વગર ગળું શોષાય એવી અસહ્ય ગરમી ! સૌએ સ્વામીશ્રીને ફ્રૂટ લેવા સમજાવ્યા. પણ વ્યર્થ ! છેવટે પાણી લેવા ઘણું સમજાવ્યું, તો કહે : 'રાતે દવા લેતી વખતે લઈશ.' એમ કહી ટાળ્યું. પણ ખૂબ આગ્રહને અંતે ફક્ત એક જ ઘૂંટડો કમને લીધું.

નારાયણ ભગતે આર્દ્ર થતાં સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આટલું બધું કેમ ?'

'સ્વામીએ (શાસ્ત્રીજી મહારાજ) અમને નિયમ આપ્યું છે. હું, ભક્તિવલ્લભ સ્વામી ને બીજા પાંચ-દસ સાધુ બેઠા હતા ત્યારે સ્વામીએ નિયમ આપ્યો હતો કે 'મોટરમાં, ગાડીમાં કાંઈ ખાવું-પીવું નહિ.' તે અત્યાર સુધી સ્વામીની દયાથી પળાય છે.' સ્વામીશ્રીએ કહ્યું.

આ સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા. ૮૦ની વર્ષ ઉંમરે, ત્યાગ-વૈરાગ્યની આ છટા જોઈ સૌનાં મસ્તક નમી ગયાં. હૃદય પુકારી ઊઠ્યું કે 'પૃથ્વી ઉપર મહારાજ ક્યાંય પણ પ્રગટ હોય તો અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે.'

પ્લેનના નવા અધિકારીઓ લોબો વગેરે આવી ગયા. ને સ્વામીશ્રીને મળીને આશીર્વાદ લીધા. ૬-૩૪ કલાકે અહીંથી પ્લેન ઊપડ્યું. સાથે આવેલા યુવકોને સ્વામીશ્રીએ વાતો કરી.

૭-૦૦ વાગ્યા પછી મચ્છરદાની વગેરે નાખીને વ્યવસ્થિત આસન તૈયાર કર્યું. સ્વામીશ્રીએ ઊંઘની ગોળી લીધી. તે વખતે રોજના નિયમ મુજબ યુવકોને પદ્માસન વાળીને બેસાડ્યા. 'મટકાં રહિત' ધ્યાન કરાવ્યું, માથે ઘી ઘસાવ્યું. ચેષ્ટા બોલી રાત્રે ૭-૫૦ વાગે પોઢી ગયા. (મુંબઈ સમય પ્રમાણે રાત્રે ૧-૨૦) વચમાં એકાદ વાર લઘુ કરવા પણ ઊઠ્યા. અહીં પ્લેનમાં આગળની સીટના પેસેજ આગળ બેસી, નાના ટબમાં સ્વામીશ્રી લઘુ કરતા. સંતો આજુબાજુ બ્લૅન્કેટના પડદા પકડી રાખતા. ટોઈલેટમાં લઘુ કરવાનું સ્વામીશ્રીને ફાવતું નહિ. તેથી આ વ્યવસ્થા કરી હતી. હાથ ધોઈને સ્વામીશ્રી આસનમાં બિરાજે ત્યારે દરેક વખતે સંતોને પગે લાગી બેસતા.

❀ ❀ ❀



ભારતમાં ઠેર ઠેર વધામણાં

મુંબઈમાં વરસાદ પડી રહ્યો હતો એટલે પ્લેનને ઊતરતાં સમય લાગ્યો. લંડન સમય ૧૧-૪૫ વાગે (મુંબઈ સમય : ૪-૧૧ વાગે) પ્લેન મુંબઈ - સાંતાક્રુઝ ઍરપોર્ટ ઉપર ઊતર્યું. ૧૫૩ દિવસ પછી સ્વામીશ્રી ભારતમાં પાછા ફર્યા હતા.

સ્વામીશ્રી V.I.P. કક્ષમાં પધાર્યા. અહીં દેશના હજારો હરિભક્તો સ્વામીશ્રીની વાટ જોઈને ઊભા હતા. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ જયનાદોથી સૌએ ઉમળકાભેર સ્વામીશ્રીને વધાવી લીધા. યુવકોએ બૅન્ડ-વાદનથી અભિવાદન કર્યું. સ્વામીશ્રીનાં દર્શન, ચરણ-સ્પર્શ અને હારતોરા કરી આશીર્વાદ મેળવતા સૌ હરિભક્તો અનહદ આનંદ અનુભવી રહ્યા હતા.

સવારે ૬-૦૦ વાગે સ્વામીશ્રી મંદિરે આવી પહોંચ્યા. સંતોએ મંદિર શણગાર્યું હતું. સભામંડપમાં સ્વામીશ્રીને માટે પાંચ ફેણ સહિત સુંદર શેષાસન સજાવ્યું હતું. મંદિરમાં દર્શન કરી, સ્વામીશ્રી સભામાં બિરાજ્યા. પ્રમુખસ્વામીએ ટૂંકમાં હેવાલ આપ્યો. વચ્ચે સ્વામીશ્રી લટકાં કરી બોલતા જાય. સૌના આનંદનો પાર નહોતો. પછી સ્વામીશ્રી આરામમાં પધાર્યા. બીજા સંતો સામાન સાથે ૮-૦૦ વાગે મંદિરે આવી પહોંચ્યા.

સવારે આફ્રિકાથી ત્યાગી થવા આવેલા યુવકોને હેતથી મળ્યા. બહુ રાજી થયા.

પ્રાતઃ વિધિથી પરવારી, નવી લિફ્ટમાં બેસી, યજ્ઞપુરુષ વ્યાખ્યાનગૃહમાં પધાર્યા. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમક્ષ પૂજા વિધિ કરી. ઉજાગરો, થાક, ઉપવાસ બધું જ હોવા છતાં સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર આનંદ વિલસી રહ્યો હતો. પૂજામાં કે.કે. દવેએ ૧૦૮ દીવાની આરતી ઉતારી. સ્વામીશ્રીએ પૂછ્યું : ‘ચાંદીની છે ?’

‘ના, બાપા ! જર્મન સિલ્વરની.’

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'ઠાકોરજીની આરતી ઉતારી તેથી ચાંદીની જ ગણાય.'

અગાઉ તા. ૨૪-૬-'૭૦ના દેશમાં પધારવાના હતા તે નિમિત્તે મુંબઈ અને ગુજરાતનાં અગ્રગણ્ય (લગભગ નવ જેટલાં) ગુજરાતી તથા અંગ્રેજી દૈનિકોમાં ખાસ પૂર્તિઓ પ્રગટ કરવામાં આવી હતી. તે પ્રસાદીની કરી. ગામોગામથી હરિભક્તોનાં મંડળો આવ્યાં હતાં તે સૌને મળ્યાં.

લગભગ ૯-૫૦ વાગે પારણાં કરવા નીચે પધાર્યા. ૮૦ વરસની ઉંમરે કરેલો આ ઉપવાસ બરાબર ૨૬ કલાકે સમાપ્ત કર્યો !

અતિશય થાકને કારણે ૧૦-૧૫ વાગે ફરી આરામમાં પધાર્યા.

સાંજે ૫-૧૫ વાગે મંદિરના ઉપરના હૉલમાં પધાર્યા. સ્વામીશ્રી પરદેશ પધાર્યા પહેલાં સભામાં વાતો નહોતા કરતા તથા લગભગ એકાંતવાસમાં જ રહેતા. એ બધી લીલા સંકેલાઈ ગઈ હતી. સભામાં વાતોનો વરસાદ વરસાવતા જોઈ, અતિ મોકળા મને હસતા-હસાવતા જોઈ, સુંદર તંદુરસ્તી જોઈ, હરિભક્તોના આનંદનો પાર નહોતો.

દેશમાંથી તા. ૫-૨-'૭૦ના રોજ સ્વામીશ્રી નૈરોબી જવા નીકળ્યા ત્યારે એમનું વજન ૧૨૩ પાઉન્ડ હતું. વિદેશથી પાછા ફરતાં અત્યારે ૧૩૩ પાઉન્ડ હતું. પ્રસન્નતામાં મુખારવિંદ ઉપર લાલિમા ધસી આવતી હતી. સ્વામીશ્રી વિદેશયાત્રાની વિશિષ્ટ વિગતો હરિભક્તોને આપી રહ્યા હતા.

પ્રકાશ લઈને જઈએ તો સમાસ થાય

એ પછી ઘણી સભાઓમાં સ્વામીશ્રી આ વાત વારંવાર કરતા :

'આફ્રિકા કે લંડન ગમે તેવા દૂર દેશાવરમાં જઈએ પણ શ્રીજીમહારાજ જ કાર્ય કરે છે. ગાડા નીચે કૂતરું હાલ્યું જતું હોય ને જાણે જે, 'મેં ગાડું તાણ્યું,' પણ રહેવા દે, બળદ તાણે છે.

'કાર્યના કર્તા મહારાજ ને સ્વામી છે. એ સત્સંગ વધારે છે. તેનો પ્રકાશ લઈને જઈએ તો સમાસ થાય, એને મૂકીને જઈએ તો કોઈ કામ ન થાય.'

ધર્મ-દિગ્વિજય કરી, વિદેશથી પાંચ-પાંચ મહિના પછી પાછા ફરેલા સ્વામીશ્રીનાં સ્વાસ્થ્યપૂર્ણ દર્શન માટે સમગ્ર દેશમાંથી હરિભક્તોનો ધસારો ઘણો હતો. અને સ્વામીશ્રીનાં દર્શન ને આશીર્વાદથી સૌ તૃપ્ત થઈ જતાં હતાં. વાત્સલ્યપૂર્ણ સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિની એક ઝલક - આશીર્વાદનો સ્પર્શમાત્ર,

હરિભક્તોને પૂર્ણકામ કરી દેતા હતા.

બીજે દિવસે સાંજે ૫-૧૫ વાગે અક્ષર ભવનમાં યજ્ઞપુરુષ વ્યાખ્યાન મંદિરમાં સભાને સંબોધતાં સ્વામીશ્રીએ ઇંગ્લૅન્ડની યાત્રાનો અતિ સંક્ષિપ્ત હેવાલ આપતા જણાવ્યું :

'મહારાજ જૉન માલ્કમને ધામમાં લઈ જવા દિવ્ય દેહે લંડનમાં પધારેલા તે ખાતર અમે ત્યાં ગયા ને મંદિર બાંધ્યું ને બધા ભક્તિભાવવાળા થયા. ૧૨-૦૦ વાગ્યા સુધી બધા બેસે.

'સૂર્યનારાયણ રાતના ૧૦-૩૦ સુધી ખસે નહીં. સૂર્યનારાયણ વયા જાય પછી નાસ્તો કરીએ. સવારે ૩-૩૦ વાગે પાછા ઊગી જાય. ચાર કલાક જ સૂવાનું મળે.

'અમે સૂર્યનારાયણને કહી દીધેલું : 'જાગ્રત રહેજો.' પવનને કહેલું 'અમારા ગયા પછી ફૂંકાજો.' પવન અને વાદળાંને 'મારો ધોકો' એમ કહીએ.

'એવો તાપ મહારાજે પાડ્યો કે યુરોપિયનો મરી ગયા. 'માળું ! આટલાં વરસથી આંહીં રહીએ છીએ પણ આ વખત તો ભારે થઈ.' બધા યુરોપિયનો દરિયે પડવા વહ્યા જાય. પછી તો અમારે રહેવાનું વધુ થયું ને ઇન્દ્ર મૂંઝાયા. અમે કહ્યું : 'તારું અહીં કામ નથી. દેશમાં જા. અમે ધોકો મારીએ ને ભગવાનને કહીએ. ભગવાનની ઇચ્છા ને માળું ભાગીયે જાય !

'ગરમી બહુ પડે ને મને સદે.

'અક્ષરપુરુષોત્તમ ને શાસ્ત્રીજી મહારાજ લંડનમાં બેસી ગયા. સંસ્કાર બધાને લાગ્યા. આપણે બધે ગામ ફર્યા. તે તે જીવો એક-બે જન્મે ભરતખડમા જન્મ લેશે.

'થેમ્સમાં સમૈયો કર્યો. ઠાકોરજી જમાડ્યા. ત્યાં ઝાડ નીચે બેઠા ને યુવકોને કહ્યું : 'લખો કે અહીં સાધુ બેઠા હતા.' યુરોપિયન દર્શન કરશે તેનું કલ્યાણ થશે. એવું પ્રસાદીનું ઝાડ થયું.

'ઉપાસના ચોખ્ખી જોઈએ. કાચ ફૂટે કરીને કોઈ પ્રતિષ્ઠા થાય છે ? પણ ભગવાન ભક્તના મનોરથ પૂરા કરે. ભગવાન પુરુષોત્તમ નારાયણને લંડન બેસવું હશે તો આપણને લઈ ગયા. લંડનની ભૂમિ પવિત્ર કરવી હોય તો ગયા.'

મુંબઈ મંદિરમાં સ્વામીશ્રીને ઊતરવાનો ઓરડો જરા મોટો કર્યો હતો. તેથી ઘણા સંતો-હરિભક્તોની અંદર અવરજવર રહેતી. ગરબડ પણ વધી જતી. સ્વામીશ્રી કહે : 'મેં ના પાડી હતી કે રૂમ મોટો ન કરશો, છતાં કર્યો. ઓલો

નાનો સારો હતો.'

'બાપા ! હવા ચોખ્ખી મળે ને !' મેં કહ્યું.

'એંશી વરસ કાઢી નાખ્યાં, હવા વગર. ચોખ્ખી હવાનું શું કામ છે ?' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું.

એંશી વરસ સુધી તેમણે પોતાના દેહની લેશમાત્ર પરવા કરી નથી. ઊલટું, કષ્ટ જ સહન કર્યું છે. તેમને આવી થોડી ઘણી સવલતો પણ કેવી અકારી લાગે છે તે આવા પ્રસંગોએ કળાઈ આવે.

તા. ૯મીએ સવારે અક્ષર ભવનના ઉપરના હૉલમાં, શાસ્ત્રીજી મહારાજની પ્રતિમા સમક્ષ, નવી પાટ ઉપર બિરાજી પ્રાતઃપૂજા કરી રહ્યા હતા. સંતો કીર્તનો ગાતા હતા. એકાએક સ્વામીશ્રીએ માઇક માગ્યું, પછી બધાને સંબોધતાં કહે :

'આફ્રિકા, લંડનમાં ડંકો વાગ્યો. હવે દેશમાં છેલ્લે છેલ્લે ફરી લેવું છે. મારી આંખે મોતિયો આવે છે. સારંગપુર જ્યારે જઉં ત્યારે સંતસ્વામી તથા પ્રમુખસ્વામી ધર્મકુળના સિંહાસનનું પૂછે છે. હવે વજુભાઈ શેઠ અને મુંબઈ મંડળે શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂરો કર્યો છે. સિંહાસન તૈયાર થયું છે, તો આરતી ઉતારવી છે. મુંબઈ મંડળ સૌએ સારંગપુર સમૈયામાં આવવું.'

સવારે પૂજામાં ઊભા થઈ માળા ફેરવી સ્વામીશ્રી કહે : 'પૂજામાં પ્રદક્ષિણા ને દંડવત્ કરવા છે. ઈ કરીએ તો જ પૂજા પૂરી થઈ ગણાય. અમે હવે તો સાજા થઈ ગયા છીએ.'

વળતી સવારે ૫-૦૦ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે : 'આફ્રિકા ને લંડનમાં શરીર ખૂબ સારું રહ્યું. ત્યાં ઊંઘ ઊડે જ નહિ. અહીં તો ૪-૩૦ વાગ્યાની ઊંઘ ઊડી જાય છે.'

'બાપા ! ફરી જાવું છે ?'

'મંદિર થાય તો જઈએ. આફ્રિકા દાખડો કર્યો, તો ૧૮ જણને સાધુ કરવા લાવ્યા. મેં રાત-દી' વાતું કરી. તમારે બધાએ તેમને સાચવવા. અત્યારે મારો દેહ પરવશ થઈ ગયો. ઈશ્વર સ્વામીને લીધે હું નભ્યો. તે સર્વદેશી પુરુષ. જૂનાગઢમાં કોઈ પરવશ નહીં. ૮૦-૯૦ વરસના ડોહા હોય તોય હાલ્યા જતા હોય.'

ભગતને લૉટરી લાગે નહિ

તા. ૧૧મીએ બપોરે ૧-૦૦ વાગે કથામાં સ્વામીશ્રીએ પોતાનો મત જણાવતાં કહ્યું : 'સત્સંગીને લૉટરી લાગવાની જ નથી તે સાંભળી લ્યો.

લગાડશો નહીં. નહીં જ લાગે. વડતાલ કે અમદાવાદવાળા કોઈને પૂછો. કોઈને ન લાગે. સ્વામિનારાયણના ભગતને લૉટરીમાંથી પૈસા ન મળે.

'મહારાજ કહે છે : 'મારા વિના તમે ક્યાં ઠગવા ગયા ? મને પાંચ રૂપિયા નાખો ને ! ધરમાદો કરો ને ! કદાપિ લૉટરી લાગી અને પૈસા આવ્યા તોય શું ? એ જતું જ રહે. એ પૈસો રહે નહીં. નીતિનો પૈસો ન જાય. લૉટરીમાં કોઈ લાખોપતિ ન થાય. સટ્ટા, જુગારમાંય કોઈ લાખોપતિ ન થાય.'

હવે અમારું કામ પ્રમુખસ્વામી કરશે

અહીં એક વખત સ્વામીશ્રી મહંત સ્વામીને કહે : 'અમે આટલા બધા સાધુ બનાવ્યા પણ ભાદરા મંદિર માટે અમને કોઈ બે સાધુ આપતું નથી.'

પોતે તો સૌના ધણી હતા, પોતાને કોઈને પૂછવાનું ન હતું, પણ એમની રીત જ ન્યારી હતી. કંઈક હેત કરવા, કંઈક સ્મૃતિ આપવા, કંઈક વ્યવહાર શીખવવા સ્વામીશ્રી નાનામાં નાનું કાર્ય પણ પાંચ જણને પૂછીને જ કરતા. સ્થાનિક માટેરા સંતની રાજીખુશીથી જ કોઈ સંતની હેરફેર કરતા. પોતે સર્વના પ્રીતિપાત્ર હોવા છતાં દરેક પ્રસંગે, દરેકનો વિશ્વાસ સંપાદન કરવાની એમની એક વિશેષતા હતી.

મહંત સ્વામીએ રસોડામાં સેવા કરતા જ્ઞાનપ્રસાદ સ્વામી તથા ઘનશ્યામ-પ્રસાદ સ્વામીને વાત કરી. બન્ને ઘણા ખુશી થયા. પછી સ્વામીશ્રીને જણાવ્યું. થોડો સમય સાથે ફેરવી સ્વામીશ્રીએ બન્ને સંતોને ભાદરા મૂક્યા અને કહ્યું : 'તમારા બન્નેની હું જોડ બાંધું છું.'

મૂળ શિયાનગરના જીવરાજભાઈ લાખાણી મુમુક્ષુ ને વિચક્ષણ હતા. સ્વામીશ્રીએ તેમને દીક્ષા આપી અને સાધુ જ્ઞાનપ્રસાદદાસ નામ ધારણ કરાવ્યું ત્યારે કહેલું કે 'તમને છ માસમાં શ્રીજીમહારાજનું દર્શન કરાવીશું.' પછી સમાગમથી સમજણ થતાં તેમણે અનુભવ્યું કે 'સ્વામીશ્રીમાં સાક્ષાત્ શ્રીજી-મહારાજ બિરાજે છે.'

સ્વામીશ્રીએ તેમને કહેલું : 'ભાદરાની મૂર્તિઓ બહુ સુંદર છે, ત્યાં બધું જ પૂરું થયું છે. શણગાર બાકી છે તે તમે કરાવી લેજો. હવે અમારું કામ પ્રમુખ-સ્વામી કરશે.'[૧૮]

---

૧૮. એ પછી ભાદરામાં તેમણે યાત્રાળુ હરિભક્તોને સારી સેવા-સરભરાથી રાજી કરી, હરિભક્તોનો પ્રેમ સંપાદન કર્યો હતો. તેમના સાધુતાના ગુણોથી સ્થાનિક ➤

બપોરની કથામાં જનકભાઈ દવે સ્વામીશ્રીને કહે 'બાપા ! સિંગાપોરમાં સૌ પ્રથમ એશિયન સ્કૂલ્સ ટેબલ ટેનિસની ટુર્નામેન્ટ રમાશે. તેમાં મહારાષ્ટ્રમાંથી ફક્ત ચાર કિશોરો પસંદ થયા છે. તેમાં મારો ભાઈ નિરન્ન દવે પણ પસંદ થયો છે.'

'એમ !' સ્વામીશ્રીએ પ્રેમથી રાજીપો વ્યક્ત કર્યો.

'હા, બાપા ! આજે જ 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' છાપામાં આવ્યું છે.'

'વાંચો જોઈ !' સ્વામીશ્રીની આજ્ઞા થતાં તે સમાચાર અંગ્રેજીમાં વંચાયા. સ્વામીશ્રી એકકાન થઈ સાંભળી રહ્યા. જાણે બધું સમજતા ન હોય !

કોઈએ કહ્યું : 'બાપા ! નિરન્નનું નામ છાપામાં આવી ગયું.'

'અમારુંય આવે છે !' સ્વામીશ્રીએ ઠાવકાઈથી કહ્યું. પછી નિરન્નને બોલાવી આશીર્વાદ આપ્યા : 'જાવ, જીત થશે.'

આ પછી કલકત્તામાં ટુર્નામેન્ટનું આયોજન થયું. જેમાં કલકત્તાનો કિશોર પ્રથમ રાઉન્ડમાં પણ નિરન્નને જીતી ગયો. બીજા રાઉન્ડમાં પણ નિરન્ન હારવાની અણી પર હતો ને તેને સ્વામીશ્રી સાંભરી આવ્યા. રમતનો ઉત્સાહ વધી ગયો અને હારની બાજી જીતમાં પલટાઈ ગઈ. પરિણામે સમગ્ર ભારતમાં તેઓએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. અને સિંગાપોર ખાતે પણ તૃતીય સ્થાને વિજેતા બની શિલ્ડ પ્રાપ્ત કર્યું.[૧૯]

હવે પ્રમુખસ્વામીના જોગમાં રહેજો

સ્વામીશ્રી વિદેશ હતા તે દરમ્યાન મુંબઈના શંકરલાલ પંડ્યાના પુત્ર મનોજ એકાએક બહુ બીમાર થઈ ગયા હતા. ડૉક્ટરોએ પણ તેના જીવવાની આશા છોડી દીધી હતી. ડૉ. શેઠે તો કહેલું કે હવે તો ફક્ત ભગવાન જ બચાવી શકે તેવી સ્થિતિ છે ! શંકરલાલ અને કુટુંબીઓએ મૂંઝાઈને તે વાત સંતોને કરી. તેમણે આપેલી ધીરજ અને હિંમત રાખી મનોજનાં માતા અને પિતા બન્નેએ સ્વામીશ્રીની સ્મૃતિ કરી, ધૂન-પ્રાર્થના ચાલુ કરી હતી. સંતોએ આપેલું ઠાકોરજીનું પ્રસાદીનું પાણી પાતાં જ થોડા દિવસોમાં મનોજ એકદમ સાજો-સારો

ભક્તોમાં પણ સૌના પ્રેમપાત્ર બન્યા હતા. ભાદરા મંદિરનો ખૂબ વિકાસ થયો. એ પછી અવસ્થાને લીધે ગોંડલમાં બાલમુકુંદ સ્વામી નિવૃત્ત થયા. તેમની જગ્યાએ પ્રમુખસ્વામીએ તેમની કોઠારી તરીકે નિમણૂક કરી.

૧૯. હાલ, સાધુ આનંદસ્વરૂપદાસ.

થઈ ગયો.[૨૦]

શંકરભાઈએ ગદ્‌ગદ થતાં સ્વામીશ્રીને મનોજની બીમારીની વાત કરી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'આ તો અમે તેનું કાંડું પકડી રાખ્યું છે તેથી સારું થઈ ગયું છે. હવે તમે ચિંતા કરશો નહીં. હું તો આ હાલ્યો અને હવે પ્રમુખસ્વામીના જોગમા રહેજો.'

આ સાંભળી શંકરલાલ પંડ્યાએ કહ્યું : 'બાપા ! પ્રમુખસ્વામી ક્યાં વિચરે છે તે ક્યાંથી ખબર પડે ? હું તો નાનો નોકરિયાત માણસ છું, તેથી જરૂર પડ્યે એમને કેવી રીતે મળી શકું ?'

સ્વામીશ્રીએ તરત કહ્યું : 'એ ફિકર કરશો નહીં. દાદર મંદિરમાં સંતોને પૂછી લેવું. મહારાજને પ્રાર્થના કરવી. હવે પ્રમુખસ્વામી જ તમને બોલાવશે.'

આ પરાવાણીનો ગૂઢાર્થ તેમને મોડેથી સમજાયો ![૨૧]

સવારે સ્વામીશ્રી ઉકાળા-પાણી કરી રહ્યા હતા. યોગેશ્વર સ્વામીએ સ્વામીશ્રીને એક પેંડો ધર્યો અને બાજુમાં દર્શન કરતા પ્રેમપ્રકાશ સ્વામીને નિર્દેશી કહ્યું : 'બાપા ! આ પેંડો પ્રેમપ્રકાશ સ્વામીને આપો. એમના ગામનો - સાંગાવદરનો પેંડો છે !'

સ્વામીશ્રી આ સાંભળતાં જ કોચવાઈ ગયા. હાથમાં લીધેલો પેંડો પાછો મૂકી દીધો. ને કહે : 'સાધુને પોતાના ગામનો પેંડો ન ખવાય !'

ત્યાગાશ્રમના નિયમની આ દૃઢતા સૌ ચકિત થઈને સાંભળી રહ્યા.

તા. ૧૪મીએ બપોરે ૧-૩૦ વાગે કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'છાપાંવાળાએ લખ્યું કે લંડનમાં સાધુએ આંખે પાટા બાંધ્યા હતા. શ્રીજી-મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તીએ, તો આંખે પાટા બાંધેલા જ છે.'

વળી કહે : 'ગુરુમાં દિવ્યભાવ-નિર્દોષભાવ રાખવો એ ગુરુપૂનમ. 'ભગવાન ને સંત સુખદાયી છે' – એમ રાત-દી' વાંચીએ છીએ, પણ મનાય છે ? મનાયા હોય તો ટૂક ટૂક થઈ જવાય.'

---

૨૦. પાછળથી એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કરી પ્રમુખસ્વામીને પ્રસન્ન કરવા મનોજભાઈ ત્યાગી દીક્ષા લઈ સાધુ યોગેન્દ્રદાસ બન્યા.

૨૧. આ પછી સ્વામીશ્રીએ ગોંડલમાં અંતિમ બીમારી ગ્રહણ કરી અને પછી મુંબઈમાં સ્વધામ પધાર્યા એટલે શંકરલાલ પંડ્યાને સ્વામીશ્રીની મુલાકાત થઈ શકી નહીં. પરંતુ પોતાના સાક્ષાત્ સ્વરૂપ એવા પ્રમુખસ્વામી મહારાજને તેઓ ઓળખાવતા ગયા, એ કેવી અનહદ કૃપા !

મુંબઈમાં ભવ્ય જાહેર સન્માન

રાત્રે ૮-૦૦ થી ૧૦-૪૫, મુંબઈના વિખ્યાત અને વિશાળ હૉલ 'ષણ્મુખાનંદ'માં જાહેર સ્વાગત સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં સ્વામી ચિન્મયાનંદજી મુખ્ય મહેમાન હતા અને મહારાષ્ટ્રના ખેતીવાડી પ્રધાન પી.કે. સાવંત સભાપતિ હતા.

ચિન્મયાનંદ સ્વામીની નાદુરસ્ત તબિયત હોવા છતાં પોતે સ્વામીશ્રીને ખાસ સન્માનવા આવ્યા હતા. કારણ, ૮૦ વર્ષની વૃદ્ધાવસ્થાએ પણ ધર્મ-પ્રસારણને માટે વિદેશ પહોંચેલા સ્વામીશ્રીને જોઈને તેમનું હૈયું ગદ્‌ગદિત થઈ ગયું હતું. તેમણે પ્રવચનમાં કહ્યું :

'ત્રણ મહિનાથી હું દવાખાનામાં ડૉક્ટરોના તાબામાં છુ. તેમણે બોલવાની છૂટ નથી આપી. પણ આ પ્રસંગ એવો છે કે બોલ્યા વિના રહેવાય નહીં. સ્વામીશ્રીનાં દર્શનથી ઘણો જ આનદ થયો છે.

'સ્વામીશ્રી યોગીજી મહારાજ ૮૦ વર્ષની ઉંમરે આફ્રિકા-યુરોપનો પ્રવાસ ખેડી, ચર્ચમાં મંદિર કરી, ભારત પધારતા હોય, આટલો મોટો ભક્તસમુદાય તેમને આવકારવા એકત્ર થયો હોય, તો બોલ્યા વિના કેમ ચાલે ?

'આજે હિન્દુત્વ મરી રહ્યું છે, તે યુગમાં સ્વામીજીએ યુરોપમાં હિન્દુત્વનો પ્રસાર કર્યો ! સ્વામી વિવેકાનંદ પછી હિન્દુત્વ વિદેશમાં પણ પ્રસર્યું છે. અંગ્રેજો 'હરે રામા, હરે કૃષ્ણ'ની ધૂન લગાવે છે. સ્વામીશ્રીએ ૮૦ વર્ષની વૃદ્ધ ઉંમરે હિન્દુત્વને જાગ્રત કર્યું છે. આ વૃદ્ધ મહાપુરુષ હિન્દુત્વ માટે દરિયો ઓળંગીને ઠેઠ લંડન પહોંચ્યા. ને આપણે તે ધર્મ પ્રત્યે બેદરકાર છીએ, તે સાચે જ શરમ-જનક છે. એમણે ચર્ચમાં મંદિર સર્જીને ખરેખર મહાન કાર્ય કર્યું છે. તેમને મારા અનેક પ્રણામ.'

તેમનાં સત્કાર-વાક્યોને સૌએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધાં.

સભાપ્રમુખ સાવંતે જણાવ્યું કે 'સ્વામીશ્રીમાં મેં સાદાઈ અને નિર્વ્યાજ પ્રેમ જોયો. તેઓ સદાય પ્રેમનો સંદેશો વર્તન અને વાણી દ્વારા આપતા આવ્યા છે, એવું લાગ્યા કરે છે. સ્વામીશ્રી હિંદુ સંસ્કૃતિના અવતાર સમા છે.'

અહીં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે 'હિંદુ ધર્મ એટલે પરોપકાર.' આવો વિશિષ્ટ અર્થ કર્યો હતો.

વજ્રાદપિ કઠોરાણિ

બીજે દિવસે નિયમની એકાદશી હતી. સ્વામીશ્રીએ નાના-મોટા સૌને નિર્જળા ઉપવાસ આપ્યો હતો. આંખના ડૉક્ટર શ્રી દવેના બન્ને દીકરાઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. આગલા દિવસે તેઓ આવેલા ત્યારે સ્વામીશ્રીએ તેમને ઉપવાસ કરવાની આજ્ઞા કરેલી. આજે તેમના દાદા સાથે હતા. તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! આ છોકરાઓને આજે પરીક્ષા છે, તો પાણી અગર દૂધ પીએ તો કેમ ?'

સ્વામીશ્રીએ સાફ ના પાડી. તેમણે બે-ત્રણ વાર પૂછી જોયું, પણ દરેક વખતે સ્વામીશ્રીએ ના જ પાડી અને કહ્યું : 'પાસ થઈ જશો. માંડ હડફેટમાં આવ્યા છો.' એમ કહી આશીર્વાદના થાપા આપી, બન્ને છોકરાઓને નિર્જળા ઉપવાસ ચાલુ રખાવ્યો. આ બન્ને કિશોરો સ્વામીશ્રીના બહુ પરિચયમાં નહોતા.

વજુભાઈ શેઠે પણ છોકરાઓ પાણી પીએ તે માટે સ્વામીશ્રીને અરજ કરી, પણ સ્વામીશ્રીએ જરાપણ નમતું ન આપ્યું. છેવટે જ્યારે તેમણે ફરી ફરીને પૂછ્યું, ત્યારે રાત્રે થોડું પાણી પીવાની સ્વામીશ્રીએ છૂટ આપી.

આફ્રિકાથી આવેલા સી.ટી. પટેલના પુત્ર હરિકૃષ્ણને આજે તાવ જેવું હતું. અશક્તિ હતી. સંતોએ તેના વતી સ્વામીશ્રીને વિનંતી કરી, પણ સ્વામીશ્રીએ ના જ પાડી. પાછળથી તેને થોડી સાબુદાણાની ખીર લેવાની રજા આપી.

કુસુમથી પણ અતિ કોમળ સ્વામીશ્રી વ્રત-ઉપવાસ કરવા-કરાવવામાં વજ્રથી પણ કઠણ થઈ જતા.

રવિવારે સવારે બાળ મંડળની સભામાં સ્વામીશ્રી પધાર્યા. બાળકોએ તૈયાર કરેલા 'યોગી અંક'નું ઉદ્‌ઘાટન કર્યું. પછી બાળકોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણે સિનેમા ન જોવી. બજારનું ન ખાવું. બોલો, સિનેમા કોણ જુએ છે ? આંગળી ઊંચી કરો.'

બાળકોએ નિર્દોષભાવે તુરત આંગળી ઊંચી કરી.

'સિનેમા ન જોવાય. કો' નહિ જોઈએ.'

બધા બાળકો તે પ્રમાણે સમૂહમાં બોલ્યા.

'બજારનું કોણ ખાય છે ? આંગળી ઊંચી કરો.'

તુરત નાની નાની ઘણી આંગળીઓ ઊંચી થઈ.

'બજારનું ન ખવાય. કો' નહિ ખાઈએ.'

બધા બાળકો તે પ્રમાણે સાથે બોલ્યા.

નિર્દોષતા સાથે સુહૃદયતાનું એક નૌતમ દૃશ્ય નિહાળતા ઊભેલા બીજા પણ નાના-મોટા સૌ હરિભક્તોનાં હૃદયમાં આ આદેશનો પડઘો પડ્યો.

એવું ન બોલાય !

સાંજે નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રી ઉકાળો લઈ રહ્યા હતા ત્યારે બોટાદના ભગા દોશીના કુટુંબના કેટલાક હરિભક્તો સ્વામીશ્રીને મળવા આવ્યા. સ્વામીશ્રી આફ્રિકા, લંડન વગેરે સ્થળોએ જઈ આવ્યા અને સત્સંગ પ્રચાર કર્યો, તે અંગે તેઓ આવતાંની સાથે જ સ્વામીશ્રીની પ્રશંસા કરવા લાગ્યા :

'બાપા ! આપે તો ભારે ડંકો માર્યો. મહારાજના વખતમાં પણ આપણો સત્સંગ ગુજરાતથી બહાર નથી ગયો, તે આપે લંડન સુધી ફેલાવ્યો.'

'શું બોલો છો ? એવું ન બોલાય !' સ્વામીશ્રીએ તેમને બોલતાં એકદમ રોક્યા, ને કહ્યું : 'શ્રીજીમહારાજની દૃષ્ટિથી આ બધો સત્સંગ વધે છે. આપણે કોણ ? ગાડા નીચે કૂતરું ચાલ્યું જાય ને પછી જાણે 'હું ગાડું હંકારું છું,' એમ ન થાય. મહારાજની દૃષ્ટિથી ડંકો વાગ્યો છે.'

પોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજની જ શક્તિનું પ્રધાનપણું આગળ કરતાં સ્વામીશ્રીના આ શબ્દોથી તે હરિભક્તો તથા ત્યાં બેઠેલા સૌ કોઈને 'સ્વામી-સેવકભાવ'નું સ્વામીશ્રીમાં યથાર્થ દર્શન થયું.

ધન કરતાં ધરમ વધે

તા. ૧૬મીએ મુંબઈથી સ્વામીશ્રી ગુજરાતમાં જઈ રહ્યા હતા. સવારે પૂજામાં સંતો કીર્તન ગાતા હતા. સ્વામીશ્રી કહે :

'રાખો, લ્યો, વાત કરવી છે. ગાણું, વહાણું ને દૂઝાણું વહ્યું જાય, પણ વાત કરી તે ન જાય.

'આફ્રિકા અને લંડનને રાજી કર્યાં. તમને રાજી કર્યાં. હવે દેશના ગામને રાજી કરીશું.

'હવે લંડન બોર્ડિંગ હાઉસ થઈ જાય તો ચાર્ટર્ડ પ્લેન કરીને લંડન જાવું છે. બીજા પ્લેનમાં બૈરાં ભેગું બેસવું નથી.

'ધન કરતાં ધરમ વધે. ધન ભલે જાય પણ ધરમ ન જાય. શ્રીજીમહારાજ

અને અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજનો આ સિદ્ધાંત હતો તે પ્રમાણે કરવું.'

વડોદરામાં ભવ્ય સ્વાગત

સ્વામીશ્રી તા. ૧૬-૭-'૭૦ના મુંબઈથી વિદાય લઈ, ટ્રેનમાં વડોદરા જવા નીકળ્યા રસ્તામાં દહાણુ, વલસાડ અને સુરત સ્ટેશનો ઉપર સેંકડો હરિભક્તો દર્શને આવ્યા હતા.

વડોદરા સ્ટેશને ખાસ પ્રયાસથી ટ્રેન પ્લેટફૉર્મ નંબર એક ઉપર ઊભી રાખવામાં આવી હતી. ૨૫ વર્ષ પહેલાં ગાયકવાડ સરકાર માટે આવી રીતે પ્લેટફૉર્મ નંબર એક ઉપર ટ્રેન ઊભી રહેલી. હરિભક્તો તેમજ ભાવિકોનો ધસારો અકલ્પનીય હતો. જો બીજા પ્લૅટફૉર્મ ઉપર ટ્રેન આવી હોત, તો ભારે અવ્યવસ્થા ઊભી થઈ જાત.

સ્ટેશન ઉપર પોલીસ અને સ્વયંસેવકોની સારી વ્યવસ્થા હતી. અહીં સોફા ઉપર સ્વામીશ્રીને પધરાવી, વડોદરાના મેયર ડૉ. ઠાકોરભાઈ વગેરેએ હારતોરાથી સ્વાગત કર્યું. બૅન્ડ-વાજાંથી સન્માન થયું.

સ્વામીશ્રીને ખુલ્લી મોટરમાં ન્યાયમંદિર લાવ્યા. રસ્તામાં પણ ઠેર ઠેર દર્શનાર્થીઓનાં ટોળેટોળાં એકત્રિત થયાં હતાં. સ્વાગત કરતાં સૂત્રોનાં બેનર્સ લટકાવ્યાં હતાં અને કમાનો બાંધી હતી.

'લોકસત્તા', 'લોકમિત્ર' અને 'સંદેશ' આ ત્રણેય દૈનિક સમાચારપત્રોએ પૂર્તિઓ પ્રગટ કરી હતી, તેથી સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને વડોદરા જિલ્લામાં ખૂબ જ પ્રચાર થયો હતો.

ન્યાયમંદિરમાં વિશાળ મંચ બનાવી તે ઉપર ઠાકોરજીનું સુંદર સિંહાસન ગોઠવ્યું હતું. બાજુમાં સ્વામીશ્રી અને સંતોનાં આસન રાખ્યાં હતાં. ડાબી બાજુ સભાના પ્રમુખશ્રી વગેરેનું આસન ગોઠવ્યું હતું.

મણિભાઈ સલાડવાળાએ સ્વાગત પ્રવચન કર્યું. ડૉક્ટર સ્વામીએ પૂર્વ આફ્રિકા અને યુરોપની ધર્મયાત્રાનો ટૂંકો હેવાલ આપ્યો.

અતિથિ વિશેષ પદેથી શાંતિકુમાર રાજાએ પ્રવચન કરતાં કહ્યું હતું કે –

'સ્વામી વિવેકાનંદ પછી ભારતની બહાર હિંદુ ધર્મનો વિશાળ ભાવનાથી પ્રચાર કરનાર આ યોગીજી મહારાજ જ છે. તેઓ ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયના નથી, પણ સમગ્ર માનવજાતના સંત છે. તેમણે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કર્યો છે, તે સર્વોત્તમ વાત છે.'

એલેમ્બિકના ડાયરેક્ટર રમણભાઈ અમીને કહ્યું હતું કે 'સ્વામીશ્રીને ભગવાનમાં દૃઢ નિષ્ઠા છે. તેઓ આપણને પ્રેમ અને નિષ્ઠા આપે છે. આપણે તે માટેનું પાત્ર બનીને તેમને સાચા સ્વરૂપમાં ઓળખવા જોઈએ. સ્વામીશ્રીને મળતાં જ આપણને અત્યંત આનંદ ઊપજે છે.'

ગુજરાત રાજ્યના બાંધકામ ખાતાના પ્રધાન બાબુભાઈએ પ્રવચન કરતાં કહ્યું હતું : 'સ્વામિનારાયણ સંપ્રદાયમાં રહેલાં ઉમદા તત્ત્વોનો પરિચય યોગીજી મહારાજે વિદેશમાં કરાવીને ભારતીય સંસ્કૃતિનો જ્વલંત પડઘો પાડ્યો છે. તેમનું આકર્ષણ અજબ છે. એ ભારતીય સંસ્કૃતિના ખરેખરા પ્રતીક છે. એ આપણા એલચી છે. ૮૦ વર્ષની વયે પણ પરદેશનો પ્રવાસ ખેડી, આપણી સંસ્કૃતિ તથા આબરૂ વધારી છે.'

વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ મૂળજીભાઈ ભટ્ટે પણ સ્વામીશ્રીનાં જીવન અને કાર્યની પ્રશંસા કરી હતી.

સ્વાગત સભાના પ્રમુખ અને વડોદરા મ્યુનિસિપાલિટીના મેયર ડૉ. ઠાકોરભાઈએ સંબોધન કરતાં કહ્યું હતું કે 'સ્વામીશ્રીમાં નાના બાળક જેવી નિર્દોષતા છે, એમનો સ્વભાવ અને વર્તન નિરાભિમાની છે. એમનાં અંગેઅંગમાંથી પ્રેમનું ઝરણું વહે છે. આપણે બે જણ ઉપર હેત કરી શકતા નથી. અને બે જણ આપણા ઉપર હેત રાખતા નથી. જ્યારે સ્વામીશ્રી હજારો માણસો ઉપર હેત રાખે છે ને હજારો એમના ઉપર હેત રાખે છે. અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવાયો તે વખતનાં શિસ્ત અને વ્યવસ્થા મને યાદ આવે છે. આવી વિભૂતિ જ સમાજને પ્રગતિના પંથે દોરી, દેશનો ઉત્કર્ષ સાધી શકે છે.'

પ્રમુખસ્વામીએ જણાવ્યું હતું કે 'સ્વામીશ્રી પરદેશ પધાર્યા છતાં તેમની રહેણીકરણી, રીતભાત અને પહેરવેશમાં જરાપણ ફેર પડ્યો નથી. ભારતીય સંસ્કૃતિ અને ત્યાગીના સર્વ નિયમોને જરાપણ ગૌણ કર્યા સિવાય એમણે ધર્મનો પ્રચાર કર્યો છે. એ એમની વિશેષતા છે.'

કાલાબાધિત નિયમો

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે –

'અમારે સન્માન કરાવવું નહોતું. અમારે તો છાનામાના વડોદરામાં ગરી જવું હતું. પણ આ મણિભાઈએ આ બધું કર્યું, એમાં તમારાં (સભાનાં) દર્શન

થયા એ અમારા અહોભાગ્ય કહેવાય.

'આફ્રિકામાં લોકોએ દારૂ-માંસ છોડ્યાં અને જીવન સુધાર્યું. લંડનમાં - હિંદુ ધર્મ કેવો છે - તે જાણ્યું. લોકો સન્માર્ગે વળ્યા. પરદેશમાં લોકો શિસ્ત ખૂબ જાળવે. કોઈ પડાપડી ન કરે. આપણે પણ તેનો અહીં અમલ કરવો, તો દર્શન-કથાવાર્તાનું સુખ સારુ આવે.

'હવે જમાનો બદલાયો છે, તો જમાના પ્રમાણે પંચ વર્તમાનમાં ફેર પાડી શકાય' – એ ખોટું છે. એ તો આજે પણ મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું જ પડે. આજ્ઞા પાળે તો આશીર્વાદ ફળે. હવે જે જે આ ન્યાયમંદિરમાં બેસશે તેનું કલ્યાણ થઈ જશે.'

હૉલ ચિકાર ભરાઈ ગયો હતો. સેંકડો માણસો દરવાજા બહાર જાહેર રસ્તા ઉપર ને હૉલની ઉપર ગૅલેરીઓમાં ઊભા રહી દર્શન કરતા હતા. આ સ્વાગત સભાનું આયોજન મણિભાઈની પ્રેરણાથી લાલજીભાઈ ચૌહાણ, જાડેજા સાહેબ તથા રાયટર સાહેબ (D.I.G.) તથા વડોદરા સત્સંગ મંડળના અગ્રણી કાર્યકરોના સંપૂર્ણ સહકારથી થયું હતું.

ગાદી સ્થાનમાં સ્વાગત અને ગુરુપૂર્ણિમા

સ્વામીશ્રી તા. ૧૭મીએ સાંજે અટલાદરાથી બોચાસણ પધાર્યા ત્યારે મુખ્ય રસ્તા ઉપર બૅન્ડ-વાજાંથી સ્વાગત થયું. સ્વામીશ્રીને સુંદર રીતે શણગારેલી જીપકારમાં પધરાવી નગરયાત્રા કાઢી હતી. જાહેર રસ્તાથી મંદિર સુધીનો રસ્તો તોરણોથી શણગાર્યો હતો. મંદિરનું રંગકામ સંપૂર્ણ થઈ ગયેલ, એટલે મંદિર પણ ખૂબ જ શોભતું હતું. આખા મંદિરમાં રોશની કરી હતી. કેળ તથા શેરડીના સાંઠાના બે સુંદર દરવાજા બનાવ્યા હતા. ગામલોકો તથા ચરોતરના હરિભક્તોનો ઉત્સાહ અવર્ણનીય હતો.

અહીં ગુજરાતના હજારો હરિભક્તો દર્શને ઊમટ્યા હતા. સ્વાગતનો ઠાઠ ઘણો જ હતો. સૌનાં અંતરમાં પણ એવો જ ઉમળકો જાગ્યો હતો.

વયોવૃદ્ધ સંત ઘનશ્યામ સ્વામીએ સ્વામીશ્રીને સુંદર આસને પધરાવી, ખૂબ પ્રેમથી આરતી ઉતારી. ભક્તોએ ભાવથી વધાવી. સ્વામીશ્રીએ માનવ-મેદનીને આશીર્વાદ આપતાં સહજભાવે કહ્યું :

'આ આપણું સન્માન નથી, શાસ્ત્રીજી મહારાજનું, શ્રીજીમહારાજનું સન્માન છે. અક્ષરપુરુષોત્તમનું સન્માન છે. આપણું સન્માન હોય નહિ. આપણે

જાણીએ આપણું સન્માન, એમ ફુલાઈએ તો પડીએ; પણ આ તો સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમનું સન્માન છે. આપણે તો ઘરે આવ્યા, તેમાં આવું કંઈ કરવું જોઈએ નહિ.'

હંમેશાં નાનપને આવકારતા સ્વામીશ્રી મોટપના આવા પ્રસંગો પોતાના ઈષ્ટદેવ મહારાજના શિરે ઢોળી દેતા. એ જ એમની મોટપની ઓળખ હતી.

...તો અમારો આત્મા ઠરે

સન્માન સભા પૂરી થઈ, હજારો હરિભક્તોને દૃષ્ટિથી-સ્પર્શથી-અંતરથી મળીને સ્વામીશ્રી પોતાના ઉતારામાં પધાર્યા. તુરત પોતે જે મોટરોમાં આવેલા તેના ડ્રાઈવરોને યાદ કર્યા. તેમને બોલાવ્યા, મળ્યા, પ્રસાદી આપીને પૂછ્યું : 'જમ્યા ?'

'ઉતાવળ છે, જવું છે.'

'જમીને જ જવું પડશે. આડા સૂ'શું.' સ્વામીશ્રીએ આગ્રહ કરતાં કહ્યું : 'તમે જમીને જાવ તો અમારો આત્મા ઠરે. તમને સંભારણું રહે.' એમ ખૂબ આગ્રહ કરી, સ્વામીશ્રીએ ડ્રાઈવરોને જમાડીને જ મોકલ્યા. ડ્રાઈવરો સાથેનો સ્વામીશ્રીનો ભાવયુક્ત આ વાર્તાલાપ સાંભળીને ત્યાં ઊભેલા બીજા પણ સર્વે એમના સ્નેહપાશમાં ખેચાવા લાગ્યા.

બીજે દિવસે વહેલી સવારે ૫-૦૦ વાગે ગોંડલથી મથુરભાઈ તથા પોરબંદરના હેમેન્દ્રભાઈ ભગદેવ સ્વામીશ્રીનાં દર્શન કરવા આવી પહોંચ્યા હતા. યોગેશ્વર સ્વામીએ સ્વામીશ્રીને જરા વાત કરી કે તુરત સ્વામીશ્રી એકદમ પથારીમાં બેઠા થવા લાગ્યા. પોતાને માટે આટલો બધો શ્રમ લેતાં સ્વામીશ્રીને જોઈને તે હરિભક્તોએ કહ્યું : 'બાપા ! આપ સૂતાં સૂતાં વાત કરો.'

સ્વામીશ્રી કહે : 'તમે આખી રાત મુસાફરી કરી ને અમે તમારે માટે બેઠા ન થઈએ ? બેઠા થવું પડે.' એમ કહી સ્વામીશ્રી બેઠા થઈ ગયા અને તે હરિભક્તોને ખૂબ મળ્યા ને વાતચીત કરી. પોતાને માટે આવી દયા વરસાવતાં સ્વામીશ્રીને જોઈને તે હરિભક્તો ખૂબ ખૂબ ગળગળા થઈ ગયા.

આજે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ ખૂબ જ સારી રીતે ઊજવાયો.

ધૂન બાદ મેં *'આંખથી યોગીબાપાને મેં જોયા...'* એ કીર્તન ગાયું. મણિભાઈ ભટ્ટે ગુરુપૂજન ઉપર પ્રેરક પ્રવચન કર્યું.

સંતોએ તૈયાર કરેલ મોટો હાર પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો અને પુષ્પનો મુગટ ઠાકોરજીને પહેરાવી, સ્વામીશ્રીને અતિ આગ્રહપૂર્વક પહેરાવ્યો.

તા. ૧૯મીથી પારાયણનો પ્રારંભ થયો. સવારે 'વચનામૃત'ની કથા ડૉક્ટર સ્વામી અને સાંજે 'હરિલીલામૃત'ની કથા પુરાણી શ્વેતવૈકુંઠદાસ કરતા. આણંદ, નડિયાદ, કરમસદ, ભાદરણ અને ધર્મજ એ પાંચ ગામના હરિભક્તો તરફથી પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંતો દરરોજ ફૂલ, ફળફળાદિ, સૂકો મેવો વગેરેના જુદા જુદા હિંડોળા કરી સહુને દર્શનનો અલભ્ય લાભ આપતા. તા. ૨૩મીએ પૂર્ણાહુતિ થઈ.

ઘનશ્યામ સ્વામી, કોઠારી, અક્ષરપ્રિયદાસ, ભક્તિપ્રસાદદાસ વગેરે સંતો તથા નાથા ભગત વગેરે પાર્ષદો અને જી.કે. સ્વામી, ઈશ્વરભાઈ મસાલાવાળા, શનાભાઈ વગેરેના સંપૂર્ણ સહકારથી બોચાસણમાં આ ત્રણેય ઉત્સવો ખૂબ જ સારી રીતે ઊજવાયા.

તા. ૨૦મીએ સવારે ૫-૧૦ મિનિટે હું બાપાના ઓરડામાં ગયો, ત્યારે અવાજ સંભળાયો :

'ઈશ્વર સ્વામી આવ્યા ?'

'હા, બાપા !'

'દર્શન કર્યાં ઠાકોરજીનાં ?

'ના.'

'દર્શન કરીને આવવું. પાંચ આરતીનાં દર્શન કરવા જવું. જૂનાગઢમાં તો ચાતુર્માસની અંદર બધા સાધુઓ વહેલા સવારે ૪-૦૦ વાગે તૈયાર થઈ જાય ને પ્રદક્ષિણા સોથી દોઢસો કરી નાખે. ને પછી મંગળા આરતીમાં જાય. બધાય સંતોને પાંચેય આરતીનાં દર્શનના નિયમ. સવારે દર્શન કરીને જ આવવું.' સ્વામીશ્રીએ મંગળ પ્રભાતે, તાળીના થપકારા મારતાં મારતાં, પથારીમાં પોતે પોઢ્યા હતા ને ઉપદેશનાં મીઠાં વચનો કહ્યાં.

બોચાસણમાં નિત્યકર્મથી પરવારી, સ્વામીશ્રી શણગાર આરતીનાં દર્શન કરવા પધારતા. આગળના ભાગમાં ભીડ ઘણી હોય, તેથી સ્વામીશ્રી ગભારાની (ગર્ભદ્વાર) પાછળની સીડીએથી જ નીચે ઊતરી જાય. પછી નીચે આવીને ઠાકોરજીને દંડવત્ કરે.

આજે સનાતન સ્વામીએ કહ્યું : 'બાપા ! દંડવત્ નથી કરવા.'

'કરવા પડે.'

'પણ બાપા ! ડૉક્ટરે ના પાડી છે.'

'ડૉક્ટરે ના પાડી'તી ને આપણે આફ્રિકા જઈ આવ્યા. ડૉક્ટર તો ના પાડતા રહ્યા ને આપણે પરદેશ જઈ આવ્યા. કંઈ થયું નહિ.' એમ કહી સ્વામીશ્રીએ હસતાં હસતાં બે-ત્રણ દંડવત્ પ્રેમથી કર્યા. પછી નીચે રંગમંડપમાં પધાર્યા.

આશરા વગર સેવાનો અસ્વીકાર

રંગમંડપમાં પ્રવેશ કરતા હતા ત્યાં જ એક નાનો બાળક ઘનશ્યામ પટેલ હાર લઈને ઊભો હતો. તે સ્વામીશ્રીને હાર પહેરાવવા નજીક આવ્યો. તે લગભગ રોજ આ સમયે, આ જ જગ્યાએ સ્વામીશ્રીને હાર પહેરાવવા ઊભો રહેતો.

'રોજ હાર પહેરાવે છે.' એમ કહી નીચા નમી, સ્વામીશ્રીએ તેનો હાર કોટમાં અંગીકાર કર્યો. બાળકના આનંદનો પાર ન રહ્યો.

પણ એકાએક સ્વામીશ્રીએ પોતાનો હાથ એ બાળકના કંઠ ઉપર ફેરવ્યો. અને બોલ્યા :

'કંઠી છે ?'

'નથી.'

'લ્યો, તો કંઠી વગર તમારો હાર અમારે ન પહેરાય.' એમ કહી કંઠી મગાવી અને વર્તમાન ધરાવી તેને કંઠી પહેરાવી. મંદિરમાં સેવા કરવા સ્વામીશ્રીએ તેને આજ્ઞા કરી.

પછી રંગમંડપમાં પધાર્યા. પ્રસાદીની વસ્તુઓનાં ખૂબ નીરખી નીરખીને દર્શન કર્યાં. મૂળીના સંતો પધાર્યા હતા. તેમને બધી વસ્તુઓ બતાવવા લાગ્યા અને કહે :

'આ લીમલીથી લાવેલા. શાસ્ત્રીજી મહારાજ ત્યાં પધાર્યા હતા. હરિભગતને પૈસાની જરૂર હતી. શાસ્ત્રીજી મહારાજે સાતસો રૂપિયામાં લીધી. આજે દસ હજાર આપતાં પણ ન મળે. આ તો અમૂલ્ય. પહેલાં નાના પટારામાં બધું રાખેલું. પછી પ્રદર્શન કર્યું. આપણે અમદાવાદ-વડતાલમાં તો ઘણું બધું છે. અમે તો ગરીબ રહ્યા ને ! તે આટલું જ છે. પણ મહારાજની પ્રસાદી ક્યાંથી ? લાખો રૂપિયા આપતાં ન મળે. આ વાસણો, આ મહારાજના કાગળો... બધાં પ્રસાદીનાં...' એમ ઘણી વાતો કરી, સંતોને પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરાવ્યાં. એ પ્રસાદીની વસ્તુઓ નીરખતાં અને એનું વર્ણન કરતાં સ્વામીશ્રીની આંખો અને મુખ પાણીથી ભરાઈ જતાં હતાં. જાણે એ સ્થાવર વસ્તુઓમાં પણ પોતે

સાક્ષાત્ મહારાજને જ નિહાળી રહ્યા ન હોય !

લક્ષ્મણરેખાના પ્રબંધક

સવારે પારાયણ પ્રસંગ પછી આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે :

'વાસણામાં મંદિર કરવું છે.' બોરસદ-વાસણાના હરિભક્તો બેઠા હતા. તેમાં શંકરભાઈને મંદિર કરવા આજ્ઞા કરી. પછી કહે : 'લંડનમાં મંદિર થઈ ગયું. દિલ્હીમાં જમીન લેવાઈ ગઈ. કલકત્તામાં, ભાવનગરમાં જમીન લેવાઈ ગઈ. સુરતમાં જમીન લેવાઈ ગઈ. બધે ફૂલ નાખી દેવાં. એક વાર આપણે ફૂલ છાંટ્યાં પછી કોઈ અંદર ગરી શકે જ નહિ...'

સ્વામીશ્રી કોઈ અલૌકિક રંગમાં આ બધી વાતો કરી રહ્યા હતા. અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ગામોગામ મંદિર થઈ જાય, મોટાં મોટાં શહેરોમાં થઈ જાય, એ વાતનો એમનો ઇશક અહીં સહેજે જ જણાઈ આવતો હતો.

આ દિવસોમાં બામણગામના કેશાભાઈ છગનભાઈ પટેલ ભાનુભાઈને સાથે લઈને સ્વામીશ્રીના આશીર્વાદ માટે આવ્યા. કેશાભાઈ મૂળ વરતાલના સત્સંગી; પરંતુ તેમના પુત્ર શાંતિલાલને ચહેરા પર જ ગાંઠ નીકળી હતી, જે કોઈ ઉપાયો વડે મટી નહીં. તેથી સ્વામીશ્રીના આશીર્વાદ લેવા અહીં આવી પહોંચ્યા હતા.

સ્વામીશ્રી સૌને જોઈ ખૂબ જ રાજી થયા. ખબર પૂછ્યાં ત્યારે કેશાભાઈએ પુત્રની ગાંઠ બાબત જણાવ્યું. સ્વામીશ્રી કહે : 'જાવ, મટી જશે, ચિંતા કરશો નહીં.'

આ આશીર્વાદ પછી પંદર જ દિવસમાં ગાંઠ આપમેળે જ બેસી ગઈ. શાંતિભાઈને અત્યંત આશ્ચર્ય અને આદર થયા. તેમને પહેલેથી જ સ્વામીશ્રી સાથે હેત તો હતું જ, પરંતુ હવે તેમાં નિષ્ઠા ભળી, અને હૃદયમાં સ્વામીશ્રીના સહવાસની ઝંખના રહેવા લાગી. જેમાંથી સંસાર છોડી સાધુ થવાની લગની લાગી.[૨૨]

જ્યાં આદરમાન સદાય તિરસ્કૃત રહે છે

બોચાસણ મંદિરમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારથી પારાયણ પર્વ ચાલતું હતું. સંતોએ એક સુંદર હિંડોળો સભામંડપમાં તૈયાર કર્યો હતો. સ્વામીશ્રીને બેસવાનું

૨૨. સ્વામીશ્રીના અક્ષરધામગમન બાદ તેમને પ્રમુખસ્વામી મહારાજે દીક્ષા આપી, 'સત્સંગિજીવન સ્વામી' નામાભિધાન કર્યું. હાલ તેઓ અમદાવાદ મંદિરમાં કોઠારી તરીકે જવાબદારી સંભાળે છે.

આસન જે કાયમ સભામંડપમાં ગોઠવેલું તે ઉઠાવી લીધું હતું.

તા. ૨૧મીએ બપોરે આરામ કરી સ્વામીશ્રી સભામાં પધાર્યા, હિંડોળો જોયો. સંતોએ તથા હરિભક્તોએ સ્વામીશ્રીને હિંડોળા પર બિરાજવા વિનંતી કરી, પણ સ્વામીશ્રી આનાકાની કરવા લાગ્યા. પોતાનું આસન ગોતવા લાગ્યા, પણ ક્યાંય દેખાયું નહિ તેથી સ્તબ્ધ બનીને ઊભા રહ્યા.

જ્યારે બધાએ બહુ આગ્રહ કર્યો, ત્યારે પ્રસાદીની હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ મગાવી પ્રથમ પધરાવી. પછી થોડી વાર માટે હિંડોળે બેઠા, પણ એમના મુખારવિંદ ઉપર નામરજી સૌને દેખાઈ આવતી હતી. હંમેશની એમની પ્રફુલ્લિતતા મુખારવિંદ ઉપરથી વિખરાઈ ગઈ હતી. પારાયણના યજમાન હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીના કંઠમાં ગુલાબનો હાર ધરાવ્યો. ધર્મજના પ્રેમી-હરિભક્તોએ આરતી ઉતારી.

આરતીનો છેલ્લો આંટો પૂરો થયો - ન થયો ને સ્વામીશ્રી હિંડોળા ઉપરથી પોતાની મેળે જ નીચે ઊતરવા લાગ્યા. છતાં ફોટા પાડવા માટે સૌએ એમને થોડી વાર માટે પરાણે બેસાડી રાખ્યા. પછી તરત નીચે ઊતરવા લાગ્યા. પોતાને હંમેશની બેસવાની પાટ મગાવી, પણ કોઈ લાવ્યું નહિ. તેથી પોતે બાજુમાં પડેલા સોફા ઉપર બિરાજ્યા. હિંડોળામાં બેસાડવા બધાએ આગ્રહ ઘણો કર્યો.

'તમારે ક્યાં બેસવું છે, શાસ્ત્રીજી મહારાજને બેસાડવા છે ને !' ગોપીનાથ સ્વામી બોલ્યા.

'રાખો, રાખો, તમારું જ્ઞાન તમારી પાસે રાખો.' સ્વામીશ્રીએ જરા અકળાઈને કહ્યું.

પ્રમુખસ્વામીએ પણ જરા આગ્રહ કરી જોયો. ત્યારે સ્વામીશ્રી કહે : 'એક વાર બેસી લીધું, સવાદ લઈ લીધો. હવે શું છે ?' એમ કહી સૌને ના પાડી. પાટ મગાવી તે ઉપર બિરાજ્યા.

'ફરીથી થોડી વાર બેસીશું.' એમ કહી બધાના આગ્રહને સાંત્વન આપ્યું. જો કે પછી બેઠા જ નહીં ! હિંડોળા ખાટે ન બેસવાનો મહારાજનો આદેશ, આ ઉંમરે પણ કદાચ એમના મનમાં રમી રહ્યો હશે.

ચાતુર્માસના નિયમ લેવાતા હતા. જે કોઈ યુવક સ્વામીશ્રી પાસે આવે તે સૌને સ્વામીશ્રી ધારણાં-પારણાંના નિયમ આપતા. પછી તે નવો હોય કે જૂનો, નાના બાળકો હોય, પણ જો નિયમ લેવાનો જરાપણ ઉમંગ બતાવે તો તુરત સ્વામીશ્રી તેમને પણ ધારણાં-પારણાં વ્રતનો નિયમ આપતા. આથી મને જરા

સંકલ્પ થયો કે મોટા યુવકો તો કદાચ ધારણાં-પારણાંનું વ્રત કરી શકે પણ તદ્દન નાના નાના બાળકોને બાપાએ આ વ્રત ન આપવું જોઈએ. આવો મારો ભાવ જાણીને તે જ દિવસે સ્વામીશ્રીએ ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૭મું વચનામૃત 'મોળી વાત ન કર્યાનું' વંચાવ્યું ને મારા સંશયને છિન્ન-ભિન્ન કરી નાખ્યો. આ પણ એક એમની રીત હતી. જે અનેક વાર અનુભવાતી.

તા. ૨૩મીએ સાંજે અક્ષરપુરુષોત્તમ વિદ્યાલયમાં સભા યોજી હતી. અહીં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ભવિષ્યમાં અહીં મોટી કૉલેજ થશે. મોટા મોટા પ્રોફેસરો માથાં ઘસતા આવશે.'

ગુરુસ્થાનમાં આભાર-દર્શન

બીજે દિવસે બપોરે ૧૨-૦૦ વાગે બોચાસણથી મહેળાવ પધાર્યા. આખું ગામ હિલોળે ચડ્યું હતું. અદ્‌ભુત સ્વાગત થયું. મંદિરમાં માણસ સમાય નહિ. જન્મ સ્થાનમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં, વાતો કરતાં સ્વામીશ્રી કહે : 'કેમ છો ? સારું છે ને ? સાજા-નરવા પહોંચી ગયા.'

પછી બધે દર્શન કરી સભામાં બિરાજ્યા. 'વરસ સારું થશે; દેશકાળ સારા થશે; તને, મને, ધને સુખી થશે;' તેવા રૂડા આશીર્વાદ આપ્યા. જમવા પધાર્યા. પહેલાં બધા હરિભક્તોને કેરી, રોટલી તથા મોહનથાળની પ્રસાદી આપી. આશીના જૂના ભક્ત ધનેશ્વર મહારાજને ખૂબ દહીં-ભાત પીરસ્યાં. પછી કથા કરી આરામમાં પધાર્યા.

બપોરે સૌ હરિભક્તોને મળ્યા. ને દરેક હરિભક્તને વ્યક્તિગત બોલાવીને રોજ મંદિરે આવવાની આજ્ઞા કરી. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં ધારી ધારીને દર્શન કરી, પ્રસાદીના પીપળે પધાર્યા. દર્શન-દંડવત્ કરી, ગામમાં જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, મંદિરમાં થાળ કરાવી, મહાદેવના મંદિરમાં જાહેર સભામાં પધાર્યા. સમસ્ત ગામના ભાવિક ભક્તો આવ્યા હતા. સૌને આશીર્વાદ આપ્યા. મહાદેવ તથા હનુમાન-ગણપતિનાં દર્શન કરી, વડતાલ જવા નીકળ્યા.

મહેળાવ ગામ છોડતાં કહે : 'અહીંની રજેરજ, આ ઝાડપાન બધું પ્રસાદીનું.'

ઈષ્ટસ્થાનમાં કૃતજ્ઞતા-અર્પણ

રસ્તામાં કીર્તન ગવરાવ્યાં. નરસંડા આવવાનું થયું ત્યારે પહેલેથી જ

ઊઠીને બેઠા થઈ ગયા. ઘણા હરિભક્તો સ્વામીશ્રીની વાટ જોઈને ઊભા હતા. બધાને મળ્યા. વરતાલ આવ્યું એટલે ગામને દૂરથી પગે લાગ્યા ને પછી પાઘ પહેરીને તૈયાર થયા.

મંદિરે પહોંચ્યા ને આરતીનો ડંકો વાગ્યો. ત્રણેય મંદિરમાં ખૂબ ધારી ધારીને દર્શન કર્યાં. સ્વામીશ્રી કહે : 'આપણી વાટ જોઈને જ ઊભા હતા.' હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ તો દર્શન કરતાં ખસે જ નહિ.

હકાભાઈ સાથે હતા. તેમણે બ્રહ્મચારી મહારાજને વિનંતી કરી, એટલે જાળી ઉઘાડીને અંદરની કોળીમાં સ્વામીશ્રીને લઈ ગયા. સ્વામીશ્રી બહુ રાજી થયા ને ફરીથી બધે ખૂબ ભાવથી દર્શન કર્યાં.

હરિકૃષ્ણ મહારાજ આગળ દર્શન કરતા જાય ને મારો હાથ ખેંચીને પૂછતા જાય : 'હરિકૃષ્ણ મહારાજે શું શણગાર પહેર્યો છે ?' આંખે ઝાંખપને કારણે સ્વામીશ્રીને બરાબર દેખાતું નહોતું. તે અંગેઅંગેનાં વસ્ત્ર-અલંકાર નિહાળ્યા ને પછી હરિકૃષ્ણ મહારાજને કહે : 'સાજા-નરવા પુગાડ્યા ને !' એમ ઘણી વાતો કરી આભાર વ્યક્ત કર્યો. ત્યારે સ્વામીશ્રી સામું મેં જોયું તો એમની આંખોમાં ઝળઝળિયાં-હર્ષાશ્રુ ઊભરાયાં હતાં.

પ્રથમ દેરામાં ધર્મકુળનાં દર્શન કર્યાં. વાસુદેવની મૂર્તિના હાથમાં છડી હતી તે જોઈને કહે : 'ડંડો લઈને ઊભા છે. માયા ઉપાડ ન કરે તે માટે ?' એમ રમૂજ કરી ફરીથી દંડવત્ કર્યા.

પછી ઘુંમટનાં દર્શન કરીને, અક્ષર ભવનમાં બધી પ્રસાદીની વસ્તુનાં દર્શન કર્યાં. દર્શન, દંડવત્ તથા પ્રદક્ષિણા કરી. અહીં કાનજી ભગત દોડાદોડ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને મળ્યા. નીચે ઊતર્યા ત્યાં ડાહ્યા ભગતે મંદિરના પાછળના ચોકમાં પ્રસાદીનો હાર પહેરાવ્યો ને પ્રસાદીનાં પાન આપ્યાં. તે અંગીકાર કરી, બ્રહ્મચારી આશ્રમમાં દર્શન કરીને અક્ષર ઓરડીએ પધાર્યા. પૂજારી સ્વામીએ હારતોરા કર્યા, પાનબીડાં આપ્યાં ને ઠાકોરજી માટે ઘડિયાળની માગણી કરી. તે તુરત સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈ ધર્મજવાળાને એક સારું ઘડિયાળ પૂજારીને આપી જવા આજ્ઞા કરી.

સભામંડપમાં ઢોલિયો, નંદ સંતોની મૂર્તિઓ તથા ભગતજી મહારાજનું આસન તેનાં દર્શન-દંડવત્ કરી, મંદિર સામે ઓટો ને પ્રસાદીનો લીંબડો તેને સ્પર્શ કરી - ભેટીને હનુમાન-ગણપતિનાં દર્શન કરી, દરવાજા પાસે જ્યાં ગુણાતીતાનંદ સ્વામી ગોદડીઓ ખભે રાખીને મહારાજનાં દર્શન કરતાં ઊભા

રહ્યા તે જગ્યાએ ભૂમિસ્પર્શ કરી, આચાર્ય મહારાજની હવેલીમાં પધાર્યા. એકદમ અંધારું થઈ ગયું હતું, છતાં પ્રદક્ષિણામાં ઊંચે છતમાં પ્રસાદીની પાટ ટિંગાડી હતી તે સંભારીને બત્તીથી દર્શન કર્યાં. ગોખમાં જ્યાં મહારાજ બેસતા તે જગ્યાનો પણ ભૂમિસ્પર્શ, દર્શન કરી નીચે ઊતર્યા.

વરસાદથી રસ્તામાં કાદવ-કીચડ ઘણો થયો હતો. વળી, અંધારું પણ હતું. છતાં લંડનમાં રહેતા મૂળ વડતાલવાસી જશભાઈ, ચિત્તરંજનભાઈ તથા સુરેશભાઈને ઘરે પધરામણી કરી.

સંપ્રદાયના ધુરંધરો અભિવંદે છે

લગભગ ૯-૦૦ વાગી ગયા હતા. છતાં કહે : 'ગોવિંદ ભગતને મળવા જવું છે.' અમે ઘણી ના પાડી પણ મંદિરની પાછળ વંડામાં સંતોના ઉતારામાં પધાર્યા. ગોવિંદ ભગત તો સ્વામીશ્રીની અત્યંત પ્રતીક્ષા કરતાં ક્યારના બેઠા હતા. એ અંતર્યામી સ્વામીશ્રી જાણતા હતા. સ્વામીશ્રીને જોઈને બહુ રાજી થયા. પોતે વૃદ્ધ-અશક્ત હોવા છતાં ઊભા થઈને હારતોરા કર્યા. ગોપીનાથ શાસ્ત્રી તથા લક્ષ્મણ ભગત વગેરે પણ ત્યાં આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીએ દેશ-વિદેશમાં સત્સંગ પ્રચાર કર્યો તેની સૌએ ખૂબ પ્રશંસા કરી અને સૌ એક અવાજે કહેવા લાગ્યા કે 'મહારાજનો સાચો ડંકો આપે દિગંતમાં માર્યો.' સ્વામીશ્રીએ સૌ સંતોની સારી સેવા કરાવી.

બાજુના ઉતારામાં ખંભાતના કોઠારી, શાસ્ત્રીજી મહારાજના મંડળના સંત વિષ્ણુ સ્વામી માંદા હતા. તેઓ સ્વામીશ્રીનાં દર્શન ખૂબ ઝંખતા હતા. તેમને ત્યાં પધાર્યા. ૯૩ વર્ષની ઉંમર ને શરીર ઉપરથી ખાલ ઊતરી ગઈ હતી, પણ તમન્ના બહુ તે સ્વામીશ્રીને જોઈને એકદમ પથારીમાંથી ઊભા થઈ ગયા, હાર પહેરાવ્યો ને મુક્ત કંઠે ગુણગાન ગાયાં. સ્વામીશ્રીએ તેમની ઉંમર પૂછી. તેમણે સ્વામીશ્રીના બે હાથ લઈ પોતાને માથે મૂક્યા ને પ્રાર્થના કરી કે 'હવે ધામમાં લઈ જાવ.'

ત્યાંથી ગોપીનાથ શાસ્ત્રીજી તથા પ્રભુદાસ કોઠારીને આસને પધાર્યા. સૌએ સ્વામીશ્રીને ફૂલહાર કર્યા. એમ વરતાલમાં સંતોનાં આસને આસને સ્વામીશ્રીની પૂજા ને સન્માન થયાં.

આ એક અભૂતપૂર્વ ઘટના બની ગઈ. સંપ્રદાયના ધુરંધર સંતોનાં હૃદયમાં સ્વામીશ્રી માટેનો અત્યંત આદર તાદૃશ જોવા મળ્યો. જો કે સ્વામીશ્રીનું અજાતશત્રુપણું, મહિમા-દૃષ્ટિ અને અપાર સાધુતાનું જ એ પ્રતિબિંબ હતું.

ઊછળતે હૈયે આવકારતા યુવાનો

પછી સ્વામીશ્રી વિદ્યાનગર જવા નીકળ્યા. નરસંડામાં ઘણાં હરિભક્તો ૩-૪ કલાકથી વાટ જોઈને ઊભા હતા. તેમને દર્શન આપીને મોડી રાત્રે વિદ્યાનગર પધાર્યા.

યુવકોએ ઘીની મશાલો લઈ, બૅન્ડથી અભિવાદન કરતાં સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. યુવકોનો ઉત્સાહ સમાતો નહોતો. પુત્ર જેમ પિતાની કીર્તિથી ખુશખુશાલ થઈ જાય, તેમ અહીં તો છાત્રાલયના સેંકડો વિદ્યાર્થી યુવાનો અનંત માતા-પિતા તુલ્ય સ્વામીશ્રીના આગમનથી બહાવરા બની ગયા હતા. યુવકોએ પૂજન કરી, સ્વામીશ્રીને હારતોરા કર્યા. સૌનાં હેતના પ્રતીક સમો પુષ્પમુકુટ પણ સ્વામીશ્રીને શિરે, એમની નામરજી છતાં અતિ હર્ષપૂર્વક ધારણ કરાવ્યો.

આ વખતની વિદેશયાત્રા પછી, એમાં પણ યુરોપ ખંડમાં, ઈંગ્લૅન્ડમાં, ચર્ચનું રૂપાંતર કરી, હિંદુ ધર્મનો - સ્વામિનારાયણીય દિગ્વિજય થયા પછી દેશમાં આબાલવૃદ્ધ લાખો હરિભક્તો તથા ભાવિકોનાં મન અસાધારણ ભરતીએ ચઢ્યાં હતાં. કોઈ અગમ્ય પ્રેરણાથી, સ્વામીશ્રીના દિવ્યાતિદિવ્ય વ્યક્તિત્વની અનુભૂતિ થતી હોય એમ સૌનાં અંતરમાંથી પ્રેમના લોઢના લોઢ, આ મહાપુરુષ તરફ ઠલવાતા હતા. પ્રેમના મહાસાગર સ્વામીશ્રી જ એ અલૌકિક પ્રવાહના ઉદ્‌ગમ હતા. નાનાં-મોટાં સૌ કોઈનાં ઉત્સાહ, શ્રદ્ધા અને ભક્તિએ આ વખતે માઝા મૂકી દીધી હતી. સ્વામીશ્રીની આસપાસ પૃથ્વી ઉપર ભક્તિનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થઈ ચૂક્યું હતું.

તા. ૨૫મીએ વિદ્યાનગરમાં એક દિવસનું શિક્ષાપત્રી પારાયણ કરી, સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

અટલાદરામાં સત્સંગ સમારોહ

તા. ૨૬-૭-'૭૦ના સવારે અટલાદરામાં પારાયણનો પ્રારંભ થયો.

સભામંડપમાં ઠાકોરજીનું સુંદર આસન ગોઠવ્યું હતું. જમણી બાજુએ વ્યાસપીઠ અને ડાબી બાજુએ સ્વામીશ્રી અને સંતોનું આસન ગોઠવ્યું હતું. સભામંડપની સામેના વિશાળ કમ્પાઉન્ડમાં પતરાંથી જડીને સુંદર મંડપ બનાવ્યો હતો અને મંદિર, દરવાજો તથા ટાવર ઉપર રોશની કરી હતી.

સવારે 'સત્સંગિજીવન'ની કથા પ્રમુખસ્વામી કરતા અને સાંજે શ્વેત-વૈકુંઠદાસ પુરાણી કરતા.

બીજે દિવસે એલેમ્બિકવાળા રમણભાઈને ત્યાં જમવા પધાર્યા હતા. અહીંથી ૪-૦૦ વાગે નીકળતા સ્વામીશ્રી બંગલામાં અને બગીચામાં બધે ફર્યા ને પુષ્પ છાંટ્યાં.

બગીચામાં 'બાથ' (નાહવાનો હોજ) જોઈને કહે : 'આ શું છે ?' પછી એમાં પણ પુષ્પ છાંટ્યાં ને કહે : 'આમાં ન્હાય એનું કલ્યાણ.'

તા. ૨૮મીએ બપોરે ૪-૦૦ વાગે ઊઠીને કહે : 'કાલે બપોરે સ્વપ્નાની વાત કરવી હતી. રમણભાઈ(આર. બી. અમીન)ને ત્યાં બપોરે સ્વપ્નું આવ્યું હતું. ભાદરાનાં (મંદિરનાં) દર્શન થયાં. મૂર્તિઓમાં બહુ તેજ. મણિભાઈ, વડતાલના સંતો, ગોવિંદ ભગત, વિષ્ણુ સ્વામી, ગોપીનાથ શાસ્ત્રીજી બધાને લઈને આવ્યા. મેં દર્શન કરાવ્યાં. મંદિર, મૂર્તિઓ જોઈને બહુ રાજી થયા. પછી મુક્તિ સ્વામીએ બધાને નાસ્તા-પાણી કરાવ્યાં. ને પછી મણિભાઈ (સલાડના) કહે કે વાસણની સેવા કરવી છે. એટલે મેં તેમને ભંડારી સાધુ પાસે મોકલ્યા. ને પછી બધા સંતો સાથે મંદિરમાં વાતો કરી, ત્યાં આંખો ઊઘડી ગઈ.'

અહીં આંખના બે નિષ્ણાત ડૉક્ટરોએ સ્વામીશ્રીની આંખો તપાસી હતી. સ્વામીશ્રીને ઘણા સમયથી આંખોમાં ઝાંખપ વર્તતી હતી. ડૉક્ટરોએ અભિપ્રાય આપ્યો હતો કે 'મોતિયો છે, પણ હજુ પાક્યો નથી.' તે છતાં પત્ર-વ્યવહારનું કામ સ્વામીશ્રીએ ચાલુ રાખ્યું હતું. ઘણી વાર તો અપૂરતા અજવાળામાં પણ લેખન-વાચન કરતા.

તા. ૩૦મીએ પૂર્ણાહુતિ પ્રસંગે હેલિકૉપ્ટરમાંથી પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. મુંબઈ સ્થિત ગણેશપુરીવાળા મુક્તાનંદ બાબા તરફથી ભવ્ય મોટો હાર મોકલવામાં આવ્યો હતો. જે પ્રમુખસ્વામી અને કોઠારી અક્ષરસ્વરૂપદાસે સ્વામીશ્રીને પહેરાવ્યો હતો.

તા. ૩૧મીએ વડોદરાથી નીકળી, ડભાણ તથા જેતલપુર દર્શન કરી, અસલાલી નાથાભાઈની વાડીમાં ૨-૩૦ વાગે ઠાકોરજી જમાડી, ૫-૧૫ વાગે અમદાવાદ સ્ટેશન નજીક મણિલાલ મેન્શને આવી પહોંચ્યા.

❀ ❀ ❀



કર્ણાવતીમાં કીર્તિમાંગલ્ય

'સ્વામીશ્રી અમદાવાદ પધારે ત્યારે ભવ્ય નગરયાત્રા કાઢવી' – એવું મણિભાઈ બ્રહ્મભટ્ટ, અંબાલાલભાઈ ભગત, ખેંગારજીભાઈ, ભોગીભાઈ ચોકસી તથા અમદાવાદના અગ્રણી હરિભક્તોએ નક્કી કર્યું. તે અંગેની તમામ તૈયારીઓ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, પ્રભાશંકર પંડ્યા, મહેન્દ્ર ઠાકર, પ્રહ્‌લાદભાઈ પટેલ, પુરુષોત્તમદાસ પટેલ, કચરાભાઈ, શંકરલાલ તથા સ્થાનિક યુવક મંડળે શરૂ કરી. સ્ટેશનથી મંદિર સુધીનો ૭ કિ.મી.નો રસ્તો ધજાપતાકાથી શણગાર્યો હતો. લગભગ ૧૦૦ કલાત્મક કમાનો બનાવી હતી. બકરીપોળ મંડળે સાત દિવસ સુધી તનતોડ મહેનત કરી, તૈયાર કરેલા કાગળનાં ફૂલોથી કમાનો તથા રસ્તાઓ શણગાર્યા હતા. પુષ્પવૃષ્ટિ કરવા ઠેર ઠેર ફૂલની ટોપલીઓ બાંધી હતી. રસ્તામાં થોડે થોડે અંતરે પાણી પીવા માટે પરબો બાંધી હતી. લાખો હરિભક્તો પુષ્પ અને અક્ષત લઈ સ્વામીશ્રીને વધાવવા રસ્તા ઉપર ઊભા હતા. સાંજે ૫-૩૦ વાગે નગરયાત્રાનો આરંભ થયો.

સ્વામીશ્રી માટે શિખર સાથે મંદિર આકારનો, વચ્ચે સુશોભિત ગુલાબી કમલાસનવાળો ફ્લોટ તૈયાર કરાયો હતો. બાજુમાં પ્રમુખસ્વામી બિરાજ્યા હતા. નગરયાત્રાનો સમગ્ર માર્ગ માણસોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. શહેરનો મુખ્ય ધોરી માર્ગ રિલીફ રોડ, માનવ મહેરામણથી ઊભરાઈ રહ્યો હતો. રસ્તાઓ ઉપરનાં મકાનોની ગૅલેરીઓ, છાપરાં, દુકાનો, ઝરૂખા, અટારીઓમાં જ્યાં નજર નાખે ત્યાં માણસ જ માણસ. નગરયાત્રામાં સૌથી આગળ નિશાનના ધ્વજ લઈને યુવકો ઊભા હતા. ઊંટ ઉપર નિશાન-ડંકા, સ્કૂટર ઉપર પોલીસ એસ્કોર્ટ, અક્ષરપુરુષોત્તમ યુવક મંડળનું બૅન્ડ, ગામડાંઓની ભજન મંડળીઓ, શંકર ભગત અને તેમની ભજન મંડળી, હરિભક્તો, બે ઘોડાવાળી શણગારેલી પાંચ બગીઓમાં સંતો-પાર્ષદો, એક બગીમાં ઠાકોરજીની મૂર્તિ, પોલીસ બૅન્ડ,

એન.સી.સી.ની ટુકડી, ઘોડેસવારો, ત્યારબાદ સ્વામીશ્રીનો રથ, હરિભક્તો, કળશ લઈને બહેનો, આ પ્રમાણે નગરયાત્રા સ્ટેશન પાસે મણિલાલ મેન્શનથી શરૂ થઈ ને રિલીફ રોડ, ઘીકાંટા રોડ, ચાર રસ્તાઓ, દિલ્હી ચકલા, દિલ્હી દરવાજા થઈ, અક્ષરપુરુષોત્તમ મંદિરે બરાબર ત્રણ કલાકે પહોંચી.

સમગ્ર નગરયાત્રા દરમ્યાન સ્વામીશ્રી ધ્યાનસ્થ સ્થિતિમાં શ્રીજી-સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરતાં માળા ફેરવતા હતા. આ નગરયાત્રાની ફિલ્મ અને ફોટા લેવામાં આવ્યાં હતાં, જે બીજે દિવસે સ્થાનિક દૈનિકોમાં પ્રસિદ્ધ થયા હતા. અમદાવાદ શહેર તો શું પણ સમગ્ર ગુજરાતમાં સૌ કોઈ કહેતું હતું કે આવી નગરયાત્રા ભૂતકાળમાં ક્યારેય જોવા મળી નથી. આ નગરયાત્રામાં ઓછામાં ઓછા ૫ થી ૭ લાખ માણસો સ્વામીશ્રીનાં દર્શન કરી કૃતાર્થ થયા હતા. આ પ્રસંગે હૅલિકૉપ્ટરમાંથી પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. નગરયાત્રા દરમ્યાન ૫૦૦ જેટલા પોલીસો, સંખ્યાબંધ પોલીસ ઑફિસરો તથા એસ.પાર.પી. પણ વ્યવસ્થામાં હતા.

તે જ દિવસે અહીંથી નીકળતાં દૈનિકો 'સંદેશ', 'ગુજરાત સમાચાર' તથા 'જનસત્તા'માં ખાસ પૂર્તિઓ બહાર પાડવામાં આવેલી. જેમાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, આફ્રિકામાં સત્સંગ મંડળ અને તેનો વિકાસ, લંડનમાં સ્વામિ-નારાયણ મંદિરની સ્થાપના વગેરે લખાણો ફોટાઓ સહિત પ્રસિદ્ધ થયેલાં, જેથી સૌને સ્વામીશ્રીનાં દિવ્ય અને અલૌકિક કાર્યની ઝાંખી થઈ હતી.

શાહીબાગ રોડ ઉપર આવેલું આપણું મંદિર સુંદર રોશનીથી શણગારેલું હોવાથી અજબ આકર્ષણ જમાવતું હતું. મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર તથા સભામંડપ કલાત્મક રીતે શણગારેલો અને સ્વામીશ્રીને બેસવા માટે સુંદર મયૂરાસન બનાવ્યું હતું. જૂના અને ઉત્સાહી ભક્તરાજ શેઠ ભોગીભાઈ ચોકસીએ ખાસ રાસ લઈ કલાકારો પાસે પ્રેમપૂર્વક તૈયારીઓ કરાવી હતી.

અમદાવાદના જિતેન્દ્ર રમણલાલ શાહને નગરયાત્રામાં સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન થયાં. બીજે દિવસે વિરંચિલાલ મોદીએ તેની ઓળખાણ આપતાં સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આ મારો ભાણેજ છે.'

સ્વામીશ્રીએ જિતેન્દ્રભાઈને થાપો માર્યો. જિતેન્દ્રભાઈએ સ્વામીશ્રી પાસે પ્રાર્થના કરતાં માગ્યું કે 'બાપા ! મારામાં ભક્તિભાવના ઉદય થાય એવા આશીર્વાદ આપો.'

આ સાંભળી સ્વામીશ્રી બહુ રાજી થયા અને બીજા બે ધબ્બા તેમને માર્યા

અને પોતે જે ગાદી ઉપર બેઠા હતા તેની નીચેથી એક બોલપેન કાઢી જિતેન્દ્રભાઈને આપી અને કહ્યું કે 'આ તમે રાખજો.'

સ્વામીશ્રી તરફથી મળેલી આ બોલપેન જિતેન્દ્રભાઈની મહામૂલી મૂડી અને સ્મૃતિરૂપ ઘરેણું થઈ ગઈ !

બીજે દિવસે પૂજામાં કે.કે. દવે, ખુશાલકાકા વગેરે ભક્તોએ ૧૦૮ દીવાથી સ્વામીશ્રીની આરતી ઉતારી. પૂજા પછી ભક્તજનો ઉપર કૃપાશિષ વરસાવતાં સ્વામીશ્રી કહે : 'કાલે શ્રીજીમહારાજ ને સ્વામીનો વરઘોડો સારો નીકળ્યો. વેમાનમાંથી ફૂલ છાંટ્યાં, તે શ્રીજીમહારાજ, ૫૦૦ પરમહંસો ને શાસ્ત્રીજી મહારાજની સેવા કરી છે.

આજે 'ટાગોર હૉલ'માં સ્વામીશ્રીનો જાહેર સન્માન સમારંભ હતો. અમે સભામાં જઈ રહ્યા હતા. તે સ્વામીશ્રી એકાએક મને કહે : 'મારે શું કહેવું ?'

સ્વામીશ્રી ઘણી વાર આવી મનુષ્યલીલા કરી આપણને શરમાવી દેતા અને પરીક્ષા પણ કરી લેતા. આપણે મૌન સેવીએ તોપણ બહુ આગ્રહ કરીને પૂછે.

'બાપા ! આપને ઠીક લાગે તે.' મેં કહ્યું.

'ના, કહો.' સ્વામીશ્રીએ આગ્રહ કર્યો.

'બાપા ! આપ તો બધું જાણો છો.' મેં કહ્યું. પણ સ્વામીશ્રીએ આગ્રહ છોડ્યો નહિ. સભામાં મુખ્યપ્રધાન વગેરે મહાનુભાવો આવવાના હતા. તેમને તથા ગુજરાત રાજ્યને આશીર્વાદ આપવાની વાત થઈ. એવામાં ટાગોર હૉલ આવી ગયો.

સમર્થ થકા જરણા કરતા સ્વામીશ્રી ઘણી વાર આપણને આવી ભુલવણીમાં નાખી દેતા. ત્યારે સદ્. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દો સાંભરી આવે –

'એની આગળ જો આપણ કોણ ગણતીમાં આવીએ રે,
શીદ ડો'ળીને ડહાપણ, સમજુ શાણા કહાવીએ રે,'

ટાગોર હૉલમાં ઐતિહાસિક સન્માન સમારંભ

તા. ૧-૮-'૭૦ના રોજ જાણીતા ટાગોર મેમૉરિયલ હૉલમાં ગુજરાત રાજ્યના મહેસૂલમંત્રી માનનીય પ્રેમજીભાઈ ઠક્કરના અધ્યક્ષપદે સન્માન સમારંભ યોજ્યો હતો. મુખ્યમંત્રી માનનીય હિતેન્દ્રભાઈ દેસાઈ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. પુરવઠા ખાતાના મંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ પણ ઉપસ્થિત હતા.

સન્માન સમારંભની શરૂઆત ધર્મજીવનદાસ સ્વામીએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂનથી કરાવી. નારાયણ ભગતના વેદગાન અને ડૉ. દેવશીભાઈ પટેલ, ચૅરમૅન, એગ્રો ઈન્ડસ્ટ્રીઝના સ્વાગત પ્રવચન બાદ, ડૉ. સ્વયંપ્રકાશ સ્વામીએ સ્વામીશ્રીના પૂર્વ આફ્રિકા તથા લંડનના પ્રવાસનો સંક્ષિપ્ત હેવાલ આપ્યો. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીની સેવાભાવના, નિર્માનીપણું તથા સાધુતાના ગુણોની ઝાંખી કરાવી હતી. ત્યારબાદ ખેંગારજીભાઈ ચૌહાણે સન્માન પત્રનું વાચન કર્યું. માનનીય પ્રેમજીભાઈ ઠક્કરના વરદ હસ્તે ચાંદીની ફ્રેમમાં મઢેલ સન્માન પત્ર સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યું. સ્વામીશ્રીને એક મોટો ભવ્ય હાર અને ગજરો પ્રમુખસ્વામીએ અર્પણ કર્યો. હિતેન્દ્રભાઈ દેસાઈ, પ્રેમજીભાઈ ઠક્કર તથા બાબુભાઈ પટેલે પણ હાર પહેરાવ્યા હતા.

સંસ્કૃતિના સાચા સનાતનીનું સન્માન

મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ જણાવ્યું :

'આ લોકમાં સામાન્ય રીતે સત્તાના આસન પર બેઠા હોય અથવા જેને દોલત મળતી હોય તેનું સન્માન થતું હોય છે. પરંતુ ભારતભૂમિમાં સત્તા ને દોલત કરતાં વધુ મહત્તા આપણે સાધુ-સંતોને આપીએ છીએ. દુનિયા ભૌતિક સુખમાં આગળ વધે છે, માનવી ચંદ્રલોક સુધી પહોંચ્યો છે. વિજ્ઞાનની આ પ્રગતિ છે ત્યાં ભારતીય સંસ્કૃતિ બીજાને શું આપશે ? દુનિયાને સાચું સુખ મળ્યું નથી, તે ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મ જ આપી શકે.

'યોગીજી મહારાજનું સન્માન એ તેમનું સન્માન છે, છતાં ભારતીય સંસ્કૃતિના સાચા સનાતનીનું સન્માન છે. ભારતની બહાર પણ જે અશાંતિના બનાવો બને છે તેના શાંતિદાતા તરીકે પણ આપણે યોગીજી મહારાજનું સન્માન કરીએ છીએ.'

પુરવઠા ખાતાના પ્રધાન બાબુભાઈ પટેલે કહ્યું :

'આફ્રિકા અને લંડન જતાં પહેલાં સ્વામીજીનું શરીર સારું નહોતું, તેથી પ્રવાસ ઇચ્છનીય લાગતો નહોતો. પણ આવ્યા ત્યારે ખૂબ જ સારું શરીર લઈને આવ્યા. કવિવર કાલિદાસે કહ્યા મુજબ આવા પુરુષો પોતે જ પોતાના દેહની રક્ષા કરે છે - તેમને બીજાની જરૂર નથી.

'સ્વામિનારાયણના સંત એટલે રૂઆબદાર હૉટલમાં ઊતરનારા અને ભારે જમણ જમનારા નહિ; પરંતુ જે આપો તે ભેગું કરી, અંદર જળ નાખી, મેળવીને

ઓગાળી જાય તે. सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः । એ સેવાનું વ્રત તેમની રગેરગમાં છે. તેઓ માન-અપમાન જોતા નથી. પોતે શૂન્યવત્ વર્તે છે. निन्दन्तु नीतिनिपुणाः यदि वा स्तुवन्तु । આવા નિર્માની, નિઃસ્પૃહી, નિર્લેપ સંત પરદેશમાં ગયા તે હિંદુસ્તાનના એલચી તરીકે ગયા. ભારત વિશેના તે દેશોના ખ્યાલો ખોટા પાડીને, 'આ સાચું ભારત છે' તે ખબર પાડી.'

ભવસાગર ઓળંગવાનો કિનારો

મહેસૂલ પ્રધાન પ્રેમજીભાઈ ઠક્કરે જણાવ્યું :

'ભારત એવો દેશ છે જ્યાં રાજ્યસત્તા ધર્મસત્તાનું સન્માન કરે છે. મુખ્યમંત્રી બાપાને હાથ જોડીને વચ્ચે ઊભા રહે અને બે મંત્રીઓ બાજુમાં પ્રણામ કરતા હોય, તે કરતાં આપણી પાસે ધર્મસત્તા પ્રત્યેની ભાવનાનો બીજો શો વધુ પુરાવો હોય ?

'સ્વામીશ્રીનાં દર્શન કરું છું ત્યારે સ્મરણમાં ભગવદ્ગીતાનો એક શ્લોક યાદ આવે છે :

निर्मानमोहा जितसंगदोषाः, अध्यात्म-नित्या विनिवृत्तकामाः।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै गर्च्छन्त्यमूढाः पदमव्यय तत् ॥

'જે માન, મોહ, સંગનો દોષ, કામના, સુખ-દુઃખ, માન-અપમાન, લાભાલાભ વગેરેથી મુક્ત છે. પરંતુ જ્યાં સંગદોષ પણ ગુણ બની જાય, તેવા આ પુરુષ છે. બાપા તો તે શ્લોકથી પણ પર છે. તે ઘણા વધારે ગુણો ધરાવે છે.

'આપણા જીવનમાં એક સવાલ આવે છે : જીવનનો અર્થ શું ? ધ્યેય શું ? સરવાળો શું ?' દરેક ચિંતકને આ સવાલ ઊઠે છે. ક્યારેક જવાબ મળે છે : 'જીવનને જોવું ને જાણવું.' તે જ તે બધાનો ઉત્તર છે. જે પોતાના જીવને સમજી-જાણી શક્યો છે, તે જીવનનો સરવાળો મેળવી શકે છે. તે અઘરું છે, પણ આશીર્વાદથી સહેલું પણ છે.

'કચ્છમાં મેકણદાદા થઈ ગયા. તેમણે કહ્યું છે કે 'મેં સાંભળ્યું કે તટેથી જ નદી ઓળંગાય, પણ અનુભવથી જોયું કે સંસાર-સાગરને લાખો તટો છે - એક નહિ.' દરેક જુદા જુદા રસ્તે જીવનનું ધ્યેય પામે છે. મને પણ આવો એક તટ યોગીજી મહારાજ પાસેથી મળી જાય તો પાર ઊતરી જાઉં.

'ભગવાન પાસે શિબિ રાજાની માગણી ક્ષત્રિયની ન નીકળી, પણ સંતની નીકળી :

न त्वहं कामये राज्यं न मोक्षं न पुनर्भवम् ।
कामय दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥

'દુઃખી જીવોનું દુઃખ દૂર કરવા હું કંઈક કરી શકું;' તેમ માગ્યું. બાપા તે જ કરુણાથી દેશ-વિદેશ ફરી રહ્યા છે - જીવોને જીવનમાં સુખનો માર્ગ બતાવવા.'

મરજીના મરજીવા

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

'હાંજી ભલા સાધુ...'

'આવી રીતે શ્રીજીમહારાજે ૫૦૦ કડીતોડ વચનસિદ્ધ પરમહંસ કર્યા, પણ તેમનું ઐશ્વર્ય દબાવીને પોતે સર્વોપરી વર્ત્યા.

'લંડન અમારે જવું નહોતું, પણ મહારાજે મોકલ્યા તે જઈ પડ્યા. ત્યાં બધા પ્રેસવાળા આવતા. ખાનગી પ્રશ્નો પૂછતા ને અમે અમારી બુદ્ધિ પ્રમાણે જવાબ દેતા. તે દિગ્વિજય થઈ ગયો. આ જે થયું તે આપણું કાર્ય નથી, પણ સ્વામિનારાયણ ભગવાનનું કાર્ય છે. સંત કે પ્રધાન દ્વારા ભગવાન કામ કરે.

'મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.' આપણી મેળે આફ્રિકે કે લંડન ન જવાય, પણ તેની ઇચ્છાથી બને છે.

'જો રાજસત્તા અને ધર્મસત્તા ભેગી થાય, તો બ્રહ્માંડ ડોલાવી નાખે. બહુ જ કાર્ય થાય.

'ગુજરાત રાજ્યને શ્રીજીમહારાજ સર્વોપરી ચલાવે. ને હિતેન્દ્રભાઈ, પ્રેમજીભાઈ અને બાબુભાઈનામાં તેજ, બળ અને પ્રકાશ શાસ્ત્રીજી મહારાજ આપે, ઘણી આવરદા આપે, ને ગુજરાત રાજ્ય દેશમાં પહેલા નંબરનું રાજ્ય થાય અને સુખી થાય એવા આશીર્વાદ છે.'

ત્યારબાદ ભગવતીપ્રસાદ પંડ્યાએ પ્રશસ્તિગાન તથા રતિકુમાર વ્યાસે સ્વામીશ્રીના દુહા ગાયા હતા. અને મેં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી વિરચિત સંત-મહિમાના છંદ ગાયા હતા.

અંતમાં મણિભાઈ બ્રહ્મભટ્ટે આભાર-દર્શન કર્યું.

ટાગોર હૉલમાં યોજાયેલ આ ભવ્ય સત્કાર સમારંભમાં સ્વામીશ્રીની વાણી સાંભળવા તથા દર્શન કરવા ભારે જનમેદની એકત્ર થઈ હતી. હૉલ ખીચોખીચ ભરાઈ ગયો હતો અને હજારો માણસોને બહાર ઊભું રહેવું પડ્યું હતું. આ સભામાં અમદાવાદ શહેરના ઉદ્યોગપતિઓ, વેપારીઓ, વકીલો, ડૉક્ટરો,

પ્રાધ્યાપકો, પ્રિન્સિપાલો, ધારાસભ્યો, સામાજિક કાર્યકરો તથા અન્ય નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

સ્વામીશ્રીની સ્વાગત સભાના સમાચાર રાત્રે અમદાવાદ રેડિયો સ્ટેશન ઉપરથી પ્રસારિત કરવામાં આવ્યા હતા.

રાતે આરામમાં જતાં સ્વામીશ્રી કહે : 'આજે પ્રધાનો તથા બીજા મોટા મોટા માણસો આવ્યા એ શોભા કહેવાય. એમને સંબંધ થઈ ગયો. એમનો મોક્ષ થઈ ગયો.'

કે ભોગ તને ભાવે નહીં રે જી

રાત્રે ૯-૩૦ વાગે મગનભાઈ જીજીભાઈના દીકરા નવીનભાઈ લગ્ન કરી આશીર્વાદ લેવા આવ્યા. સ્વામીશ્રી એકદમ આકળા થઈ ગયા ને કહે : 'આ તમે શું નવાઈ કરી ? કૂતરાંય વગર ઢોલ વગાડે લગન કરે છે. તે તમે ઢોલ વગાડીને કર્યાં તેમાં શું સારું કર્યું ? તમારા કરતાં આ ગુણાતીત (ચરણ) શ્રેષ્ઠ ! ભલે ઠોઠ-બોંઠિયા છે, ઝાઝું સમજતા નથી, પણ તેનો નંબર તમારા કરતાં પહેલો છે. રસોઈ દીધી ? તે વિના લગન ન કહેવાય.' એમ હેતથી મીઠો ઠપકો આપતાં આશીર્વાદ આપ્યા. નવીનભાઈ નાનપણથી સ્વામીશ્રીની સેવા ઉમંગથી કરતા. તેથી પોતાના જાણી સ્વામીશ્રીએ સંસારની ક્ષુલ્લકતા જણાવી, સંત-સેવાનો મહિમા સમજાવ્યો.

તા. ૨જી થી તા. ૯મી સુધી 'શ્રી હરિલીલાકલ્પતરુ' અને 'હરિ-લીલામૃત'નું પારાયણ યોજવામાં આવ્યું હતું. સવારે પ્રમુખસ્વામી તથા નારાયણ ભગત 'હરિલીલાકલ્પતરુ'ની કથા કરતા. અને સાંજે 'હરિલીલામૃત'ની કથા થતી. આ દિવસો દરમ્યાન હજારો હરિભક્તો શહેરમાંથી તથા બહારગામથી રોજ આવતા અને દર્શન-સમાગમ તથા કથાવાર્તાનો લાભ લેતા. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ દીવાન, જાણીતા લોકસેવક રવિશંકર મહારાજ વગેરે મહાનુભાવો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અને સદ્ભાવના વ્યક્ત કરી હતી. અક્ષરપુરુષોત્તમ યુવક મંડળે રોજ બૅન્ડ વગાડવાની સેવા પણ બજાવી હતી.

નિર્જીવમાં જીવદયા

સભામાં સ્વામીશ્રી માટે સુંદર નાજુક મયૂરાસન બનાવ્યું હતું. ભોગીભાઈ શેઠ તથા ભક્તોના આગ્રહથી સ્વામીશ્રી મયૂરાસન ઉપર બેસતા. મોરની ડોક

બહુ નજીક હતી, તેથી સ્વામીશ્રી પોતાના પગ લાંબા કરી બેસી શકતા નહિ. સંકોચાઈને બેસતા. કોઈએ કહ્યું : 'આની ડોક કાપી નાખો.'

સ્વામીશ્રી દયાળુભાવે એકદમ બોલી ઊઠ્યા : 'ના, ના, આપણે જે મોર ઉપર બેઠા છીએ તેની ડોક ન કપાય.'

પ્લાસ્ટર ઑફ પેરિસના મોરને પણ સ્વામીશ્રી જીવંત જોતા હોય તેમ જીવદયા એમના હૈયામાંથી સરી પડી. છેવટ સુધી સ્વામીશ્રી મયૂરાસન ઉપર સંકોચાઈને જ બેસતા.

બપોરે સાધુતા ઉપર વાત કરતાં સ્વામીશ્રી કહે : 'કોઈ ટુંકારો કરે તે ખમવું, તે જ સેવા, તે જ પરોપકાર.'

અહીં દાજી બાપુના પુત્ર ધીરુભાએ સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! અહીં નજીકમાં વિરામ સોસાયટીમાં અમારું મકાન નવું તૈયાર થયું છે, આપ પગલાં પાડશો ?'

તેઓ સંકોચાતા હતા. કારણ, સ્વામીશ્રીની પધરામણી તદ્દન બંધ જ હતી. પરંતુ દાજી બાપુ ધીરુભાઈને કહી ગયા હતા કે સ્વામીશ્રી પધારે ત્યારે તેમનાં પગલાં ઘરમાં અચૂક કરાવશો. તેથી જ ધીરુભાઈએ આ વાત મૂકી હતી.

સ્વામીશ્રી આ સાંભળી કહે : 'દાજી બાપુની આજ્ઞા અમારે ખાસ પાળવી જોઈએ. માટે બપોરે ૧-૦૦ વાગે આવશું જાવ ! ગાડી લાવજો.'

ધીરુભા તો આ ભક્તવત્સલતાથી ગદ્ગદ થઈ ગયા. બપોરે ૧-૦૦ વાગતાં જ સ્વામીશ્રી કહે : 'મારો રૂમાલ (પાઘ) દ્યો. સંતો ! માથે પાઘ મૂકો. આપણે પધરામણીએ જવું છે.'

સંતો તો આ સાંભળી વિચારમાં પડી ગયા. 'પધરામણી તો બંધ છે !' પરંતુ સ્વામીશ્રીની ફરી આજ્ઞા થઈ.

સૌને લઈ સ્વામીશ્રી ધીરુભા રાણાના મકાનમાં પધાર્યા. ઘરના તમામ ઓરડા પાવન કર્યા અને મુખ્ય ખંડમાં બિરાજી કીર્તન ગાયું.

પછી ધીરુભાને કહે : 'આ ઘરમાં દાજી બાપુ ક્યાં બેસતા ?'

'અહીં બેસતા બાપા !' ધીરુભાએ ઓસરી બતાવી કહ્યું.

સ્વામીશ્રી તરત જ ઊભા થઈ ગયા અને તે જગ્યાએ દંડવત્ કરવા લાગ્યા ! ધીરુભાએ આર્દ્રભાવે વિનંતી કરી : 'બાપા ! આપ દંડવત્ કરો તે સારું ન લાગે.' પણ સ્વામીશ્રીએ તો બે દંડવત્ કરી જ લીધા.

મંદિરે પાછા ફર્યા ત્યારે મોટેરા કેટલાક હરિભક્તોએ વિનંતી કરી :

'બાપા ! પધરામણી તો બંધ જ છે. માટે આપને ફરી કોઈ પધરામણીમાં ન જવા ખાસ પ્રાર્થના છે.'

સ્વામીશ્રી કહે : 'અમારે દાજી બાપુની આજ્ઞા પાળવી પડે. હવે બીજે નહીં જઈએ !'

વર્ષો સુધી ગોંડળ મંદિરમાં સેવા આપનાર દાજી બાપુનું જાણે ઋણ ચૂકવતા હોય, તેમ આવા પ્રસંગોએ સ્વામીશ્રી પોતાના ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરતા.

લોકસંગ્રહ

તા. ૩-૮-'૭૦, ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ વજુભાઈ શાહ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીની આજ્ઞાથી સભામાં સંબોધન કરતાં તેમણે જણાવ્યું :

'યોગીપુરુષના યોગમાં કેટલી શક્તિ રહેલી છે તેનો ઘણા ઓછાને ખ્યાલ આવે છે. શરીર-શક્તિ તો માણસ કરતાં હાથીમાં વધારે હોય છે. તે કરતાં બુદ્ધિશક્તિ વધુ છે. અને તે કરતાં ધનશક્તિ વધુ છે. અને તેથી રાજશક્તિ વધુ છે. પરંતુ સૌથી ઉત્તમ ધર્મશક્તિ છે. તેની પ્રયોગશાળા દરેક મનુષ્યનાં હૃદયમાં ઈશ્વરે મૂકેલી છે. તેને પરખતાં આવડે તેનો બેડો પાર થઈ જાય.

'આજે બધા અણુવિજ્ઞાન પાછળ પડ્યા છે. અણુબૉમ્બ નાખી, પર્વત તોડી પુલ બનાવ્યા છે. ભૌતિક વિજ્ઞાન કહે છે કે જો એક નાનામાં નાના રજકણને પ્રકાશ-વર્ષની ગતિ આપવામાં આવે તો તે ઝાડનાં ઝાડ કાપી નાખે, લોખંડના જાડા સળિયા કાપી નાખે. આપણે આ વાત સાચી માનીએ છીએ. પણ માણસના હૃદયમાં શુદ્ધ ભાવના છે તેમાં ગતિ મૂકવામાં આવે તો તે મનુષ્યની જડતાને કાપી નાખે છે, આ માનવું અઘરું છે.

'રેડિયો અહીંથી ગોંડલ તાર વગર સમાચાર મોકલે છે તે મનાય છે, પણ કોઈ કહે કે પૂર્વે યોગી-ઋષિઓ શાંતપણે બેસીને હિમાલયમાં જે સંકલ્પ કરે તે આખા બ્રહ્માંડમાં વ્યાપે તે ન મનાય. આપણને તે સમજાયું નથી.

'એક ભાઈ મને પૂછતા હતા : 'યોગી મહારાજ વિદ્વાન નથી, તો તેમનું શા માટે આટલું બધું મહત્ત્વ ?' મેં તેમને સમજાવ્યું : 'વિવેકાનંદ આખી દુનિયામાં ફર્યા અને રામકૃષ્ણ પરમહંસને તો પોતાનું નામ લખતાં પણ આવડતું નહોતું. તેમને બ્રહ્મજ્ઞાન હતું. વિવેકાનંદ જેવા જ્યોતિર્ધર પોતાને તેમનાં

ચરણની રજ સમજતા. આવી બ્રહ્મશક્તિનો આવિર્ભાવ ભારતમાં થયા જ કરે છે. તે પૈકીના યોગીજી મહારાજ છે.'

'ભગવાન રામચંદ્ર ને ભગવાન કૃષ્ણ ધર્મના અવતાર હતા. છતાં તેઓને રિસાવાની, દહીં-દૂધ-માખણ ચોરવાની, વનવાસ લેવાની, યુદ્ધ કરવાની શી જરૂર હતી ? શા માટે આ બધું કર્યું ? લોકના સંગ્રહ માટે - હિત માટે કર્યું. યોગીજી મહારાજને તો સોનું ને માટી, બધું એક જ છે. તેમની પાસેથી કોઈ પુરુષ કે કોઈ સ્ત્રી પસાર થઈ જાય તોપણ તેઓ નિર્લેપ છે. છતાં સાધકો તે અવસ્થાને પહોંચ્યા નથી તેથી તેમને તપશ્ચર્યા કરવાની છે. બુદ્ધ જેવાએ પણ ૧૨ વર્ષ સુધી નિર્જન વનમાં સાધના કરી, પછી જનમાં વિચરવા માંડ્યા. તેમનો સાધનામાર્ગ લોકસંગ્રહ માટે જ છે. મારા સંપ્રદાયનો સામાન્ય સાધુ કેવી મર્યાદા પાળે તે બતાવવા યોગીજી મહારાજે તેમ કર્યું.

'સ્વામિનારાયણ સંપ્રદાય કોઈ જુદો ધર્મ નથી. હિંદુ ધર્મમાં અનેક સારા-નરસા પ્રવાહો ભળ્યા. તેમાં સૌથી તેજસ્વી સંતાન આ સ્વામિનારાયણ સંપ્રદાય છે. તેની પાસે લોભ વગેરે વિકાર આવી ન શકે.

'બાળક નાનું હોય તે સોનેય રમે ને પથ્થરે પણ રમે, કારણ કે તેનામાં નિર્દોષતા છે. ઉંમરમાં નાનો આ સંપ્રદાય પણ નિર્દોષ-નિર્મળ છે. તેનામાં ધબકતું પ્રાણતત્ત્વ, શુદ્ધતા અને તેના માટેની અસરકારકતા આમાં વધુ છે. આ વિશેષતાથી તેની અપેક્ષા રહે છે. સાધુસમાજને ઊભા કરવા પડે છે, પરંતુ યોગીઓને ઊભા કરવાના ન હોય - તે તો સ્વયં સિદ્ધ હોય છે. તેમણે સાધુસમાજનો વિકાસ કરવાનો છે. તેઓ આ ધ્યેય લઈને આફ્રિકા અને ઈંગ્લૅન્ડ ગયા.

'માણસ મંદિરમાં આવે ત્યારે તેને આશ્વાસન મળે, પણ બહાર જગતમાં જાય ત્યારે તેને એમ થાય છે કે સત્ય કરતાં અસત્ય સારું છે, અહિંસા કરતાં હિંસા જ વધારે સારી છે. તેના હૃદયની શ્રદ્ધા ઓસરે તેવું બહાર વાતાવરણ છે. ત્યારે આ સંપ્રદાયના સેવકોએ એવી શ્રદ્ધા પ્રકટાવી છે કે જનતા નિરાશ ન થાય.

'મૂછનો દોરો ફૂટ્યો ન હોય તેવા સંતો વિરક્તિનો ભાવ લઈને સંપ્રદાયમાં નીકળે છે અને જળકમળવત્ રહેવાય તેવી સાધના કરે છે. તેવા સંપ્રદાય પાસે હિંદુસ્તાનને અને દુનિયાને ઘણી આશાઓ છે.'

જાનત પ્રીતકી રીત

અમદાવાદમાં સત્સંગ ઘણો જ વધી રહ્યો હતો. તેમાંય આ વખતે તો

દર્શનાર્થીઓની ભીડે માઝા મૂકી હતી. તેથી સ્વામીશ્રીને મળવું હોય અને બે-પાંચ મિનિટ નિરાંતે વાત કરવી હોય તોપણ સમય ન મળે તેવી પરિસ્થિતિ હતી. હજારો હરિભક્તો દર્શને આવતા-જતા. આથી મંદિરના વયોવૃદ્ધ કોઠારી ભક્તરાજ બબુકાકાના અંતરમાં વ્યથા હતી કે આ ભીડમાં સ્વામીશ્રીનો અંગત લાભ આપણને મળશે નહીં !

એવામાં સ્વામીશ્રીએ એક દિવસ કોઠારી બબુકાકાને સામેથી કહ્યું : 'મારે આસને આવજો.'

સ્વામીશ્રીએ આપેલા સમય પ્રમાણે બબુકાકા ગયા. એટલે સ્વામીશ્રી ઊભા થઈ ગયા અને બોલ્યા : 'તમે શાસ્ત્રીજી મહારાજની બહુ સેવા કરો છો, તો આવો મળીએ.'

એકાએક મળેલી આ સુખપ્રાપ્તિથી બબુકાકાને આનંદનો પાર ન રહ્યો. જાણે સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ મળ્યા હોય તેવો લાભ મળ્યો. સ્વામીશ્રી ત્રણ સુખ – દર્શન, પ્રસાદી અને વાતુનાં તો હંમેશાં આપતા, પણ ચોથું સુખ 'મળવાનું' આપીને બબુકાકાને પ્રેમમાં તરબોળ કરી દીધા !

સવારે સ્વપ્ન-દર્શનની વાત કરતાં કહે : 'એક ગામમાં ગયા હતા. પછી મેં કણીદાર લાડુ બનાવ્યા. પહેલાં મુઠિયા તળીને, પછી વરાળ નીકળી જાય તે પછી ખાંડીને, ચોખ્ખું ઘી નાખીને, કણીદાર સરસ લાડુ બનાવ્યા. પહેલાં ઠાકોરજીને થાળ ધરાવીને બધાને જમાડ્યા. પછી પ્રમુખસ્વામી, મહંત સ્વામી અને સંતો બહાર પધરામણીએ ગયા હતા તે આવ્યા, એટલે એમને જમવા બેસાડ્યા. પ્રમુખસ્વામીને અને મહંત સ્વામીને એક એક લાડુ પીરસ્યો. પછી સારો લાગ્યો તે બીજો પા લાડુ લીધો.'

ગુજરાતના નૂતન પાટનગરને શુભાશિષ

તા. ૬-૮-'૭૦ના ગુરુવારે સ્વામીશ્રી અને સર્વ સંતો તથા હરિભક્તો ૨૦ મોટરકારો લઈ સાંજે ગુજરાત રાજ્યની નવી રાજધાની ગાંધીનગર પધાર્યા હતા. માનનીય બાબુભાઈ જશભાઈ પટેલ તથા ગાંધીનગરના મુખ્ય આર્કિટેક્ટ મેવાડા સાથે સ્વામીશ્રી તમામ સ્થળોએ મોટરકારમાં ફર્યા. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈના આમંત્રણથી તેમને બંગલે પણ પધાર્યા હતા.

અહીં હિતેન્દ્રભાઈએ સ્વામીશ્રીને કહ્યું કે 'બાપા ! ગુજરાતનું પાટનગર ગાંધીનગર નક્કી કર્યું છે, તો તેનો પાટનગર તરીકે સર્વ પ્રકારે વિકાસ થાય

તેવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'ગાંધીનગર સારું પાટનગર થશે. લોકોને શાંતિ રહેશે અને લોકોમાં ધર્મની ભાવના રહેશે.'

થોડા સમયમાં રાજદ્વારી ફેરફારો થયા અને લોકોમાં પાટનગર તરીકે ગાંધીનગર રહેશે કે કેમ તેની શંકા થવા લાગી, કારણ કે સરકારમાં બે-ત્રણ વાર પલટો આવ્યો અને એક વાર તો ગુજરાત ઉપર રાષ્ટ્રપતિ શાસન પણ લાદવામાં આવ્યું.

પરંતુ મોટાપુરુષના આશીર્વાદ કદી મિથ્યા થતા નથી. ગુજરાતના પાટનગર તરીકે ગાંધીનગર જ નક્કી થયું, જેનો સર્વ પ્રકારે વિકાસ થઈ રહ્યો છે.

સાથે સાથે સ્વામીશ્રીએ મુખ્યમંત્રીને આશીર્વાદ આપ્યા હતા કે 'આ વખતે ગુજરાતમાં ૩૨ આના વરસ થશે.' તે રીતે ખૂબ જ વરસાદ સારાય ગુજરાતમાં થયો ને મબલખ પાક ઊતર્યો.

'અક્ષરધામ'નો સંકલ્પ

ગાંધીનગરના વૉટર વર્કસમાં બાબુભાઈ સ્વામીશ્રીને ખાસ લઈ ગયા હતા. સ્વામીશ્રીએ અહીં પ્રસાદીનાં પુષ્પો છાંટ્યાં હતાં. હાલ જ્યાં 'અક્ષરધામ' છે ત્યાં જૂનો વડલો છે, તે સ્થળ ઉપર બાબુભાઈ સ્વામીશ્રીને લાવ્યા અને જણાવ્યું કે 'આ વડલો ને આ સ્થળ પ્રાચીન લાગે છે. તો આપ જરૂરથી અહીં મંદિર કરો.'

તે સ્થળે વડલા નીચે બેસી, સ્વામીશ્રીએ સંતો-હરિભક્તો સાથે મંદિર માટે શુભ સંકલ્પ કરી ધૂન કરી અને 'અક્ષરધામ'ની ભૂમિ ઉપર બધે ફરી પુષ્પો છાંટ્યાં. આમ, સ્વામીશ્રીએ પાટનગરની ભૂમિને તીર્થત્વ અર્પ્યું.

તા. ૯મીએ સવારે પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે બોલતાં જસ્ટીસ દીવાન સાહેબે કહ્યું હતું કે 'બીજાને સુખ થાય એમ કરતાં પોતાને દુઃખ વેઠવું પડે તોપણ વેઠીને વર્તવું એ સાધુનો માર્ગ છે. સ્વામીશ્રી એ રીતે વર્તે છે.'

લગભગ ૧૦,૦૦૦ જેટલા મુમુક્ષુઓએ પૂર્ણાહુતિ પ્રસંગે લાભ લીધો. અદ્‌ભુત પારાયણ થઈ. ગુજરાતના હજારો હરિભક્તોએ લાભ લીધો.

પૂર્ણાહુતિ પછી સ્વામીશ્રી આફ્રિકાથી સાધુ થવા આવેલા યુવકો સાથે બપોરે ૧-૦૦ વાગે બેઠા. સૌને બળભરી વાતો કરી આશીર્વાદ આપતાં કહે : 'આપણે દેહ નથી, આપણું ગામ નથી, આપણી કોઈ જાત નથી. 'બ્રહ્મ અમારી

જાત.' આફ્રિકામાં કોઈ મરતું નથી ? મરે છે. માટે આપણે આફ્રિકામાં જન્મ્યા છીએ તેમ ન માનવું. સાધુ ભેગા જ જન્મ્યા છીએ તેમ માનવું. જ્ઞાને કરીને બધું ટાળી દેવું. તમને રાજગાદી દીધી છે તો રાજી થાવું. આ તો સ્વાર્થી દુનિયા છે.'

આફ્રિકાથી સાધુ થવા આવેલા ૧૮ યુવાનો મુંબઈથી જ સ્વામીશ્રી સાથે વિચરણમાં હતા. મુંબઈમાં જ સ્વામીશ્રીએ તેમને દરેકને ધોતિયાં તથા કૌપીન આપ્યાં હતાં અને તે પહેરવા આજ્ઞા કરી હતી. સાથે ભેગું કરીને જમવા માટે પિત્તળની તાંસળી ને લોટો પણ આપેલાં. સૌ યુવકોનો ઉત્સાહ અનેરો હતો. સ્વામીશ્રીએ આપેલાં જાડાં ધોતિયાં તેઓ ઉમંગથી પહેરતા. મંદિરોમાં સેવા કરતા. અને સાંપ્રદાયિક પ્રણાલી તથા ઇતિહાસનો અભ્યાસ પણ સંતો પાસે કરતા. એ જવાબદારી સોંપતાં સ્વામીશ્રી મને કહે : 'ઈશ્વર સ્વામી બધાના માસ્તર. નવા યુવકોને બધું શીખવાડે, ને તેમનું ધ્યાન પણ રાખે.'

વિચરણમાં વખતોવખત સ્વામીશ્રી તેમને સૌને પાસે બેસાડી સાધુ થવાની બળભરી વાતો કરતા.

અક્ષર ઓરડી તુલ્ય ગૌરવ

ઠાકોરજી જમાડીને કથા કરી. પછી આરામ કરવા પધાર્યા ત્યારે કહે : 'આપણે આંબલી પોળ જવું છે. તે સંદેશો કહેવરાવજો.'

બપોરે મંદિરમાંથી હજારો હરિભક્તોની ભાવભીની વિદાય લઈ નીકળ્યા. આંબલી પોળ જતાં રસ્તામાં કહે :

'મારે ગુરુના (શાસ્ત્રીજી મહારાજના) સ્થાને જવું જ જોઈએ. ગયા વગર કેમ ચાલે ? તમે જઈ આવ્યા. મને કહ્યું પણ નહિ. એ આપણું મુખ્ય સ્થાન છે. જેવી ગઢડામાં અક્ષર ઓરડી, તેવું જ આ સ્થાન છે. અહીંથી બધાં મંદિરો થયાં.' એમ શાસ્ત્રીજી મહારાજના આદિ પ્રસાદી સ્થાન આંબલી પોળનો ઘણો મહિમા કહ્યો.

વળી કહે : 'સારંગપુરમાં નવો ઓરડો કર્યો છે. તે એમાં પહેલાં ઠાકોરજીને પધરાવજો ને પછી અમે એમાં રહેવા જઈશું. એમનેમ ન જવાય.'

આંબલી પોળમાં શાસ્ત્રીજી મહારાજનો પ્રસાદીનો ઓરડો અને ઢોલિયાનાં દર્શન કર્યાં, આરતી કરી, દંડવત્ કર્યા. પછી જૂની સ્મૃતિ કરી, ચંપકભાઈ શેઠને ઘરે પધાર્યા. રસ્તામાં મોટરમાં કહે : 'અહીં (શેઠના ઘરે) શાસ્ત્રીજી મહારાજ ૧૨ દિવસ રહેલા. મહાપ્રસાદીનું સ્થાન.'

ત્યાં પહોંચ્યા. પ્રસાદીના ઓરડામાં ઠાકોરજીની આરતી વગેરે કરી,

સારંગપુર જવા નીકળ્યા.

વાસણા તથા બાવળા હરિભક્તોને દર્શન આપી, રાત્રે ૮-૩૦ વાગે લીંબડી રામજીભાઈને ત્યાં પધાર્યા.

આનંદમાં ઝૂલતા ઝાલાવાડી ભક્તો

તા. ૧૦મીએ સાંજે, નૌકા આકારના સુંદર રથમાં ઠાકોરજી સહિત સ્વામીશ્રીને પધરાવી ડંકા, નિશાન, ઘોડેસવારો, બૅન્ડ, ભજન મંડળીઓ વગેરે સાજ સાથે અભૂતપૂર્વ શોભાયાત્રા લીંબડીના રાજમાર્ગો ઉપરથી નીકળી. નગર-યાત્રાનો સમગ્ર માર્ગ કમાનો અને તોરણોથી શણગાર્યો હતો. આખું ઝાલાવાડ હિલોળે ચડ્યું હતું. વર્ષોથી જે પુરુષે ઝાલાવાડના ગામડે ગામડે ફરીને હરિભક્તોની સેવા કરી સત્સંગનું પોષણ કર્યું હતું, તે સ્વામીશ્રીને વધામણી આપતાં ઝાલાવાડી ભક્તોનો આનંદ સમાતો નહોતો. લીંબડીની બજારોમાં હૈયેહૈયું દળાતું હતું, એવો માનવ મહેરામણ ઊમટ્યો હતો.

નગરયાત્રા સ્થાનકવાસી જૈન બોર્ડિંગમાં વીરમી. અહીં સભા પ્રસંગમાં શહેરની અનેક સંસ્થાઓના અગ્રણીઓએ સ્વામીશ્રીનું પુષ્પહારથી સ્વાગત કર્યું. સંતો-હરિભક્તોનાં પ્રવચનો બાદ સ્વામીશ્રી આશીર્વાદ આપી રહ્યા હતા ત્યારે વરસાદનાં છાંટણાં શરૂ થયાં. સ્વામીશ્રી કહે : 'આ સ્વાગત અમારું નથી. અમે તો પોટલાં ઉપાડનારા, અને ઝોળી માગનારા છીએ. આ તો શ્રીજીમહારાજનું સ્વાગત છે.' એમ કહી સૌરાષ્ટ્રમાં વરસાદ સારો થાય અને દેશકાળ સારા થાય એવા સભાને આશીર્વાદ આપ્યા.

ભક્તોના સ્વામી પણ સૌના દાસ

નગરયાત્રા પછી રાત્રે ૮-૦૦ વાગે રામજીભાઈને ઘેર એક નિવૃત્ત સ્ટેશન માસ્તર - તદ્દન નવા મુમુક્ષુ - સદાશંકરભાઈ સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા, ને ગદ્‌ગદભાવે બોલ્યા : 'આપ તો હવે યુગપુરુષ છો. આપને વંદન કરવા માટે આવ્યો છું.'

'ના, ભાઈ ના, હું તો દાસ છું.' સ્વામીશ્રીએ ઊભા થતાં સહજભાવે નિખાલસતાથી તુરત જણાવ્યું ને પોતે નવા આગંતુકને દાસભાવે નમી પડ્યા ! દેશ-વિદેશમાં સનાતન ધર્મનો ડંકો વગાડતા સ્વામીશ્રીની અલૌકિક પ્રતિભામાં હજારો મુમુક્ષુઓ આ રીતે અંજાતા ને ઉત્સુકતાથી દર્શને દોડી આવતા.

શોભાવંત સારંગપુર

તા. ૧૧મીએ લીંબડીથી ધંધુકા થઈ, સ્વામીશ્રી સારંગપુર આવવા નીકળ્યા.

સ્વામીશ્રીના આગમન પહેલાં જ વરસાદ વરસી ગયો હતો. દોઢ મહિના પછી પ્રથમ વાર જ મેઘરાજાની પધરામણી થઈ હતી. તેથી વરસાદ ચાલુ હતો. હરિભક્તો રસ્તામાં ઠેર ઠેર સ્વામીશ્રીનાં દર્શન માટે એકઠા થઈ જતા હતા. ઝાલાવાડ ને ગોહિલવાડના હજારો હરિભક્તો સારંગપુર સ્વામીશ્રીના સ્વાગત માટે આવ્યા હતા. પાદરમાં જ સંતસ્વામીએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ફૂલહાર કર્યા ને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રી પણ એકદમ ઊભા થઈ ગયા ને કહે : 'મને દંડવત્ કરવા દ્યો.'

પછી અદ્ભુત નગરયાત્રા નીકળી. ગાડા ઉપર મયૂરાકારની સુંદર શોભા કરી રથ સજાવ્યો હતો. કાઠિયાવાડી છ બળદની શણગારેલી જોડ રથને ખેંચતી હતી. ભજન મંડળીઓ, બૅન્ડ તથા કાઠિયાવાડી ઘોડેસવારો ઘોડા ખેલવતાં શોભાયાત્રામાં સ્વામીશ્રીને વધામણી આપતા હતા. શ્રીજીમહારાજના સમયમાં જેમ કાઠી દરબારો ઘોડી ખેલવી મહારાજને રીઝવતા, તેવો અદ્ભુત દેખાવ થયો હતો. સ્વામીશ્રીના આગમનથી આજે 'શોભાવંત સારંગપુર' વચન સત્ય થયું હતું.

વાજતે-ગાજતે સ્વામીશ્રી પુરમાં થઈને મંદિરે પધાર્યા. મંદિર પ્રથમ વાર રંગરોગાનથી અને રોશનીથી સુંદર સુશોભિત કરવામાં આવ્યું હતું, તેનું ઉદ્ઘાટન કર્યું. દર્શન કરી, મંદિરનું રંગકામ તથા ચાંદીનાં કમાડ નિહાળ્યાં, પછી સભામંડપમાં પધાર્યા. અહીં સ્વાગત પ્રવચનો થયાં.

યોગીબાપા આવ્યા જગમાં પ્રેમથી

પછી આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે :

'સ્વામીને અતિ પ્રિય સ્થાન. સ્વામી અહીં અખંડ રહેતા. અખંડ સૌને સુખ આપતા. સમાધિ સ્થાન પણ અહીં થયું. રંગરોગાન અને સોનાનું સિંહાસન સંતસ્વામી અને પ્રમુખસ્વામીના પ્રતાપે થયું.

'રંગકામ થયું છે, તે નીરખીને પછી જોઈશું. માનસી પૂજામાં કામ આવશે !'

પછી કહે : 'સંતસ્વામી ઠેઠ સડક સુધી સામા આવ્યા. (અમને) ગાડામાં (રથ) બેસાડ્યા. તમે કેમ આ બધું કર્યું ?'

એટલે સંતસ્વામી બોલ્યા : 'તમે દૂર દેશથી આવ્યા એટલે કરવું પડે ને !'

'બધા કહે છે - દૂર દેશથી આવ્યા છો, પણ અમે તો અક્ષરધામથી આવ્યા છીએ. તે ક્યાં દૂર દેશ છે ? આ બધું શાસ્ત્રીજી મહારાજનું સન્માન છે. અમારું સન્માન અમે માનતા નથી !' સ્વામીશ્રી અચાનક બોલી ગયા. આવા પર-ભાવના શબ્દો મહારાજ જ પોતાના સંતમાં રહીને બોલી શકે.

સ્વામીશ્રી માટે નવો ઉતારો બનાવ્યો હતો ને સૌ પ્રથમ ઠાકોરજીને તેમાં પધરાવી, સ્વામીશ્રી ઉતારામાં આરામ કરવા પધાર્યા.

બપોરે ૨-૦૦ વાગે નૈરોબીવાળા હર્ષદ રાણાના મોટાભાઈ કનુભાઈ રાણાએ રાજકોટમાં મકાન બાંધ્યું હતું, તેના અનુસંધાનમાં સ્વામીશ્રીને પૂછ્યું : 'આ મકાનનું નામ શું રાખવું ?'

'યોગી ભુવન' રાખો, વાંધો નહીં.' સ્વામીશ્રીએ સ્વમુખે નામકરણ કરી આપ્યું.

એ જ રીતે ગોંડલના ટપુભા ઝાલા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને જણાવ્યું હતું કે 'તમારા મકાનનું કામ જલદી પૂરું કરજો, અમે પગલાં કરવા આવશું.' એમ સામેથી લાભ આપવા જણાવ્યું. જો મકાન પૂરું થયું ન હોત તો ભવિષ્યમાં એમનાં પગલાં થવાનાં જ નહોતાં એ ભાવિનો ખ્યાલ ટપુભાને પાછળથી આવ્યો. અને સ્વામીશ્રીની અનહદ કૃપા બદલ મનોમન કૃતજ્ઞ થયા.

મહારાજને મારી અરજી કરજો

વળતે દિવસે બપોર પછી સ્વામીશ્રી ગામમાં તથા જૂના મંદિરમાં પ્રસાદીનાં સ્થાનોએ દર્શને પધાર્યા હતા. જૂના મંદિરમાં બ્રહ્મચારીના આશ્રમના મેડે ધોલેરાના એક વૃદ્ધ સંત - સ્વામી હરિનારાયણદાસ ઘણા સમયથી માંદા હતા. તેમને જોવા સ્વામીશ્રી દર વખતે પધારતા. આ વખતે પણ સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તો સાથે તેમને મળવા ગયા. તેઓ બહુ રાજી થયા ને સ્વામીશ્રીને કહે : 'તમે બહુ દયા કરી, દર્શન દેવા પધાર્યા. મારી એક વિનંતી છે. તમારે ને મહારાજને એકાત્મભાવ છે. તો તમે મહારાજનાં દર્શન કરો ત્યારે મારી અરજી કરજો કે મને મહારાજ ધામમાં લઈ જાય.'

જૂના સંતોને પણ સ્વામીશ્રી પ્રત્યે કેટલો દિવ્યભાવ હતો તે સૌએ જાણ્યું. સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા. પછી સૌ હરિભક્તો પાસે તેમની સેવા કરાવી ત્યાંથી વિદાય લીધી.

વચનામૃત તથા હરિલીલાકલ્પતરુની પારાયણ શરૂ થઈ.

તા. ૧૩મીએ વચનામૃતનું પારાયણ ચાલતું હતું. તેમાં આત્મબુદ્ધિ અને પ્રીતિની વાત આવી, ત્યારે સ્વામીશ્રીએ સમજાવતાં કહ્યું :

'આત્મબુદ્ધિ વ્યવહારમાં હોય છે એવી. વ્યવહારમાં બોલવું-ચાલવું પડે, પણ મન નોખું પડતું નથી. ભેગા ને ભેગા. તે આત્મબુદ્ધિ. અને પ્રીતિ તો તેથી અધિક. પ્રીતિ એટલે દિવ્યભાવ, રહેવાય નહિ. ગોપીઓનાં હાડકાં 'કૃષ્ણ, કૃષ્ણ' કરતાં. સચ્ચિદાનંદ સ્વામીને રૂંવાડે રૂંવાડે લોહીના ટશિયા ફૂટતા, તે પ્રીતિ.'

આજે મને ટાઢું થયું

તા. ૧૬મીએ નિત્ય વિધિથી પરવારી, સ્વામીશ્રી દેરીએ દર્શન કરવા પધાર્યા. હરિભક્તોની ભીડ ખૂબ જ હતી. મોટરમાં પાછા ફરતા હતા ત્યારે સ્વામીશ્રી કહે : 'આજે મને ટાઢું થયું. શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ સિદ્ધ થયો. એકવીસ વર્ષે સિદ્ધ થયો. મને શાસ્ત્રીજી મહારાજ કહીને ગયા હતા કે તમે આ ધર્મકુળનું સોનાનું સિંહાસન કરાવજો. તે આજે એમનો સંકલ્પ સિદ્ધ થયો.'

યજ્ઞનો પ્રારંભ કરીને પોતે ગામના પાદરમાં પાણીની ટાંકીનું ખાત કરવા પધાર્યા. વરસતા વરસાદમાં વિધિ કર્યો. સ્વામીશ્રીએ ટાંકી માટે એક હજાર રૂપિયાનું દાન જાહેર કરાવ્યું. ગામલોકોનો ઉત્સાહ ઘણો હતો. તેમણે સ્વામીશ્રી આગળ જાહેર કર્યું કે આ ટાંકીનું નામ અમે 'યોગી વારિગૃહ' રાખવાના છીએ.

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજનું નામ રાખો.' તેથી 'યજ્ઞપુરુષ વારિગૃહ' નામ રાખવાનું નક્કી થયું. અહીંથી મંદિરે પધાર્યા.

ઘણાં વર્ષોથી સ્વામીશ્રી કહેતા કે મને શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં ધર્મકુળની મૂર્તિઓનું સિંહાસન સોનાનું કરવાની આજ્ઞા કરી હતી. મુંબઈમાં શાસ્ત્રીજી મહારાજે આ સેવા વજુભાઈ શેઠને કરવા પ્રેરણા આપી હતી. તે વાતને વર્ષો વીતી ગયાં. શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ થયો ન હતો. તેની સ્વામીશ્રીને ચિંતા હતી. તેથી પરદેશ જતાં પહેલાં મુંબઈમાં સ્વામીશ્રીએ વજુભાઈ શેઠને બોલાવી આ સેવા કરવાની યાદી આપી. સાથે મુંબઈના હરિભક્તોને પણ સહકાર આપવા જણાવ્યું. જેથી કાર્ય જલદી સિદ્ધ થાય. તે માટે પોતે આદેશ આપ્યો કે 'આફ્રિકાથી પાછા ફરતાં સારંગપુરમાં અમારે ધર્મકુળની સોનાના સિંહાસનમાં આરતી ઉતારવી છે.' રાજકોટના કારીગર પ્રીતમલાલ સોનીને તથા મુંબઈના હરિભાઈ સોનીને સ્વામીશ્રીએ તે માટે ખાસ ભલામણ કરી.

સ્વામીશ્રીના આનંદનો પાર નહોતો. શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂરો થયો હતો. સ્વામીશ્રીએ મુંબઈથી ખાસ વજુભાઈ શેઠ, મગનભાઈ ખત્રી, વજુભાઈ ખત્રી વગેરે હરિભક્તોને સ્પેશિયલ ડબ્બો કરીને તેડાવ્યા હતા. યજ્ઞમાં ૧૧ યજમાનો બેઠા હતા. અને સ્વામીશ્રીએ મુંબઈના હરિભક્તો સાથે બરાબર ૧૧-૩૦ વાગે ધર્મકુળની સુવર્ણના સુશોભિત સિંહાસનમાં આરતી ઉતારી હતી. સર્વત્ર જયજયકાર થઈ ગયો. આજે આખા ગામે તથા હજારો હરિભક્તોએ મંદિરમાં મહાપ્રસાદ લીધો હતો.

મુંબઈના વજુભાઈ શેઠ દ્વારા એકલા આ સેવામાં પહોંચી વળાય તેમ નહોતું. તેથી સ્વામીશ્રીએ મુંબઈના મગનભાઈ ખત્રીને આ સેવામાં ભળવા કહ્યું. તેમણે સ્વામીશ્રીની રુચિ જાણીને રાજી થઈને મોટી સેવા આપી. સ્વામીશ્રીએ તેમને આ વખતે પોતાની સાથે રાખીને વીસ દિવસ અલૌકિક સુખ આપ્યું.[૨૩]

આ વખતે સ્વામીશ્રીની પ્રેરણાથી બરવાળાથી સારંગપુરની પાકી સડક પણ બાબુભાઈ જશભાઈના સહકારથી તૈયાર થઈ ગઈ હતી. તેમજ શાંતિકુમાર રાજાના સહકારથી સારંગપુર ગામમાં વીજળીનું નવું જોડાણ પણ મળી ગયું હતું. જેનું ઉદ્‌ઘાટન ધંધુકા તાલુકા પંચાયતના પ્રમુખ ગુલાબભાઈના અધ્યક્ષપદે સ્વામીશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

બીજે દિવસે ૫-૦૦ વાગે સ્વામીશ્રી ઊઠ્યા ત્યારે પરસેવાથી ઓઢવાની સોડ ભીની થઈ ગઈ હતી. તે બદલાવતાં સ્વામીશ્રી કહે : 'મનેય ગરમી લાગે છે, પણ જો ઓઢું નહિ તો ઊંઘ ન આવે. ગરમી થાય પછી જ ઊંઘ આવે.'

શ્યામચરન અહોનિશ અનુરાગી

હરિપ્રકાશ સ્વામી વગેરે સંતોએ દેવા ભગત સાથે મળીને છ બારણાંનો સુંદર હિંડોળો રંગમંડપમાં તૈયાર કરીને ગોઠવ્યો હતો. નિત્ય વિધિથી પરવારી,

૨૩. ભાદરા(ગુણાતીતનગર)ની મૂર્તિપ્રતિષ્ઠાના સમૈયે પણ મગનભાઈની મોટી સેવા લીધી હતી. તે સમયે મગનભાઈના પુત્ર હરિકૃષ્ણ અને વજુભાઈના પુત્ર મહીપત બન્ને ભાદરા ગયેલા. સ્વામીશ્રીએ તેમને યજ્ઞમાં બેસાડેલા. બન્ને ઉંમરમાં તદ્દન નાના. સ્વામીશ્રીની આજુબાજુ બન્ને બેઠેલા. સર્વે હરિભક્તોને નવાઈ લાગી. એક હરિભક્તે તો સ્વામીશ્રીને પૂછ્યું પણ હતું : 'બાપા ! આ બે નાના છોકરા એકલા બેસશે ?'
સ્વામીશ્રીએ કહેલું : 'હા, ખીસામાં સોપારી રાખીને બેસશે.' એમ મગનભાઈના કુટુંબ ઉપર પણ ખૂબ રાજીપો બતાવ્યો હતો.

મંદિરમાં આરતી ઉતારી, સ્વામીશ્રી રંગમંડપમાં દર્શને પધાર્યા. સંતોએ હિંડોળામાં સ્વામીશ્રીને બિરાજવા પ્રાર્થના કરી. સ્વામીશ્રી કહે : 'આવું ન કરવું.' એમ કહી બેઠા નહિ. જ્યારે સંતોએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રી ઠાકોરજીને પધરાવીને બિરાજ્યા. આસપાસ સંતો-હરિભક્તોની દર્શનને માટે ભીડ જામી હતી.

સ્વામીશ્રી તો માળા ફેરવતા હતા. ને હિંડોળો ગોળગોળ તથા આગળ-પાછળ એમ બધી રીતે ફરતો હતો. જે તરફ હિંડોળો ફરે તે તરફ બેઠેલા સંતો-હરિભક્તોને સ્વામીશ્રી પગે લાગે. સૌને રાજી કરવા ને દર્શનનું સુખ આપવા થોડી વાર બિરાજ્યા. એટલામાં અંદરથી જ પુષ્પવૃષ્ટિ થઈ. તેથી સ્વામીશ્રી ઉપર-નીચે, આસપાસ જોવા લાગ્યા. પછી પ્રમુખસ્વામીને બેસાડવા માટે બહુ આગ્રહ કર્યો. રમણભાઈ શેઠ ઊભા થઈને પ્રમુખસ્વામીને ખેંચવા લાગ્યા, પણ તેઓ ઊભા ન થયા. સ્વામીશ્રી પ્રત્યેના અતિ દાસત્વભાવને લીધે પ્રમુખ-સ્વામીની આંખમાં અશ્રુ આવી ગયાં. તેથી સ્વામીશ્રીએ સંતસ્વામીને બોલાવ્યા. તેઓ પણ આવવા તૈયાર ન હતા; પણ જ્યારે ગળે હાથ મૂકીને પોતાની લાક્ષણિક શૈલીમાં સ્વામીશ્રીએ બહુ આગ્રહ કર્યો, ત્યારે તેઓ હિંડોળા ઉપર જરા જેટલા બેઠા. એટલે સ્વામીશ્રીએ તેમનો હાથ ખેંચીને તેમને બરાબર સરખી રીતે પોતાની પાસે બેસાડ્યા. સંતો સાથે ખેંચતાણ કરતા સ્વામીશ્રીનું આ દર્શન ખૂબ જ અલૌકિક અને આનંદદાયક હતું. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપતાં કહ્યું કે 'આવું ન કરવું, આ તો સંતોએ દાખડો કર્યો તેથી બેઠા.'

પછી કહે : 'ગુણાતીતાનંદ સ્વામીના પ્રસાદીના ઠાકોરજીને ઝુલાવીએ.' એમ કહી એકલી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને હિંડોળામાં પધરાવી, પોતે હિંડોળાને ગોળગોળ ફેરવવા લાગ્યા. પછી હિંડોળાને પ્રદક્ષિણા કરી દંડવત્ કર્યા, ત્યારે સૌને એમની પ્રત્યક્ષ ભક્તિનાં દર્શન થયાં. અને ઠાકોરજીને પધરાવી રાખવા આજ્ઞા કરી, પોતે દેરીએ પધાર્યા.

સવારના કથા પ્રસંગ પછી આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'બધાને જમાડવા. ને રોટલા આપશું તો ખૂટશે નહિ. અમે ઝોળી માંગશું.'

'બાપા ! આપના પ્રતાપે ઢગલા થાય છે.' કોઈએ કહ્યું

ત્યારે સ્વામીશ્રી કહે : 'એમાં શું ? અત્યાર સુધી અમે ઝોળી જ માગી છે. આ હવે અમને ગાદીએ બેસાડ્યા તો બેઠા, ને કહે - હાલો, તો હાલીએ. એમ બધા કહે એમ કરીએ.' વગેરે ઘણી વાતો કરી, સૌને સેવા-ભક્તિ અને સરળતાનું દર્શન કરાવ્યું.

શ્રીહરિના વચનનું રહસ્ય

બપોરની કથામાં વરતાલનું ૧૬મું વચનામૃત વાંચ્યું. તેમાં મહારાજે કહ્યું છે કે 'અમારે કાંઈ સત્સંગ વધારવાનો ઈશક નથી.' તે ઉપર કોઈએ પ્રશ્ન પૂછ્યો એટલે તેનો ખુલાસો કરતાં સ્વામીશ્રી કહે : 'આ તો મહારાજે શોભારામ શાસ્ત્રીને રુચે એવો ઉત્તર કર્યો. બાકી ગ.મ. ૫૭માં મહારાજે સત્સંગ વધારવા માટે વાત કરી છે.' આ રહસ્ય સત્પુરુષ વગર કોણ સમજાવી શકે ?

બપોરે સુરતના એક હરિભક્ત જઈ રહ્યા હતા. ડૉક્ટર સ્વામી તેમને લઈને આવ્યા. સ્વામીશ્રીને કહે : 'આમને નિર્વ્યસનિક થવાના આશીર્વાદ જોઈએ છે.'

સ્વામીશ્રી એકદમ આશ્ચર્યવત્ તેમના સામું જોઈ રહ્યા ને બે વાર બોલ્યા : 'એમ, નિર્વ્યસનિક થવું છે !' રાજી થઈને આશીર્વાદ આપ્યા. કારણ, મોટાપુરુષ પાસે સૌ જાતજાતનું માગે, પણ નિર્વ્યસનિક થવાનું કોઈ માગે નહિ. જે વેપાર માટે મોટાપુરુષ આ લોકમાં પધાર્યા છે, એના ઘરાક મળે તો સ્વાભાવિક એમને આનંદ થાય જ ને !

તા. ૧૮મીએ સ્વપ્ન-દર્શનની વાત કરતાં કહે :

'આજે ગોંડલનાં દર્શન થયાં. આફ્રિકાના કોઈ હરિભક્ત મોટર લઈને આવ્યા હતા. તે અમે એમની મોટરમાં ગોંડલ ગયા. ને પછી અક્ષર દેરીનાં દર્શન કર્યાં. અક્ષરપુરુષોત્તમની મૂર્તિને હેઠે ગુણાતીતાનંદ સ્વામી અને ચરણારવિંદનાં દર્શન થયાં. બહુ શોભા હતી. ગુલાબ ને મોગરાના ઢગલા હતા. પછી ઉપર ઘનશ્યામ મહારાજનાં દર્શન કર્યાં. તે ત્રિકમભાઈએ કરાવેલા વાઘા પહેર્યા હતા. પીતાંબર પહેર્યું હતું. ને છડી ને મુગટ શોભતાં હતાં. તે થયું કે શાસ્ત્રીજી મહારાજે કેવી દયા કરી, આવી મોટી મૂર્તિ અહીં પધરાવી. પછી અક્ષરપુરુષોત્તમ ને નાની મૂર્તિઓનાં દર્શન કર્યાં. એમણે પણ એ જ પોષાક ધારણ કર્યો હતો.

'પછી રામચરણ સ્વામી, બાળમુકુંદ સ્વામી બધા સંતો મળ્યા. રોકાવાનો આગ્રહ કર્યો, પણ અહીં (સારંગપુર) પારાયણ ચાલતું હતું તે કહ્યું : 'જવું પડે.' પછી અહીં આવ્યા, તે પારાયણ ચાલતું હતું. ત્યાં મૂળજી ને યોગેશ્વર આવ્યા. ને આંખ ઊઘડી ગઈ.'

જ્યાં યાચતા ત્યાં જ સન્માન પામતા

આજે સારંગપુરથી ખાંભડા પધાર્યા. ગામના પાદરમાં આખું ગામ

સ્વામીશ્રીનાં દર્શને ઊમટ્યું હતું. અહીં મહારાજનો પ્રસાદીનો પીપળો છે અને પીપળેશ્વર મહાદેવ છે. પીપળા ઉપર મકોડા ઘણા હતા, પણ સ્વામીશ્રી કહે કે ‘ભેટવું છે,’ એમ કહી પીપળાને ભેટ્યા.

પછી નગરયાત્રા નીકળી. ગામમાં પધાર્યા. સભા સારી થઈ ને ઘણા હરિભક્તોએ વર્તમાન ધરાવ્યાં. બાજુમાં રસોડું હતું. ત્યાં ચાલતાં - ગારો ખૂંદીને દૃષ્ટિ કરવા ગયા. સ્વામીશ્રી કહે : ‘અહીં અમે ઘરે ઘરે ફરેલા ને બાર વર્ષ ઝોળી માગેલી. લોટ માગેલો. દસ-દસ દિવસે આવતા. અધમણ ઝોળી થતી. તેનું સામૈયું તે થાતું હશે ? અહીં અમારું સન્માન શાનું હોય ? ક્યાં મેરુ ને ક્યાં શેર ? પહેલાં તો લોટ અહીં ને તાવડી સારંગપુરમાં, એવી અમારી દશા તેદું હતી. સામૈયાની દશા તો જિંદગીમાંય હોય નહીં.’ વગેરે ઘણી વાતો કરી.

સ્વામીશ્રી ખાંભડા પધારવાના હતા તે પહેલાં એક દ્વેષીએ આવીને કેટલોક વિરોધ વહેતો મૂક્યો હતો, પણ તેમનું કશું નીપજ્યું નહીં. હરિભક્તોએ સ્વામીશ્રીને આ વાત કરી ત્યારે સ્વામીશ્રી એટલું જ બોલ્યા કે ‘જ્યાં ભગવાન હોય ત્યાં એનું શું ચાલવાનું હતું ? જ્યાં ગામનાં ગામ તણાતાં હોય ત્યાં એનું શું ગજું ?’

દીક્ષાનાં અદકેરાં મૂલ્ય

પછી સાધુ થવા આવેલા પરદેશના યુવકોને બોલાવી, દરેકને પ્રેમથી રાખડી બાંધી, સ્વામીશ્રી બોલતા જાય :

‘રક્ષે રક્ષે રાખડી, બે ડોડાની કાકડી... કામ, ક્રોધ, મોહથી રક્ષા થાય તે માટે આ રક્ષાબંધન થયું છે. તે સ્મૃતિ માટે છે તે યાદ રાખવું. ઘેર આપણે જાવાનું નથી. મા-બાપ બધું અહીં જ છે.

‘શરદ પૂનમે તમને દીક્ષા આપશું. અબજો પૌંડ છતાં તે દીક્ષા ન મળે જે તમને થોડા સમયમાં મળશે. આ દિવસ યાદ રાખવો.’

ખૂબ ભાવમાં આવી જઈ, આફ્રિકાથી સાધુ થવા આવેલા આ નાનકડા નવજુવાનોને રૂડા આશીર્વાદ આપી, બળ ને પ્રેરણા આપ્યાં. સાથે સ્મૃતિ પણ આપી.

‘આજથી તમારાં મા-બાપ પ્રમુખસ્વામી !’

જ્યારે મૂળ ગાડાના પણ કમ્પાલામાં વસેલા ચંદુભાઈના પુત્ર

યોગેન્દ્રભાઈનો[૨૪] રાખડી બાંધવાનો વારો આવ્યો ત્યારે સ્વામીશ્રી રાજીપાના બે ધબ્બા આપીને કહે : 'શું ? આપણી રક્ષા ભગવાન કરશે ! જુઓ, આજથી તમારાં મા-બાપ, સગાં-સંબંધી બધાં મરી ગયાં ! સંબંધ પૂરો થયો. આજથી તમારાં મા-બાપ - જે કહો તે પ્રમુખસ્વામી છે !'

આ નાનકડા યુવાનોને તે સમયે ક્યાંથી ખ્યાલ હોય, પણ સ્વામીશ્રી પોતાની છત્રછાયા હવે તેમને પ્રમુખસ્વામીરૂપે આપવાના હતા તે વાત સમયે સત્ય ઠરાવી.

આફ્રિકાના છેલ્લા પ્રવાસનો એક વિશિષ્ટ હેતુ એ બની ગયો કે સ્વામીશ્રીએ ત્યાંના મુમુક્ષુ યુવાનોને ભાગવતી દીક્ષા માટે પ્રેર્યા. નાના નાના યુવાનો, જેમાંથી ઘણાએ ભારત દેશ પણ જોયેલો નહિ, ત્યાગી જીવનની કઠિનાઈઓનો જેમને પૂરો પરિચય નહિ, એવા ભાવુક નવલોહિયાઓ સ્વામીશ્રીની આજ્ઞા ઉપર કુરબાન થયા. ઝોળિયાં પારેવાંની જેમ પડતું મૂક્યું. તેમનાં વાલીઓને પણ રાજીખુશીથી પોતાના કુળદીપકોને સ્વામીશ્રીના ખોળે ધરી દીધા.

લંડનના કમલેશભાઈ (અક્ષરવિહારી સ્વામી), યોગેન્દ્રભાઈ (નિષ્કામ-જીવન સ્વામી) અને જયંતીભાઈ (ગોવિંદપ્રસાદ સ્વામી), જિન્જાના ગિરીશભાઈ (અક્ષરપુરુષ સ્વામી) અને સતીશભાઈ (ચૈતન્યસ્વરૂપ સ્વામી), મોમ્બાસાના હરિકૃષ્ણભાઈ (નિરન્નમુક્ત સ્વામી) અને વિહારીભાઈ (ભક્તિ-નંદન સ્વામી) (બન્ને ભાઈઓ) તથા નૈરોબીના ઉપેન્દ્રભાઈ (શ્રીજીસ્વરૂપ સ્વામી) વગેરે નાના યુવાનો દેશમાં આવી પહોંચ્યા.

સ્વામીશ્રીએ સૌને ત્રણ માસ સુધી પોતાની સાથે બધે મંદિરોમાં ફેરવ્યા. પ્રસંગોપાત્ત સ્વામીશ્રી સૌને હેતથી બોલાવતા. સેવાનો લાભ આપતા ને બળની વાતો કરતા. સ્વામીશ્રીની હેત કરવાની રીત પણ અલૌકિક. સમયે સમયે પોતાના આ લાડીલા યુવકોને સંભારે, ખાવા-પીવા-રહેવાની દેખભાળ રાખે. કોઈને જરાપણ અગવડ ન પડે એવી માવજત કરે. નાનકડા ઉપેન્દ્રને ગોંડલમાં સ્વામીશ્રી પોતાની સાથે જમવા બેસાડે. કોઈ વાર જમવાના સમયે હાજર ન હોય તો એની થાળી રાખી મુકાવે. આવી સંભાળ લઈ સ્વામીશ્રી પોતાને માટે ન્યોછાવર કરનાર આ નાનકડા યુવાનોને અનેક પ્રકારે સુખ આપતા.

તા. ૨૦મીએ સ્વામીશ્રી નિત્યકર્મથી પરવારી, પૂજા કરીને સભામંડપમાં શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં દર્શન કરવા પધાર્યા. અહીં ઢોલિયા ઉપર

---

૨૪. હાલ, સાધુ નિષ્કામજીવનદાસ.

શાસ્ત્રીજી મહારાજની સૂતેલી મૂર્તિ હતી. સ્વામીશ્રી તેનાં દર્શન કરતા હતા. એટલે સાથે ઊભેલા ભક્તોમાંથી કોઈએ પૂછ્યું : 'બાપા ! શાસ્ત્રીજી મહારાજ શું કહે છે ?'

'શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી છે ને કહે છે કે દેશોદેશમાં ડંકો વગાડો.' સ્વામીશ્રીએ હરખાતાં હરખાતાં તુરત જવાબ આપ્યો.

સવારે પારાયણ પ્રસંગમાં વચનામૃત સા. ૧૧મું વંચાતું હતું. તેમાં પ્રશ્ન નીકળ્યો : 'સંત બાહ્ય દૃષ્ટિએ કેમ વર્તે ?'

'જમવાનું ઠાકોરજીને ધરે, કોઈ હાર પહેરાવવા આવે તો ઠાકોરજીને ધરાવે, બધે ઠાકોરજીને આગળ કરે, આ બાહ્ય દૃષ્ટિ છે.' સંતસ્વામીએ ઉત્તર આપ્યો. સ્વામીશ્રીએ તે માન્ય રાખતાં કહ્યું :

'આમાં પાંચ વાનાં (પુરુષાર્થ) કહ્યાં છે. તેમાંથી એકમાં ખામી આવે તો ભગવાનના ધામમાં ન જવાય. આપણે ગૃહસ્થાશ્રમમાં રહ્યા ને પાંચ વાનાં તો ન હોય, તો આપણી શી ગતિ થાય ?

'મહારાજની મૂર્તિ, ગુણાતીત સ્વામીની મૂર્તિ વિના ક્યાંય વૃત્તિ ન રહે તે નિર્વાસનિક.'

શું કાંદો કાઢ્યો ?

બપોરે ૨-૦૦ વાગે કથા પ્રસંગમાં કોઈએ જણાવ્યું કે 'સુરતમાં શાસ્ત્રી હરજીવનદાસે કોઈને કહ્યું હતું કે લંડનમાં જઈ જોગીએ શું કાંદો કાઢ્યો ?'

'મૂર્તિ પધરાવી, એ કાંદો કાઢ્યો !' તુરત સ્વામીશ્રીએ શાંતિથી જવાબ આપ્યો. વળી, વચનામૃત વરતાલ ૧૪મું સમજાવતાં કહે : 'સત્પુરુષનો આશ્રય કરવો એ આ એક જ વચનામૃતમાં છે, કારણ કે સત્પુરુષ અને ભગવાનને એકતા છે.'

સાંજે અક્ષર કુંડે પધાર્યા. સંતો ધુબાકા મારતા હતા તે જોઈ રાજી થયા. એક નાના ભગત તળિયે જઈને પથરો લઈ આવ્યા, તે સ્વામીશ્રીએ આંખે અડાડ્યો. બાજુમાં ઊભેલા રામચંદ્રકાકાની ત્રણ જગ્યાએ સાંધેલી લાકડીને હાથમાં લઈ આંખે અડાડી.

સહનતામાં સૌહાર્દનું શિક્ષણ

રાત્રે ૯-૩૦ વાગે સ્વામીશ્રી ઉતારામાં બિરાજમાન હતા. મુંબઈના એક

યુવક મનસુખભાઈને[૨૫] પ્રવીણે (ભાણાભાઈ) લાફો મારેલો તે ઉપર ફરિયાદ ચાલી. સ્વામીશ્રી કહે : 'આપણે સહન કરવું. ગાલ પ્રસાદીનો થયો – એમ સમજવું. શૂળીનું દુઃખ કાંટે સર્યું એમ સમજવું. સહન કરે તે મોટો.'

એમ કહીને મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનાં નાક-કાન કાપવા બાવો તૈયાર થયો એ વાત કરી. પછી કહે : 'મને કોઈ ત્રણ ધૂંબા મારે તોય નો બોલું. ખમી લઉં. અમદાવાદ મંદિરમાં અમને સાધુએ મારેલા. એક એક ધૂંબો 'ધમધમ' કરતો મારે. હજી સાંભરે છે.'

'બાપા ! એક જ ધૂંબો મારે ?' કોઈએ પૂછ્યું.

'તેને વખત નહીં ને ! લાઇન લાંબી ખરી ને ! બધાને મારવાના હોય. પણ એકે પાર કરે એવો મારે. તે બધું સહન કર્યું. કેરિયામાં અમને મંદિર બહાર ફેંકી દીધેલા. સહન કર્યું તો મંદિરો થઈ ગયાં. મનસુખભાઈ ! તમને એવું તો વાગ્યું નથી ને ?'

સ્વામીશ્રીએ એવી બળની વાત કરી કે ફરિયાદને વાગોળવાનોય સુધ્ધાં વિચાર થઈ શક્યો નહીં. ક્ષમાના પાઠ ભણાવવાની કેવી અનોખી રીત !

તા. ૨૧મીએ ઝમરાળાના હરિભક્તોએ સ્વામીશ્રીનું ભારે સામૈયું કર્યું અને મંદિરમાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી. મૂર્તિપ્રતિષ્ઠા પછી ૧-૪૫ વાગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'અમે અહીં ઝોળી માગતા. મહારાજ ને સ્વામીની ઇચ્છા હોય ત્યાં જ બેસે. 'મારે અહીં બેસવું છે' તો ત્યાં જ બેસે.

'સારંગપુરમાં હનમાનબાપા કહે : 'હું એકલો અહીં બેઠો છું, પણ મારા ગુરુ અક્ષરપુરુષોત્તમ બેસે તો સારું.' તો બેસી ગયા.'

બાદ કારિયાણી દર્શન કરી, લાઠીદડમાં જાહેર સત્સંગ સભા કરી, સ્વામીશ્રી રાતે સારંગપુર પધાર્યા.

વળતી સવારે મંગળ પ્રવચનમાં સ્વપ્નદર્શનની વાત કરતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. એક ગામમાં ગયા હતા તે ઘણા સાધુઓ સાથે હતા. પછી હરિભક્તોએ પાકું સીધું લાવવા કહ્યું. સ્વામી કહે કે 'દાળ-રોટલો લાવો.' પછી મને રોટલા કરવા કહ્યું. મેં દસ, વીસ, પચાસ રોટલા કર્યા. ફુલાવીને દડા જેવા ! એક પડ ઓછું ચોડવી, બીજી બાજુ વધારે ચોડવીને, સગડીમાં નાખીએ, તે ફુલીને દડા જેવા થાય. તે ભાંગીને તેમાં ઘી નાખે. ને

---

૨૫. હાલ, સાધુ સંતચરણદાસ.

સ્વામીએ છાસ ને આદુ-કોથમીર નાખીને અડદની દાળ બનાવી. ને બધાએ બબ્બે વાટકી દાળ પીધી ને રોટલા ખાધા. એવાં દર્શન થયાં.'

એટલામાં નાના વિજ્ઞાનદાસ સ્વામી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. નારાયણ ભગત કહે : 'બાપા ! આ વિજ્ઞાન આવ્યો.'

સ્વામીશ્રી કહે : 'આવ્યા' એમ બોલવું. 'આવ્યો' એમ ન કહેવું. તમે તો આચાર્ય છો ને !'

તા. ૨૩મીએ સવારે નિત્ય વિધિથી પરવારી, પૂજાપાઠ પછી સ્વામીશ્રી મંદિર નીચે રંગમંડપમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં દર્શન કરી રહ્યા હતા. તે વખતે સારંગપુરના યુવક મૂળજીભાઈના પિતાશ્રીને લઈને પ્રમુખસ્વામી સ્વામીશ્રી પાસે પધાર્યા. મૂળજીભાઈ[૨૬] છેલ્લાં બે વર્ષથી સ્વામીની સેવામાં હતા. તેમને સ્વામીશ્રી પાસે ત્યાગી દીક્ષા લેવા ઈચ્છા. તેથી તે અંગે વાત કરતાં પ્રમુખસ્વામી કહે : 'આ મૂળજીના પિતાશ્રી, મૂળજીને ત્યાગી થવા માટે રાજીખુશીથી રજા આપે છે, તો તેમને આશીર્વાદ આપો.'

આશીર્વાદ આપતાં સ્વામીશ્રી એકદમ પ્રસન્નતાથી કહે : 'એમણે આપણને મૂળજી આપ્યા તો ભગવાન એમને અક્ષરધામ આપશે.'

ખરેખર ! મોટાપુરુષની અનુવૃત્તિમાં ભળવાથી કેવો અનહદ રાજીપો મળે છે તે આ સાંભળનાર સૌને સમજાયું.

આજે બોટાદના નગરજનોએ પણ ભારે ધામધૂમથી શોભાયાત્રા કાઢી સ્વામીશ્રીને વધાવ્યા.

દુનિયામાં એક જ સંપ્રદાય રહેશે

અહીં કન્યાશાળાના પ્રાંગણમાં ૧૨-૦૦ વાગે જાહેર સભા યોજાઈ હતી. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'તમે જે આદરભાવ આપ્યો તે સ્વામિનારાયણ ભગવાનનો છે, અમારો નથી. અમે દાસ-ભક્ત છીએ. વાસણ ઊટકનારા છીએ. પણ તમે સ્વામિનારાયણ ભગવાનનું સન્માન કરો છો તે ના ન પાડીએ. તે મોટી સેવા છે.

'૩૨ આના વરસ થાય ને અનાજના ઢગલા થાય તે આશીર્વાદ છે. આફ્રિકા ને લંડનમાં સ્વામિનારાયણ ભગવાનના આશીર્વાદ દીધા. ત્યાં ભગવાન બેસી ગયા. અમેરિકામાં પણ બેસશે. આખી દુનિયામાં વાવટો ફરકી જશે.

---

૨૬. હાલ, સાધુ ધર્મચરણદાસ.

દુનિયામાં આ એક જ સંપ્રદાય રહેશે. 'પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન કરાવવું છે' – આમ ગુણાતીત સ્વામીએ કહ્યું છે. પછી આપણે શું કહી શકીએ ? તે થશે જ.'

સ્વામીશ્રીના આવા ભવ્ય અને દિવ્ય સંકલ્પોમાં તેમની કલ્યાણભાવના અને અક્ષરપુરુષોત્તમની વાત દિગંતમાં પ્રસારવાનો અભૂતપૂર્વ ઇશક ખૂબ તીવ્રપણે અનુભવાતો. ત્યારે તેમના હૃદ્‌ગત અભિપ્રાય પામ્યાનો ઉમંગ સૌનાં હૃદય ભરી દેતો.

મહારાજના હમેલિયા

સાંજે સ્વામીશ્રી ગઢપુર પધાર્યા. અહીં શહેર અને આજુબાજુનાં ગામોની ભાવિક જનતાના મોટા સમુદાયો ઊમટ્યા હતા. ગઢડાની શેરીઓ ભક્તોથી છલકાઈ રહી હતી. ગામમાં પ્રવેશતાં જ હાઈસ્કૂલ પાસે શહેરના અગ્રણીઓએ સ્વાગત કર્યું. જન-સમુદાય બેકાબૂ બની ગયો હતો. આખા શહેરને શણગારવામાં આવ્યું હતું. વેપારીઓએ ઠેર ઠેર સ્વાગત-સૂત્રો ઝુલાવ્યાં હતાં. નિશાન-ડંકા, રાસ મંડળી, ભજન મંડળી તથા ઘોડેસવારોએ શોભાયાત્રાનો અપૂર્વ રંગ જમાવ્યો હતો.

શ્રીજીમહારાજ સન્મુખ કાઠીઓ ઘોડા ખેલવતા, ઘોડાને કુંડાળે કરતા, એવી જ રમત આજે દરબારોએ સ્વામીશ્રીના સુશોભિત રથ સામે માંડી હતી. જ્યાં જુઓ ત્યાં શેરીઓમાં અને અટારીઓમાં, ચોરે અને ચૌટે માણસો જ નજરે પડતા હતા. ગઢડામાં ઐતિહાસિક સામૈયું આજે જોવામાં આવતું હતું.

મંદિરના વિશાળ સભામંડપમાં નગરયાત્રા વીરમી. મંદિરમાં જ સત્કાર સભા રાખવામાં આવી હતી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

'આ ગઢડા શહેર મુંબઈ જેવું થઈ જશે. વીજળી ટ્રેનો આવશે. લાખો માણસો દર્શને આવશે.

'ગ્રામપંચાયતે સ્વાગત કર્યું તે સ્વામિનારાયણ ભગવાન ને દાદાખાચરનું આ સન્માન છે. અમે કર્તા નથી, પણ શ્રીજીમહારાજ ભગવાન કર્તા છે. આપણે તેના હમેલિયા - નોકર છીએ.'

બીજે દિવસે જન્માષ્ટમી ઉત્સવ ઉત્સાહપૂર્વક ઉજવાયો. નાદુરસ્ત તબિયત છતાં રાતે ૧૨-૦૦ વાગ્યા સુધી જાગી ભજન-કીર્તન કરાવ્યાં અને જન્મની આરતી જાતે ઉતારી.

અહીં જૂના મંદિરે તથા લક્ષ્મીવાડીએ પણ દર્શને વારંવાર પધારતા.

જનમભોમકા છે જ નહિ

અહીં નવા સભામંડપમાં અક્ષરનિવાસી કોઠારી હરિજીવનદાસ સ્વામીનો પારાયણ કરવાનો સંકલ્પ હતો તે પ્રમાણે સ્વામીશ્રીએ પારાયણનો પ્રારંભ કરાવ્યો.

બપોરે વચનામૃત ગ.મ. ૫૩ વંચાવતાં સ્વામીશ્રી કહે : 'વૈશાખ મહિનામાં શુભ દિવસે મહારાજે સભા ભરી છે.'

'બાપા ! આપનો જન્મ પણ તે જ મહિનામાં છે.'

'રાખો, રાખો. જન્મભોમકા અમારે છે જ નહિ.'

'તો બાપા ! ધારીમાં પ્રતિષ્ઠા કરવા આવજો.'

'રાખો, રાખો. હરે ! આ વચનામૃતમાં શું કહે છે ?' સ્વામીશ્રી તરત જ કથામાં મગ્ન થઈ ગયા.

તા. ૨૫મીએ સહસ્ર ધરે સૌ સંતો-હરિભક્તો સાથે સ્નાન કર્યું. અહીં કેરાળા ગામની ભજન મંડળીએ રાસ સાથે ભજનો ગાઈ સ્વામીશ્રીને રાજી કર્યા.

સ્વામીશ્રી કહે : 'આ ધરાનો મહિમા કહો.'

'બાપા ! આ ધરો ગંગા જેવો છે.' એક સંતે કહ્યું.

'અરે ! ગંગા તો આના સાંધણમાંય ન આવે !' સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'ગંગામાં તો વામનજીએ એક પગનો અંગૂઠો જ બોળેલો; અહીં તો અવતારના અવતારી શ્રીજીમહારાજ સ્વયં નાહ્યા છે.'

પાછા ફરતાં સ્વામીશ્રી હરિભક્તોના આગ્રહથી માંડવધાર પધાર્યા હતા.

બીજે દિવસે કેરાળાના પ્રેમી હરિભક્તોને ગઢડા બોલાવી જમાડ્યા અને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા.

વળતે દિવસે રાધાવાવ દર્શન કરી, ઉગામેડીમાં માધા પટેલે આપેલી મંદિરની જમીનમાં પુષ્પ છાંટ્યાં. અહીંથી નિંગાળા પધાર્યા. વાજતે-ગાજતે સૌએ સામૈયું કર્યું. ઓઈલ મિલમાં પધરામણી કરી, મહિલા મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા કરી. પુરુષોના મંદિરમાં સભા કરી, રાત્રે ગઢડામાં આવી પહોંચ્યા.

હરિવર અંગોઅંગ મહાલતા, તોય નીરખ્યા પલવાર

તા. ૨૭મીએ સાંજે ગઢપુરમાં નગરજનો તરફથી કન્યા વિદ્યાલયના હૉલમાં દાદાખાચરના વંશજ ભાણાભાઈના પ્રમુખપદે તથા જિલ્લા કલેક્ટર

પંડ્યાના અતિથિવિશેષપદે જાહેર સ્વાગત સભા યોજાઈ હતી. ડૉ. અમૃતભાઈ, તાલુકા પ્રમુખ લક્ષ્મણભાઈ, હકાભાઈ, હર્ષદભાઈ તથા પ્રમુખસ્વામીએ પ્રવચનો કર્યાં બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. સભા બાદ પોલીસ લાઈનમાં ભાગવત-કથામાં હાજરી આપી, અંબાજીના નૂતન મંદિરમાં સંચાલકોની સાથે પધરામણી કરી. પછી કહે : 'લક્ષ્મીવાડીએ દર્શને જવું છે.' એટલામાં તો ઝરમર વરસાદ શરૂ થયો. સ્વામીશ્રી કહે : 'દર્શને તો જવું જોઈએ.'

પછી લક્ષ્મીવાડીએ દર્શને પધાર્યા ત્યારે ઝરમર ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો. છતાં ખુરશીમાં બેસીને બધે ફર્યા. માથે રેકઝીનનો ચોરસો ચાર ખૂણે સંતોએ ટેકવી રાખ્યો હતો, જેથી વરસાદ ન નડે. વરસાદ વેગ પકડતો હતો. વળી, અંધારું થઈ ગયું હતું. તેથી બધાને એમ કે સ્વામીશ્રી સીધા ટેકરા ઉપર આપણા મંદિરે પધારશે. તેથી સાથેના સંતો-ભક્તો સૌ આગળ નીકળી ગયા.

ગામમાંથી પસાર થતાં મોટા મંદિર આગળ ગાડી ધીમી પડાવી સ્વામીશ્રી કહે : 'આપણે અહીં પણ દર્શન કરવાં છે !' હજુ કાલે તો ગયા જ હતા. વળી, વરસાદ મૂશળધાર વરસતો હતો. છતાં સ્વામીશ્રીની ઇચ્છાથી આણંદના શેઠ જીવા ભગતે મંદિરમાં ગાડી વાળી. મંદિરના પ્રાંગણમાં કોઈ ફરકતું નહોતું. આવા વરસાદમાં સ્વામીશ્રીને ખુરશીમાં ઉપર લઈ જવા એ કસોટી હતી. કારણ, મંદિરનાં આરસનાં પગથિયાં ઉપર લપસવાનો સંપૂર્ણ ભય હતો. પણ સ્વામીશ્રી દર્શન માટે મક્કમ હતા. આગળ જીવા ભગત અને નારણ ભગતે ખુરશી ઉપાડી. પાછળથી મેં ઉપાડી. માથે રેકઝીનનું છત્ર પણ ઝાલી રાખવાનું હતું. મનને ભારે મજબૂત કરી ધીમે પગલે મંદિર ઉપર પહોંચ્યા. સાધુઓ મંદિરની જાળી બંધ કરતા હતા, પણ સ્વામીશ્રી એકદમ નજીક આવી ગયા તેથી બંધ ન કરી શક્યા. ગોપીનાથજીનાં દર્શન થઈ ગયાં.

ત્યાં સ્વામીશ્રીએ ઇચ્છા પ્રગટ કરી કે પ્રદક્ષિણામાં હરિકૃષ્ણ મહારાજનાં પણ દર્શન કરવાં છે. પ્રદક્ષિણા ખુલ્લી તેથી ભારે વરસાદ ઝીલતાં દર્શન કરવાનો સંકલ્પ પણ ન ઊઠે. પણ સ્વામીશ્રીએ આગ્રહ ચાલુ રાખ્યો. એટલે દર્શન ખુલ્લાં છે કે કેમ તે તપાસ કરવાનો તોડ કાઢ્યો. જો દર્શન બંધ હોય તો પાછળ ખુલ્લામાં વરસાદમાં જવાનું નિવારી શકાય. અમે દોડીને જોયું તો દર્શન બંધ હતાં. સ્વામીશ્રીને જ્યારે જાણ કરી ત્યારે નિઃસાસો નાખતાં તેમણે કહ્યું : 'હશે, માનસીમાં દર્શન કરી લઈશું.' પણ સ્વામીશ્રીએ દર્શનની તાણ છોડી નહિ. માનસીની ભક્તિ પણ ચૂક્યા નહિ. અમારી સવારી વરસતા વરસાદમાં મોટરમાં

ગોઠવાઈ અને ટેકરા ઉપર મંદિરે આવી પહોંચ્યા. દોઢ સૈકા પહેલાં ગુણાતીતાનંદ સ્વામી વરસતા મેઘમાં શ્રીહરિની ઝાંખી કરવા નેવા નીચે ઊભા હતા, એ ઇતિહાસ આજે એ જ મંદિરમાં જાણે પુનરાવર્તિત થયો !

કથાના તાલે નાડીના ધબકાર

તા. ૨૮મીએ સવારે ૬-૦૦ વાગે ઉઠાડ્યા ત્યારે ઊઠ્યા ને કહે : 'વાંચો, કથા વાંચો.'

'બાપા ! ૬-૦૦ વાગી ગયા છે.' સેવકે કહ્યું.

તરત જ નિરાશાપૂર્ણ અવાજે સ્વામીશ્રી બોલ્યા : 'કથા ગઈ !'

એ પછી ડૉક્ટર સ્વામીએ નાડી તપાસી. ૮૦ ધબકારા થયા. ત્યારે કોઈએ પૂછ્યું : 'આજે નાડી વધી ગઈ કેમ ?'

સ્વામીશ્રી કહે : 'કથા ન કરી ને, તેથી !'

કેવો ઇશક !

અહીંથી નીકળી વલ્લભીપુર પધાર્યા. અનરાધાર વરસાદમાં સ્વામીશ્રીએ અહીં મૂર્તિપ્રતિષ્ઠા કરી, સૌને અલૌકિક સ્મૃતિ આપી. ગુજરાતમાં સ્વામીશ્રીના આગમન પછી વરસાદે માઝા મૂકી હતી અને ઠેર ઠેર નગરયાત્રા તથા સભા પ્રસંગોમાં ભારે અડપલાં કરતો હતો. કદાચ સ્વામીશ્રી પાસે હાજરી પુરાવી જતો હશે. કારણ, સ્વામીશ્રીએ આ વર્ષ ૩૨ આના થશે તેવો કૉલ આપેલો.

પછી ભાવનગર આવી પહોંચ્યા.

અહીં બળવંતભાઈ કાનજીભાઈ સોની તરફથી સ્વામીશ્રીએ કપોળ વાડીમાં પારાયણનો પ્રારભ કર્યો હતો. રોજ હજારો મુમુક્ષુઓ કથાનો લાભ લેતા હતા.

ભાવનગરની પ્રજાને અભયદાન

તા. ૨૯મીએ સાંજે સ્થાનિક સત્સંગ મંડળ તથા શહેરની જનતા તરફથી સ્વામીશ્રીનું જાહેર સન્માન ટાઉનહૉલમાં જાણીતા ઉદ્યોગપતિ શેઠ માસુમઅલી મર્ચંટના પ્રમુખપદે કરવામાં આવ્યું હતું. અતિથિવિશેષ તરીકે વેણીભાઈ પરીખ હાજર રહ્યા હતા. સભાનું સંચાલન કનુભાઈ રાવલ કરતા હતા.

ધૂન, વેદગાન અને કીર્તન બાદ પ્રમુખસ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી, માસુમઅલી શેઠ, વેણીભાઈ પરીખ, રામભાઈ, નર્મદાશંકર શાસ્ત્રી તથા હર્ષદભાઈએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. મધુકર વૈદ્યે સ્વરચિત કીર્તનગાન

કર્યું. સન્માન પત્રનું વાચન કનુભાઈ રાવલે કર્યું અને શેઠ માસુમઅલીભાઈએ ચાંદીની ફ્રેમમાં મઢેલું સન્માન પત્ર સ્વામીશ્રીને અર્પણ કર્યું.

સ્વામીશ્રીએ મહારાજા કૃષ્ણકુમારસિંહજીને યાદ કર્યા અને કહ્યું : 'ભાવનગર - મહારાજા સાહેબ શાસ્ત્રીજી મહારાજને વિરમગામ સ્ટેશને મળ્યા હતા ને આશીર્વાદ માગ્યા હતા : 'મારું કલ્યાણ થાય પણ મારી સાથે મારી પાંચ લાખની પ્રજાનું કલ્યાણ કરજો !' આ તમે સન્માન કર્યું તે સ્વામિનારાયણ ભગવાનનું સન્માન કર્યું છે. શ્રીજીમહારાજ આ બ્રહ્માંડમાં પધાર્યા અને અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. તમને આશીર્વાદ આપવામાં આવે છે કે નેકનામદારે જે માગણી કરી તે તમને બધાંને ફળે અને બધાં તને-મને-ધને સુખિયા થાય.'

આમ, ભાવનગરની સમગ્ર પ્રજાને પણ સુખી થવાના આશિષ આપ્યા.

બીજે દિવસે સવારે પૂજામાં બે પ્રદક્ષિણા ફર્યા. છેલ્લે લંડનમાં એક વાર એક પ્રદક્ષિણા ફર્યા હતા.

જીવાદોરીના જોડનાર

સ્વામીશ્રી રાતે ઉકાળા-પાણી કરીને બિરાજ્યા હતા, ત્યાં આણંદના ભક્તરાજ જીવાભાઈના સાળા અંબુભાઈના પુત્ર ઘનશ્યામભાઈનો ફોન આવ્યો. તેમણે જણાવ્યું કે 'અંબુભાઈ આણંદમાં સખત બીમાર પડી ગયા છે.'

સ્વામીશ્રી ગુજરાતમાં પધાર્યા ત્યારથી જ જીવાભાઈ પોતાની મોટર લઈને સેવામાં રહ્યા હતા. કોઈ તેમને બોલાવી લાવ્યું. તેમણે વિગત જાણી. પછી સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આમ તો આણંદ જવું પડે તેમ છે, પણ આપની સેવા મૂકીને જવું નથી.'

'જવું પડે ગુરુ ! વહેવાર છે. તે ગયા વિના ચાલે નહીં.' સ્વામીશ્રીએ કહ્યું.

'પણ બાપા ! એમનો રોગ અહીં બેઠા ટાળી દો તો મારે જવું મટે ને સેવા થાય. વૈદ્યના વૈદ્ય આપ જ છો ને !'

'જાવ, એમ થશે !' સ્વામીશ્રી આ પ્રેમી-ભક્તની વિનંતી અને ભાવનાને વશ થઈને બોલી ઊઠ્યા. અને એમ જ થયું. ક્વચિત્ પ્રગટી ઊઠતી ઐશ્વર્યની ઝલકથી સૌ સ્વામીશ્રી સામે મુગ્ધભાવે જોઈ રહેતા.

અમેરિકામાં ગુણાતીતનો વાવટો

તા. ૩૧મીએ સ્વપ્ન-દર્શનની વાત કરતાં કહે :

'શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. ગોંડલ આવ્યા. પંદર દિવસ રોકાયા. સ્વામી કહે કે મારે બોચાસણ જવું છે. અમે રોકાવા આગ્રહ કર્યો, પણ કહે - 'જવું છે.' પછી પૂરી વગેરે જમાડ્યું. ને ગાડું જોડી સ્ટેશને ગયા ને ફર્સ્ટ ક્લાસની ટિકિટ કઢાવી આપીને મંદિરે આવ્યા. બાળમુકુંદ સ્વામી પૂરી કરતા હતા. હું પણ જોડે કરવા લાગ્યો. એવાં દર્શન થયાં.'

'શાસ્ત્રીજી મહારાજનાં આઠ થી દસ દિવસે દર્શન થાય છે. મારી ઉપર બહુ રાજીપો.'

મંદ મંદ હસતાં સ્વામીશ્રીએ સ્વપ્નાની વાત કરી, ત્યાં 'લંડનથી તાર આવ્યો કે સંતો લંડનથી અમેરિકા જવા માટે નીકળી ગયા છે.' આ સમાચાર સાંભળી સ્વામીશ્રી બહુ રાજી થયા અને કહે : 'અમેરિકામાં આપણા સંતો પહેલા ગયા. ગુણાતીતનો વાવટો વધારે ને વધારે ચઢવાનો.'

અહીં આગલા બે દિવસથી ખૂબ જ વરસાદ હતો. સ્વામીશ્રીની ઇચ્છા ભક્તોની કસોટી કરવાની હશે. તેથી બારસની રાત્રે અને તેરસના દિવસે ૧૪ ઈંચ વરસાદ અનરાધાર પડ્યો. જ્યાં મંદિરનો ખાતમુહૂર્ત વિધિ હતો, તે સ્ટેશન રોડ પર તો કેડ સમાણાં પાણી હતાં ! ખાતમુહૂર્તનો ખાડો પાણીથી છલકાઈ ગયો હતો. મોહનભાઈ ઠાકરશી વગેરે હરિભક્તોને થયું : 'સ્વામીશ્રીને પ્રાર્થના કરીએ કે વરસાદ થોડો ખમૈયા કરે તો ઠીક.'

સૌ ઉતારે આવ્યા. સ્વામીશ્રી આરામમાં હતા, પરંતુ હેતવાળા હરિભક્તો આવ્યા એટલે ઊઠી ગયા. હરિભક્તોએ વાત કરી કે 'વરસાદને હમણાં થંભી જવાની આજ્ઞા કરો.'

સ્વામીશ્રી મંદ સ્મિત કરતાં કહે : 'હવે બંધ કરવો જોઈશે. દૂધી લાવો. ને અગાશીમાં જઈ વરુણદેવને મારીને કહો કે રાજસ્થાનમાં વરસ ! હવે ત્યાં જરૂર છે. અહીં તો ખાતમુહૂર્ત સર્વોપરી કરવું છે, ડંકો વાગશે અને મંદિર સર્વોપરી થશે.' એમ આશીર્વાદ આપ્યા અને એ જ પ્રમાણે ખાત વિધિ વગેરે નિર્વિઘ્ન પાર પડી ગયું ને જયજયકાર થઈ ગયો.

પ્રમુખસ્વામી પ્રતિષ્ઠા કરશે

અહીં મંદિર કરવાનો સ્વામીશ્રીનો વર્ષો જૂનો સંકલ્પ આજે સાકાર થઈ રહ્યો હતો. સવારે વેદોક્ત વિધિથી સ્ટેશન રોડ ઉપરના વિશાળ પ્લોટમાં સ્વામીશ્રીએ ભારે ઉત્સાહમય વાતાવરણમાં ખાત કર્યું. ૫૧ યજમાનોએ પૂજન

વિધિનો લાભ લીધો.

ચીમનલાલ શાસ્ત્રી વિધિ કરાવતાં કહે : 'બધા રૂપિયો-રૂપિયો સ્વામીબાપાને ભેટ મૂકો.'

તરત જ સ્વામીશ્રી કહે : 'ઠાકોરજીને મૂકો, એમ બોલવું.'

સ્વામીશ્રીએ ખભે કુંભ લઈ અદ્‌ભુત દર્શનદાન સૌને આપ્યું અને કહે : 'એક વરસમાં મંદિર પૂરું થશે અને પ્રમુખસ્વામીના હાથે મૂર્તિપ્રતિષ્ઠા થશે ! મોહનભાઈએ બાંધકામ કરાવવું.'

આજે વેજીટેબલ પ્રોડક્ટસવાળા માસુમઅલીભાઈ શેઠે ઉદાર હાથે સ્વામીશ્રીની આજ્ઞાથી મંદિર માટે બહુ મોટી રકમનું દાન કર્યું અને સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવી લીધી.

અત્રેના હરિભક્તો કાનજીભાઈ, પીતાંબરભાઈ, ઠાકરશીભાઈ, ઈશ્વરભાઈ કોઠારી, મોહનભાઈ, અંતુભાઈ, નર્મદાશંકરભાઈ, નાગરદાસભાઈ, મોહનભાઈ દવાવાળા, જગુભાઈ સોની, જયંતીભાઈ, ચમનભાઈ આદિ સર્વ હરિભક્તોનો સંકલ્પ સ્વામીશ્રીએ પૂર્ણ કર્યો.

માસુમઅલી શેઠ મોજ ખાટી ગયા

અહીં મંદિર માટેની આ કિંમતી જમીન પીતાંબરભાઈએ સ્વામીશ્રીને અર્પણ કરી હતી. પરંતુ તેમના દેશકાળ નબળા હોવાથી સ્વામીશ્રીએ વાજબી કિંમત ચુકવવી અને તે રકમ પીતાંબરભાઈએ રાજી-ખુશીથી લેવી, તેવા આશીર્વાદ આપ્યા.

જમીનની કિંમત રૂપિયા બત્રીસ હજાર થતી હતી. એ વખતે ત્યાંના હરિભક્તોના દેશકાળ બહુ સારા નહીં, તેથી શેઠ માસુમઅલીભાઈને સ્વામીશ્રીએ વાત કરી કે 'આ રકમ ખરડો થતાં તમને આપી દઈશું. હાલ તમે તે સેવા કરો.' સ્વામીશ્રીની આજ્ઞા ઝીલીને શેઠે એ રકમ તરત જ મંદિર માટે આપી દીધી. જમીનનો દસ્તાવેજ સંસ્થાના નામે થઈ ગયો.

એ પછી સ્વામીશ્રી ગોંડલ બિરાજ્યા હતા અને માસુમઅલી શેઠ તેમના કુટુંબ સાથે ગોંડલ દર્શને ગયા. ત્યાં સ્વામીશ્રીએ તેમને એકાંતમાં બોલાવી કહ્યું : 'જમીન માટે તમે જે રકમ આપેલી તે રકમ હરિભક્તોના દેશકાળ નબળા છે તેથી આપી શકે તેમ નથી. વળી, ત્યાં મંદિર પણ બાંધવાનું છે. તો તમારી રકમ જો સેવામાં કૃષ્ણાર્પણ કરી દો તો તમને ઘણું પુણ્ય મળશે. ત્યાં મોટું મંદિર થશે.

તમારું નામ કાયમ રહી જશે.'

શેઠ બહુ પ્રસન્નચિત્તે બોલ્યા : 'બાપા ! આપની જે કંઈ આજ્ઞા હોય તે મારે શિરોમાન્ય છે. મારી એ રકમ સેવામાં જ છે.'

શેઠે સ્વામીશ્રીનું વચન અધ્ધર ઝીલી લીધું. એ જોઈ સ્વામીશ્રી ભાવમાં આવી ગયા અને પ્રેમના ધબ્બાથી આશીર્વાદની જાણે કે વર્ષા કરી ! શેઠ ધન્ય થઈ ગયા !

ગુણાતીત મનવારના સુકાની

આજે સાંજે ભાવનગરના માર્ગો પરથી સ્વામીશ્રીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી. તે ટાઉનહૉલથી શરૂ થઈ, ગાંધી રોડ, ખારગેટ, લોખંડ બજાર પરથી બંદર રોડ પર આવી પહોંચી હતી.

'ગુણાતીત મનવાર' જહાજમાં ઊંચા આસન પર મધ્યમાં સ્વામીશ્રી, જમણી બાજુ પ્રમુખસ્વામી અને ડાબી બાજુ સંતસ્વામી બિરાજ્યા હતા. નગરયાત્રામાં નિશાન-ડંકા, ધર્મધજા, ઘોડેસવારો, ભાવનગરનું ભજન મંડળ, બૅન્ડ, સંતોની પાંચ બગીઓ, હરિભક્તો, સરકારી બૅન્ડ, બાળ મંડળ, ગુણાતીત મનવાર, મોટરકાર, ભજન મંડળી અને કળશ તથા શ્રીફળ સહિત મહિલા મંડળ એમ નગરયાત્રામાં આયોજન કર્યું હતું. રસ્તાઓ પર માનવ મહેરામણ ઊમટ્યો હતો. અગાશી અને અટારીઓમાંથી હજારો ભાવિકો દર્શન અને સ્વાગત કરતાં હતાં. થોડે થોડે અંતરે પુષ્પવૃષ્ટિ કરવામાં આવતી. ૩૦ જેટલી કમાનો રસ્તાઓ ઉપર ઊભી કરી હતી. ને રંગબેરંગી કાગળ તથા કાપડનાં તોરણો તથા આસોપાલવનાં તોરણો બાંધ્યાં હતાં. ધૂન, જયનાદ અને ભજનોથી વાતાવરણ દિવ્ય બની ગયું હતું. પોલીસ, હોમગાર્ડ તથા મંડળના સ્વયંસેવકોએ સુંદર વ્યવસ્થા સાચવી હતી. દોઢ કલાક સુધી નગરયાત્રામાં સહુને દર્શન આપી સાંજે ૭-૧૫ વાગે પીતાંબરભાઈને ત્યાં આવી પહોંચ્યા. 'ગુણાતીત મનવાર' અને તેમાં બિરાજેલ સ્વામીશ્રી સમગ્ર શહેરની જનતાના આકર્ષણનું કેન્દ્ર હતાં. 'ગુણાતીત મનવાર' નીચે રસ્તે ઊભી હતી. સ્વામીશ્રીએ કહેવડાવ્યું કે 'આ મનવારની પાંચ પાંચ પ્રદક્ષિણા કરવી !'

મહારાજની હયાતી

અહીં મોહનભાઈ રાઠોડના કુટુંબીઓને ત્યાં તા. ૧-૯-'૭૦ના સવારે

સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. મુંબઈના જાણીતા આર્કિટેક્ટ મોહનભાઈ રાઠોડ સ્વામીશ્રી સાથે આફ્રિકા આવ્યા હતા ને કંપાલામાં સ્વામીશ્રીનાં ગુણગાન ગાતાં ગાતાં, હૃદયરોગના હુમલાથી અચાનક અક્ષરનિવાસી થયા હતા. તે વાત સ્વામીશ્રીએ તેમનાં કુટુંબીઓને કરી અને આશ્વાસન આપતાં કહે : 'તેઓ શ્રીજીમહારાજની હયાતીમાં જ દેહ મૂકી ગયા, તે ધામમાં જ ગયા છે, તેનો શોક ન કરવો.'

મહારાજના પ્રગટપણાના શબ્દો, મહારાજ જ એમનામાં રહીને આ પ્રમાણે પ્રસગોપાત્ત બોલતા.

અક્ષયહસ્તની અંતિમ પ્રસાદી

તા. ૨જીએ પારાયણની પૂર્ણાહુતિ હતી. પૂજન વિધિમાં ઘણું જ મોડું થયું હતું. આગલે દિવસે રાત્રે સ્વામીશ્રીએ સભામાં સૌને સાગમટું નોતરું આપ્યું. તેથી પ્રસાદ લેવા ઘણા હરિભક્તો પધાર્યા. તેમજ ગામના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

સ્વામીશ્રી જમવા પધાર્યા. એકદમ ઉતાવળ કરવા લાગ્યા. થોડી થૂલી ને દાળ-ભાત જમ્યા. અમે રોટલી-શાક વગેરેનો ઘણો આગ્રહ કર્યો, પણ કહે : 'શરદી થઈ છે, ગળું બળે છે.'

એમ કહી જલદી જલદી જમીને ઊભા થઈ ગયા ને કહે : 'શેઠ ક્યાં છે ?' એમ કહી પંગતમાં માસુમઅલી શેઠને ખોળતાં આવ્યા. તેમણે તો ભાત લઈ લીધો હતો, પણ સ્વામીશ્રી કહે : 'જલેબી લાવો.' એમ કહી શેઠને તથા પંગતમાં બેઠેલા બીજા બસો જેટલા સદ્‌ગૃહસ્થોને સ્વામીશ્રીએ પીરસ્યું !! ત્યારે જ અમને સમજાયું કે સ્વામીશ્રી કેમ જલદીથી જમીને ઊઠી ગયા !

આખી જિંદગી જેમણે આ જ રીતે હરિભક્તોની સેવા કરીને સૌને રાજી કર્યા છે, એવા સ્વામીશ્રીનો આવી જાહેર પંગતમાં પીરસવાનો આ છેલ્લો પ્રસંગ હતો. હરિભક્તોને સ્વામીશ્રીનો પ્રસાદ મળવાથી અતિ આનંદ થયો.

તે દિવસે સાંજે ભાવનગરથી નીકળી કેટલીક પધરામણી કરી, તણસા, તળાજા વગેરે ગામોમાં સૌને દર્શન આપી, સ્વામીશ્રી મોડી રાત્રે મહુવા પધાર્યા.

❀ ❀ ❀

પ્રાગરાજ તીર્થમાં મંદિર નિર્માણ



મહુવામાં મંગળભાઈના બંગલા પાસેના વિશાળ કમ્પાઉન્ડમાં સુંદર મંડપ બાંધ્યો હતો. અને સ્વામીશ્રીની બેઠક માટે મંચ બનાવ્યો હતો. સ્વામીશ્રીનું સ્વાગત કરવા હજારો હરિભક્તો અને શહેરની જનતા વાટ જોઈને બેઠા હતા. સ્નાનાદિકથી પરવારી રાત્રે ૧૧-૦૦ વાગે સીધા આરામમાં ગયા. બપોરે ફળ વગેરે કાંઈ જ લીધું નહોતું. રાતે પણ અતિશય આગ્રહ કર્યો ત્યારે માત્ર થોડો ઉકાળો લીધો. દેહની પરવા વગર સ્વામીશ્રી અનેક પ્રસંગે ખૂબ પરિશ્રમ લેતા.

સ્વામીશ્રીના અથાગ પ્રયાસથી બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તના જન્મ સ્થાન ઉપર એક લાખના ખર્ચે સુંદર હરિમંદિર તૈયાર કરેલ છે. જે ઓરડામાં પ્રાગજી ભક્તનો જન્મ થયેલો, તે યથાવત્ સ્થિતિમાં રાખી, આજુબાજુ ચણતર કરી જાળવી રાખ્યું છે. જે સ્તંભ પાસે ભગતજી મહારાજ ઘણી વાર બેસી જ્ઞાનવાર્તા કરતા અને જ્યાં દેહ મૂક્યો તે સ્થંભ પણ યથાવત્ છે.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા તા. ૩જીએ યજ્ઞ વિધિ કરવામાં આવ્યો. ચીમનલાલ શાસ્ત્રી યજ્ઞની વિધિ કરાવતા હતા.

સ્વામીશ્રી યજ્ઞમાં પધાર્યા. ૧૨-૩૦ વાગી ગયા હતા. સ્વામીશ્રી કહે : 'આપણે માલણ નદીને કાંઠે ભગતજી મહારાજની દેરીએ દર્શને જવું છે.'

'બાપા ! રસ્તો ખરાબ છે અને મોડું થયું છે, માટે કાલે જઈશું.' બધાએ એકસાથે દલીલ કરી.

'ના, અત્યારે જ જઈએ. દેરીનાં દર્શન કર્યા વગર જમાય નહીં.' સ્વામીશ્રીએ આગ્રહ ચાલુ રાખ્યો. ભગતજી મહારાજની દેરીએ ૧-૦૦ વાગે પહોંચ્યા. દર્શન કરી સ્વામીશ્રી કહે : 'આરતી કરવી છે.'

'આરતી સળગાવો.' પ્રવીણભાઈ વચ્ચે બોલ્યા.

'ગુરુ ! પ્રગટાવો એમ બોલાય.' સ્વામીશ્રીએ સુધાર્યું. આમ, ગમે તે

પરિસ્થિતિમાં કે ક્ષણે એમનો વાણી-વિવેક સહેજે જણાઈ આવતો.

નગરયાત્રા

તે દિવસે સાંજે મૂર્તિઓની નગરયાત્રા નીકળી. ધજા, ઘોડેસવારો, ધૂન કરતા હરિભક્તો અને ભજન મંડળી તથા જૈન સંઘનું બૅન્ડ અને હરિભક્તો, એક રથમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ, બીજા રથમાં પ્રાગજી ભગતની મૂર્તિ, પછી બગીમાં સંતો, ભજન મંડળી અને છેલ્લે સ્વામીશ્રી તેમજ પ્રમુખસ્વામી બિરાજ્યા હતા. તે રથ પછી હરિભક્તો અને કળશ સહિત મહિલા મંડળ નગરયાત્રામાં શોભતાં હતાં. આ પ્રસંગે વડોદરાથી ખાસ હેલિકૉપ્ટર મગાવી શોભાયાત્રામાં ઠાકોરજી તથા સ્વામીશ્રી ઉપર પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. બે કલાક સુધી નગરયાત્રા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી ઉતારે આવી. શહેરની તમામ જનતાએ આ દર્શન કર્યાં. રસ્તાની બન્ને બાજુએ અગાશીઓ અને અટારીઓમાં રહીને જનતા દર્શન કરતી હતી. દુકાનદારોએ પોતાની દુકાનો શણગારી હતી. અને પુષ્પ તથા અક્ષત અને હારતોરાથી સ્વાગત કરતા હતા.

બજારમાં વેપારી મંડળોએ પોતપોતાના વેપાર પ્રમાણે કાપડ, વાસણો, સોના-ચાંદીની દાગીનાઓ વગેરેની સુંદર કમાનો બનાવી, શોભામાં ભારે અભિવૃદ્ધિ કરી હતી. દરેક જગ્યાએ મહુવાની જનતાનો સ્વામીશ્રી પ્રત્યેનો પ્રેમ ઠલવાતો હતો.

શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી આભાર માને છે

નગરયાત્રા વિસર્જન થતાં સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આજે ભગતજી મહારાજ એવો આશીર્વાદ આપે છે કે આ બધું શહેર તને, મને અને ધને સુખી થાય. બધામાં સંપ, સુહૃદભાવ રહે. અક્ષરધામમાંથી શ્રીજી-મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ આશીર્વાદ દે છે. દાક્તર સાહેબે (ડૉ. આઈ.પી. મહેતા) આભાર બધાનો માન્યો, પણ શ્રીજીમહારાજ તમારો આભાર અક્ષરધામમાંથી માને છે.'

તા. ૪-૯-'૭૦ના ગણેશ ચતુર્થીના માંગલિક દિવસે ખૂબ જ દબદબાપૂર્વક પટની મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. જન્મ સ્થાનના ઓરડામાં ભગતજી મહારાજની મોટી પટની મૂર્તિ પધરાવી. આ પ્રસંગે પાંચ હજાર ઉપરાંત હરિભક્તો અને શહેરની ધાર્મિક જનતાએ સમૂહ ભોજન લીધું.

પ્રતિષ્ઠા થઈ એ વખતે મહુવાના સી.આઈ.ડી. બ્રાંચના ભીખુભાઈ ગોહિલને એવો સંકલ્પ હતો કે સ્વામીશ્રી જાતે પ્રસાદી આપે અને મારું વર્ષો જૂનું વ્યસન દૂર કરવાનું કહે તો ગુરુ તરીકે સ્વીકારી લઉં.

સ્વામીશ્રીએ જમી રહ્યા પછી બારી પાસે ઊભા રહીને રસિકભાઈ ઊનવાળા તથા ભીખુભાઈ, બાબુભાઈ પરમાર, ડૉ. મહેતા સાહેબ તથા મનુભાઈ સોનીને પાસે બોલાવી જાતે જ પ્રસાદી આપી.

ભીખુભાઈનો સંકલ્પ પૂરો થયો. મોટરમાં બેસતી વખતે સ્વામીશ્રીએ તેમને પાસે બોલાવી કાનમાં કહ્યું : 'હવે બીજું વ્યસન મૂકી દો. વર્તમાન ધરાવવાં છે. ને કંઠી બાંધવી છે. ઉતારે આવો.' પછી તેઓ સ્વામીશ્રીના ઉતારે આવ્યા, ત્યાં સ્વામીશ્રીએ વર્તમાન ધરાવી કંઠી બાંધી.

આ અંતર્યામીપણાના અનુભવે એમના અંતરમાં કોઈ અગમ્ય ઠેસ લગાડી અને વર્તમાન ધરાવી તેઓ સારા સત્સંગી બની ગયા.

સન્માન સમારંભ

મહુવા નગરપાલિકાના પ્રમુખ ઈબ્રાહીમભાઈ કલાણિયાના પ્રમુખપદે સાંજે સત્સંગ મંડળ ને શહેરની જનતા તરફથી જે.પી. પારેખ હાઈસ્કૂલના વિશાળ કમ્પાઉન્ડમાં સ્વાગત સમારંભ યોજવામાં આવ્યો હતો. વેદગાન બાદ શહેરના પ્રતિષ્ઠિત નાગરિકોએ વ્યક્તિગત અને સંસ્થાઓ વતી હારતોરા કર્યા.

ઈબ્રાહીમભાઈ, છબીલદાસ મહેતા, જશવંત મહેતા, રસિકભાઈ શુક્લ વગેરેએ સ્વામીશ્રીને હાર પહેરાવ્યા ત્યારે સ્વામીશ્રીએ અચાનક જ ઈબ્રાહીમભાઈને ધબ્બો મારીને આશીર્વાદ આપ્યા : 'જાવ, દિલ્હી જશો.'

આજુબાજુ ઊભેલા અગ્રણી મહાનુભાવો આ સાંભળી વિસ્મિત થઈ ગયા. અને ઈબ્રાહીમભાઈને પણ સ્વપ્નેય ખ્યાલ નહીં કે નગરપાલિકાના પ્રમુખ તરીકે ધારાસભામાં જવાને બદલે સીધા રાજ્યસભામાં પહોંચી શકાય ! તેઓને ટિકિટ મળી અને સારા મતે ચૂંટાઈ આવ્યા ત્યારે તેમને વચનસિદ્ધ જોગીની મહત્તા સમજાઈ. પોતે કહેતા કે મારી પ્રગતિના મૂળમાં યોગીજી મહારાજના આશીર્વાદ જ છે !

ધૂન અને કીર્તન બાદ ઈબ્રાહીમભાઈ, જશવંત મહેતા, છબીલદાસ, નરોત્તમદાસ મહેતા, હર્ષદભાઈ દવે, ઇચ્છુભાઈ, અન્તુભાઈ, હકાભાઈ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રી મહુવા રહ્યા તે દરમ્યાન બે વખત સમાધિ સ્થાને દર્શન કરી સભા ભરી હતી. જૂનું મંદિર, ગોપનાથ મંદિર, ખીમનાથ મંદિર, હનુમાનની દેરી વગેરે પ્રસાદી સ્થળોએ દર્શન કરવા પણ પધાર્યા હતા.

ડૉ. ઇન્દ્રવદન મહેતા, મોહનભાઈ, ભગવાનજીભાઈ, મંગળભાઈ, અમુભાઈ, મનુભાઈ, ચંપકભાઈ, હસમુખભાઈ વગેરે હરિભક્તો તથા ગામની જુદી જુદી સંસ્થાઓના કાર્યકરો અને નગરપાલિકાએ મળી, બધા જ પ્રસંગો ખૂબ જ સફળ રીતે ઊજવ્યા. સમગ્ર પ્રસંગોમાં સ્વામીશ્રીને પ્રસન્ન કરવાની કોઈ વિશેષ ઝંખનાથી સિવિલ સર્જન ડૉ. ઇન્દ્રવદન પી. મહેતાનો ઉત્સાહ અને પુરુષાર્થ વિશિષ્ટ હતો. તેમણે મૂકસેવક બની તન, મન, ધનથી સેવા બજાવી હતી.

એ વખતે સ્વામીશ્રીની ટપાલની સેવામાં ગુણવંતભાઈ હતા. તેમને સારંગપુરમાં સ્વામીશ્રીએ કહ્યું હતું : 'આપણે મહુવાથી ભાદરા પણ જવું છે, માટે બા-બાપાને કાગળ લખી નાખો. તમે મારી સેવા બહુ કરી, તો છેલ્લે તમારે ઘેર પણ જવું જોઈએ.' સ્વામીશ્રી પણ પોતાના સેવકનું બહુ રાખતા.

તા. ૫મીએ ભાદરવા સુદ પાંચમને દિવસે ભાદરા - પોપટલાલ દાણીને ઘરે પધાર્યા. સ્વામીશ્રીએ આફ્રિકા, મુંબઈ, અમદાવાદ તથા ગુજરાત-સૌરાષ્ટ્રના ઘણા હરિભક્તોને સાથે લીધા હતા.

સૌ જમવા બેઠા. એ જ વખતે ધોધમાર વરસાદ શરૂ થયો. પોપટલાલ તથા તેમના પુત્રોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'બાપા ! વરસાદ પડશે તો બધે ગારો થઈ જશે અને હરિભક્તોને જમવાનું સુખ નહીં આવે.'

ત્યારે સ્વામીશ્રીએ આકાશ તરફ દૃષ્ટિ કરીને કહ્યું : 'વરસાદ નહીં આવે. અમે સાંજે વિદાય થઈશું તે પછી આવશે.' વરસાદ તરત જ બંધ થઈ ગયો !

ત્યારે મહુવાના ઘણા આગેવાનો-વેપારીઓ પણ ઉપસ્થિત હતા. તે સર્વે સ્વામીશ્રીનું આવું સામર્થ્ય જોઈને આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. રસોઈ પાંચસો હરિભક્તોની બનાવી હતી, પરંતુ એક હજાર હરિભક્તો જમ્યા ! આ વખતે પ્રમુખસ્વામી પણ સૌ સંતો સાથે સર્વેને પીરસવાની સેવામાં લાગી ગયા હતા.

સ્વામીશ્રી વિદેશથી આવ્યા પછી કોઈ ગામડામાં આ રીતે કાર્યક્રમ ગોઠવાયો ન હતો; પરંતુ ભાદરા-બાઢડા જેવાં ગામો પર સ્વામીશ્રીએ વિશેષ કૃપા ઉતારી !

જાગા ભગતના જન્મ સ્થળે

અહીંથી મોટી વડાલ, હડીડા અને લુવારા ત્રણ ગામોના ભક્તોને દર્શન

આપી, સ્વામીશ્રીને આંબરડી - જાગા સ્વામીના જન્મ સ્થાને દર્શને જવું હતું. આ વાત એમણે મહુવામાં જ નારણભાઈ બાઢડાવાળાને જણાવી. ત્યારે ગુણવંતભાઈએ રસ્તાની મુશ્કેલી જણાવી, નારણભાઈને પૂછ્યું : 'ચોમાસાની ઋતુ છે. તેથી કયો રસ્તો સારો, રાજુલા કે બાઢડાથી ?'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'રસ્તો સારો જ છે. મન સારું તો રસ્તો સારો જ છે.'

'બાઢડાથી જઈ શકાશે.' નારણભાઈએ કહ્યું. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આપણે બાઢડા આવીશું. પછી ત્યાંથી આંબરડી જવાનું નક્કી !'

પરંતુ આંબરડીનો રસ્તો ઘણો વિકટ હતો. પુષ્કળ વરસાદને કારણે રસ્તામાં કાદવ-કીચડ પણ પુષ્કળ હતો. મોટર પણ જઈ શકે એમ નહોતું. પ્રમુખસ્વામીએ એક કેરિયર લઈને ૪૦ જણાને રસ્તો જોવા મોકલ્યું હતું, પણ રસ્તો એવો ખરાબ કે ૪૦ જણાએ ધક્કા મારીને તે કેરિયર પહોંચાડ્યું હતું. આ વાત સ્વામીશ્રીને કહી, પરંતુ સ્વામીશ્રીનો નિર્ણય મક્કમ હતો.

આ જ વખતે પંચાયત અધિકારી નારણભાઈ નવી ફોર વ્હીલ ડ્રાઈવ સરકારી જીપ પ્રસાદીની કરવા લાવ્યા. સ્વામીશ્રી તેમાં ૮-૧૦ સંતો-ભક્તો સાથે આંબરડી જવા નીકળ્યા. એ જ વખતે હર્ષદભાઈ આવ્યા. સ્વામીશ્રી કહે : 'તમે આવી જાવ અમારી સાથે. આ લાભ પછી નહીં મળે.'

સ્વામીશ્રીની જીપ બહુ મુશ્કેલી વગર જઈ શકી. સૌ આંબરડી આવી પહોંચ્યા. સાથેના બીજા યુવકો-સંતો તથા હરિભક્તો ટ્રકમાં આવ્યા હતા. ગામમાં પહોંચતાં અંધારું થઈ ગયું હતું. તેમજ આખા ગામમાં કીચડ હતો. તે ખૂંદતાં સેવકો ખુરશીમાં સ્વામીશ્રીને પધરાવી, જાગા સ્વામીના જન્મ સ્થાન વગેરે પ્રસાદી સ્થાને આવી પહોંચ્યા. કીચડને લીધે ખુરશી ઉપાડવામાં ઘણી જ તકલીફ પડતી હતી. ક્યારેક ભારથી ડોલી જવાય, પડી જવાની પણ ભીતિ રહે, પણ સ્વામીશ્રી બધે ફર્યા.

પાછળથી ગુણ ગાયે

પાછા ફરતાં જીપમાં હું કીર્તન ગાતો હતો : *'મોક્ષને માટે આ રે જગતમાં...'* તેમા પંક્તિ આવી,

'પ્રગટ હોયે પ્રભુજી જ્યારે, જીવથી નવ ઓળખાયે;
મનુષ્યભાવ કલ્પ્યા કરે છે, પાછળથી ગુણ ગાયે...'

સ્વામીશ્રીએ કીર્તન બંધ રખાવ્યું. મને ફરી એ પંક્તિ ગાવા કહ્યું. પછી કહે : 'આમાં શું આવ્યું, મનુષ્યભાવ ન આવવા દેવો.'

આંબરડીમાં અંધારામાં કીચડ ખૂંદતાં સ્વામીશ્રીને બધે ફેરવતાં બધાને થયું હતું કે 'સ્વામીશ્રી શું કામ આટલો આગ્રહ રાખતા હશે ?' કદાચ એ જ અનુસંધાનમાં સ્વામીશ્રીએ અહીં ટકોર કરી હશે ?!

સ્વામીશ્રીએ પંચાયત અધિકારી નારણભાઈને આશીર્વાદ આપતાં કહ્યું : 'તમે અમને મોટી જાત્રા કરાવી. તમને બહુ પુણ્ય મળશે.' એમ કહી ચાર ધબ્બા આપી, ખૂબ રાજીપો બતાવ્યો.

ઉંદરડો માળા લઈ ગયો

રાત્રે બાઢડા નારણભાઈને ત્યાં પધાર્યા. બાઢડામાં નારણભાઈના ગાર-માટીનાં ઘરોમાં રાત્રે ઉંદરડા ઘણા ફરતા હતા. બહાર વરસાદ હતો તેથી બહાર નીકળ્યા ન હતા. આખી રાત ચૂં-ચૂં કરતા રહ્યા. સ્વામીશ્રી સવારે કહે : 'મારા મનમાં ઇન્જિન ચાલે છે, પણ ઉંદરડાં ચૂં-ચૂં કરતા હતા.' (પોતે મોઢેથી અસલ અવાજ કરી બતાવ્યો.)

પછી કહે : 'આફ્રિકા જતી વખતે (સને ૧૯૫૯) આ ઘરમાં આ જ ઓરડામાં સૂતા હતા. ઉંદરડો માળા લઈ ગયો. અમે કહ્યું : 'માળા ગોતજો.' પછી પત્રથી સમાચાર આવ્યા કે ઉંદરડે માળા ફોલી ખાધી છે. ઉંદરડાનુંય કલ્યાણ થઈ ગયું.' સ્વામીશ્રી હસતાં હસતાં બોલી રહ્યા હતા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી જાજરૂમાંથી આવતા હતા. પૂરતી લાઇટ ન હોવાથી સ્વામીશ્રીની સાથે ફેરવતા ટેબલલૅમ્પનો બલ્બ ગોઠવી વિશેષ અજવાળું કર્યું હતું. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ ક્યાંથી ?'

'બાપા ! આ આપણો ટેબલલૅમ્પ છે.'

'ના, ઠાકોરજીનો છે - એમ કહેવું. આ બધી વસ્તુ ઠાકોરજીની જ છે.' સ્વામીશ્રીએ નાની વાતમાં પણ ઠાકોરજીનું મુખ્યપણું શીખવાડ્યું.

અહીં કથા પ્રસંગમાં કહે :

'બોટાદનો એક હરિભક્ત મોજીદડ આવ્યો હતો. ત્યાં કથાવાર્તાનો અખાડો. 'કાઢો મ. ૫૭, છેલ્લાનું ૮ !' એમ બધા પડકારા કરે. આને થયું કે 'માળા બંડિયા ખરા કથા કરે છે !' બોટાદ આવીને કહે : 'હું વચનામૃત શીખીને આવ્યો છું.' ઓધવજીભાઈ વકીલ સભામાં હતા. તેમણે કહ્યું : 'શું શીખી આવ્યા ?'

'વચનામૃત કાઢો.' એમણે કહ્યું : 'કાઢો પંચાળાનું ૧૦.'

'ઓધવજીભાઈ કહે : 'પંચાળાનાં તો સાત જ વચનામૃત છે. દસમું ક્યાંથી કાઢવું ?' આમ, પોતાની મેળે આમ થાય. શાસ્ત્ર તો સત્પુરુષ થકી શીખાય.'

આમ, કથા પ્રસંગમાં હળવાં દૃષ્ટાંતો કે નિર્દોષ હાસ્ય પ્રસંગો ઉમેરી, સ્વામીશ્રી સૌને ગમ્મત સાથે જ્ઞાન પીરસતા.

દીનબંધુ અતિ મૃદુલ સુભાઉ

તા. ૬ઠ્ઠીએ સવારે અમૃત પાન કરી ઊભા થયા ત્યારે યોગેશ્વર સ્વામીએ કહ્યું : 'બાપા ! આ બાજરાના રોટલા માવજીભાઈ દૂધમાં બનાવીને લાવ્યા છે.'

સ્વામીશ્રી કહે : 'મને કેમ દીધા નહીં ? લાવો રોટલો.'

માવજીભાઈનો ભાવ પૂરો કરવા સ્વામીશ્રી તેમાંથી થોડો જમ્યા. પછી આખો પ્રસાદીનો રોટલો તેમને આપી દીધો.

મંદિરે દર્શન કરી, અમરેલી જવા નીકળ્યા અને નારણભાઈને કહે : 'અમે ફરીથી આવીશું, ત્યારે તમારા નવા ઘરે આવીશું.' એમ કહેતાં પોતાના હાથમાં ચોખાના દાણા હતા તે નારણભાઈને આપીને કહ્યું : 'આ નવા ઘરમાં છાંટી દેજો. તે અમે આવી ગયા તુલ્ય માનજો.'

સ્વામીશ્રીનાં આ મર્માળાં વાક્યોને એ સમયે તો કોણ સમજી શકે ?

સુરદાસને દૃષ્ટિદાન

સ્વામીશ્રી અમરેલી જવા નીકળ્યા જ હતા ત્યાં કણબી હરિભક્ત કલ્યાણભાઈ આવી પહોંચ્યા. ભાવના અને પ્રેમના આવેગથી તેમનું આખું શરીર કંપી રહ્યું હતું. સ્વામીશ્રીને ચરણે પડી ઊભા થતાં જ સ્વામીશ્રીને બાથ ભરી લીધી. એમના મોંમાંથી અસ્ફુટ શબ્દો સરવા લાગ્યા : 'સ્વામી, માબાપ...!' તેમની આંખે ઝળઝળિયાં આવી ગયાં ને કહે : 'મારી આંખે કાંઈ સૂઝતું નથી, તો દયા કરો, કાંઈક સૂઝે.'

સ્વામીશ્રી આ પ્રેમની વિહ્‌વળતા અને દર્શન વિના તરફડતી આંખોની લાચારીથી દ્રવી ગયા. પ્રેમથી કલ્યાણભાઈના ચહેરે, આંખે અને માથે હાથ ફેરવ્યો. પછી કહે : 'જાવ, ભગવાન પગદંડો રાખશે !'

કલ્યાણભાઈ કૃતકૃત્ય થતાં સ્વામીશ્રીનાં ચરણે પડી ગયા. સ્વામીશ્રીએ વિદાય લીધી. એ જ ક્ષણથી કલ્યાણભાઈનો અંધાપો દૂર થયો. તેમને બધું જ

સ્પષ્ટ દેખાવા લાગ્યું. આ ઘટનાના સાક્ષી થઈને ઊભેલા અનેક ભાવિકો વિસ્મયમાં ડૂબી ગયા.

સાવરકુંડલા હરિભક્તોને દર્શન આપી, અમરેલી આવી પહોંચ્યા. નગરજનોએ હંસાકારના રથમાં સ્વામીશ્રીને પધરાવી, શહેરમાં સુંદર શોભાયાત્રા કાઢી.

સવારે ૧૦-૩૦ વાગે નગરયાત્રામાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, મહંત સ્વામી મુંબઈ મંદિરના ઠાકોરજીને ખોળામાં લઈને બેઠા હતા. રથમાં સ્વામીશ્રી કંઈ શોધવા લાગ્યા. પછી દૂરથી નારાયણ ભક્તને બોલાવ્યા અને પૂછ્યું : 'આપણા ઠાકોરજી ક્યાં છે ?'

'બાપા ! પાછળની ગાડીમાં છે.'

સ્વામીશ્રીને શાંતિ થઈ, પણ પોતાની સાથે રથમાં હોત તો સારું હતું – એવો ભાવ રહી ગયો.

અંતકાળનું ભાથું

પછી મહાજન વાડીમાં ૧૨-૪૫ વાગે જાહેર સભામાં પધાર્યા. આશીર્વાદ આપતાં કહે :

'ગઢડામાં ભરવાડ ભેંસ દેવા દરવાજે આવ્યો. દરવાજો જોઈ આભો બની ગયો. હંમેશાં દરવાજો સંભારે, ગાયો દો'તાં દરવાજો સંભારે. સત્સંગી નહીં. ન્હાય-ધોવે નહીં, માળા ફેરવે નહીં, તોય અંતકાળે દરવાજો લઈને મહારાજ તેડવા આવ્યા. ભરવાડ કહે : 'હું સત્સંગી નથી.' મહારાજ કહે : 'તેં દરવાજો સંભાર્યો ને ! એ દરવાજો મારો છે. એટલે તેડવા આવ્યા છીએ.' નહીં તો જમપુરીમાં જાય.'

'તેમ આ નગરયાત્રા અને આ બધું અંતકાળે સાંભરી આવે તો ભગવાનના ધામમાં જવાય. જૈન, મુસલમાન, વૈષ્ણવ જેણે જેણે આ નગરયાત્રામાં દર્શન કર્યાં છે તેમનો મોક્ષ થઈ ગયો. શું પ્રોસેશન ! શું વરઘોડો ! શું અમરેલીના હરિભક્તો ! આમ અંતકાળે પણ જેમને સ્મૃતિ થઈ આવે, તો ભગવાન તેડવા આવે.

'એક ભાઈ સત્સંગી નહીં, પણ મંદિરની મૂર્તિઓ જોઈને ગુણ આવ્યો : 'મૂર્તિ બહુ રૂપાળી.' મહારાજ તેડવા આવ્યા.

'વડોદરામાં મહારાજની સવારી નીકળી. સંતો કીર્તન ગાય : '*રે સગપણ હરિવરનું...*' એક સોનારણ બાઈ સત્સંગી નહીં, પણ કડી હોઠે ચડી ગઈ. રાત-

દી' ગાયા કરે. મહારાજ તેડવા આવ્યા. તે કહે : 'હું તમારી ભગત નથી.'

'પણ હરિવર અમે પોતે છીએ !' એમ કહી મહારાજ તેડી ગયા.'

સ્વામીશ્રીનો ઉતારો રતિલાલ રૂપારેલિયાને ત્યાં હતો. મહાજન વાડીમાં પારાયણનું આયોજન કર્યું હતું.

આ અરસામાં દિલ્હીથી વેધશાળાના સમાચાર આવ્યા કે અહીં રાત્રે ૧૨-૦૦ વાગે વાવાઝોડું આવી રહ્યું છે. સૌ ભયમાં હતા. પોલીસવાળા પણ મૂંઝાતા હતા. પછી સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવા આવ્યા. સ્વામીશ્રી કહે : 'જાવ, વાવાઝોડું અમરેલીમાં આવશે જ નહીં.' અને ખરેખર ! વાવાઝોડું અહીં આવ્યું નહીં. અમરેલીની જનતાને આ વાતનું ભારે આશ્ચર્ય થયું ને સ્વામીશ્રીનો મહિમા સમજાયો.

સાવરકુંડલામાં રહેતા ધીરુભા અગરસંગ રાણા સ્વામીશ્રીનાં દર્શને અહીં આવ્યા. તેમની સાવરકુંડલા બદલી થઈ હતી. તે મુશ્કેલી તેમણે સ્વામીશ્રીને જણાવી. સ્વામીશ્રીએ આશીર્વાદનો ધબ્બો આપતાં કહ્યું : 'જાવ, સારી જગ્યાએ બદલી થઈ જશે.'

સાંજે તેઓ સાવરકુંડલા પહોંચ્યા ત્યાં તો આણંદ બદલી થયાનો ઓર્ડર આવી ગયો હતો ! ફરી તેમને થયું : 'ગુજરાતમાં કેમ ફાવશે ?' પણ આણંદ હાજર થયા અને ગાનામાં બે વર્ષ રોકાવાનું થયું. અહીં ખૂબ સારો સત્સંગ હોવાથી ધીરુભાને સત્સંગની ખૂબ દૃઢતા થઈ અને અભ્યાસ પણ થયો. સ્વામીશ્રીના આશીર્વાદ તેમના માટે સાર્થક નીવડ્યા.

તા. ૮મીએ કપોળ મહાજન વાડીમાં બપોરે ૧૨-૧૫ વાગે સભા પ્રસંગે સ્વામીશ્રી કહે : 'લંડન આખું પવિત્ર થઈ ગયું. તે બધાં બીજે જન્મે ભરતખંડમાં જન્મ લેશે અને મહારાજનો આશરો કરી અક્ષરધામમાં જશે.'

જીવનો લોભ

બપોરે રતિભાઈને ઘેર જમ્યા પછી કથામાં વાત નીકળતાં સ્વામીશ્રી કહે :

'નૈરોબીના નાગજીભાઈના ઉપેન્દ્ર સાધુ થવા આવ્યા છે, પણ નાગજીભાઈનું મન મોળું પડ્યું છે. આ ઉપેન્દ્રને પાછો તેડાવે છે ને કહે છે કે તમે મોકલો તો સવા લાખ રૂપિયા સેવા કરું. સવા લાખ લેવા સારા કે દીકરો લેવો સારો ? આપણે ક્યાં પૈસાનો લોભ છે ? આપણે તો જીવનો લોભ છે !' એમ કહી પોતાની સાધુ કરવાની રુચિ જણાવી.

ઘણી વાર વડીલોને થતું કે 'નાના યુવાનો જિંદગીભર આ સાધુ-આશ્રમમાં કઈ રીતે ટકી શકશે ? રખે તેમને વિઘ્ન આવે તો ?' આ વિચારથી ઘણાં માબાપો પાછાં પડતાં. તે વખતે યુવાનોની મક્કમતા ને સમજણની કસોટી થતી. સુખ-સાહ્યબીના અંચળાને ફગાવી દઈ આ યુવાને ભારે મક્કમતા દાખવી. તેમાં સ્વામીશ્રીની રુચિ ભળી. આથી છેવટ સુધી સ્વામીશ્રી ઉપેન્દ્રની ખૂબ ખબર રાખતા.

કેટલીક વાર ભગવાન અને મોટાપુરુષને પણ ભક્તોના ભાવની કસોટીએ ચઢવું પડે છે. એવું જ ખાંભા મંદિરના ખાતમુહૂર્તમાં બન્યું. હરિભક્તોના અતિશય આગ્રહથી સ્વામીશ્રી ખાંભા જવા તૈયાર થયા. પણ રસ્તો કાચો અને વરસાદને કારણે ખૂબ જ ખરાબ હતો. અથડાતાં-પછડાતાં તા. ૯મીએ ખાંભા પહોંચ્યા. હરિભક્તોનો ભાવ બહુ. આખું ગામ સ્વામીશ્રીનાં દર્શને ઊમટેલું. ઝરમર ઝરમર વરસાદ વરસે, ખાત વિધિ થઈ. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા અને ગામમાં સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. અહીં નાનું ગુરુકુળ પણ ચાલે છે.

અહીં મંદિરમાં સ્વામીશ્રીના હેતવાળા, નેવું વર્ષના વયોવૃદ્ધ સંત હરિપ્રસાદ સ્વામીનાં ખાસ દર્શન કરવા જ સ્વામીશ્રી પધાર્યા હતા. સ્વામીશ્રી તેમને ખૂબ હેતથી ભેટ્યા. જૂની વાતો સંભારી. બહુ રાજી થયા. પછી બધા સંતોને કહે : 'આમનાં દર્શન કરો.'

ગામના હરિભક્તોને પણ સ્વામીશ્રીએ ખાસ આજ્ઞા કરતાં કહ્યું : 'આ જૂના જોગી છે. તેમની સેવા કરવી.'

સ્વામીશ્રીને મન તો કોઈ પારકું કે પરાયું ન હતું. સર્વત્ર શ્રીહરિને નિહાળતા સ્વામીશ્રી નાના-મોટા સૌ સંતોને આદર આપતા ને બીજાને પણ તેમનો મહિમા સમજાવતા.

ધારી બળી ગયું

ખાંભાથી પ્રમુખસ્વામી અને સંતો ધારી પધાર્યા. આગલે દિવસે ધારી ગામના પુરુષોત્તમભાઈ, જીવણભાઈ તથા બીજા પ્રતિષ્ઠિત હરિભક્તોએ સ્વામીશ્રીને ધારી પાસે બાજુના પરામાં પધારવા ખૂબ જ આગ્રહ કર્યો હતો. 'અમારો શું ગુનો ?' તેમણે ઘણી વિનંતી કરી, પણ સ્વામીશ્રીએ જરાપણ નમતું આપ્યું નહિ.

ખાંભાથી પાછા ફરતાં ચલાળા પાસેથી ધારીનો રસ્તો વળે છે, ત્યાં મુંબઈના શેઠિયાઓ જીવણભાઈ બાખડા તથા પુરુષોત્તમભાઈ આદિ ધારીના

સર્વે હરિભક્તો તથા પ્રતિષ્ઠિત આગેવાનો, સર્વે સ્વામીશ્રીને ધારી લઈ જવા પ્રાર્થના કરવા માટે ઊભા હતા. સ્વામીશ્રીને ગમે તેમ કરીને ધારી લઈ જવા માટે સૌ કૃતનિશ્ચયી હતા; પરંતુ સ્વામીશ્રીએ મચક ન આપી.

સત્યપ્રિય સ્વામીએ આ વખતે શ્લેષ કરતાં કહ્યું : 'બાપા ! હવે તો અમારે એક ધારી (એકધારી) વૃત્તિ છે.'

પરંતુ સ્વામીશ્રીને ઉદાસ જોતાં કોઈનો આગ્રહ ચાલ્યો નહીં. પ્રમુખ-સ્વામી, મહંત સ્વામી આદિ સંતો ધારી દર્શને જઈ આવ્યા.

અમરેલીમાં ઠાકોરજી જમાડ્યા પછી સ્વામીશ્રીએ ગ.અં. ૧૯મું વચનામૃત વંચાવીને સૌને અવાક્ કરી દીધા અને 'ત્યાગીએ પોતાના વતનના ગામની વાત સંભળાય પણ નહીં, ગામનું નામ પણ સંભળાય નહીં, એ બધું બળી ગયું !' એ પ્રમાણે અદ્‌ભુત નિરૂપણ કરી, સંતો માટે શ્રીજીમહારાજે ઉપદેશેલ આદર્શને પ્રત્યક્ષ કરી દીધો અને બધા સંતોને આ પ્રમાણે વર્તવા ખૂબ જ બળ આપ્યું.

રાત્રે ૮-૦૦ વાગે સંતો ધારીથી પાછા આવ્યા પછી વાર્તાલાપમાં સ્વામીશ્રીને કહે : 'બાપા ! તમે આવ્યા હોત તો જીવણભાઈ બહુ રાજી થાત.'

'તમે ગયા એમાં હું આવી ગયો. મારા ઉપર બધા રાજી છે. કોઈ કુરાજી નથી. આખો દેશ મારા ઉપર રાજી છે.' સ્વામીશ્રીએ કહ્યું.

'બાપા ! ધારીમાં ઘર તો પડી ગયું.'

'સારું થયું.'

'બાપા ! ધારી ગામનું સ્થળાંતર થશે ને જન્મ સ્થાન ઉપર ડેમનાં પાણી ફરી વળવાનાં છે.'

'સારું થયું, એક સ્મૃતિ ટળી !'

'બાપા ! તમને સંભારીને ડેમમાં નાહ્યા હતા.'

'મને ટાઢ અહીં ચઢી ગઈ ! બે ધાબળા ઓઢવા પડ્યા હતા.' આખી વાતને હાસ્યનો ઢોળ ચડાવી, સ્વામીશ્રીએ વાતને વિસારે પાડી દીધી. શબ્દોમાં ક્યાંય બંધાયા નહિ, છતાં અણગમો ઓછો કર્યો નહિ.

સંતો સ્વામીશ્રીના જન્મ સ્થાનની પ્રસાદીની ધૂળ સાથે લાવ્યા હતા. સ્વામીશ્રીને સાંજે શૌચ જઈ આવ્યા પછી તે ધૂળ આપી હાથ ધોવડાવ્યા. પછી સંતોએ કહ્યું : 'બાપા ! આ આપના ઘરની ધૂળ છે.'

સ્વામીશ્રી એકદમ ઉદાસ થઈ ગયા. નારાજગી બતાવતાં કહે : 'આવું નો કરવું.'

સૌને શીતલ છાંયલડી યોગીબાપા દેતા

અહીં નાનકડા સંત કૃષ્ણવલ્લભ સ્વામીએ સ્વામીશ્રી સમક્ષ સુંદર કીર્તન ગાયું : *'જય જય યોગીજી, જય સ્વામી-શ્રીજી...'* તે સાંભળી સ્વામીશ્રી મુગ્ધભાવે તેમના તરફ જોઈ રહ્યા. કીર્તન પછી એકદમ રાજીપો બતાવ્યો ને કહે : 'હા ભાઈ...! ક્યાંથી શીખ્યા આવું !' સ્વામીશ્રીના શબ્દો જ એવા કે આત્મીયતાનું પૂર જ ફરી વળે. કૃષ્ણવલ્લભ સ્વામીને એ હાવભાવ અને એ મૂર્તિ ચિરંજીવ સ્મૃતિરૂપ બની ગયાં.

સ્વામીશ્રી જ્યારે સારંગપુર પધારે ત્યારે તેમની રસોઈનાં વાસણો ઊટકવાની સેવા આ નાનકડા સંત ઉત્સાહથી ઉઠાવી લેતા. સ્વામીશ્રી પણ તેમને સુખ આપતા.

એક વાર સ્નાન કરતાં સ્વામીશ્રીએ તેમને યાદ કર્યા : 'ઓલ્યા નાના સાધુ ક્યાં ?'

'હમણાં આવશે.'

'એમ નહીં, બોલાવી લાવો.'

કૃષ્ણવલ્લભ સ્વામી કંઈક સેવામાં હતા. સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા તે જાણી, તેઓ હરખાતાં હરખાતાં આવી પહોંચ્યા. સ્વામીશ્રી કહે : 'લ્યો ગુરુ ! સ્નાન કરાવો.' તેમણે સ્નાન કરાવ્યું ત્યાં સ્વામીશ્રી કહે : 'કો' કાલે ઉપવાસ !'

'ભલે બાપા !' તેમણે આજ્ઞા સ્વીકારી લીધી. આમ, નાના સંતો સાથેની સ્વામીશ્રીની આત્મીય ક્ષણો તેમના હૃદયમાં શાશ્વત સુખનો સ્રોત બની રહેતી.

અહીંના એક ઉત્સાહી યુવક હરેન્દ્રભાઈ ઘેલાણી કોમર્સ કૉલેજમાં જી.એસ. હતા. તેઓ ત્યાંના પ્રિન્સિપાલ વગેરેને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. એ વખતે ત્યાંના લેક્ચરર સીતાપરા સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ આશીર્વાદનો ધબ્બો મારતાં કહ્યું : 'તમે પ્રિન્સિપાલ થશો.'

એ વખતે તેમના અંતરમાં થયું કે 'આ બને તેમ નથી.' પરંતુ મોટા-પુરુષની કૃપાથી થોડા જ સમયમાં સીતાપરા સાહેબ કોમર્સ કૉલેજમાં પ્રિન્સિપાલ થયા. તેમને સ્વામીશ્રીનાં વચનોની સામર્થીનો અનુભવ થયો.

તા. ૧૦મીએ મંગળ પ્રવચનમાં સ્વપ્ન-દર્શનની વાત કરી કે 'શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં દર્શન દીધાં. મેં જમવાનું કહ્યું તો કહે : 'ઉકાળો લઈશ.' પછી ઉકાળો બનાવ્યો. તે થોડો પીધો. પછી થોડી પ્રસાદી મને આપી. મેં ના પાડી

ને કહ્યું : 'આપ પીવો.' પણ સ્વામી કહે : 'ના, તમારે જ પીવો પડશે.' મેં પ્રસાદી લીધી. ઉકાળો એવો તો મીઠો લાગ્યો. પછી નિર્ગુણ સ્વામીને થોડો પાયો.'

વિશ્વાસનાં વહાણ

આ વખતે અમરેલીમાં પારાયણ પ્રસંગ ચાલતો હતો. એક સાંજે અહીંના જાણીતા ડૉ. પરીખના તેજસ્વી અને ચંચળ પુત્ર અશ્વિનભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. તેઓ સિને કલાકાર બનવાની નેમ ધરાવતા હતા. પણ તેમને કોઈક અપાર્થિવ અનુભવ (astral experience) થયો હતો. તે વાત તેમણે વિસ્તારથી સ્વામીશ્રી પાસે કરી અને કહ્યું : 'મને આ અનુભવથી ઈશ્વર પ્રત્યે જે ભાવ - ઉમળકો થવો જોઈએ તે થતો નથી. વળી, મેં બધાં શાસ્ત્રોમાં વાંચ્યું છે કે ગુરુની જરૂર છે. તો મારે ગુરુ કેમ પસંદ કરવા ?'

આ ચબરાક અને મુમુક્ષુ યુવકની આંતરસૂઝ ભરેલી વાતો ઉત્સાહપૂર્વક સાંભળી, સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા. આથી અશ્વિનભાઈને પણ વિશેષ આનંદ થયો ને તેઓ સ્વામીશ્રીની પ્રતિભામાં વિશેષ આકર્ષાયા.

તેમના પ્રશ્નોનો ખુલાસો કરતાં સૌ પ્રથમ સ્વામીશ્રીએ તેમને ડૉક્ટર સ્વામીનું પૂર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું : 'ડૉક્ટર સ્વામી પણ તમારા જેવા જ હતા. ભગવાનમાં નો'તા માનતા, પણ સાધુ થઈ ગયા.'

પછીથી તો ખૂબ જ તર્કબદ્ધ રીતે સ્વામીશ્રીએ તેમને સમજાવવાનું શરૂ કર્યું : 'પહેલાં આપણે ગાડામાં ફરતા, પછી ઘોડાગાડીમાં, પછી મોટરમાં, પછી સ્ટીમરમાં. આજે પલેનમાં ને ઓલું મોટું પલેન (જમ્બો જેટ) બસો માણસ બેસે એવું, ત્રણ માળનું. અમારા સંતો એમાં અમેરિકા ગયા છે તેવું. તેમાં બેસીએ તો લંડન પહોંચી જઈએ. અમે લંડનથી અહીં આવ્યા ને પલેનમાં બેઠા તો પહોંચી ગયા શું ? વિશ્વાસ. પણ જો મરી જઈશું તો શું થશે ? – એવી બીક રાખીએ તો અહીં પહોંચાય નહીં. તેમ વિશ્વાસ જોઈએ. ને હેત થાય તો વિશ્વાસ આવે.

'તમને કોઈએ અમારી વાત કરી હશે તો અહીં આવ્યા. તમારા મિત્રમાં હેત, તે મિત્રે કહ્યું તો મનાઈ ગયું.

'તેમ સત્પુરુષમાં હેત અને વિશ્વાસ રાખીએ તો બધું સમજાઈ જાય ને સાચો અનુભવ થાય.

'આ અમારા ડૉક્ટર સ્વામી તથા મહંત સ્વામીનો સમાગમ કરો. એ હાઈકોર્ટ છે. તેમાં તમારો કેસ ન પતે તો પછી સુપ્રીમ કોર્ટમાં - અમારી

કોર્ટમાં આવજો.'

આ વાત પૂરી થઈ ત્યારે જ બધાને ખ્યાલ આવ્યો કે આપણે અહીં અમરેલીમાં ઊભા છીએ. એવા તો પરભાવમાં આવીને છતાં સહજતાથી સ્વામીશ્રી વાતો કરી રહ્યા હતા કે ત્યાં ઊભેલા સંતો-હરિભક્તો સ્વામીશ્રીની મૂર્તિમાં લીન થઈ ગયા હતા. માથે હાથ ફેરવતાં અને પ્રેમ આપતાં સ્વામીશ્રીએ અશ્વિનભાઈને જીતી લીધા. રંગીલા યુવાનને વશ કરવાની સ્વામીશ્રીની આ અલૌકિક રીત વિચારતાં, આનંદ પામતાં સૌ વિખરાયા અને સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

ત્યારે ગુણવંતભાઈએ પૂછ્યું : 'બાપા ! થાક લાગ્યો છે ને !'

સ્વામીશ્રી કહે : 'થાક તો લાગે જ ને ! કંઈ લાકડાના છીએ ?!'

કારણ, આજે પારાયણની પૂર્ણાહુતિ, સમૂહ ભોજન, કૉલેજમાં જાહેર સભા અને પધરામણીઓ વગેરે ભરચક કાર્યક્રમ યોજાયો હતો.

આજે પ્રતાપરાય આર્ટ્સ કૉલેજમાં સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. સાચા વિદ્યાર્થી બનવા આદેશ આપ્યો હતો.

આધ્યાત્મિક ઍટમ બૉમ્બ !

સ્વામીશ્રીનો ઉતારો જેમના ઘરે હતો તે રતિભાઈ રૂપારેલિયાને સત્સંગનો રંગ બિલકુલ નહીં. વળી, તેમના મુંબઈ રહેતા વડીલબંધુ માણેકલાલ સત્સંગ કરે તે જોઈને પણ મશ્કરી કરે. વળી, 'ધર્મ માત્ર ધતિંગ છે' વગેરે માન્યતા પણ દૃઢ થઈ ગઈ હતી. પરંતુ અમૃત મહોત્સવ પછી આફ્રિકાથી તેમના ભત્રીજા આવ્યા હતા, તેમને સાથે લઈ સ્વામીશ્રી સાથે સારંગપુર, ગઢડા જવાનું થયું. ત્યાં સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ જોતાં તેમની માન્યતાઓ બદલાવા લાગી.

'સ્વામીશ્રી અમરેલી પધારવાના છે' એ જાણી, તેમણે તરત જ મંડળના આગેવાન હરિભક્તો રતિભાઈ લુહાર, પુરુષોત્તમભાઈ ધારીવાળા, ગોપાળભાઈ વગેરેનો સંપર્ક સાધ્યો અને સ્વામીશ્રીનો ઉતારો પોતાના વિશાળ આવાસમાં રાખવા નક્કી કર્યું.

સ્વામીશ્રી અને સંતોની તેમણે મન મૂકીને સેવા કરી.

એક વાર સ્વામીશ્રીને ખાનગીમાં મળ્યા અને પોતાના ઘણા વ્યાવહારિક પ્રશ્નોની વિગત જણાવી. તેમની ઑઈલ મિલ લગભગ ખોટમાં જતી હતી. અને અનેક પ્રશ્નોમાં તેઓ ગુંચવાયા હતા. સ્વામીશ્રીએ તેમની તમામ વાત શાંતિથી

સાંભળી. અને પ્રેમથી આશીર્વાદ આપતાં કહે : 'લો ગુરુ ! આ માળા રાખો. ઍટમ બૉમ્બ છે ! તમારા સર્વે શુભ સંકલ્પ સિદ્ધ થશે. મૂંઝવણ બધી નીકળી જશે.'

રતિભાઈએ માળા લેતાં ધન્યતા અનુભવી. થોડા જ દિવસોમાં બધી મુશ્કેલીના ઉપાયો થવા લાગ્યા અને સર્વ પ્રકારે સુખિયા થઈ ગયા.

રતિભાઈ રૂપારેલિયા, અરવિંદભાઈ પીઠડિયા, જિતેન્દ્ર દવે, રતિલાલ લુહાર, કૃષ્ણપ્રસાદ ત્રિવેદી, પુરુષોત્તમદાસ ધારીવાલા, હરિભાઈ તથા ભગવાનજીભાઈ મિસ્ત્રી, નાથાલાલ મોહનજી તથા રમણભાઈ ભટ્ટ, હરેન્દ્ર ઘેલાણી વગેરે ભક્તોએ સહકારથી પ્રસંગને શોભાવ્યો હતો.

તા. ૧૧મીએ સવારે ૫-૦૦ વાગે રતિભાઈને ઘેર સ્વપ્નદર્શનની વાત કરતાં સ્વામીશ્રી કહે : 'બોચાસણના ઘનશ્યામ સ્વામીનાં દર્શન થયાં. તેમના પલંગ નીચે કેરીઓ, આદુ, કોથમીર વગેરે પડેલું. મને ઘનશ્યામ સ્વામીએ કહ્યું : 'આ ખાટલા નીચે કેરીઓ પડી છે તે જમો.' તેમને મારી ઉપર બહુ હેત. મેં કહ્યું : 'ઠાકોરજીનો થાળ ૧૨-૦૦ વાગે થશે તે ધરાવીને જમશું.'

સ્વપ્નમાં પણ ઠાકોરજીને ધરાવ્યા વગર ન જમાય એ ભક્તિનું કેવું અનુસંધાન !

અંતિમ ખાત વિધિ

મૂળ અમરેલીના વતની અને મુંબઈમાં વસતા મૂળજી રાઘવજી ટાંકના સુપુત્રો હરિભાઈ તથા ભગવાનજીભાઈ મિસ્ત્રીએ અહીં મંદિર માટે પ્લોટ અર્પણ કર્યો હતો. સ્વામીશ્રીએ ત્યાં ધામધૂમથી ખાત વિધિ કરી. આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના હાથે અમરેલીમાં છેલ્લા મંદિરની પ્રતિષ્ઠા કરી, તેમ અમારા હાથે અમરેલી મંદિરની આ છેલ્લી ખાત વિધિ છે.' એમ કહેતાં ગુણાતીતાનંદ સ્વામી સાથે પોતાની એકતા જણાવી.

એ જ દિવસે સવારે અમરેલીથી વિદાય લઈ, લાઠી પેલેસમાં તેમજ ગંભીરસિંહજી કાકા સાહેબને ત્યાં પધરામણી કરી. ઘોઘાવદર દર્શન કરી, બપોરે ૨-૦૦ વાગે સ્વામીશ્રી બંધિયા પધાર્યા. અહીંના દરબારોની રસોઈ જમી, સર્વ પ્રસાદી સ્થળોનાં દર્શન કરી, સાંજે ૫-૧૫ વાગે સ્વામીશ્રી પોતાના અતિ પ્રિય સ્થાન ગોંડલ પધાર્યા.

❀ ❀ ❀



અક્ષર તીર્થમાં ઓવારણાં

ગોંડલ શહેરમાં દાખલ થતાં જ પાંજરાપોળ પાસેથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો. નિશાન-ડંકા, ઘોડેસવારો, શણગારેલાં ગાડાં, ભજન મંડળીઓ, પોલીસ બૅન્ડ, સંતોની બગીઓ, ગુરુકુળનું બૅન્ડ, સ્વામીશ્રીનો હંસાકારવાળો સુંદર રથ, ધૂન-ભજન કરતા સંતો-ભક્તોથી ખીચોખીચ સ્વાગત-યાત્રા ગોંડલની બજારોમાં જયજયકાર કરતી શોભતી હતી. શહેરમાં ૮૦ જેટલી સુંદર કમાનો શણગારવામાં આવી હતી. અક્ષર મંદિરના આ મહંતે દિગંતમાં હિંદુ ધર્મ અને સ્વામિનારાયણનો ડંકો વગાડ્યો એનો આનંદ ગોંડલની પ્રજાના ઉરમાં સમાતો ન હતો. આજે આખું ગામ સ્વામીશ્રીને વધામણી આપવા હિલોળે ચડ્યું હતું.

સુંદર રોશનીથી મંદિર અક્ષરધામ સમું દીપતું હતું. સૌ પ્રથમ દેરીમાં દર્શન કરી, મંદિરમાં આરતી ઉતારી, લાંબા સમય પછી અક્ષર દેરીમાં પધારતાં સ્વામીશ્રી દર્શન કરતાં ગદ્ગદિત થઈ ગયા. પોતાના આરાધના સ્થાન સમી આ ગુણાતીત દેરી સ્વામીશ્રીને મન સર્વસ્વ હતી. ઘનશ્યામ મહારાજની અલૌકિક મૂર્તિ ઉપરથી પણ સ્વામીશ્રી નજર પાછી વાળી શકતા નહિ. સ્થિર થઈ જતા. સભામંડપમાં નગરજનો વતી કૉલજના પ્રિન્સિપાલ ત્રિવેદી સાહેબે સ્વામીશ્રીનો મહિમા વર્ણવતું સંસ્કૃત અને ગુજરાતી સમશ્લોકી ષટ્પદીનું ગાન કર્યું.

સ્વામીશ્રીએ સર્વને આશીર્વાદ આપતાં કહ્યું : 'આ તમે સન્માન કર્યું તે સ્વામિનારાયણ ભગવાનનું કર્યું છે. સાધુનું સન્માન હોય નહીં. અમે તો માથે ઝોળી ઉપાડનારા છીએ. આ સભામાં શ્રીજીમહારાજ બિરાજમાન છે. મહારાજ અને સ્વામી તમને બધાને આશીર્વાદ દે છે.'

માનતાની પૂર્ણાહુતિ

આખા દિવસના પ્રવાસ અને નગરયાત્રા વગેરે કાર્યક્રમથી સ્વામીશ્રી ઘણા

જ શ્રમિત થયા હતા. ભક્તોની ભીડ પણ અસહ્ય હતી. એટલે સભા પછી તુરત સ્વામીશ્રી પોતાના નિવાસ સ્થાનમાં આરામમાં પધાર્યા. પણ પોતાને એકાએક કંઈક સાંભરી આવ્યું તેથી નારાયણ ભગતને બોલાવ્યા અને આદેશ આપ્યો :

'તમે પાંચ સાધુને લઈને હમણાં જ દેરીમાં જાવ અને મારા વતી પચીસ પ્રદક્ષિણા ફરો. મેં અહીં પહોંચ્યા પછી પચીસ પ્રદક્ષિણાની માનતા માની હતી. 'જોગી વતી પ્રદક્ષિણા સ્વીકારજો' એમ કહેજો. હું કાલે કરીશ.'

પોતાના પ્રાણ સમી અક્ષર દેરી પ્રત્યેની આ ટેક, આવી પ્રવૃત્તિમાં પણ સ્વામીશ્રી વિસારી શક્યા ન હતા ! એ જ સૌને આશ્ચર્યકારી લાગ્યું.

જળઝીલણી ઉત્સવ

તા. ૧૨મીએ જળઝીલણી મહોત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવ્યો. સૌ પ્રથમ બૅન્ડ-વાજાં સહિત ધૂન-ભજન કરતાં મંદિરને બે પ્રદક્ષિણાઓ કરી. પછી અક્ષર ઘાટ ઉપર આવ્યા. ઠાકોરજીનું ષોડશોપચાર વિધિથી પૂજન કરી, પ્રથમ આરતી કરી. પછી ઠાકોરજીને હોડીમાં પધરાવી નદીમાં જળવિહાર કરાવ્યો. ગણપતિજીને પણ સાથે જળવિહાર કરાવ્યો. એક એક પ્રદક્ષિણા કરાવી, આરતી કરી. એમ પાંચ આરતી કરી. પાંચમી વખતે જળવિહાર કરાવ્યો ત્યારે સ્વામીશ્રી અને પાળિયાદ બાપુ પણ હોડીમાં બિરાજ્યા હતા. આ વખતે ગણપતિ વિસર્જન કર્યું. પછી ઠાકોરજીને પાલખીમાં પધરાવી મંદિરે આવ્યા ને ફરીથી બે પ્રદક્ષિણા કરી ગામમાં પધરામણી કરવા ઠાકોરજીને લઈ ગયા. મહંત સ્વામી અને સંતો ઠાકોરજી સાથે પધરામણીમાં ગયા હતા. ગામમાં ઠેર ઠેર પધરામણીઓ થઈ.

જળઝીલણી ઉત્સવ નિમિત્તે મંદિરમાં સભા થઈ. સ્વામીશ્રીએ સહુને આશીર્વાદ આપતાં જણાવ્યું :

'નિર્દોષબુદ્ધિ સત્પુરુષમાં થાય એ સત્સંગ. એકાંતિક સત્પુરુષ તે કરાવે. અક્ષરપુરુષોત્તમની મહિમાની વાત સંપ્રદાયવાળાને સદતી નથી, પણ ૫-૨૫ વર્ષે બધું એક થઈ જશે. આ પૂરમાં નર્મદા અને તાપી એક થઈ ગઈ, તેમ સો વરસે બધું એક થઈ જાશે. પણ તમે જોવા જીવતા નહીં હો.'

સ્વામીશ્રીના ઉદ્‌ગારોમાં ક્યારેય ભેદદૃષ્ટિ જણાતી નહિ. ધર્મ-નિયમમાં રહેતો મહારાજનો આશ્રિત એમને મન માથાનો મુગટ હતો. જે તેઓ વારંવાર કહેતા અને પુરુષોત્તમ નારાયણના સંબંધનો મહિમા સમજાવતા.

હરિભક્તોએ ઠાકોરજીનું પૂજન કરી, ધોતિયાં ઓઢાડ્યાં.

સન્માન સમારોહ

સાંજે સ્વામીશ્રીનો જાહેર સન્માન સમારંભ ગુરુકુળના વિશાળ પ્રાંગણમાં યોજાયો હતો. ધૂન, વેદગાન અને કીર્તન બાદ ગોંડલ - નગરપાલિકાના પ્રમુખ ધનજીભાઈએ સ્વાગત પ્રવચન કર્યું. સન્માન પત્રનું વાંચન કરી, શહેરના અગ્રણીઓએ ભેગા મળી સન્માન પત્ર સ્વામીશ્રીને અર્પણ કર્યું. રાજકોટ જિલ્લાના કલેક્ટર રામકૃષ્ણન્ આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે હતા. સ્વયંપ્રકાશ સ્વામી, પાળિયાદ બાપુ, બાલુભાઈ પટેલ (ધારાસભ્ય), વિજયકુમાર ત્રિવેદી, મનહરભાઈ પારેખ, મણિશંકર શાસ્ત્રી વગેરેએ પ્રવચનો કર્યાં. ઘનશ્યામભાઈના ભજન બાદ પ્રમુખપદેથી ગોવિંદસિંહ ચૂડાસમાએ પ્રવચન કરતાં સ્વામીશ્રીની વિદેશયાત્રાનાં ગુણગાન ગાયાં.

પ્રમુખસ્વામીના પ્રવચન બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'ગોંડલ શહેર ખૂબ વધી જશે. મોટી મોટી કૉલેજો સ્થપાશે. ને બધા સુખી થશે.'

અંતે પ્રિન્સિપાલ પ્રહ્‌લાદભાઈએ આભાર વિધિ કરી.

જીર્ણદુર્ગના સ્મૃતિ સલિલમાં અવગાહન

આ સભા દરમ્યાન આવી ભરચક મેદનીમાં સ્વામીશ્રીએ પ્રાગજીભાઈને જોયા. સ્વામીશ્રી ગોંડલ બિરાજતા હોય ત્યારે ઘણા હરિભક્તોને પત્રો લખીને તેડાવતા અને દર્શન, સેવા-સમાગમનું સુખ આપતા. જૂનાગઢના પ્રાગજીભાઈને પણ કુટુંબ સહિત થોડા દિવસ લાભ લેવા માટે કાગળ લખ્યો હતો. તેથી તેઓ પણ આવ્યા હતા.

ઉતારે આવી સ્વામીશ્રી સેવકને કહે : 'જૂનાગઢથી પ્રાગજીભાઈ આવ્યા છે. તેમને બોલાવી લાવો.'

સેવક પ્રાગજીભાઈને લાવ્યા. પ્રાગજીભાઈને તો આનંદનો પાર ન રહ્યો, કારણ કે હજારો હરિભક્તોમાં સ્વામીશ્રીએ તેમને યાદ કરી બોલાવ્યા હતા. મા-બાપ બાળકોની સંભાળ રાખે તેમ કુટુંબના ક્ષેમકુશળના સમાચાર સ્વામીશ્રીએ પૂછ્યા. અને જૂનાગઢ મંદિરના સાધુ-બ્રહ્મચારીને યાદ કર્યા. બ્રહ્મચારી પુરુષોત્તમાનંદજી, હરિપ્રસાદાનંદજી તથા અક્ષરપુરુષોત્તમદાસ સ્વામીના ખબર પૂછ્યા. અને કહ્યું : 'અમારા વતી બધાને જય શ્રી સ્વામિનારાયણ કહેજો.'

પછી કહે : 'મંદિરમાં સાધુ-બ્રહ્મચારીની સેવા કરો છો, તેવી રીતે

ધીરજલાલ તથા બધા દીકરાઓને સેવા કરવાનું શીખવજો. રાધારમણ દેવનો થાળ કરાવવો. એ પ્રથા ચાલુ રાખવી. મંદિરે બધાએ રોજ દર્શને જવું.'

સ્વામીશ્રી સ્મૃતિમાં ડૂબી ગયા. એમની વાણી સહેજે વહેવા લાગી : 'મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ બહુ રહ્યા, ભગતજીએ બહુ સેવા કરી. જાગા ભક્ત સ્વામી પણ ત્યાં રહ્યા. બાલમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, નારાયણદાસ સ્વામી, કૃષ્ણચરણદાસ સ્વામી... અમારા ગુરુનું મહાપ્રસાદીનું સ્થાન છે. અમે પણ બહુ રહ્યા. ત્યાં સેવા બહુ કરી, મોટા મોટા સદ્‌ગુરુઓને રાજી કર્યા ને તપ બહુ કર્યું. શિયાળામાં ટાઢા પાણીના ભરેલા ગોળાથી નાહ્યા. ઉપવાસ બહુ કરતા. ગળ્યું-ચીકણું ખાતા નહીં. સ્વામીની રીતે રીત રાખી અને શાસ્ત્રીજી મહારાજની દયા થઈ ગઈ. તે સુખ આવે છે ને શાંતિ વર્તે છે. અહીં જે આવે છે તે શાંતિ મેળવીને જાય છે. અમારે જૂનાગઢ દર્શને આવવાનું બહુ મન છે, પણ હવે તો સ્વામીની ઇચ્છા હશે તેમ થશે. તમે સભામંડપ આદિ બધાં પ્રસાદી સ્થાનનાં દર્શન અમારા વતી કરશો.'

'બાપા ! આપ જરૂરથી જૂનાગઢ પધારો. તો દર્શન થશે. બ્રહ્મચારી-સાધુને મળાશે. અક્ષરપુરુષોત્તમદાસ સ્વામીને પણ આપને મળવાની બહુ ઇચ્છા છે. તેઓ પણ બહુ રાજી થશે.' પ્રાગજીભાઈએ આગ્રહપૂર્વક વિનંતી કરી.

સ્વામીશ્રી કહે : 'અમનેય બહુ મન રહે, અમે બહુ રહ્યા, પણ હવે મહારાજની ઇચ્છા હશે તેમ થશે.'

સ્વામીશ્રીની વાણીનું રહસ્ય પ્રાગજીભાઈને એ વખતે ક્યાંથી જણાય, પરંતુ જ્યારે સ્વામીશ્રીનો પ્રસાદીનો સભામંડપ આદિ સર્વે આગ લાગવાથી ભસ્મીભૂત બની ગયાં, ત્યારે જ તેમને ખ્યાલ આવ્યો કે ભાવિના ગર્ભમાં કંઈક જુદું રહસ્ય હતું. અને એથી જ એ પ્રસાદીભૂત સ્થળો - વસ્તુઓની સ્વામીશ્રીએ વારંવાર સ્મૃતિ કરી હતી.

તા. ૧૩મીએ ગુરુકુલ તરફથી ત્યાંના હૉલમાં સ્વામીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું.

બાલમુકુંદ સ્વામી, રામચરણ સ્વામી વગેરે સંતો તથા પ્રહ્‌લાદભાઈ, જેઠાભાઈ પારેખ, ડૉ. ત્રિવેદી, છોટુભાઈ વકીલ, ધનજીભાઈ શિંગાળા અને નગરપાલિકાના સભ્યો તથા શહેરના અગ્રણીઓ અને યુવક મંડળ તથા ગુરુકુલના વિદ્યાર્થીઓએ મળી, આ પ્રસંગો ખૂબ જ ભવ્યતાપૂર્વક ઊજવી સ્વામીશ્રીને રાજી કર્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'અહીંના દરેક

વિદ્યાર્થીએ ફર્સ્ટમાં પાસ થવું, રખડવું નહીં. અભ્યાસ બરાબર કરવો.'

રાજદુર્ગમાં વિવિધ સમારોહ

લગભગ ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી રાજકોટ આવી પહોંચ્યા. જ્યુબિલી બાગથી સ્વામીશ્રીની અદ્‌ભુત સ્વાગત-યાત્રા કાઢવામાં આવી હતી.

સવારે લોહાણા મહાજન વાડીમાં પારાયણનો પ્રારંભ થયો. સવારે ૧૦ થી ૧૨ 'શ્રીહરિલીલાકલ્પતરુ'ની કથા પ્રમુખસ્વામી વાંચતા અને સાંજે હું અને શાસ્ત્રી નારાયણ ભગત વાંચતા. હજારો ભાવિકોએ કથાનો લાભ લીધો.

સ્વામીશ્રીનું જાહેર સન્માન કરવા રાજકોટ નગરપાલિકાના પ્રમુખ હરકાન્ત માણેકના અધ્યક્ષપદે શાસ્ત્રી મેદાનમાં સમારંભ યોજ્યો હતો. અતિથિ-વિશેષ તરીકે જામનગરના જાણીતા ઉદ્યોગપતિ હરજીવનદાસ બારદાનવાળા હાજર રહ્યા હતા.

વિશાળ મંચના મધ્યમાં ઊંચા આસન પર સ્વામીશ્રી બિરાજ્યા હતા. એક બાજુ શહેરના અગ્રણીઓ અને બીજી બાજુ સંતો બેઠા હતા. સામે હજારોની સંખ્યામાં ધાર્મિક જનતા હાજર રહી હતી.

વેદગાન બાદ હરકાન્ત માણેકે સ્વાગત-પ્રવચન કર્યું. મંદિર પાસેના રોડનું 'અક્ષરપુરુષોત્તમ રોડ' એવું નામ આપવાની જાહેરાત કરી. પછી મેં એક ભજન ગાયું. સ્વયંપ્રકાશ સ્વામી, પ્રમુખસ્વામી, પ્રાણલાલ જોશી, ગજાનન જોશી, બાલકૃષ્ણ શુક્લ, વાલજીભાઈ નથવાણી, નારાયણદાસ પાઉં, ચુડાસમા સાહેબ, હર્ષદરાય દવે વગેરેએ સ્વામીશ્રીની ધર્મયાત્રાને અંજલિ આપી ગુણ ગાયા. બ્રહ્મભટ્ટે સન્માન પત્રનું વાચન કર્યું. સ્વામીશ્રીને અર્પણ કર્યું. હરજીવનદાસ શેઠે અનોખી શૈલીમાં સ્વામીશ્રીના ગુણ ગાયા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં લાલબહાદુર શાસ્ત્રી અને મહાત્મા ગાંધીની સ્મૃતિ કરી. તેઓ શાસ્ત્રીજી મહારાજના યોગમાં આવ્યા હતા, તે સંબંધી વિગત વાર વાત કરી. શહેરની જનતા સુખી થાય એવા આશીર્વાદ આપ્યા.

અક્ષરપુરુષોત્તમ સંસ્થા તરફથી રેલ-રાહત ફંડમાં રૂા. ૩,૦૦૧ની સેવાની જાહેરાત થઈ હતી.

સત્કર્મ અને અસત્કર્મ

બપોરે જમ્યા પછીની કથામાં વચનામૃત ગ.મ. ૧૧ વંચાવતાં સ્વામીશ્રી

કહે : 'આપણે મકાન બાંધીએ ત્યારે સંકલ્પ કરીએ કે 'ઠાકોરજીને પધરાવશું, શાસ્ત્રીજી મહારાજને જમાડીશું,' આ સત્કર્મ થયું. 'કોઈ પ્રધાન કે શેઠિયાને બોલાવી વાસ્તુ કરાવીશું,' આવો સંકલ્પ થાય તે અસત્કર્મ થયું.

'વરસાદ વરસે ત્યારે લોકો ટાંકાં-ગોળા ભરી લે છે; ઉનાળામાં પીવા થાય. તેમ આપણે હૃદયમાં જ્ઞાનનાં ટાંકાં ભરી લેવાં; જેથી ભવિષ્યમાં કામ આવે.'

હરિકૃષ્ણ મહારાજની પ્રસાદી

તા. ૧૫મીએ કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'નડિયાદના દત્તરામ બારોટ ભગતજીના શિષ્ય હતા. તેમના પિતા દેવીદાસને બહુ સત્સંગ નહીં. એક વાર તેમના પિતાને લઈને તેઓ વડતાલ એકાદશીના સમૈયે આવ્યા. દત્તરામ ભગતજીના શિષ્ય એટલે સાધુઓને તે ન ગમે. પગતમા આ બે જમવા બેઠા. થોડા હેતવાળા સાધુય હતા. એકે જમવા પતરાળું આપ્યું, તે બીજાએ લઈને ભાંગી નાખ્યું. આમ ચાલ્યું. એક આપે ને એક ભાંગે. દેવીદાસે ગુસ્સે થઈ કહ્યું : 'અલ્યા દત્તા ! હાલ નડિયાદ ભેગા.'

'ના, બાપા ! પ્રસાદી જમીને જ જવું છે.'

પછી હેતવાળા એક સાધુ પાહેં ઊભા રહ્યા અને બન્નેને જમાડ્યા. ત્યારે દેવીદાસે કહ્યું : 'દત્તા ! જો આપણે વયા ગયા હોત તો હરિકૃષ્ણ મહારાજની પ્રસાદી ન મળત.' આમ અપમાન કર્યું. આ જ ભક્તિ. કોઈ કહે : 'તમને નથી આવડતું.' તો કહેવું : 'હા, નથી આવડતું.' આપણા ગુરુ ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ બધાએ સહન કર્યું છે, તો આપણેય સહન કરવું.'

બપોરે ૧-૧૫ વાગે કથામાં સ્વામીશ્રી કહે :

'સંપ, સુહૃદભાવ અને એકતા - એ જ એક અમારો અભિપ્રાય વર્તમાનકાળે છે. એનું વચન એ જ ભક્તિ. કહેવા કહેવામાંય ફેર હોય છે. બિલાડી ઉંદરને જોસથી પકડે છે અને પોતાનાં બચ્ચાંને કેવી રીતે પકડે ? કોઈની ભૂલ હોય તો 'બા, બાપુ, આમ ન કરવું.' એમ ધીરે રહીને કહેવું.'

બીજે દિવસે ડૉ. બક્ષીએ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય જોયું. કાર્ડિયોગ્રામ વગેરે 'નોર્મલ' હતું. ફક્ત થોડી શરદી હતી.

કોઠી કચેરીમાં દર્શને

તા. ૧૬મીએ સાંજે 'કોઠી' જ્યાં શ્રીજીમહારાજનું ગવર્નર સર જોન

માલ્કમે સન્માન કરેલું, ત્યાં દર્શને ગયા હતા. હાલ ત્યાં વેસ્ટર્ન રેલવેની ઑફિસ છે. રેલવેના સર્વ કર્મચારીઓ હાજર રહ્યા હતા. જ્યાં સર જૉન માલ્કમે મહારાજને પધરાવ્યા હતા એ જ ખંડમાં તેમણે સ્વામીશ્રીને પધરાવ્યા અને સન્માન્યા. ત્યાંથી રેલવે ક્વાટ્ર્સમાં 'જગજીવનરામ હૉલ'માં રેલવે તરફથી સન્માન સભા ગોઠવી હતી ત્યાં પધાર્યા. અગ્રણી કર્મચારીઓએ હારતોરા કર્યા. સ્વામીશ્રીએ સહુને આશીર્વાદ આપ્યા. ત્યાંથી પ્રસાદીના હનુમાનની દેરીએ પધાર્યા. આ હનુમાનજી મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ પધરાવ્યા છે. તેનાં દર્શન કરી, પારાયણના સ્થળે આવ્યા.

રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦ ફરીથી સભામાં પધાર્યા હતા. આ પ્રસંગે ભારતમાં પ્રથમ ક્રમે આવી રાષ્ટ્રપતિનું ઇનામ પ્રાપ્ત કરનાર 'સર્વોદય રાસમંડળ'નો કાર્યક્રમ હતો. કાર્યક્રમ રાત્રે ૧૨-૩૦ સુધી ચાલુ રહ્યો હતો.

તા. ૧૭મીએ સવારે જે.જે. કુંડલિયા કૉલેજમાં સભા હતી. સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓને મા-બાપની આજ્ઞામાં રહી, સાદું જીવન જીવી, પ્રોફેસરો પ્રત્યે માનની દૃષ્ટિ રાખી, ઉચ્ચ અભ્યાસ કરવા આદેશ આપ્યો હતો.

...તો ભગવાનને 'હાઉ' કર્યું કહેવાય

આજે પારાયણમાં સ્વામીશ્રીએ કહ્યું :

'ધન, મિલકત, વાડી આપણને ભગવાને આપ્યું છે; પણ તેમને પાછું આપવું હોય તો ન અપાય.

'શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે દશાંશ-વિશાંશ ધર્માદો કાઢવો. તેનાથી ધનની શુદ્ધિ થાય. ગરીબ હોય તેણે વીશમો ભાગ કાઢવો. કૃષ્ણજી અદા રાજકોટ રહેતા. દરરોજ ઝોળી માગવા જાય. આઠ ઘેર ઝોળી માગી આવે. તેમાં ઘી, ગોળ, તેલ, લોટ, દાળ, ચોખા વગેરે આવ્યું હોય તેમાંથી દશમો ભાગ કાઢી પહેલાં મંદિરે આપી આવે. જાગા સ્વામીના શિષ્ય વૈજનાથભાઈને પચાસ રૂપિયાનો પગાર મળતો. જાગા સ્વામીએ તેમને આજ્ઞા કરેલી. તે મહિને મહિને અઢી રૂપિયાનો મનીઑર્ડર કરી દે.

'એક ગરાસિયા કાઠી વેપારીને ત્યાં માલ લેવા ગયા. બસો રૂપિયાનો માલ લીધો, પણ પૈસા આપવાની વાત નહીં. પછી વિચાર્યું કે ગાંડા થઈએ તો પૈસા ભરવા ન પડે. તે ખોટા ખોટા ગાંડા થયા. વેપારી પૈસા માગે ત્યારે ગાંડાની જેમ 'હાઉ હાઉ' બોલે. વેપારીએ જાણ્યું - એ ગાંડો થયો છે. તે

ઉઘરાણી કરતાં આળસી ગયો. તેમ ભગવાને આપણને આવો મનુષ્ય દેહ આપ્યો, બધુંય આપ્યું, પણ ધર્માદો આપવાનો થાય ત્યારે પગ ન ઊપડે તે 'હાઉ' કર્યા કહેવાય. તે ભગવાન કેમ રાજી થાય ? માટે ચોખ્ખો ધર્માદો કાઢવો. તો સુખી રહેવાશે.

'ધર્માદો ! ધરથી, એટલે મૂળથી જ માંદો ! વિવાહ કરવો હોય, બારમું કરવું હોય, બીજું વ્યાવહારિક કામ કરવું હોય તો ઉછીના લાવીને પણ કરે; પણ ધર્માદો કરવાનો હોય તો અનેક બહાનાં બતાવે. પણ શિક્ષાપત્રી પ્રમાણે ધર્માદો કાઢવો. નિયમ પાળવા. આશરો દૃઢ રાખવો. તો શ્રીજીમહારાજ રક્ષા કરે.'

શ્રીજીમહારાજની આ આજ્ઞાની મહત્તા સ્વામીશ્રીએ સંપ્રદાયમાં નાના-મોટા હરિભક્તોને અનેક પ્રસંગે સમજાવી અને હેતથી એનું પાલન કરાવ્યું. હરિભક્તો મનધારી સેવા કરે પણ મહારાજની ધર્માદાની આજ્ઞામાં શિથિલ રહે, તે સ્વામીશ્રી વારંવાર ઉપદેશતા. એમને સેવા કરાવવાનું તાન તો રહેતું, પણ સાથે આજ્ઞાપાલનનું તાન વિશેષ હતું. જેથી હરિભક્તોની ધનશુદ્ધિ થાય અને સત્સંગમાં બળ મળે. મોટાપુરુષનો રાજીપો મળે અને જગતની મમતા તૂટે. આમ, મહારાજની આજ્ઞા-પ્રણાલી જીવંત રાખી.

વળી કહ્યું : 'સ્વામી કહેતા કે આડો સત્સંગ વધશે; તો આડો શું ? કુટુંબીમાં, સગાંવહાલાંમાં વધે. બીજા સંપ્રદાયવાળા ન આવે, પણ આમ આડો સત્સંગ ફાટશે !'

અવગુણમાં જમપુરી

મહાજન વાડીમાં પારાયણ પ્રસંગમાં ભીડ સારી જામતી, ગામોગામથી આવેલા હરિભક્તોનો ઉતારો વાડીમાં જ હતો. પછી ઉતારે આવી ઠાકોરજી જમાડીને સભા કરી. ગ.અં. ૨૨ વંચાવતાં કહે : 'ભગવાનના ભક્તનો અવગુણ લે તો જમપુરીમાં જ પડ્યો. અપીલ પણ નો થઈ શકે.'

સ્વામીશ્રી તા. ૧૯મીએ સવારે રાજકોટથી વિદાય લઈ, ડાંગરા પધાર્યા.

સવારે ૧૧-૦૦ વાગે પારાયણનો પ્રારંભ થયો. સવારે 'વચનામૃત' અને સાંજે 'સ્વામીની વાતું'ની કથા વંચાવી. કથાનું સ્થળ જાગા સ્વામીના સમાધિ સ્થાન ઉપર જ રાખ્યું હતું.

સ્થાનિક તથા આજુબાજુનાં ગામોમાંથી હરિભક્તો કથાનો લાભ લેતા. સ્વામીશ્રીનો ઉતારો ગામમાં સ્વામિનારાયણ મંદિરે હતો. હરિભક્તો માટે

સમાધિ સ્થાન અને તેના ઉતારામાં વ્યવસ્થા હતી.

વજુભાઈ ટાંક, હરિભાઈ શેઠ વગેરે હરિભક્તો તરફથી ત્રણ દિવસની રસોઈ રાખવામાં આવી હતી.

બીજે દિવસે પરદેશથી આવેલા દીક્ષાર્થી યુવાનોને સંબોધતાં સ્વામીશ્રી કહે :

'યુવકો તમને આનંદ આવે છે કે આપણે ભગવાં પહેરશું અને સાધુ થાશું ? તમે લાખો જીવોનાં કલ્યાણ કરશો. હરિલીલાકલ્પતરુ, સત્સંગિજીવન એ બધું બીજાને સમજાવશો.

'રાજાનો દીકરો ગાદીએ બેસવાનો હોય તો તેને કેવો કેફ વર્તે ! તમને શરદ પૂનમે ગાદી મળવાની છે. સંસારમાં સુખ નથી, દુઃખ જ છે.

'સત્સંગનો આનંદ શું ? 'અહોહો ! આપણે સાધુ ભેગા આવી પડ્યા ! કેવા સુખિયા !'

માનના હાથ-પગ

સાંજે સૌ સંતો-હરિભક્તોને સ્વામીશ્રીએ ખેતરમાં ઉજાણી કરવા મોકલ્યા અને સમાધિ સ્થાને સ્વામીશ્રીએ જાતે પારાયણ વાંચી. અંધારું હતું તેથી ગ.પ્ર. ૭૬ મોઢે બોલ્યા. પોણો કલાક નિરૂપણ કર્યું. 'માનના બે હાથ-પગ છે – ક્રોધ ને ઈર્ષા.' સ્વામીશ્રીએ આ એક મુદ્દો વિશેષ રીતે સમજાવ્યો હતો.

તા. ૨૧મીએ પારાયણની પૂર્ણાહુતિ થઈ. આખા નગરની જનતાને જમવા માટે આમત્રણ આપ્યું હતુ.

સાંજે સ્વામીશ્રી જાયવા પધાર્યા. અહીં નગરયાત્રા હતી. ભાવિક ભક્તોએ આખું ગામ શણગાર્યું હતું. ઢોલ-ત્રાંસા વાગતાં હતાં. ભજન મંડળીઓ કીર્તનની રમઝટ બોલાવતી હતી. નાના-મોટા સૌની ભારે મેદની જામી હતી. સ્ત્રીઓ કળશ લઈને પાછળ ચાલતી હતી. સુંદર શણગારેલા ગાડા ઉપર સ્વામીશ્રી સંતો સાથે બિરાજ્યા હતા. જાયવાની નાનકડી શેરીઓમાંથી જ્યારે નગરયાત્રા નીકળી ત્યારે નીચી દૃષ્ટિ રાખી માળા ફેરવતાં સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર હાસ્ય ઊભરાઈ આવ્યું હતું. મોટાં મોટાં શહેરોમાં નગરયાત્રાઓ નીકળી, પણ આ નાનકડા ગામમાં પણ આવો ઠાઠ જોઈને સ્વામીશ્રીને હસવું સમાતું ન હતું અને ગામલોકોનો ઉત્સાહ પણ માતો ન હતો.

રાત્રે જાહેર સ્વાગત સભામાં ધ્રોળ ઠાકોર સાહેબ તથા ધ્રોળ તાલુકા

પંચાયતના પ્રમુખ આણંદસિંહ બાપુએ સ્વામીશ્રીની વિદેશયાત્રાની મહત્તા વર્ણવી.

બીજે દિવસે ધ્રોળ થઈ, ભાદરા આવી પહોંચ્યા. સ્ટેશનથી ગામ સુધીનો રસ્તો શણગાર્યો હતો. પાદરમાં સ્વાગત કર્યું. શણગારેલી બળદ-ગાડીમાં સ્વામીશ્રીને પધરાવી સામૈયું કર્યું. જોડિયા તાલુકા પંચાયત પ્રમુખ જીવરામભાઈએ પ્રાસંગિક વિશેષતા વર્ણવી.

એક ઠા રાખવો

રાતે સભામાં કેટલાક પટેલો દૂર બેઠા હતા. સ્વામીશ્રી તેમને જોઈને કહે : 'નજીક આવો.'

'બાપા ! બેઠા છીએ.' એક પટેલ બોલ્યા.

'બે ઠા ન રહેવું.' સ્વામીશ્રી શ્લેષ કરતાં હસી પડ્યા ને કહે : 'એક ઠા રાખવો.'

કથાવાર્તાનો પ્રસંગ તો અખંડ ચાલુ જ રહેવો જોઈએ - એ હેતુથી તા. ૨૩મીથી અહીં પારાયણનો પ્રારંભ થયો. ભાવનગરથી માસુમઅલી શેઠ અને જામનગરથી બારદાનવાલા શેઠ આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને દરેક પ્રસાદીનાં સ્થળોએ દર્શન કરાવ્યાં ને સ્થાનનો મહિમા સમજાવ્યો. નાના-મોટા કોઈપણ ભાદરા આવે તો સ્વામીશ્રી તેમને અચૂક બધાં જ પ્રસાદીનાં સ્થળોએ દર્શને મોકલે. ઘણી વાર તો પોતે જાતે પણ સાથે પધારે. ભાદરા તીર્થનો સ્વામીશ્રીને અતિ અપાર મહિમા.

માસુમઅલીભાઈ ને હરજીવનભાઈ સાથે સ્વામીશ્રી મંદિરમાં પ્રદક્ષિણા કરી રહ્યા હતા. બન્ને શેઠિયાઓ સ્વામીશ્રીને તબિયત સાચવવા સમજાવી રહ્યા હતા. તેઓ કહે : 'મોદી સાહેબ (ડૉ. મિનોચર મોદી) પણ આપને ના પાડે છે. તો આપે બહુ શ્રમ ન લેવો.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'એણે મને સર્ટિફિકેટ લખી આપ્યું છે. ને મેં એને મોક્ષનું લખી આપ્યું છે.' સ્વામીશ્રીના મુખમાંથી સહેજે સરી પડતા આ પરભાવના શબ્દોથી સૌ ભક્તો સાશ્ચર્ય આનંદ પામ્યા.

ભાદરા મંદિરમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાન ઉપર આરસનો સુંદર ઓટો કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવેલાં છે. આ ઓટા ઉપર મહારાજ અને સ્વામીની નાની મૂર્તિઓ સામસામે મુખારવિંદવાળી સુંદર કોતરેલી છે. સ્વામીશ્રી અહીં દર્શન કરવા આવ્યા. પછી નીચે બેસી આ બન્ને

મૂર્તિને ધારી ધારીને જોઈ રહ્યા. અને કહે : 'ખાનગી કરે છે. (મહારાજ અને સ્વામી) લાખો મનુષ્યોને ખેંચવા છે.'

કદાચ પોતે જ એ મૂર્તિઓમાં રહીને આપણને કહેવા ન માગતા હોય !

વાસનાની વ્યવહારુ વ્યાખ્યા

કથા પ્રસંગમાં વચનામૃત ગ.અં. ૧૮ સમજાવતાં સ્વામીશ્રી કહે :

'આપણને ઊંઘ આવતી હોય અને પ્રમુખસ્વામી કથા કરતા હોય તો શું કરવું ? ઊંઘી જવું કે કથામાં બેસવું ? પછી 'ના, હાલો સૂઈ જઈએ,' આવો વિચાર થાય તે વાસના કહેવાય.

'કેડના મંકોડા તૂટતા હોય, ઊંઘ આવતી હોય, તાવ-તરિયો આવતો હોય, છતાં આપણે કથામાં બેસવું જ છે;' – એવા વિચાર કરીએ તે વાસના જીર્ણ થઈ કહેવાય. ભગવાન અને સંતની કૃપા વગર સંકલ્પ હટે જ નહીં.'

અક્ષરધામના અધિકારી

સાંજે ૭-૦૦ વાગે સભામાં ગામના પટેલિયાઓને સંબોધતાં કહે :

'કાલે બળદિયાને ધોંસરું ન મૂકવું. કોસ ન જોડવા. મહારાજની તિથિ છે. બળદને છૂટા મૂકવા. અહીં ડોસાભાઈ, વશરામભાઈ વગેરે ૧૬ ભક્તો હતા. તમે મૂળજી મહારાજના વંશજ છો. બ્રાહ્મણો છો, કણબી નથી. બ્રહ્મ-ગુણાતીત છો.'

વળી, સભામાં કાના ભગતને ઉદ્દેશીને સ્વામીશ્રી કહે :

'તમે ઊંડને કિનારે છો. વૃંદાવન ને હૃષીકેશ કરતાં શ્રેષ્ઠ ભાદરા છે. હૃષીકેશમાં જન્મ થયો હોત તો ક્યાંય ગોથાં ખાત ! તમે ભાદરામાં જન્મ લીધો તેથી મહારાજ તમારી કસર કાઢીને ધામમાં લઈ જશે.' સ્વામીશ્રી અલૌકિક-ભાવમાં બોલી રહ્યા હતા.

'આ ગામની કીડી, મંકોડી, પાડા, ઘોડા, ઢેઢ, ભંગી, બધા અક્ષરધામમાં જવાના. 'સ્વામી અહીં પ્રગટ થયા !' - એવો કેફ રહેવો જોઈએ. કીડીઓ કંઈ માળા ધમકાવતી હતી ? તેમણે સત્સંગ કર્યો હતો ? પણ વશરામ સુથારને સંકલ્પે ધામમાં ગઈ.' સ્વામીશ્રીએ મહિમા કહી સૌનાં અંતઃકરણ ઠારી દીધાં.

ભાદરા સ્વામીશ્રીને પ્રિયમાં પ્રિય તીર્થ. તેથી અહીં ત્રણ-ચાર દિવસ સૌને આનંદથી તરબોળ કર્યા. રોજ રાત્રે યુવકો રાસ રમે, નંદ સાધુઓનાં કીર્તનો ગાય ને સ્વામીશ્રી બહુ રાજી થાય.

પ્રમુખસ્વામી પણ તે જુએ છે

એક રાતે ભાદરાના યુવક મંડળે મંદિરના નીચેના હૉલમાં સ્વામીશ્રી સમક્ષ સુંદર રાસ લીધો. આ ગોકુળિયા ગામના યુવાન ભક્તો ઉપર સ્વામીશ્રી પ્રસન્ન થઈ ગયા. રાસ પૂરો થતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'રાસ રમતી વખતે સાક્ષાત્ શ્રીજીમહારાજ પધાર્યા હતા – તેવું આ પ્રમુખસ્વામી જોતા હતા.'

સાચા સંતની સમીપે શ્રીજીમહારાજ પ્રગટ રહે છે અને પોતે તે પ્રત્યક્ષ જુએ છે. સાથે 'પ્રમુખસ્વામી પણ તે જુએ છે' એમ કહી, સ્વામીશ્રીએ એમનો પણ પોતા સરીખો મહિમા જણાવ્યો.

જગજીવન જીવ-હિત ચહત હૈ !

ભેંસદડના બાળક રતિલાલને સને ૧૯૬૮માં ભેંસદડમાં પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહેલું : 'અહો, રતિલાલ શેઠ આવ્યા.'

બાળકનો આનંદ મનમાં સમાતો ન હતો. તેને થયું કે 'સ્વામીએ કહ્યું એટલે જરૂર પોતે શેઠ થઈ જશે, સ્વામી ખોટું ન બોલે.' આમ, સ્વામીબાપાને રાજી કરવાના મનસૂબા થવા લાગ્યા.

આ પ્રસંગે બાળક રતિલાલને ડૉક્ટર સ્વામીએ સાધુ થવા માટે પ્રેરણા આપી, છતાં તેના મનમાં રાજકોટ જઈ મોટા બની, શેઠ થવાના સંકલ્પો ચાલતા હતા. તેથી ડૉક્ટર સ્વામીનાં વચનો મનાતાં ન હતાં.

રાત્રે સ્વામીશ્રી સમક્ષ દેશ-પરદેશના દીક્ષાર્થી યુવાનોની સભા થઈ. તેમાં ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીને રતિલાલની ભલામણ કરી. તેથી તેમને નજીક બોલાવી, આશીર્વાદના ખૂબ ધબ્બા મારતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ગુરુ ! ના નો પડાય. કો' થઈશ.' એમ કહેતાં કાનમાં આંગળી ફેરવી. ગળામાં, છાતી પર હાથ ફેરવ્યો ને ફરી કહ્યું : 'ના નો પડાય, કો' થઈશ.'

રતિલાલના મનમાં 'ઘેરથી રજા નહિ મળે તો ?' એ મૂંઝવણ હતી. સ્વામીશ્રી કહે : 'કોઈને રજા ન આપે. મક્કમ થવું પડે.'

'પણ બાપા ! પૂછવું પડે.' રતિલાલે કહ્યું.

'તે સાચા સગા કે અમે ? આ તો જીવનાં કલ્યાણ માટે છે. તમારા ભેગો તે લોકોનોય ઉદ્ધાર થઈ જાય.' સ્વામીશ્રીએ કહ્યું.

'થઈશ, પણ રજા લઈ આવું.'

'ગુરુ ! ત્યાં જવાય નહિ. રસ્તે જતાં મૃત્યુ આવે તો પૂછવા જવાય ? કહેવાય કે 'પૂછી આવું ને કહે તો મરું ?'

'પણ સાંજે તો આવી જઈશ. પૂછીને કહું.' રતિલાલે આગ્રહ ચાલુ રાખ્યો.

'મીઠાની પૂતળી દરિયાનો તાગ લેવા જાય તો ઓગળી જ જાય. માટે જવું નથી.' સ્વામીશ્રીએ સ્પષ્ટ સલાહ આપી.

'તો શું કરવું ?'

'ટપાલ લખી દ્યો.' સ્વામીશ્રીએ કહ્યું.

પછી માબાપનું મન સાચવવા નવસારી ગયા. અહીં થોડો સમય રહી, મુંબઈ મંદિરે આવી, સંતોની સેવામાં રહ્યા. દિવસે દિવસે એમનું મન વધુ મજબૂત થતું ગયું.

પરદેશથી આવેલા પાર્ષદોને સ્વામીશ્રીએ આ અરસામાં મહેન્દ્રસિંહજીની સ્પેશિયલ ટ્રેનમાં છપૈયા, અયોધ્યાની યાત્રાએ મોકલ્યા. તે ભેળા રતિલાલને પણ ભગતોની સેવામાં મોકલ્યા.[૨૭]

ગુણાતીત ધામનો અકલ્પ્ય મહિમા !

અહીં જામનગરના ભાસ્કરભાઈના પિતાશ્રી પ્રેમશંકરભાઈ દવે ભાદરા ફ્લેગ સ્ટેશન ઉપર સેવાભાવથી ફરજ બજાવતા હતા. સભામાં તેમને સંભારી સ્વામીશ્રી કહે :

'પ્રેમશંકરભાઈએ ત્રણ વરસ સ્ટેશનની સેવા કરી. હજુ કરે છે. તેમનાં દર્શન-સ્પર્શન કરશે, તેનું સારું થઈ જશે. જે ટિકિટ લેશે, 'ગુણાતીતનગર' નામ

---

૨૭. સ્વામીશ્રીના અક્ષરધામગમન બાદ પ્રમુખસ્વામી મહારાજે તેમને વસંત પંચમીએ દીક્ષા આપી, શામજી ભગત નામ પાડ્યું. સૌ કુટુંબીજનોની સંમતિ મળી ચૂકી હતી. યોગીબાપા ધામમાં ચાલ્યા ગયા એ રંજ શામજી ભગતના મનમાંથી નીકળતો ન હતો. પ્રમુખસ્વામી મહારાજે આશ્વાસન આપતાં કહ્યું : 'ભડકો જોવો છે ? ઉપરનું દેખાતું નથી અને આમાં પ્રતીતિ આવતી નથી તો થશે શું ? વરતાલનું ૧૧મું વચનામૃત વાંચજો. સત્પુરુષમાં દૃઢ પ્રીતિ તે જ આત્મદર્શનનું સાધન, પરમાત્માનાં દર્શન કર્યાનું સાધન છે.' છતાં તેમનું મન માનતું ન હતું. પછી તો સ્વપ્નમાં યોગીજી મહારાજના સ્વરૂપમાં પ્રમુખસ્વામીનાં બે થી ત્રણ વાર દર્શન થયાં. પ્રમુખ-સ્વામીએ તેમને સાથે ફેરવ્યા. ત્યારે નિશ્ચય થયો કે 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામીમાં કોઈ ફેર નથી. એક જ વિભૂતિ છે. શ્રીજીમહારાજના અખંડ ધારક સંત છે.' હાલ, સાધુ પરમપુરુષદાસ.

લેશે, શિખર જોશે, ધજાગરો જોશે, તેનુંય કલ્યાણ થઈ જશે.'

તા. ૨૬મીએ સવારે મંગળ પ્રવચનમાં લગભગ પંદરથી વીસ મિનિટ સુધી તીર્થોના મહિમાની વાત કરી. સદ્. નિષ્કુળાનંદ સ્વામીના જન્મ સ્થાન શેખપાટનો બહુ મહિમા કહ્યો. સ્વામીશ્રી કહે : 'તમારે મને સામેથી કહેવું જોઈએ કે અમને શેખપાટની જાત્રા કરાવો. આ તો મારે તમને કહેવું પડે છે.' એમ કહી સંતોને થોડો ઠપકો પણ આપ્યો ને શિખામણ આપી કે 'જ્યાં જઈએ ત્યાં આજુબાજુનાં તીર્થોમાં પણ દર્શન કરવા દોડી જવું જોઈએ.'

આજે એકાદશી હતી. પારાયણની પૂર્ણાહુતિ હતી. પછી સ્વામીશ્રીએ ચાર મોટરમાં અઠ્ઠાવીસ સંતોને શેખપાટ દર્શને મોકલ્યા.

બપોરે જામનગર જિલ્લાના કલેક્ટર દયાલ કુટુંબ સાથે આવેલા. તેઓ ઘણા જ ભાવિક હતા. સ્વામીશ્રી તેમને સાથે લઈને ગામમાં બધાં જ પ્રસાદીનાં સ્થાનોએ દર્શને પધાર્યા ને તેમને દરેક સ્થળનો મહિમા સમજાવ્યો.

પછી ઊંડ નદીએ પધાર્યા. અહીં નદીનું પ્રસાદીનું જળ કલેક્ટરને માથે ચડાવ્યું. પછી તેમને પ્રસાદી આપી, વિદાય આપી. કલેક્ટર તો સ્વામીશ્રીની પ્રતિભાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

અહીં સ્વામીશ્રીએ ઘાટનાં પગથિયે બેસી સ્નાન કર્યું અને સંતોએ સ્નાન કરતા સ્વામીશ્રીની આરતી ઉતારી હતી. સ્વામીશ્રીએ સંતો ઉપર પ્રસાદીનું જળ છાંટી સ્મૃતિ આપી.

રાત્રે મંદિરમાં સભા થઈ. યુવકો રાસ રમ્યા. અંતે સ્વામીશ્રી સૌ પટેલિયાને ના'વા-ધોવાના, પૂજાપાઠ કરવાના ને મંદિરે દર્શને આવવાના નિયમ આપ્યા. અહીં સેવામાં રહેતા ઘનશ્યામસિંહજી બાપુને પણ સ્વામીશ્રીએ ખૂબ આશીર્વાદ ને રાજીપાની સ્મૃતિ આપી.

બીજે દિવસે ભાદરાથી સ્વામીશ્રી ધ્રોળ થઈને બાપુને આશીર્વાદ આપી રાજકોટ પધાર્યા.

અહીં સત્સંગ સભા પછી સ્વામીશ્રી ઉકાળો-નાસ્તો લેવા પધાર્યા. ઠાકોરજીને સુંદર મેસુબ ધરાવ્યો હતો. સ્વામીશ્રી સૌ સંતોને પ્રસાદી આપવા લાગ્યા. એટલામાં હરિભક્તોને ખબર પડી કે સ્વામીશ્રી પ્રસાદી આપે છે; તે સૌ વારાફરતી પ્રસાદી લેવા આવી પહોંચ્યા. આથી સ્વામીશ્રી ઉકાળો-નાસ્તો પણ બરાબર શાંતિથી લઈ શક્યા નહિ. સ્વામીશ્રી હસતાં હસતાં સંતોને કહે : 'જોયું, કોઈ ગુરુ થશો નહિ ! આવું સુખ છે ! કોઈ ખાવાય દેતું નથી !'

ગુણાતીતની સ્મૃતિ દ્વારા રહસ્ય દર્શન

પછી ગોંડલ આવી પહોંચ્યા.

અહીં રોજ સવારે મંગળ પ્રવચન થાય. એ વખતે શંભુસિંહ પણ સ્વામીશ્રીના પલંગની બાજુમાં કથા સાંભળવા બેસી જતા.

એક દિવસ સ્વામીશ્રીએ હસતાં હસતાં બોલાવ્યા : 'એ શંભુ ! ત્યાં ક્યાં બેસી ગયા ? તમારે બારણા પાસે ઊભું રહેવું અને આરતીનો ડંકો પડે એટલે પડકારો કરવો - 'હાલો... આરતીમાં...'

'જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી કથા કરે ત્યારે એક જણાને દરવાજા પાસે ઊભો રાખતા. આરતીના ડંકા પડે ત્યારે પડકારો કરવાનું કહેતા. તેમ આપણે આ ચીલો ચાલુ રાખવો.'

મંગળા આરતીમાં સ્વામીશ્રી સર્વને દર્શન કરવા મોકલતા અને કહેતા : 'આરતી થાય એટલે દોડવું ને જલદી પુગી જવું, પણ આરતીનો લાભ જવા ન દેવો. આરતીમાં સાક્ષાત્ શ્રીજીમહારાજ અને સ્વામી દર્શન દેવા માટે પધારે છે. તો તેમની દૃષ્ટિ પડી જાય.'

ગુણાતીતાનંદ સ્વામીની રીત સ્વામીશ્રી પણ તાદશ કરી દેતા, ત્યારે 'બન્ને એક જ છે' એ રહસ્ય ખુલ્લું પડી જતું.

સ્મૃતિ

અમેરિકાથી ધનસુખભાઈ સ્વામીશ્રીનાં દર્શન માટે જ અહીં આવ્યા હતા. અહીંથી મિકેનિકલ એન્જિનિયર થયા પછી વધુ અભ્યાસ માટે અમેરિકા જવામાં સ્વામીશ્રીના આશીર્વાદનો જ પ્રભાવ હતો. આજે ચાર વર્ષે ભારત આવતાં તેમને સ્વામીશ્રી સાંભર્યા અને દર્શને દોડી આવ્યા. હું સ્વામીશ્રીને તેમનો પરિચય આપવા ગયો ત્યારે સ્વામીશ્રી કહે : 'તેને તો હું ઓળખું છું ! ચાર વર્ષ પહેલાં અમારા આશીર્વાદ લઈને અમેરિકા ગયા હતા, ઈ જ ને !'

ધનસુખભાઈને આશ્ચર્ય થયું. આટલા માણસોનો સંપર્ક, આટલી વૃદ્ધ ઉંમર અને આટલો સમય વીતી ગયા પછી પણ સ્વામીશ્રીને યાદ હતું કે આ ભક્ત આશીર્વાદ માટે આવ્યા હતા !

તેમણે અહોભાવથી મસ્તક ઝુકાવી દીધું. તેમને વિદાય આપતાં સ્વામીશ્રીએ કાનમાં આંગળી ફેરવી, ગરદન પર, છાતીએ અને બરડા પર ખૂબ

પ્રેમથી હાથ ફેરવ્યો. એ સુખને તેઓ ક્યારેય ભૂલી શક્યા નહીં.

તા. ૨૮મીએ સાંજે ગામમાં મંદિરે દર્શને પધાર્યા. જાળી બંધ હતી એટલે બહારથી ઠાકોરજીનાં દર્શન કર્યાં. પ્રદક્ષિણા ફર્યા. સભામંડપમાં બધી પ્રસાદીની વસ્તુનાં દર્શન કર્યાં. પ્રસાદીના કોઠલે દર્શન કરી, ડોશીઓનું મંદિર નવું થયું હતું ત્યાં સૌની વિનંતીથી દર્શને ગયા અને આરતી ઉતારી.

પછી કૈલાસ બાગમાં બેઠકે પધાર્યા. અહીં તાળું હતું. છોકરાને ચાવી લેવા મંદિરે મોકલ્યો પણ મળી નહીં. પછી એક પ્રેમી હરિભક્ત ગયા ને ઠેઠ મંદિરેથી ચાવી લઈ આવ્યા. ત્યાં સુધી સ્વામીશ્રી દરવાજે વાટ જોતાં ઊભા રહ્યા. બીજા સૌ તો પાછા જવા ક્યારના તૈયાર થઈ ગયા હતા. દારેસલામના રસિકભાઈ દાવડા સાથે હતા. તેમને બધે દર્શન કરાવ્યાં. પ્રસાદીના કૂવામાંથી જળ કઢાવી માથે ચઢાવ્યું. મંદિરમાં થોડું બેઠા ને સૌને પ્રસાદ વહેંચ્યો.

પછી પુલ ઉપર થઈને મંદિરની સામેના ભાગમાં નદી કાંઠે, જ્યાં દાજી બાપુનો અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં પધાર્યા. તે સ્થળે પુષ્પ, કંકુ વગેરે છાંટી બાપુને અંજલિ આપી ધૂન કરાવી. બાપુનો ઘણો મહિમા પોતે કહ્યો ને પ્રમુખ-સ્વામી પાસે પણ કહેવરાવ્યો. ગામમાં થઈને મંદિરે પધાર્યા.

વળતી સવારે મંગળ પ્રવચનમાં વાત કરતાં કહે : ‘ આજે સ્વપ્નું આવ્યું. શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. સવારના પહોરમાં નાહી-ધોઈ, પરવારી, પૂજા કરવા બેઠા. પૂજા પાથરીને ચાર મૂર્તિઓ ગોઠવી. પછી અમે પીળો તાજો ગોળ ને ઘી ચોળીને આપ્યા ને જમાડ્યા.’

સેવા ને તીર્થ-સ્નાનથી અક્ષરધામમાં સ્થાન

સાંજે ખેતરમાં પધાર્યા. ખાતર લેવાનું હતું. તે યુવકો તથા હરિભક્તોને શ્રમયજ્ઞમાં જોડ્યા. સ્વામીશ્રી કહે : ‘અમે ખાતરના ટોપલા અહીં ઉપાડેલા અને શાસ્ત્રીજી મહારાજ પણ કછોટો વાળીને પાવડો લઈને અહીં કામ કરતા. શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીનું ખેતર ! તેમાં ખાતર નાખશે ને ઘાટે નાહશે, તેને અક્ષરધામ મળશે.’

સ્વામીશ્રીએ યુવકોને આજ્ઞા કરી હતી કે ખાતર કાઢવું. સૌ સંતો-યુવકો અને નડિયાદ મંડળ સેવામાં ગયા હતા. સ્વામીશ્રીની ઉપસ્થિતિ જ સૌને અપાર બળ આપતી. સૌ ખૂબ વેગમાં સેવા કરી રહ્યા હતા.

આજ દિવસોમાં મહંત સ્વામીને બે ડિગ્રી તાવ રહ્યા કરતો. તેથી તેઓ

સેવામાં આવી શક્યા નહોતા. સ્વામીશ્રીએ તેમને બોલાવવા કહ્યું. મહંત સ્વામી આવ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'સેવામાં જોડાઈ જાવ. આવી સેવા નહીં મળે. તાવ તો આવ્યા કરશે. એ જશે. કેડના મંકોડા ભલે તૂટે, પણ લાભ લઈ લો. જાઓ, આશીર્વાદ છે. બધું સારું થઈ જશે.'

સ્વામીશ્રીના શબ્દોમાં મડાંને બેઠાં કરવાનું કૌવત હતું. મહંત સ્વામીને પણ બળ મળી ગયું. ને એટલા તાવમાં સ્વામીશ્રીની આજ્ઞા પાળી. સાથે સેવામાં દેહનો અનાદર કેટલી હદ સુધી કરવો તે પણ જાણવા મળ્યું. જો કે મોટાપુરુષ તો બહુધા સાધકને ગુરુમુખી બનાવવા જ આવા પ્રસંગો યોજતા હોય છે.

સ્વામીશ્રી દરરોજ સાંજે વાડીમાં, લીંબડા નીચે કે ઘાટમાં સભા કરવા જાય. સંતો-હરિભક્તોને દર્શન-પ્રસંગોની સ્મૃતિનું સુખ આપતા. વાડીમાં કે ઘાટમાં આવતાં-જતાં કાંઈ જ સ્વામીશ્રીની નજર બહાર ન જાય. ક્યાંય કચરો કે ગંદકી હોય તો સાફ કરાવી નાખે. પથરા પડ્યા હોય તેને લેવડાવી લે ને એક બાજુ ઢગલો કરાવે. કોઈ વાસણ આદિ ચીજ-વસ્તુ પડી હોય અને કામમાં લાગે તેમ હોય, તો સાફ કરાવીને કોઠારમાં મોકલી આપે.

મમત્વ

એક વારે વાસુદેવ સ્વામીના ઓટેથી કથાવાર્તા કરીને પાછા ફરતાં આંબલીના વૃક્ષ પાસે કચરાની અંદર એક પાથરણું (ચટાઈ) પડ્યું હતું. સ્વામીશ્રીએ ખુરશી ત્યાં મુકાવી ને તે પાથરણું મગાવ્યું. તે ઘણું જ સારું હતું.

સ્વામીશ્રી બોલ્યા : 'આવું કચરામાં નાખી દેવાય ?'

પછી એક સંતને બોલાવી કહે : 'આ ધોઈ-સુકવીને મારી પાસે લાવજો.'

બીજે દિવસે સાંજે સંત તે લાવ્યા. ધોવાથી પાથરણામાંથી મેલ નીકળી ગયો. સ્વામીશ્રીએ કોઠારીને બોલાવીને કહ્યું : 'આ લો પાથરણું ! આપણે જાતે દરકાર રાખવી. મંદિર કે દેવનું કાંઈ બગડવા ન દેવું ને મમત્વ રાખવું.'

સત્સંગની વાત

તા. ૩૦મીએ મળસ્કે ૪-૩૦ વાગે ઊઠીને તુરત સ્વામીશ્રી કહેવા લાગ્યા કે 'આજે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. અમે પરદેશ બધે ફરીને આવ્યા તેની ખુશાલીમાં મને જાતે ગોળ ખવરાવતા હતા !'

બપોરની કથામાં ગ.પ્ર. ૩૦ વચનામૃત સમજાવતાં સ્વામીશ્રી કહે :

'સત્સંગની વાત ધારે અને વિચારે એટલે શું ? આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ આપણને મળ્યા. તેમણે જે સેવા કરી તેનું અહોહોપણું આપણે રાખવું. કેવા પુરુષ મળ્યા છે ! તેઓ સૂતા હોય, વાત કરતા હોય, તોયે તે મૂર્તિનું સુખ લેવું. તેમની બધી ક્રિયામાં અલૌકિકપણું લાગે, દિવ્યભાવ લાગે. તેઓ જે કરતા હોય તેમાં દિવ્યભાવ જ જોવો. મંદિરના વ્યવહારની વાત કરે, કોઈનો પ્રસંગ ઊજવવાની વાત કરતા હોય, તે બધું જ દિવ્ય સમજવું. સૂતાં-બેઠાં, ખાતાં-પીતાં એ જ વાતો સંભાર્યા કરવી. તે સત્સંગની વાત.

'આ વાત ધારવી હૃદયમાં અને વિચારવી મનમાં; તો મનના મલિન ઘાટ બધા ટળી જાય.'

તા. ૩-૧૦-'૭૦, સ્વામીશ્રી રાજકોટ પધાર્યા હતા. રાજકોટમાં 'જ્યુબિલી બાગ' પાસે નીકળ્યા. ત્યાં ચોકમાં ગાંધીજીનું પૂતળું ગોઠવ્યું છે. તે જોઈ સ્વામીશ્રી કહે : 'ગાંધીજી સાદા બહુ હતા, ત્યાગ બહુ, ખાય નહિ. બકરીનું દૂધ પીતા. તો સ્વરાજ મળ્યું ને શાસ્ત્રીજી મહારાજ મળ્યા. ને અમે હંમેશાં પચ્ચીસ માળા ફેરવી. મહારાજને તપ બહુ વહાલું. શાસ્ત્રીજી મહારાજ તપ કરતા. સ્વામીએ તપ કર્યું. તપથી રાજીપો મળે.'

યોગીજીને સંગ પામે ચારે પદારથ

ગોંડલની સિવિલ હૉસ્પિટલના સિવિલ સર્જન ડૉ. હરીશભાઈ ત્રિવેદી એક રવિવારે સવારે સ્વામીશ્રી પાસે દર્શને આવ્યા. તેઓ ઉકાળો પીવા સ્વામીશ્રી સામે દૂર બેઠેલા. તેમને બોલાવી સ્વામીશ્રીએ કહ્યું : 'દાક્તર સાહેબ ! તમારા બાબાને લઈ આવો. અમારે વર્તમાન ધરાવવાં છે.'

હરીશભાઈ કહે : 'બાપા ! મારે એક જ બેબી છે, પણ બાબો નથી.'

સ્વામીશ્રી થોડી વાર વિચારમાં પડી ગયા હોય તેવી મુદ્રામાં બેસી રહ્યા. પછી કહે : 'નીચા નમો. લો, આશીર્વાદ આપીએ છીએ !' એમ બોલી બે થાપા માર્યા ને કહે : 'તમારે ત્યાં મુક્ત જન્મ લેશે !'

હરીશભાઈ આનંદમાં આવી ગયા. બહાર આવીને આ વાત તેમણે પોતાનાં પત્નીને કહી. સ્વામીશ્રીએ વગર માગ્યે આ આશીર્વાદ આપ્યા છે તે જાણી, તેમનાં પત્ની કહે : 'આજે જ બાપાનાં દર્શન કરતાં જ વિચાર આવેલો કે સ્ત્રીના દેહે બાપાની પાસે ન જવાય. જો બાબો હોય તો તેને મોકલાય. પરંતુ જ્યોતિષીઓએ તો - પ્રારબ્ધમાં કન્યા જ છે, પુત્ર નથી - તેમ ભાખ્યું છે.'

સ્વામીશ્રીના આશીર્વાદથી થોડા જ સમયમાં તેમને ત્યાં પુત્રજન્મ થયો. સ્વામીશ્રીનાં વચનો હંમેશાં સત્ય જ હોય છે; તેઓ વિધાતાના લેખ પર મેખ મારે છે; તે તેમને સમજાયું.

સ્વામીશ્રી નિયમ મુજબ સાંજે અલગ અલગ જગ્યાએ મંદિરમાં તેમજ ઘાટ ઉપર સભા ભરતા.

એક વાર સાંજે વાડીમાંથી પાછા ફરતાં ઉતારાના ઓરડાની પાછળના ભાગમાં સત્સંગભૂષણ સ્વામીને પાણી વાળતા જોયા. સાથે પ્રેમજીભાઈ ઘઉં વાવતા હતા.

સ્વામીશ્રીએ તેમની પાસે ખુરશી લેવડાવી. સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું વાવો છો ?'

'બાપા ! ઘઉં વાવું છું.' સત્સંગભૂષણ સ્વામીએ કહ્યું.

'ઘઉં નહીં, મકાઈ કે જુવાર વાવો.' સ્વામીશ્રી એટલું કહી ઉતારે પધાર્યા.

એ વખતે ભક્તિકિશોર સ્વામી પણ ત્યાં હતા. તેમના ગળે આ વાત ઊતરી નહીં અને ઘઉં વાવી દીધા.[૨૮]

તા. ૬ઠ્ઠીએ મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ સ્વપ્નાની વાત કરી :

'શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. સારંગપુરથી ભાવનગર પધાર્યા. શાસ્ત્રીજી મહારાજ કહે : 'ઝોળી માગવી છે.' કુબેરભાઈએ ના પાડી. અને કહે : 'અમે ખરડો કરીએ.' કુબેરભાઈ અને કાનજીભાઈએ દસ મણ મગફળી નોંધાવી. પછી સ્વામીશ્રી કહે : 'જોગી મહારાજ ને બે સંતો જાય.' પછી અમે ઝોળી માગવા ગયા તે સવારે ૮ થી બપોરે ૧૨. પછી ૨ થી ૬. પંદર મણ ભાર થયો. ઘી, ગોળ પણ આવ્યાં. એવાં દર્શન થયાં.'

❀ ❀ ❀

---

૨૮. એ પછી બે જ મહિના બાદ સ્વામીશ્રી ધામમાં ગયા અને અગ્નિસંસ્કારનું સ્થળ એ ખેતરમાં જ પસંદ થયું, જ્યાં ઘઉં વાવ્યા હતા !
ઘઉંમાં દૂધ આવી ગયું હોવા છતાં તે વાઢી લેવા પડ્યા. જો જુવાર કે મકાઈ વાવી હોત, તો તે જગ્યાએ લણણી થઈ ગઈ હોત ! પરંતુ મોટાપુરુષની વાણી એ વખતે સરળતાથી ગળે કેમ ઊતરે ?



બ્રહ્માંડમાં આવ્યા પ્રમાણ

તા. ૯મીએ સવારે ૬-૦૦ વાગે સ્વામીશ્રી કહે : 'મેં ૪૦ વર્ષ સરભરા કરી છે. બધાનાં વખાણ કરું. તેથી તેમને પોરસ ચડે. બળદિયાનેય 'બાપો, બાપો' કહે છે, તે ડબલ ભાર ખેંચી જાય. માટે બધાનું રાખવું.' પછી કહે :

'લો, ૬-૦૦ વાગી ગયા. નોકરી તૂટશે, સાહેબ વઢશે !'

'બાપા ! સાહેબ કોણ ?'

'શાસ્ત્રીજી મહારાજ.'

વળી કહેવા લાગ્યા કે 'દેરીમાં સિંહાસન ત્રણ વરસથી કર્યું છે. શાસ્ત્રીજી મહારાજ બેસી જાય તો બ્રહ્માંડમાં ડંકો વાગી જાય. સ્વામી બેસી જાય ત્યારે આપણે આ બ્રહ્માંડમાં આવ્યા પ્રમાણ. બધાં મંદિરોમાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ બેસી જાય.'

નાનજીભાઈ કટારિયા તરફથી યોજાયેલ ૧૧ દિવસની પારાયણની દશેરાએ પૂર્ણાહુતિ કરી હતી. પછી બિલાડા બાસાહેબ, ભગવત્‌સિંહ બાપુ, ધીરુભા તથા પૃથ્વીસિંહ તરફથી પારાયણનો પ્રારંભ થયો.

કથા પ્રસંગમાં ડૉ. ત્રિવેદી પાસે વચનામૃત વરતાલ ૧૨મું વંચાવી સમજાવવા લાગ્યા કે –

'તમે જેનું ઑપરેશન કરો તેનુંય કલ્યાણ. તમારા દવાખાનામાં જે આવે તેનુંય કલ્યાણ.

'સર્વ તીર્થ પરોક્ષનાં એક બાજુ મૂકો અને એક બાજુ અક્ષર દેરી મૂકો; તોય આની તોલે ન આવે.

'નિર્દોષબુદ્ધિ એ જ સેવા. એની સામે બીજી બધી સેવા ટકી શકે નહીં. જેવા અક્ષરધામમાં મહારાજ ને સ્વામી બિરાજમાન છે, તેવા ને તેવા આપણને મળ્યા છે. તેમાં મનુષ્યભાવ લાવવો જ નહીં, તે શુદ્ધભાવ.'

ત્રણ વાત

બપોરની કથામાં સ્વામીશ્રી સંતોને કથાવાર્તા કરી આનંદ કરાવતા હતા. વાત નીકળતાં સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'નૃત્ય, સંગીત શીખવા સંતોને જયપુર મોકલ્યા હોય તો સમાસ બહુ થાય. ભાર બહુ પડે.'

ત્યારે સ્વામીશ્રીએ જરા ગંભીરતાથી કહ્યું : 'આપણે કોઈનો વાદ ન લેવો. આપણે ત્રણ વાત ઉપર ધોરણ રાખવું : કથાવાર્તા ને કીર્તનભક્તિ; હરિભક્તોની સરભરા ને સેવા; અને સંસ્કૃતનો અભ્યાસ. બીજા કોઈનો વિચાર ન કરવો. કરતા હોય એમ કરવું.'

રાત્રે સભામાં સંતો *'હરિગુણ ગાતાં'* એ કીર્તન ગાઈ રહ્યા હતા. તેની એક પંક્તિમાં આવતો 'દુર્જનિયા' શબ્દનો અર્થ કરતાં સ્વામીશ્રીએ સમજાવ્યું : 'ખોટ કાઢનાર, ખાય તેનું ખોદનાર, ભગવાન અને સંતનું વાંકું બોલનારા.'

આ વખતે સ્વામીશ્રી ઉતારા બહાર કેબિનમાં બિરાજ્યા હતા. બહાર ઠંડી હતી. કેબિનમાં સ્વામીશ્રીનાં દર્શન સર્વને સારી રીતે થાય તેથી પ્રકાશ વધુ કર્યો હતો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'અહીં પાંચ બત્તીની જરૂર નથી. એકથીયે ચાલે. અક્ષર દેરીનું બગાડવું નહિ. અમે પોટલાં ઉપાડ્યાં તેથી કહીએ છીએ. તમે કશું કર્યું નથી.' સ્વામીશ્રી પોતાની દૃષ્ટિએ બગાડ થતો જોઈ ભાવમાં બોલી ગયા.

આવા જ મારા ગુરુ હતા

તા. ૧૨મીએ શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમા શિલ્પી કાંતિભાઈ પટેલ અમદાવાદથી જીપગાડીમાં લઈને ગોંડલ આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ પેટી ખોલાવી મૂર્તિ જોઈ, બધે હાથ ફેરવ્યો. ખૂબ ભાવવિભોર થઈ ગયા. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને બોલ્યા : 'આવા જ મારા ગુરુ હતા. અને આવું જ ધ્યાન ધરતા.'

અડધા કલાક સુધી મૂર્તિ જોઈ રહ્યા. પછી સ્વસ્થ થતાં બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમયસર આવી ગઈ. આ સમૈયે જે નહીં આવે તેને બળતરા ઊપડશે. આવશે તેને આનંદના ફુવારા છૂટશે.'

પછી સભામાં આવી બોલ્યા 'ત્યાગવલ્લભ સ્વામી અમેરિકામાં ઇંગ્લીશમાં એવું ભાષણ કરે છે કે અંગ્રેજોનાં માથાં તોડી નાખે છે. પચ્ચીસ-ત્રીસ ગામ રંગી નાખ્યાં. ભૂમિ પાવન થઈ ગઈ. સ્વામિનારાયણના સાધુ કોઈ દી'

ગયા ન હતા. અમેરિકનો સાધુ થવા આવશે. તમે જોજો.'

રાત્રે ગુરુકુળમાં આફ્રિકાથી દીક્ષા લેવા આવેલા નવયુવાનોને વિદ્યાર્થીઓએ સન્માન્યા હતા.

તા. ૧૩મીએ યજ્ઞનો પ્રારંભ થયો. રાત્રે સભામાં આફ્રિકાના યુવકોએ કૂચગીત ગાઈને તથા સ્વાહિલી ભાષામાં શૌર્યગીત ગાઈને સભાને રંજન કરી હતી. દીક્ષાર્થી યુવાનોનો ઉત્સાહ અનેરો હતો. સ્વામીશ્રીને પ્રસન્ન કરવાનો તરવરાટ સૌનાં મુખ ઉપર ઊપસી આવતો હતો.

તા. ૧૪-૧૦-'૭૦, શરદ પૂર્ણિમાનો દિવસ. હજારો હરિભક્તો આવેલા. સ્વામીશ્રીને સવારે સ્નાન કરાવવા આવેલા પ્રમુખસ્વામીના સેવક દેવચરણ સ્વામીને સ્વામીશ્રી કહે : 'પ્રમુખસ્વામીનું આસન પણ અંદર (કેબિનમાં) જ કરજો. તેમના માટે ગાદી નાખી દેજો. જેથી સર્વે હરિભક્તોને સ્વામીનાં દર્શન થાય.' એ પ્રમાણે સૂચના આપી.

સ્વામીશ્રી છેલ્લે છેલ્લે આવા દરેક નાના-મોટા પ્રસંગમાં પ્રમુખસ્વામીને યાદ કરીને આગળ કરતા, જેથી હરિભક્તોને એમના અનુગામી પુરુષની ઓળખાણ થઈ જાય.

યોગીજીના વરદ હસ્તના અંતિમ દીક્ષાર્થીઓ

શરદ પૂર્ણિમાને દિવસે સ્વામીશ્રી યજ્ઞશાળામાં પધાર્યા. સ્વામીશ્રીનો આનંદ અનેરો હતો. કેવળ પોતાના વચને, આફ્રિકાથી અને લંડનથી આવેલા અને કેટલાક ભારતના નવયુવાનો આજે ત્યાગાશ્રમની દીક્ષા લઈ રહ્યા હતા. એમાંથી મોટા ભાગના તો હજુ કિશોર વયના હતા. પણ સ્વામીશ્રીને પ્રસન્ન કરવા તત્પર થયા હતા. દરેક યુવકને છાપો આપી, ગુરુમંત્ર આપી, સ્વામીશ્રીએ ઉપવસ્ત્રો ઓઢાડ્યાં. કુલ ૨૯ યુવકોએ આજે સ્વામીશ્રીના હસ્તે દીક્ષા લીધી. પોતાના પુત્ર ઉપેન્દ્રના આ દીક્ષા પ્રસંગ નિમિત્તે આજના ઉત્સવનો સમગ્ર ખર્ચ નૈરોબીવાળા નાગજીભાઈએ આપ્યો હતો. આમ, પોતાના વહાલસોયા પુત્રોને સ્વામીશ્રીના ખોળે અર્પણ કરતાં દરેક મા-બાપ અનેરો આનંદ અનુભવતાં.

તેમાં ભગવાન ભગતને પણ સૌની સાથે દીક્ષા મળી. તેઓ પહેલાં રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળમાં રોજ દર્શને જાય. એક વખત રાજકોટથી ગોંડલ જતાં સ્વામીશ્રી ગુરુકુળમાં દર્શને પધાર્યા. આ યુવાનને સ્વામીશ્રીનું નિર્દોષ સ્વરૂપ જોઈ અંતરમાં ઘણો આનંદ થયો. એવામાં બાજુમાં બેઠેલા એક

ભાઈ બોલી ઊઠ્યા કે 'આ ભગવાન થઈને પૂજાય છે.' આ સાંભળી એ યુવાનને વધારે કુતૂહલ થયું. સ્વામીશ્રીની નજીક જઈ પગે લાગ્યા. પોતાની લાક્ષણિક શૈલીમાં સ્વામીશ્રીએ તેમને આશીર્વાદનો થાપો આપ્યો અને કહ્યું : 'આવજો.' આ શબ્દ યુવાનના અંતરમાં સોંસરો ઊતરી ગયો.

ત્યારપછી લગભગ એકાદ વર્ષ બાદ રાજકોટમાં પારાયણ પ્રસંગે સ્વામીશ્રી પધાર્યા. સમાચાર સાંભળી તેઓ દર્શને ગયા. આ બીજી મુલાકાતમાં પણ એ જ સહજભાવથી સ્વામીશ્રીએ, 'તમને બનાવવા છે' એમ કહી, બે ધબ્બા માર્યા.

સત્સંગનો બહુ યોગ નહિ, તેથી આ વાતને તેમણે બહુ લક્ષ્ય આપેલું નહિ. ત્યારબાદ પાંચ વર્ષ પછી પણ રાજકોટમાં સ્વામીશ્રીએ તેમને એ જ આજ્ઞા કરી.

આ અરસામાં તેમના લગ્નની વાત ચાલતી હતી. તે જાણી સ્વામીશ્રી કહે : 'આપણે ના પાડી દો.' પછી સગાંવહાલાંની રજા લેવા મોકલ્યા. રાજીખુશીથી સૌની રજા મળી જાય એ માટે તેમણે માળા ફેરવી. મોટાભાઈના સહકાર ને પક્ષથી કાર્ય સરળ થઈ ગયું અને આજે પાર્ષદ દીક્ષા મળી.

પુત્ર-દાન યજ્ઞ

મોજીદડના જૂના ભક્તરાજ માધાભાઈના કુટુંબીજનોનો વરસો જૂનો પેઢીગત સત્સંગ. તેમના પૌત્ર મૂળજીભાઈ અને પ્રપૌત્ર પુરુષોત્તમભાઈ ખૂબ જ નિષ્ઠાવાન હરિભક્તો. સ્વામીશ્રી મોજીદડ પધારે ત્યારે મૂળજીભાઈ અને પુરુષોત્તમભાઈ પણ સેવામાં હાજર થઈ જાય. તેથી તેમનાં બાળકોમાં આ જ સંસ્કારો વધુ ને વધુ દૃઢ થતા ગયા.

સ્વામીશ્રી પધરામણીએ નીકળે ત્યારે સૌ બાળકો પ્રભાત-ફેરીરૂપે સ્વામીશ્રી સાથે નીકળી પડે.

એક વાર સ્વામીશ્રીએ મૂળજીભાઈને બોલાવ્યા ને પૂછ્યું : 'તમારે કેટલા દીકરા ?'

'ત્રણ છે, બાપા !' તેમણે કહ્યું.

'તો એમાંથી એક અમને દ્યો.' સ્વામીશ્રીએ તરત જ માગ્યું.

મૂળજીભાઈ ખૂબ ખુશ થયા. ત્રણે દીકરાને સ્વામીશ્રી સમક્ષ ઊભા રાખ્યા ને કહે : 'બાપા ! આમાંથી જે પસંદ પડે તે આપનો.'

સ્વામીશ્રીએ સૌથી નાના ગણપત પર પસંદગી ઉતારી અને પુરુષોત્તમભાઈના પુત્ર દેવરાજને પણ સાધુ થવા આજ્ઞા કરી. મોજીદડના આ

બન્ને યુવાનોને પાર્ષદ દીક્ષા આપી, સ્વામીશ્રીએ ગણપતભાઈને રણછોડ ભગત તથા દેવરાજભાઈને નાનજી ભગત નામાભિધાન કર્યું.

આજે બન્નેને ભાગવતી દીક્ષા આપતાં સ્વામીશ્રીનો હર્ષ સમાતો ન હતો. બન્ને અનુક્રમે સાધુ સંતસ્વરૂપદાસ અને સાધુ મુકુંદજીવનદાસ બન્યા. આજે તેમણે સ્વામીશ્રીના અંતરના પ્રેમને સાચા અર્થમાં અનુભવ્યો.

ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની પ્રતિષ્ઠા

સ્વામી શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની અક્ષર મંદિરમાં પ્રતિષ્ઠા એ સમગ્ર સંપ્રદાય માટે એક ગૌરવનો પ્રસંગ હતો. સ્વામિનારાયણ એ જ અક્ષરપુરુષોત્તમ છે અને એ બે સ્વરૂપો જ આત્યંતિક કલ્યાણ માટે ઉપાસ્ય સ્વરૂપો છે, તેવું શુદ્ધ જ્ઞાન શ્રીજીમહારાજનાં વચનામૃતોનાં પ્રમાણથી સ્પષ્ટપણે અને નીડર રીતે પ્રવર્તાવવા માટે એમણે જે શ્રમ ઉઠાવ્યો, તેનું આ તો અતિ અલ્પ મૂલ્યાંકન ગણી શકાય. ગુજરાતી સાહિત્યના સાક્ષાર દોલતરામ કૃપારામ પંડ્યાએ એમની પાસેથી શુદ્ધ ઉપાસનાનું આ રહસ્ય સમજી એમ કહ્યું હતું કે 'તમારું કાર્ય એવું છે કે ભવિષ્યમાં તમારી સુવર્ણની મૂર્તિની પ્રતિષ્ઠા આ સંપ્રદાયમાં થશે.' ભવિષ્યની મુમુક્ષુ જનતા સ્વામિનારાયણ ભગવાનના શુદ્ધ ઉપાસનાના પ્રવર્તક આ પરમ એકાંતિક સંતવર્યનાં જીવન અને કાર્યનું અદ્‌ભુત મૂલ્ય આંકશે જ.

આપણે માટે તો આ પ્રસંગ ગૌરવવંતો જ બની ગયો. હરિકૃષ્ણ મહારાજને પોતાની ભેગા લઈને વરતાલથી પ્રસ્થાન કરનારા આ સંતવર્યના દિવ્ય તનુના અણુએ અણુમાં અક્ષરપુરુષોત્તમ સિવાય બીજું કાંઈ તત્ત્વ ન હતું. સ્વામિનારાયણ અર્થાત્ અક્ષરપુરુષોત્તમના યુગલ સ્વરૂપની તત્ત્વે સહિત ઓળખાણથી જ આત્યંતિક કલ્યાણ થાય છે. એ સનાતન સત્યને દૃષ્ટિ સમક્ષ રાખી, શુદ્ધ જ્ઞાનની ક્રાંતિ જગાવી, એમણે અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય સ્થાપ્યો. મુમુક્ષુના આત્યંતિક કલ્યાણની વાટ વહેતી મૂકી દીધી. એ મહાપુરુષના કાર્યની પુણ્ય સ્મૃતિ સાચવવા સ્વામીશ્રીએ આ ગૌરવવંતો પ્રસંગ યોજ્યો.

સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સંતો-પાર્ષદો અને હરિભક્તોની સાથે સવારે ૧૧-૦૦ વાગે અક્ષર દેરીમાં પધાર્યા. મૂર્તિની ષોડશોપચારે પૂજા વિધિ કરી વસ્ત્ર-પરિધાન કરાવ્યા બાદ સ્વામીશ્રીએ નેત્ર અનાવરણ વિધિ કરી. ફોટોગ્રાફરોએ આ વિધિનો ફોટોગ્રાફ લેવા પોતાના કેમેરા તથા ફ્લેશગન મૂર્તિ

સામે ધરી રાખ્યાં હતાં. તે જ સમયે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના નેત્રમાંથી દિવ્ય પ્રકાશ નીકળતાં કૅમેરામૅનની ફ્લેશગનનો કાચ મોટા અવાજ સાથે તૂટ્યો. દેરીમાં બેઠેલા સૌએ આ દિવ્ય પ્રકાશ જોયો. આમ, સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનું આહ્‌વાન થયું અને સૌને તેની પ્રતીતિ થઈ.

બ્રહ્માંડમાં દિગ્વિજય

૧-૦૦ વાગે સભા થઈ. આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'આજે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની પ્રતિષ્ઠા અક્ષર દેરીમાં થઈ. બ્રહ્માંડમાં દિગ્વિજય થયો. સૌના દેશકાળ હવે સુધરશે. મૂર્તિમાં સાક્ષાત્ સ્વામીનો ભાવ છે. પોતે આવીને પ્રવેશ કર્યો ત્યારે મૂર્તિ થઈ.

'આજે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણનું સ્વરૂપ સાક્ષાત્ સ્વામી બિરાજ્યા. એનો એ જ ભાવ સ્ટેચ્યુમાં છે. જેણે જોયા હોય તેને ખબર પડે. આપણે ઈટાલીથી આરસ લાવ્યા. સ્વામીને અહીં બેસવું હતું તે પોતાનો ભાવ લાવ્યા.

'બધા મુક્તો (હરિભક્તો) પોતાના ઘરનું કામ છોડી સ્વામીનો સમૈયો ઊજવવા આવ્યા. તેમને ધન્યવાદ આપવામાં આવે છે.

'જીવાભાઈ, મણિભાઈ, અનડાની મોટરો બે મહિના સેવામાં રહી. મુંબઈથી અમને અહીં ઘર (ગોંડલ) ભેગા કર્યા, તેનો મહિમા સમજવો. તમારાં ચરણ ધોઈને પીવાં છે. ચરણરજ લેવી છે. બે-અઢી મહિના મોટરો કોણ આપે ?'

વાતુંના પડકારા એ આતમના ઝબકારા

રાત્રે શરદોત્સવની સભામાં ગુરુકુળના વિદ્યાર્થીઓએ અંગ કસરતના તથા પિરામિડના પ્રયોગો રજૂ કર્યા હતા. એ જોઈ સ્વામીશ્રી રાજી થયા. સ્વામીશ્રીનું આસન વચ્ચે ગોઠવી સંતોએ *'જોયા મેં તો યોગી મહારાજ...'* એ રાસ સ્વામીશ્રીની આસપાસ કુંડાળે ફરતાં લીધો. સૌ સભાજનો અતિશય આનંદ પામ્યા. આશાભાઈ, મણિભાઈ, હર્ષદભાઈ, રામુભાઈ મોરઝરિયા, મહંત સ્વામી તથા પ્રમુખસ્વામીએ પ્રાસંગિક પ્રવચનો રજૂ કર્યા. સ્વામીશ્રી ખાસ છેલ્લી આરતી સુધી બિરાજ્યા. અંતમાં આશીર્વાદ આપતાં કહ્યું :

'આજે આપણે શરદ પૂનમનો શુભ દિવસ. આજે દિવાળીનો તહેવાર. દિવાળી કરતાંય આ દિવસ શ્રેષ્ઠ. આજે સ્વામીનો જન્મ દિવસ છે. દર વરસે અહીં સમૈયો થાય છે. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ આજે પધરાવી. આ બધો

શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ છે. તેમણે હજારોને ખેંચ્યા. યજ્ઞ સારો થયો.

'જ્યાં સાક્ષાત્ ભગવાન બિરાજે, ત્યાં દેશકાળ સારા જ થાય. આફ્રિકા આપણે ગયા તે પહેલાં ત્યાં આઘુંપાછું હતું. અમે ત્યાં જઈ વાતુંના પડકારા કર્યા : 'મૂંઝાશો નહિ. શાંતિ થઈ જશે. દેશમાં જવાનું થાય તો ત્યાં રોટલા મળશે. અહીં રહેવાનું થશે તો આંહીંયે રોટલા મળશે. અને લંડનમાંય મળશે. રક્ષા સ્વામિનારાયણ ભગવાન કરશે.'

'આમ અમે હિંમત આપી. આફ્રિકામાં કોઈ દુઃખી થવાના નથી. મહારાજનો આશરો ને નિયમ-ધર્મ રાખે, તેનાં અન્ન-વસ્ત્ર તો મહારાજે પોતાના ગળામાં લીધાં છે. આપણે આજે તે કાંટો ચડાવીએ છીએ.

'ગરાશિયા અફીણ પીવે ને પછી કેફ ચડે ત્યારે ધીંગાણાંની વાતું કરે; પણ જ્યારે કેફ ઊતરી જાય ત્યારે ઢીલાઢફ. આપણે કથાવાર્તાનો અખંડ કેફ લગાડવો. ઘણાને હોકાનો કાંટો રહે છે કે 'મેં હોકો પીધો છે;' તો સત્પુરુષનો કેફ કેમ ન રહે ?

'વીસ સાધુ ને એંશી હરિભક્તોની પલટનનો ભીડો તો આફ્રિકા મંડળ જ વેઠી શકે.

'આજે ઘણા હરિભક્તો આવ્યા છે. રાખ-રખાવટમાં આઘુંપાછું થયું હોય તો ઓછું ન લાવતા. સ્વામિનારાયણ ભગવાનનો આખા બ્રહ્માંડમાં દિગ્વિજય થાય અને શાસ્ત્રીજી મહારાજનું કાર્ય આખા વિશ્વમાં પ્રવર્તે ને આખા દેશનો ઉદ્ધાર થાય તેવા આશીર્વાદ છે.

'શાસ્ત્રીજી મહારાજે પ્રગટ થઈ હજારોનો ઉદ્ધાર કર્યો, પણ કઠણ હૈયાના હોય તે માને નહિ.

'માટે સત્પુરુષનો હંમેશાં સમાગમ કરવો. જેથી જીવમાં કાંટો રહે છે.'

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું હોવાથી મંગલ પ્રભાતે વચનામૃતનો પાઠ કરાવતા. નિત્યકર્મથી પરવારી, અક્ષર દેરીમાં પૂજા કરી, મંદિરમાં શણગાર આરતી કરી, ઉકાળો લઈ, આરામમાં પધારતા. પછી ૧૦-૧૫ વાગે સભામાં પધારી પારાયણ બાદ આશીર્વાદ આપતા. રાજભોગ પછી ભોજનશાળામાં બધી વ્યવસ્થા જોતા. બપોરે ઠાકોરજી જમાડી એક વચનામૃત સમજાવતા. ૨-૦૦ વાગે આરામ લઈ, ૪-૦૦ વાગે અક્ષર દેરીમાં પ્રદક્ષિણા કરી ધ્યાનમાં બેસતા. પછી વાડીમાં અથવા વાસુદેવ સ્વામીને ઓટે વારાફરતી દર્શન કરી કથામાં પધારતા. રાતે સ્નાનાદિક નિત્યક્રિયા બાદ ૯-૦૦ થી ૧૦-૦૦ સભામાં બ્રહ્માનંદ કરાવતા.

તા. ૧૮મીએ સભામંડપમાં રાત્રે ૯-૧૫ વાગે વાત કરતાં સ્વામીશ્રી કહે : 'દરિયાનો પાર ન પમાય તેમ અક્ષર દેરીનો પાર ન પમાય. વેદ, વેદાંત, શેષ, શારદા હજાર મોઢે ગાય તોય પાર ન આવે તેવો મહિમા છે.'

કરુણાની ફોરમ

આ અરસામાં, અમદાવાદના આગેવાન ડૉ. જિતુભાઈ જમિયતરામ દેસાઈને કમળો થયા પછી લીવરનું કૅન્સર થઈ જવાથી ખૂબ પીડા થતી હતી. માંદગીએ ગંભીર સ્વરૂપ પકડ્યું. અમદાવાદ અને મુંબઈના નિષ્ણાત ડૉક્ટરોએ અભિપ્રાય આપી દીધો કે અમે તો હાથ ધોઈ નાખ્યા છે ! એથી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દીવાન સાહેબ, જાણીતા ઍડ્વોકેટ ભાસ્કરભાઈ ઠાકોર અને મિલમાલિક શેઠ પ્રભુલાલભાઈ સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ દોડી આવ્યા. ત્રણેય ડૉ. જિતુભાઈના પરમ મિત્રો હતા. તેમના બીજા મિત્ર ગોવિંદસિંહજી ચુડાસમા સાહેબ પણ અહીં જ હતા.

સ્વામીશ્રીએ સૌને ફૂલહારથી સન્માન્યા અને ખબર-અંતર પૂછ્યા. દીવાન સાહેબે કહ્યું કે 'અમારા મિત્ર અને મારા સંબંધી ડૉ. જિતુભાઈને લીવરનું કૅન્સર થયું હોવાનું નિદાન થયું છે. તેઓ હવે થોડા દિવસના મહેમાન હોય તેમ જણાય છે.'

સ્વામીશ્રી આ વાત સાંભળતાં કરુણાથી આર્દ્ર થઈ ગયા. દીવાન સાહેબ તથા ચુડાસમા સાહેબને સ્વામીશ્રીનાં નેત્રોમાં અકારણ કરુણાનાં દર્શન થયાં. તરત જ સ્વામીશ્રીએ અક્ષર દેરીનું જળ મગાવ્યું. તેમાં પોતે જ અક્ષર દેરીનાં પ્રસાદીનાં ફૂલ નાખ્યાં. પોતાનો અંગૂઠો પણ બોળ્યો. વળી, પોતાના ગાતરિયે બાંધેલાં પૂજાનાં પુષ્પોની પાંદડીઓ પધરાવીને બોલ્યા : 'ધૂન કરો, જિતુભાઈને સારું થઈ જાય.' એમ કહેતાં ધૂનમાં લીન થઈ ગયા. સૌ એ ધૂનમાં જોડાયા.

પછી દીવાન સાહેબને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ પ્રસાદીનું જળ જિતુભાઈને ચમચી ચમચી પાજો. મહાકાળ પણ હટી જશે.'

આ અંતરના આશીર્વાદ મળતાં દીવાન સાહેબને અપાર શાંતિ થઈ. તેમને ધરપત મળી ગઈ કે સ્વામીશ્રીનાં વચનો જરૂર ફળશે.

તેમણે અમદાવાદ આવીને ડૉ. જિતુભાઈને પ્રસાદીનું જળ આપ્યું. તેમનાં કુટુંબીજનોને સ્વામીશ્રીના મહિમાની આશા-ઉત્સાહભરી પ્રેરક વાતો કરી. ડૉ. જિતુભાઈ હંમેશાં સ્વામીશ્રીએ આપેલું પ્રસાદીનું જળ પીવા લાગ્યા. દિવસે-

દિવસે તેમની તબિયતમાં સુધારો થવા લાગ્યો. અને જેમના મૃત્યુની ઘડીઓ ગણાતી હતી તે તદ્દન સાજા થઈ ગયા !

બે મહિને સંપૂર્ણ સ્વસ્થ થતાં જ તેઓ સ્વામીશ્રીનાં દર્શન માટે ગોંડલ આવી પહોંચ્યા. એ ડિસેમ્બર માસના દિવસો હતા. સ્વામીશ્રીએ તેમને આગ્રહ-પૂર્વક ત્રણ દિવસ રોક્યા. અને રોજ પ્રસાદી તથા ફૂલહાર આપી, સ્વામીશ્રી તેમને ખૂબ સ્મૃતિ આપે. અહીં જ તેમને પૂજા કરવા માટે મૂર્તિઓ આપી. ખૂબ પ્રેમથી તમામ મૂર્તિ પાછળ સ્વહસ્તે આશીર્વાદ લખી આપ્યા.

આ અપાર સુખ અને પારલૌકિક સ્નેહનો સ્પર્શ લઈને તેઓ સ્વામીશ્રી પાસેથી જઈ રહ્યા હતા. જ્યારે સ્વામીશ્રીની રજા લીધી ત્યારે સ્વામીશ્રી બે હાથ જોડી તેમને કહે : 'જિતુભાઈ ! બોલ્યું-ચાલ્યું માફ કરજો !'

જિતુભાઈ આ ભાવનાનો કયા શબ્દોમાં પ્રતિભાવ આપે ? તેઓ ભાવ-વિભોર થતાં ગળગળા થઈ ગયા. તેમણે ભીના કંઠે પૂછ્યું : 'બાપા ! ફરી ક્યારે દર્શન થશે ? ફરી ક્યારે બોલાવશો ? હવે અમદાવાદ આવશો ?'

સ્વામીશ્રી ઉત્તરમાં કેવળ મર્માળું સ્મિત કરી રહ્યા. તેમને ક્યાંથી જાણ હોય, પણ આ એમનું અંતિમ દર્શન રહ્યું. એ સુખની ચિરંતન સ્મૃતિ આપી સ્વામીશ્રીએ તેમને સાચે જ ધન્ય બનાવી દીધા !

અક્ષર ગંગાની આરતી

એક પછી એક હરિભક્તો તરફથી પારાયણ ચાલુ રહેતી. તા. ૧૯મીએ રવિવારની સભા ગોંડલી નદીને કિનારે અક્ષર ઘાટ ઉપર રાખી હતી. સભા બાદ નદીની આરતી ઉતારી હતી. મથુરામાં યમુના રાણીની અને હરિદ્વારમાં ગંગા-મૈયાની આરતી ઊતરે છે. તે વાત સાંભળતાં સ્વામીશ્રી કહેતા : 'ગઢપુરમાં ઘેલા નદીની અને ગોંડલી નદીની આરતી પણ ભવિષ્યમાં ઊતરશે. કારણ, સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણે પોતાના મુક્તો સહિત એમાં સ્નાન કર્યું છે.'

હવે પ્રમુખસ્વામી સાધુઓ કરશે

નવયુવાનોને દીક્ષા આપ્યા પછી એક વખત સંકલ્પ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : '૭૦૦ સાધુ કરવા છે.'

'બાપા ! સત્સંગ ઘણો વધ્યો છે. માટે સાધુની જરૂર પડે.' હરિભક્તોએ કહ્યું.

સ્વામીશ્રી બોલ્યા : 'હવે પ્રમુખસ્વામી સાધુઓ કરશે. આપણે આફ્રિકાના

યુવકોને દીક્ષા આપી. હવે સાધુઓ વધી જશે.'

આ રીતે પોતે પ્રસંગોપાત્ત 'પોતાના અનુગામી પ્રમુખસ્વામી છે,' એ સ્પષ્ટ શબ્દોમાં અથવા માર્મિક રીતે જણાવી દેતા.

સેવાનાં સોનેરી સંભારણાં

અહીં દરરોજ કંઈક ને કંઈક સેવા સ્વામીશ્રી યુવકો તથા સંતો પાસે કરાવતા. ક્યારેક ઉકરડાના ઢગલા એક જગ્યાએથી બીજી જગ્યાએ ઠલવાવે; તો ક્યારેક ખેતરમાંથી કાંકરા વીણાવે. ક્યારેય નહિ કરેલી ને નહિ ધારેલી સેવાઓ સ્વામીશ્રી સંતો તથા યુવકો પાસે કરાવી તેમનું વિશિષ્ટ ઘડતર કરતા.

એક દિવસ રાત્રે ૧૧-૦૦ વાગે સ્વામીશ્રીના ઓરડામાં સૌ સંતો તથા યુવકો બેઠા હતા. અચાનક સ્વામીશ્રીએ ઘનશ્યામપ્રસાદ સ્વામીને પૂછ્યું કે 'તમને પૂરણ બનાવતાં આવડે ?' તેમણે હા કહી. એટલે કહે : 'બોલાવો ભક્તિકિશોર સ્વામીને. કાલે પૂરણપોળી બનાવીએ.'

તેઓ આવ્યા એટલે બન્નેને પાસે બોલાવીને આજ્ઞા કરી કે 'પોણો મણ ઘનશ્યામ પૂરણ બનાવે અને પોણો મણ તમારે બનાવવાનુ. અત્યારે જ પૂરણ બનાવી દ્યો. સવારે નહિ.' સંતોએ રાત્રે જ પૂરણ તૈયાર કરી દીધું.

બીજે દિવસે બપોરે સ્વામીશ્રી જાતે સંતોને પીરસવા આવ્યા અને ખૂબ પૂરણપોળી જમાડી. પછી મહંત સ્વામીને અને બધા સંતોને સ્વામીશ્રી કહે : 'અત્યારે જ ખેતરમાં બાજરાનાં ભોથાં પડ્યાં છે તે વીણવા જાવ.'

સ્વામીશ્રીએ ખૂબ જમાડેલા, તેથી બપોરના તાપમાં તો આ સેવા કરવી એ કસોટી સમાન હતી. વળી કહે : 'હું ૪-૦૦ વાગે બરાબર ત્યાં આવીશ. તમો મગફળી શેકીને રાખશો.'

સ્વામીશ્રીએ જે ભાવથી જમાડેલા અને સૌને સ્મૃતિ આપેલી, એ પ્રેમાળ મૂર્તિની આવી નાની આજ્ઞા પણ કેમ અવગણાય ? ક્યારેય ખેતર જેણે ભાળ્યાં નહોતાં, ને બપોરનો કરડો તાપ જેણે સહ્યો નહોતો, એ આફ્રિકાથી આવેલા કુમળા દીક્ષિત યુવાનો હોંશેહોંશે ઊપડ્યા.

બરાબર ૪-૦૦ વાગે સ્વામીશ્રી ત્યાં આવી પહોંચ્યા. બધાને આ રીતે સેવા કરતાં જોઈ ખૂબ પ્રસન્ન થયા. ઠાકોરજીને શેકેલી મગફળી ધરાવી સૌને વિશેષ સ્મૃતિરૂપે વહાલથી પ્રસાદ આપ્યો. સેવાના આવા વિશિષ્ટ પ્રસંગો યોજી સ્વામીશ્રી ગુરુઆજ્ઞા - સેવાનો મહિમા સમજાવી, બ્રહ્મવિદ્યાના પાઠો આપતા.

આજે કેટલાક સંતોને મુંબઈ જવાનું હતું. ઠેઠ સાંજ સુધી સ્વામીશ્રીએ સંતો પાસે ખેતરમાં કામ કરાવ્યું. સંધ્યા આરતી પછી સૌને આશીર્વાદ આપી, મુંબઈ જવા વિદાય આપી.

રાત્રે પોતે સભામાં પધાર્યા. આફ્રિકાના પાર્ષદો પાસે કીર્તનો ગવરાવ્યાં. બહુ રાજી થયા અને કહે : 'આફ્રિકાના યુવકો બહુ તેજસ્વી છે.'

ઘનશ્યામ મહારાજની ઓળખાણ

તા. ૨૦મીએ સવારે ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન હિતેન્દ્રભાઈ દેસાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. પ્રમુખસ્વામીએ તેમનું સ્વાગત કર્યું અને અક્ષર દેરીમાં દર્શન કરાવ્યાં. સ્વામીશ્રીનાં દર્શન કરી, બહારથી જ જલદી જતા રહેવાની તેમની ઇચ્છા હતી. પરંતુ સ્વામીશ્રી શણગાર આરતીમાં પધાર્યા હતા, તેથી તેમને મંદિર ઉપર આવવું પડ્યું. સ્વામીશ્રીએ તેમને મંદિરમાં બધા ખંડોમાં દર્શન કરાવ્યાં. મૂર્તિઓનો મહિમા સમજાવ્યો અને ઘનશ્યામ મહારાજની પ્રસાદીનો મોટો હાર પહેરાવ્યો.

આશીર્વાદ અને પ્રસાદ લઈને મંત્રીશ્રી વિદાય થયા. સાથે મંત્રી જયરામભાઈ પટેલ, કલેક્ટર રામકૃષ્ણન્, ડૉ. દેવશીભાઈ તથા ડી.આઈ.જી. જગજીતસિંહ પણ દર્શને આવ્યા હતા.

આરતી કરીને સ્વામીશ્રી નીચે પધાર્યા હતા ત્યારે સૌને હસતાં હસતાં કહે : 'મે તેમને (હિતેન્દ્રભાઈને) ઘનશ્યામ મહારાજની ઓળખાણ કરાવી.'

ભગવાનની ઓળખાણ એમને મળેલ સંત વતે જ થાય છે – એ સૂત્ર આવા પ્રસગે સમજાય છે.

અતર ઘસવાના ઓજાર

નિજ મંદિરનાં પગથિયાંમાં આરસનાં પાટિયાં ચોંટાડવાનાં હતાં. આરસ ઘસવાવાળા મજૂરો કામે નહોતા આવતા. તેથી સ્વામીશ્રીએ પૃથ્વીસિંહ બાપુ, પ્રવીણસિંહ તથા ભરત વગેરે યુવકોને આરસ ઘસવા જવાની આજ્ઞા કરી હતી. સ્વામીશ્રી નિધડકપણે આવી મજૂરીની સેવા પણ હરિભક્તોને બતાવી દેતા અને આ જુવાનિયા, કોઈ વાણિયા તો કોઈ ગરાશિયા ને મોટા ઘરના પણ રાજી થઈને આ તક ઝડપી લેતા. કોઈના મનમાં જરાપણ સંકોચ થતો નહિ.

સાંજે દેરીમાં દર્શન-ધ્યાન કરીને સ્વામીશ્રી મંદિરની પાછળના ભાગમાં,

લીંબડા નજીક ઉતારામાં, જ્યાં સૌ આરસ ઘસતા હતા ત્યાં પધાર્યા. યુવકોને સેવા કરતાં જોઈને રાજી થયા અને કહે :

'પૃથ્વીસિંહ ! આરસ ઘસશો તો અમારું અંતર ઘસાઈ જશે.'

સેવાનું આ મૂલ્ય સાચા સંત વગર કોણ ચૂકવી શકે ?

બપોરે કથા વંચાવતાં સાધુતા ઉપર વાત નીકળી. ત્યારે સ્વામીશ્રીએ સાધુતાનો અર્થ સમજાવતાં કહ્યું કે 'ખમવું એ સાધુતા છે. મોટેરાનું તો ખમાય, પણ બરોબરિયાનું ખમવું એ ખરી સાધુતા છે.'

જીવાદોરી સાંધી

આ સમયે રામોદના ભૂરાભાઈને સિવિયર હાર્ટઍટેક આવ્યો હતો. ગોંડલની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. રાજકોટથી ડૉ. બક્ષી સાહેબને બોલાવવામાં આવ્યા. તેમણે પણ કહ્યું કે કેસ બચે તેમ નથી.

કેસ ડૉ. હરીશભાઈ ત્રિવેદીના હાથ નીચે હતો. તેમણે મંદિરે જઈ સ્વામીશ્રીને પ્રાર્થના કરી. બીજે દિવસે રામોદના મોહનભાઈ સ્વામીશ્રી પાસે ગયા અને કહ્યું : 'બાપા ! ભૂરાભાઈનો દેહ રહે તેમ નથી. તેમની અંતિમ ઇચ્છા છે કે આપ દર્શન દઈ જાવ. ડૉક્ટરે ઘરે લઈ જવા માટે રજા આપી દીધી છે. માટે આપ દવાખાને આવી જાઓ તો તેમના જીવને બહુ શાંતિ થાય.'

સ્વામીશ્રીએ તરત જ માથે પાઘ મૂકી, બાલમુકુંદ સ્વામીને સાથે લીધા. બીજી મોટરમાં હરિભક્તોને સાથે લીધા. સવારે ૧૦-૦૦ વાગ્યાનો સમય થયો હતો. સ્વામીશ્રી ભૂરાભાઈ પાસે પધાર્યા. ડૉ. હરીશભાઈ પણ હાજર હતા. તેમણે સ્વામીશ્રીને પ્રણામ કર્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ ભૂરાભાઈને કેમ છે ? શું બીમારી છે ?'

'બાપા ! તેમનું હૃદય બેસતું જાય છે. અમે ઘણી મહેનત કરી પણ કાંઈ સુધારો જણાતો નથી.' તેમણે કહ્યું.

સ્વામીશ્રી તરત જ ભૂરાભાઈની નજીક ગયા ને પૂછ્યું : 'ક્યાં બીમારી છે ?' હરીશભાઈએ હાથના સંકેતથી હૃદય તરફ આંગળી ચીંધી.

સ્વામીશ્રીએ ત્યાં હાથ ફેરવ્યો. વળી, સમગ્ર શરીરે હાથ ફેરવી, ધૂન કરાવી કહ્યું : 'જાવ, આજથી બીમારી ગઈ ! ભૂરાભાઈને દસ વર્ષ રાખવા છે. તેમની સેવાની જરૂર છે.'

અકારણ દયા વરસાવતાં સ્વામીશ્રીની મૂર્તિ જોતાં ભૂરાભાઈની આંખમાં

હર્ષનાં આંસુ આવી ગયાં. તેમણે હાથ જોડી દીધા. સ્વામીશ્રી બોલ્યા : 'હવે રજા આપો, અમે જઈએ.'

એ પછી ભૂરાભાઈની તબિયતમાં તાત્કાલિક સુધારો થવા લાગ્યો. અને તેમનો દેહ બરાબર દસ વર્ષ રહ્યો.

✧

આ વખતે અન્નકૂટ ઉપર દેખરેખ રાખવાની સેવા સ્વામીશ્રીએ મહંત સ્વામીને સોંપી હતી. તેમની તબિયત જરા સારી ન હતી અને ડોક દુઃખતી હતી. એટલે બધાએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'મહંત સ્વામી આરામ કરે તો સારું.' પણ સ્વામીશ્રી કહે : 'સેવા કરશે તો સારું થઈ જશે.'

સ્વામીશ્રી રોજ દિવસમાં બે થી ત્રણ વાર અન્નકૂટની તૈયારી જોવા જતા અને સૂચનાઓ આપતા. ઘેબર સુંદર બનાવેલાં, પણ જરૂર કરતાં ઘણાં વધારે કરેલાં. સ્વામીશ્રી કહે : 'બહુ ન બનાવવા. શોભા પૂરતાં જ, ધરાવવા માટે બનાવવાં.' સાટાં થતાં હતાં તે કહે : 'નાનાં નાનાં કરવાં.'

'ઘી ગરમ કરવું, ગાળીને વાપરવું, લોટ ચાળવો.' વગેરે સૂચનો હંમેશાં આપતા. અન્નકૂટનાં વાસણો ઊટકાય ત્યાં પણ પધારે અને નળે ગરણું બાંધ્યું છે કે નહિ તેની ચોકસાઈ કરે.

નડિયાદથી કૃષ્ણાભાઈ અને બીજા હરિભક્તો આવેલા. સ્વામીશ્રી તેમને ખૂબ સેવા સોંપતા. ઉકરડો ખાલી કરાવ્યો. બળતણનાં લાકડાં યોગી આશ્રમની પાછળના ભાગમાં ભેગાં કરાવ્યાં. અને સૂકાં-લીલાં લાકડાં જુદાં કરાવ્યાં. ખેતરમાં પાણી વાળવા માટે લગભગ એક માઈલ દૂર મોટા તળાવમાંથી પાણીની નીક ખોદાવડાવી. સ્વામીશ્રી રોજ સાંજે તેઓ જ્યાં સેવા કરતા હોય ત્યાં તેમને આશીર્વાદ આપવા જતા.

તા. ૨૨મીએ રાત્રે મગફળી ફોલવાનો ઉત્સવ કર્યો. સ્વામીશ્રી કહે :

'આ મગફળી અન્નકૂટના કામમાં આવશે. તે આપણી સેવા ગણાશે. ઝાઝા હાથ રળિયામણા. કોઈ લાખોની કંપની હોય તેમાં બે પૈસા ભાગ હોય તોય ૧૦-૧૫ રૂપિયા મળી જાય. તેમ અહીં અલ્પ સેવા કરીએ તેનું મોટું ફળ મળી જાય.'

રાજકોટથી આંખના સર્જન ડૉ. ધ્રુવ સ્વામીશ્રીની આંખો જોવા આવ્યા હતા. તેમણે બીજા ડૉક્ટરની જેમ જ અભિપ્રાય આપ્યો હતો કે 'બન્ને આંખે મોતિયો આવે છે. જમણી આંખમાં વધુ છે.'

નિજ મંદિરમાંથી પાછળથી નીચે ઊતરવાની પૂજારીની સીડીનું સાંજે

ઉદ્‌ઘાટન કર્યું.

તા. ૨૩મીએ હાઈસ્કૂલના સભાખંડમાં સભા યોજાઈ હતી. સ્વામીશ્રીની સફળ વિદેશ-યાત્રાના પ્રતીકરૂપે વિદ્યાર્થીઓએ પ્રમુખસ્વામીના શુભ હસ્તે ચાંદીનો પૃથ્વીનો ગોળો સ્વામીશ્રીને અર્પણ કર્યો હતો. ઈનામ વિતરણ બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'હવે વિદ્યાર્થીઓને રજા પડે છે. તે બધા ઘેર જશે. ઘેર જઈને સત્સંગ રાખવો. પૂજાપાઠ કરવા. અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન આપવું. શિક્ષાપત્રી વાંચવી. અક્ષર દેરીનો મહિમા કહેવો. નિયમ-ધર્મ રાખવા. અભ્યાસ બરાબર કરવો. વરસ બગડવા ન દેવું. ભગવાનનો આશરો છે તે સહાય કરે, પણ એકચિત્તે વાંચવું પડે. ૮૦ ટકા પરિણામ લાવવું. આખા દેશમાં ગોંડલનું નામ આવે તેમ કરવું.'

વળતી સવારે સ્વામીશ્રી પૂજામાં બેઠા હતા. સૌ સંતો વીંટળાઈને દર્શન કરતા હતા. એકાએક સ્વામીશ્રીએ સંતોને કેળનું પાણી કાઢવા મોકલ્યા. રાજકોટના શંભુસિંહ *'પ્રાતઃ થયું મનમોહન પ્યારા'* એ કીર્તન ગાતા હતા. તેમને પણ સ્વામીશ્રી કહે : 'મોહન પ્યારા પછી, હમણાં કેળનો રસ કાઢવા જાવ.'

ગુરુની મર્યાદા

આરતી કરીને સભામંડપમાં શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શને પધાર્યા. ત્યાં ગળામાં કફ આવ્યો એટલે થૂંકદાની મગાવી. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ તરફ પોતાનું મુખ હતું, તે એકદમ ફેરવી લેતાં કહે : 'શાસ્ત્રીજી મહારાજ પાસે ન થૂંકાય.' ખુરશી પાછળ લેવરાવી અને બારણાં પાસે આવીને થૂંકદાનીમાં થૂંક્યા. આવી નાની નાની બાબતોમાં આવી મર્યાદાઓ પોતે સાચવતા અને સૌને શીખવતા.

સાંજે અન્નકૂટની તૈયારી જોવા કોઠારમાં પધાર્યા. કોઠાર ખુલ્લો હતો તે બંધ રાખવા આજ્ઞા કરી અને કહે : 'છૂમંતર ! હમણાં કોઈએ જોવું ન જોઈએ.'

પછી ગામમાં ભાગવત સપ્તાહમાં પધાર્યા.

રાત્રે આફ્રિકાના નવા પાર્ષદોની સભા શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં પ્રમુખસ્વામીની હાજરીમાં કરી અને સૌને આશીર્વાદ આપ્યા હતા.

દૂધમલ દીકરાને દૂધની પ્રતિજ્ઞા

નવદીક્ષિત પાર્ષદો સંસ્કૃતનો અભ્યાસ કરે તે માટે સ્વામીશ્રી સૌને મુંબઈ

મોકલી રહ્યા હતા. સૌને વિદાય આપવા સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં ભેગા કર્યા. પોતાના વહાલા દીકરાઓને આશીર્વાદ સાથે શિખામણ આપતાં સ્વામીશ્રી કહે : 'અમે ચાલીસ વર્ષ સુધી દૂધ લીધું નથી. તો તમો પણ દૂધ ન લેવાનો નિયમ લો.'

સ્વામીશ્રીને રાજી કરવાના કોડવાળા સૌ નવદીક્ષિતોએ હોંશે હોંશે નિયમ લીધો. કોઈના મુખ ઉપર આવા કડક નિયમનો બોજ, ભારણ કે અણગમો જણાતો ન હતો. ગુરુભક્તિ ને નિષ્ઠાનાં સૌનાં મુખ ઉપર દર્શન થતાં હતાં. નહિતર આફ્રિકામાં સુખ-સાહ્યબીમાં ઉછરેલા, હજુ મૂછનો દોરો પણ નથી ફૂટ્યો એવા તરુણો ઝટ દઈને આવી આજ્ઞા સ્વીકારી શકે નહિ. અતિ દયાળુ હોવા છતાં, સ્વામીશ્રી પણ કશી પંપાળ રાખ્યા વગર નિધડકપણે, નવા જ દીક્ષિત - નાના ત્યાગીઓને કેવી તાલીમ આપવા માગે છે, તે સૌને સમજાયું. હજુ અધૂરું હોય તેમ સ્વામીશ્રીએ ઉમેર્યું કે 'છાશ પણ પાણી નાખીને જ લેવી.'

પછી પાર્ષદોને અલગ અલગ મંદિરોમાં મોકલવાના હતા. તેમાં મૂળજી ભગત નામ આવ્યું ત્યારે સ્વામીશ્રી કહે : 'એ અમારી સેવામાં રહેશે.'

સ્વામીશ્રીએ સ્વધામ જતાં સુધી મૂળજી ભગતને પોતાની સેવામાં સાથે રાખીને અલૌકિક સુખ આપ્યું.[૨૯]

તા. ૨૫મીએ બપોરે અક્ષર દેરીમાં દર્શન કરી, સ્વામીશ્રી ભોજનશાળામાં પધાર્યા. અહીં સુથારો કામ કરતા હતા. દિવાળી નજીક આવતી હોવાથી સ્વામીશ્રીએ તેમને કામ જલદી પૂરું કરવા આજ્ઞા કરી. યુવકો કેળનું પાણી કાઢતા હતા. બીજા યુવકોને પણ તે સેવા સોંપી. અન્નકૂટની તૈયારી જોઈને ગૌશાળાએ પધાર્યા.

અહીં ગંદકી હતી તે સાફ રાખવા આજ્ઞા કરી. ઢોરોએ ખાતાં વેરેલું ખડ ભેગું કરવા સૂચના આપી, ગૌશાળાની પાછળ પધાર્યા.

અહીં એક નાનું આંબાનું ઝાડ હતું, તે કાપી નાખેલું, તોપણ તેનું થડિયું ત્યાં પડી રહેલું. એનું શું થયું તે જોવા જ ખાસ આ બાજુ આવ્યા. થડ ત્યાંનું ત્યાં જ હતું. તે લઈ લેવા ભક્તિકિશોર સ્વામીને આજ્ઞા કરી. ત્યાં કચરો તથા ઘાસ ઘણું હતું, તે સાફ કરવા અને નીંદવા ચુનીભાઈને તથા બીજા યુવકોને સેવામાં જોડી દીધા.

---

૨૯. એ પછી પ્રમુખસ્વામી મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપીને સાધુ ધર્મચરણદાસ નામ આપ્યું અને પોતાની સાથે ટપાલની સેવામાં રાખી લીધા.

ક્રિયા ગમવી કઠણ

હું સ્વામીશ્રીની ખુરશી ચલાવતો હતો. આ બધું જોઈને મને સંકલ્પ થયો : ‘આ નવા દિવસોમાં બાપા બધાને બહુ સેવામાં ન જોડતા હોય તો સારું. સંતો પાસે ખેતરમાં નિંદાવવાનું કામ કરાવ્યું, ઉકરડો સાફ કરાવ્યો. યુવકોને પણ ખૂબ સેવામાં જોડે છે. બાપા આમ કેમ કરતા હશે ?’

એટલી વારમાં સ્વામીશ્રીની સવારી, પાછળ ખેતરમાં ઓટા છે ત્યાં આવી પહોંચી. અહીં સ્વામીશ્રીએ સભા કરી અને પોતે જ વાત કરતાં કહ્યું :

‘મોટાપુરુષની ક્રિયા ગમવી કઠણ. ક્રિયા ન ગમે. મોટાપુરુષને વિશે દિવ્યભાવ રાખે, એમની ક્રિયા ગુણાતીત સમજે, દિવ્ય સમજે, તો કામ થઈ જાય.’

આ સંબંધી ઘણી વાતો કરી મારા સંશયો કાઢી નાખ્યા.

બ્રહ્માંડ ભડક્યું

આ જ અરસામાં એક વખત સભામંડપમાં સ્વામીશ્રી બિરાજમાન હતા. ભગવાન ભગત બાજુમાં બેસીને સ્વામીશ્રીના શરીર ઉપર બેસતી માખીઓ નેપકીનથી ધીરેથી ઉડાડતા હતા.

એવામાં તેમનું ધ્યાન ન રહેતાં નેપકીનની એક ધીમી ઝાપટ સ્વામીશ્રીને વાગી. એકદમ ફડકીને સ્વામીશ્રી બોલી ઊઠ્યા : ‘બ્રહ્માંડ ભડક્યું,’ અને પછી હસી પડ્યા. અક્ષરના રૂંવાડે રૂંવાડે બ્રહ્માંડો ઊડતાં ફરે છે. શું એ જ બ્રહ્માંડ ભડક્યું હશે !

સ્વામીશ્રીની આસપાસ નાના સંતો, યુવકો, સેવકો સૌ સેવાનો લાભ લેવા ફરી રહ્યા હોય. કોઈ ખુરશી ઉપાડે તો કોઈ સ્વામીશ્રીને હાથનો ટેકો આપે – એમ સેવાની મીઠી સ્પર્ધા ચાલતી હોય. ભગવાન ભગતને પણ આ સેવા ઝડપી લેવાનો ઉમંગ થયા કરે, પણ વારો આવે નહિ. તેથી સ્વામીશ્રીની કાયમ સેવામાં રહેતા સંતો-સેવકો ઉપર તેમને મનમાં બહુ ખીજ રહેવા લાગી. એક વાર તો તેમણે ટોળામાં ઘૂસી જઈને સ્વામીશ્રીને ટેકો આપવા પોતાનો હાથ ધર્યો. આમ અપરિચિત હાથ અચાનક આવતાં સ્વામીશ્રીએ તેનો ટેકો લીધો નહીં. બીજા પરિચિત હાથનો ટેકો પકડી લીધો. ભગતનો હાથ પાછો ઠેલાયો તેથી તેમને બહુ ઓછું આવ્યું. રાત્રે સ્વામીશ્રીના ઓરડામાં સૌ બેઠા હતા. ત્યારે સામેથી જ સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા. તેઓ નજીક જતાં રડી પડ્યા કે મારો હાથ કેમ

તરછોડી કાઢ્યો ?

વહાલથી તેમનો હાથ પકડી સ્વામીશ્રીએ કહ્યું : 'કો' હવે અભાવ નહિ લઉં.'

સ્વામીશ્રીને તો કોઈ પારકા નથી, પણ ભગતના મનમાં અન્ય સેવકો ઉપર જે દાઝ થઈ હતી - અભાવ આવ્યો હતો, એ અંતર્યામીપણે જાણીને જાણે શિક્ષારૂપે સ્વામીશ્રીએ તેમનો હાથ તરછોડ્યો ન હોય ! મનમાં ઉદ્‌ભવેલું નાનું પણ રોષનું બીજ પાંગરે એ પહેલાં જ જાણે એને જડમૂળથી ઉખેડી નાખતા હોય એવી મોટાપુરુષની સહજ ચેષ્ટા હોય છે. ભક્તો વચ્ચે પરસ્પર ઊભો થતો આવો અભાવ જ સત્પુરુષની સેવાથી - સત્સંગથી આપણને વંચિત રાખે છે, તે ભગતને સમજાયું. હવેથી કોઈનો પણ અભાવ ન લેવો એવી મનમાં તેમણે ગાંઠ વાળી. આવી નાની ક્રિયાથી અંતરના સૂક્ષ્મ દોષોને છેદવાનું કાર્ય ગુણાતીત સંત વગર કોણ કરી શકે ?

અન્નકૂટ માટે ચોખ્ખી સામગ્રીઓ બનાવવા જૂનાગઢથી લગભગ ૨૫૦ જેટલી કેળ આવેલી. તે કેળનું પાણી કાઢવાની સેવા સ્વામીશ્રીએ યુવકોને સોંપેલી. શ્રમયજ્ઞ બહુ લાંબો ચાલ્યો. છેવટે નડિયાદના કૃષ્ણાભાઈ અને બીજા હરિભક્તો પાસે રાતપાળી કરાવીને, સ્વામીશ્રીએ બધી જ કેળનો રસ પૂરેપૂરો કઢાવ્યો અને અન્નકૂટમાં તેનો જ ઉપયોગ કરાવ્યો.

તા. ૨૭મીએ રાત્રે શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં સંતોની સભા કરી. સૌને અન્નકૂટની જુદી જુદી ભીની વાનગીઓ બનાવવાની સેવા સોંપી દીધી.

આજે રાજકોટથી આવેલા ખબરપત્રીઓને સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભગવાન ભજવા અને ભજાવવા એ સંતની સેવા છે. સાધુનો ધર્મ શું ? ભક્તિ કરવી અને કરાવવી; ધર્મ પાળવો અને પળાવવો.'

સાંજે ભાગવત-કથાકાર મનહરલાલજી દર્શને આવ્યા હતા.

બીજે દિવસે સવારે મંગળ પ્રવચનમાં ગ.મ. ૪ ઉપર વાત કરતાં ટૂંકમાં જણાવ્યું :

'ભગવાન અને સંતનું માહાત્મ્ય જાણતો હોય તે તો જેમ ચકોર પક્ષી ચંદ્રમા સામું જોઈ રહે તેમ સામેથી સેવા ગોતતો રહે. ચીંધે ત્યારે તો સૌ સેવા કરે, પણ પોતાની જાતે ગોતીને સેવા કરે તે ખરું. મહિમા હોય તેને ભક્તિ વિના ન રહેવાય. શરીર સારું ન હોય તોય કથામાં બેસે ને સેવા કરે તો આશીર્વાદ થાય, દયા થાય અને બળ મળે.'

રે શ્યામ તમે સાચું નાણું

તા. ૨૮મીએ ધનતેરશના દિવસે રાવજીભાઈ દૂધવાળા અને ઈશ્વરભાઈ મસાલાવાળાએ વહેલી સવારે સ્વામીશ્રીનું પૂજન કર્યું હતું. પ્રગટ સત્પુરુષ જ સર્વેના આત્મા છે, એ જ સૌનું સાચું ધન છે ને ! કળિયુગમાં ધન એ જ સૌનું જીવન છે, પણ જેને સત્પુરુષ ઓળખાય છે તેને પછી સત્પુરુષ એ જ સાચું ધન મનાય છે.

સ્વામીશ્રીની આજ્ઞાથી અન્નકૂટની જવાબદારી મહંત સ્વામી, હરિભૂષણ સ્વામી, નિરંજન સ્વામી આદિ સંતોએ ઉપાડી લીધી હતી. બુંદીના લાડુ વાળવા માટે વધારે માણસોની જરૂર પડવાથી ચાલુ સભામાં એક હરિભક્ત કહેવા આવ્યા કે 'લાડુ વાળવા ચાલો.' સ્વામીશ્રીએ સભામાં આજ્ઞા કરી. ખેડબ્રહ્માના ડાહ્યાભાઈ તથા તેમના બન્ને દીકરા ભનુભાઈ તથા હસમુખભાઈ, આણંદના એક યુવક, ખેરાળુના વીરચંદભાઈ, રમણભાઈ, પીતાંબરભાઈ, મોજીદડ મંડળ વગેરે લાડુ વાળવા માટે ગયા.

આ છેલ્લો અન્નકૂટ

સભા પછી સ્વામીશ્રી હરિભૂષણ સ્વામી તથા એક સંતનો હાથ પકડી રસોડામાં દૃષ્ટિ કરવા પધાર્યા. મનુ મહારાજને બોલાવી અન્નકૂટની વાનગી સારી બનાવવા આશીર્વાદ આપ્યા. પછી ત્યાંથી નીકળતાં એકદમ જ હરિભૂષણ સ્વામીનો હાથ ખેંચી ધીરેથી કહે : 'ગુરુ ! આ છેલ્લો અન્નકૂટ છે. માટે લાભ લઈ લ્યો.'

સ્વામીશ્રીનાં વાક્યોનો મર્મ પકડાવો મુશ્કેલ હતો.

તે પછી બધા જ્યાં લાડુ વાળતા હતા, ત્યાં પાછળ લીંબડા પાસે પૂજારીની રૂમ પર આવ્યા. બરાબર આ જ વખતે યુવકો વાતો કરતા હતા કે 'પહેલાં યોગીબાપા આપણી સાથે લાડુ વાળવા બેસતા, હવે એ લાભ ક્યાંથી મળે ?' અને સ્વામીશ્રી આવી પહોંચ્યા. સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. એક સંતે ગાતરિયું પાથરી દેતાં લાડુ વાળવા બેસી ગયા. બધા એક હાથે લાડુડી વાળતા હતા ડાહ્યાભાઈ બે હાથે લાડુડી વાળતા હતા. નિર્ગુણદાસ સ્વામી(પૂજારી)એ કહ્યું : 'બાપા ! ડાહ્યાભાઈ બે હાથે લાડુડી વાળી શકે છે. તેમને બે હાથે વાળવાનું સારું ફાવે છે.'

ત્યારે સ્વામીશ્રી હસીને બોલ્યા : 'તે પૂર્વના કંદોઈ હતા. તેથી ફાવે ને !

એમ કહી ડાહ્યાભાઈ સામું જોઈને હસવા લાગ્યા.

સ્વામીશ્રી બે હાથે લાડુડી વાળી શકતા નહિ. ડાબા હાથની આંગળીએ થયેલા સર્પદંશને કારણે તે આંગળી બરાબર વળી શકતી નહિ. તેથી તેઓ જમણા હાથે જ વાળતા. સ્વામીશ્રીએ વાળેલી લાડુડી અલગ નાની ચોકીમાં મૂકવામાં આવી. એ વિશિષ્ટ લાડુડીનો મહિમા સૌને મન અપાર હતો. સ્વામીશ્રીએ બરાબર અડધો કલાક સૌને પોતાના સાંનિધ્યનું સુખ આપી વિદાય લીધી. બરાબર ૫૧ લાડુડી વાળી હતી. સ્વામીશ્રીની પ્રત્યેક ક્રિયામાં દિવ્યભાવ જોનારા સંતો-હરિભક્તોને સ્વામીશ્રીનું અલૌકિક સુખ મળ્યું.

બરાબર એ સમયે મુંબઈના ભૂદરજીભાઈ સ્વામીશ્રીનો ફોટો પાડતા હતા. તેમને ઉદ્દેશીને સ્વામીશ્રીએ કહ્યું : 'ફોટા જલદી પાડી લ્યો. પાછળથી આ લાભ નહિ મળે.'

છેવટે બધાની વિનંતીને માન આપી, ૧-૩૦ વાગે સ્વામીશ્રી જમવા પધાર્યા. કથા કરી, ૨-૩૦ વાગે આરામમાં પધાર્યા.

બપોરે અક્ષર દેરીમાં દર્શન-ધ્યાન પછી અક્ષર દેરીના મહિમાની ઘણી વાતો કરી, અને દેરીના મહિમાની અને ચમત્કારની પરિચય પુસ્તિકા છપાવવા ખૂબ ભારપૂર્વક અમને સૌને આજ્ઞા કરી. પછી થોડો સમય ઑફિસમાં બિરાજ્યા અને મંદિર પાછળ પૂજારીને નિજ મંદિરમાં જવા માટેનો દાદર, કમાડ, ભીંત-કબાટ વગેરે તૈયાર થયું હતું તે જોવા પધાર્યા.

અહીંથી નીકળી ભંડારમાં અન્નકૂટની તૈયારી ચાલતી હતી ત્યાં પધારી, અન્નકૂટની સામગ્રી ઠાકોરજી જમે એવી સર્વોપરી થાય, એવા રાજકોટના મનુ મહારાજને આશીર્વાદ આપ્યા. મહંત સ્વામી અને સંતો અડદિયા વાળતા હતા તે જોયા અને થોડા નાના નાના વાળવા માટે આજ્ઞા કરી, સભામંડપમાં પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજનો અભિપ્રાય

કાળી ચૌદશની સવારે ૫-૪૫ વાગે નિત્ય વિધિથી પરવારી સ્વામીશ્રી દેરીમાં પૂજા કરવા પધાર્યા. પૂજામાં પ્રદક્ષિણા કરતા હતા ત્યાં મહાપૂજાની આરતી શરૂ થઈ, એટલે પોતે મહાપૂજાની આરતી ઉતારી. પૂજા સમાપ્ત કરી સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજી પાસે શણગાર આરતી કરવા પધાર્યા. શણગારની તૈયારી થતી હતી. ઘણી વાર આરતીનો થોડો સમય બાકી હોય ત્યારે નિજ મંદિરમાં સ્વામીશ્રી બારીના ઓટલા ઉપર બેસતા અને સંતોને સદુપદેશ

આપતા. આજે પણ થોડો સમય હતો તેથી સ્વામીશ્રી કહે :

'ચાલો, આશીર્વાદ નવા દિવસના આપીએ. આપણને આ જોગ થયો. શાસ્ત્રીજી મહારાજ સ્વામી મળ્યા છે, તો આપણે એમનો જે અભિપ્રાય તે પ્રમાણે વર્તવું. તેમનો અભિપ્રાય ત્રણ વાતમાં હતો : દેરીની સેવા કરવી, મંદિરોની સેવા કરવી; કથાવાર્તા કરવી; નિયમ-ધર્મ પાળવા. આપણે અહીં અક્ષર મંદિરમાં છીએ, તે અક્ષરધામમાં છીએ. માટે સંપ, સુહૃદભાવ રાખવો.'

આવતા વર્ષથી અહીં કરશે

સ્વામીશ્રીએ પ્રમુખસ્વામીને ખૂબ આગ્રહ કરી અહીં રોક્યા હતા. તેઓ સાંજે સારંગપુર અન્નકૂટ કરવા જઈ રહ્યા હતા. ત્યાંની જવાબદારી તો હતી જ. પરંતુ આ વખતે બધા જ સંતોએ પ્રમુખસ્વામીને આગ્રહ કર્યો કે 'આ અન્નકૂટ આપ અહીં જ કરો.'

પ્રમુખસ્વામીએ ધીરેથી વાત સમજાવતાં કહ્યું : 'તમે બધા વાત કરો છો, પણ મારે બાપા કહે તેમજ કરવાનું હોય. શાસ્ત્રીજી મહારાજની મરજી છે કે યોગીજી મહારાજની આજ્ઞા જીવનભર રાખશો. તે આજ સુધી એમ જ કર્યું છે. માટે ફેરફાર ન થાય.'

પણ સંતોએ આગ્રહ પકડી રાખ્યો : 'બાપા કહે તો માનશો ?'

'બાપા કહે તો ક્યાં ના છે ? મોટરમાં જતા હોઈએ ને અડધે રસ્તે કોઈ કહે કે 'બાપા બોલાવે છે,' તો પાછા આવવું પડે !' પ્રમુખસ્વામીએ કહ્યું : 'પણ તમારે વાત કહેવાની જરૂર નથી.'

સવારે ૧૦-૦૦ વાગે નીકળવાનું હતું. તેથી પ્રમુખસ્વામીએ દેવચરણ સ્વામીને તૈયાર થવા આદેશ આપી દીધો. સંતસ્વામી તો મોટરમાં બેસી પ્રમુખ-સ્વામીની રાહ જ જોઈ રહ્યા હતા.

પ્રમુખસ્વામી સ્વામીશ્રીનાં દર્શને ગયા હતા. દંડવત્ કરી રજા માગી ત્યારે બધા સંતો એક સાથે આગ્રહપૂર્વક બોલી ઊઠ્યા : 'બાપા ! સંતસ્વામી સારંગપુર જાય છે. માટે આ વખતે પ્રમુખસ્વામીને અહીં રોકો.' બાલમુકુંદ સ્વામીએ પણ આગ્રહ કર્યો.

ત્યાં સંતસ્વામી આવ્યા. આ ખેંચતાણ જોઈ તેમણે પણ રાજી થકા કહ્યું : 'પ્રમુખસ્વામી ભલે અહીં રોકાય.'

આટલો આગ્રહ હોય ને સ્વામીશ્રી ના પાડે તેવું બને નહીં. પરંતુ

સ્વામીશ્રી જુદા જ ભાવમાં હતા. એમણે કહ્યું : 'આ વખતે સારંગપુર જવા દો. સંતસ્વામી, બધા રાજી થાય. આવતા વર્ષથી અહીં કરશે.'

આ આજ્ઞા સાંભળતાં જ પ્રમુખસ્વામી સારંગપુર જવા નીકળી ગયા. પછી તો વર્ષોવર્ષ એમને ગોંડલ જ અન્નકૂટ કરવાનો થયો. એમ એ વાણી પણ સત્ય ઠરી.

કાળી ચૌદશને દિવસે હનુમાનજીની પૂજા કરી. ગામોગામથી હરિભક્તો પૂજન માટે ચોપડા લાવેલા. સ્વામીશ્રીએ પૂજન કરી, આરતી ઉતારી હતી.

સોનેકા થાળ, ઉસમેં જમે શ્રીજીમહારાજ

ગોંડલમાં વર્ષોવર્ષ ભારે ધામધૂમથી અન્નકૂટોત્સવ ઊજવતા. સ્વામીશ્રીએ આ વખતે પોતાનો એક વિશિષ્ટ મનોરથ સેવ્યો હતો : 'અક્ષરપુરુષોત્તમ મહારાજ સુવર્ણ-પાત્રોમાં થાળ આરોગે.' એવી ભક્તિની એક ઉત્કૃષ્ટ ભાવનાથી આ વખતે અન્નકૂટનો મુખ્ય થાળ સુવર્ણ-પાત્રોમાં પીરસાયો. પ્રિયતમ પ્રત્યેની પરાભક્તિની આ એક ઝંખનાનાં સાક્ષાત્ દર્શન પામી સ્વામીશ્રી આજે કૃત-કૃત્યભાવે ખુશખુશાલ હતા. અને ભગવાનને થાળ ધરાવતાં ધરાવતાં એમની એ દર્શનાતુર આંખો, હર્ષાશ્રુ ઊભરાવતી ત્યાંથી ખસી શકતી નહોતી. કંઈ કેટલાંય વર્ષોની ભક્તિની સાર્થકતાનો ભાવ એમના રોમરોમથી આજે પ્રત્યક્ષ થતો હતો. આ દર્શન અલૌકિક હતું !

ઠાકોરજીના વક્ષઃસ્થળ નજીક ગોઠવેલો સુવર્ણ-થાળ, આંખે આવતી ઝાંખપને કારણે સ્વામીશ્રી બરાબર જોઈ શકતા નહોતા. તેથી વારે વારે મારો હાથ ખેંચી, 'થાળ બરાબર ગોઠવ્યો છે ને ! શું શું મૂક્યું છે ?' વગેરે પૂછતા હતા. જો કે સવારથી જ એમણે સૂચના આપી હતી તે જ પ્રમાણે થાળ ભરાયો હતો. તેની ખાતરી કરતાં, સંતોષની ઊંડી લાગણી એમણે અનુભવી હતી. પૂર્ણ છતાં પૂર્ણકામપણું બતાવી, પરાભક્તિની કોઈ સીમા નથી એ દર્શાવ્યું હતું.

જુદા જુદા થાળ ગવાયા. આરતી ઉતારી. સ્વામીશ્રી બહુ પ્રસન્ન થયા. નિયમિત રીતે વર્ષોથી જેમણે અહીં અન્નકૂટનો ઉત્સવ ઊજવ્યો છે, તેમનો આ છેલ્લો પ્રસગ હતો.

દેરીમાં પધાર્યા. સંતોએ અલૌકિક શોભા કરી હતી. દર્શન કરી, સ્વામીશ્રી સભામાં પધાર્યા. આરામ કરી, ૪-૦૦ વાગે પોતે જમવા પધાર્યા. સવારથી અત્યાર સુધી સ્વામીશ્રીએ પાણીનું એક ટીપું પણ મોઢામાં મૂક્યું ન હતું. આજે

ખૂબ પરિશ્રમ પડ્યો હતો, શરીર શ્રમિત થયું હતું, પણ મુખકમળ એવું જ પ્રફુલ્લિત હતું.

તા. ૩૧મીએ નવા વર્ષના શુભ આશીર્વાદ આપ્યા : 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, શુભ ગુણ આવે, નિર્દોષબુદ્ધિ રહે ને દિવ્યભાવ રહે.'

પોતે મહાપૂજામા પધાર્યા હતા. હરિભક્તોએ હજારો મહાપૂજાઓ નોંધાવી. આ સાક્ષાત્ સ્થાન કે જ્યાં પોતે વર્ષો સુધી મહાપૂજાઓ કરી ત્યાં આજે આ છેલ્લો પ્રસંગ હતો.

અક્ષર દેરીમાં મહાપૂજા કરતાં સ્વામીશ્રીની મૂર્તિમાં કોઈ જુદી જ અલમસ્તાઈ જણાતી. આજે તો ભક્તોની મેદની જામતી; પણ આજથી વર્ષો પહેલાં જ્યારે પોતે એકલા જ મહાપૂજામાં બેસતા, ત્યારે પણ એ જ આનંદ અને એ જ મસ્તી.

ભક્તોનો પ્રવાહ આખો દિવસ ચાલુ જ રહ્યો. સૌને નૂતન વર્ષના શુભ આશીર્વાદ મળ્યા અને એ દિવ્યતાની સુવાસ હજારો ભક્તહૃદયની અનંતતામાં પ્રસરી.

આપમાં વ્યાપ હરિ હોય તેને

તા. ૧-૧૧-'૭૦, સભામંડપમાં સિંહાસન છે ત્યાં મૂર્તિઓનાં દર્શને પધાર્યા. થોડું અંધારું હતું. સ્વામીશ્રીને બરાબર દર્શન થાય માટે એક લાઇટ કરી. સ્વામીશ્રીએ તે જોયું, તેથી કહે : 'બંધ કરો, ભગતજી મહારાજનાં ચરણારવિંદમાંથી તેજ નીકળે છે.'

કેવી અલૌકિક દૃષ્ટિ ! જ્યારે દૃષ્ટિ નિરાવરણ થાય છે પછી આવરણો રહેતાં નથી. સર્વત્ર સચ્ચિદાનંદ બ્રહ્મનો પ્રકાશ, આપમાં વ્યાપ, પછી શું જોવાનું ? ને શું ખોવાનું ?

બપોરની કથામાં એક વિશિષ્ટ પ્રસંગ બન્યો. બપોરે ઠાકોરજી જમાડ્યા પછીની જે કથા થાય તેમાં તો સ્વામીશ્રી અલૌકિક સુખ આપે. 'વચનામૃત' વંચાતું હતું. સંતના મહિમાની વાત ચાલતી હતી. સ્વામીશ્રી તેની પુષ્ટિ કરતાં કહે : 'પહેલાં આવા મોટા સંતો હતા.'

'હતા નહિ, આજે પણ છે.' માણેકલાલ શેઠે સ્વામીશ્રીની વાણીને સ્પષ્ટ કરી.

'સત્પુરુષનો કંઈ વંશ જાય છે ? ચોરોનો વંશ જતો નથી, તો સત્પુરુષનો

વંશ જતો નથી.' સ્વામીશ્રીએ હસતાં હસતાં સમર્થન કર્યું.

આપણા મોઢેથી જ આવી ગૂઢ વાતોનું સ્પષ્ટીકરણ કરાવી, ઘણી વાર મોટાપુરુષ આપણી નિષ્ઠાને દૃઢ કરે છે. આ પણ એમની એક અલૌકિક રીત છે.

આજે ગુજરાતથી આવેલા હરિભક્તો વિદાય લઈ રહ્યા હતા. વડોદરાથી જીવણભાઈ ભાઈચંદભાઈ પણ સ્વામીશ્રી પાસે રજા લેવા આવ્યા. તેમનો બારેક વર્ષનો પુત્ર જગદીશ પણ સાથે હતો. જેને ચારેક દિવસ પહેલાં જ સ્વામીશ્રીએ કંઠી બાંધી હતી, અને ગળે હાથ ફેરવી ખૂબ હેત કર્યું હતું.

આજે વિદાય આપતાં સ્વામીશ્રી તેને કહે : 'વડોદરા બાળસભામાં જાવ છો ?'

'ના.'

'હવે જાવું.' સ્વામીશ્રીએ તેને નિયમ આપ્યો. તેને પણ સ્વામીશ્રીનું વહાલ અને વાતો ગમી ગયાં હતાં. તેણે આજ્ઞા સ્વીકારી.[૩૦]

આતિથ્ય

વિદ્વાનોનો સ્વામીશ્રીને બહુ આદર. તેમાં પણ જો ભક્તહૃદય હોય તો પોતે વિશેષ પ્રસન્નતા બતાવે.

તા. ૩જીએ સંધ્યા સમય પછી સમર્થ ભાગવત કથાકાર કૃષ્ણશંકર શાસ્ત્રીજી સ્વામીશ્રીનાં દર્શને આવવાના હતા. શાસ્ત્રીજી સ્વામીશ્રીના વિશુદ્ધ સાધુહૃદયથી ખૂબ જ પ્રભાવિત હતા. સ્વામીશ્રી પણ તેમની ભક્તિસભર વાણીથી પ્રસન્ન થયા.

તેમની પ્રતીક્ષા કરતાં સ્વામીશ્રી મોડે સુધી બેસી રહ્યા. રાત્રિના ૧૦-૦૦ વાગ્યા. હરિભક્તોએ સ્વામીશ્રીને આરામમાં જવા વિનંતી કરી, પણ સ્વામીશ્રી બેસી જ રહ્યા. થોડી જ વારમાં શાસ્ત્રીજી આવી પહોંચ્યા. આટલી મોડી રાત સુધી સ્વામીશ્રીને આમ પોતાની વાટ જોતાં બેસી રહેલા જોઈને તેઓ ખૂબ ગદ્ગદિત થઈ ગયા. સ્વામીશ્રી સહજ સ્વભાવે જ બિરાજ્યા હતા. એમના વિચારમાં અનુગ્રહનો કોઈ અંશ ન હતો. તન્મયતાથી શાસ્ત્રીજીની વાણી સાંભળી. અરસપરસ હળ્યા-મળ્યા. પોતે પણ આશીર્વાદ વરસાવ્યા અને રાત્રિના ૧૧-૩૦ વાગે આરામમાં પધાર્યા.

તા. ૪-૧૧-'૭૦, લાભપાંચમે સ્વામીશ્રી નિત્ય વિધિથી વહેલા પરવારી,

---

૩૦. હાલ, સાધુ નારાયણચરણદાસ.

મહાપૂજા કરવા ખાસ અક્ષર દેરીમાં પધાર્યા હતા. બધા હરિભક્તોને સંભારીને મહાપૂજા કરી. બધાને અંતરથી ખૂબ આશીર્વાદ આપ્યા. પછી ઉકાળા-પાણી કરીને ભગવત્‌સિંહજી બાપુને ઘરે પધરામણી કરી.

પાછળ ખેતરમાં રીંગણી હતી, તે જોવા પધાર્યા. દૂર રજકા ભેળા મૂળા કર્યા હતા તે જોવા પધાર્યા. મૂળા હાથમાં લઈને આમતેમ ફેરવીને જોયા. બહુ રાજી થયા. મેથીની ભાજી સારી થઈ હતી. તે જોઈને સ્વામીશ્રીએ ભક્તિકિશોર સ્વામીને મેથીનાં ભજિયાં કરવા આજ્ઞા કરી અને સૌ યુવકોને ભાજી તોડવા બેસાડી દીધા. મંદિરની તાજી ભાજીનાં ભજિયાં ઠાકોરજીના થાળમાં જાય અને હરિભક્તો જમે એ જ સ્વામીશ્રીને આનંદ ! બાકી પોતાને તો કોઈ વસ્તુ ચાખવા જેટલી પણ, મોઢામાં ન મૂકવાનો નિયમ.

સુંદર દેવલોક શું ?

બપોરે ઠાકોરજી જમાડ્યા પછી વચનામૃત ગ.મ. ૧૬ વંચાતું હતું. તેમાં વાત આવી કે મંદ શ્રદ્ધાવાળો હોય તે સુંદર દેવલોકમાં જઈને રહે છે. ત્યારે સ્વામીશ્રી કહે : ‘સુંદર દેવલોક શું હશે ?’

કોઈ કાંઈ બોલી શક્યું નહિ. અનુભવ વગર શું બોલવું ? છેવટે સ્વામીશ્રીએ જ એનો ઉત્તર આપતાં કહ્યું : ‘હે...સુંદર ગાયો ચરતી હોય, ને મજા પડે. ગોલોકને સુંદર દેવલોક કહ્યું છે.’ એમ લહેકો કરતાં બોલ્યા. જાણે ગોલોકનું તાદૃશ્ય દર્શન કરાવતાં ન હોય !

વાતનો પ્રવાહ ચાલુ હતો ત્યાં સ્વામીશ્રીએ વચમાં સંભાર્યું : ‘સૌને પાનબીડાં આપ્યાં ?’ બપોરની કથામાં રોજ ઠાકોરજીના પ્રસાદીનાં પાન વહેંચવાનો નિયમ. અખંડ ભક્તોનાં સુખનો જ વિચાર કરતા સ્વામીશ્રી આવી ઝીણી બાબતોનો બહુ ખ્યાલ રાખતા.

ટરોરોના વેલજીભાઈ આવ્યા હતા. આજે તેમની રસોઈ હતી. સ્વામીશ્રીની આજ્ઞાથી તેમણે ગૌશાળા બાંધવાની તમામ સેવા પ્રેમથી ઉપાડી લીધી હતી. તેથી બપોરના દેરીમાં ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી વેલજીભાઈને લઈને જૂની ગૌશાળાએ પધાર્યા. અહીં શાસ્ત્રીજી મહારાજ રહેતા, પોઢતા વગેરે પ્રસાદીની જગ્યાનાં દર્શન કરાવ્યાં. પછી નવી ગૌશાળાની જગ્યામાં પુષ્પ છાંટ્યાં. પછી ‘આફ્રિકા ગેસ્ટ હાઉસ’ની પાસે ધર્મશાળાના મકાનનું ખૂબ જ ઉત્સાહથી ખાતમુહૂર્ત કર્યું. સભામંડપમાં પધારી, કથામાં બિરાજ્યા.

તા. ૫મીએ પૂનમભાઈ લંડન જતા હોવાથી તેમને વિદાય આપી હતી. સાંજે ગુરુકુળમાં તૈયાર થયેલ નવા મકાનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

સંતસભા મધ્યે શ્રીહરિ, સદા રહે છે રે

રવિસભા ઘાટ ઉપર કરી હતી. હમણાં છેલ્લા થોડા રવિવારથી દરેક વખતે સ્વામીશ્રી રવિસભાનો મહિમા કહેવા મને તથા હકા બાપુને આજ્ઞા કરતા. સામાન્ય જણાતી રવિસભાની આજ્ઞા એમને મન કેટલી વિશેષ હતી તે આ પ્રસંગોમાં સહેજે જણાઈ આવતું.

અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આજે રવિવારની સભા ગોંડલી નદીને કિનારે મહાપવિત્ર સ્થાનમાં ભરી છે. આ માઈક પાવરથી ચાલે છે. એમ આપણા જીવમાં પાવર આવે તો સર્વોપરી જ્ઞાન થઈ જાય. આનંદના ફુવારા છૂટે. રવિવારની સભા અહીં ભરીશું એમ ધાર્યું નહોતું, પણ પ્રસાદીના ઘાટનો મહિમા જાણી, પાણી માથે ચડાવવા આવ્યા અને મન થઈ ગયું તો અહીં સભા ભરી. જેમ જમવાનું સારું મળે ને ખાવાનું મન થાય તે જમી લઈએ, એમ અમે પણ અહીં સભા ભરી. શાસ્ત્રીજી મહારાજ જ્યાં નજીકમાં નદી હોય ત્યાં મંદિર કરે.

'અમે અને દાજી બાપુ સવારે ૪-૦૦ વાગે અહીં ગોંડલ નદીમાં સ્નાન કરવા આવતા. ખાડા-ટેકરામાં પડી જઈએ તોપણ ૪-૦૦ વાગે વહેલા ગોંડલી નદીમાં નાહતા. એ સુખને સંભારીએ તો આનંદના ફુવારા છૂટે છે. સુખ લઈએ, ધ્યાન ધરીએ તો આનંદ આવે છે.

'તમોને બધાને એવો આશીર્વાદ આપવામાં આવે છે કે તમો બધા અક્ષરધામમાં બેઠા છો. દૂર નથી બેઠા. મહારાજની સમીપમાં જ બેઠા છો. ગામોગામ સભા ભરવી. રવિવારની સભામાં બધાંએ આવવું અને લાભ લેવો. બધાંને શુભ આશીર્વાદ છે.'

બીજે દિવસે બપોરે દેરીમાં દર્શન કર્યાં પછી, ગામમાં રામજીભાઈ ધરમશીને ત્યાં ભાગવત સપ્તાહનો પ્રારંભ થવાનો હતો ત્યાં પધાર્યા. સૌ પ્રથમ સ્વામીશ્રીનું પૂજન થયું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા અને ભાગવતનો આરંભ થયો. લગભગ અડધો કલાક સ્વામીશ્રી કથામાં બેઠા.

પછી ત્યાંથી નીકળી મંદિરની જગ્યા - જ્ઞાનયજ્ઞ બાગમાં પધાર્યા. 'કૂવો જોવો છે.' એમ કૂવે પધાર્યા. પાણી છે કે નહિ તે જોવા કૂવામાં પથરો નાખ્યો.

કૂવાની અંદર અને આજુબાજુ કબૂતર બહુ જ બેસતાં હતાં અને ગંદકી કરતાં હતાં. કૂવા ઉપર જાળી કરવા સ્વામીશ્રીએ આજ્ઞા કરી. પોતાની લાક્ષણિક શૈલીમાં 'હડ કબૂતરાં...' એમ કહી કબૂતરાં ઉડાડ્યાં.

'હાલો ગુદામ જોવાં છે...' એમ કહી સ્વામીશ્રી ગોડાઉન જોવા પધાર્યા. એક-બે ગોડાઉન ખોલાવ્યાં ને જોયાં. સાફસૂફ કરવા આજ્ઞા કરી. બીજાં બે ગોડાઉનમાં નિશાળ બેસતી હતી. તે બંધ હતાં. સ્વામીશ્રી કહે : 'ભલે બંધ હોય, હાથ અડાડીએ.' એમ કહી હાથ અડાડ્યો. પછી નવી નિશાળ બાંધવાની હતી તે બધી જગ્યામાં ફર્યા.

બાગની બહાર નીકળતાં પગીને યાદ કર્યો. પગી આવ્યા એટલે નામ-ઠામ પૂછ્યાં. 'આખો દિવસ શું કરે છે ? પાણી ક્યારે આપે છે ?' વગેરે પ્રશ્નો પૂછી પગીની કાર્યવાહી જાણી લીધી. તેને દરેક બાબતનો ખટકો રાખવા આજ્ઞા કરી.

બહાર નીકળતાં દરવાજામાં જ ગંદા પાણીનું ખાબોચિયું ભરાઈ ગયું હતું. 'આમ આ પાણી ન રહેવું જોઈએ. મ્યુનિસિપાલિટીને વાત કરીને અહીં સાફ કરાવવું જોઈએ. હશે, મહારાજ બધું સારું કરશે.' એમ બોલતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

કોણ પૂછે છે ?

દિવાળીના દિવસોમાં મહારાજની મૂર્તિનાં કાર્ડ બહુ આવતાં. સ્વામીશ્રી તે બધાં જ ભેગાં કરાવતાં. પછી તેની પાછળના ભાગમાં કોરો કાગળ ચોંટાડી, તે મૂર્તિઓ નવા હરિભક્તોને પૂજા માટે આપતા.

આજે રાત્રે પોતે સ્નાન કરતા હતા ત્યારે કાન્તિભાઈ મિસ્ત્રીનો દીકરો જયંતી આવી કેટલીક મૂર્તિઓ કાગળ ચોંટાડી લઈ આવ્યો. સ્વામીશ્રીએ તે નાનકડા બાળકને આ સેવા સોંપી હતી, કેટલી દયા !

નાનકડા જયંતીભાઈએ કામ ચોખ્ખું ને સારું કર્યું હતું. તે જોઈ સ્વામીશ્રી રાજી થયા. તે વખતે મેં સહેજ કહ્યું : 'બાપા ! આ મૂર્તિ બહુ સારી નથી હોતી, મુખ પરનો ભાવ બરાબર નથી હોતો.'

'કોણ પૂછે છે ? પૂજામાં જાય ઈ સારું. પૂજા તો થાય. નહિ તો અમથી બગડે, જ્યાં ત્યાં પડી રહે, કોઈ ફાડી નાખે.' સ્વામીશ્રીએ મારી શંકાનું સમાધાન કર્યું. ત્યારે જ સમજાયું કે મોટાપુરુષની કેવી વિચક્ષણ દૃષ્ટિ હોય છે ! આપણે બહારનાં રૂપરંગ જોઈએ છીએ પણ પાછળનો વિચાર નથી કરતા. ત્યારે

સ્વામીશ્રીને કેવો મહિમા ! મહારાજની મૂર્તિની તો પૂજા જ થવી જોઈએ, પણ રખે તેનો દુરુપયોગ થાય; તેનો પોતે કેટલો ખ્યાલ રાખતા !

વળતી બપોરે અક્ષર દેરીમાં દર્શન કરી, ગૌશાળાએ સૌ સંતો-ભક્તો સાથે સ્વામીશ્રી પધાર્યા. ભક્તિકિશોર સ્વામી સાથે 'ઢોર માટે ચાર છે કે નહિ ? કેવું આવ્યું છે ? શું ભાવનું છે ?' વગેરે પૂછપરછ કરી. જુવારનું લીલું ઘાસ હતું તે જોયું. 'ચાર ઢોરને ક્યારે અપાય છે ? કેટલું અપાય છે ?' તે પણ સ્વામીશ્રીએ પૂછી લીધું.

અમે બહુ રાજી છીએ

તા. ૮મીએ સવારે મંગળ પ્રવચનમાં હાથની તાળી વગાડી પડકારો કરતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'સાંભળો, એક વાત કરવી છે !' આ એમનો રોજનો ક્રમ.

ઘેરા પણ મધુરા આ અવાજથી સભામાં એકદમ શાંતિ પ્રસરી ગઈ. વહેલી સવારે ૫-૦૦ વાગે પણ મંગળ પ્રવચનમાં આખો ઓરડો ખીચોખીચ ભરાઈ ગયો. અને ઘણા તો હજુ બહારથી ડોકિયાં કરતા હતા.

'આજે સ્વપ્નું આવ્યું હતું.' સ્વામીશ્રીએ વાત માંડી : 'આજે શાસ્ત્રીજી મહારાજનાં સુણાવમાં દર્શન થયાં. નિર્ગુણ સ્વામી સાથે હતા. શાસ્ત્રીજી મહારાજ પોઢ્યા હતા. અને એમની બાજુમાં ત્રણ ધાતુની મૂર્તિ હતી. અક્ષર-પુરુષોત્તમ અને ગોપાળાનંદ સ્વામીની બહુ જ સુંદર મૂર્તિ. જેવા શાસ્ત્રીજી મહારાજ હતા તેવી જ મૂર્તિ.'

'પછી મહારાજને પાંચ દંડવત્ મેં કર્યા. બે હાથ જોડ્યા ને પૂછ્યું : 'મારા ઉપર રાજી છો ?' મહારાજની નીચી દૃષ્ટિ હતી, તે ઊંચી દૃષ્ટિ કરી અને હસતાં હસતાં બોલ્યા : 'અમે બહુ રાજી છીએ.'

'પછી ગુણાતીતાનંદ સ્વામીને દંડવત્ પાંચ કર્યા. ને હાથ જોડીને પૂછ્યું : 'મારા ઉપર રાજી છો ને ?' ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'અમે તમારા ઉપર બહુ રાજી છીએ.'

'પછી ગોપાળાનંદ સ્વામીને પાંચ દંડવત્ કર્યા અને હાથ જોડીને પૂછ્યું : 'મારા ઉપર રાજી છો ને ?' તો સ્વામી કહે : 'અમે બહુ રાજી છીએ.'

'એવાં દર્શન થયાં.'

✧

સ્વામીશ્રીની આજ્ઞાથી હરિભૂષણ સ્વામી અને અન્ય સંતો પ્રસાદ વિતરણ કરવા અને ધર્માદા માટે પડવલા ગયા. સ્વામીશ્રીએ ત્યાંના હરિભક્તો ભીખુભા અને પથુભાને ચિઠ્ઠી લખી આપી કે 'સંતોને સો મણ ઘઉં કરી આપશો.'

આ હરિભક્તો ચિઠ્ઠી જોઈ ખૂબ રાજી થઈ ગયા. હરિભૂષણ સ્વામીને આશ્ચર્ય થયું કે 'આ એક વખતના દારૂ-માટી ખાનારા દરબારોને સ્વામીશ્રીએ કેવા વશ કર્યા છે !'

જ્યારે સ્વામીશ્રી પડવલા પધાર્યા હતા, ત્યારે અન્ય કાર્યક્રમ રદ કરીને પધાર્યા હતા અને શરત મૂકી હતી કે 'દરબારો ! તમે દારૂ ગાળવાની ભઠ્ઠી બંધ કરો અને દારૂ પીવાનું બંધ કરો તો આવીશું.' પછી સૌએ તે આજ્ઞા શિરે ધારી. આમ, આ ગામમા સત્સગના મડાણ થયા હતા.

સ્વામીશ્રીની ચિઠ્ઠી જોઈ પથુભા કહે : 'ચિઠ્ઠી મને આપો તો હું એકલો સો મણ ઘઉં કરી દઉં.'

ભીખુભા કહે : 'મારે જોઈએ છે ! હું એકલો સો મણ ઘઉં દઈશ !'

આ ખેંચતાણમાં સ્વામીશ્રીનો મહિમા હતો, એમના હસ્તાક્ષરમાં દિવ્યતા જોતા ભક્તોની ભક્તિ હતી. છેવટે પથુભાએ એ પત્ર રાખ્યો. બન્નેમાં સમાધાન થયું. અને ધર્માદો લઈ હરિભૂષણ સ્વામી ગોંડલ આવ્યા. તેમને થયું : 'સ્વામીશ્રી લોકહૃદયનાં કેટલા અગાધ ઊંડાણમાં બિરાજમાન છે !'

દેવઊઠીએ અનશનનો ઓચ્છવ !

પ્રબોધિની એકાદશીએ સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'એકાદશીનો ઉત્સવ સામાન્ય રીતે અમદાવાદ થાય છે. તેને બદલે ગોંડલમાં ઊજવવાનો લાભ મળ્યો એ મોટાં ભાગ્ય કહેવાય. આજે ઉપવાસ કરે તેને બહુ પુણ્ય મળે. મહારાજ આપણે જે વાતો કરીએ છીએ તે સાંભળે છે. મહારાજ અહીં સભામાં જ બેઠા છે. આ અક્ષર દેરીની અને સંતની સેવા મોટાં પુણ્યવાળાને મળે છે.'

આજે ઉકાળા-પાણી ન લીધાં ને કહે : 'આજે મોટી એકાદશી છે. ઉપવાસ કરવો છે.'

વ્રત-ઉત્સવો આવે ત્યારે સ્વામીશ્રી ખૂબ જ પ્રસન્નચિત્ત જણાય. આજે દેવદિવાળી હતી. દેવોનું પર્વ, ઉપવાસનો શુભ દિવસ. સ્વામીશ્રીની આજ્ઞાથી મંદિરમાં સંતો, હરિભક્તો, અરે ! નાનાં નાનાં ભૂલકાંઓ, સૌ મળીને ત્રણસો

ભક્તોએ નિર્જળા ઉપવાસ કર્યો હતો. પુરુષોત્તમ નારાયણના લાડીલા પ્રગટ સત્પુરુષના સાંનિધ્યમાં આવાં શુભ વ્રતો કરતા ભક્તો જોઈને કદાચ શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમના મુક્તોને પણ તેમની ઈર્ષ્યા આવતી હશે. સૌ આનંદમાં, સ્વામીશ્રીનાં દર્શન-સમાગમના ઉલ્લાસમાં અક્ષર મંદિરમાં મહાલતા હતા.

આજે ઠાકોરજી આગળ તાજાં લીલાં શાકભાજીનો સુંદર અન્નકૂટ પણ સજાવવાનો હતો. ગુજરાતની લીલુડી ધરતીના મેવા ગુજરાતના ભક્તો હોંશથી લાવ્યા હતા. રાજકોટના ભક્ત મંડળે પણ સ્વામીશ્રીને રાજી કરવા આ તક જતી કરી ન હતી. રાજકોટ મંડળ પણ વિવિધ પ્રકારનું શાક ખાંતે કરીને લઈ આવ્યું હતું.

દયાળુ સ્વામીશ્રી ભક્તોને રાજી કરવા આ વિવિધ પ્રકારનાં શાકભાજી જોવા પધાર્યા. એક એક પ્રકારનું શાક હાથમાં લઈ, તેની પ્રશંસા કરતાં સ્વામીશ્રી ભક્તોને રાજી કરતા હતા. પછી તે બધાં જ શાક સારી રીતે ધોઈ, ઠાકોરજી આગળ સુંદર રીતે ગોઠવવા સ્વામીશ્રીએ સંતોને આજ્ઞા કરી.

અક્ષર હાટ

બપોરના ઉત્થાપન સમયે ઠાકોરજી આગળ સુંદર અન્નકૂટ ગોઠવાઈ ગયો. સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. ઠાકોરજીની ઝાઝા કોડે કરીને આરતી ઉતારી. સૌને દર્શન આપ્યાં. વળી, અક્ષર દેરીમાં પધાર્યા. અહીં પણ નાનકડો અન્નકૂટ પ્રેમથી નિહાળ્યો. દેરીમાં અખંડ સેવા કરતા નાનકડા યોગીપ્રસાદ સ્વામીની ભક્તિથી રાજી થયા. આરતી ઉતારી સભામાં પધાર્યા. લગભગ એક કલાક સુધી કથા પ્રસંગ ચાલુ રાખ્યો.

પછી પોતે મંદિરમાં પધાર્યા. અને મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ આગળ બિરાજ્યા. પોતે ત્રાજવામાં શાક જોખીને હરિભક્તોને પ્રસાદીરૂપે આપવા લાગ્યા.

'લો પ્રસાદીનાં શાક. અગિયાર રૂપિયે કિલો શાક.' એમ બોલતાં ત્રાજવામાં રીંગણાં, મૂળા વગેર શાક જોખતાં, સૌને અલૌકિક સુખ સ્વામીશ્રી આપતા હતા.

લગભગ અડધો કલાક પોતે બિરાજ્યા. પ્રેમથી ખોબેખોબા ભરીને સૌને શાક વેચ્યું. કોઈ રૂપિયો લાવ્યું. કોઈ બે રૂપિયા. સ્વામીશ્રી સૌને ખાસ કરીને મૂળા, રીંગણાં જોખી આપે.

સ્વામીશ્રી ચોતરફ નજર રાખતા હતા. રખે કોઈ રહી જાય ! આમ સ્મૃતિ આપી, સંધ્યા આરતી કરી, ઉતારે પધાર્યા. જમનાદાસભાઈએ શરીર તપાસ્યું ને કહ્યું કે 'સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય કથળી રહ્યું છે,' પરંતુ સ્વામીશ્રીએ આનંદ કરાવી તે વાત વિસારે પાડી દીધી.

આ વખતે જામનગરના રામજી મેઘજી તથા પુરુષોત્તમ મેઘજી જામનગર મંદિરનો અન્નકૂટનો પ્રસાદ લઈને દેવદિવાળીએ ગોંડલ આવ્યા અને સ્વામીશ્રીને આપ્યો. તેથી સ્વામીશ્રી તેમની ઉપર બહુ રાજી થયા અને બે દિવસ ગોંડલ રોકાવાનું કહ્યું.

❀ ❀ ❀



સંત શિરોમણિ કોણ ?

દેવદિવાળીના સમૈયા પર સંતો સભામાં નંદ સંતોનાં કીર્તનો ગાતા હતા અને સ્વામીશ્રી ડોલતાં ડોલતાં અલમસ્ત મૂર્તિનાં દર્શનનું સુખ સર્વે સંત-હરિભક્તોને આપી રહ્યા હતા.

એ વખતે નિષ્કુળાનંદ સ્વામીનું કીર્તન ગવાતું હતું : *'સંત તે સ્વયં હરિ...'* તેમાં *'એવા સંત શિરોમણિ ક્યાં મળે ?'* એ પંક્તિ આવી. ત્યારે સ્વામીશ્રીએ કીર્તન રખાવીને હકા બાપુને પ્રશ્ન કર્યો : 'એવા સંત શિરોમણિ કોણ ?'

તેમણે કહ્યું : 'બાપા ! એવા સંત શિરોમણિ આપ !'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'એવા સંત શિરોમણિ આપણા પ્રમુખસ્વામી છે !'

સ્વામીશ્રી હવે થોડા જ સમયમાં પોતાની જીવનલીલા સંકેલી લેવાના હતા. તેથી પ્રસંગોપાત્ત પોતાના અનુગામી પ્રમુખસ્વામી છે, તેવો નિર્દેશ કરી દેતા. પરંતુ સ્વામીશ્રી પ્રત્યે સૌને અપાર હેત; તેથી સ્વામીશ્રીનું આ લોકમાંથી વિદાય થવું તે કોઈ કલ્પી પણ શકતા નહીં. તેથી સ્વામીશ્રીના શબ્દમર્મ કોઈ પારખી શકતા નહીં.

તા. ૧૦મીએ બહારગામ જવાનો કાર્યક્રમ નક્કી થયો. જ્યારે પણ વિચરણમાં નીકળવાનું હોય, ત્યારે સ્વામીશ્રી પોતાની દરેક ક્રિયામાં ખૂબ ઉતાવળ રાખે. નિત્યકર્મથી પરવાર્યા ત્યારે ૯-૦૦ વાગી ગયા હતા. આજે આખો દિવસ પરિશ્રમ પડવાનો હતો. તેથી બધાએ વિનંતી કરી કે 'બાપા ! થોડો આરામ કરી લ્યો.' સ્વામીશ્રીને જલદી નીકળવાની ઇચ્છા, તેથી આરામ કરવા આનાકાની કરવા લાગ્યા. છેવટે ભક્તોની પ્રાર્થના સ્વીકારીને, સૌને રાજી રાખવા આરામમાં પધાર્યા.

બધાને આનંદ થયો : 'બાપાએ આપણું રાખ્યું.' એમ વિચારતાં સૌ હજુ

વિખરાયા એટલી વારમાં તો બરાબર ૯ ઉપર પાંચ મિનિટ થઈ, સ્વામીશ્રી એકદમ પથારીમાં બેઠા થઈ ગયા. નીકળવાની તૈયારી કરવા જણાવ્યું. ખુરશીમાં બેસીને તુરત અક્ષર દેરીમાં દર્શન કરવા પધાર્યા. નાના-મોટા સૌને પ્રેમથી મળીને સૌની રજા લઈને સ્વામીશ્રી લગભગ ૯-૩૦ વાગે ગોંડલથી નીકળ્યા. સાથે દેરીના પ્રસાદીના હાર, પુષ્પ વગેરે પણ લીધાં.

પ્રગટ રહે સંતમાંહી

રાજકોટના ચંદુભાઈ અનડાની મોટરમાં રાજકોટ જવા નીકળ્યા. જુવાન છતાં પણ સ્વામીશ્રી પ્રત્યે અપાર ભક્તિવાળા રજનીભાઈ મોટર ચલાવતા હતા. શહેર છોડ્યું એટલે સ્વામીશ્રી મોટરમાં પોઢી ગયા અને તુરત આજ્ઞા કરી : 'બોલો કીર્તન.'

પાછળનાં વર્ષોમાં સ્વામીશ્રી પાસે હું પ્રગટનાં જ કીર્તન બોલતો. પોતે શાંતિથી સાંભળે. ક્યારેક ટકોર કરતાં કહે : 'બહુ મહિમા સમજાઈ ગયો.'

રાજકોટ આવ્યું ત્યારે *'મોક્ષને માટે આ રે જગતમાં...'* એ કીર્તન પૂરું થયું. આ કીર્તન સ્વામીશ્રીને બહુ ગમતું. ઘણી વાર તો હું ગાતો હોઉં ત્યારે મારી સાથે સાથે ગાવા લાગે. આજે પણ એમ જ બન્યું. રાજકોટ શહેર આવ્યું એટલે પોતે એકદમ બેઠા થઈ ગયા. અને પોતાની દિવ્ય દૃષ્ટિ સર્વત્ર પ્રસરાવતાં વારંવાર કીર્તન લલકારવા લાગ્યા : *'પ્રગટ રહે સંતમાંહી.'*

સૌ પ્રથમ કૃષ્ણજી અદાની દેરીએ દર્શન કરવા પધાર્યા. સ્વામીશ્રીનું આ પ્રિય સ્થાન. દેરીમાં દર્શન કર્યાં. અંદરના ભાગમાં મૂર્તિઓનાં દર્શન અંધારાને લીધે બરાબર થતાં ન હતાં. તેથી લાઇટ કરાવી. પછી ખૂબ નીરખીને મૂર્તિઓનાં દર્શન કર્યાં. ખાસ કરીને કૃષ્ણજી અદાની મૂર્તિનાં બહુ ધારી ધારીને દર્શન કર્યાં. પછી ખુરશીમાં બેસીને જ પાંચ પ્રદક્ષિણા કરી, દંડવત્ કર્યા. પછી આરતી તૈયાર કરાવીને ઉતારી. ફરીથી દંડવત્ કર્યા અને બે સેવકોનો હાથ પકડીને સ્વામીશ્રી જૂની લીલા સંભારતાં કહેવા લાગ્યા : 'અમે અહીં ચાર મહિના રહેલા, પથરા ઊંચકેલા.' વગેરે પ્રસંગોની સ્મૃતિ કરી.

પછી હંમેશના નિયમ મુજબ બાજુના મકાનમાં પધાર્યા. હીંચકા ઉપર બિરાજ્યા. ભક્તરાજ હકાભાઈ ખાચર સાથે હતા. તેમની પાસે જૂની જૂની વાતો કરાવી. સૌને પોતાના વરદ હસ્તે પતાસાંનો પ્રસાદ વહેંચ્યો. અલૌકિક સ્મૃતિ આપી.

પછી મંદિરે પધારતાં રસ્તામાં કહે : 'ઊલટનું પલટ થઈ ગયું. અહીં ઝોળી માગતા ને ફરતા ને પગ તોડી નાખતા. ત્યાં આગળ મોટરમાં ફરવાનું ને આવી પધરામણી...' એમ કહી મંદ મંદ હસવા લાગ્યા.

ઠાકોરજીનાં દર્શન કરી, તુરત સ્વામીશ્રીએ સભા કરી. સેવકોએ આરામ કરવા વિનંતી કરી, પણ સ્વામીશ્રી તો સભા ભરીને બેસી ગયા. ભક્તો પણ બધા દર્શન-શ્રવણ માટે ઉત્સુક હતા. સ્વામીશ્રીએ પોતાની રીત મુજબ કલેક્ટર ગોવિંદસિંહજી ચુડાસમા, હકાભાઈ ખાચર વગેરે પાસે સત્સંગ સંબંધી વાતો કરાવી. કીર્તન ગવડાવ્યું. પોતે કહે : 'આપણે અક્ષર દેરી પાસે જ છે, તો લાભ લેવો. મહિમા સમજાય તો ભેટંભેટા, નહીં તો છેટંછેટા.' પછી બધાના આગ્રહને વશ થઈને લગભગ ૧૨-૦૦ વાગે આરામમાં પધાર્યા.

મહેલમાં પધરામણી

રાજકોટ ઠાકોર સાહેબે પોતાના મહેલમાં પધારવા સ્વામીશ્રીને ખાસ આમંત્રણ આપ્યું હતું. રાજા-મહારાજાઓ પ્રત્યે સ્વામીશ્રીને પહેલેથી જ પક્ષપાત. તેથી ઠાકોર સાહેબના આમંત્રણનો સ્વીકાર થયો.

સ્વામીશ્રી થોડા સંતો-ભક્તો સાથે મહેલમાં પધાર્યા. ઠાકોર સાહેબ અને યુવરાજ મનોહરસિંહજીએ ઠાકોરજી સહિત સ્વામીશ્રીનું હારતોરાથી સ્વાગત કર્યું. દરબારમાં પોતાના જ સિંહાસન ઉપર ઠાકોર સાહેબે સ્વામીશ્રીને પધરાવ્યા. ગોંડલથી પ્રસાદીના હાર લાવ્યા હતા તે હાર સ્વામીશ્રીએ સૌને પહેરાવ્યા. ચુડાસમા સાહેબ અને હકાભાઈએ પોતાની લાક્ષણિક શૈલીમાં રાજકુટુંબને સત્સંગનો ને સત્પુરુષનો મહિમા સમજાવ્યો. કીર્તન બોલાયું. પછી સ્વામીશ્રીએ થોડી વાતો કરી અને *'માણસનો અવતાર...'*, *'ભજી લે ભગવાન...'* તથા *'હાંજી ભલા સાધુ...'* આ ત્રણ કીર્તનો બોલીને સભાને બ્રહ્માનંદમાં મૂકી દીધી.

ઠાકોર સાહેબ તો સ્વામીશ્રીની અલૌકિક સ્થિતિ જોઈને ગળગળા થઈ ગયા. પોતાનાં અનેક કૃત્યોનું પ્રાયશ્ચિત્ત કરવા અને કૃતાર્થ થવા એકદમ સ્વામીશ્રીનાં ચરણોમાં પડી ગયા. આશીર્વાદ આપી સ્વામીશ્રીએ તેમને સાંત્વન આપ્યું. રાજકુટુંબને આશીર્વાદ આપ્યા. પછી યુવરાજ મનોહરસિંહજીએ સ્વામીશ્રીની વિધિપૂર્વક પૂજા કરી અને આરતી ઉતારી. સ્વામીશ્રીએ સૌને ચાંદલા કર્યા, પ્રસાદીના હાર અર્પણ કર્યા અને પ્રસાદી પણ જાતે સૌને વહેંચી. રાજકુટુંબ ને બીજા અમલદારો તો સ્વામીશ્રીના પ્રભાવમાં અતિશય અંજાઈ ગયા હતા.

વાતાવરણમાં સર્વત્ર દિવ્યતા પ્રસરી ગઈ હતી. સ્વામીશ્રીને વિદાય આપતાં ઠાકોર સાહેબ અને રાજકુટુંબના દરેક સભ્ય ગદ્ગદ થઈ ગયા. અનાયાસે પ્રાપ્ત થયેલો આ દિવ્ય અવસર હમણાં જ સરી જશે, એ વિચારથી સૌનાં મુખ મ્લાન બની ગયાં હતાં.

દિવ્ય હાસ્ય રેલાવતાં, લાક્ષણિક દૃષ્ટિ પ્રસારતાં સ્વામીશ્રીએ સૌની રજા લીધી. મોટા મંદિરે દર્શન કર્યાં. પછી ભાગવત સપ્તાહમાં પધાર્યા.

ભાગવતમા ભગવત્દર્શન

રાજકોટ સેવામડળ દ્વારા એક ભવ્ય ભાગવત સપ્તાહ રાજકોટમા યોજાયુ હતું. ૧૦૮ ભાગવત બેસાડ્યાં હતાં. 'આવા મંગલ પ્રસંગમાં યોગીજી મહારાજ જેવા પરમ ભાગવત સંતની પધરામણી વગર બધું જ અધૂરું ગણાય' – એવું અનુભવતી સેવામંડળની મુખ્ય બહેનોએ કેટલાક સદ્ગૃહસ્થો દ્વારા સ્વામીશ્રીને ખાસ આમંત્રણ પાઠવ્યું હતું. શારીરિક કેટલીક તકલીફો છતાં સ્વામીશ્રીએ આમંત્રણ સ્વીકાર્યું હતું. કારણ, કથાના આવા દિવ્ય પ્રસંગો એ જ એમનું જીવન હતુ.

સપ્તાહમાં જ્યારે સ્વામીશ્રી પધાર્યા, ત્યારે આઠથી દસ હજાર મુમુક્ષુ ભાઈ-બહેનો સ્વામીશ્રીનાં દર્શનને ઝંખી રહ્યાં હતાં. પ્રખર ભાગવત વક્તા કૃષ્ણશંકર શાસ્ત્રી અને પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું.

વ્યાસાસનની બાજુમાં જ સ્વામીશ્રીનું સુંદર આસન ગોઠવ્યું હતું. લગભગ અડધો કલાક સુધી સ્વામીશ્રીએ એકચિત્તે ભાગવત કથાનું શ્રવણ કર્યું. શ્રોતાજનોને પણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભાગવત કથામૃતનો અદ્ભુત સાક્ષાત્કાર થયો હોય એમ સૌ અનિમેષ દૃષ્ટિએ સ્વામીશ્રીને નિહાળી રહ્યા હતા. શાસ્ત્રીજીની વિનંતીથી સ્વામીશ્રીએ વિરાટ મેદનીને શુભ આશીર્વાદ આપ્યા અને ગોપાંગનાઓ જેવી ભક્તિ કરવા આદેશ કર્યો.

હજારો ભક્તોનાં હાર્દિક વંદન ઝીલતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા. આરતી કરી, સ્નાનાદિક ક્રિયા કરી. અહીં ઉકાળા-નાસ્તાની ઘણી તૈયારીઓ કરી હતી. સ્વામીશ્રીએ તો સૌ સંતો-ભક્તોને જ બધી પ્રસાદી વહેંચી દીધી. પોતે માત્ર થોડો ઉકાળો અંગીકાર કર્યો.

નીકળવાની તૈયારી હતી પણ સ્વામીશ્રીને કંઈક સાંભર્યું. તેથી ચંદુભાઈ અનડાને પોતે અહીંથી ફોન કર્યો. તેમને બોલાવ્યા. તેમની રાહ જોતાં બેઠા.

ચંદુભાઈ દોડતાં દોડતાં આવી પહોંચ્યા. સ્વામીશ્રીને એકાએક બોલાવવાનું કારણ પૂછ્યું.

'બસ, તમને મળવું હતું.' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું.

પછી સૌની રજા લઈ ગોંડલ જવા નીકળ્યા. ગોંડલમાં સેંકડો ભક્તો સ્વામીશ્રીની પ્રતીક્ષા કરતાં બેઠા હતા. સ્વામીશ્રી પધાર્યા. સૌ ભેગા થઈ ગયા. સભા થઈ. સ્વામીશ્રીએ રાજકોટનો હેવાલ આપ્યો અને સૌને આનંદ કરાવતાં ૧૧-૦૦ વાગે આરામમાં પધાર્યા.

તા. ૧૨મીએ સવારે પૂજામાં સુરતથી બોઘાવાલા શેઠ તથા હરિભક્તો આવ્યા. સાથે બે ડબ્બા શિખંડ લાવેલા. સ્વામીશ્રી બોલ્યા : 'આજે શિખંડ-રોટલીની રસોઈ થઈ !' બહુ રાજી થયા અને ફરી બોલ્યા : 'ભગવાનની સેવામાં લાવ્યા છો, તો સાક્ષાત્ મહારાજ જમશે અને તમારા બધા સંકલ્પ પૂરા થશે.' આ રીતે બોઘાવાલા શેઠ ઉપર બહુ રાજીપો બતાવ્યો.

ખટવિકારજીત અનઘ આનંદી

સુરતના બોઘાવાલા શેઠ બહુ પ્રેમી. ઠાકોરજી માટે મીઠાઈઓ-ફૂલહાર વગેરે લાવેલા. સ્વામીશ્રીએ તેમને ખાસ લાભ આપવા માટે ગોંડલમાં રોક્યા. આ અરસામાં સ્વામીશ્રીએ એવો નિયમ કર્યો હતો કે 'ઘનશ્યામ મહારાજને, ઠાકોરજીને રોજ નવી નવી રસોઈ જમાડવી.'

ઠાકોરજી પ્રત્યેની પરાભક્તિના અનેક પ્રસંગો આપણને સ્વામીશ્રી પાસે જોવા મળે. પૂજારીઓને સ્વામીશ્રી રોજ પૂછે : 'કાલે કઈ રસોઈ કરવી છે ? ઠાકોરજીને નવીન થાળ કયો બાકી છે ?'

પૂજારી સ્વામી અને બીજા સંતોની સલાહ લઈને ભગવાનને માટે જુદા જુદા થાળ કરાવે.

શેઠને પ્રેરણા થઈ કે 'આપણે પણ રસોઈ આપવી.' આમ તો પોતે સુરતથી રસોઈ લઈને જ આવેલા; પણ ફરીથી રસોઈ આપવાની ઇચ્છા થઈ. તેમણે સંકલ્પ કર્યો કે 'આપણે જાતે બાસુંદી બનાવીને ઠાકોરજીને અને બાપાને જમાડીએ.' ભક્તિ સંબંધી આવા શુભ સંકલ્પો સ્વામીશ્રીને બહુ ગમતા. રાજી થતાં સ્વામીશ્રીએ સંમતિ આપી.

બોઘા શેઠે ચોખ્ખું દૂધ વગેરે મગાવ્યું, ગાળી કરીને, સ્વચ્છ વાસણોમાં જાતે બાસુંદી પાક બનાવવા બેઠા. આખી રાત એમણે મહેનત કરી અને સુંદર

રસોઈ તૈયાર કરી. ઠંડી કરી. ઠાકોરજીનો થાળ જોઈ સ્વામીશ્રી પ્રસન્ન થયા. શેઠને આશીર્વાદ આપ્યા.

રાજભોગ આરતી પછી સ્વામીશ્રી જમવા બેઠા ત્યારે બોઘા શેઠ સુંદર, બહુ ગળી નહીં, ઠંડી નહીં, સ્વામીશ્રીની તાસીરને અનુકૂળ આવે એવી બાસુંદી લઈને આવ્યા. સામે બેસીને જમાડવાનો આગ્રહ કર્યો. પણ સ્વામીશ્રી તો તેમને પ્રસાદી આપવા લાગ્યા. પોતે બાસુંદીને અડે પણ નહીં. શેઠે બહુ વિનંતી કરી : 'બાપા ! મેં જાતે બનાવી છે, આપને માટે જુદી, માફક આવે એવી બનાવી છે. આપને નડશે નહીં.' ઘણો આગ્રહ કર્યો, ગળગળા થઈ ગયા. ત્યારે સ્વામીશ્રીએ એક આંગળીથી બાસુંદીનો માત્ર સ્પર્શ કર્યો, પણ મોઢામાં તો મૂકી જ નહીં.

'હમણાં જરા શરદી જેવું છે, બીજું કંઈ જમતો નથી, આ બોઘા શેઠને બાસુંદી આપો, બાસુંદી બહુ સારી, શેઠને આપો. લ્યો, હું પ્રસાદી આપું.' એમ કહી સ્વામીશ્રીએ પોતાને માટે ભરેલો આખો વાટકો તેમને આપી દીધો. સ્વામીશ્રીની પ્રસાદી મળી એટલે શેઠના આનંદનો અવધિ ન રહ્યો. પોતે જાણે ન્યાલ થઈ ગયા હોય એમ બધું ભૂલી ગયા. સ્વામીશ્રીને જમાડવાની વાત વિસારે પડી ગઈ અને શેઠને અંતરમાં ટાઢક થઈ ગઈ.

સ્વામીશ્રીનો સંયમ પર્વતપ્રાય. કોઈ દિવસ બાંધછોડ અમે જોઈ નથી. ભાતભાતનાં ભોજનો સામે પડ્યાં હોય, પણ એમણે કોઈ દિવસ એની સામે દૃષ્ટિ સુધ્ધાં માંડી નથી. 'ઠાકોરજીને ધરાવો, હરિભક્તોને જમાડો.' એ જ શબ્દો એમના મુખમાંથી નીકળે. દૂધની કોઈ વાનગીઓ, મીઠાઈઓ એમણે અંગીકાર કરી નથી. હરિભક્તોનો અતિશય આગ્રહ થાય ત્યારે કોઈ મોટા પ્રસંગે થોડી, પત્તર પણ પલળે નહિ એટલી ખીર અંગીકાર કરે. એમાં પણ જો સહેજ શરદી જેવું થઈ જાય, તો કડક નિયમ. કોઈના આગ્રહથી ડગે નહિ. હમણાં પણ છેલ્લા ચાર-પાંચ દિવસથી પોતે થૂલી, ખીચડી એવું જ સાધારણ જમતા હતા. ક્યારેક વળી રાબ પીવે. તો પછી બોઘાવાલા શેઠની બાસુંદી ક્યાંથી ગ્રહણ કરે ?

ભગવાનની મૂર્તિમાં અહર્નિશ રસમગ્ન સ્વામીશ્રીને વળી જગતના પાર્થિવ રસોમાં રસ શેનો !

ટપાલ લખવી એ ભક્તિ

સભામાં એક હરિભક્ત આવ્યા. ગુણવંતભાઈ સ્વામીશ્રી પાસે ટપાલ લખતા હતા. તેમણે તાવની દવા માગી.

'થોડી વાર રહીને દવા આપીશ.' ગુણવંતભાઈએ કહ્યું.

સ્વામીશ્રી સાંભળી ગયા ને કહે : 'દવા આપો - જાવ પછી ટપાલ લખજો.'

ગુણવંતભાઈ દવા આપી આવ્યા એટલે કહે : 'માંદાની સેવા કરીએ તો મહારાજ રાજી થાય, દવા કરવી.' પછી બોલ્યા : 'હું પણ જૂનાગઢમાં માંદા સાધુની બહુ સેવા કરતો. માધવપ્રિયદાસ સ્વામીને પેટમાં દુખાવો હતો. તે પેટ દબાવતા. સેવા કરવી, પણ ટપાલમાં આળસ ન રાખવી. કાગળનો તરત જવાબ મળી જવો જોઈએ. મને તો દસ હજાર સરનામાં મોઢે છે ! આળસ-પ્રમાદ રાખીએ તો કામ ન થાય. નિર્ગુણ સ્વામીએ આફ્રિકા અઠ્ઠાવીસ મણ ટપાલ લખી ! કેવો સત્સંગ થયો ! તેમ ટપાલ લખવી એ મોટી ભક્તિ છે.' એમ બન્ને વાતનો વિવેક શીખવ્યો.

સદાય સુખિયા

તા. ૧૩મીએ સ્વામીશ્રી જાતે જ વ્યાસપીઠ ઉપર બિરાજ્યા ને ગઢડા છેલ્લા પ્રકરણનું આઠમું વચનામૃત સમજાવી, આખી સભાને બ્રહ્મભીની કરી હતી. સ્વામીશ્રી કહે :

'આજે પારાયણ વંચાય છે. ગીતા-ભાગવતની યાદી રહે પણ આ વચનામૃતની યાદી ન રહે. આ તો વેદવાક્ય કહેવાય. જેને શ્રીજીમહારાજની પ્રેરણા હોય તેને ૨૬૨ વચનામૃત મોઢે હોય.

'અત્યારે વચનામૃતની પારાયણ ચાલે છે. તો તેમાં કહ્યા છે તેવા ગુણ શીખવા. જો વાંચે નહિ અને વિચારે પણ નહીં, તો સાર સમજ્યામાં ન આવે. મહારાજની વાણી અને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાણી સર્વોપરી છે. તેની પારાયણ કરાવવી તે ઉત્તમ ગણાય. વ્યવહારમાં પૈસા જાય તે ઉત્તમ ન ગણાય. ભગવાનની સેવામાં જાય તે ઉત્તમ.

'સદાય સુખિયા રહેવાનું' - આ વચનામૃત શાસ્ત્રીજી મહારાજ વંચાવતા. તે સાંભળી, યાદ રાખીને અમલમાં મૂકજો.

'શ્રીજીમહારાજનો કથાનો ઈશક તે ગાદી-તકિયા જાતે નખાવ્યાં અને વાત કરવી શરૂ કરી. સુગંધીમાન પુષ્પ કાનમાં લટકાવ્યાં. શોભા બહુ સારી થઈ.

'સદાય સુખિયો એટલે કો'ક દા'ડો સુખી ને કો'ક દા'ડો દુઃખી એમ ને ? ના, જિંદગી પર્યંત સુખિયો તે સદાય સુખિયો કહેવાય. સ્વામિનારાયણની નિષ્ઠા થઈ તે ભગત કહેવાય. આપણે બધા સુખ લેવા સત્સંગ કરીએ છીએ. તો કાયમ

સુખિયા કેમ રહેવાય ? તે પ્રશ્ન છે. તે દી' મુક્તાનંદ, નિત્યાનંદ વગેરે મોટા મોટા સાધુઓ બેઠા હતા. ઝીણકા ઝીણકા નહીં. બધા વિદ્વાન હતા, પણ યથાર્થ ઉત્તર આપી શક્યા નહિ.

'પછી શ્રીજીમહારાજે તેનો ઉત્તર કરતાં કહ્યું કે ભગવાનના ભક્તને એક તો દૃઢ વૈરાગ્ય હોય. દૃઢ વૈરાગ્ય એટલે શું ? પ્રકૃતિપુરુષના કાર્યમાં અનાસક્તિ-રૂપ વૈરાગ્ય તે દૃઢ વૈરાગ્ય. મહારાજ ને સ્વામી વિના ક્યાંય સાંધો નહિ. 'તુમ બી આવજા' 'તુમ બી આવજા' એમ નહિ. મહારાજને વિશે પતિવ્રતાપણું રાખવું. એમના સમજી બધાને બોલાવવા. સંસારમાં અનાસક્તિ તો રહે, પણ મહારાજ વિશે પતિવ્રતાપણું રાખવું તે અઘરું છે. અઢાર સાંધા હોય તે પતિવ્રતાપણું નહિ. એક જણ પાંચ જમિયા દાતારની, પાંચ મેલડીની, પાંચ ગણપતિની, પાંચ મહાદેવની માળા ફેરવતો. પછી સાધુએ આગ્રહ કર્યો તેથી તેણે કહ્યું : 'બહુ બાટક્યા છો તો જાવ પાંચ સ્વામિનારાયણનીય ફેરવીશ.' હવે આને કોણ તેડવા આવે ? કોઈ એક ધણી જ નહિ. દૃઢ નિષ્ઠા હોય તો મહારાજ તેડવા આવે. 'શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે,' એમ નિષ્ઠા કરવી. માટે દૃઢ વૈરાગ્ય રાખવો. સાધુતાના ગુણ શીખવા. નહિ તો અહીં કોઈ બે શબ્દ બોલે તો 'જય સ્વામિનારાયણ' એમ કહી, પહેલી ગાડી પકડે. પછી સંસારમાં પાટા લાગે તોય છોડે નહિ.

'વળી, મહારાજે કહ્યું કે અતિશય દૃઢ સ્વધર્મ હોય, સ્વધર્મ નકરો કીધો હોત તો ન ચાલત ? પણ અતિશય દૃઢ સ્વધર્મ કીધો. શ્રીજીમહારાજને પુરુષોત્તમ માની પંચ વર્તમાન બરાબર પાળવાં. તેમનાં નાનાં-મોટાં વચન પાળવાં. અણગળ પાણી ન પીવાય. નાટક-સિનેમા ન જોવાય. બજારનું સુખડું-ચવાણું ન ખવાય. 'સ્વામિનારાયણના થઈ કેમ લોજમાં ગ્યા ?' એમ કોઈ કહે તેવું ન કરવું. આ તો સંતને પડ્યા મૂકી સરકસ જોવા વહ્યા જાય તે ક્યાં સ્વધર્મ દૃઢ થયો ? અમારે પણ શિક્ષાપત્રી, ધર્મામૃત અને નિષ્કામ શુદ્ધિ - આ ત્રણ ગ્રંથ પાળવા તે અમારો સ્વધર્મ. આમ, બે વાનાં કીધાં : દૃઢ વૈરાગ્ય ને સ્વધર્મ. આ બે સાધને કરીને જેણે સર્વ ઇન્દ્રિયોને જીતીને પોતાને એટલે પોતે જાતે વશ કર્યા હોય પછી અનીતિ કરવાનો સંકલ્પ ન ઊઠે.

'બીજું સાધન એ કહ્યું કે જેને ભગવાન અને ભગવાનના ભક્તને વિશે અતિશય પ્રીતિ હોય. દેખાડવાની પ્રીતિ નહીં, પરંતુ તે વિના રહી ન શકાય તે પ્રીતિ. શિર સાટે વચન પાળવું, અને આજ્ઞા ન લોપાય તે પ્રીતિ. માહાત્મ્યજ્ઞાને

સહિત સ્નેહ રાખવો. જેથી ભગવાન અને સંતમાં મનુષ્યભાવ કોઈ દી' ન આવે.

'અડધું વચનામૃત વાંચવું પણ હૃદયમાં ઉતારવું. કટ કટ આખું ન વાંચવું. ભમલી ભરી જાવી.'

પછી એક હરિભક્તને ઉદ્દેશી કહ્યું : 'ઘણાને સત્સંગ કરાવે છે પણ આટલું કરી લ્યે તો મહારાજ તેડવા આવે. સાંધા તેટલા વાંધા. એક શાસ્ત્રીજી મહારાજ એ જ આપણા ગુરુ, તે સિવાય બીજા ગમે તેટલા સદ્‌ગુરુ હોય તેને માથાના મુગટ માનવા. પણ 'શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ છે ને શ્રીજીમહારાજ સર્વોપરી, અવતારના અવતારી છે ને મૂળ અક્ષરમૂર્તિ સ્વામી શ્રીજીમહારાજને રહેવાનું ધામ છે' તે નિષ્ઠા કરવી. આપણે જ્ઞાન ઘણું સાંભળીએ છીએ, પણ આ સાચું જ્ઞાન છે. દઢ પ્રીતિ હોય તેને કાંઈ ભીડો પડે તો, 'સ્વામી ! મારાથી આ નહિ થાય,' એમ ન કહે. વચનામૃત લોયાના ત્રીજા પ્રમાણે - જેને મહિમા હોય તે માથું આપી દે.

'ત્રીજું સાધન એ કહ્યું કે જેને ભગવાન ને ભગવાનના ભક્ત વિશે અતિશય મિત્રભાવ વર્તતો હોય.' મિત્રભાવ ઉપર રાજાના કુંવર ને કારભારીના દીકરાના મિત્રભાવની વિગતે વાત કરી બોલ્યા :

'આ તો આપણા ગળા ઉપર કોઈ ચડી બેસે તો 'જય સ્વામિનારાયણ.' મિત્રતા રહે જ નહિ. આપણે ઘણા મિત્રો જગતમાં હોય છે, પણ ભગવાન ને સંતમાં આવો મિત્રભાવ કરવો.

'ચોથું સાધન એ કહ્યું કે જે કોઈ દિવસ ભગવાન કે ભગવાનના ભક્તથી ઉદાસ થાય નહિ. આ તો કારસામાં લ્યે તો મનમાં એમ થાય કે 'સાધુએ ભીડામાં લીધા ને થાકી ગયા.' એમ વિચારી ઘર ભેગો થઈ જાય.

'દાદાખાચરે ત્રીસ વર્ષ સુધી મહારાજને પોતાના ઘેર રાખ્યા. મહારાજ જ્યારે સત્સંગીઓના આગ્રહથી થોડા દિવસ પણ બીજે ગામ જાય તો રોવા મંડી પડે. માટે આપણને ભગવાન ને સંત ભીડો-કારસો આપે તો ઉદાસ ન થાવું. આ તો, 'સાધુ માગ માગ કરે છે' એમ વિચારી નાસી જાય. ઝીણાભાઈ, દાદાખાચર વગેરેને મહારાજે ગમે તેટલા કારસામાં લીધા તોય ઉદાસ ન થયા. તેમ આપણે જો ખરેખર સત્પુરુષને જાણ્યા હોય તો તે ગમે તેવો ભીડો આપે તોય ઉદાસ ન થાવું. ઘરે બૈરાં-છોકરાં સાત ખાસડાં મારે તોય કોઈ ઉદાસ થયો ?

'પાંચમું સાધન મહારાજે બતાવ્યું કે ભગવાન અને ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે. અને છઠ્ઠું સાધન બતાવતાં કહ્યું કે કોઈ વિમુખ જીવની સોબત ન ગમે. ધર્મવાળા-નિષ્ઠાવાળાની વાતું ગમે. વિમુખ કોને કહેવાય ? તે ગ.મ.

૬૦માં મહારાજે કહ્યું છે - જે બધા સાધુને સરખા કહે તે, અને જે પોતાની સારપ્ય રાખ્યા સારુ ભગવાન અને ભગવાનના ભક્તનું કોઈ ઘસાતું બોલે ને સાંભળી રહે તે વિમુખ કહેવાય. વળી, જે ભગવાનને નિરાકાર જાણતો હોય, તે વિમુખ કહેવાય. ભગવાન તો સદા સાકાર જ છે. અહીં ને ધામમાં સાકાર જ છે.

'આમ, આ છ કલમ જે સિદ્ધ કરે તે આલોક અને પરલોકમાં સદાય સુખિયો રહે. મહારાજે કહ્યું છે, આ પ્રમાણે વર્તે તેને લોકમાં અન્ન, વસ્ત્ર, આબરૂ અને ધન આપીશ અને દેહ મૂક્યા સમે ધામમાં તેડી જઈશ.

'માટે જો ઇન્દ્રિયો જીતીને વશ ન કરી હોય, તો મહારાજ કે સ્વામી ભેગો રહ્યો હોય તોય દુખિયો રહે છે. માળા ફેરવે, ધ્યાન ધરે કે મંદિરની સેવા કરે, પણ ઇન્દ્રિયો વશ કરીને કરવું. કંઈ અયોગ્ય ઘાટ થાય તો તેને બળતરા થાય કે 'હું ભગવાનનો ભક્ત અને મને આ ઘાટ થયો !' પછી તે માર્ગે ન જાય. ઘણા કહે છે કે 'ભગવાન આપણી ઇન્દ્રિયો વશ કેમ ન કરે ? શું કામ મારું મન વિષયોમાં ભગવાન જાવા દે ?' પણ 'મૂરખના જામ, તું શું કામ મનને વિષયમાં જાવા દે છે ?' ભગવાન કે સંતની પાસે બેઠો હોય તોય મન બહાર ફરતું હોય તે સુખિયા ક્યાંથી થવાય ?

'મહારાજે આ વાત ત્રણ વખત ફેરવી ફેરવીને કહી. માટે જો આ પ્રમાણે વર્તે તો તે પછી સાધુ, બ્રહ્મચારી, પાળા, આચાર્ય કે ગૃહસ્થ ગમે તે આશ્રમમાં હોય પણ સદાય સુખિયો રહે છે.

'કોઈ આપણને બે શબ્દ કહે ને આપણે તે ખમી લઈએ તેમાં કાંઈ દુઃખ ખરું ? પણ જો સામા બે શબ્દ કહીએ, તો ફોજદારી કેસ થાય.

'વડતાલમાં અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનું ભરસભામાં અપમાન મોટા મોટા સદ્‌ગુરુઓએ કર્યું; પણ તેઓએ તે ખમી લીધું. પછી જ્યારે તેમને વાતો કરવાનો વારો આવ્યો ત્યારે લેશમાત્ર પણ ઝાખા પડ્યા વગર ત્રણ કલાક મહારાજના મહિમાની ને ધર્મ-નિયમની વાતું કરી, પણ અપમાન થયા બાબતનો એક પણ શબ્દ તેમાં આવવા દીધો નહિ. ત્યારે પવિત્રાનંદ સ્વામીથી બોલાઈ ગયું : 'વાહ વાહ, બેટી કો બાપ ગુણાતીત ખરા !' આમ તેમનેય ગુણ આવી ગયો. પછી તો બધાએ સ્વામીને ધોતિયાં ઓઢાડ્યાં અને હાર પહેરાવ્યા. ત્યારે સ્વામી બોલ્યા : 'મારે તો અપમાન અને સન્માન બેય સરખું છે.' માટે આવું વર્તે તે ગુણાતીત.

'વચનામૃતમાં સંતોએ આપણા માટે પ્રશ્નો નાખ્યા છે. મુક્તાનંદ સ્વામીએ

પ્રશ્ન પૂછ્યો કે 'ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ભક્તિમાં કયું અતિશય મોટું વિઘ્ન છે ?' મહારાજે ત્રણ વિઘ્ન બતાવ્યાં. તેમાં પહેલું વિઘ્ન, જે પોતામાં દોષ હોય તેને દેખે નહિ. આપણે આપણામાં ક્રોધ કે માન હોય તો દેખીએ નહિ અને બીજામાં દેખવા જઈએ, તે અવળા સ્વભાવ કહેવાય. આપણી દાઢી સળગતી હોય તો ઓલવી લેવી, એટલે થઈ રહ્યું. બીજાનું ક્યાં જોવા જાવું ?

'બીજું વિઘ્ન એ કે ભગવાન ને સંતની ભેગો રહેતો હોય પણ મન નોખું રાખે. તેલ ને પાણી જેમ ભેગાં હોય તોય નોખાં રહે છે, તેમ રહે. પરંતુ આપણે તો સાકર અને દૂધની જેમ એકબીજા સાથે રસબસ થઈ રહે તેમ રહેવું.

'રસબસ હોય રહી રસિયા સંગ, જ્યું મીસરી પય માંહી ભળી.'

'ત્રીજું વિઘ્ન એ કે ભગવાનના ભક્ત થકી બેપરવાઈ થઈ જાય. સંત કંઈ ભીડો આપે તો કહી દે કે 'મારે ઘેર મંદિર છે તે ત્યાં માળા ઘમકાવીશ,' એમ થઈ જાય. પછી તો એમ પણ કહે કે 'શું ત્યાં કલ્યાણ છે ?' આમ, જેને બેપરવાઈપણું હોય તેને સંતની ક્રિયા ન ગમે. વચન સારું ન લાગે. સત્પુરુષ જો હેતથી કહે તોય તે જેને મન નોખું હોય તેને એમ થાય કે 'હં... મને મરમ કર્યો ?'

'આ ત્રણે વિઘ્નમાં બેપરવાઈપણું તે અતિશય મોટું વિઘ્ન છે. તે તો ઘેર જ વહ્યો જાય. દોષવાળો તો દોષ દેખાય તોય પડ્યો રહે; પણ બેપરવાઈવાળાને તો મન નોખું જ પડી જાય. ઘરભેગો થઈ જાય. જીવાખાચર, અલૈયાખાચર, નિર્વિકલ્પાનંદ એ બેપરવાઈવાળા હતા. જેનું મન નોખું પડે તે સત્સંગમાં રહે, પણ આ બેપરવાઈપણું તો જુદી જ ફૅશનનું. તે તો ફરી સામુંય ન જુએ. માટે આ ભક્તિમાં ત્રણ અતિશય મોટાં વિઘ્ન છે. અતિશય ઉપર ભાર દીધો. માટે આ વિઘ્ન સમાગમે કરીને ટાળવાં.'

રોજ તો પારાયણ પૂરું થયા પછી સ્વામીશ્રી થોડી વાતો કરતા. શ્રમ પડે છતાં સ્વામીશ્રીને વાતો કરવાનો ઘણો ઉમંગ. પારાયણમાં જે વચનામૃતો વંચાયાં હોય તેના મુદ્દા સ્વામીશ્રી થોડી વાતોમાં હસતાં હસતાં સહેજમાં સમજાવી દેતા. પણ આજે તો આખું વચનામૃત જાતે વાંચીને સમજાવ્યું. સૌને મહારાજની વાણીનો સાક્ષાત્કાર કરાવ્યો.

સત્સંગ પોતાનો કરવો

આજે સભામાં ઘણા હરિભક્તો બેઠા હતા. અમદાવાદના ભરતભાઈ અને તેમના પિતાશ્રી પણ દર્શને આવ્યા હતા. વાતવાતમાં સ્વામીશ્રી એમને ઉદ્દેશીને

કહે : 'ત્યાં નિયમ-ધર્મ પાળજો, આડુંઅવળું કરતા નહિ.'

આ સાંભળી તેમના પિતાશ્રી વચમાં બોલી ઊઠ્યા : 'અમારે ત્રણે પેઢીનો સત્સંગ છે.'

'ચોથી પેઢીએ સત્સંગ ઊઠી પણ જાય...' હસતાં હસતાં સહજભાવે સ્વામીશ્રી બોલી ગયા : 'પેઢી-બેઢીનું કામ ન આવે. નિયમ-ધર્મ પાળવા પડે. ને ત્યાં કોઈને લઈને બેસી જતા નહિ. બધાં એવું કરે છે. કોઈને લઈને બેસી જાય...'

સભા ખડખડાટ હસી પડી. ભલાભોળા જણાતા સ્વામીશ્રીની જાણ બહાર કોઈ વાત નથી, એમ સૌને અનુભવ થયો. શિખામણના આ કડવા શબ્દો ભરતભાઈને મીઠા સાકર જેવા લાગ્યા અને સમજાયું કે સત્સંગ તો પોતાનો જ કરવો અને સાચવવો.

આજે બપોરે ડૉ. હરીશભાઈ ત્રિવેદીને ત્યાં હૉસ્પિટલમાં તેમના મકાનમાં જમવા માટે પધાર્યા હતા. ખૂબ રાજી થકા તેમની સેવા અંગીકાર કરી. ઠાકોરજી જમાડ્યા પછી વચનામૃત સમજાવ્યું. ડૉ. ત્રિવેદીનાં સગાં-સંબંધીઓને વર્તમાન ધરાવ્યાં.

સમાજની નાડ-પરખ

આજે સવારે વિશેષ ઘટના બની. સ્વામીશ્રી શણગાર આરતીનાં દર્શન કરી નિયમ મુજબ સભામંડપમાં પધાર્યા. અહીં ખૂણામાં ઠાકોરજીના સિંહાસન આગળ પોતે દર્શન કરતા હતા. બરાબર તે જ સમયે મંદિરના પ્રાંગણમાં એક ખટારો પ્રવેશ્યો.

કોઈએ સમાચાર આપ્યા કે 'લાકડાંનો ખટારો આવ્યો છે.' તે સાંભળી સ્વામીશ્રી કંઈક જાણતા હોય તેમ એકદમ અકળાઈને બોલ્યા : 'લાકડાં જોખાવો. જો જો વીસ મણ ઓછાં થશે. હું કહું છું કે લોકો દગો કરે છે. ભીનાં લાકડાં ભરે છે. કોઈ જોખવાવાળું નથી. અત્યારે બધે દગો થઈ ગયો છે. જો જો ખ્યાલ નહિ રાખો તો આખું મંદિર લૂંટી જશે.' એમ કહી ઘણા સંતો, હરિભક્તોને આજ્ઞા કરી અને લાકડાં જોખવા મોકલ્યા. અને બન્યું પણ એવું જ.

સૌએ લાકડાં જોખવાનું ભગીરથ કાર્ય શરૂ કર્યું. સાંજ સુધીમાં લાકડાં જોખાઈ ગયાં ત્યારે ખબર પડી કે એકસો ને પાંચ મણ લાકડાં ઓછાં હતા !!! ચારસો મણનો ઑર્ડર અને બસો ને પંચાણું મણ જ લાકડાં આવેલાં. આ જોઈ વેપારી ઘણો ઝંખવાણો પડી ગયો અને સ્વામીશ્રીની માફી માગી.

મધરાતે ધૂનનો દોર સાધ્યો

એક વાર જયરામ ભગતે આખી રાત પાણી વાળ્યું. હીમ પડ્યું હતું પણ તેની પરવા વિના ધૂન કરતાં કરતાં પાણી વાળ્યું.

સ્વામીશ્રીએ રાતે સેવકને પૂછ્યું : 'પાછળ વાડીમાં કોણ ધૂન બોલે છે ?'

'જયરામ ભગત છે.' સેવકે જવાબ આપ્યો.

પછી જયરામ ભગત ધૂન બોલતા બંધ થયા એટલે સ્વામીશ્રીએ સેવકને મોકલી કહેવડાવ્યું : 'ધૂન કરતા કેમ બંધ થયા ? ધૂન ચાલુ રાખો !'

સ્વામીશ્રીએ સેવક સાથે કાનટોપી મોકલી અને કહેવરાવ્યું કે 'પહેરજો, ઠંડી લાગશે નહીં.'

મંદિરમાં સેવા કરતી નાનામાં નાની વ્યક્તિને પણ સ્વામીશ્રી મહત્ત્વ આપતા અને તેની ખબર રખાવતા.

બ્રહ્મરસના ભોગી - જોગીનો નેડો

તા. ૧૪મીએ પ્રેમજીભાઈ ઠક્કર સ્વામીશ્રીનાં દર્શને આવવાના હતા. ગુજરાત રાજ્યના એક મંત્રી તરીકે નહિ, પણ માંહીલા આતમને પિછાણતા સ્વામીશ્રીને તેમના ઉપર વિશેષ પ્રેમ હતો.

સભામંડપમાં તેમને માટે યોગ્ય આસન ગોઠવાવ્યું. ફળ, ફૂલ તૈયાર રખાવ્યાં. આરતીનાં દર્શન સાચવ્યાં. તેમને આવતાં મોડું થયું. તેથી સ્વામીશ્રી દેરીમાં અને મંદિરમાં આરતી કરવા પધાર્યા. પછી જલદીથી સ્નાનાદિક ક્રિયાથી પરવાર્યા. સ્વામીશ્રીની દરેક ક્રિયામાં આજે વિશેષ ગતિ હતી. પોતે સભામાં પધાર્યા. સંતો, હરિભક્તો પણ આવી ગયા. 'બોલો કીર્તન' - સ્વામીશ્રીએ સંતોને આજ્ઞા કરી. સદ્. નિષ્કુળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી આદિ પરમહંસોનાં કીર્તનો સંતોએ એક પછી એક શરૂ કર્યાં.

એટલામાં રાજકોટથી મોટરમાં પ્રેમજીભાઈ અન્ય સમાજ સેવકો અને જિલ્લા કલેક્ટર સાથે આવી પહોંચ્યા. હરિભક્તોએ તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને અક્ષર દેરીમાં તથા મંદિરમાં દર્શન કરાવ્યાં.

દર્શનની ઉત્કટતાથી પ્રેમજીભાઈ પણ સ્વામીશ્રી પાસે તુરત સભામંડપમાં દોડી આવ્યા. સ્વામીશ્રીએ હારતોરા કર્યા. સ્વામીશ્રીની આજ્ઞાથી ભગવત્સિંહજી બાપુ અને કુસુમરાય દીવાને સ્વાગત પ્રવચન કર્યું. સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ

આપ્યા અને પ્રેમજીભાઈને પણ બે શબ્દ બોલવા આજ્ઞા આપી.

અંતરના સહજભાવથી જ તે સમયે પ્રેમજીભાઈના મુખમાંથી શબ્દો સરી પડ્યા : 'પૂજ્ય બાપા આવી રીતે સૌને ઊભા કરી, સૌને રમાડે છે. એમની પાસે શું બોલવું ? પોતે ભાદરા પધારવાના હતા. મને થયું : મારા માટે આટલું બધું ? પછી તબિયતને કારણે ન આવી શક્યા. મને થયું : મારે એમનાં દર્શન કરવા જવું જ જોઈએ. અમે ભાદરા ગયા. બાપાનો મારી ઉપર આજ્ઞાપત્ર હતો કે 'તમે જોડિયા જાવ છો, તો ભાદરા જરૂર જજો.' અમે ત્યાં એક કલાક રોકાયા. ગુણાતીતાનંદ સ્વામીના બધા પ્રસંગો - પરચાઓ સાંભળ્યા. બહુ મજા પડી. પછી રાજકોટ આવ્યા. મેં કલેક્ટરને કહ્યું કે 'આપણે બાપાનાં દર્શન કરવા તો જવું જ પડશે. ગમે તેમ ગોઠવો.' કાર્યક્રમ ગોઠવાયો અને અહીં આવી ગયા.'

તેમણે ફરી કહ્યું : 'યોગી એટલે શું ? બ્રહ્મ સાથે જોડાણ હોય તે યોગી. હું પ્રાર્થના કરું છું કે હું તેમના આશીર્વાદને લાયક બનું, તેવા આશીર્વાદ બાપા મને આપે !'

પ્રેમજીભાઈની હૃદયવાણીનું ચિત્ર સૌએ જોયું, સાંભળ્યું, ત્યારે જ સૌને ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રી પણ શા માટે તેમને મળવા ઉતાવળા થયા હતા !

સ્વામીશ્રીની આજ્ઞા મળતાં મેં એક કીર્તન ગાયું. હોંશે હોંશે સ્વામીશ્રીએ પ્રેમજીભાઈને આશીર્વાદ આપ્યા. વર્ષો પહેલાં તેઓ કચ્છમાં સુખપુર ખાતે સ્વામીશ્રીને મળેલા ત્યારથી તેમનો પૂજ્યભાવ વધતો જતો હતો. સ્વામીશ્રીએ ફૂલહાર, પ્રસાદ વગેરેથી તેમના હાથ અને હૈયા ભરી દીધા. સૌ રાજકોટ જવા વિદાય થયા.

અહીંના એક યુવક ભીમજીભાઈ રવિવારની સભામાં દર્શને આવ્યા એટલે સ્વામીશ્રી ગળે હાથ ફેરવી હેતથી બોલ્યા : 'કેમ દેખાતા નથી ગુરુ ? અમે રોજ સંભારીએ છીએ.'

તેમણે કહ્યું : 'બાપા ! રવિવાર સિવાય ટાઇમ મળતો નથી.'

સ્વામીશ્રી કહે : 'ના, ગુરુ ! ટાઇમ મળે છે એમ કહો.' સ્વામીશ્રીએ કહ્યું.

'ટાઇમ મળે છે બાપા ! હવે હું આવીશ.' તેઓ બોલ્યા.

ત્યારે સ્વામીજી રાજી થયા ને થાપો મારી કહ્યું : 'કીર્તન બોલો, પર્વતભાઈનું.'

ભીમજીભાઈએ તરત જ કીર્તન ઉપાડ્યું, *'ભક્ત પર્વતભાઈ પ્યારા પ્રભુજીને...'* એ સાંભળી સ્વામીશ્રી ઘણા જ રાજી થયા.

સ્વામીશ્રીની યુવકોને હેત કરવાની રીત અલૌકિક હતી.

ગોંડલમાં રોજ બે-ત્રણ યાત્રાની બસો આવી જ પહોંચે. ઘણુંખરું બપોરના સમયે બસો આવતી. સ્વામીશ્રી ૩-૩૦ વાગે આરામમાંથી ઊઠીને અક્ષર દેરીમાં દર્શન કરવા પધારે, ત્યારે આ બસના યાત્રાળુઓને સભામંડપમાં મળે. સૌની ઓળખાણ કરે, રહેવા-જમવાનો આગ્રહ કરે. ઘણી વાર અક્ષર દેરીમાં ધ્યાન કરતા હોય ને યાત્રિકો આવે. ત્યાં પણ એક પછી એક યાત્રિકો લાઇનમાં આવીને સ્વામીશ્રીનાં દર્શન કરે. સ્વામીશ્રી તેમને બેસાડીને સત્સંગની વાતો કરે, અક્ષર દેરીનો મહિમા કહે અને આશીર્વાદ આપે. અક્ષર દેરીના પૂજારી હરગોવિંદભાઈને પણ સ્વામીશ્રીએ આજ્ઞા જ કરેલી કે 'તમારે સૌને અક્ષર દેરીનો મહિમા કહેવો.' બીજા પણ ચાર-પાંચ ભાઈઓ – કૃષ્ણકાંતભાઈ, હર્ષદ ચાવડા, હર્ષદભાઈ બક્ષી, ચીમનભાઈ પંડ્યા વગેરેને સ્વામીશ્રીએ આ યાત્રિકોની સેવામાં અને તેમના ભોમિયા (ગાઇડ) તરીકે નિયુક્ત કર્યા હતા.

તા. ૧૬મીએ સવારે આરતી પછી મંદિરની આગળના ભાગની વાડીમાં 'આફ્રિકા હાઉસ'માં સ્વામીશ્રી પધાર્યા હતા. ત્યાં એક આરસની તકતી મૂકવાની હતી. સ્વામીશ્રીએ મોહનભાઈ મિસ્ત્રીને તે સાંજ સુધીમાં ગોઠવી દેવા આજ્ઞા કરી. સાંજે ફરી પાછા સ્વામીશ્રી ત્યાં પધાર્યા અને તકતી બરાબર ગોઠવાઈ છે કે કેમ તેની જાતે તપાસ કરી. મકાનની અંદર પણ ચારેકોર ફરીને બીજી સગવડો અને સ્વચ્છતાની સૂચના આપી. મંદિરમાં જ્યાં જ્યાં સ્વામીશ્રી ફરે, ત્યાં ત્યાં એમની દૃષ્ટિ સર્વત્ર ફરી વળે. કોઈ વસ્તુ એમનાથી અજાણ રહેવા ન પામતી. અને સૌ સંતો-સેવકોને તે પ્રમાણે સૂચના અપાઈ જતી.

ઠાકોર-ભક્તિનો વિવેક

આગલે દિવસે રાત્રે અન્નકૂટનો પ્રસાદ દેવા માટે અમરેલી જવા સ્વામીશ્રીએ એક સંતને આજ્ઞા કરી. તેઓ તુરત તૈયાર થયા. જતાં જતાં તેમણે ઠાકોરજી સાથે લઈ જવાની ઇચ્છા વ્યક્ત કરી. તે સમયે મંદિરમાં શયન આરતી થઈ ગઈ હતી અને ઠાકોરજી પોઢી ગયા હતા. તેથી મંદિરમાંથી મૂર્તિઓ કેમ લેવાય ? પણ વહેલી સવારે સ્વામીશ્રીએ પ્રવીણભાઈને ઠાકોરજી લઈને અમરેલી એ સંત પાસે જવા કહ્યું. રાત્રે પ્રવીણભાઈ પાછા આવ્યા. સ્વામીશ્રીએ સમાચાર પૂછ્યા. તેમણે જણાવ્યું કે 'એ સંત સવારે અંધારામાં લાઠી ઊતરી ગયા હતા. રાત્રે મોડા આવવાના હતા. એટલે હરિભક્તને ત્યાં ઠાકોરજી મૂકીને,

થાળ ધરાવવાનું, પોઢાડવાનું વગેરે સમજાવી, હું પાછો આવ્યો છું.'

'એમ ઠાકોરજી મૂકીને ન અવાય. એ સંત આવે ત્યાં સુધી રાહ જોવી જોઈએ. પછી તેમને ઠાકોરજી સોંપીને જ નીકળાય. ઠીક, ભલે આવ્યા, ફરી ધ્યાન રાખવું.' સ્વામીશ્રીને આ ન ગમ્યું તેથી ઠપકો આપ્યો.

ઠાકોરજીની સેવા-પૂજા માટે સ્વામીશ્રી બહુ ખટકો રાખતા અને રખાવતા. મૂર્તિની પ્રત્યક્ષ પૂજા જેવો જ ભાવ હંમેશાં જોવા મળતો.

મંદિરમાં હરિભક્તો લીલો મેવો - ફળ વગેરે બહુ લાવે. સ્વામીશ્રી પૂજારી સ્વામીને અવારનવાર સૂચન કરે : 'ઠાકોરજીને બપોરના ફરતો ફરતો થાળ ધરવો. બે દિવસ લીલો મેવો, એક દિવસ શેરડી, એમ જુદું જુદું ધરવું.'

મંદિરમાં શેરડી બહુ થતી, એટલે પ્રસાદમાં શેરડી ધરવાનો આગ્રહ પણ સ્વામીશ્રી બહુ રાખતા અને પ્રસાદ સહુને વહેંચાય તેની ખાસ સૂચના આપતા.

તા. ૧૭મીએ સવારે મંગલ પ્રવચન અદ્‌ભુત કર્યું. સ્વામીશ્રી કહે :

'પંચ મહાપાપ કરતાં પણ મોટાનો દ્રોહ કરવો તે અતિ મોટું પાપ છે. જૂનાગઢમાં સુજ્ઞાનંદ સ્વામીએ જાગા સ્વામીનો બહુ દ્રોહ કર્યો અને કહ્યું કે 'તમારે સભામાં આવવું નહીં.' પછી તે માંદા પડ્યા. કોઈ રીતે દેહ પડે નહીં. પછી કોઈએ કહ્યું કે 'જાગા સ્વામી ગુણાતીત સ્વામીના કૃપાપાત્ર છે, તેનો તમે દ્રોહ બહુ કર્યો છે. તેની માફી માગો, તો દેહ પડે.' પછી જાગા સ્વામીને બોલાવી માફી માગી. જાગા સ્વામીએ શરીરે હાથ ફેરવીને કહ્યું કે 'અમારે મનમાં કંઈ નથી.' તે પછી તે સાધુ ધામમાં ગયા.' આમ પ્રસાદીની વાત કરી, સ્નાન કરવા જતી વખતે ગુણવંતભાઈનો હાથ ઝાલીને કહે : 'આજે પ્રસાદીની વાત કરી છે. તે તમે ડાયરીમાં લખી લેજો.'

એક કબૂતર ઊડીને સભામાં આવ્યું. એટલે સ્વામીશ્રી બોલ્યા : 'સંસ્કારી લાગે છે. તે કથા સાંભળવા આવ્યું !' પછી કહે : 'સારંગપુર પારાયણમાં એક બળદ આવતો. સ્વામી કથા વાંચતા. ૯-૦૦ વાગ્યે બળદ આવી જાય. સ્વામીની દૃષ્ટિ પડી ગઈ. એક વખત ગાડાના બળદ નાસી ગયેલા. ગાડું મંદિર બહાર પડેલું. સ્વામી કહે : 'આ બળદને લઈ જાવ. ગાડું ખેંચી શકશે.' પછી તે બળદિયાને લઈ ગયા ને ગાડું ખેંચી લાવ્યા. એમ મોટાની દૃષ્ટિથી પશુ-પંખી, ઝાડ-પાનને પણ બહુ મોટા સંસ્કાર લાગી જાય ને તેનો મોક્ષ થઈ જાય છે.'

તા. ૧૯મીએ સવારે સ્નાન કરતાં કહ્યું કે 'આજે રાતે ૨-૦૦ વાગે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. રામોદ ગામની અંદર અમે ગયેલા. બપોરનો

ટાઈમ હતો. શાસ્ત્રીજી મહારાજ ઓટલા ઉપર બેઠા હતા. તેજસ્વી મુખારવિંદ ! અને મારા ઉપર રાજીપો બતાવતાં થકા બોલ્યા કે 'રસોઈ કરો.' પછી ચૂરમાના લાડુ અને દાળ-ભાત-શાક, રોટલીની રસોઈ બનાવીને જમાડ્યા. શાસ્ત્રીજી મહારાજે બીજી વાત કરી નહિ, પણ રાજીપો બતાવ્યો.'

સવારે ૯-૩૦ વાગે વરતાલથી સંતો અક્ષર દેરીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી તેમને મળી રાજી થયા. સત્કાર કર્યો.

સાંજે અક્ષર દેરીમાં દર્શન કરીને સ્વામીશ્રી અક્ષર દેરીની ફરતે બહારની બાજુમાં બધે ફર્યા. હરિભક્તોની સેવાની આરસની તકતીઓ લગાડેલી હતી, તે જોઈ. ભગવત્‌સિંહજી અને ઑફિસના માણસો પાસે તેનું લિસ્ટ કરાવ્યું અને કોઈની તકતીઓ મૂકવાની બાકી રહી ગઈ હોય તેની નોંધ કરવા કહ્યું. પાછળ 'સ્વામિનારાયણ' મંત્રોની છત્રી છે, ત્યાં દર્શન કર્યાં. પછી સભામંડપમાં પધાર્યા.

અક્ષર મંદિરના અધિરાજ

સવારે બોરસદ-વાસણાના હરિભક્તો શંકરભાઈ, ઈશ્વરભાઈ વગેરે આવ્યા હતા. સ્વામીશ્રી તેમને જોઈને બહુ રાજી થયા. અને બપોરે પ્રેમથી જમાડીને ભાદરા મંદિરનાં દર્શન કરવા મોકલ્યા. જે કોઈ હરિભક્તો મોટર લઈને સ્વામીશ્રીનાં દર્શને આવતા, તેમને સૌને અચૂક સ્વામીશ્રી ભાદરા મોકલતા અને દરેક પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરવાની ભલામણ કરતા.

સાંજે તેઓ પાછા ફર્યા, પણ જરા મોડું થઈ ગયું હતું. રાત્રે ૧૧-૦૦ વાગે પોઢતી વખતે સ્વામીશ્રીએ એકાએક પૂછ્યું : 'શંકરભાઈને જમાડ્યા કે નહિ ? ઉકાળામાં તો તેઓ નહોતા આવ્યા. હશે. જાવ, તેમને ઉતારે તપાસ કરો, જમ્યા કે નહિ ?'

જ્યારે નિરંજન સ્વામીએ કહ્યું : 'બાપા ! તેઓ આવી ગયા છે. અને મેં તેમને જાતે ભંડારમાં જમાડ્યા છે.' ત્યારે સ્વામીશ્રી રાજી થયા. પછી સુખેથી પોઢી ગયા.

અહર્નિશ જે પોતાના ભક્તોની જ સંભાવના કરતા ત્યારે જ તો આબાલ-વૃદ્ધ લાખો નરનારીઓ 'બાપા, બાપા' કહેતાં થાકતાં નહીં.

હંમેશના નિયમ મુજબ આજે રાત્રે ૧૦-૦૦ વાગે સ્વામીશ્રીની રૂમમાં યુવકોની સભા થઈ. સ્વામીશ્રી આજે ખૂબ જ આનંદમાં હતા. હર્ષદ વડોદરિયા તથા મોહનભાઈ સોજિત્રા વગેરે ગોંડલના યુવકોને કહે : 'અહીં ખેતર ખાલી

પડ્યાં છે, પણ વાવનાર હોય તો ઊગે. અહીં તો મુમુક્ષુ ઘણા છે, પણ ફરનાર જોઈએ. ગોંડલ તો મહાપ્રસાદીનું ગામ છે, પણ આ તો 'ગામમાં દેવ ને પાદરમાં તીરથ એનો મહિમા નહીં' એવું છે. માટે મહિમા હોય તો અહીં અવાય. મહિમા સમજાય તો સત્સંગ દૃઢ થાય. માટે દરેકે મંદિરે આવવું. પ્રદક્ષિણા કરવી.'

કાંડું છોડવા નથી પકડ્યું

પૂજા વિધિમાં બાળકો-યુવાનોને પણ કીર્તનો ગાઈ સ્વામીશ્રીને રીઝવવાનો મોકો મળી જતો. વળતે દિવસે મુંબઈના યુવક પિનાકીન બ્રહ્મભટ્ટે કીર્તન ગાયું. સ્વામીશ્રી કહે : 'બીજું ગાવ.' એમ ઉપરાઉપરી પાંચ કીર્તનો ગવરાવ્યાં. છેલ્લે, *'મારે અંતસમે અલબેલા, મુજને મૂકશો મા.'* એ દયારામનું કીર્તન ગાયું, ત્યારે સ્વામીશ્રી અત્યંત રાજી થયા ને તેનું કાંડું ઝાલી કહે : 'લ્યો પકડ્યું !'

તે કહે : 'બાપા ! હવે છોડશો નહીં.'

'ગુરુ !' સ્વામીશ્રીએ લહેકાથી કહ્યું : 'છોડવા નથી પકડ્યું !' સ્વામીશ્રીએ કાંડા પરની પકડ વધુ મજબૂત કરી. ને પોતે જ કીર્તનની પંક્તિ દોહરાવી : *'મારે અંતસમે અલબેલા, મુજને મૂકશો મા...'* પછી કહે : 'બહુ હારાં ભજન ગાયાં !'

બીજે દિવસે સવારના ૧૧-૩૦ વાગે કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'લંડનમાં પલેનમાં ગયા. તે પલેન સીધું જ હાલે. આઘુંપાછું હાલે તો ભૂકા ઉડાડી દે. તેમ ભગવાનના ભક્તમાં મનુષ્યભાવ આવે તો ભૂકા ઊડી જાય. ઘોડાગાડી, મોટરમાં એક્સીડન્ટ ઘણા થાય છે. ભગવાન ને સંતમાં મનુષ્યભાવ આવે તે એક્સીડન્ટ. તે ન થવા દેવો.'

તા. ૨૧મીએ નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રી મંદિરમાં શણગાર આરતી કરવા પધાર્યા. પૂજારી નિર્ગુણ સ્વામીને સ્વામીશ્રીનો આદેશ જ હતો કે 'શણગાર આરતી કરવા પોતે પધારશે. થોડું વહેલું-મોડું થાય તો રાહ જોવી.'

આરતી, પ્રદક્ષિણા કરીને સ્વામીશ્રી અક્ષર દેરીમાં દર્શને પધાર્યા. અહીંથી પોતે સભામંડપમાં થઈને પોતાના ઉતારામાં પધારતા. અક્ષર દેરીમાંથી નીકળે ત્યારે રસ્તામાં કેટલાક વૃદ્ધ-સાજા-માંદા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને ઊભા રહેતા. સ્વામીશ્રીની આસપાસ ખૂબ જ ભીડને કારણે તેઓ નજીક ન આવી શકે, તેથી અહીં રસ્તામાં ઊભા રહેતા. યુવકો તો સ્વામીશ્રીની ખુરશી વેગમાં હંકારી જતા હોય; પણ કોઈ વૃદ્ધ ભક્તને જુએ એટલે સ્વામીશ્રી આગળના યુવકોનો હાથ ખેંચી, ઊભા રહેવા આદેશ આપે. બધાને મળે, તબિયતના

સમાચાર પૂછે, સેવા-સરભરા બરાબર નિયમિત થાય છે કે કેમ તેની પણ પૂછપરછ કરી લે અને સેવકોને તે પ્રમાણે સૂચના આપે.

આજે રાયણના ઝાડ નજીક આવતાં સ્વામીશ્રીએ ખુરશી કોઠાર તરફ લઈ જવા કહ્યું. કોઠારમાં અન્નકૂટની પ્રસાદી હજુ કેટલી પડી છે તેની તપાસ કરી. ઘીના ડબ્બા, સાકરની ગુણો વગેરે માલસામાન ઉપર દૃષ્ટિ કરી હાથ અડાડ્યો ને કહે : 'ખૂટશે નહિ.' વાસણો વગેરે પણ અન્નકૂટમાં ઘણાં વપરાયાં હોય; તે પાછાં બરાબર સંભાળી લીધાં છે કે કેમ તે પણ જોઈ લીધું.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં રોજ હજારો ભક્તોનું રસોડું થાય, પુષ્કળ પ્રમાણમાં ચીજ-વસ્તુઓ વપરાય. ગુજરાતમાંથી હરિભક્તો શાકભાજી મોકલે. આણંદના રાવજીભાઈને ત્યાંથી દૂધ, દહીં, ઘીનો પ્રવાહ રોજ ચાલુ જ હોય. તદુપરાંત, હજારો રૂપિયાની ચીજ-વસ્તુઓ ખરીદાતી હોય. તેનો યોગ્ય ઉપયોગ થાય અને કોઈ પ્રકારનો બગાડ ન થાય તેની સ્વામીશ્રી બહુ તકેદારી રાખતા. આ તો દેવની બધી મિલકત છે. તેની યોગ્ય વ્યવસ્થા થવી જ જોઈએ, નહિ તો દેવનો અપરાધ થાય.

એથી જ પોતે હંમેશાં કોઠારી-ભંડારી સૌને સાવધાન કરતા અને કહેતા : 'હરિભક્તો આટલી બધી સેવા કરે, તે આપણે બગાડ થવા ન દેવો. સાચવવું, ઘટે એમ વાપરવું.'

લ્યો, કોઈ મૂળા !

મંદિરની વાડીમાં મૂળા બહુ થતા. રોજ તો તેનો ઉપયોગ થાય નહિ. તેથી સ્વામીશ્રીએ નડિયાદના કૃષ્ણાભાઈ અને બીજા યુવકોને આજ્ઞા કરી હતી કે 'તમારે વધારાના મૂળા બજારમાં આપી આવવા.'

ગુજરાતના આ પાટીદાર સુખી હરિભક્તો અને આજના શહેરી યુવકો સ્વામીશ્રીની આજ્ઞાથી લાકડાંની લારીમાં મૂળા ભરીને ગોંડલની શેરીઓમાં અને બજારમાં વેચવા નીકળે. કેવી અસંભવિત વાત ! ગુરુ આજ્ઞામાં ટૂક ટૂકપણું અને નિષ્ઠા વગર આ ન બની શકે. આવી અનેક સેવાઓમાં જોડી સ્વામીશ્રી ભક્તોને નિર્દોષ કરતા.

સ્વામીશ્રી કોઠારમાંથી નીકળ્યા ત્યારે એક યુવકે કહ્યું : 'બાપા ! આજે મૂળા વેચવા જવાનું છે.'

આ સાંભળી સ્વામીશ્રી કહે : 'વેચવાનું છે - એમ ન કહેવાય, પ્રસાદી

આપવાની છે, એમ બોલાય. અક્ષર મંદિરના પ્રસાદીના મૂળા ક્યાંથી ?'

અક્ષર મંદિરના સંબંધથી મૂળા જેવી સામાન્ય વસ્તુની પણ આવી મહત્તા વધારતા સ્વામીશ્રીની આગળ પળે પળે દિવ્યતાની સૌરભ પ્રસરતી.

અક્ષરધામની ડિગ્રી

સાંજે અક્ષર દેરીમાં દર્શન કરીને સ્વામીશ્રીએ મંદિરની પાછળના ભાગમાં લીંબડા નીચે ચોગાનમાં સભા યોજી. ગોંડલની સિવિલ હૉસ્પિટલના સર્જન ડૉ. હરીશભાઈ ત્રિવેદીની બદલી થતી હોવાથી, આજે તેમનો વિદાય સમારંભ હતો.

મૂળ પચ્છમના ડૉ. ત્રિવેદી પેઢીગત જૂના સત્સંગી, પણ સંપ્રદાયની વર્તમાન પરિસ્થિતિની સૂગથી તેઓ સત્સંગ સમાજથી વિખૂટા પડી ગયા હતા. એવામાં ગોંડલમાં તેમની બદલી થઈ. પૂર્વના બલિષ્ઠ સંસ્કારથી તેઓ સ્વામીશ્રીના પ્રસંગમાં અચાનક આવી ગયા. પ્રથમ દર્શને જ કંઈક અલૌકિક પ્રતીતિ થતાં આકર્ષણ થયું. ખૂબ જ મળતાવડા અને બોલકણા ડૉ. ત્રિવેદી સ્વામીશ્રીને બહુ જ ગમી ગયા. દૂધમાં સાકર ભળે તેમ સત્સંગ સમાજમાં ભળી ગયા. સ્વામીશ્રીએ તેમની ઉપર અનહદ કૃપા કરીને સાચી નિષ્ઠા દૃઢ કરાવી.

ગોંડલ છોડવાની તેમની લેશમાત્ર પણ ઇચ્છા નહિ, પરંતુ સ્વામીશ્રીની આજ્ઞાથી આજે તેઓ ખેડા જઈ રહ્યા હતા. ગામના પ્રતિષ્ઠિત હરિભક્તોએ સમસ્ત ગામ વતી ડૉ. ત્રિવેદીની હૃદયંગમ સેવાની પ્રશંસા કરી. સ્વામીશ્રીએ છેવટમાં પ્રવચન કરતાં ડૉ. ત્રિવેદીને ખૂબ આશીર્વાદ આપ્યા. ખેડામાં તેમના દ્વાર સત્સંગ વધે - એવો સંકલ્પ કર્યો. પોતે એટલા બધા ખુશમિજાજમાં હતા કે પ્રસન્નતાનાં પુષ્પો વેરતાં સ્વામીશ્રી બોલી ગયા કે 'ડૉક્ટરે અમારી એટલી બધી સેવા કરી છે કે અમે એમને અક્ષરધામની ડિગ્રી આપીએ છીએ. તો એનો કેફ રાખવો ને સત્સંગ વધારવો.'

પછી પોતે જ ડૉ. હરીશભાઈને દેરીમાં લઈ ગયા અને ખભે હાથ મૂકી સ્વામી-શ્રીજીને ભલામણ કરી : 'અમારા ડૉક્ટર સાહેબ અમારી આજ્ઞાથી ખેડા જાય છે તો તેમની સાથે રહેજો. તેમની રક્ષા કરજો. તેમનો વાળ પણ વાકો ન થાય.'

પછી ડૉ. હરીશભાઈને સંબોધીને કહે : 'આવો ડૉક્ટર સાહેબ ! છેલ્લાવેલા મળી લઈએ.'

'કેમ બાપા ! છેલ્લા મળવાનું ?' ડૉ. હરીશભાઈએ પૂછ્યું.

ત્યારે નાના બાળકને સમજાવે તેમ કહ્યું : 'ગોંડલમાં તો છેલ્લા ને !'

એ વખતે તો સ્વામીશ્રીના શબ્દોનો મર્મ ન સમજાયો. જો ડૉ. હરીશભાઈને સ્વામીશ્રીએ પોતાની અંતિમ સેવામાં ન બોલાવ્યા હોત, તો આ શબ્દો જીવનભર તેમને જીરવી ન શકાત અને દુઃખ રહી જાત.

તા. ૨૨મીએ રવિવારની સત્સંગ સભાનો દિવસ હતો. સ્વામીશ્રી દર રવિવારે મંદિરનાં જુદે જુદે સ્થળે અઠવાડિક સભા યોજતા, જેથી સૌને સ્મૃતિ રહે. પોતે આરામથી બિરાજે ને સૌને દર્શન આપે. શરૂઆતમાં ધૂન, કીર્તન અને 'પત્રિકા'નું વાચન થયા પછી જુદા જુદા વક્તાઓને બોલવાની આજ્ઞા કરે. છેલ્લે થોડો સમય રહે ત્યારે પોતે આશીર્વાદ આપે. તેટલામાં સંધ્યા આરતીના ડંકા પડે એટલે સભા વિસર્જન થાય.

આજની સત્સંગ સભા યોગી આશ્રમ - જ્યાં સંતોનું નિવાસ સ્થાન છે, ત્યાં યોજવામાં આવી હતી. આજે સ્વામીશ્રીએ યુવક અધિવેશન અંગે આશીર્વાદ આપતાં કહ્યું હતું કે 'ગોંડલમાં સર્વોપરી યુવક અધિવેશન થશે. વીસ હજાર યુવકો આવશે. ગોંડલમાંથી પણ આપણે ૫૦૦ યુવકો તૈયાર કરવા છે.'

પછી કહે : 'જેવો ઉમંગ મને છે તેવો ઉમંગ બધાને થાય તો જ યુવક મહોત્સવ સર્વોપરી થાય.'

પછી યુવકોને વ્યક્તિગત આશીર્વાદ આપ્યા.

ઈશ્વરીય વિભૂતિની નિર્દોષતાનો સ્પર્શ

સભા ચાલુ હતી ત્યાં જ મુંબઈના વિખ્યાત ઇન્કમટેક્ષ પ્રૅક્ટિસનર હીરાલાલ સોઢા, જમનાદાસ કવિ વગેરે આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ પ્રેમથી તેમને આવકાર્યા. તેમણે સભામાં સ્થાન લીધું. સ્વામીશ્રી કહે : 'હવે સોઢા સાહેબ આવ્યા છે, તે બે શબ્દ બોલશે.'

સોઢા સાહેબે સ્વામીશ્રીના ગુણગાન ગાતાં પ્રવચનનો પ્રારંભ કર્યો. સ્વામીશ્રીનો ખૂબ મહિમા કહ્યો. તે સાંભળી સૌ તાળીઓ પાડવા લાગ્યા. સ્વામીશ્રી પણ સાથે તાળી પાડી રહ્યા હતા ! સોઢા સાહેબ વિસ્મિત થતાં આ યોગીરાજની અલમસ્તાઈને માણી રહ્યા. તેમણે સભાને સંબોધતાં કહ્યું : 'જુઓ તો ખરા, આ પુરુષને ખ્યાલ પણ નથી કે અહીં મારો મહિમા ગવાય છે ! નિર્દોષતા તો જુઓ ! તેમણે પોતાના અસ્તિત્વને સાચે જ શૂન્ય ગણી રાખ્યું છે, નહીં તો પોતાની પ્રશંસા વખતે ગમે તેવા મનુષ્યના ભાવ બદલાઈ જાય. મને તો

લાગે છે કે આ પુરુષ મનુષ્ય નથી. તેથી પર છે. ઈશ્વરીય વિભૂતિ છે...'

સ્વામીશ્રીની નિર્દોષતાનો સ્પર્શ પામી ઘણા ભાવિકો, બુદ્ધિશાળીઓ અને વિદ્વાનો કૃતાર્થ થયા હતા.

ગોંડલમાં સત્સંગ વધે અને યુવકો સત્સંગી થાય તે માટે સ્વામીશ્રીને બહુ તાન. રોજ રાત્રે પોતે પોઢતા પહેલાં યુવકોની સભા ભરતા અને વાતો કરતા. એક વખત એક યુવક ત્રણ-ચાર દિવસથી રાતની યુવક સભામાં નહોતા આવતા. તેને સ્વામીશ્રીએ સંભાર્યા. અને ઘેરથી બોલાવી લાવવા એક યુવકને મોકલ્યા. લગભગ ૧૫ થી ૨૦ મિનિટ પછી તે યુવક આવ્યા. સ્વામીશ્રી એકદમ આતુરતાથી તેને મળ્યા : 'કેમ નહોતા આવતા ? કો' હવેથી રોજ આવીશ.' બસ, એટલી વાત કરીને સ્વામીશ્રીએ હેતથી એનો વાંસો થાબડ્યો અને પોતે પોઢી ગયા. એક યુવકને મળવા માટે સ્વામીશ્રી મોડી રાતે વાટ જોઈને બેસી રહ્યા અને આરામમાં અડધો કલાક મોડા પધાર્યા.

નેહ નિભાવણ નાથ

એક સાંજે તલાલા ગામના કેટલાક ડૉક્ટરો સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. સ્વામીશ્રી તેમને સૌને જોઈને બહુ રાજી થયા. દરેકની ઓળખાણ કરી. સ્વામીશ્રી કહે : 'ઓળખાણ મોટી ખાણ છે !' એટલે જે કોઈ નવા મુમુક્ષુ આવે ત્યારે નામઠામ તો સ્વામીશ્રી પૂછી જ લે. પછી કોઈ દિવસ કોઈને પણ ભૂલે નહિ.

આ બધા ડૉક્ટરોને પણ સ્વામીશ્રીએ પોતાના ઓરડામાં પોતાની પાસે બેસાડ્યા. સ્વામીશ્રી પલંગ ઉપર નીચે પગ ઢાળીને બેઠા હતા. ડૉક્ટરો તેમને વીંટળાઈને બેઠા હતા. થોડી જ પળોમાં સ્વામીશ્રીએ ડૉક્ટરો સાથે ખૂબ આત્મીયતા બતાવી. આત્માને આત્મા સાથે સજાતિ થતાં ક્યાં વાર લાગે છે ? જ્યારે પોતે જ સૌના આત્મા છે. પણ આપણને એમની સાથે સજાતિ બનતાં વાર લાગે છે.

સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'તમારાં બહુ મોટાં ભાગ્ય. તમે અહીં દર્શને આવ્યા. ડગલે ડગલે કોટિ કોટિ યજ્ઞનું ફળ તમને મળ્યું.' અક્ષર દેરીનો મહિમા સમજાવ્યો. પછી જમીને જવાની આજ્ઞા કરી. ખૂબ આગ્રહ કર્યો, પરંતુ તેઓને જવાની ઉતાવળ હતી. છેવટે સ્વામીશ્રી બોલ્યા : 'અમે તો બધાને રોકીએ, પણ ઉતાવળિયા હોય તે જતા રહે છે.'

જાણે-અજાણે કોઈ જીવ મોટાપુરુષના સંબંધમાં આવી જાય અને આજ્ઞાનું

પાલન કરે તો સત્પુરુષનો રાજીપો મેળવી શકે. સત્પુરુષનું આ જ તાન છે.

આજ્ઞાનું જેને મહત્ત્વ નથી તેને ઉલ્લંઘનનો પણ ખ્યાલ નથી. છતાં સ્વામીશ્રીએ સૌને પ્રસાદ બાંધી આપી, સુખેથી સૌને વળાવ્યા. પોતાનું 'નેહ નિભાવણ નાથ' એ બિરુદ સાચવ્યું !

વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર !

છેલ્લા દિવસોમાં વહેલી સવારે મંગળ પ્રવચનમાં ચારથી પાંચ 'વચનામૃત'નો પાઠ થતો. વળતી સવારે ગ.મ. ૫૬મું વચનામૃત વાંચ્યું. સ્વામીશ્રી સાંભળીને બહુ રાજી થાય ને તાળીના પડકારા કરતા જાય. વળી, મુદ્દાની વાત આવે ત્યાં આપણને અટકાવે અને સમજાવે. ઘણી વખત તાળી બંધ થાય એટલે આપણને એમ થાય કે સ્વામીશ્રી કદાચ પોઢી ગયા હશે. પણ જ્યાં મુદ્દાની વાત આવે ત્યાં એકદમ એમનો ઘેરો પણ મીઠો અવાજ સંભળાય : 'રાખો ગુરુ ! એમ વાંચી જવાનું નથી. વચનામૃતમાં મહારાજે કેવી સરસ વાત કરી છે ? આવી વાત ક્યાંય ન મળે. કોઈ શાસ્ત્રમાં મળે ? બધે ફીફાં ખાંડ્યાં.'

સાથે સાથે તાળીઓના પડકારામાં પોતાના ઈષ્ટદેવ પ્રત્યેના કોઈ અગમ્ય પ્રેમમાધુર્યનું ગુંજન હોય ! તે આપણને કેમ કળ્યામાં આવે ? આપણને તો શબ્દોની ભીનાશથી એ ભાવની કંઈક ઝાંખી થાય.

મીનડિયા ભક્ત ન થવું

મધ્ય પ્રકરણનું ૫૭મું વચનામૃત શરૂ કર્યું. તેમાં શબ્દો આવ્યા : 'જે ભગવાનનો ભક્ત કહેવાતો હોય ને તેને ભગવાન થકી બીજા પદાર્થમાં તો હેત વધુ હોય તે તો કેવળ મીનડિયો ભક્ત છે.'

સ્વામીશ્રી કહે : 'ગ.મ. ૫૭મું વચનામૃત સર્વોપરી છે. સ્વામી બહુ વંચાવતા. મીનડિયા ભક્ત ન થવું. ભગવાન વિના બીજામાં પ્રીતિ તે મીનડિયા ભક્ત, આખી દુનિયા મીનડિયા જ છે ને, જે ભગવાન નથી ભજતા. 'આપણાં મોટાં ભાગ્ય છે...' આનંદમાં રહેવું. આવો મનુષ્યનો દેહ મળ્યો અને શાસ્ત્રીજી મહારાજ જેવા ગુરુ મળ્યા, તે ક્યાંય પ્રીતિ રહેવા ન દેવી. મીનડિયા ભક્ત ન થવું. આ વચનામૃત બધાએ યાદ રાખવું. (સ્વામીશ્રી ત્રણ-ચાર વાર આ વાક્ય બોલ્યા.) સવારના પહોરમાં વચનામૃત વાંચી બહુ આનંદ થાય છે. શાંતિ શાંતિ થઈ જાય છે.'

સ્વામીશ્રી તો શાંતિના દાતા ! શાંતિ એમનાં ચરણોમાં જ હોય. પણ આપણને બોધ આપ્યો કે 'વચનામૃત'નો પાઠ કરો તો શાંતિ થશે.

રોજના ક્રમ પ્રમાણે બપોરે ૪-૦૦ વાગે દેરીમાં દર્શન, ધ્યાન, વાર્તા કરીને મંદિર પાછળ શ્રમયજ્ઞમાં પધાર્યા. થોડી વાર ખુરશીમાં બેઠા. એકાએક વાતાવરણમાં ચેતન આવી ગયું. બધા ઢીલા ઢીલા કામ કરતા હતા, પણ સ્વામીશ્રીનાં દર્શનથી અંગેઅંગમાં સ્ફૂર્તિ આવી ગઈ. જાણે સ્વામીશ્રીનો રાજીપો મળી જાય તો કેવું સારું !

આજે જોડિયાથી હંસરાજ શેઠ આવ્યા હતા, તેમને સ્વામીશ્રીએ બધે સાથે ફરીને દર્શન કરાવ્યાં.

ચિંતામણિ ગઈ !

સ્વામીશ્રીના સાંનિધ્યમાં અખંડ કથા-કીર્તનનો અખાડો ચાલતો. ગ્રામ્ય-વાર્તાનો તો કોઈ હરફ સુધ્ધાં ઉચ્ચારી શકે નહિ. સ્વામીશ્રીને ન ગમે એવું કરવા કોણ રાજી હોય ? પણ કોઈ વિશેષ સમાચાર, સાંપ્રદાયિક લેખ વગેરે છાપાંમાં પ્રગટ થયા હોય તો વળી કોઈ સ્વામીશ્રી પાસે ખુશાલી પ્રગટ કરી વધામણી લેવા હિંમત કરે.

એવામાં જૂનાગઢમાં સ્વામિનારાયણ મંદિરની એક સદી પહેલાંની બંધાયેલી પ્રાસાદિક હવેલી બળીને ખાખ થઈ ગઈ. આ સમાચાર છાપાંમાં વાંચી એક યુવકે તા. ૨૪-૧૧-'૭૦, વહેલી સવારે દોડતાં આવીને સ્વામીશ્રીને આ દુઃખદ બીના જણાવી. જાણે વીજળી પડી હોય એવું અસહ્ય દુઃખ સ્વામીશ્રીને થયું. અનંત કોટિ બ્રહ્માંડના પ્રલય સમયે પણ જેનું રૂંવાડું ફરકતું નથી, તે જ આ મૂર્તિએ કાષ્ઠની એક જર્જરિત થઈ ગયેલી હવેલીના વિનાશથી અકથ્ય વેદના અનુભવી.

અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ રાત-દિવસ દેખરેખ રાખી જે હવેલી બંધાવી, બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત, જાગા ભક્ત સ્વામીએ અને બીજા અનેક મુક્તોએ જે હવેલીમાં શ્રમયજ્ઞ કરી પ્રાણ રેડ્યા, વર્ષો સુધી જ્યાં ગુણાતીતાનંદ સ્વામીએ કથાવાર્તાનો રંગ જમાવ્યો, તે નિર્ગુણભાવ પામેલી આ હવેલી આજે ભસ્મીભૂત થઈ ગઈ ! આ કડવો ઘૂંટડો સ્વામીશ્રીના ગળે કેમ ઊતરે ? એમના મુખમાંથી શબ્દો સરી પડ્યા : 'ચિંતામણિ ગઈ.'

ચૌદ વર્ષના ઝીણા ભગતે દાયકાઓ પહેલાં સૌ પ્રથમ આ જ મંદિરમાં પગ મૂક્યા હતા. ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીની હૂંફમાં આ જ હવેલીમાં નિવાસ

કર્યો હતો. નીચેના સભામંડપમાં દાખલ થતાં ડાબી બાજુએ પાછળની સ્તંભ-પંક્તિમાં બરાબર છઠ્ઠો થાંભલો, જ્યાં એમનું આસન. બીજા પણ મહાપુરુષો જેવા કે સદ્. બાળમુકુંદદાસ સ્વામી, યોગેશ્વર સ્વામી, કૃષ્ણચરણદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, નારાયણદાસ સ્વામી, જાગા સ્વામી - જેમણે આ જ હવેલીમાં નિવાસ કરેલો. જેની ગારમાટીની રજેરજ સુવર્ણરજ કરતાં પણ અનંત ગણી મૂલ્યવાન લેખી શકાય. તે હવેલી નિષ્પ્રાણ થતાં સ્વામીશ્રીને વજ્રપાત સમો આંચકો લાગ્યો. અનેક પ્રસંગો સંભારી સ્વામીશ્રીએ હવેલીની અને ગુણાતીતાનંદ સ્વામીની સ્મૃતિ કરી.

પછી તો જૂનાગઢથી જે કોઈ આવે તેને હવેલીના સમાચાર પૂછે : 'ક્યારે બળી ? કેમ બળી ? કેટલી બળી ?' એવા અનેક પ્રશ્નો પૂછે. રખેને હવેલીનો કંઈક ભાગ બચી ગયો છે કે કેમ ? એ જ જાણવાની એમને ઉત્સુકતા હતી.

મુંબઈથી છગનભાઈ તથા કેશવચંદ્ર અમીન સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને જૂનાગઢ મોકલ્યા ને હવેલીની કંઈક અવશેષ - પ્રસાદી લઈ આવવા આજ્ઞા કરી. ખાસ કરીને ગુણાતીતાનંદ સ્વામીનું જ્યાં આસન હતું તે સ્થળના અવશેષો લાવવા કહ્યું. પાછા ફરતાં તેઓ બળી ગયેલાં લાકડાં, પથ્થર વગેરે લઈ આવ્યા. સ્વામીશ્રીએ તે બધું માથે ચઢાવ્યું, આંખે અડાડ્યું. સાક્ષાત્ ગુણાતીતાનંદ સ્વામીને મળતા હોય એ જ ભાવ ! સ્વામીશ્રીની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. દરેક હરિભક્તને પણ આ મહાપ્રસાદીનો સ્પર્શ કરાવી પાવન કર્યા. બળી ગયેલ થાંભલાનું એક લાકડું હતું તે સભામંડપમાં જ્યાં સિંહાસન છે ત્યાં મુકાવ્યું. જેથી રોજ તેનાં દર્શન થાય. અહીં મહારાજની પ્રસાદીનું છપૈયાના પીપળાનું નાનું થડ મૂકેલું છે. તેની સાથે જ આ હવેલીનું લાકડું બંધાવ્યું. વળી, બીજા અવશેષો હતા તે પણ બાંધીને પ્રસાદીના કબાટમાં મુકાવ્યા અને તેની નાની નાની પોટલીઓ બંધાવી દેશમાં તેમજ આફ્રિકા, લંડન અને અમેરિકાનાં મંદિરોમાં મોકલાવી. હરિભક્તોને પણ હવેલીના અવશેષો પ્રસાદીરૂપે સાચવવા આપ્યા. સ્વામીના સંબંધવાળી વસ્તુનો આ મહિમા આપણે ક્યાંથી પામી શકીએ ?

આ પ્રસંગથી સ્વામીશ્રીને અંતરમાં ઘણું જ દુઃખ થયું હતું ને પોતે બોલી ગયા કે 'મહારાજ આ સહન નહિ કરે.' ત્યારપછી તો દિવસો સુધી આ બાબતનો શોક સ્વામીશ્રીએ અનેક હરિભક્તો આગળ વ્યક્ત કર્યો હતો. અને આ વાત સંભારતાં પોતે ઘણા અસ્વસ્થ બની જતા.

જેનાં વેણમાં વહાલાનાં વેણ

બીજે દિવસે સવારે ૬-૦૦ વાગે સ્વામીશ્રીએ મંગળ પ્રવચનમાં કહ્યું :

'ભગવાનના ભક્તના દુઃખે દુખિયો ન થાય તેને મહારાજે વિમુખ કીધો. ને તે સંપ્રદાય થકી બહાર છે. જૂનાગઢમાં હમણાં બધી વસ્તુ બળી ગઈ. આપણને બળતરા થાય છે. મહારાજે લીલી ભાજી પણ તોડી નહિ. મહારાજે જબરજસ્ત વાત કરી દીધી કે ગુણાતીતાનંદ સ્વામી અને ભગતજી મહારાજ જેવા સંતનું ઘસાતું બોલે તો મહારાજે કહ્યું કે તેનો હાથ કપાવી નાખું, કાં તો આંખ ફોડી નાખું. ત્યાં આગળ મહારાજ ધ્યાન રાખે છે. અં. ૨૧માં કહ્યું છે કે મારો સગોવહાલો હોય તોપણ મારે વાંધો નથી. ભગવાનના ભક્તનો પક્ષ પહેલો રાખવો. અત્યારે આપણે વચનામૃતની કથા સાંભળીએ છીએ, તે મહારાજ બોલે છે અને આપણે સાંભળીએ છીએ, એમ સમજવું.'

જમાડીને તપનું ફળ

ભોજનશાળા આગળ મંદિરના ખૂણામાં ખાડો (સેપ્ટિક ટૅન્ક) ખોદવાનો હતો. મજૂરો રોકવાની સ્વામીશ્રીએ ના પાડી. અને આજ્ઞા કરી કે યુવકો અને હરિભક્તો આ સેવા કરે. નડિયાદના કૃષ્ણાભાઈની દેખરેખ નીચે, તા. ૨૬મીએ આ શ્રમયજ્ઞ ચાલ્યો. સ્વામીશ્રી સભામાં બિરાજતા હોય અને કોઈ જુવાનિયા કે ગામડાના ખેડૂતવર્ગના ભક્તો દર્શને આવે એટલે તુરત સ્વામીશ્રી તેમને શ્રમયજ્ઞમા મોકલે.

સ્વામીશ્રીની આજ્ઞાથી સેવા તો સૌ કરે પણ સ્મૃતિએ સહિત સેવા થાય એ જુદી. ભગવાન અને પ્રગટ સંતને સંભારીને સેવા કરવાથી અંતરમાં શાંતિ થાય. એટલે સ્વામીશ્રી પણ સૌને ભક્તિનું અનુસંધાન રહે તેથી રોજ નિયમિત દર્શન દેવા પધારે. 'ક્યાં સુધી કામ ચાલ્યું ? સૌ બરોબર સેવા કરે છે કે નહિ ?' વગેરે ખબર પૂછે. પોતે ત્યાં પંદરથી વીસ મિનિટ સુધી બિરાજે. બધાને સેવા કરતાં જોઈને રાજી થાય. વળી, તાળી પાડતાં, હાથનાં લટકાં કરતાં સૌને કટકટ જલદીથી કામ કરવાનો ઇશારો કરે. સ્વામીશ્રીને જોઈને સૌ એવા તો તાનમાં આવી જાય કે પડતાં-આખડતાં સેવામાં મંડી પડે.

આજે બપોરે સ્વામીશ્રી પધાર્યા. બે નાના યુવકો સવારથી ખાડો ખોદતા હતા. વળી, સ્વામીશ્રીની આજ્ઞાથી તેમણે ઉપવાસ પણ કરેલો. અતિશય શ્રમને

લીધે આ યુવકોને તરસ ખૂબ લાગેલી. પણ સ્વામીશ્રીનો આદેશ કે નિર્જળા ઉપવાસ કરે તો ફર્સ્ટ ક્લાસ અને પાણી પીને ઉપવાસ કરે તો સેકન્ડ ક્લાસ. એટલે પુછાય કેમ ? પણ છેવટે તેમની આવી દયામણી પરિસ્થિતિ જોઈને કૃષ્ણાભાઈએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'આ બે યુવકો સવારથી સેવા કરે છે અને ઉપવાસી છે, તો આપ દયા કરી પાણી પીવાની આજ્ઞા આપો.'

ધણીનો કોઈ ધણી નથી. સ્વામીશ્રીએ એકદમ રાજી થઈને આજ્ઞા કરી કે 'જાવ, બન્ને યુવકોને હવે જમાડી દો.'

સ્વામીશ્રીના આ હુકમથી તો સૌને આશ્ચર્ય થયું. તપ કરાવે અને વળી જમાડે પણ ખરા - જમાડીને પાછું તપનું ફળ પણ આપે - કેવી અદ્‌ભુત લીલા !

અહીં આવતા પહેલાં સ્વામીશ્રી અક્ષર દેરીમાંથી નીકળતા હતા, ત્યારે પુરુષોત્તમ ભગત સામે મળ્યા. તેમને જોઈને બીજા એક ભગતે સ્વામીશ્રીને ફરિયાદ કરી કે 'આ ભગત નાહ્યા-ધોયા વગર દેરીમાં ફરે છે.'

'એ તો મુક્ત છે, એને બાધ નહિ !' એમ કહી સ્વામીશ્રીએ એ વાતને લક્ષ્ય આપ્યું નહિ અને એ વાત માંડી વાળી.

આ ભગત ઘણા સમયથી સાજા-માંદા રહે. વળી, જૂના માણસ અને મંદિરની સેવા કરે, તેથી સ્વામીશ્રીની તેમના પર અખંડ રહેમ દૃષ્ટિ. સદા સૌની ઉપર દયા વરસાવતાં સ્વામીશ્રી આવી વાતો હંમેશાં નકારતા.

'હું જેમ તમારા દોષો સામે જોતો નથી અને તમને નભાવું છું, લાડ લડાવું છું, તેમ તમે પણ સૌ ભક્તો પરસ્પર દિવ્યભાવથી નિહાળો, આત્મીયતા કેળવો.' એમનો એ આદેશ આવા પ્રસંગોથી ફલિત થતો.

તા. ૨૭મીએ સવારે પત્રિકા તથા પ્રકાશના આજીવન સભ્ય થવાની સૌને આજ્ઞા કરી કહે : 'એથી જાણવાનું બહુ મળે, બાર મહિને પ્રકાશને બંધાવી લેવું. પુસ્તક બનાવી લેવું. જૂની વાત આપણને જોઈતી હોય તો તરત મળી જાય.'

બીજે દિવસે સવારે વડતાલવાળા કાનજી ભગત અને કારિયાણીના બે સંતો બસ લઈને હરિભક્તો સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

તાળાં હૃદિયાનાં એ ખોલે !

તા. ૩૦મીએ સવારે સ્વામીશ્રી શણગાર આરતી કરવા મંદિરમાં પધાર્યા. આરતીને હજુ વાર હતી. ઘનશ્યામ મહારાજની મૂર્તિ આગળ સ્વામીશ્રી દર્શન કરી રહ્યા હતા. મૂર્તિની બાજુમાં ઘડિયાળ પડી હતી, તે બંધ હતી તેથી

અક્ષરપ્રકાશ સ્વામી ઘડિયાળને ચાવી આપવા લાગ્યા. આ જોઈ સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'આવા નાના સંતો બધું શીખી ગયા. આપણને આવું નો આવડે.' એમ કહી મૂર્તિ સામું જોવા લાગ્યા. પછી એકાએક કહે : 'આપણને તો અક્ષરધામની ચાવી આપતાં આવડે !'

'બાપા ! એ શીખવાડો ને !' અક્ષરપ્રકાશ સ્વામી બોલ્યા.

'તમે ક્યારે અમારી ઢૂંકડા આવ્યા ? પાસે આવો તો શિખવાડીએ. છેટે છેટે રહે તેમાં ન શીખાય, એ તો પાસે આવવું પડે.' ખૂબ જ સ્વસ્થતાથી અને નિશ્ચલતાથી સ્વામીશ્રીએ કહ્યું.

જેની પાસે અક્ષરધામની ચાવી હોય તેવા સમર્થ પુરુષ જ આવી વાત કરી શકે અને જે પાસે આવે - સત્પુરુષ સાથે અંતરાય ટાળી નાખે તેને એ ચાવી પ્રાપ્ત થાય.

સાંજે અક્ષર દેરીમાં દર્શન કરીને સ્વામીશ્રી મંદિરની વાડીમાં અને ખેતરમાં ઘણું ફર્યા. ઢળતી સંધ્યાના આહ્લાદક વાતાવરણમાં, અહીં-તહીં ધસમસતા પવનના ઝપાટામાં, વાડીનાં ફૂલછોડ તથા શાકભાજી અને ખેતરમાં ઊભેલો મોલ, સ્વામીશ્રીના આગમનથી - દર્શનથી કલ્લોલ કરતાં મહાલતાં હતાં. સ્વામીશ્રીનાં ચરણોમાં લળી પડતાં હતાં.

'બાપાની સેવામાં ક્યારે અમે પહોંચી જઈએ અને કૃતાર્થ થઈએ.' કદાચ એવું આ જીવસૃષ્ટિ વિચારતી હશે !

તા. ૧-૧૨-'૭૦, સવારે મંગળ પ્રવચનમાં વાત કરતાં સ્વામીશ્રી કહે : 'ભગવાન અને ભગવાનના ભક્તની સેવા, કથાવાર્તા એ જ આપણો મુદ્દો છે. એ જ કરવાનું છે.' અનેક પ્રસંગો અને દૃષ્ટાંતોથી સ્વામીશ્રીએ આ વાતનું પ્રતિપાદન કર્યું.

સ્વામીશ્રીના જીવન પ્રસંગો તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે આ બે મુદ્દા ઉપર પોતે ધોરણ રાખીને કાર્ય કર્યું હોય એમ જણાય છે. સંતોને પણ પ્રસંગોપાત્ત સ્વામીશ્રી આ એક જ આદેશ આપતા અને રાજીપો છે એમ સૂચવતા.

'સોનાર બંગલા'માં સોનેરી ઉત્સવ

આ દિવસોમાં સ્વામીશ્રીની આજ્ઞાથી કલકત્તા હરિમંદિરનું ખાત કરવા પ્રમુખસ્વામી તથા અન્ય સંતો કલકત્તા પધાર્યા હતા.

તા. ૩-૧૨-'૭૦ના રોજ પ્રમુખસ્વામીના વરદ હસ્તે સુંદર રીતે વેદ-

વિધિપૂર્વક ખાત વિધિ સંપન્ન થયો. પ્રમુખસ્વામી અને સંતો 'સુરૈયા હાઉસ'માં રોજ સત્સંગ-લાભ આપતા. દિવસ દરમ્યાન પધરામણીઓ પણ થતી. સૌને ખૂબ ભાવ હતો.

તા. ૧૧-૧૨-'૭૦ના રોજ માગશર સુદ આઠમનો શુભ દિવસ હતો. આ દિવસ પ્રમુખસ્વામીનો ૪૯મો જન્મ દિવસ છે – આ વાતનો ખ્યાલ હર્ષદભાઈ દવે તથા શ્રીહરિ સ્વામીને અચાનક જ આવ્યો. બન્નેએ સહજ રીતે જ ત્યાંના યુવકો નિર્મળસિંહ રાણા, વીરેન્દ્રભાઈ વગેરેને વાત કરી. યુવકો આનંદમાં આવી ગયા અને નક્કી કર્યું કે પ્રમુખસ્વામીની જયંતી આપણે શાનદાર રીતે ઊજવવી.

ડૉ. ચંદ્રકાન્તભાઈ ઠક્કરના ઘરે આ કાર્યક્રમ ગોઠવાયો. સુંદર શણગાર, ૪૯ મીણબત્તીઓ તથા કેક બનાવીને સૌએ સ્નેહ વ્યક્ત કર્યો. જો કે આ સંપૂર્ણ આયોજનથી પ્રમુખસ્વામી તદ્દન અજાણ હતા. પધરામણીએથી અહીં પધાર્યા ત્યારે પગ મૂકતાં જ તેઓ આ દબદબાનો હેતુ પામી ગયા. તેમણે સેવક દેવચરણ સ્વામીને ખૂબ ઠપકો આપ્યો. પરંતુ સૌનો ભાવ હતો અને સંપૂર્ણ આયોજન થઈ ગયું હતું તેથી તે સમયે તો ઉદાસ થઈ બેસી રહ્યા.

ડૉ. ઠક્કરના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ ડૉક્ટર સ્વામીએ જણાવ્યું કે 'પ્રમુખસ્વામી સાથે પહેલી વખત હું વિચરણ કરું છું. આ વિચરણમાં મને ખબર પડી કે યોગીજી મહારાજના વચને આજે તેમણે દેહના ચૂરેચૂરા કર્યા છે. દેહને ક્યારેય ગણ્યો જ નથી.'

પ્રવચન બાદ કેક-કટીંગ થયું અને મીણબત્તી ઓલવી. અંતે વાત કરતાં પ્રમુખસ્વામીએ અતિ નમ્રતાપૂર્વક અને આર્જવભાવે કહ્યું : 'તમારો બધાનો-યુવકો-હરિભક્તોનો પ્રેમ છે, મહિમા છે, એ વાત સાચી - પણ આ બધું મને શોભે જ નહીં. અત્યારે તો યોગીબાપાની જ વાત હોય. મારે, તમારે, બધાએ એક જ વિચાર કરવાનો છે કે યોગીબાપા કેમ રાજી થાય ? તેમને રાજી કરવા તમે સૌએ મંદિરની સેવા કરી તે જ મોટી વાત છે.'

પ્રમુખસ્વામીની નમ્રતા અને સૌનો તેમના તરફનો સ્નેહ બન્ને વ્યક્ત કરતો આ જન્મોત્સવ કલકત્તા મંડળની ઐતિહાસિક સ્મૃતિરૂપ બની ગયો.

✧

તા. ૩જીએ સવારે મંગળ પ્રવચનમાં સ્વપ્નાની વાત કરી સ્વામીશ્રી કહે :

'આજે હરિકૃષ્ણ મહારાજનાં (પોતે જેમની હંમેશાં સેવા કરતાં) દર્શન થયાં. સંતોએ ખીચડીનો થાળ કર્યો. પણ જુવાનિયા સંતો, તે પટની મૂર્તિને

ભંડારમાં ખીચડી ધરાવી દીધી. અને નાના ઠાકોરજી રહી ગયા. હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવવો જ ભૂલી ગયા. પછી મેં ખીચડી તૈયાર કરી અને નાના ઠાકોરજીને થાળ ધર્યો.'

સેવા-ભક્તિની પરાકાષ્ઠા આ સિવાય બીજા કયા પ્રસંગથી દર્શાવવી ? ઠાકોરજીમય બન્યા વગર આ ભાવનું દર્શન અશક્ય છે. સ્વામીશ્રીએ સૂચવ્યું કે તમે ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં, હાલતાં-ચાલતાં પોતના ઈષ્ટદેવને - પ્રગટ સત્પુરુષને સભારજો.

સેવા કાજ તન-મન દિયો, કિયો સમર્પણ આપ

એટલામાં ખબર આવ્યા કે ખડનો ખટારો આવ્યો છે, એટલે સ્વામીશ્રીએ તુરત વાતો બંધ કરીને સૌને સેવામાં મોકલ્યા. સ્વામીશ્રીની સરળતા પણ કોઈ હદ વગરની. ગમે તેવી ગહન વાતો થતી હોય, પણ બીજું કોઈ અગત્યનું કામ નીકળ્યું તો એ પ્રકરણને તુરત બંધ કરે.

સાંજે પણ એવું જ બન્યું. સ્વામીશ્રી દેરીમાં દર્શન, ધ્યાન કરીને બહાર નીકળ્યા ને મંદિરના ચોકમાં ખટારાએ પ્રવેશ કર્યો. સ્વામીશ્રીએ તુરત ગૌશાળા તરફ જવાનું નક્કી કર્યું. ત્યાં આવીને ઢોરને પાણી પીવાનો હવાડો છે ત્યાં પોતે ખુરશી ઉપર બિરાજમાન થયા અને સૌને હેતનો હૂંકારો કરીને સેવામાં જોડ્યા. ગુજરાતના મોટા મોટા શેઠિયા દોડી દોડીને ખડના ભારા ઉપાડે. આ જોઈને સ્વામીશ્રી ખૂબ મલકે અને હરિભક્તોને પણ વધારે પોરસ ચડે. કેટલાક વૃદ્ધ હતા તે પણ સેવામાં દોડ્યા, પણ સ્વામીશ્રીએ તેમને પોતાની પાસે બેસાડ્યા. સાંજનો ઢળતો પહોર હતો તેથી થોડી ઠંડીની લહર હતી, પણ સ્વામીશ્રી ધાબળો ઓઢીને લગભગ અડધો કલાક સુધી ત્યાં બિરાજ્યા. સૌને દર્શનનું અપાર સુખ આપ્યું.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા : 'સેવા કરે અને જ્ઞાન શીખે તે વધે.' પોતાને જેટલો કથાવાર્તાનો આગ્રહ તેટલો જ સેવાનો. આખી ઉંમર સેવાથી દેહ ઘસી નાખ્યો. પછી સેવાના પદાર્થપાઠ તો પોતાના ભક્તોને ભણાવે જ ને ! એમાં પણ છેવટ-છેવટ તો સેવાના નાના-મોટા અનેક પ્રસંગો યોજીને સ્વામીશ્રીએ સૌને અદ્‌ભુત સ્મૃતિ આપી. સેવા પણ વિવિધ પ્રકારની. ગટરો સાફ કરવાની હોય, ખોદકામ કરવાનું હોય, ઉકરડા ફેરવવાના હોય, ખેતરમાં નીંદવાનું હોય, ખડ ઉપાડવાનું હોય વગેરે નીચા પ્રકારની સેવામાં સ્વામીશ્રી સૌને જોડે. તે પણ

મોટા મોટા શેઠિયાઓ, કૉલેજના વિદ્યાર્થીઓ, પ્રતિષ્ઠિત ગૃહસ્થોને આજ્ઞા કરે અને તેમને કામ કરતાં જોઈ પોતે બહુ રાજી થાય. મનમાં કદાચ કોઈને સંકલ્પ થાય કે આવું કામ તો મજૂર-દા'ડિયા પાસે કરાવી લેવાય; પણ આવાં વચનો હોંશે હોંશે ઝીલી લેનારનું કામ થઈ જાય, અક્ષરધામનું ભાતું મળી જાય !

વળતી સવારે સ્વામીશ્રી મંગળ પ્રવચન આપી રહ્યા હતા. એવામાં ખબર આવ્યા કે બાણુંગારથી ખડનો ખટારો આવી ગયો છે. સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા. વાતો બંધ કરી, ખટારાવાળાને બોલાવ્યા. ત્યાં તો અડવાળના ભઈલુભા અને જગદીશભાઈ આવી પહોંચ્યા. પોતાની આજ્ઞાથી આવી રીતે દોડાદોડ કરતા અને સેવા કરતા આ બન્ને ભાઈઓને જોઈને સ્વામીશ્રી બહુ રાજી થયા. જાણે પોતાનો વહાલો દીકરો આવ્યો હોય એના કરતાં પણ અતિ અધિક ઉમળકાથી સ્વામીશ્રી બન્ને ભાઈઓને મળ્યા. આશીર્વાદ આપ્યા અને સમાચાર પૂછ્યા : 'ક્યારે આવ્યા ? ક્યાંથી આવ્યા ? કેટલું ખડ લાવ્યા ?' વગેરે.

પણ સ્વામીશ્રીના આ હેતના ઊભરાથી માણસ બાવરો બની જાય, દેહનું ભાન ભૂલી જાય, આ ખટપટની દુનિયાથી દૂર કોઈ દિવ્ય ભૂમિકાનો અનુભવ કરે. એ તો સ્વામીશ્રી જ્યારે આપણું કાંડું ઝાલીને, હસતાં હસતાં આપણને ઢંઢોળે ત્યારે જ આપણે ભાનમાં આવીએ કે સ્વામીશ્રી આપણને પૂછે છે ને આપણે એનો જવાબ આપવાનો છે.

આ દિવ્ય દર્શનની સમાધિમાંથી જાગ્રત થઈ બન્ને ભાઈઓએ બધા સમાચાર આપ્યા. સ્વામીશ્રીએ સભામાં ખડ મગાવ્યું, જોયું. બહુ રાજી થયા અને તુરત સૌ સંતો-હરિભક્તોને ખટારામાંથી ખડ ઉતારી - ગોશાળામાં લઈ જવા આજ્ઞા કરી. કટ કટ બધા ઊભા થઈ ગયા.

શિયાળાની કડકડતી ઠંડી. ખડના ઝીણાં ઝીણાં ડાભોળિયાં શરીરમાં ચોંટી જાય અને ખૂંચે. પણ સ્વામીશ્રીની આજ્ઞા મળતાં એક એવો આનંદનો - ઉત્સાહનો ઊભરો ચડી આવે કે સૌ દેહભાન જ ભૂલી જાય. જોતજોતાંમાં તો ખડનો ખટારો ખાલી થઈ ગયો.

❀ ❀ ❀

એવા તો અમારા પ્રમુખસ્વામી છે



એક દિવસ સ્વામીશ્રી બપોરની કથામાં વડતાલનું ૧૦મું વચનામૃત વંચાવતા હતા. તેમાં પ્રશ્ન આવ્યો કે સાધુરૂપે ભગવાનનું સ્વરૂપ હોય તો ત્રીસ લક્ષણે યુક્ત હોય.

સ્વામીશ્રીએ સભાને ઉદ્દેશીને પ્રશ્ન પૂછ્યો : 'આવું સ્વરૂપ કોણ ?'

'બાપા ! આપ.' હરિભક્તો બોલ્યા.

'એવા તો અમારા પ્રમુખસ્વામી છે, માટે એમને રાજી કરવા અને એ કહે તેમ કરવું.' સ્વામીશ્રીએ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ જણાવ્યો.

દયાળુ પ્રભુ અક્ષરપુરુષોત્તમ

એક વાર પૂજામાં ગુરુકુળના વિદ્યાર્થીઓ ઠાકરશી[૩૧] તથા શાન્તિલાલ (નોંધણાના) કીર્તન ગાતા હતા.

'બોચાસણમાં આવી બિરાજ્યા, ન પડી કોઈને ગમ,
દયાળુ પ્રભુ અક્ષરપુરુષોત્તમ...'

સૌ હરિભક્તોએ આ પંક્તિ ઝીલી લીધી અને સભામાં બ્રહ્માનંદ છવાઈ ગયો. જાણે સાક્ષાત્ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ દર્શન સ્વામીશ્રી દ્વારા દઈ રહ્યા છે, એવો દિવ્ય અનુભવ ત્યાં બેઠેલા સૌને થયો.

આ દિવસો દરમ્યાન સ્વામીશ્રી ઘાટમાં સ્નાન કરવા જવાની ઇચ્છા વારંવાર પ્રદર્શિત કરતા. જો કે દરરોજ સવારે કાન્તિભાઈ મિસ્ત્રી પાસે એક લોટો પાણી મગાવીને પોતાના સ્નાન કરવાના પાણીમાં નખાવતા. પણ સ્વામીશ્રીની ઇચ્છા જોઈને બપોરે ૪-૦૦ વાગે સ્વામીશ્રીના સ્નાનનો કાર્યક્રમ સંતોએ ઘાટમાં ગોઠવ્યો.

---

૩૧. હાલ, સાધુ નારાયણભૂષણદાસ.

ઘાટ પરનાં પગથિયાં પાસે ગરમ પાણી લાવ્યા. ઘાટનું પાણી તેમાં મેળવીને સ્વામીશ્રીને સ્નાન કરાવ્યું. સ્વામીશ્રી બોલ્યા : 'પહેલાં ઘાટમાં બહુ નાહ્યા, પણ આજે છેલ્લા ફેરી નાહી લીધું.'

સ્વામીશ્રીના મર્મભરેલા આ વાક્યનો ભેદ એ વખતે કોઈને પરખાયો નહિ.

તા. ૫મીએ સાંજે બગીચામાં લીંબડા આગળ શેરડી ઉત્સવ કર્યો હતો. હરિભક્તોને શેરડીનો પ્રસાદ વહેંચ્યો. પોતે પણ સુધારેલી શેરડીનો પ્રસાદ થોડો જમ્યા. સ્વામીશ્રીને શેરડી ઉપર રુચિ ખરી. પહેલાં ગામડાંઓમાં સાંજે વાડીએ સ્નાન કરવા જાય ત્યારે શેરડીનો વાઢ હોય તો શેરડી સુધરાવી ઠાકોરજીને મેવો ધરાવતા અને સૌને વહેંચી પોતે પણ થોડી જમતા.

બીજે દિવસે બપોરે ૧૧-૦૦ વાગે સંગ્રામજી હાઈસ્કૂલના મેદાનમાં સ્વામીશ્રીના પ્રમુખ સ્થાને યુવાનોની જાહેર સભા યોજાઈ હતી. જેમાં યુવા કાર્યકર પૃથ્વીસિંહ આઝાદે શૂરાતન ઉપર વાતો કરી હતી. હકાભાઈ તથા શંકર કવિએ પણ સૌને આનંદ કરાવ્યો હતો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. યુવકો તરફથી રામજી મંદિરમાં મોડી બપોરે સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા હતા.

ચિત્તના નિરોધથી પ્રાણનો નિરોધ

મુંબઈના જયસુખભાઈ કોઠારી તેમના વેવાઈ રતિભાઈ મહેતા સાથે અહીં દર્શને આવ્યા. તેઓ તીર્થયાત્રામાં નીકળ્યા હતા. રસ્તામાં કોઠારીએ તેમના વેવાઈને સ્વામીશ્રીના મહિમાની ઘણી વાતો કરી હતી, તેથી તેમને દર્શનની ઉત્કંઠા થઈ. તેઓ સીધા જ સ્વામીશ્રીના ઓરડા તરફ જવા લાગ્યા. સ્વામીશ્રી પોઢ્યા હતા, પણ પ્રેમીજન એટલે કમાડ ખોલી ઓરડામાં દાખલ થયા. સેવકોની રોકટોક ચાલી નહિ. ઊઠવાનો સમય થયો હતો. સ્વામીશ્રી જાગી ગયા. કોઠારીને જોઈને બહુ રાજી થયા, ભાવથી મળ્યા, આશીર્વાદ આપ્યા, પાસે બેસાડ્યા. કોઠારીએ પોતાના વેવાઈની ઓળખાણ આપી.

વનને વટી ગયેલા રતિભાઈ જ્ઞાનવૃદ્ધ પણ હતા. સદ્‌ગ્રંથોનું વાચન ઘણું કરેલું. મનમાં આત્મદર્શનની વાંછના હતી. અષ્ટાંગ યોગનો ચીલો લીધેલો, પણ ભૂલા પડવાના ભયથી ભોમિયાની શોધમાં હતા. સ્વામીશ્રીનો મહિમા સાંભળ્યો કે મોટા યોગી છે. તેથી જિજ્ઞાસા વધી હતી. પરિચય થયો.

તેમણે સીધો જ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'આત્મદર્શન કેવી રીતે થાય ?'

હીરાને ચળકતો કાચનો કટકો સમજીને બાળક પોતાની માને પૂછે :

'મા ! આ કેટલાનો ?' તો મા શું બોલે ? જેની કિંમત જ અંકાય તેમ નથી, તો પછી કયા શબ્દોમાં એ નાદાન બાળકને સમજાવે ! આત્માનું જ્ઞાન વેચાતું નથી, વેડફાતું નથી. ગુરુકૃપાથી મુમુક્ષુને જ મળે છે. સ્વામીશ્રીએ ઉત્તર ન આપ્યો.

રતિભાઈએ ફરીથી પૂછ્યું : 'વિવેકાનંદ સ્વામીને, રામકૃષ્ણ પરમહંસને આત્મદર્શન થયું હતું, તે આપણને કેવી રીતે થાય ? તેમણે યોગનો માર્ગ બતાવ્યો છે.' વગેરે બાબતો રતિભાઈએ રજૂ કરી.

સ્વામીશ્રી શાંતિથી સાંભળતા હતા. આપણો ભાવ, આપણી પાત્રતા તેઓ જાણે છે. બધું જ હસ્તામલક છે, પણ મનુષ્યભાવ ગ્રહણ કર્યો છે. રખે, એ દિવ્ય સ્વરૂપ કોઈ પિછાણી જાય ! એથી સમર્થ થકા જરણા કરે છે. સત્ પાત્રતા વગર બ્રહ્મરસ શેં વૃથા ઢાળવો ? છતાં કૃપા કરી બોલ્યા : 'આનો બીજો ઉત્તર છે; પણ તમને મનાય નહિ, તેથી ન કહેવાય.'

યોગની અટપટી અને આંજી દે એવી વાતો મનાય પણ અનુભવી પુરુષોનો ચીંધેલો સીધો સાદો માર્ગ સમજી ન શકાય, તેથી સ્વામીશ્રીએ કહ્યું. પણ રતિભાઈને ઉત્સુકતા વધી હતી. તેથી તેમણે ફરી ફરીને પ્રાર્થના કરી.

સ્વામીશ્રીએ નિખાલસભાવે ખુલાસો કર્યો : 'વૃત્તિથી ભગવાન રાખવાની વાત છે. અમારે તો આવો ભક્તિયોગ છે. બીજું અમારી પાસે નથી. અમે તમને નિષ્કપટભાવે કહીએ છીએ. તમારા મનમાં કંઈ બીજું ન સમજતાં.'

પછી ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૫મું વચનામૃત મારી પાસે વંચાવ્યું. શ્રીજી-મહારાજના શબ્દો... 'જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિશે જોડાણી તેને અષ્ટાંગ યોગ વગર સાધે સધાઈ રહ્યો.' આ કથનની વિશેષતા સમજાવી.

સ્વામીશ્રીની અનુભવ વાણીનું પાન કરી બન્ને ભક્તો કૃતાર્થ થયા. રતિભાઈને યોગનું રહસ્ય અને ભક્તિની મહત્તા સમજાઈ. તેમને જીવનમાં પ્રથમ વાર જ આવી દિવ્ય વિભૂતિનું દર્શન થયું હતું !

સ્મૃતિ અવશેષો

આ દરમિયાન રોહિશાળાના વલ્લભભાઈ તથા મંડળના ઘણા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમને સ્વામીશ્રી સાથે ફોટો પડાવવો હતો. તેથી કૅમેરામૅનને તૈયાર કર્યો. સ્વામીશ્રીને વાત કરી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'છેલ્લી વારના ફોટા લઈ લો પછી આ દર્શન નહીં મળે !'

વલ્લભભાઈ તથા હરિભક્તોએ પૂછ્યું : 'બાપા ! છેલ્લીવાર એટલે શું ?'

પરંતુ સ્વામીશ્રીએ મર્મમાં સ્મિત કરતાં સમાધાન આપી દીધું.

વડતાલના રામભાઈ શંકરભાઈ પટેલ તેના મિત્ર સાથે સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સ્વામીશ્રીને સભામાંથી ઊઠવું હતું. એમની ગરમ સપાટ થોડે દૂર પડી હતી. સ્વામીશ્રીએ રામભાઈને સપાટ લઈ આવવાનું કહ્યું. રામભાઈએ તથા તેના મિત્રે સ્વામીશ્રીને તેઓના પગ પાસે બેસીને એક એક સપાટ પહેરાવી.

પ્રસંગ તો એકદમ સામાન્ય હતો, પરંતુ સ્વામીશ્રીએ આ નાનકડી અને સામાન્ય સેવા આપીને બન્ને મિત્રોને જીવનભરની સ્મૃતિનું અમરભાથું બાંધી આપ્યું હતું. જે સ્મૃતિ વાગોળવાથી જીવનમાં અખૂટ બળ-પ્રેરણા-શાંતિ તેઓએ અનુભવી.

વસોના રતિલાલ માસ્તરને સ્વામીશ્રી તરફથી સંદેશો હતો કે 'ગોંડલ દર્શને આવી જાવ.' પરંતુ તેમને આંખની તકલીફ, એટલે એકલા આવી શકાય તેમ નહોતું. જમવા વગેરેની બધી સગવડ સચવાય તો જ જવાનું શક્ય બને તેમ હતું.

તા. ૧૧-૧૨-'૭૦ના રોજ રાત્રે તેમને સ્વપ્નદર્શન થયું. સ્વામીશ્રીએ તેમને સ્વપ્નમાં ગોંડલ જલદી આવી જવાની આજ્ઞા કરી, અને ત્રણ-ચાર ભક્તોનો સંગાથ પણ મળી ગયો.

અક્ષર દેરીમાં સ્વામીશ્રીનાં દર્શન થયાં. બીજે દિવસે કહે : 'આપણે કોસીન્દ્રામાં મંદિર કરવું છે અને બામણગામમાં પારાયણ કરવું છે. બન્ને કાર્યો પ્રમુખસ્વામીના હાથે થશે.'

રતિભાઈને સ્વામીશ્રીના સંકલ્પમાં રહેલો મર્મ ન સમજાયો. સ્વામીશ્રીએ પોતાના પ્રગટ સ્વરૂપની ઓળખાણ આપી હવે લીલા સંકેલવા વિચાર્યું હતું, તે તેઓ ન કળી શક્યા.

ઐસે દૂર હજૂર સોઈ યહ, તામેં ચિત્ત ઠેરાવે

તા. ૧૩મીએ સવારે ૧૦-૦૦ વાગે આરામ કરી, પથારીમાં બેઠા થયા ને વાત કરતાં કહ્યું : 'કોણ કોણ હાજર છે ? આવો વાત કરીએ.'

ગુણવંતભાઈ પાસે ગયા. સ્વામીશ્રી બોલ્યા 'આજે પૂનમ છે. બોચાસણમાં દસ હજાર હરિભક્તો આવ્યા હશે. ઘનશ્યામ મહારાજ સભામાં બેઠા હશે. પ્રમુખસ્વામી બેઠા હશે. પૂજન થતું હશે. આવી સ્મૃતિ અખંડ રહ્યા કરે છે. એક સમૈયો મૂક્યો નથી. પણ માંદા પડ્યા એટલે કોઈ જવા ન દે. તેથી સ્મૃતિ કરું. એટલે બધું ઇદમ્ દેખાય છે.' એમ પોતાની વ્યાપક શક્તિની વાત કરી.

અક્ષરધામ સમા અક્ષર મંદિરના પ્રાંગણમાં સાંજના સુમારે એક નવું - અનેરું દર્શન થાય. શિયાળાના દિવસો એટલે ઠંડીનો ચમકારો થાય. પવનના સૂસવાટા પણ ખરા. ત્યાં હરિભક્તોનું એક ટોળું અહીંથી તહીં ભાગતું દેખાય. કોઈ અથડાતું હોય, કોઈ પછડાતું હોય, પણ લોહચુંબકના આકર્ષણની જેમ સૌ ખેંચાતા હોય. બધાની વૃત્તિ એક જ તરફ કેન્દ્રિત હોય. એ લોહચુંબક કહો કે ચમકપહાણ - સ્વામીશ્રીની એ મૂર્તિ પાછળ સૌ ઘેલા હોય. માથે ગરમ ટોપી, શરીર ઉપર ગરમ ધાબળો, ચરણમાં ગરમ પગરખાં, પગથી માથા સુધી ઢંકાયેલા, માત્ર મુખારવિંદનાં સહેજ દર્શન થાય. ક્યારે સ્વામીશ્રીની દિવ્ય દૃષ્ટિનું એક મોતી મળી જાય, એ દિવ્ય હાસ્યનું એકાદ પુષ્પ ઝીલી લેવાય, એ ધન્ય પળને માટે તો સૌ અધીરા બનીને દોડતાં જણાય.

અક્ષર દેરીમાં ઉત્થાપનનાં દર્શન કરી, ધ્યાન કરી, સ્વામીશ્રી સૌને દેરીનો અદ્‌ભુત મહિમા સમજાવતા. પછી મંદિરની વિવિધ પ્રવૃત્તિઓનું આછેરું, પણ સૂક્ષ્મ અવલોકન કરતાં સ્વામીશ્રી ઘાટ ઉપર, લીંબડા તળે કે વાડીમાં સભા કરતા.

આજે રવિવારનો દિવસ હતો. સભાનું સ્થાન સ્વામીશ્રીએ પાછળ ચોકમાં લીંબડા નીચે નક્કી કર્યું હતું. સભામાં જતી વખતે, ઓરડામાંથી નીકળતાં સ્વામીશ્રીએ સેવકોને કહ્યું : 'આજે રવિવારનો દિવસ છે. માણસો ઘણાં આવે, (દર્શન કરવા, ફરવા) તો પગીને દરવાજે બેસાડજો.' મંદિરને દરવાજે ઊભા રહેતા પગીની જવાબદારીનો પણ સ્વામીશ્રી આટલો બધો ખ્યાલ કરતા.

ઘણી વાર પગીને બોલાવતા. 'રાત્રે બરાબર જાગે છે કે કેમ ? ડંકા સમયસર મારે છે કે કેમ ?' વગેરે બાબતો પૂછી લેતા. સુંદર ગણવેશ (યુનિફૉર્મ) પહેરી, મંદિરનો બિલ્લો લગાડી, હાથમાં ડંકો રાખી, છટાદાર ઊભા રહીને, ખબરદાર રીતે સેવા કરવા પગીને આજ્ઞા કરતા. પોતાને આશરે રહેલા, દેવની સેવા કરતા મનુષ્યો કર્મકુશળ પણ બને, તે સ્વામીશ્રી હંમેશાં ઇચ્છતા.

દિવ્ય વિચરનારા હેઠા પડ્યા !

આજે રવિવારની સભા હતી. મંદિર પાછળના નાનકડા ચોકમાં, શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના લીંબડા તળે સ્વામીશ્રી પધાર્યા. બે-ત્રણ ધાબળાઓથી વીંટળાઈને સ્વામીશ્રી બિરાજ્યા. સંતો-હરિભક્તો પણ નિજનિજનાં સ્થાને ગોઠવાયા. ધૂન, પ્રાર્થના પછી 'પત્રિકા'નું વાચન શરૂ થયું.

'સ્વામીશ્રીનું દિવ્ય વિચરણ' એવું મથાળું વંચાયું. આ સાંભળી ધાબળો

પગ નીચે દબાવતાં સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા. 'દિવ્ય વિચરણ તો પડ્યા છે, કોઈ ભાવેય પૂછતું નથી.' એકદમ આનંદમાં આવી જઈ, બે હાથે તાળી વગાડી, હાથ ઘસતાં ઘસતાં સ્વામીશ્રી બોલ્યા.

સભામા હાસ્ય ફેલાયુ. સૌના અતરમા એક પડઘો પડ્યો. પોતાના શબ્દ-ચિત્રમાં પોતાની જ અવગણના ! પોતે હવે કંઈ હરી-ફરી શકતા નથી. પહેલાં કેવું વિચરણ કરતા ! જ્યાં દીવો ત્યાં દાતણ નહિ. એક ગામથી બીજે ગામ, ખોરડે ખોરડે અવિરત પધરામણી. હરિભક્તો કેવા રાજી થતા ! પ્રગટના સંબંધથી સૌનાં હૃદયમાં શ્રીજી પ્રત્યેની ભક્તિના-શ્રદ્ધાના ભાવ ઊભરાતા. અલૌકિક સમાસ થતો. જો કે પોતાના દેહના તો ચૂરેચૂરા થઈ જતા. પણ પોતાની એમને ક્યાં પડી હતી ? એ અદ્ભુત, અવિરત વિચરણ, આજે બંધ પડ્યું હતું. સદાને માટે હવે આ દેહે બંધ થવાનું હતું. એ તો એમને જ ખબર હતી. આ શબ્દોમાં એ અંતરવ્યથા હતી.

આ શબ્દોમાં એક ટકોર પણ હતી. હવે આ દર્શન ફરી નહિ મળે, માટે ધરાઈ ધરાઈને કરી લો. હવે આ સમાગમ ફરી નહિ મળે. માટે તક ઝડપી લો. અને કર્યું પણ એવું. આ સમયે ગોંડલમાં જે જે ભાવથી દોડી આવ્યા, તેમને સુખ આપવામાં કોઈ કમી રાખી નહિ. છેલ્લું ભાતું બાંધી આપ્યું.

પ્રીતની નિત નિત નૌતમ રીત

સ્વામીશ્રી ભક્તો પર કેવું વાત્સલ્ય અને પ્રેમ વરસાવતા તે અનેક પ્રસંગે વિવિધ રીતે જોવા મળતું.

આણંદ એગ્રિકલ્ચર કૉલેજના વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળ્યા હતા. તેઓ ગોંડલ દર્શને આવ્યા. સ્વામીશ્રીએ સર્વ વિદ્યાર્થીઓની સારી સરભરા કરાવી. પર્યટનના સંચાલક ડૉ. જસાણીને આત્મીયતાથી ડૉ. રણછોડભાઈના ખબર-અંતર પૂછ્યા. અને બાલમુકુંદદાસ સ્વામીને અક્ષર દેરીમાંથી હાર મગાવવા કહ્યું.

હાર આપતાં ડૉ. જસાણીને કહ્યું : 'આ હાર અમારા રણછોડભાઈને આપશો. આ પ્રસાદીનાં પુષ્પનો હાર સાચવીને રાખી મૂકે.'

રણછોડભાઈને જ્યારે એ હાર પ્રાપ્ત થયો, ત્યારે તેઓ અત્યંત ગદ્ગદિત થઈ ગયા. સ્વામીશ્રીના પ્રેમના પ્રતીક સમાન એ હાર ડૉ. રણછોડભાઈને માટે શાશ્વત સુખનું પ્રતીક બની ગયો.

સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે હરિભક્તોનો પ્રવાહ ચાલુ રહેતો.

સ્વામીશ્રી સૌને મળે-હળે, વાતચીતથી સુખિયા કરે. સૌ સૌની જરૂરત પ્રમાણે ઉતારા, પાગરણ, જમવા વગેરેની વ્યવસ્થાનું પણ સ્વામીશ્રી ધ્યાન રાખે.

વિશેષતા એ હતી કે કથાવાર્તા - કીર્તન થતાં હોય ત્યારે પણ એ ચકોર દૃષ્ટિ સર્વત્ર ફરી વળે. નાનામાં નાનો માણસ સભામાં હાજર ન હોય તેને સ્વામીશ્રી અચૂક સંભારે, બોલાવવા મોકલે. તે આવે એટલે એને ટકોર કરે : 'ગુરુ ! કથાવાર્તાના ટાણે હાજર રહેવું. સમાગમ કરવો, ધમાધમ નહિ.'

એ હેતના શબ્દો હૃદયમાં ઊતરી જાય. જેને જેને ટકોર કરી હોય તેનાં તો રોમેરોમ આનંદમાં હિલોળા લે : 'બાપાએ મને બોલાવ્યો !' બોંતેર કોઠા ટાઢા થઈ ગયા હોય એવા કેફ ચઢી જાય.

કથા-કીર્તનમાં કોઈ કાળે તૃપ્તિ ન પામવું

તા. ૧૪મીએ સવારે ૫-૩૦નો સમય હશે. સ્વામીશ્રી મંગળ પ્રવચન આપી રહ્યા હતા. વાતમાં અને વાતમાં સ્વામીશ્રીએ અડવાળના એક હરિભક્તને સંભાર્યા. દેખાયા નહિ. કોઈએ કહ્યું : 'તે નથી આવ્યા.'

'ક્યારે આવે છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'સવારે.'

'હજુ સવાર નથી પડ્યું ?' શિયાળાનો દિવસ એટલે અંધારું હતું.

'બાપા ! ઠંડી ખરી ને.'

'હં.... એમ કો'ને, બાપુને ઠંડી વધારે લાગે.' વાતનો તોડ કાઢતાં સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું.

મંદિરમાં આવીએ એટલે ટાણે ટાણે કથાવાર્તામાં હાજર રહેવું જ જોઈએ – એવો સ્વામીશ્રીનો અતિશય આગ્રહ. મહારાજે આસક્તિની વાત કહી : માર્ગે ચાલીને થાકી ગયો હોય, રોગાદિકે કરીને પીડાતો હોય, રાજ્ય સમૃદ્ધિએ કરીને અવરાઈ ગયો હોય, અપમાન થયું હોય, તોપણ કથાવાર્તાનો પ્રસંગ નીસરે, તો જાણે કંઈ થયું જ નથી એવો થકો કથા સાંભળવા તત્પર થઈ જાય (ગ.મ. ૨૯). વળી, મહારાજે કહ્યું છે જે, જેને કથાવાર્તામાં આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે, એમાં મોટા ગુણ નહિ આવે (ગ.અં. ૨૪). તેમજ મહારાજે કહ્યું છે : 'જીવતા શું પ્રાપ્તિ, તો કથા, કીર્તન કરતાં થકા જ દિવસ ને રાત્રિ વીતે છે (ગ.મ. ૬૬).

આ મુદ્દાઓ સ્વામીશ્રી ઘણી વાર કહેતા અને સાચા સંતના સમાગમનો

મહિમા સમજાવતા.

મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ આજના સ્વપ્નાની વાત કરી હતી. સ્વામીશ્રી કહે : 'એક ગામમાં શાસ્ત્રીજી મહારાજ અને અમે ગયા હતા. ગામનું નામ યાદ નથી. બીજા સંતો આવ્યા. શાસ્ત્રીજી મહારાજ એમની જોડે વાતો કરવા લાગ્યા. મને કહે : 'તમે ભાજી બનાવો.' તરત મેં ભાજી બનાવી. એવાં દર્શન થયાં...'

સ્વપ્નદર્શનમાં શાસ્ત્રીજી મહારાજ સાથેની સંલગ્નતા જ વિશેષ રૂપમાં પ્રગટ થતી. સ્મરણમાં પણ ગુરુસેવાનો આનંદ લૂંટતા સ્વામીશ્રી ભક્તિના સર્વોચ્ચ શિખરે બિરાજેલા જણાતા.

બરાબર બે દિવસ પછી સવારે સ્વામીશ્રી ઊઠ્યા. પછી કહે : 'આવો સ્વપ્નાની વાત કરીએ. આજે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી, બાળમુકુંદ સ્વામી (નાપાડના) ગાનામાં હતા. પછી શાસ્ત્રીજી મહારાજ મને કહે : 'મારું આસન કરો, પણ ઢોલિયો ન પાથરતા.' પછી મેં બે ગાદલાં પાથરીને શાસ્ત્રીજી મહારાજનું આસન કર્યું. શાસ્ત્રીજી મહારાજ પોઢી ગયા અને મને કહે : 'તમે મારી બાજુમાં સૂઈ જાવ.' મને એમ કે મારું આસન નિરંજન સ્વામીએ કર્યું હશે. તે હું નિરંજન સ્વામીને ગોતું, પણ મળ્યા નહિ. ત્યાં આરતી થઈ.'

સ્વામીશ્રીનાં દરેક સ્વપ્નદર્શનમાં, શાસ્ત્રીજી મહારાજનાં દર્શનની વાત આવતી. તેમના પ્રત્યેની અનહદ ગુરુભક્તિનાં જ દર્શન કરાવતા. વળી, ગુરુ-ગુણનું પણ દર્શન કરાવતા. શાસ્ત્રીજી મહારાજે સ્વપ્નાની અંદર પણ ઢોલિયો પાથરવાની ના પાડી, નીચે આસન કરવા કહ્યું. એ એમની અપાર સાદાઈ-સાધુતા દર્શાવતી હતી. આવા પ્રસંગોનું વર્ણન કરી સ્વામીશ્રી પોતાની પણ એવી રુચિ છે એમ જણાવતા.

આજે બે યાત્રાળુ-બસ આવેલી. સ્વામીશ્રીનાં દર્શન કરી સૌ યાત્રાળુ રાજી થયા. સ્વામીશ્રી બોલ્યા : 'નિત્ય બે બસ આવે છે. હવે મહિમા વધતો જશે. એમ મત્સ્યાવતાર થયો તેના જેવું થશે.' એમ બોલી બે હાથ વડે તાળી પાડી.

ધબ્બામાં ધામ પમાડે રે યોગી

આ અરસામાં પ્રવાસીઓની તથા વિદ્યાર્થીઓની બસો આવતી. નવા મહેમાન હરિભક્તો આવતા. સ્વામીશ્રી બધા સાથે વાતચીત કરતા જાય, પત્ર-વ્યવહાર સંભાળે, કથામાં પણ ધ્યાન આપે, ઉતાવળ થાય તો તરત જ ટોકે :

'ગુરુ ! વાત કરો.' મુખ પરનું દિવ્ય સ્મિત કદી વિલાય નહીં, કદી કંટાળો નહિ, કદી થાક નહિ. આગળ ઊભેલા દ્વારપાળો કોઈ હરિભક્તને પાછો કાઢે તો સ્વામીશ્રી તેને તરત જ પ્રેમથી પાસે બોલાવે અને હેતથી 'ધબ્બો' આપે. સવારથી સાંજ સુધીમાં સ્વામીશ્રી કેટલા 'ધબ્બા' આપતા હશે !

એક વડીલ હરિભક્તે કહ્યું કે 'આખો દિવસ ગાદી પર બેસીને આટલા 'ધબ્બા' જ મારવાના હોય તોપણ ગમે તે થાકી જાય !' પણ સ્વામીશ્રીને માપવા આપણો માપદંડ ક્યાંથી ચાલે ?

સાબરકાંઠાના એક હરિભક્તનો પત્ર હતો. તેમાં તેની દીકરીને ભૂતના વળગાડ સંબંધી લખ્યું હતું અને તે કષ્ટ દૂર થાય તે માટે આશીર્વાદ માગ્યા હતા. સ્વામીશ્રી હસીને બોલ્યા : 'અમે સાબરકાંઠા ગયા ત્યાં ડોશીઓના મંદિરમાં દસ ભૂત રહેતાં. પાણી છાંટ્યું ને ભૂત નાશી ગયાં. ત્યારે ઘરે ઘરે માતાના ઉપાસક. કોઈ મહારાજનું નામ ન લે. પછી મહારાજનો આશરો કરાવ્યો ને ૭૦ (સિત્તેર) નારિયેળ વધેર્યાં, તો આજે ઉપાસના શુદ્ધિ થઈ ને શાંતિ થઈ ગઈ.' એમ સભામાં વાત કરી સૌને ખૂબ જ હસાવ્યા.

આ દરમ્યાન નડિયાદના ભીખાભાઈ બેચરભાઈ પટેલ અને તેમનાં પત્ની સૌરાષ્ટ્રના પ્રવાસે ગયેલાં. ત્યાંથી તેઓ ફરતા ફરતાં ગોંડલ આવ્યાં. રામચંદ્રકાકા તેમની પાડોશમાં રહેતા, તેથી તેમણે મંદિરનું સરનામું આપેલ. અહીં મંદિરમાં આવ્યા બાદ નડિયાદના બીજા હરિભક્તો કૃષ્ણાભાઈ વગેરે તેમને મળી ગયા. અને સ્વામીશ્રીનાં દર્શને લઈ ગયા.

સ્વામીશ્રીએ તેમનો પરિચય પૂછ્યો. તો તેઓ કહે કે 'બાપા ! હું ખેડૂતનો પુત્ર છું અને શિક્ષકની નોકરી કરું છું - નડિયાદનો વતની છું અને માનવતાના ધર્મનું પાલન કરું છું.'

સ્વામીશ્રી બોલ્યા : 'અમારો પણ એ જ ધર્મ છે. માટે તમે કંઠી બાંધો.'

ભીખાભાઈએ જવાબ આપ્યો કે 'બાપા ! આવતીકાલે વિચાર કરીને કંઠી બંધાવીશ.'

આ જવાબ સાંભળી સ્વામીશ્રી તદ્દન નિર્દોષભાવે હસી પડ્યા. અને બોલ્યા : 'અમારા ખેતરમાં રાત્રે કોઈ પાણી પાનાર નથી અને ખેતરમાં ઘઉં વાવેલા છે, તો તમે રાત્રે ઘઉંના ખેતરમાં પાણી પાજો.'

સ્વામીશ્રીએ ભક્તિકિશોર સ્વામીને બોલાવી જરૂરી સૂચના આપી, ભીખાભાઈને કામ ઉપર ગોઠવી દેવા કહ્યું.

બીજા દિવસે સવારે તેઓ સ્વામીશ્રીનાં દર્શને ફૂટ લઈને આવ્યા. સ્વામીશ્રી સ્નાન કરીને બહાર આવતા હતા. અને ભીખાભાઈને જોયા એટલે તુરત જ રાત્રે પાણી પીવા બાબતની પૂછપરછ કરી. ત્યારે ભીખાભાઈ બોલ્યા કે 'સ્વામી ! ઘઉં ખૂબ સારા થયા છે અને ઉતારો ઘણો જ સારો થશે.'

આ સાંભળી ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા : 'ઘઉં પાકવાના જ નથી અને બધા ઘઉં વાઢી લેવા પડશે.'

આ સાંભળી ભીખાભાઈને થયું કે 'સાધુસંતોને ખેતીવાડી - વ્યવહારની શી સમજ પડે ?'[૩૨]

સ્વામીશ્રીની મર્મ, રહસ્યમય વાણી ભીખાભાઈની સમજમાં એ વખતે ન આવી.

સૂક્ષ્મ ભક્તિના ભોગી

તા. ૧૮મીએ સવારે ઊઠ્યા. પછી કહે : 'આજે સ્વપ્નું આવ્યું. આણંદ મંદિરમાં ઉપરના મેડે પ્રમુખસ્વામી બેઠા હતા અને નારાયણ ભગતને વાતો કરતા હતા. અહીં પાણી ભરે છે ઈ નારણ ભગત. હું મેડા ઉપર ગયો. પછી અક્ષરપુરુષોત્તમ અને ગોપાળાનંદ સ્વામી એ ત્રણ મૂર્તિઓનાં દર્શન થયાં. મૂર્તિઓ ખૂબ પ્રકાશમાન શોભતી હતી. ૧૧-૩૦ વાગ્યા હતા. મને થયું ૧૧-૩૦ થયા છે તો ઠાકોરજીને પોઢાડી દઉં. તે પોઢાડી દીધા અને નીચે આવ્યો. ત્યાં આરતી થઈ (અક્ષર મંદિરમાં સવારે ૫-૦૦ વાગે મંગળા આરતી થાય છે તે) ને કાંતિભાઈને કહ્યું : 'બારણું ખોલો.' ને મનને આરતીમાં મોકલ્યું. અહીં સમર્તિ કરીએ (આરતીની). અને મનને ત્યાં મોકલીએ.'

સ્વામીશ્રીએ હંમેશને માટે આજ્ઞા જ કરી રાખી હતી કે સવારે મંગળા આરતી થાય એટલે ઓરડાનાં કમાડ ખોલી જ નાખવાનાં. જેથી આરતીનો અવાજ (ઘંટારવ) સંભળાય. પોતાની પાસે તે વખતે કોઈ સેવક કે હરિભક્ત બેઠા હોય તે દરેકને સ્વામીશ્રી અચૂક આરતીમાં મોકલી આપે. અને ધીરેથી આજ્ઞા કરે : 'મારા વતી દર્શન કરજો. દંડવત્ કરજો. મને સંભારજો. હું મનથી આરતીનાં - ઠાકોરજીનાં દર્શન કરીશ.'

---

૩૨. સ્વામીશ્રી ધામમાં પધાર્યા ત્યારબાદ સ્વામીશ્રીને અગ્નિસંસ્કાર કરવા માટે ઘઉં વાવેલા તે જ જગ્યા પસંદ કરવામાં આવી અને ઘઉં તૈયાર થયા પહેલાં જ વાઢી લેવામાં આવ્યા !

આ ઘર નહિ ?

આ સમયે બે યુવકો સ્વામીશ્રી પાસે રજા લેવા આવ્યા. તેઓ આગલે દિવસે સાંજે જ બહારગામથી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અને બીજે દિવસે સવારે તો ઘરે પાછા જવાની સ્વામીશ્રી પાસે રજા માગી : 'બાપા ! અમે જઈએ છીએ.'

'આજનો દિવસ રોકાઈ જાવ ને !' સ્વામીશ્રીએ હેતથી આગ્રહ કર્યો.

'બાપા ! અમે કાલે સાંજે આવ્યા હતા. એક દિવસ રહ્યા.' તેઓએ સતોષ વ્યક્ત કરતા કહ્યું.

'ઘેર કેટલા દિવસ રહ્યા ?' સ્વામીશ્રીએ એકદમ ભાવમાં આવીને પૂછ્યું.

સ્વામીશ્રીના આ પ્રશ્નથી તેઓ શરમાઈ ગૂંચવણમાં પડ્યા. પછી કહે : 'ઘરે તો રહીએ જ છીએ ને !'

'આ ઘર નહિ ?' સ્વામીશ્રીએ ફરી એવો જ પ્રશ્ન પૂછીને તેમને મૂંઝવણમાં મૂક્યા. 'ઘરે તો સો વરસ રહ્યા અને અહીં એક દિવસ પણ નહિ !' સ્વામીશ્રીએ મીઠાશથી કહ્યું.

આ સહજ અને સરળ પ્રશ્નોત્તરમાં સ્વામીશ્રીએ બન્ને યુવકોને સત્સંગનો મહિમા સમજાવ્યો અને કર્તવ્યનું ભાન કરાવ્યું. પછી બહુ જ હેતથી કહે : 'આજે તો રજા આપીએ છીએ, પણ પછી સમૈયામાં - સમાગમમાં આવવું, રહેવું, આમ એક દિવસ આવીને ચાલી જવું નહિ.'

બન્ને યુવકોને થાપા મારીને આશીર્વાદ આપ્યા. તેમની ભૂલનો ભાર હળવો કર્યો. સંતોને આજ્ઞા કરી કે એ બન્ને યુવકોને સારી રીતે જમાડીને પ્રસાદ આપીને મોકલવા.

સંસ્કાર પોષક

લંડનથી નવીનભાઈ સ્વામિનારાયણનાં કુટુંબીજનો અને તેમનો નાનો બાબો ગોંડલ આવેલાં. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અક્ષર દેરીએ બાબાના વાળ ઉતારવાની બાધા મુકાવવા માટે જ સૌ ખાસ લંડનથી અહીં સુધી આવેલાં. તેમનો આવો દાખડો જોઈને સ્વામીશ્રી બહુ રાજી થયા અને યુવકો પાસે તેમની બહુ સંભાળ રખાવતા. અક્ષર દેરીનો મહિમા સમજીને, સત્પુરુષને રાજી કરવા જે દૂર દૂરથી હરિભક્તો સમાગમ કરવા ગોંડલ આવતા, તેમના ઉપર સ્વામીશ્રી

અત્યંત રાજીપો બતાવતા.

બાબાના વાળ ઉતરાવ્યા. સ્વામીશ્રીએ તેને અક્ષર દેરીએ પગે લગાડ્યો. સ્વહસ્તે મુંડનમાં કંકુથી સ્વસ્તિક અને ચાંદલા કર્યા. બાબાના કપાળમાં પણ પોતાના જમણા અંગૂઠાથી ચાંદલો કર્યો. તેનું નામ 'સુહૃદ' પાડ્યું. અને રાજી થકા ખૂબ આશીર્વાદ આપ્યા.

તેઓ રજા લઈને નીકળ્યા. પછી સ્વામીશ્રીને સાંભરી આવ્યું કે 'તેમને પ્રસાદ આપ્યો છે કે નહિ ?' એટલે તપાસ કરાવવા યુવકોને સ્ટેશને મોકલતા હતા. પણ કોઈએ કહ્યું કે 'પ્રસાદ આપી દીધો છે;' ત્યારે પોતે રાજી થયા.

આવી રીતે નાના-મોટા હજારો હરિભક્તોની દરેકે દરેક બાબતોની ખબર સ્વામીશ્રી પોતાના ઓરડામાં રહ્યાં રહ્યાં રાખતા હતા. પોતાના ભક્તોને માટે જ એમનું જીવન છે, ભક્તો જ એમનું સર્વસ્વ છે, એવું સૌને દર્શન થતું હતું.

પોતાના આશ્રિતજનો સત્સંગ પરાયણ થાય, ગુણાતીત જ્ઞાન જીવનમાં - વ્યવહારમાં ઉતારે, સિદ્ધ કરે, એવું સ્વામીશ્રીને હંમેશા તાન રહેતું. સ્વામીએ વાતુંમાં કહ્યું છે કે 'જેનો દીકરો કમાઉ થાય, તેણે તો ઘરે ન રોકાતાં ભગવાન જ ભજવા.' નવીનભાઈના પિતાશ્રી શાંતિભાઈ સ્વામિનારાયણ પણ આ પ્રસંગે ગોંડલ આવ્યા હતા. સ્વામીશ્રી તેમને ઘણી વાર સાધુ થવા માટે આગ્રહ કરતા અને કહેતા : 'તમે દેશ-પરદેશ જાવ અને સત્સંગનો પ્રચાર કરી શકો. તમને બધી ભાષાઓ આવડે, તમે બુદ્ધિશાળી એટલે અમે આજ્ઞા કરીએ છીએ.'

આ વખતે પણ સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'તમને બનાવવા (સાધુ) છે.' તેમણે થોડી મુદત માગી. એટલે સ્વામીશ્રી કહે : 'સવા વરસ નોકરી કરી લ્યો, પછી અમેરિકા મોકલવા છે. એક સેવક સાથે આપીશું.'

બાળક હોય કે વૃદ્ધ, યુવાન હોય કે પ્રૌઢ, દરેકને જગત તોડાવી ભગવાનમાં કેમ જોડવા એ જ વાત, વિચાર, આલોચ સ્વામીશ્રીની પાસે ક્ષણે ક્ષણે જોવા મળતો !

કાટ કાઢ્યો

નાતાલની રજાઓના દિવસો હતા. ઘણા હરિભક્તો, યુવકો સ્વામીશ્રીના સમાગમમાં આવતા હતા. સ્વામીશ્રી સૌને સુખ આપતા. યુવકો પ્રત્યે તો એમને પહેલેથી જ પક્ષપાત. રોજ રાત્રે સ્વામીશ્રીના ઓરડામાં યુવકોની સભા ભરાય. ગામના યુવકો પણ તેમાં હોય. પહેલાં સ્વામીશ્રી સંતો પાસે વાતો કરાવે. પછી

પોતે આશીર્વાદ આપે, ખૂબ બળની વાતો કરે. યુવકોને, સંતોને પદ્માસન વળાવે. સાવધાન કરે ને ઉપદેશ આપે.

આ સભા દરમ્યાન સ્વામીશ્રીએ મંદિરમાં સેવા કરતા ઘણા યુવકોને ચા-દૂધ-કૉફી-ઉકાળો વગેરે ન લેવા માટે નિયમ આપ્યા. મંદિરમાં ચા બનાવનાર ભાઈ પણ ચા બનાવતાં બનાવતાં આખા દિવસમાં પાંચ-પચીસ કપ ચા પી જાય. તેને પણ સ્વામીશ્રીએ ચા મુકાવી દીધી. તે કરગરવા લાગ્યો : 'મારાથી ચા વગર નહિ રહેવાય.' પણ સ્વામીશ્રી આગળ મોળી વાત ચાલે જ નહિ. એવા તો બળના પડકારા, આશીર્વાદ ને લટકાંથી સ્વામીશ્રી સમજાવી દે કે મેરુ પણ ડગી જાય. ઠાકોરજીના પરોળિયા હરિભક્તને પણ ચા-પાનની સારી ટેવ. તેને પણ વાતવાતમાં પાણી મુકાવી, ટેવ છોડાવી. પોતાની સેવામાં રહેતા નાના-મોટા બધા જ યુવકોને પણ નાના-મોટાં વ્યસનો છોડાવ્યા. અક્ષર-પુરુષોત્તમ હાઈસ્કૂલના શિક્ષકોને પણ દૂધના નિયમ આપ્યા. ગુરુકુળમાં ભણતા કેટલાક મુમુક્ષુ યુવકોને પણ દૂધના નિયમ આપ્યા.

વટહુકમ

આજુબાજુનાં ગામડેથી જે કોઈ હરિભક્ત આવે તેને સ્વામીશ્રી ધર્માદાનું પૂછે.

એક વાર બપોરે પોતે અક્ષર દેરીમાં દર્શન કરવા પધારતા હતા. સામેથી દેવચડીના એક પટેલ આવતા હતા. તુરત સ્વામીશ્રીએ પૂછ્યું : 'ધર્માદો આપ્યો ?'

'બાપા ! બે-ચાર દિવસમાં પુગાડી દઈશ.' તેમણે કહ્યું,

સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી ગયા. ને કહે : 'કાલ ને કાલ લઈ આવો, 'વટહુકમ !' જાવ, ધર્માદો તુરત આપવો જોઈએ. ધર્મનું કામ તત્કાળ કરવું.'

સ્વામીશ્રીએ પટેલને ઘણી વાર ધર્માદા માટે પહેલાં કહેલું, પણ હંમેશાં ભૂલી જાય. સ્વામીશ્રીએ 'વટહુકમ' છોડ્યો ! પોતે આખી જિંદગી હરિભક્તોને માટે તન તોડી નાખ્યું હતું. તેથી હરિભક્તોને કહી શકે. હરિભક્તોને પણ સ્વામીશ્રીમાં એટલો બધો દિવ્યભાવ કે આવી રીતે જ્યારે માગીને ધર્માદો લે ત્યારે અંતરમાં અધિક આનંદને પામે.

તે પટેલ બીજે દિવસે જ ધર્માદાનો ઢગલો કરી ગયા.

અક્ષર દેરીમાં ધ્યાન, પ્રદક્ષિણા કરી સ્વામીશ્રી ઘણી વાર વાડીમાં પધારતા. પહેલાં ગૌશાળામાં જાય. ખૂબ જ ઝીણવટથી બધી પૂછપરછ કરે. કોઈ વાર ઘાસ

વગેરે વેરાયેલું હોય તો ટકોર કરે. ઘણુંખરું તો પૃથ્વીસિંહ બાપુ ગૌશાળા વગેરે ખૂબ જ સાફસૂફ રાખતા. બધાં ઢોરની ખબર લે. તેમના ચાર-પૂળાની પૂરેપૂરી વ્યવસ્થા કરે. પહેલાં અહીં શાસ્ત્રીજી મહારાજ અને સંતો રહેતા, તેથી સ્વામીશ્રી હંમેશાં ત્યાં જાય અને દર્શન કરે. કોઈ નવા હરિભક્ત આવ્યા હોય તો તેમને પણ પ્રસાદીના સ્થાનનાં દર્શન કરાવે.

મંગળ પ્રવચન !

ઢોરને માટે ઘાસચારાની વ્યવસ્થા પણ ઝાલાવાડમાંથી અને બીજાં ગામડાંઓમાંથી હરિભક્તો પાસે સેવામાં કરાવે. સ્વામીશ્રીના આજ્ઞાંકિત સેવકો – અડવાળના ભઈલુભા, જગદીશભાઈ, અમદાવાદનાં હેતાબાના જમાઈ પુરુષોત્તમદાસ તથા ભાણેજ છોટાભાઈ વગેરે પોતાના ખટારાઓમાં જુદે જુદે ગામથી ઘાસચારો ભરી આવે. ઘણુંખરું વહેલી સવારે ખટારાઓ મંદિરમાં આવી પહોંચે. સ્વામીશ્રી મંગળ પ્રવચન કરતા હોય ત્યાં સમાચાર આવે કે ઘાસનો ખટારો આવ્યો છે, એટલે સ્વામીશ્રી તુરત પડકારો કરે :

'હાલો, ઘાસના પૂળા ઉતારવા. જલદી જલદી ખટારો ખાલી કરી નાખો. એ જ મંગળ પ્રવચન !' એમ કહી પોતે એક ઘાસનો પૂળો જોવા માટે ઓરડામાં મગાવે. ખટારાવાળા પૂળા લઈ આવે ને સ્વામીશ્રી ખૂબ જ રસપૂર્વક નિહાળે ને વખાણ કરે : 'પૂળા બહુ સારા...' વગેરે.

આખી રાત ખટારો ચલાવીને, ઉજાગરો કરીને, થાક્યા-પાક્યા ખટારાવાળા પહોંચ્યા હોય, પણ સ્વામીશ્રીના આ શબ્દ સાંભળે ત્યાં તેમનો થાકમાત્ર ઊડી જાય. વળી, સ્વામીશ્રી તેમને પાસે બોલાવે, ખબર-અંતર પૂછે : 'ક્યારે નીકળ્યા હતા ? કેવી રીતે લાવ્યા ?' વગેરે. તે સાંભળી તેઓ બહુ રાજી થઈ જાય ને સ્વામીશ્રીનો ધબ્બો વાંસામાં પડે એટલે તો જાણે શાંતિનો શેરડો હૈયામાં પડી જાય. સ્વામીશ્રી તેમની પૂરી બરદાસ્ત જાતે કરાવે.

ગુજરાતના લાખોપતિ શેઠિયાઓ સ્વામીશ્રીનો શબ્દ પડતાં ધન-ધામ-કુટુંબ-પરિવાનું ભાન ભૂલી, ઘાસના પૂળા ઉતારવા મંડી પડે. ઘાસ કપડાંમાં ભરાઈ જાય, શરીરે ચોંટે, ખંજવાળ આવે, પણ કોઈ તેની દરકાર ન કરે. વળી, શિયાળાની કડકડતી ઠંડી. પણ બધા ને એક જ તાન રહે કે 'કેમ કરીએ તો બાપા રાજી થાય.' એ જ ઉમંગમાં સૌ દેહનું ભાન પણ ભૂલી જાય. અને ભજન કરતાં કરતાં ઘડી - બે ઘડીમાં તો સૌ ખટારો ખાલી કરી નાખે.

દેવ-દ્રવ્યના મુનિમ ને મંદિરના ધણી

મંદિરમાં રોજ રસોઈઓ ચાલે પણ શાકપાંદડું બજારમાંથી મગાવવું સ્વામીશ્રીને ગમતું નહિ. વાડીમાં શાક થયું હોય તે રોજ કરાવે. ગુજરાતમાંથી હરિભક્તો શાક લઈ આવે, ત્યારે બહુ રાજી થાય. ઘણી વાર રાજકોટથી પણ હરિભક્તો શાક લઈ આવે, તો પોતે રાજી થાય. પોતાની રસોઈ માટે પણ બહારથી ખાસ શાક મગાવવાની તેમણે ઘસીને ના પાડી હતી. કોઈ હરિભક્ત લઈ આવે તો કરવું, પણ મંદિરના ખર્ચે પોતાને માટે પણ શાક વગેરે કોઈ નાનો-મોટો ખર્ચ કરવામાં પોતે રાજી નહિ.

મુંબઈના કેશવચંદ્ર અમીન તરફથી ગોંડલમાં રહેતા તેમના માણસો નિયમિત શાક આપી જતા, તે સ્વામીશ્રી બહુ રાજી થતા. હરિભક્તો શાક-ફળફળાદિ વગેરે લઈ આવે તે પોતે દૃષ્ટિપ્રસાદી કરી, હરિભક્તોને ખૂબ આશીર્વાદ આપે. અમદાવાદના ખુશાલકાકા દર પૂનમે ખૂબ ફળફળાદિ લઈ આવે. સ્વામીશ્રી તે એકેએક વસ્તુ બરાબર નિહાળે ને ખૂબ રાજી થાય.

મંદિરનું નાનું-મોટું બધું જ કામ – ખેતરમાં નીંદવાનું, પાણી વાળવાનું, શાક ઉતારવાનું, સાફસૂફીનું, ગોશાળાનું, ઉકરડાનું, કડિયાકામ વગેરે કામકાજ સ્વામીશ્રી યુવકો અને હરિભક્તો દર્શન કરવા આવે ત્યારે તેમની પાસે સેવા-નિમિત્તે કરાવે. સૌ હરિભક્તો પણ ઉત્સાહથી મંડી પડે. ખાસ કરીને નડિયાદના કૃષ્ણાભાઈ વગેરે હરિભક્તો તેમજ રાજકોટ મંડળ આ બધી સેવાઓમાં હંમેશાં તૈયાર રહેતા. સાંજના સ્વામીશ્રી તેમને દર્શન આપવા પધારે ને અંતરનો રાજીપો બતાવે.

ધનુર્માસ ચાલતો હતો. સ્વામીશ્રી કથા પછી હંમેશાં મંદિર ઉપર દર્શન કરવા પધારતા. ઠાકોરજી આગળ ભણવાનાં પુસ્તકો-પાટી, પેન વગેરે પૂજારી ગોઠવે. આજે પાટીમાં ગીતાનો શ્લોક લખેલો. સ્વામીશ્રી હંમેશાં પાટીનું લખાણ વંચાવતા. આજના લખાણમાં એવો ભાવાર્થ હતો - 'પૃથ્વીમાં ગંધ હું છું, અગ્નિમાં હું...'

સ્વામીશ્રીએ આશ્ચર્યથી પૂછ્યું : 'ગીતાનો શ્લોક છે ?'

'હા, બાપા !'

પછી મેં પૂછ્યું : 'બાપા ! આ બધું મહારાજ કૃષ્ણમાં રહીને બોલ્યા છે ને ?'

સ્વામીશ્રી કહે : 'મહારાજ સાથે એને સાંધો નહિ.' એટલો મર્મ કરી

ઘનશ્યામ મહારાજના દર્શન કરવા લાગ્યા.

હેતના ટેભા

ડર્બનથી કાંતિભાઈ મકન આવ્યા હતા. સ્વામીશ્રીનાં પ્રથમ દર્શનથી જ તેમને અપાર હેત થઈ ગયું હતું. ડર્બનના ભક્તોએ તેમની સાથે સ્વામીશ્રી માટે હાથે ગૂંથેલી સુંદર ઊનની ધાબળી મોકલેલી. અક્ષર દેરીમાં તેમણે તે ધાબળી સ્વામીશ્રીને ઓઢાડી. ખરેખર, તે ધાબળીમાં હેતના ટેભા હશે તે તુરત સ્વામીશ્રીએ અંગીકાર કરી લીધી અને ઓઢી પણ ખરી ! મને ઘણું આશ્ચર્ય થયું. કારણ, કોઈપણ આવી સુંદર વસ્તુ સ્વામીશ્રી પાસે આવતી તે પોતે હંમેશાં ઠાકોરજીને માટે જ પૂજારીને અર્પણ કરી દેતા; પણ આ કદાચ પહેલો જ પ્રસંગ હતો, જેમાં સ્વામીશ્રીએ આટલી સહજતાથી આ ભેટ ગ્રહણ કરી. સાક્ષાત્ શ્રીજીમહારાજ જ એમનામાં રહીને ગ્રહણ કરી રહ્યા છે – એ ભાવ કદાચ છેલ્લા દિવસોમાં પોતાને પ્રગટ કરવો ન હોય !

પછી કાંતિભાઈએ સ્વામીશ્રી પાસે ફોટા ઉપર સહી માગી, ત્યારે સ્વામીશ્રી કહે : 'એમ ને એમ સહી ન મળે ! સો મહાપૂજા કરવી પડે.' એમ રમૂજ કરતાં તેમને સહી કરી આપી. અને મહાપૂજા પણ અક્ષર દેરીમાં કરાવી. તેઓ બહુ રાજી થયા.

એક ગુરુકી લાજ

તા. ૩૦-૧૨-'૭૦, રાત્રે ૯-૪૫ વાગે સ્વામીશ્રી યુવકોને સંબોધી રહ્યા હતા. આ રોજનો ક્રમ હતો. યુવકોને પદ્માસનમાં બેસાડી, સ્વામીશ્રી વાતો કરતા. આજે કહ્યું :

'આપણે એકત્ર થવું. હોલાઉપાડ કરવો. એક-મના થવું. તો આપણે જે ધાર્યું હોય તે કામ થાય. સંત, હરિભક્ત અને યુવક - ત્રણેય એક-મના થઈએ તો શ્રીજીમહારાજ રાજી થાય. મોટાપુરુષ રાજી થાય.

'આપણે યુવક અધિવેશન ભરવું છે. તો ગોંડલના ૫૦૦ યુવક થાય તો શોભે. વીસ હજાર યુવકો આવશે. મંદિર ખર્ચો ઉપાડશે.

'કોઈ હરિભક્ત કે બસ આવી હોય તો સરભરા કરવા મંડી પડવું : 'આવો, ઠંડું પાણી પીવો, ચા-કૉફી લાવું, ઉતારો કરો;' એમ સરભરા કરીએ તો તેમને ગુણ આવે.

'સેવા પણ મંદિરની કરવી. ચોક વાળવો, ખેતરમાં કામે જવું, ગૌશાળા સાફ કરવી. કોઠારીને પૂછવા જવું - 'કામ બતાવો;' તો રાજીપો થઈ જાય. આપણે નાસી જઈએ તો રાજીપો ન થાય.

'અમે શાસ્ત્રીજી મહારાજ પાસે પાંચ સાધુ હતા. દરરોજ પાંચેય આરતીમાં જતા. કોઈ હરિભક્ત આવે તો શાસ્ત્રીજી મહારાજ કહે : 'જાવ, જોગી ભંડારમાં છે.' દૃષ્ટિ પડી ગઈ છે તો સુખિયા છીએ. મોટાપુરુષને રાજી કર્યા છે તો કેફ રહે છે. તેમ દૃષ્ટિ પાડવી હોય તો સેવા-ભક્તિથી થાય છે. ખટપટ કે કોઈનું વાંકું બોલવાથી રાજીપો ન થાય. દેહને ન ગણવો. કામ પૂરું થાય એટલે કથામાં બેસીએ, પણ બહાર રખડવા નહોતા જતા.

'અમારો કંઠ બેસી ગયો છે. પણ તમે ગામમાંથી દાખડો વેઠીને, ટાઢને ન ગણીને, કષ્ટ વેઠીને આવ્યા ને પ્રેમ આવી ગયો તો વાતો કરી. અમે જો આવકાર આપીએ તો તમને ગુણ આવે.'

બેસતા વર્ષના આશીર્વાદ

તા. ૧-૧-'૭૧, સવારે ૬-૦૦ વાગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આજે બેસતું વર્ષ છે. તમામને ભગવાનમાં દૃઢ પ્રીતિ થાય તેવા આશીર્વાદ છે. આજે શુભ દિવસ ગણાય. નિર્દોષબુદ્ધિ, બધામાં દિવ્યભાવ રહે અને અભાવ-અવગુણ ન આવે, ભગવાન ને ભગવાનના ભક્તની સેવા થાય, કોઈનો અવગુણ આવ્યો હોય તો નીકળી જાય, એવા શાસ્ત્રીજી મહારાજ પાસે આશીર્વાદ લઈએ. શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ મળ્યા છે. કેટલો આનંદ ! કેટલો કેફ ! સદ્‌ભાવ જેવી સેવા નથી. અસદ્‌ભાવ એ જ વાસના. આપણે ભીડો વેઠવો, પણ સેવા ન કરાવવી.'

બીજે દિવસે પૂજા વખતે ઉપર ઠાકોરજીની શણગાર આરતીનાં જલદી દર્શન કરી, પાછા આવનાર હરિભક્તોને સ્વામીશ્રીએ પ્રેમથી કહ્યું :

'આરતી જ્યાં સુધી પૂરી થાય ત્યાં સુધી ઠાકોરજીનાં દર્શન કરવાં. ઠાકોરજીના શણગાર નીરખીને દર્શન કરવાં. હાથમાં, પગમાં, માથામાં શું શણગાર છે, તેનાં ઝીણવટથી દર્શન કરવાં. જલદી જલદી દર્શન કરીએ તો દર્શનનું ફળ ન મળે. પહેલાં સંતો પૂછતા અને ભૂલ પડે તો ફરી દર્શન કરવા મોકલતા. જૂનાગઢમાં આવી પોલ ન ચાલે.'

પ્રાર્થનાથી ભગવાન માફી આપે છે

તા. ૩જીએ રવિવારે ગામોગામથી ઘણા હરિભક્તો આવ્યા હતા. જેમ વધુ યાત્રિકો તથા હરિભક્તો આવે, તેમ સ્વામીશ્રી બહુ રાજી થાય. સ્વામીશ્રી કહે : 'આજ તો સમૈયો થઈ ગયો.' સુરતથી બોઘા શેઠ ફૂલના હાર, ફૂલના મુગટ લાવ્યા હતા; તે અક્ષરપુરુષોત્તમ મહારાજને પહેરાવ્યા હતા. સાણંદ યુવરાજ તથા શાંતિકુમાર રાજા દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'સત્સંગે કરીને ભગવાન વશ થાય. ભગવાનના ગુણ ગાવા એ સત્સંગ. જેટલા ભગવાનના ગુણ ગાઈશું તેટલું આપણું કામ થશે. ભગવાન ગરીબના બેલી છે. ભગવાન પોતાના ભક્તની રક્ષામાં છે. ભગવાન દોઢ પહોર સુધી ગુના માફ કરે છે. આપણે ગુનેગાર છીએ, તો આપણે પ્રાર્થના કરીએ તો માફ કરે.'

હવે અમારે પણ તૈયારી કરવી પડશે

ડર્બનના કાંતિલાલ પરભુ મકનને ગોંડલ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઘણા દિવસો સુધી લાભ મળ્યો. અને છેવટે તા. ૯મીએ જવાનો વખત આવી ગયો.

અક્ષર મંદિરમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજે છેલ્લો દિવસ હતો. તેઓ વહેલા પરવારી સ્વામીશ્રીની પૂજામાં આવી પહોંચ્યા. કીર્તન ગવાઈ રહ્યાં હતાં. કાન્તિલાલે ઠાકોરજી તથા સ્વામીશ્રીનું પૂજન કરી, આરતી ઉતારી. સ્વામીશ્રીએ તેમને ખૂબ જ પ્રેમપૂર્વક આશીર્વાદ આપ્યા. અને પ્રસાદ, ગુલાબનું ફૂલ અને સત્સંગ મંડળ માટે મોટું પ્રસાદનું બૉક્સ આપ્યું.

તેમને એક બીજી ઇચ્છા હતી કે સ્વામીશ્રી ઘનશ્યામ મહારાજનો હાર પોતાને પહેરાવે. સ્વામીશ્રી જ્યારે પૂજા કરી ઉપર મધ્ય મંદિરમાં આરતી દંડવત્ કરવા લાગ્યા ત્યારે ઘનશ્યામ મહારાજને હાર પહેરાવતાં જે ગુલાબની પાંદડીઓ વેરાયેલી પડી હતી તે સ્વામીશ્રીએ કાંતિલાલને પાસે બોલાવીને આપી અને પ્રસન્નતા દર્શાવી. સ્વામીશ્રી કાંતિલાલનો પ્રસાદીનો હાર મેળવવાનો સંકલ્પ જાણી ગયા હતા, પણ હાર હજુ સવારમાં જ ઘનશ્યામ મહારાજને પહેરાવ્યો હતો. તે આખો દિવસ મહારાજની ડોકમાં રહે તો સૌને દર્શન થાય, એ હેતુથી સ્વામીશ્રીએ ફક્ત ગુલાબની પાંખડીઓ આપી; પણ કાંતિલાલને હાર મળ્યા જેટલું સુખ અને આનંદ પ્રાપ્ત થયાં.

બપોરે સ્વામીશ્રીએ સાથે પ્રસાદ લેવા બેસાડી પોતાના પત્તરમાંથી પ્રસાદી

આપી. આ રીતે કાંતિલાલ મકનનો પ્રસાદ લેવાનો ચોવીસ દિવસનો સંકલ્પ પણ પૂરો થયો.

સ્વામીશ્રી બપોરે આરામ કરીને ઊઠ્યા. ઠાકોરજીનો મેવો જમતા હતા ત્યાંય કાંતિલાલ બોલ્યા : 'બાપા ! હવે હું સાંજે જઈશ.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'હવે અમારે પણ તૈયારી કરવી પડશે !'

પછી તરત જ વાક્ય થોડું ફેરવીને બોલ્યા : 'હવે રાજકોટ જવું પડશે ને ! ઘણા દિવસ રહ્યા. હવે જવું જોઈએ ને !'

આ સાંભળી સંતોએ હાથ જોડી કહ્યું : 'બાપા ! અહીં તો દિવસ ગણવાના ન હોય. આ તો આપણું ઘર છે.'

સ્વામીશ્રીએ મંદ સ્મિત કર્યું. કહે : 'હા, એ વાત સાચી !'

સ્વામીશ્રીનું અંતિમ ક્ષૌરકર્મ ગોંડલમાં વનમાળીભાઈએ કર્યું. સુખડનું શુદ્ધ તેલ તેઓ સ્વામીશ્રીને ચોળતા અને વાંસે, પગે, હાથે બધે માલિશ કરતા હતા.

એ વખતે સ્વામીશ્રીને ઊંઘ આવી ગઈ. પછી થોડી વારે જાગીને કહે : 'તમે કેવું સરસ માલિશ કરો છો ! ઊંઘ આવી ગઈ ! ઝોલું આવી ગયું !' એમ હસતાં હસતાં નિખાલસતાથી બોલી ગયા. પછી વનમાળીભાઈને વારંવાર આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી તેમના ભક્તિભાવથી પ્રસન્ન હતા. આ તેમની સ્વામીશ્રીની અંતિમ સેવા હતી.

એમનું ગૌરવ વધારવું છે

થોડા સમય પછી ગોંડલમાં યુવક મંડળનું અધિવેશન યોજાવાનું હતું. તે અંગે મેં અને બાલુભાઈ બ્રહ્મભટ્ટે એક પરિપત્ર તૈયાર કર્યો હતો તે સ્વામીશ્રીને બતાવવા લઈ ગયા. સ્વામીશ્રીએ બહુ ઝીણવટથી જોયો. પછી હસતાં હસતાં કહે : 'આમાં પ્રમુખસ્વામીનું નામ ક્યાં છે ?'

'બાપા ! ભૂલી ગયા.'

'નો ભૂલવું. આપણે એમનું ગૌરવ વધારવાનું છે. માટે બે શબ્દ ખાસ ઉમેરો.' સ્વામીશ્રીએ પ્રમુખસ્વામીનું નામ ઉમેરાવી, એમના સાંનિધ્યમાં જ એ અધિવેશન ઊજવાય તેમ યોજના ગોઠવી. પોતે સ્થૂળ દેહે ઉપસ્થિત ન રહ્યા, છતાં પ્રમુખસ્વામીને વારસો આપ્યો છે તે રહસ્ય આ પ્રસંગે છતું કરી દીધું.

❀ ❀ ❀

હિંદુ ધર્મના રક્ષણની ઘોષણા



તા. ૧૦મીએ અમદાવાદવાળા સોમચંદ શેઠ તથા મંડળ તરફથી પારાયણની પૂર્ણાહુતિ થઈ.

સાંજે ૭-૦૦ વાગે ટાઉનહૉલમાં વિશ્વહિંદુ પરિષદના ઉપક્રમે યોજવામાં આવેલ જાહેર સભામાં પધાર્યા. કે.કા. શાસ્ત્રીજીએ પરિષદ વતી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આજે ગોંડલને આંગણે હિન્દુ પરિષદનો લાભ મળ્યો. બહુ મોટાં ભાગ્ય ગણાય. અમે એવાં કાર્ય કરવા તૈયાર જ બેઠા છીએ. શ્રીજીમહારાજ પણ આવાં કાર્યો કરતા. ધર્મ એક જ છે એમ માનીએ તો કામ થાય. અમે આફ્રિકા અને લંડન ગયા ત્યાં પણ હિન્દુ ધર્મ ઉપર જ વાત કરી છે. પરદેશમાં હિન્દુ ધર્મ છોડતા જાય છે. અમે જાહેર સભાઓ કરીને પણ એક જ વાત કરી કે હિન્દુ ધર્મ છોડવો નહિ.'

બીજે દિવસે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષા મહોત્સવ ઊજવવામાં આવ્યો. સભામંડપ શણગાર્યો હતો. હિંમતનગર મહારાજાએ સ્વામીશ્રીની આજ્ઞાથી વાતો કરી. ભજન-કીર્તન બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આજ તો અલભ્ય લાભ મળ્યો છે. આત્યંતિક મુક્તિને પામ્યા છીએ. આજે અક્ષરધામ જવાની લૉટરી મળી. અંતકાળે આ સાંભરી આવે કે સમૈયો થયો અને આ બધું સાંભરે તો તેને કાંઈ કરવાનું ન રહે. અક્ષરધામમાં જ જાય.'

અલ્પ સેવામાં મહદ્ સેવાની સ્મૃતિ

અક્ષર મંદિરની ગૌશાળામાંથી દૂધનાં બોઘરણાં ચોરાઈ ગયાં. ભક્તિ-કિશોર સ્વામી તથા ગૌશાળાના સેવક પ્રેમજીએ સ્વામીશ્રીને આ વાત જણાવી.

સ્વામીશ્રી બહુ નારાજ થઈ ગયા. મીઠો ઠપકો આપતાં કહે : 'આપણું કામ એટલું કાચું. નહીંતર અક્ષર મંદિરનો માલ ચોરાય કેમ ?'

તા. ૧૨મીએ બપોરે જમ્યા પછી સ્વામીશ્રીએ અમદાવાદના પ્રભાશંકર પંડ્યા, કનુભાઈ જોશી તથા છોટાભાઈ પટેલને બોલાવ્યા ને વાત કરી : 'આપણાં દૂધનાં બોઘરણાં ચોરાયાં છે. માટે ત્રણેય એક એક બોઘરણું લાવી આપો. આ તમારી મોટી સેવા.'

ત્રણેય જણાએ બે હાથ જોડી આજ્ઞા સ્વીકારી લીધી. પછી ભક્તિકિશોર સ્વામીને બોલાવી કહ્યું : 'આપણી મોટર લઈને સાથે જજો. આ હરિભક્તો જેવાં જોઈએ તેવાં બોઘરણાંની સેવા કરશે.'

સાંજે આરતી સમયે બોઘરણાં ખરીદી લાવ્યા. તે બહુ નાનાં મળ્યાં હતાં. તેથી તેઓએ પિત્તળની મોટી ત્રણ ગોળીઓ પણ ખરીદી હતી. સ્વામીશ્રીએ વારાફરતી ત્રણેય ગોળીને હાથમાં લીધી અને ચારેકોર ફેરવીને જોઈ, અંદર હાથ નાખીને ઊંડાઈ વગેરે જોયા.

પછી સ્વામીશ્રી બોલ્યા : 'પંડ્યા ! આ તમને ત્રણેયને અમે છેલ્લી માગણી કરી છે. આ તમારી છેલ્લી સેવા થઈ ગઈ.'

સ્વામીશ્રીના આ વાક્યનો મર્મ તો પ્રભાશંકર પંડ્યા તથા સર્વેને પાછળથી સમજાયો.

સાંજે લીંબડીના ભૂપેન્દ્રભાઈ તથા ચંદ્રકાન્તભાઈનો નાનો ભાઈ ઘનશ્યામ સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. ગુરુકુળમાં ભણતો ઘનશ્યામ જ્યારે પણ મૂંઝાતો, ઘર સાંભરતું, ત્યારે તેનો અભ્યાસ ન ખોરવાય અને ગુરુકુળમાં નભી જાય તે માટે સ્વામીશ્રી તેને ખૂબ સાચવતા. અભ્યાસ બાબત પણ પૂછપરછ કરતા. તેને લીંબડી જવું હતું તેથી સવારે જ સ્વામીશ્રીનાં દર્શન કર્યા વિના બસ સ્ટેન્ડ પર પહોંચી ગયો હતો. 'જો રજા લેવા જાય ને સ્વામીશ્રી રોકી રાખે તો ?' એ તેને બીક હતી. પરંતુ એકે બસમાં જઈ શક્યો નહીં. બધી જ બસો ભરચક આવતી. તેથી મન મનાવીને પાછો આવ્યો હતો.

રોજ કરતાં ઘણો મોડો આવેલો તેથી સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યાં ગયા હતા ? આજે મોડા કેમ આવ્યા ?'

'બાપા ! સવારના લીંબડી જવું હતું, પણ બસ ન મળી.' તેણે નિખાલસ થઈ કહી દીધું.

સ્વામીશ્રી કહે : 'અમને પૂછ્યા વિના ન જવાય. હવે અમે પણ જઈશું.

પછી તમારે જાવું શું ?' સ્વામીશ્રીએ તેની આંખોમાં અમીદૃષ્ટિ પરોવતાં કહ્યું. ઘનશ્યામ બહુ સમજ્યો નહીં.

એવામાં સ્વામીશ્રીએ પણ વાત ફેરવી : 'જુઓ, સવારે દર્શન કરીને લીંબડી જજો. આશીર્વાદ લઈને જઈએ તો રાજીપો મળે.'

આ દર્શન ફરી નહિ થાય

વિદ્યાનગરમાં પોલિટેકનિક કૉલેજના પ્રિન્સિપાલ મણિભાઈ સાહેબ સ્વામીશ્રીનાં દર્શન કરી ગોંડલથી આવ્યા ત્યારે સ્વામીશ્રીનો સંદેશો તેમણે આપાભાઈને આપ્યો : 'આપાભાઈ ! નોકરી-ધંધા બધું મળશે પણ આ દર્શન નહીં થાય. માટે ગોંડલ તરત આવી જશો.'

સ્વામીશ્રીના શબ્દો આપાભાઈના મનમાં સતત ઘોળાયા કરતા હતા : 'આ દર્શન ફરી નહીં થાય.' ચિત્ત વ્યગ્ર બની ગયું. જ્યાં જ્યાં નજર પડતી ત્યાં બધું ધૂંધળું ધૂંધળું લાગતું. કોઈ જગ્યાએ ચેન પડતું નહીં. અને કોણ જાણે સ્વામીશ્રીની પરમ કરુણા દૃષ્ટિથી ખેંચાઈને આપાભાઈ આજે (તા. ૧૨મીએ) ગોંડલ આવી પહોંચ્યા.

રસ્તામાં સખત ઠંડીને લીધે તેમની તબિયત બગડી. અને છાતીમાં ઝીણું ઝીણું દુઃખતું હતું. અક્ષર દેરીનાં દર્શન થતાં તેમને શાંતિ વર્તાવા લાગી.

સ્વામીશ્રીનાં દર્શન થતાં જ તેમની કરુણામય દૃષ્ટિ આપાભાઈ પર પડી અને બોલ્યા : 'આપાભાઈ ! આવી ગયા ને ! સારું થયું. અમારું અંતિમ વેણ ઉથામ્યું નહીં.'

સ્વામીશ્રીને દંડવત્ કરી આશીર્વાદ લીધા. આપાભાઈ આ શબ્દોનો મર્મ સમજ્યા. તેઓ કલ્પના કરતાં ધ્રૂજી ગયા. અંતરમાં વેદના થવા લાગી.

સાંજે બગીચામાં સ્વામીશ્રીએ શેરડી ઉત્સવ કર્યો અને સૌ સંતો-હરિભક્તોને અત્યંત પ્રેમપૂર્વક પ્રસાદી આપી. આપાભાઈને પણ પ્રસાદી આપી.

ત્યારે આપાભાઈએ કહ્યું : 'બાપા ! એક દિવસ રહી ભાદરા - ગુણાતીત-નગર દર્શને જવું છે, તો કેમ કરું ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'દસ દિવસ પછી મારે જવું જ છે. માટે હમણાં કાંઈ સંકલ્પ ન કરવો !'

આપાભાઈના મનમાં થયું કે સ્વામીશ્રી દસ દિવસ પછી કદાચ ભાદરા જવાના હશે, પરંતુ મારાથી દસ દિવસ રોકાઈ શકાય તેમ નથી. અથવા

સ્વામીશ્રીએ મારું કહેવું બરાબર સાંભળ્યું નથી.

તેમણે સંતોને સ્વામીશ્રીના અગાઉના કાર્યક્રમ અંગે પૂછ્યું, ત્યારે જાણવા મળ્યું કે 'સ્વામીશ્રીનો કોઈ કાર્યક્રમ નથી. કદાચ વસંત પંચમીએ અટલાદરા જાય પરંતુ એ પણ હજુ નક્કી નથી.' પરંતુ તેમને જે ખાતરી થઈ હતી કે સ્વામીશ્રી હવે આપણી વચ્ચે નહીં રહે, તે વાત મનમાંથી નીકળી ગઈ. તેમને થયું : સ્વામીશ્રીની તબિયત ઘણી સ્વસ્થ રહેશે.

રાજીપાનો સોદો

શેરડી ઉત્સવ કરી સ્વામીશ્રી ઉતારે પાછા આવી રહ્યા હતા. ચોકમાં લીંબડા પાસે રમણભાઈ શેઠ મળ્યા.

આશાભાઈ(પૂજ્ય મોટાસ્વામી)ના દીકરા રમણભાઈને યોગીજી મહારાજ અને સંસ્થા પ્રત્યે અતિ મમત્વ. સમૈયા-ઉત્સવોમાં આવે, સંસ્થાનાં કાર્યોમાં રસ લે, પણ કોઈને નમે નહિ. એક સ્વામીશ્રીને પગે લાગે. બાકી બધા સંતોને સાથે બેસે-ઊઠે ખરા, સંતો-હરિભક્તોને મળે, પણ જેમ રોજ સંતો-હરિભક્તો એકબીજાને મળે ત્યારે 'જય સ્વામિનારાયણ' કહી પગે લાગે, એવું બહુ રમણભાઈને ફાવે નહિ. જો કે મોટાસ્વામીની જેમ તેઓ પણ દિલના બહુ ચોખ્ખા અને ભોળા.

રમણભાઈ સામે મળ્યા એટલે સ્વામીશ્રીએ વ્હીલચૅર ઊભી રખાવી. પછી શેરડીનાં માદળિયાં રમણભાઈને આપવા લાગ્યા. તેમનો ખોબો ભરાઈ ગયો હતો. એટલે સ્વામીશ્રીએ તેમને ખમીસનો ખોળો કરવા કહ્યું અને એમાં ખોબે ખોબે શેરડીનાં માદળિયાં ભરી દીધાં. રમણભાઈ તો 'હં... હં...' કરતાં સ્વામીશ્રીની આ લીલા જોતા જ રહ્યા.

પછી ધીરેથી સ્વામીશ્રી રમણભાઈ શેઠને કહે : 'મારી એક વાત માનશો ?'

'શું ? કહો.'

'ના, તમે કહો હા, તો કહું.'

'વારુ માનીશ.'

તુરત સ્વામીશ્રી બોલ્યા : 'આજથી બધાને પગે લાગવાનું નિયમ લ્યો !' એમ કહી સંતો જે ત્યાં ઊભા હતા તેમને બધાને રમણભાઈ પાસે હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કહેવરાવ્યા. તે ક્ષણથી જ તેઓ સર્વને હાથ જોડી 'જય સ્વામિ-નારાયણ' કહેતા થઈ ગયા. તેઓ સ્વામીશ્રી સિવાય કોઈને નમે નહિ

અને કોઈનુંય સાંભળે પણ નહિ; પરંતુ આજે સર્વેને પગે લાગે એ જોઈ, દરેકને ઓર આશ્ચર્ય થયું. સમય આવતાં સ્વામીશ્રીએ ઘણાના આ પ્રશ્નનું એકાએક સમાધાન કર્યું અને નમ્રતાનો વિશિષ્ટ ગુણ રમણભાઈના જીવનમાં સહેજે સહેજે ઉમેરી દીધો.

કાલ કોણે દીઠી છે ?

ભરૂચથી વિઠ્ઠલભાઈ દર્શને આવી પહોંચ્યા. તેમને સ્વામીશ્રીએ પત્ર લખ્યો હતો કે 'આ પત્ર મળતાં તમે બધાં કામ પડ્યાં મૂકી ગોંડલ આવી જશો.' પત્ર વાંચીને તરત જ તેઓ ગોંડલ આવી ગયા હતા.

સ્વામીશ્રીએ રાજી થઈને તેમને આશીર્વાદ આપ્યા. ઉતારા-જમવા અંગે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! બધી વ્યવસ્થા થઈ ગઈ છે. આપની નાદુરસ્ત તબિયત છે. આપ મારી ચિંતા ન કરશો.'

'મકરસંક્રાંતિની સેવાનો શું સંકલ્પ છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'સંક્રાંતિમાં આપને ધોતિયાં ઓઢાડવાની સેવા કરવી છે, પરંતુ મકર-સંક્રાંતિ પરમ દિવસે છે.'

'કાલ કોણે દીઠી છે ? આજે જ ઓઢાડી દ્યો.' સ્વામીશ્રી એકદમ બોલ્યા.

પછી કોઠારમાંથી ધોતિયું મગાવ્યું. ત્યાં સુધી ખુરશીમાં બેસી રહ્યા. થોડી વારે સેવક ધોતિયું લઈ આવ્યા અને વિઠ્ઠલભાઈને આપ્યું. તેમણે સ્વામીશ્રીને ઓઢાડ્યું ને આજ્ઞા પ્રમાણે ભેટ-સેવા ઑફિસમાં લખાવી દીધી.

આમ, છેલ્લી સેવાનો લાભ આપી, સ્વામીશ્રીએ અનેક હરિભક્તોનાં હૈયાંમાં ચિરંજીવ સ્મૃતિ આપી દીધી હતી.

છેલ્લે વિમલનાં મલ ધોયાં

મુંબઈના હરિભક્ત ધારશીભાઈ મસાલાવાળા પોતાના પુત્ર નવીનભાઈની સાથે દર્શને આવ્યા હતા. નવીનભાઈને ત્રણ-ચાર માસના પુત્ર વિમલને અક્ષર દેરીએ પગે લગાડવાની માનતા હતી.

તેઓ સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવવા આ નવજાત શિશુને લઈને ગઈકાલે આવ્યા હતા; પરંતુ સ્વામીશ્રીએ કહેલું : 'કાલે લાવજો.'

'પણ બાપા ! અમારે વતનના ગામ કેશોદ જવું છે તો...'

'અહીં રોકાઈને જજો. અમે કહીએ પછી જવાનું. હમણાં રોકાવ.'


સ્વામીશ્રીએ પ્રેમથી કહેલું. તેથી સૌ રોકાઈ ગયા હતા.

આજે તેમને જોયા એટલે તરત પૂછ્યું : 'મુક્ત ક્યાં છે ? લાવો, વર્તમાન ધરાવવાં છે.'

નવીનભાઈ વિમલને તેડી લાવ્યા. સ્વામીશ્રીએ વર્તમાન ધરાવી કંઠી બાંધી, આશીર્વાદ આપતાં કહે : 'હવે જાવ, લાભ લીધો તે સંભારજો !'

સ્વામીશ્રીના વરદ હસ્તે આ છેલ્લાં વર્તમાન ધરાવી બાળક કૃતાર્થ થયો !

❀ ❀ ❀



જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ

દેવદિવાળી પછી હરિભક્તોની ભીડ જરા ઓછી હતી. આ વખતે શિયાળાની ઠંડી સ્વામીશ્રીએ માફક નહિ હોવાથી સંતો તથા હરિભક્તોએ સ્વામીશ્રીને મુંબઈ પધારવા વિનંતી કરી હતી. તેમજ જામનગર, જૂનાગઢ અને ગુજરાતના હરિભક્તોએ પણ સ્વામીશ્રીને પોતાને ત્યાં પધારવા વિનંતી કરી હતી. પણ દરેકને સ્વામીશ્રી એક જ ઉત્તર આપતાં પોતાના જમણા હાથની બે આંગળી બતાવે અને કહે : 'મારે બે મહિના ગોંડલમાં આરામ કરવો છે.'

અક્ષર દેરીના સાંનિધ્યમાં પોતાને ખૂબ જ આનંદ આવતો. નવા વર્ષના શુભ દિવસથી વહેલી સવારે વચનામૃતની કથા પછી સ્વામીશ્રીએ મંગળ પ્રવચન આપવાનું શરૂ કર્યું હતું.

નિત્યકર્મથી પરવારી દેરીમાં પૂજા કરતા. પછી દેરીમાં પુષ્પ ચઢાવે, દર્શન કરે અને ખુરશીમાં બેસીને પ્રદક્ષિણા કરે. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિને પુષ્પ ચઢાવે, મૂર્તિ જોઈને પોતે ઘણા રાજી થાય. કોઈ મોટા મહેમાન આવે તેમને અહીં ખાસ લઈ આવે અને દર્શન કરાવે. એક વાર તો કહે : 'પહેલાં ભક્તનાં (શાસ્ત્રીજી મહારાજનાં) દર્શન કરવાં અને પછી ભગવાનનાં (અક્ષર દેરીનાં) દર્શન કરવાં.'

પછી મંદિરમાં આરતી કરવા પધારે. 'ઠાકોરજીએ શું વાઘા પહેર્યા છે ? શું અલંકારો ધાર્યા છે ?' વગેરે પ્રશ્નો પૂજારી નિર્ગુણ સ્વામીને પૂછે. ખૂબ ઝીણવટથી દર્શન કરે. ક્યારેક 'આ વાઘા કયા હરિભક્તે કરાવડાવ્યા છે ?' તે પણ પૂછે. આરતી ઉતારતાં એવા તો મુજરા કરે કે આપણી દૃષ્ટિ સ્થિર થઈ જાય. ઘનશ્યામ મહારાજ સાથે વાતો પણ કરી લે અને હરિભક્તોની પ્રાર્થના હોય તે સંભળાવે. દરેક મંદિરમાં દંડવત્ કરે. પ્રદક્ષિણા ખુરશીમાં બેસીને કરે. અને લગભગ એકાંતરા હનુમાનજી, ગણપતિજીનાં દર્શન કરવા પધારે. બન્ને દેવતાઓને પુષ્પ

ચઢાવે. હનુમાનજીને પૂછે : 'દિલ્હી ગયા કે નહિ ?' દિલ્હીમાં મંદિરનું તથા સરકારનું બે કામ કરવા સ્વામીશ્રીએ હનુમાનજીને પ્રાર્થના કરી હતી.

મંદિરેથી નીચે ઊતરીને ચોકમાં ઊભા રહે અને મથુરભાઈ તથા કૃષ્ણાભાઈને યાદ કરે, ઉકાળા-નાસ્તા માટે સૌને લઈ જવા 'હરે'નો સાદ પડાવે. એ સાદ સાંભળી પોતે ખુશ થાય અને પછી જ ખુરશી આગળ ચાલે.

સભામંડપમાં શાસ્ત્રીજી મહારાજના ઢોલિયાનાં દર્શન તથા દંડવત્ કરે, ખુરશીમાં બેસી બે પ્રદક્ષિણા કરે. પછી સિંહાસનનાં દર્શન કરે અને છપૈયામાં મહારાજે જે પીપળા ઉપર ચઢીને મુમુક્ષુને નિહાળ્યા હતા તે પીપળાના થડનો ટુકડો અહીં ગોઠવ્યો છે, તેનાં ખૂબ પ્રેમથી દર્શન કરે. કોઈ મોટા હરિભક્ત આવ્યા હોય તો તેને ખાસ બોલાવીને દર્શન કરાવે. અને કહે : 'છપૈયાની સ્મૃતિ.'

પોતાના ઓરડામાં પધારે અને સૌ હરિભક્તોને યાદ કરી કરીને બોલાવે. કોઈ ન આવ્યું હોય તો બે-ત્રણ તેડાં મોકલે. સૌને સાથે બેસાડે. નવી નવી વાનગીઓ હરિભક્તોને પીરસાવે. પોતાની થાળીમાં પણ જે કંઈ નવીન વસ્તુઓ હોય તે સૌને આપી દે. પોતે હંમેશ મુજબ ઉકાળો ને ઢેબરાં ગ્રહણ કરે. પણ બધાને આગ્રહ કરવામાં અને પૂછવામાં સમય વિતાવી દે અને ચળું કરી નાખે. પોતાનો ઉકાળો ઘણો વધ્યો હોય તે સૌને પ્રસાદીમાં આપી દે. આરામ કરતાં પહેલાં ભક્તિકિશોર સ્વામીને બોલાવે ને મંદિરમાં જે કંઈ કામ હોય તેમાં યુવકોને સેવા કરવા લઈ જવા કહે. અડધો-પોણો કલાક માંડ આરામ કરીને તુરત સભામાં બિરાજે. વચનામૃતનું પારાયણ ચાલતું હોય તેમાં કેટલીય મુદ્દાની વાતો સૌને પૂછે. અમદાવાદના ભક્તરાજ અંબાલાલભાઈ પ્રગટ સ્વરૂપને સંબોધીને ઉત્તરો આપે ને પોતે બહુ રાજી થાય. અને કહે : 'ગુજરાતીમાં ઉત્તર થયો !' કથા સમાપ્તિ પછી પોતે થોડી વાતો કરે.

રાજભોગ આરતી થાય એટલે ભોજનશાળામાં પધારે. ધનુર્માસમાં દરરોજ ૧૨-૦૦ વાગે મંદિરમાં તથા દેરીમાં દર્શન કરવા પધારે ને પછી ભોજનશાળામાં જતાં બધી રસોઈ જુએ અને હરિભક્તોને ખૂબ પીરસવાની-જમાડવાની આજ્ઞા કરે. પછી પોતે જમવા પધારે. પોતાની સાથે પણ થોડા મહેમાનો જમવામાં જોઈએ જ. શિયાળામાં ઘણી વાર અડદિયાની રસોઈ કરાવે અને સંતો તથા હરિભક્તોને પોતે ખૂબ જ પીરસે. કોઈ ના પાડે તો કહે : 'પછી આ પ્રસાદી નહિ મળે !' સ્વામીશ્રી તો પોતાને માટે સાદી રસોઈ કરી હોય તે થોડી અંગીકાર કરે. બપોરે જમ્યા પછીથી હકા બાપુને બોલાવે અને સભામાં એક

કલાક સુધી તેમની પાસે સત્સંગની જૂની જૂની વાતો કરાવે અને પોતે બહુ રાજી થાય. લગભગ ૨-૦૦ વાગ્યા પછી જ આરામમાં પધારે.

સાંજે ૪-૦૦ વાગે ઠાકોરજી જાગે ત્યારે પોતે પ્રસાદીનો થોડો મેવો ગ્રહણ કરે અને સૌ સંતોને વહેંચે. પછી બીજા દિવસની રસોઈ અંગે વાતચીત કરી, લગભગ ૪-૩૦ વાગે દેરીમાં પધારે. દેરીમાં દર્શન કરી ધ્યાન કરવા બેસે. દસથી પંદર મિનિટ ધ્યાન કર્યા પછી સૌને દેરીનો મહિમા કહે. નવા નવા મુમુક્ષુઓ આવ્યા હોય તે સૌને ખાસ દેરીનો મહિમા સમજાવે.

પછી શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરી, ખુરશીમાં જ બેસીને ત્રણ પ્રદક્ષિણા કરે અને મંદિરમાં જુદે જુદે સ્થળે તપાસ કરવા પધારે. સુથારીકામ ચાલતું હોય, મોહનભાઈ તથા કાંતિભાઈ મિસ્ત્રી આરસનું કામ કરતા હોય, રસોડામાં મથુરભાઈ અથવા મનુ મહારાજ મીઠાઈ બનાવતા હોય, ગૌશાળામાં પ્રેમજી ભગત તથા બીજા નોકરો ઢોરનું ખાણ તૈયાર કરતા હોય, ખેતરમાં જયરામ ભગત આદિ ભગતો પાણી વાળતા હોય વગેરે સ્થળોએ પધારે.

પૂજારી નિવાસની પાછળના પ્રસાદીના લીંબડે અથવા બગીચામાં અથવા ગોશાળા તરફ જતાં વાસુદેવ સ્વામીને ઓટે સભા કરે. અવારનવાર પોંક, ઓળા તથા શેરડીના ઉત્સવો કરી, હરિભક્તોને દર્શનનું ખૂબ જ સુખ આપે. સરભરા કરતા કૃષ્ણકાંતભાઈ તથા હર્ષદભાઈ તથા બીજા યુવકો, ચાવાળા, પાણીવાળા, ઉતારાવાળા, ઘંટીવાળા બધા જ કાર્યકર્તાઓને મળીને તેમના કામની ઝીણવટથી નોંધ લે અને આશીર્વાદ આપે - રાજી કરે. ગુરુકુળમાં સેવા કરતા સંતો રામચરણ સ્વામી, ધર્મજીવન સ્વામી તથા યોગીપ્રસાદ સ્વામીને તથા હરભમજી બાપુને ઑફિસના સમાચાર પૂછે. બાલમુકુન્દ સ્વામી, ભગવત્‌સિંહ બાપુ તથા હરભમજી બાપુને ઑફિસના સમાચાર પૂછે. નાના-મોટા સૌ કાર્યકર્તાઓની ખબર રાખી સૌને ખૂબ ઉત્સાહ પ્રેરે.

તે પછી 'હરિલીલામૃત'ની પારાયણ શરૂ થાય, તેમાં મહારાજનાં જુદાં જુદાં ચરિત્રો સાંભળી બહુ રાજી થાય. સંધ્યા આરતી થાય એટલે પોતે નિત્ય-કર્મથી પરવારે, રાત્રે પણ હરિભક્તોની સાથે જ ઉકાળો લે. તે પછી થોડો આરામ લઈ યુવકોને વાતો કરે અને પોતે પોઢવા પધારે તે પહેલાં સંતોને, યુવકોને વાતો કરવા આજ્ઞા કરે.

દિવાળીની રજાઓમાં, શિયાળામાં અને નાતાલની રજાઓમાં યાત્રાળુઓની બસો તથા પર્યટનમાં નીકળેલા વિદ્યાર્થીઓની ઘણી બસો રોજ આવતી.

સ્વામીશ્રી સૌને ખૂબ આગ્રહ કરીને રોકે. ગમે ત્યારે તેઓ આવે, પણ સંતો પાસે નવેસરથી રસોઈ કરાવીને તેમને સૌને જમાડે. કોઈને ખૂબ ઉતાવળ હોય તો કહે : 'અમે આડા સૂઈશું.' સૌને પોતે વ્યક્તિગત મળે અને આશીર્વાદ આપે.

ગામોગામથી અને દેશોદેશથી હરિભક્તો પણ ઘણા લાભ લેવા આવતા. દરેકને સ્વામીશ્રી ખૂબ જ સુખ આપતા. આગ્રહ કરીને રોકતા. જેમ વધારે સંખ્યામાં મહેમાનો આવે, તેમ પોતે બહુ રાજી થાય. સૌ આનંદથી રહે, દર્શન કરે, કથા સાંભળે, રમે-જમે, તે પોતાને બહુ ગમે. પોતાના ઓરડામાં રહ્યા રહ્યા પણ અખંડ હરિભક્તોની ચિંતા કરતા હોય અને તે માટે વારે વારે સેવકોને સૂચનાઓ આપતા હોય : 'હરિભક્તોને સારો ઉતારો આપજો, તેમને જમાડજો, કોઈ જતું હોય તો તેમને પ્રસાદ આપજો,' વગેરે. હરિભક્તોની સંભાવના કર્યા વગર પોતે એક ક્ષણ પણ રહી શકતા નહિ.

શિયાળાને લીધે સ્વામીશ્રીને વારે વારે શરદી થઈ જતી હતી અને કંઠ બેસી જતો હતો. ડૉ. જમનાદાસ સ્વામીશ્રીને અવારનવાર વિનંતી કરે કે 'આપ ઓછું બોલવાનું રાખો અને ઓરડામાં હરિભક્તોને બહુ આવવા ન દ્યો, રખે કોઈનો ચેપ લાગી જાય.' સ્વામીશ્રી તેમને હા પાડે. પોતાનો કંઠ બેસી ગયો હોય તોપણ હરિભક્તોની સાથે ખૂબ વાતો કરે. વળી, વહેલી સવારે હરિભક્તોને ઓરડામાં આવતાં આપણે રોકીએ તો પોતે કહે : 'બીચારા બહાર ઠંડીમાં બેસી રહે તે સારું નહિ. બધાને અંદર બેસવા દેવા.' એમ કહી પોતાના સ્વાસ્થ્યની પરવા કરતા નહિ. શ્રીમદ્‌ભાગવતની કથાના પ્રસંગે અને જાહેર સભાના નિમિત્તે ચાર વાર તો પોતે ગામમાં પધાર્યા હતા અને ગોંડલની જનતાને આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રમાણે ઘડિયાળના કાંટાની સાથે સવારે ૫-૦૦ થી ૧૧-૦૦ સુધી સ્વામીશ્રી સતત પ્રવૃત્તિમાં રહેતા. છતાં પોતાનું સ્વાસ્થ્ય સારું રહ્યું હતું. પરંતુ સ્વામીશ્રીએ કોઈ બીજી જ ઇચ્છા કરી....

ડૉક્ટરો વહેમ નાખે, મને કાંઈ નથી

ડૉ. જમનાદાસભાઈ હંમેશાં સ્વામીશ્રીની તબિયત જોતા. નાડીની અનિયમિતતા લાગવાથી આજે (તા. ૧૨મીએ) તેમણે ડૉ. બક્ષીને રાજકોટથી બોલાવ્યા હતા. કાર્ડિયોગ્રામમાં પણ તે તકલીફ જણાઈ. પણ ચિંતાનું કોઈ કારણ ન લાગવાથી ડૉક્ટરે માત્ર વધુ આરામ લેવાની સલાહ આપી.

રાત્રે સ્વામીશ્રીએ સૌની સાથે ઉકાળો લીધો. આજે માટલામાં બાફેલું ઊંધિયું બનાવ્યું હતું, તે સ્વામીશ્રીએ સૌને ખૂબ પીરસાવ્યું. પોતે તો અડ્યા પણ નહિ. પછી રાત્રે મને તથા રણછોડભાઈને બોલાવ્યા. તે વખતે ડૉ. બક્ષીના નાના બાબાએ શેરડી માગી હતી. સ્વામીશ્રીએ એને પોતાના ઓરડામાં બોલાવ્યો અને પોતાના હાથે એને સરસ મજાની ધોળી શેરડીનો સાંઠો આપ્યો.

પછી અમને પૂછ્યું : 'તમને કંઈ રોગ છે ?' અમે સહજ સ્વભાવે ના પાડી.

તરત પોતે કહે : 'આ ડૉક્ટરો આપણને વહેમ નાખે, બાકી મને કંઈ છે નહિ.' રાત્રે સૌ સંતો, યુવકો સાથે ગમ્મત કરતાં પોઢી ગયા.

અને...

તા. ૧૩-૧-૧૯૭૧

આજે સવારે મંગળ પ્રવચન બંધ રાખ્યું હતું. સવારે વચનામૃત ગ.અં. પ્રક. ૩૮મું વાચ્યું ને પછી સ્વામીશ્રી ૬-૦૦ વાગે પથારીમાં બેઠા થયા. બધા હરિભક્તો એક પછી એક આવીને દર્શન કરીને ચાલ્યા ગયા. પોતે જરા અસ્વસ્થ જણાતા હતા, પણ કોઈને વિશેષ ખ્યાલ આવ્યો નહિ. પછી દિશાએ ગયા અને હાથ ધોઈને દાતણ કરવા લાગ્યા. તે વખતે થોડી ટપાલો એમને વાંચી સંભળાવી. સ્વામીશ્રીએ કેટલાકના ઉત્તરો પણ આપ્યા. જો કે અસ્વસ્થતા જણાતી હતી, પણ અમને એમ કે કદાચ પોતાને ઊંઘ પણ આવતી હોય.

પછી સ્નાન કરતી વખતે એમણે ફરિયાદ કરી કે 'મને બન્ને ખભા દુઃખે છે અને ગળા પાછળ પણ દુઃખે છે. આંખે અંધારાં પણ આવે છે.' તરત સ્નાન કરીને ઊભા થયા ત્યાં એકદમ ઉબકા આવવા લાગ્યા. એટલે સૌ ગભરાયા. સ્વામીશ્રી પણ એકદમ શિથિલ થઈ ગયા હતા. પોતે કહે : 'મને જલદી સુવાડી દ્યો.' તુરત એમને ખુરશીમાં બેસાડી ઓરડામાં લઈ ગયા. પોતે એકદમ પથારીમાં સૂઈ ગયા ત્યારે સવારના લગભગ ૭-૦૦ વાગ્યા હશે.

એકદમ રામચરણ સ્વામી ડૉ. જમનાદાસભાઈને બોલાવી આવ્યા. તેમણે તપાસ કરી. નાડી એકદમ ધીમી હતી. તેથી તાત્કાલિક જરૂરી સારવાર તેમણે આપવા માંડી. તેમણે પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ 'છાતીમાં દુઃખે છે' એવી ફરિયાદ કરી હતી. સ્વામીશ્રી ખૂબ જ શિથિલ હતા. જમણું હૃદય દોઢ વર્ષથી બંધ જ હતું. ડાબી બાજુ પણ હૃદય કામ કરતું બંધ થયું હતું. જો કે નીચેનો ભાગ સ્વતંત્ર રીતે કામ કરી શકતો. પણ અત્યારે તો નાડી ૩૦ની આસપાસ

પહોંચી ગઈ હતી ! પરિસ્થિતિ ઘણી જ ગંભીર અને નાજુક હતી. આ સમાચાર વાયુવેગે સર્વત્ર પહોંચી ગયા.

'મારે દર્શન કરવા જવું છે'

લગભગ ૧૦-૦૦ વાગે ડૉ. બક્ષી રાજકોટથી આવી પહોંચ્યા. તેમણે કાર્ડિયોગ્રામ લીધો. જેમાં 'કમ્પલીટ હાર્ટ બ્લૉક' છે એવો રિપોર્ટ આવ્યો. તેમણે તપાસવા માટે સ્વામીશ્રીને જગાડ્યા ત્યારે સૌ પ્રથમ સ્વામીશ્રી બોલ્યા : 'મારે દર્શન કરવા જવું છે.'

આવી અસહ્ય વેદનામાં પણ દર્શનનું આ રટણ સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા. ડૉ. બક્ષીએ પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ ફરીથી 'છાતીમાં સહેજ દુ:ખે છે' - એવી ફરિયાદ કરી હતી.

પથારીમાંથી ઊઠવા માટે સ્વામીશ્રી ઘણી વાર આગ્રહ રાખતા હતા, પણ ડૉક્ટરોએ સંપૂર્ણ આરામ અને પથારીમાં જ બધી દેહક્રિયા કરાવવા ખાસ સૂચના આપી હતી. પોતે કહે : 'મને ભગવાન કંઈ નહિ થવા દે, મને ઊઠવા દ્યો.' તેથી પછી બેઠાં બેઠાં દેહક્રિયા કરતા. દિવસ દરમિયાન બે-ત્રણ વાર થોડો થોડો ઉકાળો લીધો હતો.

સાંજે ૫-૦૦ વાગે બોચાસણથી પ્રમુખસ્વામી અને ડૉક્ટર સ્વામી આવી પહોંચ્યા. તેમને જોઈને સ્વામીશ્રી ઘણા જ રાજી થયા.

મોડી રાત્રે મુંબઈથી ચાર્ટર્ડ વિમાનમાં ડૉ. સામાણી, ડૉ. ભગુભાઈ વગેરે ડૉક્ટરો આવી પહોંચ્યા. ડૉ. બક્ષી પણ રાજકોટથી તેમની સાથે જ હતા. તેમણે સારી રીતે તપાસ કરી. પછી સ્વામીશ્રીને પૂછ્યું : 'શું થાય છે !'

'કાંઈ નહિ.'

'છાતીમાં દુ:ખે છે ?'

'ના.' સ્વામીશ્રીએ શાંતિથી કહ્યું.

ડૉ. સામાણીએ ફરીથી પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'પરમ દિવસે દુ:ખતું હતું. છાતીમાં દુ:ખતું હતું ને ખભા દુ:ખતા હતા.'

પોતે ખૂબ ભાવમાં આવીને એક દર્દીની જેમ બધી વાતો કરતા હતા. જેમ જેમ ડૉક્ટરો પૂછતા ગયા તેમ તેમ સ્વામીશ્રી કહેતા ગયા : 'પાછળ દુ:ખતું હતું, ઊબકા આવતા હતા.'

'અત્યારે કંઈ થાય છે ?' ડૉક્ટરે પૂછ્યું, ત્યારે સ્વામીશ્રીએ ના પાડી.

સ્વામીશ્રી કહે : 'મને કંઈ છે નહિ, મને બેઠો થવાની રજા આપો.'

ડૉ. સામાણીએ ખૂબ નમ્રતાથી કહ્યું : 'ગુરુદેવ ! હમણાં તો સૂઈ રહેવું પડશે. બેસાય નહિ, થોડા દિવસ અમે કહીએ એમ કરો.' પછી સ્વામીશ્રી કશું બોલ્યા નહિ.

જામનગરના શેઠ બારદાનવાળા પણ સાથે હતા. તેમને જોઈને સ્વામીશ્રી બહુ રાજી થયા. પોતાને બોલવામાં તકલીફ પડતી હતી છતાં કહે : 'શેઠને ત્રણ નારિયેળનું પાણી પાજો.' (જ્યારે જ્યારે શેઠ સ્વામીશ્રી પાસે આવતા, ત્યારે સ્વામીશ્રી તેમને નારિયેળનું પાણી અવશ્ય પાય.) શેઠને પ્રસાદીનો પડિયો મગાવી પોતાને હાથે આપ્યો.

મહંત સ્વામી અને સંતો-હરિભક્તો પણ મુંબઈથી આવ્યા હતા તેમને મળ્યા. સૌને જોઈને સ્વામીશ્રી ઘણા જ રાજી થઈ ગયા.

અક્ષર દેરીમાં ધૂન કરો

સ્વામીશ્રીની આજ્ઞાથી ગારિયા - વાંકાનેર તરફ થઈ હરિભૂષણ સ્વામી આજે અહીં આવી ગયા. તેઓ તા. ૮મીએ નીકળ્યા ત્યારે જ તેમણે પૂછ્યું હતું : 'બાપા ! કેટલા દિવસ રોકાવાનું ?'

'ચાર દિવસમાં આવી જજો.' સ્વામીશ્રીએ કહેલું. તે પછી તા. ૧૨મીએ સ્વામીશ્રીએ તેમને સંભાર્યા. ગુણવંતને પૂછ્યું : 'હરિભૂષણ આવ્યા ? કેમ હજુ ન આવ્યા.'

તેઓ આજે અહીં આવી ગયા. સ્વામીશ્રી બિછાનામાં સૂતા હતા. સંતોને જોઈ નજીક બોલાવ્યા. સંતો ગદ્ગદ થઈ ગયા. હરિભૂષણ સ્વામીએ ધીરેથી પૂછ્યું : 'બાપા ! આ લીલામાં કાંઈ સમજાતું નથી.'

'અક્ષર દેરીમાં ધૂન કરો.' સ્વામીશ્રીએ સ્વગત બોલતા હોય તેમ નિર્લેપ-ભાવે કહ્યું અને આજ્ઞા કરી : 'કાલે સંક્રાન્ત છે. પર્વણી દિવસ, તો ગામમાં ઝોળી માગજો.'

સૌએ તે આજ્ઞા સ્વીકારી અને ધૂન કરવા લાગ્યા કે 'સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારુ થાય.'

તા. ૧૪-૧-૧૯૭૧

આજે સવારે પથારીમાં જ બેઠાં બેઠાં દેહક્રિયા માટે પ્રયત્ન કર્યો. અતિશય

મર્યાદા ધરાવતા સ્વામીશ્રીને આ બાબતનો ખૂબ જ સંકોચ. શૌચાદિક દેહક્રિયા કરવા માટે કોઈપણ સંજોગોમાં કોઈની પણ મદદ લેવા નાખુશ સ્વામીશ્રીને ન છૂટકે પરાધીન બનવું પડ્યું હતું. એ જ એમને મોટામાં મોટું દુ:ખ હતું. બન્ને હાથ ગરમ પાણીથી લુછાવ્યા. નિયમ-પાલનનો એટલો બધો કડક આગ્રહ કે પોતે તો કોઈ દેહક્રિયા કરી ન હોય, છતાં લઘુ, શૌચાદિક પછી વારે વારે હાથ લૂછે. સેવકોને પણ નાહી લેવાનું કહે.

પછી આગ્રહ કરી દાતણ માગ્યું. થોડું ઘસ્યું પછી ઊલ ઉતારી અને મીઠાના ગરમ પાણીના કોગળા કર્યા. સૂતાં સૂતાં કોગળા પણ બહુ ઉતાવળથી કરે અને પિચકારી છોડે. પછી ગરમ પાણીથી શરીર લુછાવ્યું અને કહ્યું : 'પૂજા ક્યાં છે ? પૂજા લાવો.' પૂજાની મૂર્તિઓનાં દર્શન કર્યાં. પોતાના પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ મગાવી. પોતાને ઓછું દેખાતું હતું, પણ બે હાથમાં મૂર્તિની પેટી પકડીને વારે વારે દૃષ્ટિ ઊંચી કરીને ખૂબ ભાવથી દર્શન કર્યાં. જાણે હરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં મસ્તક નમાવવું હોય તેમ વારે વારે મુખારવિંદ ઊંચું કરવા પ્રયત્ન કરે. પગે લાગ્યા. પછી અડધી રકાબી ઉકાળો લીધો. અત્યારે સ્વામીશ્રી ખૂબ જ સ્વસ્થ હતા. એટલે સૌને ખૂબ આનંદ થાય અને એમ રહ્યા કરે કે સ્વામીશ્રી જલદી જલદી સાજા થઈ જશે.

સવારે ડૉ. સામાણી મુંબઈ જતા હોવાથી સ્વામીશ્રી પાસે ફરીથી આવ્યા. તબિયત જોઈ, બધી સૂચનાઓ આપી. સ્વામીશ્રી પાસે જવાની રજા માગી. ત્યારે સ્વામીશ્રી કહે : 'તેમને મારી રીતે જમાડજો, દર્શન કરાવજો, પ્રસાદી આપજો.'

ડૉક્ટરે કહ્યું : 'તમે અમારી ચિંતા ન કરો.'

સ્વામીશ્રી કહે : 'ચિંતા કરવી પડે.'

માણેકલાલ શેઠ પણ મુંબઈ જતા હતા. તેમને આશીર્વાદ આપ્યા. અને કહે : 'વિનોદભાઈ અને બે નાના દીકરાઓને જય સ્વામિનારાયણ કહેજો.' તેમને જમાડવાની અને પ્રસાદી વગેરે આપવાની ભલામણ કરી.

પ્રમુખસ્વામીને ઓળા જમાડજો

આવી માંદગીમાં પણ પોતે એટલા બધા સ્વસ્થ હતા કે અવારનવાર કંઈ ને કંઈ કાર્યોની પોતે પ્રેરણા આપતા. આજે મકરસંક્રાન્તિ હતી એટલે બાલમુકુંદ સ્વામીને અને બીજા સંતોને ગામમાં ઝોળી માગવા જવા કહ્યું. હરિપ્રકાશ સ્વામીને કથા કરવા આજ્ઞા કરી. વળી કહે : 'ભક્તિકિશોરને કહેજો કે પ્રમુખ-

સ્વામીને ઓળા (ચણાના) જમાડે.'

અમદાવાદથી બાબુભાઈ જશભાઈ પણ આવી પહોંચ્યા હતા. એ જેવા ઓરડામાં દાખલ થયા કે સ્વામીશ્રી જાગ્યા. તેમને જોઈને બહુ રાજી થયા. બધા સમાચાર પૂછ્યા : 'ક્યારે આવ્યા ?' કેટલું રોકાવાના છો ? અહીંથી ક્યાં જવાના છો ?' વગેરે. પોતે પથારીમાં જમણે પડખે સૂતા હતા તે વારે વારે ઊંચા થવા પ્રયત્ન કરે, ને બે હાથે બાબુભાઈને આશીર્વાદ આપે : 'જાવ, ફતેહ થઈ જશે. દેરીમાં પાંચ પ્રદક્ષિણા કરજો.' પ્રમુખસ્વામીને પણ ભલામણ કરી કે 'તેમને જમાડીને પછી પ્રસાદ આપીને મોકલજો.'

આજે આખા દિવસમાં ઉકાળો, મોસંબીનો રસ, સૂપ, નારિયેળનું પાણી, મગનું પાણી વગેરે થોડું થોડું લીધું હતું. મોસંબીના રસની ને નારિયેળના પાણીની ના જ પાડે; પણ આપણે કહીએ કે 'ડૉક્ટરોએ કહ્યું છે,' એટલે વળી અંગીકાર કરે. શરદીને લીધે નાક બંધ હતું એટલે મોઢેથી શ્વાસ લેવો પડતો. તેથી ગળું સુકાય એટલે પાણી અવારનવાર માંગતા. પાણી આપીએ ત્યારે સ્વામીશ્રી મોઢું એકદમ ખુલ્લું કરે. આપણે મોઢું ઓછું ખોલવા કહીએ તોપણ એકદમ પહોળું કરે.

આજે ખેડાથી ડૉ. હરીશ ત્રિવેદી અને મહુવાથી ડૉ. ઈન્દ્રવદન મહેતા પણ સ્વામીશ્રીની સેવામાં પોતાનાં કાર્યો છોડીને આવી ગયા હતા. બપોરે એક સ્વપ્નાની વાત પણ કરી હતી. સ્વામીશ્રી કહે : 'ડૉ. મોદી આવ્યા હતા અને મેં તેમને પ્રસાદ આપ્યો.' ડૉ. મોદીને ઘણી વાર સંભારતા હતા.

મોડી રાત્રે શૌચ ગયા પછીથી દાતણ માંગ્યું હતું અને મંદિરમાં આરસનું કામ કરતા કાન્તિભાઈ મિસ્ત્રીને સંભાર્યા. તેઓ રોજ સવારે સ્વામીશ્રીને સ્નાનાદિક ક્રિયા કરાવવા આવતા હતા.

તા. ૧૫-૧-૧૯૭૧

આજે વહેલી સવારે છાતી, હાથ, મોઢું વગેરે ગરમ પાણીથી લુછાવ્યું. પછી પોતાના ઠાકોરજીનાં દર્શન કર્યાં અને ઉકાળો માંગ્યો : 'ઉકાળો તૈયાર રાખવો.' થોડો ઉકાળો લીધો અને પોઢી ગયા.

થોડી વાર પછી કહે : 'ભક્તિકિશોરને કહો કે પ્રમુખસ્વામી, સનાતન સ્વામીને બધાને ચણાના લીલા ઓળા જમાડે.' ભટેસાને યાદ કર્યા ને કહે : 'એનું કારખાનું સારું ચાલશે.' મંદિરમાં એક સંન્યાસી આવ્યા હતા તેની

વ્યવસ્થા કરવા પ્રમુખસ્વામીને ભલામણ કરી.

ભગવાન ભજી લેવા !

સવારે થોડી સાબુદાણાની ખીર લીધી હતી. બપોરે થોડું મગનું પાણી બનાવ્યું હતું તે જરા પસંદ પડ્યું એટલે ફરી વાર લીધું. મેં કહ્યું : 'બાપા ! પાણી સારું છે ?'

ત્યારે સ્વામીશ્રી એટલું જ બોલ્યા : 'ભગવાન ભજી લેવા.'

બપોરે રાજકોટના ભાનુભાઈની પૂરણપોળીની રસોઈ કરવા કહ્યું. તે પછી ડૉ. બક્ષી આવ્યા. તેમણે તબિયત જોઈ. તેમની આગળ સ્વામીશ્રી પહેલા દિવસની બધી હકીકત કહેવા લાગ્યા. શ્વાસ ચડતો હતો, તોપણ સ્વામીશ્રી એકધારું બોલતા હતા. કંઠ પણ બેસી ગયો હતો. છતાં બોલે. ડૉ. બક્ષીએ સ્વામીશ્રીને વધુ ન બોલવા વિનંતી કરી ત્યારે પોતે અટક્યા. આજે ફેફસાંમાં ભરાવો હતો. શ્વાસોચ્છ્વાસની ઘણી તકલીફ હતી. એકધારો શ્વાસ ઊપડ્યો હતો. જો કે ઑક્સિજનની નળી તો અવારનવાર નાકમાં મૂકી જ રાખતા હતા. પણ મોઢાથી શ્વાસ લે એટલે ગળાની અંદર ડાબી બાજુ જરા બળતરા પણ થતી હતી.

અત્યાર સુધી સ્વામીશ્રી શૌચાદિક દેહક્રિયા માટે પથારીમાં અઢેલીને બેસતા. હૃદયની આવી અસહ્ય તકલીફ સાથે સ્વામીશ્રી બીજી તકલીફ પણ ઘણી ઉઠાવતા હતા. ડૉક્ટરોને તેની બહુ ચિંતા રહ્યા કરતી હતી, તેથી આજે રાત્રે ડૉક્ટરોએ નક્કી કર્યું હતું કે સ્વામીશ્રીને ગમે તેમ સમજાવીને પથારીમાં સૂતાં સૂતાં જ બધી ક્રિયા કરવા કહેવું. રાત્રે ડૉક્ટરોએ સ્વામીશ્રીને ઘણી વિનંતી કરી. પણ સ્વામીશ્રી કહે : 'મારી આજ્ઞા પાળો, મને બેઠો કરો. કાલથી હું તમારી આજ્ઞા પાળીશ.' ડૉક્ટરો લાચાર બની ગયા અને સ્વામીશ્રીએ ડૉક્ટરોની સલાહ મુજબ સૂતાં સૂતાં જ બધી દેહક્રિયા કરવાનું કબૂલ કર્યું.

તા. ૧૬-૧-૧૯૭૧

આજે વહેલી સવારે ઊઠ્યા પછી એકાએક કહે : 'વચનામૃત વાંચો.' તેથી ગ.અં. ૩૯મું વચનામૃત નિયમ મુજબ વાંચ્યું. ખૂબ પ્રેમથી સ્વામીશ્રી વચનામૃત સાંભળતા હતા અને જ્યાં મુદ્દાની વાતો આવે ત્યાં હાથનું લટકું કરતા જાય. અડધેથી જ 'ઇતિ વચનામૃત' કર્યું. પછી પોઢી ગયા.

વળી, થોડી વારે લગભગ ૩-૦૦ વાગે જાગ્યા. અને કહે : 'મારે ના'વું

છે.' તેથી શરીર લૂછ્યું. પછી દાતણ માંગીને કર્યું, પૂજા મગાવી, મૂર્તિનાં દર્શન કરી, થોડો ઉકાળો લઈને પોઢી ગયા. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ મગાવી, પણ તે તો મંદિરમાં પોઢી ગયા હતા.

મારે પધરામણીએ જવું છે

નાડીના ધબકારા ૩૨ની આસપાસ રહેતા. ઑક્સિજન ચાલુ હતો. Maskને શીકું કહેતા. પણ તે પહેરતા નહિ. ક્યારેક ઊંઘ આવે પછી જાગ્રત થતા તુરત બોલે : 'મને બેઠો કરો. મારે દર્શન કરવાં જવું છે. સંતોનાં દર્શન કરવાં છે... પધરામણીએ જવું છે...'

સવારે ડૉ. ભગુભાઈ સ્વામીશ્રીને તપાસતા હતા. ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'આવો કેસ તમારે હજુ નહિ આવ્યો હોય.'

ભગુભાઈ સહજભાવે સમજ્યા તેથી કહે : 'બાપા ! કેસ તો અમારે ઘણા આવે.'

ત્યારે સ્વામીશ્રીએ ફરી કહ્યું : 'પણ આવો નહિ હોય !'

સ્વામીશ્રીનો મર્મ ડૉ. ભગુભાઈ સમજ્યા અને પછી કહે : 'હા, બાપા ! આવો કેસ તો આ પહેલો જ છે.' કારણ, સ્વામીશ્રીની અલૌકિક માંદગીથી ડૉક્ટરો પણ ઘણી વાર વિમાસણમાં પડી જતા હતા.

આજે ગામોગામથી હરિભક્તો દર્શને આવ્યા હતા. દિલ્હીથી કિશોરભાઈ ગઢિયા તથા ચંદ્રકાન્તભાઈનો ફોન આવ્યો. તેમને દિલ્હી મંદિર માટે આશીર્વાદ આપ્યા.

આજે રાજકોટ, અમદાવાદ રેડિયો ઉપરથી સ્વામીશ્રીના સ્વાસ્થ્યના સમાચાર પ્રસારિત થયા હતા.

દેરીમાં અખંડ ધૂન ચાલુ હતી.

પ્રમુખસ્વામીને બોલાવીને સર્વ હરિભક્તોની રસોઈઓ નોંધાવવા સ્વામીશ્રીએ જણાવ્યું. આજે ઉકાળો, સાબુદાણાની ખીર તથા મગનું પાણી વગેરે થોડાં લીધાં હતાં. એકંદરે સારું હતું. સાંજે ૪-૩૦ વાગે પથારીમાં બેસીને દૂરથી સૌ હરિભક્તોને દર્શન આપ્યાં હતાં.

સ્વામીશ્રી ઘણા જ પ્રસન્ન હતા.

સાંજે પ્રમુખસ્વામી મારફત મહેન્દ્ર બાપુએ પુછાવ્યું હતું કે 'ચૂંટણીમાં શું કરવું ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'અધર્મના પક્ષમાં ન ભળવું, પાપીના

પક્ષમા ન ભળવું.'

તા. ૧૭-૧-૧૯૭૧

આજે સવારથી જ સ્વામીશ્રીને એક રટના લાગી હતી, વારે વારે પોતે કહે : 'મને ઉપર લઈ જાવ, મને ઉપર લઈ જાવ.' (ઠાકોરજી પાસે દર્શન કરવાં). વળી થોડી વાર થાય અને કહે : 'બહાર જાવું છે, પધરામણીએ જાવું છે, બેઠો કરો, ઉપાડો.' પછી પોઢી ગયા.

લગભગ ૯-૦૦ વાગે વડોદરાથી ડૉ. બાબુભાઈ આવ્યા. તેમની સાથે ડૉ. બક્ષી પણ હતા. ડૉ. બાબુભાઈને ઓળખી ગયા અને કહે : 'બહુ ભણેલા, બોચાસણ પણ આવ્યા હતા.' સ્વામીશ્રી એક દર્દીની જેમ તેમને પૂછવા લાગ્યા : 'શું થયું છે ? ક્યારે સારું થઈ જશે ?'

ડૉ. બાબુભાઈએ સ્થાનિક ડૉક્ટરો સાથે ચર્ચા કરી. તેમાં સ્વામીશ્રીના Blood Urea (બ્લડ યુરિયા) અંગે પૂછ્યું. અત્યાર સુધી તે તપાસ હાથ ધરી નહોતી, તેથી તુરત લોહી તપાસવા રાજકોટ મોકલવામાં આવ્યું. સાંજે રિપોર્ટ મળતાં ખબર પડી કે યુરિયા પણ ઝડપથી વધી રહ્યો છે. કિડની કામ કરતી મંદ પડતી જતી હતી. તે એક મોટું ચિંતાનું કારણ બનતું હતું.

અમેરિકાથી પાછા ફરેલા સંતોને મળ્યા

બપોરે સ્વામીશ્રીને સૂવાનો જૂનો ખાટલો બદલીને 'ફાવલર્સ બેડ' ગોઠવ્યો, તે ફાવ્યો નહિ એટલે સેવકો ઉપર નારાજ થઈ ગયા. પછી ડૉક્ટરોએ સમજાવ્યું એટલે કંઈ બોલ્યા નહિ.

બરાબર તે વખતે જ અમેરિકા ગયેલા સંતો ત્યાગવલ્લભ સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી, ઘનશ્યામચરણ સ્વામી તથા નારાયણપ્રસાદ સ્વામી પાછા આવી પહોંચ્યા હતા. તે સૌને સ્વામીશ્રી મળ્યા અને રાજી થયા. સંતો આવવાના હતા તે સવારથી જ સ્વામીશ્રી એમને યાદ કરતા હતા. સિદ્ધેશ્વર સ્વામીને જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે આ ખાટલો આફ્રિકાથી લાવ્યા ?' પછી ડૉ. બાબુભાઈ વડોદરા જતા હતા તેથી તેમને પ્રસાદ આપ્યો અને આરામમાં ગયા.

સાંજે સંધ્યા આરતી થયા પછી કહે : 'દાતણ કરી લઈએ, પરવારી લઈએ, પછી સૂઈ જઈએ.' પછી દાતણ વગેરે કરીને ઉકાળો લીધો. પછી કહે : 'બાબુભાઈએ પગ હલાવવાનું કહ્યું છે.' તે પોતાની મેળે વારાફરતી બન્ને પગ

ઘૂંટીએથી હલાવ્યા. ખૂબ જ સ્વસ્થ હતા.

રાત્રે આરામમાંથી ઊઠીને કહે : 'દિલ્હીની જમીનનો કબજો આજ ને આજ મળી જશે, કિશોરભાઈને ફોન કરો.'

રાત્રે બધા ડૉક્ટરોએ સ્વામીશ્રીની તબિયત તપાસી. પછી બધાએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'જલદી સારું કરી દ્યો.'

સ્વામીશ્રી કહે : 'રોગ ભારે, એટલે વાર લાગે ને !'

બધા કહેવા લાગ્યા : 'બાપા ! તમારા હાથમાં છે.'

તે સાંભળી સ્વામીશ્રી હસવા લાગ્યા. પછી પોઢવાની તૈયારી કરી. પહેલાં રાત્રે યુવકોની સભા પછી 'ગુડ નાઈટ' કરી સૌને જવાની રજા આપતા. આજે મેં તે સંભારી આપ્યું. કંઈ બોલ્યા નહિ. પછી કહે : 'ગુડ નાઈટ.' એમ બોલી પોઢી ગયા.

સંત ચાલે તે ભેળો હું ચાલું રે

તા. ૧૮-૧-'૭૧, સવારે ઊઠ્યા. છપૈયાનાં દર્શન થયાં હતાં તે વાત કરી. વળી કહે : 'કોડિનાર કોણ ગયું ? મુંબઈના બાબુભાઈ કોડિનાર છે. તેને ત્યાં અમે બહુ જતા. બાલમુકુંદ સ્વામી જઈ આવે. અમે ગામડે ફરતા, બહુ મજા આવે, સત્સંગ વધે.'

તે પછી જરા બેઠા થયા ને ગાવા લાગ્યા : *'સંત ચાલે તે ભેળો હું ચાલું રે, સંત બોલે તે ભેળો હું બોલું રે...'* એ કડી ત્રણ-ચાર વાર બોલ્યા અને કહે : 'મહારાજે સંતનો મહિમા કેટલો બધો કહ્યો !'

તા. ૧૮-૧-૧૯૭૧

સવારે દાતણ વગેરે કર્યું. પછી હળદરવાળું દૂધ પણ પીધું. મુંબઈથી મધુ જસાણી સેવામાં આવ્યા હતા. એને મળીને રાજી થયા. પગની હલન-ચલનની ક્રિયા પણ ડૉક્ટરોએ જેમ બતાવી હતી તેમ પોતાની જાતે કરી.

લગભગ ૧૧-૦૦ વાગે ઊઠ્યા પછીથી દવા વગેરે લીધું. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આપણે ક્યાં છીએ ?'

સંતોએ કહ્યું : 'અક્ષર દેરીમાં છીએ.' એમ કહી લાઇટ કરી. પછી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ બતાવી. રાજી થયા. થોડું હસ્યા. પછી મહારાજની મૂર્તિ બતાવી તેને પગે લાગ્યા. પૂજારી નિર્ગુણ સ્વામી હતા તેમને પૂછ્યું :

'આરતી કરી ? ઠાકોરજીને શું જમાડ્યું ?' વગેરે વાતો કરી.

અમૂલ રોગ

બપોરે ૧૨-૦૦ વાગ્યા હતા. વેજીટેબલ સૂપ, મગની દાળ, ગળી ગયેલા ભાત તથા ખાખરો વગેરે બહુ થોડું લીધું. સૂપ થોડું પીધું હતું. કોગળા કર્યા. પોતાને હાથે મોઢું ધોયું. અત્યારે ઘણા સ્વસ્થ હતા, તેથી સંતોએ પ્રાર્થના કરી : 'બાપા ! રોગ ઘાટમાં નાખી દો.'

સ્વામીશ્રી સૂતાં સૂતાં એકદમ રંગમાં આવી ગયા અને કહે : 'ઘાટમાં હોય ? ઘાટની પેલી પાર.'

રણછોડભાઈ કહે : 'મને રોગ આપો.'

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'આ તો અમૂલ છે.'

સૌએ પૂછ્યું : 'ક્યારે મટી જશે ?'

તો કહે : 'આઠ દિવસમાં.'

'છ દિવસ થઈ ગયા' એમ કહ્યું એટલે કહે : 'હવે બે દિવસમાં મટી જશે.'

બધા ખૂબ આનંદમાં આવી ગયા.

એટલામાં સંતસ્વામી પધાર્યા. તેમને જોઈને બહુ રાજી થયા. ભેટ્યા અને ખબર-અંતર પૂછ્યા. સંતોએ સ્વામીશ્રીને ફરીથી વિનંતી કરી : 'બાપા ! હજારો હરિભક્તો આવ્યા છે. સૌ દેરીએ ધૂન કરે છે. ગામોગામ પ્રાર્થના થાય છે.'

તે સાંભળી સ્વામીશ્રી હસવા લાગ્યા અને કહે : 'બહુ મહિમા સમજાયો.'

સાંજે ૭-૦૦ વાગે ફરીથી દાતણ વગેરે કર્યું. પછી થોડો ઉકાળો લીધો. સવારે લોહી તપાસવાનું હતું તેથી રાત્રે કંઈ લેવાનું ન હતું; પણ રાત્રે જ સ્વામીશ્રીએ દૂધ માગ્યું. ગળામાં ડાબી બાજુ અંદર બહુ બળતું હતું. તે વારે વારે ફરિયાદ કરે અને દૂધ માગે. ડૉક્ટરે થોડું ગ્લિસરીન ગળામાં લગાડ્યું, પછી પીડા ઓછી થઈ હતી. મોંમાં રાખવા ગોળી આપી, પણ તે ફાવી નહિ.

મહારાજે અક્ષરધામમાં ખીચડી ખાધી

રાત્રે ૨-૩૦ વાગે ખીચડી ને છાશ માગ્યાં. બનાવતાં થોડી વાર લાગી એટલે સેવકનો શું ધર્મ હોય તે કહેવા લાગ્યા. પછી ખીચડી તૈયાર થઈ એટલે થોડી ખીચડી જમ્યા. બહુ ફાવ્યું નહિ એટલે છાશ સાથે પ્રવાહી બનાવીને પીધું. ઉપર થોડું જીરું માગીને લીધું. (દસ વર્ષ પછી આજે પહેલી વાર સ્વામીશ્રીએ

છાશ લીધી હતી. ગમે તેવી મોળી છાશ હોય તોપણ કોઈ દિવસ અડે નહિ). ખીચડી-છાશ જમ્યા એટલે શાંતિ થઈ અને ઘણા રાજી થયા. મોડી રાત્રે ઊઠ્યા ને કહે : 'મહારાજે અક્ષરધામમાં ખીચડી ખાધી.'

પ્રમુખસ્વામી સવાયું સુખ આપશે

આજે સ્વામીશ્રીએ હર્ષદભાઈને પોતાની પાસે બોલાવ્યા ને કહે : 'હવે દેહ નહિ રહે.'

હર્ષદભાઈ ગદ્‌ગદ થઈ ગયા. હાથ જોડી પૂછ્યું : 'બાપા ! અમારો આધાર તો આપ છો. આપ નહિ હો ત્યારે અમારું કોણ ?'

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : 'પ્રમુખસ્વામી છે ને ! મારા કરતાં સવાયું સુખ આપશે !'

સાંજે લગભગ ૫-૦૦ વાગે સ્વામીશ્રીએ હરગોવિંદ માસ્તરને સંભાર્યા. પછી કહે : 'યોગેશ્વરને કહો, કથા કરે. આપણે કેવી કથા કરતા ! અખંડ કથા ચાલતી. કથાવાર્તાનો સોપો પડતો નહિ.' તે પછી તુરત સભાખંડમાં કથા શરૂ કરાવી. આજે જરા વધારે તકલીફ હતી.

❀ ❀ ❀



પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે

સ્વામીશ્રી કહે : 'આવું દુઃખ કોઈને ન આવશો. દવાથી કાઈ ગયા.' એમ ઘણી વાર બોલતા.

આજે રાત્રે ૧૨-૦૦ વાગે દૂધ માગ્યું. પછી દાદરના સંતોને સંભાર્યા. મહંત સ્વામીને સંભાર્યા.

પછી એકાએક સ્વામીશ્રી કહે : 'પ્રમુખસ્વામી તો અમારું સર્વસ્વ છે !' એમ બોલી દૂધના બે ઘૂંટડા લીધા ને પોઢી ગયા.

તા. ૧૯-૧-'૭૧, સવારે દાતણ વગેરે માંગીને કર્યું. દાતણ કરતાં કરતાં સુરાખાચરનો પ્રસંગ યાદ કર્યો. અને બોલ્યા : 'સૂરજનારણ ફાટ્યા અને પાપ નાઠા.' તે પછી દૂધ આવ્યું, પણ કહે : 'દૂધ નહિ ભાવના.' થોડું દૂધ બધાના આગ્રહથી લીધું.

કોઈ વસ્તુનો આપણે આગ્રહ કરીએ એટલે કહે : 'ભગવાન ભજી લેવા.' દિવસમાં અનેક વાર આમ બોલતા.

વળી, ૮-૦૦ વાગે પણ થોડી ખીચડી ને છાશ જમ્યા હતા. પછી કોગળા કર્યા. દરેક વખતે કંઈ પણ લે પછી કોગળા કરે. જમતી વખતે કોઈ ગૃહસ્થ સેવકને પોતાની પાસે ઊભો રહેવા ન દે. બધાને દૂર જવા આજ્ઞા કરે. 'આભડ છેટ' સાચવવાનો બહુ આગ્રહ રાખે.

આજે સવારથી ડૉ. મોદીને સંભારતા હતા. વારે વારે પૂછે : 'સાહેબ આવ્યા ?' તેઓ મુંબઈથી વિમાનમાં આવી પહોંચ્યા. તેમને જોઈને સ્વામીશ્રી ઘણા જ રાજી થયા. તેમણે લગભગ આખો દિવસ સામે બેસીને ખાસ સારવાર આપી. નાડીના ધબકારા ૬૦ની આસપાસ દવાથી વધ્યા હતા, પણ બીજી તકલીફો ઘણી હતી. Complete Heart Block સાથે સ્વામીશ્રીને Blood Urea 140 તથા Blood Sugar 250 હતાં. પગે સોજા હતા !

ડૉ. મોદીની સરભરા કરવા સ્વામીશ્રી વારે વારે સૂચના આપે : 'બાપુજીને જમાડજો, બધે દર્શન કરાવજો, ગામમાં મંદિરે દર્શન કરાવજો.' વગેરે.

મોદી સાહેબે દેરીમાં દર્શન કર્યાં તે જાણી રાજી થયા અને બોલ્યા : 'તેમનું કામ થઈ ગયું.'

આજે સવારે ડૉ. મોદી મુંબઈ જઈ રહ્યા હતા. સ્વામીશ્રીને તકલીફો એક પછી એક વધી રહી હતી. તેથી કેટલીક તાત્કાલિક સારવારની જરૂરિયાત માટે ડૉ. મોદીએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'મુંબઈ આવો તો સારું. ત્યાં સારવાર સારી થાય અને જરૂર પણ છે.'

'હૃદય ક્યારે બંધ પડે તેનો વિશ્વાસ નહિ, તેથી એમને મુંબઈ લાવી હૃદય ચાલતું રહે તે માટે Pace Maker મૂકવું પડશે,' તેવી સલાહ ડૉ. મોદીએ આપી. વળી, કિડની કામ નથી કરતી તે પણ જણાવ્યું ને કહે : 'અહીં વધુ રાખવા જોખમ છે. અહીં સાધનો નથી એટલે મુંબઈ આવે તો સારું.'

સ્વામીશ્રીએ હા પાડી. છૂટા પડતાં સ્વામીશ્રીએ તેમનો હાથ પોતાના હાથમાં લીધો ને ખૂબ આભાર વ્યક્ત કર્યો. ડૉ. મોદી ઘણા જ ગળગળા થઈ ગયા. તેઓ કહે : 'તમે ચિંતા ન કરો. બધું સારું છે.'

છતાં સ્વામીશ્રીએ તેમને જમાડવાની-પ્રસાદી આપવાની વગેરે ભલામણ કરી અને રાજકોટમાં પણ આપણા મંદિરે, જૂના મંદિરે તથા કૃષ્ણજી અદાની દેરીએ અને પ્રસાદીના હનુમાનજીએ દર્શન કરાવવાની ભલામણ કરી હતી.

મુંબઈ જવું છે ને મને સારું થઈ જશે

ડૉ. મોદીના ગયા પછી પણ પ્રમુખસ્વામી, સંતસ્વામી, બાલમુકુંદ સ્વામી અને મહંત સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું હતું કે 'આપની જો ઇચ્છા હોય ને આપ જલદી સાજા થઈ જાવ તો જ મુંબઈ જવું છે.'

ત્યારે પણ સ્વામીશ્રીએ કહ્યું : 'મુંબઈ જવું છે ને મને સારું થઈ જશે.' તેથી સૌને હિંમત આવી.

તા. ૨૧-૧-૧૯૭૧, આજે ડૉ. મોદીની સૂચના પ્રમાણે ગોળીઓથી નાડી નિયમિત આવી ગઈ હતી. આજે બપોરે ખાસ વિમાનમાં મુંબઈ જવાની વ્યવસ્થા રાજકોટ ઍરપોર્ટ મૅનેજર ભટ્ટ સાહેબે ખાસ કરી હતી. રાજકોટ ટેલિફોન ઑફિસમાં ફરજ બજાવતા પ્રવીણભાઈ રંગપરિયાએ ટેલિફોનથી મુંબઈ, દિલ્હી સાથે સતત સંપર્ક કરાવી આપી સારી સેવા બજાવી હતી. આ દિવસો દરમ્યાન

દેશ-પરદેશમાં તેમણે ટેલિફોન-સંપર્ક ઝડપથી સાધી આપ્યો હતો.

બપોરે ૩-૦૦ વાગે નીકળતી વખતે સ્વામીશ્રી કહે : 'ગોંડલ છોડવું પડશે.' પોતાનું પ્રિય સ્થાન છોડવું ગમતું ન હતું.

પછી અક્ષર દેરીમાં ખૂબ ભાવથી સ્ટ્રેચરમાં જ બેઠાં થઈને દર્શન કર્યાં. ને કહે : 'અહીં બાપાનાં ચરણમાં આપણે કેટલું રહ્યા ?'

'બાપા ! ૧૪૭ દિવસ રહ્યા.' નારાયણ ભગતે કહ્યું. તે સાંભળી હર્ષિત થયા.

પ્રમુખસ્વામીએ હાર પહેરાવ્યો. નારાયણ ભગતે અહીં પણ સ્વામીશ્રીને ફરી પૂછી જોયું કે 'આપની ઇચ્છા ન હોય તો મુંબઈ જવાનું બંધ રાખીએ.' પણ સ્વામીશ્રીએ તેમને પ્રસાદીનું પુષ્પ આપી, ગોંડલ સાજા થઈને આવવાનું વચન આપ્યું. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં પણ તેવી જ રીતે ભાવથી દર્શન કર્યાં. અક્ષર દેરીમાં બે પ્રદક્ષિણા કરી.

પછી કહે : 'મારે ઉપર પણ દર્શન કરવાં જવું છે.'

સ્ટ્રેચર લઈ જવાની મુશ્કેલી ઘણી જ હતી, પણ ઉપર લઈ ગયા. અહીં પણ દરેક મંદિરમાં ભાવથી નીરખી નીરખીને દર્શન કર્યાં. સંતોએ હારતોરા કર્યા. વાતાવરણ ઘણું જ ગંભીર બની ગયું હતું.

મુંબઈમાં અંતિમ સારવાર

ગોંડલથી રાજકોટ ઍમ્બુલન્સમાં સારી રીતે આવી પહોંચ્યા. રાજકોટ ઍરપોર્ટ ઉપર હજારો હરિભક્તો દર્શને આવ્યા હતા. પ્લેન ઊપડ્યું ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું હતું. પછી મુંબઈ આવ્યાના સમાચાર આપ્યા એટલે તાળી પાડીને રાજી થયા. અહીં પણ હજારોની સંખ્યામાં હરિભક્તો દર્શને આવ્યા હતા. સીધા જ ઍમ્બુલન્સમાં ભાટિયા હૉસ્પિટલમાં રૂમ નં. ૨૦૮માં આવી પહોંચ્યા. વચમાં બે-ત્રણ વાર પાણી પીધું હતું. મહારાજની જ કૃપાથી મુસાફરીમાં કોઈ મુશ્કેલી નડી નહિ. સ્વાસ્થ્ય બરાબર હતું.

અહીં પણ ડૉ. સામાણી, ડૉ. ભગુભાઈ, ડૉ. ત્રિવેદી, ડૉ. મહેતા, ડૉ. દલ વગેરે ડૉક્ટરો અખંડ સેવામાં હતા. સૌને હૈયાધારણ મળી હતી કે 'હવે એક-બે અઠવાડિયામાં જરૂર સારું થતું આવશે.'

ભાઈસા'બ ! પાણી ગાળીને આપજો

અહીં આવીને સ્વામીશ્રીએ પાણી માગ્યું. સાથે કહે : 'ભાઈસા'બ ! પાણી

ગાળીને આપજો. અહીં આપણો ધર્મ સાચવજો.'

અમે ખાતરી આપી કે પાણી ગાળીને લાવ્યા છીએ. પછી જ પાણી લીધું.

બીજે દિવસે હાઈકોર્ટના કૂવાનું પાણી તૈયાર રાખવા કહ્યું.

રાત્રે થોડી ખીચડી ને છાશ જમ્યા હતા. ગોંડલ કરતાં અહીં જરા વધારે સ્વસ્થ હતા.

તા. ૨૨-૧-૧૯૭૧

આજે સવારે ડૉ. મોદી તથા ડૉ. સામાણીએ ખૂબ જ સારી રીતે સ્વામીશ્રીને તપાસ્યા હતા. લગભગ એક કલાક સુધી ચર્ચા કરી, સારવાર નક્કી કરી હતી. ડૉક્ટરો એક બાજુ હાર્ટઍટેકની ચિંતા કરતા હતા અને પેસ મેકર ક્યારે મૂકવું તે વિચારતા હતા. બીજી બાજુ Blood Urea વધી રહ્યો હતો (૨૩૭). તેથી તે પણ ઓછો કેમ કરવો તેની ચિંતામાં હતા.

આજે સ્વામીશ્રી ઘણા જ સ્વસ્થ હતા. સવારે લોહી લેવાનું હતું. તે પછી સ્વામીશ્રીને પૂછ્યું : 'કંઈ લેવું છે ?'

તો એકદમ કહે : 'પૂછે છે કોણ ?'

પછી થોડું દૂધ લીધું હતું. બપોરે ખીચડી તથા છાશ પણ લીધાં હતાં. તેમજ મોસંબીનો રસ, નારિયેળનું પાણી પીધું હતું. 'ભગવાન ભજી લેવા' એ રટણ તો ચાલું જ હતું.

સાંજે કહે : 'કેટલા વાગ્યા છે ?' ૪-૩૦ વાગ્યા હતા. અમે યાદ કરાવ્યું : 'ગોંડલમાં ઠાકોરજી જાગ્યા હશે. મેવો ધરાવ્યો હશે.'

એટલે તુરત પોતે સામેથી કહ્યું : 'મેવો લાવો.'

પપૈયું સુધારી આપ્યું તે પાંચ ઝીણા કટકા લીધા. પછી આગ્રહ કર્યો પણ ના પાડી દીધી.

રાત્રે નારાયણ ભગત અને મારી પાસે *'જોઈ મૂર્તિ મનોહર તારી...'* એ કીર્તનનાં બે પદ ગવરાવ્યાં. પરોઢિયે એક પુરુષ નર્સ સોલંકી સેવામાં આવ્યા હતા. તેણે સ્વામીશ્રીને આખે શરીરે સ્પન્જ કર્યું. (ગરમ પાણીથી લૂછ્યું). તેથી પોતે બહુ રાજી થયા અને એને આશીર્વાદ આપ્યા. શાસ્ત્રીજી મહારાજનો પ્રસાદીનો હાર નારાયણ ભગતે સ્વામીશ્રીને પહેરાવ્યો હતો, તે પ્રસાદીનો હાર તે ભાઈને આપ્યો. એક ફળ પણ આપ્યું.

પછી દાતણ વગેરે કરી, થોડું દૂધ લીધું હતું.

સૂતાં સૂતાં નારાયણ ભગતને કહે : 'એકાંતિક થાવું. એકાંતિક થકી જ એકાંતિક થવાય.'

'આપ અમારી ભેગા રહો તો થવાય.' નારાયણ ભગતે કહ્યું. ત્યારે 'હા' એટલું બોલ્યા. રાત્રે ખાસ ઊંઘ આવી નહોતી. વારે વારે તાળી વગાડતા ને સમય પૂછતા.

સત્સંગ રાખજો, સત્સંગ રાખજો, સત્સંગ રાખજો

ઈશ્વરભાઈ દેસાઈ ઘરેથી સ્વામીશ્રી માટે રાબ બનાવી હૉસ્પિટલ પર વહેલી સવારે આવી ગયા. ઈશ્વરભાઈએ સંતોને રાબ આપી તે સ્વામીશ્રીએ રુચિ પ્રમાણે અંગીકાર કરી.

વોર્ડના એક ડૉક્ટર રાઉન્ડમાં આવ્યા. તેને સ્વામીશ્રીએ એક પ્રસાદીનું સંતરું આપ્યું.

નારાયણ ભગતે કહ્યું કે 'ઈશ્વરભાઈ આવ્યા છે.' આથી સ્વામીશ્રીએ સાન કરીને તેમને નજીક બોલાવ્યા અને કહ્યું : 'આવો ભેટીએ !'

ઈશ્વરભાઈ ભાવવિભોર થઈ ગયા. તેમને સંકોચ થયો કે આવી નાજુક પરિસ્થિતિમાં સ્વામીશ્રીને ભેટવું કેમ ? પરંતુ સ્વામીશ્રીનું હેત અને આગ્રહ એવો કે તેઓ પથારી પાસે ગયા અને સ્વામીશ્રીને ભેટ્યા. સ્વામીશ્રી ત્રણ વાર બોલ્યા કે 'સત્સંગ રાખજો. સત્સંગ રાખજો. સત્સંગ રાખજો.'

ભક્તોને લાડ લડાવવાનો છેવટની ક્ષણ સુધીનો સ્વામીશ્રીનો ભાવ સૌને જણાઈ આવ્યો. છેવટની સ્મૃતિ સાથે ઉપદેશનાં અમૃત વચનો પણ કહ્યાં કે 'સત્સંગ રાખજો.' સત્સંગ એટલે સત્પુરુષ. એટલે કે પ્રમુખસ્વામી મહારાજની નિષ્ઠા દૃઢ રાખજો – એમ ત્રણ વાર આગ્રહપૂર્વક જણાવ્યું.

હવે આપણે ઘર ખાલી કરી દેવું જોઈએ

આગલી બપોરે આરામ કરતાં કરતાં સ્વામીશ્રી બોલતા હતા કે 'આપણે આ ઘરમાં બહુ રહ્યા. હવે આપણે ઘર ખાલી કરી દેવું જોઈએ. ડૉક્ટરે આપણી બહુ સેવા કરી. આપણે એને પૈસા આપવા જોઈએ. પંદરથી વીસ હજાર તો આપવા જોઈએ.'

પ્રમુખસ્વામીને પણ સંભાર્યા. વળી કહે : 'અમેરિકાથી સંતો આવ્યા છે તેમની પાસે વાતો કરાવવી છે. શું ફર્યા ? કેટલી સેવા થઈ ? કેવો સમાસ થયો ?

તે હેવાલ લેવો છે.'

સાંજે પ્રમુખસ્વામીને ત્રણ વાર સંભાર્યા ને તેમને બોલાવીને કહે : 'આપણે વાત કરવી છે.'

જો કે સ્વામીશ્રીને બોલવામાં હાંફ ચડતો હતો. તેથી પ્રમુખસ્વામી કહે : 'બાપા ! આપણે પછી વાત કરીશું. હમણાં તો આપ સાજા થઈ જાવ.'

તા. ૨૩-૧-૧૯૭૧

આજે સવારે ડૉ. મોદી તથા ડૉ. સામાણીએ ખૂબ સારી રીતે સ્વામીશ્રીને તપાસ્યા. નાડી જરા અનિયમિત થતી જતી હતી. ધબકારા ૪૦ની આસપાસ હતા. Blood Urea ૨૬૭ હતું. ડૉક્ટરોએ પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે 'મને સારું છે, શાંતિ છે. એક ફરિયાદ મારે કરવાની છે, પેટમાં ડાબી બાજુ ગૅસ છે તે કાઢો.'

ડૉક્ટરોએ તે માટે વિચાર કરી લીધો.

ડૉક્ટરોના ગયા પછી સ્વામીશ્રીને દૂધ લેવા કહ્યું, તો ના પાડી. 'દૂધ પીવાથી શક્તિ બહુ આવે' - એવો આગ્રહ કર્યો, પણ સ્વામીશ્રી કહે : 'મારામાં શક્તિ બહુ જ છે, પાણી આપો.' છતાં મોઢું ખોલ્યું ત્યારે દૂધ રેડ્યું, તો કહે : 'ના, પાણી જ લાવો.' પછી પાણી પીધું. તે પછી બે-ત્રણ વાર પાણી જ લીધું.

હવે આ દેહ રહેશે નહિ, મારે જવું છે

લગભગ ૧૦-૩૦ વાગે એક દવા આપવાની હતી, પણ સ્વામીશ્રીએ તે લેવાની ના પાડી. તે વખતે જમણા હાથે દવાનો બાટલો ચડાવ્યો હતો. સ્વામીશ્રી પથારીમાં સરકી જતા હતા. તેથી વારે વારે કહે : 'ઊંચો કરો, ઊંચો કરો. અમે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા તરત પાળતા.'

લગભગ ૧૧-૦૦ વાગે સ્વામીશ્રીને પથારીમાંથી જરા ઊંચા મૂક્યા.

થોડી વારમાં જ એકાએક સ્વામીશ્રીને ઊબકા આવવા લાગ્યા, શરીર ખેંચાયું, પણ પછી સ્વસ્થ થયા. ડૉક્ટરો બાજુમાં જ ઊભા હતા. સ્વામીશ્રીને પૂછ્યું તો કહે : 'સારું છે.'

ડૉ. સામાણીએ સ્વામીશ્રીને તપાસ્યા. લગભગ અડધો કલાક પછી ફરીથી હુમલો થયો. ડૉક્ટરો બાજુમાં જ ઊભા હતા. તાત્કાલિક બધી જ સારવારો આપી.

તે વખતે સ્વામીશ્રી કહે : 'પ્રમુખસ્વામી ક્યાં છે ? મહંત સ્વામી ક્યાં છે ? હર્ષદભાઈને કાગળ અને પેન લઈને બોલાવો. આટલા સંકલ્પો લખી લો.'

પ્રમુખસ્વામી નજીક આવ્યા એટલે સ્વામીશ્રીએ કહ્યું : 'હવે આ દેહ રહેશે નહિ, મારે જવું છે.'

પછી મને બોલાવ્યો અને કહે : 'આપણે ગોંડલમાં બે સોનાનાં સિંહાસનો કરવાં છે.' પછી પોતે બોલી શક્યા નહિ, એટલે મેં સંભારી આપ્યું કે આપણે ગોંડલમાં દરવાજો કરવો છે.' સ્વામીશ્રીએ મુખારવિંદ હલાવતાં હા પાડી. 'આપણે ગૌશાળા કરવી છે.' હા પાડી. 'આપણે ધર્મશાળા કરવી છે.' હા પાડી. પોતે ધીરેથી બોલી શક્યા કે 'આપણે હાઈસ્કૂલ કરવી છે.'

અમે કહ્યું : 'બાપા ! હાઈસ્કૂલ તો છે.'

એટલે પોતે બોલ્યા : 'આપણે કૉલેજ કરવી છે.'

સ્વામીશ્રી બોલી રહ્યા એટલે અમે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'બાપા ! આપણે તો હજુ ઘણાં કાર્યો કરવાનાં છે. અમેરિકામાં મંદિર કરવાનું છે, આપણે ગોંડલ પાછા જવાનું વચન આપ્યું છે...'

એટલે પોતે એકદમ હસવા લાગ્યા અને તાળી વગાડીને પોતાની લાક્ષણિક શૈલીમાં જુસ્સામાં આવીને કહ્યું : 'તો હું રહીશ.'

ત્યારે સૌને જીવમાં જીવ આવ્યો. બધાને ખાતરી થઈ કે બાપા બીજો સંકલ્પ નહીં કરે, વચમાં દવા ને પાણી પીધું હતું. નાકમાં ઑક્સિજનની નળી રહેવા દેતા નહોતા.

'સૌને જય સ્વામિનારાયણ'

થોડી વાર પછી સ્વામીશ્રીએ સૌને 'જય સ્વામિનારાયણ' કહ્યા, બધાએ સહજભાવે સામે 'જય સ્વામિનારાયણ' કહ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'જય સ્વામિનારાયણ' શું કામ કહો છો ? ના પાડો. મને રાખવો નથી ?'

એમની આ માયા કોઈ સમજી શક્યું નહિ. બધાએ માફી માગી.

અડધો કલાક પછી ફરીથી ત્રીજો હુમલો આવ્યો. ડૉક્ટરો ઊભા હતા. બધી સારવાર આપી. સ્વસ્થ થયા પછી સ્વામીશ્રીએ સૌને કહ્યું : 'આઘા ખસો.'

પછી બે હાથ ઊંચા કરીને 'જય સ્વામિનારાયણ' એમ બોલ્યા. લગભગ ૧૨-૪૫ વાગે ફરી ઊબકા ઊપડ્યા. શરીર તણાવા લાગ્યું. ડૉક્ટરોએ સારવાર આપી. જરા સ્વસ્થ થયા, પાણી માગ્યું. મોઢું ખોલ્યું. મેં પાણી રેડ્યું. મોઢામાં પાણીનો ઘૂંટડો લઈને સ્વતંત્ર થકા દિવ્ય વિગ્રહનો ત્યાગ કરીને સ્વામીશ્રીએ પોતાની અલૌકિક લીલા એકાએક સંકેલી લીધી ! અને વજ્રાઘાત થયો હોય

એમ ત્યાં ઊભેલા સૌ ભાંગી પડ્યા. પ્રમુખસ્વામી સૌને ધીરજ આપવા લાગ્યા. સૌ બહાવરા બન્યા હતા. અકલ્પ્ય શૂન્યાવકાશમા સૌ અટવાયા હતા. પ્રમુખ-સ્વામીએ વારે વારે સૌને ધીરજ આપી, શાંત કર્યા. મુંબઈ અને દેશ-વિદેશના સત્સંગ સમાજમાં આ સમાચારે ઉલ્કાપાત સર્જ્યો.

સ્વામીશ્રીના દિવ્ય વિગ્રહને તત્કાળ દાદર, અક્ષર ભુવનમાં લાવવામાં આવ્યો. 'જન્મભૂમિ પ્રવાસી' અને બપોરનાં દૈનિકોમાં અન્ય સમાચારો પડતા મૂકી સ્વામીશ્રીના અક્ષરવાસના સમાચાર જાહેર થયા. મુંબઈના ખૂણે ખૂણેથી જોગીનો એક વાર પણ જેને જોગ થયેલો તેવા હજારો ભાવિકો મંદિરે દર્શને ઊમટ્યા. દરેક હૈયાંમાં યોગીરાજનાં અંતિમ દર્શનની ઝંખના હતી. આબાલવૃદ્ધ સૌ આ દુ:ખદ સમાચારથી વજ્રાઘાત અનુભવતાં દેહભાન ભૂલ્યા હતા.

અક્ષર ભુવનમાં ઢોલિયા પર બિરાજમાન કરેલી એ મૂર્તિ જાણે હમણાં બોલી ઊઠશે તેવી સ્વસ્થ-પ્રફુલ્લ જણાતી હતી. બ્લેન્કેટથી ઢંકાયેલા અને અસંખ્ય ફૂલહારથી ભવ્ય, દેદીપ્યમાન કાંતિ ધરાવતા અને મુખારવિંદને જોતાં વેદના ફરી ફરીને ઉખેળાતી... આ મુખની વાણીએ કંઈકને પાગલ કર્યા હતા, આ આંખોનાં અમીએ કંઈક પર પ્રેમ-સંજીવની છાંટી હતી....

જાણીતા સાહિત્યકાર હરીન્દ્ર દવે દર્શને આવ્યા ત્યારે આવા જ ભાવ સાથે અવાક્ બની ઊભા રહ્યા. તેમનો ભાવ શબ્દદેહમાં ગુંથાયો ત્યારે અશ્રુભરી કાવ્યાંજલિ સરી પડી :

હમણાં એ હેતનો અવાજ સાંભળીશ,
જાણે હમણાં આ હોઠ બે મલકશે.
હમણાં લંબાવી હાથ આશિષ દેશે,
ને જાણે હમણાં એ આંખથી અડકશે.
'સ્વામી' 'સ્વામી' એ બોલ મબલખને હૈયે,
ને સ્વામી આસન પે અવાક્,
જીવતરનો કીમિયો એ સમજાવો, દેવ,
મને ખાલી જીવતરનો ચડ્યો થાક.
કંઠ મહીં ઝૂલતી એ માળાથી ફૂલ જાણે,
હમણાં એકાદ મને આપશે !
એટલા મહારાજ થયા વ્હાલા, કે મળવાને
છોડી ગયા આમ અંતકાળે,

આંસુથી ભીના આ મારગે ડગે છે પાય,
કોણ કહો અમને સંભાળે ?
હમણાં જાગીને જોગ નિંદરથી જોગી,
જાણે લંબાતો હાથ મારો ઝાલશે !

ગુરુભક્તિનો છેલ્લો અવસર

અસંખ્ય ભાવિકોને લાઈનમાં સ્વામીશ્રીના દિવ્ય વિગ્રહનાં દર્શનનો લાભ મોડે સુધી મળતો રહ્યો. સાંજે સાત વાગે મુંબઈથી સ્વામીશ્રીના અલૌકિક તનુને ચાર્ટર પ્લેન દ્વારા રાજકોટ લાવવામાં આવ્યું.

રાજકોટ ઍરપોર્ટ ઉપર અસંખ્ય હરિભક્તોની ભીડ થઈ હતી. સૌ જીવનપ્રાણ સ્વામીશ્રીનાં દર્શન માટે તલસતા હતા. હજારો હૈયાં રડી રહ્યાં હતાં. આંખો વહી રહી હતી. યોગનિદ્રામાં જ છે એવી એ મૂર્તિની નિર્દોષ મુખમુદ્રાથી લાગતું કે હમણાં આપણને બોલાવશે : 'ઓહોહો, આવી ગયા ! લ્યો થાપો ! લ્યો આશીર્વાદ !' પણ એ બધું હવે સ્મૃતિશેષ જ હતું !

ટ્રકમાં ખુરશીમાં વિરાજીત કરેલો સ્વામીશ્રીનો દેહ ફૂલહારથી ઢંકાઈ ગયો હતો. આજુબાજુ બરફ ગોઠવાયો હતો. તેમજ પ્રમુખસ્વામી, મહંત સ્વામી તથા સંતો શોકગ્રસ્ત હૃદયે ખુરશી પકડીને ઊભા રહ્યા હતા. ધીમે વેગે જતી ટ્રક ખુલ્લી હોવાથી શિયાળાનો ઠંડો સૂસવાટા નાખતો પવન છાતી વીંધીને આરપાર જતો હોય તેવું જણાતું હતું. લેશમાત્ર ઠંડી ન સહી શકતા સ્વામીશ્રી આજે ખુલ્લી ટ્રકમાં બરફની પાટો વચ્ચે કેવળ ગાતરિયાભર બિરાજ્યા હતા ! પ્રમુખસ્વામીને આ વિચાર આવતાં જ પોતાનું ગાતરિયું સ્વામીશ્રીના દેહ ફરતું ઓઢાડી દીધું. પોતે ખુલ્લા શરીરે જ આટલી કાતિલ ઠંડીમાં ગોંડળ આવી પહોંચ્યા. પ્રત્યક્ષ ગુરુભક્તિનો આ છેલ્લો અવસર પ્રમુખસ્વામી ચૂક્યા નહિ.

અક્ષર મંદિરમાં અંતિમ સંસ્કાર

આ પ્રસંગે દેશ-વિદેશના હજારો ભક્તો સ્વામીશ્રીનાં અંતિમ દર્શન મેળવવા, જે મળે તે સાધનમાં દિવસ-રાત જોયા વગર ગોંડલ દોડી આવ્યા હતા. સ્વામીશ્રીના અક્ષરનિવાસના સમાચાર ગણેશપુરીવાળા મુક્તાનંદ બાબાને વડોદરામાં રેડિયો ઉપર મળ્યા. તુરત તેઓ મોટર રસ્તે ગોંડલ આવી પહોંચ્યા. સ્વામીશ્રીનાં અંતિમ દર્શનનો લાભ લીધો. તેમણે કહ્યું કે –

'યોગીજી મહારાજ મારા પ્રિય અને આત્મીય હતા. ગણેશપુરીના પૂજ્ય નિત્યાનંદ બાબાના આશ્રમમાં મેં યોગીજી મહારાજનો ફોટો પધરાવ્યો છે. આવા પુરુષ, એમના જેવા ઓલિયા, મહાન યોગી અને નિરાળા પ્રેમી મહામાનવનો જોટો મળે તેમ નથી. આ પૂર્ણ પુરુષ છે. મહાન સદ્‌ગુણી છે. ચરિત્રનાયક છે.

'તેમનો આદર્શ જીવનમાં ઉતારવાથી શાંતિ થાય છે. જેમ સૂર્ય સર્વત્ર વ્યાપક છે, તેમ આ પુરુષ સર્વના છે. એ કોઈ એક જ સંપ્રદાયના નથી.'

દેશના તેમજ પરદેશના મોટા ભાગના હરિભક્તો પહોંચી ગયા પછી બપોરે લગભગ ૪-૦૦ વાગે પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીના દિવ્ય વિગ્રહનો અંતિમ સંસ્કાર કર્યો હતો.

સૌ આઘાતથી મૂઢ થઈ ગયા હતા. હજુ ગઈકાલ સુધી હસતા-હસાવતા સ્વામીશ્રી જાણે કે સ્વપ્ન બની ગયા ! સ્મૃતિઓના ભંડારો ભરાય એટલા એમના ગરવા ગુલાબી મિજાજનાં, પ્રેમનાં-વાત્સલ્યનાં સંભારણાંઓ ભક્તોનાં હૈયે હૈયે રમતાં હતાં. અને વેદનાને વધુ ઉખેળી વધુ પીડામય બનતાં હતાં.

આવી વેદના ભક્તોની આંખેથી આંસુ બનીને વહેતી. લાગણીને હૈયે સમાવી ન શકાય ત્યારે જાણે સ્વામીશ્રી સાથે અલક્ષ્યમાં વાર્તાલાપ કરતા હોય તેમ દેહભાન ભૂલી ભક્તો અસંબદ્ધ પ્રલાપ કરી રહ્યા હતા.

દુઃખી અંતઃકરણને ક્યાંય શાતા વળતી નહોતી, એટલે જોગીરાજની પ્રેમલીલા સંભારતા કેટલાક ભક્તો કાવ્યાંજલિ અર્પણ કરી એ વાત્સલ્યમૂર્તિનાં ઋણ ફેડવા પ્રયત્ન કરી રહ્યા હતા.

સિવિલ સર્જન ડૉ. હરીશ ત્રિવેદીએ છેલ્લા દિવસોમાં મળેલી સ્વામીશ્રીની સેવાથી કૃતકૃત્યતા અનુભવતા સ્વામીશ્રીનાં ચરણે કાવ્યાંજલિ સમર્પિત કરી :

પ્રેમના પ્યાલા જ શું, તે સરવરો છલકાવિયા,
મહાકાળને ધ્રુજાવતા, યોગી તમે સિધાવિયા.
કૌસ્તુભ, કોહિનૂર ને, પારસમણિના પહાડ છો,
મુક્તો રૂપી રત્નો તણા, મહાન સરજનહાર છો,
ભક્તો અનેરા આવતા, કરવા દર્શન યોગી તણાં,
દર્શન કરી કૃતકૃત્યતા, અનુભવતા હૈયે ઘણા.
આ લોકના ભોગી અમે, આવ્યા હતા તુજ પાસ પણ,
ઓળખતા આ યોગીને જાણ્યાં અમારાં ભાગ્ય પણ.

તારી બધીયે પ્રેમલીલા, રોજ અમને સાંભરે,
તારી એ સુંદર મૂરતિ, તો નજર આગળ તરવરે.
એ આપનું મુખારવિંદ નિશદિન મુજને સાંભરે,
હૈયુ વલોવી નાખતી, એ યાદ મુજને સાંભરે.
ભૂલ્યું ભૂલાય શે મને, એ સુખ અક્ષરધામનું,
આપ્યું હતું કૃપા કરી મુજ અબુધને, અજ્ઞાનીને,
કરોડ બગાડી કાર્ય પણ, એક મોક્ષ તો સુધારવો,
એ સૂત્ર મૂર્તિમાન કરવા, યોગીને સંભારવા.

'સૌના ગુરુ પ્રમુખસ્વામી છે'

'હવે જ્યારે હયાતીના, પિતાર્થે પ્રાણ ક્રંદતો,
સ્મૃતિઓ ઊભરી આવે, વાત્સલ્ય પ્રતિમા તણી...'

વાત્સલ્યમૂર્તિ સ્વામીશ્રીના અક્ષરવાસે સમગ્ર ગુજરાતમાં શોકનું પ્રચંડ મોજું ફેલાવી દીધું હતું. રેડિયો અને વર્તમાનપત્રો રોજની વિગતો રોજ જાહેર કરતા રહેતા. વીજળી વેગે ફેલાતા જતા આ સમાચારે અનેક હૈયાં રોળાઈ ગયાં હતાં. શીત અમીવર્ષા વરસાવતી આ મૂર્તિ હવે શું ક્યારેય 'લ્યો થાપો' એમ બોલી નહીં ઊઠે ? આંખો અને હૈયાંનો અકલ્પ્ય વલોપાત વધુ ને વધુ શૂન્યતા સર્જતો હતો. ભાંગેલા હૈયે રડતાં, પડતાં, આખડતાં છેલ્લાં દર્શન કરવાં સૌ તલસી રહ્યાં હતાં. મળ્યાં તે વાહનોમાં ગોંડળ તરફ માનવ મહેરામણ સરકવા લાગ્યો હતો.

પ્રમુખસ્વામીએ અંત્યેષ્ટિ વિધિ કર્યો ત્યારે છેલ્લે છેલ્લે પણ એ અમી ઝરતા મુખનાં દર્શન મેળવી કૃતાર્થ બનવા સૌ તલપી રહ્યા હતા.

અગ્નિ ધીરે ધીરે સ્વામીશ્રીના શરીરને અગોચર કરી રહ્યો હતો. 'યદાહુરક્ષરં બ્રહ્મ સર્વ કારણકારણમ્ ...' અનંત વહાલ વરસાવ્યું, દોષો દૂર કરવા પ્રેમસંજીવની છાંટી, જ્ઞાનદૃષ્ટિ આપી જીવદશામાંથી બ્રહ્મપથ ઉપર આરોહિત કર્યા. પોતાનું પ્રગટપણું હંમેશ સદાકાળ આ પૃથ્વી પર છે, તેની સર્વેને પ્રતીતિ કરાવી આ ઓલિયાએ હવે લોકહૈયે જીવંત રહેવાનું નિરધાર્યું હતું. પોલીસ બૅન્ડે છેલ્લી સલામી આપી. વાતાવરણ પરની ગમગીની વધુ ને વધુ ગાઢ થતી હતી.

અડધા કલાકે પ્રમુખસ્વામીએ દુ:ખી ભક્તસમૂહને ઊઠવા આજ્ઞા કરી. સૌ

વિખરાયા લાગ્યા.

રાત્રે ૧-૩૦ વાગે પ્રમુખસ્વામી મહારાજ સમાધિ સ્થળે પધાર્યા. સ્વામીશ્રીનાં અસ્થિ એકત્ર કર્યાં.

ગુણાતીત પરંપરા અક્ષુણ્ણ છે.

ગુણાતીતાનંદ સ્વામી જ બોલ્યા હતા : 'હું તો ચિરંજીવ છું...'

સ્વામીશ્રીએ પ્રમુખસ્વામીનો વારંવાર અપાર મહિમા કહ્યો હતો. પધરામણી, પ્રતિષ્ઠા અને છેલ્લે તો દીક્ષા પણ પ્રમુખસ્વામી દ્વારા જ એમણે સંપન્ન કરાવી હતી. શાસ્ત્રીજી મહારાજે ચાદર ઓઢાડી ત્યારથી જ આ પરંપરાના પાયા નિશ્ચિત બની ચૂક્યા હતા.

આમ, સ્વામીશ્રીએ જ પ્રમુખસ્વામી મહારાજને સમગ્ર સત્સંગનું સુકાન સોંપી, પોતાના આવિર્ભાવ અને સુખને આ ધરા પર જીવંત રાખ્યાં હતાં. પરંતુ શોકગ્રસ્ત ભક્ત-સમુદાયને સાત્વના મળે, વર્તમાનકાળે જીવન આધાર અને શ્રીજીમહારાજનું સ્વરૂપ એકમાત્ર પ્રમુખસ્વામી મહારાજ જ છે - એ વાતની દૃઢતા થાય તે આવશ્યક હતું. અને એના પ્રથમ ઉદ્‌ઘોષક તરીકે સ્પષ્ટ વક્તા અને સમર્થ સદ્‌ગુરુ સંતસ્વામીએ સંપ્રદાયની અમૂલ્ય અને મહાન સેવા કરી – પ્રમુખસ્વામી મહારાજના સ્વરૂપને ઓળખાવવાની. તેમણે સ્વામીશ્રીના અંતિમ સંસ્કાર પછીના પોતાના સંદેશમાં કહ્યું :

'સ્વામી ગયા જ નથી. પ્રમુખસ્વામી દ્વારા પ્રગટ જ છે. માટે કોઈ શોક કરશો નહીં. ગુણાતીતાનંદ સ્વામીનો સંકલ્પ હતો કે 'પાંદડે પાંદડે સ્વામિ-નારાયણનું ભજન કરાવવું.' યોગીજી મહારાજનો પણ આ સંકલ્પ હતો, તે પ્રમુખસ્વામી દ્વારે રહીને પૂરો કરશે. કોઈએ હઠ, માન અને ઈર્ષ્યા ન રાખવી. ગુરુ થવાની ઇચ્છા ન રાખવી. સૌના ગુરુ પ્રમુખસ્વામી છે.'

તા. ૨૫મીની શોકસભામાં એમણે આ વાત સ્પષ્ટ અને સૈદ્ધાંતિક રીતે જાહેર કરી કે 'બધી સમજણો અને બીબાં મૂકી, પ્રમુખસ્વામીમાં જોડાઈ જવું તે જ જ્ઞાન છે, તે જ નિષ્ઠા છે. તેમાં જ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો રાજીપો છે.'

સર્વત્ર પ્રમુખસ્વામીના પ્રતાપી, પ્રતિભા સંપન્ન અને સાધુતાયુક્ત ભગવદ્‌ભિમુખ વ્યક્તિત્વની સૌરભ ફેલાઈ ચૂકી હતી. દરેકના અંતરાત્મામાં યોગીજી મહારાજના વારસ તરીકેનું એમનું પ્રાગટ્ય સ્થાપિત થઈ ચૂક્યું હતું.

આજથી શ્રીહરિના ચરિત્ર ગ્રંથ 'ભક્તચિંતામણિ'ની પારાયણનો પ્રમુખ-

સ્વામી મહારાજે પ્રારંભ કર્યો. પાળિયાદ બાપુ આજે સવારે ખરખરે આવી પહોંચ્યા અને દિલગીરી વ્યક્ત કરી.

સ્વામીશ્રીના અક્ષરવાસ નિમિત્તે હિન્દુસ્તાનનાં તમામ શિખરબદ્ધ સ્વામિનારાયણ મંદિરોમાં અને આશ્રમોમાં રસોઈઓ આપવામાં આવી. સમગ્ર ગુજરાતે સ્વામીશ્રીને અશ્રુભીની, ભક્તિસભર શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેનો પ્રારંભ કરવાનો યશ ગીતા મંદિર, અમદાવાદને ફાળે ગયો.

વસંત પંચમી ગોંડળમાં જ કરી, હજારોને આશ્વાસન, બળ અને ધીરજ પ્રેરી, પોતાની મૂર્તિમાં ખેંચી, આકર્ષણનો - દિવ્યતાનો દોર ચાલુ રાખી, પ્રમુખ-સ્વામી મહારાજે સંપ્રદાયનું સુકાન સંભાળી લીધું હતું.

યોગીરાજને સ્મૃતિ અર્ધ્ય....

એકાંતિક ધર્મના પ્રવર્તક શ્રીજીમહારાજે વચનામૃતમાં જણાવ્યું કે એવો જે એકાંતિક ધર્મ તે ગ્રંથમાં લખી રાખ્યો હોય તોપણ પમાતો નથી. એકાંતિક સંત થકી જ એકાંતિક ધર્મ પમાય છે. એકાંતિક ધર્મના ધારક યોગીજી મહારાજે પણ મહારાજે પ્રસ્થાપિત કરેલી કેટલીક સાંપ્રદાયિક પ્રણાલિકાઓ તેમજ એકાંતિક ધર્મનું સારી રીતે પોષણ કર્યું. જે એમનાં વિધવિધ કાર્યો ઉપરથી સહેજે જણાય છે.

ધર્મસંબંધી કાર્યમાં મહારાજની આજ્ઞા પ્રમાણે શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામ શુદ્ધિના પોતે તો અણિશુદ્ધ પાલક હતા, પણ નાના-મોટા ભક્તો પાસે પણ તેનું સારી રીતે પાલન કરાવ્યું અને સત્સંગ સમાજમાં તેનું આગ્રહપૂર્વક પ્રચલન કર્યું.

સંતો, યુવાનો ને હરિભક્તોને એકાદશી ને હરિનવમીના નિર્જળા ઉપવાસ કરાવતા. ફરાળી ઉપવાસમાં તેઓ માનતા જ નહિ. આ ઉપરાંત, સંતો તથા યુવકો પાસે પ્રાયશ્ચિત્તના ઉપવાસ પણ કરાવતા. આમ, કેટલાક સંતો તથા યુવકો મહિનામાં ૫ થી ૭ નિર્જળા ઉપવાસ કરતા થયા. ચાતુર્માસમાં ધારણાં-પારણાં ને ચાંદ્રાયણ પણ સ્વામીશ્રી સંતો પાસે કરાવતા. હરિભક્તોને એકટાણાં કરવા આજ્ઞા કરતા.

ચાતુર્માસના વિશેષ નિયમોના સ્વામીશ્રી આગ્રહી હતા. જેમાં દંડવત્, પ્રદક્ષિણા, માળા, વચનામૃત આદિ ગ્રંથોની પારાયણ ને નવા મુમુક્ષુઓને સત્સંગી કરવાના નિયમો સ્વામીશ્રી હરિભક્તોને આપતા. ક્યારેક અમુક

વચનામૃત ને સ્વામીની વાતો ગોખવાનું પણ કહેતા.

રામનવમી, જન્માષ્ટમી સહિત અષાઢ, ભાદરવો ને કારતક સુદ એકાદશી – આ પાંચ પર્વોએ સ્વામીશ્રી હરિભક્તોને નિર્જળા ઉપવાસ આગ્રહપૂર્વક કરાવતા. શિવરાત્રિ ને નરસિંહ ચૌદશ જેવાં પર્વોએ પણ ભક્તોને ઉપવાસ કરાવતા.

નવા-જૂના અસંખ્ય ભક્તોને નિત્ય વ્યક્તિગત પૂજા કરવાનો ભારપૂર્વક આદેશ આપ્યો. યુવકો તેમજ હરિભક્તોને તિલક-ચાંદલો કરવાનો અત્યંત આગ્રહ રાખતા. નાટક-સિનેમા અને બજારની ચા તથા ખાણી-પીણીના પણ પોતે પ્રખર વિરોધી હતા. અવારનવાર આદેશ આપી સૌને પ્રતિબંધિત કરતા.

હરિભક્તો રાત્રે આરતી પછી પોતાના ઘરે નિત્ય બે વચનામૃત ને દસ સ્વામીની વાતું વાંચી, નિયમ-ચેષ્ટા કરીને જ સૂવે, એ એમનો ખાસ આદેશ હરિભક્તો અમલમાં મૂકતા. ચેષ્ટાગાનમાં મહારાજની મૂર્તિનાં વર્ણનના ચિહ્નનાં પદો - વંદુ પદો પણ સાથે ગાવાનું એમણે શરૂ કરાવ્યું.

હરિભક્તોને દુઃખ અને દેશકાળ નિવારણ માટે મહાપૂજા, ધનશુદ્ધિ તથા વ્યવહારશુદ્ધિ માટે દસમો-વીશમો ભાગ - ધર્માદો તેમજ ઠાકોરજીને થાળ, સંતોને ધોતિયાં ઓઢાડવા વગેરે સત્સંગ પ્રણાલીને પણ સ્વામીશ્રીએ નૂતન વેગ આપ્યો.

ધર્મામૃત ને નિષ્કામ શુદ્ધિના અપ્રગટ ગ્રંથો ખાસ સંતો માટે છપાવી, તેનો નિત્યપાઠ કરવા સંતોને પ્રેર્યા.

વર્તમાન, નિશ્ચય ને અવગુણની બાબતમાં મોટા સમર્થ એકાંતિક સંત પાસે નિષ્કપટ થવું - એ મહારાજના આદેશ માટે સૌને વિશેષ જાગ્રત કરી - ખાસ કરીને સંતો તથા યુવાનોને - સૌને પ્રાયશ્ચિત્ત આપી પરિશુદ્ધ કરતા ને મહારાજની પ્રણાલિકાને સજીવન કરી.

જ્ઞાનમાર્ગમાં કથાવાર્તા, જ્ઞાનયજ્ઞ, પારાયણ તેમજ ભજન-ભક્તિના ઈશકી સ્વામીશ્રી સૌને રાત-દિવસ એમાં પ્રેરતા.

વચનામૃતની પ્રતો અનેક વાર છપાવી, ઘરે ઘરે હરિભક્તો વચનામૃત વસાવે ને તેનો નિત્યપાઠ કરે, તેનો એમને ખાસ ઉમંગ. અંગ્રેજી અને હિન્દીમાં વચનામૃતો તૈયાર કરવાના આદેશો આપ્યા. શિક્ષાપત્રી પણ વિવિધ ભાષામાં તૈયાર કરાવી. તેમજ મહારાજનાં ચરિત્ર ને તત્ત્વજ્ઞાનનો અંગ્રેજી ગ્રંથ 'Life and Philosophy of Shri Swaminarayan' તૈયાર કરાવ્યો. વચનામૃતના સંસ્કૃત ગ્રંથ 'સુધાસિંધુ'ની પ્રત મેળવી, વિદ્વાન સંતો પાસે તેનું સંશોધન કરાવ્યું.

શ્રીજીમહારાજના મહિમાસભર અચિંત્યાનંદ બ્રહ્મચારી રચિત 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથ - ગુજરાતી અનુવાદ સાથે દળદાર ગ્રંથોમાં પ્રસિદ્ધ કરાવ્યો. તેમજ મહારાજની વાણીસ્વરૂપ પ્રાસાદિક ગ્રંથ 'વેદરસ'નું મુદ્રણ કરાવી, તેનો પ્રચાર કર્યો. 'ગુણાતીતાનંદ સ્વામીની વાતું,' જૂનાગઢના સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામીની પ્રતના આધારે સંશોધિત કરાવી સાત પ્રકરણમાં છપાવી.

ઉપરાંત ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનાં વિસ્તૃત જીવન ચરિત્રોના ગ્રંથો તૈયાર કરાવ્યા. શાસ્ત્રીજી મહારાજનો અદ્વિતીય સ્મૃતિ ગ્રંથ તેમજ પરમહંસોનાં ચરિત્રો પણ તૈયાર કરી છપાવ્યાં. અક્ષર દેરીના મહિમાનો ગ્રંથ 'અક્ષર તીર્થ' પોતે જાતે લખ્યો હતો. ઉપરાંત, વર્ષો સુધી હંમેશાં સંપ્રદાયના જૂના પ્રસંગો પોતે સ્વહસ્તે ડાયરીમાં લખતા.

વચનામૃત, સ્વામીની વાતું, ભક્તચિંતામણિ, હરિલીલાકલ્પતરુ આદિ ગ્રંથોની પારાયણોના પ્રસંગો સ્વામીશ્રી ગામોગામ યોજતા. સાથે હરિભક્તોનાં પ્રવચનો પણ. આમ, ગામોગામ જ્ઞાનયજ્ઞો ને શિબિરોનાં આયોજન આપોઆપ થઈ જતાં. જેમાં આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ ને પક્ષ – સત્સંગનાં આ ચાર અંગોનું પ્રતિપાદન થતું. વચનામૃતની એક દિવસની પારાયણ પણ ઘણી વાર કરાવતા. પોતે જ્યાં વિચરતા હોય ત્યાં, ગામડાંમાં કે શહેરોમાં કે મંદિરોમાં - નિત્ય સવારે વચનામૃત વંચાવી નિરૂપણ કરતા. બપોરે પણ જમ્યા પછી વચનામૃત નિરૂપણમાં ગમ્મત સાથે જ્ઞાન પીરસતા. તત્ત્વજ્ઞાનના આ અદ્‌ભુત ગ્રંથનો મહિમા વિસ્તારી, તેના વાચન ને મનનનો મહાવરો પ્રત્યેક સત્સંગીમાં પ્રસરાવી દીધો. પોતે વારંવાર કહેતા : 'વચનામૃત સિવાય બીજામાં માલ મનાય એ જ મોહ.'

શાસ્ત્રીજી મહારાજે શરૂ કરેલા સંપ્રદાયના માસિક - 'સ્વામિનારાયણ પ્રકાશ'નો બહોળો પ્રચાર કરી, ઘરે ઘરે સૌને ગ્રાહક થવા પ્રેર્યા. પોતે 'પ્રકાશ' માસિકનો જાહેરમાં પાઠ કરતા. તેમજ સત્સંગ સમાચાર માટે 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' અઠવાડિક પત્ર શરૂ કરાવ્યું. જે અઠવાડિકની સૂચના પ્રમાણે રવિસભા થાય. તેમાં પત્રિકા નિયમિત વંચાય ને સૌને સત્સંગ-કાર્યથી વાકેફ કરે.

સ્વામીશ્રીની વિશેષતા એ હતી કે નાના-મોટા આદેશો જાહેરમાં જ સૌને આપતા. વારંવાર તે યાદ કરાવતા. વ્યક્તિગત રીતે પણ સમજાવી, વર્તાવવા આગ્રહ રાખતા.

નાના-મોટા અનેક આદેશોને મૂળમાંથી સજ્જડ કરવા ને સત્સંગની પ્રથા

તેમજ સિદ્ધાંતને વધુ મજબૂત કરવા એક અમોઘ અસ્ત્ર સ્વામીશ્રીએ સત્સંગ સમાજને આપ્યું, જેનું મૂલ્ય અમૂલ્ય ને પરિણામ સચોટ હતાં; એ હતી અઠવાડિક-રવિવારની સત્સંગ સભા. ગામોગામ સત્સંગ મંડળોની સ્થાપના કરી, રવિસભાનો આદેશ આગ્રહપૂર્વક સ્વામીશ્રીએ પ્રવર્તાવ્યો. છેવટે બે જ હરિભક્તો હોય, ભલેને એક જ ભક્ત હોય પણ રવિસભા નિયમિત ભરવી, એ સ્વામીશ્રીના રાજીપાનો પર્યાય બની ગયો.

આ પ્રવૃત્તિને પાયામાંથી વધુ વેગ આપવા, સંગીન કરવા એમણે ગામોગામ યુવક મંડળો, બાળ મંડળો સ્થાપ્યાં. અને એમના દ્વારા રવિસભાને ભારે સમર્થન આપ્યું. નવી પેઢીને તૈયાર કરવા - શ્રમશિબિરો ને અધિવેશનોનાં આયોજનો કર્યાં. 'યુવકો મારું હૃદય છે' એ પંક્તિના ઉદ્‌ગાતા સ્વામીશ્રી યુવાનોના અતિ લાડીલા બન્યા. યુવાનો માટે છાત્રાલયો, ગુરુકુળો ને હાઈસ્કૂલોની શૈક્ષણિક પ્રવૃત્તિઓ સ્વામીશ્રીએ આદરી.

કથાવાર્તાના અખાડામાં એમને અંગત રસ. જ્ઞાન-ગોષ્ઠિમાં પોતે ભારે ખીલતા. કથા પ્રસંગોમાં તત્ત્વજ્ઞાન ને સિદ્ધાંતની કેટલીક ગહન વાતોની એમણે સારી સ્પષ્ટતા આપી.

જ્ઞાનમાર્ગમાં-સમજણમાં સ્વામીશ્રી કેટલીક અસામાન્ય વાતોને વારંવાર દોહરાવી, સરળતાથી સમજાવી, સત્સંગ સમાજમાં કાયમને માટે વહેતી મૂકી દીધી. જેથી કોઈ અણસમજણ કે ગૂંચવાડો રહે નહિ. તદ્દન અબુધ માણસ પણ એ ગૂઢ આધ્યાત્મ-વિચાર સમજીને બીજાને સમજાવી શકે, એવી ચોખ્ખી સમજણ એમણે આપી હતી. ખાસ તો પોતે ઘણી વાર સમજાવતા :

'મહારાજ ગયા જ નથી.'

'સદા સાકાર છે એટલે શું ? છે, છે ને છે જ.'

'વચનામૃતમાં જ્યાં મહારાજ અને સંત અથવા ભગવાન ને ભગવાનના ભક્તની વાત છે તે ગુણાતીત સંતની જ વાત છે. બીજા અક્ષર મુક્તોની વાત નથી. ગુણાતીત સંતનો જ મહિમા મહારાજે વર્ણવ્યો છે. એ થકી જ સર્વ પ્રાપ્તિ ને કલ્યાણ બતાવ્યાં છે. જૂનાગઢના જોગીનો વારસો ચાલ્યો આવે છે.'

'અક્ષરધામમાં જે સ્વરૂપ છે તે અહીં પ્રત્યક્ષ બિરાજે છે. તેમાં રોમનો ફેર નથી.' એ સમજણ આપી. 'એ જ નિર્દોષબુદ્ધિ, એ જ ભક્તિ.' એ દૃઢાવ્યું.

પ્રાપ્તિમાં કોઈ ઊણપ રાખી નહિ. પૂર્ણકામ કર્યા. 'મહારાજનું પ્રગટપણું ગુણાતીત સંત દ્વારા છે, છે ને છે જ.' તે નિશ્ચિત કર્યું. 'સત્પુરુષ કર્મે કરીને

નીપજતા નથી, અનાદિના છે, ગુણાતીત છે.' તે પણ પાકું કર્યું.

'અને એવા ગુણાતીત સંત, મહારાજના એકાત્મ્યભાવને પામેલા, એક સમયે એક જ હોય.' એ પણ નક્કી કરી આપ્યું. અને વારંવાર કહેતા : 'એક ગુરુ કા આશરા, એક ગુરુ કી લાજ, ઓરન સે રહીએ ઉદાસ.'

આમ, જ્ઞાનના ગહન મુદ્દાઓ સ્પષ્ટ કરી, બ્રહ્મવિદ્યાની સમજૂતી સામાન્ય જનને સુલભ બનાવી. ચર્ચા, વાદવિવાદ કે વિતંડાવાદનું સ્થાન રહેવા દીધું નહિ. કારણ, એ જે બોલતા હતા એમ જ દેખતા હતા, અને જેમ દેખતા હતા એમ જ અનુભવતા હતા.

ત્યાગ, વૈરાગ્યની એમની અસાધારણ છટા આબાલવૃદ્ધ અનેકોને વૈરાગ્યની ચટકી લગાડવા પૂરતી હતી. યુવાનોને ભાગવતી દીક્ષા આપી. પ્રમુખસ્વામી દ્વારા ૭૦૦ સંતો કરવાનો સંકલ્પ મૂકતા ગયા. જેનાથી સંપ્રદાયની સર્વ પ્રકારે પુષ્ટિ થાય. સાધુતા સાથે વિદ્વત્તામાં સંતો પૂર્ણ બને એ માટે સંસ્કૃત પાઠશાળાઓ, સંગીત શાળાઓ, અંગ્રેજી, હિન્દી ભાષાઓનો અભ્યાસ ગોઠવી આપ્યો. તે દ્વારા શાસ્ત્રીઓ ને આચાર્યો તૈયાર કર્યા. સંશોધનાત્મક અભ્યાસ કરી, સંતોએ વાચસ્પતિની ઉપાધિ પણ મેળવી.

ભક્તિમાર્ગમાં ઉપાસના-મંદિરો કર્યાં. શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલાં પાંચ ભવ્ય મંદિરો ઉપરાંત અમદાવાદ, ભાદરામાં શિખરબદ્ધ મંદિરો કર્યાં. મુંબઈ, કલકત્તા, રાજકોટ, આણંદ વગેરે સ્થળે હરિમંદિરો કર્યાં. મહેળાવ ને મહુવામાં ગુરુસ્થાનો ઉપર સ્મારક મંદિરો કર્યાં. આફ્રિકામાં મોમ્બાસા, કંપાલા, જિન્જા, ટરોરો, ગુલુ ને નૈરોબીમાં ભવ્ય મંદિરો કર્યાં. ઇંગ્લેન્ડમાં ચર્ચમાંથી મંદિર કરી દિગંતમાં ડંકો માર્યો. સાથે સાથે દિલ્હી, મદ્રાસ, અમેરિકા, જાપાન, જર્મનીમાં પણ મંદિરો કરવાના શુભ સંકલ્પો કર્યા હતા.

મંદિરોમાં ઠાકોરજીનાં સુંદર સિંહાસનો, શણગાર, થાળ વગેરેને હંમેશાં પુષ્ટિ આપતા. હિંડોળા, ચંદનના વાઘા તથા વિવિધ ઉત્સવોમાં - શોભા-સજાવટમાં પણ સતત પ્રેરણા આપી સુંદર આયોજન કરાવતા. ઠાકોરજી સમક્ષ ઓચ્છવો પણ યોજતા. કીર્તન-ભક્તિ ને સંસ્કૃત સ્તોત્રગાન પણ કરાવતા.

પ્રતિષ્ઠા તથા પારાયણોમાં યજ્ઞોનું આયોજન કરતા.

તીર્થદર્શન ને મહિમાપૂર્તિ માટે સમગ્ર ભારત અને સંપ્રદાયનાં તીર્થોને આવરી લેતી સ્પેશિયલ યાત્રા-ટ્રેનો પણ આયોજતા. તીર્થદર્શન ને નદી-સમુદ્ર સ્નાનનો ભારે મહિમા. આફ્રિકામાં નાઈલ નદી, ઝામ્બેસી નદી ને લીમ્પોપો

જેવી મહાનદીઓ તથા ઇંગ્લેન્ડમાં થેમ્સ નદીમાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવી પ્રસાદીભૂત કરી.

મંદિરોમાં નવધા ભક્તિ સાથે પાંચ સમયની કથાનો પણ ખૂબ આગ્રહ રખાવતા.

અગણિત ગુણોના પુરસ્કર્તા સ્વામીશ્રી સેવા-સરભરાના ભારે વ્યસની હતા. એ સેવામૂર્તિનાં દર્શનમાત્રથી આધુનિક યુવાનો મંદિરોમાં વિવિધ સેવામાં તત્પરતાથી જોડાઈ જતા. વાસણ ઊટકવાં, વાસીદું વાળવું, જાજરૂ સાફ કરવાં, ખેતરમાં નિંદવું, રસોઈ કરવી વગેરે અનેક સેવાઓ એમણે યુવાનોમાં હોંશે હોંશે પ્રવર્તાવી.

એ જ રીતે નાના-મોટા મહેમાનોની સરભરા - એમને પાણી પાવું, જમાડવા, કપડાં ધોઈ દેવાં વગેરે સેવા-ચાકરીની પ્રેરણા પણ સ્વામીશ્રી સંતો-યુવાનોને હંમેશાં આપતા રહેતા. 'સેવા એ જ જ્ઞાન' એમ શીખવતા.

માંદે-સાજે ભક્તોની સેવા કરવી, સુખ-દુઃખમાં મદદ કરવી, પક્ષ રાખવો, સંબંધનો મહિમા સમજી દરેકમાં સુહૃદભાવ રાખવો, કોઈનો અવગુણ લેવો નહિ – આ સનાતન આદેશોનું એમણે જીવનભર સમર્થન કર્યું.

ભક્તોને રાજી કરવા ગામોગામ, ઘરેઘર પધરામણીઓ કરતા. તેમના શુભ પ્રસંગોમાં હાજરી આપી, આશીર્વાદ આપતા. આશીર્વાદના પત્રો લખતા. આ એમનો આજીવન સેવાયજ્ઞ હતો.

એ જ એકાંતિક ધર્મના સનાતન અખંડ ધારક ગુણાતીત મૂર્તિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજમાં દૃઢ આશ્રય અને પતિવ્રતાની ટેક સાથે નિષ્ઠામાં પરિપક્વતા પ્રાર્થતા આપણે વિરમીએ.

'બ્રહ્મરૂપે શ્રીહરિનાં ચરણમાં અનુરાગીએ,
એ જ આશિષ દાસભાવે હસ્ત જોડી માગીએ.'

❀ ❀ ❀



શ્રદ્ધાંજલિ

તા. ૩૧-૧-'૭૧, વસંત પંચમીની સવારે સ્વામીશ્રીનાં અસ્થિને દુગ્ધસ્નાન કરાવાયું. બાદ અક્ષર દેરીમાં ૨૬ પાર્ષદોને ભાગવતી દીક્ષા આપી, પ્રમુખસ્વામી મહારાજે યોગીજી મહારાજના સાતસો સાધુ કરવાના સંકલ્પના શ્રીગણેશ કર્યા.

આજે અમદાવાદમાં ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ અમદાવાદના તમામ નાગરિકો તરફથી સાંજે ૫-૦૦ થી ૭-૦૦ જાહેર શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કર્યું હતું. તમામની ઇચ્છા હતી કે યોગીજી મહારાજના વર્તમાન કાર્યવાહક અને વારસદાર પ્રમુખસ્વામી મહારાજ પણ આ સભામાં ઉપસ્થિત રહે.

બપોરે ૧-૧૫ વાગે પ્રમુખસ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે અમે સૌ થોડા હરિભક્તો સાથે અમદાવાદ જવા નીકળ્યા.

પરમ શ્રદ્ધેય સ્વામીશ્રી વાસુદેવાનંદજી મહારાજના અધ્યક્ષપદે અનેક સંસ્થાઓ અને નાગરિકો તરફથી ભરાયેલ આ પ્રાર્થના-સભાનો પ્રારંભ બરાબર ૫-૦૦ વાગે થઈ ગયો. આપણા શાહીબાગ મંદિર તરફથી આ સભા યોજવાનો પ્રસ્તાવ આ પહેલાં મણિભાઈ બ્રહ્મભટ્ટે મૂક્યો હતો. પરંતુ સ્વામી શિવાનંદજીએ કહેલું : 'યોગીરાજ તો હમારે થે ! ઇસલિયે શ્રદ્ધાંજલિ સભા હમ ભરેંગે ! ...'

આજે દસ હજાર ભાવિકોની વિરાટ જનમેદની ભક્તિભીની અંજલિ અર્પણ કરવા એકત્ર થઈ હતી.

પૂજ્ય વાસુદેવાનંદજી મહારાજ, શિવાનંદજી મહારાજ, મનુવર્યજી મહારાજ, આનંદપ્રિય સ્વામી (મણિનગર સ્વામિનારાયણ સંસ્થાન) વગેરેની સાથે મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, મંત્રીશ્રી વજુભાઈ શાહ અને મેયર નરોત્તમભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

ધૂન અને વેદગાન બાદ મેં *'આંખથી યોગીબાપાને મેં જોયા'* એ કીર્તન ગાયું.

'એમના સિદ્ધાંતો અને આદર્શોનો અમલ કરીએ'

પ્રારંભમાં મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ ભાવના વ્યક્ત કરતાં જણાવ્યું :

'પૂજ્ય યોગીજી મહારાજ આફ્રિકા અને લંડનનો પ્રવાસ કરી ભારત આવ્યા ત્યારે અમદાવાદમાં સ્વાગત વખતે હાજર રહેવાનો લાભ મળ્યો હતો. મારા ઘરે પણ તેઓ પધાર્યા હતા. પાટનગરમાં તેમણે પધારી, ગુજરાતની પ્રજા ખૂબ સમૃદ્ધ બને એવા આશીર્વાદ આપ્યા હતા. તે માટે અમે લાયક રહીએ તેવા તેઓ આશીર્વાદ આપે. ગોંડલ પણ હું ગયો હતો. અમારી વચ્ચે નિકટતા થઈ.

'આજે ધર્મ અને નીતિ અદૃશ્ય થતાં જાય છે, ત્યારે આવા પુરુષની મહત્તા સમજાય છે. આજે દેશનું વાતાવરણ નિરાશાજનક જણાય છે, પણ સ્વામીશ્રી જેવા પુરુષનો વિચાર કરીએ ત્યારે દેશમાં બળ જણાય છે. તેમના આદર્શો અને સિદ્ધાંતોનો અમલ કરીએ તો તેમની સ્મૃતિ કાયમ રાખી ગણાય.'

અમદાવાદના મેયર નરોત્તમભાઈએ કહ્યું કે 'યોગીજી મહારાજે જીવન જીવી જાણ્યું. આજે ગુજરાતે એક મહામૂલું રત્ન ગુમાવ્યું છે.'

મણિભાઈ બ્રહ્મભટ્ટે જાણીતા મૂક લોકસેવક રવિશંકર મહારાજનો સંદેશ વાંચ્યો. તેમણે જણાવ્યું હતું કે 'યોગીજી મહારાજે પોતાનું આખું જીવન સમાજમાં સત્સંગનો ફેલાવો વધારે કેમ થાય તેનું જ ચિંતવન કરતાં વીતાવ્યું હતું. પોતાની જાતને ખૂબ સંયમથી શુભ કાર્યોમાં જોડી દીધી હતી. એમણે જે કાર્ય કર્યું છે તેથી જ એમની સિદ્ધિ પ્રાપ્ત કરવામા તેઓ સફળ રહ્યા હતા.'

બાબુભાઈ જશભાઈ પટેલે પણ પોતાના સંદેશા દ્વારા જણાવ્યું હતું કે 'યોગીજી મહારાજના અક્ષરવાસથી સંપ્રદાયને અને જગતને ન પુરાય તેવી ખોટ પડી છે. તેમનું ઈશ્વરપરાયણ જીવન, નિરભિમાની જીવન, બધાને ઈશ્વરાભિમુખ કરવાનો સતત પ્રચાર વગેરે જોતાં જણાય કે તેમણે પોતાના આરોગ્યના ભોગે પણ કામ કર્યું છે. તેમનો જીવનદીપ ભલે બુઝાયો પણ તેમનું જીવન હંમેશાં પ્રેરક હતું.'

યોગીરાજ આત્મદર્શી પુરુષ હતા

સ્વામી શિવાનંદજી મહારાજે કહ્યું કે 'દિવ્યાત્મા બ્રહ્મપદને પ્રાપ્ત થાય છે, તેથી તેને શ્રદ્ધાંજલિ કહે છે. યોગીજી મહારાજને શોકાંજલિ શું ? તે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં પૂર્ણ હતા. નીતિથી ચાલ્યા ને સમાજને કલ્યાણનો માર્ગ બતાવ્યો. તેઓ દયાળુ છે, ભગવાનને ધામમાં કહેતા હશે : 'જુઓ, ભગવાન ! અમારી જનતા દુઃખી છે, તેમને સુખી કરો.' તેમને કોઈ ભેદબુદ્ધિ નહોતી. ગૃહસ્થ, સંન્યાસી, વૈરાગી કે સ્વામિનારાયણનો અનુયાયી હોય, પણ યોગીરાજ બધામાં આત્મભાવ જોનારા હતા.'

મણિનગર સંસ્થાન તરફથી આનંદપ્રિય સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું : 'ભગવાન ને સંત અંતર્ધાન થતા જ નથી. પ્રગટ જ હોય છે. તેઓ ગયા તેમ લાગે, પણ સદા સાથે જ છે. દૃષ્ટિમાત્રે કલ્યાણ કરી રહ્યા છે.'

તેમનું જીવન અને કર્તવ્ય હતું પરમાત્મા !

યોગસાધનાશ્રમના અધ્યક્ષ મનુવર્યજી મહારાજે ખૂબ ભાવપૂર્વક પોતાની ભાવના રજૂ કરી :

'યોગીજી મહારાજ એક ધર્માચાર્ય હતા. ધર્મનું સાચું હાર્દ જેણે પ્રગટ કર્યું અને ધર્મને જેણે આચર્યો તે જ આચાર્ય છે. તે દ્વારા ભગવાનને અનુભવ્યા હોય તેવા મહાપુરુષ પૂજ્ય યોગીજી મહારાજ હતા.

'ગોંડળમા એમના પ્રથમ દર્શને જ મને અહોભાવ પ્રગટ થયો. અમીભરી તેમની દૃષ્ટિ, આનંદભર્યું મુખારવિંદ અનુપમ હતાં, હૃદયના ભાવથી અમારું સ્વાગત કર્યું અને ભેટ્યા ત્યારે સંતની વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો. જેણે ભગવાનને પોતામાં રાખ્યા છે, તે અનુભવ્યું. તેઓ ભગવાનરૂપ બની ગયા હતા. તેમનાં જીવનમાં-કર્તવ્યમાં પરમાત્મા સિવાય કાંઈ ન હતું.

'તેમની વાણી મૂક અને ક્રિયા સફળ હતી. ધર્મ માટે, સત્સંગ માટે અને ધર્મવિમુખને સન્મુખ કરવા માટે મંદિરોની રચના કરી.

'વિદ્યાર્થીઓની શક્તિને હેતુલક્ષી બનાવી, રવિવારની સભા અને નિયમોનું પ્રવર્તન કર્યું. ગુજરાતની ધરતી પવિત્ર છે, જ્યાં યોગીજી મહારાજ પ્રગટ થયા.'

પૂર્ણ પુરુષ !

પ્રમુખસ્વામી મહારાજે ગદ્‌ગદ કંઠે ગુરુના ગુણાનુવાદ ગાયા :

'સ્વામીશ્રી બધી વાતે પૂર્ણ હતા. સર્વજીવહિતાવહ હતા. તે તેમની ભાવના હતી. તે ભાવનાને આજની સભા પુરવાર કરે છે.

'જ્યાં જ્યાં સ્વામીશ્રી ગયા તે દરેકને સદાચારી બનાવ્યા. મહાન હોવા છતાં નિરભિમાની રહ્યા. *'નાને સે હો નાને રહીએ...'* આ સૂત્ર તેમણે જીવનમાં વણી લીધું હતું. તેઓ સદા સેવક બનીને જ રહ્યા.

'ધર્મ કેવળ બોલવામાં નહીં, જીવનમાં વણી લીધો હતો. કોઈપણ રાજકીય, ધાર્મિક કે સામાજિક મનુષ્ય તેમને મળે, તે બધા ધર્મને માર્ગે કેમ ચાલે, તે જ તેમની ભાવના હતી.

'પરદેશમાં હજારોને વ્યસનરહિત કર્યા ને દેશમાં પણ તે કાર્ય અવિરત ચાલુ જ હતું.

'તેમના પ્રત્યે આપ સર્વેએ ભાવ દર્શાવ્યો છે, તે માટે ધન્યવાદ છે.'

સાત યુનિવર્સિટીનું સામટું કાર્ય કરનાર

વજુભાઈ શાહે અંજલિ અર્પતાં કહ્યું :

'યોગીજી મહારાજ ગયા નથી. ભલે સદેહે તેમનાં દર્શન ન થતાં હોય, પણ તેઓ છે જ. ગઈકાલ સુધી તેમને દેહનાં બંધન હતાં. હવે તેઓ ઘર ઘરમાં વ્યાપી ગયા છે. દરેક શ્રદ્ધાળુના હૃદયમાં યોગીજી મહારાજ છે. આવા સંતને ક્યારેય મૃત્યુ હોતું નથી. જન્મ-મરણ હોતાં નથી.

'તેમણે આધુનિક શિક્ષણ લીધું નહોતું; પણ સારા કાયદા-કાનૂનથી કે પાર્લામેન્ટથી ન થાય, એક નહીં પણ સાત યુનિવર્સિટી સામટી જે તેજ પ્રગટાવી ન શકે, તે યોગીજી મહારાજે પ્રગટાવ્યું છે.

'જેમ જેમ તેમને નીરખતો ગયો, તેમ તેમ તેઓ પરમહંસ પંક્તિના છે તેમ લાગતું ગયું.

'આ ભારતભૂમિ માટે એમણે અહિંસા અને પ્રેમનો સંદેશ આપ્યો, સંસ્કારો આપ્યા અને રગેરગમાં સીંચ્યા. આ સંપ્રદાયના નવયુવાનો ધર્મનું શિક્ષણ લઈને નીકળે તો ભારતનો, વિશ્વનો ઉદ્ધાર થશે અને આ જ યોગીજી મહારાજને સાચામાં સાચી અંજલિ છે.'

સત્-ચિત્-આનંદથી અભિન્ન

આ ઉપરાંત શેઠ ચંદ્રકાન્ત જગાજીવાળા, શેઠ નંદદાસભાઈ, ચુનીભાઈ તલોદવાળા, મહેન્દ્રભાઈ બૅરિસ્ટર તેમજ સ્વામીશ્રી વાસુદેવાનંદજી મહારાજે પોતાની ભાવનાઓ રજૂ કરી હતી. વાસુદેવાનંદજી મહારાજે જણાવ્યું :

'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં...' આ શ્લોક યોગીજીમાં અમે જોયો. તેમનામાં અપાર શ્રદ્ધા હતી. 'શ્રદ્ધામયોઽયં પુરુષઃ'

'તેઓ બધાને હાથ જોડતા. બધા દેવો-ઈશ્વરોને પગે લાગતા. આ અતૂટ શ્રદ્ધા હોય તો જ બને. પોતે પરમાત્મા-પરક હતા. ભલે ગમે તેવી માયા હોય, છતાં તેમનું મન સચ્ચિદાનંદથી જુદું નહોતું પડતું.

'ભારત દેવીનું ગૌરવ છે કે સારામાં સારા યોગીઓ અહીં થયા છે. યોગીજી મહારાજ પાસે અષ્ટ સિદ્ધિઓ મોજૂદ હતી. તેથી જ દેશનું સાચું ધન ભૌતિકતા નહીં, સંત છે.

'યોગીરાજ નિર્ભીકભાવથી ઉપદેશ આપતા. એમનું દર્શન સાક્ષાત્ ઋષિદર્શન હતું. એમનો આત્માભાવ એટલો હતો કે પોતે જેની પીઠ થાબડે તેનું કામ થઈ જતું. એમની પ્રક્રિયા તો કોઈ અધિકારી જ સમજે.

'યોગીજી મહારાજ સ્વામિનારાયણના હતા, છતાં અમારા હતા. વસ્ત્રમાં તાંતણા જુદા, પણ વસ્ત્ર તો એક જ ! આનું નામ વિશ્વબંધુત્વ, વિશ્વપ્રેમ છે. તેમનું પંચભૌતિક શરીર આજે નથી, પણ આત્મા ચિરંજીવ છે. તેમના શુભ આશીર્વાદ

આપણી સાથે છે.

'વળી આગળ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી છે. તેમના આશીર્વાદ પણ આપણી સાથે છે.' તેમણે પ્રમુખસ્વામીને સંબોધતાં જાહેરમાં જ કહ્યું : 'તમારે કોઈપણ કામ હોય તો અમે અમારો પ્રાણ દેવા પણ તૈયાર છીએ.'

સૌએ તાળીઓના બુલંદ ગડગડાટ સાથે આ ભદ્રભાવનાને વધાવી લીધી.

બે મિનિટની મૌન પ્રાર્થના બાદ સ્વામીશ્રીનું કેસેટ પ્રવચન મૂકવામાં આવ્યું. થોડી ક્ષણો આનંદની લહેરખી પ્રસરી રહી.

પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટે આભાર વિધિ કર્યો અને પ્રમુખસ્વામી તરત જ ગોંડળ જવા નીકળી ગયા. સવારે ૪-૦૦ વાગે ગોંડળ પહોંચ્યા.

તા. ૪-૨-'૭૧, સવારે સ્વામીશ્રીના સમાધિ સ્થાને તૈયાર થયેલા સુંદર ઓટાનું પૂજન થયું.

'ભક્તચિંતામણિ'ની પારાયણ ચાલુ હતી. હજારો હરિભક્તોથી મંદિર ઊભરાતું હતું. કાશીથી પધારેલા શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજી, લંડનથી પધારેલા મેઘાણી સાહેબ, દિલીપ વેદાલંકાર, ભાવનગરના માસુમઅલી શેઠ તેમજ અનેક હરિભક્તોની હાજરીમાં પારાયણની પૂર્ણાહુતિ થઈ. અંતે વેદાલંકારજીએ ભાવાંજલિ અર્પતાં કહ્યું :

'જેમનું હિમાલય જેવું ઉન્નત જીવન હતું, ગંગા સમું પવિત્ર જીવન હતું, તેવા યોગીજી મહારાજ અનેક જ્યોતિચિહ્નો મૂકી ગયાં છે.'

પ્રમુખસ્વામી મહારાજના સૌએ મન ભરીને ગુણાનુવાદ ગાયા. અંતે આશીર્વચનમાં પ્રમુખસ્વામીએ નમ્રભાવે કહ્યું : 'મને અણુમાંથી મહાન શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે કર્યો છે. તેમની કૃપાદષ્ટિથી બધું થયું છે.'

આરતી બાદ સમાધિ સ્થાન પર ભવ્ય સ્મારક રચવા નિર્ણય થયો. હરિભક્તો મન મૂકીને સેવા કરી રહ્યા હતા. જે પુરુષે પોતા માટે દેહ કૃષ્ણાર્પણ કરી રાખ્યો હતો, તેની સેવામાં કોણ પાછું વાળીને જુએ ! ભક્તોની ભાવનાએ માઝા મૂકી હતી.

૧૨-૩૦ વાગે સ્વામીશ્રીના અતિ પ્રિય ઘાટ - અક્ષર ઘાટમાં અસ્થિ-વિસર્જન થયું. ગુરુકુળના વિદ્યાર્થીઓએ બૅન્ડથી સલામી આપી.

હરિભક્તો 'યોગીજી મહારાજ ગયા નથી' એ પ્રતીતિને હૈયાંમાં ભરી, હર્ષિત હૈયે વિખરાવા લાગ્યા.

દ્વિતીય શ્રદ્ધાંજલિ સભા : મુંબઈ

તા. ૬-૨-'૭૧ના મુંબઈના પોદાર કૉલેજ હૉલમાં અનંત વિભૂષિત સ્વામીશ્રી અખંડાનંદ સરસ્વતીજીના અધ્યક્ષપદે પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં ભવ્ય શ્રદ્ધાંજલિ સભા યોજાઈ.

જેમાં કૃષ્ણશંકર શાસ્ત્રી, શાસ્ત્રી પાંડુરંગ આઠવલે, મહામંડલેશ્વર સ્વામી બ્રહ્માનંદજી અને અન્ય ઘણા મહાત્માઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિ હતી.

હૉલ ભાવિકો અને ભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. બરાબર રાતે ૮-૦૦ કલાકે ધૂન અને વેદગાન સાથે સભાનો પ્રારંભ થયો.

મુંબઈના ભૂતપૂર્વ મેયર જમિયતરામ જોષીએ ગદ્‌ગદ હૃદયે જણાવ્યું :

'આપણે યોગીજી મહારાજની શક્તિનું માપ કાઢી શકીએ તેમ નથી. તેમનું જીવન એટલું નિર્મળ છે કે તેમને જોયા ત્યારથી તે હસતા જ જોયા છે. ક્યારેય વ્યાધિને આધીન થયા નથી.

'ભક્ત કવિ નરસિંહ મહેતાએ વૈષ્ણવ જનની જે વાત કરી છે, તેનો સાક્ષાત્કાર યોગીજીનાં દર્શનમાં થયો છે.'

જાણીતા સાહિત્યકાર અને સ્વામીશ્રીના હેતવાળા કવિ હરીન્દ્ર દવેએ પણ આ પ્રસંગે ભાવસમર્પણ કર્યું. તેમણે કહ્યું :

'આ પ્રસંગે શબ્દોની આવશ્યકતા નથી, શાંતિની આવશ્યકતા છે.

'વચનામૃત મધ્ય ૧૩માં તેજને વિશે મૂર્તિની વાત છે, તે તેજની મૂર્તિ સ્વામીજી હતા.'

તેમણે સ્વરચિત કાવ્ય વાંચ્યું :

'હમણાં એ હેતનો અવાજ સાંભળીશ, જાણે હમણાં આ હોઠ બે મલકશે...'

મહંત સ્વામીએ પણ પ્રાસંગિક ગુણાનુગાન ગાયા અને જણાવ્યું : 'સ્વામીશ્રીએ જે સંકલ્પો કર્યા છે, તેનાથી સવાયું કાર્ય થાય, તેવા બધા આશીર્વાદ આપો. અમે અમારું કાર્ય કરી શકીએ, આપ સૌ તેમાં સહકાર આપશો.'

સંન્યસ્તાશ્રમ, પાર્લાના અધ્યક્ષ મહામંડલેશ્વર સ્વામી બ્રહ્માનંદજીએ ભાવવાહી કંઠે શ્રદ્ધાંજલિ સમર્પી :

'યોગીરાજ મહાન વિભૂતિ હતા. સૂર્ય પૂર્વમાં ઊગે ને પશ્ચિમમાં આથમે, તેમ જ્ઞાનનો પ્રકાશ યોગીજી મહારાજ પૂર્વમાંથી પશ્ચિમમાં લઈ ગયા. એમણે આ અન્વર્થક ચરિતાર્થ કર્યું.

'આફ્રિકા જેવા અસભ્ય દેશમાંય મંદિરોની સ્થાપના યોગીજી મહારાજે કરી. તેઓ બ્રહ્મરૂપ હતા. હવે યોગીજી મહારાજ બધાની અંદર રહીને પ્રેરણા કરશે...'

ભારતીય સંસ્કૃતિની મહાન શક્તિ

સ્વામીશ્રી પ્રત્યે અપ્રતિમ પ્રેમભાવ રાખનાર સમર્થ વક્તા શાસ્ત્રી પાંડુરંગ આઠવલેજીએ પોતાની ભાવના આ શબ્દો સાથે રજૂ કરી :

'હિમાલયનો ભારતીયોને ખૂબ મહિમા છે. અમુક ઉંમરે લોકો ત્યાં રહેવા જતા

રહે છે. પરંતુ તેમાં પૈસો ને શક્તિ બન્ને જાય છે. જ્યારે સંત પાસે જવામાં આ બન્નેની જરૂર નથી.

'ગંગાસ્નાન પણ પવિત્ર છે, પરંતુ તે અદૃષ્ટ ફલસૂચક છે. જ્યારે સંત દૃષ્ટ ફલસૂચક છે. સંત એ ભારતીય સંસ્કૃતિની મોટી શક્તિ છે. એવા સંત માંહીલા એક નિજધામ ગયા. મારો તેમનો પ્રેમ વૈયક્તિક પ્રેમ હતો. આપણને હવે રસ્તો કોણ બતાવશે ? અમને ઉત્સાહ કોણ આપશે ? જો કે બધી વ્યવસ્થા ભગવાને વિચારી જ રાખી હશે. આપણે યોગીબાપાને પ્રાર્થના કરીએ કે અમને શાંતિ આપો.'

'યોગીજી મહારાજ આપણા હૃદયમાં બિરાજે છે'

અધ્યક્ષપદે વિરાજિત સ્વામી અખંડાનંદજી મહારાજે ભાવવિભોર સ્વરે સ્વામીશ્રીના ગુણાનુગાન ગાયા :

'સંતને કદી મૃત્યુ હોતું નથી. ગુરુનું મૃત્યુ થાય તો શિષ્યની મુક્તિ કેમ થાય ? યોગીજી મહારાજ ભગવાનના ધામમાં ગયા છે, પણ સાથે પ્રત્યેક શિષ્યનાં હૃદયમાં બિરાજ્યા છે. જ્યાં સુધી શિષ્યોની મુક્તિ નહીં થાય, ત્યાં સુધી તેઓ શિષ્યોને છોડશે નહીં.

'યોગીજી મહારાજ શાંત હતા અને સંત પણ હતા, શાંત રહે તે શંત અને પરમાત્માથી અવિભક્ત રહે તે સંત.

'મેં યોગીજી મહારાજને જોયા, તેમનું જીવન એકદમ સહજ. બાહ્ય આડંબર નહીં. સભામાં આવી તેઓ બેસી ગયા ત્યારે તો મેં તેમને ઓળખ્યા પણ નહીં. સરળ જીવન. વેશભૂષા કે આસન - સિંહાસનનો દેખાવ નહીં. છત્ર-ચામરનો આડંબર નહીં.

'સંત છે તે પોતાની વિશેષતા દેખાડે નહીં. સ્વયં નિર્વિશેષ થઈને રહે તે સંત.

'હું ગોંડળ ભાગવત પારાયણ માટે ગયો હતો. મંદિરે યોગીજી મહારાજનાં દર્શન કરવા ગયો. તેમને જોયા તો તેઓ કોઈ પારકી વ્યક્તિ છે, તેવું લાગ્યું જ નહીં.

'સ્વામિનારાયણ સંપ્રદાય મોટો સંપ્રદાય છે. વિશિષ્ટાદ્વૈત મત તેમણે સ્વીકાર્યો છે. મેં બે-ચાર ગ્રંથો પણ વાંચ્યા છે, સાધનાનો ક્રમ જુદો છે, તેથી જુદો સંપ્રદાય તો છે જ, પરંતુ યોગીજી મહારાજને જોઈને મને એમ ન લાગ્યું કે અમે તેમનાથી જુદા છીએ. તેમનામાં સાંપ્રદાયિક ભેદભાવ નહોતો. કોઈ પારકું કે પોતાનું તેવો વિકાર નહોતો. તેઓ ગયા નથી. આપણાં હૃદયમાં જ બેઠા છે, પોતાના હૃદયમાં યોગીજી મહારાજને ધારો, તેઓ પ્રગટ થઈ જશે.

'યોગીજી મહારાજનું ધ્યાન ધરશે ને તેમના આદેશ અનુસાર ચાલશે તેના હૃદયમાં છુપાયેલા સંત પ્રગટ થશે. ને તે પણ મહાન થશે તે નિર્વિવાદ છે.

'ભાગવતમાં કહેલાં લક્ષણો તેમનામાં હતાં, 'પોતાનો પરિશ્રમ ન જોતાં બીજાને

પ્રિય ક્રિયા કરે છે, પોતાની પ્રશંસા સાંભળવા તેમને રુચિ થતી નથી.' આ બધી સંતોની નૈસર્ગિક પ્રક્રિયા છે.

'તેમના સંકલ્પ અનુસાર જીવન બનાવીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ...!'

'પ્રમુખસ્વામી યોગીજીનું મુખ છે'

ત્યારબાદ સ્વામીશ્રીના અત્યંત ચાહક અને વિખ્યાત ભાગવત કથાકાર કૃષ્ણશંકર શાસ્ત્રીએ પણ પોતાની ભાવવાણી વહાવી :

'એવી બુદ્ધિ મનુષ્ય પાસે ક્યાંથી સુલભ કે ભગવાનને બેસવાનું અધિષ્ઠાન પોતામાં બનાવી શકે ? તે માટે આચાર્ય અને સંતની પરંપરા, તિતિક્ષા, કારુણ્ય, સૌલભ્ય બધા ગુણો સંતમાં દેખાય છે. યોગીજીમાં એવો કયો ગુણ હશે કે શોધવો પડે ? તેમનામાં સારલ્ય શોધવું પડતું હતું ? વાત્સલ્ય ખોળવા જવું પડતું ? પ્રત્યેકને એવું નથી લાગતું કે મારા પ્રત્યે તેમનું વધુ આકર્ષણ છે ?

'તેઓ મમતા અને સમતા સાથે વસાવી શક્યા હતા. જ્યાં મમતા હોય ત્યાં સમતા ન હોય. અનાયાસે ઈશ્વરમાં અનુરાગ કરવા હાથ પકડીને તેઓ આપણને લઈ જતા.

'બાપા પાસે આવે તે ભગવાનના અનુરાગવાળો થવો જ જોઈએ, તેવું તેમનું દૃઢ વ્રત હતું. આમાં અપવાદમાંય એકે નથી. બાપાના સમાગમમાં આવ્યો, તેના કપાળમાં તિલક, હાથમાં માળા હોય છે, શિક્ષાપત્રીનું આચરણ કરતો હોય છે.

'કોઈનીયે શોકસભામાં તાળીઓ ખખડે નહીં, ને આજે બાપાની શોકસભામાં ભક્તો તાળીઓ વગાડે છે. બાપાની આદત હતી કે આનંદમાં આવે ને તાળીઓ પાડી ઊઠતા. તેથી જ તો બધા આજે તાળીઓ પાડે છે.

'મારી વાણીને સાર્થક કરવાનો સમય આવે ત્યારે બાપા તાળી પાડી દેતા હતા. તેમનામાં શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજ કામ કરતા. શાસ્ત્રીજી યોગીજી દ્વારા બોલેલા. હવે યોગીજી જે બોલવા ઇચ્છે છે તે પ્રમુખસ્વામી દ્વારા બોલશે.

'પ્રમુખસ્વામી એ પ્રમુખસ્વામી નથી, પણ યોગીજીનું મુખ છે !

'ગુસાંઈજીના ૧૦૮ નામમાંનું એક 'શ્રીકૃષ્ણાસ્યમ્' નામ પણ છે. વલ્લભાચાર્ય કહે છે : 'પ્રકૃષ્ટં મુખં યસ્ય સઃ' 'યોગીજી જે જે બોલશે તે પ્રમુખસ્વામીને મુખે બોલશે.

'આ નામ પાડ્યું ત્યારે આવી ખબર નહીં હોય, આજે આપણે શોકના સાગરમાં તો છીએ, પણ યોગીજીના સ્પર્શથી જે સુખ મેળવતા તે પ્રમુખસ્વામી દ્વારા મેળવવાનું છે. તે જ સ્પર્શજન્ય હર્ષ તે દ્વારા મળશે.

'યોગીજીના સ્પર્શથી જે ઉત્કર્ષ મેળવતા તે પ્રમુખસ્વામી દ્વારા મેળવવો. જે જે વસ્તુને પ્રમુખસ્વામી સ્પર્શશે તે તેમાં યોગીજીનો સ્પર્શ હશે. યોગીજી મહારાજની આંખથી જે પરામર્શ મળતો હતો, તે પ્રમુખસ્વામી દ્વારા મળશે. 'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં

શિષ્યાસ્તેચ્છિન્ન સંશયા:' આ યોગીજી દ્વારા ચરિતાર્થ હતું.

'આપણે જુદે રહીએ ને યોગીજી જુદે રહે, છતાં તેઓ આપણી રક્ષા કરે જ છે. સંતો ચમત્કાર માટે અવતરતા નથી. તેઓ બોલે છે તેમાં ભગવાન જ બોલે છે. તેમણે પોતાનું અહંત્વ 'દાસોઙહં'માં મૂકી દીધું છે. અહં ઓગળે ત્યારે દાસત્વ વિકસે છે.

'એમની સ્પર્શદીક્ષાના તો આપણે બધા લુટારા જ હતા. રોજ તેમના ધબ્બા ખાતા. ધબ્બાનો શું અર્થ ? તું જે કામ માટે જાય છે, તેમાં શક્તિ હું આપીશ, પણ ભક્તિ તારે કરવાની, આસક્તિ તારે કાઢવાની અને અનુરક્તિ હું સાધી આપીશ !

'તેઓ હંમેશાં માળા રાખતા. કારણ કે આપણું મન અને હાથ સ્મરણ અને માળાથી વંચિત ન રહે.

'બાપા હિન્દુસ્તાનને ઉગારવા આવ્યા છે. કોઈના હાથમાંથી માળા પડી ન જાય, ઘરમાંથી પૂજા નીકળી ન જાય. આ બધાથી બચાવવા આવાં વિભૂતિ તત્ત્વો આવે છે.

'આ જ હૉલમાં તેમના આફ્રિકા જતાં પહેલાં મેં મંગલ વાંચ્યું હતું કે યોગીજી આવે ત્યાં સુધી સૌ માળા ફેરવજો.

'યોગીજીની એવી દિવ્ય ઇચ્છા હતી કે તેમને પ્રમુખસ્વામીથી કામ લેવું હતું. તેમના દેહને અનુકૂળ હતું ત્યાં સુધી બધે ફર્યા, અનેક ઠેકાણે વિચરણનો તેમનો સંકલ્પ હતો તે પ્રમુખસ્વામી દ્વારા પૂરો કરશે. તેઓ અંતર્હિત નહીં, પણ પ્રમુખસ્વામીમાં નિહિત થયા છે.

'યોગીજીનાં પાસાં સેવ્યાથી આવી સ્વાભાવિક દીનતા આવે છે. નહીં તો તેમનાં પાસાં સેવ્યાં શાનાં ?'

'દલિતવર્ગ પાસે પણ આ સંપ્રદાય પહોંચ્યો. તેનું નામ સૌહાર્દ. બાપા ગયા. ભગવાન સાથે લડવાનું મન થાય છે : 'હે ભગવાન ! અમારી મિલકત છીનવી લેતાં તમને દુઃખ ન થયું ? અમે તમને કરુણાનિધાન કેમ કહીએ ? અમારો છાંયો તમે કેમ ઉઠાવી લીધો ?' હૃદયમાં જ્યારે વિહ્વળતા થાય ત્યારે આમ પ્રાર્થના કરી બે અશ્રુ-મૌક્તિકો ભગવાન પાસે મૂકી દેવાં, બીજું તો શું કરી શકીએ ?'

શાસ્ત્રીજીના ભાવપ્રવાહથી આંખો પર યોગીજી મહારાજની હૂબહૂ સ્મૃતિ તરી આવતી હતી. કેટલીયે આંખો દુઃખ વહાવી રહી હતી.

આધ્યાત્મિક આનંદનો હાસ્ય વિલાસ

સંતોના વિદ્યાગુરુ પંડિત ગોપાલાચાર્યજીએ પણ ભાવાંજલિ અર્પણ કરી :

'સ્વામીશ્રી વૈરાગ્યમૂર્તિ હતા. તેમનાં દર્શન આહ્લાદક હતાં. એમનાં દર્શનથી સુખનો આસ્વાદ મળતો. તેમના ગયાથી જગત હવે વધુ રાંક બન્યું છે. ધર્મે પોતાનો મજબૂત પાયો ગુમાવ્યો છે. માણસો આધ્યાત્મિક માર્ગથી ચલિત થઈ, ગર્તામાં પડ્યા

છે, હવે જાણે તે વધુ નિરાધાર થયા છે.

'મેં તેમને સવારે, બપોરે, રાતે, મધરાતે પણ ઘણી વાર જોયા છે. નીરખ્યા છે. તેઓ બધે જ વખતે સ્ફૂર્તિમાન લાગતા. આનંદનો સમુદ્ર તેમનામાં હિલોળા લેતો. તેમના મુખ પર આધ્યાત્મિક આનંદનું હાસ્ય વિલસતું. યોગશાસ્ત્રમાં જે Acetic smile કહ્યું છે, તે તેમનામાં હતું.

'યોગમાં અતિ આગળ વધેલાથી જ આ સ્થિતિ પામી શકાય છે. તેમણે તેમની પાછળ એક મહાપુરુષને મૂક્યા છે. ઊછળતા વાત્સલ્યથી ભરપૂર એવા તેમના સેનાપતિને મૂક્યા છે, તેમને તેમણે પૂરા પ્રેમથી ગાદી આપી છે.

'યોગીરાજ બધાને ચાહતા. તેમણે તેમની યૌગિક શક્તિ પ્રમુખસ્વામીમાં મૂકી છે. પ્રમુખસ્વામી એ સ્વામીશ્રીનું પ્રતિબિંબ છે. 'પ્રતિમુખસ્વામી !' સ્વામી પ્રતિ જેનું મુખ છે, તેવા પ્રમુખસ્વામી આજે ઘણા ઉદાસ દેખાય છે ! હું ભગવાનને પ્રાર્થના કરું કે પ્રમુખસ્વામીને દીર્ઘાયુષ અને આનંદ અર્પે કે જેને તેઓ બધે જ વિસ્તારે. હવે યોગીજી મહારાજ પ્રમુખસ્વામી દ્વારા બધું કાર્ય કરશે !'

અંતે સૌની ભાવનાઓના કેન્દ્રસમા નમ્રમૂર્તિ પ્રમુખસ્વામી મહારાજે ભક્તિભીના કંઠે કહ્યું :

'સ્વામીના ગુણગાન આપણે શું ગાઈ શકીએ ? કૃષ્ણશંકર શાસ્ત્રી અને અખંડાનંદજી મહારાજે વાત કરી કે સ્વામી કેવા મહાન હતા !

'આપણે તો તેમના મહિમાના બે શબ્દ ઘરના-વધારાના પણ કહી દઈએ, પણ આ તો બધા વિદ્વાનો છે. તેમણે સ્વામીજીમાં સૂક્ષ્મ ગુણોય જોયેલા. તેમનાં પ્રવચનોથી લાગ્યું કે આપણે સ્વામીને જાણતા હતા, તે કરતાં પણ તેઓ વધારે મહાન હતા. આપણે સ્વામીને સમજવામાં બાકી હતું તેમ લાગ્યું. સ્વામીની શક્તિનો અનુભવ અત્યારે થાય છે.

'તેઓ ઓછું બોલતા, પણ વધુ તેમનાં વર્તનમાં હતું. આપણે વાણીમાં વધુ પીરસી શકીએ, પણ વર્તનમાં જેટલું હોય તેટલું જ શોભે. તેઓ મહાન હતા છતાં નાનામાં નાના જ રહ્યા. અમે ઘણા નાના છીએ, બાળકો છીએ. આપ સર્વેનો આશીર્વાદ છે તો તે કાર્ય ઉપાડવાની શક્તિ આપો તે પ્રાર્થના.'

પ્રવચનોના ભક્તિ-અર્ઘ્યમાં ક્યારેક સુભાષ દેસાઈ ભજન ગાઈ સભાને મંત્રમુગ્ધ કરી દેતા. અંતે તેમનાં કીર્તનગાન પછી બે મિનિટ મૌનપ્રાર્થના થઈ. ૧૧-૧૦ વાગે સભા વિસર્જન થઈ. સૌનાં હૈયે સ્વામીશ્રીનો ભારોભાર મહિમા છવાયો હતો. સૌના હોઠે પ્રમુખસ્વામીના ગુણાનુવાદ વહી રહ્યા હતા.

અહીંના રોકાણ દરમ્યાન પ્રમુખસ્વામીએ સૌને પ્રૌઢપ્રતાપનો અનુભવ કરાવ્યો. સ્મૃતિ મંદિરના નિર્માણનો મોટો ખરડો થયો. નાના બાળકો પણ ઉમંગથી સેવા

લખાવી જતા ! દરેકનો ઉત્સાહ અવર્ણનીય હતો.

પ્રમુખસ્વામી તા. ૧૩મીએ અમદાવાદ જવા નીકળ્યા. દાદર સ્ટેશને ભક્તો સ્વામીશ્રીને વિદાય આપવા ઊમટ્યા. સ્ટેશને હજારો ભક્તો એમનાં દર્શનથી દિવ્યતા અનુભવતા. ધરપત અને આશ્વાસન મેળવતાં. ગુણાતીતની અમરવેલ સદાય નવપલ્લવિત જોઈ પ્રતીતિપૂર્વક સૌ કૃતાર્થ થતા.

અમદાવાદમાં તા. ૧૪-૨-'૭૧ના બપોરે ૩-૦૦ વાગે હજારો હરિભક્તો મંદિરે એકત્ર થયા હતા. પ્રમુખસ્વામીએ ષોડશોપચાર સાથે અસ્થિકુંભનું પૂજન કર્યું. મણિભાઈ બ્રહ્મભટ્ટ તથા અંબાલાલ બકરી પોળવાળાએ સ્વામીશ્રીના પ્રગટપણાની સુંદર વાતો કરી, પ્રમુખસ્વામી મહારાજની મન, કર્મ, વચને સેવા કરવા સૌને પ્રેરણા આપી. અહીં પણ સ્મૃતિ મંદિર માટે ખરડો થયો.

સભા બાદ અસ્થિકુંભ સાથે સોમાભાઈની મોટરમાં સ્વામીશ્રીની દિવ્ય મૂર્તિ પધરાવી નગરયાત્રા શરૂ કરવામાં આવી. આજુબાજુનાં ગામોની ભજન મંડળીઓ, યુવક મંડળનું બૅન્ડ તથા ધૂન, ભજન વાતાવરણને દિવ્ય-મંગલમય બનાવતા હજારો હરિભક્તો ૬-૦૦ વાગે સાબરગંગાના તીરે પહોંચી ગયા. નારાયણ ઘાટ વધુ એક વાર તીર્થીભૂત થયો.

વેદોક્ત વિધિ પ્રમાણે અસ્થિ-પૂજન અને આરતી થયાં. પ્રમુખસ્વામીએ ગગનભેદી જયનાદો વચ્ચે અસ્થિને જળમાં પધરાવ્યાં.

સૌને ધીરજ બંધાવી, પ્રમુખસ્વામી અહીંથી ભાવનગર પધાર્યા. એમની સાધુતા-સભર નમ્ર પ્રકૃતિમાં સૌને યોગીરાજના આર્વિભાવનો અનુભવ મળતો. સૌને રાજી કરતાં ગામોગામ વિચરણ કરવાનો મનસૂબો કર્યો હોય તેમ ગઢડામાં ઉન્મત્ત ગંગામાં અસ્થિ-વિસર્જન બાદ, સારંગપુર થઈ, તા. ૨૦મીએ રોહિશાળા પધાર્યા. લાઠીદડ, લાખિયાણી વગેરે ગામોના હરિભક્તોને પણ ભાવથી મળ્યા. અહીંથી અડવાળ અને બાવળાના ભક્તોને મળી, સીધા ખેડા પધાર્યા.

'નારાયણ સ્વરૂપદાસ ગુણીને સ્નેહે જ વંદું અહો !'

તા. ૨૧મીએ મહેળાવમા અભૂતપૂર્વ ઐતિહાસિક પારાયણનો પ્રારંભ થવાનો હતો.

આ દરમ્યાન તા. ૧૯મીની રાતે કોઠારી ભક્તિપ્રિય સ્વામી અને નારાયણ ભગતે પ્રમુખસ્વામી મહારાજના પ્રશસ્તિ શ્લોકની રચના કરી. એ શ્લોક સમગ્ર સત્સંગમાં પ્રસિદ્ધ થયો :

'શોભો સાધુગુણે સદા સરળ ને જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી વળી યોગીજી ઉભયની કૃપાતણું પાત્ર છો;

ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણ સ્વરૂપદાસ ગુણીને સ્નેહે જ વંદું અહો.'

પ્રમુખસ્વામીના મહિમાનું હૂબહૂ ચિત્રણ કરતો આ શ્લોક ખૂબ પ્રશંસા પામ્યો અને લોકજીભે સદાયને માટે રમતો થઈ ગયો.

મહેળાવની ઐતિહાસિક પારાયણ

સ્વામીશ્રીનો અહીં પારાયણ કરવાનો અંતરનો સંકલ્પ હતો. શાસ્ત્રીજી મહારાજની આ જન્મ ભૂમિ. સ્વામીશ્રીનું અતિ પ્રિય તીર્થધામ. એમણે અહીંના મલાવી (આફ્રિકા) રહેતા હરમાનભાઈને કહેલું : 'હરમાનભાઈ ! તમે ને જશભાઈ તથા નરસિંહભાઈ ફેબ્રુઆરીમાં મહેળાવ આવજો. તમારે ત્યાં પારાયણ કરીશું.'

એ વચનો સત્ય ઠર્યાં હતાં. હરમાનભાઈએ કંકોતરી મોકલી સર્વ હરિભક્તોને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું. આસપાસનાં ગામોમાં છૂટે હાથે હેન્ડબિલો વહેંચાયાં.

શાળાના વિશાળ પ્રાંગણમાં સભામંડપની રચના કરવામાં આવી. અનોખા શણગાર સજીને તેને પણ વધુ આકર્ષક બનાવ્યો.

તા. ૨૨મીના મંગળ પ્રભાતે પ્રમુખસ્વામી મહારાજે હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં પારાયણનો પ્રારંભ કર્યો. સંતસ્વામી વારંવાર સત્શાસ્ત્રોના સિદ્ધાંત સાથે અધ્યાત્મની ગૂઢ વાતો રજૂ કરતા. જ્યારે પ્રમુખસ્વામીની ધીર, ગંભીર અને પરા-વાણીના સંદર્ભોને સ્ફુટ કરતી વાણી સૌને તેમના બ્રહ્મભાવનો પરિચય આપી દેતી.

હું, નારાયણ ભગત તથા હરિપ્રકાશ સ્વામી પણ અવારનવાર કથા વાંચતા.

સત્સંગના ધણી પ્રમુખસ્વામીને કર્યા છે

તા. ૨૩-૨-'૭૧ના સમર્થ અને જ્ઞાની સદ્‌ગુરુ સંતસ્વામીએ ખૂબ જ મહત્ત્વની, સિદ્ધાંતની અને શ્રીજીમહારાજ તેમજ સ્વામીશ્રીના હૃદ્‌ગત અભિપ્રાયની વાત કરતાં કહ્યું :

'રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને નાની વયમાં ધર્મધુરા સોંપી, ત્યારે જે દૈવી જીવ હતા તે એમાં ભળી ગયા, પણ રુચિ બહારનો રઘુનાથ નોખો પડ્યો. આપણા સત્સંગમાં આજે એવા કેટલાક છે. પણ આપણે સમજી લેવું જોઈએ કે સત્સંગના ધણી આપણને નથી કર્યા. પ્રમુખસ્વામીને કર્યા છે. માટે તેમાં ભળી જવું. તેમાં હેત કરવું. તેમને સાથ આપવો એ જ જ્ઞાન છે. કોઈએ વાડા બાંધવા નહીં, ને કોઈ બાંધે તેને પ્રોત્સાહન આપવું નહીં. યોગીજી મહારાજે કહ્યું : 'નારાયણ સ્વામી (પ્રમુખસ્વામી) દ્વારા મારા સંકલ્પો પૂરા થશે.' જે મોભી થાશે તેને માથે સો ખીલા ! વાંસ-વળીને એક જ ખીલો વેઠવાનો આવે. મોટા થવાનું સહેલું નથી. આપણે સૌ

ગુણાતીતના છીએ, તેમ સમજવું. ને સંપીને રહેવું. રુચિ સારી રાખવી. જે કોઈ જુદા પડે છે તે અસમાસ કરે છે. પોતાનાં માન-પૂજા સારાં લાગે છે, પણ એથી સ્વામીશ્રીને સારું નથી લાગતું.

'જ્યારે મહારાજ બે સંતોની ઈર્ષ્યાથી ઉદાસ થયા, ત્યારે સદ્‌ગુરુઓએ મહારાજને કહ્યું : 'મહારાજ ! નાના છોકરાને સત્તા સોંપાશે તોપણ અમે તો તેની આજ્ઞા પાળીશું.' એથી મહારાજ રાજી થયા. આ વાત માનવી મુશ્કેલ છે, પણ દૈવી જીવને ધીરે ધીરે સમજાઈ જાય છે. સમજણની દૃઢતા થોડે થોડે થાય છે.

'સોના સાગર રેલિયો, માંહી હીરા તણાતા જાય,
કરમહીણાના હાથમાં શંખલા વીણાતાં જાય.'

'તમે સૌ હીરાનું ધ્યાન રાખશો. રુચિ સારી કેળવશો. સત્સંગની વૃદ્ધિ કરતાં રહેશો.' એમ કહેતાં જ તેમણે પ્રવચનને અંતે મોટેથી 'પ્રમુખસ્વામી મહારાજની જય' બોલાવી.

'આપ સપ્રદાયના જીવનપ્રાણ છો'

પ્રમુખસ્વામી તરત જ હાથ જોડી ના પાડવા લાગ્યા. કહે : 'આપણી જય હોય નહીં, જય તો મહારાજ, સ્વામી ને યોગીજી મહારાજની હોય.'

સંતસ્વામીએ તરત જ નમ્રતાથી હાથ જોડી વિનંતીના સૂરમાં કહ્યું : 'પ્રમુખ-સ્વામી ! આપ સંપ્રદાયના જીવનપ્રાણ છો, અનેકના મોક્ષદાતા છો, તમ સરખા સંત ક્યાંથી હાથ આવે ? તમે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી પૂર્ણ છો. અમે તમારી જય કેમ ન બોલાવીએ ?'

હજારો હૈયાંની લાગણીને સંતસ્વામીએ ખુલ્લેઆમ વાચા આપી. સૌએ હર્ષનાદ કરતાં તાળીઓના ગડગડાટથી આ વાતને વધાવી લીધી. સૌ જોરથી એકસાથે બોલી ઊઠ્યા : 'પ્રમુખસ્વામી મહારાજની જય !'

અસ્થિ-વિસર્જન મહોત્સવ

તા. ૨૪મીએ મણિભાઈ સલાડવાળાના ઉત્સાહથી વડોદરામાં અસ્થિ-વિસર્જન માટે ભવ્ય આયોજન થયું હતું. અટલાદરા મંદિરે રાખેલા તાંબાના મોટા કુંભનાં દર્શને હજારો ભાવિકો આવી રહ્યા હતા. બપોરે આ કુંભ ન્યાયમંદિરે લાવવામાં આવ્યો. ઇલેક્ટ્રિસિટી બૉર્ડના ચૅરમૅન અને સ્વામીશ્રીના અત્યંત ગુણાનુરાગી શાંતિકુમાર રાજાએ કુંભનું સ્થાપન કર્યું.

બરાબર ૨-૦૦ વાગે ન્યાયમંદિરેથી વિરાટ શોભાયાત્રાનો પ્રારંભ થયો. ૨૫,૦૦૦ જેટલી જંગી માનવમેદનીની વ્યવસ્થા એક હજાર જેટલી પોલીસ જાળવી

રહી હતી. દરબાર બૅન્ડની સાથે રાઈટર સાહેબ(ડી.આઈ.જી.)એ મોકલેલું પોલીસ બૅન્ડ પણ ગુંજી રહ્યું હતું. ધૂન, ભજનથી મંગલતા મહોરી ઊઠી. આખું વડોદરા હેલે ચડ્યું હતું. બરાબર બે કલાકે શોભાયાત્રા અસ્થિકુંભ સાથે પ્રતાપનગર સ્ટેશને આવી પહોંચી.

કુંભને સ્વામીશ્રીની દિવ્ય મૂર્તિ સાથે વિશ્રામ કક્ષમાં પધરાવ્યો. અહીંથી અસ્થિ-વિસર્જન સ્પેશિયલ ટ્રેન તા. ૨૫ની સવારે રવાના થવાની હતી.

પ્રમુખસ્વામી મહારાજ અને સંતો સવારે મહેળાવથી ૭-૪૫ વાગે મોટર રસ્તે વડોદરા આવી પહોંચ્યા.

રાઈટર સાહેબે તૈયાર રાખેલા પોલીસ બૅન્ડે સલામી આપી પ્રમુખસ્વામીનું સ્વાગત કર્યું.

દસ ડબ્બાની સ્પેશિયલ ટ્રેન તોરણો અને ધજાપતાકાથી શણગારવામાં આવી હતી. સમગ્ર સ્ટેશન ધજાપતાકાથી શોભાન્વિત કરાયું. થોડી જ વારમાં શ્રીમંત ફત્તેસિંહરાવ ગાયકવાડ આવી પહોંચ્યા. બૅન્ડે સલામી આપી. અસ્થિકુંભ માટે ટ્રેનમાં ખુલ્લી બોગી જોડવામાં આવી હતી. તેમાં રખાયેલા ચાંદીના માંચ્ચરામાં ગાયકવાડના હસ્તે કુંભ પધારાવાયો. પ્રમુખસ્વામીએ ગદ્ગદભાવે કુંભને દંડવત્ કર્યા. ૮-૧૫ વાગે જયઘોષ સાથે એક હજાર ભક્તોને લઈ ટ્રેને પ્રયાણ કર્યું.

સ્ટેશને સ્ટેશને ભાવિકો, સ્ટેશન માસ્તરો અને રેલવે સ્ટાફ કુંભના પૂજનમાં જોડાતા. ડભોઈ, કારવણ, બારીપુરા થઈ, ટ્રેન મંડાળા પહોંચી. જૂના મંદિરના ગઢ સમાન આ ગામમાં ખૂબ જ ભાર પડ્યો. પ્રમુખસ્વામી મહારાજની નિરાળી પ્રભામાં સૌ ખેંચાયા. મિંયાગામ, કરજણ, ચોરંદા અને સાધલી થઈ, ટ્રેન ૧૨-૪૫ વાગે શિનોર આવી પહોંચી.

આખા સ્ટેશને માણસ-માણસ જણાતું હતું. આખું ગામ કુંભના સ્વાગત માટે અહીં એકત્ર થયું હતું. નગરપાલિકાના પ્રમુખ માધવલાલભાઈએ કુંભ ઉતાર્યો અને બૅન્ડની સલામી સાથે નીકળેલી કુંભયાત્રામાં સૌ જોડાયા. ખુલ્લી જીપમાં રચેલા આસન પર કુંભ પધરાવાયો. ઠાકોરજી સહિત પ્રમુખસ્વામી, સંતસ્વામી, મહંત સ્વામી વગેરે પણ તેમાં જ બિરાજ્યા.

શિનોરના સ્થળે સ્થળે કમાનો, ધજાપતાકા અને સ્વાગત-સૂત્રોથી સૌએ પોતાનો ભાવ દર્શાવ્યો. પુષ્પ, અક્ષત અને પૈસાના સિક્કાથી કુંભને વધાવતાં સૌ ભાવાર્દ્ર બની રહ્યાં હતાં.

જશવંતલાલ શાહ, બાબુભાઈ જશભાઈ પટેલ, ડૉ. ઠાકોરભાઈ વગેરે પણ આ દરમ્યાન આવી પહોંચ્યા હતા. સવા કલાકે નગરયાત્રા રેવા નદીના ગણપતિ ઘાટે પહોંચી.

હજારો મુમુક્ષુઓની ભીડ જામી હતી. સભા શરૂ થઈ ત્યારે આખો ઘાટ, ઘાટનાં પગથિયાં ભાવિકોથી ભરાઈ ગયાં હતાં. દૂર દૂર સુધી પથરાયેલી જનમેદનીની આંખો

કુંભ તરફ, તો ક્યારેક પ્રમુખસ્વામી મહારાજ તરફ મંડાયેલી રહેતી. અનેક ભજન મંડળીઓમાં, કાનમ-વાકળ અને ચરોતરના ભજનિકો ભજનની રમઝટ બોલાવી રહ્યા હતા. શિનોરના તમામ અગ્રણીઓએ આ આયોજનમાં સંપૂર્ણ સાથ આપ્યો હતો. તેઓ સૌ આ લાભ લેવા આવી ગયા હતા.

૩૦૦ ફૂટ ઊંચો ઘાટ ૪૦ યુવકોએ રાત-દિવસ જાગી, મહેનત કરી, સ્વચ્છ કરી દીધો હતો. વીસેક હજાર જેટલા ભાવિકો તડકામાં બેસીને પણ આ લાભ લઈ રહ્યા હતા. વાતાવરણની દિવ્યતા આંકવા શબ્દો સાચે જ ટાંચા પડે. ધીર, ગંભીર કલનાદથી નિર્મળ જળના પ્રવાહમાં અસ્થિ સમાવી કૃતાર્થ થવા ઝંખતી રેવા આજે વધુ નિર્મળ જણાતી હતી.

મનોજ પટેલના *'ક્યાં ગયા યોગીબાપા...'* કીર્તનગાનથી કાર્યક્રમનો પ્રારંભ થયો. શિનોર નગરપાલિકાના પ્રમુખ માધવલાલ પટેલે સૌનું સ્વાગત કર્યું. હર્ષદભાઈ દવે, મણિભાઈ સલાડવાળાનાં પ્રાસંગિક પ્રવચનો બાદ વડોદરા દેરીના ચેરમેન જશવંતલાલ શાહે કહ્યું : 'યોગીજી મહારાજની વાણી આપણે સદેહે નહીં સાંભળી શકીએ, પણ તેમનો અક્ષરદેહ ગુજરાતમાં, દેશ ને પરદેશમાં ગવાય છે. તેઓ એવા પવિત્ર આત્મા હતા.'

'ગુજરાત ધર્મરાજ્ય રહેશે' - અમીટ આશિષનું સ્મરણ

અતિથિવિશેષપદેથી બાબુભાઈ જશભાઈએ ભાવાર્દ્ર કંઠે જણાવ્યું કે

'આજનો પ્રસંગ અનોખો છે. દરિયાપાર આ મહાપુરુષની સુવાસ ફેલાય છે. જેમનાં દર્શનથી અનેકોનો ઉદ્ધાર થયો છે. સ્વામિનારાયણનો સંદેશ હિન્દુસ્તાનના ખૂણે ખૂણે જ નહીં, પણ વિદેશોમાં પણ મોટી ઉંમરે એમણે પ્રસાર્યો હતો.

'તેમના જીવનકાળ દરમ્યાન આપણા આરાધ્યદેવ સ્વામિનારાયણનો સંદેશ પોતાના વર્તનથી ખૂણે ખૂણે પહોંચાડ્યો. શ્રીજીએ જે શિક્ષાપત્રી આપી તે ફેલાવવા તેઓ જીવનના અંત સુધી મથ્યા. યુવાનોને દીક્ષા આપી. આ સંપ્રદાયમાં બુદ્ધિશાળી સંતો છે.

'વળી આપણું સદ્ભાગ્ય છે કે તેમના ઉત્તરાધિકારી પ્રમુખસ્વામી મહારાજ તે જ સંદેશ, તે જ્યોતિ ફેલાવી રહ્યા છે.

'ગુજરાત રાજ્યનું સદ્ભાગ્ય કે તેમણે પરદેશથી આવી ગાંધીનગરમાં પધરામણી કરી ને સ્વામિનારાયણ મંદિરની જગ્યા જાતે પસંદ કરી ગયા !' બાબુભાઈ આટલું બોલતાં રડી પડ્યા. સ્વસ્થ થતાં ફરી એ જ ભાવથી ગુણાનુવાદ ગાતાં તેમણે કહ્યું : 'એમણે આશીર્વાદ આપેલા કે ગુજરાતનું રાજ્ય હિન્દુસ્તાનમાં અગ્રણી રહે, ને ધર્મરાજ્ય રહેશે, ને પ્રગતિનો સંદેશ આખા હિન્દુસ્તાનને મળશે. અનેક ઝંઝાવાતો

આવે છે, તેમાં હું તેમના આશીર્વાદથી હેમખેમ પાર ઊતર્યો છું.' ફરી તે રડી પડ્યા અને સ્વસ્થ થતાં સુધી પળ વીતી ગઈ. તેમણે કહ્યું :

'મંદિર સ્થાપવાનો તેમણે જે નિર્ણય કર્યો એ મારે મન એમનો મહામૂલો વારસો છે. તેમના આશિષથી અનેક આપત્તિમાંથી અમે પાર ઊતર્યા છીએ. ધરતીકંપ, દુષ્કાળ બધામાં પાર પડ્યા તે આશિષ તેમની છે. મારું સદ્‌ભાગ્ય કે તેમના દેહમુક્ત થયા પહેલાં હું ગોંડળ ગયો.' ફરી આંખો આંસુથી ભરાઈ ગઈ. કંઠ રુંધાયો. તેમણે કહ્યું :

'તેમના જવાથી આત્મજ્ઞાની સંતોને ઓછો આઘાત થાય, પણ અમારા દેહના વળગાડવાળા માટે આ ઘા સહ્ય નથી. અમારા પ્રશ્નોનો ઉકેલ તેમની કરુણા દૃષ્ટિથી થયો હતો.

'જેણે ઇન્દ્રિયો જીતી નથી, મનના સ્વામી થયા નથી તેવા અમારા માટે સ્થૂળ વિદાય જીરવી શકાય તેવી નથી. જીવનભર તેમણે આપણને સન્માર્ગે વાળવા કોશિશ કરી. શ્રીજીનાં તત્ત્વો જીવનના અંત સુધી આપ્યા કર્યાં. તેઓ આપણને માર્ગદર્શક બને તે માટે તેમના ઉત્તરાધિકારી પ્રમુખસ્વામી મહારાજ આપી ગયા છે.' તેઓ ગદ્‌ગદ કંઠે બોલી રહ્યા હતા. દરેકની આંખો સમક્ષ સ્વામીશ્રીની મૂર્તિ ખડી થઈ ગઈ. સૌ સ્વામીશ્રીનો અપાર મહિમા સમજ્યા.

'યોગીરાજ મારા માટે જીવંત છે'

ડૉ. ઠાકોરભાઈએ નમ્રભાવે ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું :

'યોગીજી મહારાજ જેવા પુરુષો પોતાનું કર્તવ્ય બીજાને દાખલારૂપે મૂકતા જાય છે. તેઓ માનવજાત તરફ કોઈપણ જાતના ભેદભાવ સિવાય, દરેકને સરખા ગણતા. જ્યારે જ્યારે યોગીજી મહારાજ પાસે જવાનો પ્રસંગ થાય, મિત્રો મને આગળ લઈ જઈ પગે લગાડે. બીજો કોઈ નાનો માણસ પણ પગે લાગે ત્યારે પણ એમને એટલો જ ભાવ હોય તે મેં નજરે જોયું છે. આ મહાન સિદ્ધિ છે.

'માનવજાત પોતાને ન ગમતા પ્રત્યે ભેદભાવ બતાવે જ. ભેદભાવ ન હોય તે સિદ્ધિવાન હોય છે. સ્વામીબાપા તેવા હતા.

'જ્યારે હું પોતે ડૉક્ટર થઈને મરણપથારીએ હતો, જીવવાની આશા નહોતી, ત્યારે સ્વામી મારે ઘેર આવ્યા. ધબ્બો મારી કહ્યું : 'તારો રોગ આવતીકાલે મટી જશે !' મારો રોગ આવતીકાલે મટે તેવો મારા સાયન્સ પ્રમાણે તો હતો જ નહીં, પણ મટી ગયો. કેવી રીતે ગયો તે હું શોધ્યા જ કરું છું !

'યોગીજી મહારાજ નથી તેવું કોઈ દિવસ લાગતું નથી. તેઓ હસતા તે મને હંમેશાં દેખાય છે. આજે એમનાં અસ્થિ નદીમાં જશે તે અણુ અણુમાં યોગીજી મહારાજ પેદા થશે. યોગીજી મહારાજનાં અસ્થિ જ્યાં જ્યાં જશે ત્યાં યોગીજી

મહારાજ જશે.'

'યોગીજી મહારાજ આજે મને બોલાવે કે ન બોલાવે, પણ મારે માટે હાજર રહેવાની તેમની ફરજ છે. હું જીવંત છું ત્યાં સુધી તેઓ મારા માટે જીવંત છે. હું આવીને તમારાં ચરણોમાં રહેવાનો છું. મને બીજી કોઈ જગ્યા કોઈ આપી શકવાનો નથી... બધાં તાપમાં બેસીને જે સાંભળી રહ્યાં છે, તે જ તેમના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે.'

'આદેશ ઝીલે તે બાપાની નજીક છે'

અંતે આ રમણીય ભૂમિમાં નર્મદાના કિનારે આશીર્વચન વરસાવતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું :

'હજારો મનુષ્યો નદીમાં આવી પાપમુક્ત થાય છે. તે નદીને પવિત્ર કરવા મહાન પુરુષનાં અસ્થિ તેમાં વિસર્જન કરીએ છીએ. પશુપંખી પાણી પીશે, સ્નાન કરશે, તેનું સારું થવાનું છે. સૌમાં સારી પ્રેરણા થશે.

'સ્વામીશ્રીએ જબરજસ્ત કાર્ય કર્યું છે. ભારતને જ નહીં, વિશ્વને માર્ગદર્શન આપ્યું છે. તેઓ તો સર્વનું ભલું ઇચ્છતા. ભારત માટે આફત આવે ત્યારે ધૂન કરતા, ગુજરાતને પ્રશ્નો આવે ત્યારે પ્રાર્થના કરતા અને નર્મદા યોજના પણ ઝડપથી પૂરી થાય તે માટે પણ પોતે ધૂન કરતા.'

પ્રમુખસ્વામીએ યોગીજી મહારાજના આ સંકલ્પને અહીં યાદ કરી લીધો. જે નર્મદા અનેક નિરાધારો, ગરીબોનું આશ્રય-સ્થાન બની છે, તે હજુ વધુ લોકોપયોગી કેમ બને તેની ચિંતા યોગીરાજને સતાવતી અને અવારનવાર પૂછતા પણ ખરા કે 'નર્મદા પર ડેમ બાંધવાનું કેટલે પહોંચ્યું ?' પ્રમુખસ્વામીએ આગળ જણાવ્યું :

'વડોદરામાં માંડવી બજારે જ્યાં નીલકંઠ વર્ણી બિરાજ્યા હતા ત્યાં તકતી ચોડવાનો સ્વામીશ્રીનો સંકલ્પ ડૉક્ટર સાહેબે (ઠાકોરભાઈ) પૂરો કર્યો છે. માટે તેમને પણ ધન્યવાદ છે.

'એ આપણા ગુરુ હતા. તે ગયા એટલે દુઃખ થાય; પણ તેમનો આદેશ સમજે છે, તેને સંપૂર્ણ ઝીલી લે છે, તેને બાપા નજીક જ છે.

'સ્વામીબાપાને યાદ કરીને એક રુચિ, એક સંપથી કાર્ય કરીશું તો તેઓ દિવ્યરૂપે આપણને બળ ને પ્રેરણા આપશે. એમની મદદ મળશે. બધાં કામકાજ મૂકી આપ સૌ આવ્યાં છો, સ્વામી તરફનો સૌનો ભાવ છે, તેથી સૌને ધન્યવાદ.'

પ્રમુખસ્વામીના પ્રવચનની સમાપ્તિ સાથે જ હરિભક્તો વિખરાવા લાગ્યા. ઘાટના છેક નીચેના પગથિયે પાંચ હોડી સુંદર રીતે શણગારીને રાખી હતી. કુંભની સાથે ઠાકોરજી સહિત સંતો બિરાજ્યા. નારાયણ ભગતે વેદગાન કર્યું અને હોડી મધ્ય

પ્રવાહ તરફ સરકવા લાગી.

બપોરે ૨-૨૦નો સમય થયો હતો. આકાશમાંથી ફ્લાઈંગ ક્લબનું V.T.DQH હેલિકૉપ્ટર ક્યારનું પુષ્પવૃષ્ટિ કરી રહ્યું હતું. મધ્ય પ્રવાહે આવી પહોંચેલી પાંચેય હોડી પર તેણે ફૂલોનો અભિષેક કર્યો. પ્રસાદિક ભસ્મ અને પુષ્પોની આ વર્ષાએ હજારો ભાવિકોને ઉત્તેજિત કરી મૂક્યા. ભક્તિના પૂર પાસે નર્મદાના પૂર શરમિંદા બની શાંત ભાસતા હતા.

૨-૫૫ વાગે બૅન્ડના અભિવાદન અને વેદ-મંત્રોચ્ચાર વચ્ચે હજારો ગગનભેદી જયઘોષ સાથે સ્વામીશ્રીનાં અસ્થિનું પ્રમુખસ્વામી મહારાજ અને બાબુભાઈ જશભાઈના હસ્તે વિસર્જન થયું.

પાંચ વાડીઓમાં કરેલી વ્યવસ્થા મુજબ સૌ મહાપ્રસાદ માટે વિખરાયા. સાંજે ૬-૦૦ વાગે ટ્રેન ફરી વડોદરા જવા નીકળી. પ્રમુખસ્વામી પુનઃ મહેળાવ આવી પહોંચ્યા. પારાયણ યથાવત્ ચાલુ હતી. પ્રમુખસ્વામી મહારાજ આવતાં જ નવચેતનનો સંચાર થયો.

તા. ૨૮-૨-’૭૧ના રોજ પારાયણની શાનદાર રીતે પૂર્ણાહુતિ થઈ. આ પારાયણથી સમગ્ર સત્સંગમાં ઉદ્‌ઘોષ થઈ ગયો કે ‘બાપા આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે.’

પૂર્ણાહુતિ પ્રસંગે આજે દસ હજાર જેટલા હરિભક્તો ગામોગામથી ઊમટ્યા હતા.

આજે સ્વામીશ્રીનાં દર્શન માટે અને સ્વામીશ્રી વિશે કંઈક લખવા માટે લંડન, ઈંગ્લેન્ડથી ભારત આવેલા બે સંશોધકો લેઝલી શેફર્ડ અને પીટર લેંગલી તેમના મિત્ર પ્રફુલ્લ પટેલ સાથે અહીં આવી પહોંચ્યા હતા. વળી, ગુજરાતના નાયબ મંત્રી માધવલાલ શાહ, ખેડા કૉંગ્રેસ પ્રમુખ ગોરધનભાઈ શંભુભાઈ વગેરે પણ ઉપસ્થિત હતા.

પૂર્ણાહુતિ સભામાં માનનીય માધવલાલ શાહે યોગીરાજના ગુણાનુવાદ ગાતાં જણાવ્યું :

‘યોગીજી મહારાજ એવા સંત હતા કે તેમના આશીર્વાદ ફળતા હતા, તેવો મને અનુભવ છે. અવળે રસ્તે જનારને તેમના આશીર્વાદ સાચે માર્ગે લઈ જતા હતા.

‘યોગીજી મહારાજ ગુજરાતમાં જ્યાં જ્યાં ગયા, ત્યાં ત્યાં તેમના પ્રભાવથી સૌને ચકિત કર્યા છે.’

ત્યારબાદ અંગ્રેજ સંશોધક લેઝલી શેફર્ડે પણ અંગ્રેજીમાં સ્વામીશ્રીના ગુણગાન ગાયા. તેમણે કહ્યું : ‘યોગીજી મહારાજ લંડન પધાર્યા ત્યારે તેમનાં દર્શનનો મને લાભ મળ્યો હતો. આ સંસ્થાના સ્થાપક શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાનમાં આવવા મળ્યું, તેથી ખૂબ જ આનંદ થાય છે. લંડનમાં યોગીજી મહારાજની પ્રેરણા મળી તેથી અમે

અહીં આવ્યા. હર્ષદભાઈ દવે લિખિત અંગ્રેજી પુસ્તક 'લાઈફ એન્ડ ફિલોસૉફી શ્રી સ્વામિનારાયણ' એ વાંચી મને વધુ રસ જાગ્રત થયો છે.'

સત્કારમાત્રથી સ્વભાવ મુકાવ્યો !

એ પછી પીટર લેંગ્લીએ પણ સ્વામીશ્રી પ્રત્યે પોતાનો ભાવ પ્રદર્શિત કર્યો :

'હું અહીં એક અજાણ્યા માણસ તરીકે આવ્યો છું. હિન્દુ ધર્મનું મારું ઓછું જ્ઞાન છે. વળી, હું બહુ બુદ્ધિશાળી પણ નથી. સામાન્ય સિપાઈ છું. પણ મારે પણ કંઈક કહેવાનું છે.

'ઇંગ્લૅન્ડમાં ઘણા હિન્દુભાઈઓ આવ્યા. તેમની ખાસિયતો, રિવાજો, રીતિ જોવા, અભ્યાસ કરવા હું અહીં આવ્યો.

'યોગીજી મહારાજ ઇંગ્લૅન્ડ પધાર્યા ત્યારે મારા મિત્ર પ્રફુલ્લભાઈ ખૂબ જ ઉત્સાહિત દેખાયા. આ જોઈ મેં કારણ પૂછ્યું, ત્યારે તેમણે યોગીજી મહારાજની વાત કરી. હું જ્યારે યોગીજી મહારાજને અંગત મળ્યો તે પહેલાં મને હતું કે લંડન આવે છે તેવા ઘણા બધામાંના એક હશે. પંરતુ જ્યારે મેં જોયા ત્યારે લાગ્યું કે તેઓ નિરાળી સ્થિતિના છે. મને એક પવિત્રમાં પવિત્ર સંતનાં દર્શન થયાં. હું ચુસ્ત ખ્રિસ્તી છું. છતાં યોગીજી મહારાજનાં દર્શનથી મને અવર્ણનીય આનંદ થયો.

'યોગીજી મહારાજનાં પ્રથમ દર્શને જ મેં તેમના મુખ પર બ્રહ્મનો આનંદ જોયો. જે મેં કોઈના ચહેરા પર કોઈ દિવસ જોયો નહોતો. મને ખૂબ આનંદ થયો.

'તેમણે ઉત્સાહથી મારું સ્વાગત કર્યું. થાપો આપ્યો ! અમે અંગ્રેજો એકાકી **(Reserved)** સ્વભાવના હોઈએ છીએ. પણ તેમના ઉષ્માભર્યા સ્વાગતથી મારી આ પ્રકૃતિ છૂટી ગઈ. યોગીજી મહારાજનાં મને દર્શન થયાં ત્યારે તેઓ ઉંમરમાં મોટા લાગ્યા, છતાં તેમનું નાનામાં નાના થઈ રહેવાનું નિર્માનીપણું જોઈ મને સાનંદાશ્ચર્ય થયું. હું તો ઉંમર અને જ્ઞાનમાં તેમનાથી ઘણો જ નાનો છું, છતાં તેમણે મારી પાસેથીયે બાઇબલ સાંભળવા ને કંઈક શીખવા ઇચ્છા કરી. મને તેમના પ્રત્યે ખૂબ જ ભાવ થયો. આવા પુરુષ વિશ્વનું રત્ન છે.

'યોગીજી મહારાજની વિશેષતા એ હતી કે તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના હોવા છતાં વિશાળ દૃષ્ટિથી જોતા. તેઓ વિશ્વના સંત હતા. તેઓ બધેથી જાણવાની જિજ્ઞાસા રાખતા. તેમને માનવમાત્રના પ્રશ્નોમાં રસ હતો. તે પ્રશ્નો કેમ હલ થાય તે તેમની ઇચ્છા રહેતી હતી.

'યોગીજી મહારાજને મેં કહ્યું : 'જે માણસ ભગવાનને ચાહે છે, તે માનવ-માત્રને ચાહવો જોઈએ !' બાઇબલમાંથી મેં વાત કહી કે 'માણસને જ્યારે ભગવાનની બીક લાગે એટલે કે ધર્મભીરુ બને ત્યારે જ તેને જ્ઞાનની શરૂઆત થાય છે.' આ બાઇબલની

વાત મેં યોગીજી મહારાજને કરી. ત્યારે તેમણે પણ તેમાં સૂર પુરાવ્યો હતો.

'તેમની સાથેના પત્રવ્યવહારમાં પણ આ પ્રશ્નની મેં ચર્ચા કરી હતી.'

પરદેશી ભાવિકોનાં મુખેથી સ્વામીશ્રીનો અપાર મહિમા સાંભળી સભાજનો આનંદવિભોર બની ગયા. તેમણે અનુભવ્યું કે વિદેશ જઈને સ્વામીશ્રીએ અંગ્રેજો પર કેટલી ઊંડી છાપ પાડી છે ! સૌને સ્વામીશ્રીની અગાધ શક્તિનો તાગ મેળવવો દુષ્કર લાગ્યો.

અંતે દીક્ષાંત પ્રવચન આપતા હોય તેમ પ્રમુખસ્વામીએ સમગ્ર સત્સંગ માટે ભાવભર્યાં આશીર્વચન વરસાવ્યાં :

'અહીં શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા. તેઓ ન પ્રગટ્યા હોત તો આપણે મોક્ષના માર્ગેથી વંચિત રહી જાત. સૂરજથી અંધારું નાશ પામે તેમ શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા ને ઠેઠ લંડન સુધી પ્રકાશ ગયો. તે આ ભૂમિનો પ્રતાપ છે.

'આ બે અંગ્રેજો આવ્યા તે દર્શાવે છે કે સ્વામીજી લંડનમાં ખાઈ-પીને પાછા નથી આવ્યા, પણ અંગ્રેજોના હૃદયમાં ભાવના ભરીને આવ્યા છે. તેમના જીવમાં સત્સંગ રેડ્યો છે. તે સ્વામીબાપાનો મોટો પ્રતાપ છે.

'વ્યવહારમાં લોકો લાખો રૂપિયા ખર્ચી નાખે છે, પણ આવા કાર્યમાં હરમાનભાઈ અને તેમના દીકરા જશભાઈ અને નરસિંહભાઈએ જે સેવા કરી છે તેવો ને તેવો લાભ લેતા રહે.

'આપણને બધાને તેવું બળ મળે, અખંડ શાંતિ અને દરેકમાં દિવ્યભાવ રહે, ને આપણું કાર્ય આગળ વધે તે પ્રાર્થના.

'સ્વામીબાપાના સંકલ્પને આપણે સારી રીતે પાર પાડી શકીએ, તેવી શક્તિ તેઓ આપે તે પ્રાર્થના.'

આ પૂર્ણાહુતિ સાથે જ સમગ્ર સત્સંગના હૈયે વસી ગયું, એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ કદી જતા જ નથી. ભગવાન સ્વામિનારાયણની પરંપરામાં પ્રગટેલું આ પાંચમું પુષ્પ ધરાને ભગવદ્ભાવથી છલકાવી દે, મનુષ્યમાત્રને સત્સંગપરાયણ કરે અને સ્વામિનારાયણ અર્થાત્ અક્ષરપુરુષોત્તમના સનાતન જ્ઞાનને વિશ્વના ખૂણે ખૂણે પ્રસરાવે તેવી અનંત શુભેચ્છાઓ વ્યક્ત કરતાં, શ્રીહરિને પ્રાર્થતા હળવા હૈયે સૌ વિખરાઈ રહ્યા, પ્રમુખસ્વામીનો પ્રેમ પામવા, અ-ક્ષર જ્યોતના પ્રકાશપુંજને પ્રસારવા અને શ્રીહરિની યશગાથાને વધુ ઉજ્જવળ, તેજસ્વી અને શિરમોર બનાવી રાખવા...

❀ ❀ ❀



વિધવિધ દર્શનદાન

'હું શાસ્ત્રીજી મહારાજ પાસે હાલ્યો'

આ સમય દરમ્યાન અનેક હરિભક્તોને યોગીજી મહારાજની દિવ્ય સંનિધિનો વિવિધ રીતે અનુભવ થયો. જે સૌને માટે સ્મરણીય બની ગયો.

તા. ૨૩-૧-'૭૧, સવારે ૭-૦૦ વાગ્યાનો સુમાર હતો. અમદાવાદ મંદિરના કોઠારી ભક્તરાજ બબુકાકા ઠંડીને લીધે પગમાં મોજાં પહેરતા હતા. અમદાવાદ મંદિરની નીચેની ઓરડીમાં, જ્યાં બબુકાકા રહેતા ત્યાં એકાએક પ્રકાશનો ઝબકારો થયો. ઊંચું જોયું તો પ્રવેશદ્વાર પાસે ખુરશીમાં સ્વામીબાપા બેઠા હતા.

તેઓ એકદમ ચમકી ગયા. સ્વામીશ્રીએ તો બીમારી ગ્રહણ કરી છે, અને તેમને સારવાર અર્થે પરમ દિવસે તો મુંબઈ લઈ ગયા છે !

ત્યાં સ્વામીશ્રી બોલ્યા : 'બબુભાઈ ! જય સ્વામિનારાયણ ! હું તો હવે શાસ્ત્રીજી મહારાજ પાસે હાલ્યો. તમને હમણાં મળ્યો નથી, તે જય સ્વામિનારાયણ કરવા આવ્યો. આજે હું ધામમાં જઉં છું.'

બબુકાકા બેઠા થવા ગયા પણ તેઓ બેઠા થઈ શક્યા નહીં. તેમની આંખમાં આંસુ ઊભરાયાં : 'સ્વામી ! તમે ઉદાસ ન થાવ. તમે ધામમાં જવાનો સંકલ્પ કરશો નહીં. ધામમાં તો હું જવા જેવો છું. મને લઈ જાવ. આપ ચાર-પાંચ વર્ષ રહો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ના, હવે તો શાસ્ત્રીજી મહારાજ પાસે જવું છે. વેળુ પડવા દેવું નથી. ટાઈમ ભરાઈ ગયો છે. માટે બોલશો નહીં. તમારે હજી અહીં રહેવાનું છે.' એમ કહેતાં જ સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા.

બબુકાકાએ સંતોને બોલાવી આ વાત કરી. સૌ ચિંતાતુર બની ગયા. બપોરે એક વાગે આઘાતજનક સમાચાર આવ્યા કે 'સ્વામીશ્રી અક્ષરધામ સિધાવ્યા છે.'

આ બાળહૃદય પુકારે છે

સ્વામીશ્રી ધામમાં પધાર્યા ત્યારે મુંબઈ રહેતા કાંતિભાઈ નરસીભાઈની

(અડાસવાળા) પાંચ વર્ષની ઉંમરની પુત્રી કીર્તિને સ્વપ્નમાં દર્શન થયાં. બપોરે ૩-૩૦ વાગે ઊઠી એટલે તરત જ કહેવા લાગી : 'પપ્પા ! બાપા ધામમાં ગયા.'

ઘરનાં સૌ કહે : 'એવું ન બોલાય.'

તોપણ તે વારંવાર બોલવા લાગી : 'બાપા ધામમાં ગયા છે.'

કાંતિભાઈ તથા સૌ હરિભક્તોને સાંજે સમાચાર મળ્યા કે 'સ્વામીશ્રી ધામમાં ગયા છે.' આ વાત તો કીર્તિ કહી રહી હતી, પણ બાળક માનીને તેની વાત કોઈએ સાચી માની ન હતી.

કીર્તિને પૂછ્યું : 'તેં સ્વપ્નમાં શું જોયું ?' તો તે કહેવા લાગી : 'બાપા અડધા સૂતા અને અડધા બેઠા હતા. સંતો બધા રડતા હતા - બાપા ધામમાં ગયા છે.'

નિર્દોષમૂર્તિ સ્વામીશ્રીના અક્ષરધામ-ગમનનો અનુભવ એક નાનકડી બાળકીને સ્વપ્નદર્શનમાં થવાથી સૌ આશ્ચર્ય પામ્યા !

શાશ્વત પ્રાગટ્યનાં એંધાણ

અમદાવાદ રહેતા પોપટસિંહ અભેસિંહ વાઘેલા શાહીબાગ મંદિરે આવતા, પણ સ્વામીશ્રીના સ્વધામગમન પછી તેમને શાંતિ ન થતી. વિચારો ચાલ્યા કરતા કે 'હવે સ્વામીશ્રીના સાંનિધ્ય જેવું સુખ ક્યાંય મળતું નથી.'

એક રાત્રે તેઓ મંદિરમાં જ સૂઈ ગયા. સંકલ્પો ચાલી રહ્યા હતા કે 'સ્વામીશ્રી હોત તો કેટલું સુખ મળત !' એ વિચારમાં જ આંખ મળી ગઈ અને સ્વામીશ્રીનાં દર્શન થયાં, સાથે પ્રમુખસ્વામી પણ હતા. સ્વામીશ્રી અને પ્રમુખસ્વામી થોડી વારે પરસ્પરમાં સમાઈ ગયા ! આ દિવ્ય દર્શન થતાં જ પોપટસિંહની આંખ ઊઘડી ગઈ. તેઓ આનંદમાં આવી ગરકાવ થઈ ગયા. તેમને પ્રતીતિ આવી કે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા જ સ્વામીશ્રી સત્સંગમાં વિચરી રહ્યા છે. તેમને સત્સંગનું સુખ આવવા લાગ્યું.

દિવ્ય દર્શન

ધર્મજના અરવિંદભાઈ ધંધાર્થે હિંમતનગર રહેતા. સ્વામીશ્રી ધામમાં ગયા તે સમાચાર તેમને મળ્યા ત્યારે તેમને અત્યંત આઘાત લાગ્યો. સ્વામીશ્રીને અગ્નિ-સંસ્કાર થયો તે પણ દર્શન ન થયાં. તેઓ ગોંડલ આવ્યા. સ્વામીશ્રીની અનેક સ્મૃતિઓ તાજી થઈ. પરંતુ તેઓ બહુ પ્રેમી હરિભક્ત તેથી તેમને સ્વામીશ્રીના વિરહનું વિશેષ દુઃખ થયું.

તેઓ હિંમતનગર પાછા ગયા અને પોતાના ઘરનો ઓરડો ખોલ્યો, ત્યાં ખુરશી ઉપર સ્વામીશ્રીને બિરાજમાન જોયા. તેઓ દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રી બોલ્યા : 'અરવિંદભાઈ ! મળ્યા ન હતા તો મળી લઈએ. દંડવત્ રાખો.' એમ બોલીને

સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા. અરવિંદભાઈને સ્વામીશ્રીનાં દર્શનથી દુઃખ વિસરાયું અને આનંદ આનંદ થઈ ગયો.

પ્રમુખસ્વામીમાં પ્રગટ જ છીએ

પાટણાના ભગવાનભાઈ પટેલને સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ જવા વિચાર થયો. પરંતુ અધિક બીમારી હોવાથી, પાસે જઈને દર્શનની બંધી હતી. તેથી મનમાં મૂંઝવણ થવા લાગી.

એવામાં સમાચાર સાંભળ્યા કે સ્વામીશ્રીને મુંબઈ સારવાર માટે લઈ જાય છે. તેથી તેમણે મન વાળ્યું કે 'બાપાની તબિયત સારી થયા પછી ગોંડલ આવશે એટલે દર્શને જઈ આવીશ.'

સ્વામીશ્રીના અક્ષરધામગમનના આઘાતજનક સમાચાર તા. ૨૪મીએ રેડિયોમાં સાંભળીને ભગવાનજીભાઈનું હૈયું ભાંગી પડ્યું ને તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. તેમને પશ્ચાત્તાપ એ વાતનો વધારે હતો કે તેઓ સ્વામીશ્રીનાં અંતિમ દર્શન ન કરી શક્યા.

દિવસભર તેમને ચેન ન પડ્યું. રાત્રે ઊંઘ આવતી ન હતી. મોડી રાત્રે તેમના અંતરનો આર્તનાદ સાંભળીને સ્વામીશ્રીએ તેમને દર્શન દીધાં. ભગવાનજીભાઈ અતિશય રાજી થઈ ગયા. તેમણે સ્વામીશ્રીનાં દર્શન કર્યાં અને પૂછ્યું : 'બાપા ! આપ તો હાજરાહજૂર છો, તો રેડિયોમાં કેમ સમાચાર આવ્યા કે આપ ધામમાં ગયા છો !'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમે ક્યાં ધામમાં ગયા છીએ ! પ્રમુખસ્વામીમાં પ્રગટ જ છીએ.' અને સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા. ભગવાનજીભાઈના અંતરમાં શાંતિ પ્રસરી ગઈ.

મહારાજ ચાખડીએ ચડી તેડવા આવ્યા

તા. ૨૩-૧-'૭૧ના રોજ હરગોવિંદભાઈ નરસિંહદાસ ચોકસી અજમેરથી રેલવે ઑફિસનું કાર્ય પતાવી આરામમાં ગયા.

સ્વપ્નમાં સ્વામીશ્રીએ દર્શન આપ્યાં, સાથે ગોંડલની અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ હતી. સ્વામીશ્રી કહે : 'માસ્તર... એ માસ્તર !' હરગોવિંદભાઈ ચમક્યા. સ્વામીશ્રીનાં દર્શન કરતાં બે હાથ જોડી દીધા. સ્વામીશ્રી કહે : 'મહારાજ ચાખડીએ ચડી તેડવા આવ્યા છે, હું જાઉં છું.' કહી અદૃશ્ય થઈ ગયા.

હરગોવિંદભાઈ સફાળા બેઠા થઈ ગયા. આખી રાત ચેન ન પડ્યું. અશુભ આશંકાઓ થવા લાગી. સવારે તેમણે કારકુન જે.કે. શેઠને પણ પૂછ્યું કે 'બાપાના કાંઈ સમાચાર છે !' પરંતુ તેમને કાંઈ ખ્યાલ ન હતો. પાછળથી જાણ થઈ કે તેમને દર્શન થયાં ત્યારે સ્વામીશ્રીએ આ લોકમાંથી વિદાય લઈ લીધી હતી !

દિવ્યતાની સૌરભ

ધોલેરાના હિંમતસિંહ રાતે બહાર નીકળતા ત્યારે સોટી લઈને નીકળતા. તા. ૨૪-૧-'૭૧ના રાતે તેઓ મેડી પર સોટી લેવા ગયા, ત્યાં આખી મેડી ફૂલોની સુગંધથી મહેકી રહી હતી. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમણે તરત જ નીચે ઊતરી પોતાનાં બહેનને ઉપર મોકલ્યા કે આખી મેડીમાં ફૂલોની ફોરમ આવે છે. તેમને પણ આ દિવ્ય અનુભવ થયો.

હિંમતસિંહ કહે : 'મહારાજ-સ્વામી મેડી પ્રસાદીની કરવા આવ્યા હશે ? શું કારણ હશે ?...'

તેમનાં બહેન કાંઈ બોલે તે પહેલાં પ્રભુભાઈ તેમના ઘરે આવી પહોંચ્યા. તેમના ઉદાસ ચહેરા પરથી નૂર ઊડી ગયું હતું. તેમણે પૂછ્યું : 'તમે કાંઈ સમાચાર સાંભળ્યા ?'

'ના, શા સમાચાર છે ?'

'મુંબઈમાં સ્વામીબાપા ગઈકાલે ધામમાં પધાર્યા છે !' પ્રભુભાઈ માંડ માંડ બોલી શક્યા.

હિંમતસિંહનું હૈયું હાથ ન રહ્યું. તેમનાં બહેન મૂઢની જેમ જડ બની ગયાં. આંખો આંસુ વરસાવી રહી. માંડ સ્વસ્થ થયાં ત્યાં સુગંધની એક મીઠી લહર મેડી પર ફરી વળી. હિંમતસિંહે આજુબાજુ જોયું. ત્યાં સ્વામીશ્રીની દિવ્ય તેજોમય મૂર્તિનાં દર્શન થયાં. અને હિંમતસિંહને સ્વામીશ્રીએ આપેલું વચન સાંભરી આવ્યું. સ્વામીશ્રીએ તેમને કોલ આપતાં કહેલું : 'હિંમતસિંહ જાવ, અમે ધોલેરા તમારા ઘરે એક વાર જરૂર આવીશું.' એ વચન પાળવા હિંમતસિંહના ઘરને પાવન કરવા સ્વામીશ્રી દિવ્યરૂપે તેમની મેડીએ આવી પહોંચ્યા. હિંમતસિંહ કૃતાર્થ થયા કે સ્વામીશ્રીને આપણે વિસરીએ, પણ એ તો આપણને ક્યારેય નહીં વીસરે !

આગાહી સત્ય ઠરી

સ્વામીશ્રીની આજ્ઞાથી અડાસના હરિમંદિરમાં રહી સેવા કરતા નાથા ભગતને, છેલ્લાં ચાર વર્ષથી અવારનવાર એક સ્વપ્નદર્શન થયા કરતું. જેમાં સંવત ૨૦૨૫ની પોષ વદ દશમે રાતે સ્વામીશ્રીએ દર્શન આપ્યાં. ને કહે : 'ભગત ! અમે મુંબઈ જઈએ છીએ, ને ત્યાંથી ધામમાં જઈશું.' આ પછી તેમને ઊંઘ હરામ થઈ ગઈ. રાતે બેનો સમય થયો હતો. સવારે તેમણે તપાસ કરાવી. જાતે વડોદરા પહોંચ્યા. પણ બધું ક્ષેમકુશળ હતું.

આ પછી દરેક પોષ વદ દશમે નાથા ભગતની મૂંઝવણ વધી જતી. છેલ્લાં ત્રણ વર્ષથી પોષ વદ દશમે સ્વામીશ્રી મુંબઈ જ હોય તેવું બનતું. આ વર્ષે સ્વામીશ્રી ગોંડલ

હતા. નાથા ભગત તા. ૧૪મીએ સ્વામીશ્રીનાં દર્શને આવી ગયા હતા. સ્વામીશ્રીએ એવી ધીરજ બંધાવી કે પોતાને સારું થઈ જ જશે. તેથી તેઓ અડાસ પાછા ફર્યા.

પોષ વદ દશમ આવી. સ્વામીશ્રીને મુંબઈ લઈ જવાયા હતા. નાથા ભગતની ચિંતા વધી. પણ તે જ સમયે તેમને પહેલાંની જેમ જ સ્વામીશ્રીએ દર્શન દીધાં ને કહે : 'ભગત ! દર્શન કરી લો. મુંબઈ જાઉં છું ને ત્યાંથી ધામમાં જઈશ.' અને સાચે જ બીજે દિવસે એ અશુભ સમાચાર આવ્યા. સ્વામીશ્રીએ કરેલી આગાહી સત્ય ઠરી.

ચિરંતન જ્યોતનાં અજવાળે

સ્વામીશ્રી ધામમાં ગયાના સમાચાર વર્તમાનપત્રો દ્વારા મળતાં જ ઠાસરાના શાંતિલાલ શર્મા અને તેમનાં ધર્મપત્નીએ માળા ફેરવવી શરૂ કરી.

સાંજે ૬-૦૦ વાગ્યા હશે. બન્નેને ભાસ થયો કે સામે રાખેલી યોગીજી મહારાજની મૂર્તિ પણ માળા ફેરવે છે ! બન્નેએ એ મૂર્તિની પૂજા કરી. ત્યાં દર્શન થયાં કે સ્વામીશ્રીનો અગ્નિસંસ્કાર કરાઈ રહ્યો છે અને જ્વાળાઓ નીકળે છે.

બન્નેએ બેચેન અવસ્થામાં જ રાત્રિ પસાર કરી. તા. ૨૫મીએ સવારે બન્ને પૂજામાં બેઠાં, દીવો પ્રગટાવ્યો. એવામાં બાજુમાં વગર દીવે એક જ્યોત જલી ઊઠી ! તેના દીવા જેટલો પ્રકાશ આખા બંગલામાં વ્યાપી ગયો હતો. સરસ સુગંધ ફેલાવા લાગી. દીવામાં સ્વામીશ્રીની હાર પહેરેલી મૂર્તિનાં દર્શન થયાં. બન્ને હાથ ઊંચા હતા અને મંદ સ્મિત વેરી રહ્યા હતા. લગભગ એક કલાક સુધી આ દર્શન થયાં. આજુબાજુ રહેતાં બાઈ-ભાઈઓને પણ તેનો અનુભવ થયો.

'પ્રમુખસ્વામી મારું સ્વરૂપ છે'

પલાણાના અંબાલાલ વલ્લભભાઈ પટેલ શિવધર્મી હતા. પરંતુ તેમના બનેવી ચુનીભાઈના સહવાસથી, સી.ટી. પટેલના સમાગમથી નોર્ધમ્પટનમાં (આફ્રિકા) સત્સંગ થયો. દેશમાં આવ્યા ત્યારે સ્વામીશ્રીએ નારણભાઈ (બાઢડાવાળા) સાથે ગોંડળ રાખ્યા અને ખેતરમાં સેવા કરાવી.

સ્વામીશ્રી ધામમાં ગયા પછી તેઓ ઉદાસ થઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજ પલાણા પધાર્યા. હરિભક્તોએ તેમને કહ્યું : 'તમારે પધરામણી કરાવવી નથી ?'

'મારા ગુરુ ધામમાં ગયા છે. મારા ગુરુ બીજા નહીં.' તેમણે કહ્યું.

સ્વામીશ્રીએ રાત્રે તેમને દર્શન આપ્યાં અને કહ્યું : 'પ્રમુખસ્વામી મારું સ્વરૂપ છે. તું કેમ જતો નથી ?'

એ વખતે પ્રમુખસ્વામી વસો પહોંચી ગયા હતા. તેઓ વસો ગયા અને દંડવત્ કરીને પ્રમુખસ્વામીના પગમાં પડી ગયા. અને સ્વામીશ્રીએ સ્વપ્નમાં, દર્શનમાં કરેલ

વાત કરી. તેમને શાંતિ થઈ અને પ્રતીતિ થઈ કે સ્વામીશ્રી સદાય પ્રમુખસ્વામી દ્વારા પ્રગટ જ છે.

લહેકાનો આસ્વાદ

બે પરદેશી સંશોધકો લેઝલી શેફર્ડ અને પીટર લેંગ્લી આ જ અરસામાં સ્વામીશ્રીનો લાભ લઈ સ્વામીશ્રી ઉપર પુસ્તક લખવા વિચારતાં મુંબઈ આવ્યા હતા. પરંતુ સ્વામીશ્રી ધામમાં ગયા એ જાણી બંને ખૂબ નિરાશ થઈ ગયા. બે-ત્રણ દિવસ અક્ષર ભુવનમાં રોકાઈ, સંતોનો લાભ લેવા વિચાર્યું.

બીજે દિવસે રવિવાર હતો. સભા લાંબી ચાલી. બન્ને અંગ્રેજ ભાઈઓ ગુજરાતી ન સમજતા હોવા છતાં છેક સુધી બેસી રહ્યા. છેલ્લે સ્વામીશ્રીના આશીર્વાદની કેસેટ મૂકવામાં આવી. મંગલાચરણ પહેલાં સ્વામીશ્રી જે ખોંખારો ખાતા, તે આવતાં જ બન્ને આનંદમાં આવી ગયા. સ્વામીશ્રીનો અવાજ ઓળખી ગયા અને નિરાશા હટી ગઈ. અમૃત વાણીના લહેકાનો એ સ્વાદ તેમને અંતસ્તલમાં સ્પર્શી ગયો.

અવિનાશી અસ્તિત્વનો અનુભવ

રાજકોટના શિવલાલ માંડલિયા સ્વામીશ્રીના અક્ષરવાસ પછી ખૂબ હતાશ થઈ ગયા હતા. અઠવાડિયું તો એ આઘાતમાં ને આઘાતમાં વીત્યું, પણ વિચારોનો વેગ એમને છોડતો નહીં. તેમને હંમેશાં થયા કરતું : 'બાપા ગયા, હવે આપણું શું થશે ? હવે આપણું કોણ ?'

એક રાતે તેઓ પડખાં ઘસતાં આ વિચારોમાં હતા, ત્યાં ૧-૩૦ વાગ્યાના સુમારે પ્રકાશનો ઝબકારો થયો. સ્વામીશ્રી તેમના ઓરડામાં આવ્યા. ગાતરિયું શરીરે બાંધેલું અને શિવલાલના ખાટલાની પાંગતે બેસી ગયા ! શિવલાલ અવાક્ બની જોઈ રહ્યા. બેઠા થવા કોશિશ કરી, પણ નિષ્ફળ ગયા. ત્યાં પ્રમુખસ્વામીનાં દર્શન પણ થયાં અને બંને સ્વરૂપો એકમેકમાં મળી ગયાં. શિવલાલ હાથ જોડીને બધું જોઈ રહ્યા હતા. કંઈક કહેવા જાય તે પહેલાં તો એ સ્વરૂપ અદશ્ય થઈ ગયું. શિવલાલને પ્રમુખસ્વામી મહારાજનું સ્વરૂપ ઓળખાઈ ગયું અને તેમની હતાશા હટી ગઈ.

પ્રગટ સ્વરૂપની પિછાણ

સ્વામીશ્રી ધામમાં પધાર્યાને બે માસ વીતી ગયા હતા. નૈરોબી રહેતા મોહનભાઈ કોલોરોમાવાળાને કેટલાય દિવસથી અજંપો રહ્યા કરતો હતો. 'સ્વામીશ્રી ગયા... સ્વામીશ્રી ગયા...' એ વિચારોમાં ક્યાંય ચેન પડતું નહીં. તેમાં વળી તેઓ અંત્યેષ્ટિ વિધિ સમયે સ્વામીશ્રીનાં દર્શને પહોંચી શક્યા નહીં, તેનો વસવસો પણ રહી

રહીને દુઃખ ઊપજાવતો હતો.

તેઓ રોજ પ્રાર્થના કરતા : 'હે બાપા ! આપ ધામમાં ગયા છો, તેવું માન્યામાં નથી આવતું. પણ આપનું સ્વરૂપ મને ઓળખાવજો.'

આમ ને આમ બીજો એક મહિનો વીતી ગયો. એક રાતે સ્વામીશ્રીએ તેમને દિવ્ય દર્શન આપ્યાં. હસતું મુખ અને તેજસ્વી કાંતિથી ઓપતા સ્વામીશ્રીનાં દર્શનથી મોહનભાઈ ગદ્‌ગદ બની ગયા. ત્યાં જ સ્વામીશ્રીના મુખારવિંદની જગ્યાએ તેમને પ્રમુખસ્વામીનું મુખ દેખાયું. ફરી સ્વામીશ્રીનાં દર્શન થયાં અને સ્વામીશ્રી કહે : 'જુઓ મોહનભાઈ ! પ્રમુખસ્વામી મારું પ્રગટ સ્વરૂપ છે. તેમાં જોડાઈ જવું...'

મોહનભાઈનો સઘળો શોક મટી ગયો અને પ્રમુખસ્વામી મહારાજમાં સર્વ પ્રકારે જોડાઈ ગયા.

'પહેલું પરઠ્યું હતું તે વેણે પળિયા !'

નાવડાના શિવાભાઈ ભાવસંગભાઈને સ્વામીશ્રીએ અક્ષર દેરીએ સેવા કરવાની આજ્ઞા કરેલી ત્યારે તેમણે કહેલું : 'બાપા ! સેવા તો કરું, પણ આપની કાયમ સ્મૃતિ રહે તે માટે કાંઈક પ્રસાદીની વસ્તુ આપો.'

સ્વામીશ્રીએ કહેલું : 'તે પણ આપશું.'

પરંતુ સ્વામીશ્રી અચાનક ધામમાં પધાર્યા. શિવાભાઈને દુઃખ થયું કે સ્વામીશ્રીની સ્મૃતિ મેળવી શકાઈ નહીં. ત્યાં તો એક સંતે સ્વામીશ્રીની પ્રસાદીની ગોદડી, મહારાજની છબી અને પ્રસાદીનાં પાન શિવાભાઈ ઉપર મોકલ્યાં અને સાથેની ચિઠ્ઠીમાં જણાવેલું કે 'સ્વામીશ્રીએ ધામમાં જતાં પહેલાં વીસેક દિવસ પૂર્વે આ વસ્તુઓ આપને મોકલવા મને આજ્ઞા કરી હતી, તે મોકલી છે !'

શિવાભાઈની આંખમાં આંસુ આવી ગયાં. સ્વામીશ્રીએ તેમનું વચન પાળી લીધું હતું. કેવી ભક્તવત્સલતા !

દિવ્યતાનું અસ્ખલિત ઝરણું

મુંબઈમાં મહંત સ્વામી વગેરે સંતો વિલેપાર્લેમાં નાણાવટી હૉસ્પિટલ નજીક રહેતા હરિભક્તને ત્યાં પધરામણીએ જઈ રહ્યા હતા. હૉસ્પિટલની બાજુમાં જ નાણાવટી શેઠનો આવાસ રહેતો. સંતોને પસાર થતા જોઈ શેઠ બહાર આવ્યા અને સંતોને બોલાવી પૂછ્યું : 'તમે સ્વામિનારાયણના સાધુ છો ?'

'હા.' સંતોએ કહ્યું.

'યોગીજી મહારાજને ઓળખો છો ?'

'અમે એમના જ શિષ્યો છીએ.'

શેઠ તો એકદમ ભાવમાં આવી ગયા અને આગ્રહપૂર્વક સંતોને પોતાના બંગલામાં લઈ ગયા. પોતાના ઘરમાં એક ઊંચે બાંધેલી ખુરશી બતાવી અને કહે : 'યોગીજી મહારાજ આ ખુરશી પર પા કલાક બેઠેલા. ત્યારબાદ અમે એ ખુરશી વાપરી નથી.'

પછી ઉપરના માળે જ્યાં પોતાના અંગત આવાસનો બેડરૂમ હતો તે રૂમમાં લઈ ગયા. સંતોએ જોયું કે એ ઓરડામાં તો કેવળ સ્વામીશ્રીની જ મૂર્તિ પધરાવી હતી. તેનું કારણ પૂછ્યું તો કહે : 'સવારે ઊઠું તો તરત સ્વામીશ્રીનાં દર્શન થાય અને સૂતાં પહેલાં પણ એમનાં દર્શન થાય એ હેતુથી પધરાવી છે.'

સંતોએ આશ્ચર્યથી પૂછ્યું : 'આપ તો જૈન છો. વળી દેરાસર, હૉસ્પિટલ બંધાવ્યાં છે. તો આટલો બધો ભાવ કેવી રીતે થયો ?'

શેઠે કહ્યું : 'યોગીજી મહારાજમાં તો નરી દિવ્યતા, દિવ્યતા, દિવ્યતા જ ઝરતી ! એમના દેહમાં બીજું કાંઈ હતું જ નહીં. આવા અનુભવ પછી મને ખૂબ ભાવ થયો છે.'

સંતોને સ્વામીશ્રીના અલૌકિક પ્રભાવની એક વિશેષ પ્રતીતિ થઈ.

સ્વામીશ્રી ધામમાં પધાર્યા તે દિવસ પછી અનેકને તેના સંકેતો શ્રીહરિ અને સ્વંય સ્વામીશ્રી આપી રહ્યા હતા.

ઠેર ઠેર અનેક ગામોમાં ચંદનની વૃષ્ટિ થઈ. વાંટાવદર(તા. ધ્રાંગધ્રા)માં તા. ૨૩ થી તા. ૨૫ સુધી સર્વત્ર ચંદનનાં છાંટણાં થયાં. તાજપરમાં તા. ૨૪ના રોજ ગામમાં તેમજ સીમમાં અનેક જગાએ ચંદનવૃષ્ટિ થઈ. વળી, સારંગપુરમાં તો સ્વામીશ્રીની અંત્યેષ્ટિ વિધિ સમયે જ તા. ૨૫ના સાંજે ૫-૩૦ વાગે શાસ્ત્રીજી મહારાજના સમાધિ સ્થાને તેમજ મંદિરનાં શિખરો પર અને અગાશી, નળિયાં, દીવાલો અને ફૂલછોડ પર ચંદનની વર્ષા વરસી હતી; જેનાં પ્રાસાદિક પાંદડાં-ફૂલ વગેરે ગોંડલ પણ લઈ જવામાં આવ્યાં હતાં.

રાણપરી, નોંઘણા, વાગડ વગેરે અનેક ગામડાંઓ આ વૃષ્ટિમાંથી બાકાત નહોતાં. જે વૃષ્ટિ સ્વામીશ્રીના મનુષ્યાતીત વ્યક્તિત્વની ગવાહીરૂપે બની રહી.

❀ ❀ ❀



પરિશિષ્ટ - ૧

સ્વામીશ્રીના જીવનનું એક વિશિષ્ટ અને અપરિચિત પાસું એમના પત્રો દ્વારા પ્રગટ થાય છે. અહીં કેટલાક ચૂંટેલા પત્રો દ્વારા એમના વ્યક્તિત્વની શ્રદ્ધામયી અને પ્રેરક છબીને આપણે નિહાળીએ.

૧

સારંગપુરથી નૈરોબી રહેતા ઈશ્વરભાઈ કોઠારી પર પત્ર લખતાં અન્ય સમાચારો અને આશીર્વાદ સાથે સ્વામીશ્રીએ તા. ૨૮-૪-'૪૯ના રોજ લખ્યું હતું કે –

'અત્રેથી શાસ્ત્રીજી મહારાજ તથા રામજી ભગત તથા કો. નારાયણ-સ્વરૂપદાસજી, હકાખાચર સર્વેના જય સ્વામિનારાયણ વાંચશો.

'રા.રા. ઈશ્વરભાઈ, તમો વચ. ગ.પ્ર. ૨૭, ૩૧, ૪૯, ૫૦, ૫૪, ૫૯, ૬૦, ૬૧, ૬૭, ૬૮, ૭૦; સારંગપુર ૯, ૧૧, ૧૮; કારિયાણી ૧, ૭, ૧૦; વરતાલ ૫, ૧૦, ૧૯; છે.પ્ર. ૭, ૮, ૯, ૩૯ વગેરે વાંચવા કૃપાવંત થશોજી.'

✧

હરિભક્તોને તેમની દૃઢતા વધે તે માટે સ્વામીશ્રીનો ઉપાય હતો - વચનામૃતના અભ્યાસી બનાવવાનો. તેઓ અનેક પત્રોમાં મુદ્દાનાં વચનામૃતો વાંચી, વિચારી, દૃઢ કરવાની સૂચનાઓ કર્યા જ કરતા. જેમાંથી સુદૃઢ, વિચારશીલ અને સમજણવાળો સત્સંગી-સમાજ સર્જાતો ગયો.

૨

ધર્મજના અંબાલાલ પી. પટેલના પુત્ર શાન્તુભાઈના લગ્ન પ્રસંગે આશીર્વાદ પત્ર લખતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

સ્વામીશ્રીજી

તા. ૨-૬-૪૯,
જેઠ સુદિ ૬, ગુરુવાર,
સવારના ૭-૩૦, રાજકોટ મંદિર

આનંદ વિજયનો પત્ર

સ્વસ્તિશ્રી નૈરોબી મહાશુભ સ્થાને મુક્તરાજ, મારા જીવનપ્રાણ, પરમ બુદ્ધિમાન, પરમ વિવેકી, સદ્‌ગુણના નીધાન રા.રા. શેઠ લાલજીભાઈ તથા કોઠારી ઈશ્વરલાલભાઈ તથા અંબાલાલભાઈ તથા શાન્તુ વરરાજા ભગવાન કરે... પ્રત્યે લી. સાક્ષાત્ રાજકોટથી લી. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.

...જેમ દાદાખાચરને પરણાવવા મહારાજ પધાર્યા, તેમ શાન્તુભાઈનું છે. વળી, મગનભાઈ પધારશે ને હરમાનભાઈ પધારશે ને ત્રિભોવનભાઈ પધારશે ને પ્રભુદાસભાઈ પધારશે. કીર્તનની ઝડીયો થશે તે જ સત્કર્મ છે. તો હવે સ્વામીનો ત્થા ડેરીનો આશીર્વાદ છે.

અહોહો, સ્વામી કે'તા જે ચાર વાતું જીવનું જીવન છે. તે ચાર વાત કઈ ? તો એક ઉપાસના, બીજી આજ્ઞા, ત્રીજી મોટા એકાંતિકમાં પ્રીતિ ને ચોથું ભગવદીમાં સુરદયપણું. તે ચાર વાત જીવનું જીવન છે. તો સુરદપણું રાખવું તો ત્રણે વાનાં આવશે. વળી, સ્વામી કેતા કે જો ભગવાન ઓળખાય તો સાધુ ઓળખવા નહિ પડે. જેવી પ્રાપ્તિ થઈ છે તેવી પ્રાપ્તિ મનાય તો પ્રાપ્તિ કરવી નહિ રહે. જેવો સંબંધ થીયો છે, તેવો સંબંધ સમજાય તો બીજાની સાથે સંબંધ કરવો ન રહે. તો હવે આપણે સંબંધ સ્વામી સાથે થીયો છે, તે બળ રાખવું.

...વચનામૃતની યાદી - ગ.છે. ૨, ૫, ૭, ૯; વરતાલ ૫, ૧૦, ૧૪, ૧૫, ૧૯; ગ.પ્ર. ૨૭, ૩૭, ૪૯, ૫૦, ૫૪, ૬૦, ૬૧; પંચાળા ૧, ૭; સારંગપુર ૧૦, ૭; ગ.મ. ૫, ૯, ૧૩, ૧૪, ૨૧, ૨૨, ૨૬; આટલાં સભામાં વંચાવીને સૌને તૈયાર કરશો. બોલો સહજાનંદ સ્વામી - આફ્રિકા મંડળની જય જય જય...

✧

લગ્ન જેવા વ્યવહાર પ્રસગે સ્વામીશ્રીનો આશીર્વાદ પત્ર ભક્ત ઉપર પહોંચ્યો જ હોય, પણ તેમાંયે શુભ આશીર્વાદ - શુભકામના સાથે આધ્યાત્મિકતાનો વિલક્ષણ સૂર સ્પષ્ટ તરી આવતો. આમ, જીવન-ધ્યેયને સ્પષ્ટ કરી, સ્વામીશ્રી મુમુક્ષુ ભક્તોને સદા જાગ્રત અને અધ્યાત્મ-માર્ગના સાચા અભ્યાસી બનાવતા.

૩

તા. ૬-૧૦-૫૧,
આસો સુદી ૬, શનિવાર,
ચચાણા, સાંજના ૪-૦૦

સ્વસ્તિશ્રી ગોંડલ અક્ષર મંદિર, કોઠારી વાસુદેવ સ્વામી ત્થા રાણા દાજીભાઈ, રાય સાહેબ, ચચાણાથી લી. સાધુ જ્ઞાનજીવનદાસ, સ્વામી યજ્ઞપ્રિયદાસજી.

અમે અડવાળથી ધંધુકા આસો સુદી ૮, સોમવારે સાંજના ૬ વાગે બેસીને

ધોળા-ઢસા થઈને ઓખા મેલમાં મંગળવારે ૪-૦૦ વાગે ગોંડલ ઊતરીશું. તો સ્વામી યજ્ઞપ્રિયદાસજી માટે સ્વામીના ઓરડામાં ખાટલો તૈયાર રાખશો. ને ભાઈચંદભાઈ માટે ભંડાર પાસે લીંબડાવાળો ઓરડો તેમાં વળાવીને ખાટલો પાથરી રાખશો. મારો ઓરડો લીંપાવી રાખશો. આસન પાથરી રાખશો. પાણી ભરી રાખશો. એક ગાડું રાતના ૩-૩૦ વાગે ગોંડલ સ્ટેશને જશમત ભગત, જીવા ભગત બંનેને ગાડું લઈને ગોંડલ સ્ટેશને આસો સુદી નૌમે ઓખા મેલમાં (મેલના સમયે) મોકલી આપશો. રાજી રહેશો. ૧૦ જણ છીએ. રાજી રહેશો. સીદી સાહેબ તથા છોટુભાઈને પ્રણામ.

✧

ચીવટ, કાળજી અને સારસંભાળના ગુણને કારણે સ્વામીશ્રી કોઈની પણ નાનામાં નાની સેવાની તક મેળવી લેતા, તો યજ્ઞપ્રિયદાસ સ્વામી(મોટાસ્વામી)ની સેવા કેમ જતી કરે ? પોતાની સંભાળ કે દરકાર કરતાં સ્વામીશ્રીને બીજાની સગવડ એ પોતાની હતી. બીજાનું સુખ એ પોતાનું સુખ હતું.

૪

તા. ૧૮-૯-૫૨,
ભાદરવા વદી ૧૪,
વાર, ગુરુવાર, સવારના ૧૦-૩૦,
કંથારિયા

ખાનગી

તમો ત્રણે વાંચશો. (કો. વાસુદેવ સ્વામી, દાજી બાપુ તથા રાય સાહેબ)

સ્વસ્તિશ્રી ગોંડલ અક્ષર મંદિર મહાશુભ સ્થાને પરમ ભગવદી, રા.રા. કો. વાસુદેવ સ્વામી ત્થા અક્ષરપ્રકાશ, રાણા દાજીભાઈ ત્થા રાય સાહેબ ત્થા વગેરે સમસ્ત પ્રત્યે કંથારિયાથી લી. આપને સંભારનાર સાધુ જ્ઞાનજીવનદાસજી ત્થા મોટાસ્વામી, શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી, કેશરીસિંહ, ફુલ સાહેબ ત્થા ટપુભાઈ, ગરુ ગણેશ ભક્ત સર્વના ઘણાં જ હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. લખવાનું કે સવારે પત્ર લખ્યો છે. હવે લખવાનું કે આપણે કામનો વિચાર કરવો. અત્યારે દેશકાળ કઠણ છે. તો હવે બીજાં કામ બંધ કરીને આરસનું કામ જો ચલાવો તો પોંચી શકાશે. તો શરદ પૂનમ સુધી જેટલું ચીરોડીનું કામ થાય તેટલું ચલાવો. પછી બંધ રાખવું. રંગકામ બંધ રાખવું. અંદરના થાંભલા, ચીરોડી ઉપરના થાંભલા બાકી રહેશે તો પછી કરી લેવાશે. અંદરની ઉતાવળ નથી, પણ બારનું પૂરું શરદ પૂનમ સુધીમાં કરાવી લીયો એમ અભિપ્રાય છે. કારણ કે આરસ ચીરોડી, રંગકામ, બીજું ફાલતું (સામાન્ય) કામ ચાલી નહિ શકે. જો એક જ આરસ ચલવવો હોય, તો પોંચી વળાશે. કોઈને સેવાનું પણ કહી શકાતું નથી. પછી આપની મરજી

આપ જાણો. સેજે થાય તે સારું છે. બીજાં કારખાનાં બંધ કરી દેવા તો જ આરસનું પોંચી વળાશે. પછી ભગવાનની મરજી. દેવું કરીને કામ કરવું તે સારું નહિ. દેવું વાળવું મુશ્કેલ પડશે. વરસાદ નથી આવતો. કાળ જેવું કે'વાશે, પછી ક્યાંથી કામ ચાલે ? માટે વિચાર કરીને કામ કરવા જેવું છે. વરસાદ જો સ્વામી આખા દેશમાં વરસાવે, તો તમામ કામ ચલાવીયે. માટે હે દાજીભાઈ બાપુ ત્થા કોઠારી મહારાજ ત્થા રાય સાહેબ આ કામ હવે સગવડતાયે બાકીનું પૂરું કરવા વિચાર રાખવો. મારી તો આમ નજર પડે છે. પછી દયા કરી (સ્વામી) પૈસા મોકલાવે તો ડંકો વાગે. માટે રાજી રહેશો. આટલી ચીરોડી સ્વામીએ પૂરું કરાવ્યું તે મોટો પરચો માનવાનો છે. તે નીરવિઘને થઈ ગીયું. નહિ તો આવા દેશકાળમાં હજાર વિઘ્ન આવે. માટે સ્વામીએ દયા કરી તો પૂરું થયું. વળી કોઠારી મહારાજની હિંમતથી થઈ જાશે. સભામંડપમાં તેમના સંકલ્પથી લાદી પથરાઈ ગઈ. બન્ને કૂવા ગળાવી નાખ્યા. એમ તમામ કામ સ્વામી પૂરાં કરી દે છે. માટે સ્વામીને બળે પૂરાં થઈ જાશે. હવે સમૈયાની તૈયારી કરવાની છે. છઠ કે સાતમે રાતના બાર વાગ્યા સુધીમાં ગોંડલ આવી જઈશ. એટલે તમામ ખુલાસા થશે. માટે રાજી રહેશો.

✧

શાસ્ત્રીજી મહારાજના અક્ષરવાસ પછી મંદિરોના વ્યવહારની જવાબદારી યોગીજી મહારાજ કેવી કુશળતાથી સંભાળતા તેનો આ પત્ર નમૂનેદાર સાક્ષી છે.

તે સમયના કપરા દેશકાળમા એક કામ ચાલુ રાખવુ હોય ત્યા બે કામ બંધ રખાવવા પડે તેવી પરિસ્થિતિ હતી. સ્વામીશ્રીને તે કરતાંય વધુ તો 'સેવાનું કોઈને કહી શકાતું નથી' એ દુઃખ વિશેષ જણાય છે. એક તો અનેક વાર એકના એક ભક્તો પાસેથી સેવા લીધી હોય, અને કાળ જેવું હોવાથી તેમને શિરે વધુ ને વધુ સેવા આપવાનો ભીડો ભક્તવત્સલ સ્વામીશ્રી કેવી રીતે લાદી શકે ? આ હમદર્દીને સ્વામીશ્રીએ વેધક રીતે વ્યક્ત કરી છે.

પોતાનો અભિપ્રાય જણાવવામાંયે 'પછી જેવી ભગવાનની મરજી' લખીને એમણે તમામ કર્તવ્ય ભગવાનના શિરે ઓઢાડ્યું છે. અને દેવું કરવાની સ્પષ્ટ ના લખવામાં એમના દૂરંદેશી વિચારોનો પણ ખ્યાલ આવી શકે છે.

સ્વામીશ્રી, જેવા અલખના ઓલિયા અને સાચા અવધૂત હતા તેવા જ વ્યવહાર-કુશળ પણ હતા. આમ, આ પત્રમાં સ્વામીશ્રીની એક નિરાળી છબીનાં દર્શન થાય છે.

૫

અમદાવાદ,

તા. ૧૫-૭-૫૩

લી. જ્ઞાનજીવનદાસજી. રા.રા. ચુનીલાલભાઈ નાથાભાઈ, તમારો પત્ર મળ્યો

છે. વાંચી આનંદ થયો છે. તો લખવાનું કે તમો રાજી રહેશો. તમારા તમામ સંકલ્પ સિદ્ધ થશે. ફસગ્રેડ(ફર્સ્ટગ્રેડ)માં આવી જાશે. સ્વામી શાસ્ત્રીજી મહારાજ રાજી છે.

મોમ્બાસા મંડળને નિયમ લેવા. નીયમ : ૧ વચનામૃતનો પાઠ, ૧ વાતુંનો પાઠ, એક ભક્તચીંતામણીનો પાઠ, ૫૧ માળા, રવિવારે તમામને બોલાવીને મોટી સભા ભરવી. બે એકાદશીયો ને પુનમ ને અમાસે મહિને મોટી સભા ભરવી. ચાર દિવસે ઉચ્છવ તથા ૧૨ કલાક ધુન્ય સગવડ હોય તો રાખવી. નહિ તો રાતરે જો બને તો ઉચ્છવ ૧૨ વાગ્યા સુધી કરવો. શ્રાવણ મહિના એકટાણાં, શ્રાવણ માસની મહાપૂજાઓ, ત્રણ મંદિરો - ગઢડા, ગોંડલ, સારંગપુર લીસ્ટ મોકલી દેવું. તો સૌ ત્યાં પણ ત્રણે ઠેકાણે કરશે. ત્રણે ઠેકાણે સેવાની રકમ જેની જેની કરાવી હોય તે મંદિરોમાં મોકલવી. ત્રણ એકાદશી નિર્જળા કરવી. અષાડ શુદ ૧૧, ભાદરવા શુદ ૧૧, કાર્તીક શુદ ૧૧ ત્રણે કરવી, બાકીની ફરાળ કરીને કરવી. આવી રીતે આજ્ઞા છે. તો બળ રાખવું.

રા.રા. પુરુષોત્તમદાસ... તમારી દુકાન સારી ચાલશે. સ્વામી રક્ષા કરશે. અમો કરમસદ શીવાભાઈ તેડાવે છે (ત્યાં જઈ) પછી ગાના આપની જન્મભુમીમાં થઈને પછી ગુરૂપુનમ બોચાસણ થશે તે જાણશો.

સી.ટી. પટેલને માલુમ થાય, જે સ્વામી તમારી સહાયતામાં છે. ડંકો વાગશે. તો ચાતુરમાસના સૌને નીયમ વંચાવશો.

ગ.મ. ૪૫ના પ્રમાણે આપણને સૌને રહેવાનું છે.

ગ.મ. ૧૧ પ્રમાણે ગૃહસ્થને વર્તવાનું છે. વચનામૃત ગ.મ. ૨૮ના પ્રમાણે ભક્તના ભક્ત થાવું છે. એવી રીતે વચનામૃતો પ્રમાણે સ્થીતી કરવાની છે. અત્યારે વર્તમાન (પાળવાં) એ ખરો લાભ છે. શીક્ષાપત્રીના ૧૧૬ના શ્લોક પ્રમાણે કરવાનું છે. સ્વામીશ્રીને રાજી કરી લેવા એ જ વિનંતી.

મુંબઈ ત્થા અમદાવાદ મંડળ સારા ચાલે છે. ૧૦૦ હરિભક્તો ભેગા થાય છે. એમ ગામોગામ મંડળ સ્થાપવાનાં છે. તો સત્સંગ વધારો થશે. મોટા મોટા ગ્રેજવટ (ગ્રેજ્યુએટ) તેમને સાધુ બનાવવાના છે તો સંપ્રદાય આપણો ચાલે. માટે સી.ટી. પટેલ આપ દૃઢ સંકલ્પ કરશો તો ડંકો વાગશે.

દા. સાધુ જ્ઞાનજીવનદાસ

૬

તા. ૯-૯-૧૯૫૩,
ભાદરવા સુદી ૧, વાર બુધ,
સવારના ૯-૩૦,
સાક્ષાત્ દિવસ-વિજય-વાત્રક નદીના કિનારે,
ખેડામા પારાયણનો પાટોત્સવ

આશીર્વાદ પત્ર

ખેડા ગામ, મહાપ્રસાદીની નદી. અમારો સ્નાન જાત્રાનો સમૈયો. ૧૫૦ હરિભક્તો સાથે સ્નાન જાત્રા.

સ્વસ્તિશ્રી મોમ્બાસા મહાશુભ સ્થાને પરમ ભગવદીય, એકાંતિક, સ્વામી-શ્રીજીના લાડીલા, પ્રગટ અક્ષરપુરુષોત્તમના ઉપાસક, સ્વામી શાસ્ત્રીજી મહારાજના લાડીલા સી.ટી. પટેલ તથા... આદી સમસ્ત અક્ષર મંડળ.

ખેડાથી લી. આપને સંભારનાર સાધુ જ્ઞાનજીવનદાસ ત્થા મોટાસ્વામી ત્થા અક્ષરપુરુષોત્તમદાસજી ત્થા નિરન્નમુક્તદાસ સ્વામી ત્થા ગોપીનાથ પુરાણી ત્થા ઘનશ્યામ સ્વામી ત્થા કોઠારી પુરુષોત્તમચરણદાસજી આદી ૨૦ સંત, ત્થા પૂજ્ય નારણજી મહારાજ, પૂજ્ય સંતવલ્લભસ્વામી - જ્ઞાનના ભંડાર, ત્થા અક્ષરપુરુષોત્તમ-દાસજી ત્થા પ્રેમવતીદાસજી - તપના ભંડાર, નિરન્નમુક્ત - શાસ્ત્રના ભંડાર આદી સંતમંડળ તથા પારાયણમાં ૧૫૦ હરિભક્તો આવેલા તેમના ઘણા જ હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. લખવાનું કે પુરુષોત્તમદાસ મકનદાસ(દાસભક્ત)ના બે પત્રો મળ્યા છે. પ્રશ્ન પૂછ્યો છે કે પ્ર. ૧૨ના વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે ભગવાનના ભક્તમાં સંબંધનું હેત ન રાખવું. તો કેમ સમજવું ? તે આ પ્રશ્ન રાજકોટમાં ૪૦ વર્ષ પહેલાં પૂજ્ય વૈજનાથભાઈએ પ્રશ્ન પૂછ્યો કે છેલ્લાનું (૧૨મું કેમ) સમજવું ? સંબંધમાં ભગવાનનો ભક્ત એકાંતિક હોય તેમાં હેત ન રાખવું. ભાઈ હોય કે બાપ હોય, તે એકાંતિક હોય તો તેમાં હેત ન રાખવું ? તો ગુરુ કૃષ્ણજી અદાએ જવાબ આપ્યો કે જો સંબંધનું હેત રાખીયે તો બાધ છે, પણ ‘આ તો ભગવાનના ભક્ત છે, ને એકાંતિક છે,’ તેમ ભક્ત તરીકે હેત રાખીયે તો બાધ નથી. પણ જુવો સ્વામી જાગા સ્વામી, જૂનાગઢની સભામાં વાત કરતાં જે, વૈજનાથભાઈને ગુરુ કૃષ્ણજી અદામાં બાપ-દીકરાનો નાતો ન હતો. પણ વૈજનાથભાઈ એમ સમજે જે, ગુરુ કૃષ્ણજી અદા મહા-મુક્તરાજ છે. બાપ તરીકે હેત નહિ, પણ મુક્તપણાનું હેત. ને પૂજ્ય કૃષ્ણજી અદા કહેતા જે, વૈજનાથભાઈ મારા દીકરા નથી, પણ સ્વામી જાગાભક્ત સ્વામીનું સાક્ષાત્ સ્વરૂપ છે. એવી રીતે સંબંધ ભક્તનો હતો, તે વાત સ્વામી જાગાસ્વામી વાત કરતા. મર્યાદા પણ તેવી રાખતા.

તો હવે લખવાનું કે આપ બન્ને ભાઈઓ(હરમાનભાઈ અને દાસભક્ત)ને તો એમ સમજવું કે પૂજ્ય હરમાનભાઈ સ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે. (સ્વરૂપનો અર્થ અહીં બધાને બ્રહ્મદૃષ્ટિએ જોતાં શીખવાનું છે - એ છે. અન્યથા પરમ એકાંતિક, વડવાનળ જેવા અને મોક્ષના એકમાત્ર દ્વારરૂપ સંતનો મહિમા પણ બધા એકાંતિકની તુલ્ય થઈ જાય.) એમ સમજીયે તો નિરબાધપણું કહેવાય. પેલું હેત

રાખીએ (સગાનું) તો જન્મ-મરણ લેવરાવે. તે ઉપર વચનામૃત છે.પ્ર. ૧૨, છે.પ્ર. ૧૯ બે વચનામૃત વાંચી વિચારવા. યથાર્થ ઉત્તર સમજાશે. આપણે પુરુષોત્તમભાઈ, આમ જ કરવાનું છે. ભગવાનના ભક્તમાં નિર્દોષબુદ્ધિ તે જેવી કોઈ સેવા નથી. માટે નિર્દોષબુદ્ધિ રાખવી. આપણે જ્ઞાનમાં ઊંડા ઊતરવું ને બ્રહ્મનો આનંદ લેવો. પૂજ્ય ભગતજી મહારાજ એમ વાત કરતા જે, 'વિષયાનંદી જક્ત હૈ, ભજનાનંદી કોક.' એમ વિષયના આનંદમાં આખું જગત વિંટાયેલું છે, પણ બ્રહ્માનંદમાં કો'ક છે. વળી પૂજ્ય ભગતજી મહારાજ કે'તા જે, બે ટાંકા તોડું છું ને બે ટાંકા સાંધું છું; તો ભગવાનમાં જોડું છું ને જગતમાંથી તોડું છું. આ બધી પ્રસાદીની વાતો છે.

અહોહો, જ્યારે શાસ્ત્રીજી મહારાજ રાતના ૧૧ વાગે વાતો કરે તે રાતના ૩ વાગ્યા સુધી દરરોજ વાતું કરતા તે નજરે જોયેલું. ને સમાગમ કરેલો છે તે મોટાના શબ્દો વિચારિયે તો ટાઢું થઈ જાય છે. તો જો આપણે ત્યાં સી.ટી. પટેલ ત્થા હરમાનભાઈ ત્થા ત્રિભોવનદાસ જેવા વિચરે છે તો સમાગમ કરી લેવો. બહુ સુખ આવશે.

અત્યારે પૂજ્ય હરમાનભાઈ પધારવાથી આખો ચરોતર રંગી નાખ્યો છે. તેમના શબ્દો સાંભળવાથી હર્ષનાં આંસુ આવી જાય છે. આવી વાતો ઊભા થઈને ત્રણ કલાક સ્વામીના મહિમાની વાતો કરે છે. તો આપણે ઘેર બેઠા ગંગા આવી છે. તો લાભ લેવો. ભુલચુક સુધારીને વાંચશો એ જ.

અહોહો ! સી.ટી. પટેલ, તમારો પત્ર મળ્યો છે. વાંચીને બહુ સુખ આવ્યું છે. હાલમાં હરમાનભાઈ સ્પેશ્યલ ટ્રેન કાઢવા રોકાયેલા છે. તે છપૈયા દર્શન થઈ જાય ને નિર્વિઘ્ને પાછા આવીયે તે માટે અમારા વતી હૉલ આફ્રિકા મંડળને પત્ર લખો કે પાંચ માળા પુજ્ય શાસ્ત્રીજી મહારાજને સંભારીને ફેરવો.

વચનામૃત વાંચવાની યાદી : ગ.પ્ર. ૩, ૬, ૯, ૧૧, ૧૬, ૧૭, ૨૧, ૨૨, ૨૪, ૨૬; છે.પ્ર. ૭, ૮, ૯, ૧૧; કારિયાણી : ૫, ૯, ૭, ૧૧; સારંગપુર ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૮; લોયા : ૧, ૪, ૫, ૬, ૭, ૧૧, ૧૨; તથા વરતાલ ૧, ૩, ૫, ૬, ૯, ૧૧, ૧૨ આવી રીતે વાંચશો.

સ્વામીની વાતું ત્રીજા પ્રકરણની ૨૬ થી ૫૦ સુધી મનન કરશો. ૭મા પ્રકરણની (વાંચશો) રાજી રહેશો. ડંકો વાગે છે.

દા. સાધુ જ્ઞાનજીવનદાસ

૭

સ્વામીશ્રીજી

તા. ૬-૧૧-૫૩,
દીવાળીનો મોટો તહેવાર,
જયજયકાર,

આસો વદી અમાસ, શુક્રવાર,
સાજના ૪-૩૦

ડેરીમાંથી આશીર્વાદ પત્ર

સ્વસ્તિશ્રી મોમ્બાસા મહાશુભ સ્થાને પરમ ભગવદી, સ્વામીના લાડીલા, સ્વધર્મ નિષ્ટ, અક્ષરપુરુષોત્તમોપાસક, સંતસેવા પરાયણ રા.રા. પટેલ પુરુષોત્તમદાસ મકનદાસ ત્થા સી.ટી. પટેલ... લી સાક્ષાત્ સ્થાન ગોંડલ અક્ષર ડેરીમાંથી લી. સાધુ જ્ઞાનજીવન-દાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. નુતન વર્ષ ખુશાલી. આવતીસાલ આપને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ, ઉપાસના, સુહૃદભાવ ને પક્ષ અને નીરદોષબુદ્ધિ રહે ને દોષ ટાળવામાં સુખાકારી નીવડો. પ્રકાશ અને જ્ઞાનતંતુઓ વધો. સદા સુખી રહો. મોમ્બાસા મંદિર જલદી પૂરું થાય ને સહાય સારી ત્યાં આવી મળે તેવી પ્રાર્થના શરૂ કરી છે.

✧

સાદી, સરળ શૈલીમાં વ્યક્ત થતી સ્વામીશ્રીની શુભેચ્છાઓ અને નૂતન વર્ષના આશીર્વાદ હરિભક્તોનું જીવન બની જતા !

૮

સ્વામીશ્રીજી સત્ય છે

તા. ૨૫-૪-૫૪,
વાર મગળવાર, સવારના ૮-૩૦,
દેવચડી, ગોંડલ ત્રણ ગાઉ દૂર

આશીર્વાદ પત્ર

સ્વસ્તિશ્રી મોમ્બાસા મહાશુભ સ્થાને પરમ ભગવદી, શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર, સ્વધર્મનિષ્ટ રા.રા. સી.ટી. પટેલ... ગામ દેવચડીથી લી. સાધુ જ્ઞાનજીવન-દાસજીના ઘણા હેતથી જય સ્વામિનારાયણ વાંચશો.

...ગાના યુવક મંડળ સારું થીયું છે, એમ ૨૪ યુવક (મંડળ) સ્થાપ્યા છે. તેમના રીપોર્ટ દરેકના હાજરી પત્રક અમોને બુધ અને ગુરુવાર સુધીમાં આવી જાય છે. ગુરુ કે શુક્રવારે પત્ર લખાય એટલે દરેક ગામને શનીવારે પત્ર મળી જાય ને સભામાં વાંચે. આવી રીતે પ્રોગ્રામ શરૂ થઈ ગીયો છે...

આ સાથે પ્રસાદીનાં પુષ્પ મોકલ્યાં છે. વચનામૃત ગ.મ. પ્રકરણ ૪, ૯, ૧૧, ૧૫, ૨૧, ૨૨, ૨૪ વાંચશો.

✧

સ્વામીશ્રીના ઉપરોક્ત પત્રમાં સંસ્થાની સંગીન યુવક પ્રવૃત્તિનું પ્રભાત કેવું હતું તેનું દર્શન થાય છે. રિપોર્ટ મગાવવાનું, સારી રીતે મંડળોનું સંચાલન કરવાનું એમનું

આયોજન કોઈનાય સાથ-સહકાર વિના પણ કેવું ઊંડું અને મૌલિક હતું તેનો આછો ચિતાર આ પત્રમાં મળી રહે છે.

૯

પૂજ્ય બાલમુકુંદ સ્વામીને ગોંડલ લખેલો પત્ર.

તા. ૩-૫-૫૭,
અટલાદરા,
પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની સંવત્સરી,
બપોરના ૩ વાગે

આજે સ્વામીની તીથી ઉજવી છે. તમોએ પણ ઉજવી હશે. વિ. કાલે પત્ર લખેલ છે, તે મળ્યો હશે. ઘાટ સંબંધી કામ શરૂ થઈ ગીયું હશે. ગોદડા સંબંધી કામ શરૂ થઈ ગીયું હશે. નારણ સ્વામી (પ્રમુખસ્વામી) બોચાસણ છે. અહીં ૧૫૦ હરિભક્તો પધાર્યા, મણીભાઈ પધાર્યા ને શીખંડ-પુરીની રસોઈ હતી.

હવે આપના લખ્યા પ્રમાણે યુવકો સેવા માટે મોકલ્યા છે તેમનાં નામ :

૧. રમણભાઈ મુંબઈવાળા

૨. જશભાઈ ઝારોળાવાળા

૩. મધુભાઈ મુંબઈવાળા

૪. નટવરલાલ સારંગપુરવાળા

એક નાના સેવક ત્યાં મોકલ્યા છે. તો હવે કામની વિગત જે, ચોક વળાવવા, પ્રદક્ષિણા સાફ કરાવવી, ઓરડા સાફ કરાવવા, બગીચામાં કામ કરશે, લીંબોઈમાં કામ કરશે, વાસણ ઊટકશે વગેરે જે બતાવશો તે કરશે. સમૈયાનું તમામ કામ કરશે. પ્રદક્ષિણા દેશે. કથામાં બેસશે. તો સ્વામી બાલમુકુંદદાસજી તમો રાતરે બેસીને ૧ કલાક વાતું ધર્મ-નિયમ ઉપર કરશો. ત્થા તમામ કામ રાતથી જ કહી દેવા. ને સવારે ૪-૩૦ વાગે ઉઠાડશો. કથામાં સવારે બેસારશો. શણગાર પછી કાફી વિગેરે પાઈને કામ બતાવજો. ૧૧ વાગ્યા સુધી કામ કરશે ને સાંજના ૪-૩૦ વાગ્યાથી સાત સુધી સેવા કરશે. તો હવે કામની દોરવણી આપ્યા કરશો, તે માટે તમારા કાગળથી જ મોકલ્યા છે. એ જ.

પોંચ્યાનો (પહોંચ્યાનો) પત્ર જંબુસર જયશંકર, ઠે. ગોપાળજીના મંદિરમાં કાલે જવાના છીએ ને નૌમે અટલાદરા, દશમે સવારે ગઢડા ને એકાદશીયે બેસીને બારશે સવારમાં ગોંડળ. આવી રીતે પ્રોગ્રામ છે. વળતા અમદાવાદ ઉતરવા સંભવ ખરો. આપ સંપ ને સુરદભાવ રાખીને કામ શરૂ કરાવજો.

✧

યુવા-તાલીમની એમની હોંશ પોતાની સાથેના યુવકોને તો જરૂર અનુભવવા

મળતી, પણ દૂર જતા યુવકો પણ સેવાથી પરિપક્વ બને એ ભાવના પ્રસ્તુત પત્રમાં નીતરી રહી છે. જેમાં કલાક કથાવાર્તાનો યોગ રાખી, સેવા સાથે કથાનું અંગ દૃઢ કરાવવાની તત્પરતા વ્યક્ત થાય છે.

૧૦

સ્વામીશ્રીજી

તા. ૨૮-૫-૫૭, ગોંડલ

પ્રત્યે આફ્રિકા મંડળ, દા. સાધુ જ્ઞાનજીવનદાસના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

યુવતીઓ યુવતીમાં કથા કરે તેમાં પુરુષ ન જાય. ને પુરુષો પુરુષોમાં કથા કરે. તેમાં પણ તે લાભ લીયે. આવી રીતે ગામોગામ ગોઠવવું. યુવકોમાં યુવકો સત્સંગ કરે, ભાષણો કરે, તે જ શોભા છે. તો આવી રીતે બધેય (પ્રથા) પાડી દેવી. તેથી સત્સંગ ઘણો જ વધશે. જાહેર ભાષણ હોય ને લાઉડ સ્પીકર હોય ને ડોશીયું છેટા બેઠા હોય ને પડદા હોય, તેમાં પુરુષને બાધ નથી. પણ ડોશીયુંમાં આપણે ન જવાય તે સૌને ખાસ ધ્યાન રાખવું...

✧

ખાસ કરીને વિદેશમાં અને દેશમાં પણ મોટાં શહેરોમાં સત્સંગ પ્રવૃત્તિમાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય છે, તે સ્ત્રી-પુરુષ મર્યાદા કેવી સાચવવી તેનો સ્પષ્ટ આદેશ સ્વામીશ્રીએ કાયમ માટે આપી દીધો છે. જેથી આધુનિક વિચારધારા ધરાવતા અથવા સ્ત્રીદાક્ષિણ્યનો આગ્રહ રાખતા નવયુવકો કે બૌદ્ધિકોને પ્રશ્ન કરવાનો રહે નહિ.

૧૧

સ્વામીશ્રીજી સત્ય છે

સોમવતી અમાસ,
મોજીદડ,
તા. ૨૨-૯-૫૭

સ્વસ્તિશ્રી ગોંડલ અક્ષર મંદિર પૂજ્યમાન સ્વામી શાસ્ત્રીજી મહારાજના સર્વ લાડીલા સ્વામી બાલમુકુંદદાસજી, અક્ષરપ્રકાશ ત્થા ચંદુભાઈ ત્થા પોપટલાલ ત્થા સર્વ મંડળ પ્રત્યે મોજીદડ લી. સાધુ જ્ઞાનજીવનદાસજી ત્થા સનાતનદાસજી, સાધુજીવન-દાસજી, ધર્મકિશોરદાસજી ત્થા વિનુ ભગત, પ્રેમપ્રકાશ, મુળીના સંત રાધામનોહર-દાસજીને ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો. ભગવત્સિંહજી તથા સર્વ મંડળ.

૧. અહોહો, કંકોતરી સારી ટાઇપથી અક્ષરપુરુષોત્તમ, શાસ્ત્રીજી મહારાજના બ્લોક સાથે છપાઈ ગઈ હશે. તો હવે હર્ષદરાયભાઈ ત્થા પુરુષોત્તમ ભગત ત્થા રાય સાહેબ, દાજીભાઈ સર્વ મંડળ લખવા માંડજો. રાજા રજવાડા, ખાનદેશ, આફ્રિકા,

સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબાઈ તાલુકો, પાંચ મંદિરો, વરતાલ, અમદાવાદ સર્વ મંદિરો, સારા કવર લાવવા. શીરનામા સારા કરવા. તે આસો સુદી બીજે કે છેલું ત્રીજ સુધીમાં મોકલી દેવા. ગઢડા ૨૫ કંકોતરી. તેમાં ખાનદેશના ભોમીયા ભક્તિજીવનદાસને ભલામણ લખવી જે, ખાનદેશ ૧૫ કંકોતરી રવાના કરે. ને ૧૦ ત્યાં ગામમાં જ આપે. બીજી મદ્રાસમાં ૧૫. ને ભલામણ લખવી કે આજુબાજુનાં ગામડાંમાં મોકલવી. હકાભાઈને જરૂર પડે બોલવવા. તે કંકોતરીમાં મદદ કરવા લાગે. તે હવે કંકોતરી રવાના કરી દેશો.

૨. ભંડાર. ૫૦૦ માણસ આવી પડે તો ભજનશાળાની ચુલો ખાલી છે ત્યાં સમું કરીને કામ કરવું. તેરસે રસોડું ચાલું. પણ ત્યાં સુધીમાં રસોઈ ક્યાં કરવી તે ગોઠવશો. ઘઉં ભરડાવવા કંસાર ચાલતો કરવો. કંસાર ને રોટલી શરૂ રાખવા. દશરાએ સાટા-જલેબી, બુંદીના લાડુ-સેવ વગેરેની રસોઈ કરાવવી. તે હવે યોગ્ય કરશો. દરેક કામ ઉકેલવા.

૩. ૨૦ હજાર માણસો આવશે. આપણે ધારતા હતા ૪૦ થી ૫૦ હજાર આવશે, પણ વરસાદ નથી એટલે અરધા માણસો થઈ જાશે. તેટલી બેચરભાઈને મળીને ગોઠવણી કરવી. ને જો વરસાદ થઈ જાય તો લીલાલહેર. તો ડંકો વાગે. તો ફળે. યોગ્ય કરશો.

૪. ઓરડા ઉતારા. તમામ કામ તથા ગોદડાંના કુપન, ચાના કુપન ત્થા વાસણ કોણ લે તે કુપન કરાવી રાખશો. જેથી તકલીફ ન પડે.

૫. ખરેખરો યજ્ઞ સ્વામીશ્રીજી કરાવી દેશે. તો સરભરા ખાતામાં જરાય કચાશ ન રાખવી.

૬. તમો તમામ ગોઠવણી કરી લેશો. વ્યવસ્થા માણસો રાખીને ગોઠવવી. તેથી આપણી વાહ, વાહ ! 'શું અક્ષર મંદિર ! શું સરભરા ! શું તેમની વ્યવસ્થા !' તેમ થાવું જોઈએ. સવારે કથા થાવી જોઈએ. તમારે જે જે માણસો આવે તેમને બોલાવવા ને વાતું કરવી. યોગ્ય ગોઠવણી કરવી.

જેના જેના પત્રો ઉતારાના આવે તે નોખા રાખજો. ગામમાં ઉતારાની ગોઠવણી છોટુભાઈને મળીને કરશો.

૭. સોમવતી અમાસ છે તે નારણ ધરે બધાને સંભારીને સ્નાન કરીશ, ને તમોને સંભારશું. નારણ ધરે ઘણા હરિભક્તો પધારશે. તો યજ્ઞમાં પધારો તે વાત કરીશું. મોજીદડવાળાને સમજ પાડી છે. તો ૧૦૦ હરિભક્તો પધારશે. તો ઉતારા માટે ૧ રૂમ કે બે રૂમ રાખી મૂકશો. સરભરાવાળા ખાથામાં સારા માણસ ગોઠવવા, જેથી શાંતિથી જવાબ આપે. ડંકો જ વાગશે. માટે શૂરવીર થઈને યજ્ઞ શોભાડી દેવો.

૮. મંત્ર ('સ્વામિનારાયણ' મંત્ર લખેલી પોથીઓ) ઘણા આવશે. તો તેટલા

બ્રાહ્મણો બેસારવા. તે યોગ્ય ગોઠવણી કરવા જોઈશે. આપણે લખેલ કે મંત્ર (પોથીઓ લાવનાર) દીઠ એક બ્રાહ્મણ બેસારીશું, તો કેટલા મંત્ર (પોથીઓ) આવ્યા ને કેટલા આવશે તે પ્રમાણે બ્રાહ્મણો ગોઠવવા પડશે. દરેક બ્રાહ્મણ દીઠ શું દક્ષણા આપવી તે દાજી બાપુ તથા હર્ષદભાઈ ગોઠવણ કરવી. ને તેટલા બ્રાહ્મણ બોલાવવા-બેસારવા પડે તો આપણે શોભે સારું. તો યોગ્ય વિચાર કરશો.

હું મંગળવારે સાંજે લીંબડી જઈશ. ત્યાં રાત રોકાઈશ. બુધવારે તા. ૩જીએ લીંબડીથી પાંચ વાગે રવાના થઈને મુળી દર્શન કરીને બુધવાર રાત્રે (રાજકોટ). તો ગુરુવારે રાજકોટ જમીને ૨ વાગે રાજકોટથી મોટરમાં બેસીને ૪ સુધીમાં ગોંડલ આવી જઈશ.

મોજીદડનો રંગ ચડતો છે. ઘણા હરિભક્તો પધારશે. ૩૧ રૂપિયા યજ્ઞની સેવા રામજીભાઈએ કરી છે. વરસાદ કાલે ચચાણા - કંથારિયા થઈ ગયો. અને અહીં થવા સંભવ છે. ટપાલ ત્યાં જ રાખજો.

✧

દાજી બાપુ અને તેમના પરિવાર તરફથી યોજવામાં આવેલા વિરાટ યજ્ઞ મહોત્સવની સફળતા કયા આઠ મુદ્દા પર થઈ શકશે એ જણાવી, સ્વામીશ્રીએ પોતાની વ્યવહારકુશળતાનું ઊંડું દર્શન કરાવ્યું છે.

આમંત્રણ અને સ્વાગત વિભાગ, રસોઈ વિભાગ, ઉતારા વિભાગ, સરભરા વિભાગ અને યજ્ઞ વિભાગ જેટલી મુખ્ય સેવાઓમાં ચોકસાઈ રાખવાની વાત સ્વહસ્તે લખી, સ્વામીશ્રીએ આયોજનની સૂક્ષ્મતા અને મહત્તા બતાવી. સમૈયાની સફળતા કઈ બાબતો પર આધારિત હોય છે તે સ્પષ્ટ જણાવ્યું.

આમ, સને ૧૯૫૭ની સાલમાં - જ્યારે ગણ્યા-ગાંઠ્યા કાર્યકરો કે હરિભક્તો પાસે કામ લેવાનું હોય, ત્યારે પણ સ્વામીશ્રી આયોજનને કેવી રીતે સંગીન બનાવતા તેનો આ સુંદર પુરાવો છે.

✧ ✧ ✧

સ્વામીશ્રી ઘણી વાર અમેરિકા, ઇંગ્લૅન્ડ અને જાપાન તેમજ સમગ્ર એશિયામાં સ્વામિનારાયણનું નામ ગાજતું થાય તે સંકલ્પો જાહેર કરતા. તે સંકલ્પોનાં મૂળ ઘણાં દૂરના ભૂતકાળમાં જ એમણે નાખવા માંડ્યાં હતાં. સને ૧૯૫૬થી ૫૯ના ગાળામાં અમેરિકા અભ્યાસાર્થે ગયેલા યુવાનો પરના એમના તે સમયના પત્રો તેના સાક્ષી છે.

આફ્રિકાના નિષ્ઠાવાન હરિભક્ત હરમાનભાઈના પુત્ર મુકુંદભાઈ તેમજ મુંબઈના મુમુક્ષુ યુવાન વનરાજ મહેતા ઉપર સ્વામીશ્રી અવારનવાર બળના, પ્રેરણાના પત્રો લખતા રહેતા. તેમનામાં ધર્મ-નિયમ અને સત્સંગના સંસ્કારો જળવાય, એટલું જ નહિ પણ વૃદ્ધિ પામે તે માટે સ્વામીશ્રી ખૂબ જ જાગ્રત અને ચિંતિત હતા, જેનો

અણસાર એમના પત્રોમાંથી સ્પષ્ટ રીતે મળી શકે છે :

૧૨

દા. સાધુ જ્ઞાનજીવનદાસના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. વનરાજ મેતા, તમો સત્સંગ સારો કરાવ્યો. અને એવું મંડળ સ્થાપો જે હજારો માણસો સત્સંગમાં આવે. ગોંડલ દેરીમાં હજારો હરિભક્તો આવે. જાત્રાનું સ્થાન થઈ ગયું છે. તો હવે તમો ત્યાં છો તો હવે યુવક મંડળ સ્થાપો. ૨૧ યુવકો કરો. તે થઈ જાશે. તો ઇંગ્લીશ શિક્ષાપત્રી કેટલી તમોને મોકલીએ તે જણાવશો. તમારે ૧૫ દિવસે પત્ર લખવો. તો જ બળ રહેશે. ને અમો પણ લખતા રહીશું. તમારે પાંચ વરસ ત્યાં રહીને અભ્યાસ કરવો. પણ બ્રહ્મચર્યવ્રત પૂરું પાળવું. દારૂ-માંસનો સંસર્ગ થાવા ન દેવો. હાથે રાંધીને જ ખાવું.

વનરાજ મેતા, તમો હવે ત્યાં ખરું બળ રાખવું. ધર્મ-નિયમમાં કડક રહેવું. તો જ શાંતિ રહેશે. કથાવાર્તા કરશો. ને સ્વામીની વાતું વાંચશો. આપ દયાભાવ રાખજો. બળ રાખજો. આટલા નિયમ રાખવા. માટે વનરાજ મેતા, મહારાજનું બળ રાખજો. તો જ બળ રહેશે. ને સુખ થાશે. (તા. ૩-૫-૧૯૫૮)

✧

સને ૧૯૫૮માં એમણે અમેરિકા 'સર' કરવાની કેટલી ધગશ બતાવી છે ! ભણવા ગયેલા વિદ્યાર્થીઓ દ્વારા જ જાગૃતિ આવે, વિશ્વમાં સ્વામિનારાયણ નામ ગાજતું થાય અને અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત પ્રવર્તે તે માટેના પ્રેરણા પત્રોએ ગજબનો ઉત્સાહ આ યુવકોમાં સીંચ્યો હતો.

૧૩

એક બીજા પત્રમાં મુકુંદભાઈને સંબોધીને એમણે લખ્યું :

આપ અભ્યાસ બરાબર કરશો. જે કામે મોકલ્યા છે તો ૮ કલાક વાંચશો. શાક-આહારી રહેશો. સાદો ખોરાક જ લેશો. પૂજા-પાઠ તિલક-ચાંદલા કરશો... હવે જોગે જોગ (સત્સંગ) મંડળ અમેરિકામાં સ્થાપજો. આપણે ચાર ખંડમાં સ્વામિ-નારાયણનું નામ જાહેર કરવુ છે. તો પ્રયાસ કરવો પડે. ધર્મનો ફેલાવો કરવો પડે. કટિબંધ-તૈયાર થાવું પડે.

રાજી રહેશો. બીજું, રાત્રે સૂતી વખતે વચનામૃત એક વાંચવું. જોગ કરવો. આવો જોગ ફરી મળે તેવો નથી. તો મુકુંદભાઈ, તમો દર રવિવારે કે પંદર દિવસે રવિવારે સભા ભરવી. મંડળ સ્થાપવું. તો ડંકો વાગશે.

આ સાથે પ્રસાદીના પુષ્પ દેરીના મોકલ્યા છે. તો સાજે-માંદે કામ આવે. માટે રાખી મૂકવાં. (તા. ૨૫-૯-'૫૮)

✧

એકની એક વાત ફરી ફરી લખતાં એમને કંટાળો કે સંકોચ નહોતો. સાચી વાત છે, તો અમેરિકા જ નહીં પણ ચારે ખંડના પ્રત્યેક માનવી સુધી આ વાત પહોંચવી જ જોઈએ. એ ઈશક એમના દરેક પત્રમાં દેખાતો.

૧૪

એક પત્રમા એમણે જણાવ્યુ :

રા.રા. વનરાજ મેતા, દાક્તર સાહેબ હેન સાહેબ તથા અહોહો ! તમારો પત્ર મળી ગીયો છે. હે વનરાજ મેતા, આપ બળ રાખીને મંડળ વધારશો. ડંકો વાગશે.

આજે પત્ર સાક્ષાત્ ગોંડલ દેરીમાં નદીને કિનારે પારાયણ ચાલતી વખતે આશીર્વાદ પત્ર લખાઈ રહ્યો છે. સવારના ૧૦-૩૦ વાગે ઘાટ ઉપર લખાઈ રહ્યો છે. ત્રણ શુભ સંકલ્પો કર્યા છે :

૧. અમેરિકા, લંડન તથા એશિયા-આફ્રિકા સર્વ સ્થળે સ્વામિનારાયણ કૉલેજો સ્થપાય. તો આખો દેશ સ્વામિનારાયણ ભજન કરતો થાય.

૨. દાક્તર હેન તથા આપ બીજા મોટા મોટા માણસોને ભેળવી ને સમજ પાડીને આ કાર્ય કરવાનું છે.

૩. આ જો કરીશું તો મોટા મોટા માણસો ભળશે. લાખો રૂપિયા વિદ્યાદાનમાં આવશે. તો ધીરે ધીરે યોજના ઘડશો ! (તા. ૧૦-૧૦-'૫૮)

✧

કેટલો અદ્‌ભુત સંકલ્પ ! આખા દેશને ભજન કરાવવા દેશોદેશમાં સ્વામિનારાયણ કૉલેજો સ્થાપવાનો એમનો મનોરથ, એમની ભાવનાના શિરમોર સંકલ્પરૂપે છે.

૧૫

વિદ્યાનગરથી તા. ૨૭-૧૧-'૫૮ના રોજ આવો જ પ્રેરણાદાયી પત્ર હરમાનભાઈના પુત્ર મુકુંદભાઈ ઉપર લખતાં સ્વામીશ્રીએ હેતથી જણાવ્યું :

વ્હાલાભાઈ, મુકુંદભાઈની ચડતી કળા સ્વામીશ્રીજી અખંડ રાખે. અત્યારે વિદ્યાનગરથી લી. સાધુ જ્ઞાનજીવનદાસ તથા મોટાસ્વામી તથા પ્રમુખસ્વામીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

...હવે તમો પાંચ જણા સાથે રહો છો ને એક રુચિ છે તો સારું ફાવશે. પૂજા બરાબર કરો છો તેથી અમો રાજી છીએ. હવે આપણે અમેરિકામાં સ્વામીનારાયણ નામ જાગ્રત કરવાની જરૂર છે. તો હવે તમ દુવારે તે કામ થાશે.

વનરાજભાઈ મેતા, તમો હવે તે કામ કરશો. ૫૧ યુવકો કરશો. હિન્દુભાઈ ત્યાં આપણા ઘણા જ છે. તો બધાને શોધીને મળવું. તો ખટકો રાખવો. રાત્રે સગવડે વચનામૃતની કથા કરવી. તો જ્ઞાન થશે... અત્યારે સ્વામીનારાયણને પ્રતાપે સત્સંગનો વાવટો સારો ચડ્યો છે. તે વાવટો યુવકો દુવારે થવાનો છે.

તો હવે મુકુંદભાઈ, તમો બળ રાખજો. ને મુને અખંડ સાંભરો છો. તમારું મુખારવિંદ યાદી આવે છે. આપણે ગાના ભેગા રહેલા ત્યારે આપ નાના હતા. પાસે બેસતા તે યાદી છે... તો દાક્તર સાહેબ હેનને મળશો. પ્ર. ૩૭ વચનામૃત દાક્તર હેનને સમજાવશો. ઘણા જ રાજી થશે.

૧૬

આ પછી આ બંને યુવકોએ થોડી થોડી સત્સંગ પ્રવૃત્તિ શરૂ કરી હતી. સ્વામીશ્રીએ તે જાણી, રાજીપો દર્શાવતાં આશિષ પણ પત્ર દ્વારા આપ્યા. ઉપરાંત લખ્યું :

સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો. મુકુંદભાઈ, તમો અખંડ સાંભરો છો. આપ બરાબર વાંચવામાં ધ્યાન રાખશો. આખા દિવસમાં ૮ કલાક વાંચવું. ૪ વરસમાં તમો મોટી ડિગ્રી મેળવીને આવશો.

ત્રણ મુદ્દા સાચવવાના છે. એક તો ઉપાસના જે અક્ષર સહિત પુરુષોત્તમની ઉપાસના. બીજું, નાનાં-મોટાં વચન પાળવાં. ને ત્રીજી (વાત) ભગવદી સાથે સુહૃદ-ભાવ રાખવો. એ ત્રણ મુદ્દા પર બધા આધાર છે.

દાખડો કરીને અમેરિકા ભણવા મોકલ્યા, તો આપણે પિતાશ્રીની કદર કરવી કે કોઈ વરસ નાપાસ ના થાવું. હિંમત રાખીને ફર્સ્ટ નંબર પાસ થાવું, તે કદર કરી કહેવાય. તમારા ઉપર સંપૂરણ આશીર્વાદ થાય. તો આપ ૪ વરસ પૂરાં કરીને ડીગ્રી મોટી મેળવી લેવાની છે. ને ડંકો વગાડવાનો છે. (તા. ૨૧-૧૨-'૫૮, રદ્દુ)

૧૭

તા. ૭-૬-'૫૯ના ગોંડલથી સ્વામીશ્રીએ વનરાજ મહેતાને લખ્યું :

ગોંડલમાં તમારો તેમજ મુકુંદભાઈનો પત્ર વાંચ્યો. તે પત્ર વાંચીને બધાનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં ! આવા અમેરિકા જેવા દેશમાં આવા ધર્મ ચાલે છે, તો મહારાજનું પ્રગટપણું છે. તો હે વનરાજ મે'તા, મારે એટલી જ વિનંતી કરવાની છે, તે દેશના માણસોને ઇંગ્લીશમાં વાત કરીને સમજાવો તો સારું. કારણ કે સ્વામિ-નારાયણ ભગવાન કોણ છે તે સર્વને સમજાવવું પડે.

...તથા વિઠ્ઠલભાઈ તથા કાંતિભાઈ તથા રાવજીભાઈ તથા નાથાભાઈ બધા ભણવા ત્યાં આવ્યા છે. તે બધાને શોધીને સત્સંગમાં લઈ લેવા. તે વ્યવહાર શરૂ રાખજો, તો એકબીજાની ઓળખાણ થાય. રા.રા. મુકુંદભાઈ, તમારો પત્ર મળ્યો હતો. તો તમો હવે હાથે રાંધી લેશોજી. ને શાકાહારી રહેવું.

૧૮

તા. ૩૦-૧૧-'૫૯ના મ્વાન્ઝાથી લખેલા પત્રમાં પણ સ્વામીશ્રીએ તે વાત દોહરાવીને વધુ ઘુંટાવી હતી. એમણે લખ્યું :

મુકુંદભાઈ, હવે મારે એક જ ભલામણ લખવાની, જે ત્યાં દેશમાં તમે ભણો છો

તો યુવકોને ઇંગ્લીશમાં વખત લઈને સ્વામિનારાયણ ભગવાન કોણ થઈ ગયા, તેમણે શું શું કામ કર્યાં, તે બધી માહિતી બધા યુવકોને સમજાવશો. તે ખરી સેવા છે.

હવે ત્યાના યુવકોને પ્રકાશ જ્ઞાનનો પાડો. તો તમો દેશમા જાવ, પણ તમોને સંભારે કે મુકુંદભાઈ જ્ઞાન આપીને ગયા છે. તો તમો મહારાજ-સ્વામીનું બળ રાખીને નિશાન પાડો.

ઇંગ્લીશ શિક્ષાપત્રી કહો તેટલી મોકલીએ. તેમાં બધા મુદ્દા છે. તે ભેટ તરીકે આપજો. ને તે વાંચે તેવી ભલામણ કરજે.

✧

વિદેશની વિષયી ધરતી પર પણ શિક્ષાપત્રી પાળતો સમાજ સર્જવા સ્વામીશ્રીની નેમ હતી. એમના સંકલ્પના બળે તેમાંની અનેક રીતિ-નીતિઓ યુવાનોના જીવનમાં ઊતરી, કારણ કે સ્વામીશ્રીએ પોતાનો પ્રેરણા-સ્રોત ચાલુ જ રાખ્યો હતો.

૧૯

તા. ૨૩-૮-'૬૪ના સારંગપુરથી લખેલા પત્રમાં તેમણે જણાવ્યું :

હે મુકુંદભાઈ, આપણું નામ રાખવું. નિયમ-ધર્મ, બ્રહ્મચર્યવ્રત બરાબર પાળવું. ત્યાં વિઠ્ઠલભાઈ વગેરે તમારા બેની જોડ છે, તો રવિવારે સભા ભરો. બે કલાક સમય લેશોજી.

આજે પૂનમ છે. રવિવાર છે. બળેવ છે. ૭૦૦ હરિભક્તો ૧૧-૩૦ વાગે બેઠા છે. કથા ચાલે છે. તો પ્રમુખસ્વામી તથા સંતસ્વામી પણ બેઠા છે. કાગળ લખાઈ રહ્યો છે... આપણને આજ્ઞા જે ૧૦મો ભાગ મહિને પગારમાંથી ધર્માદાનો કાઢજો. જુઓ કેટલું બળ મળે છે.

રાત્રે એક વચનામૃત બને તો વાંચવું. ને ટાઇમ મળે ૧૦ સ્વામીની વાતું વાંચવી. ૧૫ માળા હંમેશાં પૂજામાં ફેરવવી. પૂજા કરીને પાંચ માળા ઠાકોરજી પાસે ફેરવવી. આટલું નિયમ રાખવું. આપ તો શૂરવીર છો. તો થઈ શકશે જ.

✧

આમ, જ્યારે કોઈ સંતો-ભક્તોનો કે સ્વયં સ્વામીશ્રીનો પણ જે ભૂમિને પાદ-સ્પર્શ નહોતો થયો તેવા પ્રદેશમાં, પત્ર દ્વારા સ્વામીશ્રીએ સત્સંગ-પ્રવર્તનનું કાર્ય ઉપાડ્યું હતું. તેમાં નંખાયેલાં બીજ વર્ષો પછી વટવૃક્ષ બની, અનેકને વિષયના ઝંઝાવાતોમાં અને ભૌતિકતાના પ્રખર તાપમાં શીતળતા-સાંત્વન અને આધારરૂપ બન્યા છે. સ્વામીશ્રીની અગમ દૃષ્ટિને કારણે, તેમના ઇશકને કારણે જ તે શક્ય બન્યુ છે.

૨૦

સ્વામીશ્રીજી

તા. ૩૧-૫-'૬૧

આજે સવારે મુંબઈમાં અભ્યાસ કરતા સંતોને સંભારી સ્વામીશ્રી કહે :

'શરદ પૂનમ સુધીમાં ૫૧ સંતો પૂરા કરવા છે. વળી ૧૦ શાસ્ત્રી, ૫ સંગીતમાં, ૫ ચિત્રકળામાં, ૫ યોગમાં, ૫ - ૮૪ આસનમાં એમ જુદી જુદી આઠ કળામાં સૌને પ્રવીણ કરવાના છે.'

આ વાત મેં સંતોને પત્રમાં લખી. સ્વામીશ્રીએ એ પત્રમાં ઉમેરો કરતાં લખ્યું :

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.

વિ. આજે સવારે વાત કરી તે ઈશ્વરચરણ સ્વામીએ લખી છે. તો આપણે સર્વોપરી ડંકો મારવાનો છે. તે માટે તમોને બનાવ્યા છે. માટે આપણે સરધા રાખીને મનના ઘાટ સર્વ પડતા મૂકીને સાધુની આજ્ઞામાં ટુક ટુક થઈ જાવું. ઈન્દ્રિયું અંતઃકરણ ભુલાઈ જાશે. માટે શ્રદ્ધા, ખપ ને સમાગમ એ ત્રણ વધવાના (ઉપાય) છે. ને હઠ, માન, ઈર્ષ્યા એ ત્રણ ઘટવાના. માટે આપણે તૈયાર રહેવું. મનધાર્યું છોડી જ દેવું. સારંગપુરનું પે'લું વચનામૃત સીધ (સિદ્ધ) કરવું, તો સ્વામીશ્રીજી રાજી થાશે.

✧

આ પત્રથી જણાય છે કે સંતો વિવિધ ક્ષેત્રોમાં તૈયાર થાય અને સત્સંગ વિકાસનું કામ હાથ ધરે તેવી સર્વતોમુખી પ્રતિભા સ્વામીશ્રી સૌમાં પ્રેરવા માગતા હતા.

૨૧

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી જય સ્વામિનારાયણ વાંચશો.

વિ. કાલે પત્ર લખ્યો તે મળ્યો હશે. હવે આજે આનંદનો બીજો પત્ર લખ્યો છે. તો હવે હું સંતો સાથે ચાર માસ(માં) ૧ દિવસ ઓછો (મુંબઈ) રોકાણો, પણ તમોને વારાફરતી વાતો કરીને આનંદ કરાવ્યો તે બધા સંભારી રાખજો. આપણે તો આખો બ્રહ્માંડ ડોલાવવાનો છે. તમ દુવારે એકાંતિક ધર્મ સીધ કરીને હજારો માણસોને અક્ષરધામમાં લઈ જવાના છે તે મોટો આશય હૃદયમાં છે. તો તમો બધા શૂરવીર થાવો ને ખૂબ અભ્યાસ કરો. ૬ કલાક વાંચો. સાથે સાથે કથાવાર્તા કરો. બીજા માણસોને જોઈ આપણો ગુણ આવે તે જ આપણી સેવા છે. ને પરમ પૂજ્ય સ્વામીશ્રી શાસ્ત્રી મહારાજ અક્ષરધામમાં રહ્યા થકા આપણી ખબર રાખે. માટે આપણે ત્રણ વચનામૃત સીધ કરવાં. કારિયાણી ૩, કારિયાણી ૯, કારિયાણી ૧૧ - જે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ભગવાનની મૂરતી ભેગી જાય છે. ને જેમ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી, તેમ ભગવાનને ભક્ત વિના રહેવાતું નથી. આંખનું મટકું ભરીયે તેટલી વાર ભગવાન છેટા રહેતા નથી. માટે કારિયાણીનું ૧૧ હર વખત વાંચવું, જેથી બધી વિગત ખબર પડે.

અહોહો ! આપ બધા સંત દુવારે મહારાજ ઘણા જ કામ કરશે. તો શૂરવીર થાવું. ધર્મ-નિયમમાં સંપૂરણ રહેવું. તો સર્વ લોકમાં આપણો ગુણ આવે. એટલે તે સેવા વધુ કરે. માટે આપણે તો સ્વામીનો સંપ્રદાય ચલાવવા માટે આ ભેખ લીધો છે.

તો ડંકો વગાડવો.

બીજું, સૌ મહંત સ્વામી કહે તેમ કરશો. તમામ સુખી થાશો. આશીરવાદ છે. તો હવે કોઠારી ભક્તિપ્રિયદાસજી તમારે તથા નારણ ભગતને જે શાસ્ત્રીજી પાઠ આપે તે કર્યો છે કે નહિ તે તપાસી લેવા. ને ન કર્યો હોય તો પડકારો કરવો, જેથી સૌને બળ મળે ને ડંકો વાગે. આપ રાજી રહેશો. આ પત્ર સૌને વંચાવશો. સ્વામી ઈશ્વરચરણદાસજી સ્વામીએ ઘણી જ સેવા અખંડ કરી છે, તો તેમને પણ રૂડા આશીર્વાદ છે.

સીધેશ્વરદાસજી તથા રામચરણદાસજી, નાના ભગતને તાવ ઊતરી ગયો હશે. બધાને સ્વામિનારાયણ કહેશો. બધાને સારું આવડશે. ત્યાગવલ્લભદાસજી ત્યાગની મૂરતી છે. તો બધાને શીખવજો. રાતરે સૌને વાળુ કરાવજો. આપ રાજી રહેશો. બળ રાખજો. રૂડા આશીરવાદ છે.

બળભરી વાતો મુખે કરવી, મોળી વાત મુખે ન ઉચરવી.

૨૨

તા. ૨૧-૧૦-૬૧, રાજકોટ
સવારના ૮-૩૦

આશીરવાદ પત્ર

વિ. લખવાનું કે અમોયે બે પત્રો એક પત્તું ને એક દસ પૈસાવાળું ઍરલેટર લખેલ તે મળી ગયું હશે. હું આપ પાસે ૪ માસ(માં) એક દિવસ ઓછો રહ્યો તે તમો ચોકસીને બંગલે વારાફરતી પધારતા, ને હું તમોને વાતો કરતો ને પૂજામાં તમોને શ્લોક બોલાવતા ને આરામ કર્યા બાદ ૧ વચનામૃત કઢાવતા ને વાતનો પ્રસંગ નીકળતો. પછી તમો જાતા. પે'લા ૯-૩૦ વાગે થોડો આરામ લઈને તમોને બોલાવતો. ને આશીરવાદ દેતો ને થોડીક મુદ્દાની વાતો કરતો. તેવી જ રીતે ખારમાં, તેવી જ રીતે જન્માષ્ટમી બિલ્ડિંગમાં, મોરાર બાગ, કપોળ વાડીમાં પણ સાંજના ૪ વાગે સૌને બોલાવીને વાતો કરાવતા. તથા મણીભાઈને બંગલે રહેતો ત્યારે સાંજે વાતોચીતો સાંજના પ્રસંગ નીકળતો. ને તમે (સંતો) સ્વામીને સંભારીને ભાષણો કરતા તે હું કાન માંડીને સાંભળતો. તેથી મુને એવો અસર થીયો, આવિ રીતે બરાબર આખી સભામાં વાતો કરતાં શીખી જાવ, તો જાહેર સભા ભરાય તેમાં ભાષણો કરતાં ન અચકાય. તે હું તમોને મહારાજને સંભારીને આશીરવાદ દેતો, આવી રીતે આપણે સાથે ચાર માસ મંદવાડને લીધે આનંદ કરતા ને તમો બધા સંતો રાજી થતા. આવી રીતે તમોએ મુને સાજો કર્યો ને બધાને પાકા કર્યા ને સર્વને શાંતિ કરાવી. તો તેથી બધા આવી જ રીતે બળ રાખજો. ને સૌ સંપીને રહેશો.

આપણે આખા બ્રહ્માંડમાં રેકડ (રેકોર્ડ) તોડવો છે. આખા બ્રહ્માંડમાં અક્ષરપુરુષોત્તમનું નામ જાગ્રત કરવું છે. તે સેવા તમોને ખાસ આપવી છે. આવિ રીતે મારૂં

મન મોટું છે. તમોયે તે શબ્દો અધર ઝીલ્યા તેમાં ખરો રાજીપો છે. હજી આપણે બીજા ૫૧ યુવકો કૉલેજજનો (કૉલેજિયનો) પાછા (ફરી) બનાવવાના છે. એટલે પરમ પૂજ્ય સ્વામીનું કાર્ય પૂરું થીયું ગણાશે. માટે બધાને પત્ર વંચાવશો. કોઈ મૂંઝાશો નહિ. સ્વામી કેશવજીવનદાસજી ત્થા કોઠારી ભક્તિપ્રિયદાસજી, સ્વામી સ્વયંપ્રકાશ સ્વામીને આપણે મોટેરા કર્યા છે, તેમની આજ્ઞામાં બધાયે રહેવું. તથા મહંત સ્વામીને બધી વાત કરવી. તે મૂંઝવણ ટાળી દેશે.

માટે આપણે જે કાર્ય કાંદીવલીમાં ચાલે છે, તે કાર્ય બરાબર સવારના ૫ થી રાતના ૧૧ વાગ્યા સુધી કાર્ય શરૂ રાખજો. કથાવાર્તા, આરતી, સ્વાભાવિક ચેષ્ટા, પ્રશ્ન-ઉત્તર, રસોઈ-પાણી વગેરે જે ચાલે છે તે કાર્ય સવાયું કરવું. પણ તેથી ઓછું ન કરવું. તથા સ્વામી ઈશ્વરચર્ણદાસજીએ મારી બહુ જ સેવા કરી છે, ને સાધુતાની મુરતી છે, તેમનો મહિમા સમજી તે કહે તેમ કરવું. આજે સુદી ૧૨ છે. ગુરુ કૃષ્ણજી અદાનું સ્થાન રાજકોટ છે. નારણલાલ શેઠને ઘેર સ્વામી શાસ્ત્રીજી મહારાજ પોઢેલા, તે નારણલાલ શેઠે સ્વામીની ઘણી જ સેવા કરી છે. તે પ્રસાદીના સ્થાને બેસીને પત્ર શુભ મુરતમા લખ્યો છે, તે પૂરો વાચશો. ગ.મ. ૨૯, ૨૫, ૨૨ ત્થા ગ.છે. ૭, ૮, ૯, ૧૧ છે. આટલાં વચનામૃત થોડે થોડે વાંચવાં.

૨૩

તા. ૨૪-૧૦-૬૧, ગોંડલ
આસો વદ બીજ

યોગેશ્વર સંતોને

તમો ધારો તો સ્વામીને પ્રતાપે બીજા ૫૧ કૉલેજજનો બનાવવા. માટે બધા બળ રાખો. કોઈપણ ન મૂંઝાય તો બીજા ૫૧ થાય. ડંકો વાગે. તે માટે હું આજે પ્રાર્થના કરી રહ્યો છે. તો હે સંતો, મારા જીવનપ્રાણ સંતો, મેં તમોને મારો જીવ સોંપ્યો છે. મારું જીવન તમો છો. મારું શોભાડો તેમાં મારો રાજીપો છે. હે સંતો, તમો કોઈપણ મુંજાશો નહિ. તમો મુંજાશો તો મારે દુઃખ અતિશય થાય. માટે તમો ૫૧ સંતો-પાર્ષદો બધા રાજી રહેશો. ટૂંકમાં આજે બીજ છે. સ્વામી જાગા સ્વામીનો જન્મ દિવસ ઉજવાય છે. હારતોરા કર્યા છે ને પત્ર લખાઈ રહ્યો છે. તે રૂડા આશીરવાદ છે. તો ૨૧ શાસ્ત્રી (સંસ્કૃતમાં) કરવા છે. હવે હૉલમાં ટૂંક સમયમાં તમોને રહેવાનું થશે. આપ રાજી રહેશો. દયાભાવ રાખજો. વળતો પત્ર લખશો. કામ સેવા ફરમાવજો !

૨૪

સ્વામીશ્રીની સને ૧૯૬૦ની વિદેશયાત્રા દરમ્યાન મ્બાલેના મુમુક્ષુ યુવાન બલભદ્ર સી. પટેલને સાધુ થવાની લગની લાગી. (હાલ, પૂ. શ્રીહરિ સ્વામી). ઘરેથી

સખત વિરોધ હોવા છતાં તેઓ પોતાના નિર્ધારમાં મક્કમ રહ્યા, અને સંબંધીઓ તરફથી ખોટી કનડગત ન થાય ને સંસ્કૃતનો અભ્યાસ થઈ શકે તે હેતુથી, સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓ એકલા છ માસ સુધી નાસિક રહેલા. ત્યારે સ્વામીશ્રી તેમને અવાર-નવાર પત્રો લખી, ખૂબ બળ આપતા. હેત કરતા. આવા અનેક પત્રોમાંથી અત્રે બે પત્રો પ્રસ્તુત છે :

તા. ૨૯-૧-'૬૨, ધર્મજ

આશીરવાદ પત્ર

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો.

બાલુભાઈ, તમે હીંમત રાખજો. તમારે સંસ્કૃતમાં પે'લો નંબર આવશે. તમો પૂર્વના મુક્ત છો. તો આ વાત મળી છે. ને ત્યાગી થવાની દીક્ષા મળશે ને ભારે ડંકો વાગશે. તો બળમાં રહેશો ને તમારી સાથે સ્વામી-શ્રીજી ને શાસ્ત્રીજી મહારાજ તમારી સાથે કાયમ રહેશે. તો હીંમત રાખીને સંસ્કૃતનો પાઠ બરાબર કરશો. ત્રણ માસ નીકળી જાશે. ત્રણ માસ તો એક દિવસ જેવો લાગશે. તમો સારંગપુરનું ૧૦મું વચનામૃત ત્થા ગ.પ્ર. ૪૯, ૫૦, ૫૪; કારિયાણી ૧૦; ગ.મ. ૨૧; વચનામૃત ગ.મ. ૨૯ વાંચશો.

બીજું, બ્રહ્મચર્યવ્રતના વિચાર કરતા રહેશો. તમો તો સાધુ જ છો તેમ માનશો. જીવ ભગવો જ છે, ને સાધુ જ છો, તેમ માનશો. તમો તો મારા જીવનપ્રાણ છો, તેમ હું માનું છું. તેમ સમજીને અભ્યાસ કરશો. રૂડા આશીરવાદ છે. આજે પારાયણમાંથી જ ૧૦ વાગે સવારના પત્ર લખ્યો છે.

૨૫

તા. ૧૩-૨-'૬૨, ગઢડા

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના આશીરવાદ સાથે સ્વામિનારાયણ.

હે બાલુભાઈ, મારા જીવનપ્રાણ, તમો બલીષ્ટ મુમુક્ષુ છો, તો સંસાર હરામ થઈ જાશે. આપણે ત્યાં (આફ્રિકા) જન્મ્યા જ નથી. બ્રહ્મ અમારી જાત છે. તો કોટિ કલ્પે સંસાર ભોગવવો જ નથી, તે ગોઠવણ જીવમાં ઉતારી દેવી. તો પાંચ વિષય તો કૂતરા (પણ) ભોગવે છે. તેમાં જરાય માલ નથી. માટે આપણે જ્ઞાન સીધ કરવું. જૂનાગઢમાં એક ત્યાગી થીયા, તેમને પરણાવવા હતા તો ૧૧ વાર તેડી ગીયા. ૧૧ વાર ભાગ્યા. પેલા સગા થકાણા. તો આપણે જીવમાં બળ રાખવું. કોઈ ઉપાધિ કરે તે ગણવી જ નહિ. તે આપણા સગા નથી. ને નાત નથી. જાત નથી. આપણે બ્રહ્મ જ છીએ. તો તેમાં જ જીવ પરોવવો. બે માસમાં ત્યાગી કરી દેશું. તો શુરાતન રાખવું. અભ્યાસ બરાબર કરશો. ૬ કલાક વાંચશો. ગઢડામાં તથા સારંગપુરને સ્થાને તમારી પ્રાર્થના કરી છે કે ડંકો વાગડશો.

૨૬

તા. ૬-૪-'૬૨,
સવારના ૫-૩૦ વાગે,
મહુવા

ખાનગી

સ્વસ્તિ શ્રી મુંબાઈ બંદર, દાદર અક્ષર ભુવન મહાશુભ સ્થાને સ્વામીના લાડીલા સીધેશ્વરદાસજી તથા રામચર્ણદાસજી તથા ઈશ્વરચર્ણદાસજી તથા નીષ્કામ-જીવનદાસ આદી સંતોની ચડતી કળા સ્વામીશ્રીજી રાખે. પ્રત્યે મહુવા બંદરથી લી. સાધુ જ્ઞાનજીવનદાસજીના પ્રેમ સાથે સ્વામીનારાયણ વાંચશો.

વિ. તમારો પત્ર ખાનગી મળ્યો છે. બે વખત વાંચ્યો છે. હે સીધેશ્વરદાસજી, આપણે જે ત્યાગી થીયા છીએ તે મોટાપુરુષને રાજી કરવા થીયા છીએ. તેમને અરથે ત્યાગ લીધો છે. બીજો અંદર સ્વારથ નથી. હું જે ત્યાગી ૫૪ વર્ષ પહેલાં થયો તે સ્વામી કૃષ્ણચર્ણદાસજી તથા ગુરુ કૃષ્ણજી અદાને રાજી કરવા થયેલો. ને મુને ત્યાગ-વૈરાગ્ય તો નો'તો, પણ ફક્ત હેતથી ત્યાગી થીયો. પણ મેં એમ ધાર્યું જે, એવા મોટાને વચને ત્યાગી થીયા તે સ્ત્રી-ધન બ્રહ્માંડમાં છે જ નહિ. વિષ્ટાના ખાડા છે. અને હવે આપણે ત્યાગ લીધો તે ન જ છોડાય. ભલે મરી જાવું સારું છે, પણ હવે ત્યાગ ન જ છોડવો. તે હું ૧૬ વરસનો હતો. ગાંઠ વાળી. પછી મોટાપુરુષને વચને ખૂબ સેવા કરવા માંડ્યા. પાંચ દિવસે ઉપવાસ તથા ૧૦૦ માણસોની રસોઈ કરવી. રસોઈ ન આવડે તો ગુરુ ઠપકારે. ખાવું હોય તે ઉપવાસ કરાવે. આવી રીતે કસોટી ખૂબ થાય. પણ મેં એમ ધાર્યું જે, આપણા ભલા માટે જ છે. આવા ગુરુને સ્વારથ નથી. તે જુઓ, ટકી રહ્યો તો પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ મળ્યા. તેમની સેવા ખુબ મળી. પછી સ્વામી ખુબ રાજી થીયા. જાવ, તમ દુવારે સ્વામી-શ્રીજી રહેશે તે આશીર્વાદ મળી ગયા. આ વાત લખવી ન જોઈએ. પણ તમો મારા છો, હું તમારો છું, તો લખું છું કે હે સીધેશ્વર સ્વામી, તમારો બધાયનો ત્યાગ પૂરેપૂરો પાળશો. તમોને કોઈ દોષ નહિ નડી શકે. તમો ભક્તચીંતામણિનાં પ્રકરણ વાંચશો - ૪૧, ૪૨, ૪૩. જુઓ પરમ પૂજ્ય સ્વામી રામાનંદ સ્વામીએ આશીરવાદ લખેલા છે. તો પ્રકરણ ખુબ વિચારીને વાંચશો. કાંટો ચડી જાશે. આ પત્ર પૂજ્યમાન ભગતજી મહારાજે આશીરવાદ રૂપે લખાવ્યો છે. વળી પ્રતીષ્ટા(પ્રતિષ્ઠા)ને દિવસે, તેમના સ્થાનમાં, મહુવામાં સ્વામી શાસ્ત્રીજી મહારાજ સાથે ૭ વખત આવ્યો. તે સંવત ૧૯૬૯ની સાલમાં ગુરુ અદા ધામમાં ગીયા પછી તુરત સ્વામી શાસ્ત્રીજી મહારાજ સાથે આવ્યો. તે સાત વખત આવ્યો.

તો હે સીધેશ્વર સ્વામી, આપણે બધાયે આત્મજ્ઞાન શીખવું. પંચવિષય હરામ કરવા. કોઈ વસ્તુ જોવી નહિ. પાંચ હાથમાં વૃત્તિ બહાર જાવા ન દેવી. છાપાં વિગેરે

કોઈએ જરાય વાંચવા નહિ. કોઈ હરિભક્ત પાસે કોઈ વસ્તુ ન મંગાવવી. કોઈ વસ્તુ જોયે (જોઈએ) તો મહાંત સ્વામીને કહીને મગાવવી, તો ત્યાગ પળે. માટે આપણે જે હેતુ માટે ત્યાગી થયા છીએ તે વિચારી લેવું કે પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજને પ્રિય ત્રણ વાનાં. ભણીને, દેશ-વિદેશ ફરીને સ્વામીનો મહિમા ઇંગ્લીસ, સંસ્કૃતમાં પ્રચાર કરવો. સંસારમાં પેટ તો કાગડા-કૂતરાં પેટ ભરે છે. પંચવિષય માટે હેરાન થાય છે ને થશે. તો હવે આપણે બળિયા થાવું ને બીજાને બળિયા કરવા. તો હવે મેં જાતે વેલા ઊઠીને પત્ર લખેલ છે, તો દેવચર્ણદાસજી તથા બધાને વંચાવશો. તો આપ રાજી રહેશો. આજે બધો સંઘ આંબરડી જઈએ છીએ. ત્યાં સ્વામી જાગા સ્વામીને સ્થાને તમારી પ્રાર્થના - એકાંતીક ધર્મ સીધ થાય તે જ કરીશું. બધા સંતોને સ્વામીનારાયણ કહેશો. ને મહુવા બંદર સવારના ૫-૩૦ વાગે આશીરવાદ લખ્યા છે. તો આપ રાજી રહેશો. વચનામૃત વાંચવાની યાદી : ગ.પ્ર. ૮, ૬, ૧૪ તથા ૨૧, ૨૨, ૩૧, ૩૭ તથા ૪૦, ૪૯, ૫૦, ૫૪ તથા ૬૭, ૬૮ તથા ૭૪, ૭૫, ૭૬ આદી. આટલાં વાંચશો તો પછી બીજા લખીશ. અત્યારે તમારી પરીક્ષા તા. ૧૪મીએ આવે છે. તો ખૂબ આઠ કલાક વાંચશો. કોઠારી ભક્તિપ્રિયદાસજી તથા નારણ ભક્ત પણ ખૂબ વાંચશો. તેમાં મારો રાજીપો છે.

૨૧ શાસ્ત્રીજી બનાવવા છે. તો હવે આ પત્ર ગુરુ મહારાજ જે ભગતજી મહારાજને સ્થાનેથી લખેલ છે. તો શૂરવીરપણું આવિ જાશે. તો ખાત્રિ માનજો. માટે કોઈ બીજા સંકલ્પ ન કરશો. ને આ જ સંકલ્પો કરશો, આ મારી વાતને રાખશો ને બીજાને ખુબ બળની વાતો કરશો. હું આવ્યા બરાબર માનજો. આ પત્ર ધ્યાનમાં લેશો. સારંગપુર વચનામૃત ૧૦ અંતરદષ્ટિનું વાંચશો. ગ.મ. ૮ વાંચશો. જે જે વચનામૃત લખીયે તે વાંચવા. આશીરવાદ છે. તો રાખી મૂકશો.

૨૭

મુંબઈના લાંબા રોકાણ પછી સુરત જઈ સ્વામીશ્રીએ સંતોને નીચે પ્રમાણે પત્ર લખ્યો :

સ્વામીશ્રીજી સત્ય છે.

તા. ૧૫-૨-'૬૪,
રવિવાર, સુરત

સભામાં વાંચવાનો પત્ર

આશીરવાદ પત્ર

અહોહો, આપણે હે સંતો, આપણે ૫૭ દિવસ આનંદ કર્યો. વચનામૃત વંચાવ્યા તે સંભારી રાખજો. હું તમારી સાથે જ છું. તમે સર્વે રાજી રહેશો. બળ રાખજો. હવે આજે અટલાદરા (જઈશું).

રા.રા. તમામ હરિભક્તો મંડળ આપણે રૂબરૂ વાત કરેલી જે, એક એક હરિભક્ત પાંચ પાંચ હરિભક્તોને રવિવારની સભામાં લાવજો, તો ડંકો વાગશે. ૫૭ દિવસ વચનામૃત સમજાવ્યા તે યાદી રાખજો. રવિવારે સભા મોટી કરશો. મહાનત સ્વામી (મહંત સ્વામી) તમો વચનામૃત સમજાવશો. તો હવે હે હરિભક્તો, બળ રાખજો. ડંકો વાગશે ને જયજયકાર થઈ જશે. હવે આપ રાજી રહેશો.

દા. સાધુ જ્ઞાનજીવનદાસના જય સ્વામિનારાયણ.

✧

સ્વામીશ્રીની ૫૭ દિવસની દિવ્ય સ્મૃતિઓ વાગોળવાની આજ્ઞામાંય બળના હોકારા સંભળાતા, રવિસભાનું આયોજન જણાતું. સત્સંગ વિસ્તારની હોંશ જણાતી.

૨૮

સ્વામીશ્રીજી

તા. ૨૮-૨-'૬૪, ગોંડલ

દા. સાધુ જ્ઞાનજીવનદાસના જય સ્વામીનારાયણ.

આજે સ્વામીની દેરીમાં ફૂલડોલની આરતી કરી તે વખતે તમામ સંતોને પારસદોને સંભાર્યા. ને સ્ત્રતિ કરીને આરતી કરી, તે આપના વતી મેં જાતે પાંચ આંટા મારીને આરતી કરી છે. ફગવાં મોકલ્યા છે. તો હવે આપ સંતોને ફગવાં ૧૨ જાતનાં આપીએ છીએ. ને તમારું કવર મળેલ છે, તો હવે ૧ માસ આડો છે તો ૮ કલાક વાંચવા કૃપાવંત થાશોજી.

આજે ફૂલડોલના સમૈયામાં મનછારામભાઈ તથા નર્મદાશંકરભાઈ બંને શાસ્ત્રીજી મહારાજને આશીરવાદ આપીએ છીએ. તો તમામ સંતોને પ્રેમથી ભણાવ્યા છે, તો અંતરના અપાર રૂડા આશીરવાદ છે. તો હવે તો બંને શાસ્ત્રીજીએ અમારા સતોને ભણાવ્યા ને હજી ભણાવે છે તો ધન્યવાદ. આજે ફૂલડોલના સમૈયામાં આપને સંપૂરણ આશીરવાદ છે. તો આપ હે સંતો, શાસ્ત્રીજી ભણાવે તે દાખડો તમો ફળીભૂત કરશો. બરાબર વાંચીને પરીક્ષામાં પાસ થાવ તે આશીરવાદ છે. તો હવે મહાનત સ્વામીને માલુમ થાય જે બધા સંતો સારી રીતે વાંચે ને પાસ થાય તે આશીરવાદ છે.

આજે સમૈયો ભરપુર છે. ને કાગળ લખાઈ રહ્યો છે. ૧૧-૩૦ વાગે હવે ફૂલડોલની આરતી કરવા જવાના છીએ. તો આપ રાજી રહેશો. આરતી વખતે તમને સંભારીશું. એ જ.

દા. જ્ઞાનજીવનદાસજી.

✧

આશીર્વાદના ઢગલે ઢગલા ખડકી સ્વામીશ્રીએ સંતોને સંસ્કૃત વગેરે અભ્યાસનું એટલુ બળ આપ્યુ હતું કે તે પત્રનુ વજન કરતા અનેક મણ વજન થાય. પ્રત્યેક પળે

સંતોની પ્રગતિ ઈચ્છતા સ્વામીશ્રી પ્રેમભાવે અવિરત આવા પડકારા કર્યા કરતા... નિશાન બાંધી આપતા.

૨૯

મુંબઈના સંતોને સંબોધીને લખેલ પત્ર

તા. ૧૪-૩-'૬૪, ગોંડલ
રવિસભામાં

દા. સાધુ જ્ઞાનજીવનદાસના ઘણા જ હેતથી સ્વામીનારાયણ વાંચશો. વિ. સંતો ને પારસદો, તમને સંભારીને પંચતીર્થી દંઢાવ્યની કરી છે. સાથે ૧૬ સંતો, બે પારસદો, ૨૫ હરિભક્તો સાથે ફરીએ છીયે, તો હવે તે પરમ શાન્તી થાય છે. તો હવે વડુ, કર્જીસણ ત્થા ડાંગરવા જતનબાનું ગામ. ત્યાં તેમને ઘેર દર્શન કર્યા. તે મહારાજે સંતોને દહીં ને રોટલા બાજરીના ખુબ ખવરાવ્યા. પરાણે મહારાજે પીરસ્યું. ખુબ સતોને રાજી કર્યા. તે કર્જીસણમા મહારાજ ૩૬ વાર પધારેલા છે. ડાંગરવા ગામમાં મહારાજ સંતો સાથે ૧૮ વાર પધારેલા છે...

આજે પત્રિકા વાંચી. રહસ્યમય પત્રિકા બને છે. તે આજે ૮-૩૦ વાગે પત્રિકા વંચાવી, તે શાંતી થઈ ગઈ. તો હવે પત્રિકામાં અલંકાર સારા લખી રહ્યા છો, તો અંતરનો રાજીપો છે.

તો હવે અર્જુનભાઈ ત્યાં સારું રોકાણા. તમોએ સેવા કરી તો તેમને શરીરે સારું થીયું ને વજન વધ્યું, તે તમોને રૂડા આશીરવાદ છે. તો તેવા પુરુષ ન મળે. માટે જે જે હરિભક્ત ત્યાં આવે તેમને ઢાળી નાખવા, સરભરા ખાતું... ને સભા ખાતું સ્વયંપ્રકાશ સ્વામી ને ગુણાતીત સ્વામી સંભાળે. ને ગુણાતીત સ્વામી ૪ વાગ્યા પછી કથા ખાતું સંભાળે. એમ સૌએ ક્રીયા વેંચી લેવી. તો સમાસ થાય. આપણે તો આખા બ્રહ્માંડમાં ડંકો મારવાનો છે. તો તે સંતો તમ દુવારે થશે. માટે મારો અભિપ્રાય તમો સંતો-પારસદોને સારા સંસ્કૃત ભણાવવાના છે. તે તમો બધા થઈ જાવ. ભણવાનો ઘણો જ રાજીપો લીધો છે. તો હે સંતો, તમો આ કાર્ય ઉપાડી લીયો. સત્સંગમાં દીવ્યભાવ વધારવો તે જ ભક્તિ છે. તો હે સંતો, હે પારસદો, હજી આપણે ઘણા સંતો વધારવાના છે. આટલે નહિ સરે. તો સંતો વધે તેમ પ્રાર્થના કરશો. હું પણ કરતો રહીશ. કાલે અધિક માસ (શરૂ થાય) છે, તો સરધા (શ્રદ્ધા) પ્રમાણે એકટાણાં કરશો. હાલ તો તમારે પરીક્ષા છે, તો બને તેટલાં (એકટાણાં) થાય તો કરશો; પણ આગ્રહ નથી. પણ અભ્યાસ કરીને ૮ કલાક વાંચવું. સાથે સાથે સ્વાભાવિક ચેષ્ટા, કથાવાર્તા પણ કરતા રહેશો. ટાવરનું કામ શરૂ રાખશો, ને શર્માજીને મળીને પારાયણનું કરવું તે વાત છગનભાઈ પધારે તો શર્માજીનું કામ મહારાજ કરશે. તો હવે પારાયણ પવઈમાં સર્વોપરી થાય તે માટે ધુન્ય હે સંતો કરશો...'

૩૦

તા. ૧૦-૪-'૬૪,
ચૈત્ર વદી તેરસ,
રાજકોટ, કૃષ્ણજી અદાને સ્થાને.

રવિવારે સભામાં વંચાવશો

અહોહો, સંતો તમોને મુંબાઈના સ્વામીના લાડીલા હરિભક્તોને સમાગમ પ્રાપ્ત થયો છે. ને તમોને મુંબાઈ મંડળ સંસ્કૃત ભણાવે છે, તે તમારાં ધન્ય ભાગ્ય સમજશો. કારણ કે સંસ્કૃત વિદ્યા સર્વોપરી છે. પરમ પૂજ્ય સ્વામી સહજાનંદ સ્વામીએ પરમ પૂજ્ય નિત્યાનંદ સ્વામીને ભણાવીને પારંગત કર્યા તે સભાજીત થીયા. ને શ્રીજીમહારાજે સ.સ્વામી વિજ્ઞાનાનંદ સ્વામીને ૧૨ વરસ સંસ્કૃત ભણાવ્યા. ખૂબ ભણીને તૈયાર થીયા ત્યારે શ્રીજીમહારાજે તેમને છાતીમાં ચંદનનાં ચરણાર્વિંદ દીધાં. તે ચરણાર્વિંદ રાખવા માટે સ્વામી શરીરને લુઈ નાંખે. કાયમ ચંદનનાં ચરણારર્વિંદ રાખ્યાં, તે સ્વામી શાસ્ત્રીજી મહારાજ વાત કરતા. તે સ્મૃતિ માટે આપને વાત લખી છે. તો હવે સંસ્કૃત વિદ્યા સારી શીખવી ને ડંકો મારવો. આવો જોગ ન મળે. સર્વ સંતો, ખૂબ ભણો ને તૈયાર થઈ જાવ. તો હવે આજે રવિવારની સભા છે. તમામ હરિભક્તો સાંજના ૬ વાગે દાદર મંદિરે પધારશે, તો તેમને ખાસ કરીને બધાને સ્વામીનારાયણ કહેશો. અધિક માસ રવિવારે પૂરો થાય છે, તો તમામ હરિભક્તોને અધિક માસના અમારા હાર્દિક જય શ્રી સ્વામીનારાયણ કહેવા. આપણે સંકલ્પ કરેલો છે, ૧ વરસમાં ૧૦,૦૦૦ સત્સંગી કરવા છે. તે સંકલ્પ કરેલો. સ્વામી-શ્રીજી ને સ્વામી શાસ્ત્રીજી મહારાજ પૂરો કરશે. મારી તબિયત સારી છે. તો હવે પધરામણીમાં નારણ સ્વામી(પ્રમુખસ્વામી)ને, સંતસ્વામી, બાલમુકુંદદાસને લઈ જાય છે. મુને સૌ કહે આરામ કરો; તેમ બધાય મંડળે કહ્યું છે. તો હું સવારે કથા સાંભળું છું. સાંજે પણ સાંભળું છું. કોઈ વખત મંદિરે તથા ગુરુ કૃષ્ણજી અદાની દેરીએ જાવ છું, પણ બધી રીતે રાજકોટ મંડળે મુને શાંતિ આપી છે, તો ધન્યવાદ આપવામાં આવે છે. ટાવરનું કામ એકદમ ઉપાડો.

✧

બળના હોકારા-પડકારા કરતા સ્વામીશ્રીના પત્રોમાં પણ એ બળ અદ્દ્‌ભુત રીતે વ્યક્ત થતું. સંતો વિદ્વાન બને એ એમનો અતિ તીવ્ર સંકલ્પ હતો. તે માટે સંસ્કૃત વગેરે ભાષામાં પારંગત થવા સ્વામીશ્રી ખૂબ પ્રેરણા આપતા.

સાથે ૧ વરસમા ૧૦,૦૦૦ સત્સગી કરવાનું વ્રત આ પત્રમાં અભિવ્યક્ત થાય ત્યારે સ્વામીશ્રીની સત્સંગ-પ્રવર્તનની ધગશ અને નિષ્ઠા કેવી ઊંડી લગનમાંથી નીપજી હશે તેની પણ કલ્પના કરી શકાય છે.

૩૧

તા. ૧૮-૪-'૬૪

રવિવારની સભાનો પત્ર

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. આવતીકાલે સવારે દેવચડીમાં મૂર્તિપ્રતિષ્ટા થશે. પછી અમદાવાદ ને પછી વાસણા પારાયણ પાંચ દીવસ ને પછી પુનમ બોચસણ. તા. ૨૭મીએ ૧૦ વાગે શિબિરયજ્ઞ વિદ્યાનગરમાં ૩૦૦ યુવકો કામ કરશે. તેમાં હું હાજર સંતો સાથે રહીશ. ખરો યજ્ઞ શુદ્ધ સેવાનો મળશે. તમામ દેવતાઓ દર્શને પણ આવશે.

હવે રવિવારની સભાનો મહિમા. હે મુંબાઈ મંડળ, આપને ઘણો જ લાભ મળી રહ્યો છે, તો સંતોને સેવી લેશોજી. ખરો આશીર્વાદ મળશે. તે સંતને પ્રતાપે ત્યાં મોટું મંદિર પણ થઈ જાશે. તેવો સમય છે, તો એક સંપ, એક મન, સંગઠનભાવથી જો મંડો ને દાખડો કરો તો સ્વામીશ્રીજી ને સ્વામી શાસ્ત્રીજી મહારાજને ધારો, તો ૧૬ વિભાગમાં વક્તાઓ તમો વારાફરતી જાવ. સાથે જાવ તો ત્રણ વરસમાં ડંકો વાગશે, તેમ લાગે છે. અમારે તો તમારા હરિભક્તનું બળ છે. તો હરિભક્તો વધે તો જ મોટું મંદિર થઈ જાય. તેમાં ઘડીની વાર ન લાગે. માટે એકમના થઈને આ કાર્ય ઉપાડવાનું છે. જુવો, પવઈમાં શર્માજીને મળો તો તેવા મોટા છે તે ધાર્યું નિશાન પડશે. પવઈ માટે વારે વારે લખું છું. પણ કોઈ તે બાબતનો જવાબ આવતો નથી. તો હવે શર્માજી મળે તો પૂજ્ય હર્ષદરાયભાઈ મળે તો થઈ જાશે. ને ડંકો વાગશે. તો રવિવારે સૌ ભેગા થીયા છો તો ઑફિસ સંબંધી કાર્ય ઉપાડો, તો તે પણ થઈ જાશે. તે આશીરવાદ ફળશે. ને તેમાં સ્વામીશ્રીજી ને સ્વામી શાસ્ત્રીજી મહારાજ ભળશે. માટે એકનું કામ ઉપાડો. સૌ ટેકો આપો. તેમજ પવઈમાં રાખેલી જમીનનું પણ ઉપાડો.

એકમના થઈને કામ કરવું છે. તો ત્યાં પારાયણ તો આપણી જમીનમાં જ કરવી છે. તો ભલે બે માસ મોડું થાય. પારાયણની ઉતાવળ નથી. પણ પવઈ કબજે થાય તેની ઉતાવળ છે. જુઓ, રાજકોટમાં બે માણસ - તોપણ કામ દીપી આવ્યું. રૂા. ૪,૦૦૦ની સેવા ગોંડલની મળી. સાત રસોઈ ને સાત તાકામાં કોઈને કઠણ ન પડ્યું. ધાર્યું નો'તું પણ જમણવાર સર્વોપરી ઘર બેઠાં સર્વોપરી થઈ ગીયો. જાહેર સભા જુબીલી બાગમાં થઈ. આખો હૉલ ભરાઈ ગીયો. છાપાંવાળાં છાપ્યાં જ કરે, છાપ્યાં જ કરે, ફોટાવાળા ફોટા પાડ્યા જ કરે.

જમણવાર એક જ ઠેકાણે. પધરામણી બંધ. આરામ પૂરતો ને જયજયકાર થઈ ગયો, તો સંપથી થઈ ગીયું. તો પવઈમાં તો થાય. ત્યાં તો મોટા મોટા નેતાઓ મુંબઈમાં છે. કેમ ન થાય ? થાય જ. પણ વાર કેમ થાય છે તે કાંઈ સમજાતું નથી. માટે આપણે હોલાઉપાડ કરો. તો હવે હે મુંબાઈ મંડળ, મુંબાઈ જેવી નગરી, મુંબાઈમાં

સંતો, મુંબાઈના હરિભક્તો હોય તો કેમ સીધ (સિદ્ધ) ન થાય ? માટે સ્વામીએ લાકડાના ભારાનું દૃષ્ટાંત ત્રીજા પ્રકરણની વાત ૫૮ વાંચો, જુઓ સાધુ-પાળા, હરિભક્તો સંપ રાખજો. કેમ કામ ન થાય ? થાય જ. માટે પવઈ યોજેલી પારાયણ(માં) ઉતાવળ ન કરશો. કબજો મળે, સડક થાય ને વાડ થઈ જાય ને મકાન થઈ જાય ત્યારે પારાયણ કરવી. રાજકોટ ૬ માસ મોડા પારાયણ કરી. તો હવે આપણે શર્માજી સાહેબને (પવઈ જમીનના માલિક) મળી, તેમને કહેવું કે તમારે શુભ સંકલ્પ તે થશે જ. માટે કબજો મેળવવો. પછી આપણે શ્રાવણ માસ અથવા આસો માસમાં પારાયણ વરસાદ બંધ રહેશે ત્યારે જ કરીશું. પણ આ પત્ર સભામાં વંચાવજો. ને આપણે જે કામ કરવું, મુંબાઈનાં ત્રણ કામ છે. તેના પત્રો હંમેશાં લખાઈ રહ્યા છે. તો ફાઈલ જુઓ તો મુંબાઈના કાગળમાં તે જ મત આવશે.

માટે હવે ટાવર બનાવવો છે. રાજભોગની આરતી તૈયાર છે. ૨૦૦ હરિભક્તો બેઠા છે. તેમને જમાડવાના, તો કાગળ લખવો બંધ કરું છું. પણ ટૂંકમાં એટલું જ, સંપ ને સુહૃદભાવ ને કોઈના ગુણદોષ ન જોવા. પણ શાસ્ત્રીજી મહારાજની પેઠે નિશાન પાડવું. તો હવે યોગ્ય કરશો. પારાયણમાં આવશું. આપ રાજી રહેશો. ભૂલચૂક સુધારીને વાંચશો ને માફ કરશો.

✧

રવિસભાની સાથે શહેરના પ્રત્યેક પરામાં પણ સત્સંગની જાગૃતિ આણવા સભા થવી જ જોઈએ, આ મૌલિક આયોજન સ્વામીશ્રીની સત્સંગ-પ્રવર્તનની ધગશનું પ્રદાન હતુ.

સાથે મુંબઈની પવઈ વાડી - જે કોઈ જ પ્રયત્નો દ્વારા મળે તેમ નહોતી, તેની વાત પણ આ પત્રમાં એમણે ઘૂંટી છે.

અને ત્રીજી વાત ટાવર બનાવવાની ! સ્વામીશ્રીના આ ત્રણે સંકલ્પો, એમની હયાતી દરમ્યાન જ પૂરા થયા હતા.

૩૨

સને ૧૯૬૬ના મે-જૂન માસ દરમ્યાન સત્સંગમાં જે ઐતિહાસિક ઘટના બની ગઈ અને ધર્મ તેમજ ઉપાસના વિરુદ્ધ વર્તનને કારણે જે બે હરિભક્તોને સત્સંગથી દૂર કરાયા તે સમયે કેટલાક સત્સંગીઓમાં થોડી ગેરસમજણ પ્રવર્તી હતી. એ ટાળવા સ્વામીશ્રી સ્વહસ્તે પત્ર લખી અનેકની ગેરસમજણો દૂર કરતા અને પોતાનો અભિપ્રાય સ્પષ્ટ જણાવતા. આ મતલબના સિદ્ધાંતને સ્પષ્ટ કરતાં અનેક પત્રોમાંથી સ્વામીશ્રીએ મ્વાન્ઝા (આફ્રિકા) મંડળને લખેલ એક પત્ર અત્રે અક્ષરશઃ આપવામાં આવ્યો છે :

તા. ૨૪-૯-'૬૬, વાર, શનિવાર, મુંબઈ

માઝા સમગ્ર મડળ, આપના પત્રનો જવાબ દલ સાહેબે આપ્યો છે, તો સર્વે

ભેળા થશો. સંસ્થાયે જે નિર્ણય કરેલો છે તે મારી ઇચ્છા અને મરજીથી લીધો છે. તો આપે તેમાં શંકા કરવાની જરૂર નથી. સંસ્થા ને અમો એક જ છીએ, એમાં કોઈ નોંખું પાડવું નહિ. સ્વામી શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ છે. તેમને આપણે રાજી કરવા છે. માટે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે ન વરતે તે ખોટચ છે. તો મારે નામે જે કોઈ અવળી વાતો કરતા કે લખતા હોય તે વાતો ખોટી છે. શ્રીજીમહારાજની મર્યાદાનો ભંગ થાય તેવું મેં કોઈને કહેલ નથી. માટે તેવી ખોટી વાતો માનવી નહિ. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો દાખડો સુફળ કરવો છે. તો આપણે બળમાં રહેવું, ભજન કરવું, યુવક મંડળ વધારવા. અમો મોંઝા દોઢ માસ રોકાણા હતા. આપણે સ્વામી શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા છે તો બળ રાખવું. આનંદ કરવો. મોંઝા આખું રંગી નાંખવું. આપને આશીર્વાદ છે.

ગોંડલમાં નૈમીષારણ્ય ગુરૂકુળનું કામ ઉપાડ્યું છે. ૨૦ વરસ પે'લા સ્વામી શાસ્ત્રીજી મહારાજે આશીરવાદ આપેલા કે ગુરૂકુળ કરશો; તો સ્વામી સીધેશ્વરદાસજી સ્વામીયે કામ ઉપાડેલ છે. ત્રણ માળ થાશે. ૨૦૦ યુવકો ભણશે. સાથે હાઈસ્કૂલ પણ થશે. તેથી રૂા. ૫ લાખનું કામ છે. તો હવે સ્વામીશ્રી પૂરૂં કરશે. અંબાલાલભાઈ રોડેડીશા (રહોડેશિયા) તરફ ગીયા છે, તે થાય તેટલી સેવા કરાવે છે. તો ૧ વરસમાં કામ પૂરું થઈ જાય. ગોંડળ સમૈયો થવાનો છે (અમૃત મહોત્સવ) વૈશાખ માસમાં, જેને સગવડ હોય તેમને આવવું. ગોંડલ સાક્ષાત્ સ્થાન છે. સ્વામીનું સુખ મળે.

દા. સાધુ જ્ઞાનજીવનદાસજી

૩૩

અમૃત મહોત્સવ ઉપક્રમે ચાલતાં વિચરણ અંગે પ્રમુખસ્વામી મહારાજને લખેલો પત્ર

તા. ૯-૧-'૬૭, મુંબઈ

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા જ આશીરવાદ સાથે સ્વામીનારાયણ વાંચશો.

તમારો પત્ર સભામાં વંચાવીયે છીયે. બળ બધાને આવે છે. બધા સંતો રાજી થાય છે કે ધન્ય છે પ્રમુખસ્વામીને કે આવી ટાઢમાં સેવા કરાવી રહ્યા છે. સારી રકમની લખણી થઈ ગઈ. તો હવે અત્રે પણ રકમ આવતી જાય છે... મારી તબિયત સારી છે. ઇંજસન ચાલે છે - શરદી મટે તો ઉધરસ-કફ ઓછા થઈ જાશે. તે સ્વામી શાસ્ત્રીજી મહારાજને પ્રતાપે મટી જશે.

વિ. રાજકોટમાં પ્રતિષ્ઠા છે, તો ગોરિયાદ પારાયણ કરીને બારસે પૂર્ણાહુતી કરીને તેરશે અમદાવાદ જાવું ને ચૌદશે રાજકોટ ત્રણ દિવસ યજ્ઞ કરીને ત્રીજે પૂર્ણાહુતી કરીને પછી ભાદરામાં વિધિ થઈ જાશે. આપને હાથે ભાદરાનું પ્લેન (પ્લાન) કરાવીને તેમને કામ ચાલતાં કરીને અમાસે ગોંડલ. પડવા-બીજે પાછા આણંદ પાંચ દીવસ રોકાઈને ખરડો કરીશું. ભાદરણ વગેરે જ્યાં કહેશે ત્યાં ફરીને ફા.સુ. ૧૪ સીધા

સારંગપુર આવીશ. તે છગનભાઈ તથા હર્ષદભાઈ સાથે પ્રોગ્રામ ઘડીયો છે.

ગોરિયાદ પારાયણ થીયા બાદ પછી ૧૫ દીવસ છે. તેમાં જેટલા ગામ ગુજરાતનાં ફરવા છે તે ફરી લેવાશે. વળી ટાઢ ઓછી, દિવસ લાંબો, એમ બધું સરળ થઈ જાશે. ને સારંગપુરનો સમૈયો પણ થશે. આવી રીતે આપને પણ પ્રતિષ્ઠામાં (રાજકોટ) આવવાનું કરવાનું છે. તો સંતસ્વામી બધા મોટા મોટા સંત હોય તો સારું. (રાજકોટનું) વસંત પંચમીનું મુરત હતું, પણ અટલાદરા સમૈયો. વળી મોટાસ્વામી. તે સમૈયો મૂકીને ન જવાય.

તો હવે આપણે પાંચમે અટલાદરા સમૈયે મળીશું ત્યારે વાતચીત થશે. ત્યાં સુધી તમો કાનમ દેશ ૨૦ કે ૨૫ ગામ ફરી લેવાશે. ઢંઢાવ (દંઢાવ્ય) તથા સાબરકાંઠો ફરી લેવાશે. તો વખત થયે તે પ્રમાણે આપણે કરવું, તે યોગ્ય છે. ત્યાં સુધી અત્રેની લખણી એક લાખ સુધી કરી લેવી. સંત હોય તો ઉઘરાણી આવે. નહીં તો લાંબું થાય.

અહીં રસોઈયો ધનુરમાસની ચાલે છે. કોઈ વખત બે રસોઈ હોય, કોઈ દિવસ ત્રણ હોય, એમ મંદિરની પુષ્ટી છે. વળી સંતોને વાતું કરીને બળ આપવામાં આવે છે. સવારે કથામાં સૌને ભેગા કરીને વાત કરીયે, ભણવાની પુષ્ટી. ભણો એમ વાત કરીયે, તેથી બધા ભણે છે. દરેક વાતે પુષ્ટી છે. તો હવે મહાનત સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, કોઠારી સ્વામી, દાક્તર સ્વામી બધા સંતો રાજી થાય છે. તમો રોકાણા તે સારું છે.


એક પારાયણ (અહીં) થઈ ને બીજી ભાણજીભાઈ તા. ૧૬મીથી શરૂ કરાવે છે. તો તેમાં પુષ્ટી છે. તે બધા સ્વામી શાસ્ત્રીજી મહારાજ તથા આપનો પ્રતાપ છે. મારામાં કાંઈ માલ છે જ નહિ. તે ચાલે છે તે સ્વામીની દૃષ્ટિ વડે છે. તેથી આનંદ વર્તે છે. તમોને પુજામાં, સંતસ્વામીને પુજામાં, મોટાસ્વામીને પુજામાં, ઘનશ્યામ સ્વામીને તથા કોઠારી પુજા કરતી વખતે દરરોજ યાદ કરું છું. પ્રદક્ષિણા દેતી વખતે. તો આપ રાજી રહેશો.


✧


આ પત્રમાં રાજકોટની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજને રાજકોટ આવવાનું આમંત્રણ આપતાં સ્વામીશ્રીએ આગામી 'અમૃત મહોત્સવ'ની સેવાની વાત પણ આલેખી છે. પોતાની તબિયત સારી ન હોવા છતાં ૧૫ દિવસ સુધી ગુજરાત-કાનમના ગામડાં ફરવાનો ઈશક એમની આગવી શૈલીમાં વ્યક્ત થાય છે. ઉપરાંત સ્વામીશ્રી લખે છે કે 'હરિભક્તો જ્યાં કહેશે ત્યાં ફરીશું !' પોતાનો દેહ કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે તે વાતની પ્રતીતિ કરાવી, પત્રના અંતે મંદિરની અને સંતોની પુષ્ટિનો બધો યશ પોતાના ગુરુનાં ચરણે અને પોતાના આદર્શ શિષ્ય પ્રમુખસ્વામીનાં ચરણે જ અર્પણ કર્યો છે ! નિર્માનીપણું અને નિષ્ઠા-પ્રવર્તનની ધગશ દર્શાવતો આ પત્ર ખૂબ જ પ્રેરક છે.


✧ ✧ ✧


બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો હસ્તલિખિત પત્ર




















સ્વામીશ્રીજી સત્ય છે

તા. ૨૨-૩-'૬૧,
સાક્ષાત્ સ્થાન, ગોંડલ

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદર, મહાશુભ સ્થાને પરમ ભગવદી વિનુ ભગત, ૨૩ યોગેશ્વરો મારા જીવનપ્રાણ લી. સાક્ષાત્ ગોંડલ અક્ષર મંદિરથી લી. સાધુ જ્ઞાનજીવન-દાસજી સ્વામી, બાલમુકુન્દદાસજી, ત્થા રમણભાઈ, અરુણ ભક્ત ત્થા મધુ ભગત સર્વના પ્રેમ સાથે આશીરવાદ સાથે સ્વામીનારાયણ વાંચશો.

હવે મુને શરીરે સારું થાતું આવે છે ને શક્તિ આવતી જાય છે. ત્રણ યોગેશ્વરો મારી ખુબ સેવા કરે છે. દેહને ગણતા નથી. હવે તમો મારી જરા ચિંતા ન રાખજો. ખુબ બળ રાખો. સંપ ને સુહૃદભાવ અંદરોઅંદર રાખવો. આખો બ્રહ્માંડ તમ દુવારે ડોલાવવાનો છે. આખો દેશ સર કરવાનો છે. માટે તમો બધાં ચૈતન્ય મંદિરો પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજે સ્થાપ્યા છે. માટે કાંટો રાખવો.

૧. હવે ૨૩ યોગેશ્વરો, તમારા હૃદયમાં સ્વામીશ્રીજી, સ્વામી શાસ્ત્રીજી મહારાજ અખંડ બિરાજશે.

૨. કથાવાર્તાનો અખાડો રાખવો.

૩. ને અભ્યાસ સંસ્કૃત બરાબર કરવો. ટાયમ ઘડી દેવા. તે પ્રમાણે સૌવે પાઠ કરવો. ડંકો વાગશે. હજુ આપણે (બીજા) ૨૪ યોગેશ્વરો કરવાના છે. તો શુભ સકલ્પ કરશો.

૪. બીજા ઘણાના કાગળો ૫૧મા ભળવાના છે, તે સ્વામીશ્રીજી ને સ્વામી શાસ્ત્રીજી મહારાજ વૈશાખ માસમાં પૂરો સંકલ્પ કરી દેશે. તમો બળ બધા રાખો. આજ્ઞામાં ટુક ટુક થઈ જાવું.

૫. રસોઈ હાથે કરશો. આપણે હાથે બનાવિયે, જોઈએ એવું થાય ને શરીરને માફક આવે. પચી જાય. માટે હાથે બનાવવી.

૬. વાસણ પણ વારાફરતી ઊટકી-અજવાળી લેવા. સાદી રસોઈ જમવી. ખુબ કોઈનો આગ્રહ હોય તો પાકી બનાવવી. સાક્ષાત્ થાળ ધરીને મેળાવીને પાણી નાંખીને મુરતી સ્વામીની ધારીને જમવું ત્થા

૭. રાતરે ૧૧ વાગે સૂવું. સવારે ૫ વાગે ઘંટ (વાગે) અથવા કોઈ જગાડે. જાગીને માનસી કરીને સ્નાન વિધી ૧-૧૫ કલાક. પરવારીને પુજાપાઠ કરીને ઉકાળો વગેરે પીને ૭-૩૦ વાગે કથામાં બેસી જાવું. અડધો કલાક કથા કરીને પછી સૌ સૌના લેશન કોઈ સંસ્કૃત, કોઈ વાતું, કોઈ કીર્તન વિગેરે ૧૧ વાગ્યા સુધી કરવું. ૧૧-૩૦ વાગે થાળ કરવો. ૧૨ વાગે જમવા બેસવું. જમ્યા બાદ કથા કરવી. આઠ દીવસ ધોળે લુગડે રાખીને પાકી દીક્ષા વૈશાક વદી ૧૨ ગઢડા. આવી રીતે પ્રેરણા થઈ છે.

૮. તમોને પ્રાપ્તિ મોટી થઈ છે. સંસારમાં રહ્યા હોત તો ગોથાં ખાવા પડત. ને આ તો એકાંતિક ધર્મ સીધ સેજે થશે. આખો બ્રહ્માંડ તમારી ક્રીયા જોઈને સર્વને થઈ ગયા છે. માટે કાયમ બળ રાખવું. કોઈયે મુંજાવું જરાપણ નહિ. ક્રોધ ન કરવો. અખંડ શાંતિ રાખવી. વિનુ ભગત તથા રણછોડ ભગત આદીની આજ્ઞામાં સૌએ રહેવું.

૯. પ્રેમથી પત્ર લખ્યો છે. તો શ્રવણ, મનન કરશો. શહેર વાતાવરણ છે. તો જરા તેમાં લેવાવું નહિ. વારાફરતી ઉપવાસ કર્યા કરશો. મારો જીવ તમારી પાસે છે તેમ માનજો.

૧૦. હવે જેટલા યુવકો ગોંડલ પધારશે, તેમને શનિવારે રામનૌમીયે ૯-૩૦ વાગે ધોળે લુગડે દીક્ષાવિધી છે. તે હર્ષદરાયભાઈ જેટલાને તેડી લાવશો તેટલાને દેશું.

૧૧. બનતા સુધી ૧૦ થી ૧૨ સુધી ધારણાં છે. બાકીના આફ્રિકાવાળા બધા આવશે.

✧

જૂનાગઢી સંતપ્રણાલી પોતાના ભાવિ સંતોની ગળથૂથીમાંથી જ દૃઢ થાય તેવા અનેક બળના પત્રોમાંનો આ એક પત્ર છે. કથા, સેવા અને અભ્યાસથી જીવન ઘડતર કરાવી, સ્વામીશ્રીએ બ્રહ્માંડ રંગી નાખવાનો ભાર આ યોગેશ્વરોને સોંપવાનો નિર્ધાર કર્યો હતો.

સ્વામીશ્રી લખે છે કે ‘ગઢડામાં દીક્ષા આપવી આવી રીતે પ્રેરણા થઈ છે !’ સુંદર વાત ! સ્વામીશ્રીના પ્રત્યેક કાર્ય ભગવત્-પ્રેરણાને આધીન રહેતાં. એમનો પરમાત્મા સાથેનો વાર્તાલાપ પ્રેરણાબળથી આ પૃથ્વી પર પ્રવૃત્તિમાં પરિણમતો.


પત્રમાં પ્રેમ સાથે શિસ્ત અને જ્ઞાન સાથે આચરણને જે રીતે મહત્તા આપી છે તેમાં સ્વામીશ્રીની હૃદયભાવનાનું દર્શન છે.

✧ ✧ ✧

સ્વામીશ્રી પત્રલેખન કરતાં પહેલાં પ્રતિદિન એક યાદી ટૂંકમાં સ્વહસ્તે તૈયાર કરતા અને કોને શું ઉત્તર આપવા તે ટપાલસેવકને સ્પષ્ટ કરી આપતા. જેના આધારે સેવક પત્રો લખતા અને પછીથી સ્વામીશ્રી વિસ્તારપૂર્વક કે ટૂંકમાં પોતાના હસ્તાક્ષરથી પત્ર પૂરો કરતા.

આ પ્રકારની યાદીનો એક નમૂનો અત્રે આપવામાં આવ્યો છે. જેમાં કાગળમાં જ્યાં જ્યાં જગ્યા મળી ત્યાં એમણે ઝીણવટથી પત્રો લખવાની યાદી કરી એમની ચીવટ, કર્મકુશળતા, ભગીરથ પુરુષાર્થ અને ભક્તો સાથેની અદ્વિતીય આત્મીયતા એમની આવી યાદીઓમાંથી પ્રતિબિંબિત થયા કરે છે.

યાદીનો નમૂનો આ પ્રમાણે છે :





તા. ૨૫-૫-'૫૯,
વૈશાક વદી ૩, વાર સોમવાર, સવારના ૯,
ડાંગરા ગામ તીર્થ

કાગળ લખવાની યાદી

૧. મોટાસ્વામી ખુશીખબર. આપ સુખરૂપે પહોંચ્યા હશો. અત્રે સમૈયો સારો થીયો. ૨૦૦ હરિભક્તો પધાર્યા છે. હવે રાજકોટ જાઈએ છીએ. ભાદરા પારાયણ તા. ૧ (થી) ૩ સુધી છે. તે ઘણા હરિભક્ત પધારશે. ભાદરા-ડાંગરા તમારા (વતી) દર્શન કર્યાં છે. આજે રાજકોટ જઈએ છીએ ને ગુરુવારે પાછા રાજકોટ જવાના છીએ, તે વિગતનો.

૨. છગનલાલ શેઠ તથા મુંબાઈ મંડળ, ડાંગરાનો હેવાલ ત્થા ભાદરા પારાયણનો હેવાલ વૈશાક વદી ૧૩ ગોંડલ પછી વૈશાક વદી ૧૪ ભાવનગર તે વિગત લખવી. જવાબ ગોંડલ લખવો. મોટર ભાદરા સામે લઈ જવું. મોટર સારી છે તે વિગતનો.

૩. રઢુ વિઠ્ઠલભાઈ વનમાળીભાઈ પોષ્ટ રઢુ. ખેડા થઈને તમો ઘઉં ૨૦ મણ ગોંડળ ચોખા મોકલાવજો. ભાદરા ત્થા ડાંગરાનો મહિમા. રણછોડ ભગત, આત્મારામભાઈ બધા નામ લખવા.

૪. કેલોદ ઠાકોરભાઈ રામચંદ્રભાઈ દરબાર વિગેરે. ડાંગરા સમૈયો સારો થીયો - હવે ભાદરા પારાયણ તા. ૧-૬-૫૯ ઘણા હરિભક્તો પધારશે. તો તમારી રકમ ગોંડળ મોકલાવજો. તે એ જલદી ચેકથી મોકલજો. અગર તો તમો ઠીકરીયા જઈને મણીભાઈને આપવા જાશો. તે મોકલી આપશે તે વિગતનો.

૫. ભાદરા ત્થા ડાંગરાનો હેવાલ સંતસ્વામી, સનાતન સ્વામી રાજપુર તાલુકે મહેસાણા થઈને પોષ્ટ ડાંગરવા. નાવડા પારાયણ જેઠ સુદી ૬ ને વાર શુક્રવાર પારાયણ સ્વામીની વાતુંની સવારે ૮ વાગે લાભ ચોઘડીયા(માં) શરૂ થશે. તે વિગતનો લખવો. તો શુક્રવારે ૮ દીવાસ પેલા નાવડા જાવું. નાવડાવાળા કહે સંતસ્વામીને તેડાવજો, તો છઠે શરૂ ને દશમે મંગળવારે પુર્ણાહુતી ૧૦-૧૫ વાગે કરવાની છે તે વિગત. ભાદરા પારાયણનો હેવાલ લખવો. ત્થા ડાંગરાનો સમૈયો તે વિગતનો.

૬. નાવડા સ્ટેશને, ભીમનાથ થઈને નાવડા. બાપુભા નારાભાઈ ત્યાં પારાયણ જેઠ સુદી ૧૦ મંગળવારે ૧૦-૩૦ વાગે શ્રીજીમહારાજની તીથીયે પુર્ણાહુતી છે. ૧૦-૩૦ વાગે થશે. તો સંતસ્વામીને પત્ર લખ્યો છે. તે આઠ દીવસ પેલા આવિ જાશે. પાંચ દીવસની પારાયણ રાખી છે. તો તમામને આગ્રહ કરશો. કંકોતરી ૨૦૦ છપાવજો. ન છપાવવી હોય તો પતાં (પોસ્ટકાર્ડ) સંતસ્વામી આવ્યા પછી લખી નાંખજો. તે વિગતનો ભાદરા તથા ડાંગરનો હેવાલ તે વિગતનો.

૭. સોખડા દાળ સંબંધી ત્થા વિગત ત્થા તમો તપાસ કરાવજો. દાળ રણોલીથી આવી કે નહિ તે વિગતનો. ભાદરા ત્થા ડાંગરા ત્થા રાજકોટનો હેવાલ તથા પ્રોગ્રામ

લખવો. ત્થા દાળ બંને ઠેકાણે સારંગપુર ત્થા ગઢડા મોકલી હશે તે વિગતનો.

૮. વાસણા શંકરભાઈ ત્થા છોટાભાઈ ત્થા પુંજાભાઈ ત્થા રમણભાઈ કુલાભાઈ ત્થા ઝવેર અદા વિગેરે તમોએ દાળની રકમ પતાવી હશે, ડાંગરા સમૈયો કરવા ૨૦૦ હરિભક્તો પધાર્યા અને રાજકોટ ભાદરાનો હેવાલ લખવો તે વિગતનો.


૯. આસોજ મોતીભાઈ તમારો પત્ર મળ્યો છે. આપ સોખડા મંડળને તેડીને પધારશો. ભાદરા પારાયણનો હેવાલ, ડાંગરાનો સમૈયો તે તમો પધારશો.

૧૦. ભાદરા દાજીભાઈ, માંડળ ભગત, કુરજીભાઈ, કાના ભગત તમો તૈયારી કરશો. અમો સામાન લઈને વૈશાક વદી ૭ને ગુરુવારે ત્યાં ૧૦ વાગે આવીશું. તે વિગતનો હવે તમામ તૈયારી કરશો.

૧૧. અમદાવાદ સંતસ્વામીને પત્ર રાજપુર લખ્યો છે, તો સંતસ્વામીને નાવડા મોકલશો. ૮ દિવસ પે'લા, વેલા મોકલશો. જેઠ શુદી ૬ શરૂ, જેઠ શુદી ૧૦ પુર્ણાહુતી.

✧ ✧ ✧

'ચિન્મય મિશન'ના સ્થાપક પ્રખર વેદાંત-પ્રવક્તા સ્વામી ચિન્મયાનંદજીએ સ્વામીશ્રીના અક્ષરધામગમન બાદ ૧૨ વર્ષ પછી એમની દિવ્ય સંનિધિની અમૃતમયી સ્મૃતિને જે તાજગી સાથે વ્યક્ત કરી હતી તે એમના જ હસ્તાક્ષરોમાં અત્રે પ્રસ્તુત કરીએ છીએ :


Chinmaya Mission Nasik Deolali
Camp = 2 Vikas Bhavan M.G. Road Nasik Road 422101
Tel 86636
2. Dec 1983

Love,

'યોગીજી મહારાજના સાંનિધ્યમાં મેં જે અનુભવ્યું તે હું શબ્દોમાં રજૂ કરી શકતો નથી. ઉપનિષદોમાં જે અનુભૂતિ છે તેનું એ મૂર્તિમાન સ્વરૂપ હતા. એ વૃદ્ધ કાયામાંથી આપોઆપ ફૂટી નીકળતો સર્વાત્મા બ્રહ્મનો સર્વોચ્ચ આનંદ, જાણે વિશુદ્ધ પ્રેમની સુગંધીમાન લહેરરૂપે ધસમસતો એમની નજીક આવનારમાં પ્રવેશતો અને હૃદયને ભરી દેતો. પછી ભલેને તે જીરવવા સુપાત્ર ન હોય ! એથી જ કોઈપણ એમને તથા એમના સાંનિધ્યને છોડી શકતા નહિ. એવા આધ્યાત્મિક ગુરુને આપણે માત્ર પ્રણિપાત કરી શકીએ છીએ.'

– સ્વામી ચિન્મયાનંદજી

❀ ❀ ❀



પરિશિષ્ટ - ૨

સ્વામીશ્રીની એક લાક્ષણિકતા હતી કે તેમના શબ્દ-ભંડોળની બહારનો કોઈપણ શબ્દ બોલવામાં તેઓ તકલીફ અનુભવતા. આ છતાં પણ પ્રયત્નપૂર્વક તેવા શબ્દો બોલતા ત્યારે તેના વિશિષ્ટ ઉચ્ચારો ભક્તોને આનંદદાયી અને રમૂજપ્રેરક બની જતા. કાયમનું સંભારણું રહી જતું.

એવા કેટલાક ઉચ્ચારો અત્રે આપવામાં આવ્યા છે :

ટિફિન	-	ડિફીન
ટેપરેકોર્ડીંગ	-	ટેપરેકડી
બારસાખ	-	બારસાટ
સ્ક્રૂ	-	ઈસ્કુ
ડાલડા ઘી	-	ડાબલા ઘી અથવા ડાલમિંયા ઘી
આયોડેક્સ	-	આયોડેક
સ્ટીલના વાસણ	-	ટીલનાં વાસણ
કબાટ	-	કપાટ
ખદીરાદીવટી (દવા)	-	ખજૂરાદિવટી
રિયલ (Real)	-	રેલ
ડ્રાઈવર	-	ડાઈવર
એમ.બી.બી.એસ.	-	એમ.બી.ડીસ. (કોઈપણ ડિગ્રી માટે)
સિસ્ટમેટિક	-	શિસ્ટમેટી
હાર્ટએટેક	-	હાર્ટેક
બ્લડ પ્રેશર	-	બડપેશર
ઘાટકોપર (મુંબઈનું પરું)	-	ઘાટકો
સંદેશ (વર્તમાનપત્ર)	-	સંદેહ
મિશન	-	મશીન

કેન્સર	-	કેન્સલ
પ્યાલો	-	પાલો
થૂંકદાની	-	પવાલું અથવા થૂંકવાનું
અધરામૃત	-	અધુરામૃત
મેઇલ ટ્રેન	-	મેલ ટ્રેન
પ્રૉફેસર	-	પોફેસર
ચાર્ટર પ્લેન	-	ચાટક પલેન
સ્ટીમર	-	સીમ્મર
નેટીવ	-	નેટિ (આફ્રિકાના હબસીઓ)
ઇન્કમટેક્સ	-	એમ. ટેક્સ
વેફર (બટાકા વગેરેની)	-	શેફર અથવા ફરફર
કક્કડ (અટક)	-	કક્કલ
પાટોત્સવ	-	પાટો ઓચ્છવ
બૅલેન્સ	-	બેલાઉંસ
ખાખરા	-	ખડખડિયા
બ્યુગલ	-	બિંગલ
સર્કસ	-	સરઘસ
હીટર	-	હીટલર
કારપેટ	-	સાદડી
કેરેવાન	-	(મોટરની પાછળનું) ડોગલું
સિટિઝનશીપ	-	સિટિશીપ
સ્ટેથોસ્કોપ	-	કોસ્ટિક
સેન્ટલમેન્ટ	-	(કોઈપણ સારું કામ કરવા આ શબ્દો વાપરતા)
ચિત્તરંજન	-	શેતરજી
ઉત્સવ	-	ઓચ્છવ
ઉત્સાહ	-	ઉચ્છાહ
બાદશાહ	-	બાચ્છા
એક્સપ્રેસ	-	એકસપ્રેસ (જોડિયા અક્ષરો છૂટા પાડીને બોલતા)
આગાહી શું કહે છે ?	-	આઝાદી શું કહે છે ?
માસ્ક	-	શીકું
ગ્રેજ્યુએટ	-	ગ્રેજવટ

કૉલેજિયનો	-	કૉલેજજનો
ક્વૉલિટી	-	કોલિટી
મ્વાન્ઝા (આફ્રિકાનું શહેર)	-	મોઝા
કૉફી	-	કાફી
ડબેલ્સ	-	ડબેલ
ગોડાઉન	-	ગુદામ
માઈલ	-	મેલ

❀ ❀ ❀

પરિશિષ્ટ - ૩



સ્વામીશ્રી યોગીજી મહારાજનું ભારત અને વિદેશોમાં વિચરણ :

ગામડાં અને શહેરોની આંકડાકીય માહિતી.

સને ૧૯૫૧ થી સને ૧૯૫૬ આફ્રિકાયાત્રા - ૧ સુધી	૭૦૪	ગામ-શહેરો
સને ૧૯૫૭ થી સને ૧૯૫૯ આફ્રિકાયાત્રા - ૨ સુધી	૧,૧૬૦	ગામ-શહેરો
સને ૧૯૫૯ થી સને ૧૯૬૦ આફ્રિકાયાત્રા	૧૨૧	ગામ-શહેરો
સને ૧૯૬૦ ભારત	૧૯૬	ગામ-શહેરો
સને ૧૯૬૧	૩૨	ગામ-શહેરો
સને ૧૯૬૨	૨૧૮	ગામ-શહેરો
સને ૧૯૬૩	૨૬૬	ગામ-શહેરો
સને ૧૯૬૪	૩૯૨	ગામ-શહેરો
સને ૧૯૬૫	૨૨૨	ગામ-શહેરો
સને ૧૯૬૬	૧૪૪	ગામ-શહેરો
સને ૧૯૬૭	૨૧૧	ગામ-શહેરો
સને ૧૯૬૮	૧૮૦	ગામ-શહેરો
સને ૧૯૬૯	૧૪૦	ગામ-શહેરો
સને ૧૯૬૯-૭૦ આફ્રિકા-ઇંગ્લેન્ડ	૩૨	ગામ-શહેરો
સને ૧૯૭૦	૪૬	ગામ-શહેરો
૨૦ વર્ષમાં	**કુલ : ૪,૦૬૪**	**ગામ-શહેરો**

(ગાદી પર આવ્યા પહેલાંનાં ૪૦ વર્ષનાં વિચરણની માહિતી અપ્રાપ્ય છે.)

✧

પધરામણીઓ :

સને ૧૯૫૧ થી ૧૯૬૧ સુધી દરેક ગામ કે શહેરમાં સરેવાળે ૬૫ પધરામણી લેખે કુલ ૧,૪૩,૮૪૫ પધરામણીઓ કરી.

સને ૧૯૬૨થી ૧૯૬૬ સુધીનાં વિચરણમાં સરેરાશ ૨૦ પધરામણી લેખે કુલ ૨૪,૮૪૦ પધરામણીઓ કરી.

સને ૧૯૬૭ થી ૧૯૭૦ સુધી સરેરાશ પાંચ પધરામણીઓ લેખે કુલ ૩,૦૪૫ પધરામણીઓ કરી.

આમ, ૨૦ વર્ષ દરમ્યાન કુલ ૧,૭૧,૭૩૦ પધરામણીઓ કરી.

✧

પારાયણો :

સ્વામીશ્રી નાના-મોટા અવસરે હરિભક્તોને પારાયણ કરાવવા પ્રેરતા. જેમાં સ્થળ, સમય અને સંજોગો અનુસાર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા અને તે પ્રમાણે તે ગ્રંથની પારાયણ થતી. તેમાં મુખ્યત્વે નીચેના ગ્રંથો સ્વામીશ્રી વંચાવતા :

વચનામૃત, સત્સંગિજીવન, હરિલીલાકલ્પતરુ, શ્રીમદ્ભાગવત, શ્રી વાસુદેવ માહાત્મ્ય, હરિલીલામૃત, ભક્તચિંતામણિ, શિક્ષાપત્રી, નિષ્કુળાનંદ કાવ્ય, સ્વામીની વાતો, ભગતજી મહારાજનું જીવન ચરિત્ર, શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર.

આ ગ્રંથોની સ્વામીશ્રીએ કુલ ૨૫૦ કરતાં વધુ સંખ્યામાં પારાયણો કરાવી હતી.

✧

મંદિરોની પ્રતિષ્ઠા :

શિખરબદ્ધ મંદિરો :

૧૯૫૧ - ગઢડા, ૧૯૬૨ - અમદાવાદ, ૧૯૬૯ - ભાદરા. (કુલ : ૩)

હરિમંદિરોની પ્રતિષ્ઠા :

તાજપુર, આણંદ, બંધિયા, સેજાકૂવા, વરણામા, નાપાડ, વલ્લભીપુર, આંબરડી, ઘોઘાવદર, ખોખરી, શિવરાજગઢ, ચરખડી, નેનપુર, માણાવદર, રાજુલા, મગનપુરા, મહેળાવ, તાજપુર (પુનઃ), ઊંટડી, દેવચડી, દેવડિયા, બાઢડા, બોટાદ, કાળા તળાવ, ચોગઠ, અડાસ, બદલપુર, ભાલિયાપરા, સરદારગઢ, રાજકોટ, નિંગાળા, લીંબડી, ડાંગરા, સાયલા (પેટલાદ), રાણપરી, મુંબઈ (અક્ષર ભુવન), લિંગસ્થળી, ગાડા, જમરાળા, મહુવા, રોહીશાળા. (કુલ : ૪૧ હરિમંદિર)

બાઈઓનાં હરિમંદિરો :

લાઠી, રોહીશાળા, નિંગાળા, વલ્લભીપુર, રઢુ, ચાણસદ. (કુલ : ૬)

પરદેશમાં હરિમંદિરો :

મોમ્બાસા, કંપાલા, જિન્જા, ટરોરો, ગુલુ, નૈરોબી, લંડન. (કુલ : ૭)

અન્ય પ્રતિષ્ઠા ઉત્સવો :

ચાણસદ, અટલાદરા, આણંદ, અડવાળ. (હનુમાનજી - ગણપતિની પ્રતિષ્ઠા).

સારંગપુર (શાસ્ત્રીજી મહારાજની દેરીએ સ્મારક પ્રતિષ્ઠા).

મહુવા (ભગતજી મહારાજની દેરીએ ચરણારવિંદ પ્રતિષ્ઠા).

આણંદ (નિર્ગુણદાસ સ્વામીની દેરીએ ચરણારવિંદ પ્રતિષ્ઠા).

બોટાદ (સુખશય્યા પ્રતિષ્ઠા).

વિદ્યાનગર (છાત્રાલયમાં પ્રતિષ્ઠા).

મોજીદડ (ગુરુ ગણેશ ભક્તની દેરીએ પ્રતિષ્ઠા).

ગોંડળ (ગુરુકુળમાં પ્રતિષ્ઠા).

ગઢડા (સભામંડપમાં પ્રતિષ્ઠા).

ગોંડલ (શાસ્ત્રીજી મહારાજની પ્રતિમાની અક્ષર દેરીમાં પ્રતિષ્ઠા).

અમદાવાદ (મહિલા સભામંડપમાં પ્રતિષ્ઠા).

સારંગપુર (પ્રસાદીના ચોરામાં પ્રતિષ્ઠા).

(કુલ : ૧૫)

આમ, સ્વામીશ્રીએ કુલ ૭૨ પ્રતિષ્ઠાઓ કરી મંદિરો રચ્યાં.

✧

પંચતીર્થી, ભારતયાત્રા - સ્પેશિયલ ટ્રેન :

૧૯૫૩ - સ્પેશિયલ ટ્રેન, ભારતયાત્રા. ૧૯૫૬ - સોરઠની પંચતીર્થી. ૧૯૫૬ - કચ્છયાત્રા. ૧૯૫૬-૫૭ - સ્પેશિયલ ટ્રેન, ભારતયાત્રા. ૧૯૬૦ - પંચતીર્થી, રાજસ્થાન. ૧૯૬૩ - પંચતીર્થી, સોરઠ. (કુલ : ૬ યાત્રાઓ)

વિદેશયાત્રા :

૧૯૫૫ - આફ્રિકા. ૧૯૬૦ - આફ્રિકા. ૧૯૭૦ - આફ્રિકા-ઇંગ્લેન્ડ.

✧

યજ્ઞો :

૨૫થી વધુ યજ્ઞો કર્યા.

સત્સંગ મંડળો :

૩૫૦થી વધુ સત્સંગ મંડળોની સ્થાપના કરી.

સમૈયા :

દર વર્ષના ફૂલદોલ, વસંત પંચમી, શરદ પૂર્ણિમા, દિવાળી જેવા ૧૨ સમૈયા સંસ્થાની કક્ષાએ, સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં અલગ અલગ મંદિરોમાં કે સ્થળે ઊજવાતા.

જેમાં શાસ્ત્રીજી મહારાજ શતાબ્દી ઉત્સવ, અટલાદરા અને અમૃત મહોત્સવ, ગોંડલમાં શાનદાર રીતે ઊજવાયા, જેનો ખૂબ સારો પડઘો પડ્યો.

પત્રલેખન :

રોજના ૭૫ જેટલા પત્રોના ઉત્તરો આપવાની સરેરાશે યોગીજી મહારાજે દર વર્ષના ૨૭,૩૭૫ પત્રો લેખે ૨૦ વર્ષમાં ૫,૪૭,૫૦૦થી વધુ પત્રો લખ્યા-લખાવ્યા હતા.

સાહિત્ય પ્રસાર :

'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'ની સ્થાપના કરી.

વચનામૃતનું પ્રથમ ગુજરાતી મુદ્રણ, શાસ્ત્રીજી મહારાજનો ગ્રંથ લખવા પ્રેરણા.

ભગતજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર લખવા પ્રેરણા.

'હરિલીલાકલ્પતરુ' મેળવીને છપાવ્યો, સહજાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગરે પુસ્તિકાઓની સંતો પાસે રચના કરાવડાવી.

શિક્ષાપત્રી મરાઠી, હિન્દી, અંગ્રેજીમાં ભાષાંતરિત કરાવી. નિત્ય વિધિ, વેદાતસાર, વેદરસ, ધર્મામૃત વગેરે પુસ્તકો પણ છપાવ્યાં.

'Life and philosophy of Shree Swaminarayan' પુસ્તકની પ્રેરણા.

સ્વહસ્તે ગોંડલના મહિમાનું પુસ્તક લખ્યું : 'અક્ષરતીર્થ.'

✧

સંપ્રદાયને યોગીજી મહારાજનાં મૌલિક પ્રદાનો :

રવિસભા, બાળ મંડળો, યુવક મંડળો, યુવક અધિવેશનો, જ્ઞાનસત્રો, શિબિરો, સ્વયંસેવક દળ, ઉપવાસની પ્રણાલિકા, જૂનાગઢી સાધુતાની નીતિ-રીતિ.

✧

વિશિષ્ટ કાર્યો :

છપૈયા સ્ટેશન.

૫૧ યોગેશ્વરોને દીક્ષા.

સંસ્કૃત પાઠશાળાની સ્થાપના - મુંબઈ.

સંગીત પાઠશાળાની સ્થાપના - ગોંડલ, મુંબઈ.

ભાદરા-ગુણાતીતનગર સ્ટેશનની પ્રેરણા - ઉદ્‌ઘાટન.

બોચાસણ - અક્ષરપુરુષોત્તમ વિદ્યાલયનું ઉદ્‌ઘાટન; વિદ્યાગર - અક્ષરપુરુષોત્તમ છાત્રાલયની સ્થાપના.

નૈમિષારણ્ય ગુરુકુળની સ્થાપના, ગોંડલ.

પ્રસાદીના ચોરાનો જીર્ણોદ્ધાર, સારંગપુર.

ચર્ચમાં મંદિરની સ્થાપના, લંડન.

સારંગપુર અને ભાદરામાં તથા ભટવદર અને સહસ્રધરા સુધીની પાકી સડક કરાવી.

સારંગપુરને વીજળી પુરવઠો અપાવ્યો.

કુલ ૧૦૦થી વધુ યુવાનોને દીક્ષા આપી, ત્યાગી કર્યા.

✧

આનુપૂર્વી

તા. ૨૩-૫-૧૮૯૨	:	પ્રાગટ્ય; ધારી (જિ. અમરેલી), સૌરાષ્ટ્ર, વૈશાખ વદિ ૧૨, સ. ૧૯૪૮.
૧૮૯૯	:	વિદ્યાપ્રારંભ.
૧૯૦૫	:	ધારી હરિમંદિરમાં ઠાકોરજીની સેવામાં.
તા. ૧-૧૧-૧૯૦૮	:	ગૃહત્યાગ; કારતક સુદિ ૭, સં. ૧૯૬૫ (ઉંમર આશરે ૧૬ વર્ષ, ૭ માસ).
તા. ૧૨-૮-૧૯૧૦	:	શાસ્ત્રીજી મહારાજનાં પ્રથમ દર્શન, રાજકોટ; શ્રાવણ સુદિ ૭, સ. ૧૯૬૬.
તા. ૧૧-૪-૧૯૧૧	:	ભાગવતી દીક્ષા, શ્રીપતિપ્રસાદજી મહારાજના હસ્તે, વરતાલ; ચૈત્ર સુદિ ૧૩, સં. ૧૯૬૭.
તા. ૮-૭-૧૯૧૧	:	જૂનાગઢ છોડીને શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં; અષાઢ સુદિ ૧૨, સં. ૧૯૬૭.
તા. ૨૫-૫-૧૯૩૪	:	ગોંડલ - અક્ષર મંદિરના મહંત પદે; પ્રથમ વૈશાખ સુદિ ૧૧, સં. ૧૯૯૦, ઉંમર વર્ષ : ૪૨.
તા. ૧૦-૫-૧૯૫૧	:	શાસ્ત્રીજી મહારાજનો અક્ષરવાસ, અક્ષરપુરુષોત્તમ સંપ્રદાયના સુકાની; વૈશાખ સુદિ ૪, સં. ૨૦૦૭, ઉંમર વર્ષ : ૫૮.
૧૯૫૫	:	વિદેશયાત્રા : આફ્રિકા પ્રવાસ, મોમ્બાસા પ્રતિષ્ઠા.
૧૯૫૬	:	૬૫મો જન્મ જયંતી મહોત્સવ, સારંગપુર.
૧૯૫૮	:	૬૭મો જન્મ જયંતી મહોત્સવ, ભાવનગર.
૧૯૫૯	:	૬૮મો જન્મ જયંતી મહોત્સવ, ભાદરા.
૧૯૬૦	:	આફ્રિકાયાત્રા : કંપાલા, જિન્જા, ટરોરોમાં મૂર્તિપ્રતિષ્ઠા. ૬૯મો જન્મ જયંતી મહોત્સવ, મોમ્બાસા.
૧૯૬૧	:	૭૦મો જન્મ જયંતી મહોત્સવ, ગઢડા - કળશ વિધિ, ૫૧ યોગેશ્વરોને દીક્ષા.
૧૯૬૨	:	અમદાવાદ શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા.
૧૯૬૩	:	૭૨મો જન્મ જયંતી મહોત્સવ, માણાવદર.
૧૯૬૫	:	શાસ્ત્રીજી મહારાજ શતાબ્દી મહોત્સવ, અટલાદરા.
તા. ૨૦-૬-૧૯૬૫	:	વિદ્યાનગરમાં છાત્રાલયની સ્થાપના.
તા. ૧૨-૬-૧૯૬૬	:	નૈમિષારણ્ય ગુરુકુળની સ્થાપના - ગોંડલ.
૧૯૬૭	:	અમૃત મહોત્સવ, ગોંડલ.

૧૯૬૯ : ભાદરા શિખરબદ્ધ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા. પ્રથમ યુવક અધિવેશન, અટલાદરા.

૧૯૭૦ : વિદેશયાત્રા : આફ્રિકા - ઇંગ્લૅન્ડ. નૈરોબી-લંડનમાં મૂર્તિ-પ્રતિષ્ઠા.

તા. ૨૩-૧-૧૯૭૧ : અંતર્ધાન; મુંબઈ, પોષ વદિ ૧૧, સં. ૨૦૨૭.

પૃથ્વીનિવાસ : ૭૮ વર્ષ, ૭ માસ, ૨૮ દિવસ.

❀ ❀ ❀

ઋણ સ્વીકાર અને ક્ષમાયાચના

આ વિશાળ ગ્રંથના સમાપન પ્રસંગે ફરી એક વાર આ ગ્રંથના પ્રેરક અને સહાયકોને સ્મરવાનું ખાળી શકતો નથી. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અને પ્રેરણાથી જ આ ગ્રંથ સંપૂર્ણ થઈ રહ્યો છે તે હકીકત નિર્વિવાદ છે. પ્રત્યેક ગ્રંથ પ્રકાશન સમયે એમણે પ્રસન્નતાનાં અનિર્વચનીય પીયૂષપાન કરાવ્યાં. અવિરત વિચરણમાં રહેતા છતાં પોતે દરેક ગ્રંથનું શબ્દશઃ શ્રવણ કર્યું અને પ્રસંગોને તાદૃશ્ય અનુભવતા ક્યાંક વર્ણનદોષ અથવા મુદ્રણદોષથી રહી ગયેલી ક્ષતિઓ પણ સૂચવી.

સાથે ગ્રંથના સહાયક અને યોગીજી મહારાજ તેમજ પ્રમુખસ્વામી મહારાજના અંતેવાસી એવા પૂજ્ય વિવેકસાગર સ્વામીએ પણ ગ્રંથ-પ્રકાશનમાં ખૂબ જ રસ દાખવી, પોતાનાં સૂચનોથી અમને સતત પ્રોત્સાહિત કરી, કાર્યમાં વેગ આપ્યો છે.

પૂ. મહંત સ્વામી, પૂ. ડૉક્ટર સ્વામી, પૂ. સિદ્ધેશ્વર સ્વામી તથા પૂ. સત્યપ્રિય સ્વામીના સહકારને પણ કેમ ભૂલાય ?

પ.ભ. ધીરેન્દ્રભાઈ વીંછીને અહીં ખાસ ફરીથી યાદ કરું છું. કારણ, શરૂમાં સંતો તથા હરિભક્તો પાસેથી યોગીજી મહારાજનાં સંસ્મરણોની નોંધ કરવા તેઓ ગામોગામ ફરી ઘણાને અંગત રીતે મળ્યા હતા, ને તેમના અનુભવો મેળવ્યા હતા. જે ઘણા જ ઉપયોગી નીવડ્યા.

પ.ભ. ગુણવંત દાણીએ પણ આ અંગે કેટલુંક સાહિત્ય એકત્રિત કર્યું હતું. તેમજ છેવટ સુધી મદદમાં રહ્યા હતા.

ખાસ તો પૂજ્ય વિવેકપ્રિય સ્વામીએ આદિથી અંત સુધી સાથે રહી, આ ગ્રંથના સંપૂર્ણ પ્રકાશનમાં અનેરો ફાળો આપ્યો છે; જે કદાપિ ભૂલી શકાય તેમ નથી. નહિતર કદાચ આ વિશાળ પ્રકાશન શક્ય ન બનત !

મુદ્રણમાં અન્ય સહાયકો - કંપોઝ કાર્યમાં મોર્ડન પ્રિન્ટર્સવાળા ચંદુભાઈ સોની, પ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, આકાર ટાઈપોગ્રાફિક્સ, લિપિ ગ્રાફિક્સ તથા પ્રોસેસમાં સ્વામિનારાયણ અક્ષરપીઠ સ્ટાફ : પ્રવીણ પટેલ, કાંતિભાઈ સોલંકી, બિપીન ગજ્જર, લક્ષ્મણ રતનપરા, નયન શાહ તથા અક્ષરપીઠ કોમ્પ્યુટર સેક્શનના રાજેશ બ્રહ્મભટ્ટ, અમીત ત્રિવેદી, નિલય ગોર, પંકજ પટેલ, ભરતભાઈ શાહ અને પ્રેસકોપી તૈયાર કરવામાં સુનીલ ઉપાધ્યાયનો આભારી છું.

સાથે અક્ષરપીઠના સહાયક સંતો પૂ. પુરુષોત્તમચરણ સ્વામી, પૂ. જ્ઞાનયજ્ઞ સ્વામી, પૂ. નિખિલેશ સ્વામી, પૂ. શ્રીજીસ્વરૂપ સ્વામી, પૂ. અક્ષરવત્સલ સ્વામી, પૂ. વિમલપ્રકાશ સ્વામી, પૂ. બ્રહ્મર્ષિ સ્વામી, પૂ. યોગીવલ્લભ સ્વામી વગેરે સંતોની સતત સહાયથી જ આ કાર્ય નિર્વિઘ્ને પૂરું થઈ ગયું છે.

ગ્રંથના ભાગો જેમ જેમ પ્રગટ થતા ગયા, તેમ તેમ કેટલાક હરિભક્તો તરફથી પોતાના અનુભવો આવતા રહ્યા. જો કે તે મળવામાં ઘણું મોડું થવાના કારણે તથા ગ્રંથનું લેખન તવારીખ વાર પૂર્ણ થયાના કારણે પાછળથી મળેલા સંતો-હરિભક્તોના અનુભવો સમાવવાનું અશક્ય બન્યું છે, જે અંગે સૌ અમને દરગુજર કરે. છતાં કેટલાક અતિ મહત્ત્વના પ્રસંગો પરિશિષ્ટમાં સમાવવા પ્રયત્ન કર્યો છે.

જીવનની અતિ મંગલ, દિવ્ય અને ગુરુઋણને અદા કરતી એક મહત્ત્વની આ સેવા મને આપવા બદલ પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં કૃતજ્ઞતાનાં ભક્તિ-પુષ્પો અર્પણ કરી વિરમું છું !